# મહાદેવભાઈની ડાયરી

## પુસ્તક ત્રીજું

[ ૨-૧-૧૯૩૩થી ૨૦-૮-૧૯૩૩ : ચરવડા જેલ સમાપ્ત ]

આશ્રમની ટપાલ આ વેળા નાની લખી. નાની નાની કરીને પણ ૨૭ કાગળો થયા. દરેકમાં પ્રેમ અને આશીર્વાદની બે

૨–૧–'૩૩

લીટી. ગયા અઠવાડિયામાં ગોવિંદ રાઘવે એક નાની કાપલી મોકલી હતી. એમાં એક બિશપની વાત હતી. તે એક ટેકરી ચડતો હતો. તે જ વેળા એક છ સાત વર્ષની બાળકી પોતાના બે વર્ષના ભાઈને ખભા ઉપર લઈને ચડતી હતી અને હાંફતી હતી. બિશપે કહ્યું : અરે, આ છોકરો તો તારે માટે બહુ ભારે છે.

બાળાએ જવાબ આપ્યો : જરાયે ભારે નથી. એ તો મારો ભાઈ છે.

આના ઉપર બાપુએ લખ્યું :

"તમારો પ્રેમાળ કાગળ મળ્યો. કેવો મહાન વિચાર! 'એ ભારે નથી, એ તો મારો ભાઈ છે.' ભારેમાં ભારે વસ્તુ પીંછા જેવી હળવી બને છે, જ્યારે પ્રેમ એને ઊંચકનાર હોય છે."

છોકરીએ પોતાના એક વચનથી કાવ્ય કરી મૂક્યું. બાપુએ એના ઉપર બે લીટીનું મહાભાષ્ય કર્યું!

નારણદાસભાઈને કાગળમાં ઉપવાસ વિષે એક લીટી લખી :

"હમણાં તો ઉપવાસનું નગારું વાગતું થયું છે. વળી કનૈયાને વગાડવું હશે."

'હિંદુ'નો ખબરપત્રી :

સ૦ : ધર્મના કામમાં વચ્ચે નહીં પડવાની રાણીના ઢંઢેરાની નીતિનો ભંગ થયાની વાત સનાતનીઓ કરે છે તેને વિષે આપને શું કહેવું છે?

બાપુ : મારા મત પ્રમાણે ધર્મની બાબત સરકારની તટસ્થતામાં દખલ થયાનો અહીં બિલકુલ પ્રશ્ન જ નથી. જેઓ સુબ્બારાયનના બિલનો વિરોધ કરે છે તેઓ તટસ્થતા શબ્દનો શો અર્થ કરે છે તે હું જાણતો નથી. એ વિશાળ પ્રશ્નમાં ઊતર્યા વિના હું એટલું કહી શકું છું કે ડૉ. સુબ્બારાયનનું બિલ બ્રિટિશ અદાલતના ચુકાદાથી થયેલી દખલગીરીને

સુધારવા માટે છે. એ દખલગીરી ઇરાદાપૂર્વક કરવામાં આવી હતી અથવા તો મારા અર્થ મુજબની એ દખલગીરી હતી એમ હું સૂચવવા નથી માગતો. સનાતનીઓના ખ્યાલ પ્રમાણે એ જરૂર દખલગીરી હતી. એ હંમેશાં યાદ રાખવું જોઈએ કે ડૉ. સુબ્બારાયનનું બિલ મદ્રાસનો કાયદો, જે ધાર્મિક સ્વરૂપનો છે, તેને સુધારવા માટે છે. એટલે સનાતનીઓના અર્થ પ્રમાણે તો તટસ્થતાનો આ બીજો ભંગ થયો ગણાય. પરંતુ આ બિલની વિગતો શાંતિથી તપાસવામાં આવે તો જણાશે કે હિંદુઓ ઉપર એ કોઈ જાતનું દબાણ લાવનારું નથી; એ તો માત્ર મંદિરોમાં જવાવાળા લોકોની મંદિરપ્રવેશની બાબતમાં શી ઇચ્છા છે તેની જ નોંધ લેનારું છે. વળી, આખા હિંદુ સમાજની ઇચ્છાની એ નોંધ નથી લેતું પણ અમુક મંદિરની બાબતમાં પોતાનો મત દર્શાવવાનો જેમને હક છે તેમની જ ઇચ્છાની નોંધ લે છે. એટલે આ બિલમાં કોઈના પણ ધર્મમાં દખલ થતી હું તો જોતો નથી. આ બિલથી તો મંદિરપ્રવેશના વિરોધીઓ તેમ જ હિમાયતીઓ બન્નેને રક્ષણ મળે છે.'

સ૦ : ૧૯૨૩માં પનગલના રાજાએ 'એન્ડાઉમેન્ટ્સ બિલ' રજૂ કર્યું ત્યારે આવો જ વાંધો રજૂ કરવામાં આવ્યો હતો. તેના જવાબમાં તેમણે કહ્યું હતું કે, 'રાણીના ઢંઢેરાના વખતમાં સરકારની જે સ્થિતિ હતી તેમાં હવે ફેરફાર થાય છે. ધાર્મિક દાનો (રિલિજ્યસ એન્ડાઉમેન્ટ્સ) હવે પ્રધાનોની હકૂમત નીચે આવે છે.'

બાપુ : હું સમજ્યો. ત્યારે તો આ વખતનો જ સવાલ છે. સનાતનીઓએ બિલની સામે ચળવળ ઉપાડી તે પહેલાં લોકોના મનમાં તો કશી શંકા જ નહોતી.

સ૦ : રામચરણરાવ કહે છે કે આ તો વિશ્વાસઘાત થાય.

બાપુ : ધારો કે આ બિલ પસાર થઈ જાય, તોપણ એક વધુ ક્રિયા તો બાકી રહે છે જ. મંદિરમાં જનારાઓની મતગણતરી કરવી જોઈએ. ઝામોરિને એ માન્ય રાખવી જ પડે. એટલે ઝામોરિનને માન્ય થાય એવી મતગણતરી લેવામાં આવે. આ બધાં પગલાં સ્વાભાવિક રીતે લેવાય તો ઉપવાસ કરવા ન પડે. પણ એની શક્યતા તો ઊભી રહે છે જ.

વાઇસરૉયની મંજૂરી ન મળે તો મને ભય છે કે ઉપવાસ કરવા પડે. પણ એ પ્રશ્નમાં હું અત્યારે ઊતરવા ઇચ્છતો નથી.

સ૦ : આપણે નવાં મંદિર શું કામ ન બંધાવીએ?

બાપુ : જ્યાં સુધી મારી ખાતરી ન થાય કે મંદિરમાં જવાનો હક ધરાવનારા સઘળા જ હરિજનોના મંદિરપ્રવેશની વિરુદ્ધ છે ત્યાં સુધી

એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જો મંદિરમાં જનારા લોકો એમ કહેતા હોય કે હરિજનોના જવાથી મંદિરની પવિત્રતા વધશે તો સનાતનીઓ કહે છે કે પવિત્રતા ઘટશે એ વસ્તુ અપ્રસ્તુત છે. સુધારકો તરીકે આપણે તો મંદિરોની પવિત્રતા વધે એમ ઇચ્છીએ.

એ. પી. આઈ.ને :

બાપુ: મેં તો એમ સૂચના કરી હતી કે દરરોજ અમુક વખત મંદિર હરિજનોને માટે તેમ જ જે હિંદુઓને હરિજનોનો બાધ ન હોય તેમને માટે ખુલ્લું રહે; અને અમુક વખત જેમને હરિજનોના મંદિરપ્રવેશનો બાધ છે તેમને માટે ખુલ્લું રહે. આ મંદિરમાં કાર્તિકી એકાદશીને દિવસે હરિજનોને બીજા હિંદુઓની સાથેસાથ જવા દેવામાં આવે છે એ વસ્તુ ધ્યાનમાં લેતાં મારી સૂચનાનો સ્વીકાર કરવામાં કશો બાધ હોવો જોઈએ નહીં. કહે છે કે કાર્તિકી એકાદશી પછી મંદિરની અથવા તો મૂર્તિની શુદ્ધિ કરવામાં આવે છે. હું અંગત રીતે આવી શુદ્ધિની બિલકુલ વિરુદ્ધ છું. પણ પ્રતિપક્ષીઓના અંતરાત્માને સંતોષ થતો હોય તો આ કેસ પૂરતો હું શુદ્ધિની સામે વાંધો ન ઉઠાવું. જો શુદ્ધિ આવશ્યક જ મનાતી હોય તો શાસ્ત્ર-વચનો પ્રમાણે તો કેટલાંય કારણોથી દરરોજ વારંવાર અશુદ્ધિ થવાની શક્યતા છે. એ પ્રમાણે તો હરિજનો અંદર જતા હોય કે ન જતા હોય મંદિરને દરરોજ શુદ્ધ કરવું જોઈએ.

પોતાના મનના આશ્વાસન માટે કોઈ માણસને દરરોજ શુદ્ધિ કરવી હોય તો હું તેને કેમ અટકાવી શકું?

સ૦: તેમ કરવાથી તો હરિજનોની સામે ભેદભાવ ઊભો કરવામાં આવે છે.

બાપુ: કેવી રીતે? હું માત્ર વિરોધીના અંતરાત્માને માન આપું છું. હરિજન તરીકે હું બીજા માણસો ઉપર પડતો જાઉં એ કાંઈ મને શોભે નહીં. જ્યાં સુધી મને દર્શન કરવાનું મળે ત્યાં સુધી મારે સામા માણસની લાગણીને માન આપવું જોઈએ. અને સુધારકો તો મારી સાથે દર્શન કરતા હોય, એટલાથી હરિજન તરીકે મને સંતોષ થવો જોઈએ.

સ૦: હું આશા રાખું છું કે વાઇસરૉય બને એટલી જલદી પરવાનગી આપી દેશે.

બાપુ: મેં બિલનો ઝીણવટથી અભ્યાસ કર્યો નથી. અભ્યાસ કર્યા પછી તે વિષે ચોકસાઈથી કહી શકું.

આ પછી એક ખ્રિસ્તી, એક બૌદ્ધ, એક મુસલમાન અને બીજા બે સ્વયંસેવકોએ સિલોનમાં મંદિર ખોલાવવા સત્યાગ્રહ કરેલો અને તેમને

પાંચ પાંચ રૂપિયા દંડ થયેલો, એ વિષે કાગળ આવેલો તેની વાત કરતાં એ. પી. આઈ.વાળાને કહ્યું કે આ લડત જ હિંદુઓની છે, એમાં પરધર્મી આવી રીતે સક્રિય ફાળો આપી શકે જ નહીં.

હરિભાઉ ફાટક નિપાણીના રાષ્ટ્રીય શિક્ષકને લઈને આવ્યા હતા. તેમણે પૂછેલું કે રાષ્ટ્રીયશાળામાં અસ્પૃશ્ય બાળકો આવે પણ તેઓ તો મૅટ્રિક્યુલેશનને માટે તૈયાર થવા માગે તેનું શું થાય?

બાપુએ કહ્યું : આપણે એને એ સગવડ આપવી જ જોઈએ. જ્યાં કેળવણીનો છાંટો નથી, જ્યાં તેઓને અંધારામાંથી પ્રકાશમાં આણવાના છે ત્યાં આદર્શની વાત કરીને શું કરીએ? એની આગળ એને જેની ભૂખ છે તે જ વસ્તુ મૂકવી જોઈએ. એમ કરવામાં અસહકારી પોતાના અસહકાર સાથે કશુંયે અસંગત કામ કરતો નથી. પણ સુસંગત રહેવાની ખાતર એ જ વસ્તુ સ્પૃશ્ય બાળકોને પણ આપે તો સુસંગતતાનું તૂત કર્યું ગણાય. પછી આ ભેદનો દાખલો આપીને કહે : હાથીને મણ આપવો જોઈએ પણ બિલાડીને હાથીના જેટલું થોડું જ આપી શકાશે? જોકે હાથી અને બિલાડી વચ્ચે જેટલું અંતર છે તે કરતાં સવર્ણો અને અસ્પૃશ્યો વચ્ચે વધારે અંતર છે. હાથી બિલાડીની પાછળ દોડી એને પકડી પાડી શકે નહીં. અને બિલાડી જો હાથીની પીઠ ઉપર પહોંચી જાય તો તો બિચારા હાથીનું આવી જ બને.

આજે મંદિરપ્રવેશનો સવાલ કેમ આગળ આવ્યો છે તેનું કારણ સમજાવતાં કહ્યું : બધી ઘટનાઓને ક્રમવાર અનુસરતા રહો. ધારો કે હરિજનોના શાળાપ્રવેશનો સવાલ હોત તો આજે એ આગળ આવત.

સ૦ : કેલપ્પનને ક્યાં શરત કરી હતી કે તમે ઉપવાસની વાત કરો છો?

બાપુ : સાથી પાસે ઉપવાસ છોડાવ્યા પછી તેની પ્રતિજ્ઞાનું પાલન કરાવવા વફાદાર સાથી બીજું શું કરી શકે? તમે એમ તો નથી ઇચ્છતાને કે હું એક ફિલસૂફ થઈ કેવળ સલાહ જ આપું અને પછી જોયાં કરું?

મંદિરપ્રવેશનું મહત્ત્વ સમજાવતાં બાપુએ કહ્યું : તમે જાણો છો કે સનાતનીઓને આ એક મંદિરપ્રવેશ સામે જ વાંધો છે? તેઓ કહે છે કે બીજું બધું આપો પણ મંદિરપ્રવેશ નહીં. તેઓ જાણે છે કે મંદિરપ્રવેશનું થયું એટલે બીજું બધું થવાનું જ છે. અને શરીરની તથા કપડાંની સ્વચ્છતાનું ધતિંગ આ લોકો શું લઈ બેઠા છે? આંબેડકર તો સ્વચ્છ છે ને? તમે એમને તમારે ત્યાં ઉતારો છો? અને તમારી સાથે જમાડો છો? તમે તો આ બિચારા લોકોનો પડછાયો પણ લેતા નથી. બીજી બાબતોથી શરૂઆત કરો અને મંદિરપ્રવેશનું થઈ રહેશે એમ કહેવું મિથ્યા છે. કારણ દાનત જ ચોખ્ખી નથી. ગુરુવાયુરની લડત બહુ વસમી

થવાની છે. કારણ એ લડતમાં સનાતનીઓ પોતાનું તમામ બળ અજમાવવાના છે.

અસ્પૃશ્યતા આજે જેવી પળાય છે તેના ઉપર ભાર મૂકતાં કહ્યું: કોઈ ને કોઈ રૂપમાં તો દરેક માણસ અસ્પૃશ્યતાનું પાલન કરે છે. હું તો એટલે સુધી કહું છું કે અસ્વચ્છ થયેલો માણસ પૂરેપૂરો સ્વચ્છ થયા વિના બીજાને અડવાનો આગ્રહ કરે તો એમાં જંગલીપણું છે.

પૂનાના અસ્પૃશ્ય વિદ્યાર્થીઓની મુલાકાત. એમણે અસ્પૃશ્યતાનિવારણ સંઘને કરેલી અરજી. એમાં જણાવ્યું છે કે હિંદની સરેરાશ આવક જો બહુ ઓછી છે તો અસ્પૃશ્યોની તો કશી જ નથી.

૩-૧-'૩૩

બાપુ: આ વાત અનુભવસિદ્ધ નથી. સ્પૃશ્યો તો કેટલાયે નિષ્કિંચન છે, ભૂખે મરતા છે; જ્યારે અસ્પૃશ્યો ઓછા ભૂખે મરતા છે. બંગાળના નામશૂદ્ર લો, મલબારના થિયા લો, અથવા મુંબઈના ભંગીઓ લો. તેઓ સ્પૃશ્યો કરતાં ઘણા સુખી છે. ભંગીઓમાં પુરુષ, સ્ત્રી અને છોકરાં બધાં કમાય. આવા તો બીજા પણ ઘણા દાખલા હું આપી શકું. વણકરો ક્યાં ભૂખે મરે છે? ચમારોની સ્થિતિ તો ઘણી સારી હોય છે. હવે ઊલટા દાખલા લો. ઊડિયા લો. હાડ ને ચામ હોય છે. પણ એ લોકો ચમારનું કે ભંગીનું કામ નહીં કરે. ભૂખે મરી જશે એ વાત હા, પણ જે કામ તેમણે કર્યું નથી તેને હાથ નહીં અડાડે. તમે બધા અસ્પૃશ્યોની આવક ભેગી કરી સરેરાશ કાઢશો તો સ્પૃશ્યોની આવકની સરેરાશ કરતાં ઓછી નહીં આવે.

વિદ્યાર્થી બોલ્યો: પણ અસ્પૃશ્યો તો ગુલામી કરે છે, મજૂરી કરે છે.

બાપુ: હું જાણું છું કે તમે હોશિયાર વિદ્યાર્થીઓ છો. એક ગામડું પકડીને તેના બધા આંકડા કાઢો. મને વખત હોત અને હું છૂટો હોત તો હું તો ગુજરાતનાં ગામડાં લઈ એની આર્થિક તપાસ કરત. પણ તમે ઠક્કરબાપાને પૂછો.

ઠક્કરબાપા: મારી ઉપર જે છાપ પડી છે તે આ જુવાન મિત્રોના જેવી જ છે. પણ મારી પાસે હકીકતો અને આંકડા નથી.

બાપુ: તમારી એવી છાપ હશે. પણ હું તો મારી આંખો ઉઘાડી રાખીને હરિજનો વચ્ચે ફર્યો છું. તમારી વાતની સાબિતી માટે પૂરતો પુરાવો પાસે હોયા વિના આવું સર્વસામાન્ય કથન કરવું ઠીક નથી એમ મને લાગે છે.

આ વિદ્યાર્થીઓની બીજી સૂચના મફત નિશાળો સ્થાપવાની હતી. તેમણે કહ્યું : પૂના જિલ્લાના ૧૦ તાલુકામાં અસ્પૃશ્યો માટે લોકલબોર્ડની ત્રીસ જ નિશાળો છે. કર્વે યુનિવર્સિટીને તમે લખેલું ખરું કે અસ્પૃશ્ય છોકરીઓ માટે જગ્યા રાખવી?

બાપુ : મને લાગે છે કે એ લોકોએ કહેલું છે ખરું. બીજી સંસ્થાઓમાંથી પણ એવી ખબર આવી છે કે તેઓ પણ સ્વીકારવા તૈયાર છે.

છોકરાઓને ઠક્કરબાપાએ આણેલાં પપૈયાંનો નાસ્તો બાપુએ કરાવ્યો. તેમને કશી ચર્ચા તો કરવાની જ નહોતી. ખુશ ખુશ થઈને ગયા.

ઠક્કરબાપાએ દાક્ષિણના અનુભવો સંભળાવ્યા. નિઝામમાં અંત્યજોના હિંદુ શિક્ષક પણ તેમને ઇસ્લામ સ્વીકારવાની જ તૈયારી કરાવે છે. આખી હિંદુ કોમ ભયભીત છે એવું ચિત્ર એણે આપ્યું.

સીતાપુરવાળા વૈદ્ય — જેને જોઈને આપણને રવિશંકરભાઈ યાદ આવે — એ આવ્યા. એ મોટી કમાણીવાળા છે. સો રૂપિયા ફી લેનારા છે. એ બાપુની કોણી સાજી કરવાનું બીડું ઝડપી સાત દિવસ અહીં રહ્યા છે. બાપુએ મેજરની રજા વિના એને કોણી ન ઘસવા દીધી. પણ એના તેલનો પ્રયોગ કરવાના તો છે જ.

વલ્લભભાઈ પોતાની રીત પ્રમાણે ઘણી વાર એક વાતને વળગે પછી છોડે નહીં. આજ સાંજે વાતોમાં એમણે એવું વિધાન કર્યું કે નિવૃત્ત જજ (Ex-judge) હોય એ રાજ્યપ્રકરણમાં ભાગ ન લે.

બાપુએ કહ્યું : લે. સરકારી નોકરની સ્થિતિ જુદી છે.

વલ્લભભાઈ કહે : અગાઉ કોઈ નિવૃત્ત જજે રાજ્યપ્રકરણમાં ભાગ લીધો હોય એવો દાખલો આપો.

નિવૃત્ત જજ એટલે રિટાયર્ડ પેન્શનર એ અર્થમાં એ શબ્દ વપરાતો હતો. મેં કહ્યું : નિવૃત્ત જજના કરતાં વધારે સારો દાખલો દત્તનો છે.

એટલે કહે : દત્તનું હું જાણતો નથી. અમે સૌ ખડખડ હસ્યા ત્યારે કહે : એ તે દિવસે હશે. આજે કોઈ નિવૃત્ત જજ પેન્શનર થાય ને પછી કૉંગ્રેસનો પ્રમુખ થાય તો ખરો!

વાત ગરમ થતી જતી હતી. તેમાં પછી મેજરની વાત નીકળી અને એ વિઝિટરો પાસેથી છાપાં લઈ લે છે, સગવડો આપતાં ડરે છે એ વાત પણ નીકળી. બાપુ કહે : એની મુશ્કેલીઓ વધી તો છે એ કબૂલ કર્યા વિના ચાલે?

એટલે વલ્લભભાઈ પાછા ઊકળ્યા : શેની મુશ્કેલી વધી છે? હિંદુસ્તાન સરકારના હુકમનો અમલ કરવાનો તે કરતા નથી અને મુશ્કેલી

વધવાની વાત કરે છે! શા સારુ આવી છૂટ સરકારે આપી? એને વિચાર નહીં થયો હોય!

કામ વધારે ગરમ થતું જોઈને બાપુ કહે: વલ્લભભાઈ, હવે ઠંડી તો ગઈ જ જો! આજે તો ગયે વર્ષે આપણે આવ્યા અને લાગતું હતું તેવું જ લાગે છે. બપોરે તો ગરમી લાગતી હતી!

સવારે બાપુએ પોતાના જેલજીવનની વાત, વાતમાં ને વાતમાં છેડી.

૪–૧–'૩૨ સાદી કેદ છતાં પોતે કામ કરતા હતા, અને એક વૉર્ડર 'તમે ઓછું કામ કરો છો' એમ કહેનારો પણ મળ્યો હતો એમ કહ્યું એટલે મેં કહ્યું: જડતી લેનારો રોચ પણ અહીં જ મળ્યો હતો ના? એ માણસને તિરસ્કાર જ હશે તો!

બાપુ કહે: તિરસ્કાર કાંઈ નહીં; એની એવી રીતભાત જ કહેવાય.

પ્રથમનો એકાદ મહિનો સામાન્ય કેદીની જેમ એમને સાદડી અને બે કામળા જ મળતા. પહેલે દિવસે ખાવાનું પણ નહોતું લેવા દીધું. શંકરલાલ રોયેલા. પછી શંકરલાલને છૂટા પાડ્યા. પછી પીંજવાને માટે આવવાની રજા મેળવી. પછી વળી લડીને એની જ શાન્તિને અર્થે એને સાથે રહેવાની રજા મેળવી. એ બધું બાપુએ વર્ણવ્યું. ઇન્દુલાલ પ્રથમ કેવા જક્કી હતા, બધા કાર્યક્રમમાં ન ભળી શકું, અંકુશ ન સ્વીકારી શકું, એવી વાત કરીને, છેવટના ભાગમાં ચાર વાગ્યે ઊઠવા લાગ્યા, ઘી છોડ્યું અને કટ્ટર બન્યા, એ પણ સંભળાવ્યું. ઇન્દુલાલ તો વેગી માણસ છે એમ કહીને બાપુએ પૂરું કર્યું. મંઝર સોખતા તો ચોવીસે કલાક મારી પાસે જ રહેવા માંડ્યા અને ફિલસૂફી ચર્ચવા લાગ્યા!

આ પહેલાં છગનલાલ જોષી અને મારી સાથે વાત કરતાં કહે: આખા આશ્રમમાં આજે રહ્યા છે એમાંનું પણ એકકે ન રહે, અને આશ્રમનો સરકાર કબજો લઈ લે તો મારું મન તો નાચે. વર્ધાનો તો કબજો લઈ લીધો જ હતો ના! વિદ્યાપીઠનો પણ લીધો જ છે ના? અને વિદ્યાપીઠની કાંઈ આશ્રમના કરતાં ઓછી કિંમત છે? એ લોકોના મનમાં થાય કે વિદ્યાપીઠને વેચી નાખવી અને કોઈ અંગ્રેજને આપી દેવી, કે આપણા વિરોધી એવા કોઈને આપી દેવી, કહે કે રૂ. ૫૦૦૦માં આપી દઉં છું, તોયે મારું મન તો નાચવાનું જ છે.

આજે 'સનાતનીઓ પ્રત્યે' એમ કરીને એક વિસ્તૃત અપીલ સોળમા નિવેદન તરીકે તૈયાર કરી. સવારે પોતે જ હાથે લખવા માંડી. આવી વસ્તુ લખાવતાં યોગ્ય ભાષા ન નીકળે, અને લખતાં જ એ બરોબર

ફાવે એમ કરીને લખવા માંડેલું. પણ પૂરું ન કરી શક્યા. ઘણોખરો ભાગ તો લખાવવાનો જ રહ્યો. ગઈ કાલે દર્શનના સમયની વ્યવસ્થાવાળું મહત્ત્વનું નિવેદન લખાવીને બહાર પાડ્યું.

પંચાનનબાબુ આવ્યા. દક્ષિણમાં પોતે કાંઈ ન કરી શક્યા એમ કહ્યું. પછી કહે: હિંદુ ધર્મની રક્ષા તમારાથી જ થઈ શકે એમ છે અને માટે જ તમે કંઈ પણ ઉતાવળથી પગલું ન ભરો એ હું તો કહેવા આવ્યો છું. પોતે ત્યાં એક સમાધાનની સૂચના કરી આવ્યા હતા કે અસ્પૃશ્યો અને સ્પૃશ્યો બન્નેને માટે એક હદ બાંધવી અને એથી આગળ કોઈને જવા ન દેવા.

બાપુને એણે એ પણ કહ્યું કે: તમારા પાશ્ચાત્ય સંસર્ગને લીધે તમે આવા વિચારો ધરાવો છો એવો આરોપ છે. તમે પાશ્ચાત્ય સુધારાનો હુમલો તો સહન ન જ કરો ને?

બાપુ કહે: "તમને ખબર ન હોય કે વિલાયતમાં મને એમ કહેવામાં આવ્યું હતું કે હું પાશ્ચાત્ય સુધારાનો વિરોધી છું. મારા વિરોધનો એક દાખલો આપું. વિષયભોગ ભોગવતાં છતાં સંતતિ ન થવા દેવાનો આજે પ્રચાર ચાલી રહ્યો છે. તેનો વિરોધ કરનારો હું એકલો છું, અને તમને જણાવું કે સનાતની વર્ગના આગેવાનોમાંથી ઘણા સંતતિનિયમનવાળા વિષયભોગના હિમાયતીઓ છે. ડોસા ચમક્યા.

ડોસા કહે: પાશ્ચાત્ય સુધારો અસ્પૃશ્ય છે, બીજું તો હોય કે ન હોય!

બાપુ કહે: હું તમારી સાથે મળતો થાઉં છું. બાપુએ સનાતન ધર્મનો અર્થ સમજાવ્યો અને કહ્યું: આજે કેટલાય કહેવાતા શાસ્ત્રીઓ ગાળાગાળી અને જૂઠાણાંથી સનાતન ધર્મને વગોવી રહ્યા છે. એ ખરાબ છે એમ ડોસાએ કબૂલ કર્યું.

છેવટે ડોસા કહે: પણ આ મંદિરપ્રવેશની વાત તો છેલ્લી આવે. પ્રથમ એ લોકોના ખાનપાનની વ્યવસ્થા કરો. बुभुक्षितः किं न करोति पापम्?

બાપુ કહે: કોઈ સનાતની એ વ્યવસ્થા કરે છે? કરાવો તમે એ કામ. મંદિરપ્રવેશનું હું કરી લઈશ.

છેવટે વર્ણાશ્રમધર્મ ઉપર વાતો ચાલી. તમે વર્ણસંકર કરવા બેઠા છો એમ કહેવાય છે એમ ડોસાએ સંભળાવ્યું.

બાપુ કહે: મને વખત બહુ જાય, નહીં તો તમને એ વિષે મારા વિચારો સંભળાવું.

થોડીક ચર્ચા કરી પણ તે તો પ્રારંભિક જ હતી.

સ૦ : વીશીઓ અને રેસ્ટોરાં હરિજનો માટે ખુલ્લાં કરવાની સલાહ, અસ્પૃશ્યતાનિવારણની સાથે સહભોજનને સંબંધ નથી એ વાતનો વિરોધ નથી કરતી ?

બાપુ : કેવી રીતે ? એ સહભોજન નથી. હોટેલમાં તો બધા વર્ણના આવે છે જ, તેમાં હરિજનોને દાખલ થવાની છૂટ હોવી જોઈએ. હોટેલોમાં બધા વર્ણના હિંદુઓ જાય છે તેમ હરિજનો શા સારુ ન જઈ શકે ?

હળશીનું સનાતની મંદિર અસ્પૃશ્યો માટે ત્રણ દિવસ ખુલ્લું હોય છે. મારુતિ અને કપિલેશ્વર મંદિર બેલગામમાં ખૂલ્યું છે.

એક મહત્ત્વની પ્રશ્નોત્તરી :

સ૦ : અમુક કૉંગ્રેસ કાર્યકર્તાઓ એકલા અસ્પૃશ્યતાનિવારણના કામમાં પડે એ સલાહ ભરેલું છે ?

બાપુ : એનો જવાબ હું ન આપી શકું. મને તો અત્યારે છાપાં મારફત જ માહિતી મળે છે. સારાં છાપાંની પણ પચાસ ટકા વાત ન માનવા જેવી હોય છે. અને ખરાબ છાપાંની તો સોએ સો ટકા મારે ન માનવી જોઈએ. સ્વભાવે જ આવી સલાહ આપવાને હું અસમર્થ છું. હું અહીં બેઠો છું તેનો અર્થ જ એ છે કે કૉંગ્રેસનું કામ તો હું સોએ સો ટકા કરું છું અને વધારામાં આ અસ્પૃશ્યતાનિવારણનું કામ કરું છું. મારા આ કામ-ઉપરથી કોઈએ એવો સાર નથી કાઢવાનો કે એણે સવિનયભંગની લડત છોડી દેવી જોઈએ. જેને છોડવી હોય તે ભલે છોડે, પણ છોડવાની એની ફરજ નથી.

સ૦ : પણ રાજાજી અસ્પૃશ્યતાનું કામ કરી રહ્યા છે, તમે પણ એ કામ કરો છો. એટલે ઘણા ધારે છે કે અસ્પૃશ્યતાનિવારણના કામને તમે વધારે મહત્ત્વ આપો છો.

બાપુ : ના, હું અહીં પડ્યો છું તેને હું સોએ સો ટકા મહત્ત્વ આપું છું. કાયદેસર મૃત્યુ ભોગવતો હોવા છતાં હું આટલું વધારાનું કામ કરું છું. બીજાં બધાં કામ છોડીને આ જ કામ કરવા જેવું છે, એમ હું કહેતો નથી. કોઈ એવું અનુમાન તારવે તો એ ભૂલ ગણાય. હું એમ કહું કે કોઈની તબિયત જેલમાં જવા જેવી ન હોય તો એણે આ કામ કરવાનો વિચાર કરવો જોઈએ. દેવદાસે છાપાવાળાને મુલાકાત આપી છે પણ તે પોતાની સ્વેચ્છાથી આપી છે. તેની પાછળ મારી પ્રેરણા નહોતી.

સ૦ : નાશિક જેલમાં અસ્પૃશ્યતાના કામ ઉપર આપણા કેદીઓમાં અમે એક પ્રશ્નાવલિ કાઢી છે અને એક કામઠી નીમી છે તે રિપોર્ટ કરવાની છે.

બાપુ : આનો જવાબ હું આપી શકું, એના કરતાં રાજાજી વધારે સારો આપશે.

સ૦ : આ કામ કરવા માટે રજા આપવા તમે સરકારને શું કામ વિનંતી કરી ?

બાપુ : રાષ્ટ્રને ઘડવાની આ એક રીત છે. સાંકળની મજબૂતી તેની નબળામાં નબળી કડીના જેટલી હોય છે. પણ સાંકળની એક બહુ મહત્ત્વની કડી તમે વીસરી જાઓ છો. કોક દહાડો તમને ખબર પડશે કે શા માટે અને કેવી રીતે હું આ કામ કરી રહ્યો છું. તમારા પ્રશ્નથી મને બહુ આનંદ થાય છે. ઈશ્વરેચ્છાએ હું જ્યારે બહાર આવીશ ત્યારે આખી વસ્તુ દીવા જેવી સાફ થશે. મારાં નિવેદનોમાં મારી સ્થિતિને સાફ કરનારાં ઘણાં વચનો છે.

સ૦ : અસ્પૃશ્યતાના પ્રશ્નને માટે માણસ પોતાનું ઘર ભાંગે ?

બાપુ : તમે તમારાં પત્નીને કે તમારા પિતાને હરિજનને અડવાની ફરજ ન પાડી શકો. તેમ એ લોકોને પણ પોતાના વિચારો તમારી ઉપર લાદવાનો અધિકાર નથી.

સ૦ : એનો અર્થ તો એ થયો કે અમારે ઘર છોડવું એમ તમે ઇચ્છો છો.

બાપુ : હા, ...નો કેસ એવો છે. એ આજે મુફલિસ બન્યો છે. એ મોટી મિલકતનો વારસ હતો પણ એ તમામનો એણે ત્યાગ કર્યો તે જ પ્રમાણે તમે તમારા પિતાને કહી શકો કે મારે તમારી મિલકતનો કશો ભાગ નથી જોઈતો કારણ તમારી નજરે હું તમારી આજ્ઞાનો ભંગ કરનાર ઠર્યો છું. પણ મને મારે રસ્તે જવા દો. મારી ખાતરી છે કે આગળ જતાં એ તમને આશીર્વાદ આપશે. તમારાં પત્નીને પણ કહો કે તને ગમે તો તું મારાથી જુદી રહે અથવા મારો ત્યાગ કર. તારી સ્વાધીનતામાં હું વચ્ચે નહીં આવું. એ જ પ્રમાણે મારી સ્વાધીનતાની આડે તારે પણ ન આવવું જોઈએ. પણ તારું ભરણપોષણ કરવા હું તૈયાર છું. ભલે મારે માટે ન રાંધે, મને ન ખવડાવે પણ હું તો તને મારી પ્રિય પત્ની જ માનીશ. પણ તારા કરતાંય વધુ વહાલી મને એક ચીજ છે અને તે મારો સિદ્ધાંત.

આજે સવારે જોષી કહેતા હતા કે હજામની પાસે હાથ ચોળાવતાં ચોળાવતાં બાપુએ બ્રહ્મચર્યની ઉપર મોટું પ્રવચન કર્યું : આખું આશ્રમ અને તેનાં વ્રતો એ મોટી પ્રયોગશાળા છે. જે વસ્તુ અગાઉ કદી નથી થઈ તેનો પ્રયોગ કરતાં અનેક વિઘ્નો નડે તેથી તે પ્રયોગ નિષ્ફળ થયેલો

કેમ કહેવાય? સત્યવાન અને સાવિત્રી આટલાં વર્ષ થયાં બ્રહ્મચર્ય પાળી રહ્યાં હતાં, હવે સત્યવાન અશક્ત નીવડ્યો છે અને પોતાની નબળાઈ પ્રગટ કરી રહ્યો છે, તેથી શું સાવિત્રી એ છોડે? હાઈડ્રોજન અને ઑક્સિજન ભેગાં કરતાં ભડાકો થવાનો સંભવ છે એમ જાણવા છતાં રસાયનશાસ્ત્રી એ પ્રયોગ થોડો જ છોડવાના છે? આપણે ત્યાં એવા ભડાકા થયાં કરશે પણ તેથી શું?... જ્યાં સુધી એમ કહે નહીં કે હું ભાંગી પડ્યો છું અને મને બચાવી લો ત્યાં સુધી મારે એને કશી સૂચના ન કરવી જોઈએ, એ નિર્મળ છોકરો છે, એ મારાથી કશું છુપાવે નહીં એમ હું માનું છું, એટલે એની પાસેથી કાંઈ ન આવે ત્યાં સુધી મારાથી કશું ન કરાય.

કાંઈક ચર્ચા ચાલતી હતી ત્યાં સૂર્યાસ્તના સમયનું ભવ્ય દર્શન કરી બાપુ કહે: એ ચર્ચા તો ઠીક, પણ પેલો સૂર્યાસ્ત તો જુઓ!

૫-૧-'૩૩ આજે સવારે સપ્રુ-જયકરની વાત નીકળતાં બાપુ કહે: આ વખતે એમનો તાર ન આવે. કારણ મારે કાંઈ સમાધાન કરવાપણું નથી. મને જેલમાં ન મળવાનું એમણે જાહેર કર્યું છે એ બરાબર છે. સેમ્યુઅલ હોરે મળવાની રજા ન આપી હોય એમ નહીં, પણ એ બરોબર જાણે છે કે મને મળીને કશું નથી મેળવી શકવાના. હોરે એ લોકોને કહ્યું હશે કે એ તો હઠીલો માણસ છે. એની પાસે તમે કશું નથી મેળવી શકવાના. અને એ બધું મને તદ્દન સ્વાભાવિક લાગે છે. એ માણસનું સૌ સાંભળે છે, કારણ એ માણસ પોતાની બધી બાજીમાં ફાવ્યો છે. 'ફોર્થ સીલ'માં પણ આપણે એ માણસનો ભારે આત્મવિશ્વાસ જોઈએ છીએ. અંગ્રેજોની તો ખાસિયત છે કે જે માણસના પાસા બરોબર પડતા હોય તેની આડે ન આવવું. હોરની દૃષ્ટિએ તો એ ફાવ્યો જ છે. એટલે એની દૃષ્ટિએ એણે આપણને હરાવ્યા છે. જે થઈ રહ્યું છે તે સારું જ છે. લોધિયનને તો સાફ કહ્યું હતું: 'તમે જે માગો એ કદાચ આપી શકાય એમ હું કહું પણ બીજા કોઈને સમજાવી તો ન જ શકું. અને એને માટે તો તમારે લડી લેવું જ પડશે.' લૉઈડ જ્યૉર્જે પણ એ જ કહેલું. જોકે એણે એ પણ કહેલું કે હું તમને મદદ કરીશ. એણે મદદ તો ન કરી. એ માણસ એકલો પડી ગયો, મદદ શું કરી શકે? એમ એકાએક સ્વરાજ આપણા હાથમાં આવીને પડે તો આપણે એને પચાવી ન જ શકીએ. મુસલમાનોની સાથે આપણે સલાહ ન કરી શકીએ અને અસ્પૃશ્યતાના સવાલનો નિવેડો ન આવે ત્યાં સુધી આપણે મેળવેલું પણ કશું જાળવી ન શકીએ. મદ્રાસના વિદ્વાનો અને

જજો વગેરેની વૃત્તિથી મને ભારે આઘાત પહોંચ્યો છે. કેળવાયેલા વર્ગમાં અસ્પૃશ્યતાને વિષે આવા વિચાર ધરાવનારા મદ્રાસ બહાર ક્યાંય નથી.

મહારાષ્ટ્રમાં જે સુધારક શાસ્ત્રીઓ છે એવા મદ્રાસમાં કોઈ નથી એમ વલ્લભભાઈએ જણાવ્યું. બાપુએ કહ્યું: એ નવો પાક છે. બાકી અહીં જે રૂઢિરક્ષક વર્ગ છે એમનામાં ઘમંડ ભરેલું છે.

૧૯૧૮ની કેટલીક વાતોનું સ્મરણ કરાવતાં બાપુ કહે: મને એવી વાતો યાદ જ નથી આવતી — જાણે કદી બની જ ન હોય.

મેં કહ્યું: કારણ આપની સ્મરણશક્તિને ઉપયોગી સંઘરવાની અને બિનઉપયોગી છોડવાની ટેવ છે. એ જ સાચી સ્મરણશક્તિ છે એમ એક જણે કહ્યું છે. અસાધારણ યાદશક્તિવાળાને કામની નકામી બધી વસ્તુઓ યાદ રહે છે. પણ તે ઈશ્વરદત્ત શક્તિ. આપની સ્મરણશક્તિ એ કેળવેલી સ્મરણશક્તિ છે. બાપુએ એ વાત કબૂલ કરી.

શ્રદ્ધા અથવા અનાસક્તિની વ્યાખ્યા મીરાબહેન ઉપરના કાગળમાં આપી:

"હમણાં તારે ઉપવાસનો વિચાર કરવો જોઈએ જ નહીં. જ્યાં સુધી વસ્તુ આંખ સામે આવીને ઊભી ન રહે ત્યાં સુધી એને સારી કે નરસી કલ્પવી જ નહીં. સંપૂર્ણ સ્વાર્પણનો અર્થ જ એ કે કોઈ પણ જાતની ચિંતામાંથી સંપૂર્ણ મુક્ત રહેવું. બાળક કોઈ દિવસ કશી ચિંતા કરે છે? એ સહજવૃત્તિથી જ જાણે છે કે માબાપ એની સંભાળ લેવાનાં છે. આ વસ્તુ આપણે મોટી ઉંમરના માણસને માટે તો વધારે સાચી હોવી જોઈએ. એમાં જ શ્રદ્ધાની અથવા તને એમ ગમે તો, ગીતાની અનાસક્તિની કસોટી છે."

વિલાયતથી એક માંદી છોકરીએ એસ્થર મારફત બાપુ પાસે આશીર્વાદ માગ્યા. એને લખ્યું:

"હજારો દીકરીઓ મારે હોવાનું સુખ હું ભોગવી રહ્યો છું. તેમાં તારો આવકારપાત્ર વધારો થાય છે. એક પામર મર્ત્ય મનુષ્ય તરીકે આવડા મોટા કુટુંબની હું સંભાળ ન લઈ શકું એટલે સર્વશક્તિમાન પરમેશ્વરને સલામત ખોળે હું એ બધાંને સોંપી દઉં છું. એટલે મોટા કુટુંબની જવાબદારીમાંથી હું મુક્ત થાઉં છું. છતાં એ બધાં મારાં હોવાનો આનંદ હું ભોગવું છું."

હરિભાઉ સાથે 'કેસરી'ના મદદનીશ તંત્રી શિખરે આવ્યા. તેણે પંચાનન તર્કરત્નને બાપુએ આપેલી તડજોડની સૂચનામાં તત્ત્વત્યાગ છે એવો આરોપ કર્યો. તેને બાપુએ સમજાવ્યું: એમાં તો એક પણ વિરોધીની

લાગણીને માન આપવાનો જ હેતુ રહેલો છે. સમય જુદા નિર્ણીત કરવામાં કાંઈ તડજોડ નથી, કારણ હરિજનો પણ બીજા હિંદુઓની જ શરતે દર્શન કરશે. આ સવાલ વિષે એ. પી. આઈ.ને એક સરસ લાંબો ઇન્ટરવ્યુ આપ્યો છે એટલે વધુ વિસ્તાર અહીં નથી કરતો.

કલહ ઉત્પન્ન થાય છે એ વિષેના આરોપનો જવાબ આપતાં બોલ્યા :

મારું આખું જીવન્ જ એવી રીતે વ્યતીત થયું છે કે સઘળી જાતનાં ઘર્ષણ ટળે છે. ઇતિહાસનો ચુકાદો એવો આવશે કે આ દુનિયા ઉપર કોઈ પણ એક માણસ એવો નથી થયો જેણે ઘર્ષણનાં કારણો દૂર કરવાનો મારા જેટલો પ્રયત્ન કર્યો હોય. આ પ્રશ્ન ઉકેલ્યા વિના હું જો મરી ગયો તો ખચીત માનજો કે તલવારો ખેંચાવાની છે અને હિંદુઓ તથા હરિજનો વચ્ચે આંતરવિગ્રહ થવાનો છે. તમે તો સવર્ણ હિંદુ જનતાથી અળગા રાખીને હરિજનોને સુધારવાનો પ્રયત્ન કરવાનું કહો છો. પણ હરિજનો કહેશે કે આવી રીતે અમારે તમારી મદદ ન ખપે. તમારા જેવા સુધારકોને બાજુએ રાખીને અમે અમારો સુધારો કરી લઈશું. મારી ખાતરી છે કે એ લોકો એમ કરી પણ શકશે. પરંતુ મોટી ખૂનરેજીને પરિણામે જ તે થવા પામશે. મારા જીવનની પ્રત્યેક પળે હું હિંદુ ધર્મનું પાલન કરી રહ્યો છું. હું જોઉં છું કે હિંદુ ધર્મની સામે સર્વનાશનો ભય પેદા થયો છે. હિંદુ ધર્મને માટે હજારો માણસો પોતાના જાન કુરબાન કરવા તૈયાર નહીં થાય તો હિંદુ ધર્મનો વિનાશ નિશ્ચિત છે. આજે તો જુદા જુદા ધર્મો વચ્ચે હરીફાઈ ચાલી રહી છે. બીજા બધા ધર્મો સાક્રય અને લડાયક છે. હિંદુ ધર્મ નિષેધાત્મક બની ગયો છે. બધા સદ્‌ગુણોને પણ એણે નકારાત્મક કરી દીધા છે. આવી નિષેધાત્મક વૃત્તિવાળા હિંદુ ધર્મનો હું ઇન્કાર કરું છું. હિંદુ ધર્મની આકરી કસોટીનો આ કાળ છે. અને અસ્પૃશ્યતા એ એની મોટામાં મોટી કસોટી છે. જેઓ એમ કહે છે કે આપણાં મંદિરોમાં બહુ સડો પેસી ગયો છે તેમની સાથે હું સંમત થાઉં છું, પણ તેથી એ મંદિરોનો નાશ કરવો જોઈએ એની સાથે હું સંમત થઈ શકતો નથી. હું વિનાશ નથી ઇચ્છતો પણ સુધારો માગું છું. જ્યાં સુધી તમે ઝેર દૂર ન કરો ત્યાં સુધી સુધારો થઈ શકે નહીં.

સ૦ : તમે દર્શન માટે જુદા જુદા સમય રાખવાનું સમાધાન સૂચવ્યું છે તે તો સનાતનીઓ મોટી લઘુમતીમાં હશે અને હરિજનો સાથે ખૂબ સુધારકો જનારા હશે એ ગૃહીત કરીને ના?

બાપુ : હા, એ સમાધાન એ માન્યતા ઉપર જ સૂચવાયું છે કે સનાતનીઓ બહુ મોટી લઘુમતીમાં હશે.

સ૦ : ત્યારે સુધારકો એવી લઘુમતીમાં હોય ત્યાં ?

બાપુ : ત્યાં એ સમાધાનનો આગ્રહ રાખવો એ સલાહ ભરેલું છે કે કેમ એનો વિચાર કરવો પડે. હું ધારું છું કે હું આગ્રહ ન રાખું. હરિજનો ભિખારી તરીકે મંદિરમાં જાય એમ હું ઇચ્છતો નથી. હા, પરમેશ્વર આગળ તો ભિખારી તરીકે જ જવાનું છે, પણ માણસ આગળ નહીં.

વર્ણની બાબતમાં હું કહું કે મારો સુધારો અવર્ણોને સવર્ણો બનાવવાનો છે. સાથે સાથે હું એ પણ કહું કે આ અસ્પૃશ્યતાનિવારણના પ્રશ્ન સાથે જ્ઞાતિઓ નાબૂદ કરવાના પ્રશ્નને સંબંધ નથી. તમે મારો અંગત અભિપ્રાય પૂછો તો મારો મત હું જરૂર જણાવું. મારે મારા વિચારો છુપાવવા નથી. હું માનું છું કે વેદ અનંત છે. હું ગીતામાતા પાસેથી મારી બધી શંકાઓનાં સમાધાન મેળવી લઉં છું. ગીતા તેમ જ બીજાં બધાં શાસ્ત્રોમાંથી મેં એ સાર કાઢ્યો છે કે વર્ણસંકર એ તો વિષયવાસનાથી થતા સંભોગનું પરિણામ છે. પહેલા અધ્યાયને અંતે અર્જુન વર્ણસંકરની વાત કરે છે ત્યારે તેના મનમાં બીજું કાંઈ નહોતું. તે જુએ છે કે પુરુષોનો નાશ થઈ જતાં સ્ત્રીઓ હરેક પ્રકારના વ્યભિચારથી પોતાના વિષય સંતોષશે. પણ પુરુષ અને સ્ત્રી ગમે તે વર્ણનાં હોય છતાં કેવળ પ્રજોત્પત્તિને અર્થે અને માનવજાતિની સેવા કરવાની ઇચ્છાથી એટલે કે શુદ્ધ પ્રેમથી સંયોગ કરે તો તેમાં સંકર નથી. વર્ણવ્યવસ્થામાં શક્તિનો દુર્વ્યય થતો અટકાવવાનો હેતુ છે. દરેક માણસે પોતાના બાપદાદાનો ધંધો કરવો જોઈએ. અહીં હું કબૂલ કરું છું કે વર્ણ જન્મથી બંધાય. પણ વર્ણનો અર્થ અધિકાર થતો નથી. વર્ણ એટલે કર્તવ્ય, ધર્મ. બ્રાહ્મણ ઉપર એવી ફરજ નથી કે તેણે બ્રાહ્મણ સ્ત્રી સાથે લગ્ન કરવું જ જોઈએ. તેની ફરજ તો એ છે કે તેણે અધ્યયન અને અધ્યાપન કરવું. માણસ માણસ પ્રત્યેની મૂળ ફરજો સાથે ધર્મને લેવાદેવા છે. હું વેદના આધ્યાત્મિક ભાગનો જ વિચાર કરું છું, ઐતિહાસિક ભાગનો નહીં. કારણ ઇતિહાસ તો બહુ અનિશ્ચિત છે અને વખતોવખત જુદો જુદો લખાય. પણ ધર્મ જુદો જુદો ન હોઈ શકે.

વર્ણસંકર એ ન ઇચ્છવા યોગ્ય સંબંધ છે. એકબીજા સાથે મેળ ન ખાય એવાનો એ સંયોગ છે. પણ કોઈ કહે કે પુરુષ બ્રાહ્મણ હોય અને સ્ત્રી શૂદ્ર હોય તો એટલા પરથી જ એ સંબંધ મેળ ન ખાય એવાનો થયો તો એ ન માનવા જેવી વાત ગણાય. વર્ણને કારણે મેળ બેસે કે ન બેસે એમ કહી શકાય નહીં. પણ જ્યાં વિષયવાસના છે ત્યાં કુમેળ છે એમ માનવું

જોઈએ. એટલે વિષયવાસનાને પરિણામે ઉત્પન્ન થયેલી પ્રજાને હું વર્ણ-સંકર કહું. આ રીતે જોતાં બ્રાહ્મણ અને શૂદ્રના લગ્નમાં કુમેળ જેવું કાંઈ ન હોય અને બ્રાહ્મણ બ્રાહ્મણના લગ્નમાં કુમેળ હોઈ શકે.

સ૦ : તમે કહો છો કે અંદરનો અવાજ તમને જેમ દોરે તેમ તમે પ્રવૃત્તિ કરો છો. તમારા ઉપવાસથી એક જાતની જબરદસ્તી થાય છે. ત્યારે શું આ અંદરનો અવાજ અથવા ઈશ્વરનો અવાજ આવી જબરદસ્તી ઇચ્છતો હશે?

બાપુ: મારા ઉપવાસમાં કોઈ જાતની જબરદસ્તી હોય તો મારે કહેવું જોઈએ કે ઈશ્વર એ ઇચ્છે છે. ઈશ્વરની ઇચ્છા ન હોય એવો એક શબ્દ પણ હું બોલવા ઇચ્છતો નથી. મારું કોઈ સાંભળે એમ પણ ઇચ્છતો નથી. પણ કરોડો માણસ સાંભળે છે ત્યારે તમારે જાણવું જોઈએ કે એ કેવળ આધિભૌતિક વસ્તુ નથી. કરોડો માણસ જેમણે મને જોયો પણ ન હોય અથવા સાંભળ્યો પણ ન હોય, એમના ઉપર મારા કૃત્યની કે વચનની અસર પડે ત્યારે મારે કહેવું જોઈએ કે ઈશ્વર મારી મારફત કામ કરી રહ્યો છે. ચંપારણમાં હું પહેલાં કદી ગયો નહોતો. ત્યાં લાખો માણસ મને વીંટળાઈ વળ્યાં. શા માટે? એ લોકો મને ઓળખતા તો નહોતા. હું તો આખું જીવન દક્ષિણ આફ્રિકામાં રહેલો હતો અને ત્યાં તો મેં તામિલ લોકોમાં કામ કરેલું. છતાં બિહારીઓ શું કામ મને વળગે? જે વસ્તુ આપણે સમજી શકતા નથી અથવા જે વસ્તુનો ખુલાસો આપી શકતા નથી તેનું વર્ણન કરવા માટે 'ગૂઢ' શબ્દ યોજવામાં આવ્યો છે. એ અનિવાર્ય છે. આધ્યાત્મિક હેતુથી જે ઉપવાસ કરવામાં આવે અને જેમાં બધી પ્રવૃત્તિ કેવળ આધ્યાત્મિક જ હોય એની અસર જાદુઈ થાય છે. એ ગૂઢ રીતે કામ કરે છે એમ કહેવાય. હલકા હેતુથી જે ઉપવાસ કરવામાં આવે તેથી કોઈનું પણ ભલું ન થાય. ઉપવાસ કરનારના દેહને કષ્ટ પડે એટલું જ.

આટલી અગત્યની વાતો છતાં બાપુને કાલના જેટલો થાક આજે નહોતો. કાગળો રોજના કરતાં વધારે લખાવ્યા. વિલાયતના કાગળો ઘણા અગત્યના હતા. ખાસ કરીને હોરેસ ઍલેક્ઝાન્ડરનો. અનેક કાગળોમાંથી નાનાં નાનાં સૂત્રો વીણી કાઢી શકાય એમ હતું. દાખલા તરીકે: "ઉપવાસ વિના પ્રાર્થના થઈ જ ન શકે. જે ઉપવાસમાં પ્રાર્થના અંતર્ગત નથી એ તો કેવળ દેહદમન છે."

નરહરિ બેલગામ જેલમાંથી છૂટીને સીધા આવ્યા. તેની આગળ અસ્પૃશ્યતાના કામને માટે પોતાનું કામ કોઈએ છોડવું નહીં એ વાત જુદી

રીત મૂકી : આ અસ્પૃશ્યતાની હિલચાલ એવી રીતે કલ્પવામાં આવી છે કે કોઈ પણ કૉંગ્રેસના કાર્યકર્તાને પોતાનું કામ છોડવું ન પડે. જેની પાસે બીજું કામ ન હોય, અથવા બીજું કામ કરતા ન હોય એવા માણસો માટે જ આ કામ છે. હું તો જેલમાં આવીને મારે જે કરવું જોઈએ એ કરી બેઠો છું, એ દિશામાં મારે કાંઈ કરવાપણું રહ્યું નથી. એટલે અસ્પૃશ્યતાનું કામ એ વધારામાં કરું છું.

૬–૧–'૩૩ આજે સવારે 'વર્ણસંકર' વિષેના વિચારોનું મેં વધારે સ્પષ્ટીકરણ બાપુ પાસે કરાવ્યું. 'કેસરી'વાળો જરા આશ્ચર્ય અને જરા કટાક્ષમાં પૂછતો હતો કે ત્યારે તમારા મત પ્રમાણે તો જેના મૂળમાં વિષય છે એવા સંભોગમાંથી વર્ણસંકર થાય, એ મને ખટકયાં કરતું હતું. આજે સવારે બાપુએ મને કહ્યું : સાતવળેકરે મિશ્રવર્ણવિવાહના દાખલાઓ આપ્યા છે તેની સાથે એવું તો કશું નથી કહ્યું કે આવા વિવાહ અયોગ્ય છે. એટલે હું કહું છું એ વાત સાચી પડે છે કે રૂઢિ વિરુદ્ધ વિવાહ થતા હોય છતાં તેથી કોઈ વર્ણભ્રષ્ટ નહોતું થતું.

મેં પૂછયું : પણ આપ કહો છો એ તો આદર્શ વિવાહની વાત થઈ. એવા વિવાહ કોણ કરે છે?

બાપુ : ધર્મ એ આદર્શની જ વાત છે ને? બાકી તો સામાન્ય વ્યવહાર એ ખરો કે વર્ણમાં જ વિવાહ થાય, અને વર્ણ બહાર વિવાહ થાય એ અપવાદ હોય.

મેં કહ્યું : તો આપે એ વાત પણ આદર્શ વિવાહની વાત સાથે જોડવી જોઈએ.

આજે સવારે બાપુ પાછા કહે : ઍન્ડ્રૂઝના 'હિંદુ'ને કરેલા તારમાં જે વાત છે તે બરોબર છે કે હિંદુમુસ્લિમ ઐક્ય અને અસ્પૃશ્યતાનો લોપ, એના પાયા વિના આખું ચણતર કાચું છે. કૉંગ્રેસનું બળ ત્યાંના લોકોને અજાણ્યું નથી, અને તેને ભાંગવાનો પ્રયત્ન હિંદુમુસલમાનનો ઝઘડો જાગતો રાખીને અને અસ્પૃશ્યોને ઉશ્કેરીને જ તેઓ ચલાવી શકે.

કાકાસાહેબ આવ્યા. કીકીબહેન, ગિરધારી, છબલદાસ અને મિસ પોચા આવ્યાં. કીકીબહેનની સાથે થોડી તબિયતની વાતો કર્યા પછી કહ્યું : અચ્છા, અસ્પૃશ્યતાકે લિયે કુછ બાતેં કરની હૈં, યા ઝૂટ ચોંટી ચલી આઈ હૈં?

એમણે કહ્યું : નહીં, પૂછની હૈં. અબ હમ ક્યા કરેં?

બાપુ કહે: ઇસકા મૈં થોડા યહાઁસે જવાબ દે સકતા હૂઁ? ઇતના કહ સકતા હૂઁ કિ મૈં યહાઁ બૈઠા હુઆ લડત નહીં ચલા સકતા હૂઁ. બાહર ક્યા હો રહા હૈ યહ મૈં કૈસે જાન સકતા હૂઁ? ઔર ન જાનકર કૈસે કહ સકતા હૂઁ કિ ક્યા કરના ચાહિયે? હાઁ, એક હિસાબસે લડત જરૂર ચલાતા હૂઁ. મેરા યહાઁ આના ઔર યહાઁ બૈઠના યહી લડત ચલાના હૈ. દૂસરી બાત યહ હૈ કિ ઇસ બારેમેં કુછ કહના વહ મેરી પ્રતિજ્ઞા કે વિરુદ્ધ હૈ. મૈં પકડા ગયા. જેલમેં આયા. ઇસકા માની યહ હૈ કિ મૈં મર ગયા. મરા હુઆ આદમી કૈસે જિન્દા હો સકતા હૈ? હાઁ, ભૂત પ્રેત બન કર કુછ કર સકતા હૈ. મૈં ભૂત પ્રેત બનકર કુછ નહીં કરના ચાહતા હૂઁ. મૈંને તો મોક્ષ પા લિયા હૈ.

ઇતને પર ભી મૈં કહ સકતા હૂઁ કિ મુઝે ક્યોં પૂછતે હો? તુમ જો પ્રતિજ્ઞા કર ચૂકે હો, ઉસકા પાલન કરો. સ્વધર્મકા ત્યાગ કરના મરણ હૈ.

મેરે પાસ યહ સવાલ લેકર આતે હૈં યહ મુઝે પસંદ નહીં. સબકો ઇતની બાત કહ સકતે હો કિ મૈંને કિસીકો નહીં કહા, અસ્પૃશ્યતાકે કામમેં લગ જાઓ. અપના ધર્મ કોઈ આદમી છોડ નહીં સકતા હૈ ઇતના જરૂર કહા. અભી સબકો બોલ દો કિ યહ બાત પૂછનેકે લિયે મેરે પાસ આનેકી કોઈ જરૂરત નહીં હૈ.

કાકાએ પૂછ્યું: અપ્પાના ઉપવાસ તમે ઓઢી લીધા, કેલપ્પનના પણ ઓઢી લીધા. તે શું તમારો ઇરાદો એવો છે કે તમારા સિવાય બીજા કોઈ ઉપવાસ ન કરે? ઉપવાસ તો અનેક માણસોએ કરવા પડશે.

બાપુ: હું તો કહી ચૂક્યો છું કે હજારોએ ઉપવાસ કરવા પડશે. પણ આજે નહીં. તેનાં કારણો છે. પહેલું કારણ તો એ છે કે એને માટે ખાસ યોગ્યતા જોઈએ છે. બીજું એ કે યરવડા કરારમાં સવર્ણ હિંદુઓ તરફથી જે કોલ અપાયો છે તેનો સાક્ષી હું છું; અને સવર્ણ હિંદુઓનો પ્રતિનિધિ મારા જેવો બીજો કોણ છે કે જે આ કોલનું પાલન કરી શકે? ત્રીજી વાત એ છે કે બીજાઓને અનેક કામ કરવાનાં હોય, હું જેલમાં આવીને બીજું બધું કરવાનું કરી ચૂક્યો છું, હવે આ કામ છે. એ બધાથી નથી થઈ શકતું, પણ મેં જોયું કે મારી શક્તિ છે, અને મારી શક્તિ એ જ રીતે હું અહીં બેઠાં બેઠાં બતાવી શકું છું એટલે પણ ઉપવાસ મારે એકલાએ કરવા એ મને યોગ્ય લાગે છે.

કાકાએ કહ્યું: બીજા ઊતરતી પંક્તિના માણસોને માટે આજે ઉપવાસ કરવાનો સમય આવ્યો છે એમ મને લાગે છે. કારણ તમારા

ઉપવાસથી લોકો ગભરાઈ જાય છે, ઊતરતી પંક્તિના માણસોથી ગભરાશે નહીં, અને એ ઉપવાસ કરતાં કરતાં મરતા જશે એટલે લોકો જાગ્રત થશે.

બાપુ કહે: એ પણ હું કહી શકું કે ક્યારે બીજાઓનો ઉપવાસ કરવાનો સમય આવ્યો છે.

આજની ટપાલમાં બત્રીસ કાગળો. ઘણા વિલાયતના. ઘણા કાગળો અતિશય અગત્યના હતા. બહારના માણસો કેટલું આશ્વાસન શોધે છે એના નમૂના: ત્રણ અંગ્રેજ છોકરીઓએ બાપુને પિતા તરીકે કેવળ આશ્વાસન મેળવવા માટે કાગળ લખેલો. એકને બાપુએ મારી વહાલી દીકરી, કરીને લખ્યું અને એમ લખતાં છતાં પોતાની સ્થિતિનું કેટલું તીવ્ર ભાન છે એ બતાવી દીધું. એક સ્ત્રીએ પોતાને દીકરો જન્મ્યો તેને માટે આશીર્વાદ માગ્યા. આંધળો જોન મોરિસ, જેની મુલાકાત સેન્ટ એન્ડ્રૂઝ હૉસ્પિટલમાં વિલાયતથી નીકળ્યા તે જ દિવસે લઈ આવ્યા હતા અને જેને વારંવાર સંદેશા મોકલતા હતા એ માણસે પોતાને હાથે લખેલો કાગળ અને નાતાલનું કાર્ડ મોકલ્યાં. એને પણ બહુ મીઠો કાગળ લખ્યો. અને ઉપવાસના રહસ્ય વિષે મિસિસ પોલાક અને મેડલીન રોલાંને તેમ જ એન્ડ્રૂઝને લાંબા કાગળો લખ્યા.

એક હક્કી નામનો ઇજિપ્શ્યન અને સીરિયન છાપાંઓનો પ્રતિનિધિ આવ્યો. એને કહ્યું હતું કે અસ્પૃશ્યતા વિષે જ વાતો કરી શકાય, પણ એ અંગ્રેજી ઓછું જાણતો હોવાથી એ શરતનો એણે ઊંધો અર્થ કર્યો !

તમારું રાજદ્વારી ધ્યેય શું છે? એમ સવાલ પૂછ્યો એનો જવાબ આપવાની બાપુએ ના પાડી.

પછી કહે: અસ્પૃશ્યતાનું કામ શા સારુ કરો છો ?

બાપુએ કહ્યું: હિંદુ ધર્મને સજીવન કરીને, જગતના ધર્મોની સાથે ઊભા રહીને મનુષ્યજાતિની સેવા કરવાને એને વધારે લાયક કરવાનો હેતુ છે.

પણ પેલો માણસ આટલાથી થાક્યો અને બોલ્યો: અસ્પૃશ્યતા વિષે તો મારાથી બીજું શું પૂછી શકાય? જાઉં છું.

મિસ પામર કરીને એક અમેરિકન સ્ત્રી બહાર આવીને ઊભી. એણે લખ્યું કે મેં ગાંધીને જોયા હતા કે કેમ તેના મને એક લાખ સવાલ અમેરિકામાં પૂછવામાં આવશે. માટે એક મિનિટ માટે પણ ગાંધીને મને જોવા દો.

મેં એને ના લખી. એટલે કહે કે હું તો બહિષ્કૃત લોકોમાં જ કામ કરનારી છું અને કરવાની છું.

મેં લખ્યું કે પહેલા જવાબથી બીજો જવાબ ખોટો પડે છે. હવે તો સુપરિન્ટેન્ડન્ટ તમને રજા આપે તો આવો! એ બાપડી ગઈ!

૭-૧-'૩૨ કાલે . . .એ પોતાને શ્રી ભૂલાભાઈ સાથે થયેલી વાતો કરી હતી તે મેં બાપુને સંભળાવી. પ્રથમ વલ્લભભાઈને સંભળાવી હતી. તેમણે કહ્યું કે એ સંભળાવી શકાય. મને પોતાને શંકા હતી કે એ વાત . . . પાસે સંભળાય કે નહીં, પણ . . .ને રોકવાનું મને મન ન થયું. બાપુએ વાત સાંભળી ખરી, ભૂલાભાઈએ સારું કર્યું એમ કહ્યું, પણ સવારે કહ્યું : મહાદેવ, આપણું ગાડું ભાંગી પડવાનું છે હો!

હું ચમક્યો. મેં પૂછ્યું : એટલે?

પછી પ્રવાહ ચાલ્યો: પેલી ભૂલાભાઈ વાળી વાત તમારે સાંભળવી જોઈતી નહોતી. . . .ની એ વાત કરવાની હિંમત જ કેમ ચાલી? એમાં . . .નું પતન થયું, તમારું થયું, મારું પણ થયું, કારણ મેં એ સાંભળી. તમે યાદ રાખજો કે આવું ઢીલાપણું રાખશો તો મારા મૂઆ પછી તમારા ભુક્કા થઈ જવાના છે. મોટો ચમરબંધી આવ્યો હોય તેને પણ મર્યાદા બતાવી દેવાય. એ કહે કે આ માણસ નઠારો છે, તો નઠારાનો આરોપ લઈને પણ તેને રોકી શકાય. મારું લૂલુંપાંગળું સત્ય પણ ચમત્કાર કરી રહ્યું છે, તો પૂરું સત્ય પળાતું હોય તો શું ન થાય? પણ આપણે આમ સત્યનો ભંગ કરીએ તો આપણું બધું ભાંગી પડે. પછી કહે: . . .ને હું નહીં કહું, તમે જ કહેજો. હું કહું તો એને રડવું પડશે. આ પછી વલ્લભભાઈ આવ્યા. એટલે કહે: મને એમ થાય છે કે કોંગ્રેસનું કામ કરનારા તમામ માણસોને આવતા જ બંધ કરું!

કાકાએ તકલી માટે બેલગામમાં કરવા પડેલા પોતાના સાત ઉપવાસની વાત કરી. બાપુ એ વાત સાવ ભૂલી ગયા હતા. અહીં આવીને બાપુ પૂછે: કાકાને ઉપવાસ કરવા પડ્યા હતા એની તમને ખબર છે?

મેં કહ્યું કે હા. પછી મેં બધા સંજોગો વર્ણવ્યા અને કહ્યું : તમને જ કાશીબહેને કહેલું. નારણદાસભાઈના કાગળમાં પણ એ જ વસ્તુ આવી હતી.

ત્યારે કહે: ડૉઈલને મેં આટલા કાગળો લખ્યા તેમાં મેં એ વિષે કેમ ન લખ્યું? તમે મને લખવાની સૂચના કેમ ન કરી?

આમ અમુક કાળે બાપુ અમુક વાત કરે ન કરે તેને વિષે પણ ભારે સાવચેતી રાખવી પડે છે. ડૉઈલને જ્યારે કાગળ લખેલો ત્યારે આ

વાત બાપુના મગજમાં તાજી હોવી જોઈએ. છતાં એ વિષે ન લખેલું એ જાણીબૂજીને હશે એમ મેં માનેલું. વળી ઉપવાસ માર્ટિનના સમયમાં થયેલા, ડૉઈલિના સમયમાં ન થયેલા એટલે પણ ન લખ્યું હોય. પણ બાપુ એ વાત સાંભળ્યા છતાં સાવ ભૂલી ગયેલા તેનું શું? આમ હવે ઘણી વાતો બાપુની સ્મૃતિમાંથી સરી જવા લાગી છે. સેંકીને કાગળ લખીને ભૂલી ગયા પછી સ્મૃતિદોષનો આ બીજો પ્રસંગ. નાના નાના તો ઘણી વાર બને છે.

. . .ને લખેલા કાગળમાંથી: "આ દોડમદોડની પાછળ એક બીજી વસ્તુ પણ રહી છે. આશ્રમવાસીઓમાં પણ ગરીબીનાં શુદ્ધ દર્શનનો અભાવ છે. આ દોષ તમારો એકનો જ નથી. તમારાથી જૂના આશ્રમવાસી પણ કેટલાક મુક્ત નથી. એમ છતાં જેઓ સમજવા ઇચ્છે છે તેને હું સમજાવવા ઇચ્છું છું ખરો કે આપણે ગરીબથી પણ ગરીબ થઈને રહેવાનો ધર્મ છે. એક પૈસાથી ચાલે તો બે ન ખરચીએ અને એમ કરતાં જોખમો ખેડવાં પડે તે ખેડીએ. તેથી જેટલી મુસાફરી વિના ચલાવી શકાય તેટલી મુસાફરી વિના ચલાવી લઈએ. જેટલી સગવડો વિના ચલાવી શકાય તેટલી સગવડોનો ત્યાગ કરીએ. અને આ ગરીબી માત્ર પૈસાની જ નહીં, પ્રવૃત્તિની પણ હોવી જોઈએ. શબ્દો પણ કંજૂસાઈથી વાપરીએ, વિચારો પણ કંજૂસાઈથી વાપરીએ. આમ કરીએ તો જ સત્ય, અહિંસા, બ્રહ્મચર્યાદિનું પાલન થઈ શકે. આ ઊણપ તમારામાંથી કાઢી શકાય તો કાઢજો, પણ 'મારાથી વધારે ખર્ચાળ તો આશ્રમમાં अ, ब, અને क છે' એમ ન મને સંભળાવજો, ને ન તમારા મનમાં એવો વિચાર સેવજો. જે પાળે તેને સારુ ધર્મ છે.

"હવે તમારી શંકા વિષે. આપણા પોતાના વિકારોથી જો આપણે આપણાં બાળકોની તુલના કરશું તો બાજી હારેલા જ છીએ. જે સંજોગો બાળકોને સારુ અનુભવો મેળવીને આપણે ઉત્પન્ન કર્યાં છે તે આપણી પાસે ન હતા. આપણે વિશ્વાસ રાખવો જોઈએ કે એ સંજોગોની અસર બાળકો ઉપર પડશે જ. તાત્કાલિક પરિણામમાં આપણે એવું કાંઈ જ ન જોઈએ એની ચિંતા ન કરીએ. એ પ્રયોગ કરતાં જેને આપણે પોતાનાં બાળક સમજીએ છીએ તે હોમાઈ પણ જાય. એમ છતાં આત્મવિશ્વાસ ન ખોઈએ. અને જ્યાં સુધી પોતાની ભૂલની પ્રતીતિ ન થઈ હોય ત્યાં લગી પ્રયોગ ચાલુ રાખીએ તો જ સિદ્ધિ દેવીનાં દર્શન થાય. આ માર્ગ પાવકની જ્વાળા છે એટલે આપણે પોતે અને આપણાં બાળકો હસતે મુખે હોમાઈ જઈએ. એમ બધાં ક્ષેત્રોમાં કર્યા વિના શુદ્ધ સત્ય, શુદ્ધ

અહિંસા, કે શુદ્ધ બ્રહ્મચર્યની ઝાંખી આપણે કરવાના નથી. અથવા તો આ ત્રણમાંની એક કે બે ખોટી વસ્તુઓ છે એવા નિર્ણય ઉપર આપણે આવીશું. અહિંસા એ ખોટી વસ્તુ છે એમ માનનારા પંથો તો જગતમાં ઘણાયે પડ્યા છે અને બ્રહ્મચર્યને પાપ માનનારો સંપ્રદાય ફેલાતો જાય છે, એ આપણી નજર આગળ આપણે અનુભવી રહ્યા છીએ. એ સંપ્રદાયની વૃદ્ધિ થતી જોઈએ છીએ છતાં એ ખોટો છે અને બ્રહ્મચર્ય સાચી વસ્તુ છે એમ સિદ્ધ કરવું હોય તો . . . જેવી છોકરી અને . . . જેવા જુવાનોનાં બલિદાન આપવાની કળા આપણે હસ્તગત કરવી પડશે. પારકાં છોકરાંને જતિ નહીં કરાય. એ લાભ તો આપણુંને જ આપીએ. પણ તમે તો કહો છો કે આપણાં છોકરાં પણ ત્યારે જ પરીક્ષામાં પાસ થયાં ગણાય જ્યારે તે જગતરૂપી સમુદ્રમાં અફળાય અને એમ છતાં સાબૂત-કદમ રહે. એ વાત હું માનું છું અને તેથી જ આશ્રમને આપણે સમુદ્રનું એક ખાબોચિયું કરી મૂક્યું છે. અને જો એમાં નહીં બૂડી જઈએ તો મહાસમુદ્રમાંયે તરી જવાની આશા રાખી શકશું."

આજે સરકારને એક સ્ટેટ્મેન્ટ પસંદગી માટે મોકલ્યું. કૉંગ્રેસવાળાએ સવિનયભંગમાં કામ કરવું કે અસ્પૃશ્યતામાં કરવું -એ વિષે ઘણા પૂછતા આવે છે, એ બહાને મળવા પણ આવે છે. બાપુએ અનેકને અનેક ભાષામાં એક જ જવાબ આપ્યો છે. પણ આજે એમણે એ વિષે એક સ્ટેટ્મેન્ટ બહાર પાડવાનો વિચાર કર્યો. વલ્લભભાઈને બતાવ્યું. એમણે ના કહી. એ કહે કે આનો અનર્થ થશે અથવા એ કોઈ સમજશે નહીં.

મેં કહ્યું: જે વસ્તુ બાપુ રોજ કહે છે તે જાહેર કરવામાં શી અડચણ?

એટલામાં બાપુ કહે: પણ એ સરકારને મોકલી આપીએ તો?

મેં કહ્યું: તો તો બેવડો લાભ.

આ પછી આંબાવાડીમાં ગયા. ત્યાં બાકીનો ભાગ લખાવ્યો અને પછી બાપુ કહે: સરકાર ડાહી હોય તો આ છાપવા દેશે.

મેં કહ્યું: ડાહી શી રીતે હોય?

બાપુ: આમાંથી તો એ જોઈ શકે છે ના કે મારાથી જેલમાં એવું કશું જ નિવેદન ન કરી શકાય?

૧૯૩૦ના જુલાઈમાં સપ્રુ-જયકર સાથે વાતચીત પછી બાપુ, મોતીલાલજી અને જવાહરે સ્ટેટ્મેન્ટ બહાર પાડ્યું હતું. તે પછી બાપુના વિચારમાં કે વૃત્તિમાં ફેર પડ્યો કહેવાય ખરો? કદાચ ખરો. કારણ હવે

તો એક બે વાર ચોક્કસ કહી ચૂક્યા છે કે અહીં બેસીને મારાથી કશું જ ન કહેવાય.

આ નિવેદનથી સપ્રુ-જયકરની સ્થિતિ પણ મજબૂત થાય. મેં કહ્યું: પણ સરકારને તમને છોડવા જ ન હોય તો આ સ્ટેટ્મેન્ટ શેની બહાર પાડવા દે? વળી આ તો લડતને માટે એક નવી ઘોષણા થશે એ કારણે પણ આ બહાર નહીં પાડવા દે.

બાપુ: એ તો બરોબર છે. પણ હું તો સરકાર ડાહી હોય એમ કહેતો હતો ત્યારે એ કહેવા ઇચ્છતો હતો કે સરકારને સલાહ કરવી હોય અને ખરાબ ન દેખાવું હોય તો. પછી કહે: સરકાર સાવ ભૂંડી છે એમ કહેનારા સરકારને જાણતા જ નથી. આ સરકાર બહુરંગી છે. એને અગણિત આંખ, અગણિત કાન અને અગણિત મોઢાં છે. એટલે અમુક વસ્તુ વિષે ક્યારે એ શું કહેશે એ કહેવાય નહીં.

આ નિવેદનને અંતે બાપુએ જેમને પોતાના ધર્મને વિષે સંશય નથી તેવાને ઉદ્દેશીને એક વાક્ય લખ્યું અને તેમને યાદ દેવડાવ્યું કે यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिसेवते. મને પૂછ્યું: આનું અંગ્રેજી સૂઝે છે?

મેં કહ્યું: તુરત નથી સૂઝતું. એટલે એનું ભાષાંતર કરવાનું કહ્યું. મેં ભાષાંતર કરીને આપ્યું. પછી કહે: A bird in the hand is worth two in the bush (હાથમાંનું એક પક્ષી, ઝાડીમાંનાં બેની બરાબર છે), એ કદાચ ચાલે, પણ તમે કહ્યું છે તેમ certainties ને uncertainties ન ચાલે. substance અને shadow ચાલે અને પછી કહી શકો કે He who leaves the substance and runs after the shadow loses both (જે ખરી વસ્તુને છોડી પડછાયા પાછળ દોડે છે તે બન્ને ગુમાવે છે).

પછી કહે: श्रेयान् स्वधर्मो विगुणः માં પણ એ જ ભાવ છે. થોડીક ચર્ચા બાદ કહે: બસ, હવે સરસ વાક્ય જડ્યું. Much wants more and loses all (હોય તેથી વધારે લેવા જતાં મૂળગું ખોઈ બેસાય છે). આ પેલી Bird in the hand (હાથમાંના પક્ષી)વાળી કહેવત કરતાં પણ વધારે સારું છે.

આ પછી કાગળ ફરી પાછો તપાસ્યો અને હોમ સેક્રેટરી મૅક્સવેલ ઉપર ગયો.

રણછોડદાસ પટવારી આવ્યા. પોતે કહી દીધું કે આપણે એક-બીજાને મનાવી તો નથી શકવાના, પણ મનાવી ન શકો તોપણ નભાવી લો એમ કહો એ વાત ખોટી. એમ નભાવી લઈ શકાય નહીં.

બાપુ એક પછી એક વાત લઈને એમની પાસે સ્વીકારાવતા ગયા. ભંગી નાહેલોધોયેલો હોય, સ્વચ્છ વસ્ત્ર પહેર્યાં હોય, નારાયણનું નામ લેતો હોય એ મંદિરમાં ન જઈ શકે એમ ભાગવતધર્મમાં કહ્યું છે કે?

પેલા કહે: ના. એ જઈ શકે. પણ ફરી ફરીને એ વાત આવતી હતી કે આ સુધારો તો ઠીક છે, પણ આપ શા સારુ આ લઈને બેઠા છો? આપનું બધું બળ લોકોની આપને વિષેની ભક્તિમાં છે, અને આપ ભક્તિ ખોઈ બેસતા જાઓ છો, લોકોની વચ્ચે ભાગલા પડતા જાય છે એ આપની રાજદ્વારી દૃષ્ટિએ પણ સારું નથી.

બાપુ: એ તો કોણ જાણે! પણ તમને ખાતરી આપું કે લોકોની વચ્ચે ભાગલા નહીં પડે. હું પડાવવા માગું તો ના? અને લોકોની ભક્તિ ઉપર જ બધું શા સારુ નભી રહેવું જોઈએ? મારાં કામ ઉપર નભી રહે, અને હું તો માનું છું કે મારા કામ ઉપર નભેલું છે. પણ વાત એ છે કે આમ તો આપણે ગમે તેટલા દિવસ વાતો કરીએ અને કશું પરિણામ ન આવે.

પેલા કહે: પરિણામ શું આવે? કાળ કાળનું કામ કર્યે જશે.

બાપુ: એટલે તમે સુધારો આવશ્યક માનો છો પણ તે કાળ કરી લે એમ કહો છો ના?

પટવારી: હા. વચ્ચે એકાદ વાર અમારા તરફ ફરીને કહે: ભાઈ જોજો, આમાંથી કાંઈ છાપામાં આપતા મા હો! પછી કહે: કાંઈક વ્યવહાર સમજીને તો કામ કરો? આટલા બધા લોકોની આંતરડી શા સારુ દૂભવો છો? અમે દુનિયામાં રહીએ છીએ કે હિમાલયની તળેટીમાં?

બાપુ કહે: નહીં દુનિયામાં કે નહીં હિમાલયની તળેટીમાં; પણ તમે તો કાઠિયાવાડમાં રહો છો! પછી બાપુ કહે: પણ તમે મને સીધા સવાલ પૂછોની કે તમને શું નથી પસંદ પડતું, શું નથી સમજાતું.

પટવારી: અમે તિરસ્કારથી ભંગીને નથી અડતા એમ કેમ કહો છો?

બાપુ: સમજાવું તમને? મારી મા અમને ઘણી વાર ન અડતી, પૂજામાં બેસવાની હોય, નાહી ધોઈ હોય, અમે બહાર રખડી આવ્યા હોઈએ. પણ એ તો ઊકલા ભંગીને પણ નહોતી અડતી. શું તેના અમારા પ્રત્યેના પ્રેમમાં અને ઊકલા ભંગી પ્રત્યેના વર્તનમાં કાંઈ ફરક નહીં કે?

પટવારીએ બીજું પૂછ્યું: તમે તો બધી વર્ણો વચ્ચે રોટીબેટી-વ્યવહાર થવો જોઈએ એમ કહો છો!

બાપુ: મારી દૃષ્ટિએ એ ખોટું નથી એમ કહીને, મેં કહ્યું છે કે અસ્પૃશ્યતાની હિલચાલ સાથે એને સંબંધ નથી. અને જ્યાં આવાં જમણો થતાં હતાં ત્યાં એ વસ્તુ મેં અટકાવી પણ ખરી.

પટવારી: મેં તો 'ટાઇમ્સ'માં એટલું જ વાંચ્યું છે કે તમે રોટી-બેટી-વ્યવહાર બધી કોમો વચ્ચે ઇચ્છો છો, બાકીની મને ખબર નથી.

બાપુ: તમને બતાવી દઉં કે હું કહું છું તે બધું મારા લેખમાં છે, તો તમે હજાર રૂપિયા હારી જશો?

ડોસા હસ્યા. પછી પૂછ્યું: તમે રજસ્વલા ધર્મમાં માનો છો કે નહીં?

બાપુ કહે: માનું છું, પણ એનો ખુલાસો કરું. કોઈ બ્રહ્મચારિણી સ્ત્રી હોય અને તે રજસ્વલા થતી હોય તોયે તેને અસ્પૃશ્ય ગણી તેના રજસ્વલાપણાનું તેને સ્મરણ કરાવવું હું યોગ્ય નથી ગણતો. વળી હું રજસ્વલા ધર્મ ન પાળનારીને પતિત ન ગણું. ધારો કે કોઈ વેશ્યા રજસ્વલા ધર્મ પાળતી હોય અને કોઈ ગૃહસ્થ ધર્મ પાળનારી પવિત્ર સ્ત્રી રજસ્વલા ધર્મ ન પાળતી હોય તો તેના કરતાં પેલી વેશ્યા ચઢે કે?

ડોસા ગૂંચવાયા. એમણે આ બધું શેનું વિચાર્યું હોય? પછી વસંતરામ શાસ્ત્રીનું પુરાણ ચાલ્યું. ડોસા કહે: એણે તો તમારા લેખોમાંથી જ વાક્ય ઉતાર્યાં છે.

બાપુ કહે: આખો લેખ વાંચી જજો અને પછી તમે મને કહેજો. મારી તકરાર તમારી સાથે એ છે કે તમારે મારું લખેલું વાંચવું નહીં, બીજા કહે તે વાંચવું અને અનુમાન બાંધવાં. એનું શું થાય? વસંતરામ તો કોઈ મહા મલિન માણસ લાગે છે. એણે જૂઠાણાં ફેલાવ્યાં છે.

એમની સાથે આવેલા એક ભાઈએ કહ્યું: કાકા, તમારે 'નવજીવન'ની ફાઈલ જોવી હશે તો બતાવીશ. તમે એમ કરો, થોડા સવાલ લખી કાઢો અને એના બાપુની પાસે લેખી જવાબ લો એટલે પછી તમારા જેવા બીજા અનેકોની શંકા દૂર થાય.

અહીં આંબાવાડીમાં આવ્યા તે પહેલાં કલેક્ટર મળવા આવી ગયો. રસ્તામાં મળ્યો ત્યાંથી એ પણ 'ઑફિસ' જોવા આવ્યો. ફાઈલો વગેરે જોઈને કહે: આ તો ખરેખરી ઑફિસ છે. ઢગલાબંધ ફાઈલો અને કાગળિયાં. પછી કહે: રજા ભોગવ્યા પછી કામ કરવું એ સારું છે. તમે રજા ભોગવી લીધી. અને હવે તમારી પાસે ઢગલામોઢે કામ આવી પડયું છે. આ ભારે વસ્તુ છે. કામ બહુ કઠણ છે. પણ એ ઉપાડ્યા વિના

ચાલે એવું નહોતું. તમે લોકોના દિલને ઠીક ધક્કો લગાડ્યો છે. તેઓ પોતાની મેળે વિચાર કરતા થઈ ગયા છે. અનિષ્ટ એવું છે — હું એને 'પ્રશ્ન' નહીં કહું — કે એનો પ્રતિકાર કરવો જ જોઈએ.

બાપુ: આ તો કલંક — શાપ છે.

પોતે આઇરિશમૅન હોઈ આયર્લૅંડમાં અને સ્પેનમાં ધર્મગુરુવર્ગનું જોર વર્ણવ્યું, અને કહ્યું કે જબરાં સ્થાપિત હિતો છે!

બાપુની સાથે વાત કરતાં ઠક્કરબાપા બોલેલા: તમારે હવે અહીં ક્યાં લાંબું રહેવું છે?

એના જવાબમાં બાપુએ કહેલું: પાંચ વરસ તો ખરાં જ. એ ઉપરથી નરહરિ કહે: પાંચ વરસ રહેવું પડશે એમ બાપુ માનતા હશે?

વલ્લભભાઈ કહે: નાહકનો ગભરાય છે! એમાં ગભરાવાનું શું છે? એટલે ૬૯–૭૦ વર્ષ બાપુ જીવશે એવું તો નક્કી થયું ના! પછી શું?

વલ્લભભાઈની કામ કરવાની ચપળતાનું વર્ણન કરતાં બાપુ કહે: એટલું ઝપાટાબંધ કરે છે કે આપણને આશ્ચર્ય થાય. દાડમ છોલતા અને રસ કાઢતા હોય તો આપણને લાગે કે ધીમે ધીમે કરે છે પણ ઝપાટામાં બધું પતાવે છે. પાકીટો બનાવે છે તે પણ કશી ધાંધલ વિના. થાકતા જ નથી. ઢગલો પાકીટો કાઢ્યે જ જાય છે. અને એને માટે માપની જરૂર નથી પડતી. હથોટી બેસી ગઈ છે એટલે અટકળથી કરે છે પણ સેંકડો પાકીટો સરખાં જ બનાવ્યે જાય છે.

૮–૧–'૩૩

પરમાનંદ કાપડિયાનો કાકાસાહેબ મારફત કાગળ આવ્યો: "ગુરુવાયુરના ઉપવાસનું આખું પ્રકરણ ભારે ગ્લાનિકારક છે. કેલપ્પનની મૂર્ખાઈ સુધાર્યા પછી તેની સાથે પાછા ઉપવાસ, વળી મતગણતરી, વાઇસરૉય કાયદાને મંજૂરી આપે ત્યાં સુધી રાહ જોવી, એ બધું બહુ વિચિત્ર લાગે છે. અસહકારીને વળી વાઇસરૉયને અપીલ શી કરવાની? મંજૂરી શી મેળવવાની? વળી તમને ઉપવાસનું જ સૂઝ્યાં કરે છે. અને કેલપ્પનના અને અપ્પાના ઉપવાસ પણ તમે જ ઉડાવી લીધા. એનો અર્થ એ છે કે તમે કંટાળ્યા છો અને તમને નિરાશા થઈ છે."

એને જવાબ:

"ગુરુવાયુરની ચાવી તમારા વાક્યમાં જ પડેલી છે. તમે કહો છો કે પ્રધાનમંડળનો ઠરાવ ખેંચાયો તેમાંથી એ ફણગો ફૂટ્યો એ અક્ષરશઃ સાચું છે. હું જ્યારથી હિંદુસ્તાનમાં આવ્યો છું ત્યારથી લોકોને પ્રતિજ્ઞાનું

મૂલ્ય સમજાવતો આવ્યો છું, પણ જોઉં છું કે તમારા જેવાને પણ એ વાત સહજ નથી થઈ ગઈ. એ ઠરાવ ખેંચાતી વખતે પ્રજાને નામે માલવિયાજી જેવા મહાપુરુષની સરદારી નીચે પ્રતિજ્ઞા થઈ. એ પ્રતિજ્ઞાના પાલનને એક ક્ષણને સારુ પણ રસળતું મુકાય અને સ્વરાજ્ય લેવાય એ બને કે? જેટલી ઉતાવળ ઠરાવ ખેંચવાને સારુ કરવી પડી તેનાથી વધારે ઉતાવળ મારી દૃષ્ટિએ અસ્પૃશ્યતા નાબૂદ કરાવવાને થવી જોઈએ; પછી ભલે એને વખત લાગે. પણ એ પ્રવૃત્તિની ગતિ ઠરાવ ખેંચાવવાની ગતિના કરતાં વધારે હોવી જોઈએ. સ્વરાજને તમે આનાથી ભિન્ન કેમ માનો છો? સ્વરાજ એ એક સીધો સળિયો નથી, પણ વડવૃક્ષના જેવું છે. એને ઘણી ડાળીઓ છે, અને એક એક ડાળી મૂળ થડની સાથે હરીફાઈ કરનારી છે. જેને જેને પોષો તેથી આખા વૃક્ષને પોષણ મળે જ. કોને કયારે પોષવી એ કોઈ ઠરાવી શકતું નથી. એ કામ સમય કર્યાં કરે છે.

"કેલપ્પનની ભૂલ યત્કિંચિત્ હતી. કેલપ્પનની પાસે એનું પગલું ખેંચાવ્યા પછી તેનો હું ત્યાગ કરત તો તમે બધા છેવટે મારો ત્યાગ કરત. જે મનુષ્ય એક રંક સાથીને અણીને વખતે છોડે છે એ કોડી સમાન છે.

"બીજા પ્રશ્નો જે તમે ઉઠાવ્યા છે એનો જવાબ સચોટ આપી શકાય એમ છે. પણ એ મારી અત્યારની મર્યાદાની બહાર છે, એટલે હું જીવતો હઈશ તો બીજે પ્રસંગે સમજાવીશ. મારા ઉપવાસ નથી નિરાશામાંથી ઉદ્‌ભવતા, નથી થાકમાંથી નીકળતા. એના મૂળમાં મારી અખંડ આશા અને પ્રબળ ઉત્સાહ રહ્યાં છે. તમે ધારો છો તેવા તે સસ્તા પણ નથી. છેલ્લો ઉપવાસ મુલતવી રહ્યો એ ન રહેત તો અધર્મ થાત. પણ આ બધું અત્યારે તો અધૂરું જ સમજાવી શકાય. વાત એ છે કે સત્યની શોધનો મારો પ્રયોગ નવી જ રીતે ચાલી રહ્યો છે. એટલે નિત્ય નવી વસ્તુઓ જે મેં પણ પૂર્વે ન જાણી હોય તેવી મને સૂઝે છે અને એ પ્રજાની પાસે મુકાય છે. એ બધું ઝટ કેમ સમજી શકાય? અને વળી મારાથી છૂટથી સમજાવી ન શકાય. પણ સત્યને વાચાની બહુ જરૂર રહેતી નથી—જો જરાય રહેતી હોય તો! પુષ્પની સુગંધની જેમ સત્યમાં પોતાની મેળે ફેલાવાની શક્તિ છે. ભેદ આટલો છે કે સુગંધ થોડી વારમાં ફેલાતી બંધ પડે છે, જ્યારે સત્યની ફેલાવાની ગતિ અનંત છે અને નિત્ય વધતી જાય છે. એ આપણે માપી શકતા નથી, તેથી એ નથી એમ માની લેવાની ભૂલ ન કરીએ. એટલે તમે ધીરજ રાખજો, વિશ્વાસ રાખજો, નિરાશાને કદી સ્થાન ન દેતા."

એક જણે લખેલું કે જેને ત્યાં તમારો મુકામ રહેતો હોય તેને તમારે દુષ્કૃત્યમાંથી રોકવો જોઈએ, વગેરે. એને લખેલા જવાબમાંથી :

“એના દુષ્કૃત્યનો કાંઈ પણ પુરાવો આપો તો તેને લખવા હું તૈયાર છું. બાકી મારા ઉતારાનું તો શું પૂછવું? હું મને એવો ભારે સજ્જન માનતો નથી કે જેથી લોકો જેને દુર્જન ગણતા હોય તેને ત્યાં હું ઉતરું જ નહીં. પહેલો દુર્જન તો હું જ છું કે એને ત્યાં ઉતારો કરીને રહ્યો છું. પછી બીજાનો કાજી થવા જાઉં એ મને કેમ શોભે? વળી જેને રોજ રખડવું અને રોજ પારકે ઘેર ખાવું, સૂવું એને ઘરઘરની પરીક્ષા કરવી એ બને પણ કેમ? તેથી એક જ ઠરાવ રાખ્યો છે. પારકા બધા પોતાના કરીને બેસી જવું અને પોતાના તો પોતાના છે જ. બાકી જો તમે એવો સિદ્ધાંત કાઢ્યો હોય જે સગાં કહેવાય તે ગમે તેવું કામ કરે પણ એની ઉપર ફોજદારી ન થાય અને પારકાં ગણાય એની ઉપર ફોજદારી થઈ શકે તો એ સિદ્ધાંત મને માન્ય નથી.”

પરદેશી ટપાલમાં એક યહૂદીનો કાગળ છે. જે કહે છે કે તમારાં પુસ્તકો વાંચ્યાં. મોઝીઝના કાયદાની વિફલતા સમજાય છે, પણ અહિંસા અને સત્યને પંથે પડવાની શક્તિ નથી. જ્ઞાન છતાં શમ દમ વાપરવાની તાકાત નથી. એનું શું કારણ હશે?

અનેક દીકરીઓ તો થતી જ જાય છે એ દીકરીઓનાં મન કેટલાં હરી લીધાં છે એના દાખલાઓ ગમે તેટલા આપી શકાય. એક બહેન પોતાના પતિના વ્યભિચાર અને દારૂ છોડાવવામાં બાપુ પાસે મદદ માગે છે. બીજી કહે છે એ સિનેમામાં બહુ જાય છે, આ ફરિયાદરૂપે નથી પણ તમે કાંઈ સૂચના કરી શકો તો કરો એ માટે છે.

આખા રંગૂનના પ્રકરણમાં બાપુએ જે સમય આપ્યો છે, જે વિચક્ષણતા અને ધીરજથી કામ લીધું છે અને જે અનાસક્તિ—તટસ્થતાનું દૃષ્ટાંત આપ્યું છે તે જનક રાજાને યાદ કરાવે છે.

૯–૧–’૩૨ આજે બાર વાગ્યે મૌન છૂટે તે પહેલાં ઘણા કાગળો બાપુએ લખી નાખ્યા. સનાતનીઓને ઘણા કાગળો લખ્યા, તેમાંના ત્રણ આ રહ્યા :

“સત્ય, અહિંસા પર અનન્ય શ્રદ્ધા ઔર ગોસેવા હિંદૂ ધર્મકે મુખ્ય અંગ હૈં. જો ઉન્હેં છોડતા હૈ વહ હિંદૂ નહીં રહતા. યજ્ઞોપવીતકી આવશ્યકતા મુઝે પ્રતીત નહીં હુઈ હૈ. ન પહનનેકા

આગ્રહ ન કિયા જાય. જો બ્રાહ્મણત્વ છોડતા હૈ વહ બ્રાહ્મણકે અધિકારસે ઉતર ગયા હૈ. ઐસે નામકે બ્રાહ્મણોંકો ભોજન કયોં? વિવાહમેં જો સામાન્ય મંત્ર હૈં વહી આવશ્યક હૈં. 'નવજીવન'મેં સબ દિયે ગયે હૈં. આજકલ જો શ્રાદ્ધકી પ્રથા દેખી જાતી હૈ ઉસ પર મેરા વિશ્વાસ નહીં હૈ."

પંડિત ગિરધર શાસ્ત્રીને :

"આપકા પત્ર મિલા હૈ. મૈં શાસ્ત્રકો પ્રમાણ માનતા હૂં. ગ્રંથોંકી ગિનતી તો મુઝે કોઈ દેતા નહીં હૈ. ન દે સકતે હૈં, ઐસા અબ તક તો પ્રતીત હુઆ હૈ. ઇસ કારણ મૈંને ગીતામાતાકા શરણ લિયા હૈ. મૈં જો કરતા હૂં ઉસમેં વિનય રખનેકી મેરી ચેષ્ટા હૈ, પરંતુ મેરે વિનયકો સત્યકા વિરોધી ન હોને દેનેકા ભી મૈં બડા પ્રયત્ન કરતા હૂં. ઔર તો કયા કહૂં?"

ખાસગીવાલેને લખ્યું :

"શાસ્ત્રાજ્ઞા, લોકાચાર, શિષ્ટાચાર સબ પર મેરી શ્રદ્ધા હૈ. પરંતુ ઉસકા અસર હોકર અંતમેં જો પ્રેરણા નિકલતી હૈ વહી અંતઃસ્ફૂર્તિ માની જાય. સારા જગત ઇસી તરહ ચલતા હૈ. યહ કોઈ મેરા વિશેષ ગુણ યા દોષ નહીં હૈ. જૈસે દૂસરોંકી વૈસે મેરી અંતઃસ્ફૂર્તિ અલ્પજ્ઞત્વ અવશ્ય હો સકતી હૈ. ઇસી કારણ તો મનુષ્ય ભૂલકા પૂતલા માના જાતા હૈ.

"યદિ મનુષ્ય જાતિમેં સચમુચ અસ્પૃશ્ય યોનિ હૈ તો મૈં ઉસીમેં જન્મ પાનેકી સાધના કર રહા હૂં.

"મેરી પ્રવૃત્તિમાત્ર વર્ણાશ્રમધર્મકે પુનરુદ્ધારકે લિયે હૈ. ઉસમેં મુઝે તનિક ભી શંકા નહીં હૈ.

"અપ્રસ્તુત વસ્તુમેં બુદ્ધિ યા કુછ ભી ખર્ચના મેરે સ્વભાવસે પ્રતિકૂલ હૈ.

"કૃષ્ણભક્તિ મેરે જીવનકા મંત્ર હૈ. સનાતન ધર્મ મેરા પ્રાણ હૈ. જો આજ અપનેકો સનાતની માનતે હૈં વે એક રોજ મેરી ઉક્ત પ્રતિજ્ઞાકે સત્યકા સ્વીકાર કરેંગે."

બે સિંધીઓ આવ્યા તેની સાથે વાતમાં :

"હું પયગમ્બર નથી અથવા હિંદુ ધર્મમાં અવતાર માનવામાં આવે છે તેવો અવતાર નથી. અથવા તમે જેટલા અવતાર છો તેથી વિશેષ અવતાર હું નથી. મારા જેવા માણસને કહેવાનું ઘણું છે કારણ મારું મગજ કાંઈ ખાલી નથી. પણ મારા બધા વિચારો હું દર્શાવી શકતો નથી."

સુબ્રહ્મણ્યમ્ શાસ્ત્રરત્ન આવ્યા. એમની સાથે દુભાષિયા મારફત વાતો થઈ :

શાસ્ત્રી : આપ ત્યાગમૂર્તિ છો, આપનાં દર્શને પવિત્ર થયો છું. કેટલાય સમય થયાં મારી મનીષા આપને મળવાની હતી. મને ઇચ્છો તે પ્રશ્ન પૂછો.

બાપુ : અસ્પૃશ્ય કોણ ગણાય ?

શાસ્ત્રી : ब्राह्मण्यां शूद्रः यः जातः स अस्पृश्यः । એ જ ચાંડાલ.

બાપુ : આજે એવો કોણ છે એનું પ્રમાણ છે ?

શાસ્ત્રી : હું તો શાસ્ત્રપ્રામાણ્ય કહું છું, પ્રત્યક્ષ વચન નથી કહેતો.

બાપુ : આજે એવો કોઈ ચાંડાલ છે ?

શાસ્ત્રી : બ્રાહ્મણીમાં શૂદ્રે ઉત્પન્ન કરેલા લોકો છે એમ તો ન કહી શકાય. પણ પૂર્વે એવા ઉત્પન્ન કરેલા માણસના કુળમાંથી ઉત્પન્ન થયેલા તો હોવા જ જોઈએ. એ તો અસ્પૃશ્ય જ છે.

બાપુ : શું એમનાં બધાં સંતાનો — વંશ પછી વંશ — બધા ચાંડાલો છે ?

શાસ્ત્રી : હા ! બધા જ.

બાપુ : ત્યારે તો એમ જ ના કે જે આજે અસ્પૃશ્યો કહેવાય છે તે બધા પ્રથમના ચાંડાલોનાં જ સંતાન છે.

શાસ્ત્રી : હા.

બાપુ : તો તો તમે એવા બેહૂદા નિર્ણય ઉપર આવશો કે પંદર વરસ ઉપર જે અસ્પૃશ્ય નહોતા ગણાતા, તેમનું વર્ગીકરણ અંગ્રેજી ચોપડીઓમાં તમે કહો છો તેવું કરવામાં આવશે તો એ બધા અસ્પૃશ્ય ગણાશે.

શાસ્ત્રી : એવા કોઈ છે કે જે ૧૫ વર્ષ ઉપર સ્પૃશ્ય હતા ને આજે અસ્પૃશ્ય છે ?'

બાપુ : આજે તો સેન્સસમાં — વસ્તીગણતરીમાં જેમને અસ્પૃશ્ય ગણ્યા છે તે જ અસ્પૃશ્ય ગણાય છે.

શાસ્ત્રી : ના, એ બધા નહીં.

બાપુ : ત્યારે કોણ અસ્પૃશ્ય ?

શાસ્ત્રી : હું તો જે અગાઉના ચાંડાલના વંશજ હોય તેને જ અસ્પૃશ્ય કહું છું. બીજાને તો પ્રાયશ્ચિત્તથી સ્પૃશ્ય બનાવાય.

બાપુ : પણ ચાંડાલના વંશજની નોંધ ક્યાં છે ? સૌ સ્વીકારે છે કે એવી નોંધ મળતી નથી.

શાસ્ત્રી : ચાંડાલના વંશજનાં લક્ષણ કેવાં હોય એ બતાવનારાં વચનો તો છે જ. અને તેમને એવા અમુક વખત સુધી જ ગણવામાં આવે છે. અમુક વખત પછી કોઈ અસ્પૃશ્ય નહીં રહે.

બાપુ: પણ આજે તમે એવાને શી રીતે શોધી શકશો?

શાસ્ત્રી: એમની રીતભાત ઉપરથી.

બાપુ: તો તો રોજ તમારે શોધ કર્યાં જ કરવી પડે કે કોણ ચાંડાલ છે અને કોણ નથી!

શાસ્ત્રી: હું ચાંડાલને અને અ-ચાંડાલને પારખી શકું.

બાપુ: પણ શી રીતે? એવી પારખ તમે કરી છે? તમે કહો છો તે કોઈને ગળે ન ઊતરે. કોઈ શાસ્ત્રીએ આવી દલીલ નથી કરી. ચાંડાલને પારખવાનું અશક્ય છે. એવાં લક્ષણ તો અ-ચાંડાલમાં પણ જોવામાં આવે અને આજે જેઓ અસ્પૃશ્ય ગણાય છે તેમનામાં ન જોવામાં આવે.

શાસ્ત્રી: જાતિચાંડાલ તો પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય. કર્મચાંડાલને માટે પ્રાયશ્ચિત્ત નથી

બાપુ: જાતિચાંડાલને શું પ્રાયશ્ચિત્ત કરવું પડે?

શાસ્ત્રી: ૯૬ ક્ષેત્રો છે. તે બધાં ક્ષેત્રોમાં ચાલતા જઈ દરેક ઠેકાણે ત્રણ દિવસ રહી તીર્થોદાર કરે તો જાતિચાંડાલ શુદ્ધ થાય છે. શૂદ્ર પુરાણમાં આ છે. આ પછી એ બ્રાહ્મણોમાં ઉત્તમ બને.

બાપુ: મંદિરમાં પ્રવેશ કરવા માટે લાયક થવા આટલું કરવું પડે?

શાસ્ત્રી: ના; બ્રાહ્મણ થવાને માટે.

બાપુ: પણ મારે એને બ્રાહ્મણ નથી બનાવવો. મારે તો એને માત્ર મંદિરમાં જવા લાયક કરવો છે.

શાસ્ત્રી: એણે માંસ, ગોમાંસ, મદિરા છોડવાં અને સૂતક છોડે. આમ ત્રણ વર્ષ કરે તો એ સ્પૃશ્ય થાય.

બાપુ: એટલે એણે શાકાહારી બનવું?

શાસ્ત્રી: હા; આજે તો મંદિરમાં જે પુરોહિત હોય છે તે પણ પોતાના કામ માટે લાયક નથી.

બાપુ: ત્યારે કાલિ મંદિર જેવાં મંદિરો તમારી વ્યાખ્યા પ્રમાણે મંદિર નથી, કારણ ત્યાં તો બકરાં મારવામાં આવે છે.

શાસ્ત્રી: એવા મંદિરમાં જાતિચાંડાલો અવશ્ય જાય.

બાપુ: ત્યારે એવાં મંદિરો—ચામુંડી મંદિર જેવાં—માં એ લોકોને ન જવા દેવા એ બરોબર નથી?

શાસ્ત્રી: હા; એ અયોગ્ય છે.

બાપુ: ત્યારે કર્મચાંડાલ કાયમી અસ્પૃશ્ય છે?

શાસ્ત્રી: હા.

બાપુ: કર્મચાંડાલ કોણ?

શાસ્ત્રી : અંગ્રેજી ભણે તે. स्वाध्यायं परित्यज्य अन्य भाषाभाषी भवति !

બાપુ : અંગ્રેજી ભણે એટલે માણસ પોતાના આચાર છોડી દે છે?

શાસ્ત્રી : શાસ્ત્રમાં અંગ્રેજી ભાષા ભણવાનો નિષેધ છે. પણ એકલું અંગ્રેજી ભણવાથી માણસ કર્મચાંડાલ બનતો નથી.

બાપુ : ત્યારે તો કર્મચાંડાલ કોને કહેવો એ ફરી સમજવું પડશે.

શાસ્ત્રી : જે સ્વધર્મ—સંધ્યાવંદન, દેવ-દ્વિજ-ગુરુ-પ્રાજ્ઞ-પૂજનમ્, યજ્ઞ તથા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોને માટે જે કર્મો નિયત છે તે છોડે તે બધા ભ્રષ્ટ છે, અને કર્મચાંડાલ છે.

બાપુ : મને આ બધું સંસ્કૃતમાં લખી આપો. એ માટે હું આભારી થઈશ. મને એ પણ લખી આપો કે આજે વ્યવહારમાં બધા જ કર્મ-ચાંડાલ છે. કોઈ બ્રાહ્મણ નથી, કોઈ ક્ષત્રિય નથી, ભાગ્યે જ કોઈ વૈશ્ય હોય, બધા શૂદ્રો જ છે. આજે કોઈએ પોતાના આચાર ન છોડી દીધા હોય અને તેથી જેમને મંદિરમાં પ્રવેશ કરવાનો અધિકાર હોય એટલે કે જેઓ ચાંડાલ ન થઈ ગયા હોય તેવા તો માત્ર શૂદ્રો જ હશે.

શાસ્ત્રી : એ વાત બરાબર છે. આજે મંદિરો સ્ત્રીઓ અને શૂદ્રો માટે જ રહ્યાં છે. શાસ્ત્રો પ્રમાણે એકલા શૂદ્રોનો જ મંદિરમાં પ્રવેશ કરવાનો અધિકાર રહ્યો છે, કારણ બીજા વર્ણોને માટે તો વધારે કર્મોનો વિધિ છે અને તે તેમણે છોડી દીધાં છે. મંદિરમાં જવાના અધિકારવાળી સ્ત્રી પવિત્ર એટલે કે પતિવ્રતા હોવી જોઈએ.

બાપુ : ત્યારે તમારા કહેવા પ્રમાણે તો બ્રાહ્મણ કર્મચાંડાલ હોય પણ તેની પતિવ્રતા સ્ત્રી બ્રાહ્મણ હોઈ શકે, અને એને મંદિરમાં જવાનો અધિકાર હોય.

શાસ્ત્રી : સ્ત્રી તો પોતાના પાતિવ્રત્યને લીધે એના પતિને પણ વિશુદ્ધ કરે છે.

બાપુ : ત્યારે તો જે ક્ષણે આપણે માનીએ કે સ્ત્રી પવિત્ર છે તે જ ક્ષણે એનો પતિ પછી ભલે તે ગમે તેવો માણસ હોય તોપણ વિશુદ્ધ થઈ જાય છે.

શાસ્ત્રી : હા, પત્ની એનો ઉદ્ધાર કરે છે.

બાપુ : ત્યારે તો પુરુષ પોતાની મરજીમાં આવે એટલો ખરાબ થાય, પણ એની સ્ત્રી પવિત્ર હોય તો એ પુરુષ શુદ્ધ થઈ જાય છે. પુરુષ અસંખ્ય સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરે, ગોમાંસભક્ષણ કરે પણ એની સ્ત્રી જો પવિત્ર હોય તો એ પુરુષને કશું પાતક ન લાગે.

શાસ્ત્રી : હા, એવા પુરુષનાં કર્મ ખરાબ તો ગણાય, પણ સ્ત્રી એને ઉગારે. એ પુરુષનાં બધાં પાપો સ્ત્રીને લીધે બળીને ભસ્મ થઈ જાય.

બાપુ : ત્યારે તો કોઈ પુરુષે પોતાનાં પાપો બાળી નાખવાં હોય તો એણે એટલું જ કરવાનું રહે છે કે એણે પવિત્ર સ્ત્રી સાથે લગ્ન કરવું.

શાસ્ત્રી : ખરી વાત છે. ભાગવતમાં રુક્મિણી કૃષ્ણને કહે છે: नित्यान्नदाता વગેરે.

બાપુ : પણ આપણે તો આ ભારતવર્ષમાં કોઈ સ્ત્રી ઉપર અપવિત્રતાનો આરોપ મૂકવા માગતા નથી. જ્યાં સુધી એ સ્ત્રી પોતે કબૂલ કરે કે હું અપવિત્ર છું, અથવા તો અપવિત્ર કર્મ કરતી એ સ્ત્રી પ્રત્યક્ષ પકડાય, ત્યાં સુધી બધી સ્ત્રીઓને પવિત્ર માનવી જોઈએ. એટલે પછી અસ્પૃશ્યતા રહેતી જ નથી.

શાસ્ત્રી : સાચી પતિવ્રતા હોય તો એને આગ પણ ન બાળે. રામાયણની પાતિવ્રત્યની વ્યાખ્યા જુઓને.

બાપુ : પણ એ વ્યાખ્યા પ્રમાણે કોઈ સ્ત્રી પાર ઊતરે છે તેની આપણને શી ખબર પડે?

શાસ્ત્રી : અગ્નિપરીક્ષા.

બાપુ : એટલે બધી સ્ત્રીઓને અગ્નિમાં નાખી હોય અને એ જો બળી જાય તો એ બધી અપવિત્ર છે એમ ગણવું?

શાસ્ત્રી : હા, હું એમ જ કહું છું.

બાપુ : મારે કાંઈ કહેવાનું નથી. મારે સવાલ પણ પૂછવો નથી. મદુરાથી અહીં સુધી આવવાની તસ્દી લીધી તે માટે હું બહુ આભારી છું.

બાપુને મેં કહ્યું: આ સંવાદ અક્ષરશઃ છાપીએ તો?

બાપુ : ન છપાય, એ હાંસીને પાત્ર થાય.

હું : પણ એ લોકો પોતાનાં કૃત્યથી હાંસીને પાત્ર થઈ રહ્યા છે. તમે શા રીતે બચાવી શકશો? તમારે શાસ્ત્રીઓના નમૂના વર્ણવવા જોઈશે.

બાપુ : એ ખરું, પણ એ તો બધા શાસ્ત્રીઓમાંથી પરવાર્યા પછી. આજે તો હું ઝેરના ઘૂંટડા પી રહ્યો છું.

પણ શાસ્ત્રી ગયા નહોતા એટલે સંવાદ આગળ ચાલ્યો.

બાપુ : સીતાની સાથે સીતા ગઈ. તમે કહો છો એવી સતી આજે કોઈ નથી. એટલે તો બધી જ અપવિત્ર છે એમ કહેવું જોઈએ ના?

શાસ્ત્રી : બધા જાતિચાંડાલો અને કર્મચાંડાલોની શુદ્ધ ન થાય ત્યાં સુધી મંદિરમાં જવાને તેઓ લાયક નથી.

બાપુ: પણ તમે તો કહો છો કે બધા જ કર્મચાંડાલો છે, એટલે આપણે કાં તો બધાં મંદિરો બંધ કરી દેવાં જોઈએ, અથવા તો આ કહેવાતા ચાંડાલોને આપણામાં ભેળવી દઈએ, અને એ રીતે આપણે શુદ્ધ થઈને આખી શુદ્ધિ કરીએ. જો તમે કોઈને ચાંડાલ કહેશો તો એ કહેશે કે તું પણ ચાંડાલ છે. માટે આપણામાં એટલી નમ્રતા હોવી જોઈએ કે આપણે કોઈને જ ચાંડાલ ન કહીએ. તુલસીદાસે તો કહ્યું છે કે પોતે અધમાધમ છે. તેવી જ રીતે આપણે પણ કહીએ કે આપણે બધા પતિતમાં પતિત છીએ. આત્મશુદ્ધિનું પહેલું પગથિયું એ છે કે પોતાની અશુદ્ધિનો એકરાર કરવો. આપણે જો પોતાને વિશુદ્ધ માનતા હોઈએ તો તો આપણે મંદિરોમાં જવાની કે પ્રાર્થના કરવાની કશી જરૂર નથી. પરમેશ્વર કોઈ શાસ્ત્ર વાંચતો હશે?

હું કેવી રીતે કહી શકું કે મારા પૂર્વજો કોઈ ચાંડાલ નહીં હોય? મારાથી ન જ કહી શકાય. તમે પણ એમ ન કહી શકો.

શાસ્ત્રી: જાતિચાંડાલનું તો અસાધારણ લક્ષણ હોય છે.

બાપુ: હું તે જાણવા ઇચ્છું છું.

શાસ્ત્રી: જાતિચાંડાલનાં માબાપ જાતિચાંડાલ હોય છે.

બાપુ: પણ ચાંડાલ તરીકે આજે કોઈને વર્ણવવામાં આવતા નથી. ધોબી શું ચાંડાલ કહેવાય?

શાસ્ત્રી: તે તો સંકર જાતિની પ્રજા છે.

બાપુ: આપણા શાસ્ત્રીઓ પોતાની આસપાસ બની રહેલી ઘટનાઓ પ્રત્યે આંખો બંધ કરીને ફરે છે એ ભારે કમનસીબી છે. તેથી જ એમની દલીલો ખોટી હોય છે અને એમની હકીકતો પણ ખોટી હોય છે. ધોબીને ચાંડાલ કહેવો, કારણ ધોબીને માટે સૈકાઓ પહેલાં રજક શબ્દ વપરાતો અને એ રજકને અસ્પૃશ્ય ગણ્યો છે.

શાસ્ત્રીનો દુભાષિયો: પણ શાસ્ત્રીના વિચારો એવા નથી.

બાપુ: ત્યારે તેઓ સાબિત કરી આપે કે અમુક માણસ જાતિ-ચાંડાલ છે. પુરાણની કથાઓના ચાંડાલો તો આજે રહ્યા નથી. કોઈ હશે તેમને આપણે ઓળખતા નથી. એટલે શાસ્ત્રીજીએ તો હિંમતપૂર્વક કહેવું જોઈએ કે આજના અસ્પૃશ્યો ચાંડાલ નથી. એ શાસ્ત્રીજીને ખબર છે, કે આજે તો લગ્ન બાબતના કાયદા થયેલા છે અને એ કાયદા પ્રમાણે પરણેલ દંપતીની પ્રજા એમનાં બધાં શાસ્ત્રો હોવા છતાં હિંદુ ગણાય છે? એકલા મૂળભૂત સિદ્ધાંતો જ શાશ્વત છે. સદ્ધર્મ જાણનાર સાચા શાસ્ત્રીએ તો આગળ પડીને કહેવું જોઈએ કે આજે ચાંડાલો હસ્તી ધરાવતા નથી

અને અસ્પૃશ્યતા શરીરની અસ્વચ્છતા પૂરતી છે. શું તમે એમ કહેવા માગો છો કે મંદિરમાં જનારા બધા પવિત્ર હોય છે? કેટલાક તો સ્ત્રીઓનાં મોઢાં જોવા મંદિરમાં જાય છે. પણ હું એ લોકોને અપવિત્ર કહેવા તૈયાર નથી, કારણ હું પણ અપવિત્ર છું. જો હું પવિત્ર અને પૂર્ણ હોત તો હું પરમેશ્વર થઈ જાત અને આસમાનમાંથી શાસ્ત્રો ઉતારતો હોત.

શાસ્ત્રી: ચાંડાલને મંદિરપ્રવેશનો અધિકાર નથી એ શાસ્ત્રવચન છે. પણ રાજકીય દૃષ્ટિએ અથવા વ્યાવહારિક દૃષ્ટિએ એમને છૂટ અપાય.

બાપુ: મારે તો તેઓ ધર્મ તરીકે મંદિરપ્રવેશ કરે એ જોઈએ છે, રાજકીય કે વ્યાવહારિક દૃષ્ટિએ નથી જોઈતું. હિંદુ ધર્મને વિશુદ્ધ કરવા માટે જોઈએ છે. હિંદુ ધર્મ આજે મરવા પડ્યો છે. તેને ઉગારી લેવા એ જોઈએ છે. હિંદુ ધર્મને વિશુદ્ધ કરવા માટે મંદિરો ખુલ્લાં મુકાવાં જ જોઈએ. તમે તો કોઈ પ્રાચીન શાસ્ત્રી પણ ન કરે એવી વાત કરો છો. કોઈ અનિષ્ટ એવું નથી જેનું નિવારણ ન હોઈ શકે. આ લોકોને શી રીતે અપનાવવા એ તમે શાસ્ત્રોમાંથી શોધી કાઢો. પ્રાયશ્ચિત્ત કરાવીને નહીં, કારણ કે તમારા કહેવા પ્રમાણે તો આપણે બધા ચાંડાલો છીએ. ભાગવત ધર્મના ઉદય પછી પ્રાયશ્ચિત્તની વાત કરવી અર્થ વગરની છે. ભાગવત તો કહે છે કે, સાચા હૃદયથી દ્વાદશાક્ષરી મંત્ર (ૐ નમો ભગવતે વાસુદેવાય)નું ઉચ્ચારણ કરો એટલે તમે શુદ્ધ જ થઈ ગયા. ગમે એટલાં પાપો કર્યાં હોય તેને માટે આટલું બસ છે. ગોમાંસ-ત્યાગ પણ મંદિરપ્રવેશ પછી કરાવી શકાશે. શુદ્ધિ થવા માટે ત્રણ વરસની જરૂર નથી. એ વાત વાહિયાત છે. કોઈ શાસ્ત્રમાં ત્રણ વરસ ભલે લખ્યાં હોય પણ એવાં પણ શાસ્ત્રો છે કે માણસ સંકલ્પ કરે તેની સાથે જ શુદ્ધ થઈ જાય છે.

શાસ્ત્રો હિંદુ ધર્મનું રક્ષણ કરવા માટે છે. આજે તો શાસ્ત્રો હિંદુ ધર્મને મારી રહ્યાં છે. ચિન્તામણરાવ વૈદ્યની માફક મારે કશું શાસ્ત્રોથી સિદ્ધ કરવું નથી પણ શાસ્ત્રોમાં ઊંડી ડૂબકી મારીને તેમાંથી ખરાં રત્ન શોધી કાઢવાં છે, શાસ્ત્રવચનોનું હાર્દ પકડવું છે. પાપી માણસ દ્વાદશાક્ષરી મંત્રથી પોતાનાં પાપ ધોઈ નાખી શકે એટલે કહેવાતો ચાંડાલ પણ તેમ કરી જ શકે. ભાગવતનું આ વચન મૃતવચન નથી, એ જીવનથી ભરેલું છે. કાંઈ નહીં તો સાચા હૃદયથી આ મંત્રનું ઉચ્ચારણ કરવાથી તે વખત પૂરતો તો માણસ વિશુદ્ધ થાય જ. ચોવીસે કલાક એ વિશુદ્ધિની સ્થિતિ ન સાચવી શકે એ જુદી વાત છે.

આખરે બાપુએ શાસ્ત્રીને આનંદશંકરભાઈની વ્યવસ્થા બતાવી. એ વ્યવસ્થાનો જવાબ આપવાનું બીડું શાસ્ત્રીએ ઝડપ્યું અને પછી કહ્યું: આનંદશંકર હાર કબૂલ કરે તો પછી આપ પણ કબૂલ કરો કે?

બાપુ કહે: ના, કારણ મારા મતનો આધાર એના ઉપર નથી. હાં, એ હાર કબૂલ કરે તો મારે ખૂબ વિચારવાનું રહે ખરું.

આજે . . .એ ત્રણ કલાક લીધા. બધી મુલાકાતો લગભગ ચાર વાગ્યા સુધી મુલતવી રહી. અતિશય ત્રાસ આપ્યો. સાંજે
૧૦-૧-'૩૨ બાપુ કહે: હું આજે છેક નિચોવાઈ ગયો. એક નાનકડી વાત કબૂલ કરાવતાં એ માણસે એટલો ત્રાસ આપ્યો. રાત્રે તેલ ચોળાવતાં કહે: માથું આજે ખૂબ દુઃખે છે. કપાળ ઉપર તેલ જરા વધારે ઘસો. ઠેઠ નાક સુધી ક્રોધ આવ્યો હોય અને તે રોકી રાખવો પડે એટલે કેટલી બધી તાણ પડે!

અહીં આ યાર્ડમાં બે સ્વીસ સ્ટોરિયા લાંબી સજા લઈને આવેલ છે. તેમાંનો એક ક્ષયરોગી છે. સામાન્ય રીતે ક્ષયરોગીને માટે અલગ યાર્ડ છે. એ યાર્ડ નાનો છે એ કારણે, કે એમાં હિંદીઓ છે અને એમની સાથે આ યુરોપિયનને શી રીતે મુકાય એ કારણે કે ગમે તે કારણે મેજર ભંડારીએ એને અમારી સામેની ઓરડીમાં મૂક્યો. વલ્લભભાઈને એ વાત બરોબર ન લાગી. એ કહે કે હિંદી હોત તો અહીં રાખત? અને જો તેમ હોય તો યુરોપિયન છે માટે કેમ અહીં રાખવામાં આવે?

બીજે દિવસે એમણે મેજર મહેતા આગળ સપાટો લગાવ્યો: તમને શરમ નથી કે તમે કોની જિંદગી જોખમમાં મૂકો છો? એ માણસને ત્યાંના વાસણમાંથી દૂધ પીને બિલાડી અમારે ત્યાં દૂધ પીએ એની મારફતે પણ ચેપ આવે. એ માણસને આખી રાત ઉધરસ આવે છે. હું તો વિરોધ કરીશ, વગેરે વગેરે.

સવારે આ માણસને મેજરો જોઈ ગયા અને પેલા યાર્ડમાં લઈ જવાનો હુકમ આપી ગયા. એને લઈ જતા હતા ત્યાં બાપુને વલ્લભભાઈએ ખબર આપી. બાપુ કહે: શી રીતે આમ થયું? વલ્લભભાઈએ મેજર સાથે થયેલી વાત પોતાની ઢબે કહી સંભળાવી.

બાપુને દુઃખ થયું. એ યુરોપિયન છે માટે આ બધુંને? આપણને યુરોપિયનનો દ્વેષ શો? આપણો સગો જ કોઈ એવી રીતે પીડાતો હોય તો? આપણામાંથી મહાદેવને એમ થયું હોય તો આપણે એને જવા દેશું કે સાથે જ રહે અને આપણે સેવા કરીએ એમ માગણી કરીશું? શુદ્ધ

માનવતાની દૃષ્ટિએ જ આનો વિચાર થઈ શકે. આશ્રમમાં તો આટલાં બધાં ક્ષયરોગી છે. અને એ માણસને ખબર પડે કે આ લોકોએ મને પેલા યાર્ડમાં મોકલ્યો તો? આ પછી આંબાવાડીમાં જતાં મારી સાથે લંબાણથી ચર્ચા ચાલી: તમારે આવી બાબત વિનોદમાં નહોતી લેવી જોઈતી. બીજી બધી બાબતમાં હસીએ પણ આમાં શા સારુ હસ્યા?

મેં કહ્યું: એને જે યાર્ડમાં લઈ ગયા એ મોટો, ખુલ્લો અને સરસ છે. એની સેવા કરવા ઇચ્છીએ તોયે આપણને તો તક જ નથી.

બાપુ કહે: ભલેને ન હોય, પણ એને ખસેડવાનું કારણ તો એ જ ને કે એ યુરોપિયન અને રખેને આપણને ચેપ લાગી જશે! આપણે કેમ દયાશૂન્ય થઈ શકીએ?

એક સિંધી ગૃહસ્થ આવ્યા.

બાપુ: મારા અંતરનો અવાજ એ ઈશ્વરનો જ અવાજ છે, એમ હું સાબિત ન કરી શકું. એ તો એક આધ્યાત્મિક અનુભવ છે. દરેક માણસની અંદરથી ઈશ્વર બોલે તો છે જ. પણ દરેક માણસ એને સાંભળી શકતો નથી. અંતરના અવાજ બે જાતના હોય છે, ઈશ્વરનો અને સેતાનનો. કોનો છે એનો નિર્ણય તો પરિણામ ઉપરથી કરી શકાય.

સ૰: પણ તે ઘડીએ માણસ એમ ન કહી શકે કે ચોક્કસ આ ઈશ્વરનો જ અવાજ છે?

બાપુ: હું કહું કે મેં ઈશ્વરનો અવાજ સાંભળ્યો છે. પણ મારી ભૂલ થતી હોય. એને પારખવાનું આપણી પાસે કાંઈ સાધન નથી. સિવાય કે સેતાનનો અવાજ દોજખમાં લઈ જાય છે, જ્યારે ઈશ્વરનો અવાજ આપણી ઉન્નતિ કરે છે.

સ૰: એ બાબત તમારા દિલમાં કાંઈ શંકા છે?

બાપુ: ના. પણ માણસે કેટલું સ્વાર્પણ સાધ્યું છે તેના ઉપર તેનો આધાર રહે છે. એવા માણસનો દરેક શબ્દ અને દરેક વિચાર ઈશ્વરપ્રેરિત હોય.

સ૰: ત્યારે દ્વૈત નથી?

બાપુ: છે અને નથી. એનો આધાર પણ કેટલું સ્વાર્પણ સધાયું છે એના ઉપર છે. જ્યારે જ્યારે કાંઈ મોટું પગલું મેં ભર્યું છે ત્યારે ત્યારે પૂરો વિચાર કર્યા વિના તો નથી જ ભર્યું. પણ એની એક કસોટી છે. જ્યારે એ તમારી પોતાની બુદ્ધિનું કામ હોય ત્યારે ભવિષ્ય માટેનો રોજ-બ-રોજનો તમે ચોક્કસ કાર્યક્રમ આપી શકો. પણ ઈશ્વરપ્રેરિત કામની બાબતમાં તમે ભવિષ્યનું કશું કહી શકો નહીં. ગોળમેજી પરિષદમાં ઈશ્વર જ

મારી મારફત બોલી રહ્યો હતો. કશો વિચાર કર્યા વગર હું (અલગ મતદારમંડળનો પ્રાણાર્પણથી હું વિરોધ કરીશ) એ વાક્ય બોલેલો. હું શું બોલવાનો છું એની મને ખબર નહોતી. સહજ રીતે જ એ વચનો નીકળી ગયાં.

સ૦ : પણ આ કેલ્પનવાળો ઉપવાસ એ તો સહાનુભૂતિમાં કરવાનો ઉપવાસ ગણાય ને?

બાપુ : હા.

સ૦ : એ નબળો પડી ગયો હોત અને એણે ઉપવાસનો વિચાર છોડી દીધો હોત તો?

બાપુ : તો તો ઉપવાસ કરવાની અને ચાલુ રાખવાની મારી વિશેષ ફરજ થઈ પડત. કોઈ પણ માણસ યોજનાપૂર્વક મહાન થઈ શકતો નથી. હું મહાન છું એવું મને ભાન પણ નથી. લોકો મને મહાન ગણે છે એ નવાઈ છે. મારે મન તો એ નવાઈ છે જ. આ હું ખોટા વિનયથી નથી કહેતો. આવી બાબતમાં લોકો મને સમજી શકતા નથી. હું લોકોને કહું છું કે હું બરાબર તમારા જેવો જ છું. માણસ માણસ વચ્ચે ફરક હોય છે તે હું સ્વીકારું છું. તમારા કરતાં હું વધારે સારી દલીલ કરી શકું. તમારા કરતાં હું વધારે સારું અંગ્રેજી લખી શકું. પણ મારી મહત્તા શેમાં રહેલી છે તે હું જાણતો નથી. ટાગોર મહાન છે. પણ પોતાની મહત્તાનું ભાન એમને નહીં હોય.

સ૦ : પણ ટાગોર જ તમને મહાન કહે છે એટલે અમે તમને મહાન માનીએ જ ને?

બાપુ: તમે ભલે માનો, પણ મારાથી એમ ન મનાય. તેથી ઊલટું હું તો કહું કે જે માણસ પોતાને મહાન માને એ મહાન ન હોય. પયગમ્બરો કહે છે કે મારી પાસે આવો, પણ એવું ઈશ્વર તેમની પાસે બોલાવે છે. તેઓ નમ્રતાપૂર્વક એવું કહે છે. પોતાને મહાન માનીને એવું કહેતા નથી. પોતાને માટે 'હું' જેવું જ તેમને હોતું નથી. તેઓ માને છે, કે 'આ ક્ષણે તો ઈશ્વર મારામાં વસેલો છે.' તેમના મોટાપણાનો સવાલ જ નથી. એક ઈશ્વર જ મહાન છે. અથવા તેઓ મહાન છે કારણ ઈશ્વર તેમની મારફત બોલે છે અથવા તેમની મારફત કામ કરે છે. પણ તેઓ એમ **ન** કહી શકે કે અમે ઈશ્વરને અમારી મારફત કામ કરવા દઈએ છીએ.

સ૦ : પણ ફિલસૂફીની દૃષ્ટિએ તો માણસ કહે છે, કે હું આત્મા છું અથવા પરમાત્મા છું.

બાપુ : હા, તાત્ત્વિક રીતે એ ખરું છે. પણ યુક્લિડની સીધી લીટી અથવા તો યુક્લિડનું બિંદુ તમે દોરી શકતા નથી, તેમ અદ્વૈત એ પરમ સત્ય છે, અને એ ઈશ્વરમાં જ વસે છે. આપણને દ્વૈત જણાય છે એટલે ક્યાંક અદ્વૈત હોવું જ જોઈએ. માણસને જો એમ લાગે કે હું ઈશ્વર છું તો પેલું 'હું' તો માણસ જ છે. માણસ તરીકે તો એ દ્વૈતી જ છે. પણ દ્વૈતી તરીકેય ઈશ્વર સાથે તે એક છે.

સ૦ : રામકૃષ્ણ પરમહંસને તમે Man God (ઈશ્વરી પુરુષ) કહ્યા છે. તે રામકૃષ્ણ શું ઈશ્વર કરતાં જુદા હતા?

બાપુ : એમની મારફત ઈશ્વર કાર્ય કરી રહ્યો હતો. એવું જ કૃષ્ણનું કહેવાય. હું તો કૃષ્ણમાં કે ઈશુમાં કોઈ બીજા માણસમાં હોઈ જ ન શકે એવા અસાધારણ અથવા અલૌકિક ગુણોનું આરોપણ કરતો નથી. સાધારણ લોકોમાં હોય છે તેના કરતાં તેમનામાં વિશેષ શક્તિ હતી એ જુદી વાત છે.

માણસના મરી ગયા પહેલાં તેનું મૂલ્ય આંકી ન દેવું જોઈએ. હું દંભી અથવા તો મૂરખ પણ હોઉં. લુચ્ચા માણસો દુનિયાને લાંબા વખત સુધી છેતરી શકે છે. દંભી માણસો તો એથીયે વધારે છેતરી શકે છે. પણ લોકો મને પૂછે કે ત્યારે તમે અધિકારયુક્ત વાણીમાં અમારી સાથે કેમ વાત કરો છો? તો હું કહું કે કોઈક મારી પાસે એવી વાત કરાવે છે. જેમ ઈશ્વરનો પ્રભાવ જગત ઉપર પડે છે તેમ માણસનો પ્રભાવ પણ જગત ઉપર પડે છે. એવા પ્રભાવશાળી માણસો ગુરુ કહેવાય છે. હું એવા ગુરુની શોધમાં છું. હું પણ ઘણા માણસો ઉપર પ્રભાવ પાડું છું, એ અર્થમાં, કે મારા શબ્દને તેઓ કાયદો ગણે છે. મારી આ વશીકરણ શક્તિને કામ કરતી હું કેમ રોકી શકું? જોકે હું તો એને મારી વશીકરણ શક્તિ કહેતો જ નથી. એ શક્તિ તો ઈશ્વર મને આપી રહે છે. સાધારણ માણસોમાં પણ એવી શક્તિ હોય છે પણ તેમને એનું ભાન નથી હોતું. આવું ભાન હોવું એ જ મહત્ત્વની વાત છે.

સ૦ : મારી બહેન આ બાબતમાં તમારી વાત સાંભળવાની ના પાડે છે. બીજી બધી બાબતમાં એ તમને અવતાર ગણે છે, પણ આ બાબતમાં નથી ગણતી. હું લોકોને એમ કહી શકું ખરો, કે તમે શાસ્ત્રોમાં ભલે ન માનો, પણ ગાંધીજીને અવતાર તરીકે માનો?

બાપુ : તમે એમ કહી શકો નહીં. પણ આ વિચાર તમને એટલા બધા પકડી લે કે તમારાથી કહ્યા સિવાય રહેવાય જ નહીં તો જુદી

વાત છે. એ ભ્રમ હોઈ શકે પણ તમારે માટે એ સત્ય વસ્તુ છે. સામા માણસ સાથે દલીલમાં તમે એમ કહેશો કે તમને હું સમજાવી શકતો નથી પણ વાત તો મારી જ સાચી છે. હું એ માણસની વાત માન્યા વગર રહી જ શકતો નથી.

પણ તમારે આમ કહેવું કે કેમ એ વિષે મારી સલાહ પૂછો તો હું કહું કે ન કહેશો. ઈશ્વર મારી મારફત કામ લઈ રહ્યો હશે તો કરોડો લોકો હું કહું છું તેમ કરશે. પણ તમે મને પૂછવા આવો કે મારે શું કરવું, ત્યારે હું કહી શકું નહીં કે તું આમ જ કર.

હું પયગમ્બર હોવાનો દાવો નથી કરતો. મને જો એમ લાગે તો હું કહેતાં અચકાઉં એવો નથી. મને બહુ ઝાંખો પ્રકાશ મળ્યો છે, અને તેથી મને આનંદ છે. મારે માટે તો એ પ્રકાશ પૂરતો છે. બીજાઓને એ પ્રકાશ બહુ વધારે આકરો પણ લાગે.

શામજી મારવાડી, એમનાં પત્ની અને બીજા એક, બે હરિજન છોકરીઓ સાથે આવ્યા.

ઈશ્વર છે? અને હોય તો ક્યાં છે? મુલાકાતે આવનાર હરિજને પૂછ્યું.

બાપુએ હરિજન બાળક સાથે ગંમત કરતાં પૂછ્યું: આપણે છીએ ખરા? હવા છે એ શી રીતે ખબર પડે છે? હવાને આંખેથી જોવાય? હાથેથી પકડાય? તો ઈશ્વર તો હવા કરતાં ઝીણો છે અને હવા કરતાં હલકો પણ છે.

એટલે એક મોટાએ કહ્યું: એટલું સમજાય છે. પણ તમે લખી આપો કે ઈશ્વર સર્વવ્યાપક છે અને મંદિરમાં પણ છે. એટલે બધાને બતાવું તો તે માને.

બાપુ: ઈશ્વરને સર્ટિફિકેટ લખી આપું? સર્વવ્યાપક છે જ; જો માણસ જોઈ શકે તો બધે છે. પણ કોઈ માને કે આ મંદિરમાં જ છે તો ત્યાં તે ઈશ્વરના સાથનો લાભ લે. હવાની જેમ ઈશ્વર બધે પથરાયેલો છે. પણ હવાનો પણ બનાવનારો ઈશ્વર છે.

આજે સવારે રણછોડદાસ પટવારીને લાંબો કાગળ લખાવ્યો. એના ૮૮ સવાલના ૮૮ જવાબ અપાવ્યા! બીજો કોઈ હોય તો આટલી ધીરજથી ભાગ્યે જ તેનો કાગળ વાંચત કે જવાબ આપત. પણ બાપુ તો ઉપકારને જિંદગી સુધી ન ભૂલે એવા. કાળી રાતે એણે કામ આપ્યું હતું.

વલ્લભભાઈ: એ કાળી રાત ક્યાં સુધી ગણાવશો? આજે તો ધોળી રાતે પણ કામ આપે એમ નથી.

બાપુ : મરું ત્યાં સુધી ગણાવીશ.

કાગળમાં મુ. રણછોડદાસભાઈ લખ્યું, સહીમાં મોહનદાસના પ્રણામ લખ્યા.

મેં પૂછ્યું : તમારાથી એ મોટા?

બાપુ કહે : સાત આઠ વર્ષે તો મોટા હશે જ. અને મેં એને મોટાભાઈ જ લેખ્યા છે. એણે પાંચ હજાર રૂપિયા તે દિવસે ન ધીર્યા હોત તો બીજે દિવસે મારાથી મુંબઈ જવાત નહીં, અને વિલાયત ન જવાત. અને પછી તો અણીચૂક્યો સો વરસ જીવે છે એ કહેવત છે ને! તેમ એક વાર મારું જવાનું ઊડ્યું એટલે પછી ઊડ્યું જ. હું જઈ જ ન શકત. મૅટ્રિક્યુલેશનની પરીક્ષા વખતે હું જ્યાં ઊતરેલો ત્યાંથી એના ભાઈ જ મને પોતાને ત્યાં લઈ ગયેલા. મારા બાપ અને વૃંદાવનદાસ પટવારીનો ગાઢ સંબંધ. વિલાયત મોકલવામાં મદદ કરનારમાં હરિદાસ વોરા, આ રણછોડદાસ અને એક પાસવીર કરીને હતા. એણે બધાં કપડાં વગેરે કરાવ્યાં હતાં અને ચોથા દામજી મહેતા હતા. પટવારીના ભાઈએ મને પોતાને ત્યાં ઉતાર્યો એટલું જ નહીં, પણ તે જમાનાની રીત પ્રમાણે મને પાછા પૂછે : જોજો, તમારે પરીક્ષકને ત્યાં કાંઈ ભલામણઅલામણ લઈ જવાની હોય તો આપણે બધે ઓળખાણ છે હો! હું તો આભો જ બનેલો! જોકે મારે કહેવું જોઈએ કે હું પાસ થવાને લાયક નહોતો. એ તો વળી પરીક્ષાને આગલે દહાડે આખી રાત કમળાશંકરનો ઇંગ્લંડનો ઇતિહાસ ગોખી ગયો, ક્રૉમવેલ વિષે ભરડેલું અને તે જ સવાલ આવ્યો અને દસબાર પાનાં ભરી દીધાં એટલે પાસ થયા!

આજે રેચ, જૅક્સન અહીં આવ્યા. એ માણસ કેટલો સીધો વર્તતો હતો! નિયમો ઉપર કેટલો ભાર મૂકતો! સચ્ચાઈનું પ્રમાણપત્ર મારી પાસે લીધેલું. એણે આટલું કર્યું અને એના આ હાલ!

૧૨–૧–'૩૨ . . .ને એણે કરેલા નકામા ખરચો, હિસાબ આપવાની અશક્તિ અને નારણદાસ વિષે અવિનય સંબંધે લાંબો કાગળ લખ્યો. તેમાંથી સિદ્ધાંત વિષે એક બે ફકરા :

"આશ્રમના સ્તંભરૂપ નિયમોનું પાલન જે ન કરી શકે તે જો આશ્રમમાં રહે તો દરેક રીતે અયોગ્ય જ ગણાય. એમ રહેનારને લાભ નથી અને આશ્રમને પણ નથી. એવી રીતે માણસો રહે તો આશ્રમ તૂટી પડે.

"આશ્રમમાં રહેનારને આશ્રમને વિષે શુદ્ધ પ્રેમ હોવો જોઈએ. તેની પ્રતિષ્ઠાને હાનિ ન થાય એવો તેનો ઉદ્યમ હોવો જોઈએ. એમાંનું કંઈ પણ હજી હું તમારે વિષે નથી જોઈ શક્યો."

બ્રહ્મચર્ય પાળનારા વિવાહિત પુરુષનો ધર્મ બતાવતાં લખ્યું: "આટલું ગોખી રાખજો કે જ્યાં લગી તમે તેના પ્રત્યે નિર્વિકાર ન રહી શકો ત્યાં લગી તેની પડખે ચડવાનો તમને અધિકાર નથી, સેવાનો પણ અધિકાર નથી. આ છેલ્લી વસ્તુ સમજાઈ જાય તો તેના પ્રત્યેના વિકારો તો બળી જ જાય. તમે દૃઢ રહેશો તો તમારું બળ નિત્ય વધતું જ જશે."

વર્ણાશ્રમ સ્વરાજ સંઘવાળા . . . ની સાથે દુઃખદ પત્રવ્યવહાર ચાલ્યાં જ કરતો હતો. આજે એ લોકો આવશે એવી આશા રખાતી હતી, પણ એના શાસ્ત્રીઓએ તો દરવાજાની બહાર બેઠાં બેઠાં શાસ્ત્રાર્થ ચલાવ્યો! ચિઠ્ઠી મોકલતા જાય અને જવાબ મેળવે. વળી એક કલાક મસલત કરીને જવાબ આપે, અને વળી એનો જવાબ મળે એટલે પાછા જવાબ મોકલે. એમ ચાર વગાડ્યા! બાપુને ભારે ત્રાસ થયો અને 'સનાતન ધર્મ આવો હોય!' કરીને ફરી નિસાસો નાખ્યો. આને ઉઘાડા પાડવા હોય તો સહેજે ઉઘાડા પાડી શકાય, પણ એ તો સનાતન ધર્મને ઉઘાડા પાડવા જેવું થાય એમ કરીને બાપુએ ખામોશ રહેવાનો નિશ્ચય કર્યો. જોકે એ લોકો કાંઈ બહાર પાડશે તો તો બાપુને પણ બહાર આપવાની ફરજ પડશે. સાંજે આખા પ્રસંગનું વર્ણન કરીને કહે: સનાતનીઓને આજે સવારે જ રજા આપી દઈ શક્યો હોત, પણ તેમ ન કરતાં આખર સુધી ભારે દીનતા બતાવી. તે શા સારુ? સનાતન ધર્મની સેવાને માટે.

આવી નાદાનીનું પ્રદર્શન હજી સુધી જોવામાં નથી આવ્યું. એક વાર કહે: અમારી સાથે ચર્ચા કરવાનાં પ્રમાણ કબૂલ કરો.

બાપુ કહે: આધુનિક અસ્પૃશ્યતા શાસ્ત્રમાં છે કે નહીં અને આજે મનાતા અસ્પૃશ્યોએ મંદિરપ્રવેશ કરવો જોઈએ કે નહીં એટલી વાતની ચર્ચા તમારી ઇચ્છા પડે તે રીતે કરો.

ત્યારે પેલા કહે છે: એ બન્ને વાત તો એકસરખી જ છે, પૂર્વમીમાંસાની પદ્ધતિ પ્રમાણે ચર્ચા કરવા કબૂલ કરો એટલે બસ. એની ઉપર સહી આપો.

બાપુએ સહી આપી, માત્ર વિષય ઉપર કહ્યું તે પ્રમાણે બદલી આપ્યા. એટલે પેલા ભોંઠા પડ્યા અને ચિડાઈ અકળાઈ દરવાજેથી ચાલ્યા ગયા, અને ગાંધીના વચનભંગની બૂમો છાપામાં પાડી!

* * *

. . . નાં ભાષણો આજકાલ છાપામાં આવે છે. તે ઉપરથી હરિભાઉએ અસ્પૃશ્યતા અને મંદિરો અને પ્રાર્થના વિષે કાંઈક વાતચીત કરી હશે. બાપુ કહે: આ માણસ લોકોને ભાંગ પાઈને ગાંડા કરી રહ્યો છે. ઘણી વાતો તત્ત્વ તરીકે સત્ય હોય પણ તે લોકોની આગળ એમ ને એમ મૂકવામાં તો અનર્થ જ થાય. સાદાઈને ખોરાક અને કપડાં સાથે સંબંધ નથી અને હૃદય અને મનનો સુમેળ છે એનો તો ભયંકર અર્થ કરી શકાય. પ્રાર્થનાને એ હસી કાઢે છે, પણ પ્રાર્થના તો આપણા શ્વાસેશ્વાસમાં અને દરેક હલનચલનમાં રહેલી છે. હું તમને અમુક કરવાનું કહું છું એ પ્રાર્થના નથી કરતો તો શું? આપણે એકબીજા ઉપર એકબીજાની પ્રાર્થના કરીને આધાર રાખીએ છીએ. ન આધાર રાખતા હોઈએ તો જમીન ઉપર ઊભા પણ ન રહી શકીએ.

. . . બહેન આવી હતી. એની પાસે એની કરુણ કથા આજે જ સાંભળી. તેર વર્ષ થયાં પતિની સાથે તીવ્ર ધાર્મિક મતભેદ ચાલે છે, છતાં પતિને એકે દિવસ કાગળ લખ્યા વિના રહી નથી! એની પતિભક્તિ અજબ છે, અને પતિને પત્નીના વિચાર બિલકુલ પસંદ નથી છતાં પત્નીને વળગી રહ્યો છે, એ એની નિષ્ઠાને પણ ધન્ય છે. ઘણી હોશિયાર અને કુશળ બાઈ લાગી. બાપુને વિષે અપાર ભક્તિ છે. અને નર્સ તરીકે દયાની મૂર્તિની જેમ કામ કરતી હશે એમ એની વાતો ઉપરથી લાગ્યું. હાથના કેન્સરને માટે એક માણસનો હાથ કાપી નાખવાનો હતો, તેની તે દિવસની વ્યથા અને આ બાઈનું કરુણ વર્ણન આંખમાંથી આંસુ લાવે એવું હતું. એ કહે: તેમ છતાં મારા પતિ માને છે આ પ્રભુનું કામ નથી. આવા કામમાંથી તને આનંદ કેમ મળે છે? પણ તેનો નિર્ણય તે હું કરું કે એ?

અપાર કરુણામય આ કિસ્સો છે. પોતાની એ બાળાઓને પતિ ન જાણે એવી રીતે મળવાને માટે . . . જવા નીકળી હતી. બાપુએ એને એવી રીતે જતાં રોકી. તારો ધર્મ છે કે પતિની રજા માગવી. એને ટેલિફોન કર અથવા તાર કર, અને એ રજા ન આપે તો પાછી અમદાવાદ જા. આમાં જ એની ઉત્તમોત્તમ સેવા છે, એનું હૃદય પિગળાવવાનો આ જ ઉત્તમોત્તમ રસ્તો છે એવી સલાહ એને બાપુએ આપી. બીજી સલાહ એ આપી કે પોતાના દુઃખની વાત જ્યાં ત્યાં ન કરવી. એ વિચાર એટલો પવિત્ર છે કે એના ભાગીદાર બધાને ન કરી શકાય. મિત્રો તો ઘણા મળે પણ બધાને આવી બાબતમાં મિત્રો ન કરી શકાય. એની

ભક્તિ જુદા પ્રકારની છે કારણ એ પરણેલી અને બે બાળકની માતા છે, પણ એની ઉત્કટતા મીરાબહેન કરતાં કાંઈ ઓછી ન કહેવાય.

બીજી વળી નવી જર્મન દીકરી કહે છે: હું બીજી મીરાબહેન થવા પ્રયત્ન કરીશ.

કાલે રાત્રે વલ્લભભાઈએ બાપુની સામે પોતાનો ઉકળાટ કાઢ્યો: તમે તમારા સાથીઓને પૂછ્યા વિના ઘણી વાર એવી સૂચનાઓ ફેંકો છો કે એ માણસ મૂંઝાઈ પડે છે અને એની સ્થિતિ કફોડી થઈ જાય છે. મંદિરપ્રવેશ વિષેના સમાધાનની સૂચના તમે રાજગોપાલાચારીને પૂછ્યા વિના પ્રસિદ્ધ કરી. એમાંથી અનેક ફણગા ફૂટ્યા છે. હરિજનો એની વિરુદ્ધ થયા, જસ્ટિસ પાર્ટીવાળા પણ વિરુદ્ધ થયા, અને સનાતનીઓને તો એને વિષે કશી પડી જ નથી. તમે આમ કામ શા સારુ બગાડો છો? અને કામ કરનારની સ્થિતિ શા સારુ મુશ્કેલ કરો છો? એ ટેવ તમારે સુધારવી જોઈએ!

બાપુ કહે: હું જાણી જોઈને આમ કરું છું? રાજાજીને આ વાત પૂછવી જોઈએ એમ મને ન લાગે તો મારે શું કરવું? તમે મને પૂછશો કે પણ તમને એમ લાગતું કેમ નથી? તો એનો હું શો જવાબ આપું? મારો જે સ્વભાવ પડી ગયો છે તેનો ઉપાય શો? મારા સાથી મારી સાથે ન રહી શકે તો શું? મને છોડી જશે? બીજાઓનો સહકાર આમાં ન મળે તો કાંઈ નહીં, પણ જે વસ્તુ જાહેર કરવી જોઈએ એ હું રોકી કેમ શકું?

મેં કહ્યું: મને લાગે છે કે એ વસ્તુ તમારા સ્વભાવ માટે અશક્ય છે. જ્યારે કોઈની સાથે વાત કરતા હો અને તેની સાથે અનેક વસ્તુ ચર્ચાતી હોય ત્યારે આપને સૂઝે એ સમાધાન તરીકે સૂચવો તે વેળા વલ્લભભાઈને કે રાજાજીને પૂછવું એ પણ અશક્ય હોય.

બાપુ: બરોબર છે. એ મારા સ્વભાવમાં જ નથી; એ દોષ હશે. પણ એ દોષ આજે શી રીતે સુધરી શકે?

મેં કહ્યું: અર્વિન સાથેની વાતચીતો વખતે બે વાર વલ્લભભાઈ અને જવાહરલાલને ન ગમે એવી સમજૂતી આપ કરી આવેલા. પણ તેનો કશો ઉપાય છે?

બાપુ કહે: બરોબર. હું તો લોકોનો માણસ (ડેમોક્રેટ) રહ્યો. લોકોની આગળ અનેક વસ્તુઓ જુદી જુદી રીતે મૂકયે જ જવી રહી અને તેમ જ લોકમતને વશ કરવાનો રહ્યો એટલે બીજું કશું કરી ન શકું.

આ તો જરાક જેટલો સાર થયો પણ ચર્ચા તો લગભગ દોઢ કલાક ચાલેલી. છગનભાઈએ મગનલાલભાઈને આ પ્રસંગે યાદ કર્યાં. એટલે બાપુ કહે: મગનલાલની તકરાર જુદી હતી. એ કહેતો કે તમે નવી નવી જવાબદારી ઉઠાવ્યાં કરો છો અને એનો ભાર મારે વહેવો પડે છે. નારણદાસ એ સવાલ નથી ઉઠાવતા. એનામાં અલૌકિક શક્તિ પડેલી છે તેથી હું કહું તેનો અમલ કર્યે જ જાય છે. પણ મગનલાલ તો પ્રતિભા-શાળી હતા. એનામાં તો ઉત્પન્ન કરવાની, નવી શોધ કરવાની શક્તિ હતી. એ નારણદાસમાં નથી. પણ આજે નારણદાસ નભાવે છે કારણ મગનલાલનો આપણે ભોગ આપીને નવો પાઠ શીખ્યા છીએ. એ માણસે મારી યોજનાઓનો અમલ કરતાં, આશ્રમને સ્વરૂપ આપતાં અનેક વર્ષોનું કામ આઠ દશ વર્ષમાં કરી શરીરને ઘસી નાખ્યું.

ગઈ કાલે વલ્લભભાઈ સાથે થયેલી ચર્ચાનો સાર આપનારો લાંબો કાગળ આજે સવારે બાપુએ રાજાજીને લખાવ્યો.

૧૩–૧–'૩૩ મીરાની ભક્તિ અપાર છે, પણ બાપુની ભક્ત-વત્સલતાને પણ કાંઈ સીમા નથી. ભાગ્યે જ એના વિચાર વિના દિવસ જતા હશે, અને એને લખવાનો કાગળ ભૂલથી ટપાલમાં નાખવાનો રહી ગયો કે એને મોડો મળ્યો તો એમનો જીવ વલોવાઈ જાય છે.

મીરાની ભક્તિ બતાવનારું એક વાક્ય: "તમારા કાગળ લાંબા હોય કે ટૂંકા, એમાં ઊંડા મહાસાગરનાં અમૂલ્ય મોતી ભરેલાં હોય છે, જે મને બીજા કાગળોમાંથી, એ ગમે તેટલા લાંબા હોય તોપણ ન મળે."

બીજું વાક્ય ચોવીસ કલાક એ બાપુના જ ચિંતનમાં અને હમેશાં એ મહાન મુકાદમની નજર નીચે જ ગાળે છે એ બતાવનારું જુઓ:

"મારા નિત્ય જીવનમાં અને મારા સઘળા વિચારોમાં મારા હૃદયથી હું તમને ભાગીદાર બનાવું છું, પણ જ્યારે લખવા બેસું છું ત્યારે કાગળ ઉપર તમને શેમાં ભાગીદાર બનાવવા, અને શેમાં નહીં, એની પસંદગી કરવાનું કામ ભારે કઠણ થઈ પડે છે. અને કોઈ કોઈ વાર તો અમુક વસ્તુઓ મેં તમને લખેલી કે નહીં તે હું યાદ પણ કરી શકતી નથી. કારણ મારા હૃદયથી તો એ બધી વાતો તમારી સાથે મેં કરેલી જ હોય છે."

આ તાદાત્મ્ય-ભાવના વિના ગુરુશિષ્યનો સંબંધ અશક્ય છે; અને એ જ સાચી ગુરુભક્તિની કસોટી છે.

બાપુએ એના ઉપર પ્રેમનો ધોધ ચલાવ્યો. ગયે અઠવાડિયે સુંદર કૅલેન્ડર મોકલ્યું હતું. આ અઠવાડિયે સુંદર કાગળ સાથે જૉન મૉરિસ,

ઍન્ડ્રૂઝ, મેડલીનના કાગળો મોકલ્યા, અને બીજાં સુંદર કાર્ડો મોકલ્યાં. બાપુના કાગળમાંનું એક વાક્ય, બાપુની શક્તિની અસાધારણતા એક જ લીટીમાં બતાવી આપે છે. મીઠું છોડવા વિષે લખતાં લખે છે :

"એનો ભભરો તો થતો જ નથી. જ્યારે લઉં છું ત્યારે એ ગમે છે. પણ જે ક્ષણે મને ખબર પડે કે અમુક વસ્તુ મારે માટે નુકસાનકારક છે તે ક્ષણથી જ એ મને ગમતી પણ બંધ થઈ જાય છે."

બાપુના આખા ચરિત્રની કૂંચી આમાં રહેલી છે. શ્રેય અને પ્રેયનો અભેદ જમાનાઓ થયાં એમણે સાધેલો છે અને શ્રેય એ જ પ્રેય છે એ સૂત્રને એમણે જીવનમાં વણી લીધું છે.

સદાશિવરાવ તથા શિંદેની સાથે વાતો.

બાપુ : આ બિલ પાસ થયા પછી પણ બહુમતીએ પોતાનો અધિકાર લઘુમતીને ભડકાવી મૂકવા માટે ન વાપરવો જોઈએ. દરરોજ અમુક કલાક લઘુમતી માટે મંદિર ખુલ્લું રાખવું જોઈએ. એ લોકો પણ મૂર્તિ પ્રત્યે અમુક ભાવ રાખે છે. અને મૂર્તિનું મહત્ત્વ તથા એની શક્તિને માને છે. આવા લોકોને હું જગ્યા કરી આપું અને તેમને પડેલી પસંદગી આપું. હું તેમને કહું, મંદિર 'અશુદ્ધ' થાય તે પહેલાં તમે ધરાઈને દર્શન કરી લો અને હું પછી જઈશ.

સદા૦ : પણ આ રીતે તો તેમની લાઘવગ્રંથિને આઘાત ન પહોંચે ?

બાપુ : લાઘવગ્રંથિનો સવાલ તો હરિજનોને વિષે હોય. સુધારકો જો બહુમતીમાં હોય તો હરિજનોએ પણ મોટાભાઈ તરીકે વર્તવું જોઈએ. અને જે વસ્તુ કાયદાથી કરવાને તેઓ બંધાયેલા નથી તે વસ્તુ તેમણે સ્વેચ્છાથી કરવી જોઈએ.

હું જુદાં મંદિરો બંધાય એમ ઇચ્છતો નથી. પણ હું તેમને કહું કે તમારે માટે સગવડ કરી આપીશ. તમે જતા ના રહેશો. તમે થયા એવા મારે નથી થવું. તમે તો અમને હલકા ગણતા હતા. ગોપુરમ્ આગળથી દર્શન કરીને સંતોષ માનવાનું અમને કહેતા હતા. પણ અમે તમને હલકા ગણવાના નથી. અમે તો તમને આગળ કરીશું, અને મૂર્તિની શુદ્ધિ વિષેની તમારી લાગણીને સંતોષીશું. માણસ સમાધાન કરે છે તે કાં તો નબળાઈથી કરે છે કે કાં તો બળવાન હોઈને કરે છે. સત્યાર્થી તરીકે હું બળવાન હોઈને સમાધાન કરું. ગઈ કાલે જ સનાતનીઓ સાથે મેં એમ કર્યું. તેમણે મને એક લખાણ ઉપર સહી કરવા કહ્યું. સામાન્ય રીતે એવા લખાણ ઉપર હું સહી ન કરું. પણ એ લોકોના સંતોષને ખાતર ખૂબ આવશ્યક હતા

એવા માત્ર એ જ ફેરફાર કરીને મેં સહી કરી. તેમની અને મારી વચ્ચે જે બન્યું તે બધું હું જાહેર કરું એમાં હિંદુ ધર્મની શોભા નથી.

આ પ્રકરણમાં હું પડ્યો તેથી મને તો બહુ જાણવાનું મળ્યું છે. શાસ્ત્રોમાં શું શું છે એની મને ખબર પડી. એ બધું જાણ્યા વિના હું આવાં નિવેદનો ન કાઢી શક્યો હોત. અથવા આવી અધિકારપૂર્ણ રીતે તો ન જ લખી શક્યો હોત. તેમની સાથે મારી આટલી મુલાકાતો ન થઈ હોત તો આ સમાધાનનો વિચાર પણ મને ન આવત.

શિંદે : એ લોકો ધારે છે કે આ તો કાચરનું અણિયું છે.

બાપુ : હું એને કાચરનું અણિયું નથી ગણતો. બધા વાંધો ઉઠાવનારા ખોટા છે એમ હું નથી માનતો. મારે તેમને મંદિરોમાંથી હાંકી કાઢવા નથી. જેઓ સાચા ભાવથી મંદિરમાં જનારા છે, તેમનાં જીવન તો મંદિરો સાથે સંકળાઈ ગયેલાં હોય છે. મારી માના દાખલા ઉપરથી હું આ કહું છું. ગમે તેટલી પથારીવશ માંદી હોય તોપણ મંદિરમાં જઈ દર્શન કર્યા વિના એ મોંમાં એક દાણો પણ ન મૂકે. તેની આ ટેવને લીધે જ તેનામાં શક્તિ આવી રહેતી. મારે એક રાક્ષસ તરીકે અથવા તો ગુંડા તરીકે મને મળેલો અધિકાર નથી વાપરવો. સાચી માતાને મારે સ્થાન આપવું છે. મંદિરમાં જનારી બધી સ્ત્રીઓ મારી માતાઓ જ છે. તેમને શુદ્ધિ રાખવી હોય તો ભલે રાખે. હરિજનોએ ઉદાર ભાવે આમ કરવા દેવું જોઈએ. વળી તેમણે સ્વેચ્છાથી તેમ કરવું જોઈએ. અત્યારે ચશ્માં અને ઇન્જેક્શનો નીકળ્યાં છે તેનો દાખલો લો. આપણા પૂર્વજો આને વહેમ ગણે. આવતી કાલે કોઈ એવો પણ નીકળે જે પ્રાર્થનાને વહેમ ગણે. તેમ છતાં લોકોની લાગણીને માન આપવું જ જોઈએ. એટલે મારું સૂચવેલું સમાધાન તદ્દન બરાબર છે. સનાતનીઓ એ વાત કબૂલ ન કરે, પણ હું તો જોઉં છું કે તેઓ મારી નજીક આવતા જાય છે. હું પોતે હરિજન છું અને હરિજનો ઉપર મારો કાબૂ છે.

શિંદે : હરિજનો તો તમારી વાત સાંભળશે. એ લોકો તમારું સાંભળવાને બંધાયેલા છે. હું કહું છું કે કશું સમાધાન ન કરો, ત્યારે કોઈ દિવસ સમાધાન ન થાય એમ હું કહેતો નથી.

બાપુ : માતેને દર્શન કરવાની અલગ જગ્યા જોઈતી હતી. એ ખોટું સમાધાન હતું.

શિંદે : આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો તમારું સમાધાન એ સમાધાન જ નથી. એ વસ્તુ ધીમે ધીમે ઘસાઈ જાય.

બાપુ: હા, એમાં પરસ્પર આદર અને પ્રામાણિકતા ગૃહીત છે. તો જ મંદિર સાચું મંદિર બને છે. એ જ પ્રમાણે હોટેલોમાં પણ સનાતનીઓને પોતાને માટે અલગ ટેબલ રાખવું હોય તો ભલે રાખે. આવું બધું સૂચવવામાં હું એક વસ્તુ ગૃહીત કરીને ચાલું છું કે બહુમતી આપણા પક્ષમાં છે. એમની જો બહુમતી હોય તો આપણે મંદિરોમાં પગ ન મૂકીએ.

સમાધાનોને વિષે મેં નવી જ દૃષ્ટિ શોધી છે. સમાધાનની સૂચના હમેશાં બળવાન તરફથી આવવી જોઈએ. સત્ય જેના પક્ષમાં હોય તે જ આવું સમાધાન કરી શકે.

શિંદે: હા, એ તો ક્ષમાના જેવું થયું, જે બળવાન જ કરી શકે છે.

બાપુ: આ સમાધાનથી તમારા, મારા કે કોઈના પણ સિદ્ધાંતને કશી આંચ આવતી નથી. બીજાઓના સિદ્ધાંતને જે મૂળમાંથી કાપે એ પશુતા જ કહેવાય.

બીજા એક ભાઈ સાથે:

સ૦: અંતરાત્માનો અવાજ એટલે શું?

બાપુ: અંતરાત્માનો અવાજ એ ઈશ્વરનો અવાજ છે. એ આપણો અવાજ નથી. એ અવાજ ઈશ્વરનો હોય કે સેતાનનો પણ હોય. આપણી મારફત ઈશ્વર બોલે તેમ કરવા માટે આપણે યમનિયમનું બરાબર પાલન કરવું જોઈએ. કરોડ માણસ અંતરાત્માના અવાજનો દાવો કરે પણ સાચો અંતરાત્માનો અવાજ એકનો જ હોય. એની સાબિતી આપી શકાય એમ નથી. પણ એની અસર પડી શકે છે. અંતરાત્માનો અવાજ એ આપણી બહારનું બળ છે પણ એ બાહ્ય બળ નથી. આપણી બહારનું એટલે આપણા અહંકારથી બહારનું બળ છે. અહંકાર જ્યારે સૂતો હોય છે ત્યારે એના ઉપર એ બળ કામ કરે છે, સત્ અને અસત્. જ્યારે આપણે સત્ બળની સાથે તદાકાર થઈએ છીએ ત્યારે ગૂઢ ભાષામાં એમ કહેવાય કે ઈશ્વર આપણી મારફત બોલી રહ્યો છે. આપણે સત્ સાથે એટલા તદ્રૂપ થઈ જઈએ છીએ કે આપણું અહં શૂન્ય થઈ જાય છે.

સ૦: અંતરાત્માનો અવાજ મળ્યાનો દાવો માણસ ક્યારે કરી શકે?

બાપુ: તે તો એ માણસ ઉપર આધાર રાખે. એને જ્યારે અનુભવ થાય કે તે પોતે કામ નથી કરતો ત્યારે તે એમ કહી શકે. ધારો કે હું અંતરાત્માનો અવાજ સાંભળવાનો હમેશાં પ્રયત્ન કરું. હમેશાં ઈશ્વરને વીનવું કે તું મારી મારફત કામ કર અને મને શૂન્ય કરી નાખ તો એવી પળ આવે જ્યારે મને લાગે, કે ઈશ્વર મને સંભળાવી રહ્યો છે. તે

વખતે હું એમ કહું પણ ખરો કે હું ઈશ્વરનો અવાજ સાંભળું છું. પણ હું તે સાબિત શી રીતે કરું? એ તો મારા આચરણથી જ સાબિત થાય. પણ તેય છેવટની કસોટી નથી. ધારો કે હિમાલયની કોઈ ગુફામાં એક માણસ દટાઈ ગયો છે અને ઈશ્વર તેને મળવા માટે મને ત્યાં મોકલે છે. ધારો કે હું એ જગ્યાએ પહોંચ્યો, મેં જરાક ખોદ્યું અને મને માણસ મળી ગયો. તેમ છતાં સંભવ છે કે એ અંતરાત્માનો અવાજ ન હોય. કેવળ અકસ્માત હોય અથવા તો મારો ભ્રમ પણ હોય, અથવા તો કોઈએ મને એમ કહ્યું હોય. દુનિયા તો પરિણામથી જ મારો ન્યાય કરશે. જો પરિણામ સારું આવે તો દુનિયા તો કહેશે, આ ચમત્કાર થયો. પણ ખરેખર આમાં છેવટની સાબિતી કશી નથી. માણસ ક્યારે આત્મવંચના કરે છે અથવા ક્યારે દંભી થાય છે તે એ પોતે જાણતો નથી હોતો. દંભ કરતાંયે આત્મવંચનામાં વધારે મોટો ભય છે.

એક જ વસ્તુ દર્શાવનારા ઘણા દાખલા હોય ત્યારે આપણને વધારે પુરાવો મળે છે. તેમાં બુદ્ધ, કૃષ્ણ, મહમ્મદ એ બધા મહાન પુરુષો આવે છે. તેઓએ જે સત્ય ઉચ્ચાર્યાં છે તે તેઓએ પોતાની શક્તિથી નથી ઉચ્ચાર્યાં પણ તેમની મારફત કોઈ અલૌકિક શક્તિએ એ ઉચ્ચારાવ્યાં છે. કેટલાક માણસો એવા અધિકારી હોય છે કે જેમની મારફત અલૌકિક શક્તિ કામ કરે. પણ તે ક્યારે કરે એની સાબિતી ન આપી શકાય.

. . . ને લખેલા કાગળમાં :

"અમુક હદથી આગળ કુદરતનો વિરોધ કરવા
૧૪-૧-'૩૩ સામે હું તમને ચેતવવા ઇચ્છું છું. બાઇબલના શબ્દોમાં
હું તમને કહું છું કે 'તારા પ્રભુને લલચાવ નહીં'.
જરાયે શંકા વગર હું તમને કહું છું કે તમે જો બીજી વાર મોટી માંદગીમાં પડો તો એને તમારે ઇંગ્લંડ પાછા જવાનો સ્પષ્ટ આદેશ સમજવો. ત્યાં રહીને જે સેવા થઈ શકે તે કરવી. તમે અહીં રહો એમ ઈશ્વર ઇચ્છતો હોય તો અહીં રહી શકવા જેટલું તંદુરસ્ત શરીર એ તમને આપે જ. તમારે નમ્રપણે હાર સ્વીકારવા તત્પર રહેવું જોઈએ. તમારી હાર એ સત્યરૂપી પરમાત્માની જીત હશે. પોતાની પ્રયોગશાળામાં ઈશ્વર જરાયે બગાડ થવા દેતો નથી. તમે અહીં જે કામ શરૂ કર્યું છે તે મરવાનું નથી. સારી તંદુરસ્તી અને નિર્મળ ચારિત્ર્યવાળો કોઈ માણસ મળી જાય તો એને બધું કામ સોંપી દેજો. અત્યારે એવો કોઈ માણસ ન મળી શકે તો કામ સંકેલી લેજો. આ નિરાશામય ચિત્ર નથી. પવિત્ર

જીવનનો આ જ પાયો છે. હે પ્રભુ, મારું નહીં પણ તારું ધાર્યું થાઓ. આ ઉપદેશ હું આગળ ન લંબાવું. મારું કહેવું તમે સમજી ગયા હશો. જ્યાં સંપૂર્ણ સ્વાર્પણ છે ત્યાં સ્વેચ્છાને માટે અવકાશ જ નથી."

આજે 'હિંદુ'નો ખબરપત્રી શાલીવતી આવ્યો, એવી ખબર લઈને કે સરકાર બિલને કદાચ મંજૂરી ન આપે, પણ લોકમત જાણવા કમિટી નીમે. 'સ્ટેટ્સમૅને' આ જાતની સૂચના કરી છે. એનો અગ્રલેખ પણ લાવ્યો હતો.

બાપુએ કહ્યું: બધાં વકીલમંડળો શા સારુ સૂઈ રહ્યાં છે? ઍડવોકેટ જનરલ થઈ ચૂકેલા વકીલ બૅરિસ્ટરો પોતાનો અભિપ્રાય આપે.

શાલીવતી કહે: પણ એ બિલ મંજૂર ન થાય તો તમે શું કરશો એ તમે ન જણાવો? સરકારને એની ખબર પડે તો સરકાર વિચાર કરીને પગલું ભરે.

બાપુ કહે: એ લોકો મારા વિચાર જાણે છે. પાકો વિચાર કર્યા વિના તેઓ કશું કરે નહીં. ભવિષ્યને માટે મારી શક્તિનો હું બરાબર સંગ્રહ કરવા ઇચ્છું છું. એને હું જરાય વેડફી નાખું નહીં. સેંકડો વસ્તુઓ એવી ઉપસ્થિત થાય જેમાં મને રસ હોય પણ એ બધાનો હું અત્યારે શું કામ વિચાર કરું? જ્યારે ઉપસ્થિત થશે ત્યારે એને પહોંચી વળવાની શક્તિ ઈશ્વર મને આપી રહેશે.

કેલપ્પનને આખા સમાધાનની દરખાસ્તનું મહત્ત્વ બહુ વિસ્તારથી સમજાવ્યું. આ દરમ્યાન હું વઝે સાથે કામમાં રોકાયેલો હતો એટલે નોંધ ન લેવાઈ. પણ શિંદે અને સદાશિવરાવને કહેલી વસ્તુ જ વિસ્તારથી સમજાવી. આપણી પાસે બળ હોય તો તેનો દુરુપયોગ ન થાય. પણ એ બળ હોવાને લીધે જ આપણે સામાના સમજી શકાય એવા પૂર્વગ્રહને પણ માન આપીએ. ન માન આપીએ તો આપણે હિંસક દબાણના ગુનેગાર બનીએ.

વર્ણાશ્રમ સ્વરાજ સંઘવાળા પંડિતો વિષે છાપાંમાં નોંધ આપવાના હતા પણ માંડી વાળ્યું. કેલપ્પનને એનું વર્ણન કરતાં કહે: આ પંડિતો સાથે ચર્ચા કરતાં મને ભારે ગમ્મત પડે છે. એક મદ્રાસી પંડિત છેક મદુરાથી અહીં આવ્યો હતો, મને એવું સમજાવવાને કે આપણે બધા કર્મચાંડાલ છીએ. મેં કહ્યું: ત્યારે બિચારા જાતિચાંડાલોને શું કામ વેગળા રાખો છો? વળી અમુક ચાંડાલ છે અને અમુક નથી એ તમે શી રીતે કહી શકશો? જે સાવ પાપરહિત હોય તે પહેલો પથરો મારે.

...ને એના પતિએ વૉલ્ટેર ન જવા દીધી. એને કહ્યું કે મુંબઈ આવી જા. હમણાં બાળકો પાસે ન જવાય, ઈસ્ટરમાં જજે. આટલી વાતથી

પણ એ બાઈને સંતોષ થયો. એક ધર્મભીરુ હિંદુ પત્ની જેવું એનું વર્તન જોઈને ભારે આશ્ચર્ય થયું. બાપુને કહે: હું આવતી કાલે તમારી પાસે ટાઈપ કરવાને માટે આવું? તમારા ટાઈપિસ્ટને રજા આપો.

બાપુ કહે: નહીં આજે નહીં. ભવિષ્યમાં તારી જરૂર પડશે તો જરૂર તને બોલાવીશ. બાપુને વિષેની અસાધારણ ભક્તિ એના પગલે પગલામાં જણાતી હતી.

બાપુને દરેક આવેલા કાગળમાંથી બચેલો કોરો કાગળ કે ટાંકણી સાચવવાની ટેવ છે. કાલે કહે: મારા અઠવાડિયાના કાગળો તો આવા કાગળોમાંથી જ નીકળે છે, અને ટાંકણી તો કોઈ દિવસ ખરીદી હોય એમ યાદ નથી. તમે લોકો ખરીદતા હો તો જુદી વાત.

એટલે છગનલાલે પૂછ્યું: દક્ષિણ આફ્રિકામાં પણ એમ જ કરતા?

આના જવાબમાં બાપુએ આફ્રિકાનાં થોડાં સ્મરણો સંભળાવ્યાં: ઓહો, બરોબર ત્યાં પણ આ જ રીતે કામ લેવાતું. રસીદ બૂકો — નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની — છપાવવાને બદલે આખી સાઇક્લોસ્ટાઈલ ઉપર મેં જ છાપી હતી. કદાચ ક્યાંક આજે પણ એ પડી હશે. કમાતો હતો ત્યારે કે કમાવાનું છોડયું ત્યારે, ખર્ચ કરવા વિષે આખી જિંદગી એ જ વૃત્તિ રહી છે. કમાતો હતો ત્યારે બચાવેલા પૈસા પોતાને માટે ન વાપરતાં ભાઇને મોકલી આપતો હતો. ત્યાંના લોકોને માટે કામ કરતાં કેટલાય હજાર રૂપિયાનો બચાવ મારી કરકસરને લીધે કરી આપ્યો છે. છતાં જ્યાં ખર્ચ કરવો જોઈએ ત્યાં ખર્ચ કરતાં પણ મેં પાછું ફરીને જોયું નથી. ગોખલેની ઉપર ૧૦૧ પાઉન્ડનો તાર મેં જ કરેલો. અને ગોખલે આવ્યા ત્યારે તેમને માટે ૨૦૦–૩૦૦ હિંદીઓથી ભરેલી સ્પેશ્યલ ટ્રેન ક્લાર્ક્સડોપથી જોહાનિસબર્ગ સુધી કરેલી, સ્ટેશન શણગારેલું. ૭૫ પાઉન્ડની તો એક કમાન કરી હતી.

છગનલાલ કહે: સ્પેશ્યલ તો આવશ્યક કહેવાય, પણ કમાન આવશ્યક કહેવાય કે?

બાપુ કહે: હા, ત્યાં તે કાળે આવશ્યક હતી. એ બધું કોમને જાગ્રત કરનારું હતું. મોટો રાજા કે પ્રિન્સ ઑફ વેલ્સ આવે તેને માન મળે તેના કરતાં અમારા નેતાને વધારે માન અમે આપી શકીએ છીએ એ કોમને બતાવવું હતું. આ કુલીરાજા નથી પણ કોઈ અસાધારણ માણસ છે એ બતાવવું હતું. અને એ પણ કૉંગ્રેસને પૈસે નહીં. લોકોને મેં કહી દીધું હતું કે આ બધો ખર્ચ તમારે જ આપવો પડવાનો છે. ૧૫૦૦ પૌન્ડ મેં ગોખલેના સ્વાગતને માટે મંજૂર કરાવ્યા હતા. જોહાનિસબર્ગમાં તો

આડો આંક વાળ્યો. સોનાની પ્લેટ ઉપર માનપત્ર આપ્યું હતું. ગોરાઓની ઉપર પણ ભારે અસર પડી હતી. મેયરે એની કાર ગોખલેને માટે આખો વખત વાપરવા આપી હતી. મને નથી લાગતું ગોખલેને આવું માન બીજે ક્યાંય મળ્યું હોય. લોકોએ પણ મને કદી પૈસા આપવાની ના પાડી નથી. એ જાણુતા હતા કે આવું નિઃસ્વાર્થ ગધ્ધાવૈતરું કરનારો બીજો કોઈ મળવાનો નથી. પેલા ૯૭–૯૮ના દુકાળમાં એક વાર ૧૫૦૦ પાઉન્ડ અને એક વાર ૪૦૦૦ પાઉન્ડ દેશમાં મોકલી શક્યો હતો. આમાં ગોરાઓએ પણ ફાળો આપ્યો હતો. 'નાતાલ મર્ક્યુરી'માં રોજની રોજ દુકાળને વિષેની માહિતી સરસ રીતે ગોઠવેલી આપતો જાઉં, અને સૌની ફરજ જણાવતો જાઉં. ગોરાઓ પણ સાંભળતા. મેયરની પાસે ટીપ લઈ ગયો. એણે ૨૫ પાઉન્ડ ભર્યા એ ફાડી નાખ્યા. મેં કહ્યું, તમારી પાસે આટલું ચાલી જ ન શકે. બસ એને વધારવા જ પડ્યા. આ બધું થઈ શક્યું કારણુ બોટ ઉપરથી ઊતરતાં જે મરણુતોલ હુમલો (લિંચિંગ) થયેલો તે અને તે પછી કોઈના ઉપર કામ ન ચલાવવાનો મારો આગ્રહ. માર ખાવાથી મને બીજી પ્રસિદ્ધિ મળી. પહેલી પ્રસિદ્ધિ કોર્ટમાં ટોપી ન કાઢવાના પ્રસંગથી મળી હતી. છેવટે મીરઆલમનો કિસ્સો બન્યો. આ દરેક વાત તે તે કાળે બની તેમાં ઈશ્વરી હાથ હતો એમ આજે જોતાં તો સ્પષ્ટ ભાસે છે.

સવિનયભંગ અને અસ્પૃશ્યતાનિવારણુના કામ વિષેનું નિવેદન પ્રસિદ્ધ થવા સામે કશો વાંધો નથી, એવો સરકારનો જવાબ આવી ગયો એટલે એ. પી. આઈ.ને આપી દીધું.

૧૫–૧–'૩૩ આજે સવારે મેં પૂછ્યું : . . . ના કાગળમાં બાઇબલનું સખ્ત વાક્ય કેમ ટાંક્યું ? ઘણા મિશનરીઓ જંગલોમાં જઈને વસે છે, અને કામ કરતાં પ્રાણુ ખુએ છે. . . . પણુ ન કહે કે મેં આ કામ ઉપાડ્યું છે, એ કરતાં મારા પ્રાણુ જાય તો શું ?

બાપુ કહે: ન કહી શકે, કારણુ પાદરીઓની રાજસી વૃત્તિથી એ ત્યાં ગયેલ નથી. ઈશ્વરનો શબ્દ ફેલાવવાને માટે અમે જઈએ છીએ એ ભાવનાથી ત્યાં ગયેલ નથી. અને એ પ્રકારનો આદેશ એણે સાંભળ્યો હોય એમ મને નથી ભાસ્યું. અનેક જગ્યાઓએ ભટક્યા પછી ત્યાં ગયો. એ કામને માટે એનું શરીર લાયક નથી. એટલે જ એણે ચેતવું જોઈતું હતું. પણુ મારી સૂચનાની પાછળ તો બીજી વસ્તુ અધ્યાહાર રહેલી છે. એ અહીં જેલમાંથી ન કહી શકાય એટલે કહી નથી. તે એ કે એણે

શરતો કરીને અહીં આવવાનું કશું પ્રયોજન જ નહોતું. જે સત્યાગ્રહને એ ધર્મ માને છે એ સત્યાગ્રહથી પોતે તદ્દન વેગળો રહેશે એવી શરત એનાથી કરાય જ નહીં. ઍન્ડ્રૂઝે અને હોરેસે એને ખોટી સલાહ આપી એમ મને લાગ્યાં કરે છે; અને એવી શરત કરવાથી એ પોતાની કામ કરવાની શક્તિ બધી ઓછી કરી નાખે છે એ એણે સમજવું જોઈતું હતું.

મેં કહ્યું: પણ ધારો કે એણે આ શરત ન કરી હોત અને ત્યાં ગયેલ હોત તો આ ટીકા તમે કરત? આ શરત કરીને ગયા એ કારણે આપે પહેલી ટીકા કરી એમ ખરું ના?

બાપુ કહે: હા; શરત વિના ગયા હોત તો બાઇબલનું આકરું વાક્ય હું ટાંકત કે નહીં તે હું નથી કહી શકતો.

ગોખલેના માનમાં બનાવેલી કમાનની ઉપર ૭૫ પાઉન્ડ ખર્ચવાની વાત કરી ત્યારે જિસસને કીમતી તેલથી અભિષેક કરનારી મેરીનો કિસ્સો યાદ આવ્યો. કોમની પ્રતિષ્ઠા જાળવવી હતી, કોમને ઉત્તેજના દેવી હતી; એ ઉપરાંત પોતાની અસાધારણ ભક્તિ પણ ગોખલેના ચરણે ઢોળવી હતી ના?

આજે ઘણાય કાગળો મૌન લીધા પહેલાં લખાવી કાઢ્યા. નૈતિક ઉપાધિવાળાઓ તો હમેશાં પૂછનાર હોય જ.

સ્વપ્નદોષ શી રીતે રોકી શકાય? એને બાપુએ લખ્યું: "ચાર સાધન: એક રામનામ; બીજું શુદ્ધ હવા, ખુલ્લામાં પ્રાણાયામ, આસનાદિ ક્રિયા; ત્રીજું, શુદ્ધ આહાર — ઘઉં, ભાજી, દૂધ, મસાલાનો અને મીઠાઈનો ત્યાગ; અને ચોથું, આખો વખત શરીરને કામમાં રાખવું જેથી નિદ્રા સારી આવે."

જેલમાંથી છૂટીને ઘણા આવી ગયા, પણ દરબાર ન આવ્યા. તેને લખ્યું: "તમે ન આવ્યા એ જાણીને ચારે સાથીઓએ એકે અવાજે તમને ધન્યવાદ આપ્યા. એવો સંયમ થોડાએ જ પાળ્યો છે. એટલે તમને ફરી ધન્યવાદ!"

એક કાગળમાં:

"મારો દેહ પ્રાણીમાત્રને સારુ છે એ જેટલે અંશે સાચું છે તેના કરતાં વધારે સાચું એ છે કે એ ઈશ્વરાધીન છે. તે પ્રાયોપવેશન કરાવે ત્યારે મારાથી શું થઈ શકે?

"મંદિરપ્રવેશ માટે ધારાસભાનો ઉપયોગ અસહકારના સિદ્ધાંતની પ્રતિકૂળ નથી એ બતાવી શકાય એવું છે પણ એ બતાવવા જતાં જેલના નિયમનો ભંગ થાય એટલે બતાવવાનો પ્રસંગ મળે અને તે વખતે તમે હાજર હો તો પૂછજો. અસ્પૃશ્યતાનિવારણનું કામ અત્યારે હું જે કરી

રહ્યો છું તેથી હાલ નુકસાન થવાનો આભાસ આવે એ બનવા જોગ છે, પણ સારું કામ કરતાં અંતે નુકસાન ન જ થાય એવો જગતનો અનુભવ છે અને આ કામ સારું છે એને વિષે મને મુદ્દલ શંકા નથી."

વસંતરામ શાસ્ત્રીની સાઠ સૂત્રોવાળી પત્રિકા એ જણાએ મોકલી અને પોતાને થયેલું દુઃખ વર્ણવ્યું. એને બાપુએ લખ્યું: "જો લેખ આપને ભેજા હૈ વહ આદિસે અંત તક જહરસે ભરા હૈ. આશા હૈ મેરા જીવન ઉસકે ઝૂટકા પ્રત્યક્ષ પ્રમાણ હૈ."

દારેસલામના એક યુવકને એ જ વિષે લખ્યું: "એવી તો ઘણી વસ્તુઓ મારે વિષે લખાઈ રહી છે. એ એટલું સ્પષ્ટ જૂઠાણું છે કે તેનો કોઈ વિશ્વાસ ન કરે એમ હું આશા રાખું છું અને કોઈ વિશ્વાસ કરનાર હોય તો તેમની પર મારો ઉત્તર કાંઈ અસર ન ઉપજાવી શકે."

ઓરિસ્સાવાળા જીવરામભાઈની અનન્ય ભક્તિ — સરળ બાલોચિત ભક્તિ — બનિયનના ભક્તરાજનું સ્મરણ કરાવે છે. બીજાઓને મૂંઝવનારા મોટા પ્રશ્નો એને મૂંઝવતા નથી. એના સરળ હૃદયસરોવરમાં શંકાકુશંકાઓના પથરા વમળ ઉત્પન્ન કરી જ શકતા નથી. એ બાપુના દરેક ઉપદેશનું અક્ષરાર્થ સુધી પાલન કરવામાં માને છે એટલે બાપડા પૂછે છે: "તમે ચોવીસે કલાક આકાશદર્શન કરવાનું કહો છો પણ બધી ઋતુમાં શી રીતે આકાશદર્શન કરવું? કડકડતી ટાઢમાં, કાળાં ઘોર વાદળવાળા દિવસોમાં, વરસાદની ઝડી પડતી હોય ત્યારે અને બળબળતે બપોરે શું કરવું? આશ્રમની સાથે પ્રાર્થના સમયે અનુસંધાન સાધવું જોઈએ એમ કહો છો પણ અમારે ત્યાં તો પાંચ વાગ્યે દીવાબત્તી થાય છે. અમારે તો મંદિરોમાં ઘંટ વગેરે થતા હોય ત્યારે પ્રાર્થના કરી લેવી જોઈએ" ઇત્યાદિ.

એમની બાળકને શોભે એવી તોતડી કાલીકાલી ભાષા આટલી જ વસ્તુ કહેવામાં પાંચ પાનાં રોકે. પણ બાપુ સહર્ષ એ કાગળો વાંચે છે અને એનો જવાબ આપે છે:

"ચોવીસ કલાકનો તો તમે ઠીક શબ્દાર્થ કર્યો છે. પણ ભાવાર્થ લેવો જોઈતો હતો. ચોવીસ કલાક એટલે બની શકે એટલો વખત. વરસાદ પડે, બહુ સખત તાપ પડે, ઘણો પવન વાય, અસહ્ય ટાઢ પડે, અથવા બીજાં કારણસર કેવળ બહાર રહેવું, સૂવું, કે કામ કરવું અશક્ય થઈ પડે અથવા નુકસાનકારક થઈ પડે ત્યારે છાંયાનો કે છાપરાનો કે બંધ ઘરનો આશ્રય લેવાનો ધર્મ થઈ પડે છે. મારાં વચનમાંથી સાર માત્ર એ જ ખેંચવાનો હોય કે બની શકે તેટલું અંતરાય રાખ્યા વિના

આકાશ નીચે રહેવું એ સારું છે. આ વચન જે સમજી શકયા હોય તે ઘરની અંદર ઓછામાં ઓછા ભરાઈ રહે અને ઘરની અંદર પણ હવાઅજવાળાની પૂરતી સગવડ રાખે.

“હવે વખત જાણવા વિષે. ગ્રામસેવકને ઘડિયાળની કાંઈ જ આવશ્યકતા નથી. તેને સારુ બધી ક્રિયા સ્વાભાવિક છે. તેનું ઘડિયાળ પણ સ્વાભાવિક છે. વખત સૂચવવાની ભાષા પણ તેની જુદી જ છે. એ ચાર વાગ્યે આવજો એમ નહીં કહે. એ કહેશે પ્રાર્થનાને સમયે આવજો, અથવા બે ઘડી દિવસ બાકી હોય ત્યારે આવજો, વહાણું વાયે આવજો, પક્ષી બોલે ત્યારે આવજો, ખાવાની વખતે આવજો, હું પાટી વણતો હોઉં ત્યારે આવજો, સંધ્યાકાળે આવજો. વાળુને વખતે આવજો; આમ વખતને સારુ જુદાં જુદાં નામો ઘડી શકાય છે. અને તેને ઉદ્યમ કરવાની ટેવ એટલી બધી પડી ગઈ હોય છે કે વખતને સારુ પણ આકાશની તરફ જોવાની જરૂર નથી પડતી. એના કામમાં વહેલુંમોડું થઈ જ ન શકે. ટેવ પડી ગઈ હોય એટલે તેનું કામ પૂરું થયું હોય ત્યારે કેટલો સમય થયો હોય તે જાણતો જ હોય. ઘડિયાળ વાપરવાની ટેવ ન હોય તો ફલાણા કામને કેટલા કલાક થાય તે નહીં કહી શકે, પણ જ્યારે તે એમ કહે કે રોજ હું આટલા વાર પાટી વણું છું ત્યારે બોલનાર અને સાંભળનાર જાણી લે કે કેટલો વખત ગયો હશે અને તેથી જ પૂર્વે કાળની ગણતરી કલાકથી નહીં પણ કામના માપથી જ થતી હતી. મુસાફરી કરતા તે વખતે પણ કશી મુસ્કેલી આવતી જ નહોતી. કેમ કે એને ખબર છે કે સૂર્યોદય અને સૂર્યાસ્ત લગીમાં એ કેટલા માઈલ ચાલી શકે છે. એ કલાક પ્રમાણે થાક નથી લેતો પણ શરીર થાકે ત્યારે જ થાક લે છે. ટૂંકામાં, ગ્રામજીવનમાં ઘડિયાળની જરૂર બહુ ઓછી જણાય છે; નથી રહેતી એમ કહીએ તો ચાલે. અને કામની ગણતરીની જેટલી જરૂર હોય છે તેટલી સૂર્યાદિ આકાશના ગ્રહોની ગતિથી જાણી લે છે, વાદળાં વગેરેનો તેને ભય રહેતો નથી, કેમ કે આખા વરસમાં એવું થોડો જ વખત હોય છે. એવો સમય હોય ત્યારે તેના કામમાં કશોય વિક્ષેપ નથી આવતો. પ્રાર્થના જેવો સમય પણ એની મેળે જ સચવાયાં કરે છે. જેના બધાય કલાક નિયમિત રીતે ભરાયેલા જ છે તેના પ્રાર્થનાના સમય નિયમિત રીતે આવી ઊભા જ રહે છે. એટલે કોઈ દિવસ મોડાં ઉઠાયું અને હવે કેમ થશે એવું તો ભાગ્યે જ બને. સાંજની પ્રાર્થના વિષે આશ્રમના વખતનું અનુસંધાન કરવાનો લોભ રાખવાની જરૂર નથી. પૃથ્વીના જુદા જુદા પ્રદેશોમાં રહેનાર એક જ કલાક જાળવી ન શકે. તેથી તમે તમારા સૂર્યાસ્ત પછી પ્રાર્થના કરવા બેસી જાઓ, એ જ

વાસ્તવિક છે. આમાં મને લાગે છે કે તમારી બધી ઝીણી મોટી શંકાઓના ઉત્તર આવી જાય છે.”

૧૬-૧-'૩૨

વલ્લભભાઈનો એક વિનોદ છે: થોડા દિવસ થાય કે બાપુને સરકારની ઉપર કાંઈક ફરિયાદ મોકલવાની હોય જ. રખેને એ લોકોને લાગે કે આ માણસ હવે ચૂપ થઈ ગયો છે! એથી જ જાણે આજે ત્રણ ખરીતા સરકારને ગયા — એક, અપ્પાવાળી બાબત ઉપર સરકારનો ઠરાવ જાણવા માટે તાર; બીજું, જેલમાં કાંતવા પીંજવા ઇચ્છનારાને રજા આપવા વિષે કાગળ (ડૉઈલને); ત્રીજું, કેદીઓના કાગળમાં અમલદારો છેકછાક કરે છે તેના વિરોધમાં મારા કાગળો અખંડ હોય છે, વિચાર વિના લખાયેલ નથી હોતા, અને એમાંથી જરાક ભાગ કાઢવાથી અનર્થ અથવા અણધારેલો અર્થ થવાનો સંભવ છે એ ફરિયાદ સાથે (ડૉઈલને).

બીજા કાગળોમાં આશ્રમની ટપાલ. વર્ધા આશ્રમની અને સાબરમતી આશ્રમની.

દાસ્તાનેની સ્ત્રી અને છોકરીઓને કાગળો: “બિંદુકો મૈંને જો પત્ર લિખા હૈ ઉસે ધ્યાનસે પઢો. યદિ મૈંને લિખા હૈ વહ યથાર્થ લગે તો બંગડી ઇત્યાદિકે ત્યાગમેં લડકિયોંકો પ્રોત્સાહન દે દો. યદિ બ્રહ્મચર્યમેં વિશ્વાસ ન હો તો બંગડી ઇત્યાદિકા આગ્રહ રખા જાય. મેરી દૃષ્ટિમેં માતાકા ધર્મ બચ્ચોંકી ત્યાગવૃત્તિકો પ્રોત્સાહન દેનેકા હૈ. ભોગ પ્રતિ તો મન દૌડેગા હી. અંતમેં લડકિયાઁ વવાહ કરના ચાહેગી તો સબ કુછ પહનેગી. હમ ઉન પર બલાત્કાર ન કરેં.”

બિંદુને: “બંગડી આર કુમકુમ વિવાહિતકી અથવા વિવાહકી ઇચ્છાવાલી કુમારિકાકી નિશાની માની જાતી હૈ. ઇસલિયે જિસકી ઇચ્છા વિવાહ કરનેકી હૈ વહ અવશ્ય દોનોં શૃંગાર કરેં. તુમ્હેં બંગડી પહનનેકા યા કુમકુમ લગાનેકા પ્રેમ હૈ તો અવશ્ય પહનો ઔર લગાઓ. માતાકા આગ્રહ હો તો ભી કરો. ઉનકા દિલ દુખાના નહીં.”

કૃષ્ણાને: “શરીરને તૂટે ત્યાં લગી તાણવું એ મોહ છે એટલે દોષ છે. તારે જે સેવા કરવી છે તેને જ સારુ તારે આરામ લેવો જોઈએ.”

વત્સલાને: “જિસકો દુઃખ હૈ ઉસકે દુઃખ મિટાનેકી યથાશક્તિ ચેષ્ટા કરકે ઔર સત્યાદિ યમોંકા ભલી ભાઁતિ પાલન કરકે જીવમાત્રકી સેવા હોતી હૈ. જો અસત્ય, હિંસા, પરિગ્રહ સ્તેય, અબ્રહ્મચર્ય કરતે હૈં વહ પ્રાણી-

માત્રકો દુઃખ દેતે હૈં. સત્યાદિકા પાલન કરકે દુઃખ મિટાતે હૈં અર્થાત્ સેવા કરતે હૈં.”

બાળકૃષ્ણને : “શરીર નથી બંધાતું તેનાં કારણો મારી દૃષ્ટિએ આ છે: ખોરાક લેવાય છે તે લેતાં છતાં તેને વિષે અશ્રદ્ધા અથવા તિરસ્કાર, મનનો અત્યંત વ્યય, શરીરની મોહમયી ઉપેક્ષા. ઉપાય તો આ કારણમાં જ આવી ગયો. જે ખોરાક લેવો તે અનુગ્રહ માની લેવો ઘટે, અશ્રદ્ધા કાઢવી જોઈએ, આ ખોરાક આ શરીરને બાંધો એમ ભાવવું જોઈએ. આત્માને અર્થે આ શરીરની આવશ્યકતા છે, એ સંપેતરું છે એમ જાણી તેની યથાશક્તિ અને યોગ્ય રક્ષા કરવી ઘટે છે. સંપેતરા પ્રત્યે જે ઉપેક્ષા કરે છે તે દોષ વહોરે છે.

“ઈશ્વરનું ભાન ક્યારે થયું તે હું ન કહી શકું. આ ક્રિયાઓ મારે સારુ એવી સ્વાભાવિક થઈ પડે છે કે હંમેશાં હતી એવો આભાસ આવે. આ ઝાડનાં પાંદડાં ફલાણે દિવસે આવડાં થયાં એ કોણ કહી શકે? આજની સ્થિતિને ૬૪ વર્ષે પહોંચ્યો એટલું જ કહેવાય. આનો કંઈ અર્થ જ ન રહ્યો.

“બ્રાહ્મી સ્થિતિમાં કોઈને દુઃખે દુઃખી થવાપણું નથી, કેમ કે કોઈને સુખે સુખી થવાપણું નથી. સુતાર ભાંગેલા વહાણને સારું કરતાં સુખદુઃખનો અનુભવ ન કરે તેમ ‘બ્રાહ્મણ’ને હોય. બ્રાહ્મી સ્થિતિવાળો બ્રાહ્મણ કહેવાય?”

આશ્રમના કાગળોમાં . . .ના કુટુંબને આશ્રમ છોડવાની નોટિસ આપી, અને “રહેવું જ હોય તો નિયમ પાળી, સાચા થઈ, કામ કરીને રહો” એમ લખ્યું.

. . .ને: “તારી રીસ બતાવે છે કે તું સારી પેઠે નાદાન છો. મારું કાંઈ કહેવું તું ન સાંખે તો બીજાનું તો સાંભળે પણ શાની? મારી ઉપર તું જે છાપ પાડે તેને સારુ ઉપકાર માનવો તો રહ્યો પણ ઊલટી ક્રોધ કરે છે! તારો ધર્મ તો મારો આરોપ ન સમજી શકી હોય તો તે મારી પાસેથી સમજવાનો છે, મારી સાથે ઝઘડવાનો છે. અહીં તો તારું ભણતર અને ડહાપણ પાણીમાં ગયાં જણાય છે. તારી રીસની પાછળ તારું મહા અભિમાન રહ્યું છે એ પણ તું જોઈ નથી શકતી. આ સ્વાતંત્ર્ય નથી પણ સ્વેચ્છાચાર છે, એ જરૂર માનજે. હું ઇચ્છું છું તું તારી આંખ ઉઘાડ, મારો પ્રેમ સમજ, તારે વિષેની મારી પરીક્ષા ખોટી ન પાડ. આ સમય તારો રિસાવાનો નથી પણ મને દુઃખ દેવાને સારુ પસ્તાવાનો અને રડવાનો છે. તને એટલું પણ ભાન કેમ ન હોય કે તને કડવું વચન કહું તો તે તારા ભલાને સારુ હોય? તેમ કરવામાં મારી ભૂલ થતી હોય તો નમ્રપણે

ભૂલ બતાવવાનો તારો ધર્મ છે. તારા નિર્દોષપણાની તને ખાતરી હોય તો એ મારી પાસે સિદ્ધ કરવાની તને શ્રદ્ધા હોવી જોઈએ. તેને બદલે રિસાઈને તારો દોષ તું દઢાવતી જણાય છે. આવી આશા મેં તારે વિષે કદી નહોતી રાખી. જાગ, અને રિસાવાની માફી માગ."

આજે લલ્લુકાકા ( સર લલ્લુભાઈ શામળદાસ ) આવી ગયા. મલબારના પ્રવાસના પોતાના અનુભવ કહેવાને માટે જ આવ્યા હતા. ઝામોરિને પોતાના દીકરાને સંદેશો લઈને કેવી રીતે મોકલ્યો, લલ્લુભાઈએ કશી માફી માગવાની ના પાડી, ત્યારે રિપોર્ટ ખોટા છે એટલું જ કહેવડાવવાનું યોગ્ય ધાર્યું, છતાં પછી કેવી રીતે ડોસાને મળ્યા, કેવી રીતે એનો આઈ. સી. એસ. દીકરો અને ભાઈ બંને આખો વખત ઊભા રહ્યા, એ બધું વર્ણવ્યું ઝામોરિને જણાવ્યું કે મારે કશું કરવું નથી; કારણ કાયદો, રૂઢિ વગેરે બધું વિરુદ્ધ છે. પછી પોતે સાંતાકૂઝના મંદિરમાં કરેલી તડજોડની વ્યવસ્થાની સૂચના કરી ત્યારે ઝામોરિને કહ્યું: મારે આવું શા સારુ કરવું જોઈએ? મતગણતરીની અવગણના કરી અને એના દીકરાએ કહ્યું: ઠક્કર જ મને કહી ગયા કે મહાત્મા તો કોઈનું સાંભળે એવા છે જ નહીં!

દેવધરનું રમૂજી ચિત્ર આપતા હતા: સહકારી પરિષદમાં પોતાનો સી. આઈ. ઈ.નો ચાંદ લટકાવીને આવેલા! હું તો પ્રેસિડંટ હતો તે કદાચ ચાંદો લટકાવીને ગયો હોત તો શોભત, પણ આમને શું હતું? ઘણાઓને થયું કે દેવધરને આ ચાંદ લટકાવવાનું શું મન થતું હશે! અને પાછો ફોટોગ્રાફ પણ પડાવવાનું ગમે.

બાપુ કહે: એમાં દેવધરનો ઉદ્દેશ તો એ જ હોય કે કામને કંઈક મદદ થાય, ચાંદમાં માનનારા માણસોમાં વજન પડે અને તેની મારફત કામ લેવાય.

લલ્લુકાકા જતાં જતાં મને કહે: હું આ નથી માનતો. લોકોને તો તિરસ્કાર પેદા થાય છે. પછી કહે: હું તો કોઈ દિવસ આ પહેરતો નથી. સરકારી પ્રસંગોમાં કોઈ વાર વાઇસરૉય ગવર્નરની પાસે જવું પડે તો પહેરું છું, પણ મારા છોકરા કદી એ પહેરીને ફોટો તો પડાવવા નથી જ દેતા.

બાપુ કહે: એટલે સરકારનુંયે માનો અને છોકરાનુંયે માનો, એમ જ ના!

ડોસાએ બિલને વિષે વાત કરતાં કહ્યું: વાઇસરૉયને મંજૂરી આપ્યા વિના ન જ ચાલે. બધી ચળવળ બનાવટી છે. ત્યાંની વર્ણાશ્રમ પરિષદમાં

ત્રણસેં ચારસેં માણુસો આવેલા એમ કહે છે, પણ એમાંના ઘણાખરા આપણા ગુજરાતીઓ હતા અને તે પણ ત્યાંના ગુજરાતી ગોવર્ધનનાથજીને માનનારા! આ બિલથી તટસ્થતા શી રીતે તૂટે? મૂળનો જે કાયદો છે તે કાયદો જ તટસ્થતા તોડનારો છે.

બર્નાર્ડ શોને મળી આવ્યા હતા. કહેતા હતા કે શો કહે: તમને એ સ્વરાજ્ય મેળવી આપશે, પછી આ મહાત્માનું શું કરશો? એ માણુસ તો કશા ખપમાં નહીં આવે.

લલ્લુકાકા કહે: એ નિવૃત્ત થઈ જશે. એટલે શો કહે: અથવા સ્વરાજ્ય સરકાર એને જેલમાં મૂકશે.

આ પછી થોડા જ વખત ઉપર વર્ણવેલા દેવધર આવ્યા. કાળાં કોટપાટલૂન અને ગુલાબી પાઘડી. એમની એકસઠ વર્ષની વય જરાય દેખાતી નથી, ૫૦ વર્ષના લાગે છે; પણ બાપુની કલમ હલતી'તી તે જોઈને કહે: મારા પણ હાથ ધ્રૂજે છે.

ઝામોરિન ઘરાક જોઈને કેવાં પડીકાં બાંધે છે તે એમની પાસે જાણવાનું મળ્યું. ઝામોરિને એને કહ્યું: મને નવાઈ લાગે છે કે તમારા જેવા માણસ કેમ આ ચળવળમાં જોડાય છે? આ તો રાજદ્વારી તૂત છે. ક્રાન્તિકારી પ્રવૃત્તિઓને મદદ કરવા માટે ઊભી કરેલી ચાલાક તદબીર સિવાય આમાં બીજું કશું નથી!

બિલને વિષે રાજગોપાલાચાર્યે કેવી રીતે વાઇસરૉયને મોકલવાનો તાર ઘડી આપ્યો, પોતે અંદર કેવા સુધારા કર્યા, તેનું વર્ણન કર્યું. અને યુવકો કેવી રીતે આ લડતમાં આપણી સાથે છે એનો પણ ખ્યાલ આપ્યો.

લક્ષ્મણ શાસ્ત્રી જોષીએ પૂનાના સનાતનીઓની સભાનાં પાખંડોનું વર્ણન આપ્યું. પ્રચલિત અસ્પૃશ્યતા શાસ્ત્રમાં નથી એ બાપુની વાત નવી જ છે અને પાખંડ છે એમ બતાવવાનો એ લોકોએ કલાકના કલાક સુધી કેમ પ્રયત્ન કર્યો, લક્ષ્મણ શાસ્ત્રીને પાંચ મિનિટ કેવી મહાપરાણે આપવામાં આવી, 'ચાંડાલ'ની વ્યાખ્યા કેવી અપાઈ અને હાલના અસ્પૃશ્યો બધા અંદર કેવી રીતે આવી જાય છે, તે વર્ણવ્યું. **सतां हि संदेहपदेषु वस्तुषु प्रमाणमंतःकरणप्रवृत्तयः।** એ સ્વીકારાય; પણ ગાંધી સંત છે એમ જ કોણ કબૂલ કરે છે!

પૂનાની કૉલેજના એક વિદ્યાર્થીને લખતાં:

૧૭-૧-'૩૩ "મિશ્રવિવાહનો હું હિમાયતી છું એમ કહેવું એ યથાર્થ નથી. મિશ્રવિવાહનો હું વિરોધ નથી કરતો એમ કહી શકાય. આ એ વસ્તુમાં ભેદ છે. મિશ્રવિવાહનો હું હિમાયતી છું અથવા તો હું વિરોધ નથી કરતો એમ કહેવામાં પણ થોડી ગેરસમજ થાય એમ છે, કેમ કે મિશ્રવિવાહનો તમારો અને મારો ખ્યાલ જુદો છે. આજે ખરા બ્રાહ્મણ અને ખરા શૂદ્ર થોડા જ જોવામાં આવે છે. એટલે જેને તમે અમિશ્રવિવાહ ગણો તે મિશ્ર હોવાનો સંભવ છે, અને જેને હું મિશ્રવિવાહ છે એવી લૌકિક ભાષાનો સ્વીકાર કરું ત્યાં ખરું જોતાં અમિશ્રવિવાહ હોવાનો સંભવ હોય. જેમ કે એક શૂદ્ર ગણાતી બાળા બ્રાહ્મણ બાળાના ગુણો ધરાવતી હોય તે ખરેખર બ્રાહ્મણ યુવકને પરણે એને હું અમિશ્રવિવાહ ગણું, જોકે તમે મિશ્રવિવાહ ગણો. એથી ઊલટું બ્રાહ્મણ લક્ષણવાળી શૂદ્ર ગણાતી બાળાને શૂદ્ર લક્ષણવાળો બ્રાહ્મણ કહેવાતો યુવક પરણે તો મારે મન એ મિશ્રવિવાહ થયો. તમે પણ તેને મિશ્રવિવાહ ગણો. પણ આપણા બંનેનાં કારણ નોખાં હશે.

"આટલા ઉપરથી તમારે સમજી લેવું જોઈએ કે સિદ્ધ થયેલા વિજ્ઞાનનો હું કોઈ પણ રીતે અનાદર નથી કરતો. પણ સાથે સાથે આટલું પણ તમારે ધ્યાનમાં રાખવું ઘટે છે કે વિજ્ઞાનમાં આજે સ્વીકારાયેલું સત્ય આવતી કાલે અસત્ય ઠરવાનો અસંભવ નથી હોતો. અનુમાન ઉપર રચાયેલાં શાસ્ત્રોમાં હંમેશાં આ મૌલિક અપૂર્ણતા રહેવાની જ છે. એટલે તેને આપણે વેદવાક્ય ગણી નથી શકતા. મારો અભિપ્રાય છે કે વર્ણાશ્રમધર્મને હું સમજું છું અને માનું છું. પણ વર્ણાશ્રમધર્મનો અર્થ પણ આપણે જુદી રીતે સમજતા જણાઈએ છીએ.

"આટલું કહ્યા છતાં મારે તમને ચેતવવા જોઈએ કે જો તમે શાસ્ત્રીય પદ્ધતિથી અસ્પૃશ્યતાનો પ્રશ્ન વિચારવા ઇચ્છતા હો તો રોટીબેટી-વ્યવહારને એ પ્રશ્નની સાથે સંબંધ નથી એમ જાણીને તમારે વર્તન ઘડવું જોઈએ. હું તો આજે છું અને કાલે નથી. પણ આ પ્રશ્ન તો મારી પછી પણ હશે જ. રોટીબેટી-વ્યવહારનો પ્રચાર હું અત્યારે મુદ્દલ નથી કરી રહ્યો. એ પ્રચાર કરું ત્યારની વાત ત્યારે. મારામાં કેટલાક દોષો જોવાને લીધે હું એક શુદ્ધ કામ કરતો હોઉં તે કામને વખોડવું એ શાસ્ત્ર નથી, નીતિ પણ નથી."

**ધર્મદેવની સાથે સંવાદ :**

બાપુ : શુદ્ધ બ્રાહ્મણ અને શુદ્ધ બ્રાહ્મણીનું સંતાન બ્રાહ્મણ થાય એટલી આનુવંશિકતા હું સ્વીકારું છું. એ બ્રાહ્મણ પોતાના છોકરાને શૂદ્ર તરીકે ઉછેરે તો તે વર્ણપતિત થયો. એ પતિત બ્રાહ્મણ થયો.

ધર્મદેવ : પણ એને બ્રાહ્મણ શેનો કહીએ ?

બાપુ : વર્ણોમાં ઊંચનીચતા નથી જ. પેલાને પતિત તો એટલા માટે કહીએ કે એ પોતાનું પતિતત્વ છોડીને પાછો બ્રાહ્મણ થઈ શકે છે. ઊંચનીચની વાત છોડો. ધારો કે સુથાર સુથારકામ છોડી દે અને પાયખાનાં સાફ કરવાનું જ કામ લઈ લે. તો ગીતાજી એને કહે છે કે એ ધર્મચ્યુત થયો. स्वधर्मे निधनं श्रेयः । સુથાર સોનીનું કામ કરવાની કોશિશ ન કરે. એ જ રીતે એ વેદની શિક્ષા લેવા ચાલ્યો જાય તોપણ હું તેને પતિત સુથાર કહું. ધર્મ અને કર્મ (વ્યવહાર)નો સમન્વય કરવો છે. લોકોને સાહસિક બનાવવાની વાત કરીએ અને કહીએ બધા વેપાર કરે, તો એ ચાલે ? એટલે આનુવંશિક ધંધા ઠરાવ્યા. આપણે તો એ કહીએ કે તમારી બુદ્ધિશક્તિનો સમાજના નિત્ય કલ્યાણને માટે ઉપયોગ કરો. આજે કંચનજંઘા ઉપર ચડાઈ કરનારાઓની સ્તુતિ થાય છે. મારું દિલ એની સ્તુતિ નથી કરતું પણ નિંદા કરે છે. આપણે ત્યાં શોધ નહોતી થતી એમ નહીં. પતંજલિએ અહિંસાની શાસ્ત્રીય શોધ કરી હતી.

ધર્મદેવ : તો શું પોતાનામાં વર્ણોચિત ગુણ હોય તો તે ન વધારે ? હું ક્ષત્રિય છું, પણ મારામાં ક્ષત્રિયતા નથી. તમે વૈશ્ય છો, પણ તમારી વૈશ્ય પ્રવૃત્તિ ક્યાં છે ?

બાપુ : મેં શુદ્ધ સામાજિક વ્યવસ્થાની વાત કરી. આજે એવી વ્યવસ્થા નથી. આજે વર્ણસંકર થઈ ગયો છે. કારણ આશ્રમનો લોપ થઈ ગયો છે. આજે તો એક જ આશ્રમ રહ્યો છે, ગૃહસ્થાશ્રમ. અને તેય ધર્મનો નહીં, પણ સ્વેચ્છાચારનો. અને વર્ણ રહ્યા છે, શૂદ્રનો. આપણે આજે પરરાજ્યના ગુલામ છીએ. કારણ ક્ષત્રિયો રહ્યા નથી, બ્રાહ્મણો રહ્યા નથી, વૈશ્ય રહ્યા નથી. વૈશ્યો તો પૈસા પેદા કરવામાં લાગ્યા છે. શૂદ્રો પણ કેમ કહેવાઈએ ? પરિચર્યા પણ બળાત્કારથી કરીએ છીએ, ધર્મ માનીને નહીં. એક શાસ્ત્રીએ મારી પાસે કબૂલ કર્યું કે આપણે સૌ કર્મચાંડાલ છીએ. આ ચાંડાલ જાતિ શું કરે ? વર્ણધર્મ પેદા કરવાનો પ્રયત્ન કરે ? હું નથી કહેતો કે આ જ નામવાળો એ વર્ણધર્મ હોવો જોઈએ. શાસ્ત્રોએ તો અનાદિ ધર્મ બતાવ્યો છે, અને વર્ણવ્યવસ્થાની વાત કરી છે. મારી તો આજે સાધના ચાલે છે.

આ બાબતમાં હું આત્મશ્રદ્ધાથી નથી બોલી શકતો કારણ મારી સાધના ઓછી છે.

ધર્મદેવ: તો આપ એમ કેમ નથી કહેતા કે હું કોઈ પણ વર્ણમાં માનતો નથી, જ્યારે આજે કોઈ વર્ણ જ નથી? આપે કહ્યું છે, બ્રાહ્મણ જન્મથી થાય છે. પણ બ્રાહ્મણત્વ જન્મથી નથી. जन्मना जायते शूद्रः ।

બાપુ: આમાં મારો તમારી સાથે ઝઘડો છે. આર્યસમાજીઓએ પોતાની બુદ્ધિ અટકાવી દીધી છે. મારી ભાષા સૂત્રરૂપ છે, એમાં અણઘડતા છે. એટલે એમાંથી અનેક અર્થ થાય છે.

ધર્મદેવ: તમે કહો છો, બ્રાહ્મણોએ પોતાના પૂર્વના ઉચ્ચ સ્થાને પહોંચવું જોઈએ.

બાપુ: સાચી વાત છે, હું વૈશ્ય જન્મ્યો છું. પણ મારામાં લોકો કેટલીક વસ્તુ બ્રાહ્મણોચિત જુએ છે અને કહે છે કે આ બ્રાહ્મણ છે. મારે તો આજીવિકા આજે શૂદ્રત્વમાંથી મેળવવી રહી. આશ્રમમાં બધા આઠ કલાક કામ કરીને ખાય છે. મારો આ સામ્યવાદ (કૉમ્યુનિઝમ) હિંદુ ધર્મમાંથી આવ્યો છે. રસ્કિને પણ એ જ શીખવ્યું. પણ આજે તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર સૌને કરોડપતિ બનવું છે. એટલે મેં કહ્યું, સૌને, બૅરિસ્ટરને અને શૂદ્રને એકસરખું આપો. દરેક પોતપોતાની બુદ્ધિ સમાજને સેવાર્થે આપે. આખો સમાજ ત્યાગ કરે તો સમાજ ભૂખે ન મરે. જુગારિયાઓ પણ પોતાનું બધું સહિયારું રાખે છે. આપણે તો જુગારીઓથી પણ ગયા. સ્ટીમરો ઉપર મેં એવા ઉદાર જુગારીઓ જોયા છે જે પોતાનું ખાનગી કરી પોતાના ખિસ્સામાં કશું નથી લઈ જતા, પણ સાથે બેસીને ઉડાવી દે છે. આજની સ્થિતિ જોઈને રાતદિવસ મારું હૃદય રડે છે. આંખમાંથી આંસુ નથી નીકળતાં, પણ દિલ રડે છે. આશ્રમ જે પારકાને પૈસે ચાલે છે ત્યાં કોઈ અસત્ય ચલાવે છે, વિકારવશ થાય છે તો હું રોઉં છું. આશ્રમમાં જે પ્રયોગ કરું છું તે જગતમાં પણ ચાલે એમ ઇચ્છું છું. એમાં નિષ્ફળ થાઉં અને એને સફળ કરવા હજાર જન્મ ભલે લેવા પડે. બુદ્ધિનો પોતાના ખાનગી લાભને માટે જે ઉપયોગ કરે એ કામનો જ નથી. બુદ્ધિનો સમાજને માટે જ ઉપયોગ કરવો જોઈએ. મારે તો નવી ભાષામાં મારા વિચારો બતાવવા રહ્યા.

ધર્મદેવ: પણ તમે તો વર્ણ-કર્મ બંને માનો છો એમ પણ કહો છો.

બાપુ: જુઓ એક ન્યાયની વાત છે. આપણે ગમે તેટલો પ્રચાર કરીએ પણ લોકો એને કાન ન દે તો શું થાય? એટલે મનુષ્યને માટે મૌન

સેવવાનું કહ્યું છે. સત્યના કરતાં બીજો પ્રચાર કર્યો હોય? મેં વર્ણધર્મ શું છે એ કહી દીધું, પણ આજે એનો હું પ્રચાર નથી કરતો કારણ એ અપ્રસ્તુત છે. વર્ણધર્મમાં ઊંચનીચતાનો ભાવ નથી, પણ અસ્પૃશ્યતામાં ઊંચનીચતાનો ભાવ છે. તેથી અસ્પૃશ્યતા એ વર્ણધર્મની અતિશયતા છે.

ધર્મદેવ: એ જાતિમાંથી ઉત્પન્ન થઈ.

બાપુ: હા, જાતિમાંથી; પણ અસ્પૃશ્યતા નીકળી જાય કે જાતિમાં ઊંચનીચભાવ નથી રહેવાનો. સૌથી મોટો જંતુ સાપ છે. એ સાપ અસ્પૃશ્યતાનો છે. બાકી વીંછી અને બીજા રહેશે તેની પરવા નથી, અસ્પૃશ્યતા નીકળે એટલે . . .

ધર્મદેવ: પણ એ જાતપાંત તોડ્યા વિના ન નીકળે.

બાપુ: આ ઉપવાસ શા સારુ કર્યા? ઊંચનીચભાવને નષ્ટ કરવા માટે જ.

ધર્મદેવ: આ સ્પષ્ટ કેમ નથી કહેતા? આપ જન્મ–કર્મ બંનેને ભેળવી દો છો.

બાપુ: હું તો કહું છું કે જાતિનો હું દુશ્મન છું, વર્ણનો હિમાયતી છું.

ધર્મદેવ: પણ તમે તો જન્મ–કર્મ બંનેને ભેળવો છો. હરિજનોને શૂદ્ર શા સારુ ગણવા? પણ તમે એ જ કહ્યું છે.

બાપુ: આજે હું એ વાક્ય નહીં કહું. આજે તો એટલું જ કહું કે એને ચાંડાલ ન ગણવો.

ધર્મદેવ: તમે સનાતન ધર્મને સ્પષ્ટ કેમ નથી કરતા? સનાતન ધર્મ એ નિત્ય ધર્મ છે.

બાપુ: સનાતન ધર્મ શબ્દમાં ભલે નિત્ય ધર્મ હોય પણ જનતા એ ન માને તો એનું નિત્યત્વ શી રીતે રહેશે? હું જૈન મતનો — અનેકાંતવાદી છું. એકે વસ્તુને હું એકાન્તિક સત્ય તરીકે નથી માનતો. એટલે હું આ ધર્મને સત્ય ધર્મ કહું, પણ સનાતન નહીં કહું — જ્યાં સુધી એને દુનિયા પણ ન માને.

ધર્મદેવ: એ અર્થ ક્યાંથી કાઢ્યો?

બાપુ: એ ઐતિહાસિક અર્થ છે. ગોધ્નનો ઐતિહાસિક અર્થ જુદો, સાચો અર્થ જુદો.

ધર્મદેવ: નહીં. તમે તમારી સ્થિતિ સનાતનધર્મીઓ આગળ સ્પષ્ટ નથી કરતા. તમારે એ લોકોને કહેવું જોઈએ કે સનાતન ધર્મ એટલે નિત્ય ધર્મ, વૈદિક ધર્મ છે; એની વિરુદ્ધ તે અધર્મ. नास्ति वेदात् परो धर्मः ।

આપે એક ઠેકાણે કહ્યું છે કે શાસ્ત્ર બુદ્ધિ અને હૃદય બંનેને માન્ય હોવું જોઈએ. વેદમાં બુદ્ધિ વિરુદ્ધ વાત નથી.

બાપુ: એ શાસ્ત્રીઓ છે અને દુહિતૃ શબ્દ વિષે એ લડે છે. એક કહે છે એનો અર્થ છે દીકરી, બીજો કહે છે ગાયને દોહવાવાળી. બંને વાદમાં ચાલ્યા ગયા અને ન્યાયાધીશ કહે છે કે બંનેને ફાંસી દો, કારણ એક એક વાત કરે છે, બીજો બીજા જ અર્થમાં એ વાત કરે છે. તેમ જ સનાતન ધર્મના એકબીજાથી ભિન્ન અર્થ કરી આપણે વાત ન કરી શકીએ. એટલે કહું છું કે સનાતન ધર્મનો તમે અનર્થ કરી રહ્યા છો. દશ વર્ષની છોકરી પરણાવવાનો સનાતન ધર્મ કહેવાય છે. જો હવે એ વાતને લોકો સાથ ન દે તો એને સનાતન ધર્મ કોણ કહે? એ લોકો કહે છે અમારી પાછળ કરોડો લોકો છે, હું કહું છું કે મારી પાછળ કરોડો લોક છે. હું તો કહું છું કે હું તો પ્રાચીન ધર્મની જ વાત કરું છું, જેનો મારો અર્થ આ છે. એક જણે કહ્યું કે તમે તમને આર્યસમાજી તરીકે જાહેર કરો. મેં કહ્યું શા સારુ? લોકો મને માનતા બંધ થઈ જાય એટલા માટે? હું સ્મૃતિ, ઇતિહાસ, પુરાણ બધાંને છોડું? મેં મૂર્તિપૂજાનો એક જુદો અર્થ કાઢ્યો છે, એ મૂર્તિપૂજામાં હું માનું છું. હું તો કહું છું ખ્રિસ્તી અને ઇસ્લામી પણ મૂર્તિપૂજક છે. મારો તો ધર્મ એ છે કે સંગ્રહ કરવા યોગ્ય વસ્તુનો સંગ્રહ કરું અને બાકીનો ત્યાગ કરું. એટલે કહું છું કે મારે નવું નામ નથી લેવું. હિંદુ ધર્મ નામ મારે માટે બસ છે. હિંદુ ધર્મ મારે માટે અગાધ સમુદ્ર છે. એમાં અનેક વસ્તુઓ આવી જાય છે. એટલે હું પોતાને આર્યસમાજી નહીં, બ્રહ્મસમાજી નહીં પણ હિંદુ જ મનાવું છું.

ધર્મદેવ: તમે મૂર્તિપૂજા કયા અર્થમાં માનો છો? આચાર્ય રામદેવ કહે છે કે મંદિર એક સાર્વજનિક સ્થાન છે એ માટે એ બધાને માટે ખુલ્લું હોવું જોઈએ. બાકી આપણો પ્રયત્ન તો એવો હોય કે પૂજારીઓ મૂર્તિપૂજા છોડે.

બાપુ: અહીં મારો મતભેદ છે. હું માનું છું કે કાશીવિશ્વનાથમાં ઈશ્વરદર્શન કરનારને ઈશ્વરદર્શન થાય છે. મારી માતા હવેલીનાં દર્શન કર્યાં વિના ખાતી નહીં. એ મને કહેતી કે હું ત્યાં પવિત્ર થવા માટે, મારું ધર્મપાલન થાય એ માટે જાઉં છું. મેં એને પ્રણામ કર્યા. મને થયું એ માતાને હું શો ધર્મ શીખવીશ? આ બધી વાતો કાલ્પનિક છે અને ભાવના ઉપર આધાર રાખનારી છે.

ધર્મદેવ: પણ પથ્થરને રોટી માની લેવાશે?

બાપુ : હા, કોઈ મનુષ્ય પથ્થર રોટી સમજીને ખાશે તો તેને તે ક્ષણે તો શાંતિ જ થશે. વિશ્વામિત્રે પેલું માંસ ચોરી કરીને લીધું. સંધ્યા-સ્નાન કર્યું, અને પછી તેને ફેંકી દીધું. પણ પ્રથમ એણે એ લીધું એટલે શાંતિ થઈ હતી ના? હું તો સત્યાર્થી છું, ઈશ્વરશોધક છું, રોજ રોજ મને નવાં રત્નો મળે છે તે આપતો જાઉં છું. એવું જ આજે સવિનયભંગ અને અસ્પૃશ્યતાવાળું નિવેદન કાઢ્યું એમાં છે. એ ન સમજાય કારણ કે સત્યાગ્રહનું શાસ્ત્ર નવું છે, લોકો એને ટેવાયા નથી.

ધર્મદેવ : કેટલાક કહે છે કે અંતરના અવાજથી તમે તો નવો વેદ કાઢી રહ્યા છો.

બાપુ : ભલેને કહે! હું માનું છું કે વેદ નવો હોઈ જ ન શકે. વેદ તો અનંત છે. કોઈના પણ હૃદયમાં ઈશ્વર પ્રેરણા કરે અને તે બોલે તો એ વેદ છે. મહમદે કહેલું પણ વેદવાક્ય હોઈ શકે. માટે તો સત્ય વેદ છે.

ધર્મદેવ : વેદ સત્ય છે.

બાપુ : ભલે, પણ વેદનો અર્થ શુદ્ધ જ્ઞાન, અને શુદ્ધ જ્ઞાનનો સત્યથી વિરોધ ન હોય. નીતિવિરુદ્ધ કે સત્યવિરુદ્ધ વચન આવે તો તમારે કહેવું એ વચન પ્રાક્ષિપ્ત છે. અથવા એ વેદવચન હોય તો તે મને માન્ય નથી.

ધર્મદેવ : સત્યાર્થપ્રકાશ હજી આપને નિરાશાજનક પુસ્તક લાગે છે?

બાપુ : નથી લાગ્યું એમ મેં હજી નથી કહ્યું. શું કરું?

ધર્મદેવ : જે કાળે તમે કહેલું તે કાળે તો તમારે કોઈ પણ રીતે હિંદુમુસ્લિમ ઐક્ય કરવું હતું એટલે એમ કહેલું.

બાપુ : એટલે હું જૂઠું બોલેલો?

ધર્મદેવ : નહીં. પણ તે વાતાવરણની અસર તમારા ઉપર થયેલી. હું વિનંતી કરું છું કે એ પુસ્તક પાછું વાંચી જવાની મહેરબાની કરો. મેં એ અનેક વાર વાંચ્યું છે અને દરેક વાર વાંચતાં મને એમાંથી નવું નવું મળ્યાં કરે છે.

બાપુ : એ હું માનું છું. પણ મારે આજે વાંચવાનો વખત ક્યાંથી કાઢવો? પણ જોઈશ.

આના પહેલાં લેડી ઠાકરસી આવી ગયાં. આજે બહુ બેઠાં. બિચારાં કેવળ બેસવાને માટે જ આવ્યાં હતાં. જેમ જેમ એના સંબંધમાં આવતો જાઉં છું તેમ તેમ એ વધારે વધારે પીઢ લાગતાં જાય છે. બહુ ઓછાબોલાં છે. 'પ્યારેલાલ તો ગયા' કહીને કહેવા લાગ્યાં : લલ્લુભાઈ કહેતા હતા કે આ લડત હવે નબળી પડતી જાય છે, હવે એ બંધ કરવામાં આવે તો સારું.

પણ મને એમ નથી લાગતું. એ તો ભરતીઓટ થયાં કરે. લડત બંધ કરવામાં આવે તો સેંકડો બિચારા જે ગયા છે તેમનું શું થાય? કેટલાય લોકોએ કેટલું દુઃખ વેઠ્યું છે, ખુવાર થઈ ગયા છે તે બધા હતાશ થઈ જાય.

બાપુ કહે: સાચું.

પછી કહે: તમને છોડવાની વાત ચાલી ત્યારથી અમારા ઉપર વારંવાર તાર આવે છે. મુંબઈથી ટેલિફોનો આવે છે. મને નથી લાગતું તમને છોડે. કારણ છોડીને પાછા પૂરવા તો રહ્યા જ.

બાપુ: તમે તદ્દન સાચી વાત કરી. મને તો હું વિલાયતથી આવ્યો ત્યારે જેલમાં પૂરવાને બદલે બોલાવ્યો હોત તો આ લડત થાત જ નહીં. સરકારે લડવાનો પેગામ મોકલ્યો. તો પછી કોઈ લડવૈયો ના પાડે કે? એમાં તો દેશનો આત્મા હણાઈ જાય.

લેડી: સાચી વાત છે. દેશની હિંમત જ ભાંગી જાય. લડવાની શક્તિ જ રહે નહીં.

આમને આવી વાત કરતાં કેમ રોકી શકાય? એમના જેવા ભોળા દિલની બાઈ આગળ વાતની મર્યાદા પણ શી રીતે સંભળાવી શકાય? પછી સનાતનીઓની વાતો નીકળી. બાપુએ અહીંનું બધું વીતક કહી સંભળાવ્યું. લેડીએ ગૌરના છૂટાછેડા બિલને વિષે પૂછ્યું.

બાપુ કહે: આપણે કોઈને કહીએ નહીં કે તમે છૂટાછેડા કરો, પણ એ જણાને બિલકુલ બનતું જ ન હોય, એક બીજાને જોઈને ઝેર વરસતાં હોય, તો તેમને છૂટાં પડવાનો અધિકાર નથી એમ કહેવાય? એક વાર તમે અધિકાર આપો, પછી એ અધિકારનો ઉપયોગ ન કરવા દેવાનું સમાજનું કામ છે. . . .નો કિસ્સો લો. સારી કેળવાયેલી બાઈ છે. એના ધણીએ એને કદી બોલાવી નથી, એનું મોં જોવાની ના પાડે છે. એનું શું થાય? લંડનમાં મારા ઉપર કાકાનો કાગળ આવ્યો કે એ બાઈની બીજા સાથે પરણવાની ઇચ્છા છે. મેં એ લોકોને કહ્યું કે કાયદો આમ કહે છે. કાંઈ સાત વર્ષની સજા છે એમ વલ્લભભાઈ કહેતા હતા. પણ તમને મારા આશીર્વાદ છે, જો તમારી જેલમાં જવાની તૈયારી હોય તો! એનાં હવે એક યુવક સાથે લગ્ન થઈ ગયાં છે અને કોઈએ કશું પૂછ્યું પણ નથી. આવા કિસ્સામાં શું થાય?

લેડીએ મિશ્રવિવાહની વાત કાઢી અને કહ્યું: આ સનાતનીઓ આ મિશ્રવિવાહની વાતથી બહુ ડરી ગયા છે.

બાપુ: હવે એમાં પણ હું સમજાવું. આજે અસ્પૃશ્યતાને અંગે એનો હું પ્રચાર નથી કરતો. પણ એ વસ્તુ મને પસંદ છે એ વિષે શંકા

નથી. લક્ષ્મીનો દાખલો લો. એને મેં બ્રાહ્મણની છોકરીની જેમ કેળવી. એ આજે આશ્રમની બાળા છે. એને હું ઢેડને ત્યાં પરણાવું તો ભયંકર સંકર કરું, એમ મને લાગે છે. એનો બાપ ઇચ્છે છે કે હું એને માટે ઢેડ વર શોધું. એ છોકરીને ઢેડને પરણવું હોય તો ભલે પરણે, પણ મારે તો એને માટે સંસ્કારી વર જ શોધવો રહ્યો. અને એવો મેં શોધ્યો. . . .એ જ પસંદગી કરી અને અમે નક્કી કર્યું. એ યુવકને પણ ઉતાવળ નથી. લડત જાગી એટલે છોકરી જેલમાં ગઈ. પેલો કહે છે, અને છોકરી પણ કહે છે કે તમે પરણાવશો ત્યારે પરણીશું. અમારે કશી ઉતાવળ નથી. આવો સંયમ જાણનારાં બંનેનો વિવાહ એને હું યોગ્ય વિવાહ ગણું, પણ સંકર ન ગણું.

સાંજે આ જ વિષે વાત કરતાં કહે: આ જ વસ્તુ વિષે નિરંતર વિચાર ચાલ્યાં કરે છે અને મારા પોતાના વિચાર વિશેષ ને વિશેષ સ્પષ્ટ થતા જાય છે. મારી આગળ સવાલ કરવામાં આવે ત્યારે જવાબ દેતાં દેતાં પણ મારા વિચારમાં સ્પષ્ટતા વધતી જાય છે. આમ કહીને વર્ણાશ્રમ ધર્મ વિષેના વિચારો વિસ્તારથી ધર્મદેવની આગળ આજે જ કહ્યા હતા તેનો સંક્ષેપ પાછો કહી સંભળાવ્યો.

જેલમાં કાંતણકામ આપવા વિષે ડૉઈલને લાંબો કાગળ લખ્યો હતો તેના જવાબમાં એ પોતે કાલે આવીને મીઠી મીઠી વાત

૧૮–૧–'૩૨ કરી ગયો. વાતમાંથી આવીને મને કહે: મક્કાર શબ્દ સાંભળ્યો છે?

મેં કહ્યું: હા; લુચ્ચો, મુત્સદ્દી એ અર્થ છે.

બાપુ કહે: હા, એવો એ છે!

પણ સાંજે જ કાંતણમાંથી જેલની આવકમાં કેમ વધારો થઈ શકે એ બતાવનારી એક યોજના ઘડી અને જેલમાં એક કેદી રોજનો સવા પૈસો કમાય એ હિસાબે પણ વીસ રૂપિયા રોજનું નુકસાન થાય છે એમ બતાવી આપવાનો પ્રયત્ન કર્યો. અને આજ સવારે એ યોજના મેજર ભંડારીને મોકલી આપી.

'હિંદુ'માં એના પ્રતિનિધિએ એક વાહિયાત રિપોર્ટ મોકલ્યો તે જોઈને બાપુ બહુ ચિડાયા. 'હિંદુ'ને તાર કર્યો કે 'જેને મારી મુલાકાતનો અહેવાલ કહેવામાં આવે છે તેમાં તો થયેલી વાતચીતનો પૂરો ભાંગરો વટાયો છે. વળી એ ન છાપવાની પણ મેં ચેતવણી આપી હતી.'

પેલા પ્રતિનિધિને પણ તાર કર્યો: 'મુલાકાતનો તમારો અહેવાલ એહૂદી વિકૃતિથી ભરેલો છે. એ છાપવામાં તમે વિશ્વાસઘાત કર્યો છે.

ભારે દુ:ખ થયું. પણ આનાથી જે ખોટું થવાનું તે થોડુંઘણું તો થઈ જ ગયું.'

આટલા ઠપકા છતાં સુધારો કરવા જેટલી સારમાણુસાઈ સ્વાર્થી ખબરપત્રીઓમાં હોય તો ના?

ફૂલચંદને વીસાપુર કાગળ લખતાં:

"તમારે ત્યાં કાંતણકામ ચાલે છે, અહીં તો શાસ્ત્રીઓના સંવાદ ચાલે છે. કોઈ વળી રિસાઈ જાય છે. શાસ્ત્રીઓ તરફથી મારી ઉપર ગાળોની ઠીક વૃષ્ટિ ચાલી રહી છે. આજ લગી મને જેની ખબર નહોતી એવી મારી એબો પ્રગટ થઈ રહી છે. મારાં વચનોમાંથી મેં કદી ન કલ્પેલા હોય એવા અર્થો ખેંચી કાઢવામાં આવે છે, અને એવાં સાધનોથી 'સનાતન ધર્મ'નો વિજય ડંકો વગાડવામાં આવે છે. આની પાછળ ખરું જોર નથી એ વિશ્વાસે અમે હસીએ છીએ. જો એમાં ખરું જોર હોય, લોકમત એવો હોય તો પ્રસંગ હસવાનો ન ગણાય, રોવાનો જ ગણાય; રોવું જ આવે. કહેવાતા સનાતનીઓની આ હિલચાલ સૂચવે છે કે અસ્પૃશ્યતાના પાયા હલી ગયા છે, અને મકાન થોડા સમયમાં ધસી પડશે."

૧૯-૧-'૩૨ આજે સવારે વલ્લભભાઈએ કલકત્તાના અસ્પૃશ્ય ધારાસભ્યના આવેલા કાગળની વાત કાઢી અને એને શો જવાબ આપ્યો છે એ પૂછ્યું.

બાપુ કહે: એને લખ્યું છે કે તમે નિશ્ચિંત રહેજો. હું જવાબ આપત, પણ નકામો દેશમાં ભડકો થાય એટલે ચૂપ બેઠો છું. પછી જરાક થોભીને વલ્લભભાઈને કહે: આ બધું ચાલી રહ્યું છે તે સારું જ છે એમ તમને લાગે છે ને? મને તો લાગે જ છે. ૧૯૨૨માં ઘણી વાર થતું કે અરે, દેશમાં આમ કેમ થતું હશે? પણ આ વેળા તો સમૂળગો આનંદ જ થાય છે. એમ થાય છે કે આખી લડત પડી ભાંગે, ચૂરેચૂરા થાય, જેલમાં બેઠેલા છે તેમાંના પણ ઘણા નીકળી જાય અને આપણે બોબા જેટલા રહીએ એ સારામાં સારી વાત છે. તો જ લડત તેજસ્વી થશે અને બધો કચરો એકઠો થઈ રહ્યા પછી તેને બાળી નાખવાને જ જાણે લડત પાછી ભભૂકી ઊઠશે. દક્ષિણ આફ્રિકાનો મારો અનુભવ એ જ કહે છે. વચ્ચે લડત તદ્દન પડી ભાંગી, પણ છ વર્ષ પછી પાછી ભભૂકી ત્યારે તેનો એવો અંત આવ્યો કે જેને માટે આજે પણ મને એમ જ થાય છે કે એ ઉત્તમ અંત હતો, અને જે સમાધાન થયું તેવું કોઈ પણ રીતે મળી શક્યું ન હોત.

ડૉઈલની કેટલીક રીતભાતથી બાપુને ઘણી વાર ઠાકરિયા વીંછીની ઉપમા એને આપવાનું મન થઈ જાય છે. હમણાં મેજરને એવા ઑર્ડર આપી ગયો કહેવાય છે કે કોઈને એક કાગળમાં આવેલા વધારે કાગળો આપવા નહીં, અને એક કાગળમાં વધારે લખવા દેવા નહીં.

મીરાબહેનને ગયે અઠવાડિયે લંડનના મિત્રોના ઘણા કાગળો મોકલ્યા હતા એટલે એ કાગળ ન આપવામાં આવ્યો હોય એમ લાગે છે. એથી એણે ઠીક ચિંતા ભોગવી. એનો ઉલ્લેખ કરીને બાપુએ લખ્યું :

“આ પ્રસંગ ઉપરથી એટલો પાઠ તો તું શીખી જ જા કે ફરી આવો ગોટાળો થાય ત્યારે તારે માની જ લેવું કે મેં હંમેશની જેમ કાગળ લખ્યો જ હશે, ભલે તારો અઠવાડિક કાગળ મને ન મળ્યો હોય. કાંઈ ગોટાળો થયો હોય તો તે મારા કાબૂ બહારનાં કારણોથી જ થયો હશે. હું માંદો પડ્યો અથવા બીજા કોઈ કારણથી તને ન લખી શક્યો તો તને ખબર તો આપવામાં આવે જ કે આ અઠવાડિયે મેં કાગળ લખ્યો નથી. એનો અર્થ એ કે તારે ગમે એવાં કારણો કલ્પી ન લેવાં પણ ખબર મળવાની ધીરજ રાખવી. કાંઈ ખબર ન મળે તો ખરાબની કલ્પનાઓ ન કરવી. ઈશ્વર દયાસાગર છે એટલે આપણે કાંઈ કલ્પના કરીએ તો શુભની જ કરીએ. જોકે ગીતાનો ભક્ત તો કશી જ કલ્પના ન કરે. સારું અને નરસું છેવટે તો સાપેક્ષ છે. ઈશ્વરનો ભક્ત જે ઘટનાઓ બને તેની નોંધ લે છે અને સ્વાભાવિક રીતે પોતાને ભાગે આવેલું કામ કરતો રહે છે. સારું યંત્ર યાંત્રિકના હાથમાં જેમ બરાબર ચાલે છે તેમ આપણે પણ એ મહાન યાંત્રિકના ચલાવ્યા ચાલવાનું છે. બુદ્ધિવાળાં માણસને માટે આવા યંત્ર બનવું બહુ મુશ્કેલ છે. પણ આપણે શૂન્ય થઈ જવું હોય અને પૂર્ણતાને પામવું હોય તો બરાબર આમ જ કરવું જોઈએ. યંત્ર અને માણસ વચ્ચે મૂળ ભેદ તો એ છે કે યંત્ર જડ છે, જ્યારે માણસ સંપૂર્ણ ચેતનમય છે. માણસ એ મહાન યાંત્રિકના હાથમાં યંત્ર બને છે તે જ્ઞાનપૂર્વક બને છે. શ્રીકૃષ્ણે આ વસ્તુ આ જ શબ્દોમાં મૂકી છે :

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥”

કાગળ લખવાની કળા વિષે નરસિંહમને :

“૫૦ અને ૯૦ મને લખે તોપણ તમે મને લખતા રહો એ જરૂરનું છે. તમે મને જે કહો તે તેઓ ન કહી શકે. કાગળો પણ અમુક સંકલ્પ-પૂર્વક લખ્યા હોય તો તેનું નિરાળું વ્યક્તિત્વ હોય છે. તમે જાણો છો,

અથવા તમારે જાણવું જોઈએ કે પત્રલેખન એ એક કળા છે. જેઓ સ્વાભાવિક રીતે અને મુદ્દાસર લખે છે, તેમનામાં એ કળા આવી જાય છે. તમારે એ કળા સંપાદન કરવી જોઈએ."

પૂના-કરારની સામેની બંગાળમાં ચાલી રહેલી હિલચાલ વિષે વલ્લભભાઈને વાત કરતાં કહે: જો અસ્પૃશ્યોના આંકડા વિષે ગરબડ હોય તો આપણે સુધારો કરવો જોઈએ. બાકી તો કશું કરવાપણું નથી લાગતું. દલિતવર્ગો સ્પૃશ્યો છતાં અસ્પૃશ્યો જેવા છે, તે ભલે પોતાને અંદર ગણાવે.

ઠક્કરબાપાને લખતાં લખ્યું:

"આ વિષે મને જે લખવું ઘટે તે લખજો. ક્યાંય પણ આપણી ભૂલ થઈ હોય તો આપણે સ્વીકાર કરીશું. ઉપવાસનું દબાણ થયું હોય તોયે જો ન્યાય જ થયો હોય તો કંઈ વિચારવા જેવું નથી. જો અન્યાય થયો હોય તો અવશ્ય વિચારવા જેવું રહે. મારા ઉપર 'અમૃતબઝાર પત્રિકા'ની કાપલીની કંઈ અસર નથી થતી. આ ધાંધલ છે કે એની પાછળ કંઈ છે? ધાંધલ છે, તો શા સારુ?"

સાથેના બીજા કાગળમાં:

"ગોખલે સંવત્સરી બાબત મને કરસનદાસે લખ્યું હતું. ગોખલેનું નામ સોંઘું કરવાની જરાય ઇચ્છા નથી થતી. ઓગણીસમી ગોખલેને શોભે તેમ ઊજવવા હજુ દેશ તૈયાર નથી. તેની પવિત્રતાની ને સેવાની આંકણી ઇતિહાસમાં થશે. આપણાં જીવતાં કદાચ નહીં થાય. અસ્પૃશ્યતાના દિવસો સ્વતંત્ર રીતે ભલે ઊજવાય. આ મારો દૃઢ અભિપ્રાય છે. તમને એમાં બહુ વજૂદ નથી લાગતું?

"'સંઘ' હજી દ્વારકાં તો નથી પહોંચ્યો પણ માથે તલવારો લટકી જ રહી છે. રાજાજીની તો છત્રી છે, પણ અટાણે તેણે તપવાનું છે એટલે છત્રી કેમ પાલવે? છતાં તમે હરિજીને અને એવા મુખ્ય યોદ્ધાઓને પૂછી જુઓ. તેઓ હા ભણે તો આગળ વધો, નહીં તો રાજાજીના કાગળને દાટી મેલો. મારી ઉપર તેનો કાગળ હતો એ મેં ઘનસ્યામદાસને મોકલ્યો હતો.

"તેને નામનો મોહ નથી. હું ઇચ્છું તો તે બદલવા તૈયાર થાય. મારી ઇચ્છા તો ખરી જ. પણ કાળ બળવાન રહ્યો. તે આપણી ઇચ્છાઓને સાપની જેમ જીવતી જ ગળી જાય છે. ત્યાં મારા જેવા મહાત્માઓ પણ અલ્પાત્માઓ જેવા લાગે છે. તેથી હું તો ચૂપ રહ્યો છું. તમારી પીઠ જબરી છે. તમારે બોજો ઊંચકવો હોય તો ઊંચકો. બાકી તો 'નામ ધરાવે હેતે હરિ, બાળપણામાં જાયે મરી.' સંઘના નામથી નથી

તે તરવાનું, નથી મરવાનું. સાચી આંકણી કામથી થશે. કામ યમરાજને શોભતું કરશું તો અસ્પૃશ્યતા ડાકણને આખી ને આખી ગળી જઈશું એ વિષે મને લવલેશ પણ શંકા નથી.''

૨૦–૧–'૩૩ હરિભાઉ ફાટક, શંકરરાવ ઠકાર, એનાં પત્ની, અને શ્રીમતી ભટ્ટ (બનારસવાળાં) આવ્યાં. શ્રીમતી ભટ્ટ મહારાષ્ટ્રી હોઈ હિંદી સરસ બોલતાં હતાં. બનારસમાં અસ્પૃશ્યતાનું કામ ડોમ વર્ગમાં કરે છે. ગુનેગાર જાતિઓ તરીકે જેને હાજરી ભરવી પડે છે એવા ડોમ માટે કાંઈ થઈ શકે કે કેમ એમ પૂછતાં બાપુ કહે: એને હાજરી ભરવી પડે છે તે માટે આપણાથી કાંઈ ન થઈ શકે. એ લોકોને સ્વચ્છતા વગેરે શીખવવાનું અને એમની અસ્પૃશ્યતા દૂર કરવાનું બધું કામ થઈ શકે.

નરગીસબહેનને મળી તેમનું મુંબઈનું કામ જોવાની સલાહ આપી. બનારસના પંડાઓ કહે છે કે સ્વચ્છ કપડાં પહેરીને અસ્પૃશ્યો આવશે તો અમે નહીં અટકાવીએ, પણ તમે ઢોલ વગાડીને ન આવો. તો એનો લાભ અસ્પૃશ્યોએ લેવો કે કેમ એ સવાલ પણ પૂછ્યો.

બાપુ કહે: એ લોકોને સલાહ આપવી કઠણ છે. પણ સલાહ પૂછવા આવે તો કહી શકાય કે તમારે સ્વચ્છ થઈ, સ્વચ્છ કપડાં પહેરી જવું, અને તમને પૂછવામાં આવે કે તમે અસ્પૃશ્ય છો તો જાતિ ન છુપાવતાં જાહેર કરવું.

ઠકારને ભવિષ્યનાં કામને માટે હંમેશ મુજબ સલાહ સંભળાવી. સંસાર કેમ ચલાવવો એની સલાહ પાછળ રહેલાંને મૃત માણસ શી રીતે આપી શકે? કિનારા ઉપર ઊભેલો માણસ સમુદ્રમાં ભરદરિયે પડેલાઓને શી સલાહ આપે? મેં કોઈને પોતે લીધેલી પ્રતિજ્ઞા છોડવાનું કહ્યું જ નથી. જેને એ કામ પસંદ ન હોય અથવા કંટાળ્યો હોય તે આ કામ કરી શકે છે. પણ એનો નિશ્ચય પોતાની મેળે જ કરે. અહીંથી એને માટે હું વિચાર ન કરી શકું.

તળેગાંવકર, જોધે અને એની સાથે બીજા ચાર પૂનાની મુશ્કેલીઓની વાતો કરવા આવ્યા હતા. આંબેડકરનાં માણસોમાં જઈએ છીએ તો કહે છે, અમારે તમારાં મંદિર નથી જોઈતાં, અમને રોટી આપો, નોકરી આપો, અમારે બીજી કશી વાત સાંભળવી નથી. તમે બાબાસાહેબ આંબેડકરને ન કહો કે આવું વલણ એના માણસો ન લે?

બાપુ કહે: પૂનાના જ હરિજનોમાં દેશના હરિજનો તો આવી જતા નથી ના? મહારાષ્ટ્રમાં પણ બીજા હરિજનો તો પડ્યા છે જ. બધા જ હરિજન કાંઈ

એવા નથી. તમે હરિજનોનું એક સ્વતંત્ર વસ્તીપત્રક તૈયાર કરો. એના કુટુંબનાં બચ્ચાં, સ્ત્રીઓ વગેરેની પૂરી વિગતો આપો, એમની રોજી-ધંધાની પણ વિગત આપો. એ મોટું ઉપયોગી કામ થઈ પડશે. આ લોકો ન સાંભળે તો બીજામાં પ્રચાર કરો. બાકી એ લોકોને કહો કે મંદિરને વિષેની શ્રદ્ધાનો જે નાશ કરે છે તે પોતાનો નાશ કરે છે. એને પણ સમજાવો કે રોટી મેળવી આપે તે ધર્મ, બીજો ધર્મ નહીં, એમ કહેવાને બદલે એમ કહે કે રોટી પણ સત્ય અને અહિંસા અને ધર્મથી મળતી હશે તો ખાઈશું, નહીં તો ભૂખે મરશું, પણ સત્ય, અહિંસા કે ધર્મનો ત્યાગ નહીં કરીએ. હું તો કહું છું કે સત્ય અહિંસાનો વિરોધી જે ધર્મ છે તે ધર્મ જ નથી. સત્ય અને અહિંસાને જ મેં મારો ધર્મ કર્યો છે, અને શાસ્ત્રમાત્રની કસોટી હું એ વડે કરું છું. એટલે મારું પોતાનું શાસ્ત્ર સાદું અને સહેલું થઈ પડયું છે, મારે કશી ભાંજગડમાં પડવું નથી પડતું.

મંદિરો વિષેનું સમાધાન સમજાવતાં બાપુએ કહ્યું: એમાં આપણે કશો ત્યાગ કરતા નથી, બીજાની લાગણીને માન આપીએ છીએ. એ લોકો આપણને દૂર રાખે છે તેમાં અનુદારતા અને કૃપણતા છે. આપણે એ અનુદારતા અને કૃપણતા એમના તરફ નથી દાખવવા માગતા માટે જ આ સૂચના છે. એ સૂચનાનો સ્વીકાર કરે કે અસ્વીકાર એમાં એ લોકોની મોટી કસોટી રહેલી છે. અમને બાળકોને કાંદાનો બહુ શોખ. વૈષ્ણવ ધર્મમાં કાંદા ન ખવાય, પણ મા સાથે કજિયો કરીએ. મા બાપડી પોતે ન ખાય, પણ અમારે માટે જુદા કાંદા રાંધીને અમને ખવડાવે, અને એમ ખવડાવતાં ખવડાવતાં ટીકા કરીને અમારી આદત માતાએ છોડાવી. એ એની શુદ્ધ અહિંસા અને સત્યાગ્રહ હતો. અમારો સિદ્ધાંત ભોગનો હતો, એનો ત્યાગનો હતો. પોતાનો ત્યાગ ન છોડતાં, અમારા ભોગને રીઝવતાં પણ, પ્રેમને બળે એ છોડાવી શકી.

સનાતનીઓ ગાળો ભાંડે છે એને વિષે શી વૃત્તિ રાખવી એમ પૂછતાં બાપુએ કહ્યું: આપણી વૃત્તિ પેલા દાદુના ભજનની હોવી જોઈએ. 'નિંદક બાબા વીર હમારા'.

જેવે કહે: તુકારામ પણ એ જ કહે છે: 'નિંદકાચેં ઘર અસાવે શેજારી'.

માલવીયજીના નિવેદનથી બાપુને ભારે અચંબો થયો. માલવીયજીએ બાપુને પૂછ્યાગાછ્યા વિના, કશો સંદેશો મોકલ્યા વિના સનાતનીઓની સાથે સમાધાનના પ્રાયશ્ચિત્ત અને શુદ્ધિ અને વ્રત ઇત્યાદિના પોતાના રસ્તા

સૂચવ્યા! એના ઉપર મુલાકાત આપું ન આપું એમ થયાં કીધું, આખરે લાંબો કાગળ માલવીયજીને લખાવ્યો.

પુરુષોત્તમ ત્રિકમદાસ આવી ગયા. અસ્પૃશ્યતાને વિષે વાત કરવા આવવાના છે એમ એમણે કહ્યું હતું. એમણે આ
૨૧-૧-'૩૩ પ્રમાણે શરૂઆત કરી:

તમારા છેલ્લા નિવેદનનો અર્થ ઘણા એમ કરે છે કે મહાત્માજીએ હવે બધાને હરિજનના કામમાં પડવાની રજા આપી દીધી છે. હંસા મહેતા એમ ધારે છે. હું એમ નથી ધારતો. પણ ઘણા એમ ધારે છે. કેટલાક એમ પણ ધારે છે કે ચળવળ હવે સજીવન નહીં થઈ શકે, અને એ ચલાવવામાં પૈસા નાખવા એ ઘણાને નાહકનો બગાડ લાગે છે. મને પણ એમ લાગે છે. પણ હું તો માનું છું કે કૉંગ્રેસના હુકમ વિના આ બંધ ન કરી શકાય, ભલેને એ બધી ચળવળ નકામી હોય, અને હું માનું છું કે એ નકામી છે.

બાપુ: તમે ભલે આવ્યા. પણ હું આમાં તમને મદદ ન કરી શકું. વાત એવી છે કે આપણે જે જોવા ઇચ્છતા હોઈએ એ જ આપણે અમુક લખાણમાં વાંચીએ છીએ. અમુક માણસની આંખમાં જે જોવા ઇચ્છીએ એ જોઈએ છીએ. માણસ જે ભાવનાથી જુએ તે જ અર્થ કાઢે. આ નિવેદનમાં તો મારી પ્રતિજ્ઞાને અનુકૂળ હું જે લખી શકું તે જ મેં લખ્યું છે. મેં જે કર્યું છે તે પ્રમાણે માણસ કરે તો બસ છે. હું જેલમાં આવ્યો એટલે સત્યાગ્રહી તરીકે મારે જે કરવાનું હતું તે કરી લીધું. અંદર આવ્યા પછી મારામાં બીજું કરવાની શક્તિ રહેલી છે એટલે તે કરી રહ્યો છું. પણ કોઈ શરતે હું બહાર તો ન જ નીકળું, અને નથી નીકળ્યો.

પુ૦: મારું કહેવું એમ છે કે આપણે આ ચળવળ ચલાવવાની ખાતર ચલાવ્યાં કરીએ તો કૉંગ્રેસની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચે. સાથે સાથે એ પણ કહું કે મારે તો કૉંગ્રેસનો હુકમ સ્વીકારવો જોઈએ.

બાપુ: આ બાબતમાં પણ મદદ કરવાને મારી નીતિથી અને સ્વભાવથી હું અશક્ત છું. તમને કંઈ કહેવાને છૂટો નથી એટલું જ નહીં, પણ છૂટો હોઉં તોપણ મારો એ સ્વભાવ જ નથી.

પુ૦: પણ આપે એમ તો કહ્યું કહેવાય છે ને કે જેણે હરિજનનું કામ કરવું હોય તેણે કૉંગ્રેસનું ન કરવું, અને કૉંગ્રેસનું કરવું હોય તો હરિજનનું ન કરવું?

બાપુ : એ તો એક સામાન્ય સલાહ થઈ કે બે ઘોડે ન ચડશો. જે માણસ સવિનયભંગનું કામ ખાનગી રીતે કરતો હોય અને જાહેર રીતે અસ્પૃશ્યતાનું કરે તો તે કામને પણ ધક્કો જ પહોંચાડે.

પુ૦ : પણ રાજાજી અને દેવદાસ કૉંગ્રેસનું કામ કરનારા છે અને હવે મદ્રાસમાં તેઓ હરિજનના કામમાં પડ્યા છે. તેમ કરીએ તો ?

બાપુ : એ તમારી ઇચ્છા ઉપર છે. તમને એમ કરતાં કોઈ રોકે એમ નથી, પણ હું દોરી ન શકું. મેં દેવદાસને પણ કહ્યું, 'ભાઈ તને મારાથી દોરી શકાય જ નહીં. હું કાંઈ સાનમાં પણ નથી સમજાવી શકતો, કારણ હું આ બાબતમાં વિચાર જ નથી કરી શકતો.' તમને જરૂર એમ કહેવાનો હક છે કે આ કામમાંથી મારો આત્મા ઊડી ગયો છે, અને હવે એ કામ મારાથી શોભાવી શકાય એમ નથી, અને તેમ જાહેર કરીને તમે બીજું કામ કરી શકો છો. વળી મેં તો દેવદાસને પણ કહ્યું, 'ભાઈ, આ કામ મેં કરોડો ઉપર મૂકી દીધું છે. ખોબા જેટલા કૉંગ્રેસમૅન ન માને કે અમે આ કામ ન કરીએ તો એ રસાતળ જશે.' જો એમ થાય તો ભલે રસાતળ જતું. પણ મેં એમ માન્યું જ નથી. હા, એમાં કેટલાક સ્વાર્થી માણસો પેસી જાય, લુચ્ચા માણસો આવે, સડા પણ દાખલ થાય, પણ આખરે બધો કચરો નીતરીને હિલચાલ સ્વચ્છ જ થઈ રહેશે.

પુ૦ : પણ ઘણા સાથીઓ પેલી બાજુએ ચાલ્યા જાય છે.

બાપુ : ભલે. એ ઉપરથી હું એટલું સમજીશ કે એ લોકોમાં આત્મ-વિશ્વાસ નથી રહ્યો. એ માણસનો આત્મા કહે કે મારે તો આ જ કામ કરવું છે, મેં તો પ્રતિજ્ઞા લીધી છે તે પાળવી જોઈએ, તો તે કામને વળગી રહે. અમુક બહેનોએ મારી પાસે સલાહ માગી. મેં તેમને તેમની પ્રતિજ્ઞા યાદ કરાવી, અને કહ્યું કે તમારી પ્રતિજ્ઞાનો અર્થ પણ તમે જ કરજો. જોકે એ પ્રતિજ્ઞા તમે મારી આગળ લીધી છે, પણ તેનો અર્થ તમારે માટે હું નહીં કરું. એ તમારે જ કરવો જોઈએ.

પુ૦ : એ બહેનો હરિજનનું કામ કરે છે?

બાપુ : ના, એ તો થાણા જેલમાં બેઠી છે. એ સ્વતંત્ર વિચાર કરીને ગઈ. મેં એમને કશી સલાહ નથી આપી. હું આપી જ ન શકું. મારો પોતરો મને લખે છે : 'હું તબિયત ખરાબ હોવાને લીધે આજ સુધી બેસી રહ્યો તેથી શરમાઉં છું, હવે પાછો મારે કામે વળગી જવાનો છું.' એને મેં કશી જ સલાહ નથી આપી.

બાકી એક વાત કહી દઉં કે જેને બીક લાગી ગઈ હોય કે મારાથી જેલની બરદાસ્ત નથી થઈ શકવાની, તો તેણે જેલમાં જવાનો આગ્રહ

રાખવાની જરૂર નથી. તેણે પ્રામાણિકપણે કહી દેવું જોઈએ કે આ મારા ગજા ઉપરાંતની વાત છે, હું હવે લડતને માટે વાતાવરણ નથી જોતો. એને આવી રીતે જાહેર કરવાનો હક છે.

પુ૦ : પણ એ શિસ્તની વિરુદ્ધ ન કહેવાય?

બાપુ : ના, હું એને શિસ્તની વિરુદ્ધ ન ગણું.

પુ૦ : દરેક સિપાઈને આમ પોતાના મનમાં આવે એ કહેવાની છૂટ ન હોય.

બાપુ : આપણી લડતમાં છે. કારણ દરેકે આ લડાઈ પોતાની મેળે ચલાવી લેવી પડશે એમ કહીને હું અંદર આવ્યો છું. બોઅર લડાઈમાં ગેરિલા લડત ચાલતી હતી ત્યારે અગાઉના સેનાપતિ ગમે તે કરી ગયેલા પણ ડીવેટે પોતાની બુદ્ધિ પ્રમાણે કામ ચલાવ્યું.

આ બધી વાત તમારા જેવા દૃઢ વિચારના માણસની આગળ કરું છું કારણ હું જાણું છું કે તમે તો જેમ ધારતા હશો તેમ જ કરશો. નહીં તો હું તો જે કહેવાનો હતો તે કહી ચૂક્યો, હવે કશું કહેવાનું રહ્યું નથી. તમને એટલું કહું કે તમને હવે વિશ્વાસ નથી રહ્યો એમ કહેવાની તમને છૂટ છે.

પુ૦ : પણ મને એ છૂટ છે એમ હું માનતો નથી.

બાપુ : સત્યાગ્રહમાં સત્યની ઉપર હંમેશાં માણસ વિશ્વાસ નથી રાખતો એ દુઃખ છે. આ લડતમાં પણ બે પ્રકારનાં માણસો છે. એક નીતિથી સત્યમાં માનનારાં, બીજાં સત્યને ત્રિકાલાબાધ સિદ્ધાંત તરીકે માનનારાં. પેલાં નીતિવાળાથી હું જે વસ્તુ કહું છું તે ન ઝીલી શકાય. બીજાં એ વસ્તુ ઝીલશે અને સત્યને અનુસરીને વર્તશે.

પાટીલે એક કામ કર્યું તે મને નથી ગમ્યું. મેં એને ચેતવણી આપેલી કે મારાથી સલાહ ન અપાય. મેં જે વાત કરી છે તે તમે ભલે બીજાની આગળ કરજો પણ તેનો છૂપા સર્ક્યુલર માટે ઉપયોગ ન થાય. મારી સાથેની વાત જાહેરમાં કહેવી હોય તો કહેવાય, પણ ખાનગી રીતે તેને ન ફેલાવવી જોઈએ.

આ જ વસ્તુ બીજા શબ્દોમાં : ખરું મનુષ્યત્વ શી રીતે મળી શકે? એને માટે કેદી તરીકે પણ સંદેશ આપવાનો હોય. સત્યને માટે, જેના કરતાં બીજું મોટું કાર્ય સિદ્ધ કરવાનું છે જ નહીં, જેના કરતાં કડક સ્વામી બીજો નથી, તે માટે જેલમાંથી પણ કહેવાય.

આપણે સત્યથી કેટલા દૂર પડી ગયા છીએ તે બરાબર સમજી શક્યા નથી. હું ઘડીભર પણ સમજી શકતો નથી કે સત્યાગ્રહમાં ગુપ્તતાને સ્થાન

કેમ હોઈ શકે? સત્યાગ્રહમાં આપણી પૂરી શક્તિથી આપણું સત્ય આપણે વ્યક્ત કરવાનું હોય છે. જ્યારે ગુપ્તતામાં તો બાયલાપણું અને અસત્ય છે. છતાં હું જોઉં છું કે સત્યાગ્રહને નામે જ પાર વિનાની ગુપ્તતા ચાલી રહી છે. મારે નામે બધાને કહેજો કે તમામ પ્રકારની ગુપ્તતા એ પાપ છે. ગુપ્તતા વિના લડત ન ચાલી શકે એમ હોય તો ભલે એ તૂટી પડે. એટલું તો સમજી જ લો કે ગુપ્તતાને લીધે લડત ચાલતી દેખાય તો એ ભ્રમ અને માયાજાળ છે. ભય અને અવિશ્વાસ એ ગુપ્તતાનાં જોડકાં બાળકો છે. અને દેશમાં એનું વાતાવરણ જામી ગયું હોય ત્યાં સ્વચ્છ જીવન અશક્ય થઈ જાય છે. એ શાપને આપણી વચ્ચેથી હાંકી કાઢવો જોઈએ. જે કરો તે ખુલ્લેખુલ્લું, ધોળે દહાડે કરવું જોઈએ. તમે શું છો, ક્યાં છો અને શું કરી રહ્યા છો એ બરાબર જાણો. પૈસાની અથવા બીજી છૂપી મદદની છૂપી પાવતીઓ ન અપાય. પૈસા વિના, કોઈ પણ જાતની છૂપી મદદ વિના લડત ચાલી શકે, પણ સત્ય વિના અને હિંમત વિના ન ચાલી શકે. આ ગુપ્તતાને લીધે જ ફતવારાજ (ઑર્ડિનન્સરાજ) શક્ય બન્યું છે. તમે ગુપ્તતા છોડી દેશો એ જ ઘડીએ એના ફતવાઓ કોડીની પણ કિંમતના નહીં રહે. પણ એના ફતવા હો કે ન હો, સત્યની ખાતર આ પાપને આપણામાંથી કાઢો. હું જાણું છું તે પ્રમાણે આ જ સત્યાગ્રહનો નિયમ છે.

આ સંબંધમાં એક વાત છ મહિના થયાં હું કહેતો આવ્યો છું તે ફરી કહું છું. આપણાથી એક પણ વસ્તુ ખાનગી થઈ જ શકે નહીં. '૩૦માં મેં કહેલું કે 'નવજીવન' ખાનગી નીકળે છે એ ગમતું નથી, પણ એ મેં નભાવી લીધેલું, જોકે મારે નભાવી નહોતું લેવું જોઈતું. આમાં કાંઈ પાપ છે એમ નહીં પણ આપણી લડાઈમાં એમ ન થાય. અહીં પણ આ વર્ષે હું વ્યાકુળ-ચિત્ત થવા લાગ્યો છું અને જેને પ્રસંગ મળ્યો છે તેને કહું છું કે આ લડત અત્યંત છૂપી છૂપી ચાલે છે એ બરોબર જ નથી. આ છૂપામાંથી વહેલામાં વહેલું નીકળી જવાય એ આપણે સારુ સારું છે. આ લડત પૈસાથી ન ચાલે એવી છે. આજે જે તમને લાગે છે કે લોકો નિર્માલ્ય થઈ ગયા છે, ડરી ગયા છે તે લાગણી પણ છૂપાપણાના બોજાને લીધે છે. એટલે એ બોજો કાઢી નાખજો. દક્ષિણ આફ્રિકામાં છૂપાપણું હતું જ નહીં. આ વાત પણ તમે બધાની આગળ જાહેર રીતે કરજો. સરકારને કાને એ ભલે જાય. કારણ આમાં હું તો સરકારને મદદ કરી રહ્યો છું, એને નુકસાન નથી કરતો.

પુ૦: પાટીલે તમારું નામ વાપર્યું નથી. બુલેટિન તો ખુલ્લી રીતે ન ચલાવાય, બાકી જે રીતે ચાલે છે તે રીત છૂપી ન કહેવાય, કારણ મુદ્રક અને પ્રકાશકનાં નામ હોય છે.

બાપુ: આમાં પાપ છે એમ મેં કહ્યું નથી. આપણી બધી ખાનગી વાત જાહેર કરવાને આપણે બંધાયેલાં નથી. પણ આ લડત — સત્યાગ્રહની લડત — આમ ન ચાલે. આ લડત કોઈને જેલમાં જતા બચી જવાની નથી. એકે કામ આપણે એવું ન કરતા હોઈએ કે જેની સરકારને મોડામાં મોડી ખબર પડે એમ આપણે ઇચ્છતા હોઈએ. તમારાં બુલેટિનો મેં '૩૧માં જોયાં હતાં. એ કાઢવાની રીતમાં ચતુરાઈ જોઉં છું, ભારે હોશિયારી જોઉં છું. એ બધી કુશળતાનો વિચાર કરતાં મારું તો માથું ફરી જાય છે. પણ એમાં હું લોકોનું હિત નથી જોતો, એથી લોકો ચડી નથી શકતા. આ તો આપણને વળ ચડ્યો છે એટલે એ વળ ચઢાવી રાખવો, એ વાત છે. રાવણનાં હજી દશેદશ માથાં કાયમ છે એ બતાવવાની વાત છે. પણ હું તમને કહું છું કે આમાંથી જ બીક-ડાકણ પેદા થાય છે.

પુ૦: પણ આમાં છૂપું શું છે? પ્રેસના કાયદાને માન આપવાનો થોડો જ મારો ધર્મ છે?

બાપુ: સત્યાગ્રહી તરીકે ધર્મ છે. પણ આ વાત સમજાવતાં મને કલાકો જાય અને હું એ આપવા માગતો નથી. આ લડાઈ છાપા વિના, ઘર વિના, માણસો વિના, ખાવાના વિના ચાલી શકે એવી છે, એ વિશ્વાસ હોવો જોઈએ.

પુ૦: મને લાગે છે કે મુંબઈમાં તો વગર સંગઠને ન ચાલી શકે.

બાપુ: પણ હું જે રીતની વાત કરું છું તેમાં પણ એક પ્રકારનું સંગઠન છે. દાંડીકૂચ કોણે સંગઠિત કરી હતી? લોકોને સ્વાભાવિક ઊલટ આવી હતી. આ લડતમાં સ્વાભાવિક ઊલટની વાત છે.

પુ૦: સ્વાભાવિક ઊલટ તો બંધ થઈ જશે.

બાપુ: હું એ જ માગું છું, એને માટે ઝંખી રહ્યો છું. તમે જે કહો છો એ બધી વસ્તુ મેં મનમાં વિચારી લીધી છે. પણ આજે એકાએક તમને ન સમજાવી શકું. કોઈને પણ એ વસ્તુ ઊગી જાય અને જાહેર કરે તો એણે ઘણાં વર્ષોનું કામ કરી લીધું છે એમ સમજીશ. આ બાબતમાં મારી ભૂલ થઈ એમ મારે પ્રથમથી જ જાહેર કરવું જોઈતું હતું. ધારો કે હું આજે બહાર નીકળું તો પહેલું કામ મારું એ જ હશે કે જનરલ તરીકે મેં જે ભૂલ કરી તે જાહેર કરું, અને બધાને કહું કે છૂપાપણાનો કોઈ આશરો ન લેશો. આટલું કરો તો ફતવા સામે લડવાની ભાંજગડમાં પડ્યા તે પડવાની જરૂર ન રહે.

એ. પી. આઈ.ને આજે સરસ મુલાકાત આપી. બિલને મંજૂરી આપવા સંબંધમાં સરકારની મુશ્કેલીઓની વાતનું પોકળ
૨૨-૧-'૩૩ ઉઘાડું પાડ્યું.

કાલે વઝે, દેવધર, પટવર્ધન 'હરિજનસેવક'ના અંગ્રેજી અવતાર માટે ચર્ચા કરવા આવ્યા હતા. બાપુએ કેટલાક સવાલો પૂછ્યા હતા. તેનો જવાબ ન આપતાં ત્રણે ભાઈઓ સ્પષ્ટીકરણને માટે જાતે જ આવી ગયા અને બધા વિગતવાર ખુલાસા કરી ગયા.

એમના ગયા પછી બાપુ કહે: જોયું, આ બધા માણસો ઉપર ગોખલેની આધ્યાત્મિકતાની છાપ જુઓ છો ના? આપણે મહારાષ્ટ્રમાં પ્રપંચ, ખટપટ, સરલતાના અભાવની વાતો સાંભળીએ છીએ. પણ આ બધામાં સરલતા સિવાય કશું જ નથી. એનો યશ ગોખલેને છે. આજે પણ ગોખલેનો આત્મા કામ કરી રહ્યો છે એમ મને તો સ્પષ્ટ ભાસે છે.

ગોખલે માટેની ભક્તિ બાપુનામાં પગલે પગલે જાગ્રત થઈ રહી છે. આ 'હરિજનસેવક'નું કામ સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયાના માણસો મારફતે થાય. વઝે જેવા જવાબદારી લે, એ બાપુનો એટલા જ માટે આગ્રહ કે જૂની સાંકળો વધારે મજબૂત થાય.

કાલે સવારે લખનૌથી મળેલી સ્વદેશી પેન વાપરતાં કહે: આ વાપરતાં ઠીક મુશ્કેલી આવે છે.

મેં કહ્યું: એ છોડવી પડશે. પણ મારી પાસે એ જ પેન નવી ઘેર પડી છે તે મંગાવી લઉં તો?

બાપુ: શા સારુ? એવો થોડો જ આગ્રહ છે કે આ જ પેન વપરાય અને પરદેશી ન વપરાય? એ પેનો પણ આપણે બનાવી જ શકવું જોઈએ એવું શા સારુ? એમાં હું ઊંડે ઊંડે દ્વેષ જોઉં છું. ઘણી વસ્તુઓ એવી છે કે આપણે ન બનાવી શકીએ, તે ભલેને પરદેશો બનાવે અને તેમાંથી કમાય. આપણો આગ્રહ તો જે વસ્તુ અહીં આપણે ત્યાં પાકે છે તે બહારથી ન મંગાવવાનો છે. ઘઉં તો આપણી પેદાશ છે. હવે આપણા જ ઘઉં લઈ જઈને કદાચ ઑસ્ટ્રેલિયા વધારે ચડિયાતા ઘઉં પેદા કરે તેથી આપણે ઑસ્ટ્રેલિયાના શા સારુ ખાઈએ? આપણે આપણું બી સુધારીએ, નહીં તો આપણે ત્યાં જેવા પેદા થાય છે તેથી ચલાવી લઈએ. એમ જ રૂની બાબતમાં. એ આપણી જ પેદાશ છે, આપણી ભૂમિ એ હજારો વર્ષ થયાં પેદા કરે છે, હવે ઇજિપ્તથી ચડિયાતું રૂ આવે તેથી આપણે આપણા રૂને ભૂલી નથી શકતા. આપણા રૂની જાત ભલે સુધારીએ પણ ન સુધરે તો આપણા રૂથી ચલાવીએ.

પણ એમ હું આ પેનથી કંટાળી નથી જવાનો. કોઈએ ઉત્સાહથી બનાવી છે તો હવે એને જરા મહેનત લઈને પણ અજમાયશ તો આપશું જ.

રાજાજીનો કાગળ આવ્યો — લાંબો કાગળ, જેમાં એમને બાપુના
૨૩–૧–'૩૩ નિવેદનમાં પ્રતીત થતી અહિંસાનાં દર્શનથી સાનંદાશ્ચર્ય થતું જાય છે. દેવદાસનાં ભાષણોને શૈલી, ભાષા, વક્તૃત્વની છટા, પ્રમાણુતા વગેરેની દૃષ્ટિએ સંપૂર્ણ ભાષણો તરીકે વર્ણવે છે અને કહે છે : અંતઃપ્રેરણાથી એ બોલે છે. સનાતનીઓના ખળભળાટ વિષે કહે છે : આટલી બધી જાગૃતિ થઈ રહી છે એ પેલા ડોસા અને ખેતર ખોદવાની વાત યાદ કરાવે છે. ખેતર ખૂબ ખોદ્યું એટલે એમાંથી ભારે પાક નીપજ્યો. તેમ જ આપણને થવાનું છે.

વાલજીભાઈની ચોપડી બાપુને ન ગમી. પછી સરદારનો અભિપ્રાય માગ્યો, મારો માગ્યો, છગનલાલનો માગ્યો, અને આખરે પોતે તે પ્રસિદ્ધ કરી દીધી છે એમ જણાવ્યું.

વાલજીભાઈનો કાગળ : "'ઈશુચરિત' બહાર પાડી દીધું છે. મને પોતાને એ ગીતા કરતાં વધારે સમજાય છે, ને વધારે ગમે છે. સર્વસામાન્ય માણસોનો પણ આ જ અનુભવ હોય એમ હું માનું છું, ને વિશેષમાં માનું છું કે 'ઈશુચરિત'નાં ૬૦–૭૦ પાનાંમાં છે એવી સામગ્રીવાળાં ૬૦–૭૦ પાનાં જગતના સાહિત્યમાંથી બહુ ન નીકળે. આપ પણ કદાચ આમાં સમંત થાઓ, ને એમ હોય તો આપે એટલું અવશ્ય લખવાનું હતું કે આવાં ૬૦–૭૦ પાનાંની થોકડી દુનિયામાં આંગળીના વેઢા ઉપર ગણાય એટલીયે માંડ નીકળે."

પ્રેમાબહેનનું રૂસણું આ અઠવાડિયે પત્યું અને ૩૮ પાનાંનો કાગળ આવ્યો એટલે બાપુએ પણ અનેક પાનાં લખ્યાં : "તું મને ગાંડુંઘેલું લખે તેથી હું ન અકળાઉં. પણ મને તારી ભૂલ જણાય તે ન કહું તો તારો હિતેચ્છુ, સાથી, મિત્ર કે બાપ ન ગણાઉં. મને વિચિત્ર એ લાગે કે શુદ્ધભાવે હું જે કહું તેમાં તું રિસાય કેમ? મારો ઉપકાર કેમ ન માને? આપણે વિષે જે પોતાના મનમાં લાગે તે કહે તેનો ઉપકાર ન માનીએ? હું તો આ પાઠ બચપણથી શીખ્યો છું. આટલું તો તું મારી પાસેથી શીખી જ લે. મારી પરીક્ષા ખોટી હોય તો હું દયાપાત્ર થાઉં, ને સાચી હોય તો તારો ઉપકાર થાય, તને તો બંને રીતે લાભ જ થાય. કેમ કે જેની સાથે પનારો પડ્યો છે તેને તું વધારે સારી રીતે જાણવા પામે. મારા દોષ અને મારી કચાશ તો બધાં પરિપૂર્ણપણે જાણે એ હું ઇચ્છું

છું ને તે બતાવવા મારો સદાય પ્રયત્ન છે. હું મારા વિચારો પણ ઢાંકવા ઇચ્છતો નથી. તે લખવાની મારામાં શક્તિ હોય તો લખી કાઢું એવો છું ખરો. પણ તે શક્ય નથી એમ જાણું છું. વિચારની ગતિને પહોંચે એવી જગતમાં એક પણ શક્તિ હોવાનો સંભવ મને તો જણાતો નથી. કોઈ તેને પામવાનું યંત્ર શોધે તો ખબર પડે — આટલું લખતાં તો મારા વિચાર બ્રહ્માંડની પાંચ–સાત પ્રદક્ષિણા કરી આવ્યા.

"તું કબૂલ કરશે કે પોતાનામાં ઝેર છે કે નહીં તેની પરીક્ષા પોતે કરી જ શકે છે એવો નિયમ નથી. ઝેર સંઘરવાની ઇચ્છા ન હોય તેથી ઝેર ન હોય એવુંયે નથી. એ આપણી ઉપર અનિચ્છાએ સવારી કરે છે. જેનામાં ક્રોધ છે તેનામાં ઝેર છે જ એ વાત તું કદાચ કબૂલ નહીં કરે. એ કબૂલ ન કરે તો ઝેરનો આપણે બન્ને એક જ અર્થ નથી કરતાં. બાએ મને ઘણી વાર ઝેરીલો ગણ્યો છે એવું મને સ્મરણ છે. હું તેના આરોપનો કેમ ઇન્કાર કરું? મેં મારા વચનમાં ઝેર ન માન્યું હોય તેથી શું? તેને ડંખ્યું એ મારે સારુ બસ હોવું જોઈએ. જે વચન પૂર્ણપણે સત્ય ને અહિંસામય છે તે કદી કોઈને ન જ ડંખે. પ્રથમ ડંખ જેવું લાગે એ જુદી વાત છે, પણ એવું અનુભવનાર જ પાછળથી તેના અમૃતનો સ્વીકાર કરે છે.

"હું ઇચ્છું છું કે તું બધી બાબતમાં તારી પોતાની પરીક્ષિકા ન બન. કદાચ બીજા વધારે સારી પરીક્ષા કરતા હોય એમ બને. ઝેરનું પ્રકરણ અહીં સમાપ્ત કરું.

"તારા આશ્રમ છોડવાનો સવાલ અત્યારે અપ્રસ્તુત છે. હું છૂટું ને આશ્રમમાં રહેતો થાઉં ત્યારે જ એ પ્રશ્ન ઊઠી શકે છે એમ તારા કાગળ પરથી સમજું છું. નીતિની રીતે તો ત્યારે જ ઊઠવો શક્ય હોય તો ઊઠી શકે. હું આશ્રમમાં ન રહી શકું ત્યાં લગી આશ્રમની દૃષ્ટિએ તો જેલમાં હોવા બરોબર જ ગણાય, અને જ્યારે આશ્રમની વિદાય મેં લીધી ત્યારે તમે જેઓ આશ્રમમાં રહ્યાં છો તેઓ, પાછો હું આવી શકું ત્યાં લગી બંધનમાં રહ્યાં. જો આ મારો મત યથાર્થ હોય તો મારા ત્યાં આવ્યા બાદ શું કરવું યોગ્ય છે તે વિચાર અત્યારે કરવો એ શક્તિનો અને વખતનો દુર્વ્યય છે."

હરિજનસેવા વિષે રજવાડાંઓમાં કાગળો લખ્યા.

"ભાઈ ગોરડિયા,

"હરિજનસેવામાં ઠાકોરસાહેબ અને તમે કંઈ ફાળો આપો છો કે? મંદિર ખોલતાં પ્રજા કદાચ રિસાવાનો ડર લાગતો હોય પણ બામ

(ભામ=મરેલા ઢોરનાં ચામડાં ઉતારવા દેવાનો વેરો)નું શું? મુડદાલ ઢોરની વ્યવસ્થા કઈ રીતે થાય છે? તમે ઢેડોની પાસેથી તેના પૈસા લો છો કે? જો તેની પાસે મુડદાલ માંસ છોડાવવા ઇચ્છો તો તેઓને મજૂરી આપવી જોઈએ ને ઢેરની ઉપર થતી ક્રિયાની દેખરેખ થવી જોઈએ. જરા મહેનતનું કામ છે, નુકસાનનું નથી. કચેરીમાં, ઇસ્પિતાલમાં તેના શા હાલ થાય છે? હિસાબ આપશો?"

પટણીને:

"સુજ્ઞ ભાઈશ્રી,

"ટાણાસર આવ્યા છો. શરીર સારું કરીને આવ્યા હશો. હરિજન-સેવામાં તમારો ફાળો સહુથી ચડે એવો માગું ના? કામ ભલે તમારી રીતે કરજો. પણ તમારી રીત બીજાની ગતિને આંટે એવી હોવી જોઈએ. ધારશો તો ઘણુંયે કરી શકશો. કરજો. ભામની ઉપર નજર વહેલી નાખજો. ઢેડચમારની પાસે મુડદાલ માંસ છોડાવવાને સારુ ભામની બાબતમાં બહુ ફેરફારની જરૂર છે."

પટવારીને:

"મુ. રણછોડભાઈ,

"તમને હવે ઝટ છોડું એમ નથી. તમે તો કહી ગયા છો કે મંદિર સિવાય બીજું બધું તમને ગ્રાહ્ય છે. મંદિરને સારુ ભલે હું મરું. પણ બીજું બધું તો ધર્મ જાણી તમારે કર્યે છૂટકો છે. તમે મદદ કરો તો મુડદાલ માંસ તુરત છોડાવી શકીએ. વળી શાળા, ઇસ્પતાલો, કૂવા વગેરેનો બંદોબસ્ત બરોબર થવો જોઈએ. તમે જ કહ્યું છે ના કે જો તેઓ નારાયણનું નામ લે, સ્નાનાદિ કરે તો આપણા જેવા જ છે? તેવા કરવામાં મદદ આપજો, પછી મને જેટલી ગાળો કાઢવી હોય તેટલી કાઢજો. તમને અધિકાર છે. મારું કામ કરજો. મારા જવાબો મળ્યા હશે."

એક પત્રમાં મૌનના અર્થ અને અંતર્ભાવ સમજાવ્યા:

"મૌનકા અર્થ ન બોલના, ન ઇશારા કરના, ન દેખના, ન સુનના, ન ખાના, ન પીના, અર્થાત્ એકાંતમેં રહ અંતર્ધ્યાન હોના. મૌનકે દિન ઈશ્વરધ્યાન હોના ચાહિયે. માનકા હેતુ અંતર્ધ્યાન હોના હૈ."

"વિકારને વશ કરવા સારુ અંતર્મુખ થવાની આવશ્યકતા છે. ઉન્નતિનો મૂળ મંત્ર સ્વાર્પણ. ઉન્નતિ એટલે આત્મજ્ઞાન."

. . . જેલમાંથી છૂટ્યા એટલે જાગ્યા. પ્રશ્નો તો હોય જ. એને જવાબમાં લખ્યું:

"બહારથી ખોરાક મંગાવવાની રજા મળતાં જે શરીર સારું રાખવા ખાતર બહારથી મંગાવે છે તે દોષ નથી કરતો. પણ જે અંદરથી મળે તેટલાથી જ આગ્રહપૂર્વક સંતુષ્ટ રહે એ વંદનીય છે. જે અંદર મળતા ખોરાકથી શરીર સાચવી જ ન શકે ને જેને બહારથી મેળવવાની છૂટ છે અને બહારથી સહેજે મેળવી શકે છે છતાં બહારથી ન મેળવતાં શરીર બગડવા દે છે તે હઠીલો છે; કદાચ વેદિયામાં પણ ગણાય.

"શિખા રાખવામાં હાનિ છે એમ તો મને નથી જ લાગતું. દીર્ઘ કાળથી ચાલતો એ રિવાજ છે. તેને તોડીને સુધારક ઉપાધિ ન વહોરે. પ્રત્યેક રિવાજને સારુ સબળ કારણ ન મળે છતાં તે લોકપ્રિય હોય ને તેમાં નીતિભ્રંશ ન થતો હોય તો તે પાળવો ઘટે છે."

"ઉપવાસથી કાંઈ તબિયતને નુકસાન નથી થયું. વૃદ્ધાવસ્થામાંયે ઉપવાસ જીરવી શકાય. વળી જે આધ્યાત્મિક દૃષ્ટિએ લેવાય તેને જીરવવામાં મુસ્કેલી નથી પડતી. શરીર ક્ષીણ તો થાય જ, કેમ કે શરીરમાં ચરબી ઓછી હોય છે."

લક્ષ્મણ શાસ્ત્રી બનારસ જતાં અહીં આવ્યા. એને બાપુએ માલવીયજીના સમાધાનની ભૂલો બતાવી. મુંબઈના કરારમાં કાંઈ એમ નથી લખેલું કે પ્રાયશ્ચિત્ત કરનાર હરિજનને મંદિરપ્રવેશ કરાવવામાં આવશે. આપણે તો કહીએ છીએ કે ચાંડાલ આજે કોઈ નથી, એટલે કોઈને પ્રાયશ્ચિત્ત ઘટતું જ નથી. બીજાએ તો પોતે સ્વચ્છ થવાનું છે. તે તો પોતે જ સ્વચ્છ થઈને મંદિરપ્રવેશ કરશે. પણ મેં માલવીયજીને કહ્યું કે તમે એક વાત કરી શકો છો કે બીજા હિંદુને જે શરતો પાળવી પડે છે તે શરતો અસ્પૃશ્યોને માટે પણ મૂકી શકાય એટલું ખરું. પણ એ તો સાર્વજનિક પ્રતિબંધ થયો. એ કાંઈ પ્રાયશ્ચિત્ત નથી. વૈષ્ણવ મંદિરમાં જનારા હરેક વૈષ્ણવ માટે જે પ્રતિબંધ હોય તેવો વિશેષ પ્રતિબંધ રાખવામાં આવે. મુંબઈના ઠરાવમાં તો માલવીયજી પણ હતા. એટલે એ તો પ્રાયશ્ચિત્તની વાત કરે એ પ્રતિજ્ઞાભંગ કહેવાય.

સેવાસદનની ૧૪ છોકરીઓ આવી.

બાપુ : તમે મારું બધું અંગ્રેજી સમજશો તો તો હું એવડો હતો, ત્યારે હતો તેના કરતાં તમે વધારે હોશિયાર ગણાઓ. વિલાયતમાં તો હું બધાંને 'બેગ યોર પાર્ડન,' 'બેગ યોર પાર્ડન' કર્યાં કરતો.

સ૦ : સ્ત્રીઓને માટે ખાસ કામ શા માટે હોવું જોઈએ?

બાપુ : સ્ત્રીઓ જૂનાને વળગી રહેનારી હોય છે એટલે એમની સાથે સ્નેહથી કામ લેવું જોઈએ. સ્ત્રીઓ જ એ કામ ઉત્તમ રીતે કરી શકે.

તમારે સંભાળપૂર્વક તેમની સાથે વાત કરવી જોઈએ. તેમનાં છોકરાંને પ્રેમપૂર્વક રમાડવાં જોઈએ. ગાળો ન બોલવાનું બહુ ધીરજથી તેમને શીખવવું જોઈએ. તેમને ઘરની બહાર કાઢવાં જોઈએ અને તમારી સાથે ખૂબ ભેળવવાં જોઈએ.

તમારા કાર્યકર્તાઓમાં બધાં હિંદુ ધર્મને માનનારાં હોવાં જોઈએ. હિંદુ ધર્મનું હાર્દ સમજનારાં જ આ કામમાં પડે. આ કામ માટે શુદ્ધ ધાર્મિક વૃત્તિનાં સ્ત્રીપુરુષો મળે તો કામ સારું થાય.

કેવળ કેળવણીથી અસ્પૃશ્યતા કાઢી શકાય નહીં. મંદિરપ્રવેશ એ મોટું આધ્યાત્મિક કામ છે. મંદિરો સૌને માટે ખુલ્લાં મૂકવાથી તમે કરોડોની એકતા જાહેર કરો છો. સંભવ છે કે હજારોની સંખ્યામાં લોકો મંદિરમાં ન જાય પણ હિંદુ સમાજ સૌને માટે હૃદયપૂર્વક મંદિર ખુલ્લાં મૂકે અને હાલ મંદિરમાં જનારા બધા એ વધાવી લે એ આદર્શ સ્થિતિ છે.

અસ્પૃશ્યોની સાથે એકઠા બેસીને સામુદાયિક પ્રાર્થના કરવી એને હું સંગીન સુધારો ગણું છું.

સ૦ : આ ચળવળથી સમાજમાં ભાગલા નહીં પડી જાય ?

બાપુ : સત્યની ખાતર ભાગલા પડવાના હોય તો ભલે પડો.

આપણી નવી કેળવણી ઘરનાં લોકો ઉપર આપણે લાદી શકીએ નહીં. તેથી આપણાં ઘરનાં લોકોની લાગણીને કેવળ માન આપવાની ખાતર હરિજનવાસમાં જઈ આવ્યા પછી નાહવું પડે તો નાહી લઈએ.

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'વાળો મેફરે આવ્યો.

સ૦ : તમે તો ગોપાલનને કાંઈ ચોંકાવનારા સમાચાર આપ્યાને !

બાપુ : ચોંકાવનારા સમાચાર તો એ આપે છે. મારી પાસેથી ખબરો કઢાવવા મથે છે. પણ બધી હકીકત મારી આગળ ન હોવાથી અને આખું ચિત્ર મારી સામે ન હોવાથી હું કાંઈ કહી શકતો નથી. એક જવાબદાર માણસ તરીકે મારાથી એમ કેમ કશું કહેવાય ?

સ૦ : ઉપવાસની કાંઈ શક્યતા છે ?

બાપુ : હું કાંઈ જાણતો નથી.

સ૦ : તમે તો બિલનું જલદી ઇચ્છતા હતા પણ આ તો ઢીલમાં પડ્યું લાગે છે.

બાપુ : હું એમ પણ ન કહું. કારણ મંજૂરીની ના પાડવાનાં અથવા તો મંજૂરી આપવાનાં કારણો હું જાણતો નથી. એના ઉપર કશું બોલવાની મારે ઉતાવળ ન કરવી જોઈએ.

સ૦ : સાપ્તાહિક 'હરિજન' ક્યારે કાઢવાનું છે ?

બાપુ : એ સાપ્તાહિક હું નથી કાઢતો. મારી સલાહથી અસ્પૃશ્યતા-નિવારણ સંઘ સાપ્તાહિક કાઢવાનો વિચાર કરી રહ્યો છે. મેં સૂચવ્યું છે કે અંગ્રેજી આવૃત્તિ પૂનામાં કાઢવામાં આવે જેથી હું એના ઉપર બરાબર દેખરેખ રાખી શકું. પણ એ સગવડોનો સવાલ બાજુએ રાખીએ. સરકારની ખાસ મંજૂરી મેળવ્યા વિના પત્રનું સંચાલન કરવાનો વિચાર પણ ન કરું અને કેદી તરીકેની મારી મર્યાદાઓ હું સમજું છું એટલે પરવાનગી માગવાનો પણ હું વિચાર ન કરું. એના ખર્ચની જવાબદારી અસ્પૃશ્યતા-નિવારણ સંઘની હશે. એની નીતિ ઉપર મારો કાબૂ રહેશે. એ પત્ર ક્યાંથી છપાય એ બહુ મહત્ત્વનું નથી. એની નીતિ ઓછામાં ઓછો વિરોધ વહોરીને અસ્પૃશ્યતા નાબૂદ કરવાની હશે. એના મુખ્ય લેખો હું લખવાની ઉમેદ રાખું છું. મારા સિદ્ધાંત પ્રમાણે એ સ્વાવલંબી તો થવું જ જોઈએ. જે પત્રને માટે લોકોની માગણી ન હોય એવું પત્ર ચલાવવાનું હું સંઘને ન કહું. ઘણું કરીને શ્રી શાસ્ત્રી એના તંત્રી થશે.

ગોપાલન કે મેકરે બંનેને પૂરો વિચાર કર્યા વિના સુબ્બારાયનના બિલની વાઇસરૉયની મંજૂરી વિષે નિવેદન આપવાની ના પાડી. ગોપાલનને તો ઉતાવળે નિવેદન જોઈતું હતું, એટલે એક મુલાકાતમાં પણ એણે દખલ કરી. એટલે બાપુ કહે: છાપાં મારે માટે છે કે હું છાપાંને માટે છું?

ગોપાલન : છાપાં આપને માટે છે.

બાપુ : ત્યારે તમને મુલાકાત આપવાનો મને વખત મળે ત્યાં સુધી તમારે થોભવું જોઈએ ને?

સાંજે બાપુએ વલ્લભભાઈની સાથે ચર્ચા કરતાં કરતાં પોતાના મનની સાથે વાઇસરૉયના ઠરાવની ચોખવટ કરી લીધી. આ બિલ પસાર થાય તો બધું મળી ગયું એમ કહ્યું. આ બિલ નિષેધાત્મક છે એટલે કોઈ એ બિલને પરિણામે મંદિર નહીં ઉઘાડે એમ મેં કહ્યું.

બાપુ કહે: તો ભલે તે બંધ રાખે. એમ બધાં જ મંદિરો બંધ થઈ જતાં હોય તો હું રાજી થાઉં.

મેં કહ્યું : ત્યારે દરવાજા ઉપર મારામારી થશે.

બાપુ : થાય, આંબેડકરના માણસો હોય તો. પણ આપણું બળ હશે ત્યાં સનાતનીઓ સમજી જશે, નહીં તો આપણે સમજી જઈશું.

આવે સમયે પણ મારાથી કોઈને, દાખલા તરીકે રાજાજીને પૂછ્યા વિના નિર્ણય ન અપાય કે? એમ વલ્લભભાઈને પૂછ્યું.

વલ્લભભાઈ કહે : ના; એ તો આપ્યા વિના ચાલે? આપણે ચર્ચા કરી લીધી એટલે બસ.

બાપુ : નહીં, આ તો હું તાત્ત્વિક સવાલ પૂછું છું કે આવે સમયે શું કરવું?

વલ્લભભાઈ કહે : અભિપ્રાય આપવો જોઈએ. રાજાજી અહીં હોય તો જરૂર પુછાય. પણ રાજાજી નથી એટલે આપી દેવો જોઈએ.

૨૪-૧-'૩૩ આજે રાત્રે ત્રણ વાગ્યાના ઊઠી પડ્યા હતા, અને વાઇસરૉયની નામંજૂરી વિષે પોતાનું સ્ટેટમેન્ટ મનમાં ઘડી રહ્યા હતા. પ્રાર્થના પછી હાથે જ લખવા માંડ્યું, અને સવારે આઠ વાગ્યે પૂરું કર્યું, અને એ વિષે સંતોષ થયો. ૧૧ વાગ્યે પાછા યાર્ડમાં જતાં વલ્લભભાઈને કહે : કેમ, સ્ટેટમેન્ટ તમને ગમ્યું કે? આપણે માટે આ નવો નિયમ છે, એટલે સહેજ થાય કે બરોબર થયું હશે કે? એમ પૂછવાનું.

સુપરિન્ટેન્ડન્ટ આંબાવાડીમાં આવ્યા ત્યારે બાપુ સૂતા હતા. દરમ્યાન સુપરિન્ટેન્ડન્ટે સ્ટેટમેન્ટ વાંચ્યું. બાપુ જાગ્યા એટલે કહે : હવે શો ઇરાદો છે? મને કહો એટલે સરકારને ખબર આપું. એ મારી પાસે એ ખબર આજે જરૂર માગશે. પણ હવે ઉપવાસ ન કરો તો સારું. તમારા વિના કાંઈ કામ ચાલે એમ નથી. અને તમે ઉપવાસ કર્યા કરો તો શત્રુના હાથ પણ મજબૂત થાય.

બાપુ કહે : મારે તરત ઉપવાસ કરવા પડશે એવો કંઈ અંદરથી અવાજ આવતો નથી. એમ હું ઉપવાસ કરું એ તો મારું મનસ્વીપણું ગણાય. વાઇસરૉયના નિર્ણયથી હું અકળાયો છું ખરો પણ સંભવિત છે કે એ અકળામણ તત્કાળ પૂરતી હોય. ઉપવાસ ફરી આવવાનો હોય પણ અત્યારે નહીં. એના સ્વાભાવિક ક્રમમાં આવવાનો હોય તો આવે. એટલે ક્યારે આવશે તે હું કહી શકતો નથી. ચુકાદા વખતે જેમ હું લાચાર બની ગયો હતો અને મેં ઉપવાસનું શરણું લીધું તેમ લાચાર બની જાઉં તો જ મારે ઉપવાસ કરવા પડે. તમે સરકારને કહી શકો છો કે નજીકમાં ઉપવાસ કરવાનો મારો ઇરાદો નથી. મારું નિવેદન તો તમે જોયું જ છે. એ નિવેદન ઉપરાંત મારા દિલમાં કશું નથી. આજે હું સવારે ત્રણ વાગ્યે ઊઠ્યો. અને મારે શું લખવું એ વિષે મારું મગજ તદ્દન સાફ હતું. સુંદર ચિત્રા બરાબર માથા ઉપર ચળકતી હતી.

પુરુષોત્તમ એમનાં પત્ની, મિસિસ ગાડગીલ અને લીલાવતી મુનશીની દીકરી સાથે આવ્યાં. આવવાને કશું જ કારણ નહોતું. લાંબો વખત નિષ્કારણ બેઠાં. એની સ્ત્રીએ પૂછ્યું : મારે શું કરવું?

બાપુએ કહ્યું : શું હરિજન-કામ કરશો ?

એટલે એ બાઈ કહે : મારે તો જેલમાં જવું છે.

બાપુ કહે : તો હું તમને રોકવાનો નથી. બાકી તમારે જાણવું જોઈએ કે મારાથી કશો અભિપ્રાય અપાય જ નહીં. હું બહારની સ્થિતિનો નિર્ણય શી રીતે કરી શકું ? તમને યાદ હશે, '૨૨માં બારડોલીનો ઠરાવ થયો અને લાલાજીનો જેલમાંથી કાગળ આવ્યો, કે બરોબર નથી થયું ત્યારે મેં કહેલું : આ બરોબર નથી. ભલેને એ લાલાજી હતા તોપણ મેં કહેલું. એમને પણ જેલમાંથી સલાહ આપવાનો હક નથી.

મિસિસ પુ૦ : પણ મને ફીટ આવે છે.

બાપુ : ઓહો ! એમાં શું ? એ તો જવાનું શરાતન જોઈએ. હરબનસિંગને જાણો છો ? એની ઉંમર ૭૦ વર્ષની. એને જવાની જરૂર નહોતી. મેં એને ચેતવ્યો. પણ એ તો કહે, મરવાને જ આવ્યો છું. અને ૭ અઠવાડિયાંમાં એ મર્યો. અને કોઈ જેલમાં જાય એથી હરિજનનું કામ બગડશે એમ પણ કોઈ ન માને. રાજાજી પણ જાય તો હરિજનનું કામ અટકી પડે કે ? જરાય નહીં. અને અટકવાનું હોય તો અટકે; પણ વાત એ છે કે બધો નિશ્ચય તમારે કરવાનો હોય. એવું છે કે કોઈ માણસ મરણને કાંઠે બેઠો હોય તોયે તે માને કે મારે માટે તો જેલ જ શાંતિપ્રદ થઈ પડવાની છે, અને તે અંદર મરવાને માટે જ ચાલ્યો જાય. અને રાતો રાણ જેવો માણસ હોય છતાં તે જરાય જવાને તૈયાર ન હોય, એને જેલનો વિચાર જ ખાવા ધાતો હોય, તો તે શું કરે ? આમાંથી તમારે એમ ન માનવું કે તમારે જેલમાં જવું જ જોઈએ. હું તો જાઓ ન જાઓ, એ બંનેનું સમર્થન કરીશ. મારો કહેવાનો અર્થ એટલો જ છે કે માણસને છેલ્લી ટૂંક ઉપર જઈને બેસવું હોય તો તે અવશ્ય બેસી શકે છે, અને જે થાક્યો હોય, જેને પોતાના આ કામ વિષે શ્રદ્ધા કે રસ ન રહ્યો હોય એટલે તે છોડી હરિજનનું કામ લે તોપણ તેની વિરુદ્ધ મારું મન જરાય વિચાર ન કરે.

મેક્ફરે આવ્યો. એણે સ્ટેટમેંટ જોઈ લીધું. પછી કહે : ત્યારે ઉપવાસ તો નહીં જ.

બાપુ : અત્યારે તો નહીં.

મેક્ફરે : પણ આગળ ઉપર તમારે કરવા પડે ?

બાપુ : હા, હું સરકારને મૂંઝવવા નથી માગતો, પણ સુધારકોને જરૂર મૂંઝવવા ઇચ્છું. તેમને તો કામ કરતા થઈ જાય તે માટે ગોદાવવા ઇચ્છું છું, જેથી કરારને અમલમાં મૂકવામાં જરાયે ઢીલ ન થાય.

...થી એક વાર સત્ય છુપાવવાની ભૂલ થયેલી, તેને ગુલામ જીલાનીનો દાખલો આપ્યો. તેણે પોતાની ભૂલની માફી
૨૫–૧–'૩૩ માગી અને બાપુને લખ્યું કે મને ટોકતા અને સુધારતા રહેશો.

બાપુએ પાછો સુંદર જવાબ વાળ્યો :

"હું જાણું છું કે ... ભોળા છે. એ મારી દૃષ્ટિએ ખોટી દયા અથવા દયાની અતિશયતા છે અને તેથી હિંસા છે. હું એવી દયા નહીં ખાઉં એમ માનું છું. એટલે જ્યાં સત્યની ખામી જોઈશ ત્યાં તુરત જ કહીશ. તમારું મન નિખાલસ છે એટલે આગળ વધશો જ. સત્ય અને અહિંસા બંને નિર્ભયતા માગે છે. તે ન હોય તો ઘડીએ ઘડીએ અસત્ય આવી જવાનો સંભવ છે. અને અસત્ય થયું એટલે હિંસા તો છે જ. તેથી ભલે જગત હસે કે મૂરખ કહે કે જીવતા દાટે કે ભૂખેતરસે રિબાવે — આપણે તો સત્ય જ કરવું છે. આ કામ નિર્ભયતા વિના ન થઈ શકે."

સત્યની જ ઉપાસનામાંથી જેસુખલાલને હોટેલો વિષે નીચે પ્રમાણે સલાહ આપી. જેસુખલાલે લખેલું કે તાંબે હરિજનોને આવવા દેશે પણ જાહેર ન કરે. એના જવાબમાં કહ્યું : તાંબે હોટેલનું સમજ્યો. એ પોતાનો ઇરાદો પ્રગટ નહીં કરે અને આપણને પ્રગટ નહીં કરવા દે તો હરિજન કેમ જાણશે? એમ ગુપ્તદાન કરવાથી આપણું કારજ નથી સરતું. લોકોને શિક્ષણ નથી મળતું, લોકમત કેળવાતો નથી. આપણને સેવકોને ખબર નથી પડતી કે આપણે ક્યાં છીએ ને લોક ક્યાં છે? એટલે આપણી અસલ ધારણા એક ગૃહ આપણે ખાતે ચલાવવાની સગવડ કરી લેવાની હોવી જોઈએ.

જેલમાં આરંભમાં શુભ નિશ્ચય થાય છે, કામ કરવાની ઊલટ રહે છે અને પછી ઢીલા થઈ જવાય છે એને વિષે લખતાં ...ને લખ્યું :

"પાછળથી જે શિથિલતા આવી જાય છે તેનું કારણ વાતાવરણ સિવાય બીજું કાંઈ જ નથી. પણ જે માણસ ચઢવા ઇચ્છે તેને હમેશાં પ્રતિકૂળ વાતાવરણની સામે ઝૂઝવું જ પડે છે, અને તેથી જ તુલસીદાસે સત્સંગની આવશ્યકતા ઉપર બહુ ભાર મૂક્યો છે. પણ એ સત્સંગ ઠેકઠેકાણે મળી શકતો નથી. તેથી સૂક્ષ્મ અથવા આંતરિક સત્સંગ શોધવો જોઈએ, એટલે કે સદ્‌વિચારનો અને સત્કર્મનો સંગ શોધવો. એ જેને સાંપડે છે તે પ્રતિકૂળ વાતાવરણની સામે ખૂબ ઝૂઝી શકે છે અને કરેલા નિશ્ચયો પાર પાડી શકે છે."

'માણસોને જાળમાં પકડનાર' એ વચન બાપુને લાગુ પાડવાનું મન આજકાલ વારંવાર થાય છે. આ જાળમાં નવો પકડાનારો માણસ ડંકન ગ્રીનલીસ. લાંબો, રતૂમડી ચામડીનો, સાદા પહેરવેશનો એ જુવાન બાપુની આગળ બે હાથ જોડીને ઊભો રહેલો. ઘડીક વારમાં બાપુએ એની ઓળખ કરી લીધી. મદનાપલ્લી રાષ્ટ્રીય શાળામાં એ હતો. પછી તેની વ્યવસ્થા બીજાના હાથમાં ગઈ એટલે એ શાળા છોડી. પછી ગોરખપુર અને અલ્લાહાબાદ ગયો. હવે હરિજનના કામમાં રસ પડે છે એટલે આ કામ કરવું છે.

બાપુ કહે: આજે તમારા નિર્વાહનું સાધન શું છે?

જેટલા સીધાસટ બાપુ સવાલ પૂછતા જતા હતા તેટલા સીધાસટ એ જવાબ આપતો જતો હતો.

ગ્રીન૦ : ટ્યૂશન વગેરેથી જીવીશ, અને ફાજલ વખત હરિજન-સેવામાં આપીશ. પોલીસ સુપરિન્ટેન્ડન્ટનો છોકરો મારી પાસે શીખવા આવશે તો મને ઠીક પૈસા મળી રહેશે.

બાપુ : તમારી કેળવણી ક્યાં સુધીની? અને ક્યાં શીખેલા?

ગ્રીન૦ : ઑક્સફર્ડનો ગ્રેજ્યુએટ છું.

બાપુ : તમારી હાજત શી?

ગ્રીન૦ : તમારા જેટલી સાદાઈ મારામાં નથી પણ હું ઠીક સાદાઈથી રહી શકું છું.

બાપુ : પણ તમને કેટલામાં ચાલે?

ગ્રીન૦ : ૪૦માં ચલાવ્યું છે પણ એથીયે ઓછું કરી શકું છું.

બાપુ : ત્યારે તમે ટ્યૂશન શા સારુ કરો છો? આખો વખત કામ આપો તો તમારે લાયક કામ શોધી દઉં. એમ કહીને એને ખબર આપી કે તમને મેં રાખી લીધા છે એમ સમજજો, તમને ફાવે તો તમારે રહેવું, અમને ન ફાવે તો તમને રજા આપીએ. તમારી જિંદગીની વિગતો ટૂંકામાં લખી આપી જજો.

પેલાએ ત્રણ ચાર કાગળના કટકા ઉપર પોતાના દક્ષિણ આફ્રિકાના ગ્રેહામસ્ટાઉનમાં જન્મથી તે આજ સુધીની બધી વિગત લખી આપી અને મને કહે: આ મારો પ્રેમપત્ર.

મેં કહ્યું : હું આશા રાખું છું એમ થાય.

આ ડંકન ગ્રીનલીસ સાથે બીજો સંવાદ :

બાપુ : અહિંદુઓ જે કાંઈ કરે તે આ અન્યાયના મર્મ ભાગને કદાચ સ્પર્શ નહીં કરી શકે. કારણ હરિજનો હિંદુ ધર્મને વળગી રહ્યા છે. તેઓ હિંદુ ધર્મ સાથે કેટલા બધા સંકળાયેલા છે તે હું જાણું છું. તેથી

તો ગોળમેજીના મારા ભાષણમાં મેં મારું હૃદય ઠાલવ્યું હતું. હિંદુસ્તાનનાં ગામડાંમાં મોટે ભાગે હિંદુ લોકોની વસ્તી છે. સવર્ણો અસ્પૃશ્યો કહે છે અમે હિંદુઓ છીએ. કેટલાકને તો તેમને થતો આ અન્યાય સાલતો પણ નથી. તેઓ એટલી બધી લાચાર હાલતમાં છે કે તેમને ધર્મનો ત્યાગ કરવાનો વિચાર પણ ન આવે. પણ કોઈ દિવસ તેઓ બધા સવર્ણ હિંદુઓની કતલ કરી નાખવા તૈયાર થાય તો મને નવાઈ ન લાગે.

શ્રીન૦ : તેમનામાં લાઘવગ્રન્થિ હશે ?

બાપુ : ના, એથીયે ખરાબ. લાઘવગ્રન્થિમાં તો પોતાને અન્યાય થયાનું ભાન હોય છે. પણ આ લોકોમાં તો એ ભાન પણ નથી. તેથી જ હું કહું છું કે કોઈ અહિંદુને આ ચળવળમાં રસ પડે તો તેણે જનદયાની દૃષ્ટિએ જ આમાં રસ લેવો જોઈએ. કોઈ અહિંદુએ મદદ કરવી હોય તો હિંદુ સંસ્થા સાથે જોડાઈને જ તેમ કરવું જોઈએ.

શ્રીન૦ : હું દક્ષિણ હિંદનાં મંદિરોમાં ગયો છું.

બાપુ : મારે તો હિંદુ ધર્મની થતી આવી ઠેકડી નાબૂદ કરવી છે. મારે તો શુદ્ધ કાંચન જોઈએ છે. આ પ્રવૃત્તિનાં રાજકીય પરિણામો પણ આવશે. પણ હું રાજકીય પરિણામોનો વિચાર જ કરતો નથી. રાજકીય પરિણામો ન આવે તોપણ હું આ પ્રવૃત્તિ કરું. રાજકીય પરિણામોની મને પરવા નથી. હું તો આધ્યાત્મિક પરિણામો લાવવા ઇચ્છું છું. અને તે માટે મારા સુધ્ધાં હજારો જાનની કુરબાની કરવા ઇચ્છું છું. જનસમાજના એક મોટા ભાગને થઈ રહેલો આ મોટો અન્યાય છે. એ નાબૂદ કરવા પ્રાયશ્ચિત્તની બુદ્ધિથી કામ કરવું જોઈએ. એવી માન્યતાથી કામ કરવું જોઈએ કે મેં અન્યાય કર્યો છે અને મારે જ તે નાબૂદ કરવો જોઈએ. કોઈ ચંગીઝખાન આવીને જક્કી સવર્ણ હિંદુઓનાં ગળાં કાપવાની ધમકી આપે અને આ સુધારો થાય એ મારે ન જોઈએ.

મીરાબહેનને લખેલા કાગળમાંથી :

"સારામાં સારી દુનિયામાંય અકસ્માત તો બને. જોકે ઈશ્વરના શબ્દકોશમાં અકસ્માત જેવી વસ્તુ જ નથી. પણ આ દુનિયા તો અકસ્માતોથી જ ભરેલી છે. અકસ્માત એટલે એવા બનાવો, જેના ઉપર આપણો કાબૂ નથી અને જે બની ગયા પછી પણ તેનાં કારણો આપણે શોધી શકતા નથી."

૨૬-૧-'૩૩

મીરાબહેને એને મોકલેલી મેડલીન રોલાંને લખેલા કાગળની નકલમાંથી એક વાક્ય ઉતારીને પૂછ્યું હતું કે કદાચ બે શબ્દો ઊલટાસૂલટી થઈ ગયા હશે.

'ઉપવાસ વિના પ્રાર્થના હોઈ ન શકે' એમ વાક્ય હોવાને બદલે 'પ્રાર્થના વિના ઉપવાસ હોઈ ન શકે,' એમ શબ્દો હોવા જોઈએ, એમ એણે સૂચના કરી. એના જવાબમાં લખ્યું :

"'ઉપવાસ વિના પ્રાર્થના ન હોય' એ શબ્દ ચોક્કસ બરાબર છે. અહીં ઉપવાસનો અર્થ બની શકે એટલો વ્યાપક કરવાનો છે. શરીરના ઉપવાસની સાથે બધી ઇન્દ્રિયોના ઉપવાસ પણ હોવા જોઈએ. ગીતામાં જે અલ્પાહાર કહ્યો છે તે પણ એક પ્રકારનો શારીરિક ઉપવાસ જ છે. ગીતા મિતાહારનો નહીં પણ અલ્પાહારનો ઉપદેશ કરે છે. અલ્પાહાર એ કાયમી ઉપવાસ છે. અલ્પાહાર એટલે જે સેવાને માટે શરીર નિર્માયેલું છે એ સેવાને માટે શરીરને ટકાવી રાખવા પૂરતું જ લેવું તે. આની કસોટી એ સૂચવી શકાય કે દવા જેમ નક્કી કરેલે વખતે નક્કી કરેલી માત્રામાં જ, સ્વાદને માટે નહીં પણ શરીરના ફાયદાને માટે જ લેવામાં આવે છે, બરાબર તેની માફક ખોરાક લેવામાં આવે. પેટ ભરીને ખાવું એ તો ઈશ્વરનો અને માણસનો અપરાધ છે. માણસનો એટલા માટે કે પેટ ભરીને ખાનારા પોતાના પાડોશીઓને તેમના ભાગમાંથી વંચિત કરે છે. ઈશ્વરની અર્થરચનામાં તો માણસ માટે તેનો રોજનો ખોરાક દવાની માત્રામાં જ પેદા થાય છે. આપણે બધા પેટ ભરીને ખાનારા અથવા અકરાંતિયા કહેવાઈએ. ખોરાકની માત્રા સહેજે જાણી લેવી એ મહાભારત કામ છે. વંશપરંપરાથી આપણને અકરાંતિયા થવાની તાલીમ મળી છે. આપણામાંથી કેટલાકને બહુ મોડે મોડે ખબર પડે છે કે ખાવું એ તો ભોગ ભોગવવા માટે નથી પણ આ શરીર જે આપણું ગુલામ છે તેને ટકાવી રાખવા માટે છે. આ જ્ઞાન આપણને થાય એટલે ભોગને માટે ખાવાની વંશપરંપરા મળેલી તેમ જ આપણે પાડેલી ટેવની સામે ભયંકર સંગ્રામ આપણે ખેલવો પડે છે. તેથી વખતોવખત પૂર્ણ ઉપવાસ કરવાની અને આંશિક ઉપવાસ તો હંમેશ કરવાની આવશ્યકતા છે. આંશિક ઉપવાસ એટલે ગીતાનો અલ્પાહાર અથવા દવાની માત્રામાં ખોરાક લેવો તે. આમ 'ઉપવાસ વિના પ્રાર્થના ન હોય' એ વચનો પ્રયોગથી તેમ જ અનુભવથી સાબિત કરી શકાય એવાં છે."

એક વાગ્યે વઝે અને શાસ્ત્રી આવી ગયા. શાસ્ત્રીની સાદાઈની અને સીધાપણાની મને સારી છાપ પડી. ગોખલેનું સીધાપણું બધામાં ઊતર્યું છે, એ બાપુનું થોડા દહાડા ઉપરનું વચન યાદ આવ્યું.

મેં વઝેને પૂછ્યું : તમને બાપુનું અસ્પૃશ્યતાના ખરડા ઉપરનું નિવેદન કેવું લાગે છે?

વઝે કહે: અમારા કોઈને પણ ટપી જાય એવા વકીલ એ છે. અમે આ ખરડાઓનું શું જાણીએ? એ જે રીતે જુએ છે એ બરાબર છે. એમ કહીને પોતાનાથી થાય તેટલું કરવાનું અને ખબર આપતા રહેવાનું વચન આપ્યું.

બાપુની પોતાની આશંકા આ બાબતમાં એટલી વધી છે કે સપ્રુ-જયકરની નિષ્ણાત તરીકે આ બાબતમાં મદદ માગનારા કાગળો લખ્યા છે.

ડેક્કન કૉલેજનો મહાર વિદ્યાર્થી જાદવ આવ્યો. એનો કાગળ આવ્યો હતો. એણે ટેલિફોનથી મળવાનો વખત માગ્યો હતો. બાપુ કહે: એ બિચારો ભારે મુશ્કેલીમાં હશે, એને ટેલિફોનથી જ વખત આપો અને આજે જ આવવા દો. એ આવ્યો. એની જરેજર વિગતો પૂછી. બાપ શું કરે છે, કુટુંબમાં કેટલાં માણસો છે, આંધળા બાપને શું પેન્શન મળે છે, પોતે શું ખાય છે, પીએ છે, વગેરે પૂછ્યું. એણે પોતે ભગત છે — ઢેડોના ગરોડા છે, અને ગોમાંસ, દારૂ વગેરેને અડતા નથી એવી ખબર આપી. પોતાને ૨૦ રૂપિયાની સ્કૉલરશિપ મળે છે એ કહ્યું. કૉલેજના બીજા ખર્ચની વિગતો માગી, અભ્યાસની વિગત માગી અને અર્ધાથી વધારે કલાક આપ્યો. એની સચ્ચાઈની સારી છાપ પડી. દશ રૂપિયાની મદદ માગી. બાપુએ ખુશીથી તેની તજવીજ કરવાનું વચન આપ્યું.

સવારે કહે: આ લોકોની બાબતમાં મારા ખાસ વિચારો હું અમલમાં મૂકું તો એ તો બિચારા મરી જ જાયને? પેલો છોકરો
૨૭-૧-'૩૩ સરકારી કૉલેજમાં ભણે છે, છતાં એને માટે સ્કૉલરશિપ મેળવી આપવાનું વચન મેં આપ્યું ના?

એ જ વસ્તુ બિલ્લને લાગુ પડે છે. પૂનાના એ ત્રણ બ્રાહ્મણો, ખાદી પહેરેલા અને સીધાસાદા લાગતા આવ્યા: અમારા દિલનું દુ:ખ આપની આગળ રડવા આવ્યા છીએ, એમ કહીને બાપુની હિલચાલથી વર્ણાશ્રમધર્મનો નાશ થશે એવો ભય એકે બતાવ્યો. એમની સાથેની વાતોમાંથી ટુચકા:

બાપુ: તમે બ્રાહ્મણ છો એમ અદાલતમાં શી રીતે સાબિત કરી શકો? તમારા પૂર્વજો બ્રાહ્મણ હતા એમ તમે કેમ કહી શકો? વસ્તીપત્રકમાં આ લોકોને અસ્પૃશ્ય વર્ણવ્યા છે તે ઉપરથી જ તમે એમના ઉપર અસ્પૃશ્યતાની છાપ મારો છો એ બહુ અકળાવે એવી વાત છે.

પેલાઓ: બ્રાહ્મણીમાંથી શૂદ્રે ઉત્પન્ન કરેલા આજે કોઈ છે? એમ તમે પૂછો છો. તો આજે બ્રાહ્મણો છે એને બ્રાહ્મણ કેમ માનો છો? બ્રહ્માએ પોતાના મોંમાંથી ઉત્પન્ન કરેલા બ્રાહ્મણો આજે નથી, છતાં અમે બ્રાહ્મણ

કહેવાઈએ છીએ. પરંપરાથી જેમ અમે બ્રાહ્મણ છીએ, તેમ ચાંડાલીથી ઉત્પન્ન થયેલા ચાંડાલ.

બાપુ: તમે જો ઉઘાડી આંખો અને ઉઘાડું મગજ રાખીને વાત કરો તો હું તમને બતાવી આપું કે સનાતનીઓને કશું જ કરવાની હું ફરજ પાડતો નથી.

. . . તથા . . . વેપાર કરવા આવ્યા. મને કહે: તમારે માટે અમે કાંઈ કરી શકીએ? હું ભંડારીને ઓળખું છું. કાંઈ કહેવું હોય તો તેને હું કહી શકું એમ છું. આ અસ્પૃશ્યતાના કામની ફિલ્મ ઉતારી હોય તો કેમ?

મેં એને ખૂબ સંભળાવ્યું છતાં બાપુની પાસે અભિપ્રાય લેવા ગયા. બાપુએ પણ ખૂબ સંભળાવ્યું.

બાપુ: તમે રેતીમાંથી તેલ વહેલું કાઢી શકો પણ મારી પાસેથી વાર્તા કાઢી શકશો નહીં. વાર્તા જોઈતી હોય તો સરોજિનીદેવી પાસે જાઓ. એ તમને ગાંધીની વાર્તા આપી શકે. એ મારી મા અને પ્રેયસી બન્ને છે.

પેલા: પણ મુશ્કેલી એ છે કે સરકાર સિનેમાના પડદા ઉપર ગાંધીને ન આવવા દે.

બાપુ: એમાં તો મને આનંદ છે. પડદા ઉપર મારું પ્રદર્શન થતું બચે છે. સિનેમાના પડદા ઉપર પણ સરકાર મારી સાથે સહકાર શી રીતે કરી શકે?

નાટકોમાંથી મેં લાભ ઉઠાવ્યો છે. મેં શેકસપિયરનાં નાટકો ભજવાતાં જોયાં છે અને તે મને યાદ રહી ગયાં છે. સત્ય ઉપરનો મારો અનુરાગ હરિશ્ચંદ્ર નાટક જોયા પછી ખૂબ વધ્યો. નાટકોથી ઘણા પાયમાલ થયાં છે એ હું જાણું છું. જોકે મને તો એ લાભકર્તા થયાં છે. એ જ પ્રમાણે મુવી અથવા ટૉકી કોઈને લાભદાયી થઈ પડે. પણ મારો તો એની સામે પૂર્વગ્રહ બંધાઈ ગયેલો છે. હું સિનેમાના પિક્ચરને આશીર્વાદ આપી શકું એમ નથી. હવે જાઓ.

ગુજરાતી વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી:

૨૮-૧-'૩૨

સ૦: તમારા વર્ણાશ્રમ વિષેના વિચારો લેમાર્કને મળતા આવે છે?

બાપુ: મારા વિચારો મને કહેશો તો હું બતાવું કે તે લેમાર્કને મળતા ન હોય. હું કહું છું કે શૂદ્રમાં બ્રાહ્મણના ગુણ હોઈ શકે છે, અને છતાં એને બ્રાહ્મણ ન કહીએ. વળી બ્રાહ્મણના દીકરામાં બ્રાહ્મણના ગુણ ન હોય તો તે દીકરાની મા જ કહી શકે કે એ ગુણ એનામાં

કેમ નથી. એણે વ્યભિચાર કર્યો હોય તો! ભાઈ, આ બધાં અનુમાનો અને શક્યતાઓ છે. સિદ્ધાંતમાત્ર નિરપવાદ હોવા જોઈએ. આપણા શાસ્ત્રીઓ વિતંડાવાદીઓ છે અને ગોખેલી વાતો કરે છે.

સ૦ : ગોખેલી કેમ?

બાપુ : ગોખેલી જ કહે છે. શાસ્ત્રીઓ શું કહે છે એ તમે મારી આગળ હાજર હો તો તમને ખબર પડે.

સ૦ : હું તો આપણા શાસ્ત્રીઓની નથી વાત કરતો, હું તો વિજ્ઞાનાચાર્યોની વાત કરું છું.

બાપુ : તમારા વિજ્ઞાનાચાર્યો પણ કબૂલ કરશે કે સિદ્ધાંત નિરપવાદ જોઈએ.

સ૦ : સમાજની રચનામાં દાખલા અપવાદરૂપે બને છે. પણ સિદ્ધાંત તો એ છે કે આદર્શ તરફ ધ્યેય રાખીએ.

બાપુ : આદર્શ તો એ જ છે. જો એ ન માનતો હોત તો હું વર્ણાશ્રમધર્મ ન પાળતો હોત. હું તો એ ધર્મનું પાલન કરી એને ઘૂંટીને પી ગયેલો છું. એ ધર્મને વિષે વાતો કરનારા આવે છે અને અનેક આરોપો મૂકે છે, ત્યારે રડું છું અને હસું છું.

સ૦ : પણ સામાન્ય લોકો તો તમે છો તેથી તમને જુદા સમજે છે.

બાપુ : એનો અર્થ એ થયો કે મારી સાથે કામ કરનારા ભાંગરો વાટે છે. તો તો એ આપણે તપાસતા રહેવું જોઈએ. મેં તો કહ્યું કે બ્રાહ્મણની છોકરી બ્રાહ્મણને પરણે તોપણ સંકર થઈ શકે. હું તો તમને કહું છું કે સઘળા બ્રાહ્મણો કાંઈ બ્રાહ્મણ નથી. આજે બ્રાહ્મણ કહેનારા ઘણા બ્રાહ્મણ નથી એ તમે જાણો છો? હમણાં જ એક જણને કાગળ લખાવ્યો. તેની સૂચના એ છે કે નામ બદલો એટલે અસ્પૃશ્યતા ગઈ. દૂધાભાઈએ પણ મને એ જ કહેલું. મેં તેને કહેલું એ તો ભૂંડું થયું. અંત્યજ છું એમ કહેનારને માર પડે અને તમે ઢોંગ કરો અને જાત છુપાવો તેથી શી રીતે અસ્પૃશ્યતાનો નાશ થાય?

અત્યારે શું થાય છે તે કહું. ભાટિયામાં કન્યાની અછત છે. તેઓ હરદ્વારથી કન્યાઓ ઉઠાવી લાવે છે. તે બધી કાંઈ ભાટિયા હોતી હશે? રજપૂતોનું લો. કઈ સ્ત્રી ત્યાં પવિત્ર હશે, એની ખબર જ નથી પડતી. ગોલાં અને ખવાસ એ એમાંથી ઉત્પન્ન થયાં છે. મેં 'યંગ ઇન્ડિયા'માં જે લખ્યું છે તે તમે વાંચ્યું નથી. આ જે બનાવો બને છે તેનો શાસ્ત્રીય શોધ કરનારે વિચાર કરવો જોઈએ. તમે વિજ્ઞાનનાં પુસ્તકો ધ્યાનપૂર્વક વાંચતા હશો તો જોશો કે દરેક વૈજ્ઞાનિક પોતાના સિદ્ધાંત સુધારતો

જ જાય છે. તમે ખગોળનાં પુસ્તકો વાંચ્યાં છે? વૈજ્ઞાનિક બુદ્ધિ મેળવવા દરેક શાસ્ત્રમાં ચંચુપાત કરવો જોઈએ.

સ૦ : જીવશાસ્ત્રમાં આનુવંશિકતાના સિદ્ધાંતને બાધા આવી જ નથી.

બાપુ : પણ એમાં આપણે વાંચો જ નથી. તેથી જ હું હિંદુ ધર્મમાં માનનારો છું.

સ૦ : કેટલાક ગુણ છુપાયેલા હોય અને કેટલાક આગળપડતા હોય. એટલે કેટલાક ગુણો ન દેખાતા હોય તેથી તે બ્રાહ્મણ કેમ મટે ?

બાપુ : મારો છોકરો તે પતિત વૈશ્ય છે એમ કહું છું. તે જ રીતે પતિત બ્રાહ્મણ પણ કહેવાય.

સ૦ : મારો પ્રશ્ન એ છે કે બ્રાહ્મણના મુખ્ય ગુણો — અધ્યયન-અધ્યાપનના — એટલા કરતો હોય અને શૂદ્રની જેમ રહેતો હોય તો ?

બાપુ : આનુવંશિકતા તો એમાં રહેલી છે કે પેઢી દર પેઢી એ ગુણોનું દર્શન થયાં કરે.

સ૦ : બ્રાહ્મણ બ્રાહ્મણનાં કર્મ ન કરતો હોય તેને કોઈ કન્યા નથી આપતું ?

બાપુ : અત્યારે તો કોઈ તેમ કરતું નથી. આજે તો પૈસાને અને નામને પરણે છે. આપણે શાસ્ત્રોને બહુ શોધવાની જરૂર છે.

સ૦ : એક પિતાનો પરિવાર છે. પણ જુદા જુદા દેશમાં પણ જુદી જુદી જાતો છે.

બાપુ : કાયદો આપણે ત્યાં જણાયો. કાયદો જાણવો અને એને ઇરાદા-પૂર્વક માન આપવું એટલે શોધ થઈ. હિંદુ ધર્મે એ કાયદો જાણ્યો, એની નોંધ લીધી, ધારા ઘડ્યા. એને માન આપીને ચાલે તેનો પુનરુદ્ધાર થાય. પણ આજે તો વર્ણાશ્રમધર્મનો લોપ થઈ ગયો છે. કાયદો તો કાયદાનું કામ કરે છે. એવો સંભવ છે કે વર્ણાશ્રમધર્મ નવો ઘડવો પડશે. જોકે એને વિષે હું એમ ન કહી શકું કે એમાં ફેરફાર ન કરવા પડે. હું તો શાસ્ત્ર તરીકે કહું છું કે એનો પુનરુદ્ધાર કરવો પડશે. આજે એનો લોપ થયેલો છે એ બધા શાસ્ત્રીઓ કબૂલ કરે છે.

એક અરદેસર નામના પારસી બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મ વિષે ભાષણ આપીને કહેવા લાગ્યા : હિંદુ દરમ ઉપર હાલ બુદનો ગ્રહ છે એટલે ભારે આફતમાં છે. પરભુએ જનમમરણના કાયદા પ્રમાણે દેકોને અમુક ખાસ જનમ આપિયો છે. હું શાષ્ટરો જાનતો નથી. પણ મારું માનવું એવું છે કે જે વખટે શાષ્ટરો લખાયાં તે વખટે હિંદુષ્ટાન ગાંડું ની ઉટું.

મોટું Civilization (સુધારો) ઉઠું, unseen (અદૃશ્ય) રીતે કાયડા ઘઢેલા છે.

બાપુ : હું તમને પૂછું. અસ્પૃશ્યો કોને કહીશું ?

પારસી : હાઈ સોલ્સો (ઊંચા જીવો) બી છે. લો સોલ્સો (નીચા જીવો) બી છે. કેટલાકે ઢેડના ઢંઢા ઉપાડિયા — ઢંઢાને અંગે જો ટમે કહેટા હો તો ટમે ખરા છો. પન જે લોકો નીચા જનમિયા છે તે લોકો વચ્ચે અને ઊંચ વરગના વચ્ચે મોટો ભેડ રહેલો છે.

બાપુ : ધંધાને લીધે જે અસ્પૃશ્ય છે તે અસ્પૃશ્ય નહીં ગણાય ના ?

પારસી : ના.

બાપુ : ત્યારે બીજા તો કોઈ રહ્યા જ નથી.

પારસી : એઉના ભેલંભેલા થઈ ગયા છે. એટલે ખરા અસ્પૃશ્યોને ટારવી કોન આપે ?

બાપુ : પણ જેને તમે અસ્પૃશ્ય તરીકે ગણાવો છો તેને તમારે સિદ્ધ કરવા જોઈએ ને ? ઇતિહાસ જાણનારા નથી કહી શકતા, સારા શાસ્ત્રી નથી કહી શકતા. તમે જાણો છો કે કોને હિંદુસ્તાનમાં અસ્પૃશ્યો કહ્યા છે ? એમાં બ્રાહ્મણીને શૂદ્રથી થયેલી ઉત્પત્તિને ચાંડાલ કહ્યા છે. પણ બ્રાહ્મણી પતિત થઈ તે પહેલાંથી નટ ચમારના ધંધા ચાલતા આવ્યા છે. એટલે નટ-ચમારને એવી ઉત્પત્તિ માની લેવી એ તો મારી જ દીધા કહેવાય ને ! અને વળી ચાંડાલને માટે એવી સજાઓ કહેલી છે કે તે જીવી જ ન શકે. ઑસ્ટ્રેલિયા અને અમેરિકાના રેડ ઇન્ડિયન નાબૂદ થઈ ગયા છે એ જાણો છો ના ? તેમના ઉપર જે ત્રાસ ગુજર્યો છે તેના કરતાં વધારે ત્રાસ ચાંડાલો ઉપર ગુજર્યો છે તે તમે જાણો છો ? તો તો ચાંડાલો હોય જ નહીં.

પારસી : એ બધું મેં વિચારિયું નથી.

બાપુ : ત્યારે તમારે અભ્યાસ વિના અહીં આવવું ન જોઈએ. તમે શાસ્ત્રીઓને મળો, વિચારો, અભ્યાસ કરો અને પછી મારી પાસે આવો. ચાંડાળોનું રહેવાપણું જ અશક્ય હતું. એ-તો ઠાર મરી ગયા. એક કાળ એવો હતો જ્યારે એક જ હિંદુ ધર્મ હતો. ત્યારે કોઈ ચાંડાલ રહેલો નહોતો. આજે કહેવાતા બ્રાહ્મણમાં એવા ચાંડાલો હશે તેની તમને ખબર છે કે નહીં ?

પારસી : તમારો સોલ (આત્મા) આગળ વઢેલો છે. તેમ ઊંચનીચ હોય કે નહીં ?

બાપુ : આપણી સ્થૂળ આંખે ભારે હળવો લાગે છે, પણ બધાં ગંગાનાં પાણી છે. આત્મા તો એક જ છે.

પારસી : જુડાજુડાની પ્રગટિ જુડી છે ના?

બાપુ : શંકરાચાર્ય તો કહી ગયા કે કાળ તો કૂંડાળું છે. માટીના ભેદને લીધે ભ્રમ પેદા થાય છે અને આપણે જુદા જુદા માનીએ છીએ. ઈશ્વરની પાસે જુદા નથી. ઈશ્વરની પાસે જુદો જ ગજ છે. આત્માને તો વધઘટ થવાપણું નથી.

પારસી : આટમા ટો પોટે નૂર છે. પણ એ નૂરની આસપાસ વાડલાં છે તે જુડાં છે ના?

બાપુ : પણ એ તો મિથ્યા છે. આત્મા જ સત્ છે. તે એક છે. તમે મારી સાથે હિંદુની રીતે વાત કરો.

પારસી : મને હિંડુ ઢરમની બહુ ખબર નથી.

બાપુ : પણ સુતારની આગળ લુહાર વાત કરે તે કેમ કામ આવે? જુઓ મારી પાસે બહુ સરળ વાત છે અને સરળ ધર્મ છે. શાસ્ત્રીઓને પણ હું હસાવીને કાઢું છું. કોઈ રડીને નથી ગયો.

પારસી : પણ મારું કહેવું છે કે ટમે ખોટી રીટે આ સવાલ લીઢું છે. સરેલાં સફરજનની સાથે સારું મૂકો તો સરી જ જશે.

બાપુ : પણ મારી પાસે કોઈ સડેલું હોય તો ને? તમે જે ઊંચો વર્ગ માનો છો તેય નથી, ને નીચો પણ નથી.

પારસી : હસ્ટી છે, એવાની હસ્ટી છે. જે ઢરમમાં માને છે ટેનાકી મહેટર, ઢોબી અને હજામનું કામ કરાવાય નહીં. પણ ચંડાલની સાઠે આવા મહેટર અને હજામની ભેલંભેલા ઠઈ ગઈ છે.

બાપુ : ના, ના, એ થાય નહીં. ચંડાલને એ કામ કોઈ સોંપે જ નહીં. તમે વાંચો, શાસ્ત્રો સ્મૃતિઓ વાંચો.

પારસી : શાષ્ટરોમાં પૂરન સટચ છે પણ કોઈ સમજ્યા નહોટા. કૃષ્ણ ૧૬૧૦૮ બૈરી પરણિયા એ વાટ સાચી?

બાપુ : સાચી. પણ બૈરી જુદી.

પારસી : ગીટા વિષે ટમે કહેલું કે એમાં યુઢની જૂઠી વાટ છે એ વાટ ટમારી સાચી. તેમ જ શાષ્ટરોની જુડી વાટ.

બાપુને હાઈ સોલ કહીને ફરી ફરીને વર્ણવતો હતો. આખરે મુલાકાત પતાવવા મેં કહ્યું : પણ એઓ બધી બાબતમાં હાઈ સોલ (ઉચ્ચ આત્મા) હોય તો માત્ર અસ્પૃશ્યતાની બાબતમાં જ એ લો સોલ (નીચ આત્મા) થઈ ગયા કે? પેલો મૂંઝાયો અને બંધ કર્યું.

કાકા, પરમાનંદ વગેરે આવ્યા.

પરમાનંદે કેલપ્પનના ઉપવાસથી માંડીને તે આજ સુધીનું આખું પ્રકરણ ખોલ્યું. બાપુએ પણ રેંટિયો ચલાવતાં ચલાવતાં એકડે એકથી માંડીને બધી વાત કરવા માંડી. ફરી ફરીને પરમાનંદ પૂછે : પણ ઉપવાસ શા શારુ ?

બાપુ કહે : કરોડો લોકો પાસે મારે શી રીતે પ્રતિજ્ઞા પળાવવી ?

પરમાનંદ : પણ કરોડોએ પ્રતિજ્ઞા લીધી છે એમ કહી શકાય ?

બાપુ : લીધી છે કે નથી લીધી એ કહેવાનો તો એમને હક છે. મને કહી દે કે એમણે પ્રતિજ્ઞા નથી લીધી. તો હું શાંત થઈ જઈશ. જો પ્રતિજ્ઞા લીધી હોય તો મારે એનું પાલન કઈ રીતે કરાવવું ? જો મારી રીતે ન કરાવું તો બીજી રીત ચંગીઝખાનની રહી. અને ચંગીઝખાનની રીતે કામ થતાં હોય તો આ જગત કેટલા દહાડા નભે ?

વલ્લભભાઈ કહેતા હતા કે જયકર અને બીજા સત્તા લેવી જ જોઈએ, લેવી જ જોઈએ એમ જ લવારો કરી રહ્યા છે અને સત્તા તો હજી કોણ જાણે ક્યાં છે ?

બાપુ કહે : એ બરોબર છે. સત્તા આવે ત્યારે એ જવા ન દેવી એ જ એ લોકો કહે છે. અને આપણે પણ એ જ કહેવું પડે. સરકારની સાથે લડવાને માટે પણ સત્તા લેવી પડે. બહારનું વાતાવરણ જોવું જોઈએ. એ લોકો જે આપે છે તેમાં શું લખ્યું છે તે જોવું જોઈએ અને પછી નિર્ણય થાય. પણ પરિસ્થિતિ એવી બદલાઈ જવાની કે સહેજે વિચાર કરવો પડે કે સત્તા લેવી કે ન લેવી. મતાધિકાર જ એટલો બધો વધી જવાનો છે કે આપણને લાગે કે કાંઈક કરી શકશું તો સત્તા લેવાનો વિચાર જરૂર કરીએ.

કૉંગ્રેસવાળાઓને વહેલા છોડવામાં આવે તો વિલિંગ્ડન રાજીનામું આપશે એવો ગોળો છાપાંમાં આવ્યો છે.

બાપુ કહે : એ સાચો હોય તો નવાઈ નહીં. અને એ એને માટે બરાબર ગણાય. મને છોડવાની એણે સાફ ના પાડવી જોઈએ, કારણ એની દૃષ્ટિએ એ ફાવ્યો છે.

આજની ટપાલમાં ઘણા કાગળો નોંધવા જેવા હતા. ભક્તિબહેનને લખતાં શરીરના મેળાપનો મોહ છોડવાની વાત કરી :

૨૯–૧–'૩૩ "શરીરથી જ મળાતું હોત તો મડદાં નહીં સંઘરી રાખત ?"

માણુલાલને લખતાં લખ્યું : "બાપને માટે પણ કરજ ન કરીએ. કરજ એ મહા અધર્મ છે."

ગઈ કાલે 'હિંદુ'નો રિપોર્ટર આવી ગયો. એને ખૂબ સમજાવવાનો પ્રયત્ન કર્યો કે તેં ન રિપોર્ટ કરવાનું રિપોર્ટ કર્યું. એ વિશ્વાસઘાત હતો, પણ એ જડ સમજે જ નહીં. એટલું સમજાવવા એને અર્ધો કલાક આપ્યો. એ કહેતો જાય કે : તમે આ નહોતું કહ્યું ? ફલાણું નહોતું કહ્યું ? એટલે એ તો બધું મેં દોરેલાં અનુમાનોમાં રહેલું છે — ભલે અનુમાનો ખોટાં હોય.

બાપુ : પણ આ અનુમાનો તમારાં દોરેલાં છે એમ વાચકો નહીં સમજે. એ લોકો તો કહેશે કે મારા બોલેલા શબ્દો ઉપર જ આ અનુમાનો રચાયેલાં છે. એ વસ્તુ હકીકતથી ઊલટી છે. વાતચીતની પવિત્રતાને માન આપવાને બદલે તમે તો એકદમ દોડ્યા અને આવો વાતાવરણને ખળભળાવી નાખે એવો સંદેશો મોકલ્યો. જે શબ્દો હું કદી બોલ્યો જ નહોતો તેનું મારા ઉપર આરોપણ કર્યું. આમ તમે તો મને એવડો અન્યાય કર્યો. એટલે રિપોર્ટર થવાને તમે નાલાયક સિદ્ધ થાઓ છો. આટલું કહીને પછી એને ટાઢો પાડ્યો, અને કહ્યું : રંગસ્વામીને હું લખીશ કે તારી સામે સખત પગલાં ન લે.

બાપુની દયા આ કિસ્સામાં ઊભરાઈ જતી જોઈ. આ નફ્ફટ માણસને ઊભો પણ ન રાખવો જોઈએ, છતાં એ શુભ હેતુથી વર્ત્યો છે એમ માની લઈને જ બાપુએ આખો ન્યાય તોળ્યો અને રંગસ્વામીને લખ્યું કે જ્યાં ઇરાદાપૂર્વક અને મનસ્વી અનર્થો કરવાનું જોઈએ તેટલું ચાલી રહ્યું છે ત્યાં ગંભીર છતાં અજાણતાં થયેલા અનર્થને માટે સજા શી કરવી ?

બાપુના ખોળામાં માથું મૂકનાર કદી દુઃખી થતો જ નથી, એ મેં પેલા રિપોર્ટરને આપેલું આશ્વાસન સાચું જ હતું.

સનાતન ધર્મવાળાઓ રોજ રોજ નવા નવા આરોપો બાપુ ઉપર મૂકતા જ જાય છે, અને એમની દલીલોની વિચિત્રતાનો પાર જ નથી.

એક જણ દલીલ કરે છે કે ગાંધી દરેક વિવાહિત સ્ત્રીને પોતાના પતિની બહેન થવાનો ઉપદેશ કરે છે. તો તો કોશમાં સ્ત્રી શબ્દ જ શા સારુ રાખવામાં આવ્યો હશે ? બહેન શબ્દ જ હોત !

મહાભારતને રત્નની ખાણુ કહેલી અને ગીતાને રત્નની પેટી કહેલી તે વચનને વિકૃત કરીને એક શંકરાચાર્ય કહે છે કે ગાંધી એક દિવસ મહાભારતને કચરો કહે છે, બીજે દિવસે એને રત્ન કહે છે.

મુંબઈવાળા સનાતનીઓ કહે છે: આનંદશંકર અને માલવિયાજી ગાંધીના ગુરુ થઈ પડ્યા છે. એ ટીકા ઉપાડી લઈને આનંદશંકરને બાપુએ રમૂજમાં લખ્યું: "તમારો તો મારે ખપ રહ્યો; હવે વધારે, કેમ કે તમને અને માલવિયાજીને મારા ગુરુનું પદ આપ્યું છે. એટલે તમારે તે શોભાવ્યે છૂટકો છે."

આજે રાજાજી, દેવદાસ, ઘનશ્યામદાસ આવ્યા. રંગા આયરના બિલને
વાઇસરોયે આપેલી પરવાનગીથી ઉપસ્થિત થતી સ્થિતિની
૩૦-૧-'૩૩ ચર્ચા ચાલી. બાપુએ સમજાવ્યું કે આખો પ્રશ્ન ધાર્મિક
છે અને એમાં રાજકીય વાતની ગંધ નથી. મારી સ્થિતિ પૂરેપૂરી ધાર્મિક છે. આ વસ્તુનો રાજકીય દૃષ્ટિએ હું વિચાર કરી જ શકતો નથી. લોકો સાચે જ આ બિલની વિરુદ્ધ હોય તો મારે એ પાછું ખેંચાવી લેવું જોઈએ. પછી મારે શું કરવું એ તીરના જેટલી ઝડપથી કોઈક મને કહેશે. મંદિરોમાં આપણે ચોરીછૂપીથી તો પેસવું જ નથી. મંદિરપ્રવેશ એ ચોક્કસ એક આધ્યાત્મિક કાર્ય છે. અને એનાથી સમાજમાં વિપ્લવ થવો જ જોઈએ. ઉપવાસનો મારો વિચાર આખો એ માન્યતા ઉપર બંધાયેલો છે કે જનસમાજમાંથી ઘણા લોકો મંદિરપ્રવેશ ઇચ્છે છે પણ તેઓને વાચા નથી. જો લોકો આપણા પક્ષમાં હોય, પણ કાયદો આપણા પક્ષમાં ન હોય તો આપણે ટ્રસ્ટીઓને એ કાયદાનો ભંગ કરવાનું, અને એ કાયદાનો આશ્રય લઈને કોઈ એકાદ માણસ તેમના ઉપર કામ ચલાવે તો તેની બરદાસ્ત કરવાનું કહી શકીએ.

આમ કહીને આપણે આ બાબત ઉપર સ્પષ્ટ મતગણતરી મેળવવી જોઈએ એમ બાપુએ વિધાન કર્યું. એ મતગણતરી કેટલી મુદતમાં થવી જોઈએ, કેવી રીતે થવી જોઈએ એની ચર્ચા કરતાં ઘડીક વાર એવો પણ ભાસ થયો કે આખી યોજના અવ્યવહારુ છે. પણ ત્રણ માસ લાગે તોપણ ચૂંટેલા વિસ્તારમાં આ વસ્તુ થઈ જવી જોઈએ એવો અભિપ્રાય બાપુનો થયો.

બિરલા કહે: તો તો આ મુદ્દા ઉપર ધારાસભાની નવી ચૂંટણી થાય એ ઉત્તમ મતગણતરી છે.

બાપુ કહે: એમાં તો આપણે સહેલાઈથી જીતીએ. પણ એથી મંદિરમાં જનારા હિંદુ લોકોના મતનું પ્રમાણ ન મળે.

...આચાર્ય આપણને વર્ણાશ્રમ સ્વરાજસંઘમાં જવાને નોતરે છે. એમાં એ ફસાયો છે. અને એ જો કરવા માગીએ તો સંઘને કબજે કરીને

આપણે એને હંફાવી શકીએ, જેમ '૨૧માં હિંદુ મહાસભાનો કબજો કરેલો તેમ, એમ બાપુએ સમજાવ્યું. પણ ગમે તેમ હોય, સભ્યોમાં ફેરવવાને કારણે બિલ બે વર્ષ સુધી પડી રહે એ અસહ્ય વસ્તુ છે.

રાજાજી કહે : સભ્યોમાં ફેરવવાને કારણે ઢીલ થતી હોય તો આપણે શા માટે વાંધો ઉઠાવીએ ?

બાપુ : કારણ આપણે જાણીએ છીએ કે એ તો બહાનું છે. એ અપ્રામાણિકતા છે. મતગણુતરીને પરિણામે બિલની તરફેણમાં લોકમત એકાએક ઊભરાય તો હું તો એ બિલ જલદી પસાર કરાવવા દબાણ કરું.

બાપુને છોડવામાં અમુક માણસનો વિરોધ હતો એ સાંભળી બાપુએ કહ્યું : મને એ શી રીતે છોડે ? જે માણસ એકે વાત ન સાંભળે તેને છોડીને શું કરવું ? એમ જ એ કહેતો હશે અને એનો હું બચાવ કરી શકું છું. મારી પાસે એ સમાધાનની આશા રાખે છે, અને સમાધાન કશું ન મળે એ જાણે છે એટલે શી રીતે છોડે ?

પછી 'હરિજનસેવક' વિષે વાતો ચાલી. રાજાજીના વાંધા : (૧) આપણું છાપું ફક્ત આપણા લોકોમાં વંચાશે, જ્યારે આજે તો તમારાં નિવેદન બધાં છાપાં છાપે છે. (૨) છાપું નકામું થઈ પડે.

બાપુ કહે : કાર્યકર્તાઓને કેળવવા માટે એ બહુ જરૂરનું છે. બધા તાર સાંધવા માટે પણ આવશ્યક છે. કેટલીયે વસ્તુઓ એવી છે જે એ. પી. આઈ. મારફત ન કહેવાય. મને તો નવાઈ લાગે છે કે અત્યાર સુધી તમને છાપાની જરૂર કેમ ન વર્તાઈ ?

છાપાના નામ વિષે ઠીક ચર્ચા ચાલી. Emancipation (ઈમેન્સિપેશન), Deliverer (ડીલિવરર), Liberator (લિબરેટર), Harijan (હરિજન), Voice of the Harijan (વૉઇસ ઑફ ધિ હરિજન) વગેરે. એ બધાંમાંથી આખરે Harijan (હરિજન) એટલું જ નામ ઠીક થઈ પડશે એમ ઠર્યું અને ડેકલેરેશન માટે અરજી કરવાની સૂચના પટવર્ધનને આપવા માટે તેને બીજે દિવસે બોલાવવા એમ પણ ઠર્યું.

મતગણુતરી માટે સામાન્ય માણસોને બદલે પંડિતો રાખવા એ વિચાર બિરલાએ બતાવ્યો, પણ સાથે સાથે કહ્યું એ ચારિત્ર્યવાળા ભાગ્યે જ હોય.

બાપુ કહે : તો એ જરૂરના નથી. ચારિત્ર્ય એટલે પોતાની માન્યતાને પૂરેપૂરા વળગી રહેવું તે. જે માણસ વધારે પૈસા આપનારને માટે પોતાના વિચાર બદલે છે એની માન્યતાની પણ કિંમત નથી. એટલે હું જોકે સાચા પ્રાણવાન પંડિતને જરૂર પસંદ કરું, પણ ચારિત્ર્યહીન પંડિત કરતાં હું સાદા માણસને પસંદ કરું.

રાત્રે અને સવારે મતગણતરી વિષે અને એને માટે રાજાજીનો ઉત્તર હિંદુસ્તાનમાં ઉપયોગ કરવા વિષે વલ્લભભાઈએ ગરમાગરમ ચર્ચા કરી. રાજાજીએ આ કામમાં ન પડવું જોઈએ. ઉત્તર હિંદમાં એનું કોઈ ન સાંભળે. લોકો એના કાર્યનો અનર્થ કરશે, એની ફજેતી થશે, વગેરે. એ ભલે મદ્રાસમાં રહે અને આ જ કામ કરે, મંદિર ખોલાવે, અથવા મંદિરના સત્યાગ્રહો કરાવે. મતગણતરી ભલે થાય પણ તેની આગળનું ધ્યેય પણ સ્પષ્ટ હોવું જોઈએ. નહીં તો મતગણતરીથી પણ કશું ન વળે.

૨૧–૧–’૩૩

બાપુએ કહ્યું: લોકો આપણી સાથે મક્કમ રીતે છે એ વિષે મારી શંકા વધતી જાય છે.

વલ્લભભાઈ કહે: આપણને એ બતાવવાની તક જ નથી મળી, અને જ્યાં સુધી મતગણતરીથી અમુક પરિણામ આણવું છે એમ લોકોને કહેવામાં ન આવે ત્યાં સુધી એ મતગણતરીનો અર્થ નથી. સનાતનીઓ પણ ગમે તેટલી સહી મેળવીને કહેશે કે અમારી બહુમતી છે.

રાજાજીની સાથે એમણે કરવાનાં કામ વિષે વાતો થઈ. ગઈ કાલે બાપુએ એમને કહ્યું હતું કે અમુક હદ સુધી જ હું તમને આ બાબતમાં સલાહ આપી શકીશ.

રાજાજીએ આરંભ કર્યો: તમે આ ચળવળ ઉપાડી છે એટલે અમારે તેમાં કામ કરવું જ જોઈએ અને મારો હિસ્સો મારે તેમાં આપવો જ જોઈએ. મારા સિવાય આ ચળવળ ન ચાલી શકે એવું માનવા જેવો હું મિથ્યાભિમાની નથી, પણ મને એમ લાગે છે ખરું કે આમાં કામ કરવાને માટે મને પૂરો અવકાશ છે. પણ જો મારા વિના જ આ ચળવળ ચાલી શકતી હોય તો હું છૂટો થવાનું પસંદ કરું.

બાપુ: તમને સ્વતંત્ર રીતે અને તટસ્થભાવે એમ લાગતું હોય કે આ ચળવળમાં તમે જ એક મારા પ્રતિનિધિ થઈ શકો તો તો આ ચળવળ માટે તમે સ્પષ્ટ આદેશ સાંભળ્યો એમ ગણીને આ કામ તમારે ચાલુ રાખવું જોઈએ, અને દુનિયા કાંઈ કહે તેની પરવા ન કરવી જોઈએ. પણ જેમના મનમાં જરા પણ શંકા હોય તેમને તો હું यो ध्रुवाणि परित्यज्य વાળો શ્લોક સંભળાવું છું, અને કહું છું કે શંકાનો લાભ સવિનયભંગની મૂળ પ્રતિજ્ઞાને તમારે આપવો જોઈએ. પણ તમને સ્પષ્ટ આદેશ લાગતો હોય, અને જણાય છે કે તમને એમ લાગે છે, તો પછી તમારે હરિજનકામ જ કરવું જોઈએ.

આ પછી મારી સાથે રાજાજીને ઘણી વાતો થઈ. એમને પોતાને શંકા નથી કે એઓ કામ છોડી દે તો બીજા કરનારા નથી. એમને એ પણ શંકા નથી કે બધી ટીકાઓને એ પહોંચી વળશે. એમની વૃત્તિની પ્રજા ઉપર જરાય માઠી અસર ન થાય. જે લડતમાં પડવાના હતા તે પડ્યા છે, ભોગો પણ આપ્યા છે, આપ્યે જાય છે. જે થાક્યા છે તેને થાકવા દો. પણ વલ્લભભાઈનો વાંધો એઓ વિચારવાને માટે આતુર હતા. એ વિરુદ્ધ હોય તો મારે ફરી ફરીને એ બાબત વિચારવું જોઈએ એમ કહ્યું, અને મને ફરી ફરીને પૂછ્યું : પણ બાપુ હજી ઉપવાસ કરે ખરા, કે એ બાબત હવે બંધ થઈ?

મેં કહ્યું : ઉપવાસ તો ગમે ત્યારે કરે.

આ પછી બાપુ કોણીની ઉપર વીજળીના શેક માટે ગયા હતા, ત્યાંથી આવ્યા અને રાજાજીને બોલાવ્યા. એમણે પાછો સવાલ કર્યો : હજી ઉપવાસ આવવાનો છે?

બાપુ : હા, એ તો અનિવાર્ય છે. જે બનાવો બની રહ્યા છે તે જોતાં મને લાગે છે કે જલદી આવે તો સારું. કાનપુરના એક કેસનું મેં સાંભળ્યું છે. મ્યુનિસિપલ કૉર્પોરેશન માટે ત્રણ હરિજનોએ ઉમેદવારી કરી હતી. બીજા પક્ષે તેમનો વિરોધ કરવા માટે બીજા ત્રણ હરિજન ઉમેદવારો જ ઊભા કર્યા. પરિણામ એ આવ્યું કે કોઈ હરિજન ચૂંટાયો નહીં. આની ચોટ મને ઊંડી લાગી છે. અનામત જગ્યાઓ રાખવાની સામે હું કમર કસીને લડેલો. પણ હવે મને લાગે છે કે હું આંબેડકરની જગ્યાએ હોત તો મેં ઘણો વધારે હિંસક વિરોધ કર્યો હોત. આ કાનપુરના કેસમાં તો પોતાનો સ્વાર્થ સાધવાને માટે જ તેમણે હરિજનોને આવવા ન દીધા. પોતાના પક્ષના હોય કે સામા પક્ષના, લોકોએ એટલું જોવું જોઈતું હતું કે ત્રણ હરિજન ઉમેદવારો ચૂંટાઈને આવે. આ પ્રકરણમાં પૂનાના કરારનો ચોખ્ખો ભંગ થયો છે. મેં હરિજી (પંડિત હૃદયનાથ કુંઝરુ)ને લખ્યું. એમણે ઠંડે પેટે આનો ખુલાસો આપવા પ્રયત્ન કર્યો, અને વધારે તપાસ કરશે એમ જણાવ્યું. પણ મારે એવી તપાસ જોઈતી નથી. મેં તો કહ્યું છે કે આ અન્યાય તમે સુધારી લો.

બિરલા અને બીજા કહેવા લાગ્યા : ના બાપુ, કાનપુરનું તો અપવાદરૂપ છે. હિંદુ સમાજમાં સારો ફેરફાર ઝડપભેર થતો જાય છે.

બાપુ : એ તો હું જાણું છું. આવા બનાવથી ઉપવાસની ઉતાવળ ન થાય. પણ આવા બનાવ મને હચમચાવી મૂકે છે. છતાં ઉપવાસની વેદના મુલતવી રાખવાને હું જાગ્રત પ્રયત્ન કરી રહ્યો છું.

બિરલા : પણ આ કાયદાઓ પસાર થઈ જાય પછી તો ઉપવાસનો સવાલ ઊભો જ ન રહેને?

બાપુ : ના રે ભાઈ, ના. ઉપવાસનો આધાર એકલા કાયદા ઉપર નથી. મારી સામે કેવળ મંદિરપ્રવેશનો પ્રશ્ન નથી પણ સમગ્ર પ્રશ્ન છે. દિન પ્રતિદિન મારા મનમાં થતું જાય છે કે ઉપવાસની શક્યતા ઘટતી નથી પણ વધતી જાય છે. શા માટે એમ થાય છે તે હું કહી શકતો નથી. કઈ વસ્તુ ઉપવાસને લાવશે એ પણ જાણતો તથી. પણ આ લાગણી તો ધીમે ધીમે ચોક્કસ વધતી જ જાય છે. હું એટલું જાણું છું કે હું જરાયે સ્વસ્થ નથી. બધા બનાવોના એકંદર સરવાળાની મારી ઉપર સારી છાપ પડતી નથી. સારી વસ્તુઓ પણ બની રહી છે ખરી. તેની સામે હું આંખ મીંચી શકતો નથી. હું તો ઊલટો પ્રતિકૂળ વસ્તુઓની સામે આંખ મીંચવાનો પ્રયત્ન કરું છું. દાખલા તરીકે આ ધર્મશાસ્ત્રીઓ અને ધારાશાસ્ત્રીઓ સાથે ભૂંડો પત્રવ્યવહાર હું ચલાવી રહ્યો છું તે જુઓ.

બિરલા : પણ જે ગતિથી સુધારો થઈ રહ્યો છે તેથી તમારે સંતોષ માનવો જોઈએ.

બાપુ : હા, ટાઢા દિલવાળાને તો સંતોષ થાય. પણ મારા દિલને તો જરાયે સોરવતું નથી. હું જાણું છું કે કાર્યકર્તાઓ કામમાં મંડી પડ્યા છે. એમનામાં શિથિલતા નથી. પણ આખી વસ્તુ જોતાં હૃદયને સંતોષ થાય એવું નથી.

બિરલાએ પિલાનીમાં બે વરસ ઉપર જે વાતાવરણ હતું તેના કરતાં અત્યારે કેટલું બધું સુધર્યું છે તેનું વર્ણન કર્યું. ત્યાંની શાળા અને કૉલેજમાં હરિજન છોકરાને દાખલ કરવામાં આવે છે અને સનાતની મા-બાપોમાં પણ કશો ખળભળાટ થતો નથી.

રાજાજી : તમારી પોતાની જ અત્યારની મનોવૃત્તિમાં આનું કારણ શોધવાનો તમારે પ્રયત્ન કરવો જોઈએ એમ તમને નથી લાગતું? લાંબી-ટૂંકી છોડી દઈને કહીએ તો કહી શકાય કે તમે અધીરા થયા છો.

બાપુ : હું જાણું છું કે વ્યાવહારિક માણસ તરીકે મારે ધીરજ રાખવી જોઈએ. અધીરા થવાનું કાંઈ કારણ નથી. તમને ખાતરી આપું છું કે એવી લાગણી હું સેવતો નથી. મારે ઉપવાસ ન કરવા જોઈએ એવા નિર્ણય ઉપર બીજી જાન્યુઆરી પહેલાં આવતાં મને વાર નહોતી લાગી. અને તમને હું જણાવું કે બીજી જાન્યુઆરીએ મેં ઉપવાસ શરૂ ન કર્યા તેથી કેટલાક સાથીઓને તો અસંતોષ પણ થયો છે. થોડા જ દિવસ ઉપર

એક ભાઈ મારી સાથે દલીલ કરતા હતા કે ઉપવાસનો નિર્ણય કર્યા પછી ઉપવાસ મુલતવી રાખવાનાં કારણો ઉપસ્થિત થયાં નહોતાં.

રાજાજી: આ બધા સાથીઓને તો તમે બગાડી મૂક્યા છે! (બધા ખડખડાટ હસ્યા.)

બાપુ: એ તો ઠીક; પણ જેમને હું જરાય ઓળખતો ન હોઉં એવા લોકો પણ છે કે જેમણે આ મોકૂફીને વખોડી કાઢી છે. એક માણસે તો મારી સામે વિરોધમાં અગિયાર ઉપવાસ કર્યા. મેં એને કડક તાર કર્યો કે તારા ઉપવાસ તો પાપરૂપ છે ત્યારે જ એણે તે છોડયા. એટલે આ બાબતમાં તમે માની લો કે હું અત્યારે ખરેખર મારી જાતની વિરુદ્ધ વર્તી રહ્યો છું. છતાં હું તમને કહી શકું નહીં કે ઉપવાસ નહીં આવે. આમ કહું છું તેથી ઇંગ્લંડના મિત્રો તો ચિડાતા નથી. એમના દિલમાં જ્યારે શંકા હોય છે ત્યારે તેઓ એવું માનવાનો પ્રયત્ન કરે છે કે આમાં ઇશ્વરનો હાથ હશે. પોતાની શંકાઓ રજૂ કરતા ઘણા કાગળો ઍન્ડ્રૂઝે મને લખ્યા હતા. પછી એણે તાર કરીને એ બધા કાગળો પાછા ખેંચી લીધા અને મને ખાતરી આપી કે પોતે આખી વસ્તુ હવે બરાબર સમજ્યો છે.

રાજાજીએ લોકોના વહેમોની વાત કરી: કેટલાક લોકો ખરેખર માને છે કે આજ સુધી ગાંધીએ વરસાદ આણ્યો પણ હવે એ એવું કામ કરી રહ્યો છે કે જેથી વરસાદ જ ન આવે.

બાપુ: તમે તો અજ્ઞાન લોકોની વાત કરો છો પણ પોતાના નામની આગળ બી. એ. અને બી. એલ. ઉપાધિ લગાડનારા લોકો પાસેથી ઢગલો કાગળ આવે છે, જેમાં વહેમ ઉપરાંત ક્રોધ, કડવાશ, ઝેર અને ગાળો પણ હોય છે.

રાજાજી: એ તો કાયદાના જ્ઞાનનું એક જાતનું પ્રતિલોમ થયું! (સૌ ખડખડ હસ્યા.)

બાપુ: અત્યારે તો મારી લાગણી એવી છે કે ઉપવાસની શક્યતા બહુ દૂર નથી.

ઉપવાસ ક્યારે થાય એ કેમ કહેવાય? મુંબઈમાં '૨૦માં ઉપવાસ કર્યા હતા ત્યારે એકાએક મથુરાદાસ પડખે સૂતા હતા તેને જગાડીને મેં કહી દીધું: મારી સાથે દલીલ ન કરતો, મારો નિશ્ચય છે. એવું જ એકવીસ દિવસના ઉપવાસ વખતે — હકીમજી, મહમદઅલી બધા આભા બની ગયા હતા. પણ તેથી કોઈ કહેશે એ ઉપવાસ ખોટા હતા? મને તો લાગે છે કે એ ઉપવાસે તે વેળા કામ કર્યું જ, પણ ૫૦૦૦ વર્ષ પછી પણ એ ઉપવાસ કામ આપશે.

મથુરાદાસે પેલા નિવેદનની જૂની વાત છેડી : મારું દિલ કહેતું હોય કે સવિનયભંગ જ કરવો જોઈએ, છતાં હું થાકચો હોઉં, તો મારે શું કરવું? મારે માટે બહેતર નથી કે મારે ઘેર જ બેસી રહેવું— હરિજનનું કામ કરવાનો ડોળ કરવાને બદલે?

બાપુ : કહેવું મુસ્કેલ છે. પણ શા સારુ એ માણુસ હરિજનનું કામ ન કરે? એક શરત છે ખરી કે એણે જાહેર કરવું જોઈએ કે એ થાકચો છે, એટલે હવે જેલમાં જવાનું કામ કરવાને બદલે હરિજનનું કામ કરવા માગે છે. એ વાત છુપાવીને હરિજનનું કામ ન થઈ શકે. એવી રીતે છુપાવીને હરિજનનું કામ કરે તેના કરતાં ભલે તે ઘરમાં બેસી જાય. દીનતાથી કબૂલ કરવું એમાં બહાદુરી રહેલી છે. આરામ લેવા ઇચ્છનારા પણ જાહેર કરે અને કહે કે અમારે શરીર સુધારવું છે, ત્યાં સુધી હરિજનનું કામ કરશું. ઠગવું નહીં એ મુદ્દાની વાત છે. ઠગવાથી નહીં કૉંગ્રેસના કામને કે નહીં સવિનયભંગના કામને ફાયદો થાય કે નહીં અસ્પૃશ્યતાના કામને પણ ફાયદો થાય.

આ પછી જયકર આવ્યા. એમને લાગતું હતું કે રંગા આયરે પોતાનું બિલ બદલીને સુબ્બારાયનનું બિલ રજૂ કર્યું. એટલે એને વિષે કહેવા લાગ્યા કે એ એણે ભૂલ કરી છે. પછી જ્યારે રાજાજીએ કહ્યું કે બંને બિલો રજૂ થશે ત્યારે રાજી થયા. બિલ રજૂ થયા પછી એના ઉપર થનારા બધા સંસ્કારો વિષે બાપુએ એમની પાસે વાતો કરી અને હકીકત જાણી લીધી. સામાન્ય રીતે એકાદ વર્ષ તો ચાલ્યું જાય. પણ સરકાર મદદ કરવા ઇચ્છે તો ઘણું ઝડપથી કામ થાય અને ચાલુ બેઠકમાં પણ પાસ થઈ શકે એમ એમણે કહ્યું. પછી બાપુએ એમને પૂછયું : તમે તો તમારો હિસ્સો આપશો જ ના? એટલે એમણે હા પાડી. બાકી પોતાનો અનુભવ કહ્યો કે જે વસ્તુથી દેશમાં જાગૃતિ થવાનો સંભવ હોય તેવી વસ્તુને એ લોકો ઉત્તેજન આપતા જ નથી. તમે ઇચ્છો કે તુરત અમે કાંઈ આ દેશમાંથી જવાના નથી એમ મૂડીમૅને કહેલું તે સંભળાવ્યું. ન્યૂ દિલ્હીનું વાતાવરણ અતિશય કલુષિત છે એમ પણ કહ્યું.

સવારે મેં કહ્યું : રાજાજીએ નિશ્ચય કર્યો લાગે છે કે હરિજન કામ એના સિવાય બીજું કોઈ ન ચલાવી શકે અને એણે
૧–૨–'૩૩ એ ઉપાડવું જ જોઈએ.

બાપુ : એ બરોબર છે. એમાં શુદ્ધ સત્યનું પાલન રહેલું છે. સત્યાગ્રહનો ધર્મ બહુ કઠણ છે. હજી આપણે એ ધર્મ શીખ્યા

નથી. શીખ્યા હોત તો જીતીને બેસી ગયા હોત. હજી તો દુઃખ સહન કરવાની શક્તિ નથી આવી, ત્યાગમાં સુખ માનવાની શક્તિ નથી આવી.

બિરલા આજે બાર પહેલાં આવ્યા. પુરુષોત્તમદાસને કેમ વિલાયત જવું પડ્યું એની વાત કરતાં વાઇસરૉયે એમને આપેલી ધમકીઓનું વર્ણન આપ્યું. બિરલા મદદ કરે છે એ અમે (સરકાર) જાણીએ છીએ એની વાત કરી. બિરલાએ એમને આપેલો જવાબ: એ લોકો તો કાલે કહેશે, પ્રાર્થના કરવાનું બંધ કરો તે કેમ થશે? એમને કરવું હોય તે કરવા દો.

વાઇસરૉયે કરેલું બાપુનું વર્ણન: વાનર નટખટવાળો એ લુચ્ચો મને ખોટો દેખાડવામાં હંમેશાં ફાવી જાય છે. પછી હોરની સાથેની વાતો: ગાંધીની પાસે રજા લઈને આવવું હતું તમારે, વગેરે. બીજી વાતો કરતાં બાપુ કહે: સુધારા ક્યાં આવે છે જે? એ લોકો આપે તો પણ જાણે છે કે એવી રીતે આપવા કે પોતાનું કામ તો હંમેશની જેમ લેવાયાં જ કરે.

એક વાત બાપુએ વચમાં સહજ તરીકે કહી દીધી. એ બાપુનો જૂનો અભિપ્રાય છે: આ લોકો બિલકુલ નીરો નથી બની શકતા.

બિરલા: અફઘાનનું રાજ હોત તો?

બાપુ: એ જુદી રીતે કામ લેત, ગળાં કાપત. પણ તેનોયે જવાબ આપવાનું આપણને સૂઝી રહેત.

બિરલા: આ ચાલુ રીત તો કામમાં ન આવત. અને ગળાં કપાવનારા તમને કેટલા મળી શકત?

બાપુ: મારી ખાતરી છે કે ગળાં કપાવનારા પણ મળી રહ્યા હોત. આ વખતે જ મને હતું કે જલિયાંવાલા બાગ ઘણા થશે. પણ એ ન થયા. હોર સમજી ગયેલ લાગે છે કે ત્રાસ ફેલાવવાથી કામ ન જ થઈ શકે.

બિરલા: આમ ને આમ કેટલો સમય લાગશે?

બાપુ: મેં તો પાંચ વર્ષ કહ્યાં છે તે મશ્કરીમાં નથી કહ્યાં.

આજે સવારે ઊઠીને બાપુએ વાઇસરૉયને કાગળ લખ્યો હતો. કાગળ લખ્યા પછી સવારે ચાલતાં ચાલતાં કહ્યું: આ કાગળ લખતાં બહુ શ્રમ પડ્યો, પણ મને લાગે છે કે હવે ભૂમિતિના સિદ્ધાંત જેવું ચોટડૂક આવી ગયું છે અને મને સંપૂર્ણ સંતોષ છે.

પછી એ કાગળ રાજાજીને મોકલવાને માટે કહ્યું. રાજાજીએ માત્ર એક જ શબ્દ અંદર બદલવાની સૂચના કરી. આવતી બેઠકને બદલે ચાલુ બેઠક લખવી જોઈએ.

બપોર પછી એ આવ્યા અને બિરલાની સાથે પાછી વાતો ચાલી. રાજાજીએ પોતાના ગામડાની પાસેના એક ગામમાં ખ્રિસ્તીઓએ ચલાવેલા પ્રચાર અને શિરજોરીનો, એક કિસ્સો કહ્યો.

વિટની નામના એક મિશનરીએ કાગળ લખેલો તે બતાવ્યો. આ ગામ આખું ખ્રિસ્તી થયેલું છે, ત્યાં તમે આવીને મંદિરો શેના બંધાવો ? બૅપ્ટિઝમ એ એક ગંભીર સંસ્કાર છે, અને જિસસ સાથેના ધર્મસંબંધમાં તમે શી રીતે વચ્ચે આવી શકો ? એ લોકોને હિંદુઓ શેના ગણો ? હિંદુ ધર્મની આજની પાર્થિવપૂજા અને પિશાચપૂજાને હિંદુ વેદધર્મ સાથે શો સંબંધ છે ? છતાં તમારે ત્યાં રાત્રિશાળા ચલાવવી હોય તો ચલાવો એનો વાંધો નથી. વળી અસ્પૃશ્યતાનું કામ કૉંગ્રેસ જેવી રાષ્ટ્રીય સંસ્થા કરે છે :એના ઉપર પણ આક્ષેપ હતો. બાપુએ સૂચના કરી કે એને તમારે (રાજાજીએ) સખત જવાબ આપવો જોઈએ.

તમારે હવે એને સાફ સાફ સંભળાવવું જોઈએ. વર્ષો થયાં તમે જે કામ કરી રહ્યા છો એનો એને ખ્યાલ આપવો જોઈએ. એને કહો કે દખલ કરનારો તો તું છે, હું નહીં.

આંબેડકરને મળવાનું રાજાજીને કહ્યું અને એ લોકોને સમજાવવાનું કહ્યું કે આ કામમાં જેટલો સવર્ણ હિંદુનો ધર્મ છે તેટલો જ તમારો ધર્મ છે. જો હિંદુ ધર્મ આફતમાં હોય તો તમે પણ અમારા જેટલા જ હિંદુઓ છો અને તમારો પણ એને બચાવવાનો એટલો જ ધર્મ છે. અને આમ આ લડતમાં ભાગ લેતાં તમારે સવર્ણ હિંદુઓની સાથે ધીરજથી કામ લેવું જોઈએ અને તેમને ગાળો ન દીધે રાખવી જોઈએ.

મતગણતરીનો વિચાર માંડી વળાયો. રખેને મતગણતરીની આપણી દરખાસ્ત બીજાં બધાં કામ રોકવાના બહાના તરીકે આગળ ધરવામાં આવે.

. . . એની દીકરી સાથે આવ્યાં. બાપુએ એમને એ જ વાક્યોમાં બધું કહેવાનું કહી દીધું : એ ઘોડે ન ચડતાં. કાં તો તમે કહો કે હું થાકી છું અને હવે મારાથી પાછું જવાય એમ નથી, હવે આ જ કામ કરી શકું એમ છું. આટલું કરશો તો હું તમને દોષ ન દઉં, કોઈ દોષ ન દે. દોષ તો કાઢીશ, જો તમે જગતને છેતરશો તો. કહીશ કે તમે સત્યાગ્રહી નથી.

આજે સવારે બંગાળના સવાલ વિષે વલ્લભભાઈની સાથે વાતો થઈ. વલ્લભભાઈ બંગાળની સ્થિતિ સમજાવવાનો પ્રયાસ કરતા
૨-૨-'૩૩ હતા. એ લોકોને મુસલમાન સામે લડવાનું, અંગ્રેજો સામે લડવાનું, અને તેમાં ત્રીસ બેઠકો આ લોકોની હોય તો શું થઈ શકે?

બાપુ કહે: એ જુદા છે જ ક્યાં? પંજાબમાં પણ એ જ સ્થિતિ છે. રાજા-મુંજે કરાર પ્રમાણે થયું હોત તો શું થાત?

મેં કહ્યું: આ હરિજનોને સમજાવનાર કોઈ કૉંગ્રેસી બહાર નથી, બધા જેલમાં છે. અને આ તો પદ અને સત્તા ચાહનારા માણસોનો કજિયો છે.

બાપુ કહે: સાચી વાત. આ તો કહેવાતા ઊંચ વર્ણના હિંદુઓને પેલાઓ ઉપર હાથ રાખવો છે.

છગનલાલે પૂછ્યું: આપણામાંથી આ લોકો પોતાના પ્રતિનિધિ મોકલી શકે કે?

મેં કહ્યું: ન જ મોકલી શકે.

બાપુએ બધી વાત વિષે પોતાની આખરી ટીકા આપી: આપણે અને એ લોકો એ ભેદ ભુલાતો જ નથી, એ વસ્તુ જ મને સાલે છે.

વેલણકર અને એનો બીજો મિત્ર આવ્યા. વળી એની એ જ વાત ચલાવી: સાત પેઢીથી એકનું એક કામ કરનાર એ જ જાતિના કહેવાય છે, ચાંડાલની સંતતિ ચાંડાલ છે.

બાપુ: આજે પંડિતનું કુટુંબ બ્રાહ્મણ છે તે સાત પેઢી ચમારનો ધંધો કરે તો એ ચાંડાલ થઈ જશે કેમ?

વેલણ૦: હા, થાય જ.

બાપુ: બ્રાહ્મણની સંતતિ એ બ્રાહ્મણ છે એ સર્વમાન્ય વસ્તુ છે. ચાંડાલ એ અગાઉના ચાંડાલો છે એનું સરકારના દફતરમાં ક્યાંય પ્રમાણ નથી. સરકારના દફતરમાં તો કાંઈ ઢંગધડો નથી. મુંબઈના વસ્તીપત્રકમાં અમુક પ્રકારના અસ્પૃશ્યો અસ્પૃશ્યો છે. બંગાળમાં બીજા જ પ્રકારના અસ્પૃશ્યો અસ્પૃશ્યો છે.

વેલણ૦: પણ અમુક ચાંડાલ છે એમ સિદ્ધ કરવાને માટે અમારી પાસે શો પુરાવો માગો છો?

બાપુ: હા, જેમ બ્રાહ્મણ પોતાનું ગોત્ર બતાવે છે, તેમ ચાંડાલ પેઢી દર પેઢી ચાંડાલ ચાલ્યા આવે છે એમ બતાવી આપો.

વેલણ૦ : વ્યવહાર એને ચાંડાલ કહે છે એટલું બસ નથી? તમે તો એ હજાર વર્ષ ઉપર જે લોકોએ સંકર કરેલો તેનું પ્રમાણ માગો છો?

બાપુ : હા; વાત એવી છે કે ચાંડાલો જીવી જ ન શકે એવાં કઠણ વિધાન હતાં.

વેલણ૦ : એવું વિધાન ક્યાં છે? ચાંડાલો માટે તો શાસ્ત્રમાં અમુક રીતની રહેણીકરણી લખેલી છે. ચાંડાલો તો અસ્પૃશ્યોમાં ઊંચા દરજ્જાના છે. એથી ઊતરતી તો બીજી પંદર જાતિઓ છે.

બાપુ : તમે જાણો છો કેટલીક જાતિઓ નષ્ટ થઈ ગઈ છે એમ ઇતિહાસ કહે છે?

વેલણ૦ : ના.

બાપુ : તમારે ઇતિહાસનો અભ્યાસ કરવો જોઈએ.

વેલણ : આ જાતિની હસ્તી અપ્રતિહત રીતે ચાલતી આવે છે. એ નષ્ટ થઈ છે એવું પ્રમાણ નથી.

બાપુ : અપ્રતિહત ચાલતી આવે છે એમ બતાવી આપો.

વેલણ૦ : ચોખામેળા જેવા પોતાને ચાંડાલ તરીકે વર્ણવી ગયા.

આ લોકોનો મથિતાર્થ એ હતો કે તમે મોટા માણસ રહ્યા. મોટા માણસોને બીજા માણસો અનુસરે છે. અને તમે બુદ્ધિભેદ કરો છો એ ત્રાસદાયક છે.

બાપુ : હું તો બની શકે તો મૌન પણ ધારણ કરું. પણ હું મારા વિચાર અને હૃદય કહે એ પ્રમાણે વર્તનારો રહ્યો એટલે શું કરવું?

આ પછી ગોહિલ અને બીજા ત્રણ વિદ્યાર્થી આવ્યા.

ગોહિલ : જન્મથી જે મળે છે તે વંશપરંપરા ઊતરે છે, પણ મેળવેલું ઊતરતું નથી. સ્વપ્રાપ્ત ગુણો વંશમાં ઊતરતા નથી. તો આપણે માનવું જોઈએ કે લગ્ન શુદ્ધ રીતે કરીએ તો ત્રણ હજાર વર્ષ પહેલાં જે શુદ્ધ ગુણો જાતિમાં હતા તે પાછા ફરી ઉત્પન્ન થઈ શકે. એમાંથી સુપ્રજનનશાસ્ત્ર ઉત્પન્ન થયું. આપ વર્ણાશ્રમધર્મનું પુનરુત્થાન કરવા માગો છો એમ માનું છું. તમે કહો છો સંકર તો ચાલુ જ છે. પણ તેની સામે મારે કેટલાય વાંધા છે. (૧) મિશ્રણ બહુ ઓછું છે. અમારાં અઢાર ગામમાં ફર્યો છું અને તે અનુભવ ઉપરથી કહું છું કે ગામડાંમાં આવું બહુ ઓછું બને છે. સદાશિવપેઠમાં બ્રાહ્મણો જ રહે એટલે એમાંના ઘણાખરા બીજાના સંબંધમાં જ નથી આવતા. (૨) નોકરો બહુ ઓછા પ્રમાણમાં છે. (૩) ઊંચનીચનો ભાવ સ્ત્રીઓને વ્યભિચાર કરતાં

અટકાવે છે. (૪) વ્યભિચાર થયો એટલે સંતાન ખરાબ થાય જ, એવું નથી કારણ ગર્ભ કોનાથી રહે એ જોવાનું છે. (૫) છોકરીને વહેલી પરણાવવાથી વ્યભિચાર અટક્યો છે. (૬) પ્રમાણમાં બુદ્ધિમત્તા બ્રાહ્મણમાં જ દેખાય છે. બુદ્ધિશાળી વર્ગ બ્રાહ્મણોમાંથી જ છે. (૭) કુદરતી ગુણોથી જુદાં કર્મો કરીએ તો પ્રજા ઘટતી જાય છે. કોકણસ્થ બ્રાહ્મણની વસ્તી ઘટતી જાય છે. (બાપુ: ચિંતામણરાવ કોકણસ્થને ઇજિપ્તના માને છે, એ જાણો છો? ગોહિલ: શકય છે.) (૮) બ્રાહ્મણ પુરુષો વ્યભિચાર કરે એટલે અનુલોમ વિવાહનાં સુફળ થાય છે! પણ સ્ત્રીઓ સ્વભાવે પતિવ્રતા હોય છે.

આ બધાથી માનવાને કારણ છે કે હજી લોહીનું મિશ્રણ બહુ થઈ નથી ગયું.

બાપુ: બ્રાહ્મણોની સ્તુતિમાં તો મેં લખ્યું છે અને કહ્યું છે તેટલું બીજા કોઈએ નહીં કહ્યું હોય. મેં તો તમને એમ કહ્યું કે શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે કરવા ઇચ્છે એણે બધી વસ્તુની ગણતરી કરવી જોઈએ. સ્વીકાર અને અસ્વીકાર પદ્ધતિથી કામ લેતા જવું જોઈએ. હું તો શાસ્ત્રીય પદ્ધતિનો પૂજારી છું, અને જોઉં છું કે કાયદો ઘડવા બેસું તો વિક્ષેપકારી તત્ત્વોને મારે ધ્યાનમાં લેવાં જ જોઈએ. વિજ્ઞાનશાસ્ત્રીઓ તો અમુક વલણ છે એમ જ માનનાર છે.

ગોહિલ: આપણા પિંડ શુદ્ધ છે, પણ સાંસ્કૃતિક દોષો આવી ગયા છે. આપણી નસોમાં શુદ્ધ લોહી વહી રહ્યું છે એથી આપણું ભવિષ્ય તો બહુ ઊજળું છે. થોડાકનું જ લોહી બગડયું છે. પણ એ લોકોની ખાતર આપણે વ્યવસ્થા બદલી નાખીએ તો સમાજને હાનિ જ થાય. કોઈ અપવાદોમાં વર્ણાંતર લગ્નો સફળ થાય પણ દરેકને એ સલાહ ન આપી શકાય. એટલે વર્ણાંતર લગ્ન એ બરોબર નથી. હું તો મિશ્રભોજનની પણ વિરુદ્ધ છું. જમવાના નિષેધમાં કાંઈ તિરસ્કાર નથી. એમાં તો એકબીજાનો સ્પર્શ ન થાય, શુદ્ધિ રહે એ વાત રહેલી છે. ત્રણ હજાર વર્ષ પહેલાં જે બીજ–પિંડ હતો તે જ બીજ–પિંડ આજે છે.

બાપુ: મેં એવું કહ્યું જ નથી કે ભેળસેળ લગ્નો જેમ બને તેમ વધાર્યે જ જઈએ.

ગોહિલ: સમાજને ભૂલભરેલાં લગ્નો રોકવાની સત્તા પણ હોવી જોઈએ. આપના અંતરની ઇચ્છા તો સારી છે, પણ આપ કહો છો તેનો દુરુપયોગ થાય છે.

બાપુ : તમે નોંધી રાખો કે આજની વ્યવસ્થા ચાલુ રહે તો વર્ણનો નાશ થવાનો છે. વળી વર્ણની શુદ્ધિ માટે એકલા વર્ણ ન ચાલે પણ આશ્રમને સાથે જોડવો જોઈશે. વર્ણધર્મ સ્વતંત્ર વસ્તુ નથી પણ વર્ણાશ્રમ ધર્મ એ સાચી વસ્તુ છે. મારો વિશ્વાસ છે કે જે સત્યનિષ્ઠ માણસ છે તેનાથી કોઈ વાર ભૂલમાં પણ કોઈ વચન ઉચ્ચારાઈ ગયું હોય તો તેની માઠી અસરમાંથી ભગવાન તેને બચાવી લેશે.

કોઈ વખતે હિંદુ ધર્મની અંદર પ્રતિબંધનો કડક અર્થ નથી થયો. એમાં હમેશાં વિકાસ અને અપવાદોનો અવકાશ રાખ્યો છે.

લાંબા વખત સુધી આ છોકરાઓની સાથે વાતો ચાલી અને રીઝવીને એ લોકોને કાઢ્યા. છોકરાઓએ વચન માગ્યું કે અમે લખીને મોકલશું તે તપાસી આપશો કે જે અમે છપાવી શકીએ.

ગઈ કાલે નારણદાસભાઈ ઉપર કાગળ લખેલો : “. . . કુટુંબો વિષે તમારો નિર્ણય બરાબર લાગે છે. તેનો અમલ કરવો એ જ બરાબર લાગે છે. દૃઢતાપૂર્વક તેનો અમલ કરજો. એમ ન કરીએ તો આશ્રમ તૂટી પડવાનો. અમલ કરવામાં જ તેમનું શ્રેય છે.

“. . . ની સાથે પણ દૃઢતાપૂર્વક વાત કરજો. એની બાબત પણ સહુની સાથે મસલત કરજો. તેને પણ બોલાવજો. આપણે તો ન્યાય તોળવો છે, જે તમારે મારા પ્રત્યે પણ, ને મારે તમારા પ્રત્યે પણ તેવો સમય આવ્યે તોળવો છે. અહિંસા અસિધારા છે. બધાએ સમજવું જોઈએ કે આશ્રમ આપણી સગવડને સારુ નથી પણ સેવાને સારુ તૈયાર થવા માટે છે, શુદ્ધિયજ્ઞમાં બળી મરવા સારુ છે. ત્યાં સ્વાર્થને સ્થાન નથી.”

લાલા મોહનલાલ ગુજરી ગયાનો તાર આવ્યો. આખો દિવસ એ સજ્જન અને પરગજુ મૂર્તિ આંખ આગળ તર્યાં કીધી. અહીં આવવાના હતા, આજે આવશે કાલે આવશે એની રાહ જોવાતી હતી, ત્યાં તો અકાળે એમનું મૃત્યુ થયું. આખો દિવસ તેની સજ્જનતાની જ સૌએ વાતો કરી. આપણી સારમાણસાઈની જ લોકો વાત કરે એવી રીતે મરીએ એ કાંઈ સામાન્ય મૃત્યુ કહેવાય? નહીં તો બીજી શી પૂંજી બાંધી લઈ જવાના છીએ?

આજે રામચંદ્ર શાસ્ત્રીની ઓળખાણ કરી. એની ઊંચી કેળવણી, એક વર્ષ હિંદસેવક સમાજમાં આવીને પછી સંસ્કારી સ્ત્રી સાથે લગ્ન, પછી અગિયાર વર્ષ (પોતાની સ્ત્રીથી એક દિવસ પણ વિખૂટા પડ્યા વિના) સુખી જીવન — ચાકર નોકર મોટર બંગલાવાળું ચાર બાળકો સમેત સુખી જીવન — એક વર્ષ લડાઈ દરમ્યાન સેલોનિકા અને એક વર્ષ મેસોપોટેમિયા —

( હિંદ સેવક સમાજમાં જોડાતા પહેલાં ) જમશેદપુર કલકત્તા. એક નિવૃત્ત આઈ. સી. એસ.ની સાથે વેપાર. પછી ઉપવાસથી જાગ્રત થઈ એ બધી જિંદગીને તિલાંજલિ આપવાનો નિશ્ચય. મારી સ્ત્રી કહે છે કે તમે કહો ત્યાં સુધી તમારાથી અલગ રહી શકું છું, મારે ચાકર નોકર, ગાડી ઘોડા કશું નથી જોઈતું. હવે બહુ ભોગ ભોગવ્યા, હવે બીજાને ઉપયોગી થઈએ તો બસ છે! 'સંપૂર્ણ ભોગ વિના ત્યાગ શકય નથી' એમ એમણે એક વાકયમાં આખું વૃત્તાંત પૂરું કર્યું. નિત્યતૃપ્ત, નિરાશ્રય, મસ્ત માણસની મારા ઉપર છાપ પડી અને બાપુએ જાળમાં નવું માછલું પકડયું એમ લાગ્યું. જોકે એ કહેવું વહેલું ગણાય. શાસ્ત્રીનું વ્યક્તિત્વ બીજામાં લીન થઈ જાય એવું નથી લાગતું.

૩–૨–'૩૨

આજે ઘણા મહત્ત્વના કાગળો બાપુએ સવારમાં લખી કાઢ્યા. આશ્રમના બધા જ કાગળો નોંધવા જેવા હતા. મગનભાઈ દેસાઈને લખેલો તેમ જ મોહનલાલ ભટ્ટને લખેલો. મોહનલાલ ભટ્ટ ઉપરનો કાગળ જાણે કાલે પેલા વૈદ્યિા છોકરાઓ સુપ્રજનનશાસ્ત્રની વાતો કરી ગયા તેના જવાબ તરીકે લખાયો હોય એમ લાગ્યું. એ છોકરા બાપડા થોડું વાંચીને સૂંઠની ગાંગડીએ ગાંધી બનેલા સુપ્રજનનશાસ્ત્રી હતા, અને સંસારને ભૂમિતિની આકૃતિઓમાં ગોઠવવા માગતા હતા. આખી વસ્તુ જ એવી અકળ છે કે સંયમ રાખવાના ધોરી રસ્તા સિવાય લાંબીટૂંકીમાં પડવું એ વિડંબના લાગે છે. "સંસાર ભૂમિતિની માપસર આકૃતિ નથી, પણ કોઈ વિચિત્ર કળાકારની પીંછીએથી નીકળેલી મહાકળા છે, જેનું માપ પણ કળાકાર જ જાણે છે. આપણને તે અમાપ જ છે. એટલે આપણે ભાગે માત્ર નિષ્કામ પ્રયત્ન રહી જાય છે." આ જો સાચું હોય તો "૨૦ વર્ષની જ બાળાનાં લગ્ન થઈ શકે" અને "એવી માતાઓને તૈયાર કરવાનો પ્રયત્ન કરીએ છીએ" એમ કહેવું એ પણ સંસારને ભૂમિતિની આકૃતિમાં ગોઠવવા જેવો પ્રયત્ન નથી?

મગનભાઈ દેસાઈ ઉપરનો કાગળ અમૂલ્ય છે. એમાંનાં આ વાકયો મુદ્રાલેખ તરીકે ટંકાશે: "વડીલના બળનું અનુકરણ કરીએ, તેમની નબળાઈનું કદી નહીં. વડીલોની લાલ આંખમાં અમી નિહાળીએ, તેના લાડથી ભાગીએ. મોહમયી દયાને વશ થઈને તેઓ ઘણુંયે કરવાની રજા આપે, ઘણુંયે કરવાનું કહે ત્યારે લોખંડ જેવા થઈને તેનો ઇન્કાર કરીએ. હું એક વાર કહું હરગિજ અસત્ય ન બોલજો. પણ ભીડમાં આવી અસત્યની

સામે આંખ મીંચી જતો હોઉં તો મારી આંખ પાંપણ પકડીને જોરથી ઉઘાડવામાં તમારી ભક્તિ હોય, દરગુજર કરવામાં દ્રોહ હોય.”

નારણદાસભાઈ ઉપરના કાગળમાં પ્રતિજ્ઞા અને પ્રતિજ્ઞાભંગના શાસ્ત્ર ઉપર ભારે વિચારમાં નાખે એવા ઉદ્‌ગારો છે : “ વ્રતભંગનું કારણ વ્રત લેનારની શક્તિની બહાર હોય ત્યાં ઉપરનો નિયમ લાગુ નથી પડતો.” પણ વ્રત લેનારની શક્તિના માપની આંકણી કોણ કરે?

સૂક્ષ્મ નિયમના અને સ્થૂળ નિયમના પાલનની વચ્ચે બાપુએ ભેદ પાડ્યા છે તે વાસ્તવિક છે, પણ સત્યની દૃષ્ટિએ એમાં ભેદ નથી. સૂક્ષ્મ નિયમનું પાલન કરું છું કે નથી કરતો એ તો વ્રતી જ કહી શકે, અને ન પાળતાં છતાં પાળે છે એમ માને કે મનાવે તો તે અસત્ય છે. જેમ સૂક્ષ્મ નિયમનો દેખીતો ભંગ અસત્ય છે.

આજે હીરાલાલ શાહ અને લીલાવતી મુનશી આવ્યાં. હીરાલાલનો અથાગ ઉદ્યમ આશ્ચર્ય ઉપજાવે છે. અનેક છાપાંઓમાં લખવું, અનેક કાપલીઓ રાખવી, ફાઈલો કરવી, અનેક જણને કાગળો લખવા, નકલો રાખવી અને પોતાનો ધંધો સંભાળવો, અનેક પુસ્તકો વાંચવાં — આવા નિર્મળ વ્યાસંગી વેપારી બહુ ઓછા હશે. પણ એમનામાં તારતમ્ય બુદ્ધિની ખામી જણાય છે. પોતે જે ઢગલા મૂકી જાય છે તે બાપુ વાંચે એમ એ આશા રાખે છે અને પોતાની દરેક સૂચનાને વિષે એને એવી મમતા હોય છે કે એમાંથી આખા પ્રશ્નનું નિરાકરણ થઈ જ જવાનું છે.

ભંગીઓને માટે કામ વખતે પહેરવાના સ્વચ્છ પોશાકની યોજના વિષે પોતે ચલાવેલા પત્રવ્યવહારની બાપુ આગળ વાત કરી. બાપુ એ સૂચના વિષે ઉત્સાહી નથી થતા કારણ કે એથી હિલચાલ અવળે રસ્તે ચઢે એમ છે. બાપુ એ વસ્તુને આગળ ન કરે ત્યાં સુધી હીરાલાલને સફળતા મળે એમ નથી.

લીલાવતી તો બાપુની સાથે વાતો કરીને આશ્વાસન મેળવવા જ આવ્યાં હતાં. અસ્પૃશ્યોને માટે મંદિર ખોલાવવાં એ બરોબર, પણ મંદિરમાં ન માનનારાંઓનું શું? હું તો આત્માના સાંત્વનને માટે પણ કોઈ મંદિરમાં ગઈ હોઉં એવું યાદ નથી.

બાપુ : હું પોતે પોતાને વિષે નથી માનતો કે હું મંદિરમાં ન જાઉં તો આત્માનો ઉદ્ધાર ન થાય. પણ કરોડો હિંદુઓ એમ માને છે. એ માન્યતા અને શ્રદ્ધાનો ભંગ કરવો એ અપરાધ લાગે છે. એટલે એ લોકોને મંદિરપ્રવેશ મળે અને એ લોકો મંદિરમાં જાય એ આપણે ઇચ્છવું રહ્યું. હું તો એક પગલું આગળ જાઉં. એ લોકો આળસથી ન જતા હોય

તો હું એમને જવાનું પણ કહું. મેં એવી રીતે એક મંદિરનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું. મારા મનમાં તો રહ્યું છે કે મારા હાથમાં લગામ હોય તો દરેક ગામડાનો જીર્ણોદ્ધાર કરું. ત્યાં મંદિરની આસપાસ જે જીવન વણાયેલું હતું તે જીવનનો જીર્ણોદ્ધાર કરું.

લીલાવતી : આ મંદિરની ભાવના લોકોમાં કલેશ કરાવનારી હોય તો શા સારુ એ ભાવનાને ઉત્તેજન આપવું? ઘણી વાર એમ થાય છે કે મંદિર મસ્જિદ ન હોય તો બધા કલેશ પતી જાય.

બાપુ : "કલેશ મંદિરની ભાવનાથી નથી થયો, કલેશ તો માણસના મનમાં રહ્યો છે. આપણે બધા ધર્મ પ્રત્યે માન કેળવવાનું છે. બધા ધર્મ અપૂર્ણ છે, એટલે સરખા સાચા અથવા સરખા ખોટા છે એ ભાવના હોય તો દરેક માટે સરખું માન રહે. કલેશ ઉત્પન્ન કરનાર ઊંચનીચની ભાવના છે, મંદિરની ભાવના નથી. મેં તો જૈન ધર્મમાંથી અનેકાન્તવાદ લઈ લીધો. એક જણ કહે મારી વાત સાચી, તમારી ખોટી. હું કહું તારીયે સાચી અને મારીયે સાચી. જે સ્વતંત્ર વસ્તુ છે એ અનિર્વચનીય છે. જેમ પેલા હાથી તપાસનારા આંધળાઓએ સાત હાથી વર્ણવ્યા, પણ એક સ્વતંત્ર હાથી તો હતો જ. દરેક વિજ્ઞાનમાં સિદ્ધાન્ત રહેલો છે, જેને વ્યવહારમાં પહોંચી શકાતું નથી. યુક્લિડની લીટી નથી દોરી શકાતી એ જુદી વાત, પણ એ લીટી નથી એમ કહીને એની વ્યાખ્યા ઉપર આધાર રાખતી અનેક વાત કાઢી નાખીએ તો મૂઆ પડ્યા છીએ.

લીલાવતી : ખરેખર પરમેશ્વર મારા મગજમાં જ નથી આવતો.

બાપુ : એ હું સમજી શકું છું. તમે તો મૂળ જૈન રહ્યાં ખરાં ને! મેં હરિભદ્રસૂરિના ગ્રંથ વાંચ્યા છે, બહુ ગમેલા. પણ એમાં એનું ઈશ્વરનું ખંડન મને જરાય ન ગમ્યું. કારણ એણે તો એની કલ્પનાના ઈશ્વરનું ખંડન કર્યું છે. પણ જે જાતના ઈશ્વરને લોકો માનતા હોય તેની તે જાતની ભાવનાનું ખંડન શાને સારુ?

લીલાવતી : ઘણાકે ઈશ્વરને એક ટેકો કરી મૂક્યો છે, પ્રસંગ આવે ત્યારે એનો આશ્રય લેવાનું રાખે છે.

બાપુ : માણસ અલ્પ છે, નિરાધાર છે એમ તો એને માન્યે જ છૂટકો છે, કારણ શરીર નિરાધાર છે, પરાવલંબી છે. પેલી ઉપનિષદની કથા આબાદ છે. વાયુને પૂછ્યું, આ તણખલાને તું ઉડાવી શકે છે? અગ્નિને પૂછ્યું, તું આને બાળી શકે છે? તો કોઈ એ કરી શક્યા નહોતા. જે શક્તિ વડે એ વાયુ અને અગ્નિની શક્તિ ચાલતી હતી એ શક્તિમાંથી આપણે બધાંય સિંચન મેળવીએ છીએ. એમાં જ આપણું ઐક્ય છે, એ

ગુણમાં આપણે સૌ સરખા છીએ. આ વસ્તુમાંથી મેં સત્ય એ ઈશ્વર છે એમ કાઢ્યું. હોવાપણું — સત્ — એ ઈશ્વરને છે, બીજાને નથી. એ હસ્તીને અવલંબીને છીએ, પછી એને ગમે તે કહો. નેતિ નેતિ કહો જોઈએ તો.

લીલાવતી: આપણે નિરાધાર છીએ એવી વૃત્તિ હોવી જોઈએ, કે આપણે બળવાન છીએ એવી વૃત્તિ આપણામાં હોવી જોઈએ?

બાપુ: બંને વૃત્તિ જોઈએ. સત્ય જોવાની અને તેના પાલનની શક્તિ આપણામાં છે જ, કારણ આપણે સૌ ઈશ્વરના અંશ છીએ. પણ તેટલે અંશે પાછા આપણે પરાવલંબી છીએ. એટલે હું કહું છું આપણે શૂન્ય થઈ જવું જોઈએ.

અસ્પૃશ્યતાના મૂળમાં કઈ રૂઢિ હશે એ સવાલની ચર્ચા હીરાલાલે ઉખેડી.

બાપુ: યહૂદીઓનો બહિષ્કાર કરી એમના નોખા વાસો રચ્યા તેમ આર્યોએ કાળી અને જંગલી જાતિઓનો બહિષ્કાર કર્યો હશે.

હીરાલાલ: આપણે નિર્દયતાથી બહિષ્કાર કર્યો હશે? આપણામાં આખલા લડાવવાની નિર્દયતા તો નથી જ ના?

બાપુ: આપણે ત્યાં દયાની વિકૃતિ થઈ, આપણે મૃત્યુદંડ દેતાં ધ્રૂજી ગયા પણ એના કરતાં ભયાનક વસ્તુઓ આપણે કરી મૂકી. ચાંડાળોને માટે કેવી ભયાનક સજાઓ છે તે જાણો છો? પણ હિંદુ ધર્મે જુદી જુદી જાતઓને પોતામાં સમાવી લીધી. અસ્પૃશ્ય જાતિઓ કહેવાયેલી છે તે તો મૂળ સ્વીકારાયેલી ચાર વર્ણમાં જ હતી, પછી બહિષ્કૃત થયેલી. એટલે આ તો વર્ણચ્યુતો છે, બાકી અસલ હિંદુઓ જ છે. શુદ્ધ હિંદુ ધર્મમાં અનેક પ્રયોગો થયા, અનેક વાડો રચાંઈ, અનેક કાયદાઓ ઘડાયા, અને ઘડાયે જશે. પણ હિંદુ ધર્મે જેટલા આધ્યાત્મિક પ્રયોગો કર્યા છે તેટલા બીજા કોઈ પણ ધર્મે નથી કર્યા અને એ પ્રયોગો કરતાં જેટલા આપભોગો અપાયા છે તેટલા બીજા ધર્મમાં નથી અપાયા.

હીરાલાલ: આ લોકો કહે છે કે અસ્પૃશ્યતાનો નાશ કરતાં વર્ણાશ્રમનો નાશ કરશો તે વિષે તમને શું લાગે છે?

બાપુ: અસ્પૃશ્યતાનો નાશ ન કરીએ તો વર્ણાશ્રમ તો સાફ થઈ જવાનો છે એ વિષે મને શંકા નથી.

સુભાષ બોઝને એના પિતાને મળવા જવા ન દીધા અને ફ્રાંસ અને સ્વિટ્ઝર્લૅન્ડ સિવાય બીજે ક્યાંય જવાની રજા ન મળી એ વિષે છાપાંમાં વાંચતાં બાપુ કહે: એ હોરનાં કામ છે. હોરના સ્વભાવમાં એ રહેલું છે.

28500



દબાયેલા રાખવાનો એનો સંકલ્પ છે. આ બાબતમાં એ કિચનરને મળતો આવે છે. મહાદીની કબર ખોદી નાખવી જ જોઈએ એ ઠરાવ કર્યો એટલે કર્યો. પછી ભલેને એ ખોદતાં દસ હજાર માણસ ખોવાં પડ્યાં. એમ જ સુધરેલી પ્રજાની સામે થઈને એણે લશ્કરમાં ભરતી ન થનારાને અલગ વાડામાં (Concentration Camps)માં પૂર્યા.

એ પ્રકારનું સંકલ્પબળ આ માણસમાં છે. અમારામાં શું રાજ ચલાવવાની શક્તિ અને લાયકાત નથી? એમ પૂછતાંની સાથે જ કહ્યું: 'સાચું પૂછો તો મારે કહેવું જોઈએ કે નથી એમ હું માનું છું.' સુભાષ વિષેના હુકમમાં અપમાન નથી રહેલું. અપમાન કરવાની એની ટેવ નથી. જુઓની, અહીં કેટલી જગ્યાએ ખસેડ્યા, કેટલા પૈસા ખર્ચ્યા? પણ, બસ હવે આથી આગળ ન જઈએ એમ કહેવાની દૃઢતા એનામાં છે. હું એનો વાંક નથી જોતો.

આજે આંબેડકર પોતાના સાતઆઠ અનુયાયીઓને લઈને આવ્યા. બાપુના શબ્દોમાં આજે એ દરબારી ઠાઠમાં હતા.
૪–૨–'૩૩ પોતાને જે કહેવું હતું એની નોંધ કરી લાવ્યા હતા, અને બૅરિસ્ટરની જેમ કેસ રજૂ કરતા હતા.

એના મંડળમાં શિવતરકર, ડોળસે વગેરે હતા. પ્રથમ તો એણે ખુલાસો કર્યો કે પોતે કેમ પ્રથમ કાગળ ન લખ્યો અને આવવાની માગણી ન કરી. પોતે આશા રાખતા હતા કે રાજદ્વારી ચર્ચા માટે મળવાનું બની શકશે, પણ તેનો તો હવે સંભવ રહ્યો નથી એટલે વિચાર કર્યો કે અસ્પૃશ્યતા માટે જ મળી આવવું સારું.

રંગા આયરનાં એ બિલોની યોગ્યાયોગ્યતા પર ચર્ચતાં કહ્યું: એક ફકરાવાળું બિલ તો બહુ સાદું છે. એનો ગુણ એ છે કે આ રિવાજ અનૈતિક છે એ વસ્તુનો એમાં સ્વીકાર થયેલો છે. બીજા બિલમાં એવો સ્વીકાર નથી.

બાપુ: ના, એના પ્રાસ્તાવિક ભાગમાં છે.

આંબેડકર: પણ સ્પષ્ટ નથી. અને મારો એ વાંધો લાગણીને લીધે છે. બીજી વસ્તુ એ છે કે આપના જેવી પ્રભાવશાળી વ્યક્તિ તન અને મનથી એમાં નહીં પડે તો આ બન્ને કાયદાઓ છતાં કશો લાભ ન મળે. મને એમ પણ લાગે છે કે આ બિલો એકબીજા સાથે અસંગત છે. એક બિલ સ્વીકારે છે કે રિવાજ ખરાબ છે અને કહે છે કે કાયદો એવા રિવાજને માન્ય નહીં રાખે. જ્યારે બીજું બિલ કહે છે કાયદાએ એવા

રિવાજને માન્ય રાખવો જ જોઈશે, સિવાય કે બહુમતી એ રિવાજને નાબૂદ કરવાનું નક્કી કરે.

બાપુ : એક ફકરાવાળું બિલ ચોક્કસ પેલા કરતાં ચડિયાતું છે. પણ બીજું લાંબું બિલ એટલા માટે લાવવામાં આવ્યું કે પ્રાંતિક ધારાસભામાં પહેલાને પરવાનગી ન મળી. એમાં અસંગતતા કાંઈ નથી. એક બિલમાં અસ્પૃશ્યતા એ નાલાયકી મટે છે અને કાયદો અસ્પૃશ્યતાની દલીલ સ્વીકારતો નથી. બીજા બિલથી અમુક સંજોગોમાં મંદિરના અધિકારીઓને પગલાં લેવાની ફરજ પડે છે. આપણે આ બન્ને બિલો પસાર કરાવી શકીએ તો ટ્રસ્ટીઓ કોઈ જાતનો અંતરાય ઊભો કરી શકે નહીં. જો બન્ને બિલો પસાર થાય તો એક મહિનાની અંદર બધાં મંદિરો ઉઘડાવી નાખવાનું હું માથે લઉં છું. સનાતનીઓ બીજા બિલને વધારે પસંદ કરે. પણ પ્રમાણિક સનાતની તરીકે હું વાત કરતો હોઉં તો હું તો પહેલું બિલ પસંદ કરું.

આંબેડકર : હમણાં જે સત્યાગ્રહ કરવામાં આવ્યો હતો તેમાં સરકારે સનાતનીઓ સામે નહીં, પણ સત્યાગ્રહીઓ સામે ૧૪૪મી કલમ લગાડી હતી. આ પહેલું બિલ પસાર થયા પછી અથડામણો થવા પામી છે. એટલે હવે સરકારને સનાતનીઓ સામે ૧૪૪મી કલમ લગાડવી પડશે. કારણ કે અસ્પૃશ્યોના હકોમાં તેમની દખલ ગણાશે.

બાપુ: પણ હવે તદ્દન સાફ શબ્દોમાં અને ભારપૂર્વક તમારા વિચારોની તમે જાહેરાત કરો એમ હું ઇચ્છું છું.

આ સવાલથી આંબેડકર ચોંક્યા.

આંબેડકર : તમે બહુ વિશાળ પ્રશ્ન ઉપાડ્યો છે. અમારે લેવાદેવા છે ત્યાં સુધી તો રાજદ્વારી સત્તા સિવાય તાત્કાલિક નિસ્બત અમારે બીજા કશા સાથે નથી. મારે માટે તો એ સ્વતઃસિદ્ધ વાત જેવું છે. અને અમારા પ્રશ્નનું એકમાત્ર નિરાકરણ એ જ છે.

વ્યાવહારિક દૃષ્ટિએ મંદિરપ્રવેશ અમારે માટે મહત્ત્વનો પ્રશ્ન નથી. તેથી અમારા સાંસારિક દરજ્જામાં કશો સુધારો થતો નથી. સવર્ણ હિંદુઓની નજરમાં અમારો સાંસારિક દરજ્જો સુધરે એવું થાય એ અમારે જોઈએ છે. આજે વ્યક્તિગત રીતે અમે કોઈ મંદિરમાં જવા ઇચ્છીએ તો દાખલ થવાની અમને મુશ્કેલી આવે નહીં. દલિત કોમો માટે બહુ દુઃખ-જનક વસ્તુ તો એ છે કે સવર્ણ હિંદુઓની નજરમાં અમે જરાયે ચડ્યા નથી. દલિત વર્ગનું નામ દેવામાં આવે ત્યારે તમારા મન સામે એક ચમરચી અથવા તો એક ઝાડુવાળાનું ચિત્ર ખડું થાય છે. અપ્રતિષ્ઠિતતાનું કલંક અમારા ઉપરથી દૂર થાય ત્યારે જ અમારી સામેનો આ અંતરાય દૂર થઈ

શકે. આ કલંક કેમ દૂર થઈ શકે, અમારો દરજ્જો કેમ ઊંચો થાય એ મારી સામે પ્રશ્ન છે. આવડા મોટા પાયા ઉપર કેળવણીનો પ્રયોગ કરવાનો હોય તે દાનધર્માદાથી ન થઈ શકે. એ તો ત્યારે જ થઈ શકે જ્યારે અમારી પાસે થોડીઘણી પણ રાજદ્વારી સત્તા હોય. મારી નજર આગળ તો આ જ ઉકેલ વારંવાર તર્યા કરે છે. ગ્લૅડસ્ટનના દિવસોના આયર્લૅન્ડનો દાખલો લો. ટોરીઓને નમાવવા માટે પાર્નેલની પાર્ટી ત્યાં ન હોત તો આયર્લૅન્ડ કશું જ કરી શક્યું ન હોત. અહીં પણ દલિત લોકોની સ્થિતિ નવા બંધારણમાં જ સુધરી શકે એમ છે. અને દલિત વર્ગના હિતચિંતક તરીકે તમે નવું બંધારણ અમલમાં લાવવામાં તમારી બધી શક્તિ વાપરો એમ હું માગું છું. નવું બંધારણ શક્ય તેટલી ઓછી ત્રુટીઓ સાથે અને શક્ય તેટલા ઓછા દુર્ભાવ સાથે મંજૂર થાય એવું કરો.

એક બીજું દૃષ્ટિબિંદુ પણ છે. આ બધા પ્રયત્નનો ઉદ્દેશ એવો હોય કે દલિત કોમોને હિંદુ ધર્મમાં જ ટકાવી રાખવી તો મારું વલણ એવું માનવા તરફ છે કે દલિત વર્ગોની અત્યારની જાગ્રત દશામાં એ પૂરતું નથી. હું મારી જાતને એ સવાલ ઘણી વાર પૂછું છું. શું હું મને બુદ્ધિપૂર્વક હિંદુ ધર્મનો અનુયાયી કહેવડાવી શકું ખરો? મને લાગે છે કે હું તેમ ન કરી શકું. તે માટે મારાં કારણો છે. ખરાબ રિવાજોથી હું એટલો અકળાતો નથી. ખરાબ રિવાજો તો ખ્રિસ્તી ધર્મમાં અને ઇસ્લામમાં પણ છે, દાખલા તરીકે ગુલામી. પણ જે રિવાજો પ્રગતિનું ચક્ર અટકાવે છે તે રિવાજો ધર્મની માન્યતા પામેલા રિવાજો કરતાં જુદા હોય છે. પહેલા રિવાજોને સહન કરી લેવા હું તૈયાર થાઉં પણ બીજી જાતના રિવાજો હું સહન કરી શકતો નથી. ચાતુર્વર્ણ્યનો દાખલો લો. એનો અર્થ જ એ થાય છે કે જન્મ પ્રમાણે સમાજમાં ઊંચનીચનું વર્ગીકરણ કરવું. જન્મથી હું અસ્પૃશ્ય છું એટલે હું ગમે તે કરું અથવા ગમે તેટલો આગળ વધું તોપણ મારા દરજ્જામાં ફેર પડે નહીં. મને હિંદુ કહેવડાવવામાં એ જ મુશ્કેલી પડે છે. હિંદુ કહેવડાવવાની સાથે જ મારે એ સ્વીકારવું પડે છે કે જન્મથી હું એક નીચ જાતિનો છું. એટલે મને એમ લાગે છે કે મારે હિંદુઓને કહેવું જોઈએ કે એવો ધર્મસિદ્ધાંત તમે મને બતાવો જેમાં આવો નીચાપણાનો ભાવ ન આવે. તેમ ન થાય તો હિંદુ ધર્મને મારે તિલાંજલિ આપવી જોઈએ. આવી માન્યતા અને આવું વલણ ઘણાનું છે. મંદિરમાં પ્રવેશ કરીને હું શું કરું, જ્યારે એ પ્રવેશનો અર્થ તો એ થાય કે નીચાપણાની છાપ હું સ્વીકારું છું? એટલે દલિત વર્ગના લોકો હિંદુઓને એમ કહે તે વાજબી જ છે કે જો તમારે અમને હિંદુ

ધર્મમાં રાખવા હોય તો એવી કોઈ પદ્ધતિ ઉપજાવી કાઢો જેમાં દલિત વર્ગોને પ્રતિષ્ઠાનું સ્થાન મળે અને તેમને નીચું સ્થાન આપનારાં તમામ તત્ત્વો તેમાંથી નાબૂદ કરી નાખવામાં આવ્યાં હોય.

ભાષણ આગળ ચાલતું જ હતું. બાપુ અત્યાર સુધી એકે શબ્દ બોલ્યા નહોતા.

એક વધુ મુદ્દો. ફક્ત રાહત આપનારા ઇલાજોથી મને સંતોષ થાય એમ નથી. આયરિશ હોમરૂલની ચળવળ વખતે કહેવામાં આવતું કે આયરિશ લોકોને સંતોષવાનો ઉત્તમ ઉપાય એ છે કે ત્યાં લોકલ બોર્ડો સ્થાપવી. રેડમન્ડે કહેલું કે બિલાડીના મોંમાં ઠાંસી ઠાંસીને લાડુ ભરી એને ગૂંગળાવી મારો એ મારે નથી જોઈતું. મારે તમારા દયાદાનથી મરવું નથી.

બાપુ : જો તમે પાકો નિર્ણય જ કરીને આવ્યા હો કે આ કાયદો પસાર કરાવવા માટે તમે ટચલી આંગળી પણ હલાવવાના નથી તો મારે કશું કહેવાનું નથી.

આંબેડકર : અમે કશો નિર્ણય નથી કર્યો. પણ મારું મન કેમ કામ કરી રહ્યું છે તે મેં બતાવ્યું.

બાપુ : મેં એ કહ્યું કે તમે નિર્ણય કરી ચૂક્યા હો તો મારે કશું કહેવાનું હોય નહીં.

અહીં ત્રીજી એક વસ્તુ આંબેડકર કહેવાની ભૂલી ગયા હતા તે કહી :

એક વાત કહેવાની હું ભૂલી ગયો. અમે સવર્ણ હિંદુઓને એમ ન કહી શકીએ કે અમે તમારા અંગરૂપ છીએ કે નહીં તે તમે નક્કી કરો. આ બિલો પાસ કરાવીને તમારે તમારો નિર્ણય બતાવવો જોઈએ. અંગ્રેજો હિંદીઓને પોતાની ક્લબમાં દાખલ નથી કરતા. ત્યાં દાખલ થવા માટે હિંદીઓએ વિનવણી કરવી તે તેમને માટે માનભર્યું નથી.

બાપુ : તેમ કરવા હું તમને કહેતો નથી. એવું મેં કદી ઇચ્છયું જ નથી કે દલિત લોકો સવર્ણ હિંદુઓ પાસે પગે પડતા જાય અને આ બિલો પસાર કરવાનું તેમને કહે. કમનસીબે આ પ્રશ્નનું નિરાકરણ તો ત્રીજી જ સત્તાના હાથમાં છે. અને તેઓ સ્થિતિ સુધારી અથવા બગાડી શકે એમ છે.

આંબેડકર : એ વસ્તુ હું સરખી કરી શકું.

બાપુ : બરાબર છે. અલબત્ત હું તમારી સાથે સંમત થાઉં છું કે તમારે હિંદુઓ પાસે જવું એ તમારા ગૌરવને શોભે એમ નથી. મારી સ્થિતિ તો એ છે — તમને યાદ હશે કે ગોળમેજીમાં મેં ભાષણ કર્યું

ત્યારથી જ — કે અમારે પ્રાયશ્ચિત્ત કરવાનું છે. તમે અમારો ત્યાગ કરી જાઓ તો હું તો ધારું કે અમે એ જ લાગના હતા.

આ પછી આંબેડકરે કાયદાબાજી ચલાવી:

આ બિલમાં મંદિરપ્રવેશની વાત છે પણ પૂજાની જગ્યાએ પ્રવેશ કરવાની વાત આવતી નથી. દલિત કોમના માણસને મૂર્તિ ઉપર ફૂલ ચડાવવા દેશે, અથવા ભોગનો થાળ ધરાવવા દેશે? માલવીજીએ તો કહ્યું છે કે પૂજા કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

બાપુ: મંદિરપ્રવેશ પૂજાને માટે જ છે. પરંતુ કાયદામાં ભાષા બરાબર ન હોય તો સુધારી શકાય અને આપણે કહીએ કે પૂજાને માટે પ્રવેશ. માલવીજીની બાબતમાં ક્યાંક કાંઈ ગેરસમજૂતી થઈ લાગે છે. તમે કહો છો એવું એ કહે નહીં. હરિજનોનાં ધરાવેલાં ફૂલ, મીઠાઈ અથવા બીજાં નૈવેદ્ય સ્વીકારવામાં આવે જ. આટલી વસ્તુમાં આપણે એ સંમત થયા કે તમારે સવર્ણ હિંદુઓ આગળ વિનવણી કરતા જવાનો પ્રશ્ન જ નથી. કેટલાક સવર્ણ હિંદુઓ જ્યારે મને કહે છે, કે હરિજનોને તો મંદિરમાં આવવું જ નથી, ત્યારે હું કહું છું કે હરિજનોને આવવું હોય કે ન હોય, તમે મંદિરનાં બારણાં તેમને માટે ખુલ્લાં કરો. તમારે જે કરવાનું છે તે તમે કરી ચૂક્યા એટલો આત્મસંતોષ તમારે મેળવી લેવો જોઈએ. તમારે માથે જે દેવું છે તે તમારે ચૂકવી દેવું જોઈએ, પછી લેણદાર એનો સ્વીકાર કરે કે એને ગટરમાં ફેંકી દે. પણ તમને હું કહું કે હું હિંદુ નથી એમ તમારે ન કહેવું જોઈએ. પૂના-કરારનો સ્વીકાર કરવામાં જ તમે એ સ્થિતિ સ્વીકારી લીધી છે કે તમે હિંદુ છો.

આંબેડકર: મેં તો રાજદ્વારી ભાગ સ્વીકાર્યો છે.

બાપુ: તેમ કહો તોપણ તમે એ સ્થિતિમાંથી છટકી શકતા નથી કે તમે હિંદુ છો.

આંબેડકર: અમે એટલું માગીએ છીએ કે અમારા મૌનનો અનર્થ ન થવો જોઈએ. પછી હું આપની વાત સ્વીકારું છું.

બાપુ: હું એક ડગલું આગળ જાઉં છું. તમારી સ્થિતિ તમે તદ્દન બરાબર નહીં રાખો તો તમે એક ડગલું પણ આગળ વધી શકવાના નથી. મંદિરપ્રવેશને હું આધ્યાત્મિક વસ્તુ ગણું છું જેમાંથી બીજી બધી વસ્તુઓ ફલિત થશે.

આંબેડકર: હિંદુ મન જ સીધી રીતે કામ કરતું નથી. રેલવેમાં અને બીજાં સાર્વજનિક સ્થળોમાં અસ્પૃશ્યો તેમને અડે એનો તેમને વાંધો નથી, ત્યારે એમને મંદિરોનો જ કેમ વાંધો આવે છે?

બાપુ: અહીં તો તમે બરાબર સપડાયા. એ લોકો મંદિરોમાં અસ્પૃશ્યતાને વળગી રહેવા માગે છે તેથી જ તો મંદિરપ્રવેશનો પ્રશ્ન હું પહેલો લઉં છું. ઘણા સનાતની હિંદુઓ કહે છે કે હરિજનોને શાળાઓમાં આવવા દઈએ, સાર્વજનિક સ્થળોમાં આવવા દઈએ, પણ મંદિરોમાં નહીં. હું કહું છું ભગવાનની આગળ એમનો દરજ્જો સમાન રાખો. એને લીધે એમની પ્રતિષ્ઠા વધશે.

આંબેડકર: ધારો કે આપણે મંદિરપ્રવેશમાં ફાવ્યા તો અમને કૂવા ઉપર પાણી ભરવા દેશે?

બાપુ: જરૂર. એની પાછળ એ આવશે જ. અને એ તો ખૂબ સહેલું છે.

આ વાત અહીં અધૂરી રહી. ત્યાં જાણે ઈશ્વરની પ્રેરણાથી જ અમેરિકન વૃત્તવિવેચક સ્ટૅનલી જોન્સ આવ્યો. તે એ જ સવાલો પૂછવા લાગ્યો. પણ એ સવાલોના જવાબો આંબેડકરની આગળ એ ભાષામાં ન મુકાત. એણે આરંભ કર્યો.

સ્ટૅ૦ જો૦: અસ્પૃશ્યોનો ઉદ્ધાર થાય છે એ ભારે વાત છે, પણ હું ઇચ્છું છું કે તમે વધુ આગળ જાઓ. હું અમેરિકા જઈશ ત્યાં મને એ સવાલ પહેલો પૂછવામાં આવશે કે અસ્પૃશ્યતાની સામે લડવામાં ગાંધીએ પૂરેપૂરી સફાઈ કેમ ન કરી નાખી? આખી જ્ઞાતિવ્યવસ્થા તેણે ઉડાવી દેવી જોઈતી હતી.

બાપુ: અસ્પૃશ્યતા એવું પાપ છે કે સમાજની આખી રચનામાં એ ઝેર રેડે છે. તેથી એને નાબૂદ કરી નાખવી જોઈએ. જ્ઞાતિ એ કાંઈ પાપ નથી. અસ્પૃશ્યતા મોટા જનસમુદાયને તેના જન્મને કારણે બહિષ્કૃત રાખે છે. જ્ઞાતિ એવી રીતે કોઈને બહિષ્કૃત કરતી નથી. આ ભેદ તમે બરાબર સમજો એમ હું ઇચ્છું છું. તમે કહો છો કે હું અસ્પૃશ્યતા ઉપર હુમલો કરું છું પણ જ્ઞાતિઓને રાખવાનો પ્રયત્ન કરું છું. પણ તમે નહીં જાણતા હો કે મારા ઉપર તો સનાતની હિંદુઓ ભારે હુમલો કરી રહ્યા છે. તેઓ મને જાતજાતની ગાળો આપે છે. અને કહે છે કે જ્ઞાતિઓનો નાશ કરવા આ રાક્ષસ અવતર્યો છે.

સ્ટૅ૦ જો૦: અમેરિકનો તો કહે કે એમાં માત્ર પ્રમાણનો તફાવત છે. નીચેથી તે ઉપર સુધીની, ઊંચનીચના ભેદોની આખી નિસરણી સાબૂત રહે છે. તમે તો થોડાં નીચલાં પગથિયાં નાબૂદ કરો છો.

બાપુ: ના, આમાં તો સ્વર્ગ અને નરકના જેવો મોટો ભેદ રહેલો છે. જ્યાં સુધી આ લોકો અસ્પૃશ્યો છે ત્યાં સુધી એ લોકો મોટા નરકાગ્નિમાં

છે. તેમની સામેનો આ દુષ્ટ અંતરાય નાબૂદ થાય અને તેઓ હિંદુ સમાજમાં ભળી શકે એની સાથે જ તેઓ સ્વર્ગમાં દાખલ થાય છે.

સ્ટૅ૦ જો૦: પણ તેઓ છેક નીચી જ્ઞાતિના એટલે કે ચોથા વર્ણના રહે તેમાં તમને તો સંતોષ છે.

બાપુ: જરાય નથી. પણ અત્યારે હું તેને માટે લડતો નથી. કારણ મારા મત પ્રમાણે તો વર્ણમાં ઊંચનીચના ભેદભાવને સ્થાન જ નથી. વર્ણ એ તમે કહો છો તેવી ઊભી નિસરણી નથી, એ તો આડાં ખાનાં છે. તેમાં સૌને સરખું સ્થાન છે. ઊંચનીચના ભેદભાવ એ હિંદુ ધર્મના મૂળ સિદ્ધાન્તને તદ્દન અરુચિકર છે. અસ્પૃશ્યને હિંદુ સમાજમાં દાખલ કરવામાં આવે તેની સાથે જ તે બહિષ્કૃત મટી જાય છે. વળી વર્ણ એ જ્ઞાતિ નથી. સર હેનરી મેઇને કહ્યું છે તેમ વર્ણ એ ધંધાની શ્રેણીઓ (ટ્રેડ ગિલ્ડસ) છે. 'હિંદુસ્તાની જ્ઞાતિઓ' એ નામનું ભટ્ટાચાર્યનું પુસ્તક જોજો. એમાં વર્ણનો મૂળ અર્થ બહુ જ સ્પષ્ટતાથી સમજાવવામાં આવ્યો છે.

સ્ટૅ૦ જો૦: તમે કેટલાંક વર્ષ ઉપર કહેલું કે જ્ઞાતિઓ ધંધા પરત્વે છે, અને તેથી આવશ્યક છે. હમણાં એક બંગાળી મિત્ર ઉપરના કાગળમાં તમે લખ્યું છે કે જ્ઞાતિઓ નાબૂદ થવી જોઈએ.

બાપુ: થોડાં વર્ષ ઉપર મેં કહેલું એની તમે જે વાત કરો છો એ વર્ણને વિષે છે, અને બંગાળી મિત્રને લખેલું તે જ્ઞાતિ વિષે હતું. જોકે આજે હું જ્ઞાતિઓ ઉપર હુમલો નથી કરતો. અસ્પૃશ્યતાનિવારણના કામને એની સાથે સંબંધ નથી. એટલે જ્ઞાતિઓ નાબૂદ કરવાની લડત ચલાવનારાઓને હું કહું છું કે તમારે માટે મને માન છે પણ આજે તમારી સાથે જોડાવાનું તમે મને કહેશો નહીં. જ્ઞાતિઓ અડચણરૂપ છે. તેનો ઉપાય પણ થવો જોઈએ. પણ આજે તો હું એક ઝેર સામે, એક પાપ સામે લડી રહ્યો છું. હું મારી દીકરી અમુક માણસ સાથે ન પરણાવું તેમાં શું મેં પાપ કર્યું? જરાયે નહીં, પણ હું એક માણસને કહું કે તું અસ્પૃશ્ય છે, તું બહિષ્કૃત છે, તું પાપયોનિ છે તો તેમાં હું માનવતા સામે મોટું પાપ કરું છું.

સ્ટૅ૦ જો૦: એ ખરું. પણ આમ કરીને તો તમે એ લોકોને એક પગથિયું જ ઊંચે ચડાવો છો.

બાપુ: ના, તેમનું આખું રૂપાન્તર થાય છે.

સ્ટૅ૦ જો૦: પણ એ કાંઈ એક બંધુસમાજમાં દાખલ થતો નથી, જેમ ઈશુને પૂજનારા બધા એક બંધુસમાજ હોય છે તેમ.

બાપુ: હું કહું છું કે તેમનું રૂપાન્તર થાય છે. અસ્પૃશ્યતા જવાની સાથે જ તેઓ ઊંડી ખાઈમાંથી છેક ટોચ ઉપર આવે છે.

સ્ટૅ૦ જો૦: મારું કહેવું એમ છે કે મનુષ્યમાં રહેલા આત્માનું મૂલ્ય તમે સ્વીકારો કે તરત જ આખા ભેદભાવનું મૂળ જતું રહે છે.

બાપુ: તમે વર્ણને માનતા નથી, અમે માનીએ છીએ. હું તો એને હિંદુ ધર્મની દુનિયાને એક ભેટ ગણું છું. આજે હિંદુ ધર્મ અધોગતિએ પહોંચ્યો છે એટલે એના શુદ્ધ સ્વરૂપમાં એ વસ્તુને એ ન દર્શાવી શકે. પણ હિંદુ ધર્મ શુદ્ધ થશે એની સાથે જ વર્ણવ્યવસ્થાને દુનિયા આગળ અનુકરણ કરવાને માટે તે મૂકી શકશે. વેદોમાં વર્ણને રંગ ઉપરથી ગણ્યા નથી. જેમ ભાષાનો વિકાસ થાય છે તેમ 'વર્ણ' શબ્દના અર્થનો પણ વિકાસ થતો જશે.

સ્ટૅ૦ જો૦: એટલે તમે માનો છો કે વર્ણ એ જ્ઞાતિ કરતાં કાંઈક જુદી જ વસ્તુ છે.

બાપુ: મૂળ ખ્યાલ એવો હતો જ નહીં કે અમુક ઊંચા છે અને અમુક નીચા છે. ખ્યાલ તો એ હતો કે મનુષ્યત્વની આધ્યાત્મિક શક્યતા કેટલી છે તેનું સંશોધન કરવા મનુષ્યનો જન્મ છે. ઈશ્વરને ઓળખવાની ટૂંકામાં ટૂંકી રીત વર્ણધર્મને માન આપવાની છે. જે ક્ષણે તમે વર્ણ-ધર્મનું પાલન કરવા માંડો, તે જ ક્ષણે તમે નીતિની બાબતમાં અને ઈશ્વરસેવાની બાબતમાં બીજા બધાને ટપી જાઓ છો.

સ્ટૅ૦ જો૦: પણ વસ્તીપત્રકના અમલદાર આગળ માણસ પોતાને બ્રાહ્મણ કે ક્ષત્રિય તરીકે નહીં પણ એક માણસ તરીકે ઓળખાવે એ તમને પસંદ ન પડે.

બાપુ: વસ્તીપત્રકની મારે મન આધ્યાત્મિક કિંમત નથી. એનું રાજદ્વારી મહત્ત્વ હોઈ શકે. જોકે એ પણ ન હોવું જોઈએ. માણસ પોતાને ફક્ત માણસ તરીકે ઓળખાવે તેનો મને વાંધો નથી. હું ફક્ત એમ કહું છું કે વર્ણનો કાયદો માણસે માનવો જ પડશે, જેમ વીજળીનો, પાણીનો અથવા હવાનો કાયદો એને માનવો પડે છે તેમ.

સ્ટૅ૦ જો૦: વર્ણથી માણસ સામાજિક આનુવંશિકતાને અધીન થાય છે. સમાજશાસ્ત્રી કહે કે એમાં ત્રણ વસ્તુઓ કામ કરે છે: (૧) જન્મની આનુવંશિકતા (૨) સામાજિક આનુવંશિકતા અને (૩) માણસની પોતાની પસંદગી. એટલે માણસ માણસ વચ્ચેના ભેદનાં કારણો વર્ણ સિવાય બીજા સંજોગોને લઈને પણ છે.

બાપુ : હું કબૂલ કરું છું કે આનુવંશિકતાના કાયદા ઉપરાંત બીજાં અનેક બળો કામ કરે છે. પણ તમે પ્રેમની આનુવંશિકતા સ્વીકારો કે તરત તમારી સાથે મારો કશો ઝઘડો રહેતો નથી.

સ્ટૅ૦ જો૦ : અસ્પૃશ્યોને મંદિરપ્રવેશ કરવાનું કહેવાની સાથે તેમની કાંધે તમે એવી ધૂંસરી મૂકો છો જે તેમને દબાવનારા બ્રાહ્મણોના હાથમાં છે. તમે શું કામ ઊંચનીચનાં બંધન આવી રીતે દૃઢ કરો છો?

બાપુ : હું તો માત્ર જે નરકાગ્નિમાં તેમને ધકેલી દેવામાં આવ્યા છે તેમાંથી ઉપાડી સ્વતંત્રતાની સ્થિતિમાં મૂકવાનો પ્રયત્ન કરી રહ્યો છું.

સ્ટૅ૦ જો૦ : હું વસ્તુને જુદી રીતે મૂકું છું. જે વ્યવસ્થા અથવા પદ્ધતિ નીચે પાડનારી છે તેમાં આ લોકોને બાંધવાનો તમે શા સારુ પ્રયત્ન કરો છો ?

બાપુ : આમાં બાંધવાપણું છે જ નહીં. આ તો માથે ચડી ગયેલું ઋણ ફેડવા માટેની, પ્રાયશ્ચિત્તની અને આત્મશુદ્ધિની પ્રવૃત્તિ છે. અમે માત્ર મંદિરનાં દ્વાર ખોલી દઈએ છીએ. હરિજનોએ તેમાં જવું જ એવી ફરજ પાડતા નથી. પોતાનું લેણું તેમને ન લેવું હોય તો ન લે, ગટરમાં નાખવું હોય તો ગટરમાં નાખે પણ અમારું દેવું અમે શા માટે ચૂકવી ન દઈએ?

બ્રાહ્મણોની બાબતમાં હું જાણું છું કે બે મત હસ્તી ધરાવે છે. એક મતવાળા એને દુર્બુદ્ધિ માને છે; બીજા મતવાળા, જેમાં હું છું, તેઓ એને હિંદુ ધર્મના રક્ષક માને છે. એ ધર્માચાર્ય પણ છે અને પયગમ્બર પણ છે. માણસનો સ્વભાવ છે કે અમુક પદ મેળવ્યા પછી એનો તે દુરુપયોગ કરે. આવો દુરુપયોગ કરનારા બ્રાહ્મણો પડેલા છે. તે સાથે આજે પણ વધારેમાં વધારે ત્યાગ બ્રાહ્મણો જ આપી રહ્યા છે. મારા સાથીઓમાં ઘણા બ્રાહ્મણો છે.

સ્ટૅ૦ જો૦ : તમને લાગતું નથી કે તેઓ આધિપત્ય જમાવી બેઠા છે ?

બાપુ : આધિપત્ય જરૂર છે. પણ એ તો દુષ્ટ બ્રાહ્મણો જે મારા વિરોધીઓ છે તેમનું છે.

સ્ટૅ૦ જો૦ : અસ્પૃશ્યોને તમે એવાના હાથ નીચે મૂકવાનો પ્રયત્ન કરો છો.

બાપુ : તમે આ વસ્તુ અમેરિકનો આગળ આ રીતે મૂકો એમ હું ઇચ્છું છું : તમે જો તમારામાંથી અમુક વર્ગનો બહિષ્કાર કર્યો હોય તો ખ્રિસ્તીઓ તરીકે તમે તેમનું શું કરો? તેઓ એવું કહે એવી હું આશા રાખું કે, 'આવો, અમે તમને દેવળમાં પાછા દાખલ કરીએ છીએ. ઈશ્વરની નજરમાં આપણે સઘળા સમાન છીએ. તમે અમારા સમાજમાં પાછા

આવી જશો એટલે બીજું બધું તમને મળી રહેશે.' હિંદુ ધર્મમાં મંદિર એ જ સ્થાન ભોગવે છે જે ઇસ્લામમાં મસ્જિદ અને ખ્રિસ્તી ધર્મમાં દેવળ ( ચર્ચ ) ભોગવી રહ્યું છે.

સ્ટૅ૦ જો૦ : હું એ વર્ણનનો ઇન્કાર કરું છું. અમારું દેવળ ( ચર્ચ ) એ તો નૈતિક અને આધ્યાત્મિક સ્થાનક છે.

બાપુ : તો તો પછી તમારે તમારી જાતનો ઇન્કાર કરવો પડશે. ચર્ચ એ નૈતિક અને આધ્યાત્મિક સ્થાનક ખરું, પણ એવું હોવાનો આધાર માણસના હૃદય પર છે. કેવા ભાવથી માણસ પૂજા કરે છે તેના ઉપર છે. મારી મા આખી જિંદગી મૂર્તિની રોજ પૂજા કરતી હતી, અને મંદિરમાં જઈ મૂર્તિનાં દર્શન કર્યાં વિના મોંમાં અન્ન મૂકતી નહોતી. તમે શું એમ કહેવા માગો છો કે એ સ્થૂળ મૂર્તિની પૂજા કરતી હતી ? એ તો આધ્યાત્મિક ભાવના હતી જે એને વિશુદ્ધ રાખી શકતી હતી.

સ્ટૅ૦ જો૦ : હું જાણું છું કે એવા માણસો હોય છે જેઓ સ્થૂળ વસ્તુથી પર જઈ શકે છે.

બાપુ : હું એ જ વસ્તુ ઇચ્છું છું. આધ્યાત્મિક સત્યને વધારે મહત્ત્વ આપતો હોઈ હું જ્યારે કહું છું કે હિંદુ ધર્મમાં મંદિરોને સ્થાન છે, ભલે તેમાં ઘણો સડો દાખલ થવા પામ્યો હોય છતાં — ત્યારે હું અવિચળ સત્ય ઉચ્ચારું છું.

સ્ટૅ૦ જો૦ : હવે એક છેલ્લો પ્રશ્ન. અમેરિકામાં મિત્રો મને પૂછશે કે આ તમારો ઉપવાસ એક જાતનું સૂક્ષ્મ અને નાજુક એવું દબાણ નહોતું ? તમે આનો શો જવાબ આપો છો ?

બાપુ : દુનિયાનો આખો ઇતિહાસ જોશો તો દરેક સુધારકે — ઈશુએ સુધ્ધાં — આવી જાતનું દબાણ વાપર્યું છે. એ પ્રેમનું દબાણ છે. આજે પણ ઈશુ પોતાના અનુયાયીઓ ઉપર એવી અસર પાડી રહ્યો છે અને તેમને ખોટે માર્ગે જતાં અટકાવી રહ્યો છે. નીચે પાડનારું દબાણ પણ હોય છે. પણ પ્રેમનું દબાણ વિશુદ્ધ કરે છે અને પ્રેમીને તેમ જ પ્રેમપાત્રને બંનેને ચડાવે છે. હું એમ કહી શકું કે ઈશુ તમારા ઉપર કાયમ દબાણ કરી રહ્યો છે અને તમને પાપ કરતાં ઉગારી લે છે. મારી પત્નીનો દાખલો લો. મેં તેના ઉપર આ જાતનું દબાણ કર્યું. પ્રેમે બધા અંતરાયો તોડી નાખ્યા, અને તેનામાં એવું રૂપાન્તર કર્યું જેને પરિણામે આજે એ અસ્પૃશ્યતાને જરાય વળગેલી નથી એટલું જ નહીં પણ એની કટ્ટર દુશ્મન છે અને તેના નિકંદનને માટે કામ કરવાની પ્રતિજ્ઞા લઈ બેઠેલી છે.

બ્રધર લેશની ઉપર એક અતિશય મહત્ત્વનો કાગળ બળજબરીના આક્ષેપના જવાબમાં લખાવ્યો. આખો કાગળ આત્મકથાનું
૫–૨–'૩૩ એક પાનું છે.

એક નવો એલએલ. બી. પાસ થયેલો હરિજન આવ્યો. અસ્પૃશ્યતા શાસ્ત્રમાં નથી એ બતાવનારા શ્લોકો એક પછી એક ટાંક્યે જતો હતો. તેને બાપુએ તેની ભૂલો બતાવી અને વકીલે કાયમ યાદ રાખવાનું એક સૂત્ર તેને સંભળાવ્યું: આપણી વસ્તુ હોય તે કરતાં પણ કાંઈક હળવી રીતે મૂકવી એ વસ્તુની યથાયોગ્ય રજૂઆત છે. અતિશયોક્તિ કરવાથી આપણી વસ્તુની કિંમત ઘટે છે. સારા વકીલે આ વસ્તુ હમેશાં યાદ રાખવી. એમ કરવાથી આપણો કેસ ન્યાયાધીશના મન ઉપર ઠસાવી શકાય છે.

સવારે ફરતાં '૫૭ના બળવા પછીની અને અત્યારની સ્થિતિની વચ્ચે સરખામણી કરી. '૫૭ પછી માણસો હતાશ થઈ ગયા, આગેવાનો ભાંગી ગયા અથવા ભાગી ગયા. આ વખતે લોકોમાંથી ઘણા હતાશ ભલે થયા હોય, જ્યાં સુધી હું અને તમે (એટલે બાપુ અને વલ્લભભાઈ), જવાહર, રાજેન્દ્રબાબુ, રાજગોપાલાચારી વગેરે હાર્યા નથી ત્યાં સુધી શી ફિકર છે? આપણે હારીએ તો લોકો હારી જાય. બાકી હોર પોતાની બાજીમાં સફળ થયો છે, અને અર્વિનને પણ એણે વશ કરી લીધો છે. આજે કન્ઝર્વેટિવ પક્ષમાં એવો સફળ કાર્યકુશળતાવાળો માણસ કોઈ નથી. એને ફાસીઝમ ચલાવવું છે. લિબરલો ખલાસ થઈ ગયા છે. મજૂરપક્ષ ઘણો કાળ સુધી ઊઠે એમ નથી. કારણ મજૂર પક્ષનો મૌલિક કાર્યક્રમ તો અમલમાં મૂકી શકાય એમ છે નહીં અને કૉમ્યુનિઝમને બધા દેશોએ હંફાવવાને કમર કસી છે એટલે એક પ્રકારનું ફેસીઝમ જ ચાલી રહ્યું છે.

આજે આશ્રમની ટપાલ ગઈ. ટપાલ નાનકડી હતી પણ એક કે એ કાગળો અગત્યના હતા.
૬–૨–'૩૩ બપોરે જમનાલાલજીને મળ્યા. ડૉઈલને દાંતના બિલ વિષે કાગળ લખ્યો અને તેમાં દાંતનો ખર્ચ સરકારે પોતે આપવો જોઈએ એવી માગણી કરી. તેમ ન થાય તો વલ્લભભાઈનાં અને પોતાનાં ખાતાં ભેગાં થઈ જવાં જોઈએ એવી માગણી કરી.

બપોરે 'હરિજન'ના આંકડા લઈને બર્વે આવ્યા, સાથે પદમજીને લાવ્યા. પદમજીએ તો હદ જ કરી: મને બોલાવ્યો તેમાં મોટું માન સમજું

છું. મહાત્માજી જેમ કહેશે તેમ કરીશ. આપણો તો આજનો સંબંધ છે ? જૂનો સંબંધ છે. કહીને બાપુ બિલ જેટલું કાપી નાખવા માગે તેટલું કાપી નાખવાને તૈયાર થયા. ૦–૩–૬ માંથી ઓછા કરીને ભાવ ૦–૩–૧ ઠરાવ્યો. અને એમ વર્ષના રૂ. ૧૫૦૦ જેટલો ઘટાડો કરી આપ્યો. બાપુને કહે બોલો સાહેબ, હવે સંતોષ થયો ?

બાપુ કહે: જુઓ આ તો ગરીબનું કામ છે. એમાં સંતોષની વાત ન પૂછશો. હું તો કહું બધો કાગળ મફત આપો. પણ એમ થાય ? હા, એક માગણી કરું, આ ગરીબના કામમાં તમે બિલકુલ નફો ન લો એમ માગું ખરો.

ભલા પારસીએ કહ્યું : એક પાઈ નફો રાખ્યો છે, પણ તે એટલા જ માટે કે ભવિષ્યમાં ભાવ વધવાના છે. પણ ભલે સાહેબ, આપનો હોકમ છે તો ત્રણ આના રાખો.

લેડી ઠાકરસી પાસે શાસ્ત્રીને લેવા લઈ જવા માટે મોટર રાખીને રોજના ત્રણ રૂપિયા એ બચાવ્યા ! હરિજન માટે ગમે તેટલી ભિક્ષા મગાય.

રાત્રે હરિજનના કામની વાતો કરતાં વલ્લભભાઈ કહે: આ દેવદાસ અને રાજાજી ઍસેંબ્લીમાં ગયા એ મને જરાય ગમતું નથી. એ લોકો ગમે તે સંભળાવશે. જેની ઍસેંબ્લીમાં ન જવા દેવા માટે બૈરાંઓ પાસે પિકેટિંગ કરાવેલું એની મદદ લેવા જવું એ તો બહુ શરમભરેલું લાગે છે. આ તો નહોતું જ થવું જોઈતું.

બાપુ: એમાં કશું ખોટું નથી થતું, ભલેને એ લોકો મશ્કરી કરતા. ધર્મ એકાંગી હોતો જ નથી. જે કારણે આપણે ૧૯૨૧માં અસહકાર કરેલો અને ધારાસભાનો બહિષ્કાર કરેલો તે જ કારણે આજે એની સાથે સહકાર કરીએ. જે સત્યાગ્રહ તે દિવસે અસહકાર કરવામાં હતો તે જ આજે તેમની પાસે જવામાં છે. ગીતામાં કર્મ અકર્મની જે વાત કરી છે તેવી ગહન આ વાત છે. ભલેને ત્યાં કશું ન થાય અને એ લોકો બિલ ઉડાવી દે. આપણે એ પણ એક જોવા જેવું થઈ પડશે. ઈશ્વર જે જે પગલાં સુઝાડતો જાય છે તે પ્રમાણે કરતો જાઉં છું. જુઓની, આજે પ્રવૃત્તિની વ્યાખ્યા એક કાગળમાં આપી દીધી એ એના સવાલોના જવાબમાં જ નીકળી ગઈ. વિચારની ઘટમાળ ચાલ્યાં કરે એ પ્રવૃત્તિ. હું એવો છું જ નહીં કે ચોપડી ઉઘાડી કે તેમાંથી જવાબ મળ્યો. મારી આગળ તો વ્યાવહારિક પ્રશ્ન આવીને ઊભો રહે કે તેનો જવાબ મને તુરત મળી રહે છે.

આ પ્રશ્નના જવાબમાં એક વાતની ખાસ નોંધ લેવા જેવી છે. આ કાયદો કરાવવો અને એને માટે ધાલાવેલી કરવી એમાં બાપુના પોતાના

કરવાપણા કરતાં પ્રજાની પાસે પ્રતિજ્ઞાનું પાલન કરાવવાની ધાલાવેલી રહેલી છે. મુંબઈના ઠરાવની ભાષાના "આ હકો વિષે સ્વરાજ પાર્લમેન્ટ પહેલામાં પહેલા કાયદા કરશે, જો સ્વરાજ થયા પહેલાં એ હકોને માન્યતા નહીં મળી ગઈ હોય તો" એ શબ્દોમાં આખી વસ્તુની કૂંચી રહેલી છે.

મૅકરેને સરસ ઇન્ટરવ્યુ આપ્યો. એણે માથાના પાટા વિષે પૂછ્યું. માથા ઉપર માટીનો પાટો બાંધવાનું 'રીટર્ન ટુ નેચર' (કુદરત તરફ પાછા જાઓ) એ પુસ્તક વાંચીને કેવી રીતે ૧૯૦૫માં શરૂ કરેલું, ત્યાર પછી સેંકડો અને હજારો કિસ્સામાં તેનો કેવી રીતે અમલ કર્યો તે કહ્યું. સારું વાંચ્યું કે તુરત તેનો અમલ કરવાની વાત. જેમ 'અન ટુ ધિસ લાસ્ટ' (સર્વોદય) વાંચીને જિંદગીનું પરિવર્તન કર્યું તેવી જ રીતે આ પુસ્તક વાંચીને માટીના પ્રયોગો શરૂ કર્યા. એ બધી વાતો સરળ ભાવે મૅકરેને સંભળાવી. એને એ રસિક તો લાગી, પણ 'ટાઇમ્સ'ને એ વાત મોકલે તો એ શેની લે? એટલે ધીમે રહીને પૂછ્યું : પણ આંબેડકર માટે તમારી પાસે માટીના કાંઈ પાટા છે?

બાપુ કહે : મને ખબર નથી. પણ અમારા મતભેદો ઉપર બન્નેનાં માથાં ચઢે તો માટીના પાટા શોધવા પડે ખરા.

આમ કહીને પોતાની અને એની વચ્ચે બહુ મતભેદનો અવકાશ નથી, કારણ ઘણી બાબતમાં ઐકય છે, એમ કહ્યું અને જણાવ્યું કે મતભેદની મને પરવા નથી. કારણ સવર્ણોની પાસે ઋણ ફેડાવવા સિવાય બીજું કામ મારી પાસે નથી.

૭–૨–'૩૩

આજે અસ્પૃશ્યતા ઉપર બે લેખો સવારના ત્રણ વાગ્યામાં ઊઠીને લખ્યા. સરકારે ધર્મની બાબતમાં તટસ્થ રહેવાનું વચન આપ્યું છે એટલે પહેલા બિલને મદદ કરવાને તે બંધાયેલી છે; કારણ સરકારની તટસ્થતાની નીતિની વિરુદ્ધ જઈને ચાલુ કાયદાએ અંતરાય ઊભો કર્યો છે તે રદ કરવાનો આ બિલનો ઉદ્દેશ છે. એ વાકય શાસ્ત્રીને ખટકતું હતું. 'બંધાયેલી છે' શી રીતે?

બાપુ કહે : જે કાયદો કરીને તટસ્થતા એક વાર તોડી છે તે કાયદામાં સુધારો કરીને તટસ્થતાની નીતિ જાળવવાની પોતાની ઉત્કંઠા સિદ્ધ કરી આપે.

શાસ્ત્રી : હું સમજ્યો. પણ આ અતિશય સંક્ષેપમાં છે અને સામાન્ય વાચકને માટે એને જરા વધારે વિશદ કરવાની જરૂર પડશે.

બાપુની વિચારગર્ભ, અનેક પગથિયાં કુદાવી દઈને મૂળમાંથી ફલિત થતું વધારાનું કથન સાબિત કરવાની ભૂમિતિની રીતિનો પહેલો પાઠ શાસ્ત્રીને મળ્યો.

એ. પી. આઈ. વાળો ગોપાલન આવ્યો હતો. તેણે અંકલેસરિયાએ પૂછેલો સવાલ વાંચી સંભળાવ્યો : 'દેશ હવે આ ગાંધીથી કંટાળ્યો નથી?' અને તેને આપેલો હેગનો જવાબ : 'દેશના અમુક વર્ગની લાગણીનો પડઘો નામદાર સભ્યના સવાલમાં પડે છે ખરો.' અને પછી 'એ વર્ગ કયો તે હું જાણતો નથી.' આથી બાપુ બહુ રાજી થયા અને કહ્યું : આ માણસે ચીડ ચઢે એવા પ્રશ્નોના ઠંડે પેટે જવાબ આપવાની કળા ઠીક ખીલવી છે.

પછી શંકરાચાર્યે રંગા આયરને કરેલા તાર વિષે લાંબો ઇન્ટર્વ્યુ આપ્યો. દેવધર માથાના પાટાની વાત કરતા હતા. એટલે કહ્યું : આ તો સાવચેતી તરીકે છે. અને આવું આવું વાંચવાનું આવી પડે ત્યારે મગજ ઠંડું રાખવું જોઈએ ને?

ગોપાલન કહે : બાપુજી, આ છાપાનું કહો છો?

બાપુ : ના, આ વાતાવરણ જ ધડાકો કરે એવું છે. લોકોમાં થોડોક વિનોદ સમજવાની પણ શક્તિ નથી.

૧૪મી જાન્યુઆરીના સ્ટેટમેન્ટનો અર્થ ડૉઈલે મુંબઈની કૉંગ્રેસ પત્રિકામાં આપેલા અર્થને આધારે કર્યો. તે વિષે ગોપાલને કાંઈક માગ્યું.

બાપુ : હું કાંઈ કહું તો હું ઊંડાં પાણીમાં ઊતરી પડું. હું એટલું જ કહી શકું કે મારું લખાણ તમારી સામે પડેલું છે. એનો અર્થ તમે કરો. મેં કશું દ્વિઅર્થી કહ્યું નથી.

સત્યાગ્રહી અસહકારીઓ ધારાસભાનો આશરો કેમ લઈ રહ્યા છે એનો જવાબ આપતાં કહે : જ્યાં સુધી મારી ખાતરી છે કે હું પ્રામાણિક છું ત્યાં સુધી લોકોમાં મારી પ્રતિષ્ઠા ઓછી થાય એની મને પરવા નથી. મારું સત્ય હું સાચવું એટલે પ્રતિષ્ઠા પોતાની મેળે પોતાનું સંભાળી લેશે.

બાના પકડાયાની ખબર કાલે આવી. આજે શાંતા, લલિતા, ડાહીબહેનના ખબર આવ્યા.

બાપુ : બીજી બધીનું તો ઠીક, પણ બા પકડાઈ તેથી મારા આનંદનો પાર રહેતો નથી.

મેજરની પાસે એક આશ્ચર્યકારક વાત સાંભળી. અહીં શાકાહારી કેદીઓને તેલ મળે છે તે વર્ષો થયાં માંસાહારી કેદીઓ ખાયા કરતા હતા. કેટલાક કેદીઓએ આ વખતે ફરિયાદ કરી. તેને વિષે તપાસ થઈ, અને હવે તે લોકોને તેલ મળવા માંડ્યું છે.

બાપુ કહે: ત્યારે કેટલાય મહિના આ લોકોનું તેલ માંસાહારીઓને જ મળ્યું ના?

હું: કેટલાય મહિના? કેટલાંય વર્ષો! આવાં અંધેર કેટલાંય ચાલતાં હશે.

૮-૨-'૩૩ સ્ટૅન્લી જોન્સની સાથેની વાતનો સાર મેં 'હરિજન' માટે તૈયાર કર્યો હતો, તે બાપુને બરોબર ન લાગ્યો એટલે ખૂબ ઊકળ્યા: આવી રીતે તમે નોંધ રાખો તેમાં ગંભીર જોખમો જોઉં છું! તમે આવી નોંધો રાખો અને પછી તે મારા મૂઆ પછી છપાય, લોકો કહે એ નોંધ લેનાર ગાંધીજીની નજીક હતો, પ્રામાણિક માણસ હતો એમાં ભૂલ હોય જ નહીં. મેં એ જોયેલું હોય જ નહીં એટલે ભયંકર અનર્થ જ થાય ને? અને એમ તો તમે ઢગલો લખ્યું હોય તે બધું આવું હોય તો પછી મૂઆ જ પડ્યા ના! એટલે તમારે ચેતવું રહ્યું! કાં તો તમારે નોંધ લેવી જ નહીં, અને પોતાની જ ભાષામાં ટૂંકી નોંધ પાછળથી લખી નાખવી. આમાં તો તમે વિચાર કર્યા વિના જ આખું લખી કાઢ્યું છે. એ રિપોર્ટ કોઈ વાંચે તો તેને લાગે કે આ ગ્રામોફોન રેકર્ડ બોલે છે. એવાં ગ્રામોફોન રેકર્ડ આપણે ન જોઈએ. એ કદાચ ગુજરાતી ભાષામાં ચાલે પણ અંગ્રેજીમાં ન ચાલે.

મેં કહ્યું: એક બે સ્થળે મને શંકા હતી ત્યાં મેં એ ભાગ માર્ક કરેલો છે, બાકીના ભાગમાં એકની એક વાત ફરી આવે છે તે ટૂંકાવી શકાય એમ સમજું છું. પણ ક્યાંય અર્થનો અનર્થ થાય એમ હું સમજતો નથી. વળી આ વસ્તુઓ જેમની તેમ છપાવવાનો કોઈ દિવસ ઇરાદો નથી, અગાઉ કશું આપને બતાવ્યા વિના છાપ્યું નથી અને આમાંનું કાંઈ બતાવ્યા વિના ન છપાય એવી મારી ઉમેદ છે.

બાપુ: પણ હું અને તમે બંને ઓચિંતા મરી જઈએ તો?

હું: તો એ કદી ન છપાય એવી અગાઉથી પેરવી કરી જઈએ.

દિવસના આ વિષે ત્રુટક ત્રુટક ઘણી વાતો થઈ. બાપુએ પોતે એ વાતનો જે સાર લખાવ્યો તે આખી સ્વતંત્ર વસ્તુ હતી. તેમાં પોતાના જવાબના મુખ્ય મુદ્દાઓ ખીલવેલા હતા. મેં આપેલા સારમાં કશો અનર્થ નથી થતો એમ હજુ હું માનું છું* અને એ વિષે બાપુની સાથે ચર્ચા કરવાની ઊભી છે. અનેક માણસો આવતા હોય તેની સાથેની વાતો, નોંધ રાખ્યા

* આ પુસ્તકમાં મહાદેવભાઈની નોંધ જેવી છે તેવી જ આપી છે. ગાંધીજીના લેખ માટે જુઓ 'હરિજન' પુસ્તક ૧, અંક ૧, પા. ૨.

વિના રોજ યાદ રાખ્યે જવી એ અશક્ય છે. અને સાંજે યાર્ડમાં ગયા પછી પણ બીજું કામ હોય એટલે સ્મરણમાંથી એની ટૂંકી નોંધ પોતાની ભાષામાં કરવાનો સમય જ ન રહે. એટલે કાચા ટિપ્પણ વિના છૂટકો નહીં એ બધું બાપુને સમજાવ્યું.

મીરાબહેનના કાગળમાં કેદીઓના ધર્મ અને અધિકાર સમજાવ્યા :

૬–૨–'૩૩ "કોઈ કેદીને જેલબદલી માગવાનો અધિકાર નથી. અસાધારણ સંજોગો સિવાય જે સ્થિતિમાં તે મુકાયો હોય, તે સ્થિતિ તેણે બરદાસ્ત કરી લેવી જોઈએ. હાવર્ડના દિવસના જેલજીવન સાથે આજના જેલજીવનને સરખાવતાં જે સુધારો થયો છે તેથી મને આશ્ચર્ય થાય છે. જેઓ પોતાના અંતઃકરણને ખાતર જેલમાં આવ્યા છે, તેમણે તો એ જૂના જેલજીવન અને આજના જેલજીવન વચ્ચે પણ કશો ભેદ કરવો જોઈએ નહીં. તેમણે તો હાવર્ડના દિવસના જેલજીવનની પણ આનંદપૂર્વક બરદાસ્ત કરવી જોઈએ. તેમને તો શારીરિક સગવડો અને સ્વજનના સહવાસના આનંદ કરતાં અંતઃકરણ વધારે વહાલું છે. તેથી જોકે આપણે જેલમાં શરીરને તંદુરસ્ત રાખવા અને બીજી સગવડો મેળવવા માટે તમામ પ્રામાણિક અને કાયદેસરના શક્ય હોય તે બધા પ્રયત્નો કરીએ, છતાં તેમાં નિરાશા મળે તે પૂરી અનાસક્તિથી સહન કરી લેવા તૈયાર રહીએ. તારા શરીર વિષે જેલના દાક્તરને પૂરી માહિતી આપતાં રહેવું.

* * *

"આપણે એ સ્વીકારવું જોઈએ કે સ્વેચ્છાપૂર્વક અલ્પાહાર કરવો એ ભારે કઠણ વસ્તુ છે. વખતોવખત પૂર્ણ ઉપવાસ કરવા કરતાં આ જાતનો કાયમી ઉપવાસ વધારે મુશ્કેલ છે. સ્વેચ્છાપૂર્વક અલ્પાહાર કરવાથી પૂર્ણ સમતાને એટલે કે શરીર અને મનના પૂરા આરોગ્યને પામી શકાય છે. આપણે તો પ્રયત્ન કરી છૂટીએ."

આજે 'માગવું અને આપવું' (Seeking or Giving) નામની એક અગત્યની નોંધ 'હરિજન'માં આપી* — તમે સહકાર કેમ કરો છો એના જવાબમાં. સવારે એને વિષે જરા ચર્ચા ચાલી. શાસ્ત્રી ટાઈપિસ્ટ કહે : આથી લોકોને સંતોષ ન થાય.

બાપુ કહે : શા માટે નહીં ? અસહકારનો અર્થ શો ? હું તમારી પાસે ટાઈપ કરાવું છું એનો અર્થ એ નથી કે હું તમારી સાથે સહકાર કરું

* જુઓ 'હરિજન', પુ. ૧, અંક ૧, પા. ૭

છું, પણ તમારો સહકાર લઉં છું. પણ જો તમે મને કહો કે કાલે મારી સાથે સિનેમામાં ચાલ અને હું ચાલું તો મેં તમારી સાથે સહકાર કર્યો અથવા તમને સહકાર આપ્યો. મને તો સેંકડો વસ્તુ એવી પ્રિય છે કે જેમાં સરકાર મને સહકાર આપે તો હું એ સ્વીકારું.

આ પછી મેં પૂછ્યું: આ મુંબઈની પ્રતિજ્ઞા છે તેમાં લોકો આ ધારાસભાઓ પાસે પણ ઠરાવ કરાવી શકે તો કરાવે એવી પ્રતિજ્ઞા છે. એ પ્રતિજ્ઞાના પાલનને માટે પણ એ લોકોએ સહકાર ન કરવો જોઈએ?

બાપુ: હા; એ તો કરે પણ મારાથી શી રીતે થાય? એટલે તમે જે કહો છો એ એનો જવાબ નથી. મારો જવાબ તો મેં જે ઉપર કહ્યું એ જ છે. હું તો હંમેશાં સહકાર માગી રહ્યો છું. વિલાયત ગયો ત્યારે કેટલાક કહેતા હતા ને કે ત્યાં શું કામ જતો હશે? મેં કહેલું મારું કામ તો આપણો આખો કેસ મૂકવાનું છે. એ એ લોકો સ્વીકારે તો આપણે એની સાથે કાંઈ અસહકાર નથી.

બપોરે મંદિરો અને દેવળો વિષે બાપુએ વાપરેલા વાક્ય વિષે શાસ્ત્રી કહે: હું તો કહું છું કે સંસ્કારનાં કેન્દ્રો તરીકે મંદિરોનું સ્થાન દેવળો કરતાં ઘણું મોટું છે. મંદિરોની આસપાસ કળાનું જે વાતાવરણ હોય છે તે દેવળોની આસપાસ નથી હોતું.

બાપુ: આ વાત બરોબર નથી. હું તમારી સાથે સંમત થઈ શકતો નથી. મેં કેટલાંક સુંદર અંગ્રેજી દેવળો જોયાં છે. લોકોએ પોતાની બધી કળા એના ઉપર ઠાલવી દીધી છે. મંદિરોને હું તો એ રીતે વધારે મહત્ત્વનાં ગણું કે દેશના એક છેડેથી બીજા છેડા સુધીના લોકોને એ એકતાના સૂત્રથી બાંધે છે. સમાનતા પેદા કરનારું એ એક બળ છે. ગરીબ અને તવંગર, વૃદ્ધ અને યુવાન સેંકડો માઈલો ચાલીને ત્યાં યાત્રા કરવા જાય છે, અને એક જ મંદિરમાં એકઠાં મળીને પૂજા કરે છે. એ રીતે મસ્જિદોનું સ્થાન પણ મંદિરના જેવું જ ગણાય. લોકોને એક કરનારું એ મોટું બળ છે.

આ પછી આંબેડકર ઉપરના બાપુના લેખ* વિષે ચર્ચા ચાલી. અવર્ણ અથવા વર્ણબાહ્ય એ વર્ણની જ આડપેદાશ છે એના જવાબમાં બાપુએ લખેલું: 'અંધકાર એ પ્રકાશની છે અથવા અસત્ય એ સત્યની છે તે કરતાં વિશેષ નહીં.'

મેં આની સામે વાંધો લીધો અને આ ઉપમા બરોબર નથી એમ જણાવી કહ્યું કે ન્યાતને તમે અદકેરું અંગ કહેતા હો તો તો એ પાકમાં ઊગી

* જુઓ 'હરિજન,' પુ. ૧, અંક ૧, પા. ૩

નીકળેલા નીંદામણની ઉપમાને લાયક થાય. બાકી ન્યાતને સત્ય અને પ્રકાશની ઉપમા આપવી એ તો બેહૂદી વાત લાગે છે. બાપુએ અમારી સૂચના પ્રમાણે ઉપમા બદલી પણ પોતાની ઉપમા ઉપર કાયમ રહ્યા. કહે કે પ્રકાશની આડપેદાશ જ અંધારું છે. પ્રકાશનો નિષેધ એ અંધારું છે એમ માનવાની જરૂર નથી. વર્ણમાં જે બાપદાદાનો ધંધો જ પસંદ કરવાની વાત રહેલી છે એ આજના લોકોને ખટકે છે, પણ એ વસ્તુ તો આપણા હાડમાં ભરેલી છે. જુઓની પેલો નાનકડો લાલજી છોકરો આવે છે તે શું ચોપડાં વાંચીને બોલે છે? એનામાં એ પૂર્વસંસ્કાર છે. ખાવાપીવાના અને લગ્નના પ્રતિબંધ ચાલ્યા જાય તો વર્ણવ્યવસ્થા કહો તો વર્ણવ્યવસ્થા અને જાતિવ્યવસ્થા કહો તો જાતિવ્યવસ્થા એ ભારે ઉપયોગી વસ્તુ છે.

અપ્પા પટવર્ધન વિષે પરમ દિવસે મેંફરે ખબર આપી ગયો હતો કે એણે ઉપવાસ કરેલા છે. સવારે ખબર પડી

૧૦–૨–’૩૩

હતી (મેજર પાસેથી) કે સરકારના હુકમ ભંગીકામ બાબત નીકળી ચૂકેલા છે. અપ્પા પટવર્ધનને ખબર આપવી કે એણે ગાંધીને લખેલો કાગળ ન અપાય, પણ એણે ભંગીકામ માટે સુપરિન્ટેન્ડન્ટને અરજી કરવી. એટલે કાલે સવારે બાપુએ ડોઈલને કાગળ લખ્યો કે અપ્પાને વિષે શી ખબર છે? અને સરકારના આ બાબતમાં શા હુકમ છે? આનો સાંજ સુધી કશો જ જવાબ ન આવ્યો. બાપુએ આજે એની યાદ આપતો ફરી કાગળ લખ્યો. તેના જવાબમાં મેજર ૧૧ વાગ્યે બાપુને હિંદ સરકારનો જવાબ વંચાવી ગયા. એમાં અમુક શરતોથી ઊંચવર્ણના કેદીઓને સ્વેચ્છાએ ભંગીકામ કરવા દેવામાં આવે એવી રજા મળી. સાથે ડોઈલનો કાગળ હતો કે ‘ગાંધીને આ હુકમની નકલ આપવી. એ હુકમની ખબર મળ્યા પછી ગઈ કાલના એમના કાગળનો જવાબ આપવાની જરૂર રહેતી નથી!’

બાપુએ કહ્યું: ભલે ત્યારે એ કાગળની મને નકલ આપો એટલે હું એને લખીશ.

મેજર કહે: નકલ તો ન અપાય. એમાં તો એ લખે છે, ‘કાંઈ કરવાપણું રહેતું નથી, એટલે મારે કશું કરવું ન જોઈએ.

બાપુ કહે: ત્યારે મારો કાગળ ભલે જતો.

કાગળ ગયો.

આજે ‘હરિજન’ છપાઈ ગયું. બે વાગ્યે શાસ્ત્રી નકલો લઈને આવ્યા.

સવારે ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટનો પર્સનલ ઍસિસ્ટન્ટ આવ્યો અને આંબાના ઝાડ તળે ઘડીક વાર બેઠો. 'હરિજન' આ પ્રશ્નને જગતની આગળ સમજાવવાને માટે નીકળે છે એમ એને કહ્યું. એણે પૂછ્યું : આમાં હિંદુ સિવાય બીજાને શું લાગેવળગે ?

બાપુ કહે : આવડા મોટા પ્રશ્નનો ઉકેલ હિંસા કર્યા વિના અને કાયદાની મદદ લીધા વિના કરવામાં આવે એની અસર દુનિયા ઉપર પડ્યા વિના રહે જ નહીં. આ કાયદામાં લોકમતને અમલમાં મૂકવાની પણ વાત નથી. આ કાયદા તો અસ્પૃશ્યતાના રિવાજને આપવામાં આવેલી કાયદેસર માન્યતા રદ કરવા માટે અને સામાજિક અડચણ અથવા ધાર્મિક અડચણ હોય તો તે ચાલુ રહે પણ કાયદો પ્રગતિમાં વિઘ્નરૂપ ન બને અથવા સુધારો કરવાની સાચી ઇચ્છાને રોકે નહીં એટલા જ માટે છે.

દેવધરે અસ્પૃશ્યોને માટે વસાહત બનાવવાની યોજનાની ચર્ચા કરી. એમને બિચારાને એ પણ ખ્યાલ નહોતો કે ખાદીસેવકો ગામડિયાની સાથે ઓતપ્રોત થઈ જવાને માટે કેળવવામાં આવે છે. કપાસ ઉગાડવાથી તે કપડું બનાવવા સુધીની ખાદીની જુદી જુદી બધી ક્રિયાઓ વિષે એનું સંપૂર્ણ અજ્ઞાન હતું. કોઈ પરદેશી ગોરાનું કે અમલદારનું અજ્ઞાન આથી વધારે નથી હોતું !

સાંજ સુધી પેલા ઉઘરાણીના કાગળનો કશો જવાબ ન આવ્યો એટલે હવે આ વિષે શું થાય એની ચર્ચા ચાલી.

બાપુ કહે : મારે તો કદાચ ચોવીસ કલાકની નોટિસ આપવી પડશે. અને કહેવું પડશે પહેલાંની જેમ હું 'સી' ક્લાસનો ખોરાક લેવો શરૂ કરીશ.

મેં કહ્યું : આ વખતે તો વિશ્વાસઘાત અને સત્યભંગ છે. એણે આજ સુધી આ પ્રકરણમાં તમને સંડોવ્યા, તમારો અભિપ્રાય લીધો. હવે તમને ખબર નથી આપતા એ અસહ્ય છે. જો અપ્પાને માટે પહેલી વાર લડ્યા તે વખતે ઉપવાસની જરૂર હતી તો આ વખતે તો ઉપવાસની જ જરૂર ગણાય. વળી આ વખતે તો અપ્પા ઉપવાસ કરે છે કે અર્ધા ઉપવાસ કરે છે એની પણ આપણને ખબર નથી.

બાપુ કહે : સાચી વાત છે. તો ઉપવાસની નોટિસ આપીએ.

વલ્લભભાઈ ખૂબ ચિડાયા : તમે આમ ટાણેકટાણે ઉપવાસની નોટિસ આપો એનો કશો અર્થ નથી. હજારો માણસો જેલમાં પડેલા છે, અને તમે એક અપ્પાનું પ્રકરણ જાગ્યું એટલે ઉપવાસ કરીને આમ ઉપવાસને સસ્તો કરી મૂકો તો લોકો ઉપર કે સરકાર ઉપર કશી જ અસર નથી થવાની. જોઈએ તો સરકારને તમે કાગળ લખો, ખબર માગો, અને પછી

જવાબ ન આવે તો નોટિસ આપો. પણ આમ ચોવીસ કલાકની નોટિસ આપો એ બરોબર નથી.

બાપુએ સાંભળી લીધું. બાપુ કહે: લોકો શું ધારે એનો વિચાર કરવાનો ન હોય. પણ જોશું, હવે સવાર સુધીમાં મને સૂઝી રહેશે.

૧૧–૨–'૩૩ સવારે ત્રણ વાગ્યે ઊઠીને અપ્પાનો બધો પત્રવ્યવહાર કાઢ્યો અને કાગળ લખ્યો. અપ્પાના પ્રકરણમાં ડૉઈલ ગવર્નરની પાસે જઈ આવ્યો ત્યાર પછી ઉપવાસ છોડાવવાને માટે અપ્પાની ઉપર બાપુએ કરેલા તારમાં જ આપણો બધો કેસ આવી જતો હતો. એ તારમાં સરકાર તરફથી બાપુએ અપ્પાને ઉપવાસ છોડવાની વિનંતી કરી હતી, અને વળી ભવિષ્યમાં સંતોષ ન થાય તો ઉપવાસ પાછા કરવાની છૂટ પણ એને રાખી હતી. આ આખો તાર ડૉઈલની સંમતિ અને આગ્રહથી થયેલો. આ તાર ટાંકી બાપુએ લખ્યું કે, 'અપ્પાને ફરી ઉપવાસ કરવાનો હક છે, મને સંભળાવવાનો હક છે, અને સરકારની મને ખબર આપવાની ફરજ છે.'

આ કાગળ સવારના પહોરમાં આઠ વાગ્યે દરવાજે મોકલ્યો. આગલા દિવસના કાગળનો જવાબ પેલાએ સાંજે આપેલો તે લઈને મેજરે કટેલીને મોકલ્યા. આ જવાબમાં કશું ઠેકાણું ન હતું. બાપુએ એ જવાબનું વર્ણન કર્યું : તદ્દન જૂઠો માણસ ડરીને ઉડાઉ જવાબ આપે એવો ઉડાઉ જવાબ છે. બાપુએ ભંડારીને ખખડાવ્યા : એ મને સાચી માહિતી આપવાને બંધાયેલો જ છે. એની પાસે માહિતી ન હોય તો એ મને વિનયપૂર્વક કહી શકતો હતો કે હું તપાસ કરાવું છું. પણ અહીં તો એ તદ્દન ઉડાઉ જવાબ આપે છે. એ હું સહન કરી શકું એમ નથી. મારા જેવા માણસની સાથે એ આવી રીતે વર્તે છે તો બીજા બિચારા સાધારણ કેદીઓની શી દશા થતી હશે તે હું કલ્પી શકું છું.

બાપુએ આગ્રહ ધર્યો કે એ કાગળ ભલે આવ્યો પણ એથી મને સંતોષ નથી, મારો કાગળ ગવર્નમેન્ટ હોમ ડિપાર્ટમેન્ટના સેક્રેટરીને તમારે તારથી મોકલવો જ જોઈએ. અને તમે ન મોકલી શકતા હો તો ડૉઈલ તારથી મોકલે.

આજે રંગૂન પ્રકરણમાં . . . આવી ગયા. કમબખ્તીનો પાર નથી. બાપુ એક સાંધે છે ત્યાં તેર તૂટે છે. જે છોકરી વિષે તદ્દન નિશ્ચિંત થઈ ગયા હતા, જેને પિતૃતર્પણની ફરજ સમજાવીને, સારડા ઍક્ટનું રહસ્ય સમજાવીને એક વર્ષ પરણવાનું મુલતવી રખાવ્યું હતું, અને બાપુએ ભારે શાન્તિ અને

સંતોષ એ દિવસ ઉપર પ્રગટ કરેલાં, તેણે વળી ઇદં તૃતીયં કાઢ્યું, અને બાપુને આખા પ્રકરણમાંથી હાથ ધોઈ નાખવા પડ્યા.

અહિંસાના વિજયના રોજ નાના નાના દાખલા તો બન્યે જ જાય છે. સનાતન ધર્મ એજન્સીવાળાએ પોતાના કાગળમાંથી પોતાનો ફોટોગ્રાફ કાઢી નાખ્યો, પછી એની આસપાસની વેલ કાઢી નાખી, અને આખરે તદ્દન સાદા કાગળો ઉપર લખવા માંડ્યું. એટલા પૂરતી એણે બાપુની મીઠી ટીકાનો અમલ કર્યો. એથી ઊલટું જેમ જેમ બાપુ મીઠાશ વધારતા જાય છે તેમ તેમ . . . કડવાશ વધારતો જાય છે. પણ ખરી રીતે એમ કહેવું જોઈએ કે એ જેમ જેમ કડવાશ વધારતો જાય છે તેમ તેમ બાપુ મીઠાશ વધારતા જાય છે. જોઈએ છે આખરે કોણ જીતે છે?

બપોરે કોદંડરાવ આવ્યા. તેમણે નીલાનાગિનીની અનેક વાતો સંભળાવી. એનો સંદેશો લઈને એક જણો આવ્યો. તેની ભાવુકતા અને ઘેલછા અને નીલાના કાગળમાં બાપુને મારા પૂજ્ય દીકરા (My revered Son) કરીને સંબોધન એ બધું નીલાને વિષે બાપુને ઠીક ઠીક ભરમાવનારું થઈ પડ્યું.

લક્ષ્મણ શાસ્ત્રી જોષી માલવીયજીનો કાગળ લઈને આવ્યા. લાંબા કાગળનો સાર એ હતો કે સનાતન ધર્મનું તમે ઇચ્છતા હતા તેમ પતી ગયું છે. પણ હવે ઉતાવળ ન કરો. મુંબઈનો ઠરાવ પાળવો છે પણ તમે સત્યાગ્રહની વાતો કરો છો તે કરારનો ભંગ છે, અને આ કાયદા તો નકામા છે. આપણાથી ધર્મની બાબતમાં કાયદા કેમ માગી શકાય? માલવીયજીની કાર્યપદ્ધતિની વાત કરતાં લક્ષ્મણ શાસ્ત્રી કહે: એમની સાથે કામ કરવામાં તો અડચણ ન આવે, પણ જે વાતમાં તમારી સાથે અર્ધો કલાક જાય તેમાં માલવીયજીની સાથે બે દિવસ જાય! કાયદા વિષે લક્ષ્મણ શાસ્ત્રીનો માલવીયજીએ પણ કંઈક બુદ્ધિભેદ કરેલો જણાયો. એમને તો સ્વભાવ પ્રમાણે લક્ષ્મણ શાસ્ત્રીને પોતાની વિદ્યાપીઠ માટે રાખી લેવા હતા! પણ આમણે કહ્યું: મારું પોતાનું વિદ્યાલય છે. હું આમ રસ્તામાં રેઢો પડ્યો નથી!

લક્ષ્મણ શાસ્ત્રીની સાથે વાત કરવાને બીજો સમય આપવો પડ્યો. કારણ જાનકીબાઈ, શાન્તાબાઈ, અને ગોમતીબહેન આવ્યાં હતાં. એમની સાથે બહુ વાતો કરી. કેટલાંય બાપુની પાસેથી અનેક પ્રકારનું આશ્વાસન મેળવી રહ્યાં છે. संतप्तानां त्वमसि शरणम् ।

શાસ્ત્રી (નવા) મને કહેતા હતા કે બાપુ મને ઘર વિષે પૂછતા હતા. મેં કહ્યું, ત્રણ ઘર છે તેમાંથી એક પસંદ કરી લઈશ.

બાપુ કહે : પણ ત્રણ ઘર કેવાં છે એની તો મને વાત કરો એટલે પસંદગીમાં તમને મદદ કરું.

પછી બધાંની વિગત જાણી અને એને ત્રીસ રૂપિયાવાળું ઘર પસંદ કરવાનું કહ્યું. બીજે દિવસે સવારે શાસ્ત્રીએ જઈને જોયું તો એને પણ જણાયું કે એ જ ઘર સારામાં સારું છે! શાસ્ત્રીએ પોતાની પત્નીને લખ્યું કે, 'ઘર મળી ગયું છે. પણ તે મેં પસંદ નથી કર્યું. મહાત્માએ પસંદ કર્યું છે.'

પોતે અનિકેત, આમ અનેકને ઘર શોધી આપે છે અને કેટલાંયનાં ભાંગી પણ આપે છે !

આજે સવારે બાપુ નીલા વિષે વધારે પૂછપરછ કરવા લાગ્યા.

૧૨-૨-'૩૩

કોદંડરાવે કોની પાસેથી વાતો સાંભળી, એમાં કોણ કોણ સંડોવાયેલા છે વગેરે. પછી હકીકત મંગાવવાનો અને એને લખવાનો વિચાર કર્યો. બધું સાંભળીને કહે : શું હિંદુ ધર્મ છે! એક તરફથી આ બાઈ હિંદુ થઈ છે, બધી વાત સાચી હોય તો પાખંડનું પૂતળું છે અને એની પાછળ હિંદુ જુવાનો ભમે છે; બીજી તરફથી હિંદુ ધર્મને શિખરે વિરાજતા માલવીયજી; ત્રીજી તરફથી આંબેડકર; અને ચોથી તરફથી મારા ઉપવાસનું નગારું વગાડી રહેલ રાજાજી!

મેં કહ્યું : નગારું વગાડનારા તો ન જ કહેવાય, એમને ઉપવાસની ભડક પેઠી છે એમ કહેવાય.

બાપુ કહે : એટલે એ ગજવ્યાં જ કરે છે ને! અને માલવીયજી કહે છે કે ઉપવાસની વાતથી પૂના-કરારનો ભંગ થાય છે એ વાત એટલે દરજ્જે સાચી. એમ ઉપવાસની વાત તે થયાં કરતી હશે? અને ઉપવાસનું શું કહેવાય? એ રંધાઈ રહેલું છે, પણ બિલને માટે ઉપવાસ કરવો જ ન પડે. બિલ આ બેઠકમાં ન આવે અને ઉડાવી દેવામાં આવે તોપણ ઉપવાસ ન કરવો પડે. એ કાંઈ કહેવાય છે? આજે મને કશી જ ખબર નથી. અંદર રંધાઈ રહેલું છે. ઉપવાસ તો અપ્પાસાહેબને માટે કરવાનું મન થઈ જાય.

એટલામાં વલ્લભભાઈ આવ્યા. તેમને હિંદુ ધર્મના ઉપર કહેલા ચાર પાયા ગણાવ્યા. એટલે ગંભીરતા ટાળવાને માટે વલ્લભભાઈ કહે : હિંદુ ધર્મ તો મહાસાગર છે. અને ચાર પાયા કેમ? બીજા પણ છે. મહેરબાબા પણ હિંદુ જ કહેવાય ને! અને ઉપાસની મહારાજ અને ભાદરણના પુરુષોત્તમ ભગવાન!

આ પછી નીલા ઉપર કાગળ લખાયો. ( ભૂલ્યો. કાગળ પ્રાર્થના પછી જ લખાયો હતો. ) એને નોટિસ આપી કે તું સાચી હોય તો આવી જા કે તારે વિષે જે સાંભળું છું તે ખોટું કે ખરું તેની ખબર પડે. તારા કાગળોથી તો તું હવે વિશ્વાસ ખોઈ બેઠી છે !

રાજાજીને પણ લખ્યું કે મારા ઉપવાસની આમ વાતો કરીને એનો આધ્યાત્મિક ભાવ તદ્દન ઉતારી નાખ્યો છે.

બપોરે મેં 'જનતા' વાંચ્યું અને એનો સાર સાંજે ફરતાં બાપુને કહી સંભળાવ્યો. એની કુટિલ દલીલો અને છતાં ભારે કુશળતાભરેલી ચલાવવાની પદ્ધતિ અને શૈલીથી મુગ્ધ પમાડે એવું એ છાપું છે. બાપુનું વર્ણન એક વાક્યમાં આપીને પોતાનું આગળનું બધું ઝેર પાછું ઠાલવ્યુ છે : એને મંદિરપ્રવેશમાં અમારી મદદ જોઈએ તો વર્ણ અને જાતિ-ભંગમાં એ અમારી સાથે રહેશે એવું અમને વચન આપે. પણ એ વચન ન આપતાં ભવિષ્યમાં જાતિભંગમાં એ મદદ ન કરવાના હોય તો કાલે થનારા એ શત્રુની આજે મિત્રતા શા કામની? . . . સનાતનીઓનો મંદિરપ્રવેશનો વિરોધ છે. અને ગાંધીજી અમારા બેમાંથી એકેને સંતોષી નથી શકતા.

મેં કહ્યું : બાપુ, આ તો સનાતનીઓના અને આંબેડકરવાદીઓના બે ઘંટીનાં પડિયાંમાં આપને પિસાઈ જવાનું રહ્યું.

વલ્લભભાઈ : પણ પડની વચ્ચે પડીએ તો ના? હું તો કહું છું કે પડમાં પડો જ ના. ખીલે બેસી રહીએ અને બંને પડને એકબીજા સાથે ઘસાવા દઈએ. પણ તેમ કરવાને બદલે તમે તો સનાતનીઓને કહો છો હું સનાતની છું, અને આ લોકોને કહો છો હું સ્વેચ્છાથી અસ્પૃશ્ય છું, એટલે પછી બંને પડમાં પિસાવાનું જ રહ્યું ના?

પ્રાર્થના કરતા હતા ત્યાં કટેલી આવીને આઈ. જી. પી.નું મેમોરેન્ડમ આપી ગયા : ગાંધીને કહો કે મેં ખાતરી કરી લીધી છે. પટવર્ધન ભંગી-કામ કરે છે અને રોજનો ખોરાક લે છે. એમની તબિયત પણ સારી છે.

આટલી જ વાત એ ચીકણો માણસ પરમ દિવસે કરી શકતો હતો, પણ ન કરી. કાલે ન કરી. બાપુની લાત ખાધી એટલે આખરે ભોંઠો પડ્યો !

બાપુની સનાતનત્વની વ્યાખ્યા : સનાતનત્વ એટલે કાળનો કશો ખ્યાલ ન રાખવો! દેવધરને કહ્યું તમે ઠીક સનાતની

૧૩–૨–'૩૩ છો — અનિયમિતતા વિષે સિદ્ધ થયેલા.

માલવીયજીના વાંધા વિષે વાતો:

"જેમ અંગદ અને કૃષ્ણ વિષ્ટિ લઈને ગયા હતા તેમ આપણે આ ધારાસભ્યો અને સરકાર પાસે જઈએ છીએ. ન્યાયની યાચના બધી જગ્યાએથી થાય, અને તે પણ શક્તિથી થાય. ન્યાયની માગણી ન કરીએ તો ધર્મચ્યુત થઈએ. મુંબઈની પ્રતિજ્ઞામાં શું છે? જ્યાં સુધી બને ત્યાં સુધી સ્વરાજ્ય પહેલાં અસ્પૃશ્યતાનું કાનૂનથી નિવારણ કરશું. બળાત્કારથી કશું નથી કરવું. ઉપવાસથી આ વસ્તુ નથી કરવી. ઉપવાસ તો ભગવાન મને કરાવશે. સંભવ છે કે મોહમાં આવીને હું એને ઈશ્વરપ્રેરિત કહું. કેલપ્પને મને કહેલું કે એ દિવસમાં મંદિર ખૂલી જશે તોપણ મેં તેને કહ્યું અન્યાયથી થયેલો ઉપવાસ કેમ ચાલુ રખાય? ભલેને મંદિર તુરત ખૂલવાનું હોય.

"હવે રહી કાનૂનની વાત. મારે તો એકે કાનૂન નથી જોઈતો. હું તો અરાજ્યવાદી (ઍનાર્કિસ્ટ) છું. પણ કાનૂનમાં રહીને એવો બનવા માગું છું. અહીં તો કાનૂનને મટાડવાને માટે કાનૂન કરવા માગીએ છીએ. આજે તો કોર્ટનો ચુકાદો એ શ્રુતિ થઈ ગઈ છે. એ શ્રુતિનો ભગવાન સરકાર છે. એટલે સરકારને કહીએ છીએ કે એ શ્રુતિ રદ કરો. હવે પહેલું બિલ લો. ધર્મની આજ્ઞાના ભંગની સજા અદૃષ્ટ શક્તિ કરશે, રાજાની પાસે એ સત્તા નથી. ભલે સંપૂર્ણ હિંદુ રાજ્ય એવી સત્તા મેળવે. પણ અહીં તો ધર્મની આજ્ઞાના ભંગની સજા સરકાર કરે છે. એ તો ભારે અન્યાય છે. એને દૂર કરાવીને ધર્મનું પાલન કરવાનું છે. તે ક્યાં સુધી મુલતવી રાખીએ? ખીચડા જેવી ધારાસભા હોય, અરે મુસલમાની રાજ્યસત્તા હોય, તેની પાસેથી પણ એ વસ્તુ કરાવીએ. આજે તો આપણે ધર્મનું પાલન નથી કરી શકતા. ટ્રસ્ટીઓ જ્યાં તૈયાર છે ત્યાં પણ કાયદો તેમને મંદિર નથી ખોલવા દેતો. હવે મારે ક્યાં જવું? એટલે આ બિલ છે. આ બિલ પાસ થાય તેથી અસ્પૃશ્યતામાં માનનારા કોઈને અસ્પૃશ્યતા છોડવી પડતી નથી. હું તો આજે લખી આપવાને માટે તૈયાર છું કે જ્યાં સુધી સનાતનીઓ મંદિર ખોલવા માગતા ન હોય ત્યાં સુધી બળાત્કારે તેની પાસે એ નથી ખોલાવવાં.

"દેશવિરોધી સરકારની પાસે પણ લડીને ન્યાય લઈ શકાય. લેવાનો ધર્મ થઈ પડે છે. માલવીયજી તો યુધિષ્ઠિર છે. હંમેશાં એ સંદિગ્ધ રહે છે. હમેશાં એને ધર્મપાલનની એટલી લગની હોય છે કે ઘણી વાર તેનાથી ધર્મપાલન થતું જ નથી. વ્યાસની એવી અદ્ભુત શક્તિ છે. યુધિષ્ઠિરને દુર્બળ જેવો બનાવ્યો પણ એ ધર્મરાજ છે. એમ જ માલવીયજી પણ ધર્મરાજ છે. એનો ત્યાગ થઈ શકે જ નહીં. એ મારા ઉપર નિરવધિ

પ્રેમ રાખે છે, ને જ્યારે હારે છે ત્યારે માને છે કે હું કહું છું તેમાં કાંઈક તથ્ય હોવું જોઈએ."

અણેના જવાબમાં: "હું સેનાપતિ રહ્યો નથી. હું તો મૃતદેહ છું. મારું સિવિલ મૃત્યુ થયું છે એટલે હું સેનાપતિ મટયો છું, એટલું જ નહીં પણ પ્યાદું પણ નથી. તમારા સેનાપતિ અને પ્યાદાં બધાં બહાર છે. સંશય-વાળાને મેં કહ્યું,—यो ध्रुवाणि परित्यज्य વગેરે. આના કરતાં વધારે સ્પષ્ટ કોણ કરે? સરકારે મારા વચનોનો અર્થ બરાબર કર્યો છે."

કેટલીક વાર બાપુ એક બે વાક્યમાં અદ્ભુત સત્ય સૂત્રરૂપે કહી દે છે. જાણે એવાં સત્ય એમની વાણીમાંથી અનાયાસે ખરી પડે છે. ઊર્મિલાદેવીને પચાસમા જન્મદિવસ નિમિત્તે લખેલા કાગળનાં આટલાં એત્રણ વાક્ય જ લો:

"શરીરના આરામનો અધિકારી કોઈ નથી. આત્માનો આરામ હમેશાં શક્ય છે. પોતાનામાં એવો સંકલ્પ જોઈએ. આ અનાસક્તિયોગ. અનાસક્તિથી કામ કરે તે શરીરથી થાકે નહીં, થાકે તો તરત સૂઈ જાય અને અપાર આરામ મેળવી લે. અનાસક્તિને લીધે આત્માને તો આરામ જ રહેવાનો."

. . . પોતાની સ્ત્રીથી ત્રાસીને, . . . બહેન અને બીજી બે ઘરમાં રાખેલી છોકરીઓને સ્ત્રીએ રાખેલા મારા ન પીડે માટે પઠાણ રાખવા પૂછે છે. એને બાપુએ લખ્યું:

"પઠાણ રાખવાનું તો ભૂલી જ ગયા હશો. પોતાની સ્ત્રીને હાથે માર ખાઈએ ને રોષ ન આવે તો નાચીએ. સ્ત્રીઓને મારનાર પતિ સેંકડે જેટલા નીકળશે તેટલી દશ હજારે પણ એક સ્ત્રી નહીં નીકળે, જે પતિને મારતી હોય કે મરાવતી હોય. . . . ભલે એ અલ્પ સંખ્યા-માંની હોય. તમે જે જ્ઞાન શીખ્યા છો તેનો ઉપયોગ કરજો."

આ દલીલ અહિંસાના વ્યવહારમાં કેટલી વ્યાપક કરી શકાય?

આંબેડકર અને 'ટાઈમ્સ'નાં સ્ટેટમેન્ટ કે ગુરુવાયુરની મતગણતરી ગાંધીના ઉપવાસની ધમકીથી સફળ થઈ, એની સામે

૧૪–૨–'૩૩ કેળકર વાંધો લે છે. કહે છે કે જે ઉપવાસ થવાનો છે તેની શી વાત? એમ તો ગાંધીની હયાતીમાં કોઈ મત-ગણતરી ખરી થઈ જ ન શકે!

કેળકરને ખબર જ નહોતી કે નાના બિલમાં મંદિરનો નિર્દેશ જ નથી. આ બિલનો પાયો એ જ વસ્તુ છે કે અસ્પૃશ્યતાની સાથે રાજ્યને સંબંધ નથી.

બાપુ : મદ્રાસની હાઈકોર્ટે અસ્પૃશ્યતાને કાયદામાં માન્યતા આપી છે. હું તો કહું છું કે ડાહ્યા હોય તો પહેલું બિલ પસાર કરે.

કેળકર : અસ્પૃશ્યતા ઉપર રચાયેલા બધા વાંધા દૂર કરવાનો આ બિલ પ્રયત્ન કરે છે. બ્રાહ્મણ અને અસ્પૃશ્ય વચ્ચેનાં લગ્ન વિષે તમે શું કહો ?

બાપુ : કેવળ અસ્પૃશ્યતાને કારણે એ ગેરકાયદે ઠરવાં જોઈએ નહીં.

કેળકર : લોટમાં પાણી પડી ગયું એટલે તે માન્ય રાખ્યે જ છૂટકો એ સિદ્ધાંતથી તે કાયદેસર ગણાઈ શકે.

બાપુ : મારે તો અસ્પૃશ્યતા હોવા છતાં એ કાયદેસર ગણાય એમ જોઈએ છે.

કેળકર : હું બાર વરસ થયાં એક રીત સૂચવી રહ્યો છું જેને લઈને સનાતનીઓ તેમ જ સુધારકો બંનેને હું ટાઢા પાડી શકું. હું સૂચવું છું કે અસ્પૃશ્યો તેમ જ બીજા સઘળાઓને મંદિરમાં અમુક હદ સુધી જ જવા દેવામાં આવે, કોઈને નૈવેદ્ય ધરાવવું હોય તો તે પૂજારીને આપે અને તે મૂર્તિ આગળ ધરવાનો તેમ જ મૂર્તિની પૂજા કરવાનો એકલા પૂજારીને જ હક હોય. મારી રીતમાં એકલા સ્પૃશ્યનો જ વધારે આગળ જવાનો હક મર્યાદિત થાય છે.

બાપુ : હું ધારતો હતો કે આ કાશીનાથની પોતાની સૂચના છે. પણ પિતાની સૂચના પુત્રે અપનાવી લીધી લાગે છે.

કેળકર : આપણે આંબેડકરને જતા કરવા જોઈએ. મને તો લાગે છે કે તેણે પોતાનું શેર માંસ તમારી પાસેથી લીધું જ છે. મંદિરપ્રવેશ વિષે એની તોછડી બેદરકારી બેહૂદી છે. મારી સૂચના ઉપર જ એકાગ્ર થઈને તે શા માટે આગળ ન કરવી? સ્પષ્ટ સમાધાન તરીકે એને રજૂ કરો, તમે ઘણી વાર કરો છો તેમ એક ફગોળિયા સૂચના તરીકે નહીં.

બાપુ : તમારી વાત બરોબર છે.

કેળકર : ઠીક હવે બીજો સવાલ. તમે આ બિલને આટલું મહત્ત્વ શું કામ આપો છો ?

બાપુ : મુંબઈનો ઠરાવ છે ને?

કેળકર : અંગત રીતે હું બિલની તરફેણમાં છું. ટ્રસ્ટીઓની એક મુશ્કેલી તે દૂર કરે છે. પણ બિલની શી જરૂર છે? આપણે લોકમત શું કામ ન કેળવીએ?

બાપુ : જે કાયદો હસ્તી ધરાવે છે તેનો તરત ઉપાય કરવાની જરૂર છે. અને બીજી રીતે તેનો ઉપાય થઈ શકે એમ નથી. આપણે ગમે એટલો લોકમત કેળવીએ અને આ સુધારાની તરફેણમાં બહુમતી હોય તોપણ એક

માણસ કાયદાનો આશ્રય લઈ બહુમતીના અભિપ્રાયને અમલમાં મુકાતો રોકી શકે. મદુરાના ટ્રસ્ટીઓનો દાખલો લો. આ મુદ્દા ઉપર મોટી બહુમતીથી એમની ચૂંટણી થઈ છે. છતાં એ લોકો મંદિર ઉઘાડી શકતા નથી. અત્યારના કાયદાએ લોકમતની પ્રગતિ અને વિકાસ રોકી દીધાં છે. અસ્પૃશ્યોને કાયદાથી અળગા રાખ્યા છે ત્યાં કશી જ પ્રગતિ શી રીતે થઈ શકે? કાયદો એમ કહે કે 'તમારે મંદિર ખુલ્લાં મૂકવાં જ પડશે' એવું હું માગતો નથી. પણ બીજાઓને અંતઃકરણની સ્વતંત્રતા તો આપવી જોઈએ ને?

કેળકર : ધારો કે એ વરસ તમે ખમી જાઓ અને એટલી વારમાં મંદિરપ્રવેશને જીવતોજાગતો સવાલ બનાવી દો. અત્યારના ધારાસભ્યો આ મુદ્દા પર ચૂંટાઈને આવ્યા નથી. સારડા બિલ વખતે અણેએ એવો મુદ્દો ઉઠાવ્યો હતો કે રાજ્યે વ્યક્તિઓને લાગુ પડતા કાયદાની વચ્ચે આવવું જોઈએ નહીં. હું એમ તો નથી કહેતો. મેં તેમને એમ કહેલું કે હિંદુ લૉ એ વ્યક્તિઓને લાગુ પડતો કાયદો છે, દત્તક અને લગ્ન એ સંસ્કારો છે, પણ એની સાથે જ સિવિલ હકો જોડાયેલા હોય છે. એ બાબતમાં કાંઈ તકરાર પડે તો કાયદાની અદાલતમાં એ લઈ જવામાં આવે છે. દત્તક પુત્રને પિંડ આપવાની પડી હોય છે તેના કરતાં વારસાની મિલકત લેવાની વધારે પડી હોય છે. અદાલત મુસલમાન જજોની બનેલી પણ હોય છતાં તેમના ચુકાદા સ્વીકારવામાં આવે છે. મેં અણેને કહેલું કે તમે હિંદુઓને કાયદાની અદાલતમાં જતા જ રોકતા હો તો મારી પાસે કશો વિકલ્પ સૂચવવાનો નથી. અણે સંમત ન થયા. આજે તેઓ પણ આ બિલોની વિરુદ્ધ છે. બીજી ચૂંટણી વખતે આ વસ્તુને મુખ્ય મુદ્દો બનાવવો જોઈએ. સનાતનીઓની તમારી સામે ફરિયાદ છે. તેઓ કહે છે, આ લોકો એ મુદ્દા પર ચૂંટાયેલા નથી. અને એમની આગળ તમે આ બિલ લાવો છો તેમાં અમને નુકસાન છે. એટલે તમે ખોટો વખત પસંદ કર્યો છે.

બાપુ : આ વસ્તુ એવી છે કે એ મુલતવી રાખવી આપણને પોસાય જ નહીં. તમે કહો છો તેમ સનાતનીઓએ પોતે જ કોર્ટનો ચુકાદો મેળવ્યો છે. એ ચુકાદાનો ઉપાય આપણે કરવો જ જોઈએ. શુદ્ધ ધાર્મિક રિવાજના પ્રશ્નને લઈ તેઓએ કોર્ટ પાસે લઈ જવાનું પસંદ કર્યું. તેઓએ આ કૃત્ય કરેલું છે એટલે તેઓ આપણને ન કહી શકે કે મારા પોતાના પૂરતી ત્રીજી (સ્વરાજ્યની) જ લડત ચાલી રહી છે ત્યાં સુધી મારે રાહ જોવી જોઈએ. સ્વરાજ્યમાં પણ ધાર્મિક બાબતમાં પાર્લમેન્ટના કાયદાનું રક્ષણ લેવા હું ઇચ્છું નહીં.

કેળકર : હું સંમત છું. બહુમતીનો જે અભિપ્રાય આવે તેનાથી હું બંધાઉં છું. સનાતનીઓને પોતાના વિચાર માટે બહુમતી મેળવવાનો અધિકાર છે.

બાપુ : હું તો સનાતનીઓને વીનવી રહ્યો છું કે તેઓ મારી સાથે સમાધાન કરે. પણ તેઓ મારી નજીક ઢૂંકતા જ નથી. મદ્રાસની સેન્ટ્રલ હિંદુ કમિટીએ આ સ્ટેટમેન્ટ કાઢ્યું છે તે જુઓ.

બાપુએ ભાવે વિષે પૂછ્યું. કેળકરે ખડખટાટ હસતાં અને હસાવતાં કહ્યું : ભાવેએ પ્રાયશ્ચિત્ત કર્યું એ વાત સાચી, પણ શું કરે બિચારો અધિપતિ, જ્યાં ડિરેક્ટરનું જ આવી બન્યું ત્યાં ! હું સહભોજન કરી આવેલો એટલે મારા પાસે પ્રાયશ્ચિત્ત કરાવવા માગતા હતા. અમારા ગોત્રનો પંડિત દુઃખી થયો પણ શું કરે ? શ્રાદ્ધનો દિવસ આવ્યો ત્યારે તેરી બી ચૂપ અને મેરી બી ચૂપ. મેં એને કહ્યું તને એમ યાદ આવશે કે આ તો કાલે સહભોજન કરી આવ્યો છે અને પ્રાયશ્ચિત્ત કર્યું નથી, મને થશે કે આ મારી પાસે પ્રાયશ્ચિત્ત માગતા હતા તે કે? છતાં શ્રાદ્ધ તો થવું જોઈએ. એટલે મારા મોટાભાઈ ધૂળિયામાં છે તેણે શ્રાદ્ધ કર્યું. હું વિલાયત ગયો ત્યારે પુરોહિત તીર્થ લઈને આવ્યો, અને કહ્યું, લો તીર્થ.

મેં કહ્યું : મને વાંધો નથી. હું પાછો આવ્યો ત્યારે પણ એ તીર્થ લઈને હાજર હતો. મેં કહ્યું, મને વાંધો નથી, પણ એ તીર્થ તો હું હમેશાં લઉં છું, તેમ લઉં છું. એ પ્રાયશ્ચિત્ત તરીકે નથી લેતો. હવે મારી સ્ત્રી સનાતની વિચારની છે. એને અને આ પુરોહિતને આ વસ્તુને પ્રાયશ્ચિત્ત તરીકે સમજવી હોય તો ભલે સમજે, મારે મન એ પ્રાયશ્ચિત્ત નહોતું !

આજે રાત્રે વર્ણાશ્રમધર્મ ઉપર વાત ઉખેડી. એને વિષે લાંબી ચર્ચા કરવાનું વચન બાપુએ વલ્લભભાઈને આપ્યું હતું. તેમાં આજે આંબેડકરનું સ્ટેટમેન્ટ છાપામાં આવ્યું હતું તેની ઉપર લાંબી મુલાકાત બાપુએ આપી. તેનો સાર સંભળાવતાં બાપુએ પોતાની કલ્પના રજૂ કરી.

ન્યાતો નથી જ, ન હોવી જોઈએ. માત્ર ચાર વર્ણો રહેવા જોઈએ. આજે તો ચાર વર્ણો પણ રહ્યા નથી. વર્ણોનો સંકર થઈ ગયો છે. બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય પોતાના ધર્મ પાળતા નથી, અને શૂદ્ર પણ પોતાનો સેવાધર્મ નિઃસ્વાર્થ ભાવે પાળતો નથી. એટલે વર્ણનો સંકર છે. આપણે બધા શૂદ્ર થઈ ગયા છીએ એ અર્થમાં આંબેડકરની સાથે હું મળતો થાઉં છું. પણ એ વર્ણસંકરમાંથી સાચો વર્ણાશ્રમધર્મનો ઉદય થાય, જો આપણે જાગ્રત થઈએ તો. ભલેને વેદમાંથી કોઈ વાક્ય મળે કે ઊંચનીચનો

ભેદ હતો, પણ હું તો શુદ્ધ વર્ણધર્મમાં ઊંચનીચનો ભેદ જોતો જ નથી. એ શુદ્ધ વર્ણધર્મ કોક દિવસ આપણે પાછો સ્થાપી શકીએ એવી આશાએ આજે જીવીએ છીએ. ”

મેં પૂછ્યું: દયાનંદની આર્યત્વની ભાવના શી ખોટી હતી?

બાપુ કહે: એમાં તો જરાય આ વાત નથી. આપણે આર્ય થયા એટલે બીજા બધા અનાર્ય, મ્લેચ્છ; વળી બધા આર્ય થઈ ગયા એટલે પછી મરજી પડે ત્યારે બ્રાહ્મણ થાય, અને મરજી પડે ત્યારે શૂદ્ર અને વૈશ્ય થાય.

મેં કહ્યું: એ તો આખા ધર્મને લડાયક ધર્મ બનાવી દીધો એટલે વૈદિક સિવાયના બધા ધર્મો પ્રત્યે તિરસ્કાર, અનાર્યો પ્રત્યે તિરસ્કાર એ બધું આવ્યું. એ આપણે કાઢી નહીં શકીએ?

બાપુ: એ કેવી રીતે કઢાય? આર્યત્વની ભાવનામાં જ સામાને અનાર્ય માનવાપણું રહેલું છે.

વર્ણધર્મ અને આશ્રમધર્મ એકબીજામાં પરોવાયલા છે. કેટલા કાળ સુધી વર્ણાશ્રમ વર્ણાશ્રમ હું કૂટતો હતો પણ બંને એકબીજા સાથે સંકળાયેલા છે એ નહોતો જાણતો. આશ્રમધર્મ વિના વર્ણધર્મ સંભવી શકે નહીં. આશ્રમધર્મની ઇમારત આખી સંયમ ઉપર છે — આરંભમાં મા-બાપ અને ગુરુ સંયમની તાલીમ આપે, ફરજિયાત સંયમ પળાવે, અંતે વાનપ્રસ્થ થઈ સંયમ પાળે અને સંન્યાસી થઈને તો સર્વસ્વ ઈશ્વરાર્પણ કરે. આ થાય તો શુદ્ધ વર્ણધર્મનો પુનરુદ્ધાર થાય. બ્રાહ્મણ બ્રહ્મજ્ઞાન મેળવશે અને બ્રહ્મજ્ઞાનનો જ પ્રચાર કરશે એટલે એની મેળે વણિક પોતાનો વણિક ધર્મ પાળવાના — એ લોકો કમાશે, ધનવાન થશે પણ ધનનો ઉપયોગ સમાજને અર્થે કરશે.

હું: ત્યારે શું શૂદ્ર સેવા જ કર્યા કરશે?

બાપુ: હા, પણ બ્રાહ્મણો એ શૂદ્રોને એટલું જ માન આપશે, જેટલું બીજા બ્રાહ્મણને આપશે. શૂદ્રને જ્ઞાન ન મળી શકે એમ નહીં. તુલાધારનું જ્ઞાન કેવું હતું? જ્ઞાન મેળવવું હોય તો તુલાધારની પાસે જાઓ એમ કહેવાયું. વ્યાસે આ વસ્તુ એવી રીતે આપી છે કે આશ્ચર્યચકિત થવાય છે. મહાભારત તો વાંચવાનો સમય નથી નહીં તો પાંચસાત વાર વાંચું. એમાંથી તો રસના ઘૂંટડા છૂટે છે અને નિત્ય નવી નવી વસ્તુ જાણવાની મળે છે. પેલો ત્રાવણકોરવાળો મહાભારતની ખૂબી બતાવવા

તો ગયો ('ભારતવર્ષનો કાયમી ઇતિહાસ'માં) પણ પછી એ પુસ્તક પૂરું કરી જ ન શક્યો. મહાભારતને જે ઇતિહાસનો ગ્રંથ સાબિત કરવા માગે તે પછડાય. એ તો એક મહાકાવ્ય છે, જેમાં કવિએ આદર્શ સમાજની પોતાની ઉત્તમોત્તમ કલ્પના ઉતારી છે.

આદર્શ આશ્રમ મારફતે કોઈ દિવસ આ વર્ણાશ્રમને પાછો સ્થાપવાનો હેતુ છે ખરો. આજે તો આશ્રમમાં બધા જડ જેવા પડ્યા છીએ. પણ હેતુ એ પડ્યો છે એટલે કોક તો નીકળશે. દક્ષિણ આફ્રિકાની ટુકડી કરી ત્યારે ભાવના એ હતી. આજે એમાં કોઈ દેખાતો ન હોય, પણ આખી ભાવના શુદ્ધ વર્ણાશ્રમધર્મ — આધ્યાત્મિક 'કૉમ્યુનિઝમ' કોક દિવસ સ્થાપવાની હતી. આશ્રમમાંથી વિનોબા જેવો કોઈ શુદ્ધ બ્રાહ્મણ નીકળશે, અને સાચું બ્રહ્મજ્ઞાન આપશે તો બાકીના વર્ણોના ધર્મો આપોઆપ પ્રગટશે. આખા ધર્મના પુનરુદ્ધારનો પાયો જ સંયમ છે. શ્વેત હિમાલયમાં તપશ્ચર્યા કરી કરીને હજારોનાં હાડકાં ગળી ગયાં એટલે એ શ્વેત થઈ ગયો, એ કલ્પના છે. સાચો વર્ણધર્મ જ્યાં ચાલતો હોય ત્યાં પરાધીનતા હોઈ જ ન શકે.

મેં પૂછ્યું: એવો ધર્મ તો કોઈ વાર પળાતો જ નહોતો — છેલ્લાં પાંચ હજાર વર્ષમાં પણ ન પળાતો હોય.

બાપુ: માની લો કે ન પળાયો હોય, તોપણ પ્રજાના જીવનમાં પાંચ હજાર વર્ષ એ શા હિસાબમાં છે? હજી કોઈ દિવસ પળાશે એવું સ્વપ્નું સેવવા જેવું તો છે જ. બાકી તો પાંચ હજાર વર્ષમાં એ ન પળાયો હોય એવું છે જ નહીં.

મેં કહ્યું: વ્યક્તિઓએ પાળ્યો હશે, જેમ આજે વ્યક્તિઓ એ પાળે છે એમ કહી શકાય. જેમ એ હજાર વર્ષ ઉપર ઈશુ થઈ ગયો, તેનો ઉપદેશ કોઈ સમાજે કે સમૂહોએ નથી ઉઠાવી લીધો, પણ વ્યક્તિઓ પાળે છે.

બાપુ: બરોબર; કેટલાક ખ્રિસ્તી કહે છે ના કે ઈશુનો ખરો અવતાર અને ખરો ખ્રિસ્તી ધર્મ તો હજી હવે આવવાનો છે? છતાં એટલું યાદ રાખવું જોઈએ કે આવો આવો પણ હિંદુ ધર્મ પાંચ હજાર વર્ષ થયાં ઊભો રહ્યો છે. મહાભારત ક્યારે લખાયું એની ખબર નથી. પણ એ ધર્મ એક વાર પળાતો હતો અને તે વેળા પરાધીનતા નહોતી એમ માનવાનું મન થાય છે. આજે પણ એ ધર્મ વિષે આપણે આવી વાતો કરીએ છીએ, એ શું બતાવે છે? એ વસ્તુ બીજા દેશમાં કોઈ માને નહીં, સમજે નહીં. એ બતાવે છે કે એ ધર્મ હજી જીવંત છે, અને હજી વધુ જીવંત થવાનો છે.

૧૫-૨-'૩૩ સવારે વર્ણાશ્રમની વાતો આગળ ચાલી. પાછો બાપુએ સંયમધર્મ ઉપર અને સેવાધર્મ ઉપર ભાર મૂક્યો અને કહ્યું : બધા સંયમી બની પોતપોતાનાં કામ સેવાભાવે કરતા થઈ જાય તો વર્ણાશ્રમનો પુનરુદ્ધાર અશક્ય નથી. આશ્રમમાં બધું સેવાધર્મથી થશે એવી કલ્પના છે એટલે એ દ્વારા વર્ણાશ્રમનો પુનરુદ્ધાર હું કલ્પું છું.

હોરનો છેલ્લો જવાબ : અમને ખાતરી ન થાય કે સવિનયભંગ સજીવન નહીં થાય, ત્યાં સુધી કેદીઓને ન છોડીએ.

બાપુ કહે : બરોબર છે.

'ટ્રિબ્યુને' બાપુને છોડવાની વાતોના સંબંધમાં એ મત જણાવ્યો કે જ્યાં સુધી કૉંગ્રેસ સાથે સમાધાન કરવાની ઇચ્છાથી આ લોકોને છોડવામાં ન આવે ત્યાં સુધી છોડવામાં કશો અર્થ નથી. અને ગાંધી સવિનયભંગ ન કરે, કેવળ અસ્પૃશ્યતાનું જ કામ કર્યાં કરશે એવી આશા રાખવી એ ફોકટ છે. એ લેખ બાપુજીને બહુ ગમ્યો.

બાપુ : હોર પાર્લમેન્ટેરિયન છે, દૃઢ છે, બહાદુર છે, આગ્રહી છે. એટલે બધાને પહોંચી વળે છે.

૧૬-૨-'૩૩ બધા સાથીઓને છોડી દે અને આખરે એકલા રહી જઈએ તો કેવી સુખદ સ્થિતિ થાય, એની વાત કરતાં કહે : જૉન ઑફ આર્કને અને રિડલી અને લૅટિમરને બાળ્યાં હશે તે એવા જ સંજોગોમાં ને?

અગાઉના જમાનામાં સત્યની ખાતર સત્યાગ્રહીઓએ જે સહન કર્યું છે તેની સરખામણીમાં આજે કશું જ સહન નથી કરવું પડતું, એ સેંટ પૉલની ઉપરના રેવ. હોમના એક લેખમાંથી ખબર પડે છે :

"ઘણી વખત હું મરવાની અણી ઉપર આવી ગયો છું. યહૂદી લોકોએ પાંચ વખત તો મને ૪૦-૪૦ ફટકા માર્યા. ત્રણ વખત રોમનોએ મને માર્યો. એક વખત મારા ઉપર પથ્થરનો વરસાદ વરસ્યો. ત્રણ વખત મારું વહાણ ભાંગ્યું. એક આખો દિવસ અને રાત હું દરિયામાં ઘસડાયો. હું મુસાફરીમાં ભટક્યાં જ કરું છું. નદીઓમાં મને તોફાનો નડ્યાં છે. લૂંટારાઓનો ત્રાસ મેં ભોગવ્યો છે. યહૂદીઓ અને જેન્ટાઇલ (અ-ખ્રિસ્તી) તરફના ત્રાસ મેં વેઠ્યા છે. શહેરોમાં અને રણોમાં, તેમ જ નદીઓમાં અને સમુદ્રોમાં મેં મુસીબતો વેઠી છે. કેટલુંયે સખત વૈતરું મેં કર્યું છે. ઊંઘ વિનાની રાતો પસાર કરી છે. ભૂખતરસ અને ટાઢતડકો વેઠ્યાં છે.

પહેરવાઓઢવાનું કશું મળે નહીં. આવી તો કેટલીયે યાતનાઓ મેં સહન કરી છે."

અસ્પૃશ્યતાના નિવારણમાં આ બધું સહન કરવું પડે તોયે શું? હજી તો એમાંથી સોમા ભાગનું પણ સહન નથી કરવું પડ્યું.

માલવીયજીનો લાંબો તાર આવ્યો. એમનો અગાઉ કાગળ તો આવેલો હતો જ. વાઇસરૉયનો પણ જવાબ આવ્યો કે બિલોને જાહેરમાં ફેરવ્યા વિના નહીં જ ચાલે. બાપુએ તુરત જ 'Agreeing to Differ' ('અમારો મતભેદ') નામનો લેખ 'હરિજન' માટે લખાવ્યો અને આખો પત્રવ્યવહાર બહાર પાડચો.* સાંજે આ વિષે ચર્ચા ચાલી. વલ્લભભાઈ ખૂબ ઊકળતા હતા.

બાપુ કહે: આપણે લડતા નથી છતાં તમે ઘાંટા પાડીને બોલો એટલે કોકને લાગે કે આપણે લડીએ છીએ. તો ધીમે અવાજે કાં ન બોલો? આના કરતાં વીસમા ભાગને અવાજે બોલો તોયે હું તમને સાંભળી શકું અને આપણે ચર્ચા કરી શકીએ. માલવીયજીએ તારમાં કહેલું કે મંદિરો માટે કાયદો કરવાની વાત નથી પણ કૂવા વગેરે માટે જ છે એમ ઠરાવ ઉપરથી ખબર પડે છે.

વલ્લભભાઈ કહે: એ બરોબર છે.

બાપુ કહે: એ બરોબર નથી. ૨૬મીના ઠરાવમાં કાયદાથી હકોની માન્યતાની વાત છે, જ્યારે આપણે કાયદાથી અસ્પૃશ્યતાનો નાશ નથી કરવા માગતા. વળી ત્રીસમીના ઠરાવમાં તો તત્કાળ ખોલવાની વાત છે અને તે સમજાવટથી કરવાનું છે. હવે કાયદો એ સમજાવટ નહીં? અને સમજાવટ પણ નિષ્ફળ થાય, અને તે કાયદાને અભાવે નિષ્ફળ થાય તો?

પણ વલ્લભભાઈએ ચલાવ્યે રાખ્યું: જ્યારે આ બધા વિરુદ્ધ છે ત્યારે હવે આ વસ્તુને ક્યાં સુધી ચલાવ્યે રાખશો? હવે તો બિલ બે વર્ષ સુધી ધક્કે ચડ્યું. સ્વરાજ પાર્લમેન્ટ વિના એ પસાર જ થવાનું નથી. અને જે તે વખતે બે મિનિટમાં થશે તેને માટે આટલી મહેનત શા સારુ? જો સ્વરાજ આવે તે પહેલાં આ થવાનું હોય તો હું વિરોધ ન કરું, પણ મને ખાતરી છે કે હવે કશી જ આશા નથી.

બાપુ: પણ સ્વરાજની ધારાસભા એવી આવશે એવી તમને ખાતરી છે? મને તો નથી. મને તો ખાતરી છે કે હજી હાજી હા ભણનારી ધારાસભાઓ આવવાની! એટલે આપણે તો જે પ્રયત્ન થાય તે કર્યા કરવાનો રહ્યો.

* જુઓ 'હરિજન', પુ. ૧, અંક ૨, તથા 'હરિજનબંધુ', પુ. ૧, અંક ૧.

વલ્લભભાઈ : પણ હવે સકર્યુલેશનમાં ગયા પછી પ્રયત્ન શો કરવાનો? અને પછી તમે શું કરશો?

બાપુ : એ આજથી શું કહેવાય? વિચારશું અને જે કરવા યોગ્ય લાગે તે કરશું. સૂઝી રહેશે. આપણે આટલે સુધી કર્યું અને મંદિરો નથી ખૂલ્યાં, તેમાં શું? એકે પગલું વ્યર્થ નથી ગયું. કશી હાર નથી ખાધી. જ્યાં સુધી આપણું મન હાર્યું નથી ત્યાં સુધી હાર ક્યાં છે?

અને તમે એ જુઓ છો ખરા કે હું હરિજનનું કામ મૂકી દઉં તો આંબેડકર જ મારા ઉપર તૂટી પડે? બીજા જે કરોડો મૂંગા હરિજન છે તેનું શું થાય?

વલ્લભભાઈ: એનો પ્રતિનિધિ કહે છે કે મંદિર નથી જોઈતાં. એને પ્રતિનિધિ તરીકે તમે સ્થાપ્યો. અને હવે એમ ન કહી શકો એ પ્રતિનિધિ નથી.

બાપુ: હું પ્રતિનિધિ છું ના? અને એ લોકોની ગરજ હું જાણું છું ના?

મદ્રાસમાં હરિજનોની પણ એક ચોરાશી છે! જેમ બ્રાહ્મણોની તેમ આમની પણ ચોરાશી. એમાં કેટલીક જાતિનો તો નાશ થઈ રહ્યો છે. કેટલાકની વસ્તી હજારથી બે હજાર રહી નથી, કેટલાકની તો સો પણ નથી. શાસ્ત્રીની પાસે કેટલાકની માહિતી મેળવતાં આટલી ખબર પડી. 'પરૈયન' નામની અંત્યજોની હલકામાં હલકી કહેવાતી જાતિ છે. એની વસ્તી અગિયાર લાખ છે. પણ એના ધોબીઓ તરીકે કામ કરનારાની પુતીરેવન્નાન નામની જાત છે. તેની વસ્તી ચુંમોતેર રહી છે. કારણ? એ ધોબી લોકોનો એવો સખત બહિષ્કાર છે કે એ બાપડા રાત્રે બે વાગ્યે પરૈયનોને ત્યાં જાય છે, પરૈયનોએ બહાર કપડાં રાખી મૂકેલાં હોય તો ધોવા લઈ જાય છે અને બીજે દિવસે રાત્રે બહાર ધોઈને મૂકી જાય છે! બાર વાગ્યાથી મોડા જાય છે કારણ બાર વાગ્યે જાય તો તેવારે કોક તો જાગતું હોય!

આથી ઊલટું 'વલ્લુવાન' નામની અસ્પૃશ્યોની જાત છે જે અસ્પૃશ્યોના ગોર છે. તેની વસ્તી હજી ઓગણસાઠ હજાર છે અને ઠીક ટકી રહ્યા છે. શિકારીઓ અને પારધિઓને વાલ્મીકિ કહે છે. જે વાલ્મીકિના રામાયણમાંથી બ્રાહ્મણીઓ દર શનિવારે એક પ્રારંભિક પ્રકરણનું પારાયણ કરે છે, એ આ જ જાતનો. એ લોકોની વસ્તી ૪૨૦૦ જેટલી રહેલી છે!

પ્રૂફ સુધારવાની અને છાપવાની વાત નીકળતાં બાપુ કહે: લેડ નાખવાની અને કાઢવાની પ્રથા આપણે ત્યાં જ છે એમ નહીં. હર્બર્ટ સ્પેન્સર જેવાનાં પુસ્તકમાં મેં એ જોયું છે. મને લાગે છે કે એ માણસને

પાનાં ગોઠવાઈ ગયા પછીના પ્રૂફમાં પણ બહુ સુધારા કરવાની ટેવ હોવી જોઈએ.

આજે સવારે વલ્લભભાઈ પૂછે: તમારા વર્ણાશ્રમધર્મમાં આ ક્ષત્રિયોનું શું થાય? હથિયાર કોઈ ઝાલશે જ નહીં?

૧૭–૨–'૩૨ બાપુ: હા; નહીં ઝાલે. હથિયાર ઝાલે એ જ ક્ષત્રિય છે એવી ક્યાં વ્યાખ્યા છે? બીજાનું રક્ષણ કરે અને એ કરતાં પ્રાણ આપવા તૈયાર થાય એ ક્ષત્રિયની વ્યાખ્યા છે. બાકી જગત અહિંસાથી ચાલશે એવી કલ્પના નથી. આ શરીર જ હિંસાની મૂર્તિ છે એટલે એને ટકાવવા માટે પણ ઘણી હિંસાની જરૂર રહેશે. પણ એ ક્ષત્રિયો પણ ઓછામાં ઓછી હિંસા કરશે.

મેં કહ્યું: ત્યારે બ્રાહ્મણો તો સંસ્કાર કરાવતા જ રહેશે ના? અને સંસ્કાર કરાવશે એટલે દાનદક્ષિણા લેતા રહેશે?

બાપુ: ના; એ તો આપણે બધું ફેરવશું. દાનદક્ષિણા કેવી? બ્રાહ્મણો વિદ્વાન હોય, પંડિત હોય. એ વિદ્યા અને પંડિતાઈનો પ્રચાર કરે, એમને ખાવાજોગું મળી રહે. જૂના કાળમાં પણ કોઈ બ્રાહ્મણ શ્રીમંત હતો એમ જાણ્યું છે?

હું: પણ પુરાણો તો બ્રાહ્મણના દાનદક્ષિણા લેવાના અધિકારોની વાતો કરે છે. એ બધાં પુરાણોને આપણે જતાં કરવાં પડશે ના?

બાપુ: ના, શા સારુ જતાં કરીએ? એટલો ભાગ જતો કરશું. ભાગવત પણ પુરાણ જ છે ના! એના એકાદશ સ્કંધની તોલે આવે એવું શું છે?

હું: ત્યારે આપણે તો સુધારો કરવો છે. પુનરુદ્ધાર નથી કરવો એ સ્પષ્ટ કરવું જોઈશે ના?

બાપુ: સુધારો જ કરવો છે. સુધારો થતો જ આવ્યો છે. પુરાણો અને સ્મૃતિઓ હિંદુ ધર્માચારોમાં વારંવાર થતા સુધારા જ સૂચવે છે. એવા સુધારા થતા જ રહેવાના. જે મૂળ વસ્તુ છે, ચાર વર્ણના મૂળ ધર્મ, તેને આપણે ટકાવી રાખવાના છે. જુઓની, એક વર્ણને જ રક્ષાનું કામ સોંપ્યું એ કેવી ઊંચી કલ્પના છે? જો ચારે વર્ણો રક્ષાના કામમાં લાગે તો અનવસ્થા થાય. જે જે દેશોમાં ફરજિયાત સૈન્યભરતી છે એની કેવી દુર્દશા થઈ છે? જર્મની જુઓ, રશિયા જુઓ. હજી રશિયાનું શું થવાનું છે એની આપણને ખબર નથી. ઇંગ્લંડમાં તો લડનારો નોખો વર્ગ જ છે. ગઈ લડાઈમાં એને બધા વર્ગમાંથી લડનારા લેવા પડ્યા એ જુદી વાત છે.

મેં કહ્યું: જો પુરાણાદિમાં સુધારા કરવાના છે તો એ કામ તો કોઈએ કર્યું નથી.

બાપુ: એયે કરવાની મારી ઉમેદ છે. પણ મારે તો ઘણું કરવાનું રહ્યું. તમે બધા મારી સાથે તો મરી જવાના નથી ના? તમારે એ કામ માથે લેવું પડશે.

'હરિજન'નો બીજો અંક આજે બહાર પડ્યો. શાસ્ત્રીનાં પત્ની આવ્યાં. ભારે નિઃસંકોચ, મુક્ત બાઈ લાગે છે. તામિલ, તેલુગુ, મલયાલી, હિંદી, બંગાળી, ઉત્કલ એટલી ભાષા જાણે છે અને કૉલેજનો અભ્યાસ બી. એ. સુધીનો છે. છોકરાંઓ તો આ બધી જ ભાષા જાણે છે.

સાંજે મહબુબવુર, તાલુકા હૈદરાબાદમાંથી એક તેલંગણ બ્રાહ્મણ આવ્યો. બાપુનાં દર્શન કરવા સિવાય બીજો ઉદ્દેશ નહોતો. કોકની પાસે પોતાનું નામ અંગ્રેજીમાં લખાવીને ચિઠ્ઠી મોકલી. મને શી ખબર પડે અને બાપુને પણ શી પડે? બોલાવ્યો. બાપડો દર્શનથી ભારે આનંદમાં આવી ગયો. વીસ દિવસથી દર્શનને માટે તલસતો હતો. એના ભાંગાતૂટ્યા ઉર્દૂમાં દર્શન, જન્મસાફલ્યમ્, કટાક્ષમ્, એટલા શબ્દો સમજાતા હતા.

**૧૮–૨–'૩૩**

સવારે ટાગોરના કુટુંબની વાત કાઢી. મેં કહ્યું: આ લોકોનો નિયમ છે કે બ્રાહ્મણ કુટુંબ સિવાય બીજે કન્યા ન અપાય.

બાપુ કહે: હા, પણ એ એમનો નિયમ લાંબો ન ચાલે. બદલવો જ જોઈશે.

મેં કહ્યું: સુધારક ધર્મપંથોમાં માત્ર બ્રાહ્મસમાજે જ અપ્રતિબદ્ધ રોટીબેટી-વ્યવહારની આપની યોજના બરોબર અમલમાં આણી છે. દાસ જેવા બ્રાહ્મો, તેમનાં બહેન, પત્ની વગેરેનો બંગાળી સમાજે બહિષ્કાર નથી કર્યો, પણ સત્કાર કર્યો છે. પુરાતન વિચારના ગામડિયાઓએ પણ એમનો સત્કાર કર્યો છે. એનો અર્થ એ કે ભવિષ્યમાં બધે રોટીબેટી-વ્યવહારની છૂટ થાય, તો તેથી હિંદુ સમાજમાં ભારે સંક્ષોભ નથી થવાનો.

બાપુ: સાચી વાત. બસ એ લગ્નો કર્યા વિના બ્રાહ્મોની પાસે બીજો માર્ગ જ નહોતો. એ લોકોને બાંધનાર અમુક પ્રકારનો સંસ્કાર છે. અને એ સંસ્કારવાળાં કુટુંબો એ સંબંધથી જોડાયાં.

હું: મને લાગે છે કે ત્યાં સહેલાઈથી આ લગ્નો થઈ શક્યાં છે, એનું એક કારણ ત્યાંના ચારે વર્ણોનાં ખાનપાન એક છે, એ હશે.

બાપુ: હા, એ તો ખરું જ, પણ બીજું કારણ એ કે ત્યાં બૌદ્ધ ધર્મની અસર પણ પુષ્કળ છે. વળી ખ્રિસ્તી ધર્મનો પુષ્કળ ફેલાવ ત્યાં થયો. વળી એ પ્રજા ભાવનાપ્રધાન રહી અને એમાં પ્રતિભાશાળી માણસો પાક્યા છે. એ સમાજ હિંદુ સમાજમાં ભળી ગયો કારણ એ અહિંસક સમાજ છે. એણે આર્યસમાજની જેમ વિધર્મનો વિરોધ ન કર્યો, એમની ઉપર હુમલા ન કર્યા, એટલે એની સામે હુમલા નથી થયા.

હિંદુ જ બ્રાહ્મો થઈ શકે કે મુસલમાન ખ્રિસ્તી પણ થઈ શકે? બાપુને ખ્યાલ છે કે બધા થઈ શકે!

બાપુના વિચારોમાં કેવો વિકાસ થતો જાય છે એનો એક નમૂનો મેં બાપુને આપ્યો: ૧૯૨૧માં 'હિંદુ ધર્મ' ઉપર લખેલા લેખમાં બાપુએ લખેલું, 'હું હિંદુ ધર્મમાં માનું છું, કારણ મૂર્તિપૂજામાં નથી માનતો એમ નથી.' આજે બાપુ કહે છે: હું મૂર્તિપૂજામાં માનું છું.

બાપુ કહે: બરોબર છે. તે વખતે જે કહેલું તે ચાલુ હિંદુ મૂર્તિ-પૂજાને ઉદ્દેશીને હતું. આ વખતનું વાક્ય મૂર્તિપૂજા જે દરેક ધર્મને વિષે સામાન્ય છે એને અંગે હતું.

વર્ણાશ્રમધર્મ વિષે મથુરાદાસની સાથે કટકે કટકે ઘણી વાતો થઈ: વેદમાં શૂદ્રને અધિકારો નથી, ત્રણ વર્ણની જ મુખ્ય વાત કરી છે, એ વાત સાચી. પણ આપણા જોવામાં આવે છે એટલા જ વેદ નથી. હજારો પુસ્તકોમાંથી આપણી પાસે થોડાં રહ્યાં છે. વેદની અંદર ધર્મ પણ છે અને ઇતિહાસ પણ છે. અને ઇતિહાસ એ ધર્મ નથી. ધર્મનો ભાગ સનાતન, શાશ્વત છે, ઇતિહાસનો ભાગ તે કાળની પરિસ્થિતિ બતાવે છે. મારે ક્યાં લગી જીવવાનું છે એ કોણ જાણે છે? પણ પરવારીને બેસી ગયા હોઈએ તો એમ થાય ખરું કે વર્ણાશ્રમધર્મની વાત લઈને બેસી જઈએ. પણ વર્ણધર્મની રચનાને માટે આશ્રમધર્મનો પાયો જોઈએ. એ વિના આખી ઇમારત કાચી જ રહે. વર્ણાશ્રમધર્મમાં સંતોષ રહેલો છે, પોતપોતાના ધર્મકર્મને વિષે સમાધાન રહેલું છે. એટલે વર્ણાશ્રમધર્મ એ દૈવી પ્રવૃત્તિ છે, જ્યારે બીજી બધી આસુરી પ્રવૃત્તિ છે, વર્ણાશ્રમધર્મ સાત્ત્વિક છે જ્યારે બીજી બધી પ્રવૃત્તિ રાજસી છે.

એ કાયદાને જાણી લઈએ તો એમાંથી અનેક વસ્તુઓ ફલિત થાય. પાણી પી જાણીએ પણ પાણીનું શાસ્ત્ર ન જાણતા હોઈએ તો કશો લાભ નથી. પાણીનાં અનેક સ્વરૂપ બરફ, વરાળ, પાણીમાંથી ઉત્પન્ન થતી વીજળી એ બધું જાણીએ તો પાણીનું શાસ્ત્ર જાણ્યું કહેવાય. એમ જ વર્ણાશ્રમ વિષે. એ તો સાર્વજનિક તત્ત્વ છે.

મેં પૂછ્યું : એટલે મુસલમાનો જે દાવો કરે છે કે ઇસ્લામ એટલે શાંતિ, એ જગતનો કાયદો છે, આખા જગતને માટે છે; તેમ જ આપ કહો છો ના કે વર્ણાશ્રમધર્મ એ જગતનો કાયદો છે?

બાપુ : હા. એ જ અર્થમાં. દરેક ધર્મમાં અમુક સનાતન તત્ત્વો છે. તે પાળનારા બધા તેટલે અંશે તે ધર્મ પાળે છે. બાકીના ભાગો તે તે કાળની અને સ્થળની પરિસ્થિતિને અંગેના છે.

વર્ણાશ્રમધર્મને જન્મની સાથે સંબંધ ન હોય તો હું વર્ણાશ્રમધર્મ આજે જ છોડી દઉં. તો તો પછી એમાં રહ્યું છે જ શું? સુતારનો છોકરો સુતાર થાય અને લુહાર ન થાય એ જ યોગ્ય એમ હું ગણું. એમ ભલે સેંકડો જાતિ થતી હોય તો થાઓ. જ્યાં સુધી તે લોકો વચ્ચે ખાવાપીવાનો અને રોટીબેટીનો વ્યવહાર રહે ત્યાં સુધી ભલે ગમે તેટલી જાતિઓ હોય! આ રોટીબેટીનાં બંધનોએ આખી વાત મહાકષ્ટમય કરી મૂકી છે.

દ્રોણાચાર્ય એ ધર્મભ્રષ્ટ થયા હતા એમ હું અવશ્ય કહું. મારું કહેવું એ છે કે એક વર્ણના માણસને બીજા વર્ણનાં કર્મ કરવાનો અધિકાર નથી એમ નહીં, પણ એ અયોગ્ય છે. એ ધર્મ હું કહું છું તેમ બધાને માટે છે. અચાનક નહીં પણ ઇરાદાપૂર્વક એ પળાય. જેમ હિંદુઓ પાળે તેમ મુસલમાનો પાળે. એ જ અર્થમાં મેં કહ્યું હતું કે એ 'હિંદુ ધર્મની માનવ-જાતને મોટામાં મોટી બક્ષિસ છે.' એ ધર્મના પાલનમાં આખા સમાજનું રક્ષણ થશે, આખો સમાજ અજીત થશે.

. . . આવીને બાપડી પોકેપોક રોઈ. ગઈ કાલે . . .ના લગ્નની ખબર આવી હતી. એમાં તો માત્ર એટલી જ ખબર હતી કે . . .ને એ ચાર વર્ષ થયાં જાણતો હતો. હવે એની સાથે લગ્નનો વિચાર કર્યો. એમાં અમને કાંઈ આઘાત નહોતો પહોંચ્યો. પણ . . .એ બાપુને વાત કરી તે ઉપરથી જો . . .એ એને વચન આપ્યું હોય તો . . .ને વિષે અભિપ્રાય ઊતરે એવું લાગ્યું. પણ આખી વસ્તુ જાણ્યાસમજ્યા વિના શી રીતે કહેવાય? બાપુએ તો બાપડીને આશ્વાસન આપ્યું : જો બહેન, બ્રહ્મચર્ય એ ઉત્તમ વસ્તુ છે, વ્યભિચાર એ દુષ્ટ વસ્તુ છે. એ બેની વચ્ચે લગ્ન છે. માણસ કામને ન ત્યાગી શકે તો મર્યાદામાં રહેવા પરણે. એ માણસને તારા કરતાં પેલી ગમી તો ભલે એને પરણે. તું બીજો શોધી લેજે. અને તને એમ લાગે કે એને તું હૃદય આપી ચૂકી છે એટલે તારાથી બીજે ક્યાંય ન પરણાય તો તું અખંડ કુમારી રહેજે. પણ તારે એને આશીર્વાદ આપવો જોઈએ, એના ઉપર રોષ ન કરવો ઘટે.

વાઇસરૉયનો જવાબ આવ્યો હતો એનો આજે એને જવાબ આપ્યો. વલ્લભભાઈ એ કાલે રાત્રે ચર્ચા ખૂબ કરી હતી. એઓ

૧૯-૨-'૩૩ વાઇસરૉયના જવાબને ટેકો આપતા હતા કે ચાલુ ધાર્મિક વહીવટ કે રિવાજમાં આ કાયદો દખલ કરે છે. બાપુ કહે: નથી કરતો. એ જ વસ્તુ એમણે જવાબમાં પ્રતિપાદિત કરી. સાથે સાથે સપ્રુ અને જયકર બંનેને આ બાબતમાં પુષ્ટિ આપનારા લેખો લખવાની વિનંતી કરી.

સવારના ઊઠીને કાકાને દૂધ વિષે અને દૂધને બદલે બીજો વનસ્પતિ આહાર શોધવા વિષે લાંબો કાગળ લખ્યો. એ કાગળમાં શાસ્ત્ર વિષે બાપુએ પોતાના જે ઉદ્‌ગાર કાઢ્યા તે અસ્પૃશ્યતા પત્રિકાઓમાં કાઢેલા ઉદ્‌ગારને પણ વધારે સ્પષ્ટ કરે છે, અથવા એથી પણ વધારે આગળ જાય છે:

"શાસ્ત્ર એટલે પૂર્વકાળમાં અનુભવીઓ કહી ગયા તે વચન નહીં, પણ જેને આજે અનુભવજ્ઞાન એટલે બ્રહ્મજ્ઞાન થયું છે એવા દેહધારીનાં વચન; શાસ્ત્ર નિત્ય મૂર્તિમંત હોય. જે માત્ર પુસ્તકમાં છે, જેનો અમલ થતો નથી, તે કાં તો તત્ત્વજ્ઞાન ન હોય, કાં તો મૂર્ખતા કે પાખંડ હોય. શાસ્ત્ર તે જ ક્ષણે અનુભવગમ્ય હોવું જોઈએ, કહેનારના અનુભવની વાત હોવી જોઈએ. એ અર્થમાં જ વેદ નિત્ય છે. બીજું બધું વેદ નહીં પણ વેદવાદ છે."

આંબેડકર આજે ગુમાનમાં છે એટલે બાપુ સાથે બેસીને સમજવાનો પ્રયત્ન કરતા નથી, નહીં તો કદાચ એ બાપુનું કહેવું અક્ષરેઅક્ષર કબૂલ કરે, કારણ જે પ્રકારના વેદમાં બાપુ માને છે એ પ્રકારના વેદમાં તો આંબેડકર પણ માને.

આંજે બાપુના વર્ણાશ્રમધર્મના વિચારો ઉપર 'જનતા'માં લાંબો લેખ છે. વર્ણાશ્રમધર્મ માણસની આધ્યાત્મિક ઉન્નતિને આડે નથી આવતો, તો અસ્પૃશ્યતા પણ ક્યાં આડે આવે છે? રોહીદાસ તથા ચોખામેળાની આધ્યાત્મિક ઉન્નતિ અસ્પૃશ્યતા છતાં ન થઈ? પણ અસ્પૃશ્યતા અમારી ઐહિક ઉન્નતિને આડે આવે છે, એ જ અમને ખૂંચે છે. બીજા લેખમાં કહે છે કે બ્રહ્મવિદ્વેષ એટલે બ્રાહ્મણના સર્વોપરીપણાની ભાવનાનો વિદ્વેષ એ પ્રત્યેક હિંદુનો ધર્મ છે. બ્રહ્મની એણે જે વ્યાખ્યા કરી છે તેનો વિદ્વેષ તો બાપુ કરે જ છે. બાપુ તો કહે છે કે જે વર્ણાશ્રમનો અથવા જે હિંદુ ધર્મનો અર્થ ઊંચનીચ ભેદને નભાવનારો હોય તે મને ત્યાજ્ય છે. આંબેડકર

મોઢે તો કહે છે કે હું આ પ્રથાનો દ્વેષી છું, પણ ખરી રીતે એ બ્રાહ્મણોનો શત્રુ છે અને ત્યાં જ બાપુ એની સાથે ઊભા રહી શકે એમ નથી. બાકી આજના વેદિયા સનાતનીઓને વિષે તો કબીરની જેમ બાપુ પણ અવશ્ય કહે :

"બમ્મન ગુરુ હૈ જગતકા, ભગતનકા ગુરુ નાહીં.
અરઝિ ઉરઝિ પચિ મુઆ ચારઉ વેદઉ માહીં."

કબીરનાં ઘણાં વચનો વાલજીભાઈએ પોતાના 'ઈશુચરિત'માં સંઘર્યાં છે. આજે સહેજે સામ (ખ્રિસ્તી ભજનો) વાંચતાં પહેલા જ ભજનમાં આ વાકચ આવ્યું : "ભક્ત એ નદીનાં પાણીની બાજુમાં રોપેલા વૃક્ષ જેવો છે. એની ઋતુમાં એને ફળ આવે છે. એનાં પાંદડાં પણ કરમાઈ જતાં નથી અને જે જે વસ્તુ એ કરે છે તે સફળ જ થાય છે."

આ સાથે કબીરનું આ વચન સરખાવો. એ વચન આજે જ ગ્રંથ-સાહેબમાં વાંચ્યું :

"કબીર ઐસા બીજ બોઈ બારહ માસ ફલંત
સીતલ છાઈઆ, ગહિર ફલ, પંખી કેલ કરંત."

કાંઈ આશ્ચર્યકારક સામ્ય છે ! પણ એ સામ્ય અનુભવનું સામ્ય છે, બીજું કશું નથી. કબીરે બાઇબલ વાંચ્યું હતું એમ તો કોઈ પાદરી કહેતો નથી.

બીજું એવું જ સામ્ય આ જુઓ : તુલસીદાસના "મમ હૃદય ભવન પ્રભુ તોરા, તંહ આય બસે બહુ ચોરા" વાળા ભજનનો ભાવ આ એક ખ્રિસ્તી ભજનમાં એટલી જ સરસ રીતે મૂકેલો છે :

"ઈશ્વર મારા મનને, મારા શરીરને, મારા જીવનને, અને મારી તમામ પ્રવૃત્તિને ભરી દે છે, એટલે હું માનતો જ નથી કે અનિષ્ટ કોઈ પણ રીતે મને સ્પર્શી શકે." આ વસ્તુ 'રોમન્સ' (બાઇબલનો એક ભાગ)માંથી ફલિત થતી બતાવી છે : "અનિષ્ટનો તિરસ્કાર કરો, જે સારું છે તેને વળગી રહો."

રાજાજીના કાગળમાં : "પોતાનો દોષ સોગણો મોટો કરીને જોવો."

એક માણસની છોકરી ચાલી નથી શકતી તે ચાલતી થાય એવી પ્રાર્થના અને આશીર્વાદ માટે બાપુને વિનંતી મોકલી. એને લખ્યું : "જો તમારી છોકરી જન્મની જ ખોડવાળી હોય તો સારી પ્રાર્થના તો એ છે કે તમને અને એ છોકરીને એ સહન કરવાનું ભગવાન બળ આપે."

ખ્રિસ્તીઓ કહેશે કે ગાંધી કાંઈ ખ્રિસ્ત નથી. એટલે છોકરીને એ સાજી કરી શક્યો નહીં !

કેળવણી વિષે એક કાગળમાં લખ્યું : "'સારું અને સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરેલું જ્ઞાન' યમનિયમના પાલનથી મળી શકે છે.

૨૦–૨–'૩૨ "કેળવણી માત્ર આત્મોન્નતિને અર્થે હોય. તેથી એવા પ્રકારની કેળવણી લેવી જોઈએ કે જેથી તે ઉન્નતિ સધાય. એનો એક જ પ્રકાર હોવાની જરૂર નથી. એટલે પ્રકાર વિષે કંઈ કહેવાપણું નથી. જિંદગી સંયમમય હોવી જોઈએ."

આ શરતો પળાય તો સરકારી શાળાઓની કેળવણી ચાલે? એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે, પણ મેં બાપુને હજી પૂછ્યો નથી.

આજે જમનાલાલજીને બાપુ મળ્યા હતા. ઘણી વાતો થઈ હશે. પણ મુખ્ય વસ્તુ કેદીઓને વિષે હતી. 'સી' ક્લાસના કેદીઓને લખવાવાંચવાનાં સાધન ન મળે, અરજી કર્યા છતાં ન મળે, એ કેવું અસહ્ય છે? મને તો એવી રીતે રહેવાનું હોય તો હું ગાંડો થઈ જાઉં, એવી ફરિયાદ કરી.

બાપુ કહે : એને વિષે આપણે લખીએ, માગણી કરીએ, એ જુદી વાત છે. પણ એ વસ્તુ અસહ્ય ન હોવી જોઈએ. આપણે તો સંકટ સહન કરવાને માટે આવીએ છીએ, જેલનાં દુઃખ માગી લઈએ છીએ. પણ સાઇબીરિયામાં તો કોઈ માગીને જેલમાં નહોતું જતું. રાજકીય કેદીઓને સાઇબીરિયા દેશનિકાલ કરતા હતા ત્યાં તેમની શી દશા થતી હતી તેની તમને ખબર નથી અને એ દશા તો જેલ માગી લેનારની નહીં, પણ પરાણે જેલ જનાર કેદીઓની હતી. એ બધું એમણે સહન કર્યું તો આપણાથી એની ફરિયાદ કેમ થાય?

સવારે આત્મકથાનાં અનેક સ્મરણો કહ્યાં. જંગલમાં જઈને કેમ જીવનના પ્રશ્નો ઉપર વિચાર કરતા, ખ્રિસ્તીઓને કેમ મળેલા, બીજાઓને કેમ મળ્યા, રાજચંદ્રને, નથુરામ શર્માને પણ લખેલા કાગળ વિષે વાત કરી, અને નથુરામના શિષ્યોમાં પોતાના કુટુંબીજનો હતા તેની વાત કરી. પરમાનંદ ગાંધી, જેમના સંબંધમાં પોતે ૮થી ૧૩ વર્ષની વયમાં આવેલા, જેમને બુલંદ અવાજે રામાયણ વાંચતા સાંભળેલા, જેમની માંદગીમાં ધર્મપુસ્તકો પથારી આગળ જ રહેતાં અને બાળકોની સાથે પણ એ જ વિષે વાતો કરતા એનાં સ્મરણો તાજાં કર્યાં. એના દીકરા ગોકળદાસ (અથવા કાળીદાસ) એ નથુરામ શર્માના શિષ્યોમાં. આ અને બીજાઓની વાત કરીને બાપુ કહે: 'આત્મકથા'માં આવી ઘણી વાતો કહેવાઈ નથી. એવી વાતો કહેવા જાઉં તો એ પુસ્તકોએ આરો ન આવે. પછી કહે : આમ ગાંધી કુટુંબમાં ઘણાય ભક્તો હતા એ મારે કહેવું જોઈએ. આમ કહીને પોતાનામાં ભક્તિના સંસ્કારો આનુવંશિક હશે એમ સૂચના કરતા લાગ્યા.

તામિલ છાપું 'સુધર્મ' ગુજરાતી સનાતન ધર્મપત્રિકાનો તામિલ અવતાર કહી શકાય. કદાચ એમાં ગુજરાતી પત્રિકા જેટલી
૨૧-૨-'૩૩ બીભત્સતા કે નિર્લજ્જતા ન હોય. જોકે રાજગોપાલાચાર્ય વિષે તો ઘણુંયે એવું આવતું હશે, જેમાં વિવેક કે મર્યાદાનો છાંટો ન હોય. આમાં વળી દરેક અંકમાં એક કાર્ટૂન આવે છે. એક કાર્ટૂનમાં વર્ણાશ્રમધર્મને ગધેડો કલ્પ્યો છે, અને એ થાકી ગયો છે છતાં તેની પાસે વધારે કામ લેવાને માટે ગાંધીજીને એણે ડફણાં મારતા ચીતર્યા છે. ગધેડો બાપડો કાદવમાં ખૂંચ્યો છે અને ભૂંકે છે! ગધેડો તો ઘોડો ન થાય એમ ગાંધીજીને સલાહ છે.

એક વેદિયા પંડિત શાસ્ત્રી શ્રીસુબ્રહ્મણ્યમ્ ૯-૧-'૩૩ ને દિવસે બાપુની મુલાકાત લઈ ગયા હતા. તેણે મુલાકાતનો સાર એમાં આપ્યો છે. પોતે જેટલી બાબતોમાં બેવકૂફ બન્યા છે તે વાતો જ ઉડાવી દીધી છે અને બાકીની અર્ધી આપીને એમ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે ગાંધી હઠીલા છે! એમાં ભાગવતના "શ્વાદોઽપિ નૂનં સવનાય કલ્પતે" વાળા શ્લોકમાં अपि એ કેવળ અત્યુક્તિના અર્થમાં જ છે એ બતાવવાને માટે નમૂનેદાર દલીલો કરી છે! એક પતિ પોતાની પત્નીને કહે: 'તારા કરતાં તો ગધેડીની સાથે હું વધારે સુખી થાત' એનો અર્થ એવો થોડો જ થાય કે ગધેડીની સાથે રહે તો તે સુખી થાય? તેમ જ આ છે, અને એમાં ભક્તિના માહાત્મ્ય વિના બીજું કશું બતાવવાનો હેતુ નથી!

રાત્રે લક્ષ્મીદાસે મોરારભાઈની આપેલી ખબરની સરદારે બાપુ આગળ વાત કરી. મોરાર પટેલે ઊભા પાકનો નાશ કર્યો અને પછી પકડાયા. શા સારુ સરકારના હાથમાં કશુંય જવા દેવું!

બાપુ કહે: એટલે તો એણે રજપૂતોની જેમ કર્યું. પછી કહે: મણિલાલની પેલી ગઝલના શબ્દો યાદ છે ને! 'ફના કરવું ફના થાવું,'—

મેં લીટી પૂરી: 'ફનામાંયે કમાઈ છે;

મરીને જીવવાનો મંત્ર દિલબરની દુહાઈ છે.'

બાપુ કહે: જ્યારથી એ વાંચવામાં આવી ત્યારથી એ યાદ રહી ગઈ છે.

નીલાનાગિનીને કડક કાગળ લખ્યો હતો. એ બાઈ હિંમતપૂર્વક કાગળના અક્ષરનું પાલન કરીને ચાલી આવી. બાપુએ એને એક પછી એક સવાલો પૂછવા માંડ્યા. જેમ કાગળનું એણે માઠું નહોતું લગાડ્યું તેમ જ આ સવાલોનું પણ બિલકુલ માઠું ન લગાડ્યું. અને દરેકના હિંમતપૂર્વક નિખાલસપણે જવાબ આપતી ગઈ. એના પોશાકમાં, એના હાવભાવમાં જરાય ઉછાંછળાપણું ન લાગ્યું. એનું સૌંદર્ય પણ મોહક કે આકર્ષક કે

ઉત્તેજક નહોતું. સરલ, શાંત, આંખને ઠારે એવું હતું. તેં મને દીકરા તરીકે કેમ સંબોધ્યો? એ સવાલનો જવાબ એ બરોબર ન આપી શકી. તેણે કહ્યું : મારી અભિલાષા માતા થવાની છે, હું કેટલોય સમય થયાં બધાંને મારાં છોકરાં તરીકે ગણવાનો પ્રયત્ન કરી રહી છું. બંગલોરમાં બધા યુવાનો મને 'મા' કહીને બોલાવે છે, અને તમને કાગળ લખ્યો ત્યારે મને થયું કે મારે તમને પણ હિંમતપૂર્વક એ જ રીતે સંબોધવા જોઈએ.

બાપુ કહે: પણ મા ત્યારે દીકરી કેમ નહીં? દીકરીમાં આગળ વધવાનો અવકાશ રહે છે. મા તો જ્ઞાન અને પ્રેમની સંપૂર્ણતા. તેમાં વિશ્વની મા થનારમાં તો નિરવધિ જ્ઞાન અને પ્રેમ જોઈએ.

નીલા: મેં એ જ્ઞાન અને પ્રેમનો દાવો નથી કર્યો અને હું તો બાળક થવાની પણ ઉમેદ રાખું છું.

બાપુ: મા અને બાળક એક સાથે!

એની પાસે જવાબ નહોતો. ખાવાપીવાની વાતો કરવામાં નાની નાની સત્યની ભૂલો બાપુ જોઈ ગયા. પછી બાપુએ એને કહ્યું: તેં બધા સવાલોના જવાબ આપ્યા એથી સંતોષ જ થઈ ગયો છે એમ નથી કહી શકતો. તું સત્યને પૂજનારી છે પણ અસત્ય તારા મોંમાથી નીકળી જ ન શકે એ સ્થિતિ તારે વિષે નથી. તારાં વચનોમાં ભૂલો જોઈએ તેટલી છે. નાની નાની બાબતોમાં પણ બોલવામાં માણસે સાવચેતી રાખવી જોઈએ. એ સાવચેતી હું તારા બોલવામાં નથી જોતો. પણ હવે હું તારે વિષે મિરઝાં ઇસ્માઇલને લખીશ. એને શું કહેવું છે એ પૂછીશ, અને કોદંડ-રાવને પણ તારી સાથે મેળવીશ.

એ બાઈએ બધું પ્રસન્ન ચિત્તે સાંભળ્યું અને બાપુને કહ્યું: હું કોઈને અમુક સમયે પહોંચવાનું કહીને આવેલી નથી. તમે કહેશો ત્યાં સુધી હું રહીશ.

બાપુએ એને લક્ષ્મીદાસભાઈને સોંપી અને લેડી વિઠ્ઠલદાસને ત્યાં પોતાની સાથે લઈ જવાનું કહ્યું.

એની મુલાકાતની છાપનું વર્ણન આપતાં બાપુએ શાસ્ત્રીને કહ્યું: મારા કડક કાગળની પાછળ રહેલો પ્રેમ તે બરાબર જોઈ શકી. મારો કાગળ મળતાં જ તે પૂના આવવા નીકળી. અહીં મેં એને સારી પેઠે તાવી. એ બધું એણે બહુ સારા અર્થમાં લીધું. આખી દુનિયાની મા થવું એટલે તો પૂર્ણ પ્રેમની સાથે પૂર્ણ જ્ઞાનનો યોગ હોવો જોઈએ. મેં તેને પૂછ્યું કે આ બેય તારામાં છે? તું સૌની મા થવાની આકાંક્ષા રાખે છે અને હવે તું કહે છે કે મારે તો સૌની દીકરી થવું છે. મેં તેને કહ્યું કે તારી આ

ફિલસૂફી હું સમજી શકતો નથી. છતાં મને તે સાદી છોકરી લાગી. એનામાં કશો આડંબર નથી. આકર્ષક દેખાવાનો કશો પ્રયત્ન નથી. હું તો જુદી જ વસ્તુઓને માટે તૈયાર હતો પણ એની સાથેની વાતચીતે મારી બધી શંકાઓ દૂર કરી નાખી. તદ્દન બાળક જેવી છે. છતાં નાટકવાળાની છોકરી એટલે શી ખબર પડે? પણ આમ કહેવામાંય અનુદારતા છે. જે માણસ મારી પાસે ખબર લાવ્યો હતો તેના ધ્યાન ઉપર હું બધું આણીશ, એમ મેં તેને કહ્યું.

૨૨–૨–'૩૩

આજે સવારે આંબા નીચે બેઠા હતા ત્યાં જમનાલાલજીનો સંદેશો આવ્યો કે મારે મળવું છે, અને જલદી મળાય તો સારું. ઘડીક પછી ચિઠ્ઠી આવી તેમાં લખેલું: રાત્રે ઊંઘ ન આવી. ચિઠ્ઠીઓ નાખી. હવે ‘ તૈયારી કરીને ’ આપના આશીર્વાદ લેવાનું રહ્યું છે. મને જલદી બોલાવો.

અમને બધાને થયું કે કાંઈ ‘સાજનકે ઘર જાના હોગા’ના જેવી તૈયારી કરી છે કે શું? જેલમાં માણસ આખી રાત જાગીને બહુ ગંભીર તૈયારી કરે તો તે ઉપવાસની હોય, બીજી શેની હોય! બાપુએ બાર વાગ્યાનો વખત આપ્યો. બાપુ સવા કલાક મળીને આંબા નીચે આવ્યા. કર્ણાટકના ૨૬ કેદીઓએ મૂર્ખાઈથી વીસાપુર જવાને માટે ઉપવાસ કર્યા હતા તેની ચર્ચા કરવા જેલર આવ્યા, એટલે જમનાલાલજી સાથે શી વાત થઈ તે હું ન પૂછી શક્યો. પાછળથી પૂછી એટલે બાપુ કહે: ઉપવાસ બુપવાસ જેવું કંઈ જ ન હતું. એ તો આખું હસાવે એવું પ્રકરણ છે. સાંજ ઉપર રાખીએ. વલ્લભભાઈને તો સંભળાવવું જ પડશે.

સાંજે વાતો કરી. જમનાલાલજીને રાત્રે વિચાર થયો કે દંડ ભરીને વહેલા છૂટી જવું અને છૂટીને હરિજનનું કામ કરવું અને સવિનયભંગની લડતને પણ જાગ્રત કરવી, જાનકીબહેન વગેરેને મોકલવાં. પછી એ ઉપર ચિઠ્ઠી નાખી. ચિઠ્ઠી નીકળી કે દંડ ભરીને જવું. એટલે પછી બાપુના આશીર્વાદ લેવાનું બાકી રહ્યું. બાપુની આગળ જેલરનાં દેખતાં બધી વાતો સંભળાવી.

બાપુ કહે: તમે ચિઠ્ઠી નાખી શકો છો, પણ એમાં એ દોષ છે, જો તમે ઈશ્વરને હાજર રાખીને ચિઠ્ઠી નાખો તો મને પૂછવાપણું ન હોય. એના ઉપર હું અભિપ્રાય આપું તો હું ઈશ્વર કરતાં મોટો થઈ ગયો. મારી સાસે એમ ને એમ અભિપ્રાય માગો તો હું અભિપ્રાય આપી ન શકું,

મારે વલ્લભભાઈને પણ પૂછવું જોઈએ. વળી તમારી ચિઠ્ઠીમાં બીજો દોષ એ હતો કે તમે તો બહાર જઈને સવિનયભંગ ચલાવવાનો ઇરાદો રાખ્યો. સવિનયભંગ તો તમે અહીં રહીને ચલાવી રહ્યા છો, બહાર તો અસ્પૃશ્યાતાનું કામ કરવાને માટે નીકળવાનો નિશ્ચય કરો છો. તમને લાગે કે માલવીયજીને સમજાવી શકીશ, અસ્પૃશ્યતાનું બીજું ખૂબ કામ કરી શકીશ, બિલો પાસ કરાવવામાં મદદ કરીશ, તો તમારાથી એ જ કામ થાય, બીજું થાય જ નહીં. હા, તમારી દંડની મુદત પૂરી થાય પછી તમે ગમે તે કામ કરી શકો. પણ જો તમે દંડ ભરીને બાકીની મુદત બહાર પૂરી કરવા માગો તો તેટલો સમય તો અસ્પૃશ્યતાનું જ કામ કરવાનો તમારો ધર્મ છે. આ સમજ્યા પછી તમારે જો ચિઠ્ઠી નાખવી હોય તો નાખો.

એક કોરી ચિઠ્ઠી તો હતી જ. બીજી કેવળ બહાર જવાની બનાવી. કટેલી સાહેબ પાસે એમાંથી એક ઉઠાવરાવી. કટેલીએ કોરી ચિઠ્ઠી ઉઠાવી એટલે બધું મનમાં પરણ્યા અને મનમાં રાંડ્યા જેવું થયું.

આના ઉપર રાત્રે વાતો ચાલી. વલ્લભભાઈ અને મને આવા વિષયમાં ચિઠ્ઠી નંખાય કે કેમ એ શંકા હતી. મેં કહ્યું : જ્યાં સિદ્ધાંતની વાત ન હોય ત્યાં ચિઠ્ઠી નંખાય. એ માર્ગના પક્ષમાં સરખી દલીલો હોય તો તેનો નિર્ણય કરવા ચિઠ્ઠી નંખાય. પણ કર્મ અને અકર્મ વચ્ચે ચિઠ્ઠી નંખાતી હશે? કોઈ માણસ માફી માગવા અને જેલમાં રહેવા વચ્ચે ચિઠ્ઠી નાખતો હશે?

બાપુ : જરૂર નાખે. એવા સંજોગો કલ્પી શકું છું કે જ્યારે માણસનો માફી માગવાનો ધર્મ હોય. તેવી જ રીતે અહીં રહેવું અને દંડ આપીને બહાર નીકળવું એ બન્ને સરખા ધર્મ હોઈ શકે. એ સિદ્ધાંતો માટે પણ સરખાં જ મજબૂત કારણો હોઈ શકે. અહીં જમનાલાલજી માટે કર્મ અને અકર્મ એ બે વસ્તુ નહોતી, પણ બન્ને કર્મ જ હતાં.

મેં કહ્યું : પણ એવી બાબતમાં તો એ આપને પૂછી શકતા હતા. જ્યારે ચિઠ્ઠી નાખીને પણ આપને પૂછવાનું જ રાખ્યું ત્યારે આપને સીધું જ શા સારુ ન પૂછ્યું ?

બાપુ : હું તો કહી ચૂક્યો છું કે હું કોઈને દોરી ન શકું એટલે એ મને પૂછીને શું કરે?

આમ છતાં વલ્લભભાઈ ઠીક ઉદ્વિગ્ન રહ્યા, 'જમનાલાલજી જેવાને આવો વિચાર જ કેમ આવે?' એમ વારંવાર એમના મનમાં ઘોળાતો સવાલ પ્રગટ રીતે અમને સંભળાવ્યાં કરતા હતા.

ડૉ. સપ્રુનો સુંદર કાગળ આવ્યો. એમની નિખાલસતા એમાંથી નીતરતી હતી. બાપુને બહુ ગમ્યો. એ એ. પી. આઈ.ને તો આપ્યો જ, પણ ‘હરિજન’માં પણ આપ્યો.*

. . . ઉપર પ્રાર્થના પછી તુરત જ હૃદયના લોહીમાં કલમ બોળીને જાણે કાગળ લખ્યો. સવારે આંટા મારતાં કહે: એ

૨૩–૨–’૩૩ કાગળ મનમાં ઘડાતાં અકળાવડિયું ગયું અને આજે સવારે લખતાં હું નિચોવાઈ ગયો. એ કાગળ કાંઈ લખાવી શકાય એવો થોડો જ હતો? આખી વસ્તુ સત્યનિષ્ઠાની ઉપર મૂકી દીધી અને સત્યની કસોટીએ ચઢાવીને જે કરવું ઘટે તે કરો એમ એને જણાવ્યું. ‘મારા વહાલા દીકરા’ કરીને બાપુએ આ પ્રથમ જ કાગળ કોઈને લખ્યો હશે.

આ પછી આખા કિસ્સા ઉપર વાતો કરતાં કહે: કામવાસના એવી વસ્તુ છે કે માણસને ફેરવી નાખે છે. પેલા હળેબીડના દેવળમાં કામની મૂર્તિ કોતરનારે કમાલ કરેલી છે. એ માણસની પાસે સાધન તો શું હશે? પથ્થર અને નાનકડાં ટાંકણાં. પણ જગતના શિલ્પમાં સ્થાન લે એવું એ કોતરકામ છે. રસ્કિન જેવાએ એ જોયું હોય તો એની ઉપર ગાંડો થઈ જાય. એ કોતરકામમાં બાઈ ચેતીને સાડી ખંખેરી નાખે છે અને કામ વીંછીના આકારે એના પગ આગળ પડ્યો રહે છે. એ બધું પોતપોતાને યોગ્ય સ્થાને છે. આપણે પારસનાથની એક જ પથ્થરમાંથી કોરેલી મૂર્તિ ન જોઈ શકેલા પણ એમાં પણ કંઈક એવું જ હશે. એવું પણ જગતમાં ભાગ્યે જ કશું હશે. લંડનમાં ક્લિયોપેટ્રાની સોય તમે જોઈ હતી કે નહીં, હું નથી જાણતો. એ એક જ પથ્થરમાંથી છે.

સાંજે નીલાની વાતો કરતાં કરતાં કહે: કોદંડરાવને એની સાથે બેસાડ્યો, પણ એની પાસે કાંઈ કહેવાનું નહોતું. એ બાઈએ તો એની સાથે પણ એટલી જ નિખાલસતાથી વાતો કરી. એ બાઈ કોઈ કમાલ બુદ્ધિવાળી છે. એણે ગણિતનો ઊંડો અભ્યાસ કર્યો છે. મેં પૂછ્યું, શા સારુ? તો કહે કે મારે સપ્રમાણતાનો અભ્યાસ કળાને અંગે કરવો રહ્યો, અને ગણિત વિના સપ્રમાણતાનો ખ્યાલ આવી ન શકે. કહે કે સંગીતનું શાસ્ત્ર જાણું છું. નાચ તો ગ્રીક બધા જાણે છે, પણ ત્યાંના ધાર્મિક થિયેટર સિવાય બીજે ક્યાંય નાચી નથી. ભાષાઓનો અભ્યાસ પણ એવો છે. જેવું અંગ્રેજી બોલે છે તેવું ગ્રીક આવડે છે એમ કહે છે. બાઇબલના બન્ને

* જુઓ હરિજન, પુ. ૧, અંક ૩, પા. ૨–૩

કરારો એણે ગ્રીકમાં વાંચેલા છે. ઉપનિષદોનાં મૅક્સમૂલરનાં ભાષાંતરો વાંચ્યાં છે. હિંદુ ધર્મ તરફ કેમ પ્રેરાઈ? તો કહે: ગ્રીસ ગયા પછી ગ્રીક અને હિંદુ સંસ્કૃતિનો અભ્યાસ કર્યો, અમેરિકા પાછી ગઈ અને પછી અહીં આવી તો હિંદુ ધર્મ વિષે જે ખ્યાલ હતો તે દૃઢીભૂત થતો ગયો. મહાભારત તેં વાંચ્યું છે? તો કહે કે દત્તનાં ત્રણ વૉલ્યુમ વાંચ્યાં છે. આ બધું ૨૩ વર્ષની ઉંમરમાં!

૨૪–૨–'૩૩ આજે મેજર જમનાદાસની વાત કરી ગયા. કેવી રીતે એનો પંદર પાનાંનો કાગળ અહીં આવ્યો, કેવી રીતે એમણે એને ભાષાન્તર ખાતામાં મોકલ્યો, કેવી રીતે એની પાછળથી તપાસ આવી અને કેવી રીતે મૅક્સવેલે લખ્યું કે આ કાગળ રાજદ્વારી કારણોસર ન આપી શકાય! અને છતાં — આ બધું છતાં — જમનાદાસને અહીં હાજર થવાને માટે હુકમ મળી ગયા છે!

બાપુ આજે રામદાસને અને જમિયતસિંગને મળ્યા. જમિયતસિંગને કહ્યું કે શીખ જથ્થાઓનો અસ્પૃશ્યતાની બાબતમાં ઉપયોગ ન કરી શકાય, ખાસ કરીને મંદિરપ્રવેશની બાબતમાં; પણ શીખો જરૂર હરિજન ઑફિસમાં રહે, અને પરચૂરણ હરિજનકામ જરૂર કરે.

એણે પોતે દંડ ભરીને બહાર નીકળવું કે નહીં એ વિષે પણ પૂછ્યું. જુવાન સ્ત્રી આવતા મહિનામાં છૂટશે તેની રખવાળી કરનાર કોઈ નથી, ઘરબાર નથી એટલે પણ મારે છૂટવું જોઈએ. જમનાલાલજી કહે છે દંડ ભરી દો. આપનો શો અભિપ્રાય છે?

બાપુ કહે: મારો કશો જ અભિપ્રાય નથી. તમને જે સૂઝે તે પ્રમાણે કરો.

પછી અપંગ કેદીઓને વિષે માસિક કાઢી શકાય કે નહીં? એ પણ પૂછ્યું.

બાપુ કહે: જરૂર કાઢી શકાય, પણ તમારી એ કાઢવાની શક્તિ છે કે નહીં એ તમે જાણો. તમને યોગ્ય ચલાવનાર મળશે કે નહીં એ પણ તમે જાણો. બાકી ચલાવવામાં અડચણ નથી.

'રામદાસને જોઈને આજે રડવું આવી જાય' એમ બાપુને લાગ્યું. આ બાપુના જ શબ્દો! બાપુએ કોઈ દિવસ આવી રીતે કોઈનું વર્ણન આપ્યું નથી. રામદાસે દૂધ ન માગવાનો આગ્રહ જ કર્યો અને પરિણામે આ એ ભોગવે છે. આંખો ઊંડી બેસી ગયેલી, ચહેરો ઊતરી ગયેલો અને જરાય નૂર

ન મળે, ટોપી પણ માથામાં ઊંડી ખૂંચી જાય. મેજર પોતે એ દર્શન નહીં સાંખી શકેલ એટલે એણે જ એને હૉસ્પિટલમાં મોકલી આપ્યો.

બીજા કેદીઓની ફરિયાદો રામદાસ સ્લેટ ઉપર લખીને લાવેલા. તેની ચર્ચા કરતાં, ખાસ કરીને કૅમ્પમાં અમારી કમિટી હતી તેવી કમિટી અમને બાંધવા દો એ સૂચના વિષે સુપરિન્ટેન્ડન્ટની સાથે ભારે મતભેદ થયો. રામદાસની સાથે બોલાચાલી થઈ. રામદાસ કહે: જેલ કેમ ચાલે તે તમે જાણતા નથી, કેદીઓ જે કરે તે બધું ગુનો અને અમલદારોનો ગુનો જ નહીં. મેજર ચિડાયો તો ખરો જ. પણ પાછળથી બાપુને કહ્યું: બધી વસ્તુનો નિકાલ થશે, મારાથી રામદાસની સાથે કડક વાત થઈ ગઈ, મને માફ કરશો. એમ કરીને બધી વાતો ઉપર ફેરવી વાળ્યું. વળી કહે: રામદાસ તદ્દન ભોળો છોકરો છે, બધાનું કહેલું માની જાય છે.

બાપુ કહે: એ જ એ છોકરાનો મોટો ગુણ છે. એમ એ નભતો આવ્યો છે અને ઈશ્વર એમ જ એને નભાવ્યે જશે.

કર્ણાટકીઓએ બધાએ ઉપવાસ છોડયા એમ મેજર વાત કરતા હતા.

નરગીસબહેન, પેરીનબહેન, કમળાબહેન અને મથુરાદાસ આવી ગયા. ક્યાંકથી ગપ લાવ્યાં હતાં કે બાપુને વાઇસરૉયનો અંગત મંત્રી મળવા આવી ગયો.

વલ્લભભાઈ કહે: તમે એમને એમ ન કહ્યું, તમારાં મોં તો એવાં નથી લાગતાં કે વાઇસરૉયના અંગત મંત્રીને અહીં આવવાની ફરજ પડે.

પેરીનબહેનનો જુસ્સો જોઈને આનંદ થાય એમ હતું. એ હરિજન વિષે એક બે સવાલો પૂછવા આવી હતી, તે પણ જેલમાં હરિજનોની સ્થિતિ વિષે. બાકી એને શું કરવું એ વિષે કશું વિચારવાનું નહોતું. એને વિષે કહી શકાય 'વિપ્લવ એના જીવનનો પ્રધાન અનુરાગ હતો. એમાં બીજા કશાને માટે સ્થાન નહોતું, પ્રેમને પણ નહીં.' એને જેલમાં પાછી જતાં ન એનો પતિ અટકાવે, ન માતા અટકાવે!

૨૫-૨-'૩૩ રામદાસનો ચહેરો બાપુના હૃદયમાં કોરાઈ ગયો હતો અને પ્રાતઃકાળમાં આજે રામદાસ ઉપર લાંબો પત્ર લખ્યો એમાં નીમુના નાનાના મૃત્યુ ઉપર લખતાં મોક્ષ સંબંધી વિવેચન કર્યું અને પોતાની હરિશ્ચંદ્ર જેવી સ્થિતિ જણાવીને આ બધાનો કરુણ ચિતાર આપ્યો. કાગળ લખ્યા પછી પણ ફરતાં વળી બીજી ઉપમા યાદ આવી. કહે કે: મેજરને તો એના તરફ તિરસ્કાર છે. એને એ ભોળો એટલે ભોટ સમજે અને હું કહેતો જાઉં કે

એ ભોળો છે એ જ મને ગમે છે. એને બિચારાને એમ કે મારો બાપ વણુંયે કરી આપશે. બીજાને દુઃખે દુઃખી થનારને હું શું આશ્વાસન આપું? મારી સ્થિતિ તો યુધિષ્ઠિરના જેવી થઈ પડી હતી. પેલા વસ્ત્ર તાણુતા હતા, ભીમ બૂમો પાડતો હતો, પણુ એ બિચારો ચૂપ રહી જોયાં કરતો હતો. શું કરે?

નીલાની સાથે રોજ વાતો થતી જ જાય છે. દીકરાની પાછળ ભેખ લે, આયાને રજા આપ, ખર્ચ ઓછું કરી નાખ, ભીખ માગવી પડે તો ભીખ માગ અને પછી તારો બાળક પણુ ભીખ માગશે — એ બધાની હા ભણુતી જાય અને કહેતી જાય કે મને ભેખ લેતાં અને એક વાર અમુક વસ્તુ ગળે ઊતરી કે તે પ્રમાણે વર્તતાં સંકોચ થાય એમ નથી.

'સુધર્મ' છાપું કહે છે કે ૧૯૩૪માં હિંદુસ્તાનના જન્માક્ષર એવા છે કે અસ્પૃશ્યોને મંદિરમાં દાખલ કરવાને અંગે ખુનામરકી થશે અને સાત કરોડ માણુસો માર્યા જશે, પોલીસો દારૂગોળો છોડશે.

બાપુ કહે: બ્રાહ્મણો ન માને તો મારામારી તો ખૂબ થવાની જ. આંબેડકર બ્રાહ્મણેતર પરિષદનો પ્રમુખ થયો છે.

વલ્લભભાઈ કહે: બ્રાહ્મણેતરો પણુ માની જતા હોય તો બ્રાહ્મણો કશું ન કરી શકે. પણુ બ્રાહ્મણેતરોનેય અસ્પૃશ્યતા કાઢવી વસમી લાગે છે.

સવારમાં પુષ્કળ કાગળો લખી નાખ્યા. માલવીયજીને કાગળ લખ્યો. આનંદી લેડી ઠાકરસીને ત્યાં રહી છે ત્યાં તેને

૨૬–૨–'૩૩ સૂર્યસ્નાન, કટિસ્નાન, ખોરાકની રોજની વિગતવાર સૂચનાના રોજ કાગળો જાય, એ સૂચનાનો અમલ થાય છે કે નહીં એની તપાસ થાય, રોજ સવારે રિપોર્ટ આવે. આજે રવિવાર અને અમારી ઑફિસ બંધ એટલે નીલાને બહાર ચિઠ્ઠી લઈને આવવાનું કહ્યું હતું. એ બાપડી ચાલતી આવી, ચિઠ્ઠી લાવી, દરવાજે આપીને દરવાજા સામે જવાબને માટે રાહ જોતી તકલી ચલાવતી બેઠી!

આજે નીલાએ આંબા તળે બેસીને શાસ્ત્રીય ઢબે ભંગીકામનો લેખ લખી આપ્યો. કમળાદેવી ચટ્ટોપાધ્યાય આવી. અસ્પૃશ્યતા

૨૭–૨–'૩૩ માટે જ અવાય એમ કહેવડાવ્યું હતું છતાં કોદંડરાવે એ શરત એને સંભળાવ્યા વિના આણી. એને તો બાપુની પાસેથી પોતાના દીકરા વિષે સલાહ લેવી હતી. એને આવેલીને કેમ કાઢી મૂકી શકાય?

આજે 'ક્રૉનિકલ'માં આવ્યું છે કે સરકારે કેદીઓને ૧૯૩૫ સુધી ન છોડવાનો નિશ્ચય કર્યો છે અને ગાંધીજીને ઓછામાં ઓછાં ત્રણ વર્ષ રાખવા છે.

બાપુ: જુઓ હું તો પાંચ વર્ષ કહેતો હતો ના? આ તો બે ઓછાં થયાં.

વલ્લભભાઈ કહે: તમે તો પેલા નાગાના જેવું કરો છો. એને કોકે કહ્યું અલ્યા તારી પૂંઠે બાવળિયો છે, તો એ કહે, ભલે મારે છાંયડો થયો!

આજે 'હરિને ભજતાં હજી કોઈની લાજ' ઘણે દહાડે ગાયું. પ્રેમળદાસ ક્યાં થઈ ગયા, કોણ હતા એ બાપુએ પૂછ્યું પણ મને ખબર નહોતી. આપણને આપણા પોતાના ભક્તો, કવિઓના ઇતિહાસ વિષે કેટલું અજ્ઞાન હોય છે! આ ભજન અતિશય મીઠું છે એમ બાપુએ આ દશમી વાર કહ્યું હશે.

૨૮-૨-'૩૨ આજે સવારે . . .એ . . .ની સાથે થયેલી વાતો સંભળાવતાં બાપુને કહ્યું કે પોતાના મોટાભાઈએ એવી શરતે . . .ને પોતાને ત્યાં આવવાનું કહ્યું કે એ અસ્પૃશ્ય તરીકે રહે. એ રીતે એમણે તેને ત્યાં રહેવાની સાફ ના પાડી.

બાપુએ કહ્યું: એ જ બરોબર છે. ધર્મનું પાલન કરતાં ઘણીયે મુસીબતો પડશે. કુટુંબમાં ભાઈ ભાઈ વચ્ચે અને બાપદીકરા વચ્ચે હું ઝઘડો કરાવવા આવ્યો છું એમ કહેવાય છે એ વાત સાચી. પણ એથી આગળ માણસ પોતે પોતાના અંતરમાં ચિરાઈ રહ્યો છે તે! ધર્મનું પાલન બીજી રીતે કરાવવું અશક્ય છે. આ 'હરિજન' લખવાનું કામ એ પણ મારે માટે એક પ્રકારની તાલીમ છે. લખાવવું તો ફાવતું જ નથી, લખવું જ ફાવે છે. આજે મંદિર વિષે લેખ લખ્યો, એ લખતાં ઠીક વિચાર કરવો પડ્યો.

. . .ના બ્રહ્મચર્યવ્રત વિષે લખતાં નારણદાસને લખ્યું: " . . . નિશ્ચળ રહેશે તો . . . બહેન શાંત થઈ જશે. મારો અચૂક અનુભવ છે કે એમાંથી એક અડગ હોય અને તેની ખાતરી બીજા પક્ષને થઈ જાય તે વખતે બીજો પક્ષ શાંત થાય જ છે. જેમ વહાલામાં વહાલાં મરી જાય તે પણ અમુક કાળે ભૂલી શકાય છે તેમ આ મોહને વિષે છે. મૂળ વાત એવી છે કે બન્નેમાં ઓછીવત્તી નબળાઈ હોય છે એટલે એકબીજાના આધારની જરૂર પડે છે. ખરું જોતાં એ આધાર નથી. એમ કોઈ પાર ઊતરી જતા હોય તો એ અકસ્માત ગણાય. આંધળો આંધળાને કેમ દોરી

શકે? ડૂબતો ડૂબતાને કેમ બચાવી શકે? વિષયી વિષયીને કેમ નિર્વિષય કરી શકે? એમ સીધું પ્રમાણ બાંધી શકાય છે."

સાંજે તેલ ચોળતાં છગનલાલ કહે: કુંભકોણમમાં મંદિરપ્રવેશની સભાઓ ઉપર મનાઈહુકમ થયો છે તેનો પણ ભંગ ન થઈ શકે?

બાપુ કહે: તેનો 'પણ' એટલે શું? આપણે અસ્પૃશ્યતાની લડતમાં સવિનયભંગની ક્યાં છૂટ રાખી છે? અને આ હુકમ તો હજારો માણસો જ્યાં એકઠાં થાય છે ત્યાં લાગુ પાડવામાં આવ્યો છે. ત્યાં શાંતિનો ભંગ થવાનો સાચો ડર હોઈ શકે છે. વળી સનાતનીઓ તો હવે ગુંડાઓ રાખે છે, એમને તોફાન કરવું છે. તો આપણે એમને તોફાન કરવાની કેમ તક આપીએ? આ લડત અહિંસાની છે, તે આ પ્રસંગે તો ખાસ આપણે બતાવી શકીએ છીએ.

આજે રહેવાના યાર્ડમાં જતાં જેલર પૂછે: આપને કામ તો બહુ રહેતું હશે?

૧-૩-'૩૨ બાપુ: હા, છાપું કાઢવું, કાગળોને પહોંચી વળવું, માણસોને મળવું એમાં વખત તો ખૂબ જાય જ ના?

જેલર: વિચાર કરવાનો પણ વખત નહીં મળતો હોય!

બાપુ: સાચું. પણ મારી આખી જિંદગી એમ જ ગઈ છે. મેં કામ કરતાં કરતાં જ વિચાર કીધા છે. વિચાર કરવાને માટે મેં સમય લીધો છે એવું બન્યું નથી, અને મને લાગે છે કે કોઈ માણસ એમ સમય મેળવીને વિચાર કરવા બેસે તો કંઈ નવા વિચાર ન સૂઝે. મારે પોતાને વિષે તો કહું કે હું તો એકના એક વિચારના વમળમાં ચડી જાઉં.

આ જ વિચાર ડંકન ગ્રીનલીસને લખેલા કાગળમાં ધ્વનિત થતો હતો:

"નવા આવનારાને અમારો કાર્યક્રમ કઠણ લાગે છે. આ પૃથ્વી ઉપરના કરોડો લોકો જેવું જીવન ગાળે છે તેવું ગાળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. એ લોકો દિવસભર વૈતરું કરે છે. તેમનાં શરીર જ્યારે મહેનતમજૂરી કરતાં હોય તે વખતે જ તેમને વિચાર પણ કરવાનો હોય છે. રોજનો કાર્યક્રમ સ્વાભાવિક થઈ જાય ત્યારે તે આનંદદાયક થાય છે અને ગંભીર વિચારણામાં પણ આડે આવતો નથી. પણ બધી જાતના વિચાર કાંઈ ઉપયોગી હોતા નથી. આવશ્યકતા સ્પષ્ટ વિચારણાની છે. એ તો સતત યજ્ઞ એટલે કે બીજાની સેવા માટે શ્રમ કરવામાંથી જ આવી શકે."

તેલ ચોળાવતાં બાપુ કહે: આજે ચંદ્રમા સરસ દેખાય છે. એને તો હિલાલ જ કહેતા હશે ને?

હું: હિલાલ તો બીજના ચંદ્રમાનું નામ કહેવાય છે ના? હિલાલે ઈદ કહેવાય છે.

બાપુ: ઈદનો હિલાલ તેમ ત્રાજનો હિલાલ નહીં કહેવાય?

એટલે વલ્લભભાઈ કહે: હલાલ એટલે તો એકે સપાટે બે કરી નાખે એ જ ને? અને શીખોને ઝટકા ગોસ્ત જોઈએ એ જ ના!

બાપુ અને અમે સૌ ખડખડાટ હસ્યા!

* * *

નીલાનાગિનીની તપાસ હજી ચાલી રહી છે. કાકાને મેં કહ્યું: બાપુને આ જિંદગીમાં ઘણી ન ગમતી વસ્તુ કરવી પડી છે. નાનપણમાં વૈદ્યકીય અભ્યાસ કરવો હતો, પણ જીવતાં પ્રાણીને ચીરવાં પડે તેથી ભાગેલા. એ જ કામ — જીવતાને ચીરવાનું એમને આજે અનિચ્છાએ કરવું પડે છે. આ જુઓની નીલાને જીવતી ચીરવાનું જ ચાલી રહ્યું છે ના!

અને સાચે જ એમ હતું. એની જિંદગીનાં એક પછી એક એમ વધારે પડ ખૂલતાં જાય છે. આજે કહે છે કે રૂ. ૧૫,૦૦૦ નું કરજ મને થઈ ગયું છે. એ તો કોણ આપે? પણ કદાચ મહારાજા . . . આપે તો આપે!

૨–૩–'૩૩ . . .ના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની જ દૃષ્ટિએ એના લગ્નની વાત બાપુએ ઉપાડી અને નારણદાસભાઈને ચાંપતા ઉપાય લેવાનું કહ્યું. . . .ના વિચાર જાણ્યા, . . .ને છૂટી જવાની ઇચ્છા થાય તો તેમ કરવાની છૂટ આપી અને . . .ના બાપને લખ્યું કે તમને પસંદ ન હોય તો પછી તમે જ જવાબદારી ઉઠાવજો. નારણદાસભાઈ દૃઢતાથી વર્ત્યા અને . . .ને સરખા રહેવાની ફરજ પાડી. . . .ના વર્તનથી તેને માટેનું માન અતિશય વધી જાય છે. બે ત્રણ વરસ થયાં એ રોકાઈ રહેલ છે. હજી રોકાવાને તૈયાર છે. અસ્પૃશ્ય બાળાને પરણવા આનાકાની નથી. અસ્પૃશ્યો ઉપર વર્તતા ત્રાસમાં ભાગ લેવાને એ સંબંધ જોડવાની તૈયારી એ બતાવે છે. છતાં રખેને બાપુના હરિજન કામને આ લગ્નથી ધોકો પહોંચે, સનાતનીઓ બખાળા પાડીને લોકોના મનમાં ભ્રમણા પેદા કરે, એ દૃષ્ટિથી લગ્નની ઉતાવળ ન થાય એ કદાચ સારું હોય. આટલી તટસ્થતાથી વિચાર કરનાર બહુ ઓછા વર જોવામાં આવે છે. બાપુ એના કાગળથી ખુશ થયા. ચૌદમીનાં લગ્ન નિરધાર્યાં છે તેની ખબર બધાંને આપી અને એ બધાંને તથા . . .ને અને નારણદાસ તથા . . .ને આ વિષે કાગળો લખ્યા. બધા કાગળો

વાંચીને મારી આંખ હર્ષાશ્રુથી ઊભરાઈ. . . .વિષેનો બાપુનો પ્રેમ આ કાગળોમાં છલકાઈ રહ્યો તે જોયો અને ઘડીક વાર એમ થઈ ગયું કે બીજા સંજોગો ગમે તેવા હોય છતાં . . .ને વિષેનો આટલો પ્રેમ કદાચ બાપુને ચૌદમીએ . . .ના વિવાહ કરવાને માટે છોડાવે તો આશ્ચર્ય નહીં થાય. એને હું પ્રેમનો એક ચમત્કાર ગણું.

. . .ને લખ્યું તે યથાર્થ હતું:

"તમે હું ન ધારું તેવી પારમાર્થિક વૃત્તિ કેળવી જણાય છે, એટલે મને મુદ્દલ સંકોચ નથી રહ્યો. તમારી વૃત્તિ સદાય એવી જ રહો. તમે જેવી તેવી જવાબદારી માથે નથી લેતા. તમારા હાથમાં દાદાની લાજ રહેલી છે. હિંદુ ધર્મની કહો તો તે પણ બહુ અંશે છે. તમારું આ જીવન શોભશે તો નિંદા કરનાર પણ સ્તુતિ કરતા થઈ જશે."

આ લખીને ઘણા દોષોવાળી પણ થોડા ગુણોવાળી . . .ના ગુરુ અને મિત્ર બનવાની શિખામણ આપી. છેવટનાં એ વાક્ય જોવા જેવાં હતાં:

"હું હાજર નહીં હોઉં તેનું દુઃખ ન માનશો. મારું શરીર અહીં હશે પણ આત્મા તો તમારી પાસે હશે ને તમને બંનેને નિહાળ્યાં જ કરશે, ને તમારી ચોકી કરશે."

આપણે સૌને વિષે 'મારો આત્મા તમારી ચોકી કરશે' એવો આશીર્વાદ બાપુ આપે તો કેવું થાય! પણ આપણે તો ઘણી વાર એ ચોકી માગીએ છીએ અને છતાં એ ચોકી થતી દેખી નથી શકતા. અહીં તો બાપુએ પોતે ચોકી કરવાની પોતાની અભિલાષા બતાવી છે, અને બાપુની કઈ અભિલાષા પૂર્ણ નથી થઈ?

નારણદાસભાઈ તથા . . .ને લગ્નની ઝીણી ઝીણી વિગતો લખી. ધોતિયું કોણે આપવું, સાડી કોણે આપવી, વગેરે અને પછી . . .બહેનને લખ્યું: "સગા દીકરાના વિવાહમાં જેટલો પ્રેમ રેડો એટલો આમાં રેડજો. . . .ને માબાપની ખામી ન જણાય એમ બધી બહેનો વર્તજો."

નારણદાસભાઈના કાગળમાં લગ્નની બધી વિગતો ઝીણવટથી વર્ણવીને . . .વિષે સ્તુતિ કરી. ". . .ના કાગળો મને મુગ્ધ કરે છે. લખે છે તેવો નીવડે તો તે પૂર્વનાં પુણ્ય લઈને . . . પાસે ગયેલો હોવો જોઈએ. અને . . .નો પ્રેમ પણ અવર્ણનીય હોવો જોઈએ. તેની તાલીમ કેવી!"

નીલાના વધુ અને વધુ થર ઊખડતા જાય છે. ૧૫,૦૦૦ સુધીનું કરજ કર્યાનું કબૂલ કરે છે ને મહારાજા કદાચ ભરી આપે એવી આશા પણ રાખે છે!

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'નો મૅફરે આવ્યો. હંમેશની જેમ હરિજન કામની ખબર પૂછીને ચાલ્યો જતો હતો, પણ જતાં જતાં સહજ એક સવાલ પૂછ્યો : જમનાદાસના સ્ટેટમેન્ટ વિષે કશું કહેવું છે ?

બાપુ કહે : એ તો પોલિટિકલ વાત થઈ ના ?

એટલે કહે છે કે સાચું. પણ જરા થોભીને પૂછ્યું : પણ અમે રજા મેળવીએ તો પછી અમારી સાથે વાતો કરો ખરા કે ?

બાપુ કહે : તો વાત કરું ખરો પણ મારે તમને મળેલી પરવાનગીને તપાસી જવી જોઈએ અને એ જોયા પછી મને સંતોષ થાય અને મને પણ તમારી સાથે વાત કરવાની છૂટ હોય તો પછી સિદ્ધાંત અને નીતિ વિષે હું છૂટથી વાતો કરી શકું. આજે તો મારું મન કોરું છે. પણ બંધન ઊઠ્યા પછી મનમાં સૂઈ રહેલા વિચારો ફટાફટ ઊભા થાય અને હુમલો કરે.

મૅફરે : આજે તમે ચાલુ ઘટનાઓ ઉપર વિચાર નથી કરતા ?

બાપુ : ટિમ્બકટુમાં બેઠેલો માણસ વિચાર કરે એના કરતાં વધારે નહીં. મારું મન જ એવું યંત્ર જેવું છે કે જ્યારે હું નિશ્ચય કરું કે અમુક વસ્તુનો વિચાર નથી કરવાનો એટલે હું તે વિચાર કરવાને અશક્ત બનું છું. તમે મહાદેવને વર્તમાન ઘટનાઓ વિષે મારા વિચાર પૂછો તો એ પણ ન કહી શકે, કારણ એમ છે કે મને પોતાને ખબર નથી અને એની મેં કાંઈ ચર્ચા કરી નથી હોતી.

મૅફરે : હું તો એમ ન કરી શકું.

બાપુ કહે : હું એ કરી શકું છું અને એને ઈશ્વરની એક અદ્ભુત બક્ષિસ માનું છું.

મૅફરે : પણ પરવાનગી મળે તો દરેક બાબત ઉપર ચર્ચા કરો કે?

બાપુ કહે : બહારની વસ્તુઓના અજ્ઞાનને લીધે વિગતોની હું ચર્ચા ન કરી શકું, પણ સિદ્ધાંત અને નીતિ વિષે ચર્ચા કરવાને અડચણ ન આવે.

આટલી વાત કરીને એ માણસ ગયો, દસેક મિનિટમાં આખો તાર ટાઈપ કરીને લઈ આવ્યો અને બાપુની પાસે તપાસાવ્યો. બાપુએ આરંભિક વાક્યો મૂકી દીધાં અને કેટલોક મહત્ત્વનો સુધારો કરી દીધો. એ માણસની ઈમાનદારી વિષે મને ભારે માન થયું. 'રખેને મારાથી ગાંધીને અન્યાય તો ન થાય' એ જ લાગણી મેં એ માણસમાં હંમેશાં જોઈ છે.

બીજો મૂર્ખો રિપોર્ટર ઊભો ઊભો આ સાંભળતો હતો. મેં એને કહ્યું : જો, આ કેવી સરસ કૉપી લઈ ગયો. એટલે એણે પણ થોડું પૂછ્યું:

હરિજનકામમાં પડ્યા છો એટલે સવિનયભંગની લડત હવે રહી નથી એ વાત સાચી?

બાપુ કહે: હિમાલય કેવડો એમ કોઈ પૂછે અને પછી એક કહે ૨૫,૦૦૦ ફીટ અને બીજો કહે ૨૩,૦૦૦ ફીટ એવી વાત થઈ.

પેલો: તમે કેટલા ફીટ કહો?

બાપુ: ૨૯,૦૦૦.

આટલો ભાગ પણ એ કાંઈ ભાંગરો ન વાટે એટલા માટે મેં એની પાસે સુધરાવ્યો. પણ એણે પેલો મેંફરેવાળો ભાગ ચોર્યો અને મોકલાવ્યો હોય તો!

૩-૩-'૩૩

મારી ધાસ્તી સાચી પડી. એણે પેલો ભાગ ચોર્યો અને મનસ્વી રીતે લખીને મોકલ્યો. બાપુએ એને સમજાવ્યો કે એમાં ગંભીર ભૂલો છે, પણ એનામાં એ સમજવાની શક્તિ ન હતી. મારા દુઃખ અને ચીડનો પાર નહોતો. બાપુને પણ ચીડ ચડી, પણ બાપુએ પોતાની અપાર ક્ષમાથી ઉદાર દૃષ્ટિ બતાવી. એક બે વાક્યો એને ઠપકો આપતાં બાપુએ કહ્યાં તે સાંભળવા જેવાં છે:

ઈશ્વરની કૃપા છે કે મારે મારી પોતાની નમ્ર રીતે દુનિયાને કાંઈક નવું જ આપવાનું છે. હું જે રીતે એ મૂકી શકું તે રીતે બીજો કોઈ એ મૂકી શકે એમ નથી. પણ હવે કાંઈ કરવાપણું રહેતું નથી. બગડવાનું બગડી ચૂક્યું છે. પણ ભવિષ્યને માટે તમારી ઑફિસને ખબર આપજો કે અહીંથી જે કાંઈ મોકલવામાં આવ્યું હોય તેમાં મીઠુંમરચું ન ભેળવે. મારા સંદેશા હું જે શબ્દોમાં આપું એ જ શબ્દોમાં તે છાપે અથવા બિલકુલ ન છાપે. એ. પી. આઈ. પણ આ શરતે મારા સંદેશા લેવાનું બંધ કરશે તો તેની મને પરવા નથી. દુનિયાને હું જે સંદેશો આપવા ઇચ્છું છું તે માટે હું કોઈ વર્તમાનપત્રોની એજન્સી ઉપર આધાર રાખતો નથી.

નીલાને ચીરવાનું (vivisect કરવાનું) આજે વધારે ચાલ્યું. બાપુ સખ્ત નિર્દય થઈને સવાલો પૂછ્યે જતા હતા અને પેલી નફ્ફટ થઈને જવાબ આપ્યે જતી હતી. વચમાં બાપુએ કહ્યું: મને તારામાં વિશ્વાસ હોત અને એમ માનતો હોત કે તું નાદાન અને નિર્દોષ છે અને મારો તારા ઉપર કાબૂ છે તો હમણાં મેં તને એત્રણ થપાટ ખેંચી કાઢી હોત. પણ હું જાણું છું કે તારા ઉપર કશી અસર થતી નથી.

વધુ પડ ઊખડયાં. બાપુ સ્તબ્ધ થઈ ગયા. એ બાઈની કેટલી વાત માનવી અને કેટલી ન માનવી એ સવાલ થઈ પડયો અને કયાં સુધી મોં આપવું એ પણ સવાલ થઈ પડયો. એને તો બાપુએ કહી દીધું: તારામાં જરા સરખીય હિંમત હોય તો છોકરાઓને કહી દે કે મારું જીવન મેલું છે, મેં તમને છેતર્યા છે, મને કોઈ મા કહેશો નહીં. એ કામ પણ છોડી દે. પાપના પ્રાયશ્ચિત્ત તરીકે પોતાને મનગમતાં કામનો પણ ત્યાગ કરવો જોઈએ. જગતને જાહેર કર કે હું તો હરિશ્ચંદ્રની જેમ વેચાવાને તૈયાર છું. મને અને મારા દીકરાને ખરીદવા હોય તો ખરીદી લો, તો તારું હિંદુ ધર્મમાં આવેલું પણ કાંઈક પ્રમાણ છે, નહીં તો બધું મિથ્યા છે. સાંજે નિસાસો નાખીને બોલ્યા: હજી કાલે કેટલાય ઝેરના કટોરા પીવા બાકી હશે. કોણ જાણે છે?

વલ્લભભાઈએ ઠીક કહ્યું કે: બાપુ આશા રાખે એવી કાયાપલટ તો અસાધારણ માણસની થાય, એને માટે સંસ્કાર જોઈએ. શલ્યાની અહલ્યા થઈ એ વાત સાચી, પણ એને માટે પ્રથમ અહલ્યાની શલ્યા થવાની જરૂર હતી ના? માણસ પોતાના પાપે પ્રજળીને પથરો અથવા કોયલો થઈ જાય તો પછી તેને કોઈ સાધુના ચરણસ્પર્શે હીરો બનવાની આશા રહે, નહીં તો કોઈનો પણ સ્પર્શ એને કશું ન કરી શકે.

આનંદશંકર અને સુંદરમ આવી ગયા. સુંદરમને તો પોતાની રીત પ્રમાણે આઈનસ્ટાઈન અને બીજા અનેક મોટા માણસને વિષે વાતો કરવાની હતી, પોતાનાં ભાષણો વિષે અને કોઈ વિદ્યાર્થીને હાથે ચાલતી હરિજન-શાળા, જેમાં પોતે કોક વાર ડોકિયું કરે છે, એની વાત કરવાની હતી. આનંદશંકરે બંને બિલમાંથી એકેનો અભ્યાસ કર્યો નહોતો. સુંદરમ કહેતો હતો કે એને પોતાનું મન ખબર નથી, ઘડીક વાર પંડિતજી સાથે હોય છે ને ઘડીક વાર બાપુ સાથે. છતાં બાપુએ એમને ધીરજથી બધું સમજાવ્યું અને આશ્વાસન આપ્યું કે પંડિતજીને કહેજો કે જો પ્રથમ બિલ પાસ થઈ શકતું હોય તો બીજા બિલનો એમને પોતાને કશો આગ્રહ નથી, અને એ ઉપરાંત જો તેઓ તસ્દી લઈને આવી જાય તો ઘણું સારું થાય જેથી અનેક ગૂંચવાડા થતા અટકે.

જમનાદાસની માફી પછી આજે સેતલવાડને શૂર ચઢયું છે અને એ બાપુને ઉપદેશ સંભળાવે છે કે રાજ્યપ્રકરણમાં તમને ગમ ન પડે. તમે તો આ ભંગીઉદ્ધારનું કામ એઠા એઠા કર્યા કરો.

વલ્લભભાઈ કહે: આજે રાજાજી અને દેવદાસ આવે છે તેને કહેજે કે તમે દિલ્હી ગયા તેનું પરિણામ એટલું અવશ્ય આવ્યું

૪–૩–'૩૩ છે કે જમનાદાસે માફી માગી, સેતલવાડે આ ઉપદેશ-વચનો બહાર પાડ્યાં અને બીજાં નિવેદનો હજી નીકળશે.

મીરાબહેનને કેદીની ફરજ સમજાવી, કેદીના અધિકારની પણ વાત કરી:

"કાગળ લખવાનો કેદીઓ હક ન કરી શકે. એટલે જ્યારે ન લખવા દેવામાં આવે ત્યારે કશું ઝૂંટવી લેવાયું એમ નથી. ધર્મ જેને સાધારણ જીવનમાં પોતાનું કર્તવ્ય કહે છે તે જેલજીવનમાં બીજાની પાડેલી ફરજ થાય છે, અથવા એમ દેખાય છે. પણ આપણે માટે તો એમ કહેવું એ પણ બરાબર નથી. એક રીતે આપણે તો સ્વેચ્છાએ કેદી બનેલા છીએ. તેથી કોઈ પણ છૂટ ખેંચી લેવામાં આવે અથવા તો અધિકારીઓને ગમે તે પ્રમાણે તેનું નિયમન કરવામાં આવે ત્યારે આપણા ઉપર કશું દબાણ થયું એમ આપણને લાગે જ નહીં. જરૂર પડે તો તારા કાગળો સિવાય હું ચલાવી શકું એમ છું. એ જ પ્રમાણે તારા દિલને કેળવવું જોઈએ, અને એમાં સુખ માનવું જોઈએ. એક રીતે તો દરેક માણસ પોતાને જ્યારે એ વસ્તુઓ ન મળે ત્યારે એ વિના ચલાવી લેતાં પોતાની જાતને કેળવે જ છે. ગીતા-ધર્મનો અનુયાયી સુખપૂર્વક, ગીતાની ભાષામાં સમતાપૂર્વક, એવી રીતે વસ્તુઓ વિના ચલાવી લેતાં પોતાને કેળવે છે. ગીતાનું સુખ એ દુઃખથી વિરોધી નથી. એના કરતાં ઊંચી સ્થિતિ છે. ગીતાના ભક્તને સુખદુઃખ જેવું કશું નથી. અને એ અવસ્થાએ પહોંચાય ત્યારે હર્ષશોક, જય અજય, લાભ અલાભ કશું રહેતું નથી. આપણે જો ગીતાશિક્ષણનો અમલ કરતાં શીખીએ તો જેલજીવન ભારે લાભદાયી છે. કારણ બહાર કરતાં જેલમાં આવું બધું કરવું વધારે સહેલું છે. બહાર તો આપણે અનેક વસ્તુઓમાંથી પસંદગી કરવાની હોય છે. એટલે હંમેશાં આપણે આપણી પરીક્ષા કરી શકતા નથી. જેલમાં અણગમતા પ્રસંગો ઘણા બને છે. આપણે સમતા-પૂર્વક એ સહી લઈએ છીએ કે નહીં? જો સહી લઈએ તો આપણે જીત્યાં."

શિવપ્રસાદ ગુપ્તાની ભયંકર માંદગીના ખબર આવ્યાં કરે છે. કાલે તો બાપુ કહેતા હતા: આપણે કદાચ એને ખોવા પડશે. આજે એના મંત્રીને લખ્યું: "શિવપ્રસાદસે કહો કિ અખબાર પઢના છોડ દે, ગીતા પઢે યા યોગવાસિષ્ઠ યા રામાયણ – બાલકાંડ યા ઉત્તરકાંડ પઢે, અથવા સુક્રાતકા મૃત્યુ પર સંવાદ. જગતકા ચક્ર ભગવાનકે હાથમેં છોડ દેવે."

બાપુના મીરાબહેન ઉપરના કાગળના ઉતારા પરથી એક વિચાર આવે છે. બાપુને વિષે કોક વાર મને થઈ જાય છે કે दुःखेष्वनुद्विग्नमनाः

सुखेषु विगतस्पृहः એ પાળવું બાપુને માટે પણ બહુ કઠણ હશે. . . .નો કાગળ આવ્યો. તેમાં એમ લખ્યું છે કે હવે અમને એમ લાગે છે કે અમે એક મહા ઉચ્ચ શિખરેથી ઊતર્યાં છીએ. વળી બાળકો થાય તો ગરીબીનું વ્રત પાળવું પણ મુશ્કેલ થઈ પડે અને અમે એકબીજાના પ્રેમમાં ગૂંથાઈ જઈએ અને વિશ્વપ્રેમની શક્તિ ખોઈ બેસીએ એથી અમે લગ્નનું માંડી વાળ્યું છે. આ કાગળની ખબર પડી એટલે બાપુ કહે: ખરો, . . . ખરો. એને ધન્યવાદનો તાર કરવો છે.

મને આ વધારાપડતું લાગ્યું. મેં બાપુને કહ્યું: મને કાગળમાં સચ્ચાઈની છાપ લાગતી નથી.

બાપુ ચોંક્યા. મને કહે: એમ કેમ કહો છો?

મેં કહ્યું: હું ઠીક વિચારપૂર્વક કહું છું. મને લાગે છે કે બાળકોની અને બીજી દલીલો જે કરી છે તે દલીલો તો એને લગ્નનો નિશ્ચય કર્યા પહેલાં સૂઝવી જોઈતી હતી. આ લગ્નનો વિચાર માંડી વાળ્યો છે એનાં બીજાં ઘણાં સબળ કારણો હોવાં જોઈએ. એ દિલ ચોરીને વાત કરે છે.

બાપુ કહે: જુઓ, માણસને અનેક કારણો હોય, પણ આખરે એક કારણે તે નિર્ણય ઉપર આવે તેમ આ વિષે હોઈ શકે.

મેં કહ્યું: તેવું કારણ આ ન હોઈ શકે. એના આશ્રમમાં ખળભળાટ થયો હશે, . . .ની ધમકીઓ પણ ગઈ હશે, એટલે હવે એનાથી ઝીક ઝિલાતી નથી. પણ સંભવ છે કે હું એને અન્યાય કરતો હોઉં. જો એમ હોય તો એની માફી માગવાને તૈયાર છું.

બાપુ: તમે એને કાગળ લખો.

આટલી ચર્ચાને પરિણામે બાપુએ એને તાર કરવાનો તો માંડી વાળ્યો. સાંજે કાકા એનો એ દિવસ પછીનો લખેલો પરિપત્ર લઈને આવ્યા, તેમાં નવી જ વસ્તુ હતી. તેમાં આશ્રમમાં ઊથલપાથલ થાય એનો સ્પષ્ટ ધ્વનિ છે, બીજી પણ વાતો છે, અને જ્યારે બાપુના કાગળમાં બન્નેનો ભાઈબહેન તરીકે રહેવાનો નિશ્ચય છે ત્યારે આ કાગળમાં છે: "અમે પ્રયત્નવાન રહીશું. પ્રયત્ન શબ્દ અમે ઇરાદાપૂર્વક વાપરીએ છીએ. બ્રહ્મચર્ય અમને ગમે છે, પણ લગ્નનો તિરસ્કાર કરી શકતાં નથી."

આ બધું વાંચીને સાંજે બાપુ કહે: મહાદેવ જે અર્થ મૂકતો હતો એને માટે કારણ છે ખરું. હું હવે એને ખખડાવીને કાગળ લખવાનો છું.

નીલાનું પ્રકરણ આજે વધારે ભયંકર અને કરુણ બન્યું. એને વિષે વાત કરતાં બાપુ કહે: વલ્લભભાઈ, આજે તમે મને હસતો જોશો તો તે ઉપર ઉપરથી જ. મારું હૃદય તો રડી રહ્યું છે. આ છોકરીએ તો

સડવામાં કાંઈ કચાશ નથી રાખેલી. મને લાગે છે કે હવે આટલું બધું જાહેર કરીને એ મારી પાસેથી તો કાંઈ ઢાંકતી નહીં હોય. છતાં મેં એને કહ્યું: હું તને ઢાંકી નથી શકતો, તારો હાથ ઝાલી નથી શકતો. હું લાચાર છું. તું પાનું ફેરવી શકે એવી શ્રદ્ધા મને હજી બેસતી નથી એટલે શું કરું? છતાં પોતાનાં પાપોનો જાહેર એકરાર કરવાને તૈયાર થઈ છે. મને લખીને બતાવી ગઈ. હવે તો થાય તે ખરું.

મેં કહ્યું: આપની પાસે એ રડી, પણ મારી આગળ એ લખતાં લખતાં અનેક વાર ગાંડાની જેમ હસતી હતી. અને મારે એને કહેવું પડ્યું કે બેંગલોર તું પહોંચે એ પહેલાં તું ગાંડી થઈ ગઈ છે એવો તાર આવે તો મને આશ્ચર્ય ન થાય.

બાપુ કહે: ઠીક કહ્યું. મને પણ આશ્ચર્ય ન થાય.

વલ્લભભાઈ ગઈ કાલની જેમ કહે: બાપુ, આ તો કાજળની કોઠીમાં હાથ ઘાલવા જેવું છે. એ ન સુધરે. એને માટે સંસ્કાર જોઈએ.

બાપુ: એથી તો મેં એને સંઘરી નહીં. મેં એને કહ્યું, આજે તારો હાથ ઝાલનાર તો ભગવાન છે. આજે તું વેચાઈ જવાની સ્થિતિમાં પણ નથી. માત્ર તું બધા છોકરાઓને ઠગી રહી છે, તેમની આગળ ખુલ્લી પડ અને તેમની માફી માગ.

હું સ્તબ્ધ થયો અને ન થયો. કારણ આ અનુભવ નવો નથી. અને છતાં એ બાઈ ઉપર તિરસ્કાર નથી થતો. એણે જે કર્યું તે પાપ છે એમ માનીને નથી કર્યું. એ બધું થઈ શકે એમ માનીને કર્યું છે. એ જો પોતાનું જીવન પાપમય છે એમ સમજી જાય તો એને સુધરવાની આશા નથી એમ ન કહેવાય. કેટલાક સ્વભાવોને વિષે, જ્ઞાન એ શક્તિ છે (knowledge is power) અને પવિત્રતા એ જ્ઞાન છે (virtue is knowledge) એ બંને સાચાં છે, કેટલાકને માટે — जानामि धर्मं न च मे प्रवृत्तिः । વાળા સ્વભાવનાને માટે — પ્રવૃત્તિ સિવાય બીજો કોઈ આરો નથી.

રાજાજી અને દેવદાસ આવ્યા. રાજાજીની સાથે બાપુએ બહુ વિનોદ કર્યો. ટ્રસ્ટીઓની પાસે મંદિરો ઉઘડાવવાં. પણ જ્યાં બહુમતી મંદિર ખોલવાનું માગે ત્યાં સનાતનીઓ ઉધમાત ન કરે એવું વચન આપે તો બીજું બિલ ખેંચી લેવરાવવું અને પ્રથમનું પસાર કરાવવું એ મત રાજાજીને જણાવ્યો, અને એ જ વસ્તુ લઈને મથુરાદાસ માલવીજી પાસે ગયા છે એમ કહ્યું. રાજાજી તથા શંકરલાલ માનતા જણાયા કે ૨૪મીએ બિલ દાખલ થવાનો ૫૦ ટકા સંભવ છે.

કાકાના વર્ણાશ્રમના ખ્યાલ અને બાપુના ખ્યાલ વચ્ચે ઠીક ફેર જણાયો.

ગોપાલનને બાપુ કહે: 'ટાઇમ્સે' તારું લીધું અને પોતાના ખબરપત્રીનું ન લીધું, એનું કારણ કે તારું મને ખરાબ રૂપમાં મૂકે છે, જ્યારે મારું મને સારા રૂપમાં દેખાડે છે અને 'ટાઇમ્સ' મારી મજાક કરવાની તક કેમ ગુમાવે? વાત એ છે કે મારામાં વસ્તુઓને ચોટદૂક રીતે મૂકવાની શક્તિ છે. એટલે મારી પોતાની ભાષામાં ન હોય એવું મારા તરીકે કશું છાપવું જોઈએ નહીં. સ્વચ્છ અને સત્યમય વિચાર અને આચારની જિંદગીભરની ટેવનું એ પરિણામ છે.

. . .ના કાગળોના એકબીજાથી વિરોધી ભાવો અને કાગળોની રસિક ભાષા વાંચીને બોલ્યા: માણસને સારું લખવાની શક્તિ મળી હોય તે પણ બહુ જોખમકારક છે. એ એને કેવી રીતે પાડી શકે છે તે આપણે જોઈએ છીએ.

નીલાની ભયંકરતાના વિચારો આવ્યાં કરે છે, અને છતાં એનામાં જૂઠાણાં અને છેતરપિંડી સિવાય બીજું શું ભયંકર છે?

૫–૩–'૩૩ રશિયાનું ચિત્ર આપતાં હિન્ડસ લખે છે: "વાર્તાની નાયકા કૉલેજની વિદ્યાર્થિની છે. પોતાની સખીને લખતાં ગમગીનીથી તે કહે છે: 'હવે અમારી વચ્ચે કશો પ્રેમ રહ્યો નથી, માત્ર કામસંબંધ જ છે. છોકરીઓ છોકરાઓ સાથે અઠવાડિયા માટે, મહિના માટે, અથવા કોઈ વાર તો એક રાત પૂરતો જ સંબંધ સહેલાઈથી બાંધી શકે છે. જેઓ આવા શરીરસંબંધ ઉપરાંત કાંઈ વિશેષની અપેક્ષા પ્રેમને નામે રાખે છે તેઓની વેદિયા તરીકે હાંસી થાય છે.'

"'મૂન ઑન ધિ રાઈટ' નામની બીજી ઉચ્છૃંખલ નવલકથામાં ટાનિયા નામની નાયિકા બહુ ટૂંકા ગાળામાં ૨૨ લગ્નોમાંથી પસાર થઈ જાય છે અને નિરાશ થઈ આપઘાત કરવાનો પ્રયત્ન કરે છે ત્યાં એક લઠ્ઠ અને નિર્દોષ યુવાન ખેડૂતના નિષ્ઠાયુક્ત પ્રેમથી મુક્તિ મેળવે છે. . . . એક બીજી નાયિકા જેણે બધી જાતની નીતિઅનીતિ નેવે મૂકેલી છે અને કોઈ પણ છોકરો આવી ચડે તેને વેશ્યાની માફક સ્વીકારી લે છે, એવી જેની આબરૂ તેની બહેનપણીઓમાં બંધાઈ છે." વગેરે વગેરે.

આ વર્ણનોમાં આવેલી છોકરીઓ કરતાં આ શું જુદી છે? ફેર માત્ર જૂઠાણાંનો છે. ખરી રીતે આ કથાઓ એટલું બતાવતાં ચૂકે છે કે આવા જીવનમાં અંતે જૂઠાણાં સિવાય બીજું કશું આવી જ ન શકે. જિંદગીનાં જુદાં જુદાં ખાનાં હોઈ શકતાં નથી, એ એક અખંડ વસ્તુ છે,

એક ખાનાનો પ્રકાશ કે અંધારું બીજાં ખાનાંને પણ અજવાળ્યા કે અંધારાં કર્યા વિના રહેતો નથી.

જમનાદાસના નિવેદનમાં અને તેણે આપેલી બાંયધરીમાં રહેલી ‘બહાદુરી’નાં ‘સોશિયલ રિફૉર્મર’ અને ‘ક્રૉનિકલ’ વખાણ કરે છે. વલ્લભભાઈ કહે: હવે તો બહાદુર ગણાવું હોય તો માફી માગીને બહાર નીકળો, અહીં અંદર પડ્યા રહેશો તો બાયલા ગણાઈ જશો.

બિચારો અમારો મેજર જે વસ્તુ જોઈ શકે છે તે પણ આ છાપાં જોઈ શકતાં નથી કે એ નિવેદનમાં કેટલાય અપ્રસ્તુત ભાગો છે. સુલેહ પછી ઘણાએ લડાઈની તૈયારી કરી હતી તો પોતે જેલમાં શા સારુ આવ્યો?

૬–૩–’૩૩ નીલાને હરિજનવાળા શાસ્ત્રીએ કેવી રીતે બચાવી એ વાત નોંધવા જેવી છે. એના ઉપર એક મનીઑર્ડર આવ્યો હતો. શાસ્ત્રી અને એ લેડી ઠાકરસીને ત્યાં પાછાં ફરતાં હતાં. રસ્તામાં પોસ્ટ ઑફિસ આવી. એને ટપાલીએ કહ્યું: તારો મનીઑર્ડર છે, તાર તો એના હાથમાં અગાઉથી આવેલો જ હતો. એણે પ્રથમ મનીઑર્ડર ન લીધો, પણ રસ્તે મનમાં થયું કે લાવો મનીઑર્ડર લઈ આવું. ગાંડાની જેમ ખડખડાટ હસી. શાસ્ત્રી ચિડાયા. એટલે એણે એને વાત કરી.

શાસ્ત્રી કહે: તેં તારો ભૂતકાળ ધોઈ નાખવાનો વિચાર કર્યો હોય તો તો પછી ભૂતકાળમાં સંબંધ રાખનારા માણસો પાસે ભેટ ન સ્વીકારાય.

પેલી કહે: આ ઈશ્વરની મદદ ન હોય? જ્યારે મારી પાસે એકે પૈસો નથી ત્યારે ભીડમાં ઈશ્વરે જ આમ અચાનક મદદ ન મોકલી હોય?

શાસ્ત્રી: આવી રીતે પ્રથમ પગલે જ તારા રસ્તામાં લાલચ મૂકીને ઈશ્વર તારી કસોટી નહીં કરતો હોય? આટલાથી પેલી ચેતી અને એ પૈસા ન જ લેવાય, એમ કહીને આગળ ચાલી.

એક નવા હરિજન કાર્યકર્તા અને એક ઑફિસ કારકુન વચ્ચે સંવાદ:

સ૦: તમે ખાદી હંમેશાં પહેરો છો?

જ૦: ના. નિયમિત રીતે ન કહી શકું, કારણ કલકત્તામાં હતો ત્યારે સ્વદેશી કપડાં પહેરતો હતો.

સ૦: પણ તમે આ કામમાં આવીને પડ્યા તે પહેલાં તમને શો પગાર મળતો હતો?

જ૦: ટાટાને ત્યાં ૯૦૦ મળતા. પછી પગાર અને કમિશન મળીને પણ એટલું જ મળતું. ઘર, કાર, વગેરે હતું.

સ૦ : ત્યારે એ છોડીને તમે અહીં આવ્યા ?

જ૦ : હા, આજે સવારે કાગળ આવ્યો અને બપોરે મેં રાજીનામું આપ્યું.

સ૦ : આ ગાંડપણ તે કેવું ? આ તો આજકાલ માણસો ઘણાખરા જેલમાં ચાલ્યા જાય છે એવું થયું.

જ૦ : ના, છેક એટલું બધું હું નથી માનતો, પણ કંઈક એવું ખરું.

સ૦ : અહીં પગાર કેટલો મળશે ?

જ૦ : અહીંના પગાર અને પેલામાં કંઈ સરખામણી નથી.

સ૦ : તોપણ કેટલો ?

જ૦ : પંચોતેર.

સ૦ : શી વાત કરો છો ? તમે કુટુંબનું ભરણપોષણ કેવી રીતે કરશો ?

જ૦ : મારી પાસે પાછલી કમાણીમાંથી પચાસ રૂપિયા વ્યાજ આવે છે. અને પાંચદશ રૂપિયા વધારે જોઈએ તો હું મહાત્માજી પાસે માગી શકું છું.

સ૦ : ઓહો, એટલે તમારા પોતાના પૈસા ખરચીને આ સેવા કરો છો. . . . મારાથી એ ન થાય. મારે દશ માણસનું પોષણ કરવાનું છે. મને તો દશ રૂપિયા વધારે મળે તો આ છોડી જાઉં.

હરિભાઉ અને રાજભોજ આવી ગયા. અસ્પૃશ્યોને હિંદુધર્મીઓ ગણવામાં આવે તો પછી એને કયા વર્ણમાં ગણવા એ
૭–૩–'૩૩ વિષે ચર્ચા થઈ. બાપુ કહે : બધાનો જ વર્ણ શૂદ્ર છે. કારણ બધા પોતાના ધર્મથી ચ્યુત છે. એટલે હરિજનો પણ શૂદ્ર ગણાય. પછી હરિજનો જેવાં કામ બતાવશે અને પોતાને જે ગણાવતા થશે તે રીતે ગણાવાના. જો ત્રણ વર્ણો પોતાનું અભિમાન ન તજે અને ઊંચનીચનો ભેદ માન્યાં જ કરે તો પરિણામ એ આવશે કે એમાંના ઘણા ઉચ્ચ ગણાતા મટી જશે અને પેલામાંના ઘણા પોતપોતાના ગુણકર્માનુસાર ઉચ્ચ વર્ણમાં ગણાશે.

કાકાસાહેબ પોતાના શિક્ષકના ગુણો દરેક બાબતમાં કેવા દાખવે છે એનો દાખલો. બાપુએ અસ્પૃશ્યતાની હિલચાલ ઉપાડી છે એટલે સવિનય-ભંગનો ત્યાગ કર્યો છે, એવી ટીકા કરનારાઓને કાકા ધીરજથી સમજાવે છે અને કહે છે : ધારો કે તમે અમદાવાદની ટિકિટ લીધી અને ગાડીમાં બેઠા, તો તમે જવાના છો તો અમદાવાદ જ, પણ ગાડીમાં બેઠા પછી

રસ્તે ટ્રેનમાં તમે અનેક કામ ઉકેલી લો તેમાં શું ખોટું? ઊલટું એ તો એક કામ અને દો કાજ સાધ્યાં કહેવાય.

બાપુ આજે ગમ્મત કરીને કહે: સાવરકરે આંદામાનમાં કેટલાં વરસ ગાળેલાં?

અમારામાંથી કોકે કહ્યું: ચૌદ.

બાપુ: ઓહો, ત્યારે આપણે તો હજી ચૌદ વરસમાંથી એક જ ગયું ના? હજી તેર વરસ બાકી છે.

મેં કહ્યું: એટલે તેર વરસ આપણને સૌને ઈશ્વર જિવાડશે એ પણ નક્કી જ ના?

બાપુ: એ તો આપણને અહીં રાખવા હોય તો જિવાડશે જ તો.

પછી કહે: એ લોકોને કશું આપવું નથી, આ લોકોમાં કશું વધારે માગવાની તાકાત નથી. શા સારુ એ લોકો આપણને છોડે? છોડવાનું કશું જ કારણ નથી.

૮–૩–'૩૩ આશ્રમમાં મોટી બહેનોને અભ્યાસની ટેવ પડે એટલા માટે પણ તેમને માટે અંગ્રેજી વર્ગ ખોલવામાં આવે તો સારું, એવી સૂચના બાપુએ કરી હતી. એ વિષે નારણદાસભાઈને શંકા થઈ કે આ તો વિચારમાં પરિવર્તન થયેલું ગણાય. એના જવાબમાં જણાવ્યું: "આશ્રમમાં રહેતી મોટી બહેનોને જે શીખે તે શીખવા દેવું જોઈએ એમ મને લાગે છે. તેઓને ઠેકઠેકાણે પોતાની ઊણપ સાલે છે. તેમાંયે આપણી પરિસ્થિતિમાં ઈંગ્રેજીની વધારે સાલે છે. ગણિત વિના ચલાવાય, ગુજરાતી જેવું તેવું પોસાય, પણ ઈંગ્રેજી નથી આવડતું એટલે મૂંઝાઈ રહે છે. આપણો પરિચય ઈંગ્રેજી સાથે રહ્યાં જ કરશે — રહેવો જોઈએ. ઈંગ્રેજી ભાષા સાથે પણ રહેવાનો. એટલે એઓને એમ થાય કે થોડુંક પણ ઈંગ્રેજી જાણીએ તો તેનો ઉપયોગ તુરત કરી શકાય. આ દલીલ સર્વથા બરોબર છે એમ નથી. પણ તેમાં ઉપર કહ્યું એટલું તથ્ય છે જેથી તે લોભાવનારી થઈ પડે છે. ઈંગ્રેજી શીખવામાં અધર્મ તો નથી જ. બીજું કંઈ શીખવામાં મન ન ચોંટે તો ઈંગ્રેજી શીખવીને પણ આપણે બહેનોને અભ્યાસી કરી મૂકીએ તો સારું છે. મને લાગે છે કે મોટી બહેનો કોઈ પણ રીતે વિદ્યાર્થી જીવન ગાળતી થાય એ ઇષ્ટ છે, જ્ઞાન મેળવે એ પણ ઇષ્ટ છે. તેથી હું માનું છું કે જે જૂની બહેન ઇચ્છે તેને આપણી શક્તિ પ્રમાણે ઈંગ્રેજી શીખવાની સગવડ કરી આપવી જ જોઈએ."

આ ઉપરાંત લક્ષ્મીને વિષે લાંબો કાગળ લખ્યો. એમાં લક્ષ્મીના વિવાહના ઔચિત્ય વિષે લખ્યું અને એ વિવાહને આ હિલચાલની સાથે સંબંધ નથી એ જણાવ્યું.

સવારે મૂર્તિ નામનો છોકરો આવ્યો. આ જ જેલમાં હતો. અહીંથી છૂટીને મુંબઈ ગયો. મુંબઈથી અહીં બાપુની સલાહ લેવા આવ્યો હતો. વાતો કરવાનું ભાન નહોતું. ગમે તેમ બોલતો હતો. એને બાપુએ કહ્યું: હું તને શી રીતે સલાહ આપી શકું? તું મને એમ ના કહેતો કે મુંબઈમાં કે અમુક ઠેકાણે હિલચાલ પડી ભાગી છે. એની સાથે મને સંબંધ નથી. એ હકીકત સાચી હોય તોયે હું કેમ માનું? મારે મન મારી સ્ત્રી પતિવ્રતા છે. એ તો વ્યભિચારિણી છે એમ કોઈ મને આવીને કહે તે હું કેમ માનું? હું તો મારી આંખે ન જોઉં ત્યાં સુધી એને સીતા સાવિત્રી દમયંતીની જેમ જ લેખું. પણ તને વિશ્વાસ ન રહ્યો હોય, તારામાં લડવાની તાકાત ન રહી હોય, આ લડત ચલાવવી તને વાજબી ન લાગતી હોય તો તું છોડી દે.

અસ્પૃશ્યતાને વિષે એણે પૂછ્યું: આ અસ્પૃશ્યતા આજની તો ન જ કહેવાય. પ્રાચીન છે એમ તો ખરું ના?

બાપુ: ના, એ અર્વાચીન છે. હું એને પ્રાચીન નથી માનતો. એ હિંદુ ધર્મનું એક અંગ છે એમ સિદ્ધ થાય તો એ હિંદુ ધર્મનો ત્યાગ કરવામાં હું ક્ષણનો પણ વિલંબ ન કરું. જો અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું અંગ હોય તો એવા સડેલા ધર્મને માટે હું પ્રાણત્યાગ કરવા તૈયાર ન થાઉં. હું તો શુદ્ધ સનાતન ધર્મને માટે પ્રાણત્યાગ કરવા તૈયાર થયેલો છું.

'હરિજન'ની ગુજરાતી આવૃત્તિ માટે પટવર્ધન કાલે જ કલેક્ટરની પાસે ગયા અને ડેક્લેરેશન કરી આવ્યા.

બાપુ કહે: અહીં 'સર્વન્ટો'ની એટલી પ્રતિષ્ઠા છે કે સરકાર માને છે કે આ લોકો કાંઈ કાયદા વિરુદ્ધ ન કરે, અને એવું થાય અને બંધ કરવાનું કહીશું તો બંધ કરશે એ શાખને લીધે આપણને આટલું સહેલું પડે છે.

કાકાએ . . . અને . . . વિષે વિલેપારલેમાં ચાલતી ગપો વિષે પૂછ્યું. અહીં ચાલેલા પત્રવ્યવહારમાંથી હું જાણતો હતો તેટલું કહ્યું. કાર્યકર્તાને માટે કોઈને આંગળી ચીંધવાપણું હોય એ એટલી ભયાનક વસ્તુ છે કે માણસે સો વાર ચેતીને જાહેર કામમાં પડવું. सेवाधर्मः परम गहनो योगिनामप्यगम्यः એ સોનામહોર જેવું વચન છે. એ અનેક વાર સાંભળ્યું હશે. પણ એનું રહસ્ય આવા અને . . . જેવા દાખલાની વાતો સાંભળીએ

છીએ ત્યારે જ બરોબર પ્રતીત થાય છે. આજે જ હરિજનને માટે કાર્યકર્તાની લાયકાતો ઉપર એક મહત્ત્વનો લેખ* લખ્યો.

૯–૩–'૩૩ આજે નારણદાસભાઈ ઉપર એક મહત્ત્વનો કાગળ લખાવ્યો. . . .ની અને બીજાની માંદગીની ચર્ચા કરતાં રોગીઓ માટે આશ્રમત્યાગ એ આદર્શ તરીકે સૂચવ્યો. આ ઉપરાંત પરશરામ કે બીજા જેની સાથે ન નભાવી શકો તેની સાથે છૂટાછેડા કરી શકાય એમ સૂચના કરતાં છૂટાછેડાની છૂટ અને ધર્મ વિષે એક નાનકડું ફિલસૂફીભર્યું પ્રવચન લખ્યું. આશ્રમી અને આશ્રમ વચ્ચે પતિપત્નીનો સંબંધ જણાવ્યો અને છૂટાછેડાની છૂટ અમુક સંજોગોમાં આ સંબંધ વિષે કલ્પી!

સવારના પહોરમાં જ 'હરિજનબંધુ' — ત્રિવેદીજીએ આપેલું નામ — માટે ત્રણ કૉલમના બે આર્ટિકલ લખી કાઢ્યા. આટલું આપવું હશે તો આપી શકીશ, આથી વધારે નહીં આપી શકાય, એમ કહેતા હતા અને થાક સારી રીતે લાગ્યો હતો.

મહત્ત્વના કાગળો લખાવ્યા. ઇસ્ટ ઇન્ડિયન ઍસોસિયેશન (બંગાળ)ને બંગાળના કરાર વિષે, મિરઝાંને નીલાને વિષે, મેરી અને ડંકનને શ્રમજીવીપણા અને તાલીમની આવશ્યકતા વિષે, એમ લાંબા કાગળો લખાવ્યા.

વાસુકાકા જોશી આવ્યા. તે કહી ગયા કે તમે ઉતાવળે કામ ન લો તો અમે તમારી સાથે જ છીએ. કેળકર તમને ગાળો દે, તમારી ટીકા કરે તે અમને પસંદ નથી, એની એકે વાત અમને ગળે નથી ઊતરતી.

વૈકુંઠ મહેતા આવ્યા. એમણે અસ્પૃશ્યતાનિવારણનું કામ કરતા કાર્યકર્તાઓએ લેવાની પ્રતિજ્ઞાની વાત કરી. બાપુ કહે : પગારદાર અને આખો વખત કામ કરનારને માટે પ્રતિજ્ઞા આવશ્યક છે. આ હિલચાલ ખૂબ ચાલે અને આપણા હાથ નીચે પચાસ હજાર કામ કરનારા હોય અને આવી પ્રતિજ્ઞા ન રાખીએ તો હિલચાલના ટુકડા થઈ જાય. બીજું, માણસ જ્યાં સુધી એક કામને વરેલો ન હોય ત્યાં સુધી એ એને પૂરો ન્યાય નથી આપી શકતો.

વૈકુંઠ કહે : કેટલાંય વરસ સુધી એમ જ કર્યું છે, પણ પછી લાગ્યું ક દેશમાં ચાલતા કામકાજથી એમ અલગ થઈને બેઠેલું કેમ ચાલી શકે? એટલે બધી બાબતોમાં અપાય તેટલો ફાળો આપું છું.

---

* જુઓ 'હરિજન' પુ. ૧, અંક ૫.

બાપુ : એ બરોબર. તો એને માટે તો માણુસે પોતાના આદર્શને અનુકૂળ કામ કાઢી રાખવું જોઈએ, અને એ આદર્શને જ અનુકૂળ એ બદલી શકાતું જાય એમ રાખવું જોઈએ. બાકી આ પ્રતિજ્ઞામાં 'રાજદ્વારી બાબતમાં' શબ્દો છે એનો અર્થ સંકુચિત ન કરશો. એનો અર્થ તો સવિનયભંગ એટલો જ. દેવધર, કુંઝરુ રાજદ્વારી બાબતોમાં ભાગ નથી લેતા? છતાં એ લોકો આમાં ભાગ લેનારા છે ખરા ના? આપણે આ પ્રતિજ્ઞામાં એ અર્થમાં એ શબ્દ વાપર્યો છે કે આપણા કાર્યકર્તા છૂપું કામ કરનારા ન હોય કે જેલ જવાના કામમાં ન રોકાયેલા હોય.

પછી સાંપ્રદાયિક કામ વિષે પૂછવામાં આવતાં કહ્યું : આર્યસમાજીઓ અને બ્રાહ્મસમાજીઓ પ્રચારકાર્યમાં ભલે કામ કરે. પણ મંદિરપ્રવેશમાં ભાગ ન લે. વળી ખ્રિસ્તીઓ અને મુસલમાનોની સામે શુદ્ધિની હિલચાલમાં પણ આપણા કાર્યકર્તા ન પડી શકે. એ એ પ્રતિજ્ઞામાં છે ખરું.

અનસૂયાબહેન અને શંકરલાલ આવી ગયાં. મિલોમાં દોઢ લાખ ગાંસડી પડી છે, પચાસ હજાર ગાંસડી વેપારીઓને ત્યાં પડી છે, જાપાનનો માલ આવીને ખડકાયે જ જાય છે, અને મિલોને બંધ થવાનો વખત આવી રહ્યો છે. પહેલી એપ્રિલે કટોકટી (crisis) આવશે, એમ કહેવાય છે.

બાપુ કહે : ગમે તે કરો પણ મજૂરને નિરાધાર દશામાં ન મૂકશો. મિલો ન હોય તો અમે ભૂખે મરીએ એ મજૂરની દશા ન હોવી જોઈએ. હું જાણું છું કે એને કાંતવાનું ન આપી શકાય, ન વણવાનું આપી શકાય. એને માટે કામની શોધ કરવી જોઈએ. અહીં બેઠો હું તમને બહુ દોરી ન શકું. મેં તો મારો અભિપ્રાય બતાવ્યો.

આજે સવારે છગનલાલ જોષીને માટે બાપુને વિષય જડી ગયો હતો. એ કહે: અક્ષર હજી સુધરતા નથી. થોડી થોડી મહેનત

૧૦-૩-'૩૩ કરું છું. એને જવાબ દેતાં બાપુ કહે: થોડી મહેનત કેમ ચાલશે? તમારી સજા કેટલી છે? જેટલું લેવાય તેટલું લઈ લો. મારે તો પાંચ વરસ રહેવાનું છે, પણ તમે પાછા અહીં નહીં આવી શકો. મારે પાંચ વરસ રહેવાનું છે કારણ હું હોરને ઓળખું છું, હોર મને ઓળખે છે. હોર જાણે છે કે હું બહાર નીકળું તો લોકો તો મને સાંભળવાના જ છે. જો લોકો ન સાંભળે તો હરિજનકામમાં પણ શેના સાંભળવાના હતા? પણ હું તો વિશ્વાસી અને આશાવાદી રહ્યો. કામ ઉપાડયું ત્યારે મનમાં હતું કે આમાં બહુ અડચણ ન આવે અને ઝપાટા-

બંધ થઈ જશે. પણ હવે જોઉં છું કે આ કામમાં પણ સરકાર સારી પેઠે અડચણ નાખી શકે છે. જો હિંદુમુસલમાનના જેવી જ સ્થિતિ સનાતની અને સુધારકો વચ્ચે સરકાર કરી મૂકે તો વળી દેશને એમાંથીયે પસાર થવું પડશે. પણ એમાં આપણે શું કરવાના હતા? જેણે એ કામ ઉપાડાવ્યું તે ઈશ્વર જાણે છે. ઈશ્વરને ખુનામરકી કરાવવી હશે તો તેયે કરાવશે.

નરહરિએ એક લાંબો કાગળ લખી જણાવ્યું હતું કે "વસ્તીની વૃદ્ધિ ઉપર અંકુશ રાખવાના બે ઉપાયમાંથી બ્રહ્મચર્યનો ઉપાય સામાન્ય બહુજનસમાજના ગજા ઉપરાંતનો લાગે છે, અને કૃત્રિમ રીતે સંતતિનિયમનનો ઉપાય ભયંકર અને હાનિકારક લાગે છે. ત્યારે કરવું શું?"

એને જવાબ આપ્યો :

"ઉપાય એક બ્રહ્મચર્ય જ છે અને બીજો નથી જ એવી શ્રદ્ધા જેને બેસી જાય એ બ્રહ્મચર્ય કેમ સિદ્ધ થઈ શકે એના જ ઉપાય શોધે. એ સાચી વસ્તુ છે, એમ જાણી તેનો ઉપયોગ લોકો મોટા પ્રમાણમાં કોઈક દિવસ કરશે જ, એવો વિશ્વાસ રાખે અને પોતાની શોધો ચાલુ રાખે. કૃત્રિમ ઉપાયોમાં ડગલે ને પગલે જોખમ છે અને એથી અનીતિ વધે જ છે, એવો વિશ્વાસ પણ સાથે સાથે દૃઢ થવો જ જોઈએ. પણ એમ માની લઈએ કે બ્રહ્મચર્ય પૂરતા પ્રમાણમાં વ્યાપક થાય તેના પહેલાં લોકોને દુઃખ વેઠવું પડશે. આમાં હું કાંઈ અનિષ્ટ જોતો નથી. જેમ એક તેમ અનેક કરશે તેવું પામશે. પણ ઈશ્વર દયાળુ છે. જેને આપણે એની સજા માનીએ છીએ એમાં પણ એની દયા ભરેલી છે. જ્યાં વધારે પ્રજાની ઉત્પત્તિ ત્યાં મૃત્યુનું પ્રમાણ પણ બંધબેસતું હશે. એટલે સરવાળે મનુષ્યનું જગત દીર્ઘકાળ લગી ચાલ્યાં કરવાનું છે. એવા જીવનમાં બહુ રસ નહીં હોય એ સાચું છે. અને તેમાં રસ ન હોય એ જ સારું છે. એ જ્ઞાન પણ લોકોને બ્રહ્મચર્ય તરફ દોરશે. કેમ કે બ્રહ્મચર્ય સ્વાભાવિક થઈ પડે એમાં જેટલો રસ રહેલો છે તેટલો રસ ભોગમાં નથી જ, એમ જરાક અનુભવે પણ જોઈ શકાય એવું છે. જગતનું તંત્ર સુવ્યવસ્થિત ચાલવાને સારુ ઈશ્વરના બીજા કાયદાઓને પણ માન આપવું પડે જ છે ના? એ કાયદો એ છે કે કોઈ પણ મનુષ્યને ઉદરપોષણ ઉપરાંત કાંઈ જ લેવાનો અધિકાર નથી. આ નિયમ બધા પાળે તો બ્રહ્મચર્યનું પૂર્ણ પાલન ન થતું હોય છતાં ભૂખમરો રહેવાનો સંભવ નથી. શારીરિક શ્રમનો અંત કેવળ ખેડૂત તરીકેની મજૂરીમાં આવી જતો નથી. પ્રત્યેક ખેડૂતે તેના હાથપગનો અને મુખ્યત્વે હાથનો પૂરો ઉપયોગ કરવો જ જોઈએ. જે દેશમાં ખેતીની સાથે જ બીજા ગૃહઉદ્યોગ નથી ચાલતા ત્યાં ખેડૂતો લગભગ પશુ જેવા થઈ જાય છે. પશુની સોબત આવશ્યક છે એટલી જ

ઓજારોની આવશ્યક છે. અને જો મનુષ્ય હાથકળા કેળવે તો તેની પ્રજા વધ્યાં કરે તોયે બધાને પેટપૂરતો રોટલો, પહેરવા પૂરતાં વસ્ત્રો, અને ટાઢ-તડકાથી બચવા જેટલું ઘરરૂપી રક્ષણ મળી રહે. વર્ણધર્મનો અર્થ હું જે આજકાલ ખીલવી રહ્યો છું એ ધ્યાનમાં રાખજો."

મથુરાદાસ માલવીજીને મળીને આવ્યા. માલવીજીને પહેલા બિલની અગત્ય સમજાતી નથી. એ તો હરિજનોને દીક્ષા આપી શૈવ વૈષ્ણવ બનાવવાનાં અને ત્યાર પછી મંદિરો ખુલ્લાં મૂકવાનાં સ્વપ્નાં સેવતા લાગે છે. શૈવ અને વૈષ્ણવ બનાવવામાં આવે તોપણ તે લોકોને મંદિરોમાં ન પેસવા દે એવો હાલનો કાયદો છે એ વાત પંડિતજીના ધ્યાનમાં ઊતરતી નથી લાગતી.

લક્ષ્મણ શાસ્ત્રી એક શ્રુતિમાંથી એવું વચન લાવ્યા કે ચાંડાલનો સ્પર્શ કરવો, તેની સાથે બેસવું, તેની સાથે ખાવું એવો વિધિ એમાંથી નીકળે છે. એમના પોતાના લેખનો આ મુદ્રાલેખ છે. પણ આજે શાસ્ત્રીઓને ક્યાં આ શાસ્ત્રોના અર્થની પણ પડી છે? અમેરિકામાં લોકો ગુલામીની પ્રથા માટે બાઇબલમાંથી આધાર કાઢતા હતા તેમ આ લોકો આધાર કાઢતા જાય છે. સનાતન ધર્મની એક પત્રિકા કહે છે કે, 'યમરાજા પૂછશે કે તેં કેટલાં નાગાંને વસ્ત્ર પહેરાવ્યાં? ત્યારે સનાતની કહેશે કે મેં ઘણાંને પહેરાવ્યાં. પણ સુધારક કહેશે મેં તો સ્વરાજને નામે પરદેશી વસ્ત્ર બાળ્યાં!'

લક્ષ્મણ શાસ્ત્રીની સાથે એના લેખોની ચર્ચા કરતાં કરતાં એમાં ઉપયોગી સુધારા બાપુએ સૂચવ્યા.

આજે પણ મહત્ત્વના પત્રો: . . . આવી ગયા પછી અને તેના વચનભંગના આરોપ પરથી એક . . . ને, બીજો મીરા-
૧૧-૩-'૩૩ બહેનને મોટો આઠ નવ પાનાંનો, અને ત્રીજો બાને.
. . .ને લખેલો પત્ર બાપુ જ લખી શકે. એને કે . . .ને એકેને જૂઠા કહેવાની બાપુ ના પાડે છે અને કહે છે, બંને સાચાં હશો. પણ બંને સાચાં હો તો બંને એટલાં જ જૂઠાં ખરાં ને! આમ પ્રેમીઓના કલહમાં બાપુને કાજી થવાનું. મીરાની ઉપરના કાગળમાં કેટલાંક સત્યો મિતાહાર વિષે અદ્ભુત રીતે મૂક્યાં છે. ચશ્માં વિના આંખ સુધારવા વિષેના એક અમેરિકન પુસ્તકમાં એક વાક્ય છે: 'જૂઠું બોલવાની આંખ ઉપર અસર થાય છે' એના ઉપર સુંદર ભાષ્ય કર્યું છે. દરેક પ્રકારની સત્યવિમુખતાથી શરીર, વાણી અને મન ઉપર અસર થયા વિના થોડી જ રહે છે?

આવનારી ટપાલમાં બે અદ્ભુત કાગળો. એક નીલાનો અને બીજો જવાહરલાલનો. નીલાની પાસે સત્ય કહેવડાવ્યું. હવે એ બાઈ જિંદગીમાં જે પલટા કરી રહી છે તે આશ્ચર્ય પમાડનારા છે. એણે પોતાનો એકરાર બેંગ્લોરના છાપાને આપ્યો. છાપનારા ના પાડે છે. એટલે એ. પી. આઈ.ને મોકલ્યો! એની ઘરની માલિકની આગળ હકીકત જાહેર કરી. એણે માફી આપી. પછી તુરત એ બાઈ ઢેડવાડે રહેવા ગઈ. ઢેડોએ એને એક મંદિરમાં આશરો આપ્યો, અને તેમાં એ એના દીકરાની સાથે જઈને સુખે સૂતી! એ બાળકને એની ગેરહાજરીમાં, એની ભૂખડીબારસ આયાએ મારેલા મારનું વર્ણન રડાવે એવું છે. આજે તો એના મોંમાં સત્ય અને શુદ્ધિ એ વિડંબનારૂપ લાગે છે, છતાં એ સાચું પડે તો શલ્યાની અહલ્યા જ થઈ કહેવાય ના! એ બાઈએ આજ સુધી જે નફટાઈથી જીવન ગાળ્યું છે, તેનામાં આજે પોતાની જાતને ઉઘાડી કરવાની હિંમત હોય. પણ આ બાળકનું શું? ચારપાંચ વર્ષની ઉંમરનાને બિચારાને કેવા અનુભવ!

રાત્રે બાપુ કહે: એ બાઈને આપણે લાંબો વખત એવી રીતે નથી રહેવા દેવી. એનો એકરાર એ. પી. આઈ. પણ નહીં છાપે તો આપણે છાપશું અને એની ઉપર લેખ લખશું. સેવકની શુદ્ધિને વિષેનો લેખ લખ્યો ત્યારે એ ધ્યાનમાં તો હતી જ.

મૂળચંદે પૂછ્યું કે શ્રમજીવી માણસ તે શું હાથપગથી કામ કરનાર જ કહેવાતો હશે, અને મગજનું કામ કરનાર ન કહેવાઈ શકે? બાપુએ એને લખ્યું:

"હાથ અને પગનો શ્રમ તે જ શ્રમ છે, અને હાથપગની મજૂરી કરીને જ આજીવિકા મેળવવાની છે. માનસિક અને બૌદ્ધિક શક્તિનો ઉપયોગ સમાજસેવાને માટે જ કરવાનો છે. આપણે હાથપગ ન હલાવીએ તો શું બુદ્ધિથી ખેતી કરશું? આગ લાગી હશે તો કાવ્ય બનાવીને આગ ઓલવશું?

'योगः कर्मसु कौशलम्' એ સાચી વાત છે. શારીરિક અને મનના કામનો સુંદર યોગ સધાવો જોઈએ. મુસોલિની લુહારનો છોકરો, ઘેર વૈતરાં કર્યાં, જુવાનીમાં એક કારખાનામાં બબ્બે માળ ઈંટો લઈને ૧૨૦ વખત ચડવાની મજૂરી કરેલી, ૧૧ વખત જેલમાં ગયેલો, પણ એ જ એને મોટી તાલીમ થઈ પડી. એ મજૂરી દરમ્યાન એનું મન સૂતું નહોતું. જો મન સૂતું હોય તો એવી રીતે કરોડો મજૂરો ઈંટો વહે છે અને લાખો ખેડૂતો ખેતી કરે છે, પણ તેથી તેઓ જગતમાં થોડી જ કોઈ પણ પ્રકારની છાપ છોડી ગયા છે?"

બાના ઉપર કાગળ લખ્યો તેમાં એ ત્રણ વાક્યો નોંધવા જેવાં હતાં : "હરિલાલની શા સારુ ચિંતા કરે છે? એ કાગળ નહીં લખે. એનું દારૂડિયાપણું ઈશ્વરને પોસાય છે તો આપણે શું કરશું? ઈશ્વરને એને જ્યારે સુધારવો હશે ત્યારે સુધારશે."

જો હરિલાલનું દારૂડિયાપણું ઈશ્વરને પોસાતું હોય તો સનાતનીઓની જડતા ઈશ્વરને નહીં પોસાતી હોય? તો પછી એને માટે અનશન શાને? એ કોયડો ઊભો થાય છે. બાપુની આગળ એ મૂકવાનો વિચાર થાય છે.

જવાહરલાલનો કાગળ એક પહેલદાર હીરા જેવો છે. સ્વતંત્ર મિજાજનો, દેશાભિમાનથી ઊકળતો, અંગ્રેજી કેળવણીનું ઉત્તમ તત્ત્વ જીરવીને બેઠેલો યુવક એના કાગળની લીટીએ લીટીએ બોલે છે. એમના કાગળમાં વ્યક્તિઓ અને સંસ્થાઓ વિષેની એમની મુક્ત, મૌલિક ટીકા પગલે પગલે દેખા દે છે. એમના સ્વતંત્ર વિચારના બે સરસ નમૂના :

(૧.) આપણે કોઈ સહિષ્ણુ છીએ એ વાત જ ખોટી છે. બીજાની એવી વસ્તુ જેને આપણે તદ્દન બિનમહત્ત્વની ગણીએ છીએ તે પ્રત્યે આપણે સહિષ્ણુ રહીએ છીએ અને તેને ગુણ ગણીએ છીએ. બાકી જે માણસ આક્રમક અસહિષ્ણુતાથી ભરેલો નથી હોતો તે મહેતો મારે પણ નહીં ને ભણાવે પણ નહીં, એવો હોય છે.

પણ આમાં અર્ધ સત્ય છે. ખોટા પ્રત્યે, અનિષ્ટ પ્રત્યે માણસને હમેશાં અસહિષ્ણુતા હોવી જ જોઈએ. નહીં તો એની પ્રગતિ અટકે. પણ બાપુ જેવા જ વિરલ જ માણસ અનિષ્ટને સહન ન કરતાં છતાં ખોટું કરનારા માણસોને સહન કરી શકે છે.

(૨) બુદ્ધિ સ્થાપિત હિતોની સાથે હાથમાં હાથ મિલાવીને ચાલે છે.

એના ટેકામાં જોન સ્ટુઅર્ટ મિલનું 'લિબર્ટી'માંથી વાક્ય ટાંક્યું છે. વાત એ છે કે માણસ પોતાના સ્વાર્થથી એટલો આંધળો બને છે કે બીજાની ઉપર શું વીતે છે તે જોતો નથી. સુધારક બંનેને જાગ્રત કરે છે. અને એક જાગ્રત ન થાય તો બીજો પછી તેની નીચે સુરંગ ફોડીને તેને જાગ્રત કરે છે.

૧૨-૩-'૩૩ આજે સવારે મેં બાપુને પૂછ્યું : વર્ણો એટલે ધંધા હોય અને આનુવંશિક ગુણો જાળવી રાખવાને માટે બાપનો ધંધો દીકરાએ કરીને જ વર્ણ જાળવી રખાય એમ હોય તો આનુવંશિક ગુણો જાળવવાને માટે તે તે વર્ણમાં જ પરણવાની જરૂર નથી? બ્રાહ્મણનો છોકરો સુથારની છોકરીને પરણશે તો બ્રાહ્મણના ગુણો સંતતિમાં જાળવી રખાશે કે બ્રાહ્મણીને પરણશે તો જાળવી શકાશે?

બાપુ : બ્રાહ્મણનો છોકરો બ્રાહ્મણનો જ ધંધો કરે અને સુથારનો છોકરો સુથારનો કરે. એ કોને પરણે તેની સાથે સંબંધ નથી.

હું : એ ધંધો તો એ જ કરશે એમ માનીએ, પણ એક જ વર્ણમાં પરણે તો ધંધાની શક્તિઓ અને ખાસિયતો વધારે સચવાઇ રહેશે ને ?

બાપુ : હા. કરોડો કાંઈ થોડા પોતાના વર્ણમાંથી નીકળીને બહાર પરણવાના છે ? પણ જે બહાર નીકળીને પરણે તે અધર્મ આચરે છે એમ ન હોવું જોઈએ. અધર્મ વર્ણને અંગેનું કામ તજવામાં છે, વર્ણમાંથી બહાર નીકળીને લગ્ન કરવામાં નથી.

હું : ત્યારે આપ એટલું તો કબૂલ કરશો ના કે પોતપોતાના વર્ણમાં પરણવું એ વર્ણની બહાર પરણવા કરતાં વધુ ઇષ્ટ છે ?

બાપુ : હા, એ બરોબર છે.

કાલે રાત્રે તેલ ચોળાવતાં ચોળાવતાં કહે : ત્રીજા અધ્યાયમાં જે કહ્યું છે કે यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः અને संकरस्य च कर्ता स्याम् उपहन्यामिमाः प्रजाः તેમાં પણ હું વર્ણનો અને સંકરનો જે અર્થ કરું છું તે આવી જાય છે. स्वे स्वे कर्मण्यभिरतः માં પણ એ જ ભાવ છે. પોતાના કર્મનો ત્યાગ એ સંકર. મનુસ્મૃતિમાં સંકર ત્રણ કારણથી થાય છે એમ જણાવ્યું છે. એમાં પોતાનાં વિહિત કર્મનો ત્યાગ એ પણ એક કારણ તરીકે વર્ણવેલું છે. એ બતાવનારા અનેક શ્લોકો ભાગવતમાં છે, એમ લક્ષ્મણ શાસ્ત્રી કહેતા હતા.

પરદેશી કાગળમાં માર્ગરેટના પ્રેમઘેલા કાગળો આવે છે, તો એફીના જ્ઞાનભક્તિથી નીતરતા કાગળો આવે છે. ભક્તે શુદ્ધ થવાનું એટલા માટે છે કે ભગવાન એની મારફતે એને નિમિત્ત કરીને કામ લેવા માગે છે. આ ભાવ એફી અદ્‌ભુત રીતે બતાવી રહી છે. પોતાની જિંદગીના ભારેમાં ભારે અનુરાગનો એણે બાપુને માટે ત્યાગ કર્યો છે. એનો કાગળ :

“ હું આપને પ્રાર્થના, તપસ્યા અને આત્મશુદ્ધિ દ્વારા જ મદદ કરવાનો પ્રયત્ન કરી શકું. ગઈ કાલે જ મારી કસોટી થઈ તેથી મને આનંદ થયો. મેં વાંચ્યું કે એ. એમ. આવતે અઠવાડિયે એસેલમાં નાટકમાં ઊતરવાનો છે. પહેલી જ વાર હૃદયમાં કશો ચીરો પડ્યા વિના મેં તેનું નામ વાંચ્યું અને તરત જ નક્કી કરી નાખ્યું કે હું નહીં જાઉં. પણ તેને ફરી મળવાની મારા મનમાં ઊંડે ઊંડે મને ખબર પણ ન પડે એવી હજી કાંઈ ઇચ્છા રહી ગઈ હશે તોપણ તમારે ખાતર હું એનો ભોગ આપીશ. બાપુજી, આ ચિંતાના દિવસોમાં મને લાગે છે કે હું બીજી જ સ્ત્રી બની ગઈ છું.

ઈશ્વરનો પાડ માનું છું કે તમારી તાવણીમાં મને અણુ જેટલો ભાગ પણ એ ભરવા દે છે. હું આ બધા પ્રસંગોમાં શાંત અને સ્વસ્થ રહી છું; એટલા માટે કે આધ્યાત્મિક દૃષ્ટિએ તમે મને તમારી લાકડી બનાવો તો હું ડગું નહીં."

એ સ્ત્રીના જીવનમાં બાપુએ કેવડો મોટો પલટો કર્યો છે એની, એનો એ જ અઠવાડિયામાં આવેલો બીજો કાગળ સાક્ષી પૂરે છે. એનો એક વારનો આશક એની પાસે આવે છે, એની પાસે આશ્વાસન ઇચ્છે છે. એ જરાય વિહ્વળ થયા વિના પવિત્રતાથી એને આશ્વાસન આપે છે અને એ માણસ અશ્રુભીની આંખે છૂટો પડે છે.

"તમારી પવિત્ર અહિંસામાંથી અને તમારી આધ્યાત્મિક શક્તિમાંથી એટલો સહારો મને મળ્યો કે તેને આશ્વાસન આપવા જેટલું બળ હું એકઠું કરી શકી અને જ્યારે તે અશ્રુભીની આંખે ગયો ત્યારે મને લાગ્યું કે બધું ઠીક થયું. હવે અમે બંને અમારાં પોતપોતાનાં કર્તવ્ય તરફ વળીએ છીએ અને ગમે તે બને, ફરી હું તેને મળું કે ન મળું, એની મને ચિંતા નથી. મને લાગે છે કે ઈશ્વરે અમારી વચ્ચે પ્રકાશની જ્યોત ફરી પ્રગટાવી છે. તેમાં જ મને ખરું જીવન મળ્યું છે. . . . આપના પવિત્ર ઉપવાસના એ દિવસોની તપશ્ચર્યામાં આ વસ્તુ સધાઈ છે. એ દિવસોમાં જે મંથનમાંથી હું પસાર થઈ તેમાંથી મને દેખાયું કે સ્વાર્થી જીવન વધુ વખત ગાળવું અશક્ય છે. . . . અમે જે થોડીક ક્ષણ સાથે રહ્યાં તે દરમિયાન મારા અંતરમાં એવો એક પણ વિચાર નથી આવ્યો જેનો એકરાર હું ઈશ્વર આગળ ન કરી શકું. મેં ખૂબ પ્રાર્થના કરી અને ઈશ્વરનો આભાર માન્યો. તમારી મદદથી જ હું આ નવા જીવનના બધા તાર સાંધી શકી છું. પાપ અને કર્મમાંથી મુક્તિ આપનારા ઈશુના એ ધન્ય ક્રૂસની વધુ ને વધુ નજીક તમે જ મને દોરી રહ્યા છો. તમારું ઋણ મારા ઉપર એટલું છે કે ઈશ્વરની અને તમારી સેવામાં આ જીવન હું સમર્પણ કરું તો જ તે વળી શકે. તમે બહુ સુંદર રીતે કહ્યું છે કે ઈશ્વર આપણી પાસે સંપૂર્ણ સ્વાર્પણ માગે છે અને પછી આપણો ઉદ્ધાર કરે છે."

કેટલાના જીવનમાં હજારો ગાઉ દૂર બેઠાં બેઠાં બાપુએ પ્રકાશ પાડ્યો છે એનો વળી આ તાજો પુરાવો :

એલન હોરપ જે વિલાયતમાં મળી હતી અને હાલ જિનીવામાં છે તે લખે છે :

"મારે મન તમે શું છો એ હું તમને કહેવા ઇચ્છું છું. એ વર્ણવવા માટે મારે એક પ્રતીક વાપરવું પડે છે. એ પ્રતીક પથ્થરનું બનેલું છે તેથી હસશો નહીં. એમ ન કહેશો કે સામ્ય એમાં જ છે. સંભવ છે કે તમે એવા પહાડમાં નહીં ગયા હો જ્યાં આખો દિવસ ફરતાં એક પણ પ્રાણી ન મળે. જ્યાં આકાશ અને પહાડો ક્ષિતિજમાં ભળી જતાં હોય અને તેની વિશાળતા અને શાંતિ એવાં હોય કે અનંતતાનો ભાવ દિલમાં જાગ્રત થાય. નૉર્વેમાં હું આવી રીતે ફરેલી છું. ત્યાં 'વર્દે' નામનાં નિશાન હોય છે. તેના જેવા તમે છો એમ મને ત્યારથી લાગ્યાં કર્યું છે. આ નિર્જન પહાડમાં કોઈ રસ્તો બતાવનાર તો હોય નહીં. માણસનું કે બીજા પ્રાણીનું પગલુંય જોવા ન મળે. ત્યાં ખરો રસ્તો બતાવવા માટે પથ્થર ઉપર પથ્થર ગોઠવીને થાંભલા જેવાં નિશાન બનાવેલાં હોય છે, એને ત્યાંની ભાષામાં 'વર્દે' કહે છે. આ 'વર્દે' ભટકતા પ્રવાસીઓ બનાવે છે. અને એ જોઈ ખરે રસ્તે ચાલતો દરેક માણસ એના ઉપર એકેકો પથરો મૂકતો જાય છે. એમ કરતાં કરતાં આ 'વર્દે' એટલો બધો ઊંચો થાય છે કે આસપાસના પ્રદેશમાં દૂરથી તે દેખાય છે, જેથી કરી કોઈ પ્રવાસી પહાડમાં ભૂલો ન પડે. જગતમાં થઈ ગયેલા મહાપુરુષોએ પોતાના જીવન દ્વારા બનાવેલા આ 'વર્દે' જેવા તમે છો. પોતાનું જીવન વટાવતાં માર્ગમાં જે ઉત્તમ વસ્તુઓ તેઓ મૂકી ગયા, તેના સારરૂપ તમે છો. ચોમેરથી જોઈ શકાય એટલા ઊંચા તમે છો. મને સાચો માર્ગ બતાવનારા મારા માર્ગદર્શક 'વર્દે' તમે છો. મારી નજર સામે હું હમેશાં તમને રાખું છું, તેથી જ કાગળ લખીને તમારા કામમાં વિક્ષેપ પાડવાની મને જરૂર પડતી નથી. પણ આજે મારા કાનમાં તમારો અવાજ ગુંજ્યાં કર્યો, જેમ પેલા વાયોલિન વગાડનારનું સંગીત તમારા કાનમાં ગુંજ્યું હતું તેમ. એટલે મને કાગળ લખવાનું મન થયું. મારા 'વર્દે'એ બનાવેલા રાહ ઉપર ચાલવાનો હું બને એટલો પ્રયત્ન કરું છું અને ઈશ્વરનો આભાર માનું છું કે એ 'વર્દે'ને એણે હું જોઈ શકું એટલો ઊંચો બનાવ્યો છે."

એને જવાબ આપતાં બાપુએ લખ્યું :

"કેટલાક મિત્રોને માટે હું માર્ગદર્શક 'વર્દે' છું, એ જ્ઞાન મને નમ્ર બનાવે છે, અને મારી કાંધ ઉપર હું કેટલો ભારે બોજો વહી રહ્યો છું તેને વિષે મને વધારે ને વધારે જાગ્રત કરે છે. હું આત્મનિરીક્ષણ કરું છું અને સત્યરૂપી ઈશ્વરને સતત પ્રાર્થના કરું છું કે કોઈને પણ માટે હું ખોટો ભોમિયો ન નીવડું."

આજે પટણી અને પટવારીને બહુ મહત્ત્વના કાગળો લખ્યા. હરિજનના કામમાં પોતાનો આત્મા કેટલો નિચોવાઈ રહ્યો છે એની આમાં સાક્ષી આપી.

૧૩–૩–'૩૩

બપોરે આનંદી આવી હતી તેને પાસે બેસાડીને પૂછવા લાગ્યા. પૂછતાં પૂછતાં એણે કહ્યું : જમણી કોરે દુખે છે. કાલે આખો દિવસ બહુ દુખ્યું હતું. એટલે પછી થાકીને સૂતી. સાંજે દર્દ ઓછું થયું ત્યારે ખાધું.

પૂછ્યું કે આજે દુખે છે?

એણે કહ્યું : આજે એટલું નથી દુખતું.

બસ પછી ગમ્મત કરી : જો તને ઍપેન્ડિક્સ હોય તો કાપવી પડશે. મરી જવાય તો ફિકર નહીં અને ન મરાય તો રોગ જશે. તુરત જ કાકાસાહેબને કહ્યું, આજે ફાટક અને ગોખલે દાક્તર પાસે લઈ જાઓ અને તુરત તપાસ કરાવો. અને ઑપરેશનની સલાહ આપે તો તમે જ કરો, એમ મારા તરફથી કહેજો.

કાકા ઊપડ્યા. ફાટકે કહ્યું : કંઈક દર્દ છે પણ ખાસ એવું કાંઈ નથી. છતાં કાકા તો એને લઈને ગોખલે પાસે ગયા. ગોખલેએ તુરત જ ઑપરેશનની સલાહ આપી. એ જ ગોખલે સાસૂન હૉસ્પિટલમાં બાપુના ઑપરેશન વખતે હાજર રહ્યા હતા. બાપુનો સંદેશો અને બાપુની જ દીકરીનું કામ કરવાનું. કોડી મળવાની નહીં. એ તો તુરત જ તૈયાર થયા. બાપુને ટેલિફોનથી વાત કરવાની માગણી કરી. એ તો ન થાય પણ ખબર આપી શકાય એમ કહેવામાં આવતાં એણે કહ્યું : મારી અહીંથી બદલી થઈ છે, કાલે જવાનું છે પણ આજે આટલું કામ કરીને જાઉં. સાંજે જ ઑપરેશન કરું. કાકા આનંદીને લઈ આવ્યા. બાપુએ તુરત ઑપરેશનની સલાહ આપી. પ્રેમલીલાબહેન વાંધો કાઢે તો, એની ફોઈ ગભરાય તો?

બાપુ કહે : કહેજો કે એનો બાપ અને મા હું છું, અને મારી સલાહ છે કે ઑપરેશન કરાવી નાખવું.

આમ ક્ષણવારમાં બાપુનો નિશ્ચય થાય છે. અને એ છોકરી આ લખાય છે ત્યાં દાક્તરના નસ્તરને વશ પડી હશે.

સૂતાં સૂતાં સાંજે કહે : એક તરફથી લક્ષ્મીનાં લગ્ન, બીજી તરફથી આનંદીનું ઑપરેશન; ત્રીજી તરફથી નીલાનાંયે લગ્ન જ ના? શું એ બાઈની ઉપર વીતી રહી છે? જો એ હિંમતથી ટકી રહેશે તો એનું શ્રેય જ છે.

રામચંદ્રનને કાગળ લખ્યો કે એને કૅન્ટોનમેંટમાંથી કાઢી મૂકે તો બૅંગ્લોરમાં રાખો, ત્યાં ન રહી શકે તો પૂના મોકલો, હજી એની પૂરી કસોટી કર્યા વિના હું એને કોઈ સંસ્થામાં રાખી શકું એમ નથી.

સાંજે વાતો કરતા હતા ત્યારે અદ્ભુત સૂર્યાસ્ત થઈ રહ્યો હતો.

બાપુ કહે: જુઓ તો ખરા!

વલ્લભભાઈ: અરે એમ આથમતા સૂરજને શું જુઓ છો? ઊગતાને ભજવો જોઈએ.

બાપુ: હા, હા, એનો એ જ નહાઈ ધોઈને કાલે સવારે પાછો આવીને ઊભશે, એટલે પાછા એનેયે પૂજશું.

આજે કોદંડરાવને નીલાના પ્રકરણનો આખો ચિતાર આપ્યો. એક વાત નીલાને વિષે બાપુએ સંતોષકારક કહી: કોણ જાણે કેમ બધો વખત મને એમ લાગ્યાં જ કરતું હતું કે તે મારાથી કશુંક છુપાવે છે. ચોથે કે પાંચમે દિવસે મેં તેને કહ્યું કે કારણ ગમે તે હોય પણ તારે વિષે હજી મને વિશ્વાસ બેસતો નથી. તેણે તરત જ કહ્યું, 'કેમ બેસી શકે? હું તો તમને છેતરી રહી છું. મેં તમને પૂરું સત્ય હજી કહ્યું નથી.' પછી તો જેમ જેમ મારા પ્રશ્નો વડે હું તેને ચીરતો ગયો તેમ તેમ સીધા તીરના જેવા તેણે જવાબ આપવા માંડ્યા: 'હા, મેં અનીતિમય જિંદગી ગાળેલી છે. મારા ધણીનું જીવન પણ એવું જ હતું. મેં કેટલાય લોકોને છેતર્યા છે અને ફસાવ્યા છે.' તેને લાગ્યું કે ભલે તેણે આખા જગતને છેતર્યું હોય પણ મને છેતરવાનો પ્રયાસ કરવો એ તો ધૃષ્ટતાની પરાકાષ્ઠા થાય.

પણ કોદંડરાવને તો સર્વન્ટસ્ ઑફ ઇંડિયામાં આવેલા મંદિરપ્રવેશ બિલના લેખો વિષે બોલાવ્યા હતા. (૧) તમે સોસાયટીની નીતિ રજૂ કરો છો કે નહીં? (૨) અગત્યના સવાલોમાં મને તમે પૂછી ન જાઓ? આપણે એકબીજાની સાથે છૂટથી ચર્ચા કરીએ. અંતે ભલે તમારો અભિપ્રાય કાયમ રાખો. (૩) મારી પાસે ખુલાસો કેમ ન માગો? હકીકત વિષે શંકા હોય ત્યાં તો જરૂર મને પૂછો જ.

ત્રણે બાબતના જવાબ આપવાનો એણે પ્રયત્ન કર્યો: નીતિ જેવું કાંઈ નક્કી નથી; હું મારા વિચારો જણાવીને પછી અભિપ્રાયો માગું છું. આ બાબતમાં વેંકટરાવ શાસ્ત્રીનો મત બિલોને પસંદ કરનારો આવ્યો હતો, કુંઝરુનો નથી આવ્યો. પ્રથમ બિલ મને ગમે છે, પણ બીજા બિલથી જે કોલાહલ થાય તે પસંદ નથી, એમ કહ્યું. બીજાું તમને પૂછવા આવું તે પહેલાં તો મારે ધસડીને આપી દેવાનું હોય. તે શી રીતે આપું?

બાપુએ એને બિલો વિષે સમજાવ્યું: પ્રથમ બિલ સંપૂર્ણ છે. પણ પ્રથમને નિરર્થક કરવાને માણસો ઉપાય લઈ શકે એવું છે. મંદિર બહાર નોટિસ લગાવે કે આટલી આટલી શરતોનું પાલન કરનાર ન હોય તે મંદિરમાં ન આવે. હરિજનો એ શરતો ન પાળી શકે એટલે ન આવે, અને બિલ નિરર્થક થાય. એટલા ખાતર એ ત્રણ બિલો રાખેલાં. વળી સરકાર એવી છે કે એક બિલ સીધું અને સાજુંસમું પસાર થતાં જુગ જુગ વહી જાય. એમાં એવા એવા સુધારાવધારા થાય કે આખરે એમાં કાંઈ કસ જ ન રહે એટલે પણ એ ત્રણ બિલો જુદા જુદા માણસ લાવે એ જરૂરનું હતું.

લક્ષ્મીના લગ્નનો દિવસ. લક્ષ્મીને આશીર્વાદનો સુંદર કાગળ લખ્યો. ફરી ફરીને એને કેમ લખ્યું હશે કે "તારાથી પળાય

૧૪-૩-'૩૩ એટલો જ સંયમ પાળજે."

આનંદીને ઑપરેશન સારું થયું. એણે ભારે હિંમત બતાવી. ઇસ્પિતાલમાં રાત્રે પાસે કોઈ નહીં, નર્સ પણ નહીં, પાણી માગે પણ કોઈ આપનાર નહીં. પણ છોકરી ન અકળાઈ અને સવારે કાકાને કહે: નર્સ બાપડી એક હોય અને દરદીઓ ઘણા, એ કેટલાને પહોંચી વળે? બાપુ આ વાત સાંભળીને રાજી થયા, અને કહે: ત્યારે એ છોકરી આશ્રમને શોભાવી રહી છે. રાતદિવસ બાપુને એ જ વિચાર રહેતા હશે કે આશ્રમ શી રીતે શોભે અને આશ્રમી કહેવડાવનારા શી રીતે આશ્રમને શોભાવે. એ જ હેતુથી પ્રેમાબહેન પાસેથી છૂટથી ટીકાઓ માગે છે. નવા જનારાઓ પાસે પણ ટીકા માગે છે. પણ અમે રહેનારા! આશ્રમને શી રીતે શોભાવાય એ વિચારથી માથું ફરે છે.

લક્ષ્મણ શાસ્ત્રી આવ્યા. એની સાથે એના નિબંધની ઝીણવટથી ટીકા કરતા ગયા અને સુધરાવતા ગયા. ભલભલા પંડિતોને પણ બાપુની સાથે બેસતાં અને ચર્ચા કરતાં કેળવણી મળે છે. કારણ સ્પષ્ટ છે. બાપુની ઉગ્ર સત્યોપાસનાને કોઈ પહોંચી શકતું નથી. દંભ, પાખંડ, ઘૃણા, અભિમાન, વગેરેથી ભરેલા સનાતની પંડિતો અને શાસ્ત્રીઓને પોતાની સત્યોપાસના વડે જીતવાના બાપુના અભિલાષ છે.

જવાહરલાલ કહે છે: "હું તો માનું છું કે તમારું 'હરિજન' એકે કટ્ટર સનાતનીનું દિલ ફેરવી શકવાનું નથી. . . . આ દુનિયામાં મૂર્ખતા, પુરાણ-પ્રિયતા અને વિશેષાધિકારની કિલ્લેબંધી, એનું બળ ભારે ગજબ છે. એના સંયુક્ત મોરચાને મહાત્માઓ અને સંતો પણ જલદી હટાવી શકવાના નથી, સિવાય કે સંજોગોને લીધે ભૂમિકા તૈયાર થાય."

શાસ્ત્રિયાર જેવા કહે છે: "હું તો અનુભવથી જાણું છું કે આ પંડિતો બુદ્ધિને તાળાં મારીને ફરે છે. એ કહેતાં મને દિલગીરી થાય છે. તમે એમને ડરાવી શકો, દબાવી શકો અથવા ખરીદી શકો. પણ એ લોકો એમની નીતિમાં કે વિચારમાં ફેરફાર કરવા અસમર્થ છે."

આ બધું જાણતા છતાં બાપુની ઉગ્ર સત્યોપાસનાની શક્તિ એમને આગળ ધપાવ્યે જાય છે. એમની શ્રદ્ધા કહે છે કે મારી સત્યોપાસના કાળ અને સમય — જે ભગવાનની વિભૂતિ જ છે, તેને પણ અનુકૂળ કરશે. દરેક સુધારક તુર્ગો, કોંડોર્સે અને તેના શિષ્ય મોર્લી જેવા કહેવાતા નાસ્તિક સુધારક પણ — આ શ્રદ્ધા ઉપર જ પ્રગતિનાં સ્વપ્નાં સેવે છે.

આ વખતની સરકારની નીતિ જ જુદા પ્રકારની લાગે છે. જુઓની, કેનેનોર જેલમાં પેલા ગુપ્તાને ઉપવાસ કરતાં ૧૨૦ દિવસ

૧૫–૩–'૩૩ થયા. એ હાડપિંજર થઈ ગયો છે અને એને મરવા દેશે એ વિષે શંકા નથી. બંગાળમાં કેદીઓ અને ડિટેન્યુઓની ખબર આપવાની ના પાડે છે. પૂનમચંદ રાંકા વિષેના તાર આવવા જવા નથી દેતા. એના પણ એ જ હાલ છે. એ લોકોને સુલેહ કરવી જ નથી. અર્વિન પણ જુઓની કહે છે કે હિંદુસ્તાનની અને આયર્લેંડની સ્થિતિમાં સામ્ય નથી. આજની વાતોમાં આટલું બાપુ સહેજે જ બોલ્યા.

'હરિજનબંધુ'ને માટે છ કોલમ જેટલું મૅટર પોતાને હાથે લખી કાઢ્યું. એ ઉપરાંત અંગ્રેજીને માટેનાં મારાં બે ભાષાંતર સુધાર્યાં.

સોઆરીસ પ્રોફેસર આવ્યો. એને એટલું જ કહેવું હતું કે 'ખ્રિસ્તી-ધર્મમાં અસ્પૃશ્યતા નહીં છતાં ન્યાત છે. ગોવાન

૧૬–૩–'૩૩ લોકોમાં અમારી જૂની વંશાવળીઓ જોશો તો જણાશે કે અમારા નામ સાથે બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે લખેલું હોય છે. દાખલા તરીકે હું બ્રાહ્મણ છું. મારાથી બ્રાહ્મણોમાં જ મારી દીકરી આપી શકાય. કોઈ પ્રેમલગ્ન થાય તો જુદી વાત. બાકી સામાન્ય નિયમ એ છે કે પોતપોતાની નાતમાં જ લગ્ન થાય. એટલે લગ્નવ્યવહારમાં નાત-જાતનાં બંધન અમે બરોબર જાળવી રહ્યા છીએ. અસ્પૃશ્યતા ક્યાંય નથી. મહારોને અમે અમારે ત્યાં રસોઈ કરવાને રાખીએ, એને ત્યાં ખાવાપીવા પણ જઈએ. પણ એને કોઈ છોકરી નહીં આપે. કેટલાક ખ્રિસ્તી ગોવાન મહારો મોટા હોદ્દા ઉપર ચઢ્યા છે, પણ અમારામાંનો બ્રાહ્મણ, ભલેને

તે એક પટાવાળો હોય તોપણ પેલાને પોતાની દીકરી ન આપે. આ એમ બતાવે છે કે ન્યાતની વાત જ અસ્પૃશ્યતાથી જુદી વસ્તુ છે. આંબેડકર એટલું કેમ નહીં સમજતા હોય?

બાપુ કહે: તમે એની સાથે વાતો કરો, પત્રવ્યવહાર કરો અને સમજાવો.

સોઆરીસ: વડોદરામાં એને ઘર મળવાનાં ફાંફાં હતાં અને ઑફિસોમાં પટાવાળાઓ પણ એના હાથ નીચે કામ કરવા તૈયાર નહોતા. સેમ્યુઅલ જોશીએ એને ઉતારો આપ્યો હતો ત્યારે મેં મળવાનો પ્રયત્ન કરેલો પણ નહોતો મળી શક્યો. પછી મેં એને કાગળો લખેલા પણ જવાબ જ ન મળેલો.

ગોવાન લોકોમાં આ વસ્તુ કેમ રહી છે તેનું કારણ એણે આપ્યું: કૅથલિક લોકોએ બધા વર્ણોમાંથી ધર્માન્તર કરાવ્યાં છે જ્યારે પ્રૉટેસ્ટંટોને કેવળ અસ્પૃશ્યોમાંથી જ ખ્રિસ્તી થનારા મળ્યા છે. કૅથલિક પાદરી નોબિલ જેવા એવા આવ્યા હતા કે જે ઋષિનું જીવન ગાળતા, ભગવાં પહેરતા, જનોઈ પહેરતા, એટલા જ હેતુથી કે બ્રાહ્મણ ક્ષત્રિયોને પણ આમાં ખેંચી શકાય. દક્ષિણમાં તદ્દન જુદી જ પ્રથા છે એ હું જાણું છું, પણ ગોવા જેવી સ્થિતિ બીજે ક્યાંય નથી.

'આશ્રમ'ના બાપુના આદર્શને પહોંચી વળવાની આશ્રમીઓની અશક્તિના દાખલા ઉપર બાપુના ઉદ્ગારો:

આ તો ધર્મપાલનની વાત છે. એકાકી ઝૂઝવું પડે તો એકાકી ઝૂઝવાનું છે. બધા ત્યાગ કરે તોપણ શું? આજે શી સ્થિતિ છે? માલવીયજીની સાથે પણ મતભેદ પ્રગટ કર્યો ના? બહેનની સાથે, ભાઈની સાથે પણ એ જ સ્થિતિ આણી મૂકી હતી ના? આ દાખલો બન્યો, બીજો બને, ખતા ખાતા જ જઈએ, તેથી કાંઈ અખતરો છોડાશે? અખતરો કરનાર ખોટા હશે પણ તેથી અખતરો થોડો જ છોડી શકાશે? પેલું કહ્યું છે ને કે

मनुष्याणाम् सहस्रेषु कश्चिद् यतति सिद्धये ।
यततामपि सिद्धानाम् कश्चिन् मां वेत्ति तत्त्वतः ॥

એ વળી સિદ્ધોને વિષે કહ્યું ત્યાં સાધકની તો વાત જ શી કરવી? અને तत्त्वतः मां वेत्ति એટલે સત્યને જાણે. સત્યનું દર્શન કરતાં કરતાં તૂટી પડીએ અને અનેક અવતાર ભલેને લેવા પડે પણ એ પ્રયત્ન છોડાય? હિમાલયમાં હજારો લાખો ઋષિમુનિનાં હાડકાં છે તેથી એ શ્વેત છે એનો અર્થ પણ એ જ કે હજારો સાધકો અને સિદ્ધો તપશ્ચર્યા કરી કરીને એમાં દફન થઈ ગયા છે. અગિયારમા અધ્યાયમાં कालोऽस्मि लोकक्षयकृत्

કહ્યું છે એ કાળ પણ સત્ય જ. એ અનેકનો ક્ષય કરે છે ત્યારે એક સિદ્ધ થઈને નીકળે છે. અરે, સ્થૂલ પરીક્ષાઓ જ લોની. પરીક્ષામાં હજારો છોકરાઓમાંથી એક પહેલે નંબરે આવે છે. એટલે બીજાનો તો સંહાર જ થાય છે ના? એટલે સત્યરૂપ કાળ અનેક પ્રયત્ન કરનારાઓનો સંહાર કરે છે, અને કોકને સફળતા આપે છે. તેથી આપણે પ્રયત્ન કેમ છોડીએ?

મેરી બારે પોતાને વિષે એક વાક્ય લખેલું કે મારી માએ મને શીખવ્યું હતું કે કોઈની ખોડ જોવાને બદલે ગુણો જ જોઈએ.

૧૭–૩–'૩૨ પૂનમચંદ રાંકાના ઉપવાસ વિષે થોડા દહાડા ઉપર સી. પી.ના હોમ મેમ્બરને તાર કર્યો હતો. તે સરકારે ન મોકલ્યો. ત્યાર પછી જાજૂજીને તાર કર્યો. એમાં એને સલાહ આપી કે પૂનમચંદને મળીને એની પાસે ઉપવાસ છોડાવે. એણે અ, બ, ક વર્ગના બધા ભેદો રદ કરાવવાને માટે ઉપવાસ કર્યા છે એવી ખબર મળવા ઉપર આ સલાહ બંધાયલી હતી. આ તાર પણ સરકારે મોકલવાની ના પાડી છે, એવા ખબર કટેલી આપી ગયા.

આ ખબર મેં બાપુને મોડા આપ્યા. તેમાં પણ જરા અધીરા થયા અને કહ્યું કે વહેલા ખબર આપ્યા હોત તો આજે જ કાગળ જાત ના. આ તો પાછું લડવું પડવાનું છે.

વલ્લભભાઈ ગભરાયા, પણ શું થાય? બાપુએ સરકારને કાગળ લખવાનો નિશ્ચય કર્યો.

છગનલાલને આંબા યાર્ડમાં આવવાની છૂટ આવી ગઈ.

દૂરબીન બતાવવાને માટે આકાશશાસ્ત્રીઓને સંધ્યા પછી આવવાની વિનંતી કરી હતી, તે ન સ્વીકારાઈ. એ લોકોએ ઑફિસના વખત દરમ્યાન આવવું જોઈએ એ ભાવ હતો એમ માનીને બાપુએ બીજો કાગળ લખ્યો છે.

વલ્લભભાઈનો આના ઉપર વિનોદ: દિવસ છતાં આવવાનું એટલું જ છે ના? તો પછી ભલે એ લોકોને દિવસ છતાં દાખલ કરે, બહાર ક્યારે કાઢવા એ વિષે તો કાંઈ નિયમ નથી ના? અને બહાર પણ ન કાઢી શકાતા હોય તો સવાર સુધી ભલે રાખતા!

૧૮–૩–'૩૨ આજે શ્વેતપત્ર આવ્યો.
ગોપાલન આવીને પૂછે છે: તમે વાંચ્યો?
એટલે હસતાં હસતાં બાપુ કહે છે: વખત નહોતો, અથવા વાંચવાની વૃત્તિ નહોતી.

પછી પૂછ્યું : ચોપડી બહાર પડી છે. લઈ આવું ?

બાપુ : સરદાર કદાચ વાંચે. હું તો નહીં વાંચું. હું તો એ જોઈશ પણ નહીં; કારણ જેથી કદાચ મને રીસ ચડે એવી વસ્તુઓ હું જોવા ઇચ્છતો નથી. હું સાધુ પુરુષ નથી. મને ગુસ્સો આવે છે. જોકે એ હું દબાવી શકું છું. પણ ગુસ્સે થાઉં અને પછી એ ગુસ્સો દબાવું એવો પ્રસંગ જ હું શું કામ વહોરું ?'

મેં બાપુને કહ્યું : આ ગોપાલન છાપે તો ?

બાપુ કહે : તો મરી જ રહીએ ના! એટલે તો મેં કહ્યું કે આ છાપવાનું નથી. આટલો તો વિનોદ કરી લીધો. પણ હવે જોઉં છું કે મારે માન જ રાખવું જોઈએ, વિનોદમાં પણ શા સારુ મારે બોલવું ?

સતીશબાબુએ 'હરિજન' માટે મોકલેલો એક તાર છાપવાને માટે શાસ્ત્રીને ઠીક શિખામણ આપી. આખા પ્રશ્નનો અભ્યાસ કરવો જોઈએ. આવા મહત્ત્વના તાર બતાવ્યા વિના ન જ છપાય. એવા ન છાપવામાં આપણે સામા માણસનું કલ્યાણ કરીએ છીએ, અને એમાં નુકસાન તો કશું નથી જ કરતા.

. . .ના પ્રકરણ વિષે આજે મુલાકાતો થઈ. બાપુને . . .ની નિર્દોષતા વિષે સંભવો રહેલા દેખાય છે. ભારે મોહથી લખાયેલા કાગળો છતાં માણસ અલિપ્ત હોવાનો દાવો કરી શકે? એક નવો કોયડો ઊભો થયો છે. અમારા બધાના મત જુદા છે. પણ આખા પ્રસંગની અંદર અજાણે પણ કોઈને અન્યાય ન કરવાની બાપુની વૃત્તિમાં તેમની અસાધારણ અહિંસા નીતરી આવે છે. મારા પોતાના પિતાનો વિચાર કરું છું. તેમની આગળ આવા કાગળો લખીને ઊભો રહું તો પ્રથમ તો એ ચાર તમાચા મજે ! અને છતાં એમ થાય છે કે બાપુની અસાધારણ અહિંસા જ નીલા જેવીની ગુંજ ખોલાવી શકી. બીજી તરફથી એમ પણ થાય છે કે નીલાની અસાધારણ હિંમત કોણ બતાવી શકે ?

કાકાસાહેબને બાપુએ ભારે કામ સોંપ્યું છે. એના બાપ તરીકે, આશ્રમી તરીકે, ગુરુ તરીકે એને સમજાવો, ખખડાવો, અને ખુલાસા માગો; જ્યાં સુધી તમને સંતોષ ન થયો હોય ત્યાં સુધી એને જવા ન દેતા. દરમ્યાન હજી વધારે તપાસની — એના કાગળો વાંચવાની — જરૂર બાપુ સ્વીકારે છે.

. . . વિષે નારણદાસભાઈને ખૂબ ઉકળાટભરેલો કાગળ લખ્યો. 'दिशो न जाने न लभे च शर्म' શબ્દો બાપુએ પ્રથમ

૧૯–૩–'૩૨ વાર વાપર્યા. જેટલો . . .ને માટે પક્ષપાત એટલો જ સામો આઘાત. કામનો અતિશય બોજો પ્રાયશ્ચિત્તનો વિચાર છોડાવે છે, એમ પણ લખ્યું. બહાર હોત તો શું કરત તેની ખબર પડતી નથી.

આ અને બીજા એવા એક બે કાગળમાં બાપુ નિચોવાઈ ગયા કહેવાય.

વાઇસરૉયે વર્ણાશ્રમ સ્વરાજ સંઘના પ્રતિનિધિમંડળને આપેલો જવાબ બાપુને ખોટો ન લાગ્યો. એ લોકોએ તો, "ગાંધીને તમે જેલમાંથી આવો તોફાની પ્રચાર કરવાની કેમ રજા આપો છો? કરાર સ્વીકારીને તમે ગાંધીજીથી કેમ ખોટા દોરવાયા? હવે આ બિલને ખૂબ જાહેરમાં ફેરવજો અને સંયુક્ત કમિટીમાં પણ અમને પ્રતિનિધિત્વ આપજો" વગેરે લખ્યું હતું.

વાઇસરૉયે એ બધી વાતો ગળી જઈને કહ્યું: તમને જવાબ તો બીજો શો આપવાનો હોય? તમે ઠીક સંગઠન કરી રહ્યા છો. મેં અગાઉ સનાતન ધર્મ મહામંડળને જવાબ આપ્યો તે જ તમને આપું છું. પણ જોજો, લોકશાસન આવે છે એટલે બધી રૂઢિઓને પણ એની કસોટીએ ચડવું પડશે.

બાપુ કહે: આ તો સારો ધપ્પો લગાવ્યો કહેવાય. એમાં આપણને ન ગમે એવું એ કશું નથી બોલ્યો. સુધારકો વિષે પણ એક અક્ષર નથી બોલ્યો.

શ્વેતપત્ર ઉપર ચિંતામણિનો પાંચ કૉલમનો લેખ હતો તે મેં વાંચવાની શરૂઆત કરી. બાપુ કહે: મારે એની જરૂર

૨૦–૩–'૩૨ નથી. આ શાંતા પાનવલકરનો કાગળ મારે વધારે મહત્ત્વનો છે. એ વાંચીને મને સમજાવો.

સાંજે શ્વેતપત્રની તોફાન કરવાની શક્તિની વાત કરતાં બાપુ કહે: છતાં મને લાગે છે કે એમાં જવું પડશે. જો આપણે બધા પક્ષને એક કરી શકીએ તો દેશી રાજ્યો કશું જ ન કરી શકે. બધા પક્ષો — મુસલમાન, અંત્યજ વર્ગો અને બીજા હિંદુઓ એક થાય તો તો આપણે એ લોકોને હંફાવી શકીએ. જોકે તોપણ સવિનયભંગ કરનાર એક પક્ષને રાખવો જોઈએ. એક પક્ષ સવિનયભંગ કરે અને એક પક્ષ ધારાસભાઓમાં જાય. જેમ દક્ષિણ આફ્રિકામાં એક સત્યાગ્રહસભા (પૅસિવ રિઝિસ્ટન્સ

એસોસિયેશન ) હતી અને એક ટ્રાન્સવાલ ઇન્ડિયન એસોસિયેશન હતી. એમ બે ભાગ પાડ્યા હતા.

વલ્લભભાઈ કહે : આજે હરિજનોનું કામ કરનારા અને જેલમાં જનારા એવા ભાગ પડ્યા છે ને એમ.

માણસની તાવણી તો ચાલતાં ચાલતાં થયાં જ કરે છે. જે ઈશ્વરનો
ભક્ત છે અને શૂરવીર છે — ભક્તિ શૂરવીરની સાચી
૨૧–૩–'૩૩ — તે તાવણી માગ્યાં કરે છે. પ્રિન્સેસ એરિસ્ટાર્શી આજે
એક કાગળમાં કહે છે કે ભગવાન મારી વારંવાર તાવણી
કરે એમ હું ઇચ્છું છું. આટલું શાસ્ત્રીની સ્થિતિ સાંભળીને લખવાનું સૂઝ્યું. અહીં આવ્યા પછી છોકરાંની કેળવણીનો પ્રશ્ન ઊભો થયો. તામિલ જન્મેલાં છોકરાં હિંદી શીખ્યાં, બંગાળી શીખ્યાં. બંગાળીમાં પહેલો નંબર લેનારાં છોકરાંને બાપે જિંદગીમાં નવું પગલું ભરવાને લીધે પાછું મદ્રાસ જઈને પૂના આવવાનું થયું. દસ વર્ષની ઉંમરમાં કેટલી ભાષા શીખે ? વકીલે માયાળુપણું બતાવી હરિજનસેવકના છોકરાને મફત પોતાની શાળામાં લેવાની માગણી કરી, દીકરીને પણ લીધી. દીકરી પાંચ વરસની, શાળામાં માંડ રહે એટલે તેને ઘેર લાવ્યા. ત્યાં હવે ઘેર સાસુ અને પત્ની બંને બીમાર છે, નાનું દસ મહિનાનું બચ્ચું રો રો કરે છે, ન મળે કોઈ પડોશ કે મિત્ર ! ઘરમાં બૈરાં કાયર થાય એવાં હોય તો એ માણસ અરધો થઈ જાય. પણ આ માણસ પ્રસન્નચિત્ત રહે છે. કહે છે : અરે એ તો ચલાવી લઈશું, સેવાસદનમાંથી એકાદ બહેનને એક બે દિવસ માટે બોલાવી લઈશું.

* * *

આજે નારણદાસભાઈને . . . પ્રકરણ ઉપર ઊકળતો કાગળ :
"અહિંસા આગળ હિંસા શાંત થઈ જાય છે
૨૨–૩–'૩૩ તેમ શુદ્ધ સત્ય આગળ અસત્ય શાંત થઈ જવું જોઈએ.
હું આ લોકો છેતરે છે એ કેમ જોઈ ન શક્યો?
મારામાં ઊંડે ઊંડે અસત્ય ભરેલું હશે. મારા ઉપર મને ક્રોધ છૂટે છે, અને એ છોકરાં ઉપર દયા છૂટે છે."

અગાઉ બાપુએ કુંભાર અને ઘડાની ઉપમા વાપરેલી, ત્યારે એ રીતે એ ખોટી લાગી હતી. આશ્રમ કાચી માટી નથી એ એક કારણ, અને બીજું માટીના પણ જુદા જુદા પ્રકાર હોય છે. અમુક માટીની ઈંટ બને અને અમુક માટીનો હુક્કો બને, તો અમુકનો ઘડો બને છે. માણસો અમુક

સંસ્કાર લઈને જન્મે છે. તેને પોતાનાં કર્મો ધોવાં રહ્યાં અથવા ભોગવવાં રહ્યાં. તેમાં બાપુ પોતાને વિષે આટલું અભિમાન શા સારુ લે? દુઃખ શા સારુ વહોરી લે? અને કોઈ નીલા જેવી ભડ સત્યવક્તા પોતાના ભૂતજીવન ઉપર ભડભડતી આગ સળગાવનારી મળે તો કોઈ છેતરનારાં પણ મળે. તેમાં શું થાય?

પણ બાપુ આ વિચારના નથી. એમણે તો . . .ને લખ્યું: "વાંક તો મારો છે." . . .ને લખ્યું: "તમારો પણ વાંક કાઢું?" અને પછી લખે છે: "આવી અનેક વસ્તુ થઈ રહી છે તેનું સામટું પ્રાયશ્ચિત્ત ભગવાન કરાવશે. વિચાર નથી કરી રાખ્યો પણ આ ઘડીએ સૂઝી ગયું એટલે લખી નાખું છું."

પાછલે પહોરે નીલાની અદ્ભુત તપશ્ચર્યા અને પશ્ચાત્તાપથી શુદ્ધ થયેલા જીવનના વર્ણનથી ભરેલો કાગળ વાંચતાં વાંચતાં કહે: આ કાગળ વાંચતાં રડવું આવે એમ છે.

સાંજે કહે: ભગવાને અભિમાનના ચૂરેચૂરા કર્યા. આ તારો આશ્રમ, આ તારાં બાળકો!

૨૩-૩-'૩૩ નીલાના કાગળોની અસર બાપુના મન ઉપર ભારે થઈ છે. અને હજુ ચાલુ છે. આજે . . .ની આગળ બપોરની મુલાકાતમાં એ જ કિસ્સો સંભળાવ્યો અને કહ્યું: જો, એણે હજી મારામાં વિશ્વાસ ઉત્પન્ન નથી કર્યો. તેવું જ તારું છે.

પણ આજે જ એને લખેલા કાગળમાં બાપુએ વિશ્વાસ બતાવ્યો. એના ઉપર સત્યનાં પ્રવચનો તો ચાલુ છે જ:

"સત્ય તને જ્યાં સુધી સ્વાભાવિક નથી થઈ ગયું ત્યાં સુધી જીવન જરૂર કઠણ લાગશે અને તને નિરાશા જેવું લાગવાનો અનુભવ થશે. પણ જે વ્યક્તિ પૂર્ણ સત્યમય થઈ જાય છે તેને માટે નિરાશા જેવી વસ્તુ જ નથી. પછી તો એનામાં સત્ય પ્રકાશે છે અને તેના સમગ્ર જીવનને અજવાળે છે. ભગવાન એટલે કે સત્ય એ જ તારો ભોમિયો હોવો જોઈએ."

આ ઉપરાંત આ કાગળ ઉપર એક તાજા કલમ લખી. તેમાં લખ્યું:

"આજે તારો બહુ સારો કાગળ મળ્યો છે. ઉપરનું ગઈ કાલે લખાવ્યું હતું. સત્ય તારી આસપાસ વીંટળાઈ વળો અને તને ભરી દો —બાપુ."

'બાપુ' પહેલી વાર એને લખ્યું.

* * *

વળી નીલા ઉપર આજે પ્રેમનો ફુવારો ઉડાડ્યો. अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक्, साधुरेव स मंतव्यः सम्यग् व्यवसितो
૨૪-૩-'૩૩ हि सः એ વાક્ય મેં નીલામાં અને તેના પ્રત્યેના વર્તનમાં પ્રત્યક્ષ થતું જોયું. આજે એને લખ્યું :

"તું પ્રયત્ન કરશે એટલું પૂરતું નથી. તારામાં બળ હોય એ આવશ્યક છે. ઈશ્વરને પ્રયત્નથી સંતોષ હોય છે. પણ એનો કોલ છે કે સાચા પ્રયત્નથી હમેશાં જોઈતું બળ પેદા થાય છે જ. એટલે વસ્તુતઃ તું જે પરિણામ બતાવશે એ ઉપરથી તારા પ્રયત્નની આંકણી કરવાનો છું. આ બરાબર સમજાય છે ને? ભૂંડો ભૂતકાળ ભૂલી જવાને માટે તારે ભયંકર સંગ્રામ ખેલવો પડશે. પણ જો સત્ય તારામાં વ્યાપી ગયું હશે તો કશો ડર રાખવાની જરૂર નથી. પ્રકાશ ઘેરામાં ઘેરા અંધકારનો નાશ કરે છે. સત્ય કાળામાં કાળા પાપ ઉપર વિજય મેળવે છે. પાપનો જ બીજો અર્થ અસત્ય છે. એટલે તું તારી પહેરેગીર બને એમ હું ઇચ્છું છું."

પ્લેટોનું સદ્‌ગુણ એ જ્ઞાન છે (virtue is knowledge) અને બાપુનું પાપ એ અસત્ય છે (sin is untruth) અને સદ્‌ગુણ એ સત્ય છે (virtue is truth) એ પાસે પાસે આવી જાય છે. જોકે એમાં ભેદ છે. આખો વિષય ગીતાના જ્ઞાન અને યોગનાં કથનોની સાથે રાખીને ચર્ચવા જેવો છે.

જમનાલાલજીને આજે મળ્યા હતા. એમની બદલીનો જ રિપોર્ટ થયેલો. ટાઢે પાણીએ ખસ કાઢવાને! એટલે કાલે બદલી થાય છે. દંડ આપવો કે પેરોલ આપવું એ બંને ખરાબ છે એમ બાપુએ અભિપ્રાય આપ્યો. એમણે અભિપ્રાય એ માટે પૂછેલો કે ત્યાં બીજા માણસો કોઈ આપનો અભિપ્રાય જાણવા ઇચ્છે તો તેમને જણાવવાને માટે જરૂરનો થઈ પડે.

પછી એમણે પૂછ્યું : આ લડત કેટલી ચાલશે? બે વરસ કે વધારે?

બાપુ કહે : ઓછામાં ઓછાં પાંચ ગણી લો. અને એ જ સરસ છે. આપણને કાંઈક મળી ગયું હોત તો આપણી ફજેતી થાત. આજે આપણી શોભા વધી રહી છે. દેશ પણ આગળ વધી રહ્યો છે. આજે સમાધાન થાય એમ પણ હું નથી ઇચ્છતો. એ કાચું જ થાય. અને આપણે તો આજે કશું નથી બતાવી શક્યા, કારણ આપણી લડતમાં મેલ ઠીક ભરેલો છે. પાંચ વરસમાં મેલ બધો નીતરી જશે, અને પચાસ કે પાંચસો જેટલા રહેવાના હશે તેટલા રહેશે.

આજે પોલાક બાપુને મળી ગયા. મને પણ પાંચ મિનિટ મળવાની રજા મળી હતી.

૨૫–૩–’૩૩ મથુરાદાસની સાથે મહેરઅલી આવ્યા હતા. એણે કહ્યું : અસ્પૃશ્યતાની હિલચાલથી સવિનયભંગને ધક્કો પહોંચ્યો છે, એ વાત ખોટી છે. કેટલાક માણસો એમાં પડી ગયા છે એ વાત સાચી, પણ એ લોકો થોડું થોડું કામ કરે છે ખરા. પણ લોકો જે નથી સમજી શકતા તે રાજાજીનો સહકાર. એનું શું થાય? એ હું પણ નથી સમજતો.

બાપુએ એને લંબાણથી સમજાવ્યું : રાજાનો અસ્પૃશ્યતાના કામમાં પડવાનો ધર્મ હતો કે નહીં તે એ જાણે. એ તો એ જ કહી શકે. પણ એ કામ ઉપાડ્યા પછી એને ધારાસભા સુધી પહોંચ્યે જ છૂટકો હતો, એમાં કાંઈ શંકા નથી. એ એનો ધર્મ હતો. સહકાર તો ત્યારે શરૂ થયો જ્યારે મેં મૅકડોનલ્ડની સાથે મસલત કરી કે ચુકાદો બદલવો જોઈએ. ઉપવાસ કરીને કરાર કરાવ્યો. એમાં સહકાર હતો જ. એ કરારમાંથી ઠરાવ થયો કે સ્વરાજ મળે તે પહેલાં અસ્પૃશ્યતા ટાળવી. અસ્પૃશ્યતાનિવારણનો ઠરાવ તો હજી લાવવામાં આવ્યો નથી. આ તો જે ખરાબ કાયદો છે, જે બહુમતીને પણ પોતાનો મત અમલમાં મૂકવા દેતો નથી તેને બદલવાનો કાયદો કરાવવાનો પ્રયત્ન ચાલે છે. જો એ બદલાવી ન શકીએ તો આપણે કરાર પછી કરેલી પ્રતિજ્ઞા ધૂળ મળી સમજવી. જે બિલ આપણે લાવ્યા છીએ એ તો આપણા પોતાના સ્વાર્થની વાત છે. સહકારમાં સામસામે લેવદેવ હોય. આ બિલ પસાર કરાવવામાં આપણે સરકારને કશું આપતા નથી. સરકાર આપણી સાથે સહકાર કરે છે, પણ આપણે એની સાથે નથી કરતા. દુશ્મનની પાસે પણ અમુક બાબતમાં સહકાર માગી શકાય, જેથી એને કહેવાપણું તો ન રહે કે આપણે મદદ નહોતી માગી. આપણા પ્રતિજ્ઞાપાલનને માટે આ બિલ આવશ્યક છે. જો રાજગોપાલાચાર્યે હરિજન કામ લીધું એ બરોબર હોય તો બિલ વગેરેના કામમાં એ પડ્યા એ તો સાવ બરોબર હતું. એમાં અસહકારના સિદ્ધાંતનો ભંગ નથી થતો. વડાપ્રધાનની સામે આ લડત ન લીધી હોત તો હિંદુ ધર્મનું મીંડું વળત, પ્રજાના પણ ભુક્કા થઈ જાત. હજી આપણા લોકોની માંહોમાંહેની લડાઈ ઊભી છે ખરી. આજે આંબેડકર ચાર કરોડને માટે નથી બોલતો. પણ એ ચાર કરોડમાં શક્તિ આવશે તે દિવસે એ પાછું ફરીને નથી જોવાના. એ લોકો તમારા કૂવામાં ઝેર નાખશે અને તમને ઝેરથી મારવાનો પ્રયત્ન કરશે! એ ચાર કરોડ માણસનાં મન ભગવાન એક પલક વારમાં

ફેરવી દઈ શકે. અને એ મુસલમાન પણ થઈ જાય. પણ જો એ ન થાય તો તેઓ વીણી વીણીને સવર્ણ હિંદુને મારવાના છે. એ વસ્તુ મને ગમે નહીં, પણ હું એમ કહીશ ખરો કે સવર્ણ હિંદુઓ એ જ લાગના હતા.

હું તો નાનકડી કેડી ઉપર ચાલનારો રહ્યો. મારે તો પ્રતિજ્ઞા પાળવાની રહી. અને પ્રતિજ્ઞાના પાલનની પાછળ ધર્મ ડૂબી જતો હોય કે દેશ ડૂબી જતો હોય તો ભલે ડૂબી જાય. મારા ઉપર હિંદુ ધર્મનો નાશ કરવાનો આક્ષેપ મૂકતા કાગળો આવે છે ત્યારે કહું છું કે હિંદુ ધર્મને જિવાડનારો હું કોણ? હરિજનોને જિવાડનાર પણ હું કોણ? મારે તો પ્રતિજ્ઞા લીધી તે પાળ્યે જ છૂટકો છે.

આજે જે માણસો ટીકા કરે છે તે મિથ્યા છે. સરકારના પ્લૅટફૉર્મ ઉપર જઈને પણ, આપણું કામ કરવાનું હોય તો તેમાં સહકાર શું થયો? એમ તો હું વિલાયત શા સારુ ગયો હતો? એય સહકાર જ હતો ના? એટલે આજના પગલાથી બધું ભાંગી પડશે એ વાત જ ખોટી છે. જે લોકો સમજ્યા છે અને ગમે તે થાય તોયે લડત ચલાવ્યે જ રાખવાના છે એવાને હારવાનું શું છે? જે માણસ ન સમજે તે ભલે ખરી પડે. એટલો વહાણમાં ઓછો ભાર. રાજાજીનું એકે પગલું ખોટું નથી. પ્રજાની લડતને માટે એકેએક પગલું આવશ્યક હતું. સહકાર તો ત્યારે કર્યો કહેવાય કે એ લોકો અમુક આપવા માગે તે લેવાને અને એ લોકોની સાથે કામ કરવાને આપણે તૈયાર થઈએ.

સનાતનીઓના નમૂનેદાર કાગળો આવે છે. એક કાગળમાં છે કે સરકાર તો એક રીતે દુશ્મન છે પણ તમે તો અમારા
૨૬–૩–'૩૩ હજારો રીતે દુશ્મન છો! એલ્જિપ્યન કૉંગોથી એક માણસ સનાતન ધર્મપત્રિકાનો ઉલ્લેખ કરીને ગાળો મોકલે છે!

ડંકનની ઉપર બાપુની શ્રદ્ધા વધી ગઈ છે. એને માટે મદનાપલ્લીથી હેડ માસ્તરની જગ્યાની માગણી આવી. એણે લખ્યું: "મારે તો આશ્રમના આદર્શને માન આપવું રહ્યું. અને હવે હું ગાંધીના આદેશ તળે છું એટલે એમને પૂછ્યા વિના ન નીકળાય. કદાચ એ મારે માટે પ્રલોભન તો ન હોય?"

બાપુએ લખ્યું : " એને તું પ્રલોભન જ માન. તું આવ્યો ત્યારથી મારી નજર તારા ઉપર ઠરી છે. મારે તો તને કોઈ શુદ્ધ હરિજન શાળા સોંપવી છે, જે દ્વારા તું માબાપો અને બાળકોને પણ શીખવી શકે."

મેરીને લખતાં લખ્યું : "'પંચ'ની તો શી વાત કરવી? મહાદેવ કે મને 'પંચ' જોવાની એક મિનિટ પણ રહેતી નથી. બાકી અમે અહીં જુદાં જુદાં કામોના દોરા ભેગા કરીને ઘણી વાર 'પંચ અને જૂડી શો' કરીએ છીએ ખરા!"

આજે 'નાગાનંદ' વાંચ્યું. એ ગરુડ કોણ? એ નાગો કોણ? ગરુડ નાગોને ઉપાડી જતું, અને જીમૂતવાહનને ઉપાડી ગયું, અને મલય પર્વત ઉપર મૂકીને તેનો ભક્ષ કરવા લાગ્યું. એ મલય પર્વત ક્યાં? પણ મુદ્દાની વાત એ છે કે પારકાના દુ:ખને માટે પ્રાણ આપવાની પ્રથા અનાદિ કાળથી ચાલી જ આવી છે અને તે ઠેઠ સહસ્રલિંગ તળાવમાં પ્રાણ આપનાર અંત્યજ બાળક સુધી ચાલી છે. નાટકનો આગલો ભાગ શિથિલ છે, પણ પાછલો ભાગ સુંદર છે. અને ભાષાંતર પણ ઠીક લાગે છે. ગરુડને પોતાનું બલિદાન આપવા માટે જ્યારે જીમૂતવાહન તૈયાર થાય છે ત્યારના એના શબ્દો સુંદર છે :

"શિલા ઉપર ચડતાં મારા શરીરમાં આનંદનો સંચાર થાય છે. આ વધશિલાને ભેટતાં જે આનંદ હું અનુભવું છું તેના દશમા ભાગનો પણ આનંદ ચંદનરસથી શીતલ મલયવતીનો સ્પર્શ પણ ન આપે. શું કામ મારી પ્રિયતમાની વાત હું કરું? આ શિલા ઉપર સૂતાં જે સુખ હું અનુભવું છું તેની આગળ માતાના ખોળામાં નિરાંતે ઊંઘતા બાળકનું સુખ પણ કશી વિસાતમાં નથી." (શ્રી હર્ષરચિત નાગાનંદ, અંક ૪, શ્લોક ૨૩–૨૪)

મલબારના લોકો કહે છે કે એમના પ્રદેશમાં આ બીના બનેલી. ત્યાં જ આજે અસ્પૃશ્યો જેટલા હડે હડે થાય છે તેટલા બીજે ક્યાંય થતા નથી!

. . .નો કાગળ આવ્યો. એમાં એણે બહુ જ નિખાલસતાપૂર્વક પોતાના . . . સાથેના પરિચયોનું વર્ણન આપ્યું. પોતાનું

૨૭–૩–'૩૩ એના તરફનું મિત્ર-ઋણ કેટલું છે તે પ્રકટ કર્યું, પણ પોતે કાંઈ વચનથી બંધાયેલ નથી એ જણાવ્યું.

મેરીનો કાગળ ખરેખર એ બાઈને શોભાવે એવો હતો. પોતે લગ્નનો વિચાર માંડી વાળ્યો છે, પણ હજી પોતાની સમતા મેળવી શકી નથી એટલે પેલો ત્યાગ પણ કલુષિત થાય છે એમ એણે જણાવ્યું. બાપુએ બંને

કાગળો . . . પાસે મૂકયા અને બંનેને વિષે શાંત થઈ જવાનું કહ્યું અને કદી . . . તરફ જવાની વૃત્તિ ન રાખવાની સલાહ આપી.

આલ્લાની પાસે આંખનાં ચશ્માં કેમ છોડી શકાય એ વિષે પ્રાયોગિક જ્ઞાન મેળવવાનું પણ આજે જ ઠરાવેલું હતું. એ વિષેનાં એક બે પુસ્તકોનો અભ્યાસ તો બાપુ કરી રહેલા જ હતા. અમેરિકાના એક દાક્તરની સાથે એ વિષે પત્રવ્યવહાર પણ ચલાવ્યો હતો અને ગ્રેગનો પોતાનો અનુભવ પૂછ્યો હતો. ગ્રેગે તો બહુ જ ઉત્તેજન આપે એવો જવાબ મોકલ્યો હતો. આલ્લાની પાસેથી ઝીણવટથી બધી સૂચનાઓ લેતા અને આલ્લાને ઊલટસૂલટ અનેક પ્રશ્નો પૂછતા બાપુને જોઈને મને થયું: હજી બાપુને કેટલો લોભ છે? હવે આ ચશ્માં ઉતારવાની શી દુરાશા? કેટલાં વરસ જીવવું છે? તેમાં ચશ્માં રહ્યાં તોયે શું અને ન રહ્યાં તોયે શું?

ત્યાં તો જાણે મારા મનમાં ચાલતા વિચારને જ જવાબ આપતા હોય એમ બાપુએ કાકાને કહ્યું: કાકા, આ વસ્તુ પર થોડો વખત આપવા જેવું છે. એ સાચી જ વસ્તુ હોય તો એમાંથી કેટલાય માણસોને લાભ થાય અને હજારો રૂપિયા બચી જાય!

૬૪ વરસે ચશ્માં ઉતારવાની કળા શીખવામાં બાપુની આ દૃષ્ટિ હતી!

૨૮–૩–'૩૨ મેજરની સાથે ટેલિસ્કોપ વિષે વાતો. સરકારે એ આવવા દીધું છે છતાં એને અંદર આવવા દેવામાં એની આનાકાની છે. કોઈ એની ઉપર ચઢીને દીવાલ કૂદી જાય તો?

બાપુ: પણ અમે જ આ ખાટલા ભીંત આગળ મૂકીને ન કૂદી જઈએ?

પેલા કહે છે: પણ તમારી ક્યાં વાત છે? બીજા કેદીની.

બાપુ: પણ અમારી પાસે રાતદિવસ એ પડ્યું હશે. અમે ચાર જણા એની પાસે સૂતા હોઈશું છતાં દરવાજા તોડી, તાળાં તોડી કોઈ માણસ એ ઉપાડવા અને એની મદદે ચડવા આવશે એની અમને ખબર નહીં પડે? પણ ભલે તમારે ના પાડવી હોય તો ના પાડો.

પૂનમચંદ રાંકાને વિષે ૨૩મીના કાગળનો કશો જવાબ ન આવ્યો. એટલે બાપુએ સરકારને પાછું લખવાનો વિચાર કર્યો. સવારે રાંકા વિષે એની સ્ત્રીનો છાપામાં આવેલો કાગળ બાપુ પાસે મૂકવો કે નહીં એ વિષે છગનલાલ મને પૂછવા લાગ્યા. મેં કહ્યું: તુરત મૂકો. પણ સરદાર તો એના ઉપર ચિડાયા.

બાપુ : સરદારને એ-બાબત ખબર ન પડે. જતાં જતાં બાપુ કહે : નોટિસ આપવી પડશે. આવી રીતે પોતાના સગાવહાલાને, ઓળખીતાને મરી જતો અટકાવવાનો દરેક કેદીનો અધિકાર છે, મારો તો વિશેષ છે.

વલ્લભભાઈ : જરા થોભી જાઓ. સરકારનો જવાબ આવવા દો.

છેવટે ઊઠતાં બાપુ કહે : કેમ કાજી, ફતવો આપો છો કે?

કાજી હરી ગયા. જવાબ ન આપ્યો. આંબાવાડીમાં જઈને બાપુએ તો આવતી કાલ સુધીમાં મને જવાબ મળવો જ જોઈએ એવી સરકારને નોટિસ આપી અને ડોઇલિને લખ્યું : આ કાગળ ટેલિફોનથી મોકલ અથવા તાર કર.

પછી મને કહે : આજે બેસી રહીએ તો હાથ ઘસતા થઈએ. આપણે માત્ર ખબર મેળવવાની અને સલાહ આપવાની રજા માગીએ છીએ. એટલી તક એણે આપ્યે જ છૂટકો છે. મારી સલાહ ન માનીને એને મરવું હોય તો ભલે મરે.

બપોરે ભંડારી આવ્યા, એમ કહેવા કે ટેલિફોન તો ડોઇલિ ન કરી શક્યા પણ તમારે ખરચે એ તાર કરવાને તૈયાર છે.

બાપુ કહે : ભલે.

આ પછી મેજર પાછા અરધા કલાકે આવ્યા. કહે : એણે તો ટેલિફોન જ કર્યો અને સરકારનો જવાબ પણ મળ્યો. તે કહે છે કે હિંદુસ્તાન સરકાર સાથે અમારે પત્રવ્યવહાર ચાલી રહ્યો છે. કાલે જવાબ ન આવે તો ગાંધી પરમ દિવસ સુધી રાહ ન જુએ?

બાપુએ કહ્યું : સરકારને ટેલિફોનથી મારા તરફથી આ જવાબ આપો :

"વસ્તુ એટલી તાકીદની છે કે રાહ જોવાનું મારે માટે બહુ મુશ્કેલ છે. અત્યાર સુધીમાં જ એને લીધે મેં ભારે વેદના સહી છે. શેઠ પૂનમચંદ રાંકાને કંઈ થશે તો જિંદગીભર એ વસ્તુ મને સાલ્યાં કરશે કે અણીને વખતે તેને કાગળ લખવાની પરવાનગી સરકાર પાસેથી મેળવવામાં હું નિષ્ફળ ગયો. તેથી હું તાબડતોબ જવાબ માગું છું. હું એમ સૂચવું છું કે મુંબઈ સરકાર પોતાની જવાબદારી ઉપર સી. પી.ના હોમ મેમ્બર મારફત શેઠ પૂનમચંદ રાંકાની સાથે પત્રવ્યવહાર કરવાની મને પરવાનગી આપે."

નીલાના બીજા કાગળો. એને સુંદર કાગળ, એમાં રોટલી બનાવવાની વર્ણનાત્મક અને વિગતવાર સૂચના. આખળિયો શેનો બનાવવો, વેલણ કેવું, રોટલી કેવડી, કેટલી જાડી, વગેરે વિષે પણ સૂચના. બાપુને મા થવાનો પાનો ચડ્યો છે!

લેડી ઠાકરસીનું ત્રણ ચાર હજારનું ટેલિસ્કોપ આવ્યું. એના સ્ટૅન્ડને ઉપાડવાને આઠ માણસની જરૂર પડી.

બાપુ કહે: હવે એ રાખી લેવાની દાનત થાય છે. તો આશ્રમમાં ઑબ્ઝર્વેટરી કરી શકાય! છૂટયા પછી પાંચેક વરસ જીવીએ તો બધું થાય.

એટલે હજી દસ વરસ જીવવાની વાતો છે.

વલ્લભભાઈ: અરે ભાઈ, ઑબ્ઝર્વેટરીને માટે તો આજે પણ છોડે. સાથે હરિજનનું ભેળવજો. પણ બીજું કશું ન કરતા હો તો જાઓ ને આજે જ જાઓ! એમ કહે છે છતાં તમે કયાં માનો છો?

મૃદુલાનો એને શોભાવે એવો કાગળ બેલગામથી આવ્યો.

નસ્તર મૂકવાની ક્રિયા ચાલી જ રહી છે. જેટલી દયા એમનામાં છે તેટલી જ નિર્દયતાથી બાપુ કાગળો લખી શકે છે. . . .

૨૯-૩-'૩૩ ઉપર લખેલો આજનો કાગળ એ પ્રકારનો છે. . . . ઉપર પણ એવો જ છે. છતાં એમાં દયામૃત પણ ઓછું નથી:

"આશ્રમમાં રહીને આશ્રમજીવનને બદલે બીજું જીવન સેવવું એ પણ સત્ય જ છે કે? એમાંથી તું છૂટ એ જ મારી ઇચ્છા. મારાથી કરોડ ગાઉ છેટો રહીને સત્યને સેવે તે મારી સાથે રહીને અસત્ય સેવે તેના કરતાં મને અતિ વધારે પ્રિય છે. તારી પરીક્ષા કરવામાં એક વાર હું નપાસ થયો, તેમ તારો અવિશ્વાસ કરવામાંયે હું નપાસ થાઉં એ સંભવે. ઈશ્વર પાસે માગું છું કે હું નપાસ થાઉં. એમ થાય તો પહેલી નિષ્ફળતા પણ ઊડી જ જાય ના? અત્યારે તો મને લાગે છે કે તું મને છેતરી જ રહ્યો છે."

આજે નીલાને પાછો લાંબો કાગળ લખ્યો. એમાં વળી સત્યનો મહિમા ગાયો અને પોતાની કલમે સત્ય અને અહિંસા સિવાય કશું ચઢતું નથી એ જણાવ્યું:

"હું લખું તે દરેક શબ્દમાંથી સત્ય અને પ્રેમ ટપકે એમ હું ઇચ્છું છું. જો ન ટપકે તો તેમાં મારા પ્રયત્નની ખામી નહીં હોય.

"મારી ખાતરી છે કે જીવન્ત સત્ય ઉપર તારી જીવન્ત શ્રદ્ધા હશે તો સહન કરવાની તારી શક્તિ કરતાં વધારે કસોટી ભગવાન તારી નહીં કરે."

આ કાગળમાં ઝીણી ઝીણી સૂચનાઓ આપી. ઝીણી ઝીણી ખબરો માગી. બજાર કયાં છે? શાકભાજી શું મળે છે? પાણી કયાંથી આવે છે? શહેરથી કેટલું દૂર છે? ગાય દોતાં અને બકરી દોતાં શીખી લેવાનું કહ્યું.

આમ એ બાઈનું ઝીણવટથી ઘડતર ચાલી રહ્યું છે. આ વિચારું છું ત્યારે અગાઉ મેં એક વાર ટીકા કરેલી અથવા શંકા કરેલી તેનો ખુલાસો મળી રહે છે. બાપુ કહે છે કે માટલું ખરાબ તેમાં માટીનો વાંક કે કુંભારનો? કુંભારનો. મારી શંકા એ હતી કે આશ્રમમાં આવનાર માણસો માટી નથી, અને માટી હોય તોપણ માટી વિવિધ પ્રકારની હોય છે. પણ ખરી વાત એ છે કે જે માણસ પ્રપન્ન છે, એટલે કે જેણે બધું જ બાપુને સોંપ્યું છે અને બાપુની પાસેથી જ દિશાની આશા રાખે છે તે એમના હાથમાં માટી થઈને પડે એવી જ એની પાસે બાપુ આશા રાખે છે, માની લે છે. એટલે જ મીરાબહેનને જે કાગળો જાય છે અને આજકાલ નીલાને જે કાગળો જાય છે તેમાં જિંદગીની પ્રત્યેક બાબત વિષે ઝીણી ઝીણી સલાહ હોય છે. કાલે લખ્યું હતું ના કે "ભગવાન એટલે સત્ય અને તારી વચ્ચે આવવાનો કોઈને હક્ક નથી. હું આવું છું કારણ મને સાક્ષી રાખીને તેં પ્રતિજ્ઞા લીધેલી છે."

આ બધા કાગળો ઇતિહાસમાં કોઈ વાર અમર થઈ જશે.

૩૦–૩–'૩૨ પૂનમચંદ રાંકા વિષે આજે કાગળ આવી ગયો. કાગળ તો કાલે રાત્રે જ આવી ગયો હતો, કે જાજૂને તાર મોકલવો હોય તો ગાંધી મોકલે. પણ પૂનમચંદને સીધો નહીં! એમાં મૂળ માગણી સરકારને સ્વીકારવી પડી એટલી તો જીત થઈ. પણ પોતાનો કક્કો ખરો કરવાનો પણ પ્રયત્ન કર્યો. એટલે બાપુ પાછો બીજો કાગળ તૈયાર કરી રહ્યા છે.

મીરાબહેનની અસહિષ્ણુતાનો એક દાખલો આજે એના કાગળમાંથી મળે છે. અસહિષ્ણુતા અથવા એની ઉપર વીતેલા વીતકના એક પ્રત્યાઘાતનો નમૂનો કહો:

"હું ઇચ્છું છું કે . . . આ વ્રતનું સૌંદર્ય અને તેની આત્યંતિક આવશ્યકતા સમજે. સેવામય જીવન માટે અને ઈશ્વરના પ્રકાશની શોધ માટે બ્રહ્મચર્યની આવશ્યકતા સમજાય તે પહેલું પગથિયું છે. શરીરનો મોહપાશ એ બહુ ભયંકર વસ્તુ છે. આર્થર રોડની જેલમાં મારી જોડેની જ ખોલીમાં એક દિવસ બે બાળકોનો જન્મ થયો. એ આખી ગંદી ક્રિયાના વિચારથી મને અવર્ણનીય જુગુપ્સા ઊપજી. ગર્ભાધાનથી તે જન્મ સુધીની પ્રક્રિયા બહુ ગંદી છે. એ રીતે પેદા થયેલાં આપણાં શરીર બોજરૂપ અને 'અળગાપણાની દીવાલ'રૂપ હોય તેમાં નવાઈ નથી. નવાં જન્મેલાં બાળકોને જોતાં મારા ઉપર પહેલી છાપ પડી તે આ મોહમાયાથી ભરેલી

દુનિયામાં જન્મ પામતાં અંતરાત્માને થતા ત્રાસની હતી. નાનાં બિચારાં બાળકો જન્મ્યા પછી અરધા કલાકે મરી ગયાં.”

બાપુએ આના ઉપર એક સુયોગ્ય પ્રવચન આપ્યું. એમાં વિવાહિત સ્થિતિમાંથી ગૌતમ બુદ્ધ, ઈશુ, ઝરથુષ્ટ્ર વગેરે પાકચા, અને તું પણ એનું જ પરિણામ છે, એમ એને ભાન કરાવ્યું અને બ્રહ્મચર્ય વિષે સ્મરણીય ઉદ્ગાર કાઢ્યા :

“જેઓ બ્રહ્મચર્યનું મહત્ત્વ સમજે અને તેનું પાલન કરી શકે તેમને માટે એ બહુ સુંદર વસ્તુ છે. પણ એટલું સ્વીકારવું જોઈએ કે દેહધારીઓને માટે એ બહુ અસાધારણ વસ્તુ છે. દુનિયામાં બધાં પ્રાણીઓ નરમાદાના જોડકામાં રહે છે અને કાળના અંત સુધી એમ જ રહેવાનાં. તેથી પરિણીત જીવન અને તેનાં પરિણામો વિષે અધીરા થવું એ કદાચ અયોગ્ય હોય. સાધુપણું ધારણ કરવું તો આપણને પોસાય જ નહીં. ઈશ્વરની ગતિ અકળ છે. તેથી દરેકના પ્રત્યે આપણે ઉદાર રહેવું ઘટે છે. આપણને પોતાને જ પ્રતિક્ષણે બીજાની ઉદારતાની જરૂર પડે છે. પરિણીત જીવન એ જ કરોડો માણસો માટે તો વિષયી અને દુઃખમય જીવનમાંથી મુક્તિનો માર્ગ છે.”

આ તો શંકરાચાર્યમાં શરીરનિંદાના શ્લોકો આવે છે તેને પણ એક બાજુએ મૂકે એવું છે, અને મીરાબહેનને અમે આપેલું શંકરાચાર્યનું નામ સાર્થક કરનારું છે! સરખામણી માટે શંકરાચાર્યના સુબોધ પ્રભાકરના નીચેના શ્લોકો જુઓ :

स्त्रीपुंसोः संयोगात् संपाते शुक्रशोणितयोः ।
प्रविशज्जीवः शनकैः स्वकर्मणा देहमाधत्ते ॥
मातृगुरूदरदर्यां कफमूत्रपुरीषपूर्णायाम् ।
जठराग्निज्वालाभिर्नवमासं पच्यते जंतुः ॥
दैवात्प्रसूतिसमये शिशुस्तिरश्चीनतां यदा याति ।
शस्त्रैर्विखण्ड्य स तदा बहिरिह निष्कास्यतेऽतिबलात् ॥
अथवा यन्त्रच्छिद्राद्यदा तु निःसार्यते प्रबलैः ।
प्रसवसमीरैश्च तदायं क्लेशः सोऽप्यनिर्वाच्यः ॥

આજે રાજાજી આવ્યા. દિલ્હીની વાતો કરી. વલ્લભભાઈએ તમારાં આંસુ લૂછવાને માટે લાંબો ટુવાલ મોકલ્યો છે એમ બાપુએ કહ્યું. એટલે કહે : ટુવાલની જરૂર નથી કારણ આંખ સૂકી છે.

પછી એમના ભવિષ્યના કાર્યક્રમની વાત નીકળી. હવે મારે બહાર કાંઈ કરવાપણું નથી. જે બિલ એ લોકોને વધારે જોખમકારક છે એ તો આવી ગયું છે. અને એક દહાડો તો પસાર થવાનું જ. મારે શા સારુ બહાર રહેવું?

બાપુ કહે: એમાં તો મારો જવાબ જે અગાઉ આપ્યો હતો તે જ છે. મારી અહીં એકાં સ્થિતિ જુદી છે. હું તમારી પરિસ્થિતિમાં મને મૂકી શકતો નથી. તમને એમ લાગે કે આ સનાતનીઓનો આટલો બધો જૂઠાણાનો પ્રચાર ચાલી રહ્યો છે તેને તમારા વિના કોઈ જ પહોંચી ન શકે તો તમે એ જ કામ કરો. પણ તમને લાગે કે તમારા જેલમાં જવાથી આ કામમાં ટેકો મળશે તો તમે જેલમાં જાઓ. હું તમે બહાર હો એમ ઇચ્છું એમ માનીને તમે બહાર રહો એ બરોબર નથી. હું તો તમે બહાર હો ત્યાં સુધી તમારી પાસે કામ લઉં, પણ તમે બહાર ન હો તો શું? બધા જેલમાં છે એમ માનીને મેં આ લડત ઉપાડી છે, અને બહાર જે રહેલા છે તેની મારફતે આ ચાલવાની છે. ખરી રીતે તો ઈશ્વરને એ ચલાવવી હશે તો ચાલશે. હું પોતે બહાર હોઉં તો શું કરું એ પણ મને ખબર નથી. મને એમ લાગે કે પ્રતિજ્ઞા પૂરી કરવાની ખાતર મારાથી બીજું કામ ન જ થાય તો અસંખ્ય માણસોની ટીકા છતાં હું આ જ કામ કરું.

રાજાજી કહે: તમે તો મારી સ્થિતિ વધારે મુશ્કેલ કરો છો. શૌકતઅલી કહે છે ને કે તમને વસ્તુઓ વધારે મુશ્કેલ કરતાં આવડે છે.

એટલે શૌકતઅલીની વાત નીકળી. શૌકતઅલીની જેવી તારીફ બાપુએ કરી એવી એ જેને સારામાં સારા મિત્રો માનતો હોય તે પણ ન કરે. એની બુદ્ધિની, એની વ્યવહારદક્ષતાની, પરિસ્થિતિ સમજી લેવાની શક્તિની, એના નિર્ણયોની— એટલે સુધી કે મહમદઅલી તો એનાથી જ દોરાવામાં સલામતી માનતો — બહુ તારીફ કરી.

પછી રાજાજી કહે: માત્ર એનું લગ્ન એ આ બધી તારીફને લાયક નથી. એમાંથી જ આ યુરોપિયન પ્રવાસ થયો. એ વસ્તુ એના રાજકારણ ઉપર પણ સવાર થાય છે.

એટલે બાપુ કહે: ના. એના લગ્નમાં પણ હેતુ છે. એણે તો માન્યું કે એક સ્ત્રીનો ઇસ્લામમાં લાવીને એ ઉદ્ધાર કરે છે. વળી તે વિધવા હતી એટલે એણે નિશ્ચય કરી નાખ્યો અને પોતાના નિશ્ચયને અમલમાં મૂકવા માટે દુનિયાની સામે ઝૂઝ્યો.

રાજાજી : એવું તો વીર કહેવાઈ ગયેલા બધા સાહસ ખેડનારાઓ કરે.

બાપુ : ના, એ એના જેવું નથી. એને તો બધું ઇસ્લામની દૃષ્ટિએ સૂઝે છે અને એ પ્રમાણે તે કરે છે. ઇસ્લામનો એ જેવો અર્થ કરે છે તે પ્રમાણે એનો અર્થ તમારે ન સ્વીકારવો હોય તો ન સ્વીકારો. પણ એ તો એ પ્રમાણે જીવન ગાળે છે. જુઓને તેના લગ્ન ઉપર ટીકાની આંધી મચી, પણ તેની સામે ઊભા રહેવાની એનામાં હિંમત છે ના ?

એ મને પણ બરોબર ઓળખે છે એમ કહેવું જ જોઈએ. માત્ર મને એ ઇસ્લામનો મોટો અને એક જ શત્રુ માને છે અને ત્યારથી એ મારો વિરોધ કરે છે. કોહાટથી જ અમે જુદા પડયા. પણ તે વેળા હકીમ અને ખ્વાજા પણ એમ કહેતા હતા કે આ માણસ કહે છે તે સાચું છે. એનું એમ કહેવું હતું કે જે નાનકડી હિંદુ કોમ મોટા મુસલમાન સમાજમાં રહે તેણે એની મહેરબાની ઉપર જ રહેવું જોઈએ અને ઇસ્લામ પ્રમાણે વટાળવાનું તથા સ્ત્રીહરણ કરવાનું થઈ શકે.

રાજાજી : એ પણ ઇસ્લામ ?

બાપુ : એ એમ સમજે છે તેનું શું કરવું ? લાહોરમાં બંને ભાઈઓ આવ્યા અને મને કહ્યું, મુસલમાનો આમાં સાથે નથી, તમે આ સ્વતંત્રતાની લડત ન કરો. મેં એમને કહ્યું, એમ કેમ થઈ શકે ? તમે બે જણા સાથે નથી તેથી મારાથી ધ્યેયને કેમ છોડી દેવાય ? તમારા સિવાય બીજા મુસલમાનો તો છે જ. અમુક વ્યક્તિની ખાતર ધ્યેયને કદી ન છોડી શકાય. બસ ત્યારથી એણે મારો કટ્ટર વિરોધ શરૂ કર્યો છે.

આ પછી હિંદુ ધર્મ વિષે પુષ્કળ વાતો ચાલી. રાજાજી કહે કે હિંદુ ધર્મને કાંઈ સાદું રૂપ ન આપી શકાય ? જેમ ઇસ્લામ સીધોસાદો છે, મુસલમાન કરવાને કે થવાને માટે બહુ કરવાની જરૂર નથી પડતી તેમ હિંદુ ધર્મને માટે કશું ન થઈ શકે ? આટલાં બધાં પુસ્તકો, આટલા આચાર, વગેરેનો આડંબર બીજા એકે ધર્મમાં નથી. અને દરેક સ્મૃતિ એ ધર્મ. બનારસમાં પ્રો. અળતેકર મળ્યા હતા તે કહેતા હતા કે સ્મૃતિઓ તો અસ્પૃશ્યતા બતાવશે, એમાં અસ્પૃશ્યતા ભરી પડી છે, પણ તમે આ જમાનાને અનુકૂળ નવી સ્મૃતિ શા માટે ન કરો ? સાથે સાથે પોતાનો અભિપ્રાય કહેતા જાય, કે સ્મૃતિ બનાવવાની રીત આપ કરી રહ્યા છો એ જ કદાચ હોય.

આ જાણે બાપુના એક જવાબમાંથી ઉત્પન્ન થયું કે હિંદુ ધર્મે શુદ્ધ થવું જોઈએ, આજે મુસલમાનો ગુંડાપણું બતાવી રહ્યા છે તેનો મુકાબલો હિંદુઓ શુદ્ધ થઈને જ કરી શકે.

એટલે શુદ્ધ થવું એટલે શું એ ચર્ચા ચાલી અને એમાંથી રાજાજીના મનમાં દિલ્હીમાં ઊભા થયેલા વિચારો બહાર આવ્યા.

બાપુ : અહિંસાથી — મરવાની તૈયારીથી જ ગુંડાપણું જીતી શકાય. આપણે જો શુદ્ધ નહીં થઈએ તો કેવળ જડતાથી જ મરી જવાના છીએ. આજે ઇસ્લામમાં ભ્રષ્ટાચાર અને ગુંડાપણું છે. હિંદુ ધર્મમાં ભ્રષ્ટાચાર છે પણ ગુંડાપણું હજી નથી આવ્યું. એટલે કહું છું કે હિંદુ ધર્મને શુદ્ધ કરો.

એટલે શુદ્ધ કરવો એટલે શું એની ઉપર આખી ચર્ચા ચાલી.

કાકાસાહેબ : તમે હિંદુ ધર્મને શુદ્ધ થયેલો ક્યારે માનો? અસ્પૃશ્યતા જાય તો કે બીજી કાંઈ વધારે શરતો છે?

બાપુ : અસ્પૃશ્યતા તો જાય જ.

રાજાજી : શુદ્ધ કરવાનું કહો છો પણ શુદ્ધિ તો શુદ્ધિને ખાતર જ હોય, બીજો કોઈ આપણને પોતાની બરોબરીનો ગણે એ હેતુથી ન હોય.

બાપુ : ના. એ તો મુસલમાનો આપણને સરખા નથી માનતા, કાફર માને છે, અથવા તો જજિયાથી રહેનારા, આપત્કાળે અમુક શરતે એની મદદને લાયક માને છે. તો આપણે શી રીતે સરખા થઈ શકીએ? એ મેં કહ્યું.

એટલે રાજાજી હિંદુ ધર્મની શુદ્ધિ ઉપર આવ્યા અને કહેવા લાગ્યા : એક જ દિશામાં સમાન્તરે શરત ચાલી રહી છે, એટલે સુધી કે એ કહેવું મુશ્કેલ થઈ પડ્યું છે કે ઝનૂની મુસલમાન કરતાં સનાતની હિંદુ એ ઓછો ધર્માન્ધ છે. એને શુદ્ધ કરવાને માટે મને તો લાગે છે કે હિંદુ ધર્મના મૂળભૂત સિદ્ધાંતો લઈને લોકોની આગળ મૂકીએ, અને હિંદુઓને કહીએ કે આ સાદો ધર્મ સ્વીકારો.

બાપુ : એટલે તો કલમો પઢો એમ જ કહેવું ને? આર્યસમાજીઓએ મુસલમાનોનું અનુકરણ કર્યું તે એટલે સુધી કે એ લગભગ મુસલમાન થઈ રહ્યા. નહીં, તમે જે જંજાળ કહો છો તે ઇસ્લામમાં પણ છે. લાયબ્રેરીની લાયબ્રેરી ભરાય એટલાં ઇસ્લામનાં પુસ્તકો છે. કુરાનની ઉપર હજારો ભાષ્યો છે.

રાજાજી : પણ એ છતાં મુસલમાન બનવા માટે અમુક એક બે સીધીસાદી વાતની જરૂર છે.

બાપુ : તેમ તો આપણો ભાગવત ધર્મ છે ના? એમાં રામનામ કે ॐ નમો ભગવતે વાસુદેવાય સિવાય શું છે? અને એમ તો કલમામાં પણ શી ખૂબી ભરી છે? આખરે તો આપણી પરંપરા અને સંસ્કાર, હજારો વરસના શિક્ષણનો વારસો કંઈ થોડો છોડી દેવાય?

રાજાજી : એને સાહિત્ય તરીકે ચાલુ રાખીએ, પણ એ ધર્મ શા સારુ? ઈશ્વરપ્રેરિત શા સારુ?

બાપુ : એ તો વેદ પણ કહે છે ના કે વેદનો સાર 'ઓમ્' છે. વેદમાં શબ્દેશબ્દ ઈશ્વરપ્રેરિત છે એમ કોણ કહે છે?

બાકી ભાવનાની ઉપર બધું અવલંબે છે. દરેક ધર્મમાં મૂર્તિપૂજા નથી? આજે આપણે અહીં મંદિરમાં જ બેઠા છીએ ના?

રાજાજી : જે વહેમો વધી પડ્યા છે તેની સામે ઝુંબેશ ઉપાડીએ તો ચાલે. પછી એક સીધીસાદી ચોપડી બાળકોને માટે તૈયાર કરીએ.

બાપુ : હા, પણ એ ચોપડી બાળકોને માટે જ થશે!

હિંદુ ધર્મનું રહસ્ય કહેતાં બાપુ કહે : આટલી બધી પ્રજાઓ આવી એને એણે પોતામાં સમાવી લીધી.

રાજાજી : એ કંઈ હિંદુ ધર્મનું તત્ત્વ ન ગણાય. એ તો બધી નીચા પ્રકારની રચનાઓનું લક્ષણ છે. હિંદુ ધર્મે તો કંઈક દરજ્જે આ પૃથ્વીના જેવું કામ કર્યું છે. અનેક જાતની વનસ્પતિ સડીને તેમાં ઓગળી જાય છે. આપણે બીજા બધા ધર્મ સંપ્રદાયનો સડો અને કચરો આપણામાં સમાવીને પચાવી નાખતા ગયા છીએ.

બાપુ : હિંદુ ધર્મ અતિશય સહિષ્ણુ છે. એમાં બીજા કોઈ ધર્મનો ઇન્કાર નથી.

રાજાજી : હિંદુ ધર્મને ધર્મ જ ભાગ્યે કહી શકાય. બધાં પ્રાચીન દર્શનો (ફિલસૂફીઓ)નો એ મૂળ પાયો હતો. પછી તેમાં જાત જાતની વસ્તુઓ આવીને ભળી. અને આજે એ મોટો ઉકરડો બની ગયો છે.

બાપુ : બધા ધર્મોની એ તો માતા છે અને શુદ્ધ છે.

રાજાજી : પૃથ્વી છે તેવી.

બાપુ : અને પૃથ્વી એ પણ પૃથ્વીમાતા છે ના? અથવા હિંદુ ધર્મ એ મહાસાગર છે, જેમાં તમામ જાતની અશુદ્ધિઓ આવીને મળે છતાં તેથી તેની વિશુદ્ધિને કંઈ આંચ ન આવે, પણ પેલી બધી અશુદ્ધિઓ વિશુદ્ધ થઈ જાય. પણ આજનો હિંદુ ધર્મ એ ખરો હિંદુ ધર્મ નથી. એ તો હિંદુ ધર્મની વિડંબના છે.

રાજાજી : તમે ગીતાને અપનાવી છે એટલે સનાતનીઓ એને પણ ઉતારી પાડવા લાગ્યા છે.

બાપુ : એ તો સારું છે. ત્યારે હું રામાયણને, ભાગવતને અને બીજા ગ્રંથોને ઊંચું સ્થાન આપીશ. એ લોકો એ બધા ગ્રંથોને પણ ઉતારી પાડશે તો એમને ઊભવા માટે કશું રહેશે નહીં. એ લોકો આજે મોટી

ખાઈ ખોદી રહ્યા છે, જેમાં તેમને જ દટાવું પડશે. તેમનાં બધાં જૂઠાણાં અને ગાળોની પાછળ કશું રચનાત્મક કામ નથી. તેમની આખી ઝુંબેશ મને સફાચટ કરી નાખવા માટે છે. પણ એક વ્યક્તિ સામે ચલાવેલી ઝુંબેશ ક્યાં સુધી ટકવાની?

સાંજે નીકળતાં રાજાજી બાપુને કહેવા લાગ્યા કે કદાચ અસ્પૃશ્યતાને માટે નહીં પણ પાપા ( રાજાજીનાં દીકરી )ને માટે તો હું બહાર નહીં રહ્યો હોઉં, એવું મને લાગે છે.

એટલે બાપુએ કહ્યું : તમારે આ બાબતમાં મારી જેમ નિર્દય થવું જોઈશે. નસ્તર મૂકવું જોઈશે. બંને છોકરીને આશ્રમમાં મૂકી આવો. એ છોકરીને એમ સમજવા દો કે આ બાપ મારે માટે નથી જીવતો. તો જ એ છોકરી ઠેકાણે આવશે. નહીં તો ખોઈ બેસશું.

૨૧–૩–'૩૩ બાપુએ બ્રૂમની 'કાયદાની શિખામણો' (લીગલ મૅક્સિમ્સ)નો અભ્યાસ કેવો સારો કરેલો તેનો પુરાવો ઘણી વાર બાપુ ચાલતાં ચાલતાં આપી દે છે. આજે સવારે એક કાગળ એક ફાઈલમાં મૂકવાનું બાપુએ શાસ્ત્રીને કહેલું, એ કાગળ પછી મારી પાસે આવ્યો અને આખરે એ પ્રેસમાં ચાલ્યો ગયો. બાપુએ પૂછપરછ કરીને સિદ્ધ કર્યું કે એ કાગળ ફાઈલમાં મૂકવાની પહેલી ફરજ શાસ્ત્રીની હતી. એણે એમ માની લીધું કે હું મૂકીશ. એટલે બાપુ કહે : લૅટિન શિખામણ છે કે delegata potestas non potest delegari એટલે કે જેને કામ સોંપાયું છે તે એ કામ બીજાને સોંપી શકતો નથી. આમ Bis dat qui cito dat એટલે જે સત્વર આપે છે તે બમણું આપે છે ( સરખાવો આપણી કહેવત : તરત દાન ને મહા પુણ્ય ). અને એવી બીજી કહેવતો બાપુ ઘણી વાર ટાંકે છે.

સુપરિન્ટેન્ડન્ટ પાસેથી આજે વાત વાતમાં ખબર મળી કે ઍંગ્લો-ઇન્ડિયન કેદીઓને ફટકાની સજા જ ન કરી શકાય! એક કેદી સારી પેઠે પજવી રહ્યો છે. એને અનેક સજાઓ દંડા બેડી વગેરેની થઈ ચૂકી છે અને આજે છેવટે એણે આયોડિન પીધું! એની વાત કરતાં એ કહે : એ સરખો થાય ફટકાની સજાથી. પણ એ લોકોને નિયમ પ્રમાણે આ સજા થઈ જ ન શકે એ દુ:ખની વાત છે!

રાજાજી આવ્યા તેમની સાથે બાપુએ કાલની વાત પાછી ઉપાડી.

બાપુ કહે : તમે શરૂ કરો, નહીં તો હું ગોળીબાર શરૂ કરું છું. તમે એમ ઇચ્છો છો કે હિંદુઓ પોતાની મરજીમાં આવે તેમ વર્તે.

રાજાજી: એમ નહીં. હું એમ કહેવા માગું છું કે ધર્મને નામે ચાલી રહ્યું છે તેમાંનું ઘણું ફેંકી દેવા જેવું નથી?

બાપુ: જરૂર છે. અને એ જ આપણે કરી રહ્યા છીએ.

રાજાજી: ના. એ કાંઈ પદ્ધતિસર અને સારી રીતે થાય છે?

બાપુજી: અસ્પૃશ્યતાને ફગાવી દેવાની સાથે હિંદુ ધર્મમાં નવજીવનનો સંચાર થશે. પછી આપણે બીજી આળપંપાળો ફેંકી દેવાનું કામ શરૂ કરીશું.

રાજાજી: એક સારા હિંદુનું જીવન લો. દાખલા તરીકે તમારું જીવન. તમે ઘણી વસ્તુઓ કાઢી નાખી છે. આપણે હિંદુ ધર્મને એ કક્ષા ઉપર શા માટે ન લાવી મૂકીએ?

બાપુજી: આ કક્ષા એવી નથી જેના ઉપર દરેક જણે આવવું જ જોઈએ.

રાજાજી: શા માટે નહીં? આજે તમે મૂર્તિપૂજાનું સમર્થન કરો છો, એમ કહીને કે અમુક પ્રકારની બુદ્ધિને માટે એ સારી વસ્તુ છે. હવે ઇસ્લામમાં મૂર્તિપૂજા હશે તોપણ એ એવી ખરાબ નથી જેવી હિંદુ ધર્મમાં આજે પ્રચલિત છે.

બાપુ: તમારી ભૂલ થાય છે. ઇસ્લામની મૂર્તિપૂજા તો બહુ સ્થૂળ ગણાય. એમાં તો એક પુસ્તકની અને એક માણસની મૂર્તિપૂજા છે. એટલે સુધી કે ઈશ્વર ભુલાઈ ગયો છે, પણ મહંમદ ભૂલી ન શકાય.

રાજાજી: તમે કહો છો એ કબૂલ કરીએ તોપણ આપણામાંના કેટલાકમાં તો એવું છે અને એથી વધારે પણ છે. સ્પર્શાસ્પર્શ અને એના જેવી બીજી વસ્તુઓને લગતા વહેમો જુઓ. એ તો કનિષ્ઠ પ્રકારની મૂર્તિપૂજા થઈ. મૂર્તિને ધરાવવામાં આવેલું નૈવેદ્ય, મૂર્તિની ગાદી અને મૂર્તિની પથારી એવી બધી વસ્તુઓમાં આપણે પવિત્રતાનું આરોપણ કરીએ છીએ.

બાપુ: એમાં કંઈક કાવ્ય રહેલું છે.

રાજાજી: એવું તો લગભગ દરેક ખરાબ રિવાજ વિષે કહી શકાય.

બાપુ: ના, બધા વિષે એવું ન કહેવાય. દાખલા તરીકે દેવદાસીની પ્રથા વિષે હું એમ ન કહું.

રાજાજી: તમે સંગીત કબૂલ રાખો છો, નૃત્ય પણ કબૂલ રાખો છો. દેવદાસીની પ્રથા દેવોની આગળ સંગીત અને નૃત્ય કરવાની જૂની પ્રણાલિકાનો વસ્તુતઃ એક અવશેષ જ છે.

બાપુ : એમ તો અસ્પૃશ્યતા પણ ભૂતકાળનો કોઈ એવો રિવાજ, જેની તરફેણમાં કંઈક ને કંઈક કહી શકાય, એનો અવશેષ જ હશે. તેથી જ હું ‘આજે પાળવામાં આવે છે એવી’ અસ્પૃશ્યતાનો વિરોધ કરું છું. એ જ પ્રમાણે ‘અત્યારની’ દેવદાસી પ્રથાને હું વખોડું છું. સંભવ છે કે તેનો પણ આદર્શ બહુ ઊંચો હોય — પોતાની દીકરીને ઈશ્વરની સેવામાં સમર્પણ કરવી. પણ આજે તો એ આદર્શની વિડંબના થઈ રહી છે.

રાજાજી : એવું જ મૂર્તિપૂજાનું છે. મૂળમાં તેની પાછળ ઈશ્વરની સર્વવ્યાપકતાનો વિશ્વમાન્ય ખ્યાલ હોય, પણ આજે તો એ બેહૂદી વસ્તુ બની ગઈ છે.

બાપુ : ના, મૂર્તિપૂજા એ બેહૂદી વસ્તુ નથી. જ્યારે હું કહું છું કે હું મૂર્તિમાં નથી માનતો ત્યારે હું એમ નથી કહેતો કે પેલો પથરો એ ઈશ્વર નથી.

રાજાજી : પણ એમ કહેવાનું પરિણામ શું આવશે એ જાણો છો? કેટલાક કહેશે કે અમે પથ્થરમાં ઈશ્વર નથી જોઈ શકતા અને કેટલાક કહેશે કે પથ્થરમાં ઈશ્વર છે. પછી એની વચ્ચે દંડા ઊછળશે. એટલે હું તો કહું છું કે સૌને માન્ય થાય એવી પૂજાની કોઈ રીત આપણે શોધી કાઢવી જોઈએ.

બાપુ : ત્યારે તમે રીત સૂચવો. હું તો કહું છું કે એ બધી રીતો તપાસતાં તપાસતાં પરિણામે આપણે એક અશક્ય વસ્તુ ઉપર આવીને ઊભા રહીશું.

રાજાજી : મને પણ એવો ભય છે. છતાં મને લાગે છે કે તમે વ્યવહારુ માર્ગ બતાવી શકો.

બાપુ : હું નથી માનતો. કોઈ પણ વસ્તુ બીજાના ઉપર આપણે લાદવા જઈએ એટલે તરત જણાશે કે પરીક્ષામાં એ ઊભી રહી શકવાની નથી.

રાજાજી : અમુક અમુક વસ્તુઓ ન હોવી જોઈએ એવો નકારાત્મક રસ્તો હું સૂચવું. દાખલા તરીકે ભયંકર બેહૂદી મૂર્તિઓની પૂજા ન થાય.

બાપુ : તમે આમ એક પછી એક વસ્તુઓનો છેદ ઉડાડતા જશો એટલે તમે જોશો કે એક જણ કહેશે કે આ નહીં, બીજો કહેશે કે પેલું નહીં, ત્રીજો કહેશે કે ફલાણું નહીં, એમ કરતાં કરતાં શેષ કશુંય નહીં રહે.

રાજાજી : આપણે બિન-સાંપ્રદાયિક ભજનો શું કામ ન રાખીએ?

કાકા : કબીરે એવું જ કર્યું હતું. અને છેવટે એ પણ પોતાની પાછળ એક સંપ્રદાય મૂકતા ગયા. એનું પરિણામ બીજું કશું ન આવ્યું.

રાજાજી : પણ આપણે ફરી પ્રયત્ન કેમ ન કરીએ? આપણે ધ્યાન ધરવાનું, અથવા જાપ જપવાનું સૂચવીએ.

બાપુ: તમે એવી કોઈ પણ વસ્તુ સૂચવશો તેની સામે વાંધા ઊઠવાના જ છે. નામાંકિત વ્યક્તિઓના પ્રતીક તરીકે પુષ્પો ચીતરવાની પ્રથાનું શું થયું તે તમને ખબર છે ને? કેવળ પુષ્પ તરીકે મસ્જિદમાં તે ચીતરી અથવા કોતરી શકાય, અને કોઈ વાંધો ન ઉઠાવે. પણ તેમની સાથે નામાંકિત વ્યક્તિનું નામ લીધું એટલે કોઈ તે સહન ન કરે. કાબાની આસપાસ ૩૬૦ મૂર્તિઓ હતી પણ તે દેવની પ્રતિનિધિ નહીં, દાનવની પ્રતિનિધિ હતી.

રાજાજી: આજનાં ઘણાંયે મંદિરો પણ એવાં જ છે ને?

બાપુ: ના, એમ નથી. એ મૂર્તિઓ ઈશ્વરની પ્રતિનિધિ નહોતી એટલે તો મહંમદે તેનો નાશ કર્યો. એમાં જે અનિષ્ટ તત્ત્વ હતું તેનો નાશ કરવાનો હતો. કિચનરે એવું જ કર્યું હતું. તેણે કહ્યું કે મહાદીની કબરનો નાશ કરો, કારણ કે તેની આસપાસ લોકો સંગઠિત થાય છે. એ જ પ્રમાણે મહંમદે વિચાર્યું કે મારે આ લોકોને સુધારવા હોય તો આમની મૂર્તિઓ કાઢી નાખવી જોઈએ. પણ છેવટે તો એણે બીજી મૂર્તિ નિર્માણ કરી. હું કાંઈક કરું તો એવું જ થાય.

રાજાજી: જો ઉપમા અથવા રૂપક વાપરું તો કહું કે મૂર્તિને આપણે જાલિમનું રૂપ ન આપવું જોઈએ.

બાપુ: પણ ગીતાના દસમા અધ્યાયમાં છે તેમ સર્વને તમે ઈશ્વરરૂપે જુઓ એટલે કશી મુશ્કેલી આવતી નથી.

રાજાજી: પણ તેની આસપાસ આવી બાલિશ લીલા અથવા ખેલ શા માટે?

બાપુ: એમાં બાલિશ શું છે? જેઓ કૃષ્ણ અને રાધાને ઈશ્વર અને એની પત્ની માનતા હોય તેઓ એમ માને કે કૃષ્ણ સોળ હજાર ગોપીઓ સાથે રાસ રમે છે, એ કાંઈ બાલિશ છે? તુલસીદાસ તો રામનું બધું જ માનતા અને એ દરેક વસ્તુને પોતાનો અર્થ ઘટાવતા. પણ તુલસીદાસની વાત શું કામ કરીએ? કોઈ સામાન્ય હિંદુને પૂછો તો એ તરત કહેશે કે એ તો બધાં રૂપકો છે.

રાજાજી: એમ નથી. રામાનુજાચાર્યનો દાખલો લો. તેઓ તો એવો આગ્રહ રાખતા કે વાસ્તવિક મૂર્તિ એ જ ઈશ્વર છે. એ એને રૂપક નહોતા ગણતા, એને હકીકત ગણતા હતા.

બાપુ: રામાનુજ એવું કહે નહીં. હું એટલું કબૂલ કરવા તૈયાર છું કે લોકો ઈશ્વરને વિષે જે કલ્પનાઓ કરે છે એનું એ પરિણામ છે.

રાજાજી : આવી પ્રતીકપૂજાએ સારા કરતાં ખોટું વધારે કર્યું છે. આપણાં મંદિરો લો. ભગવાન પોઢે, ભગવાન રાજભોગ કરે, ભગવાન તરસ્યા થાય, ભગવાનને છોકરાં થાય. આવી પ્રતીકપૂજાથી નુકસાન જ થાય છે.

બાપુ : સાબિત કરી આપો. મારે માટે તો એ સિદ્ધ વસ્તુ છે કે અસંખ્ય સાદા લોકોનાં જીવન સારાં હોય છે એ મૂર્તિપૂજા ઉપરની શ્રદ્ધાનું પરિણામ છે.

કાકા : પણ કાંઈ હદ હોય ના? આ તો દેવ છીંક્યા, દેવને ફૂંકું પડ્યું, એ બધું શું?

રાજાજી : આ ધર્મ મારે માટે નથી?

બાપુ : છે જ.

રાજાજી : ત્યારે હું તો કહી દઉં કે મંદિરમાં જઈને ત્યાં ઈશ્વરને જોવા એ મારે માટે અશક્ય છે.

બાપુ : ત્યારે તમારે મંદિરમાં ન જવું જોઈએ. તામિલનાડના એક શાસ્ત્રીએ બહુ ગંભીરતાપૂર્વક પ્રતિપાદન કરેલું કે મંદિરપ્રવેશનો અધિકાર સ્ત્રીઓ અને શૂદ્રોનો જ રહ્યો છે. બ્રાહ્મણો તો ઘણાખરા કર્મચાંડાલ થઈ ગયા છે. તેમને માટે પ્રાયશ્ચિત્ત પણ નથી. જેઓ જન્મચાંડાલ છે તેઓ પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થઈ શકે. જોકે એમને પણ શુદ્ધ થતાં ઘણા જન્મ લેવા પડે.

રાજાજી : મસ્જિદમાં જ્યાં મૂર્તિ નથી હોતી ત્યાં જઈને મુસલમાન પ્રાર્થના કરી શકે છે તો હિંદુને માટે એવાં મંદિર શા માટે જોઈએ જ્યાં મૂર્તિ ઉપર અનેક ખરાં તેમ જ ખોટાં ઘરેણાંઓનો ઠઠારો કરેલો હોય?

બાપુ : એક વાર અસ્પૃશ્યતાને જવા દો પછી આપણે મંદિરોની સુધારણાનો પ્રશ્ન હાથ ધરીશું. જો અસ્પૃશ્યતા ન હોત તો અત્યારના પાખંડી પંડાઓને તો આપણે મંદિરોમાંથી ક્યારનાય હાંકી કાઢ્યા હોત.

રાજાજી : તમે બળજબરીનો બિલકુલ નિષેધ કરો છો?

બાપુ : જરૂર. પણ હું કાયદાનો નિષેધ નથી કરતો. કાયદેસર કામ લેવામાં કશી બળજબરી નથી. જો ગોવિંદરાઘવ આયર આ વસ્તુ સમજે તો એને જરૂર લાગે કે આ માણસ હિંદુ સમાજને આંતરવિગ્રહમાંથી એટલે કે ભયંકર ખુનામરકીમાંથી બચાવી રહ્યો છે. મહાભારતમાં શું બનેલું એનો વિચાર કરો. ભીમ કીચકનું લોહી પીવા બેઠો. ભયંકર કતલનાં

28500



દૃશ્યો પણ તેમાં આવે છે. ગર્ભવતી સ્ત્રીઓનાં ખૂન થયાં છે. તેમના ઉપર અત્યાચારો થયા છે. કાનપુર અને કલકત્તામાં થયું તેમ સ્ત્રીનાં સ્તન કાપી નાખવામાં આવ્યાં છે. અસ્પૃશ્યો આવા બધા અત્યાચારો ક્યાં સુધી સહન કર્યાં કરવાના છે? જ્યારે તેમનો કોપાગ્નિ સળગશે ત્યારે મેં હમણાં વર્ણવ્યા તેવા અત્યાચારો કરતાં એમને કોણ રોકી શકવાનું છે?

રાજાજી : હરિજનો માટે મંદિરો બંધ રાખવામાં આવે છે તેનું શું આવું પરિણામ આવે?

બાપુ : સીધી રીતે **ન** આવે. પણ નિષેધની પાછળ જે માનસ રહેલું છે તે આવાં પરિણામ નિપજાવે. હરિજનોના હકો માટે મરવાને માટે આજે આપણી પાસે માણસો હોય તો આવાં પરિણામ આવતાં આપણે રોકી શકીએ. તમે આ ગાંધીની ભવિષ્યવાણી ગણી લો. તેથી જ સનાતની હિંદુઓને આજે હું કહું છું કે હરિજનો માટે બીજું બધું તમે કરો અને મંદિરપ્રવેશનું કામ મારા ઉપર છોડી દો.

રાજાજી : પણ તેઓ કહે છે કે તમે મંદિરપ્રવેશનું કામ છોડી દો તો અમે બીજું બધું કરીશું.

બાપુ : ઓહો! મારો ધર્મ હું શું કામ છોડી દઉં? તેમનો ધર્મ છોડવાનું હું કાંઈ તેમને કહેતો નથી. પણ આજે કેવી દશા છે તેનો તેમને ખ્યાલ નથી. મારા ઉપર રામનારાયણ ચોધરીનો એક કાગળ આવ્યો છે તેમાં પશ્ચિમ રજપૂતાનામાં હરિજનોની ભૂંડી હાલતનું વર્ણન છે. એક પણ કૂવા ઉપરથી તેઓ પાણી ભરી શકતા નથી. ઢોર માટેના હવાડામાંથી તેમને ગંદું પાણી લેવું પડે છે. હવાડાનું આવું ગંદું પાણી તેઓ ક્યાં સુધી વાપર્યાં કરશે?

રાજાજી : તેનો જવાબ તો શિવસ્વામી આયરે આપ્યો હતો તેના જેવો કાંઈક હોય. એણે કહેલું કે હું ખાદી માટે પણ શું કામ પૈસા આપું? કારણ એવા પૈસા આપવાથી પણ તમારું બળ વધે છે. પણ આપણે બીજી વાત પર ઊતરી ગયા. હું તો આપણા ધર્મને સાદું રૂપ આપવાના પ્રશ્નની વાત કરતો હતો. આપણા ધર્મ ઉપર લાદવામાં આવેલી આવી બાલિશ વસ્તુઓ શા માટે રાખવી જોઈએ?

બાપુ : બીજા ધર્મોમાં જે મૂર્તિપૂજા છે તે બાલિશ નથી શું?

રાજાજી : એ તો શાકાહાર અને માંસાહાર બંનેમાં હિંસા રહેલી હોવા છતાં એ વચ્ચે ગાડા જેટલું અંતર છે, તેના જેવું કહેવાય.

૧–૪–'૩૩ ગઈ કાલે . . . બહેન અને . . . આવી ગયાં. એણે જે વાતો કરી તેથી બાપુ બહુ અકળાયા. "આ બધું સાચું હોય તો આશ્રમને બાળી જ મૂકવો જોઈએ ના?" એમ એ અનેક વાર બોલ્યા. આજે પણ સારી પેઠે આકુળવ્યાકુળ જ હતા. સવારે બોલ્યા : આ બધી વસ્તુ એક પછી એક બની રહી છે તેની અસર મારા મન ઉપર શી થાય છે એ જોવાનું છે.

આજે કાકાસાહેબ પ્રો. ત્રિવેદીની વાત કરતાં કહેતા હતા કે એ માણસ ખરેખર સ્કાઉટ છે, સાધુ છે. ચાર વાગ્યાથી ઊઠીને પોતાનું કામ આટોપે છે, મહેમાનોની મહેમાની કરે છે, વૈતરું કરે છે. આવા માણસ આશ્રમ ચલાવનારા હોય તો આશ્રમ સરસ રીતે ચાલે. મારો એમને માટેનો પૂજ્યભાવ વધ્યાં જ કરે છે.

મેં તો એમને જેલમાં આવ્યા ત્યારથી એમને વિષે જે જે સાંભળ્યું તેથી એમને પૂજ્ય માન્યા છે, અને એક આદર્શ ગૃહસ્થ તરીકે જોયા છે. સતયુગમાં આના કરતાં ચડિયાતા ગૃહસ્થ તે કેવાક હશે?

મિસ પિટર્સન કાશ્મીર જતાં રસ્તામાં આવી ગયાં. ઍન્ડ્રૂઝની વાત કરી. બાળકોની સાથે રમે ખેલે, તેમની મીઠાઈ ખાય, કડક ચા પીએ એ બધું એને ગમે. તમે ઍન્ડ્રૂઝને બરાબર મૂંડ્યો નથી?

બાપુ : એની પાસે સિગાર છોડાવી તેથી આગળ મૂંડવાનું કામ વધ્યું નથી. પ્રિટોરિયામાં એ ગંદી ટેવ ઉપર મેં ટીકા કરી અને તરત એણે કહ્યું : 'ત્યારે આ છોડી.'

આજે કેટલાક કાગળો ખૂબ અગત્યના હતા.

૨–૪–'૩૩ મને આજ બાપુએ ચેતવ્યો કે હું બહાર જઈશ ત્યારે ઘણા લોકો મારી પાસે કાંઈ નિવેદનની આશા રાખશે અને તારાથી એમ તો ન જ કહેવાય કે બાપુની સાથે કાંઈ વાતો જ નથી થઈ, અને કશા વિચાર બાપુએ જણાવ્યા નથી. એટલે સારી વાત છે કે તમારે નિવેદન ઘડી કાઢવું, એ મને બતાવી લેવું અને બહાર જઈને એ બહાર પાડવું.

બહેરામ ખંભાતા આવી ગયા. હરિજનકામ માટે ૫૦૦ રૂપિયા ભેટ આપી ગયા. એની અપાર શ્રદ્ધા જોઈને આશ્ચર્ય થાય
૩–૪–'૩૩ છે. પોતાની મનની શક્તિ ક્ષીણ થઈ ગઈ છે, યાદ નથી રહેતું અને દરદી આવે ત્યારે પુસ્તકો જોવાં પડે છે એમ કહ્યું.

એટલે બાપુ કહે : હવે પાછી શક્તિ ન આવે ત્યાં સુધી પ્રૅક્ટિસ કરવી તદ્દન છોડી દો. તમારી જેમ કોઈ ડૉક્ટર કરે અને એક ટીપું સોમલને બદલે ત્રીસ ટીપાં આપી દે તો !

રિહાના આવી હતી. તે . . .ની દીકરી . . .ની વાત કરતી હતી કે એને કૃષ્ણની મૂર્તિ દેખાય છે અને તેના ચરણ આગળ બાપુને બેઠેલા અને બાપુના માથા ઉપર કૃષ્ણને હાથ મૂકતા એ જુએ છે! રિહાના બાપુનાથી છૂટી પડતાં ગળગળી થઈ ગઈ.

ડૉ. રામનાથન અને દેસાઈ દૂરબીન બતાવવાને માટે આવી ગયા. દૂરબીન આશ્રમની અટારીએ ચઢે અને છોકરાંઓ જુએ અને નવી શોધખોળોમાં પણ કંઈક ભાગ લે, એવી એવી બાપુની મહેચ્છાઓ છે.

૪–૪–'૩૩ * * *

શાસ્ત્રી ટાઇપિસ્ટની કેટલીક ભૂલો બતાવી, અને પોતાને મદદ કરનારા બીજા ઉત્તમ ટાઇપિસ્ટની વાતો એને સંભળાવી :
૫–૪–'૩૩ ટાઇપિસ્ટ લોકોએ પોતાની કળામાં પારંગત થવાને માટે કેટલીય વસ્તુ જાણવી જોઈએ. એ વિષે દીનશા વાચ્છાએ એક સરસ પુસ્તક ઘણાં વરસો ઉપર લખ્યું હતું. સુબ્બારાવ કરીને એક ટાઇપિસ્ટ હતો એવો મેં હજી કોઈ અહીં જોયો નથી. મારી પાસે દક્ષિણ આફ્રિકામાં એક સાઇમન કરીને અંગ્રેજ આવેલો. એવો પણ કોઈ જોયો નથી. એ માણસે એક પૈસો પગાર લીધો નથી. સર જ્યૉર્જ ફરાર કરીને સાઉથ આફ્રિકાના લક્ષાધિપતિનો ખાનગી ટાઇપિસ્ટ હતો, પણ એને એ કામ પસંદ ન પડ્યું. એટલે મારી પાસે આવેલો અને મને કહેલું કે તમારું કામ સાચું છે, અને હંમેશાં દલિતોને માટે લડનારને મદદ કરવામાં હું માનું છું, એટલે જ મારી મદદ મફત આપું છું. મને જ્યારે બોલાવવાની જરૂર પડે ત્યારે બોલાવજો. હું બીજું ગમે તે કામ હશે તે છોડીને આવીશ.

ઠક્કરબાપાની લાંબી મુલાકાત.

એમણે . . .ની પહેલી વાત કાઢી. એણે ધમકીથી સવાસોનો પગાર લીધો એ મોટો આરોપ મથુરાદાસ શેઠનો હતો. બાપુ કહે: એને એટલાથી ઓછે રહેવું ન પરવડતું હોય તો શું થાય? તમારી ઑફિસને ન પરવડે એ સમજી શકાય. પણ આ માણસે શું કરવું? તમે જોઈએ તો એનું બજેટ જોઈ જાઓ, અને જુઓ કે એમાંથી એણે કેટલું કાઢી નાખવું જોઈએ.

૬–૪–'૩૩

વ્યવસ્થાખર્ચ વિષે વાતો થઈ. આ શેના ૧૦ ટકા હોય? અને દશ ટકાએ શી રીતે ચલાવાય? પ્રાંતના અને મધ્યસ્થબોર્ડના આંકડા લાવ્યા હતા તે બતાવ્યા. બાપુએ સમજાવ્યું કે આપણું કામ સંગીન હોય તો ૧૦ ટકાથી પણ ઓછું ખર્ચ આવે. તમે છ લાખ ભેગા કરો અને પછી આજે ખર્ચાય છે તેટલું ખર્ચો. આજે આપણને પૈસા નથી મળતા એમ તમે કહો તો આપણા પક્ષમાં બહુમતી નથી એમ કબૂલ કરવું જોઈએ. સનાતનીઓએ કોથળીઓ છોડી છે એમ કહું છું તે ખોટું નથી કહેતો. એ હિસાબ બહાર નથી પાડતા પણ પાણીની માફક પૈસા ઉડાવી રહ્યા છે એમાં શંકા નથી.

. . .નું પ્રતિનિધિમંડળ વાઇસરૉયની પાસે ગયેલું તેનો ખર્ચ ૫૦૦ રૂપિયા સુધી આપણે આપવો પડ્યો એમ ઠક્કરબાપાએ જણાવ્યું અને બાપુને ભારે આઘાત થયો. આવો ખર્ચ કરવો આપણને ન પોસાય અને એમ કરશું તો આપણે કોક દિવસ ઝંખવાણા પડવાના છીએ. આ આપણે માટે પહેલો અને છેલ્લો જ દાખલો હોવો જોઈએ. જ્યાં આપણે પોતે પ્રાયશ્ચિત્ત કરવાની વાત રહેલી છે ત્યાં આપણે આ લોકોને આવું ઉત્તેજન શી રીતે આપીએ? એ લોકોનું પ્રતિનિધિમંડળ તો જ શોભે જો એ લોકો ભિખારી તરીકે જાય. હું તમને કહું છું કે એ રવાડે ચડશો મા. નહીં તો એ જ રીતે કાલે બીજાને આપવું પડશે.

ગુરુવાયુરની મતગણતરીને માટે ૨૫૦૦ રૂપિયા ખર્ચ થયું એ ઝાઝું છે, પણ હું ઝાઝું ન ગણું. એ આવશ્યક હતું. પણ ખર્ચનું ધોરણ મારું નહીં રાખો તો કામ ચલાવવું મુશ્કેલ પડવાનું છે.

કાંઈ ન ઉઘરાવી શકાય એ વહેમ પ્રાંતોમાંથી કાઢી નાખવો જોઈએ. મદ્રાસમાં એ વહેમ હતો પણ ખોટો પડ્યો છે. ઉત્કલ જેવામાં લોકો પાઈ પાઈ આપી શકે તો તે પાઈ પાઈ પણ ભેગી કરવી જોઈએ.

ઠક્કરબાપા : સરકારી ગ્રાન્ટ ન લેવાય એ તમારી વાત કુંઝરુ સમજી શકતા નથી. એણે ઘણી દલીલો કરી છે. એ કહે છે કે ગાંધીજીએ કરાર કરીને સરકાર સાથે સહકાર કર્યો. મંદિરપ્રવેશના કામમાં મદદ શોધી. અમલદારોની મદદ લઈએ છીએ, તો નાણાંની મદદ પણ કેમ ન લઈએ ?

અસ્પૃશ્યોને કેળવવા માટે વધારે પૈસા મેળવવા ધારાસભ્યોને કહીએ તો સરકારને આપણી મારફત શા સારુ પૈસા ખર્ચવા ન કહીએ ?

બાપુ : મારી દલીલ એ સમજ્યા જ નથી, અને મારો વિરોધ અસહકારી તરીકે છે એમ જ એણે માની લીધું છે. મેં અસહકારી તરીકે વાત જ નથી કરી. હું તો એમણે કહ્યો છે તેટલી બાબતમાં સહકાર કરતાં છતાં કહું છું કે આપણાથી ગ્રાંટ ન મંગાય. સરકારે જ્યાં સુધી બધા વર્ગોને માટે કાંઈ પૈસા મંજૂર કરવાનું ન ઠરાવ્યું હોય ત્યાં સુધી આપણાથી આ વર્ગીય ગ્રાંટ ન મંગાય. આજે આપણે માગીએ, કાલે મુસલમાન માગશે. આપણી પાસે પૈસા ન હોય તો ભલે બિરલા ભિખારી થાય. પણ આપણાથી એ ગ્રાંટ ન મગાય. પૈસા હિંદુઓએ જ કાઢવા જોઈએ. સરકારે અમુક વર્ગની સ્વેચ્છાથી સેવા કરનારી સંસ્થા માટે કોઈ ગ્રાંટ અનામત કાઢી હોય તો જુદી વાત છે. પણ તોપણ હું તો કહું કે એ ગ્રાંટ અસ્પૃશ્યોની સંસ્થાઓ ભલે લઈ જાય, આપણા જેવી પ્રાયશ્ચિત્ત કરનારી સંસ્થા એ ગ્રાંટ નથી માગી શકતી.

૭-૪-’૩૩ જમનાલાલજી આજે કેદીના પોશાકમાં આવ્યા. માણસ લાગણીનાં મોજાં ઉપર ચડીને કેવું કેવું કરે છે એનો આ દાખલો. હું છૂટયો છું, પણ મોટા કેદખાનામાં છું એમ માનું છું માટે આ પોશાક પહેર્યો છે, એમ જણાવ્યું.

બાપુ કહે : એ લાગણી આ પોશાક પહેરીને નહીં બતાવી શકાય. એમ તો ઘણા માણસો એ પોશાક પહેરીને બચી જવા ઇચ્છે. વળી આપણે એમ લોકોની નજર ખેંચવા ન ઇચ્છીએ અને આપણા સામાન્ય પોશાકને વળગી રહીએ એ જ સારું. હા, તમે આ પોશાકને આદર્શ માનતા હો અને હંમેશને માટે એને ગ્રહણ કર્યો હોય તો જુદી વાત છે. બાકી સાચી વાત તો એ છે કે આ પોશાકમાં અંગ્રેજનું અનુકરણ છે. આપણો હિંદુનો સભ્ય પોશાક ધોતિયું પહેરણ છે. આ ચડ્ડીમાં બહુ ખર્ચ બચી જાય છે એમ પણ હું નથી માનતો.

મેં કહ્યું: તમે કચ્છ પહેરેલો તે જિંદગીમાં એક કટોકટીનો પ્રસંગ હતો. એવો કટોકટીનો પ્રસંગ માનીને જમનાલાલજીએ આ પોશાક ગ્રહણ કર્યો હોય તો જુદી વાત છે, પણ તેમ ન હોય તો આ નાટક બરોબર નથી લાગતું.

બાપુએ તત્ક્ષણ ધોતિયું ફરતું હંમેશની જેમ પહેરવાની સલાહ આપી અને જમનાલાલજીએ કબૂલ કર્યું. જાનકીદેવી પણ રાજી થયાં.

કલકત્તા કોંગ્રેસને અંગેના બધા માણસોને છોડી દેવા પડયા તે આપણો મોટો વિજય થયો છે એમ માનું છું એમ બાપુએ કહ્યું.

રાત્રે સૂતી વખતે બકરીઈદના ખબર પૂછયા. ત્યાં તોફાન છે કે? કલકત્તામાં થયાં છે એમ કહેતાં, તેની બધી વિગતો માગી.

૮-૪-'૩૨

મુસલમાનો શાંત બેઠા છે અને કશું બોલતા નથી અને બરોબર સહકાર આપી રહ્યા છે અને આપવાના, એમ વલ્લભભાઈએ કહ્યું.

એટલે બાપુ કહે: જ્યાં સુધી મુસલમાનો દેશના હિતમાં પોતાનું હિત ન જુએ ત્યાં સુધી હિંદુમુસલમાન ઐક્ય થવાનું નથી અને માલવીયજીના બધા પ્રયત્ન ફોગટ જવાના છે. આજે મુસલમાનમાં એ લાગણી નથી, આજે તેઓને સ્વાર્થ જ સાધવો છે.

૯-૪-'૩૨

ટપાલમાં એક ખ્રિસ્તી ચોપાનિયું આવ્યું. અમે એને પસ્તીમાં નાખતા હતા ત્યાં બાપુએ ઉઠાવી લીધું અને અંદર હિંદુ ધર્મ ઉપરની ટકોરો વાંચવા માંડી. પણ એ પછી તો એને અથેતિ જોવા બેઠા અને મને કહે કે જુઓ આ ભાગો વાંચવા જેવા છે કે નહીં? બે ત્રણ ભાગ પર નિશાન કરીને મને કહે: એ મને બાઇબલના જૂના કરારમાંથી કાઢી આપો. કાંઈક મહેનત કરીને મેં એ કાઢયા અને વાંચ્યા તો બાઇબલના એ અદ્ભુત ફકરાઓ હતા. એલિયાઝાર નામના યહૂદીએ સૂવરનું માંસ મરણની સજા વહોરીને પણ ન ખાધું અને અપાર શૂરાતન બતાવી સત્યાગ્રહનો દાખલો બેસાડયો, એની શહાદતની કથા મૅકેબીઝના બીજા પુસ્તક (જૂના કરારના 'એપોક્રિફલ' એટલે શંકાસ્પદ અથવા ક્ષેપક ગ્રન્થોમાંનો એ છે)માંથી મળી. વળી જોનાએ નીનેવેહ શહેરનો નાશ થવાની વાત કરતાં આખા શહેરે, ઍસિરિયાના રાજાથી માંડીને તે પ્રજા સુધી તમામ લોકોએ કેવી રીતે ઉપવાસ અને પ્રાર્થના કરીને અને સાદાઈ વગેરે દાખલ કરીને તપશ્ચર્યાથી શહેરનો નાશ રોકયો એની વાત પણ રોમાંચક છે.

આ બે વાતો શોધી કાઢચા પછી કહે: તમને ખબર છે ના કે ‘ હિંદ સ્વરાજ’માં હક્સલીનો ઉતારો છે તે મેં એક જાહેરખબરમાંથી લીધેલો છે? એટલે જાહેરખબરમાંથી પણ શોધીએ તો કંઈક તો મળી રહે.

મૅકરેની સાથે વાત: વિલાયતમાં ગંદી ચાલોનો નાશ કરવાની વાત ચાલે છે. એમાં રહેનારા ત્યાંના અસ્પૃશ્યો જ કહેવાય ને? એની સાથે અહીંનો પ્રશ્ન કેવું સામ્ય ધરાવે છે, એમ એણે કહ્યું. તેના જવાબમાં:

૧૦-૪-’૩૩

દુનિયાના બીજા ભાગના અસ્પૃશ્યો અને અહીંના અસ્પૃશ્યો વચ્ચે કશી સરખામણી થઈ શકે એમ નથી. એનો ઉકેલ લાવવાની પદ્ધતિઓ પણ જુદી છે. ઇંગ્લંડમાં ગંદી ચાલોમાં રહેનારાનો પ્રશ્ન એ ગરીબાઈનો પ્રશ્ન છે. અમેરિકા અને દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન વધારે મુશ્કેલ છે, કારણ ત્યાં રંગદ્વેષ છે. અહીંનો પ્રશ્ન એથીયે વધારે મુશ્કેલ છે, કારણ અહીં ઘર કરીને બેઠેલી ધાર્મિક માન્યતાઓનો ઉચ્છેદ કરવાનો છે. સામાજિક અધઃપતનની સાથે આ દુષ્ટ ધાર્મિક અંતરાયને નાબૂદ કરવાનો છે. તેથી હિંદુસ્તાનનો પ્રશ્ન ત્રેવડો મુશ્કેલ છે: (૧) હરિજનોને અધઃપતનમાંથી બચાવવા, (૨) તેમની ગરીબાઈ દૂર કરવી, (૩) સવર્ણોમાંથી તેમ જ તેમનામાંથી અસ્પૃશ્યતાનો વહેમ નિર્મૂળ કરવો. એટલે આ એક અનન્ય વસ્તુ છે. અને જો હિંદુસ્તાન આંતરવિગ્રહમાં સંડોવાયા વિના આ પ્રશ્ન ઉકેલી શકે તો તેણે આખી માનવતાના પ્રશ્નમાં મોટો ફાળો આપ્યો ગણાશે.

સવાલ: બીજા દેશોમાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન છે તેના ઉપર અહીંના ઉકેલની કેવી રીતે અસર થાય?

બાપુ: અસર થાય. કારણ હું ધારું છું કે હિંદુ સમાજમાં થયેલી આ ચમત્કારી ક્રાન્તિની અસર દુનિયાના બીજા ભાગો ઉપર પડચા વિના રહે જ નહીં. તેથી જ સમાજમાં આત્મશુદ્ધિની જબરદસ્ત ચળવળ ચલાવવાનું હું કહું છું. કશું થાગડથીગડ કરવાથી મને સંતોષ થવાનો નથી. હિંદુઓના આચાર અને વિચારમાં જબરી અને સાચી ક્રાન્તિ થાય એમ હું ઇચ્છું છું.

ગઈ કાલે બાઇબલમાંથી જે ઉતારા કઢાવ્યા હતા તેનો ઉપયોગ ઍન્ડ્રૂઝના ઉપવાસ વિષેના કાગળનો જવાબ આપવામાં કર્યો. એ લેખ લખ્યા પછી બાપુ કહે: જુઓને, જાણે આ ચોપાનિયું ભગવાને જ મને મોકલી આપ્યું કહેવાય ના? એટલો સુંદર ઉતારો છે કે ખ્રિસ્તીઓ ઉપર અસર થયા વિના નહીં રહે.

નીલાનાગિની ઉપર આજે બહુ અસરકારક કાગળ લખ્યો :

"માને દીકરી માટે જેવી ચિંતા થયાં કરે એવી ચિંતા તારે માટે મને થવા માંડી છે. તું માંદી પડી હઈશ? તારા નિશ્ચયમાંથી ચલિત થઈ હઈશ? એવા એવા વિચાર આવે છે."

આ માતૃપ્રેમને જે લાયક થાય તે ધન્ય છે.

લલ્લુભાઈ આવી ગયા. જાપાન જવાના હતા. કહ્યું કે ૧૨૦૦ રૂપિયા ભાડાનો બંગલો જુહુ ઉપર લેવાને બદલે ૫૦ પાઉન્ડનું ખર્ચ કરીને જાપાનની મુસાફરી કરી આવવાનો વિચાર કર્યો.

૧૧–૪–'૩૨ હૉર્નિમૅને બાપુનો કહેવાતો ખોટો કાગળ છાપ્યો, એટલું જ નહીં પણ એ કાગળ બનાવટી છે એમ કહેવામાં આવ્યું ત્યારે કહે, હોમ મેમ્બર ઇન્કાર કરે તોપણ અમે કહીએ કે એ કાગળ બહાર પડ્યો જ છે. બાપુને આથી એટલી બધી ચીડ ચડી કે એમણે ગોપાલનને કહ્યું : આવા કાગળો છાપતાં અટકાવવાનો કોઈ ઑર્ડિનન્સ નથી?

આજે સવારે મેજરને કહે: આવી તરકટી વસ્તુ છાપવી એને ગુનો ગણવો જોઈએ. આ ખોટો દસ્તાવેજ બનાવવો (ફૉર્જરી) એમ નહીં તો બીજું શું છે? આ કાંઈ ફળદ્રુપ ભેજું ન કહેવાય. આ તો બહુ ભૂંડી વસ્તુ છે.

મેજર આજે વાત કરતાં દાણાના ભાવ ગણાવતા હતા અને કહેતા હતા કે એક કેદીનો ખોરાક આજે માસિક રૂપિયા બેથી ઓછો આવે છે.

નીલાનાગિનીની બાપુની ચિંતા એ બરાબર સમજી શક્યા અને કહેવા લાગ્યા: એ બાઈ ભારે તપશ્ચર્યા કરી રહી છે પણ એને તમે એટલી બધી શા સારુ તાવો છો? આશ્રમમાં રાખો ને?

બાપુ કહે: આ તાવણીમાંથી નીકળે એટલે આશ્રમમાં. એને સીધી આશ્રમમાં મોકલું તો જિંદગીમાં કરેલું પરિવર્તન એને ખબર જ ન પડે. અને આજે ચિંતા રાખું છું એનું કારણ એ છે કે એને આજની સ્થિતિમાં મૂકવાને માટે હું જવાબદાર છું.

મૅકરેએ આજે, અહીં કાલે આવી ગયો એનો રિપોર્ટ 'ટાઈમ્સ'માં આપ્યો છે તે એને શોભાવે છે. એમાં એણે અનાયાસે બાપુની જે સ્તુતિ કરી છે તે 'ટાઈમ્સ'વાળાને ઇચ્છા અનિચ્છાએ પણ લેવી પડી છે.

શ્રીમતી સરોજિની દેવી આજે છૂટયાં. છૂટીને હરિજનવાડામાં (અમારા યાર્ડમાં) આવ્યાં હતાં. ગોપાલન પાછળ પડેલો હતો
૧૨-૪-'૩૩ અને શ્વેતપત્ર વિષે પૂછતો હતો, ત્યાં બાપુએ કહ્યું : તમે લખી શકો છો કે જેલને લીધે રાણીજીના માથાના વાળ થોડા સફેદ થયા છે.

એટલે સરોજિની દેવી કહે : એને માટે તો તમારા ઉપવાસ જવાબદાર છે.

બાપુ આવ્યા પહેલાં એમને દશેક મિનિટ આગળ અહીં દાખલ કરવામાં આવ્યાં હતાં. એમની રીત પ્રમાણે પ્રથમ જ વાત કાઢી : બાપુ તંદુરસ્ત દેખાતા નથી. ઉંમર હવે વર્તાવા માંડી છે. તેમની ચાલમાં પહેલાંની સ્ફૂર્તિ દેખાતી નથી.

મેં કહ્યું : ના, એમની તબિયત તદ્દન સારી છે અને ચિંતાનું કાંઈ જ કારણ નથી.

પોતાના કહેવાને એ વળગી રહ્યાં. હું પણ મારી વાતને વળગી રહ્યો. એટલે કહે : ત્યારે તે દિવસે કાંઈ ખાસ થાકેલા હોય તો કોણ જાણે.

મેં કહ્યું : એ ઠીક છે, એવો સંભવ હોય કે તે દિવસે થાકેલા હોય. કાંઈક વસ્તુ બની હોય.

પછી વલ્લભભાઈની વાત નીકળી. એમને વિષે મેં કહ્યું : એમના નાકનો ત્રાસ ભારે છે.

એટલે કહે : નાક નહીં, જેલની અસર થયા વિના રહે જ નહીં. બસ જેલની અસર થવી જ જોઈએ. હવે કદાચ રહેવું જરૂરનું ન હોય.

હરિજનકાર્ય વિષે વાત કરતાં કહે : હૈદરાબાદમાં ઠીક ઠીક કામ થાય છે.

બાપુ કહે : પેલો બાળકૃષ્ણરાવ કોણ છે?

એ કહે : ભલો માણસ છે. એને લાગે છે કે જે વિધવા મળી આવે તેને મદદ કરવી અને પરણાવવી.

આ જ એમની વાત કરવાની રીત.

આજે સવારે બાપુની સાથે શંકરાચાર્ય વિષે વાત નીકળી. મેં કહ્યું : આટલા જ્ઞાની — વ્યવહારજ્ઞાની — અને તીવ્ર બુદ્ધિશાળી
૧૩-૪-'૩૩ શંકરાચાર્ય એટલું નહીં જોઈ શક્યા હોય કે આ પીઠો રચવામાં એમણે સંન્યાસીઓના માર્ગમાં ભારે વિઘ્નો મૂકયાં, મોટાં પ્રલોભનો નાખ્યાં?

બાપુ કહે : સાચી વાત છે. એ ભીંત ભૂલેલા. એમને તો તે સમયે પ્રચલિત બૌદ્ધ ધર્મને ઉથાપીને બીજો નવો બૌદ્ધ ધર્મ સ્થાપવો હતો. એટલે

એણે સંન્યાસીઓનો સંઘ ચાલુ રાખ્યો. બુદ્ધે જ્ઞાનનો છેદ ઉડાડી દીધો હતો. આમણે આરંભ કર્યો. હિંદુ ધર્મનાં મૂળ તત્ત્વો અને જ્ઞાન લઈને પાયો બરાબર કર્યો પણ ઉપર ઇમારત એવી રચી કે છેવટે ધર્મ અને ઢોંગ એ ભળી ગયાં. બ્રાહ્મણની તપશ્ચર્યાને લીધે જે કાંઈ રહ્યું તે રહ્યું છે. આજના સનાતનીઓ તે કાંઈ સનાતનીઓ કે બ્રાહ્મણો છે? એ તો સરકારના જ માણસો છે અને સરકાર ધારે તે એમની પાસે કરાવે છે. આજે લોકો સમજતા નથી; જો સમજે તો આ સરકાર કેવી પડી ભાંગી છે એની એને ખબર પડે અને તુરત મેળવવાનું મેળવી લે.

મેં કહ્યું: '૨૧માં જે કાર્યક્રમ રચાયો હતો તેની તોલે આવે એવો કાર્યક્રમ રચાયો નથી, રચાવાનો નથી.

બાપુ કહે: લોકોમાં આત્મવિશ્વાસ જ ન મળે એટલે શું થાય?

આજે પુષ્કળ કાગળો લખ્યા. ગઈ કાલે નીલાને એ કૉલમનો લેખ થાય એવડો કાગળ લખાવ્યો હતો. એમાં કોની સંગત રાખવી, કોની ન રાખવી, શું ખવાય પિવાય, કપડાં શી રીતે ધોવાં, વાળ શી રીતે ધોવા, અરીસાં કેવી રીતે વાપરવાં, વાળ મૂંડાવવા વગેરે સૂચનાઓથી એ ભરી મૂક્યો. પોતે પ્રેમ કેવી રીતે રેડી શકે છે એનો બીજો નમૂનો દવે બહેનોની ઉપરના કાગળમાં મળ્યો. એ કાગળ વિનોદનો કટકો છે અને પ્રેમનો ઉત્તમ નમૂનો છે. એમાં એ છોકરીઓના પિતાની સાથેનો પોતાનો સંબંધ યાદ કર્યો અને કહ્યું:

"કેવળરામભાઈ અને મારા મોટા ભાઈ સરખી વયના હતા, બંને ઉદાર, અને ઉડાઉ હતા, બંનેને ભોગો પ્રિય હતા. પાછળથી બંનેને વૈરાગ્ય આવ્યો હતો. બંનેએ સ્વતંત્ર રીતે મને લખ્યું કે તેઓ દક્ષિણ આફ્રિકા આવી બાકીનો કાળ ગાળવા ઇચ્છે છે ને પોતાનાં છોકરાંની બાંય મને સોંપવા ઇચ્છે છે. મેં બંનેની ઇચ્છા વધાવી લીધી અને તેમના આવવાની તૈયારી કરી લીધી. પણ નસીબ કઠણ. બન્ને મને છોડીને ભાગી ગયા. મોટા ભાઈનાં છોકરાં તો મારે હાથ ન જ આવ્યાં. મેં કાંઈક પ્રયત્ન પણ કર્યો. તમે બહેનો વગર પ્રયત્ને મને મળી. આને લેણાદેણી કહીએ કે પૂર્વનાં કર્મોનો વિપાક! આવી છો તો મને ન છોડશો. મારો વારસો જેને જોઈએ તે લૂંટી શકે છે. તમે લૂંટાય તેટલો લૂંટજો અને શોભજો."

આમ મિત્રતાને જિંદગીભર સાચવી રાખનારાં રાજકોટનાં સુશીલા બહેનને લખતાં લખે છે:

"તમારી મિત્રતા અખંડિત રહો. એ રહેવાનો મેં માર્ગ બતાવ્યો છે. અંગત મિત્રતા અનંતકાળ લગી ન જ રહે એ સ્વયંસિદ્ધ છે. તેથી તે મિત્રતાને ઈશ્વરની સાથેની મિત્રતામાં હોમી દેવી. એથી તેનો નાશ નથી થતો પણ તે વિસ્તૃત થાય છે, વિશુદ્ધ થાય છે. અંગત મિત્રતાનો આનંદ ક્ષણિક અને તુચ્છ છે. તમારી મિત્રતા કેવળ સેવાર્થે છે એમ હું સમજું છું. એવી મિત્રતામાં અંગતપણું શું હોઈ શકે? આ વિચાર સંઘરી રાખજો. અનુભવે તેનું સત્ય તમે જોશો."

છતાં ઘડીક વાર લાગે છે કે બાપુની ડૉ. મહેતાની જોડેની, રેવાશંકરભાઈની જોડેની, ઍન્ડ્રૂઝ ને કૅલનબૅકની જોડેની મૈત્રી અંગત નહોતી અથવા નથી? મૈત્રી ઈશ્વરની જ સાથે હોય એ ભાવ આખો બાઇબલમાંથી લીધેલો લાગે છે. સેન્ટ જૉન ઑફ ધ ક્રૉસનું આ વચન જુઓ: "આપણે કોઈ વ્યક્તિ પ્રત્યે પ્રેમ રાખીએ એ શુદ્ધ આધ્યાત્મિક હોય અને ઈશ્વર પ્રત્યેની આસ્થામાંથી જન્મેલો હોય, ત્યારે એની સાથે ઈશ્વરપ્રેમ પણ વૃદ્ધિ પામે છે. અને દુન્યવી પ્રેમનું જેમ જેમ આપણને વધુ સ્મરણ થાય છે તેમ તેમ આપણને ઈશ્વરનું પણ વધુ સ્મરણ થાય છે અને તેને પામવાની ઇચ્છા થાય છે. એક પ્રેમ બીજા પ્રેમની સાથે જ વૃદ્ધિંગત થાય છે."

ઍરિસ્ટાર્શીને પ્રાર્થનાનું રહસ્ય સમજાવ્યું. એ હમેશાં "મારે માટે પ્રાર્થના કરજો, મારી માને માટે પ્રાર્થના કરજો" એમ લખ્યાં કરે છે; એટલે એને પ્રાર્થનાનો પોતે શો અર્થ કરે છે એ વિસ્તારથી સમજાવવું ઉચિત ધાર્યું.

કેટલી સ્ત્રીઓ બાપડી બાપુની પાસે કંઈ તાવીજ કે મંતરજંતરની આશા રાખતી હશે. પંજાબથી એક બાઈનો કરુણાજનક કાગળ સરસ અક્ષરે લખેલો આવ્યો: "હું તમને પરમેશ્વર માનું છું. મારા પતિમાં પવિત્રતાની ભાવના પૂરો, હું હમેશાં એમની સેવા કરું અને એ હમેશાં મારામાં જ અનુરક્ત રહે. એમને પણ એક આશીર્વાદનો કાગળ લખો અને મને પણ લખો."

એને બાપુએ લખ્યું: "તુમ્હારા ખત પૂરા પઢ ગયા. તુમ્હારે ભાવ શુદ્ધ હૈ. લેકિન જો શક્તિકી આશા મેરે પાસ તુમને રખી હૈ, મેરેમેં હૈ હી નહીં. મૈં ભી દૂસરોંકે જૈસા પામર પ્રાણી હૂં ઔર ઈશ્વરકે દર્શનકે લિયે ઉત્સુક હૂં, પ્રયત્નશીલ હૂં. મૈં અવશ્ય ચાહતા હૂં કિ તુમકો ઔર તુમ્હારે પતિકો ઈશ્વર દીર્ઘાયુ રખે, દોનોંમેં પવિત્ર સેવાભાવ પેદા કરે, ઔર દોનોંમેં પરસ્પર શુદ્ધ પ્રેમકી વૃદ્ધિ કરે. યહ ખત તુમ્હારે દોનોંકે લિયે સમઝો. ઇસી કારણ પતિકો અલગ ખત નહીં લિખતા."

'ભાલા'વાળા ભોપટકર બાપુની વૈર-ભક્તિમાં માને છે. સભાઓમાં એ બાપુની ઉપર દરેક પ્રકારના આક્ષેપ કરે છે. "ગાંધી
૧૪–૪–'૩૩ 'હરિજન' કહેવડાવે છે, પણ સનાતનીનો અરિજન છે, પોતા ઉપર ગમે તેટલા પૈસા ખરચે છે, મસ્કતનું ખજૂર ખાય છે, મોંઘાં સંતરાંનારંગી ખાય છે, કાઇમ્બતુરનું મધ ખાય છે" ઇત્યાદિ. હરિભાઉ ફાટક આનો જવાબ નથી આપી શકતા એટલે એ બધા આક્ષેપોનો મુસદ્દો ઘડીને બાપુ પાસે મોકલ્યો અને તેનો જવાબ માગ્યો. બાપુએ એને લાંબો કાગળ આજે લખાવ્યો.

મીરાબહેનની ઉપર આજે બાપુએ લાંબો કાગળ લખ્યો. એના કાગળમાં બ્રહ્મચર્ય અને વિવાહિત જીવન વિષેના પોતાના વિચારો વિષે અને 'સંસ્રુતિગર્ત' વિષેની પોતાની ઘૃણા વિષે પસ્તાવો છે. સ્ત્રીને પુરુષ વિના ન ચાલે, પણ એ સંબંધને વિષય સાથે સંબંધ ન હોવો જોઈએ, એ વિષયરહિત જ હોવો જોઈએ અને હોઈ શકે છે એવું વિધાન મીરાબહેને પોતાના કાગળમાં કર્યું. આ વિધાન ઉપર બાપુએ પોતાની ટીકા મીરાબહેનની ઉપરના આજના કાગળમાં કરી છે.

મીરાબહેનને એરિસ્ટાર્શીનાં પવિત્ર પત્તાં પણ બધાં મોકલ્યાં. એ પત્તાંમાં એ બાઈની ભક્તિ નીતરે છે અને આખો દિવસ એ બાઈ ઈશ્વરના સ્મરણમાં કેવી રીતે ગાળતી હશે એની સાક્ષી મળે છે. કેટલાક કાગળોમાં ઉત્તમ ઉતારાઓ હોય છે. આજે મોકલેલાં કાર્ડોમાં હંમેશાં યાદ કરવા જેવા બે આ રહ્યા:

"Oh Holiest Truth! How have I lied to Thee
I vowed this day Thy festival should be;
But I am dim ere night.
Surely I made my prayer and I did deem
That I could keep in me Thy morning beam
Immaculate and bright.
But my foot slipped, and as I lay, became
My gloomy foe and robbed me of heaven's flame.
Help Thou my darkness, Lord, tell I am light."
(Newman)

"હે પાવક સત્ય, મેં તારો કેવો દ્રોહ કર્યો છે. આજે તારો ઉત્સવ કરવાની મેં પ્રતિજ્ઞા લીધી અને સાંજ પડતાં તો હું મોળો પડી ગયો. મેં પ્રાર્થના કરી ત્યારે મને ખરેખર લાગ્યું હતું કે તારું પ્રભાતનું કિરણ હું મારામાં નિષ્કલંક અને પ્રકાશિત જાળવી રાખીશ. પણ મારો પગ લપસ્યો

અને હું પડયો. હું જ મારો નિરાશામય દુશ્મન બન્યો અને સ્વર્ગની જ્યોતથી મેં જ મને વંચિત કર્યો. મારા અંધકારને દૂર કર. હે ભગવાન, કહે કે હું પ્રકાશ છું."

"He whom Jesus loved hath truly spoken
The holier worship which He deigns to bless
Restores the lost and binds the spirit broken,
And feeds the widow and the fatherless.
Oh brother man! Fold to thy heart thy brother,
Were pity dwells, the peace of God is there.
To worship rightly is to love each other,
Each smile a hymn, each kindly deed a prayer."
(Whittier)

"જેને જિસસ ચાહે છે તેણે જ સાચી પવિત્ર પૂજા કરી છે. એની પૂજા ઉપર તેના આશીર્વાદ ઊતરે છે. પતિતનો તે ઉદ્ધાર કરે છે અને તૂટેલા હૃદયને તે સાંધે છે. વિધવાને અને નિરાશ્રિતને તે ખવડાવે છે. હે માનવબંધુ! તારા ભાઈને તારા હૃદય સરસો ચાંપ. જ્યાં દયા વસે છે ત્યાં પ્રભુની શાન્તિ છે. સાચી પૂજા એટલે એકબીજાને ચાહવું તે. પ્રત્યેક સ્મિત એ ભજન છે અને પ્રત્યેક દયાનું કાર્ય એ પ્રાર્થના છે."

અને આ બાપુને કેટલું બધું લાગુ પડે છે:

"Oh pure reformer! Not in vain
Your trust in human kind;
The good which bloodshed could not gain
Your peaceful zeal shall find.
The truths ye urge are borne abroad
By every wind and tide.
The voice of Nature and of God
Speaks out upon your side.
The weapons which your hands have found
Are those that Heaven hath wrought
Light, Truth and Love your better ground
The free broad field of thought."

"હે પવિત્ર સુધારક! માનવજાત ઉપર તારો વિશ્વાસ વ્યર્થ નથી. જે ભલું રક્તપાતથી ન થઈ શકે તે તારી શાંતિમય ધગશથી થવાનું છે. જે સત્યનો તું આગ્રહ કરે છે તે પવનની દરેક લહરી ઉપર અને ભરતીના દરેક મોજા ઉપર દૂર દૂર ફેલાવાનું છે. પ્રકૃતિનો અને પરમેશ્વરનો અવાજ

તારા પક્ષમાં ઊતરવાનો છે. તારા હાથમાં જે શસ્ત્રો આવ્યાં છે તે પ્રભુએ ઘડેલાં છે. પ્રકાશ, સત્ય અને પ્રેમ તારી અનુકૂળ ભૂમિકા છે, વિચારનું સ્વતંત્ર વિશાળ ક્ષેત્ર છે."

એ કેટલું સાચું છે! . . . બહેનનો આજનો કાગળ લો. એના પતિએ બાળકોને જોવાની કરેલી શરતો. એ શરતો એને ત્યાજ્ય લાગે છે. પતિની પાસે પાછું નથી જવું; પણ બાળકો જોઈએ છે. એણે ન ધારેલો એવો કાગળ બાપુની પાસેથી એને મળે છે:

"મને લાગે છે લગ્નની શરતો તારે વિના સંકોચે સ્વીકારવી જોઈએ. છેવટે એ તારો પતિ છે. એની ઘવાયેલી લાગણીઓને શાન્ત કરવામાં કશી નાનમ નથી. તારી પોતાની નજરમાં અને ઈશ્વરની નજરમાં પણ તેથી તું ચડશે. વળી લગ્નનો વિરોધ નહીં કરવાથી એનો પ્રેમ તું જરૂર પાછો મેળવી શકશે. મિત્રો વચ્ચેના સંબંધમાં એક પક્ષને બીજા પક્ષની સામે કશા હકો હોતા નથી. પતિપત્ની તો મિત્રો કરતાં પણ અધિક છે. આજે તમારા એના માર્ગ એકબીજાથી નોખા પડ્યા છે તેથી આ સંબંધમાં ફેર પડવો જોઈએ નહીં. તું શાન્તિ રાખશે તો સૌ સારાં વાનાં થશે. બાળકોનું હિત સર્વોપરી હોવું જોઈએ અને તું કશો આગ્રહ નહીં રાખે તેથી તે વધારે સારી રીતે જળવાશે. આમ કરીને પણ તારે સંતુષ્ટ રહેવું જોઈએ. તું એમને મળવા માગે છે એ તારા આનંદને માટે નહીં પણ એમના ભલાને ખાતર. કાયદાની અદાલતની વાત તો તારા મનમાંથી કાઢી જ નાખ. મારી વાત બરાબર સમજાય છે ને? ઈશ્વર તને સહાય થાઓ અને તને દોરો."

અમદાવાદના હરિજનો આવ્યા. બાળકની જેમ કાલું કાલું બોલતા હતા અને લાડ કરતા હતા. એમને માટે બાપુનું 'બાપુ' નામ સંપૂર્ણ છે, રહસ્યપૂર્ણ છે. "અમારું 'હરિજન' નામ તો બાપુ, દુનિયાના ચારે ખૂણામાં પ્રસિદ્ધ થઈ જવાનું," એમ કહેવા લાગ્યા.

કનૈયાલાલ મુનશીને નર્મદાશંકર કવિ વિષે સંદેશો મોકલતાં લખ્યું:

૧૫–૪–'૩૩ "નર્મદાશંકરને જે ગુજરાતી ન જાણે તે ગુજરાતી કેમ ગણાય? મને તેનો પરિચય બચપણથી જ થયો હતો. 'સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે' ગાતાં થાક જ ન લાગે. ત્યારે આરંભાયેલો રાગ દક્ષિણ આફ્રિકામાં પાકો થયો. ગીતાનો પૂજારી તો હું થઈ ચૂક્યો હતો. પણ નર્મદાશંકરના ગીતાના અનુવાદની પ્રસ્તાવનાએ મારી ગીતામાતાની ભક્તિ દૃઢ કરી, અને

નર્મદાશંકર પ્રત્યેનું મારું માન વધ્યું. મને દુઃખ એ જ રહી ગયું કે મારી અનેક પ્રવૃત્તિએ મને નર્મદાશંકર જેવા લેખક અને કવિનો પણ હું ઇચ્છું તેટલો પરિચય ન કરવા દીધો.

"આથી વધારેની આશા મારી પાસેથી નહીં રાખો ના? આટલુંયે સવારના ત્રણ વાગ્યે ઊઠીને આપી શકું છું. હરિજનોને સારુ જીવવું અઘરું છે. તેને સારુ મરવાની યોગ્યતા મેળવવી એથીયે અઘરું છે. સત્યનારાયણ આપણને કાયર કરી મૂકે છે. એનું ચાવળાપણું કેવું? નિષ્કલંક ઘેટાં માગે, સારામાં સારાં કોળાં જોઈએ. નિષ્પાપ મનુષ્યોનાં માથાં માગે. ક્યાંથી લાવવાં? એક મેલો સરખો વિચાર મનમાં આવ્યો કે નાપાસ. તોયે તેને છોડાય તેમ નથી. પણ કવિઓનો કવિ એવો ખારીલો છે કે બીજા કવિઓની પૂજા જ કરવા દેતો નથી. આવાં દુઃખ ક્યાં રડું?

પછી કમીઆઈ ટ્રસ્ટ વિષે લખ્યું. છેવટે સરદાર અને પોતે એનાં પુસ્તકો વાંચે છે, પોતે ગોકળગાયની ગતિથી અને સરદાર શરતના ઘોડાની ગતિથી. એ લખીને લખે છે : "આ બધામાં અમારો સ્વાર્થ છે એ કબૂલ કરી લઉં. તમારી બંનેની પાસે પેટ ભરીને સેવા લેવી છે. જેની પાસેથી એવી મોટી આશા રાખીએ તેને પૂરા ઓળખી પણ લઈએ ના?"

મુનશીને લખેલા ઉપરના કાગળના છેલ્લા ફકરામાં રહેલી બાપુની વૃત્તિ આ સોળ વરસ થયાં જોતો આવ્યો છું. એમણે માણસો સંઘર્યાં છે, માણસોના તરફ પ્રેમ બતાવ્યો છે, દયા બતાવી છે, તો તેની પાછળ હમેશાં આ વસ્તુ જ રહેલી છે કે આ માણસની પાસેથી કાંઈક સેવા લઈ શકાશે. આ વૃત્તિને વિષે બાપુએ 'સ્વાર્થ' શબ્દ તો હસતાં હસતાં લખ્યો છે. એમાં સ્વાર્થ ભલે ક્યાંય ન હોય, છતાં વણિકવૃત્તિ લાગ્યાં જ કરે છે. એટલી પેલા પ્રેમ આદિની કિંમત ઓછી નહીં થતી હોય?

બાપુ પોતાના એક 'વૈદકીય અનુભવ'ની વાત કરતા હતા. પૈસા બચાવવાને ખાતર પોતાની એક અસીલ બાઈને પોતાના દીકરાની રસોળી કપાવવાને માટે ગોડફ્રે ડૉક્ટરને ત્યાં મોકલી. ગોડફ્રે જડા જેવો હતો. એણે નસ્તર મૂક્યું. પણ કેટલું કાપવું તેની ખબર જ ન પડે. ક્લોરોફૉર્મ આપનાર તરીકે બાપુને પસંદ કર્યા. "એ કામમાં કાંઈ ભારે જ્ઞાનની જરૂર નથી પડતી. તમે જ આપજો." એ તો કાપ્યે જ ગયો, કાપ્યે જ ગયો. પરિણામે પેલો માણસ આઠ કલાકમાં ઊઠી ગયો. આવી રીતે બીજા એક કેસમાં બાપુએ ક્લોરોફૉર્મ આપ્યું. સામાન્ય રીતે ચપ્પુ વતી નસ્તર મૂકવાની કોઈ વાત કરે તો તેને બાપુ બેહૂદું ગણે. પણ પોતે ક્લોરોફૉર્મ આપવાનું બેહૂદું કેમ નહીં ગણ્યું હોય? એ સમજી શકાતું નથી.

. . . આવી ગયાં. તેમને પ્રેમથી નવરાવ્યાં. સાંજ સુધી રાખ્યાં; લાડ લડાવીને આગ્રહ કરીને ફળ ખવડાવ્યાં. એને ઝીણી ઝીણી વાતો પૂછી — આ સાડી કોણે અપાવી? એ રંગાવી ક્યાં? વગેરે જે વાતો રામદાસ અને નીમુને પૂછે એ જ વાતો, એવી જ રીતે આ બંનેને પૂછી. આ જોડું ગોઠવી આપીને બાપુના આનંદનો જાણે પાર જ નહોતો.

આશ્રમનો ભાર બાપુના માથા પર કેટલો છે એનું માપ આજના આશ્રમને લખેલા કાગળોમાંથી મળી શકે છે. પ્રેમાબહેન

૧૬-૪-'૩૩ ઉપરના કાગળમાં લખ્યું: "ગજની સૂંઢ માત્ર તલભર બહાર રહી હતી. અને એની એ સ્થિતિ હતી તેવી સ્થિતિ મારી થઈ છે, પણ હરિના નામનું સ્મરણ અને રટણ ચાલે છે એટલે નિર્ભય છું."

નારણદાસને દશ પાનાંનો કાગળ લખ્યો. એમાં એમને વિષેનો પોતાનો અખૂટ વિશ્વાસ ઠાલવ્યો અને ટીકાઓમાંથી જેટલું શિખાય તેટલું શીખવાનું લખ્યું. પોતાની કાર્યપદ્ધતિનો મંત્ર એક વાક્યમાં આપી દીધો: "આપણા મિત્રો અને સમાન વિચાર ધરાવનારાઓ પાસે કામ લઈ શકાય, પણ તે લોકો આપણને મદદ નથી કરી શકતા. મદદ તો ટીકા કરનારાઓની ટીકામાંથી જ મળી શકે છે." આ ભાવનું વાક્ય હતું.

સવારે ફરતાં . . . ભાઈ અને . . . બહેન વચ્ચે ચાલતા વૈમનસ્ય વિષે વાતો થતી હતી. પછી નારણદાસને વિષે કોને કોને અસંતોષ છે એની વાત નીકળી. છગનલાલ અને બાપુ વચ્ચે વાત થતી હતી. કેટલોક ભાગ મેં સાંભળ્યો. પછી મને લાગ્યું કે આમાં હું કાંઈ મદદ ન કરી શકું. અને વળી એ પણ લાગ્યું કે નારણદાસભાઈને બદલવાની વાતમાં મને રસ ન હોઈ શકે. એટલે હું ફરવામાંથી અટકી દૂરબીન જોવા લાગ્યો. પારિજાત હજી આકાશમાં હતો. પણ બાપુને તો આથી ભારે આઘાત પહોંચ્યો, અને મને કહેવા લાગ્યા: આ પારિજાત જોવાનો વખત છે કે? પારિજાત જોવામાં અને જે વાત ચાલી રહી છે તેમાં કાંઈ સરખામણી છે કે? અહીં જીવનમરણ જેવા મહત્ત્વના પ્રશ્નની ચર્ચા ચાલી રહી છે અને તમે તારા જોવાને શું ગયા? આ વાત સાંભળવાની તમારી ફરજ નહોતી?

મેં સહેજ ખુલાસો કર્યો એટલે ઠંડા પડ્યા, પણ એમના હૃદયમાં દાવાનળ સળગી રહેલો સ્પષ્ટ દેખાતો હતો.

નીલાનો કાગળ ચાર દહાડા નહોતો એટલે પાછા ભારે ચિંતામાં પડ્યા હતા. કાગળ કેમ નથી એવો તાર લખી આપ્યો.

૧૭–૪–'૩૩ અને જો અંગ્રેજી ટપાલમાં કાગળ ન આવ્યો હોય તો એ તાર કરી દેવાનું જેલરને કહી આવવાનું મને કહ્યું. સુભાગ્યે કાગળ આવ્યો હતો. પણ કાગળમાં તો . . .ના અનેક ભવાડા હતા. એટલે પાછા વિચારમાં પડ્યા. મારી સાથે જરા વાતચીત કરી પછી કહે: ભલે તાર કરી નાખો એટલે એ એક ચિંતા ઊતરી. આ પછી તુરત પૂના ચાલી આવવાનો એને તાર કરાવ્યો. વળી કહે: સાચી થઈ હશે તો કાંઈ અડચણ જ નથી, સાચી નહીં થઈ હશે તો ખબર પડી જશે. એ નહીં આવે તોપણ હું એની સામે અનુમાન કરવાનો છું.

આજે રાત્રે 'હ્યુમેનિટી અપરૂટેડ' પૂરું કર્યું અને 'રેડબ્રેડ' હાથમાં લીધું. આ લેખકને પહોંચી શકે એવો લેખક રશિયા વિષે હજી જોવામાં આવ્યો નથી. હોરેસ ઍલેકઝાંડરે પણ એની જ વાત કરી હતી એ બરોબર જ હતું.

આજે અચાનક ઘનસ્યામદાસ બિરલાના પિતા રાજા બળદેવદાસ બિરલા એક પંડિત સાથે ચાલ્યા આવ્યા. નાશિક સુધી

૧૮–૪–'૩૩ આવ્યા અને દર્શન કર્યા વિના જાઉં એ સારું નહીં એમ કરીને આવ્યા. અસ્પૃશ્યતાના સવાલો લાવ્યા હતા. પેલા પંડિતને એમને ખાતરી કરાવવી હતી કે જાતિ ગુણકર્માનુસાર છે, જન્માનુસાર નથી. બાપુએ જન્મ અને ગુણકર્મ બંને ઉપર એ આધાર રાખે છે એ બતાવીને પોતાનો મત સમજાવ્યો. પછી પંડિતે 'શાસ્ત્ર'ના અર્થ વિષે ચર્ચા કરી. વેદમાં પણ ક્ષેપક હોય? એમ આશ્ચર્યચકિત થઈને બાપુને પૂછ્યું.

બાપુ કહે: હા, ઘણી વાત બુદ્ધિથી ઠરાવી શકાય છે. કેટલીક નથી ઠરાવી શકાતી. તેમાં શાસ્ત્રનિર્ણય પડેલો હોય. પણ જ્યાં બુદ્ધિથી સ્પષ્ટ નિર્ણય થતો હોય એવી વાતોમાં પણ શાસ્ત્ર બુદ્ધિથી વિરુદ્ધ સલાહ આપે તો એ ન સ્વીકારાય. એ બુદ્ધિ શમદમ પાળનાર યોગીની અથવા સદાચારી આત્માની હોવી જોઈએ એ વાત સાચી. ઊંચનીચના ભેદ જ નથી. ગુણથી માણસ ઊંચનીચ બને છે; તે પણ સામાની દૃષ્ટિએ, પોતાની દૃષ્ટિએ નહીં. પોતાની દૃષ્ટિએ ઊંચો થયો તે તો પડ્યો જ છે. આ વાત સાંભળીને બુઢ્ઢાને બહુ આનંદ થયો.

પછી કર્મની વાત નીકળી. અસ્પૃશ્યોનાં કર્મો એવાં હશે એ નિશ્ચય કરનાર આપણે કોણ? આપણે આપણાં કર્મનો વિચાર કરો. કર્મનો સિદ્ધાંત જ આખો માનવી આત્માના પોતાના સમાધાન માટે છે, બીજાનો ન્યાય તોળવાને અર્થે નથી. એનું બીજું પણ કારણ છે કે સામાનું સારું થઈ રહ્યું છે કે નરસું એની આપણને શી ખબર? નળ રાજાને કર્કોટક નાગ કરડ્યો તે શું નળ રાજાનાં દુષ્કર્મને લીધે? એને તો મદદ કરવાને માટે એ નાગ કરડ્યો હતો. રામચંદ્રજીને ચૌદ વરસ વનવાસ મળ્યો તે એમનાં દુષ્કર્મને લીધે મળ્યો હતો? તે વનવાસ એમને દુઃખદાયી હતો? સીતાને રાવણ હરી ગયો તે એનાં દુષ્કર્મને લીધે હશે? પાંડવોને વનવાસ મળ્યો અને એક વરસ ગુપ્તવાસ મળ્યો તે પણ એમનાં પાપ હશે કે? એમ સામાના કર્મને વિષે ન્યાય તોળનાર આપણે કોણ?

બુઢ્ઢાને જોઈને બહુ આનંદ થયો. ઊંચો કદાવર બાંધો, એમનું લાંબું નાક દીકરાઓમાં બરોબર ઊતર્યું છે. રામેશ્વરદાસનામાં પૂરેપૂરો ઊતરેલો એનો ઉચ્ચાર, એની સાદાઈ — છતાં હાલ મળતા જપાની રબ્બર અને અને કેનવાસના ૧૨ આનાના જોડા — એ એક હવે ધીમે ધીમે લુપ્ત થવા બેઠેલી જૂની મારવાડી સભ્યતાને અનુરૂપ હતું. યાત્રાએ નીકળ્યા છે. આ પણ યાત્રાનું ધામ. હવે અહીંથી દીકરાને ઘેર ગ્વાલિયર જશે. અને પછી ત્યાંથી હરદ્વાર ગંગાકિનારે એ માસ ગાળશે.

૧૯-૪-'૩૩ આજે કેટલાક અગત્યના કાગળો. હિંસા અને અહિંસાની સરસ તુલના એક બંગાળીને લખેલા કાગળમાં થયેલી છે. અહિંસા એવી વસ્તુ છે કે જે આદર્શરૂપ છે. એટલે આપણે કહી શકીએ છીએ કે હિંસા જેટલી ઓછી કરી શકાય તેટલી કરવી જોઈએ. જોકે તદ્દન અહિંસક હોવું અને જીવવું એ શક્ય નથી. પણ હિંસાને જો જીવનનો નિયમ કહો તો તો વધારેમાં વધારે હિંસા કરવી જોઈએ, એવી વાત થઈ પડે. જ્યારે આપણે જોઈએ છીએ કે જાલિમો પણ હિંસામાં મગરૂરી ન લેતાં કહે છે કે જેમ બને તેમ ઓછી હિંસા કરવાનો અમે પ્રયત્ન કર્યો હતો.

આજે હરિજન નદ્દારના ઝઘડા ઉપર બાપુએ લખેલી નોંધ* બહુ નરમ હતી, એમ મેં કહ્યું.

---

* 'હરિજન' પુ. ૧, અંક ૧૧.

બાપુ કહે : જાણી જોઈને. એ લોકો પ્રયત્ન કરી રહ્યા છે. અને કંઈક સનાતનીની મદદ મળે તો ભલે મળતી.

પછી મેં કહ્યું : બાકી છે તો બધી વસ્તુ ઉકળાવનારી. એકવીસ દિવસના ઉપવાસ પહેલાં જે ચોપાનિયાંઓ હિંદુમુસ્લિમ વઢવાડનાં આવતાં અને જે ત્રાસ છૂટતો તેવો ત્રાસ આ પ્રકારના રિપોર્ટો આપે છે. માત્ર તે વેળા લડાઈ બન્ને બાજુની હતી. આજે એક જ બાજુથી આક્રમણ છે.

બાપુ : સાચી વાત છે. ઉપવાસ વિના આરો નથી આવવાનો.

જમશેદ મહેતાનો એક કાગળ 'મને ચેતવણી' એ મથાળા હેઠળ બાપુએ 'હરિજનબંધુ'માં[1] છાપ્યો. અને એની ઉપર ધગધગતો લેખ લખ્યો, અને ભવિષ્યવાણી ભાખી. હિંદુ ધર્મના નસીબમાં નાશ થવાનું હશે તો તેને કોણ રોકી શકવાનું છે? પણ અસ્પૃશ્યતા તો જવાની જ છે. એ જ લેખ જુદા રૂપમાં 'હરિજન'માં અંગ્રેજીમાં ઉતાર્યો.[2] કંઈક હળવો કહેવાય. પણ બંને લેખો જુદી જુદી ભાષામાં એક જ વિષય પરત્વે જુદી રીતે લખવાની બાપુની શૈલીના અનુપમ નમૂના છે.

નરહરિને નોટિસ મળ્યાની વાત આવી. કલેક્ટરને કશો જવાબ ન આપ્યો એવું છાપામાં આવ્યું.

૨૦–૪–'૩૩ બાપુ કહે : જવાબ કેમ ન આપ્યો એ સમજાતું નથી. નરહરિ જવાબ ન આપે એવું બને તો નહીં. પણ એ રોકાયો એ બરોબર નથી. નોટિસ મળે તો તરત જ તેનો ભંગ કરવો ઉચિત છે.

આજે મારા નિવેદનમાં ફેરફારોની ચર્ચા થઈ. કાલે બપોરે મને બોલાવીને કહે : મીઠા વિષે અને વિદેશી કાપડની તથા

૨૧–૪–'૩૩ દારૂની દુકાનો ઉપરની ચોકી વિષે જે નૈતિક સમજૂતી થઈ હતી તેનો ભંગ થયો છે એ બતાવવું જોઈએ, એ વિના સમાધાન ન થાય. પછી આજે મેં પૂછ્યું : હસન–હુસેનનો દાખલો બરોબર છે?

બાપુ કહે : બરોબર છે. કારણ એ લોકોને યઝીદની હકૂમત સ્વીકારવાની હતી, અહીં પણ હકૂમત સ્વીકારું તો બધું કરવા દે; જેમ બારડોલી

---

૧. 'હરિજનબંધુ', પુ. ૧, અંક ૭, તા. ૨૩–૪–'૩૩

૨. 'હરિજન', પુ. ૧, અંક ૧૧, તા. ૨૨–૪–'૩૩

સત્યાગ્રહ કરવા દીધો અને એ લોકોને એનું કાયદેસરપણું સ્વીકારવું પડ્યું. પણ એવી ઉપમા અમુક પ્રસંગે જ ચાલે. અહીં મૂકવાની જરૂર છે કે નહીં તે હું નથી કહી શકતો, કારણ એ ઉપમામાં એક વસ્તુ ઢંકાઈ જાય છે અને તે એ કે હુસેન–હસનની લડત તો તલવારની હતી, જ્યારે અહીં એનો ઉપયોગ નથી. પછી કહે, જુઓની મેં કોઈ દિવસ નાકરની હિલચાલને માટે એક શબ્દ ઉચ્ચાર્યો નથી, લોકોને અપીલ કરી નથી. પણ એ વસ્તુને અનીતિમય નથી માની એટલે વિરોધ પણ કર્યો નથી. એને મેં કાર્યક્રમમાં નથી ગણી એનું કારણ એ છે કે હું ગામડાંનાં લોકોને આવી રીતે હોમવાની તરફેણમાં જ નથી. હોમું નહીં શહેરના લોકોને પ્રથમ ? મારો તો યુ. પી.માં પણ વિરોધ હતો જ અને હેલીની સાથે આર્થિક દૃષ્ટિએ જ બધી ચર્ચા થઈ હતી. ગણોત ન આપવાની હિલચાલ પણ એ જ રીતે ચલાવવાની હતી. પણ જવાહરલાલે ન માન્યું અને એને સવિનયભંગનું સ્વરૂપ આપ્યું. એ હેલીની સાથે મારું તો બરોબર ઊતર્યું હતું અને આજ એ માણસ અહીં હોય તો તુરત એની સાથે સમાધાન કરી દઉં, જરાય વાર ન લાગે. હોરના કરતાં એ માણસ ક્યાંય હોશિયાર છે, અને વાટાઘાટો કરવામાં એના જેવો જ સીધો છે.

છગનલાલ જોષીએ પૂછ્યું : પણ મહેસૂલ ન ભરવાની ફરજ ન હોય? કારણ એ તો ખરાબમાં ખરાબ કર છે.

બાપુ : એની વાત જ નથી, કારણ એ દૃષ્ટિ નથી. વાત તો સરકારની હકૂમત ન સ્વીકારવાની છે અને તે માટે ગમે તે બિન-નૈતિક કાયદાઓ લઈ શકાય એટલે નાકર એ સવિનયભંગ નથી. મીઠાનો કાયદો લીધો તે એ વખતના સંજોગોમાં બધા કાયદાઓમાં ઉચિતમાં ઉચિત તરીકે પસંદ કરવામાં આવ્યો. ખરી વાત તો એ છે કે ’૨૦–’૨૧માં જે કાર્યક્રમ હતો તે જ આદર્શ તો છે. આ હકૂમત ટકાવી રાખવાને માટે મજબૂતમાં મજબૂત પાયા છે એનો જ એમાં વિચાર કરવામાં આવ્યો હતો. એ સવિનયભંગ નહીં, પણ એનાથી ઊંચી વસ્તુ હતી. એમ તો એ બધી વસ્તુઓ માની જણી બહેનો છે એટલે બધામાં ક્યાંક સરખાપણું દેખાવાનું, પણ જરા સૂક્ષ્મતાથી જોઈએ તો નાકર, સવિનયભંગ, સત્યાગ્રહ અને અસહકાર એ બધી વસ્તુઓ જુદી જુદી છે.

વિઠ્ઠલભાઈની ઉપર કરેલા તારને સરકારે પાસ કર્યો છે એમ સાત દિવસે જવાબ આવ્યો, એટલે બાપુએ પાછો કાલે કાગળ લખ્યો કે આ અસહ્ય વસ્તુ છે. આવા તાર કરવાની મને છૂટ હોય તો અહીંના વડાને જ એનો નિકાલ કરવાની છૂટ હોવી જોઈએ.

નીલાની રોજ ચિંતા કર્યા કરતા હતા. આજે તાર આવ્યો કે કાલે આવે છે. એના કાગળમાં પણ તબિયતના માઠા ખબર હતા. વાળનું મુંડન પોતે કર્યું છે એટલે સૂરજના તડકામાં બેસવાની કે ઊભા રહેવાની અશક્તિ આવી છે, વગેરેનું વર્ણન હતું.

અહીં આવીને બાપુ કહે: એ બાઈએ એકેએક વચન પાળ્યું છે અને અત્યાર સુધી બધી રીતે સરખી ઊતરી છે. એને મળવું આજે દોહ્યલું થઈ પડવાનું છે. પહેલી વાર આવી હતી ત્યારે જુદી વાત હતી. આજે તો બધું મેં કરાવ્યું છે એ ભાન છે એટલે મારાથી ગળગળા થયા વિના મળાશે કે કેમ એ ન કહી શકાય. એ તો કોઈ બાપને પોતાની રંડાઈને આવેલી છોકરીને મળતાં જે લાગણી થાય એ જ લાગણી થવાની છે. મીરાની વાત જુદી હતી. એની પોતાની સ્વેચ્છાએ એ કરતી અને તેમાં પણ મેં તો કાપ મૂકેલો. આણે તો બધું પ્રાયશ્ચિત્તરૂપે કરેલું છે, મારી સૂચનાથી કરેલું છે, એટલે મને દુઃખ થાય છે.

પ્રીવાનો કાગળ સુંદર હતો. એડનમાં આપણે હતા અને મીટિંગના પ્લૅટફૉર્મની જે સ્થિતિ હતી તેવી સ્થિતિ જર્મની અને યુરોપમાં થઈ છે અને ક્યારે દાવાનળ પ્રગટશે તે કહેવાતું નથી. એવે સમયે તમે છો, તમે હયાતી ધરાવો છો એ હકીકત જ અમને બહુ આશ્વાસન આપનારી છે.

સાંજે સરદારને સિવિલ સર્જન જોઈ ગયો. ખૂબ તપાસ્યા. અભિપ્રાય એ થયો કે 'કૉટેરાઈઝ' કરવામાં લાભ નથી, ઑપરેશનથી કદાચ ફાયદો થાય, જોકે ચોક્કસ ન કહેવાય. પણ અહીં હવે લાંબી વેકેશન જેવું છે તો ઑપરેશન કરાવવું એ ઠીક હોય.

બાપુ કહે: ઠંડક જોઈએ અને ધૂળ ન જોઈએ એને માટે દરિયાની સફરના જેવો બીજો એકે ઉપાય નથી.

એટલે વલ્લભભાઈ કહે: એના કરતાં તો હું અહીં સુખશાંતિથી મરું નહીં?

પેલો: આટલા નિરાશ થવાની કશી જરૂર નથી.

બાપુ કહે: લો ત્યારે, અમે ઠરાવ કરીએ કે તમારે દરિયાની સફરે જવું.

વલ્લભભાઈ: મેં પેલાને જે જવાબ આપ્યો તે જાણો છો? એમ કહીને જવાબ સંભળાવ્યો.

બાપુ: પણ વહાણ ઉપર પણ ધૂળ તો ખૂબ જ હોય. કોલસાની રજ તો પાર વગરની હોય છે — અમે રંગૂન ગયા ત્યારે અમારાં કપડાં સરસામાન તો કાળાં કાળાં થઈ ગયેલાં.

સરદાર : તે તમારા જેવા ડેક ઉપર મુસાફરી કરનારાને એમ થાય. અમે તમારા જેવા ડેક ઉપર મુસાફરી કરનારા નહીં. અમે તો હંમેશાં સલૂનમાં જ જનારા. અમને તો કદી ધૂળ નથી લાગી.

બાપુ : ભાઈ, સલૂનમાં પણ લાગે છે. આખો દિવસ માણસ સાફ કર્યાં જ કરતો હોય છે.

૨૨-૪-'૩૩ નીલા આવી ગઈ. શાસ્ત્રી લેવા ગયા હતા. બિચારો કહેતો હતો કે એણે જે જીવન ગાળ્યું હતું અને હવે તમારી સૂચના પ્રમાણે એણે જે ફેરફાર કર્યા છે તેનો વિચાર કરીને મારાં રૂંવેરૂંવાં ઊભાં થતાં હતાં, મને કંપારી છૂટતી હતી, પણ એને જોઈને મને આનંદ થયો. એનો હસમુખો પ્રસન્ન ચહેરો જોઈને હું તાજુબ થયો. એના દીકરાને જોઈને પણ મને ભારે આનંદ થયો. એ તો મહાત્માજીને ક્યારે જોઈશું એમ પૂછતો હતો. શલ્યાની અહલ્યા આમ જ થઈ હશે. સ્ત્રીની સહનશક્તિની સીમા નથી એ વાત આ બાઈએ અક્ષરેઅક્ષર સાચી પાડી.

'કાગાવાનું જીવનચરિત્ર' એ ચોપડીનું 'ગોસ્પેલ ટ્રમ્પેટ'માં અવલોકન વાંચ્યું. નીલાનો ચમત્કાર કહેવાય, તેમ કાગાવાનું પણ ચમત્કાર તરીકે વર્ણવાય છે.

કાગાવા અદ્વિતીય છે. કહેવાય છે કે પોતાના જન્મને તે ચમત્કાર માને છે. તેના જીવનમાં જેને લીધે આવું પરિવર્તન થયું એ ઈશ્વરકૃપાનો ચમત્કાર જ ગણાય. પૂરેપૂરા ઈશ્વરવિમુખ બાપનો છોકરો, રખાત સ્ત્રીને પેટે જન્મેલો, નાચ કરનારી છોકરીનું ન જોઈતું બાળક, એવા આ કાગાવાએ પોતાના છેક બાલ્યકાળથી જ વિશુદ્ધિ માટે અદ્ભુત રાગ કેળવ્યો. એકવીસ વર્ષની ઉંમરે કાગાવા ટોકિયોની ચાલોમાં, જાપાનની વસ્તીના ઉતાર જેવાં હજારો સ્ત્રીપુરુષો જ્યાં સેળભેળ જીવન ગાળતાં, તેમની વચ્ચે રહેવા ગયો, ત્યારે એના મિત્રોને ભારે આશ્ચર્ય થયું. આ અનીતિથી ખદબદતી વસ્તીની વચ્ચે એ પંદર વરસ રહ્યો. પોતાની પત્નીને પણ એ ત્યાં રહેવા લઈ ગયો. મદદની જરૂરવાળું કોઈ પણ કાગાવાની ઝૂંપડીમાં રહી શકતું. તેની ઝૂંપડી હંમેશાં ભરેલી રહેતી. જે સમાજ આવી ગંદી અને અનીતિમય ચાલોને જન્મ આપે છે તે સમાજને એણે પડકાર ફેંક્યો. ગરીબ લોકોનો તેમના આર્થિક કલહમાં તેણે પક્ષ લીધો. કામદારોનો એણે સંઘ રચ્યો અને તેમને રહેવાની સારી સગવડો મળે

અને તેઓ ઊંચું જીવન ગાળતા થાય તે માટે તે લડયો. તેની પત્નીને એક કારખાનામાં છોકરીઓના મુકાદમ તરીકે રોજના બાર દોકડા મળતા. છોકરીઓને છ દોકડા મળતા. આ પ્રવૃત્તિઓ ચલાવવા માટે કાગાવાને જેલની સજા થઈ. પણ તે હિંમત હાર્યો નહીં. કાગાવાની આસપાસ વેશ્યાઓ, ચોર, લૂંટારા અને ખૂની ગુંડાઓ વસતા. એમની વચ્ચે તે પૂરેપૂરો પવિત્ર રહ્યો. છેવટે એ જુનવાણી સમાજમાં તેણે ગાબડું પાડયું. અને ટોકિયોમાં ધરતીકંપ થયો અને આગ લાગી ત્યાર પછી શીંકવાને તેણે નેસ્તનાબૂદ કરાવ્યું. પરંતુ એ ધરતીકંપે તથા એ આગે જે પદ્ધતિ આ ચાલોને નિપજાવતી હતી તે પદ્ધતિનો નાશ કર્યો નહીં. એટલે કાગાવાને તો કચડાયેલા લોકોની લડત લડવાની જ રહી. છેવટે સરકારે કાગાવાને ઓળખ્યો. તાજેતરમાં એણે 'ઈશ્વરના રાજ્ય'ની ચળવળ ઉપાડી છે. એનો પ્રયત્ન દસ લાખ ખ્રિસ્તીઓ બનાવવાનો છે. એ કહે છે કે દસ લાખ કરતાં ઓછાથી જાપાનમાં ધારેલો ફેરફાર નહીં કરાવી શકાય.

અહીં આંબાની ઉપર મોર આવ્યો. કેટલાક દહાડા સુધી એની મહેકથી ઉન્મત્ત થવા જેવું લાગ્યું. પછી નાની નાની કેરીઓ—મરવા થવા લાગ્યા. આ બધી મોટી થઈ કેરી બનશે ત્યારે ઝાડ લચી જશે અને નીચે બેઠા હોઈશું ત્યારે પડશે તો માથામાં વાગશે એવો વિચાર કરતા હતા ત્યાં તો એ કેરી મોટી થવાને બદલે લૂમાં કરમાવા લાગી. કોઈ રૂપાળું બાળક કોઈની નજર લાગે અને કરમાવા લાગે અને ધોળી પૂણી જેવું થઈ જાય, ગળાઈ જાય તેમ આ બધા મરવાઓ કરમાઈને કાળા પડવા લાગ્યા. કોઈક કરમાશે, પણ બીજા તો મોટા થશે જ, એમ આશા રાખી. પણ ધીમે ધીમે બધા કરમાયા, કાળા મેશ જેવા થેઈ ગયા, ખરી પડયા. મને દરદ થયું. પણ થોડા જ દિવસમાં જ્યાંથી એ મોર ખર્યો હતો ત્યાં નાની નાની કૂંપળો ફૂટવા લાગી, એ કૂંપળોમાં ઝીણાં પાંદડાં દેખાવા લાગ્યાં. સવારે જોઈએ અને સાંજે એથી મોટાં થયેલાં હોય. આ દસ દિવસમાં તો એ મૂળ પાંદડાં જેવડાં મોટાં પાંદડાં થઈ ગયાં છે અને હવે મૂળ પાંદડાં વધારે છે કે નવાં વધારે છે એ કહેવું કઠણ છે. માત્ર મૂળનાં અગાઉના વતનીઓ જેવાં, અને નવાં શ્વેત આર્યો જેવાં લાગે છે. પણ કાંઈ પણ તકરારવઢવાડ કર્યા વિના સુખેથી વસેલા સંયુક્ત કુટુંબ જેવાં ભાસે છે. બીજી ઉપમા લઉં તો આ નવાં પાંદડાંની કુમાશ, સુંવાળપ અને રંગ સુંદર તાજા નવનીત જેવા લાગતા પ્રફુલ્લ આરોગ્યયુક્ત સૌંદર્યથી લસી રહેલા બાળક જેવાં લાગે છે. આ બધાં પરિવર્તનો જાણે ઈશ્વરનાં નવાં નવાં રૂપો ન હોય? બધી ઋતુઓ બદલાતી જાય છે એ

પણ ઈશ્વરનાં નવાં નવાં રૂપો નથી? આ વિચારો મનમાં છુપાઈ રહેલા હતા ત્યાં આજે ટૉમ્સનની નીચેની કડીઓ વાંચી :

> "These as they change, Almighty Father, these
> Are but the varied God. The rolling year
> Is full of Thee. Forth in the pleasing spring
> Thy beauty walks, Thy tenderness and love."

"આ બધાં પરિવર્તનો હે સર્વશક્તિમાન પિતા, ઈશ્વરનાં જ વિવિધ રૂપો છે. પસાર થતું વર્ષ તુંથી ભરેલું છે. આનંદમય વસંતમાં તારું સૌંદર્ય, તારી કોમળતા અને તારો પ્રેમ વિહરી રહ્યો છે."

હેમપ્રભાને લખ્યું : "જો કાર્ય કરનેકા રહતા હૈ ઉસકે લિયે સમય નિશ્ચિત કરનેસે વક્તકા ઔર શક્તિકા સંગ્રહ હોતા હૈ. શાંતિ બઢતી હૈ. . . . તુઝે આશ્વાસનકી આવશ્યકતા હી નહીં; તો ભી પિતા બન કર બૈઠ ગયા હૂં ઇસલિયે જી નહીં રહતા. તુમ્હારા સાથી, મિત્ર, સખા, પિતા સબ કુછ ઈશ્વર હૈ, જિસકો હમ રામનામસે પહચાનતે હૈં. કલ કુછ ઐસા હી હુઆ. નિંદ આનેમેં દેર લગતી થી. રામનામ શુરૂ કર દિયા ઐસે હી નિંદ આ ગઈ."

બાપુને કાલે ઊંઘ કેમ ન આવી એ પ્રશ્ન આ હેમપ્રભાદેવીના પત્રમાંથી ઊઠશે. એટલે ગઈ કાલ રાતનો કિસ્સો અહીં આપી દઉં.

નીલાને આશ્રમમાં મોકલવી એ જોખમકારક છે એ વાત સરદાર એ દિવસથી કહ્યા કરતા હતા — એને તાર કરવામાં આવ્યો ત્યારથી. કાલે એ આવી ત્યારથી એમને એ વાત ખટકવા લાગી, છગનલાલને પણ. આટલું બધું પાપાચરણ કર્યું હોય, વિલાસ ભોગવ્યો હોય એ એકાએક જીવનપલટો શી રીતે કરી શકે? આશ્રમમાં અમુક પ્રકારના સંયમનું વાતાવરણ છે. આ બાઈ જેણે અનેક અનુભવો લીધા છે એ આશ્રમને ભારે પડે. આશ્રમની ઉપર આટલો મોટો ગંદકીનો ભાર કેમ નાખવો? મારો અભિપ્રાય પૂછ્યો. મેં કહ્યું : એણે પોતાના આગલા જીવનમાં જે બેપરવા સાહસ બતાવ્યું છે તે આજે પણ બતાવી રહી છે. એની બધી શક્તિ અસાધારણ છે એટલે એ પલટાઈ ગઈ હોય તો આશ્ચર્ય નથી. પણ એની આંખમાં હું હજી અગાઉનો વિકાર જોઉં છું ખરો.

બાપુ કહે : એ તો એનો સ્વભાવ છે.

મેં કહ્યું : હા, પણ તે ચાલુ છે.

પછી વલ્લભભાઈને કહે : પણ, તમે એને બદલે વિકલ્પ વિચાર્યો છે? મને કહો એને આશ્રમમાં ન મોકલું તો ક્યાં કાઢું? એની પાસે

આ બધું કરાવ્યું પછી એને ન રાખું તો ક્યાં જાઉં? અને આશ્રમમાં કેટલાં ભાંગેલાં માણસો પડ્યાં છે તે તમને ખબર છે? તમને ક્યાં વાત કરવા જાઉં? કેટલાની વાત કરું? એ બાઈ કહે છે કે મેં આમ કર્યું છે, એ મારે માટે બસ છે. પછી એ ન ચાલી શકી, આશ્રમ એને માટે અસહ્ય થયો, તો જશે. એ બાઈ ભૂખે મરે એવી નથી, ગમે ત્યાં જાય ત્યાં રસ્તો કાઢી શકે એવી છે.

વલ્લભભાઈ: મારી પાસે વિકલ્પ નથી એટલે શું કહું?

પછી મેં કહ્યું: આપની પ્રકૃતિ અને પ્રવૃત્તિ અખતરાઓ જ કરવાની રહેલી એટલે બીજો વિકલ્પ હોઈ જ ન શકે. બાકી એનામાં બગડ્યું શું છે? એણે પોતાનો બધો ગંદવાડ જાહેર કર્યો. એણે પાપ જાણ્યા વિના પાપ કર્યું. એટલે એ વસ્તુને પાપ જાણે, અને તેને છોડવા માગે ત્યારે તુરત એ છોડી શકે.

બાપુ: એ પૃથક્કરણ તદ્દન સાચું છે.

મેં કહ્યું: એટલે જ કોઈ કોઈને વિષે શું કહી શકે? જેનામાં જેટલી પહોંચ હોય તેટલું ઊડવાની તે વાત કરે.

આ પ્રસંગે . . .નો છેલ્લો કાગળ યાદ આવે છે. એને 'મો સમ કૌન કુટિલ ખલ કામી'વાળી લીટીમાં દીનતા લાગે છે, જે દીનતા એને પતનકારી લાગે છે. મને લાગે છે કે ભજન ગાઈ શકું તો એટલું એ જ ગાઈ શકું. બીજું ગાવાની શક્તિ નથી, યોગ્યતા નથી. એટલે એ સ્વભાવના ભેદ છે. નિત્શે એમ જ કહેતો હતો ને? એ ગાંડો થઈને મરી ગયો, કેમ કે એના ગર્વની પાછળ કદાચ શુદ્ધિ બિલકુલ ન હોય. . . .ના ગર્વમાં ખરી રીતે ગર્વ જ ન હોય, અને કેવળ શુદ્ધિની મસ્તી હોય તો એનો વાંકો વાળ ન થાય. પણ મારી પાસે તો નિત્શે જેને નિંદતો 'નમ્ર માણસો ધન્ય છે, કારણ તેઓ ઈશ્વરને પામશે,' એ જ આદર્શ છે.

નીલાનો છોકરો કેવો અદ્‌ભુત છે! જાણે આટલો આરોગ્યવાળો છોકરો કદી જોયો જ નથી. બાપુને ભેટી પડ્યો, ગાંધીજી ગાંધીજી કરીને વાત કરવા લાગ્યો. પાંચ વરસના છોકરાની કાલી કાલી ભાષામાં પણ સ્પષ્ટતા, રસિકતા, બુદ્ધિ અને વિનોદ. તમે ગુરુ છો. હું ગુરુ છું. નીલા પણ ગુરુ છે.

બાપુ: પણ એણે વાળ કપાવી નાખ્યા એ તને કેમ ન ગમ્યું?

જવાબ: કારણ સ્ત્રીઓ વાળ કપાવતી નથી.

પછી ધીમે રહીને બાપુને પૂછે : ગાંધીજી, તમે તો સારા માણસ છો. છતાં તમને અહીં પૂરી કેમ રાખ્યા છે? તમે સારા છો, છતાં તમને પૂરે છે.

નીલા કહે: હું એનો જવાબ જ નથી દઈ શકતી. શું કરું? એને કહું સરકારે પૂર્યા છે, તો પછી સરકાર શું? એમ પૂછે છે. એટલામાં તો પેલો જ બોલી ઊઠ્યો: પણ સરકાર કોણ છે?

આ બાળકમાં તરવરી રહેલી શક્તિ જોઈને બાપુ ખુશ ખુશ થઈ ગયા અને એના સવાલોથી જેટલા હસ્યા તેટલા ભાગ્યે જ જેલમાં કદી હસ્યા હશે. બાપુની પાસે એણે ફૂલ માગ્યાં. બાપુએ ફૂલ અપાવ્યાં એટલે માએ તરત જ એનો હાર ગૂંથ્યો અને એને માથે બાંધ્યો.

એ કહે: હવે તો હું બાળકોનો રાજા બન્યો.

સાંજે બાપુ કહે: આવું જીવન ગાળ્યું છતાં એ બાઈ અને છોકરા વચ્ચે અતિશય પ્રેમ છે. અને હવે તો ગ્રીસની વાત ભૂલી ગઈ છે અને કહે છે કે અમારે તો હિંદુસ્તાનમાં જ મરવું છે. જે બાઈ આમ સર્વસ્વનો ત્યાગ કરવા આવી છે, એ હરિજનને માટે પ્રાણાર્પણ કરે તો એ કાંઈ નાનીસૂની વાત છે? આપણે તો એમ પ્રાણાર્પણ કરનાર જ જોઈએ છે. અને મારી ખાતરી છે કે ફાંસીએ ચડવાની તક આવે તો એ ખુશીથી ફાંસીએ ચઢી જાય એવી છે.

આંબેડકર આવ્યા. બાપુએ એમને મદ્રાસનો તાર વાંચી સંભળાવ્યો.

૨૩-૪-'૩૩ આંબેડકર: કરારમાંથી છટકી જવાનો મારો ઇરાદો નથી. પણ કરાર મુજબ ઉમેદવારોને બેવડી ચૂંટણીનું ખરચ વેઠવું પડે છે. પહેલી ચૂંટણી પણ ખર્ચાળ થવાની અને બીજીનું ખરચ પણ તેમને વેઠવું પડવાનું. હું એમ સૂચવવા માગું છું કે પ્રાથમિક ચૂંટણી રદ કરવામાં આવે અને આપણે કહીએ કે પોતાની કોમના અમુક સંખ્યામાં મત ન મળે ત્યાં સુધી કોઈ પણ માણસ ચૂંટાયેલો જાહેર થઈ શકે નહીં. પ્રાથમિક ચૂંટણીથી ઉમેદવારમંડળ ચૂંટવામાં આવે તેની પાછળ આપણો ખ્યાલ એ જ હતો કે અંત્યજ વર્ગોનો વિશ્વાસ ધરાવનારા ઉમેદવારો આવી શકે. સામાન્ય ચૂંટણીમાં અંત્યજ વર્ગના અમુક મત મળવા જ જોઈએ એવું ઠરાવવાથી ઉમેદવારમંડળની પદ્ધતિથી સાધવા ધારેલું પરિણામ આવી શકતું હોય તો એ પદ્ધતિ શા માટે ન સ્વીકારીએ? અનામત પ્રતિનિધિત્વની પ્રથાની આ વસ્તુ વધુ નજીક આવે છે.

બાપુ: મારી આગળ આ વસ્તુ એકાએક આવી છે, અને મેં તેના ઉપર વિચાર કર્યો નથી. તમે બધા પક્ષોના અભિપ્રાય મેળવો અને પછી મને જણાવો. લાગતાવળગતા લોકોના વિચારો જાણ્યા વિના હું કાંઈ અભિપ્રાય બાંધી શકું નહીં. અને આવતી કાલે તો તમે જવાનું કહો છો, એટલે તમે મોડા આવ્યા ગણાઓ.

આંબેડકર: આ વસ્તુ જૉઈન્ટ પાર્લમેન્ટ કમિટીમાં ચર્ચાવી જોઈ શે.

બાપુ: ભલે ચર્ચે, પણ આ વસ્તુ હું સ્વીકારી શકું એમ છું એમ કહી શકું નહીં. મારે એના ઉપર વિચાર કરવો જોઈ શે, મારે એ વસ્તુને બરાબર તપાસવી જોઈ શે.

આંબેડકર: તમારો પોતાનો જવાબ તો તમે મને લંડન મોકલજો. મારી સૂચના એ છે કે પ્રાથમિક ચૂંટણીને સામાન્ય ચૂંટણીમાં સમાવી દેવી.

બાપુ: તમે ટકા નક્કી કર્યા છે?

આંબેડકર: અંત્યજ વર્ગના જે લોકો મત આપવા જાય તેના ૨૫ ટકા તો ઓછામાં ઓછા હોવા જોઈએ.

બાપુ: ધારો કે જે ઉમેદવારને એકંદરે વધારેમાં વધારે મત મળ્યા હોય તેને અંત્યજ વર્ગના ૨૪ ટકા મત મળ્યા હોય અને જેને એકંદરે છેક ઓછા મત મળ્યા હોય તેને અંત્યજ વર્ગના ૨૫ ટકા મત મળ્યા હોય તો પહેલા ઉમેદવારને ઉડાડી દેવામાં આવે ને? મહમદઅલીની સૂચવેલી રીતમાં પણ આવું જ આંખે ચડે એવું બેહૂદાપણું હતું.

આંબેડકર: અનામત બેઠકો રાખવાની બધી જ રીતોમાં આવું બેહૂદાપણું તો હોય છે જ.

બાપુ: મારી વાત તમે સમજ્યા નથી. ધારો કે બેઠક એક હોય અને અંત્યજ ઉમેદવારો આઠ હોય તો સામાન્ય મતદારોના જેને વધારેમાં વધારે મત મળ્યા હોય તે ન ચૂંટાય અને જેને ઓછામાં ઓછા મત મળ્યા હોય તે ચૂંટાઈને આવે, કારણ અંત્યજ વર્ગના મતો નક્કી કરેલા ટકામાં તેને મળ્યા હોય.

આંબેડકર: એમ તો પ્રાથમિક ચૂંટણીથી ઉમેદવારમંડળ ચૂંટવાની પ્રથાને પણ બેહૂદી બનાવી શકાય. એ લોકો ચારને બદલે એક જ માણસને ચૂંટે તો એ એક માણસ સવર્ણ હિંદુઓને બિલકુલ સ્વીકાર્ય ન હોય છતાં એને જ ચૂંટવો પડે.

બાપુ: એ વસ્તુને હું આવકારું.


આંબેડકર: તમે તો આવકારો પણ અલગ મતદારમંડળો રાખવાનું પછી પ્રયોજન શું રહ્યું?

બાપુઃ હું તો જ્યાં હરીફાઈ હોય તેનો વિચાર કરું છું. પણ હરીફાઈ જ ન હોય ત્યાં તો જે ઉમેદવાર આવે તેને અમારે સ્વીકારવો જ પડે. હું તો આ વસ્તુનો મારા મનમાં વિચાર કરું છું. મને લાગે છે કે ઉમેદવારમંડળની પ્રથા ટાળવાનો સહેલામાં સહેલો રસ્તો એ છે કે ચાર ઉમેદવાર ચૂંટવાના હોય ત્યાં ચારથી વધારે ઉમેદવારો ઊભા જ ન કરવા.

આંબેડકર: મહમદઅલીની રીત કરતાં મારી રીત જુદી છે. અમે અંત્યજ મતના અમુક ટકા માગીએ છીએ. મહમદઅલીની રીતમાં તો બન્ને પક્ષના અમુક ટકા સૂચવાયેલા છે. મારા ઉપર ઘણા માણસોના કાગળો આવે છે. પહેલી ચૂંટણી ખર્ચાળ થઈ પડશે એવો ભય મને પોતાને તો નથી પણ લોકો મારા ઉપર દબાણ કરી રહ્યા છે. કરારમાંથી હું છટકી જવા ઇચ્છું છું એવી છાપ કોઈના ઉપર પણ પડે એમ હું ઇચ્છતો નથી. હું એટલું જ કહેવા માગું છું કે આ સૂચવાયેલા ફેરફારથી સિદ્ધાંતને કશો બાધ આવતો નથી.

પછી બાપુએ ગોપાલનને મુલાકાત આપી તેમાં નીચે પ્રમાણે લખાવ્યું:

“ડૉ. આંબેડકરને કેટલાક હરિજન મિત્રો તરફથી કેટલીક ફરિયાદો મળી છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે ઉમેદવારમંડળની પ્રથાને બદલે બીજી કોઈ પદ્ધતિ રાખવામાં આવે તો ઠીક. તે ઉપરથી પોતાની સૂચના વિષે મારા વિચારો જાણવા તેઓ આવ્યા હતા. તેમણે અવેજીમાં એવી સૂચના કરી છે કે એ અંત્યજ ઉમેદવારને ચૂંટાયેલો જાહેર કરવામાં આવે જેને સામાન્ય મતદારમંડળ પૈકીના અંત્યજ મતદારોના ઓછામાં ઓછા અમુક નક્કી કરેલા ટકા મત મળ્યા હોય. આ સૂચનાનો મેં કશો વિચાર કરેલો નહીં હોવાથી હું તેમને ચોક્કસ જવાબ આપી શક્યો નથી. મેં તેમને કહ્યું કે તેમણે જુદાં જુદાં હરિજનમંડળોના તેમ જ આ વસ્તુ સાથે સંબંધ ધરાવતા બીજા પક્ષોના અભિપ્રાય જાણી લેવા જોઈએ. અને એ અભિપ્રાયો મને જણાવે તે પછી હું વિચાર કરું. છતાં તેમણે મને કહ્યું કે તમે સ્વતંત્ર રીતે આ સૂચનાનો વિચાર કરો અને મને લંડનમાં તમારો અભિપ્રાય મોકલી આપો. તેઓ કહે છે કે પોતાને લાગેવળગે છે ત્યાં સુધી તો ઉમેદવારમંડળની પ્રથાથી તેમને સંતોષ છે અને થયેલા કરારમાંથી તેઓ પાછા હઠવા માગતા નથી. પણ જુદી જુદી બાજુએથી તેમના ઉપર દબાણ લાવવામાં આવે છે. મારો અંગત અભિપ્રાય એવો છે કે જ્યાં સુધી હરિજનોને સવર્ણ હિંદુઓનો અવિશ્વાસ છે ત્યાં સુધી ઉમેદવારમંડળની પ્રથા તદ્દન જરૂરી છે. તેમાં કશો ફેરફાર હું સહેલાઈથી સ્વીકારું નહીં. હું તો દરેક સૂચનાને કેવળ હરિજનોના દૃષ્ટિબિંદુથી



તપાસું. હજુ સુધી તો આ પ્રથામાં હરિજનો અને સવર્ણ હિંદુઓનાં હિતો વચ્ચે કશું ઘર્ષણ છે એવું મને જરાયે લાગ્યું નથી. મારો દૃઢ અભિપ્રાય છે કે હરિજનોનું જેમાં સાચું હિત સમાયેલું હોય તે સવર્ણ હિંદુઓના પણ હિતનું જ હોય. હું માનું છું કે આ સવાલોને હરિજનોના દૃષ્ટિબિંદુથી તપાસવાની શક્તિ મારામાં છે. તેથી કદાચ કમનસીબે મને કોઈ પણ ટેકો આપનાર ન મળે અને મારે એકલા પડી જઈને મારી સ્થિતિનો બચાવ કરવાનો આવે તોપણ તેની મને પરવા નથી.''

લખાવેલું બાપુએ તપાસી લીધું અને કહ્યું કે સોમવારના છાપામાં આ આવવું જ જોઈએ.

આંબેડકરની સૂચના વિષે બરોબર સવાલજવાબ સાથે તૈયાર થઈ રહેવાનું બાપુએ વલ્લભભાઈને કહ્યું હતું. સાંજે વલ્લભભાઈની

૨૪–૪–'૩૨ સાથે સવાલજવાબ ચાલ્યા.

બાપુએ પૂછ્યું : બોલો તમે શું ધારો છો ?

વલ્લભભાઈ : આ તો હિંદુઓના મત વિના ચલાવી લેવાની પેરવી છે. ૪૦ ટકા મત ઓછામાં ઓછા ઠરાવવામાં આવે તોપણ એ માણસો બધા જ મત દલિતવર્ગના ખેંચી જવાનો પ્રયત્ન કરે અને બીજાને ભાગે મત રહે જ નહીં.

બાપુ કહે : પણ પેલો ૪૦ ને બદલે ૫૦ મેળવે, ૬૦ મેળવે. બીજાને ૬૦ તો મળી જ રહે ના ?

વલ્લભભાઈ: પણ એ તો એ જ મેળવવાના. આંબેડકરનો એ જ હેતુ છે.

બાપુ : તમે આંબેડકરને દૂર રાખો. તમારી પાસે કોઈ વકીલ તરીકે આવે અને એમ કહે કે હિંદુઓના મત અમારે જોઈતા જ નથી અથવા એના મત લીધા વિના અમારે જવું છે તે માટે તમે કોઈ તરકીબ બતાવો. તો તમે આંબેડકરે કહેલી તરકીબ બતાવો ?

વલ્લભભાઈ : હા.

બાપુ : વારુ, પછી એ પૂછે કે કેટલા ટકા ઓછામાં ઓછા રાખવા ? તો તમે શું કહો ?

વલ્લભભાઈ : એ તો વધારેમાં વધારે માગું.

બાપુ : પણ કેટલા ?

વલ્લભભાઈ : હું તો જેટલું તણાય તેટલું તાણું.

બાપુ : તમારા મત પ્રમાણે દસ ટકા હોય તો ચાલે, પણ ૧૫ ટકા હોય તો ન ચાલે.

વલ્લભભાઈ : એને રાજી કરવા ૧૦ ટકા આપું. એથી આગળ ન જાઉં.

મેં કહ્યું : પણ બાપુ, ચોટડૂક દલીલ તો તમે કાલે આંબેડકર આગળ કરી ચૂક્યા છો કે ૨૪ ટકા અસ્પૃશ્યોના મત મળે અને હિંદુઓના વધારેમાં વધારે મળે તે માણસ ઊડી જાય અને ૨૫ ટકા અસ્પૃશ્યોના મળે પણ હિંદુઓના ઓછામાં ઓછા મળે તોપણ એ માણસ ચૂંટાય. આ દલીલ સંપૂર્ણ છે, એને હું આખા યરવડા પૅક્ટના મૂળને છેદનારી વસ્તુ માનું છું.

બાપુ : હું એટલે બધે દરજ્જે એમાંથી અનુમાન નથી કાઢતો. મને તો માત્ર એ બેહૂદી લાગે છે. પણ હવે હું વિચારી જોઈશ.

૨૫–૪–'૩૩

ગઈ કાલની વાતનો વિચાર કરતા સૂતા. બીજી સવારે એક લાંબો લેખ* યરવડા પૅક્ટ ઉપર લખ્યો હતો તેમાં આગલી રાતની આખી દલીલ ઉમેરી. બાપુ કહે : હા, એ દલીલ બરોબર છે, અને એ અનુમાન પણ. મને એ વાંધો ચોટડૂક લાગે છે. એટલે આખી દલીલ મેં લેખમાં મૂકી દીધી છે.

આજે મિ. બહાદુરજી આવી ગયા. એમણે મંદિરપ્રવેશના બિલ વિષેનો પોતાનો અભિપ્રાય કેવા સંજોગોમાં અપાયો હતો તે વાત કરી અને સુધારેલો અભિપ્રાય બિલ પાછાં ધારાસભામાં આવે ત્યારે આપવાની વાત કરી. ભૂલાભાઈને પણ મળ્યા હતા. તેમણે કહ્યું સોલંકી અસ્પૃશ્ય તરીકે મત આપી શકે કે નહીં એ વિષે હિંદુ કાયદો બરોબર જોઈને તથા ફેંસલાઓનો અભ્યાસ કરીને, એ લખવા તૈયાર છે. પણ બાપુએ એને લખવું જોઈએ. પછી કહે : મને પોતાને તો આ વિષે બહુ ખબર નથી, એટલે જ હું ભૂલાભાઈને મળ્યો હતો.

જતાં જતાં સહેજે બાપુએ માણેકબાઈ બહાદુરજીની તબિયતના ખબર પૂછ્યા એટલે એણે સરળ સ્વાભાવિક રીતે એની માંદગીની જે કથા કહી તે રડાવે એવી, અને એના ચરણમાં માથું નમાવવાનું મન કરાવે એવી હતી.

---

* જુઓ 'હરિજનબંધુ' વર્ષ ૧, અંક ૮, તા. ૩૦–૪–૧૯૩૩.

'૧૬–'૧૭માં એનું મગજ બગડયું. એને માટે એક વરસ દરિયા ઉપર સફર કરી, બોટ ઉપર અનેક વિટંબણાઓ ભોગવી, અનેક કાળજી અને સાવચેતી વચ્ચે એની રક્ષા કરી. કશો ફાયદો ન થયો. એને રૉયની ગોળી જેમતેમ કરીને આજીજીથી આપું એટલે ત્યાં સુધી ફાયદો જણાય, સારી રીતે ખાય, સૂએ, પ્રસન્ન રહે. પછી ખાવાની છોડી દે, અને મહા ખુશામતે પણ ન લે. એને ગોળી ખવરાવવાની ખાતર મેં પણ ખાવાની શરૂ કરી. મને પણ જ્ઞાનતંતુની નબળાઈ તો હતી જ, અને મને સારો ફાયદો જણાયો, પણ શરૂઆત તો એને એ લેવરાવવા માટે જ કરી. વળી છોડી. એક વાર વિલાયતમાં જાઉં તો શાંતિ મળે એમ કહેવા લાગ્યાં. માર્સેલ્સ સુધી ઠીક રહ્યાં. બાર શીશીઓ એ ગોળીની આપેલી પણ એ ન વાપરી. માર્સેલ્સમાં ખસી ગયું. બોટ ચૂકયાં, ગાડી ચૂકયાં. મારાં ભાઈભાભીએ મને તાર કર્યો કે એનો પત્તો નથી. હું દોડી ગયો, એને વિલાયત લઈ ગયો, અને ત્યાંના દાક્તરોની સલાહ કોઈ ગ્રામપ્રદેશમાં ખાનગી ઘરમાં અથવા નર્સિંગ હોમમાં રાખીને સારવારની થઈ, તેમાં ન પડતાં પાછો ઘેર લાવ્યો. ચાલે છે— એમ એમ કરતાં સોળ વરસ થઈ ગયાં અને મને ૬૬ થયાં. છોકરાં મરી ગયાં એથી ગાંડપણ આવ્યું એમ હવે ન કહી શકાય. એના કુટુંબમાં એ વસ્તુ છે એમ મને પાછળથી ખબર પડી.

મેં સહેજ પૂછ્યું કે અમારા ઉપર કોર્ટનું અપમાન કર્યાનો કેસ ચાલ્યો હતો તે વેળા તમે એડવોકેટ જનરલ હતા ના?

એ બિચારા ભલમનસાઈથી કહે: હા, હું જ હતો. પણ મેં કહેલું કે આ કેસ હું ચલાવી નહીં શકું, કારણ સરકારનો જે અભિપ્રાય છે તેથી મારો જુદો છે. દલીલ કરવાની ખાતર દલીલ કરીશ પણ એમાં હું રસ નહીં લઈ શકું, એમાં મારું દિલ નહીં હોય.

એ ગયા એટલે બાપુ કહે: આ માણસની પવિત્રતા ભલભલાનો ગર્વ ઉતારી દે એવી છે.

મેં કહ્યું: એ તો સ્થિતપ્રજ્ઞ લાગે છે. એને ચરણે માથું નમે છે.

શાસ્ત્રીની સાથે કાલે વાત કરી હશે કે તું નવો બદલીદાર લઈ આવ તો તું પાછો આવે ત્યાં સુધી એને રાખું અને પછી તને પાછો લેવામાં વાંધો ન આવે. બીજે દિવસે અમે આ વ્યવસ્થાનો બહુ વિરોધ કર્યો.

મેં કહ્યું: આ કંઈ દહાડિયાની વાત થોડી છે કે એક માણસ પોતાનો બદલીદાર મૂકી જાય?

બાપુ : એના ભાઈને મૂકી જાય અને કહે પગાર મને આપજો, પણ મારો ભાઈ કામ કરશે તો? તું ગયો ત્યારે કૃષ્ણદાસથી ચલાવ્યું હતું ના?

આ સરખામણી અસ્થાને હતી. હું કોઈ બદલીદાર મૂકી ગયો નહોતો. મને મોકલવામાં આવ્યો હતો.

વલ્લભભાઈ: તમે આ માણસને ચાર છ મહિનાની નોકરીને અંતે ૪૦ રૂ. નું પેન્શન બંધાવો એ તો જુલમ કહેવાય. એ તો લોકોના પૈસાનો દુરુપયોગ કહેવાય. એ તમારું જ લોકો સહન કરે, બીજો કોઈ કરે તો સહન ન કરે.

પણ બાપુ એકના બે ન થયા.

બાપુ : એ બિચારો દુર્દશામાં આવ્યો છે, એટલે એને સ્વાર્થી ગણુવો? હિંદુ સંસારની વિટંબણાનો અનુભવ તમને શો છે? મને છે. એ માણસને કેટલાંનું ભરણપોષણ કરવું પડે છે? એ માટે એને સો રૂપિયાથી નથી ચાલતું, એ તમે કેમ ન સમજો? એની સાથે ન્યાયની શી વાત કરવી? એ માણસે સંપૂર્ણ સંતોષ આપ્યો છે પછી એને આપણે કંઈક મદદ કરી શકીએ તો શું ખોટું?

મેં કહ્યું: પણ એને આવવું જ હોય તો જુદી વાત છે. એ તો કહે છે, સારી નોકરી મળે તો ચાલ્યો જઈશ. પછી? એટલે આપણી પાસે પગાર લે છે અને પાછો ચઢિયાતી નોકરીની શોધમાં રહે છે.

બાપુ : કેમ ન રહે? એની સ્થિતિ એવી છે. એ તો સાફ સાફ વાત કરી દે છે.

પણ અમારી દલીલની કંઈ જરૂર જ ન રહી. એનો બદલીદાર સારો માણસ હતો છતાં અનુભવ વિનાનો માલૂમ પડચો. અનેક કાગળો, નાનાં નાનાં પત્તાં પણ, એણે છેક ખોટાં ટાઈપ કર્યાં. એની અંગ્રેજીની આવડતની ભારે ખામી દેખાઈ આવી એટલે એને સાંજે જ બાપુએ કહી દીધું: ભાઈ, તું જા. તું મને ખબર લખતો રહેજે કે તને ક્યાં નોકરી મળી છે? તું શું કરે છે? વગેરે. તને રાખી શકત તો રાખત, પણ મારું કામ અટકી પડે એમ છે એટલે શું થાય?

રાત્રે યાર્ડમાં આવીને કહે: શાસ્ત્રીના બદલીદારને કાઢતાં આજે કાળજું કપાયું. પણ શું થાય?

બાપુની દયાની અતિશયતાનું આજે આ નવું પાસું જોયું.

નીલા આવે છે એનું દીકરી તરીકે વર્ણન કરે છે, એના દીકરાને ખેલાવે છે, રમાડે છે. આજે મને કહે: મહાદેવ,

૨૬–૪–'૩૨ આ છોકરાને માટે રમતનું સાધન પેદા કરવું જોઈએ. કંઈ દડો બનાવો. કદાચ જેલના દરવાજે સૂતરના દડા મળતા હોય તો તે મંગાવો. એ આખો દિવસ એક ક્ષણ પણ શાંત બેસી શકતો નથી, તો એને રમતગમતનું સાધન કંઈક કરી આપવું જોઈએ.

બાપુ એના ખાવાની કાળજી રાખે. એનાં ને એની માતાનાં કપડાંની કાળજી રાખે. એને માટે ધોતી પોતે પોતાની ધોતીમાંથી કાપી આપી, અને જોડા સંધાવવાના તે પણ જેલરની રજા લઈને જેલના મોચી ખાતામાંથી સંધાવવાને માટે રાખી લીધા!

વલ્લભભાઈ સાંજે કહે: ભાઈ, બધું કરશે, ઘરડે ઘડપણ દીકરો આવ્યો છે એટલે ગમે તેટલાં લાડ લડાવે, આપણાથી ન બોલાય!

આજે એક વાતમાં બાપુ કહે: જ્યાં સુધી આપણી પાસે કોઈ વસ્તુ વિષે પૂરેપૂરાં પ્રમાણ ન હોય અને જગતની આગળ એને સાબિત કરી શકીએ એમ ન હોય ત્યાં સુધી એ ઉચ્ચારવી જ નહીં. એ વસ્તુ હું ગોખલે પાસે શીખ્યો. ગોખલેએ રૅન્ડના ખૂન વિષે વિલાયતમાં સખત ટીકા કરી. સોલ્જરોએ સ્ત્રીઓની લાજ લીધા વિષેના કાગળો એને રાનડે, વાચ્છા, વગેરે પાસેથી મળેલા. તે ઉપરથી એમણે એટલી સખત ટીકા કરી હતી. પણ એ પાછા બોટમાંથી ઊતરે તે પહેલાં તો વાચ્છા એને બોટ ઉપર મળ્યા અને કહ્યું: અમે લખેલા કાગળોનો ઉપયોગ ન થઈ શકે, કારણ કે કોઈ જાહેરમાં પુરાવો આપનાર નથી, અને એ કાગળો ફાડી નાખવા જોઈએ. ગોખલેએ એ બધા કાગળો દરિયામાં પધરાવ્યા, અને એકેએક આક્ષેપ ખેંચી લઈને પૂરેપૂરી માફી માગી. એમાં લોકોને બાયલાપણું લાગ્યું, ખૂબ ટીકા થઈ. પણ એમને એ પોતાનો શુદ્ધ ધર્મ લાગ્યો. કલકત્તામાં એમની સાથે હતો ત્યારે આખો કિસ્સો એમણે કહી સંભળાવ્યો હતો.

માર્ગરેટ આવી. મૂર્ખ જણાઈ. મેં બાપુને કહ્યું: એને શી રીતે આવવા દઈ શકાય? એ શા કારણે આવી તે આપણે

૨૭–૪–'૩૨ જાણતા નથી. એ નોકરીની શોધમાં આવી છે કે કેમ આવી છે, એ પણ નથી જાણતા. એ તો એક નિર્વાસિત તરીકે ચઢી આવી છે.

બાપુ કહે: જરૂર એને બોલાવાય. એની પાસે હરિજનનું કામ લેવું છે. એ એ જ કામને માટે આવી છે કે નહીં? એ એને માટે લાયક છે કે નહીં? એ પણ જોવાનું છે, એને મળ્યા વિના શી રીતે નક્કી કરી શકાય?

એ આવી. બાપુને પગે પડી કહેવા લાગી: હું જૂઠું બોલીને આવી છું. મેં અહીં આવવાનું ખોટું કારણ આપ્યું છે, અહીં રહેવાની મુદત ખોટી આપી છે, મારા પાસપોર્ટની મુદત પણ ૮મી જુલાઈએ ખલાસ થાય છે. હેં બાપુ, હું વ્રતો લઉં? મને આશ્રમમાં મોકલશો? મારે તો તમે પરમેશ્વર છો. મને હિંદી બનાવો. કોઈની પાસે દત્તક લેવરાવો. નહીં તો મને કોઈ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાવાળાની સાથે પરણાવો.

બાપુ ખડખડાટ હસ્યા.

એણે બપોરે પોતાનાં જૂઠાણાંની વાત નીલાને કહી. ત્યારે નીલા કહે: અરે એમાં શું છે? મેં તો ઢગલેઢગલા જૂઠાણાં કર્યાં અને દોઢ માસ થયાં એને ધોઈ રહી છું.

શાસ્ત્રી કહે: આ કર્મની કેવી ન્યારી ગતિ બતાવે છે! જૂઠાણાંની મૂર્તિ આગળ ભગવાન આની પાસે જૂઠાણાં કબૂલ કરાવે છે!

નીલાનાં કપડાં, પહેરવેશ, આ બાઈને કૃત્રિમ લાગ્યાં. એણે કહ્યું: આ તો બેહૂદાં છે. સ્ત્રી હોવાની શા માટે શરમ લાગવી જોઈએ?

સાંજે આવીને કહે: આ બાઈનું કામ કઠણ લાગે છે. પણ એને કાઢીને ક્યાં જઈશું? એટલે એને લેવાને માટે નારણદાસને તાર કર્યો છે.

નારણદાસને કાલે લખેલો કાગળ અદ્ભુત હતો, એમાં બાપુની ચરિત્ર-ચિત્રણશક્તિ લીટીએ લીટીએ દેખાતી હતી. એમાં નારણદાસને ઉદારતા કેળવવાને માટે જે અપીલ કરી છે તે કોતરી રાખવા જેવી છે. યુધિષ્ઠિરનો દાખલો આપીને લખ્યું છે કે પ્રાચીન પુરુષોના જે ગુણો આપણે ધર્મ-ગ્રંથોમાં આલેખેલા જોઈએ છીએ તેનું આપણે વ્યવહારમાં પાલન કરતાં શીખવું જોઈએ.

કંઈક કારણસર શૌકતઅલીની અને એની પત્નીની વાત નીકળી.

બાપુ કહે: એના લગ્નનો તો હું બચાવ કરનાર જ છું. એની સ્ત્રીનું એક વાક્ય વાંચેલું કે કોઈ પણ પુરુષ સાથે હું ચોવીસ કલાક પ્રસન્ન રીતે ગાળી શકું તો તે આ પુરુષ છે તે વાક્ય હું ભૂલ્યો નથી. ત્યારે જ મને થયેલું કે આ બાઈને એને વિષે ભારે અનુરાગ હશે, અને એને પરણવાનો શૌકતઅલીએ હક મેળવ્યો છે. શૌકતઅલીની સાથેની મુસાફરીનાં ઘણાં ઉમદા સ્મરણો તો મારી પાસે પડેલાં જ છે.

રૉઇટરનો ડિરેક્ટર મિ. બાર્ન્સ આવી ચડયો. સર એડવર્ડ બકની જગ્યાએ આવ્યો છે. સર જ્યૉર્જ બાર્ન્સનો ભત્રીજો
૨૮–૪–'૩૩ છે, અને સર જ્યૉર્જ ખૂબ યાદ કરે છે એમ કહેતો હતો. શૌકતઅલીની સાથે એના કાકા અમેરિકા જનારી બોટ ઉપર હતા, અને અમેરિકાથી આવતાં શૌકતઅલી સાથે પોતે હતો. શૌકતઅલીની સલામ પણ એણે આપી. બાપુએ પ્રેમથી પૂછ્યું : શૌકત-અલીની તબિયત કેવી છે? જાડા દેખાય છે ખરા ?

પેલો કહે : કદાચ વધારે જાડા.

બાપુ : બસ ત્યારે. મારું વજન એમને ભારે નહીં લાગે.

આ માણસને કંઈ ખાસ વાત નહોતી કરવી. ઓળખાણ કરવી હતી. બાપુએ રૉઇટરના પુરાણા ડિરેક્ટર સર રૉડરિક જોન્સની યાદ કરી અને કહ્યું : હું આશા રાખું છું તમે પણ એના જેવા જ સારા થશો.

અસ્પૃશ્યતાના કામને વિષે તમને સંતોષ છે? એમ પૂછવામાં આવતાં બાપુએ કહ્યું : પૂરો સંતોષ છે એમ તો ન કહી શકું. હું ઇચ્છું છું કે કામ વધુ વેગથી ચાલે. જોકે ઠીક સ્થિર ગતિએ ચાલે છે.

આમ કહીને રામચંદ્રનો મદુરાની પાસે બે ગણપતિ મંદિરો ખૂલ્યાં એનો કાગળ બતાવ્યો, અને કહ્યું : આમ તામિલ પ્રાંતમાં જ્યાં રૂઢિચુસ્તપણું બહુ ભારે છે ત્યાં કામ ચાલી રહ્યું છે.

એટલે પેલાએ પૂછ્યું : મદુરાનું મીનાક્ષી મંદિર ખૂલ્યું ?

બાપુએ આ પ્રશ્નને લઈને કાયદાની આખી મુશ્કેલી સમજાવી. એ બિચારો સમજ્યો અને તુરત કહે : એ તો બરાબર અમલદારી અકડાઈ થઈ.

બાપુ : હા, એ લોકો સનાતનીઓને વિરુદ્ધ થઈ જવા દેવા માગતા નથી. એને માટે તો બેન્ટિંકનું સાહસ જોઈએ. રાજા રામમોહન રાયે પણ જ્યારે જોયું કે વિરોધ બહુ ઉગ્ર થઈ ગયો છે ત્યારે તેઓ પણ નરમ પડચા. પણ બેન્ટિંકે એ કાંઈ ગણકાર્યું નહીં કારણ તેને લાગ્યું હતું કે સતી થવાની પ્રથા અમાનુષી છે. અસ્પૃશ્યતા બાબત સરકારને આજે એટલું જ લાગવું જોઈએ. લોકોને સમજવા માટે માણસનામાં ખરું ધાર્મિક દૃષ્ટિબિંદુ હોવું જોઈએ.

લોકોની વાત ચાલી. લોકમત કોને કહેવાય? બાપુએ Vox Dei vox populi પંચ બોલે તે પરમેશ્વર એ સૂત્ર યાદ કર્યું, અને કહ્યું : લોકો ઉપર આધાર રાખવાનું જોખમ ખેડતાં શીખવું જોઈએ.

પેલાએ પૂછ્યું : તમે એમ માનો છો ખરા કે સમાજસુધારાનું કામ પહેલું કરવું જોઈએ?

બાપુ: સમાજસુધારાના કામની જરૂર હંમેશાં હોય છે. પણ મેં મૉન્ટેગ્યુને જે જવાબ આપ્યો હતો તે તમને આપીશ. તેણે મને પૂછયું, તમને હું રાજદ્વારી બાબતમાં પડેલા કેમ જોઉં છું? મેં કહ્યું, એ મારી કમનસીબી છે. કારણ રાજદ્વારી બાબત પોતાની નાગચૂડ આર્થિક, સામાજિક, ધાર્મિક બધી બાબતોને ભેરવી રહી છે.

પછી ખાદીમાં ઉત્પાદનની સાથે જ વહેંચણી આપોઆપ કેવી રીતે થાય છે એ સમજાવ્યું અને અમેરિકામાં ખાદ્ય પદાર્થ બાળી નાખવાની દેવાનિયત છે એ અતિશય યંત્રાધીનતાનું પરિણામ છે એમ જણાવ્યું. બાપુએ સિદ્ધાંત મૂકચો: જીવનની પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓને કદી યંત્રાધીન ન કરવી. તમને ગમે તો મોજશોખની અને એવી બીજી વસ્તુઓ ભલે યંત્રાધીન કરો. પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ એવી છે કે તેની જરૂર જેટલી સુધરેલા માણસને પડે તેટલી જ વનવાસીને પડે. યંત્રીકરણ કરો એટલે અંતે જીવલેણ હરીફાઈ અને સટ્ટો આવવાનાં જ.

પેલો: મારી ખાતરી છે કે હિંદુસ્તાન રસ્તો બતાવશે.

બાપુ: એ સ્વપ્નું હું સેવી રહ્યો છું.

બાર્ન્સે એક સિદ્ધાંત કહ્યો: એક ચોપડીમાં એક દિવસ મેં વાંચેલું કે 'કંઈ કામ કરવાની મને ફરજ પડે તેથી એ કામ હું કરું અને બીજા આનંદને માટે ઝંખ્યાં કરતો રહું એ ગુલામીની દશા છે. સ્વતંત્ર દશા એ, જ્યારે હું આનંદ મેળવવાની ઇચ્છા કરું અને તે મને મારા કામમાં મળી રહે.'

પછી અંગ્રેજી ભાષા, મૅકોલે વિષે થોડાં વાતોડિયાં ચાલ્યાં.

મિસિસ બાર્ન્સને કર્નલે ન આવવા દીધી. એટલે બાપુ કહે: એક રસ્તો છે. મિસિસ બાર્ન્સ જો સો રૂપિયાનું દાન હરિજનોને દે તો એ દેવા આવી શકે ખરી.

પેલો કહે: સો રૂપિયા તો છે નહીં, પણ ૨૫ રૂપિયા છે.

બાપુ કહે: હું તો ગમ્મત કરતો હતો. ભલે બીજી કોઈ વાર આવે, આજે તો નહીં. કારણ કર્નલ માર્ટિને ના પાડી એટલે બોલાવું તો બહુ ખરાબ કહેવાય.

હરવિલાસ સારડા આવી ગયા. બહુ ભલા માણસ લાગ્યા. ખુરશી ઉપર ન જ બેઠા. ઍસેમ્બ્લીમાં કેમ હારો મળી, વાતા-

૨૯–૪–'૩૩ વરણ કેવું દૂષિત છે એની વાતો કરી. હવે તો બિલ જાહેરમાં ફેરવવાની દરખાસ્ત હજી આવવાની છે.

બાપુ : પણ આપણે એનો વિચાર કરવાની દરખાસ્ત ન લાવી શકીએ ?

એ કહે: લવાય. અમારો પણ એવો વિચાર હતો. વાઇસરૉયને મેં કહ્યું કે આટલી હિલચાલ ચાલી રહી છે, હવે જુદા જુદા અભિપ્રાયો મેળવવાની શી જરૂર છે ? છતાં અભિપ્રાયો માટે ફેરવવું હોય તો કારોબારીના હુકમથી બિલને જાહેરમાં ફેરવો. પણ એણે માન્યું નહીં. હવે તો રંગાએ અભિપ્રાય માટે ફેરવવાની પોતાની દરખાસ્ત ખેંચી લઈને વિચારણા માટેની દરખાસ્ત મૂકવી રહી. એ ન કરે તો બીજા તો કરી જ ન શકે. કારણ પણમુખમ્ ચેટ્ટીએ તો નિર્ણય આપ્યો છે કે એક જણે બિલ લીધું એટલે પછી બીજાના નામ પરથી એ રદ થાય છે. વળી એવો પણ ભય છે કે એ ખેંચી લેવાની દરખાસ્ત લાવીએ તો સરકાર એનો વિરોધ કરે અને હરાવે.

બાપુ : ખેંચી લેવાની દરખાસ્તને કે વિચારણાની દરખાસ્તને, બંનેને હરાવે તો ભલે. આપણે તો એ જ પરિણામ લાવવું છે અને એ છાનીછૂપી રીતે નહીં. પણ અત્યારથી જાહેર કરવું અને લોકોને તાલીમ આપવા માંડવી. બુઢ્ઢાને આ વાત બહુ ગમી.

બુઢ્ઢાએ પોતાના દુઃખની વાતો કહી : બી. એલ. મિત્ર જેવો ધારામંત્રી (લૉ મેમ્બર) હોય ત્યાં શું થાય ? એ તો ટ્રસ્ટના કાયદાની વાતો કરે. એને ગમે તેટલું સમજાવ્યે સમજે નહીં અને કહે : ગાંધીની આ ‘ રાજદ્વારી બાજી ’ છે.

બાપુ : હિંદુ કમિટી પણ એ જ કહે છે ને ? અત્યાર સુધી સરકાર કહેતી હતી. હવે આપણા જ લોકો કહેવા લાગ્યા.

સારડા : આપણા લોકો સમજતા નથી, પણ કોક દહાડે જોશે કે હિંદુ ધર્મનો નાશ થવાનો છે. હિંદુ ધર્મની રક્ષા આપણે ઊંચ વર્ણના લોકો નથી કરતા, પણ આ દલિત લોકો જ કરે છે. અજમેરમાં એક હુલ્લડમાં આ દલિતો જ આગળ રહ્યા હતા અને માર ખાધો હતો.

બાપુ સમસમી રહ્યા. આ ઝેરભરેલી ચાલબાજી છે. ‘ રાજદ્વારી બાજી ’ એ શબ્દ જાણે બાપુને ખૂંચી રહ્યા.

આકુળવ્યાકુળ હૃદય હોય છતાં બાપુ કેવો મીઠો વિનોદ કરીને રીઝવે છે. ખંભાતાના રૂ. ૫૦૦નું દાન નનામું રહ્યું, પણ એક રૂપિયો પ્રસિદ્ધ થયો તેથી તેને સારું ન લાગ્યું. બાપુએ એને પત્તું લખ્યું : “ એક રૂપિયો જોઈને કોઈ કહે ખંભાતા કંજૂસ થયા કે ભિખારી થયા, તો કંઈ હરકત નથી. એ સારું ના ? ”

માર્ગરેટની જડતા જેવી આજે જોઈ તેવી કોઈ દિવસ જોઈ નથી. બાપુને ઈશ્વર માનતી એ કારણસર બંધ થઈ છે કે બાપુ મશ્કરી કરે છે. બાપુએ પુરુષના જેવા પોશાકની સલાહ આપી એને એ અસભ્ય માને છે! નીલાનો બાળક મારી ખાંધ ઉપર ચઢ્યો અને રમતો હતો. તે જોઈને માર્ગરેટને ચીઢ ચડી. ઊઠીને પેલાનાં બાવડાં પકડી ઊંચકી એને જમીન પર પછાડ્યો.

બાપુ : તને શરમ નથી. આમ છોકરાને પછાડાતું હશે? તે છોકરું છે કે પથરો છે?

પેલી નિર્લજ્જ કહે : મારા કૂતરાને પણ હું એમ કરતી હતી અને એને કશું થતું નહોતું.

બાપુ કહે : એટલે છોકરાં અને કૂતરાંમાં ફરક નહીં ના?

પેલી કહે : મારા કૂતરાને હું છોકરો જ માનતી હતી.

બાપુ : મને લાગે છે કે તારે પરણવાની બહુ જરૂર છે. અને તેયે ઠીક ઠીક રીતે પરણવાની, બ્રહ્મચારીને નહીં પણ બાળકો ઉત્પન્ન કરનારને. તો જ તને ખબર પડે કે છોકરાં એ શી ચીજ છે!

આ બેવકૂફ આ પણ સહન ન કરી શકી. આવી નિષ્ઠુર વૃત્તિવાળી કોઈ સ્ત્રી જોઈ નથી. છતાં, અનેક બાબતોમાં એનામાં કોમળ ભાવો પણ છે. એ શું હશે?

સાંજે એણે છોકરાને એક વાર પાછો અફાળ્યો!

નીલાની એક નવી લીલા જણાઈ. એણે રામસ્વામીને એક કાગળ લખેલો બાપુને બતાવ્યો તેમાં રુદ્રમુનિની દુષ્ટતા વર્ણવી હતી.

બાપુ : આ દુષ્ટતાની તેં મને તો કદી વાત નહીં કરેલી.

પેલી : હું લખી ચૂકી છું, પણ તમારું ધ્યાન ન ખેંચાયું એ મારું દુર્ભાગ્ય. હું એ ન સમજાવી શકી અથવા તો મારામાં એટલે અંશે સત્ય ન આવી શક્યું કે હું કહેવા માગું છતાં તમે ન જાણી શક્યા!

એમ કહીને ડ્રુસકે ડ્રુસકે રોવા લાગી. બધાં ખસિયાણાં પડ્યાં. પેલી ગાંડીએ પણ એને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ એ અશાંત હતી. બાપુને ફરી પાછા છેતર્યા એ ભાન એને ડંખતું હતું. કહે છે કે કોઈ દહાડો હું રડતી નથી, પણ આજે રડ્યા વિના ન રહેવાયું. સાંજે આવીને એના કાગળ જોયા, એમાં પેલી વાતની સૂચના સરખી નહોતી.

આશ્રમ વિષે વાત કરતાં વલ્લભભાઈ કહે : આશ્રમ બહુ મોટું થઈ ગયું છે. એમાં નાહકના આવી પડેલા છે એવાને કાઢી નાખો.

ચાળણીમાં ચળામણ ફરી ફરી નંખાયાં કીધું છે, એટલે એક વાર સારી રીતે ચાળી કાઢો.

બાપુ : વલ્લભભાઈ, તમે કહો છો એ વાત સાચી છે, તમે વિચારી કાઢો. આ બે જણા જોડે વાતો કરો. કોઈ માર્ગ સૂચવો. તાત્કાળિક શું પગલું ભરવું એ સૂચવો.

આ શબ્દોમાં ઉકળાટ હતો. પણ કોને ખબર કે એ ઉકળાટ એની પાછળ રહેલી અશાંતિના ભણકારા સૂચવતો હતો?

૨૦–૪–'૩૨

રાત્રે સૂતા પણ ઊંઘ ન આવે. અગિયાર વાગ્યાની થોડી મિનિટ પહેલાં ઊઠ્યા. હું વાંચતો હતો. ઊઠીને પેશાબ કરી આવ્યા. પાછાં તરફડિયાં માર્યાં કીધાં. પછી સવારે છગનલાલને પોતે કરેલા નિશ્ચયની વાત કરતાં બોલ્યા : અગિયાર વાગ્યાની આંખ તો ઊઘડી જ ગઈ હતી. ૧૨, ૧૨ાા, ૧ બધા ટકોરા સાંભળ્યા. ભારે યુદ્ધ ચાલી રહ્યું હતું. નીલાના વિચારો આવે, પેલી જર્મન છોકરીના વિચારો આવે. આ બંનેને આશ્રમમાં મોકલું કે ન મોકલું? માર્ગરેટ સરખી ન ચાલે તો એને જર્મની મોકલાય, નીલાને પણ રજા આપી શકાય. પણ આ તો ઉપરનો ઝઘડો હતો. અંદરથી અવાજ આવ્યા કરતો હતો કે ઉપવાસ કર, ઉપવાસ કર. આવું તો ત્રણેક દહાડા થયાં ચાલતું હતું. ચાળીસ ઉપવાસ કરું કે એકવીસ? હિંદુમુસ્લિમ ઐક્ય માટે એકવીસ કર્યા હતા, આને માટે ચાળીસ કરવા જોઈએ. પણ ના, એકવીસ જ કરું એમ જવાબ આવ્યો. બસ નિશ્ચય થયો. ત્યારે ૧૨ાા વાગ્યા હશે. ગર્ભિણીના પેટમાં બાળકના હરવાફરવાથી જે વ્યાકુળતા થાય તેવી વ્યાકુળતા ચાલી રહી હતી અને મને થતું હતું કે હું ગાંડો થઈ જઈશ કે કેમ?

છેલ્લું નિમિત્ત નીલા કહેવાય ખરી. મનમાં થઈ ગયું કરોડ રૂપિયા ભેગા કરવાથી આ કામ ન થઈ શકે. મારી વ્યવસ્થા કરવાની શક્તિ શા કામની? આશ્રમ દ્વારા કામ લેવાની આશા રાખું છું, પણ ત્યાં તો રાતદિવસ ખટપટ ચાલે છે, મેલ ભરેલો છે, તો કયા માણસો પાસે તું કામ લેવાનો છે? એનો નિર્ણય જ નહોતો થતો. છેવટે ઉપવાસ કર એમ અંતર્નાદ મળ્યો.

હું રાત્રે ૧૧ાા–૧૨ વાગ્યે સૂતો હતો એટલે પ્રાર્થના પછી મને સૂવા માટે હાંકી કાઢ્યો. ત્યારે મને ખબર નહીં કે આ વાવાઝોડું આવી રહ્યું છે. હું તો ૫ાા વાગે ઊઠ્યો ત્યારે પોતે થોડી થોડી વાતો કરતા

જતા હતા, વલ્લભભાઈ મૌન ધરીને ચાલતા હતા. છ સુધી ચાલ્યા પણ વલ્લભભાઈએ કે મેં એકે શબ્દ ન ઉચ્ચાર્યો. એકે શબ્દ ઉચ્ચારવા જેવું લાગ્યું જ નહીં. નાસ્તો કરવા બેઠા ત્યાં પણ ઓરડો શૂનકારથી — અંદર ઘૂંધવાતા વિચારોને લીધે લાગે છે એવા શૂનકારથી — ભરેલો હતો. મેં તો અચાનક જ આજે "ઊઠ જાગ મુસાફિર" ગાયું હતું, ત્યાં તો "ઊઠ જાગ"નો જ અવસર જોયો. માર્ટિનને લખેલો કાગળ અને ગૃહમંત્રીનો તાર બંનેની નકલ કરી, પછી દેવદાસને ટેલિફોન કરવાની ચિઠ્ઠી લખીને નિવેદનની નકલ કરવા બેઠો. કટેલી બિચારા લાગણીથી ભરેલા આવ્યા અને કહેવા લાગ્યા: આ તો બિનશરતી ઉપવાસ અને એકવીસ દિવસ?

બાપુ કહે: શું કરું? તરફડિયાં મારતાં મારતાં ચોખ્ખો અવાજ મળ્યો, ઉપવાસ કર.

કટેલી પૂછે: એમ જોરથી અવાજ સંભળાયો?

બાપુ: હા, એવું જ સમજોની.

દેવદાસ આવ્યો એટલે અમે આંબાવાડિયામાં ગયા. દેવદાસ દરવાજેથી જ સાથે થયો. એને બિચારાને લાગ્યું હતું કે બાપુ કાંઈ અચાનક માંદા થઈ ગયા હશે. ત્યાં તો બાપુએ કહ્યું: જો, વલ્લભભાઈ, મહાદેવે જરાય ચર્ચા કરી નથી તેમ તું પણ શાંતિથી વાંચી જા અને ચર્ચા કરવાનું રહ્યું નથી એમ સમજ.

દેવદાસ એક વાર વાંચી ગયો, બીજી વાર વાંચી ગયો. સ્તબ્ધ થયો, પણ ઘડીક વાર પછી વાગ્ધારા ચાલી. બહાદુર બાપનો બહાદુર દીકરો બાપને અમિત શબ્દોમાં ઉપાલંભ દેવા લાગ્યો. રોતો જાય અને બોલતો જાય. બોલવામાં આવેશ, ક્રોધ, દુઃખ, તીવ્ર વેદના હતાં. રોવાનું થંભે એટલે બોલે, અને બોલતાં અટકે એટલે રુએ.

બાપુ કહે: ભાઈ, એકવીસ અને ચાળીસ દિવસનું દ્વંદ્વ તો એક મહિનો થયાં ચાલ્યા કરે છે. બધા જ વિચારો માણસ બીજાને જણાવતો હશે શું? ત્રણ દિવસ થયાં ઊંઘ ગઈ. મને ઊંઘ ન આવે એવું બને? પણ આ ત્રણ દિવસ થયાં કલાકના કલાક ઊંઘ નહીં, સવારે લખાવતાં પણ એકે ઝોલું નહીં, આળસ નહીં. જાણે માણસની ત્રણ દિવસ થયાં મરવાની જ તૈયારી ચાલી રહી હોયની.

કેટલેય વખત થયાં ધાલાવેલી તો ચાલ્યાં જ કરતી હતી. વિચાર આવે અને મનમાંથી એને ઠેલ્યાં જ કરતો હતો. ઊકળી રહ્યો હતો પણ ખબર નહોતી કે શું થશે. અગિયાર વાગ્યે ઊઠ્યો, ઊંઘ આવે જ નહીં.

લડાઈ ચાલ્યાં જ કરતી હતી. સાડાબાર વાગ્યે દ્વંદ્વ યુદ્ધ શાંત થયું. એકવીસ કરવા છે, ક્યારથી કરવા છે, મારો કેદી તરીકે ધર્મ શો છે એ બધું સ્પષ્ટ રીતે સમજાયું. એ વિના આ કામ જ ચાલી ન શકે, એટલું ન કરું તો આ હિલચાલમાં સડો ગરી જશે. નિશ્ચય કર્યો, ઊઠ્યો અને લખવા બેઠો. તે વેળા પણ શરીરને શાંતિ નહોતી, માથું ફરતું હતું, પડી જઈશ અને બેભાન થઈશ તો મારા મનના મનોરથ ક્યાંય રહી જશે એમ લાગ્યું, પાણીની શીશી લીધી, પાણી પીતો ગયો અને શાંત થતો ગયો.

દેવદાસ : એટલે આશ્રમ અને નીલા એ છેલ્લાં નિમિત્ત થઈ પડ્યાં ના ?

બાપુ : હા, એમ કહેવાય, પણ એ જુદી જ રીતે. નીલાનો ઉપયોગ હરિજનસેવા માટે કરવો છે. એને માટે કેટલી પવિત્રતા જોઈએ ? આશ્રમનો ઉપયોગ આવા કામને માટે જ છે. પણ એ આશ્રમમાં તો ઠેકઠેકાણે તડો પડેલી જોઉં, તો એની દ્વારા શી રીતે કામ લઈ શકાય ? આશ્રમને માટે ઉપવાસ કરવાનું હતું જ નહીં. એક વાર વિચાર થયેલો અને તે સ્પષ્ટ રીતે માંડી વાળેલો. આ વખતે આ ઉપવાસ પણ ન કરવાનાં તરફડિયાં માર્યાં, પણ ન કરવાનો નિશ્ચય કરતો જાઉં અને પ્રસંગો આવતા જાય. અલ્લાહાબાદનો રિપોર્ટ આવ્યો અને ઊકળ્યો. એને મરકીના ધામ તરીકે વર્ણવ્યું, જમીનદોસ્ત કરવાનું લખ્યું. જોહાનિસબર્ગમાં અલગ વાસોમાં મરકી ફાટી નીકળી ત્યારે ચોવીસ કલાકમાં એને બાળી દીધા હતા. આપણે સફાઈની વાતો કરીએ છીએ, પણ બાળી નાખીએ છીએ ? કલકત્તાની બસ્તીનાં ભયંકર વર્ણન સતીશબાબુ આપે છે પણ કોની બાળી નાખવાની હિંમત ચાલે છે ?

હું એકલો મરીશ એથી ન ચાલે. ચાલે તો મારાં મોટાં પુણ્ય કહેવાય. ઈશ્વરની નજરમાં હું એટલો પવિત્ર હોઉં એવાં મારાં નસીબ ક્યાંથી ? મેં એવું કદી માન્યું જ નથી. પણ વાત તો આમાં ત્રાસ છોડવવાની છે. હિંસક પણ શું કરે છે ? ત્રાસ છોડવે છે. અહિંસક પણ ત્રાસ છોડવે. બીજો ઉપાય જ નથી, હૃદય બીજી રીતે હાલતું જ નથી. એમાં તર્ક કરવાપણું નથી, પણ હૃદયને થથરાટી છોડવવાપણું છે. હજારોની કતલ થાય છે અને 'ઓહો' કરતા જાગી ઊઠીએ છીએ, તેમ હજારો મરવા તૈયાર થાય તોપણ ચમત્કારી અસર થાય. હું કરોડ રૂપિયા ભેગા કરી શકું તેથી શું દહાડો વળે ? થોડી સંસ્થાઓ ઊભી થાય પણ ઉપવાસની છાયાની નીચે તો મોટા થરના થર ઊખડે અને લોકોની આંખ ઉપરથી પડળ ઊખડી જાય.

દેવદાસ : એ બધું તમે ભલે સમજાવો. પણ મને તો આ વચનભંગ લાગે છે. તમને અનેક વાર કહ્યું કે પૂના-કરારનો અમલ કરવા દો. હજી છ મહિના પણ નથી થયા, અને તમે વચન આપી ચૂક્યા છો કે એમ હું એકાએક ઉપવાસ કરું એમ નથી. પણ વાત જ એ છે કે તમારું મન નબળું પડી ગયું છે, તમને બીજું કાંઈ સૂઝતું જ નથી, અને તમે આવી આવીને ઉપવાસે અટકો છો. હરિજનનું કામ બીજી રીતે કરી નથી શકતા એટલે આ રસ્તો લીધો! હું તમને કહું છું કે તમારું આ નિવેદન વાંચીને મારા ઉપર ઘણી ખરાબ અસર થઈ છે. તમે માનો છો કે લોકોની જાગૃતિ થવાની છે, પણ હું કહું છું કે દંભ કેળવાવાનો છે. તમારી ભૂલોથી કોઈની આધ્યાત્મિક ઉન્નતિ નહીં થાય. તમે અમને અન્યાય કરી રહ્યા છો, અમને નાહક આવડી મોટી સજા કરો છો. આશ્રમનાં બે બાળકોએ કાંઈક ભૂલ કરી, એ સ્વાભાવિક હતી, એમાં આશ્ચર્ય શું હતું? તમે એ લોકોને બિચારાંને હોળીનાં નાળિયેર ન કરો. ચોખ્ખું એમ કહેવાને બદલે કે મારા હાથ હવે હેઠા પડ્યા છે, તમે કહો છો કે આત્મશુદ્ધિ માટે ઉપવાસ કરું છું. આખી વસ્તુ મને સડેલી લાગે છે. હું આમાં જરાય સારું પરિણામ નથી જોતા.

બાપુ ખડખડ હસ્યે જતા હતા.

દેવદાસ : એમ હસી શું કાઢો છો? તમે મને નથી સમજાવી શકતા તો બીજા શું સમજવાના છે? તમને દલીલમાં કોઈ પહોંચી શકતું નથી.

બાપુ : ઉપવાસ એ ધર્મનું અવિભાજ્ય અંગ છે. ઇસ્લામમાં અને બીજા ધર્મોમાં સેંકડો આમ મરી ફીટ્યા છે. તું એ વાંધો અવશ્ય કાઢી શકે કે આ પ્રગટ કરવાની શી જરૂર હતી? પણ એની પણ જરૂર છે. આ નવી વસ્તુ છે, પ્રાચીનમાં હું જે જોઉં છું તેમાં સુધારાવધારા કરી રહ્યો છું. આનો અનર્થ પણ થાય. મારો કોઈ એક જણ સામે ઉપવાસ કરવાનો હેતુ હોય તો ગુપચુપ કરી લઉં. આફ્રિકામાં . . .ની સામે ઉપવાસ કર્યા હતા ત્યારે એની દાંડી ક્યાં પીટી હતી? પણ અમદાવાદમાં મજૂરો માટે કર્યા એટલે મજૂરોની આગળ જાહેર કરવાની જરૂર પડી. આ વેળા ગરીબડાં મૂગાં માટે કરું છું તો તેમને જાહેર કરવાની જરૂર રહી. આ તો મારામાં એક સામાન્ય શક્તિ છે અને તેનો ઉપયોગ કરી રહ્યો છું અને જગતને બતાવવા માગું છું કે આવી સામાન્ય શક્તિનો ઉપયોગ માણસમાત્ર કરી શકે છે. સંભવ છે કે આમાં દંભ હોય, તો તો મારો આવો અંત આવવો જ જોઈએ. તમે પરિણામે આપઘાત કરો કે દંભ કરો એ પણ સંભવ છે. તો દંભી બાપનાં છોકરાં દંભી જ થશે

એ વિષે કાંઈ શંકા છે કે? તમારા બધા અવગુણો માટે હું જવાબદાર છું. ગુણો માટે ઈશ્વરને યશ દેવો ઘટે.

દેવદાસ : તમે આવું આવું બોલીને જે બચાવ ન થઈ શકે એવી વસ્તુ છે તેનો બચાવ ન કરો. આ તો શુદ્ધ મૂર્ખાઈભરેલી વસ્તુ છે.

બાપુ : એક કરોડ મૂરખા મૂર્ખાઈભરેલા ઉપવાસ કરે, અને પછી એક ખરો ઉપવાસ કરશે તો તે જગતને તારશે. મૂરખાઓને ખાંડી ખાંડીને ખીમો કરી જો તેમાંથી રામ નીકળે તો તે મૂર્ખાનો ઉપયોગ છે.

દેવદાસ : પણ કંઈ તારતમ્ય હોય કે ન હોય?

બાપુ : અરે ભાઈ, તણખલાની ઉપર મેરુને ધારણ કરનારની તારતમ્ય બુદ્ધિ કંઈ જુદા જ પ્રકારની હશે ના?

મેં કહ્યું : આપ આ ઉપવાસને અફર કહો છો પછી બીજાની મગદૂર શી કે આપની સાથે દલીલ કરે? ખરું કહું તો શું જખ મારવાને માટે આપની સાથે દલીલ કરે? આપ તો બધાને બેવકૂફ ગણીને એક નિશ્ચય ઉપર આવો છો અને કહો છો "લો, આ અફર છે."

બાપુ : મહાદેવ, મહાદેવ, તમે એટલું કાં ન સમજો કે અફરનો એ અર્થ નથી? અફરનો અર્થ એ કે એને નીતિની એરણ ઉપર તપાસતાં લાગે કે એ બરોબર છે તો એ ન ફરી શકે. પણ કોઈ બતાવે કે આ ઉપવાસ અયોગ્ય છે તો તો જરૂર એનો વિચાર હું છોડી દઉં.

હું : ખોટી વાત શી કરો છો? સવારનો સરકારને તો તાર કરી ચૂક્યા છો.

બાપુ : મેં એવા નિશ્ચયો બદલ્યા નથી શું?

હું : ઉપવાસનો કરેલો નિશ્ચય કોઈ વાર બદલ્યો છે?

બાપુ : ના. પણ એ તો કોઈ ઉપવાસ ખોટો છે એમ બતાવી નથી શક્યું તે!

હું : વારુ, કોઈ તાત્ત્વિક નિશ્ચય બદલ્યો છે?

બાપુ : હા, દક્ષિણ આફ્રિકામાં સમાધાન થયું, તે વખતે ઍન્ડ્રૂઝને મેં કહ્યું, આ સ્વીકારાઈ શકાય એમ નથી. ઍન્ડ્રૂઝ કહે, તું બેન્જામિન રૉબર્ટ્સન પાસે ચાલ. મેં કહ્યું, જરૂર ચાલું. આગલે દિવસે અને રાતે મેં ચર્ચા કરીને જવાબ આપી દીધો હતો કે આ ન સ્વીકારી શકાય. સ્મટ્સને ઘેરથી પાછા આવતાં ટેકરી પરથી ઊતરતાં મને જાણે અવાજ થયો. "આ શી મૂર્ખાઈ કરે છે? આ તો બરોબર છે." મેં તુરત જ ઍન્ડ્રૂઝને ઊભા રાખીને કહ્યું, "ઍન્ડ્રૂઝ હું તો મૂર્ખાઈ કરી રહ્યો હતો." જનરલ સ્મટ્સને પણ એ જ વાત કહી અને તેની માફી માગી.

એવી જ રીતે બારડોલી વખતે. રેડિંગને ખબર આપી ચૂક્યો હતો, પણ દેવદાસનો કાગળ આવ્યો અને મેં બંધ રાખ્યું. જગતની હાંસી પણ ખમી લીધી.

હું: પણ તમે કહો છો કે તમારી ભૂલ તમને બતાવવી. તમે પોતે આવી રીતે ત્રાસ છોડવીને જગતની ભૂલ બતાવી જગતને સાવધાન કરવા માગો છો, અમે કેવી રીતે તમારી ઉપર ત્રાસ છોડવીએ અને તમને સમજાવીએ કે તમારી ભૂલ થાય છે?

બાપુ: એ તો તમે જાણો. તમારે કોઈ રીત શોધવી જોઈએ. સાચી વાત એ છે કે આ વસ્તુનો લોપ થઈ ગયો છે એટલે એ તરત સમજાતી નથી. બાકી ગમે તેવા ગમે તે કારણે ઉપવાસ કરે છે તે શું? પેલો રાનડે ઉપવાસ કરે છે એ મૂર્ખાઈ કરે છે, પણ શું થાય? એમાં અભિમાન રહેલું છે પણ મને લાગે છે કે એ મૂર્ખાઈ છે એટલે શું કરવું?

દેવદાસ: તમે આવી આવીને એ જ વસ્તુ ઉપર આવો છો. ઉપવાસ કરવો છે એમ મનમાં લઈને તમે બેઠેલા છો એટલે પછી દલીલો, કારણો મળી રહે છે.

બાપુ: ભાઈ, હું ઉપવાસ કરવાને નવરો નથી, મારી કલમ પણ અટકી નથી, મારી જીભ પણ થાકી નથી, કામના ઢગલા પડ્યા છે. પણ ઉપવાસ આવીને ઊભો તેનું શું થાય?

હું: પણ તમને સમજાવી કોણ શકે?

બાપુ: મને તો બાળક પણ સમજાવી શકે. સનકારામાં સમજી જાઉં. લક્ષ્મણની સામે રામાયણકારે જુઓની કેવા માણસને મૂક્યો? એના જ જેવા બ્રહ્મચારી મેઘનાદને મૂક્યો. અને પછી બન્નેનું સમાન બળ બતાવીને બતાવ્યું કે લક્ષ્મણની સાથે ભગવાન હતા અને એને જિતાડ્યો. એમ બાળકના એક વાક્યમાં મને ચેતવા જેવું લાગી જાય તો હું ચેતું અને બાળક મને જીતી શકે.

હું: તમે કાલે રાત્રે ઊકળીને વાત કરતા હતા ત્યારે પણ હું તો ધબકી ગયો હતો. એ આવેશમાં આના ભણકારા હતા એમ કહેવાય ના? એટલે આશ્રમની વાતો આમાં ફાળો આપનારું કારણ કહેવાય કે નહીં?

બાપુ: કહેવાય.

દેવદાસ: છતાં તમે ના કહો છો કે આશ્રમને આમાં સંડોવ્યું નથી. આશ્રમ આજે જેટલું પવિત્ર છે તેવું અગાઉ કોઈ વાર નહોતું. આશ્રમનો શો વાંક કાઢો છો? તમે અનેક વસ્તુને ભેગી કરીને આ વસ્તુ બગાડી મૂકી છે. તમારો ગયો ઉપવાસ મને ગમેલો. સાંભળ્યું કે તરત એનો બચાવ કર્યો

અને મેં સ્ટેટ્મેન્ટ કર્યું. પણ આમાં તમે એટલી વસ્તુઓનો ગોટાળો કર્યો છે કે કાંઈ ખબર પડતી નથી. ત્યારે આ ઉપવાસનું નિર્ણાયક કારણ કયું ?

બાપુ : એકે નહીં. પણ કદાચ કહી શકું કે આંબેડકર જે તોફાન કરી રહ્યો છે એ ખરું. એ આંબેડકરની સામે શું કરી શકું ? ગરીબડા હરિજનોને કઈ રીતે સમજાવી શકું ? આશ્રમને અપવિત્ર મેં ગણ્યું જ નથી, . . .નો વાંક વસ્યો જ નથી, હા, એનું જૂઠાણું ન ગમ્યું. મને તો લાગે છે કે આશ્રમનાં સદ્‌ભાગ્ય છે કે આવા કિસ્સાની ખબર પડે છે, બીજે તો કેટલોય વ્યભિચાર ચાલતો હશે પણ ખબર નથી પડતી. આશ્રમનું ક્યાંથી નસીબ કે ડંકન, મેરી, વગેરે જેવાં ત્યાં જઈને બેસે ? પણ આમ આશ્રમને સુરક્ષિત માનવું એ એક વાત અને એ આશ્રમની મારફતે હરિજનનું કામ લેવું એ જુદી વાત છે.

દેવદાસ : આશ્રમને લડતમાં પણ હોમવું છે, હરિજનકામમાં પણ હોમવું છે, એવી બધી એવડી વાતો શું કરો છો ?

બાપુ : તારે તો સમજવું જ જોઈએ કે લડત અને હરિજનકામ એ એક જ વસ્તુ છે.

( બાપુ સત્યાનંદ બોઝનો કાગળ બતાવે છે તે જોઈને )

દેવદાસ : આજે જ્યાં લોકો બૂમો પાડી રહ્યા છે કે યરવડા પૅક્ટ બળજબરીથી થયો છે ત્યાં તમે બીજો ઉપવાસ લોકોને બતાવો છો, એનો શો અર્થ ?

બાપુ : મેં એ લોકોને કહ્યું છે કે તમે બળજબરીની શેની વાત કરો ? તમે તો બદલામાં બરાબર અવેજ લીધો છે. આજે તો રવિબાબુના 'મુક્તધારા' નાટક જેવી સ્થિતિ છે. કોઈ કે બંધ ખોલી આવવો જોઈએ અને ધારા ચલાવવી જોઈએ. જે બંધ ખોલી આવે એણે મર્યે જ છૂટકો. જપાનીઓમાં જામગરી સળગાવનાર માણસ મરે છે ને તેમ.

કાલે સારડા આવ્યા. બિચારાએ ભલમનસાઈથી વાતો કરી કે હિંદુ ધર્મની રક્ષા જ આ અસ્પૃશ્યો કરવાના છે એ આપણા લોકો સમજતા નથી. અજમેરમાં હુલ્લડ થયાં ત્યારે એ લોકોએ જ હિંદુઓનો બચાવ કર્યો હતો. એટલે આપણે અસ્પૃશ્યતા ટાળવી તે આપણું કર્તવ્ય સમજીને નહીં પણ એ લોકો આપણને આવે વખતે કામ આવે છે માટે.

વળી આ બાપડા તો રાજદ્વારી રમતનાં ફૂટબોલ થયા છે. એમનો અવાજ તો અસરકારક ત્યારે થાય જ્યારે હિંદુઓ એમને પોતાના કરી લે.

હજારોને ઉપવાસ કરવાનું કહેવાનું મારી યોજનામાં પડ્યું છે ખરું, પણ હું એ નથી કરતો કારણ મારામાં અભિમાન પડેલું છે કે મારા જેટલો કોઈ લાયક નથી. આ તો ધીમા ધીમા વાઢકાપના આંચકા આપું છું. હું જો જીવી ગયો તો કહીશ કે હજી તો સંપૂર્ણ અનશન આવીને ઊભું છે, બીજા ઘણાના ઉપવાસ હજી ઊભા છે.

દેવદાસ : તમે અજાણ્યે ઊંધે રસ્તે દોરાયા છો અને બીજાને દોરો છો. તમારે દુનિયાને સાથે લેવી છે કે એકલા જ સ્વર્ગમાં જઈને બેસી જવું છે? મોટો ધોધ ચાલી રહ્યો હોય તેમાં એક હાથી ઊભો કરી દીધો તો થોડી વાર વહેણ અટકે, પણ પછી શું?

તમે ઉતાવળ કરી રહ્યા છો. વારંવાર કહો છો કે એક પેઢી એ અનંત કાળ આગળ શા હિસાબમાં છે? છતાં બધું એકે ધડાકે કરવું છે.

બાપુ : ભાઈ, જે પાપને ધોવું છે તેને માટે એ જ ઉપાય ઘટે. આમ અનેક જણ ઉપવાસ કરીશું ત્યારે જ એ ધોવાવાનું છે. આ એકલા ઉપવાસથી એ ન ધોવાય. પણ તું બોલાવ, રાજાજીને બોલાવ, મથુરાદાસને બોલાવ. એ તારી સાથે કદાચ ભળશે. મથુરાદાસ દૂધમાંથી પોરા કાઢે એવો છે.

દેવદાસ : દૂધમાંથી પોરા તો તમે કાઢો છો. મને દૂધમાંથી પોરા કાઢનારાની જરૂર નથી.

બાપુ : તો વિનોબાને બોલાવ. એ મને સમજાવે કે ભૂલ થઈ છે તો હું જરૂર સમજું અને ઉપવાસ છોડી દઉં. કાકા મને નહીં સમજાવી શકે. કારણ એ મારા કરેલાનો બચાવ જ કરવાના. નારણદાસને બોલાવ. એ યોગી છે, પવિત્ર પુરુષ છે, દૂરદર્શી છે, ઝટઝટ વિચાર કરીને નિર્ણય આપી શકે એવો છે. એનો હું પૂજારી છું. એનો અભિપ્રાય લે. ખુરશેદ, નરગીસ બહેનોના લે. એ બંને પારસી છે છતાં હિંદુ જેવી બહેનો છે. એ જરૂર અભિપ્રાય આપી શકશે. અને મારી સાથે ઝઘડવું હોય તો ઝઘડી લેશે.

आ अुपवास तो गरीब हरिजनोने माटे छे, स्त्रीओने माटे छे, बच्चांओने माटे छे. स्त्रीओ अने बच्चां घेलां घेलां थअी जशे. हा, हुं એ बधांने घेलां करी मूकवा मागुं छुं. આખા જગતને આ પાપ ધોવા જાગ્રત કરવા માગું છું એટલે એ સ્ટેટ્મેંટ વહેલું આવી જાય એ આવશ્યક છે. દરેક વસ્તુનું ચોઘડિયું હોય છે, આનું પણ છે. છતાં તને કુલ મુખત્યારી આપું છું. વલ્લભભાઈ અને મહાદેવના અભિપ્રાય છતાં તને એમ લાગે કે આ આજે ન છપાવવું તો ન છપાવ. કાંકાની સાથે વાત કરી? કાકાને લઈ આવ જોઈએ તો.

આ પછી આશ્રમ વિષેનું વાક્ય નિવેદનમાંથી કઢાવ્યું.

યાર્ડમાં આવ્યા પછી 'ઇલસ્ટ્રેટેડ વીકલી'માંથી ઢીલા દોરડા ઉપર ત્રીશ વર્ષ થયાં લટકી રહેલા હિંદુનું બાપુએ ચિત્ર મને બતાવ્યું,— એમ બતાવવાને માટે કે કોઈ ને કોઈ પ્રકારની તપશ્ચર્યા હિંદુ ધર્મમાં પડેલી જ છે.

કાકા, દેવદાસ, રામદાસ, આલાં બહેન આવ્યાં. મને એકલાને તો મળવા દેવાય નહીં એટલે બાપુને પણ મૌન છતાં
૧–૫–'૩૩ આંબાવાડિયામાં આવવું પડ્યું. કાકાને તબિયતના સમાચાર પૂછ્યા પછી વાતો કરવાનું કહ્યું.

કાકા : નિવેદન ત્રણ વાર વાંચી ગયો. તમે ઈશ્વરનો આદેશ છે એમ કહો તો અમારે દલીલ કરવાપણું હોય નહીં. છતાં મને આ ઉપવાસમાં કઠોરતા અને અધીરાઈ લાગે છે. દુનિયાને નોટિસ આપો અને હિંદુ સમાજને નહીં. જગતમાં ઠેકઠેકાણે ખરાબ સ્થિતિ છે. દેશમાં પણ ભારે સડો છે છતાં હિંદુ સમાજ તમારું સાંભળવાનો પ્રયત્ન કરી રહેલ છે. એની તમે ભારે અવગણના કરી છે. આ ઉપવાસ અસ્થાને છે એમ નથી કહેતો, પણ અસમયે છે. એક વરસની નોટિસ આપીને આ જ તારીખ રાખો જોઈએ તો, અને પછી હિસાબ માગો.

બાપુ : તમે મારું નિવેદન વાંચ્યું પણ વિચાર્યું નથી. હજારો વાર વાંચનારા ગીતા નથી સમજ્યાનું જાણો છો ને?

કાકા : જાણું છું. પણ તમે એ દલીલ કરો એટલે શું કહેવાય? ધ્યાનપૂર્વક વાંચી ગયો છું એટલું કહું.

બાપુ : આ ઉપવાસ જ જુદા પ્રકારનો છે. તેને સારુ નોટિસની દરકાર કોઈ કાળે ન જ હોવી જોઈએ.

કાકા : એ પણ સમજાય છે. પણ નોટિસ નહીં તો એમાં ઉતાવળ છે, એનો સમય નથી આવ્યો. હિંદુ સમાજને સમય આપો.

બાપુ : નોટિસની દરકાર ન હોય એટલું જ નહીં, એમાં તો ઘણું સમાયેલું છે. મારી કલ્પના તો ત્યાં સુધી ચાલી કે ગંગાની કાવડની જેમ આ ઉપવાસનો અંત હોય જ નહીં, અથવા હોય તો અસ્પૃશ્યતાનો નાશ થયો હોય. એક માણસ ઉપવાસ ન કરે પણ અનેક એક પછી એક કર્યાં કરે.

કાકા : ઘણાને કરવા પડશે એ હું જાણું છું.

બાપુ : તો પછી અહીં નોટિસની વાત અસ્થાને નથી? તમે તો ભીંત જ ભૂલ્યા છો એમ હું ગણિતના દાખલા જેવું સ્પષ્ટ તમારી પાસે તો કરી દઈશ. બીજાને સમજાવતાં ભલે વાર લાગે.

કાકા : અમે તમારાં કાર્યોને ટીકાકારની દૃષ્ટિએ જોવાની ટેવ જ નથી પાડી. અમે તો કશુંક થાય તો એને સમજવાનો પ્રયત્ન કરીએ. સમજવાના પ્રયત્ન છતાં ઉતાવળ થાય છે એમ લાગે છે.

બાપુ : અરે, ત્યાં જ ભીંત ભૂલો છો. આ બધું મોડું શરૂ થયું એમ તમારે તો કહેવું જોઈએ, અને તમારી પાસે કહેવડાવીશ. તમારે તો હર્ષથી નાચવાનો આ સમય છે એમ હું નિશ્ચયપૂર્વક માનું છું. હવે તમારે મહાદેવની સાથે બેસીને ચર્ચા કરવી હોય તો કરો. એનો અર્થ એ નથી કે મારી સાથે ન કરવી. મારી ધીરજ ખૂટનાર નથી.

હું : માત્ર ઉપવાસને માટે ધીરજ ખૂટી ગઈ છે.

બાપુ : એ પણ અજ્ઞાનનું વચન છે. દેવદાસે મને જાગ્રત કર્યા પછી આ ઉપવાસનું રહસ્ય હું એટલું બધું વધારે સમજ્યો છું કે હિંદુસ્તાનમાં તો ભાગ્યે જ કોઈ નીકળશે કે જેને હું નહીં સમજાવી શકું.

દેવદાસ : મને તો કાલની જેમ જ બોલવા દેશો ના? જરા વધારે વિચારીને ભાષા વાપરીશ. તમે કાકા જેવા માણસને કહો કે તમે કાગળ વાંચી ગયા પણ વિચાર્યો નથી. તમે તમારા નિવેદનને ગીતાની સાથે સરખાવો, અને પછી અમને કહો કે હજાર વાર વાંચનાર પણ એ ન સમજે એ જાણો છો ના? આ ડરામણી છે. એવી ડરામણીથી અમને લાભ ન થાય.

કાકા : આ ઉપવાસ કોની સામે? ટીકા કરનારાઓને શી પડી છે? મને લાગે છે કે આંબેડકરનો આમાં કાંઈક હિસ્સો હશે. દેવદાસને પૂછ્યું એણે હા કહી. પણ જે માણસો તમને જવાબ આપી શકે, જેની મારફતે કામ લઈ શકાય એ બધા તો જેલમાં બેઠા છે.

બાપુ : મેં તો એટલું જ કબૂલ કર્યું કે આંબેડકર પણ આમાં નિમિત્ત હશે. આમાં કોઈ એક જ વસ્તુ નિમિત્ત નથી. કોણ છે તે હું જાણતો નથી. હું તો એટલું જાણું છું કે આ ઉપવાસની આવશ્યકતા આજે છે, જો આ સમયની બહાર હોય તો અનીતિ છે. અધીરાઈને હું અનીતિ માનું છું.

કાકા : તમે પૂછ્યું એટલે દલીલ કરીએ બાકી આમાં કાંઈ સાર નથી.

બાપુ : મેં તો તમને પૂછ્યું નથી. મેં તો વલ્લભભાઈ જેવાનું મોઢું બંધ કર્યું ને કહ્યું કે દલીલ ન કરો.

કાકા: તમે તો ઉપવાસને માટે નાલાયક છો. તમે ઉપવાસ કરો છો એટલે કૃત્રિમ વાતાવરણ ઉત્પન્ન થાય છે. આ ઉપવાસનું અનિષ્ટ હું જોઈ રહ્યો છું. એમાંથી યાદવી થશે. વળી નિવેદનમાં તો લખ્યું છે કે તમારી પાછળ ઉપવાસ ચાલુ રાખનારા તમારા કરતાં પણ વધારે પવિત્ર હશે. એટલે તમારી પાછળ જે ઉપવાસ કરે તેને વિષે એમ કહેવાશે કે એણે બાપુના કરતાં વધારે પવિત્ર હોવાનો દાવો કર્યો.

બાપુ: એમ કહેશે તે મૂરખનો સરદાર હશે. પણ જગત એવાને વધાવી લેશે. એમ જ બધા ધર્મ આગળ વધ્યા છે. એ પરંપરા બંધ થાય એટલે ધર્મનો અસ્ત થાય છે.

કાકા: તમારી સાથે દલીલ કરીને શું કાઢીએ? એ જ કે તમે તમારી સ્થિતિમાં વધારે મજબૂત થાઓ. મેં તો એ જ નીતિ અનેક વાર ગ્રહણ કરી છે. નરહરિભાઈએ એક વાર તમારા વચન વિષે પૂછેલું કે બાપુ કહે છે કે સામટું પ્રાયશ્ચિત્ત આવી રહ્યું છે એનો શો અર્થ? મેં કહેલું એ બાપુને ન પૂછી શકાય. તમારું તો પેલા પાણીના જેવું છે કે જેમ એ વધારે જામતું જાય તેમ એનું કદ વધતું જાય.

બાપુ: એ કચુતીની ક્રાઈસિસ (મંદવાડમાં વળતાં પાણી થવા પહેલાંની કટોકટીની સ્થિતિ) છે.

આ ચર્ચામાં પણ બાપુએ વિનોદ કર્યો. રામદાસને કહે: તારા નાના ભાઈ ઉપર કંઈ અંકુશ રાખે છે કે નહીં? આ પછી રામદાસને બાપુ કહે: તારે તો ગભરાવાનું નથી જ. ગભરામણનું કારણ ન હોય ને ગભરાય નહીં એ બહાદુર ગણાતો હશે કે? ગભરામણનું કારણ હોય છતાં જે હસી શકે એ બહાદુર છે.

નાહીધોઈને બાર વાગ્યે પાછા આ યાર્ડમાં આવતાં બાપુ મને કહે: તમે શ્રદ્ધાથી જુઓ એ ઠીક છે, પણ બુદ્ધિ ચલાવવી જોઈએ અને બધું બરોબર છણી લેવું જોઈએ. તો જ તમે મારું ઘણું કામ ઓછું કરી શકશો.

મેં કહ્યું: નોટિસને અવકાશ નથી એ સમજું છું. નોટિસ તો શરતી ઉપવાસને જ હોય. પણ નોટિસની જરૂર નથી એમ કહેવું અને આ વસ્તુમાં ઉતાવળ નથી થઈ એમ કહેવું એ જુદી વાત છે.

બાપુ: હા, પણ તમારે એ સમજવાનું છે કે આ વસ્તુ તો લોકોએ અમુક વચન આપ્યું હોય અને તે પાળતા હોય તોપણ આવી શકે. કારણ લોકો અમુક કરે છે કે નથી કરતા એની સાથે આને સંબંધ જ નથી. મારી આસપાસ શુદ્ધિ ન હોય અને મારી પાસે એ કાઢવાનો બીજો ઉપાય ન હોય તો શું કરવું?

પ્રેસવાળા સાથે મુલાકાત:

બાપુ: પહેલાં જ્યારે જ્યારે મને મારી ભૂલ જણાઈ છે ત્યારે તે સુધારી લેતાં હું ખચકાયો નથી. પણ મને તદ્દન સ્પષ્ટ પ્રતીતિ થવી જોઈએ કે એ મારી ભૂલ હતી.

સ૦: તમારા નિવેદનમાં એટલો અવકાશ નથી રહેતો કે તમારા કેટલાક સાથીઓ તમારી પાસે આવીને ચર્ચા કરે?

બાપુ: કેટલાકો તો ચર્ચા કરી પણ ગયા, અને તેમને આઘાત લાગ્યો છે. આ નિવેદન સીધુંસટ છે, પણ તારીખ આઠમી પહેલાં તો કેટલીયે શકયતાઓ રહેલી છે. આઠમી પહેલાં તો હું મરી પણ જાઉં.

સ૦: તમે લખ્યું છે કે ભયંકર મલિનતાના દાખલાઓ તમારા ધ્યાન પર આવ્યા છે. એમાંના થોડાક કહેશો? સવર્ણ હિંદુઓ સામે તો તમારી ફરિયાદ નથી. તમારી ફરિયાદ તો તમારા સાથીઓ સામે છે.

બાપુ: એ તો તમે ખોટો અર્થ કર્યો. મારે ખાસ કોઈની સામે ફરિયાદ નથી. મારી ફરિયાદ મારી જ સામે છે. આ ભાષાની છટા નથી પણ ખૂબ વિચાર કર્યા પછી મોંમાંથી શબ્દ કાઢવાને ટેવાઈ ગયેલા માણસની ભાષા છે. આ નિર્ણય શાથી લેવાયો તે હું કહી શકું એમ નથી. હું જાણતો નથી. હું સૂઈ રહ્યો ત્યારે મારા મનમાં કશુંયે નહોતું. કોઈ એક બાબત આને માટે જવાબદાર છે એમ કહી શકાય નહીં. ઠીક ઠીક લાંબા ગાળામાં બનેલી ઘટનાઓની સામટી અસરને પરિણામે આ નિર્ણય લેવાયો છે. એ ઘટનાઓ બની તે વખતે તેના પ્રત્યે હું અંધ નહોતો. મારા મન ઉપર એની શાંત અસર થયાં જ કરતી હતી.

સ૦: તમે કહો છો કે ઈશ્વર અથવા તો શેતાન અથવા તો સ્પષ્ટ દર્શનવાળો બીજો કોઈ મને દેખાડી આપે તો હું ઉપવાસ ન કરું. આમાં સ્પષ્ટ દર્શનનો ન્યાય કોણ કરે?

બાપુ: હું મારા ઉપવાસ ખેંચી લઉં એ નક્કર બિના જ એનો નિર્ણય કરે.

હું મારા સાથીઓને બતાવવા માગું છું કે મલિનતા આ પવિત્ર કામને નુકસાન પહોંચાડે.

માણસનો વિચાર જ્યાં સુધી પહોંચી શકે ત્યાં સુધી વિચાર કરતાં તો હું કહું છું કે ઉપવાસ હું છોડી દઉં એવો કશો સંભવ નથી. અલબત્ત આમ હું નિશ્ચયાત્મક રીતે ન કહી શકું. એવું તો ઈશ્વર જ કહી શકે.

આ ઉપવાસમાં બીજા લોકો જોડાય એમ હું ઇચ્છતો નથી. પણ હું એમ જરૂર ઇચ્છું છું કે આ મારા ઉપવાસ બીજા અનેકના ઉપવાસોનો

પુરોગામી નીવડે. આ ઉપવાસમાંથી હું બચી જાઉં તો હું પોતે જ બીજો ઉપવાસ કરવાને પ્રેરાઉં એવું બને. અત્યારે તો સપ્ટેમ્બરના ઉપવાસ અને આ ઉપવાસ વચ્ચે જે મૂળભૂત ફરક છે તે લોકોએ સમજી લેવો જોઈએ. સપ્ટેમ્બરના ઉપવાસ અમુક કારણ માટે હતા. આમાં કોઈ ચોક્કસ કારણ બતાવી શકાય એમ નથી. આવા ઉપવાસ તો કોઈ પણ ક્ષણે કરી શકાય. એમ કરવાની પ્રથા હિંદુસ્તાનમાં સામાન્ય છે. જ્યારે કોઈ મોટો સુધારો કરવાનો હોય ત્યારે તેમાં વધારે શુદ્ધિ રહે અને તેને વધારે વેગ મળે તે માટે માણસ ઉપવાસ કરે છે. એમાં પોતાને આદેશ મળ્યાનો એ દાવો કરતો નથી. આવા ઉપવાસ દુનિયામાં બધે સ્વીકારાયેલા છે. ઉપવાસ એ જ એક મોટી વસ્તુ બને છે. એ જ તેનો બચાવ હોય છે. મારા ઉપવાસનો દાવો આથી વિશેષ નથી. જે મંથનમાંથી હું પસાર થયો એવા મંથન વિના પણ હું આ ઉપવાસ કરી શકત. પણ તેમ કરવાની કદાચ મારામાં હિંમત નહોતી. ભારે જવાબદારીના બોજ નીચે હું દબાઈ ગયો અને તેથી હું ધ્રૂજી ગયો. એક કરતાં વધુ વખત મને એની પ્રેરણા તો થઈ હતી કે મારે ઉપવાસ કરવા જોઈએ પણ તેનો મેં વિરોધ કર્યાં કર્યો. આવી ધાર્મિક પ્રવૃત્તિની ફતેહનો આધાર તે ચલાવનારની બૌદ્ધિક શક્તિ અથવા બીજી સાધનસંપત્તિ ઉપર નથી હોતો. તેનો આધાર કેવળ આધ્યાત્મિક સંપત્તિ ઉપર હોય છે. અને આધ્યાત્મિક સંપત્તિ વધારવાનો ઉપવાસ એ બહુ જાણીતો ઉપાય છે. દરેક ઉપવાસનાં ધારેલાં પરિણામ આવતાં નથી. મારા નિવેદનમાં તેની કેટલીક શરતો મેં આપેલી છે. જેમણે મોટી ધાર્મિક પ્રવૃત્તિઓ ચલાવી છે તેમનો અનુભવ એવો છે કે બૌદ્ધિક, દુન્યવી અને એવાં બીજાં સાધનો આધ્યાત્મિક મૂડીમાંથી મળી રહે છે. આધ્યાત્મિક મૂડી જ તેનો આધાર હોય છે. આધ્યાત્મિક મૂડી વિના એ કશું કામમાં ન આવે.

સ૦ : તમે કહો છો કે હું જીવતો રહું તો. આટલા ઉપવાસમાં તમે શી રીતે જીવવાની આશા રાખો છો ?

બાપુ : દસ વરસ અગાઉ મેં એટલા ઉપવાસ કરેલા છે. મારા કરતાં ઘરડા અને નબળા માણસોએ વધારે લાંબા ઉપવાસો કર્યાનું અને જીવતા રહ્યાનું જાણ્યામાં છે. આધ્યાત્મિક આલંબનમાં શરીરની હસ્તી ટકાવી રાખવાની અનંત ન કહીએ તોપણ ઘણી શક્તિ રહેલી છે.

સ૦ : તમે આ ઉપવાસ પૂરા કરો તો મોટો ચમત્કાર ગણાય.

બાપુ : ચમત્કારનો જમાનો હજી ગયો નથી. હું ખૂબ જ આશાવંત છું. પહેલું કારણ તો એ છે કે મારામાંથી જિજીવિષા ગઈ નથી.

મારા કોઈ પણ દાક્તર એની સાક્ષી પૂરશે. માણસ પોતાની શક્તિ ખૂબ સંઘરી રાખી શકે છે.

હું પૂનામાં રહીશ કે કેમ તે ચોક્કસ કહી શકું નહીં. મને છોડી મૂકવામાં આવશે એમ હું જરાય માનતો નથી.

સ૦ : અત્યારથી તમે તમારી શક્તિ સંઘરી રહ્યા છો ?

બાપુ : હું કશો અસાધારણ પ્રયત્ન કરવાનો નથી. જે ઉપવાસ કરાવે છે તે એ પાર ઉતારશે. મારા સાથીઓ તમને કહેશે કે ગઈ રાત્રે હું ઘસઘસાટ ઊંઘ્યો હતો.

ખુરશેદબહેન સાથે વાતચીત :

આ ઉપવાસ પછી જો તુરત જ કોઈ ઉપવાસ કરવાને લાયક હોય તો તેણે તુરત જ ઉપવાસ ચાલુ કરવો જોઈએ. એને ઉપવાસની સાંકળ કહી શકાય. આ વસ્તુ પૈસાથી ન થાય. ચતુરાઈથી ન થાય, જ્ઞાનથી ન થાય. ઈશ્વર ઉપરની આસ્થાથી થાય. અને ઈશ્વરની ઉપર આસ્થા હોય તો શરીરનો ક્ષય કરવો જોઈએ. જેને આત્માની જાગૃતિ છે, જેને ભાન છે, તે આત્માને ખુલ્લો કરવાને શરીરનો ક્ષય કરશે. મન શરીરના કરતાં વધારે ઉપવાસ કરતું હશે તો જ એ ઉપવાસ કામ કરવાનો છે.

આ લડતમાં રાજકીય મેલ આવવા લાગ્યો છે. તમે ચાર કરોડ માણસને રાજદ્વારી રમતનાં પ્યાદાં બનાવો તો દુનિયાનો નાશ થાય. બંગાળીઓ કેવળ અક્કલથી ચાલનારા છે. એમને કોણ સમજાવે ? એ લોકો આપણને મૂરખ સમજે. કૂવા ખોદાવ્યે, નિશાળો ઉઘાડચે, મંદિરો ખોલ્યે શું થાય? એની પાછળ પ્રાયશ્ચિત્ત હોય, હરિજનોને તમે દીકરાદીકરી, ભાઈબહેન ગણવા તૈયાર હો તો જ કાંઈક થાય.

હિંદુ ધર્મ ભલે ઘસડાઈ જાય, પણ આમાં તો આખી મનુષ્યજાતિ ઘસડાઈ જવાનો ભય છે. હું તો સરકારી હેવાલો વાંચતો જાઉં છું તેમ આંખ ખૂલતી જાય છે. મારી નજર એક માઈલ જોતી હતી તેને બદલે બંગાળનો રિપોર્ટ વાંચીને કરોડો માઈલ દોડતી થઈ ગઈ છે. મૂંગા ગરીબ હરિજન લોકોને કોણ સંદેશો આપે ? કોણ ધીરજ આપે ? માણસો પોતાની આધ્યાત્મિક થાપણને જેટલી વટાવે છે તેટલી આ લડતને ધપાવે છે. અક્કલની કાંઈ જરૂર નથી. અક્કલથી ચાલવું હોત તો આ બધા શાસ્ત્રીઓ અને જજો પડચા છે, મદ્રાસના વકીલો પડચા છે. મારી ચતુરાઈથી આ વકીલોને શી રીતે સમજાવી શકવાનો હતો ? પણ આધ્યાત્મિક થાપણને એ લોકો શી રીતે ના પાડવાના છે ? હા, મને રાવણ સમજાવતો હોય

તો તો મારે મરવું જ જોઈએ. હું જો આ લડતમાં ઢોરના ગળામાં બાંધેલા આડાની જેમ હોઉં તો મને સળગાવી મૂકવો જોઈએ.

હિંદુ ધર્મમાં તો ડગલે ને પગલે ઉપવાસ પડ્યા છે. મારી મા — મારી અભણ અજ્ઞાન બહેન — એવા લોકોના જીવનમાં ઉપવાસ હતા. હિંદુસ્તાનની સ્ત્રીઓના જીવનમાં આ વસ્તુ પડી છે. પણ મારા જેવા ઉપવાસ કરે એટલે જગત જુએ. અને મારે જોવડાવવું છે. એટલે અંશે ઉપવાસ મારે જાહેર કરવા રહ્યા. રામચંદ્ર સમુદ્ર આગળ ઉપવાસ કરે છે તે જાહેર રીતે. એ ભલે પૌરાણિક કથા હોય — પણ એ વસ્તુ કલ્પના નથી. હિંદુએ તો આ સાંભળીને રાજી થવું જ જોઈએ. પણ હિંદુઓમાં હિંદુત્વ રહ્યું જ નથી. ઉપવાસને હસવાનું હોય? જે હસે છે તે કાલ રડશે. રડશે એટલે હું મરીશ ત્યારે નહીં પણ એમનાં પાપોનો વિચાર કરીને. એમનાં ઘરો લૂંટાશે ત્યારે શું કરશે? અને હરિજનો જ્યારે રૂઠશે ત્યારે શું નહીં કરે? મુસલમાનને ખુદા અને કુરાનનો ડર છે. પણ આ લોકોને કોનો ડર? એની પાસે તો ઈશ્વર પણ રહ્યો નથી.

આ બધું સંગઠન કરીને થાય? મારા જેવા હજાર મરશે તો આ લડત ચીલે ચડશે. આ લડત કેવળ ધાર્મિક છે, એ તો પાંચ દશ માણસો છોડીને ભાગ્યે જ કોઈને ખબર હશે. એ બતાવવા હું મરવા માગું છું. એકલી રાજદ્વારી સત્તાથી શું થાય? એ મળશે ત્યારે તો આપણે માથાં ભાંગવાના છીએ. વાંદરાને રાજદ્વારી સત્તા આપીએ તો?

ખુરશેદ: તમે અમને ખાડામાં નાખીને જાઓ એ શું?

બાપુ: તમને ખાડામાં નાખનાર કાઢવા માગે છે.

નીલાને:

"આપણા અંતરનં પત થાય તે કરતાં શરીર ઉપરની બાહ્ય પત ઘણી સારી. તું ભાંગેલા સાંઠા જેવી છે. પણ હું તને આખી કરવા માગું છું.

"માર્ગરેટની બાબતમાં તો એનો અને મારો ન્યાય ઈશ્વર તોળશે. મેં એના ઉપર બધું છોડી દીધું છે. એક સુંદર ભજનમાં છે કે મારી પ્રાર્થના નહીં સાંભળે તો લાજ તારી જવાની છે, મારી જવાની નથી."

મથુરાદાસ: તમે ચોવીસે કલાક હરિજનના વિચાર કરો છો એટલે તમને આવું આવું સૂઝે છે. આને તો તમે શુદ્ધિના ઉપવાસ કહો છો. એ હરિજન ઉપવાસ શી રીતે?

બાપુ: यावानर्थ उदपाने. હરિજનના સવાલમાં સ્વરાજ આવી જાય છે એ વાત સાચી. પણ આપણે તો રાજદ્વારી સ્વરાજને સારુ લડીએ

છીએ. આ તો ચાર કરોડ ગુલામોનું સ્વરાજ છે. ગુલામો કરતાંયે ખરાબ — એ લોકોને જાનવર બનાવ્યા, અને એનો આપણે ધર્મ બનાવ્યો કે એ લોકો એમનાં કર્મનાં ફળ ભોગવે છે. આ તો ધર્મનું રાક્ષસી સ્વરૂપ છે. હિંદુ ધર્મનો અર્થ જો આ હોય તો હું પણ ગીતા, મનુસ્મૃતિ બધાંને બાળું. આંબેડકર હિંદુ ધર્મનું હાડ ન ફેરવી શકે. હિંદુ ધર્મમાં જે તપશ્ચર્યા છે, જે.શોધખોળ થયેલી છે તેટલી બીજે ક્યાંય નથી થયેલી. તમે અસ્પૃશ્યોને ગમે તેટલી રાજદ્વારી સત્તા આપો તેથી શું થાય? એ તો કોઈ ચંગીઝખાન આવે અને બધા સવર્ણ હિંદુઓને એમના ઘરમાંથી કાઢી તેમાં હરિજનોને વસાવે, પણ તેથી શા દહાડા વળે?

આ નિવેદનને ઉકેલવાનો રસ્તો બતાવું. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેયનું પાલન ન કરે એ આ ન કરી શકે. સત્યની પાછળ પેલા ચાર યમો છે.

મથુરાદાસ : બધાં કારણો હરિજનના કામ સાથે શી રીતે સંકળાયેલાં છે?

બાપુ : કારણ એક જ વસ્તુનું હું ધ્યાન ધરી રહ્યો છું — યોગદર્શનમાં એ વસ્તુ સ્પષ્ટ છે.

હિંદુમુસ્લિમના ઉપવાસ તો કોહાટ વગેરેની સાથે સંબંધ ધરાવતા હતા. જે થઈ ગયું એમાં મારો ભાગ હતો, તેને માટે પ્રાયશ્ચિત્તરૂપે પણ હતા. આ ઉપવાસ તે કાંઈ એક દેહ ટકે તે પર્યંતના ઉપવાસ નથી. એવા ઉપવાસ તો નિરર્થક કહેવાય, એ તો શરીરનો ખેલ ખેલવા જેવું કહેવાય. જેણે સ્વાર્પણ કર્યું છે એ જ માણસ ખરેખરો ઈશ્વરનો છે. આ ઉપવાસ તો જીવનનો ખેલ છે. આ દેહે હજી પણ ઈશ્વરને કામ લેવા જેવું હશે તો એ રાખશે એ તો શ્રદ્ધાવાદ છે.

મથુરાદાસ : આપની શક્તિ ઉપરાંત કામ છે. આ ચાર દીવાલમાં પડ્યા છો એની પણ અસર પડે કે નહીં? શક્તિ ઉપર અસર થાય કે નહીં?

બાપુ : થાય, પણ તેથી શું? મારામાં ઉપવાસ કરવાની તો શક્તિ કેટલીય પડી છે. મરવાના કેટલાય પ્રસંગો આવી ગયા. પણ આ દીવાલમાં પડ્યો પડ્યો કેમ ઉપવાસ થાય, એ જ વિચાર કર્યાં કરતો હતો. હિંમત નહોતી. શેતાન માણસની નબળાઈ વધારે છે. ઈશ્વર માણસની નબળાઈ દૂર કરે છે. મને દોરનાર શેતાન ન હોય, કારણ મેં સંયમમય જીવન ગાળ્યું છે. સંયમની વાડોને શેતાન ટપી ન શકે. જેલ શું? નરકમાં મૂકવામાં આવે તોપણ તમે ભગવાનનું નામ લો એમ શાસ્ત્રો કહે છે. મેં તો માન્યું છે કે હું બહાર પડ્યો હોઉં ત્યારે રૂંધાઉં છું, જેલમાં સબળો થાઉં છું.

મથુરાદાસ : જે વસ્તુસ્થિતિ આજે બહાર છે તે વસ્તુસ્થિતિમાં તમે બહાર હોત તો આજે કદાચ ઉપવાસ ન કરત.

બાપુ : કદાચ જલદી ઉપવાસ કરત ! સરકારને માટે મેં આઠ દિવસની મુદત રાખી. બહાર હોત તો તુરત જ એ પગલું લેત.

મથુરાદાસ : પણ સ્ફુરણા ન પણ થાય એ ખરું કે નહીં ?

બાપુ : હા, પણ એ બધું યુદ્ધ હું કરી ચૂક્યો છું. જે પોતે શૂન્ય થઈ બેઠો છે એ જ આ કરી શકે એમ શાસ્ત્ર કહી શકે. હું શૂન્યતાને પામી ગયો છું એમ માનતો નથી. તો તો મારે બોલવા લખવાપણું ન હોય, તો તો ઈશ્વર જ મને ચલાવ્યાં કરતો હોય. એ શૂન્યતા મેળવવાનો આ પ્રયત્ન છે, આ પગલું છે. કાકા '૩૦માં આવ્યા ત્યારે મેં મન સાથે કહ્યું : આ ઉપાધિ આવી. હું ઈશ્વરની સાથે વાત કરતો હતો, પછી સાથી સાથે વાત કરવાનું રહ્યું. ગીતા ગોખતો હતો, ને પૂરી કરી હોત. પણ તેથી શું ? કાકાનો સમાગમ તો મારે બહુ રૂડો હતો.

મારી સાથે બેસનારાઓએ પરિણામથી કશું જોવાનું નથી. મારી ખાંધ ઉપર શેતાન ભલે બેઠો હોય પણ મારે તો શેતાન દ્વારા પણ ઈશ્વરને બધું પહોંચાડવાનું છે. એટલે જ ઈશ્વરે કહ્યું ના કે શેતાન પણ હું જ છું, પાસા નાખનારનો દાવ પણ હું છું. ચોર પણ ઈશ્વરની વિભૂતિ છે, પણ ચોરનું નખ્ખોદ વળવાનું છે. ગંગામાં વોકળો જાય ત્યારે પવિત્ર થાય, ગંગા સમુદ્રમાં જાય તો જ પ્રાણવાયુ પેદા કરે છે ના ?

ઈશ્વર એ સત્ય છે એમ કહેવાને બદલે સત્ય એ ઈશ્વર છે એમ કહેવું બરાબર છે. એટલે જ કહું છું કે મારી પાસે બધું કરાવનાર ઈશ્વર છે.

લૌકિક રીતે હું ચતુર્ભુજ મૂર્તિ જોવાનો દાવો નથી કરતો, પ્રયત્ન પણ નથી કરતો, પણ હું સત્ય જે રૂપાતીત છે તેનો પૂજારી છું. ઘડીભર ઓછું સત્ય જોઈ શકું તે બને. હિરણ્મયેન પાત્રેણ સત્યનું મોં ઢંકાયેલું છે. સોનું તો ઝગ્યાં કરે છે, પણ એને પણ ખસેડવાનું છે, તો જ સત્ય દેખાશે. મારી સાથે શેતાન સાથીઓ હતા તે ખડી પડ્યા, તે ભાગ્યા. મારો રસોઇયો એક દિવસ મારે ત્યાં રહ્યો. બીજે દિવસે મને શેતાન બતાવીને એ ચાલ્યો ગયો ! એ માણસને મેં કહ્યું : હવે આને બતાવીને, મારી સેવા કરીને તું ક્યાં ભાગે છે ! એ કહે : ના ભાઈ, મને તમે ન સંઘરી શકો, હું તો નાપાક છું. આમ ઈશ્વર શેતાનરૂપે દર્શન દે છે. ઈશ્વર અનેક રૂપે આવે છે. દક્ષિણ આફ્રિકામાં એક સ્ત્રીની સાથે ખેલવા જતો હતો ત્યાં એનો ધણી આવ્યો અને બારણું ઠોક્યું. વેશ્યાને ત્યાં ઈશ્વરે મને નપુંસક બનાવીને બચાવ્યો. લંડનમાં ભેરુએ બચાવ્યો. મારા પુરુષાર્થથી તો હું

બચ્ચો જ નથી. મને કહેવાનો અધિકાર છે કે હું તો ઈશ્વરનો દોર્યો જ દોરાયો છું. એવી રીતે કેટલીય વાર ઈશ્વરે મને દોર્યો હશે. એ બધા પ્રસંગો થોડા નોંધી રાખ્યા છે? પણ આ તો સીમાચિહ્ન જેવા રહી ગયા છે. દૂબળો પાતળો હું, બીકણ, બોલતાં ન આવડે, પણ મારું ધકચે ગયું છે. દાંડીકૂચની મને શી ખબર હતી? મોટામાં મોટી વસ્તુ મને આશ્રમમાં જ મળી છે. ઠરાવ કર્યો ત્યારે જવાહરે અને મોતીલાલે કાર્યક્રમ પૂછ્યો, પણ કશું કહી ન શક્યો. પછી આશ્રમમાં આવીને મીઠું અને દાંડીકૂચ સૂઝી.

(કાકાને) એ વસ્તુ એવી છે કે છોડાય નહીં, સુંદર છે. આજે કરવાની છે, એ પ્રાયશ્ચિત્ત નથી, એ શુદ્ધિયજ્ઞ છે. એ માત્ર મારાથી ઘરમાં ન થાય. હું તો મહાત્મા રહ્યો એટલે દાંડી પીટીને મારે ઉપવાસ કરવા રહ્યા. મુદત કેવળ સરકારને માટે આપી, પણ એ શોભી રહી છે. આ તો સત્રનો આરંભ છે, જો બની શકે તો કાવડવાળું જ કરવાનો છું. પણ તે પાંચે યમોનું પાલન કરનારા જ કરશે. એટલું કરીએ તો જ ધર્મનો જય થાય. ઈથર, વીજળી વગેરે ભૌતિક શક્તિ છે, પણ દિવ્ય શક્તિ મનુષ્યની મારફતે જ ભગવાન ખીલવી શકે. એ મારી મારફતે નહીં કરાવવું હોય અને બીજાને મોકલવો હશે તો બીજાને મોકલશે. 'યદા યદા હિ'નો શો અર્થ? એ તો રોજ આવ્યાં કરે છે, અવતર્યાં જ કરે છે. આ સત્રમાંથી અખંડ ઉપવાસ ચાલે. વંટોળિયાની આવશ્યકતા છે. મંદ મંદ પવન ચાલે એ કામ ન આવે. ચોથા અધ્યાયના ઘણા યજ્ઞો છે તેમ આપણે બધું હરિજનને અર્પણ કરવાનું છે. એટલું કરશું તો બધા ઊંચનીચના ભેદ તો જશે જ. હરિજનો તાલેવાન નથી થઈ જવાના, પણ હિલચાલ ચીલે ચઢી જશે.

માણસો કામ કરે એને સારું થોભવાની જરૂર નથી. એને ઉત્તેજન આપવાને માટે, એ વધારે વેગથી કામ કરે એટલા માટે આ ઉપવાસ છે. આ ઉપવાસ કોઈ ખાસ માણસને માટે નથી, પણ બધાને માટે છે. નીલાનું તો જાહેર થયું, પણ આપણે બધા જાહેર ન થયેલા પાપીઓ હોઈએ તો તે પણ શુદ્ધ થઈશું.

આ ઉપવાસ ટાણાસર, ચોઘડિયા ઉપર છે. બહુ મોડા નથી. કોઈની સાથે ખિજાઈને, કોઈએ કામ નથી કર્યું એ માટે નથી. પણ અસ્પૃશ્યતાની જડ ઉખેડવાને માટે છે. અંકગણિતથી એનું નિવારણ થતું હોય તો ગણિતીઓ ભેગા કરીએ, પણ આમાં તો આધ્યાત્મિક બળની જરૂર છે, એટલે એમાં બધી ઇંદ્રિયોનો હોમ કરવાનો છે, એ હોમશો એટલે તમારી નિર્બળતા વધારેમાં વધારે જોશો અને ઈશ્વર વધારેમાં વધારે યાદ

આવશે. ખુદાને પણ ખુશામદ પ્રિય છે એટલે જ એ કહે છે ને કે મારું નામ લેશે તે તરી જશે. એને એ ખંડણી લેવાનો અધિકાર છે. જે રાજાને ખંડણી લેવાનો અધિકાર હોય તે લે.

ચુકાદા માટેના ઉપવાસને કદાચ ઘડીભર દબાણ કહેવાય, પણ આ તો કોઈની ઉપર દબાણ છે જ નહીં. અહીં તો મને બતાવવામાં આવે કે માણસે સો ટકા કામ કર્યું છે તોય આની જરૂર હોય. આ તો કેવળ ગતિ તીવ્ર કરવાને માટે તેલ પૂર્યું, અથવા લાકડું વધારે નાખ્યું.

રામદાસ : ગતિ આપનાર તમે છો. તમે જાઓ તો પછી બીજું કોણ એ કામ કરશે? કામને માટે પણ જીવવું ન જોઈએ?

બાપુ : જીવનમરણ આપણા હાથમાં નથી. જો આ ઉપવાસ ન કરું તો દસ વરસ જીવવાનો છું એવી કોઈ બાંયધરી આપે તો એમ કહેવાય. પણ એમ તો છે જ નહીં. અને જીવવું એટલે શું? સફળ જીવવું. ધાર્મિક કામમાં સેનાપતિ થવું હોય તો મરીને જીવવાનો મંત્ર બનાવવાનો છે. ઈશ્વરને જિવાડવો હોય તો જિવાડે, નહીં તો પળમાં પ્રાણ લે. એવું પણ હોય કે મારા જીવતાં કોઈ શક્તિ રૂંધાઈને બેઠી હોય અને મારો પ્રાણ જાય એટલે એ શક્તિ પ્રગટી ઊઠે. कर्मण्ये वाऽधिकारस्ते એટલે તારી આંખ આગળ પડેલું કર. શક્તિ વધારવાને માટે આવાં કામ કરવાં પડે. બીજું કામ કરવા માટે ખાવાની જરૂર પડે છે, તેમ આ કામ કરવાની ખાતર ન ખાવાની જરૂર પડે.

આ ઉપવાસની પાછળ ત્રણ દિવસના ઉજાગરા પડ્યા છે — આટલો થાકેલો છતાં બે ત્રણ દિવસ ઊંઘ જ ન આવે. સાડાબાર વાગ્યે નિશ્ચય થયો. કેટલા દિવસ? સોમવારે શરૂ કરતાં મુશ્કેલી ન નડે? અરે પામર, આટલી બધી મુશ્કેલી ગઈ તો આ તે શી મુશ્કેલી છે? ચાર વાગ્યે પૂરું કર્યું. ત્યાં વલ્લભભાઈ આવ્યા. વલ્લભભાઈ હજી બોલ્યા નથી. બોલે પણ નહીં. પણ જીવતા હઈશું તો બોલશું. એ તો ભડ માણસ છે.

ખુરશેદબહેને કહ્યું : આધ્યાત્મિક બાબતમાં હું કાંઈ બોલી ન શકું. મને તો એની રાજદ્વારી બાજુની ચિંતા છે અને ચર્ચા કરવી છે. આ ઉપવાસની એની ઉપર શી અસર થશે એમ આપને લાગે છે?

બાપુ કહે : એની ચર્ચા હું બહાર નીકળું તો કરી શકું. અહીં ન થાય.

શાસ્ત્રીની સાથે વાતો કરતાં કહે: ગોખલેની સાથે એક વાર વાતમાં મેં એમને કહેલું કે એકની એક જ દલીલ એકને અપીલ થાય

અને બીજાને એ જરાય ન ગમે, એ કેવી બુદ્ધિ? એટલે આધ્યાત્મિક વસ્તુમાં માણસ અંતઃપ્રેરણાથી જ દોરાય, બુદ્ધિથી દોરાઈ ન શકે. મેં કહ્યું છે કે રસ્કિનની ચોપડી વાંચીને મારા વિચાર ફર્યા. પણ મારામાં એ વસ્તુ ભરેલી હતી. પ્રતીતિ તો હતી જ. જાણે દલીલો આપવાને માટે એ ચોપડી મારા હાથમાં આવી. અને તે પણ કેવે ટાંકણે? ગાડીમાં વાંચવા નવલકથા લઈ જઈએ, રસ્કિન કોણ લઈ જાય? પણ એ લઈને હું ચાલ્યો અને બીજે દિવસે બધા ઘાટ ઘડ્યા. રોયલ હૉટેલમાં બેસીને સાદાઈના ઘાટ ઘડ્યા.

સાંજે વલ્લભભાઈને કહે: તમે આમ થીજી જઈને બેસો એ ન કામ આવે. કંઈક ચર્ચા કરો, સમજવાનો પ્રયત્ન કરો.

પણ વલ્લભભાઈને વાચા ફૂટતી જ નહોતી અને ન જ ફૂટી. બહાર કાઢે તો ક્યાં રહેવું એની ચર્ચા થોડીક થઈ. વલ્લભભાઈએ વ્યવહારબુદ્ધિથી તુરત કહ્યું: એની ચર્ચા બહાર તો આજે ન જ થવા દેવાય, એટલે અહલ્યા આશ્રમ કે રાજભોજના આશ્રમમાં આજથી તપાસ ન કરાવાય.

૨–૫–'૩૩ સવા વાગ્યે ઊઠીને મહત્ત્વના કાગળો લખવાના શરૂ કર્યા: શાસ્ત્રીને, જવાહરલાલને, ટાગોરને. પછી આશ્રમનો વારો આવ્યો. આશ્રમમાં જાણે કાલે કાંઈ લખવાનું બાકી રહ્યું હોય એમ આજે પૂરું કર્યું: "વ્રતોનું પાલન કરી યોગારૂઢ થઈ હોમાવા તૈયાર હોય તે રહે, બાકી બધા જાય. જૂનાને દયા ખાતર દહાડિયું બાંધી આપવું અને જુદા રહેવા દેવા." હું તો ધ્રૂજી ગયો. આંસુ ખાળ્યાં જાય નહીં. મને પૂછ્યું: શું ધારો છો? મેં કહ્યું: શું ધારું? મારું કરમ! આંબાવાડિયામાં આવીને મારા દુઃખનાં, પાપનાં આંસુ પાડ્યાં. મને એકે જવાબ આપવાનો અધિકાર નથી, હું તમારો મજૂરમાત્ર છું. મારામાં ગોળીઓ સામે ઊભા રહેવાની શક્તિ છે, પણ આ ઠંડા મૃત્યુની તૈયારી નથી. ગોળી સામે ઊભા રહેવાને માટે યમનિયમોનું પાલન જોઈતું હોય તો સામે ઊભા રહેવાની શક્તિ છતાં હું ના પાડું. મને રજા આપો. હું તમારા પગ આગળ બેસવાને લાયક નથી. જેલમાં આવીને બેઠો એ અકસ્માત છે પણ બહાર આપની સાથે નીકળું તો ધક્કો દઈને બહાર કાઢજો. પછી મેં મારા પિતાની વાત કરી. બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા ન લેવાની વાત કરેલી એ યાદ કરાવ્યું. ત્યારે કહે: આપણામાં આપણાં માબાપની નબળાઈઓ ઊતરવી જ જોઈએ એવું છે શું? તો તો નબળાઈ કાયમી થઈ જાય. તો તો સનાતનીઓની વાત આપણે

સ્વીકારવી પડે કે અસ્પૃશ્યો કર્મનાં ફળ ભોગવે છે અને ભોગવવા દેવાં જોઈએ. પણ એ જરાયે બરોબર નથી.

આ પહેલાં યુરોપિયન યાર્ડમાં સરકારના જાસૂસ આવી ગયા. કલેક્ટર જેવા ગોરા અમલદારને આવા ગંદા કામ માટે મોકલાય? એટલે પેલા યહૂદી ડેપ્યુટી કલેક્ટરને મોકલવામાં આવ્યો. એણે સફાઈથી વાત શરૂ કરી :

તમારો પુત્ર અને તમારા નજીકના સાથીઓ તમારો વિચાર ફેરવવામાં નિષ્ફળ ગયા છે. તમારા વિચાર ફેરવવાનો કશો સંભવ જણાતો નથી. ધારો કે જેલના અમલદારો ઉપર તાણ પડતી રોકવા અમે તમને કોઈ બીજી જગ્યાએ લઈ જવાનું નક્કી કરીએ અને સ્થળની પસંદગી કરવાનું તમારી ઉપર છોડીએ તો તમે કઈ જગા પસંદ કરો? તમે જગાનું કંઈક સૂચન કરો તો એ લોકો સાથે અમે વાટાઘાટો શરૂ કરીએ. અમારા ધ્યાનમાં ઘણી જગ્યાઓ છે.

બાપુ : કેદી તરીકે મારે પસંદગી કરવાની હોય જ નહીં.

ડે૦ ક૦ : અહીં જેલના અમલદારો ઉપર વધારેપડતી તાણ પડે. અમારી દરખાસ્ત તમે સ્વીકારો તો અમે વાટાઘાટો શરૂ કરીએ.

બાપુ : પણ આવી બાબતમાં મારી કશી પસંદગી જ નથી.

ડે૦ ક૦ : કાંઈ નહીં તો અંગત રીતે તમે મને સૂચના કરો. એ વસ્તુ તમારી પસંદગી તરીકે વર્ણવવામાં આવશે. અમારી વહીવટી સગવડનો જેટલો અમારે વિચાર કરવાનો છે એટલો તમારી સગવડનો કરવાનો નથી. અમારી નજરમાં ઘણાં સ્થાનો છે : લેડી ઠાકરસીનો બંગલો, સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી, હીંગણે બુદ્રુક, મહિલા આશ્રમ, મહિલા વિદ્યાપીઠ અથવા ડેક્કન જીમખાના ઉપરની કોઈ જગ્યા.

બાપુ : તમે શું કહેવા માગો છો એ બરાબર સમજું છું. પણ હું કશી પસંદગી કરવાનો નથી.

ડે૦ ક૦ : ધારો કે કોઈ જગ્યાએ અમે તમને લઈ જઈએ તો તમે વાંધો ઉઠાવો ખરા?

બાપુ: તમે એને જેલ કહો કે ન કહો એ ઉપર એનો આધાર છે. જો મને છૂટો કરવામાં આવે તો હું મારી પસંદગીનો ઉપયોગ કરું અને મારી મરજી પડે ત્યાં જાઉં. સાબરમતી, મુંબઈ કે બીજી કોઈ જગ્યાએ જાઉં. પણ ભલેને તમે મને કોઈ બંગલામાં લઈ જાઓ, છતાં એનો અર્થ બીજી જેલમાં મારી બદલી એવો થતો હોય તો તમારા પહેરા નીચે તમે જ્યાં લઈ જાઓ ત્યાં જાઉં. પોલીસને બદલે ભલેને તમે મારા પહેરેગીર હો.

તમારા બધા હુકમનું હું પાલન કરું, સિવાય કે એમાં એવું કાંઈ હોય જે હું ન કબૂલ રાખી શકું.

ડૅ૦ ક૦ : અહીં જેવી સ્થિતિ છે એવી જ સ્થિતિ બરાબર હોય તો?

બાપુ: હિંદ સરકારના હુકમના શબ્દો મારે જોવા જોઈએ. ધારો કે એ મને સાબરમતીમાં મૂકી દે અને કહે કે તમારી હિલચાલ ઉપર અમુક અમુક અંકુશ રાખવાના છે તો એવા અંકુશ સ્વીકારવાનું મને પોસાય નહીં. મારા છેલ્લા ઉપવાસ દરમિયાન મારી પાસે મુલાકાતીઓ આવતા અને વાતો કરતા, છતાં તેમની અને મારી વચ્ચે સ્પષ્ટ સમજૂતી હતી કે બહારની ચળવળ વિષે મારે બિલકુલ ચર્ચા ન કરવી. વર્તમાન સંજોગોમાં મારા ઉપર એવો અંકુશ રાખું તો મારા અંતરાત્મા ઉપર ભારે તાણ પડે. કોઈ પણ પ્રમાણિક માણસ ઉપર એ ભયંકર તાણ છે. લોકોને અને પ્રેસના રિપોર્ટરોને જવાબ આપતાં મારે કેટલી તાણ વેઠવી પડે છે તે હું જ જાણું છું. મારી જાત ઉપર જે અંકુશો મેં મૂકયા હોય તેની મર્યાદામાં રહેવાની ઈશ્વરદત્ત શક્તિ મારામાં ન હોય તો હું ભાંગી પડું. ધારો કે હું બહાર ઉપવાસ કરતો હોઉં અને છઠ્ઠે કે સાતમે દિવસે હું મરવાની અણી ઉપર આવ્યો હોઉં અને મારી પાસે આવીને કોઈ મને કહે કે હિંદુસ્તાનના રાજદ્વારી ભવિષ્ય વિષે તમારા વિચાર મને જણાવો તો મહા ભારે માનસિક પ્રયત્ન કર્યા સિવાય હું મને રોકી શકું નહીં. પણ મને અહીંથી કેદી તરીકે બીજી જગ્યાએ ખસેડવામાં આવ્યો હોય અને બધી રીતે એ જગ્યાને જેલ જ ગણવામાં આવતી હોય તો ત્યાંની શરતો સ્વીકાર્યા સિવાય મારી પાસે બીજો કોઈ ઉપાય જ ન હોય.

માર્ટિને ડેપ્યુટી કલેક્ટરને કહ્યું : આ માણસ તમને ગાંઠે એવો નથી.

કોદંડરાવને વિલાયતના તારો વાંચી સંભળાવ્યા અને કહ્યું : ઍન્ડ્રૂઝના આ તાર માટે હું તૈયાર નહોતો. મેં ધારેલું કે છેવટ સુધી એ મારો વિરોધ કરશે અને પછી માનશે. પણ અંતર્વૃત્તિથી જ આ વસ્તુ એ સમજી ગયો છે એ મોટા આશીર્વાદ સમાન છે. તમને હું કહું કે હું લાંબો વખત આ ઉપવાસની સામે ઝઘડયો છું. ઉપવાસ મને અંતરથી જ ગમે છે એ વસ્તુ હું સ્વીકારું છું. પણ આ વખતે મને એ ગમતા નહોતા. તેની સામેના ઘણા અવાજો મેં સાંભળ્યાં કર્યા, પણ છેવટે આ વસ્તુ દીવા જેવી સ્પષ્ટ મારી સામે આવીને ઊભી. પછી હું શું કરું? આજે સવારે ત્રણ મિત્રોને મેં કાગળો લખ્યા છેઃ શાસ્ત્રી, ટાગોર અને જવાહરલાલ.

ત્રણેનાં દૃષ્ટિબિન્દુ એકબીજાથી તદ્દન ભિન્ન છે પણ એ ત્રણેના આશીર્વાદ મને મળે, એ ત્રણેની પ્રાર્થનાઓ એકત્રિત થાય, તો એ કેવું ભવ્ય કહેવાય?

વિલાયતના તારો વાંચ્યા પછી કહે: મારે જવાનું હશે તો જગતના આશીર્વાદ લઈને જ જવાનો છું.

કોદંડરાવની સાથે વિનોદ કર્યો: તમે ઔપચારિક મુલાકાતે આવ્યા છો કે ખરખરો કરવા આવ્યા છો? કે પછી સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીમાં એક ગાંડીને રખાવવા મારી પાસે માફી મંગાવવા આવ્યા છો?

આ ગાંડી તે પેલી માર્ગરેટ, જેણે કાલે અનેક નાટકો કર્યાં. બાપુને પાગલ શબ્દથી સંબોધીને કાગળ લખ્યો, પછી સાત વાર માફી માગી અને બાપુએ સાંજે એને રજા આપી. આજે સવારે પાછો કાગળ આવ્યો: "તમે ઈશ્વરને વિષેની મારી શ્રદ્ધાનો નાશ કર્યો છે, હું ઉપવાસ કરવાની અને મરવાની છું, મારા વીલમાં મારી બધી વસ્તુ આશ્રમને માટે અને મારું શરીર સાસૂન હૉસ્પિટલને માટે છોડી જાઉં છું."

આ છોકરીને વિષે શું કહેવું? બાપુ સાંજે કહે: એના ગાંડપણમાં પણ એક પદ્ધતિ છે. એ સાચી છે અને જે આવે તે ભરડયે જાય છે તેમાં કાંઈ શંકા નથી. એના સાચમાંથી સારું પરિણામ નીપજે.

તારોની વાતો કરતાં મને પૂછે: વલ્લભભાઈ હજી મારી સાથે ચિડાયેલા છે?

મેં કહ્યું: ચીડ શેની હોય? દુઃખ છે.

બાપુ: પણ તમે તો કાલે એવો ભાસ આપ્યો હતો કે એમને ક્રોધ છે.

મેં કહ્યું: તો મારી ભાષા ખોટી. ક્રોધ હોય જ નહીં. એમની સંમતિ છે એમ ન માનો. એમના મનમાં તીવ્ર વેદના વ્યાપેલી છે. પણ આપ જીવો કે જાઓ, ગમે તેમ થાઓ, આપની આસપાસ અસંતોષ, કલહ, અપ્રસન્નતાનું વાતાવરણ ન હોય એમ એઓ ઇચ્છે છે.

બાપુ: એ હું સમજું છું. એ તો વલ્લભભાઈ જેવી ભડ વ્યક્તિ પાસે છે એ કાંઈ ઈશ્વરની ઓછી દયા છે? એમનામાં ભારે ઈશ્વરશ્રદ્ધા તો પડેલી જ છે.

મેં કહ્યું: મેં તો એમને કાલે કહ્યું કે ઉપવાસ ચાલુ રાખવાને અમે અભાગિયા લાયક ન હોઈએ, પણ તમે તો છો જ, અને તમે ચાલુ રાખો તો મને આશ્ચર્ય ન થાય.

વૈકુંઠભાઈ અને મથુરાદાસની સાથે:

"તમારા ઉપર બૉમ્બશેલ શું નાખ્યો? પહેલવહેલો બૉમ્બશેલ મારા ઉપર પડ્યો. હું કોને ખબર આપું? દાખલાનો જવાબ દહાડાના દહાડા

સુધી ન મળે અને પછી એકાએક મળી જાય એવી વાત થઈ. ધરમના કામમાં બીજું થાય જ નહીં. મોતરૂપી બૉમ્બશેલ હંમેશાં આવીને પડે જ છે. પદ્મજી અને એની દીકરી મરી ગયાં. . . .ને મરવું જોઈતું હતું, એ ન મર્યો. એટલે આપણે તો બૉમ્બોની વચ્ચે પડેલા છીએ. આવા પણ આવી પડે. આપણને આઘાત પહોંચે છે કારણ હિંદુ ધર્મને ભૂલી ગયા છીએ. બૈરાં એ જાણે છે. મારી માએ તો અરધી જિંદગી ઉપવાસમાં ગાળી છે. એકાદશી ચુકાય નહીં, સોમવાર ચુકાય નહીં, ચાતુર્માસ હોય જ, છોકરાં માંદાં હોય કે ઉપવાસ, — નિવારણ હંમેશાં ઉપવાસ અને ચંડીપાઠ — એ બધાંને ન રોકો તો મેં કાંઈ ગુનેગારી કરી?

વાંક તો મેં જોયો છે પણ કહ્યો જાય એમ નથી. હમણાં જ એક પત્તું આવ્યું છે, પંથકીનું. એ તો ગાંડો માણસ છે. પણ બીજા અનેક કાગળો આવે છે. ઉપવાસનો નિશ્ચય કરવામાં કેટલી વસ્તુનો હિસ્સો છે એ ન કહી શકાય.

નાટાર હરિજનનો કિસ્સો મને ઉકળાવનારો હતો એમ મહાદેવ કહે છે, તે વાત સાચી. હરિજનોની દશા તો જુઓ. સ્ત્રીઓ લાજ પણ ન ઢાંકે. એને સારુ તો હું ૪૨ દિવસના ઉપવાસ કરું. પાર્વતીને શિવજી શેના પરણે? એણે ઉપવાસ કર્યા. પછી શિવજી જખ મારીને એને પરણ્યા. રામચંદ્રજી ભગવાનને પણ ક્યાં છોડ્યા? ભરત કેવા ઉપવાસ લઈને બેઠા? કેટલાં વરસના? એ શા માટે? આ વખતના રાવણો તો ત્યારના રાવણ કરતાં ભયંકર છે. પેલાએ તો બિચારાએ સીતાજીનો મલિન સ્પર્શ પણ નહોતો કર્યો. પણ આજના રાવણ?

કેટલો મેલ ઘૂસી ગયો છે એની તમને શી વાત કરું? તમે તો એટલા પ્રેમથી ઊભરાઓ છો કે તમે કદાચ કરોડો રૂપિયા ભેગા કરી દેશો. પણ અબજે પણ મારું પેટ કેમ ભરાય? લોકોનાં હૈયાં કોણ હલાવી શકે? પોર્ટ આર્થરમાં મડદાંનો પુલ બાંધ્યો હતો, તેમ જ અહિંસામાં પોતા ઉપર દુઃખ વહોરીને સામાને આઘાત આપવાનો છે. આ તો મેં જામગરી મૂકી છે. ત્યાર પછી એક પછી એક એમ ચાલ્યાં કરે. આજે તો જૂઠાણું ચાલે છે, દંભને માટે દગાબાજી થાય છે, પૈસા વેરાય છે, દંડાબાજી ચાલી રહી છે. એ બધા આ ઉપવાસ પાસે રાંકડા થઈને બેસે. મારા એકલાના ઉપવાસથી નહીં, પણ બીજા અનેકના. એટલે જ કહું છું કે આ ઉપવાસ સાથીઓ માટે છે.

આંબેડકર અપ્રમાણિક નથી. પણ એને ઈશ્વરમાં શ્રદ્ધા હોય એમ દેખાતું નથી. એ પોતાને અસ્પૃશ્ય મનાવવામાં મગરૂરી માને છે. એમાં એણે

રાજ્યપ્રકરણ ભેળવ્યું છે. આ સડો કોણ કાઢે? અસ્પૃશ્યોને કોણ મનાવે? મેં તો કાલે કહ્યું આવાં કામોનો આરંભ ઉપવાસથી જ થાય. એ અભ્યાસ થોડા વખત થયાં બંધ પડી ગયો હતો, એને હવે તાજો કરી રહ્યો છું. રોલેટ ઍક્ટ વખતે દાખલ કર્યો પણ હમણાં હમણાં તે વીસરાયું છે.

પણ સરકારને કેટલી સુરક્ષિત રાખીને કામ લઈ રહ્યો છું? જોકે એમાં જોખમ છે. મારો ઉપવાસ તો શરૂ જ થઈ ગયો છે. કામ વધી પડ્યું છે. સવા વાગ્યે ઊઠી પડચો અને કામ કરું છું, એટલે ખવાય નહીં. એટલે ઉપવાસ શરૂ થઈ ગયા જેવું થયું.

અમારી 'ચંડાળ ચોકડી'એ તો એવો ઠરાવ કર્યો છે કે હરિજન-વાસમાં જઈને ઉપવાસ કરીએ. પણ વહ દિન કહાઁ કે મિયાંકે પાંવમેં જૂતી?

મુંબઈના ઉપવાસનું નિવેદન ઘડી રહ્યા પછી મથુરાદાસને બતાવ્યું હતું. એમ જ બીજા ઉપવાસના સંબંધમાં થયું હતું.

લીલાવતી: કરોડો માણસની ઇચ્છાની તમને દરકાર નથી?

બાપુ: કોણ જાણે છે કરોડોની ઇચ્છા? એ બધા તો આજે રાજી થતા હશે. રામચંદ્રજી વનવાસે નીકળ્યા ત્યારે હજારો બહાર નીકળી પડચા, દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી. આજના કરોડ હરિજન દેવતાઓ આનંદથી નાચતા હશે.

લીલા૦: આપનો ઈશ્વર મારાથી સમજી શકાતો નથી.

બાપુ: એ નથી સમજી શકાતો માટે તો આ ઉપવાસ છે. એ ઈશ્વર એટલો તો ભરાડી અને નાટકી છે કે એને સમજવો મુશ્કેલ છે.

મથુરાદાસ વસનજી ખીમજીને: કોઈ પણ મેલું માણસ આ લડતમાં ભાગ ન લે એ જોજો. નહીં તો હાથ ઘસવાનો વખત આવશે.

મૅક્રેની સાથે:

ઇંગ્લંડથી પ્રિય મિત્રોના સંદેશા મને મળ્યા છે. તેથી મને બહુ આનંદ થયો છે. હું જે પગલું લેવાનો છું તેના ખરાપણાની અંતર્વૃત્તિથી જ તેમને ખાતરી થઈ લાગે છે. તેમણે એ શબ્દોમાં એમ કહ્યું નથી. પણ સંદેશાઓનો એ અર્થ હું કરું છું. મને ભય લાગતો હતો કે આ ઉપવાસનું અનેરાપણું તેઓ નહીં સમજી શકે. પણ મારો ભય પાયા વિનાનો ઠર્યો છે. મિ. ઍન્ડ્રૂઝ પોતાના તરફથી અને મિત્રો તરફથી સંદેશો મોકલે છે. બીજો સંદેશો મિસ્ટર અને મિસિસ પોલાકનો છે. જ્યારે મારી વાત ન સમજાય ત્યારે મારી ઉપર ટીકા કરતાં તેઓ કદી ખમચાયાં નથી. મને એવો અસ્પષ્ટ ભય હતો કે મારું આ પગલું તેમને નહીં રુચે. હિન્દુસ્તાનમાંથી પણ મિત્રોના સંદેશા મને મળ્યાં કરે છે અને હું આશા રાખું છું કે આ

થોડાક દિવસોમાં મારા પગલાનું ખરાપણું લોકો સમજતા થઈ જશે. ગમે તેમ હો મારી પ્રતીતિ વધતી જાય છે કે આ ઉપવાસ ટાળવાનું મારે માટે શક્ય જ નહોતું. आ प्रवृत्तिने शुद्ध नैतिक भूमिका उपर राखवी होय अने तेमां गरी जता स्वार्थी अथवा अशुद्ध माणसोथी तेने मलिन न थवा देवी होय तो बीजो उपाय ज नहोतो. હવે હું આશા રાખું છું કે અસ્પૃશ્યતાનિવારણના કાર્યક્રમની જુદી જુદી વસ્તુઓ — અસ્પૃશ્યતાનિવારણનાં બિલોની તરફેણમાં લોકમત કેળવવાની સુધ્ધાં — ને બરાબર પાર પાડવા માટે આ બાબતમાં કામ કરનારાઓ બમણા જોરથી મંડી પડશે. આમ કર્યા વિના મારી ખાતરી થઈ છે કે પ્રગતિ અટકી પડી હોત. હું ઇચ્છું છું કે સનાતનીઓ અને સુધારકો આવતાં અઠવાડિયાંઓમાં હળીમળીને કામ કરે અને આ કાયદાઓમાં જે કાંઈ ત્રુટી દેખાય તે દૂર કરીને સમજૂતી ઉપર આવે.

તમે પૂછો છો કે મને છોડી મૂકવામાં આવે તો? એ પ્રશ્નનો ખરેખર હું વિચાર જ નથી કરી શકતો.

વલ્લભભાઈ આ ઉપવાસને કેવી દૃષ્ટિથી જુએ છે એની ઉપર તેમણે સર પુરુષોત્તમદાસને લખેલો એક કાગળ બહુ પ્રકાશ પાડે છે:

"બાપુએ આ વખતે લીધેલી પ્રતિજ્ઞામાં કોઈની સલાહ કે સંમતિ લીધી જ નથી. ગઈ વખતની પ્રતિજ્ઞા ધાર્મિક હોવા છતાં એમાં રાજકીય તત્ત્વ સમાયેલું હતું અને તેટલા પૂરતી મારી સાથે મસલત કરવાની આવશ્યકતા સ્વીકારેલી ખરી. આ વખતે લીધેલી પ્રતિજ્ઞા કેવળ ધાર્મિક હોવાથી તેમાં મારી સંમતિનો સવાલ હતો જ નહીં. રાત્રે એક વાગ્યે અમે બધા ઊંઘમાં પડેલા હતા ત્યારે એમણે પોતાનો નિર્ણય કર્યો અને દોઢ વાગ્યે ઊઠી જે સ્ટેટમેન્ટ પ્રસિદ્ધ થયું છે તે ઘડી કાઢ્યું. સવારના ચાર વાગ્યે અમે ઊઠ્યા પછી મારા હાથમાં મૂક્યું. મેં જોયું કે એમાં ફેરફાર કરવાની જરાયે જગા રાખેલી ન હતી. છતાં એ વિષે પૂછીને ખાતરી કરી લીધી અને જ્યારે જાણી લીધું કે નિર્ણય થઈ ગયેલો છે ત્યારે તો પછી મને ખાતરી થઈ કે મારે માટે ઈશ્વરઇચ્છાને આધીન થયા સિવાય બીજો માર્ગ નથી.

"વળી મારી સાથે પ્રથમ મસલત કરી હોત તોપણ એમણે કરવા ધારેલા નિર્ણયમાં હું ફેરફાર કરાવી શકત એમ માનવાને કશું જ કારણ નથી. હા, મારા મનમાંના થોડા ઊભરા જરૂર કાઢી શકત. બાકી તો આવા કેવળ ધાર્મિક નિર્ણયમાં ફેરફાર કરાવી શકવા જેટલી યોગ્યતા મારામાં નથી.

"આપ આવીને શું કરો? આપ કે હું કે કોઈ શું કરી શકવાના હતા? ધાર્યું ધણીનું થાય છે અને થશે. કોઈની ધાર્મિક પ્રતિજ્ઞા તોડાવવાનો નિષ્ફળ પણ પ્રયત્ન કરવાના પાપમાં શા માટે આપણે પડવું જોઈએ? હિંદુ ધર્મનું પ્રમાણિક અને સતત પાલન કરનાર આજે કોણ છે? જો હોય તો આજે આપણી આ દશા ન હોત. ત્યારે એવું ધાર્મિક પાલન કરનાર એક વ્યક્તિ આપણા જાણવામાં છે, તે એકની પણ એણે લીધેલી પ્રતિજ્ઞા સગાંસંબંધીઓ કે સ્નેહીઓ આગ્રહથી છોડાવી શકે એમ માનીએ તોપણ એથી હિંદુ ધર્મને કે દેશને શો લાભ થાય? મારી અલ્પ મતિ પ્રમાણે તો એથી ઊલટું જ પરિણામ આવે. એટલે એમને રોકવાના પ્રયાસને હું અયોગ્ય અને નિષ્ફળ સમજું છું.

"પ્રતિજ્ઞાના ગુણદોષ વિચારતાં પણ યરવડા પૅક્ટ પછીનું હિંદુ સમાજના કેટલાક ભાગનું વર્તન જોતાં અને ખાસ કરીને સનાતનીઓ અને કેટલાક કેળવાયેલા હિંદુઓ જે પ્રકારે પ્રચાર કરી રહ્યા છે તે જોતાં વહેલો કે મોડો ઉપવાસ આવી જ પડવાનો હતો. તો પછી થોડા દિવસ ઠેલી શકાત તે ન થયું, એટલા ખાતર શોક શું કામ કરવો? ગુરુવાયુરની ચળવળ શરૂ થઈ ત્યારથી આજ સુધી સનાતનીઓ જે પત્રવ્યવહાર ચલાવી રહ્યા છે તે બધો મારા જોવામાં આવ્યો છે. હિંદુ ધર્મની રક્ષાને નામે જે હળાહળ જૂઠ અને પ્રપંચનો ભારે પ્રયોગ થઈ રહ્યો છે તે પણ હું જોઈ રહ્યો છું. મોટામાં મોટી પદવીએ પહોંચેલા કેટલાક આપણા જ ભાઈઓ આ ચળવળને 'રાજદ્વારી ચાલબાજી' લેખે છે. અને બાપુના ઉપર ઢોંગનું આરોપણ કરે છે. આવા સંજોગોમાં કરોડો ગરીબ અને અભણ અંત્યજોને આપેલા વચન માટે એ ક્યાં સુધી મૂંગે મોઢે જોયાં કરે? હિંદુ ધર્મની રક્ષાનો બીજો કોઈ માર્ગ આપને સૂઝે છે ખરો? જો બીજો કોઈ માર્ગ ન હોય હોય તો જેને ધર્મ એ જીવનથી વધારે વહાલો હોય એ બીજું શું કરે?

"બાપુની ઉંમર અને શારીરિક સંપત્તિ જોતાં એકવીસ દિવસના ઉપવાસની વાતથી મને ધ્રુજારી છૂટે છે ખરી. એમને પોતાને તો શ્રદ્ધા છે કે ઈશ્વર ઉપવાસ નિર્વિઘ્ને પૂરા કરાવશે. પણ મને ભય છે કે એ આશા વધારેપડતી છે. પણ જે અનિવાર્ય છે તેનો શોક કર્યે શું થાય? પ્રભુ જે કરશે તે સારું જ કરશે."

પંડિતજીની સાથે આશ્રમ દ્વારા ઉપવાસની કાવડ કેમ ચાલુ રખાય એની ચર્ચા કરી. એકવીસ જ કરવા એમ નહીં, પણ ચૌદ કરવા. એમ આશ્રમમાં કોઈ નહીં તો કોઈ કરતું જ હોય. ચૌદથી ઓછા તો ન જ

થાય. દરમિયાન વિનોબા, નારાયણ શાસ્ત્રી જેવા તો બહાર ઉપવાસ કરતા પડ્યા જ હોય.

તળેગાંવકર, હરિભાઉ વગેરે આવ્યા. તળેગાંવકર ખૂબ રોયો.

આજે પણ વિનોદ આપનારી માર્ગરેટ હાજર હતી. એણે આવીને માફી માગી. એને ફડાક દઈને મોટો તમાચો બાપુએ ચોડી દીધો અને કહ્યું: મારી પાસે બે વિચિત્ર દીકરીઓ આવી પડી છે. એક પાપમાં ડૂબેલી છે; બીજી પાગલ છે, એ વળી વધારે ખરાબ.

માર્ગરેટ: હા, બાપુ.

બાપુ: મારામાં કાંઈ ગમગીની હોય તો તારા વિચિત્ર વર્તનથી તે દૂર કરાવે એવી તું છો.

એણે હોટેલમાં જઈને રહેવાની વાત કરી એટલે એની પાસેના બધા પૈસા કઢાવ્યા. ગળાની કંઠી કઢાવવાની વાત કરી ત્યાં એ કહે મારે સોની પાસે જવું પડશે.

બાપુ કહે: એક પળમાં એ કાઢી દઉં એટલો સોની તો હું છું જ. પછી તું કહેશે કે મારો બાપ પ્રેમાળ છે એટલું જ નથી, હોશિયાર પણ છે. તારા કરતાં વધારે હોશિયાર તો ખરો જ. એને ખ્રિસ્ત સેવક સંઘમાં જવાનું કહ્યું. પછી પૂછ્યું: મૂર્ખાઓ માટે દવા શી એ ખબર છે? મૌન.

માર્ગરેટ: મને માફ કરો. હું જરા ઉદ્ધત છું.

બાપુ: ના, ના. તું ઉદ્ધત ન ગણાય. ઉદ્ધત માણસોને તો મારી પાસેથી તરત પાણીચું મળે છે.

શાસ્ત્રી: એમાં અપવાદ હોય છે. દા. ત. પેલો રિપોર્ટર.

સવારે મેં પૂછ્યું: આ ઉપવાસ વિષે તમે કહી રહ્યા છો અને લખી રહ્યા છો તેથી કૃત્રિમતા અને દંભને ઉત્તેજન ન મળે?

૩–૫–'૩૩ બાપુ: હું જાણું છું કે મળે. પણ તેનું શું થાય? જગતમાં ઈશ્વરના નામની આસપાસ પાર વગરની કૃત્રિમતા અને દંભ નથી વ્યાપ્યાં? ધર્મની આસપાસ પણ એમ જ નથી થયું? તેથી શું ઈશ્વરને ભૂલી જવાશે? કે ધર્મને ભૂલી જવાશે? હું જાણું છું કે અધિકાર વિના ઘણા ઉપવાસ કરી બેસશે. તેને અટકાવી શકાય. દાખલા તરીકે. . . . . એને તો અગાઉથી જ હું લખી ચૂક્યો છું ના કે તમારાથી આ ન થાય? એની બુદ્ધિ સંકુચિત થઈ ગયેલી છે. એ બંગાળાના મતને સમજવાનો પ્રયત્ન જ નથી કરતા. તુલસી રામાયણની એની પ્રસ્તાવનામાં ભારે ભક્તિ અને નમ્રતા ભરેલાં છે, પણ એનામાં ભારે અભિમાન

પણ પડેલું છે. એને વિષે મારા દિલમાં નિંદા તો હોય જ નહીં. પણ આપણે તો એની યોગ્યતા વિચારી રહ્યા છીએ.

મેં પૂછ્યું: ત્યારે આશ્રમમાં તમે તમારી કાવડ ચાલુ રાખનારા તરીકે જેની આશા રાખો છો તે બધા . . .ના કરતાં ચઢિયાતા?

બાપુ: હા, હા. હું તમારી સાથે વાત કરી રહ્યો છું એટલે કહું છું, કારણ તમે અનર્થ નથી કરવાના. એ લોકોમાં બીજી યોગ્યતા ઓછી હોય પણ . . .ની અયોગ્યતા પણ ન હોય.

મેં કહ્યું: પણ એ બધું એમણે જ વિચારવાનું રહ્યું ને? મને કોઈ એ પૂછ્યું હોય કે ગાંધીજીના સો કે પાંચ સો ઉપવાસ કરનારામાં . . . ખરા કે નહીં? તો હું તો હા જ કહું.

બાપુ: એ તો હું પણ હા કહું. પણ એ છેલ્લા આવે. જેમ છોટેલાલ પ્રસંગ આવ્યે બધાને ચડી જાય એવો છે પણ આજે એને ઉપવાસ ન કરવા દઉં.

હવે તમારી તટસ્થતાની ફરિયાદ વિષે. તમે કહો છો તેવી તટસ્થતા રહેવી જ ન જોઈએ. હું મારા નિર્ણયો હજાર વિચાર કરીને ઘડું છું, અને ઘડ્યા પછી ફેરવતો નથી એટલે એ નિશ્ચયમાં જ પરિપક્વતા એટલી હોય છે કે એને ફેરવવા માટે એકે દલીલ કામ નથી આવી શકતી. એને માટે મારી પાસે જવાબ હોય જ છે. તેનું શું થાય? તમે કહો છો એવા તટસ્થ તો શાસ્ત્રી છે. પણ એ નબળાઈ છે, જેની મશ્કરી વલ્લભભાઈ ઘણી વાર કરે છે અને જેની કડવી ટીકા દાસે કરી હતી.

હું મારા ઉપવાસમાંથી નીકળતી વસ્તુ આશ્રમને ન સમજાવું તો કોને સમજાવું? આશ્રમ એ હું છું, આશ્રમ એ મારી જ મૂર્તિ છે; એટલે હું જે કરું છું તે આશ્રમ જ ન કરે તો પછી કોણ કરે એવી આશા રખાય? એટલે જ હું આશ્રમની પાસે વધારે ને વધારેની આશા રાખી રહ્યો છું.

(મૅક્‌રેને) હું જાણું છું કે આ જબરદસ્ત સરકાર મારે માટે યોજનાઓ વિચારી રહી છે, પછી મારે શું કામ કશી ચિંતા કરવી જોઈએ?

સરોજિની: ઈશ્વરને કે શેતાનને તમે કશી તક આપી નથી.

બાપુ: પણ સરકારને જરૂર આપું છું.

સરો૦: અત્યારે પણ તમે સ્વાસ્થ્ય સારું જાળવી રહ્યા છો.

બાપુ: મોત આવે તે પહેલાં શા માટે મરવું?

આ અને મીરાબહેનનો હૃદયવેધક તાર આવ્યો, તેનો બાપુએ એવો જ મર્મવેધી જવાબ વાળ્યો.

જનરલ સ્મટ્સનો ઉદાર પ્રેમથી ઊભરાતો તાર છાપામાં આવી ગયો છે પણ હજી સરકારને ત્યાંથી અહીં આવતાં તો દહાડા જશે.

સરોજિની નાયડુએ કાલે આવતાંવેંત જ બાપુને મોકલેલી ચિઠ્ઠી :

"મારું આગમન જાહેર કરવા આ લખું છું. તમારા અંગત નિર્ણયની બાબતમાં ઈશ્વરને કે શેતાનને પસંદગી કરવાની તક આપો એવા તમે નથી એ હું જાણું છું. આજે સાંજ સુધીમાં તમને મળી જઈશ, પણ તે વિરોધ કરવા કે દલીલ કરવા કે વધાવી લેવા કે વખોડી કાઢવા નહીં. તમે જેટલા તમે છો તેટલી જ હું તે હું છું."

૪–૫–'૩૩

ડૉ. અનસારીનો કાલે સાંજે તાર આવ્યો હતો : હું આ ઉપવાસને મંજૂરી આપી શકું એમ નથી, પણ જો ઉપવાસ થાય જ તો ભયની હદે પહોંચ્યા એમ દાક્તર કહે એટલે તમારે ઉપવાસ છોડવો. એનો જવાબ આપ્યો :

"તમે તો ખુદા પર યકીન રાખનારા છો. તમને કહું છું તે સાચું માનજો કે આ ઉપવાસ મેં મારી ખુશીથી નથી લીધા. એ ખુદાનું કડક ફરમાન છે. તેથી એ જ મારો અદૃશ્ય હકીમ છે. જો એની સારવારથી હું નહીં બચું તો તમારા જેવા કુશળ દાક્તર અને પેગંબરસાહેબને આફતને વખતે મદદ કરનાર (અનસારીઓ)ના વંશજ મને શી રીતે બચાવશે ? પ્યાર."

રંગૂનવાળાઓને આ કટોકટીને પ્રસંગે પણ મિલકતની વહેંચણી માટે સલાહ લેવી છે. બાપુ કહે : સોમવારે પણ મળવા આવવા દેવા જોઈએ. પરમ મિત્રના પુત્રો છે, એને કેમ ના પડાય ?

ખંભાતા જેવાને પત્તું લખીને તબિયત સંભાળવા સલાહ આપે છે : "મારા ઉપવાસ ઈશ્વરના હાથમાં છે એટલે એની ચિંતા હોય જ નહીં. ત્યાં જ ગાય જો મળે તો તેને સામે રાખી આંચળ સાફ કરાવી દોવરાવી દૂધ મેળવો તો બહુ સારું. દૂધ અને ફળના રસ ઉપરાંત કંઈ જ ન લેશો. તમને અને તેહમીનાને આશીર્વાદ — બાપુ."

રાજાજી સાથે સંવાદ :

બાપુ : કાયદાશાસ્ત્રમાં પણ આપઘાતનો હક સ્વીકારેલો છે. તમે મને પૂછશો કે રામતીર્થ, રામકૃષ્ણ, વિવેકાનંદ કોણે આવી તપશ્ચર્યા કરી છે ? રામતીર્થે ઇરાદાપૂર્વક આપઘાત કર્યો કે સમાધિમાં તેમ કર્યું, પણ તેનું કાંઈ પરિણામ આવ્યું છે ? તમે તો પૂછશો કે ઈસુ ક્રૂસ ઉપર ચડ્યો તેની કાંઈ અસર થઈ છે ?

રાજાજી : પણ હિંદુ ધર્મ આપઘાતને મંજૂર રાખતો નથી.

બાપુ : હું જાણતો નથી. પણ મહાદેવ મને કહેતા હતા કે ગંગામાં ડૂબી મરવાનો રિવાજ છે.

રાજાજી : એ તો ગંગાજળથી પાવન થવા માટે. હું એટલું કબૂલ કરું છું કે આ બધાં પાપનું કારણ તમે હો તો તમે આપઘાત ભલે કરો. તાર્કિક દૃષ્ટિએ તમારો વિજય થયો ગણાય, પણ એવો વિજય તો તમારે નથી જોઈતો ને?

બાપુ : મારે તો પ્રાયશ્ચિત્ત કરવું છે. નૈતિક હેતુ સિદ્ધ કરવા માટે સાધનો પણ નૈતિક હોવાં જોઈએ. કાર્ડિનલ મૅનિંગને ત્રણ બિસ્કિટ અને પાણી ઉપર રાખવામાં આવ્યો હતો. એકવીસ દિવસના ઉપવાસ કરવા એ કાર્ડિનલ મૅનિંગ જે ધીમા મોતથી મર્યાનું કહેવાય છે તેના કરતાં ઘણું સહેલું છે. નૈતિક સુધારો તપશ્ચર્યા અને આત્મશુદ્ધિ જેવાં નૈતિક સાધનોથી જ થઈ શકે. એમાં જે વૈજ્ઞાનિકોએ આ વસ્તુનો અનુભવ કર્યો છે તેમના દાખલા લેવા જોઈશે. હું તથા મારી મા જે કુટુંબમાં આવાં વ્રત રોજની વસ્તુ હતી તેમાં જન્મેલાં છીએ. તેમનો આ અનુભવ છે. મારી માનાં કડક વ્રત કદાચ મારા પિતાને નહીં ગમતાં હોય, પણ તેના ઉપર કશી ખોટી અસર થઈ નહોતી. અને તેના પ્રત્યે અમારો આદર તે કારણે વધતો જ હતો.

રાજાજી : આ ઉદાહરણ કેવળ વિચારસાહચર્યનું છે. મા એવાં વ્રત કરતી હતી તેથી તમે પણ કરો એનો બચાવ થઈ શકે ખરો? કોઈ માણસ શરીરમાં સોયો ભોંકે તેથી લોકોને શી રીતે સમજાય કે માણસને અસ્પૃશ્ય ગણવો એ પાપ છે?

બાપુ : ત્યારે થોડા દિવસના ઉપવાસ કરું તો? અથવા આ ઉપવાસને અંતે ન મરું તો?

રાજાજી : એ એની વચ્ચે કશો સંબંધ જ નથી. તમે તો એમ માનતા જણાઓ છો કે દેહદમન અને પ્રતીતિઓ વચ્ચે ગૂઢ સંબંધ રહેલો છે. આવા દેહદમનની સામે બુદ્ધે પહેલો વિરોધ ઉઠાવ્યો.

બાપુ : સાચા ઉપવાસ ત્યારે ગણાય જ્યારે ચિત્ત અને આત્માનો શરીર સાથે સહકાર હોય. બુદ્ધે જે વાંધો ઉઠાવ્યો તે કેવળ દેહના ઉપવાસ સામે હતો.

રાજાજી : દસ દિવસ પછી તમે સ્પષ્ટ વિચાર કરવાની શક્તિ રાખી શકશો?

બાપુ : અગાઉ તો મેં રાખેલી છે જ. શુદ્ધ ઉપવાસમાં વિચારો વધારે પવિત્ર થાય છે. જોકે એનું કશું બાહ્યચિહ્ન ન દેખાય. એક સાથીએ પંચાવન દિવસના ઉપવાસ કર્યાં છતાં તેના વિચારો શુદ્ધ નહોતા થયા, કારણ તેનું ચિત્ત શુદ્ધ નહોતું. પહેલે જ દિવસે ઉપવાસને અંતે પોતે શું કરશે તેની એણે મારી સાથે ચર્ચા કરવા માંડી. અત્યારે એનું મગજ ઠેકાણે નથી. પોતાના મનની મલિનતા બતાવનારો એક કાગળ તેણે મને લખેલો. પણ જે માણસનું ચિત્ત ઈશ્વરમાં અથવા તો પવિત્ર કાર્યમાં ચોંટેલું છે તેને તો જે વસ્તુઓ શરૂઆતમાં અંધકારમય દેખાતી હોય તે ધીમે ધીમે વધુ ને વધુ સ્પષ્ટ થવા માંડે છે.

રાજાજી : અમુક હદ સુધી જ તે સાચું ગણાય.

બાપુ : એમ કહેવામાં તમે ભયભરેલી ભૂમિકા ઉપર જાઓ છો. વૈજ્ઞાનિકના અનુભવને તમારે માનવો જોઈએ. જે માણસ પવિત્ર છે, સત્યપરાયણ છે અને સત્યને જ વળગી રહેવા માગે છે તે ભૌતિક વિજ્ઞાનવેત્તાઓના જેવો જ વૈજ્ઞાનિક છે.

રાજાજી : પણ આ તો અસ્વાભાવિક સ્થિતિ કહેવાય.

બાપુ : પશુઓને માટે અસ્વાભાવિક હોય, માણસને માટે નથી. તમારે અદૃશ્યનું દર્શન કરવું હોય તો અદૃશ્ય થવું પડે.

રાજાજી : તમારે અદૃશ્યનું દર્શન કરવું છે?

બાપુ : હા. કારણ મારે હરિજનોની સેવા ઉત્તમ રીતે કરવી છે. અસ્પૃશ્યતા નાબૂદ કરવી હોય તો સોળ કરોડ માણસોનાં હૃદયને અસર પહોંચાડવી જ જોઈએ.

રાજાજી : ભૂતપ્રેતથી બચવા માટે લાકડાનો સ્પર્શ કરવાનો એક વહેમ છે અને તેમાં ઈશ્વરને સંડોવવામાં આવે છે. પણ આવી ગૂઢ વાતોની પણ હદ હોય છે.

બાપુ : મને ગૂઢ તત્ત્વની શરમ નથી. તમે તો એમ કહેવા માગો છો કે ગૂઢ તત્ત્વને માનવું એ નુકસાનકારક છે.

રાજાજી : હા, જો એનું પરિણામ મોતમાં આવતું હોય તો.

બાપુ : તમે તો દહીં ને દૂધ બેયમાં પગ રાખો છો. દલીલની ખાતર હું કહું કે આત્મઘાતક ઉપવાસ ખોટા છે, એ તમારી વસ્તુ મને માન્ય છે. પણ બધા ઉપવાસ એવા નથી હોતા. તમારી દલીલનો અર્થ તો એવો થાય છે કે દેહદમનથી લાભ થઈ જ ન શકે.

રાજાજી : થાય પણ ખરો.

બાપુ : વૈદકીય દૃષ્ટિએ?

રાજાજી: ના, માનસિક પણ થાય.

બાપુ : ત્યારે તમે હારી ગયા. તેમ હોય તો ઉપવાસ કરનાર વ્યક્તિ ઉપર એ વાત છોડી દેવી જોઈએ. આ ઉપવાસ મેં સ્વેચ્છાએ નથી લીધા. મને આદેશ મળ્યો છે.

રાજાજી: ઠીક. આ બાબતમાં મિત્રો તમને સલાહ આપી શકે ખરા?

બાપુ : જરૂર.

રાજાજી : જો ૮૦ ટકા સંભવ મૃત્યુનો હોય તો આ તો જુગાર કહેવાય. તમે કહેશો કે એ સારો જુગાર છે. મને તો લાગે છે કે જેલમાં રહીને એકની એક વસ્તુ મનમાં ઘોળ્યાં કીધી તેને લીધે તમે તારતમ્ય-બુદ્ધિ ખોઈ બેઠા છો. તમારામાં અખતરા કરવાનું અદંગ કુતૂહલ છે. મોતની સાથે આ અખતરો કરી રહ્યા છો: તેમાં તમે ખોટે રસ્તે દોરવાયા છો. એવો કોઈ માણસ બતાવશો જેણે તમારું આ પગલું પસંદ કર્યું હોય?

બાપુ : ડંકન, ઍન્ડ્રૂઝ.

રાજાજી : એ લોકોના અભિપ્રાયની કેટલી કિંમત ગણવી? એના કરતાં તો મારો અભિપ્રાય ક્યાંય ચડી જાય. ઍન્ડ્રૂઝને તો ઓરડીને તાળું દેતાં પણ ન આવડે, અને એ જીવનને તાળું દેવાની વાત કરે છે. અને તમે પણ ઈશ્વરના કાયદા પૂરેપૂરા જાણવાનો દાવો કેમ કરી શકો? હું તો કહું છું કે તમે વધારે સાવધાન થાઓ. કોઈ વાર ઈશ્વરની પ્રેરણા મળે એ શક્ય છે પણ કાંઈ હંમેશ ન મળે.

બાપુ : ત્યારે તમે ઈશ્વરી પ્રેરણાની શક્યતા તો સ્વીકારો છો ને? સ્વીકારો એટલે તમારો કેસ તમે હાર્યા.

રાજાજી : પણ આ પ્રસંગમાં એ પ્રેરણા ખોટી પણ હોય. બુદ્ધિને બંધ કરી દેવી એમાં તો અધીરાઈ રહેલી છે. કેટલીક વાર ઈશ્વર અધીરાઈનું રૂપ પણ ધારણ કરે છે. કેટલીક વાર દુષ્ટનું રૂપ પણ ધારણ કરે છે, કોઈ વાર માછલાનું અને કોઈ વાર કાચબાનું રૂપ ધારણ કરે છે. હું તો તમે એટલું સમજો એ જ ઇચ્છું છું કે કોઈ વાર તમારી પણ ભૂલ થતી હોય. આ દાખલામાં હું ઇચ્છું છું કે તમે એટલું સમજો.

બાપુ : પણ પરિણામ જણાયા સિવાય હું ભૂલ શી રીતે કબૂલ કરું? આ ઉપવાસનો નિશ્ચય મારી ઇચ્છાની વિરુદ્ધ થઈને મેં કર્યો છે. મારું મન કેમ કામ કરી રહ્યું છે તે મારા કાગળોમાંથી મહાદેવ બતાવશે.

રાજાજી : એ તો તમે વિચારોને ગૂંગળાવી રહ્યા છો.

પછી કેવી રીતે નિશ્ચય કર્યો એ બાપુ વર્ણવે છે અને કહે છે: તમારી દલીલ હું સ્વીકારું તો તો મારે કામ કરતા બંધ થઈ જવું જોઈએ.

રાજાજી: પણ બુદ્ધિથી વિરુદ્ધ એવી પ્રેરણા ન હોઈ શકે.

બાપુ: મારી બુદ્ધિથી વિરુદ્ધ ન હોય. . . .

આમાં એકમાત્ર હેતુ શુદ્ધિનો છે. મારી પોતાની શુદ્ધિ અને સાથીઓની શુદ્ધિ. બીજાં પરિણામો એમાંથી નીપજશે. હું જોઉં છું કે મારી હાજરીમાં અશુદ્ધિ હસ્તી ધરાવી શકે છે. આનો અર્થ એ થયો કે મારા પોતાનામાં અશુદ્ધિ છે.

એક હરિજનસેવક આગળ:

મરી ગયેલા માણસો આજે કામ નથી કરતા? પવિત્રતા આદિ ગુણો એ સત્યની પ્રજા છે. એનો નાશ નથી થતો. સત્યના વૃક્ષનો નાશ નથી, અસત્યના વૃક્ષનો નાશ થઈ ગયો છે. સત્યના વૃક્ષનાં ફળ આજે આપણે ભોગવીએ છીએ. હું તો રામરસ લેવા માગું છું. રામરસ મને જીવતો ન રાખે તો મોસંબીનો રસ શી રીતે જિવાડશે? અસ્પૃસ્યતાનો નાશ કરવા માગે એણે રામરસ પીવો જોઈએ. હું રામને ધોકો નહીં દઉં. મારી રામની ભક્તિ હૃદયની હોય તો આ દેહ ન જ પડે. તમારે નિશ્ચિંત રહેવું જોઈએ અને તમારા હરિજનોમાં જેટલા દુરાચાર હોય તે કાઢી નાખવા જોઈએ. અને છતાં આ દેહ પાડવાની રામની ઇચ્છા હોય તો તે એ માટે જ હોય કે બીજી રીતે પડે એના કરતાં આ રીતે પડે એ ઉત્તમ છે.

ફરી પાછા રાજાજી સાથે:

વિચારો બીજા ત્રીજા ન જ આવે તેવી સ્થિતિ મારી નથી થઈ ગઈ.

ધારો કે જે વસ્તુઓને હું અશુદ્ધ તરીકે વર્ણવું છું તે શુદ્ધ સાબિત થાય તોપણ હું ઉપવાસ કરીશ. અશુદ્ધિઓ છે જ અને મને લાગે છે કે તેને માટે હું જવાબદાર છું. વળી આ સવાલનો રાજદ્વારી દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે એ ખોટું છે. પાયાની વાત એ છે કે આ ચળવળ ધાર્મિક વૃત્તિથી જ ચલાવવી જોઈએ.

ધર્મ એ અંતરની સમજની વસ્તુ છે. એ હૃદયની વાત છે, શ્રદ્ધાની વાત છે, સનાતન મૂલ્યની વાત છે. શરીરો તરીકે આપણું કશું સનાતન મૂલ્ય નથી. ઈશ્વર કહે છે કે નામરૂપધારી હરકોઈ વસ્તુનો નાશ છે. સૂર્ય પણ સનાતન નથી. વિજ્ઞાન પણ આ બાબતની સાક્ષી પૂરે છે. પણ આપણી પ્રવૃત્તિઓ ભૌતિક વસ્તુઓ સાથે સંકળાયેલી હોય છે. મારા ઉપવાસ સંપૂર્ણપણે આધ્યાત્મિક હેતુ માટે છે. મારા કરતાં બુદ્ધિમાં

અનંતગણા ચડિયાતા હોય તેમની સામે હું દલીલમાં કેમ ટકી શકું ? પણ હૃદયની પ્રતીતિની વાત આવે છે ત્યારે એમની સામે હું ઊભો શકું છું કારણ તેમાં કાંઈ સંસ્કૃત ભાષાના જ્ઞાનની જરૂર પડતી નથી. ગરીબોને સદ્‌ભાગ્યે એ હૃદયમાં વસે છે અને હું હૃદયને શોધવા માટે ઉપવાસ કરું છું. જોકે વરસાદને માટે અને બીજી ભૌતિક વસ્તુઓને માટે ઉપવાસ કરવાની પ્રથા છે ખરી.

પછી રાજાજીની સાથે ખૂબ વઢ્યા, ઝઘડ્યા, અંગારા ઝર્યાં, અને ઉકળાટ તથા આવેશ સાથે બોલ્યા :

મારી પ્રતીતિઓને તમારે માન આપવું જ જોઈએ. તમે તો મારી પ્રતીતિ એકાએક છોડી દેવાનું કહો છો. મારી સાથે લડો, દલીલ કરો, હું ભૂલ કરતો હોઉં એવું બને પણ તમે તો શક્ય વસ્તુને નિશ્ચિત તરીકે માનવાનું મને કહો છો. આ ઉપવાસમાં મારું મોત જ નીપજશે એ નિશ્ચિતતા સાથે જો હું ઉપવાસ કરતો હોઉં તો હું જૂઠો છું. આ વસ્તુમાં મારી ભૂલ છે એમ તમે મારાં પોતાનાં વિધાનો લઈને મને ખાતરી ન કરાવી આપો ત્યાં સુધી મારા વિશ્વાસને તમારે ડગાવી દેવો જોઈએ નહીં. કોઈ પણ માણુસ ઈશ્વરના જેવી નિશ્ચિતતા ન પ્રાપ્ત કરી શકે. પણ મારા વહાણનો સુકાની તો હું જ હોઉં ના?

રાત્રે દિલગીર થયા. અને રાજાજી સાથે ક્રોધ કર્યો તે માટે માફી માગવાની પ્રતિજ્ઞા કરી.

સવારે સવા બે વાગ્યે ઊઠીને રાજાજીને માફીપત્ર લખ્યો.

૫–૫–'૩૩ શંકરલાલ આવ્યા તેની સાથે ઉપવાસ વિષે વાતો કરી : આ ઉપવાસ બધા ઉપવાસોથી વધારે પવિત્ર છે. આ શુદ્ધિનું કાર્ય બીજી રીતે થાય જ નહીં. માણુસે ભારે કામ કરવું હોય અને પોતાનો બોજો ઈશ્વરની ઉપર ઠેલવો હોય તો એણે શૂન્ય થઈ જવું ઘટે. એ શૂન્યતા બીજી રીતે શી રીતે સધાય?

આપણે ત્યાં હઠયોગ છે, શ્વાસ રૂંધવાની ક્રિયા છે. સમાધિસ્થ માણુસને ઝેર ચઢતું નથી. બીજી રાજયોગની ક્રિયા છે. જો મારું ચિંતવન જ એમ ચાલતું હશે કે ઈશ્વરની સાથે મેં મન જોડ્યું છે — મન સમાધિસ્થ છે — તો મારો દેહ નહીં પડે. મારા મનની સમાધિ કુદરતી જ હશે. મારા મન ઉપર કાબૂ આ ઉપવાસમાં અગાઉના ઉપવાસ કરતાં વધારે હશે. પણ જો હું કેવળ રામરસ જ ન પીતો હોઈશ તો આ શરીર ઊડી જશે. જો હું ઊડી ગયો તો એમ જ સમજજો કે આ કામ ઈશ્વરને મારે

હાથે નહોતું લેવું. મેં નારણદાસના ક્રોધની વાત કરીને લખ્યું કે મારામાં પણ ક્રોધ ભરેલો છે ત્યાં બીજાની શી વાત કરું? એ વીંછી પડ્યો છે તે પ્રસંગ આવ્યે પ્રગટી જ ઊઠે છે.

શંકરલાલ: હું તો માનું છું કે આપ વિનાપ્રયોજન ઉપકાર કરનારા છો. હું તો ઉપવાસ કરું તો અમુક હેતુથી જ થાય. આપ કાંઈ એવા હેતુથી ન કરો એ જાણું છું. હું કોણ આપને એમાં ત્રુટી બતાવનારો? એટલું કહું કે જે નૈતિક પરિવર્તન તમારે જોઈએ છે તે માટે સમય જોઈએ. દાંત ઊગતાંયે બે વરસ લાગે છે. હું આટલું આપની પાસે રહ્યો, છતાંયે હજી જરાયે શુદ્ધિ મારામાં નથી, તો બીજાની શી વાત કરું? પામર ખેડૂત, હરિજન, આજે અનેક રીતે અકળાઈ રહ્યા છે. એમને વધારે ન અકળાવો.

હું આપનાથી કરોડો માઈલ દૂર રહેવાને પણ લાયક નથી. આપની પાસે રહું તો આપની એકેએક વસ્તુને અપવિત્ર કરું. છતાં તમે મારી મા શા સારુ થયા? હું તો માગું છું કે તમે જીવો. મોહ કહો, એને જે કહેવું હોય તે કહો. હું તો મારું પાપી દિલ તમારી આગળ ખોલું છું.

મેક્‌રેનો તુક્કો કે તમે ત્રણ દિવસમાં છૂટશો. છૂટ્યા પછી શું કરશો?

બાપુ: જ્યાં સુધી હું છૂટ્યો નથી ત્યાં સુધી છૂટ્યા પછી શું કરીશ એ કેમ કહી શકું?

પછી માર્ગરેટ વિષે બોલ્યા:

તેનામાં વિચિત્રતા છે, તેનાથી તેને બચાવી લેવાની જરૂર છે. સામા ઉપવાસ કરવાનો ગાંડો નિર્ણય તેણે કર્યો છે તે ધીમેથી તેને સમજાવીને છોડાવવો જોઈએ. મેં જે પવિત્ર નિશ્ચય કર્યો છે તે આવા કોઈના નિર્ણયથી બદલાય એ શક્ય નથી. એટલે હું આશા રાખું છું કે જે કોઈ એનો હવાલો લેશે તેનામાં એટલી માનવદયા હશે જ કે તેના ગાંડા વિચારમાં તેને ઉત્તેજન ન આપે.

આ ઉપવાસનો વિચાર હું છોડી દઉં તો હું તદ્દન નકામો માણસ બની જાઉં. કારણ હું માનું છું કે એ ઈશ્વરે મોકલેલા છે. જોકે આવું માનવામાં મારો ભ્રમ હોઈ શકે.

આઠમીએ બાર વાગ્યે મારી સ્વતંત્રતા શરૂ થાય છે. પણ તમે વર્ણવો છો એવી જેલમુક્તિની નહીં.

મારે વિષે એટલું કહેવાય કે હું કદી દુષ્ટ રીતે નથી વર્ત્યો, તો મને પૂરેપૂરો સંતોષ છે.

કેલકરે કહ્યું કે આમાં બળજબરી છે.

બાપુ: હું માગું છું એ બધુંય સનાતનીઓ આપે તોપણ હું ઉપવાસ કરતો અટકવાનો નથી. પછી બળજબરીની વાત ક્યાં રહે છે?

જમનાલાલજીનો તાર આવ્યો: "આવવાનું મન થયું. પણ ઢબુ ઉછાળ્યો અને પરિણામે રહી ગયો છું."

સરોજિની હસે છે. અને કહે છે: ત્યારે તમારે ઉપવાસ કરવો જોઈએ કે નહીં તેનો પણ ઢબુ ઉછાળીએ તો?

રાજાજીએ પાછી દલીલ કરી: એક વસ્તુ સ્પષ્ટ છે કે તમે મરવાનો નિશ્ચય કરી બેઠા નથી.

બાપુ: હા, એટલું સ્પષ્ટ છે. પણ દાક્તરો કહે કે એકવીસ દિવસના ઉપવાસમાં તમે જીવી શકો નહીં તો તેથી હું મારા નિશ્ચયમાંથી ચલિત થાઉં નહીં. હું નબળો પડું એવી શક્યતા દેખાતી તો નથી. મારી પ્રતીતિ તો વધતી જ જાય છે કે ઈશ્વર મારા ગજા ઉપરાંત મારી કસોટી નહીં કરે.

રાજાજીની સાથે નરસિંહમની ચિંતા કરે છે અને તેને લોનાવલા મોકલવો કે સિંહગઢ મોકલવો એની ચર્ચા કરે છે.

૬–૫–'૩૩ રાજાજી એ ચર્ચા કરવાની સાફ ના પાડે છે છતાં આગ્રહપૂર્વક ચર્ચા કરે છે.

આજે સવારે કહે: મારું શરીર મને અતિશય સ્વસ્થ લાગે છે. ધુરંધર કહે છે કે આ ઉપવાસનો નિશ્ચય કરી નાખ્યો છે એ માનસિક દૃષ્ટિએ બહુ અનુકૂળ વસ્તુ ગણાય. એ વાત હું માનું છું. જુઓની, ગયા ઉપવાસ વખતે તો હું શરીરના ઉપર પ્રયોગો કર્યાં કરતો હતો — રોટલા, રોટલી, રોટી, વગેરે. આ વખતે તો આ ઉપવાસની તૈયારી ફળ અને દૂધથી મહિના ઉપરાંતથી ચાલી રહી છે.

પછી કહે: અને ઈશ્વરને આ કામને માટે મને જિવાડવો છે એમ મને તો વિશ્વાસ જ છે. મારું મરણ થાય તોપણ આસ્તિક લોકોએ તો જરાય ડરવાનું નથી. તેમની આસ્થા કાયમ રહેશે. પણ નાસ્તિકો વધારે નાસ્તિક બનશે અને સનાતનીઓ નાચશે. કોણ જાણે ભગવાને શું ઇચ્છ્યું હશે.

(રાજાજીને) હું કહું છું કે નીલાના અથવા આશ્રમનાં બાળકોના કિસ્સાથી આ ઉપવાસ નથી આવ્યા, એ હું સોએ સો ટકા સાચું કહું છું.

લક્ષ્મણ શાસ્ત્રી : ઉપવાસની પ્રતિજ્ઞા કર્યા પછીની તમારી સ્થિતિ જોઉં છું તો મને તમારા મુખ ઉપર શાંતિ અને આનંદ લાગે છે, જે અગાઉ હું નહોતો ભાળતો.

એની આગળ ઉપવાસનાં કારણોનું પૃથક્કરણ કર્યું : ત્રણ વિભાગ (૧) હરિજનો ઉપર ચાલી રહેલા અત્યાચારો (૨) એક પ્રોફેસર લખે છે કે હરિજનોથી જ આપણે હિંદુ ધર્મની રક્ષા કરી શકશું. એમાં ગુંડાશાહી છે અને સ્વાર્થ છે. (૩) હરિજનસેવકોના દિલમાં છે કે રાજદ્વારી સત્તાથી બધું થઈ શકશે. એમનામાં અપવિત્રતા પડી છે, તેના ભયાનક દાખલા મારી પાસે આવ્યા છે.

ધાર્મિક પરિવર્તન માટે યજ્ઞ સિવાય બીજો ઉપાય નથી.

હરિલાલના કાગળનો હૃદય-પરિવર્તનકારક જવાબ આપ્યો. કાકા આગળ બોલ્યા : હરિલાલ જો પાછો મળતો હોય તો તેને માટે બેતાળીસ ઉપવાસ કરું.

મનમોહનદાસ રામજી અને એનો દીકરો આવ્યા.

મ૦ રા૦ : અંત્યજો માટે બધી સગવડો કરી આપવાની ફરજ છે, એ પ્રમાણે જ વર્તન થાય છે. કેટલીક માન્યતાઓ એટલાં ઊંડાં મૂળ ઘાલીને બેઠી છે કે એમાં ઝટ ફેરફાર કરવો મુશ્કેલ છે.

મંદિરો વિષે બધા રાજી હોય એટલે કોણ? ટ્રસ્ટીઓ રાજી હોય, પણ અંદર જવાવાળા રાજી છે? એ લોકો અંત્યજો સાથે જવામાં રાજી ન હોય તો? એટલે એકમત થયા વિના રોજ મારામારી થવાની. વેરથી કામ ઓછું થશે. આ કામ કોક દિવસ તો થવાનું જ છે. કાળ બળવાન છે, પણ બળાત્કારે આ ન થાય.

બાપુ : હું તો બળાત્કાર માગતો જ નથી.

મ૦ રા૦ : આ પતન થયું છે એનું કારણ એ છે કે ધર્માચાર્યો પોતાનું કર્તવ્ય ભૂલી ગયા છે. એમને હું તો કહું છું કે તમે સોયની અણી ઉપર છો. ક્યારે ઊખડી જશો તે કહી નથી શકાતું.

બાપુ : એટલે જ હું કહું છું કે ધર્મ કાયદાના હાથમાં ચાલ્યો જાય એ હું નથી ઇચ્છતો. હું તો મિત્રોને કહી રહ્યો છું કે અસ્પૃશ્યતા-નિવારણનું બિલ પાસ કરો એટલે મંદિરપ્રવેશના બિલની જરૂર નથી.

ડૉ. સૈયદને બાપુ કહે કે ૨૯મીએ મળવા આવજો. આ મારી ચોક્કસ તારીખ આપું છું.

સૈયદ : હું આપને માટે પ્રાર્થના કરીશ.

બાપુ : દુષ્ટને માટે જરૂર પ્રાર્થના કરજો.

જાદવ નામનો હરિજન વિદ્યાર્થી કહે છે કે મારે તમારા સિવાય બીજા કોઈની મદદ નથી લેવી. કારણ આખું જગત જૂઠું છે.

બાપુ: ત્યારે તો તારે મને છોડવો જોઈએ. જો મારા બધા સાથીઓ જૂઠા હોય તો હું તો જૂઠનું પૂતળું હોવો જોઈએ.

પેલો ઘડીક સ્તબ્ધ થયો, અને પછી ધ્રુસકે ધ્રુસકે રોઈ પડચો અને બોલ્યો: જો જગત જૂઠું ન હોય તો અમને છોડીને તમે શા સારુ ચાલ્યા જાઓ છો? અમે પાપી છીએ, તમારા બધા સાથીઓ પાપી છે, એટલે ચાલ્યા જાઓ છો ના?

બાપુ: હું ક્યાં ચાલ્યો જાઉં છું? હું તો જીવતો જ રહેવાનો છું. જો, હું જીવતો રહેવાનો છું અને તને કહું છું કે ૨૯મી તારીખે મારે માટે એક નારંગી લઈને આવજે. તારી નારંગીના રસથી ઉપવાસ તોડીશ. પેલો ખુશ ખુશ થઈને ગયો.

એક મુલાકાતમાં:

મારે કમનસીબે ઈશ્વરે અથવા સત્યે આ ઉપવાસ મોકલવા જોઈતા હતા તેના કરતાં ઘણા મોડા મોકલ્યા છે. પણ ખુદ ઈશ્વરનો કાજી હું કોણ? એટલે મારે તેના કડક ફરમાનને તાબે થવું રહ્યું. મારો મત એવો છે કે યરવડાનો કરાર થયા પછી હરિજનપ્રવૃત્તિનો આરંભ કરતા પહેલાં મારે આવા ઉપવાસ કરવા જોઈતા હતા. પણ તેમ થવાનું નહીં સર્જાયું હોય, એટલે ઉપવાસ હમણાં આવ્યા. પ્રવૃત્તિ શરૂ થઈ ગયા પછી તેની તૈયારી રૂપ યજ્ઞ હવે થાય છે. પણ સાથે સાથે આ શુદ્ધિયજ્ઞ પણ છે. તમારે એટલું સમજવું જોઈએ કે આ બધી નિર્ણય લીધા પછીની દલીલો છે. જ્યારે મને લાગ્યું કે મને સ્પષ્ટ આદેશ મળ્યો છે તે વખતે આ બધી દલીલો મારી સામે ન હતી. તે વખતે તો આદેશ મારી સામે આવીને ઊભો રહ્યો. અને તેને હું વશ થયો. તમારા બીજા સવાલનો જવાબ હવે બહુ સાદો અને સહેલો થઈ જાય છે. આ ઉપવાસ મારા દુઃખનો પ્રત્યાઘાત જરાય નથી. જરૂર હું જેને અશુદ્ધિઓ કહું છું અને તમે જેને ગેરવાજબી કૃત્યો કહો છો તેને માટે આ પ્રાયશ્ચિત્ત છે, અને એ અનિવાર્ય હતું. અશુદ્ધિના આઘાત પહોંચાડે એવા દાખલા જોવામાં આવ્યા તેથી જ હું ઉપવાસ કરું છું એમ કહેવું એ પણ તદ્દન ખોટું છે, એમ હું પૂરેપૂરી ખાતરીથી કહી શકું છું. કારણ મોટી અશુદ્ધિઓ મારા ધ્યાનમાં આવી તેની તારીખો પણ હું આપી શકું એમ છું, અને છતાં વ્યક્તિઓના એવા દોષો માટે ઉપવાસ કરવાનું તે વખતે મને કારણ જણાયેલું નહીં. વ્યક્તિઓના દોષો માટે અગાઉ મેં ઉપવાસ કર્યા છે ખરા, પણ કેદી તરીકે જેલમાં

મારાથી એવા ઉપવાસ ન થાય. પણ હરિજનપ્રવૃત્તિ જેવી મહાન ચળવળ ચલાવવી એ જુદી જ વસ્તુ છે. વ્યક્તિના દોષ માટે દરેક વખતે ઉપવાસ કરવા એ કોઈ પણ માણસની શક્તિની બહારની વાત છે. જોકે આવા દાખલાઓને લીધે ઉપવાસને માટે મારા દિલમાં અજાણ્યે ભૂમિકા તૈયાર થઈ એમ જરૂર કહી શકાય, છતાં આ યજ્ઞને માટે મુખ્યત્વે અથવા સંપૂર્ણ રીતે કોઈ એક પ્રસંગ અથવા વ્યક્તિ જવાબદાર છે એમ હું ચોક્કસ આંગળી બતાવીને કહી શકું એમ નથી. આ ઉપવાસની ઘણા વખત પહેલાં જરૂર હતી તે હું આજ કરું છું એમ કહી શકાય. જરૂર એટલા માટે હતી કે મારી પોતાની અને મારા સાથીઓની શુદ્ધિ આવશ્યક છે.

એટલે તારીખ આઠમીને સોમવારે બપોરે બાર વાગ્યે જો હું જીવતો હોઈશ તો આ ઉપવાસ શરૂ થવાના છે.

સવારે કહે: વારુ હવે તો ભગવાન રાખશે તો ૩૦મીએ ગીતા બોલશું. અને બધા સાથે તો કોણ જાણે ક્યારે?

૭–૫–'૩૩ વલ્લભભાઈ: હું તો ૨૯મીએ સાથે શી રીતે હોવાનો?

બાપુ: ઈશ્વરની શક્તિ અપાર છે. એ ન ધારેલી વસ્તુઓ કરાવે છે. ૨૮મીએ જ ભેગા થઈ જઈએ તો?

સુપરિન્ટેન્ડન્ટ આવી ગયા. એ કહે: પેલા યાર્ડમાં જાઓ. એક બરદાસી લઈ જશો.

બાપુ કહે: બધા કે હું એકલો? ગયા ઉપવાસ વખતે પણ એમ જ હતું.

પેલો કહે: ભલે ત્યારે પૂછી આવું. કાલે જજો.

આખો દિવસ કાગળો જ લખ લખ કીધા. મારો લેખ સુધાર્યો અને એમાં રાજાજીની ઉપર થયેલા ક્રોધ વિષે પણ ઇશારો કરવાનું કહ્યું.

વિલાયતના બધા મિત્રોને કાગળો લખ્યા. હેનરીને લખ્યું:

"તમારો પ્રેમાળ સંદેશો હું સંઘરી રાખું છું. આ કસોટીમાં ખોરાકના કરતાં પણ અધિક ગરજ એ સારશે. માણસ એકલી રોટી ઉપર જીવી શકતો નથી."

નિર્મળાબહેન બકુભાઈને:

"હું જાણું છું કે અસંખ્ય ભાઈબહેનોને દુઃખ થાય છે. પણ મહાવ્યથા વિના ક્યાં કોઈ દહાડો જન્મ થયો છે? આપણે નવા જન્મને સારુ

તરફડીએ છીએ એટલે હું તો આ મહાવ્યથામાંથી શુભની જ આશા રાખું છું. ધીરજ રાખો જે સેવા થાય તે કરજો."

મીરાને :

"હું ઇચ્છું છું કે મારી સાથે તને પણ એમ લાગે કે આ ઉપવાસ ઈશ્વરે અત્યાર સુધી મને આપેલી ભેટો કરતાં વધુ મોટી ભેટ છે. હું ભય સાથે અને ધ્રૂજતો ધ્રૂજતો તેનો વિચાર કરું છું, તે મારી નબળી શ્રદ્ધાની નિશાની છે. પણ આ વખતે પહેલાં મેં કદી નહીં અનુભવેલો એવો આનંદ મારામાં પ્રગટ્યો છે. એ આનંદની તું ભાગીદાર થા એમ હું ઇચ્છું છું. આપણે ઉપવાસનો અર્થ સમજતાં નથી, અને એમ માની લઈએ છીએ કે સ્થૂળ ખોરાક લેતા બંધ થઈએ એટલે ઉપવાસ થાય. પણ એવું કશું નથી. ખોરાક નહીં લેવો એ ઉપવાસનું અનિવાર્ય અંગ છે ખરું, પણ તેનું મોટામાં મોટું અંગ નથી. મોટામાં મોટું અંગ તો પ્રાર્થના, ઈશ્વર સાથે એકતાર થવું, એ છે. એ વસ્તુ સ્થૂળ ખોરાકની વધારે સારી અને યોગ્ય અવેજી છે."

ચાર્લીને :

"જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ આ ઉપવાસના સમર્થનમાં વધારે ને વધારે સાબિતી મને મળતી જાય છે. આસપાસ બની રહેલી ઘટનાઓએ કરવા ધારેલા ઉપવાસ વિના મારા ચૂરેચૂરા કરી નાખ્યા હોત. પણ સંકલ્પ કર્યા પછી એ ઘટનાઓની વચ્ચે હવે હું શાન્ત ઊભો છું. હવે પહેલાં કરતાં ઘણી વધારે પ્રતીતિથી એ બધું હું ઈશ્વરને ચરણે ધરી દઈ શકું છું."

બાને :

"ગીતાના એક નહીં પણ અનેક શ્લોકમાં ભાવ એ છે કે જે કાર્ય ઈશ્વરને નામે તેની પ્રેરણાથી થાય છે તે એ જ પૂરાં કરાવે છે. કર્તાહર્તા તે જ છે, એટલે આપણે તો કોરા ને કોરા છીએ. જેમ કોઈ લાકડી વતી બીજાને મારે તો તે કામ લાકડીનું નથી પણ લાકડીના ધણીનું છે, તેમ જો આપણે આપણાં શરીર ઈશ્વરને સોંપી દઈએ ને શરીર પાસે કંઈ કામ તે કરાવે તો તે શરીરનું નથી પણ ઈશ્વરનું છે. જશ અપજશ તેનો છે. તેથી સમજજે કે જેણે ઉપવાસ કરાવ્યા છે તે પૂરા ઉતારશે જ."

એફીને :

"છેવટે તારાથી રહેવાયું નહીં. પણ તારા લાંબા તારને માટે હું ક્ષમા આપું છું. ગરીબ બિચારા હરિજન! એઓ કહેશે કે તેમના ઘણા

સેવકોમાંના એકને માટે જેટલો પ્રેમ તને છે એટલો અમારે (હરિજનો) માટે નથી. એમની આ ફરિયાદ સાચી નથી? તેમને હું કહીશ કે હવે તું સુધરીશ.

"હું જાણું છું કે મારે માટે તું પ્રાર્થના કરે જ છે. એ પ્રાર્થનાઓ મને ટકાવી રાખશે. આ કાગળ તને પહોંચશે ત્યાં સુધીમાં તો ઈશ્વરની જો એવી ઇચ્છા હશે તો ઉપવાસની અડધી મજલે હું પહોંચ્યો હોઈશ. પણ તેણે જુદું ધાર્યું હશે તો એ પણ એટલું જ સારું હશે. આ શરીર કામ કરતું અટકી જશે તેથી કાંઈ આત્મા અટકવાનો નથી. આ ઉપવાસ એ ઈશ્વરની ભેટ છે. એના આનંદમાં તું ભાગીદાર બને એમ હું ઇચ્છું છું. ઈશ્વર તને શાંતિ આપો."

[તા. ૮–૫–'૩૩ ના રોજ બાર વાગ્યે ઉપવાસ શરૂ થયા. તે જ દિવસે સાંજે છ વાગ્યા પછી બાપુને છોડવામાં આવ્યા. છૂટીને તેઓ લેડી વિઠ્ઠલદાસ ઠાકરસીને બંગલે ગયા. અને તેમણે એક નિવેદન લખી કાઢ્યું. રાત્રે અગિયાર વાગ્યે કૉંગ્રેસના પ્રમુખ શ્રી અણેને બોલાવી મંગાવ્યા. સવિનયભંગની લડત છ અઠવાડિયાં માટે મુલતવી રાખવાની તેમને સલાહ આપી અને પોતાનું નિવેદન તેમની પાસે પસંદ કરાવી છાપાંવાળાને આપ્યું.

મહાદેવભાઈ યરવડામાંથી તારીખ ૧૯ મીએ છૂટ્યા, તા. ૧૯ ને ૨૦ તેઓ પૂનામાં બાપુ સાથે રહ્યા. પછી બાપુએ તેમને સાબરમતી આશ્રમમાં મોકલ્યા. તા. ૨૯ મીએ આશ્રમમાંથી પાછા આવી બાપુને મળ્યા.

તા. ૮–૫–'૩૩ થી તા. ૩૧–૫–'૩૩ સુધીની ડાયરી મહાદેવભાઈ લખી શક્યા નથી. પણ બાપુના ઉપવાસ ઉપર 'એ અનેરું અગ્નિહોત્ર' મથાળાથી તેમણે 'હરિજનબંધુ'માં દસ લેખો લખ્યા છે તે પરિશિષ્ટમાં આપ્યા છે.

—સંપાદક]

૧–૬–'૩૩ ભાવિની વાતો થઈ. બાપુને એમ ચોક્કસ લાગે છે કે એમને પાછા ઉપાડશે, પણ એમની તબિયત હજી સુધરવા દેશે. પછી રાજદ્વારી પરિસ્થિતિ ઉપર બાપુએ પોતે જ બોલવું શરૂ કર્યું:

બન્ને પક્ષે જે સ્થિતિ લીધી છે તેમાંથી પાછા ફરવાનું તેમને માટે મુશ્કેલ છે. એકની સ્થિતિ તદ્દન સ્પષ્ટ છે. સરકારને પોતે અખત્યાર કરેલી નીતિ નિર્દયતાથી બરાબર અમલમાં મૂકવી છે. હું એ બરાબર સમજી શકું છું. મારા મનમાં તેનો જવાબ પણ તદ્દન સ્પષ્ટ છે. ખેડૂતોને અને બીજી

આમજનતાને આ લડતમાં આપણે સંડોવવાં જોઈએ નહીં. આપણે તેમના ઉપર જરાય બોજો પડવા દઈએ નહીં. એકલા ભણેલા અથવા તો કેળવાયેલા વર્ગમાંથી જેઓ આપણા પક્ષમાં આવે તેના ઉપર જ કેવળ આધાર રાખીએ. તેઓએ પણ કૉંગ્રેસ તરફથી કશી આર્થિક મદદની આશા રાખવી જોઈએ નહીં. જેમને મદદની જરૂર હોય તે પોતાના મિત્રો, પાડોશીઓ અને એવા બીજાઓ પાસેથી મેળવી લે. તેઓ સતત જેલમાં જયાં જ કરે. કશા દેખાવો ઊભા કરવાના ન હોય. દાખલા તરીકે કૉંગ્રેસની બેઠકો ભરવાનું બંધ થવું જોઈએ. જરૂર હોય તો નામનો એક ડિક્ટેટર નીમવામાં આવે, પણ તેમ કરવામાં મુશ્કેલી આવે એમ જોઉં છું એટલે ડિક્ટેટર પણ ન નીમવામાં આવે.

લડતમાં જરાય ગુપ્તતા તો હોવી જ ન જોઈએ. નાકરનો કાર્યક્રમ પણ ન હોય. મને પોતાને તો હંમેશાં લાગ્યું છે કે સ્વરાજ માટે નાકરની લડત એ બહુ મુશ્કેલ વસ્તુ છે. એ વસ્તુ બહુ મહત્ત્વની છે ખરી પણ એને માટે આપણી તૈયારી કોઈ દિવસ હતી જ નહીં. અત્યાર સુધી આપણે જે નાકરની લડતો લડ્યા છીએ તેના ઉદ્દેશ મર્યાદિત હતા, અને તેને માટે એ તદ્દન આવશ્યક હતી. પણ સ્વરાજને માટે નાકરની લડત લડવી એ રમતવાત નથી. આપણે આ વસ્તુ સ્પષ્ટ રીતે જાહેર કરીએ અને આપણા નિવેદનમાં લોકોને કહીએ કે આ રીતે લડતનો સંકોચ કરવામાં આપણે લડત જરાયે છોડી દેતા નથી, અથવા તો જે લોકોએ સહન કર્યું છે એમને પણ તજી દેતા નથી, પણ લડતને વધુ ઉચ્ચ ભૂમિકા ઉપર ચડાવીએ છીએ. કોઈ ને કોઈ દિવસ તો જપ્ત થયેલી તમામ જમીન પાછી મળવાની જ છે. લોકોમાં એ વિશ્વાસ હોવો જ જોઈએ. પણ જેમનામાં વિશ્વાસ ન હોય તે જમીન ગુમાવેલી સમજે. મોટી લડતોમાં લોકોએ જાન અને માલ હંમેશાં ગુમાવ્યાં છે.

આપણા દાવા અને આપણું ધ્યેય આપણે ફરી જાહેર કરીએ. દેશને એ ધ્યેયથી દૂર નહીં પણ એ ધ્યેયની વધુ નજીક લઈ જવા માટે જે જે કરવું પડે તે જરાય ખચકાયા વિના કરવા માટે રાષ્ટ્ર આગળ કાર્યક્રમ મૂકીએ. આ વસ્તુ મેં વલ્લભભાઈની સાથે ચર્ચી છે. મેં એના ઉપર ખૂબ વિચાર કર્યો છે, અને હું આ મોટા મોટા નિર્ણય ઉપર આવ્યો છું.

રાજાજી: પણ જે લોકોએ અત્યાર સુધીમાં જમીન વગેરે ગુમાવ્યું છે તેમનું શું? મને તો આ એક જ વિચાર — મિલકતો પાછી મેળવી આપવાનો — સત્તા હસ્તંગત કરવાને લલચાવે છે. જે બંધારણ તેઓ ઘડી

રહ્યા છે તેમાં હું જોઉં છું કે મિલકતો પાછી મેળવવામાં કશી હરકત આવે એમ નથી. આ વિચાર મને મારી નબળાઈથી આવે છે કે મારી એ જાતની પ્રતીતિને લઈને આવે છે તે હું જાણતો નથી.

બાપુ: આમાં નબળાઈનો પ્રશ્ન જ નથી. આ અને આવી બીજી વસ્તુઓ માટે સત્તા લેવાનો વિચાર મને પણ આવેલો છે. અને વલ્લભભાઈ પણ તેમાં સંમત થયા છે. પણ આજે આપણે સત્તા લેવાનો વિચાર જરા પણ કરવો જોઈએ નહીં. આજે તો લડતને તીવ્રતાની ઊંચામાં ઊંચી કક્ષા ઉપર ચાલુ રાખવાનો જ વિચાર આપણે કરવો જોઈએ. એ ચલાવવાને માટે આપણે અર્ધો ડઝન જેટલા રહી જઈશું તો તેની મને ફિકર નથી.

પછી રાજાજીએ નીચેના સવાલોનો વિચાર કરવાની સૂચના કરી: (૧) વ્યક્તિગત રીતે આપણે જે કાંઈ કરી શકીએ તે ઉપરાંત સંગઠિત સ્વરૂપમાં કશું પણ આપણે કરી શકીએ કે કેમ? (૨) આ યોજનામાં એકબીજા સાથે સંબંધ રાખવાનું, સંગઠન ટકાવી રાખવાનું અશક્ય બની જાય છે.

બાપુ: અંગત રીતે હું તો વ્યક્તિગત રીતે જે કાંઈ થઈ શકે એટલાથી સંતોષ માનું.

રાજાજી: ગુપ્તતાની તમે બંધી કરો છો એટલે કેટલીક જાતનાં કામ તો અશક્ય જ થઈ જાય.

બાપુ: મારે તો થોડા લોકોમાં ઊંચામાં ઊંચા પ્રકારના બલિદાનની ભાવના જગાવવી છે. એ માટે શુદ્ધ કુંદન જેવી દેશભક્તિની જરૂર છે. એના ઉપર આપણે સુંદર ઇમારત ઊભી કરી શકીશું. તેમ નહીં કરીએ તો પત્તાંના મહેલની માફક બધું કડડભૂસ નીચે પડશે. આમાંથી આપણે સાચો સત્યાગ્રહ પ્રગટાવીએ. પૂરી શુદ્ધ ન હોય એવી ઘણી વસ્તુઓ કરતાં તદ્દન શુદ્ધ એક વસ્તુ વધારે સારી છે.

સવારે છ વાગ્યે.

૨–૬–'૩૨

રાજાજી: ઉપવાસ પછીના તમારા નિવેદન ઉપરાંત કશું વધારે કરવાની અત્યારે જરૂર છે ખરી?

બાપુ: મુલાકાત માટે મેં વાઇસરૉયને શરૂઆતમાં જે અરજી કરેલી તે ફરી તાજી કરવી જોઈએ. અર્વિન-ગાંધી કરાર ફરી અમલમાં આણવાની, મીઠું લેવાની છૂટ આપવાની અને પરદેશી

કાપડ તથા દારૂની દુકાનો ઉપર તદ્દન શાંત ચોકી કરવાની છૂટ આપવાની હું માગણી કરીશ.

રાજાજી: તમારા નિવેદનનો જવાબ તો તેઓ આપી ચૂક્યા છે. ફરી કાંઈ લખવું એમ તમને લાગે છે?

બાપુ: મને લાગે છે કે વાટાઘાટો જ્યાંથી અટકી પડી હતી ત્યાંથી ફરી શરૂ કરવાનું મેં જે વચન આપ્યું છે તે આપણે પ્રમાણિકપણે પૂરેપૂરું પાળવું જોઈએ.

રાજાજી: પણ એ લોકોએ તો કહ્યું છે કે સવિનયભંગ પૂરેપૂરો પાછો ખેંચી લઈને આવો.

બાપુ: વાટાઘાટો શરૂ કર્યા પછી તેઓ એમ કહી શકે. એ વસ્તુ તો સુલેહની શરતો જ્યારે ચર્ચાય ત્યારે કહી શકાય. આજે તો સવિનયભંગ પાછો ખેંચી લેવા માટે જે તંત્ર જોઈએ તે ક્યાં છે? સવિનયભંગ કોણ પાછો ખેંચી લે? એટલે કેદીઓને છોડ્યા પહેલાં સવિનયભંગ પાછો ખેંચી લેવાની શરત હોઈ જ ન શકે. મારામાં હારની લાગણી જરાય નથી. આપણે ખોટું કર્યું છે અથવા કરારનો ભંગ કર્યો છે એ ખ્યાલ જ આપણે સાંખી શકીએ નહીં. એવી શરતોએ સુલેહ થઈ જ ન શકે. એવી શરત સ્વીકારીએ એટલે તો આપણે બાજી હારી જઈએ અને ખલાસ થઈ જઈએ. આપણો દાવો તો એવો છે કે ગાંધી-અર્વિન કરારનો અમારા તરફથી કશો ભંગ થયો જ નથી. તમારે જોઈએ તો એની તપાસ કરવા પંચ નીમો. નિષ્પક્ષ પંચનો ફેંસલો માન્ય રાખવા હું તૈયાર છું. પણ આવી કોઈ સૂચના વિચારવાને તેઓ તૈયાર જ નથી. મને તો લાગે છે કે આ વખતે પણ વાઇસરૉયનો જવાબ ગઈ વખતના જેવો જ મળશે. એ કહેશે કે સવિનયભંગ બિનશરતે અને પૂરેપૂરો છોડી દેવા સિવાય બીજી કાંઈ વાત ચર્ચવાની હોય તો તમને મળવામાં કશો અર્થ નથી એમ અમે માનીએ છીએ. છતાં કાંઈ માર્ગ બતાવનારો નહીં પણ કેવળ તેને મળવાની માગણી કરનારો કાગળ લખવો એ આવશ્યક છે.

રાજાજી: સેક્રેટરી ઑફ સ્ટેટને કશું લખવું નથી?

બાપુ: એના વિચારો તો હું જાણું છું. રંગસ્વામીએ મને કહેલું કે હોરે તેમને મૈત્રીભર્યો અંગત કાગળ લખેલો કે શ્વેતપત્રમાં અફર એવું કશું નથી, અને તેથી તેમણે મળવા આવવું જોઈએ. એ ઉપરથી રંગસ્વામી એને મળવા ગયા. હોરને લાગે છે કે તેનું કામ થોડી ધારો ઘસીને ગોળ કરવાનું અને દુનિયાને બતાવી આપવાનું છે કે બધા પક્ષોનો, મૉડરેટો અને કૉંગ્રેસનો પણ પૂર્ણ સહકાર તેમને મળી રહ્યો છે. ' રંગસ્વામી પાસે

સુધારાની તરફેણમાં કાંઈ કઢેવડાવી શકીએ તો બહુ મઝાની વાત છે. પણ તે ના કહે તો એ પણ ઠીક છે.' આવું તેનું વલણ છે. બાકી સીમલાનું તંત્ર પણ એ જ ચલાવે છે. આ બધાની પાછળ વાઇસરૉયનો નહીં પણ એનો હાથ છે. બર્કનહેડની નીતિનો એ વધારે મીઠી રીતે અમલ કરી રહ્યો છે. આમાં હું તમને નવું કશું કહેતો નથી. કારણ આ બધા સમાચાર લઈને જ હું લંડનથી આવેલો. અને ઇંગ્લંડમાં બધા જ — અર્વિન, બાલ્ડવિન, કેન્ટર્બરીનો આર્ચ બિશપ — તેની નીતિનો બચાવ કરી રહ્યા છે.

એલ્વિનને અર્વિને લખેલા કાગળનો ઉલ્લેખ કરીને રાજાજી કહે: અર્વિન એમ માનતો લાગે છે કે કરારનો એટલો બધો ભંગ થયો છે કે એ કરારને ફરી સજીવન કરી ન શકાય, એટલે કરારની જરાય વાત કરવી એ આવશ્યક ન હોય.

બાપુ: એ તો ચર્ચા એટલે સુધી પહોંચે તો આપણે એની વાત કાઢીએ. પણ અમે મળીશું તોયે છેવટે તો દળી દળીને કૂલડીમાં વાળ્યા જેવું જ થવાનું છે. બર્કનહેડે અને રેડિંગે એમ જ કહેલું: 'જો લડાઈ ન કરવી હોય તો પાર્લમેન્ટ આપે છે એ તમારે લઈ લેવું જોઈએ, અને પાર્લમેન્ટ ધીમે ધીમે સુધારા આપવાની છે. તેથી તમને સંતોષ હોવો જોઈએ.'

પણ અત્યારે તો પરસ્પર વિશ્વાસ કે પરસ્પર આદર છે જ નહીં.

રાજાજી: આ આખા પ્રકરણની સમાલોચના શાસ્ત્રીએ ઠીક કરેલી છે. આજે એમનો અભિપ્રાય શો છે એ આપણે એમને પૂછીશું?

બાપુ: તમારે એમને મળવું હોય તો મળો. અહીં તો એ આવે જ નહીં. સર્વન્ટસ ઑફ ઇન્ડિયા સોસાયટીના વાર્ષિક પ્રસંગે પણ એમણે ખાસ કહ્યું નથી અથવા પોતાની નીતિ જાહેર કરી નથી.

રાજાજી: તમે જે નીતિ આંકી બતાવો છો તે અમુક વ્યક્તિઓ જ અમલમાં મૂકી શકે એવી ભારે ક્રાન્તિકારી નીતિ છે. પણ સરકાર ઉપર અથવા લોકો ઉપર તેની કશી અસર થશે નહીં.

બાપુ: મને તેની પરવા નથી. તમે કહો છો તેમ બને. એવું પરિણામ મને ઇષ્ટ છે. ઝીણા ઝીણા ઘોંચપરોણા થાય છે એથી મને આઘાત થાય છે. આમાં તો જેઓ રાજીખુશીથી બહાર પડશે તેઓને સહન કરવાનું આવશે.

રાજાજી: પછી સામુદાયિક લડત તો તદ્દન બંધ જ થાય છે.

બાપુ: એ જ આખી વસ્તુની ચાવી બનવાની છે. આપણે સામુદાયિક લડતને યોજના વિના ગમે તેમ ચાલવા દેવામાં ભૂલ કરી છે જ્યારે

આરંભથી તે અંત સુધીની ચોક્કસ યોજના લોકોના દિલમાં સમજાઈ જશે ત્યારે સામુદાયિક લડત આવશે. જ્યારે જવાબદાર લોકોને એમ લાગશે કે લોકો માલમિલકત ગુમાવવા અને તેથીયે આકરાં કષ્ટ સહન કરવા તૈયાર છે ત્યારે લોકો એવી લડત ઉપાડશે.

રાજાજી: '૩૨ના જાન્યુઆરીમાં નાકરની લડતની જે જાહેરાત કરવામાં આવી તે કવખતની હતી એમ તમને નથી લાગતું?

બાપુ: હતીસ્તો, મેં તો ૧૯૩૧માં ટંડન વગેરેને કહેલું કે સ્વરાજને માટે નાકરની લડત ચલાવવાની આપણી શક્તિ વિષે મને વિશ્વાસ નથી.

રાજાજી: જો ભૂલ થઈ હતી તો આપણે તે સુધારી લેવી જોઈએ નહીં?

બાપુ: ભૂલ સુધારવાને માટે પણ આ લડત પાછી ખેંચી લેવાવી જોઈએ એમ હું ન કહું.

રાજાજી: આપણે લડત પૂરેપૂરી પાછી ખેંચી લઈએ તોપણ સરકાર બધી માલમિલકત પાછી ન આપે.

બાપુ: સરકાર એવી કશી વાત સાંભળે જ નહીં.

[તા. ૩–૬–'૩૩ અને ૪–૬–'૩૩ની ડાયરી લખાયેલી નથી. —સં૦]

મીરાને લખ્યું: "તને ફરી તાવ આવ્યો એથી મને ચિંતા થાય છે. સાચો આત્મસંયમ તારે શીખવો જ જોઈએ. એ કાંઈ વાંચવાથી આવતો નથી. એ તો એ વસ્તુનો ચોક્કસ સાક્ષાત્કાર થાય કે ઈશ્વર આપણી સાથે છે અને જાણે એને બીજું કશું કામ જ ન હોય એમ એ આપણી સંભાળ રાખે છે, ત્યારે જ આવે. શી રીતે આ સ્થિતિ પમાય એ હું જાણતો નથી. જેઓને શ્રદ્ધા છે તેમની કાંધ ઉપરથી બધી ચિંતાઓનો ભાર ઊતરી જાય છે. આપણામાં શ્રદ્ધા હોય અને છતાં મન ઉપર તાણ રહે એ બે વસ્તુ એકીસાથે બને જ નહીં. માટે મનને સાવ હળવું કરી નાખ."

૫–૬–'૩૩

પોતાને હાથે જ આ કાગળ લખ્યો. ગઈ કાલે મથુરાદાસને કહ્યું: "આવા ઉપવાસ કરવા કે ન કરવા એ સવાલ છે. આખી દુનિયાને આનો જ વિચાર કરતી કરી મૂકવી, કોઈને કશું સૂઝ ન પડે, આટલા દાક્તરો, આટલી બધી ઉપાધિ, એ બરોબર નથી લાગતું. અને છતાં જગતની સાથે મારે એવો નિકટ સંબંધ થઈ ગયો એટલે બીજું શું થાય?"

"ચિ. નારણદાસ,

૬–૬–'૩૩

"હા હું જોઉં છું કે ચાલતો હાલતો થતાં મને વાર લાગવાની છે. હાથ પણ તરત કામ નહીં આપે. ગઈ કાલે મહાદેવની પાસેથી ત્યાંનો અહેવાલ સાંભળ્યો. તેને આપેલા કાગળો જોઈ ગયો છું. થોડીક ગેરસમજ લાગે છે. મારા કહેવાની મતલબ તો એ છે કે સત્યની શોધમાં કહો કે અહિંસાના માર્ગમાં, આપણું છેવટનું પગલું એટલે મનુષ્ય માત્રનું અનશન હોય. આશ્રમની અંદર ખાવાપીવા વગેરેના જે ફેરફારો ઉપવાસને અંગે થયા તે તો એ પગલાના અનુસંધાનમાં હોવા જોઈએ. આટલું સમજાય એ આવશ્યક છે. એમ જે ન સમજે એ ફેરફારની જંજાળમાં ન પડે. બધાએ અનશનની સાંકળમાં જોડાવું જ રહ્યું અથવા આશ્રમમાંથી ભાગવું રહ્યું એમ કહેવાનો મારો આશય ન હતો. હું જરા તૈયાર થાઉં ત્યારે તમે અહીં આવી જશો એ મને ગમ્યું છે. આવતે અઠવાડિયે ગમે ત્યારે આવી શકો. ઘણી વાતમાં તો નહીં પડું, પણ મારા મુદ્દા સમજાવવા પૂરતો અને તમારી શંકાનું નિવારણ કરવા પૂરતો તો હું તૈયાર હોઈશ. કોઈએ અકળામણમાં પડવાનું કારણ નથી. મારો ધર્મ હું સત્યને જેમ સમજું તેમ સમજાવવા પૂરતો છે. તમે બધાં તેમાંથી જે ઝીલી શકાય તે ઝીલશો. મારે નવી સૃષ્ટિ નથી રચવી. ત્યાંથી જ તમારે પ્રશ્નો પૂછવા હોય તો પૂછજો. તમે આવવાનો વિચાર કરો ત્યારે સાથે જેને લઈ આવવા હોય તેને લઈ આવશો."

[ તા. ૨–૭–'૩૩ સુધીની ડાયરી લખાયેલી નથી. — સં૦]

આશ્રમમાં કાગળ :

૩–૭–'૩૩

"જે બહેનોએ નોખાં રસોડાં કર્યાં તે ભલે કર્યાં. એમાં જ સારું જોઉં છું. તેમાં ભાત જ એકલું કારણ નથી. ભાત તો છે જ. જેઓનાથી ભાત વિના નહીં નભાય અને બીજું પણ થોડું અવારનવાર જોઈએ, તેનો બીજા દ્વેષ ન કરે. બીજા જે કરતા હોય તેની ખાંખત ન કરાય. સૌ જે કરે તે પોતાના હિતને સારુ કરે છે, તેમ સમજે તો જ નભે. બીજાની દેખાદેખીથી કોઈએ કંઈ કરવાપણું ન હોય. તે કરવામાં સાર પણ નથી. એટલે સામાન્ય રસોડામાં તો દૂધઘી સિવાય જેટલો બને એટલો જેલને લગતો ખોરાક રહે એ જ સારું જોઉં છું. આપણી પરીક્ષાનો સમય હજી હવે આવે છે. ક્યારે આવી પડશે તે હું નથી જાણતો. પણ આવશે ને આવવો જોઈએ એ વિષે મને શંકા નથી. જેણે પોતાનાં મન ને શરીર તેને સારુ તૈયાર

કર્યાં હશે તે જીતશે. જેણે નહીં તૈયાર કર્યાં હોય તે પડશે. આમ જ જગતમાં સદાય થતું આવ્યું છે. જે બહેનો નોખું રસોડું કરે છે તેની ટીકા કોઈ ન કરે. કરવાનો અધિકાર કોઈને નથી. ટીકાનું કારણ જ નથી. પોતાની શક્તિ ઉપરાંત કોણ જઈ શકે? વળી કોઈના ખોરાકની ટીકા કરવા જેવું બીજું કંઈ ભૂંડું નથી. તેમાં જે જેટલો સંયમ પાળી શકે તેટલો ઓછો સમજવો. પણ કોઈને કોઈના સંયમનો તોલ કરવાનો અધિકાર નથી, તોલ કરવાનું સાધન પણ નથી. મરચાંમસાલા છોડવાના મારા ત્યાગમાં હું કાંઈ વિસાત નથી જોતો, પણ હરિલાલ દારૂનો ત્યાગ કરી શકે તો તેના સંયમનું મારે મન બહુ માપ ગણાય. એટલે જ અંશે કેટલાકને સારુ મસાલાના ત્યાગની કિંમત હોય. રેવાશંકરભાઈને બીડી છોડતાં ભોંય ભારે થઈ પડી હતી. અહિંસાના બધા પ્રયોગો તો આવી બાબતોમાં કરવાના હોય છે. આ બધું બધાને અનુકૂળતાએ સમજાવજો."

[તા. ૪-૭-'૩૩થી ૧૧-૭-'૩૩ સુધીની ડાયરી લખાયેલી નથી. — સં૦]

કૉંગ્રેસીઓની અવૈધ ( informal ) પરિષદ આગળ :

૧૨-૭-'૩૩ મહેરઅલીએ જે કહ્યું એ ન કહ્યું હોત તો સારું હતું. કેલકર કૉંગ્રેસના સભ્ય છે જ. એમણે શું કર્યું, શું ન કર્યું એનો અહીં વિચાર ન થાય. પ્રમુખે કોને નિમંત્રણ આપ્યું, કોને ન આપ્યું એ પણ આપણા હાથની વાત ન હતી. શાસ્ત્રીને નિમંત્રણ મોકલાવ્યું જ નથી. એમને તો મેં પોતે અંગત નિમંત્રણ મોકલ્યું છે. ઘનશ્યામદાસને નિમંત્રણ મોકલાયું હતું. પણ મેં તો એને આવવાની સલાહ જ ન આપી. પણ એ તો થયું. આપણામાં આવી ખાંખત ન હોવી જોઈએ.

એક મનુષ્યને ખાતર સવિનયભંગની લડાઈ બે વાર મોકૂફ કરવી પડી એ આપણે માટે શરમની વાત ગણાય. મેં જે નિવેદન બહાર પાડ્યું એમાં સરદારનો હાથ ન હતો. માત્ર ગુપ્તાને વિષે અમે દલીલો કરતા હતા ખરા. હું જેલમાંથી નીકળ્યો તે મારી તાકાત કે પ્રજાની તાકાતથી નહીં એ મને લાગ્યાં કરતું જ હતું. એટલે આજે પણ મારો એક પગ યરવડામાં છે, બીજો પર્ણકુટીમાં છે. પણ મેં જ્યારે નિવેદન બહાર પાડ્યું ત્યારે મારો વિચાર એ હતો કે આ ઉપવાસમાં ઘણાને દુઃખ દિલગીરી થશે, બધા સ્તબ્ધ થશે એટલે મારે કંઈક નિવેદન બહાર પાડવું જોઈએ. પછી દાક્તરોની સાથે સલાહ કર્યા પછી છ અઠવાડિયાં લડત બંધ રાખવાનું લખ્યું. એમાં સરકારની સાથે મસલત કરવાની કશી વાત નથી. મારો તો ન્યાય એ છે કે જેને દુશ્મન માનીએ તેની સાથે મસલત કરવી એ

પાપ નથી. સત્યાગ્રહનું શસ્ત્ર સારું છે એમ તમે માનો અને એ કાયમ કરવું જોઈએ એ તમારો અભિપ્રાય હોય તો મારે તમારી સૌની સલાહ લેવી જોઈએ. એટલે મેં વિચાર કર્યો કે મહાસમિતિના જે સભ્યો બહાર હોય તે બધાને બોલાવવા જોઈએ, મહાસમિતિના સભ્ય તરીકે નહીં પણ કૉંગ્રેસી તરીકે. મેં તો મારો વિચાર કરી લીધેલો છે પણ તમારી સાથે મસલત કરીને કંઈ વિચાર બદલાય તો બદલવાને તૈયાર છું. તમને સાંભળ્યા પછી મારી વાત કાયમ રાખીશ તો તે પણ કહીશ. તમને કહીશ કે આટલી વાત ઉપર સંક્ષેપમાં ચર્ચા કરજો. હું તો તમને ઓળખું છું, તમે મને ઓળખો છો કે નહીં તે નથી જાણતો. મારી પાસે કાગળો આવતા હતા તેમાંથી મને ખબર પડી છે કે કેટલાક કૉંગ્રેસીઓનો અભિપ્રાય છે કે (૧) સવિનયભંગ મોકૂફ રાખવો જોઈએ. જો એમ હોય તો કેવા અર્થમાં મોકૂફ રાખવો? ભવિષ્યની તૈયારી માટે મોકૂફી કરવી? કે સરકાર ઇચ્છે છે તે રીતે મોકૂફી કરવી? (૨) જે ચાલુ રાખવાની સલાહ દેવા માગે છે તેઓ કાંઈ ન બોલે તોપણ ચાલશે. (૩) સરકારની સાથે સમજૂતી કરીને લડત મોકૂફ કરવી જોઈએ એમ માનતા હોય તેઓ તેમ કહે. (૪) જે લોકો મોકૂફ રાખવાનું માનનારા છે તેઓ કહે કે મોકૂફ રાખીને આપણે શું કરવું? પણ તે લોકો કાઉન્સિલોમાં જવાની વાતો ન કરે. કારણ આજે આપણી પાસે કાંઈ નથી, અને સુધારા તો હવામાં છે.

સામુદાયિક સવિનયભંગને ફરી જીવતો કરવા હું ચળવળ ચલાવવાનો નથી. પણ હું મારી જાતનો ઇનકાર કરું અને લાખો લોકોને મેં જે આશાઓ આપી છે તેનો હું ઇનકાર કરું એમ તો તમે મને નહીં જ કહો.

[તા. ૧૩–૭–'૩૩ની ડાયરી લખાયેલી નથી. —સં૦]

અવૈધ પરિષદ ચાલુ.

૧૪–૭–'૩૩

મને કહેવામાં આવ્યું છે કે હું રાષ્ટ્રભાષામાં બોલું છું તે ઘણા નથી સમજતા. હું જાણું છું કે દક્ષિણ પ્રાન્તના ભાઈઓ ગુનેગાર છે. જે મિત્રો રાષ્ટ્રભાષા નથી સમજી શકતા તેમની ખાતર હું થોડીક વાત અંગ્રેજીમાં કરીશ. જોકે તેમ કરતાં મને સંકોચ અને દુઃખ થાય છે. વર્ષો થયાં વારંવાર હું આ ચેતવણી આપતો આવ્યો છું. જે મિત્રો હિન્દુસ્તાની નથી સમજી શકતા એમણે હવે જાગ્રત થઈ જવું જોઈએ, અને જરાય વખત ગુમાવ્યા વિના રાષ્ટ્રભાષાનો અભ્યાસ કરવા મંડી પડવું જોઈએ. રોજ તમે ધ્યાનપૂર્વક એક એક કલાક આપો તો થોડા જ દિવસમાં કેવળ સમજવા જેટલું જ નહીં પણ બોલવા જેટલું પણ આવડી જાય.

આજે અહીં બોલવાનું મારે માટે કઠણ છે. મારા વિચારો ગોઠવ્યા વિના હું અહીં આવ્યો છું. શું કહેવું તે વિચારી કાઢવાનો મારો ઇરાદો તો હતો પણ હજી મારામાં બરાબર શક્તિ આવી નથી, અને વ્યવસ્થિત ભાષણ હું વિચારી શક્યો નથી, એટલે મારું કહેવું હું બરાબર સ્પષ્ટ ન કરી શકું તો તમે મને ક્ષમા આપશો. મારા ભાષણમાં મારે બહુ વિશાળ ક્ષેત્ર આવરી લેવાનું છે. હું મારું ભાષણ ક્યારે પૂરું કરી શકીશ એ પણ જાણતો નથી, એટલે માંદા માણસ પ્રત્યેની ઉદારતાની હું માગણી કરું છું. આ પ્રસંગ એવો છે કે બધા વિચારો બની શકે એટલા સંપૂર્ણ રીતે મારે રજૂ કરવા જોઈએ, અને તમારા બધા પ્રશ્નોના મારે જવાબ આપવા જોઈએ. મારી સામે ત્રણ પાપ કર્યાનો આક્ષેપ છે. તેની ચર્ચા કરીને હું મારી સ્થિતિ સ્પષ્ટ કરવા માગું છું. (૧) પહેલું પાપ યરવડા કરારને હસ્તીમાં આણીને મેં કર્યું એમ કહેવાય છે. (૨) બીજું પાપ મેં એ કર્યું કહેવાય છે કે મેં હરિજનસેવાનું કામ જેલમાંથી ઉપાડ્યું અને એ રીતે શરતી સ્વતંત્રતા મેળવી. (૩) ત્રીજું પાપ એ કર્યું કહેવાય છે કે આ લડત મોકૂફ રખાવવામાં હું નિમિત્ત બન્યો છું.

પહેલા વિષે મારે એટલું જ કહેવાનું છે કે મારી બધી મર્યાદાઓ સાથે તમારે મારો સ્વીકાર કરવાનો છે. ગોળમેજી પરિષદમાં મેં જાહેર રીતે પવિત્ર પ્રતિજ્ઞા કરી હતી કે હરિજનોનાં અલગ મતદારમંડળો બનાવવામાં આવશે તો એ અટકાવવા માટે હું પ્રાણાર્પણ કરીશ. જ્યારે મેં જોયું કે બ્રિટિશ પ્રધાનમંડળે આ વસ્તુને નિશ્ચિત હકીકત કરી દીધી છે ત્યારે મારે મારી પ્રતિજ્ઞાનું પાલન કરવું રહ્યું. એટલે એ વસ્તુનો મને જરાય પશ્ચાત્તાપ થતો નથી.

બીજા આક્ષેપની બાબતમાં મારે એટલું જ કહેવાનું છે કે પૂના કરારને હસ્તીમાં આણવાની મુખ્ય જવાબદારી મારી હોઈ સ્વાભાવિક રીતે જ મારી પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે કે એ પવિત્ર કરારની બધી શરતોનું પાલન પૂરી રીતે થાય તે માટે મારે પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ. હરિજનોનાં અલગ મતદારમંડળો નાબૂદ થયાં એટલું જ બસ નહોતું પણ મુંબઈમાં મળેલી હિંદુ લોકોની જાહેર સભામાં એમને જે વચનો આપવામાં આવ્યાં હતાં તેનું પાલન થાય તે વધારે અગત્યનું હતું. એમ કહી શકાય કે બહાર રહેલા એને માટે પ્રયત્ન કરે. પણ તેથી મારી જવાબદારીનો હું ઇન્કાર કરી શકતો નથી. આટલું કહીને આ વસ્તુ ઉપર હું પડદો નાખવા ઇચ્છું છું. કામ કરવાની જે સ્વતંત્રતા મેં મેળવી તે મારી જાતને ભોગે મેં મેળવી છે.

ત્રીજા આક્ષેપની બાબતમાં મારે કબૂલ કરવું જોઈએ કે મને હંમેશાં એમ લાગ્યું છે કે લોકોના હૃદયમાં હું બહુ પ્રેમનું અને મહત્ત્વનું સ્થાન મેળવી શક્યો છું. સંજોગોએ મને થોડા વખતને માટે યરવડાના દરવાજાની બહાર મૂકી દીધો. એ દરવાજા જેવા મારી પાછળ બંધ થયા અને હું બહાર નીકળ્યો કે તરત મને લાગ્યું કે કેટલાય સાથીઓનું ધ્યાન મારી તરફ ખેંચાઈ રહ્યું છે. મારા ઉપવાસને લીધે એ લોકો બહુ ક્ષુબ્ધ રહે અને લડત શિથિલતાથી ચાલે. મને એમ પણ લાગ્યું કે હું જ્યારે મોતની સાથે કુસ્તી કરી રહ્યો હોઉં ત્યારે જેલ અને લાઠીના હુમલાના તથા એવા જ બીજા સમાચારો સાંભળવામાંથી હું જો બચી શકું તો મારે માટે એ આસાયેશ રૂપ થાય. હું જેલમાં હતો ત્યાં સુધી એવા સમાચારોથી ક્ષુબ્ધ થતો નહોતો. પણ બહાર હોઉં ત્યારે તો ખાતો હોઉં કે ઉપવાસ કરતો હોઉં, મારે લાઠીના હુમલામાં ભાગ ભરવાનું અથવા મારે નસીબે બીજું જે કાંઈ આવે તે વેઠવાનું જોખમ ખેડવું જ જોઈએ. પણ બિછાનું તો હું છોડી શકું નહીં અને એ રીતે મારો ભાગ હું લઈ શકું નહીં. તમે કહો કે મારામાં એટલી હિંમત હોવી જોઈતી હતી. જો એવી હિંમત હોત તો તો મેં જોખમ ખેડ્યું જ હોત અને કાયદાનો ભંગ કરીને હું પાછો જેલમાં ચાલ્યો ગયો હોત. હું ન ગયો એ કદાચ ડરપોક-પણાને લીધે પણ હોય. પણ એટલી તો મને ખબર હતી કે એમ કરું તો કેટલાય સાથીઓને અકળામણ ઉપજાવું. એટલે મનુષ્ય તરીકે મારે માટે જે શક્ય હતો તે માર્ગ મેં લીધો.

આમ હું બહાર આવ્યો. અને બહાર આવ્યો એટલે તો મગજ કામ કરવા મંડ્યું. ત્યાં છાપાંના બે પ્રતિનિધિઓ આવ્યા જેમને માટે હું કંઈક આદર રાખું છું. તેમને મેં નિવેદન લખાવવા માંડ્યું અને લખાવતે લખાવતે સ્વાભાવિક રીતે જ લડતની કામચલાઉ મોકૂફીનો વિચાર મને આવ્યો. હું સાચું કહું છું કે એમાં મેં જરાય અતિશયોક્તિ નથી કરી, તેમ જરાય અલ્પોક્તિ પણ નથી કરી. પછી મેં છાપાંવાળાઓને ચેતવણી આપી કે કૉંગ્રેસના સરમુખત્યારને પૂછ્યા વિના કશું છાપવાનું નથી. લડતની બીજી મોકૂફી એ તો આમાંથી નીપજેલું સ્વાભાવિક પરિણામ હતું. મને ૬૪ વરસ થયાં છે, તે વસ્તુ જ ભૂલી જવા જેટલો હું મૂરખ હતો. મને એ યાદ જ ન રહ્યું. પછી જ્યારે શોધ થઈ કે મને તો ૬૪ વરસ થયાં છે અને પહેલાંના જેટલી શક્તિ આવતાં ૭ અઠવાડિયાં કરતાં વધારે વખત જોઈશે અને મારી વધારે સારવાર કરવી પડશે ત્યારે સ્વાભાવિક રીતે જ મોકૂફી લંબાવવામાં આવી.

મેં મારા ભાષણની શરૂઆતમાં જ જણાવ્યું છે કે આ મોકૂફીને સરકાર સાથે કશો સંબંધ નથી. પણ સત્યાગ્રહી તરીકે વિરોધીની સાથે પણ મસલત કરવાનો મારો ઇરાદો હતો અને મારો પ્રયત્ન પણ હતો. સત્યાગ્રહી વિરોધીના હૃદયપરિવર્તનની હંમેશાં આશા રાખે છે. અંગ્રેજ લોકોમાં પણ આપણા જેવી જ મૂર્ખાઈઓ, નબળાઈઓ, લાગણીઓ અને સદ્‌ગુણો હોય છે. જોકે આ રાજ્યને ‘શેતાની’ કહેવામાં મેં કશી મણા રાખી નથી, છતાં એ શબ્દ મેં તંત્રને વિષે વાપર્યો છે. એક પણ અંગ્રેજની સામે મને દ્વેષ નથી. આ વસ્તુ હું છેક ૧૯૧૯થી કહેતો આવ્યો છું. ડાયરની સામે મને જરાય દ્વેષ નહોતો. તે વખતે મેં કહેલું કે સજાની જરૂર હોય તો સજા આપવાનું કામ ઈશ્વરનું છે. માણસની ફરજ તો ક્ષમા આપવાની છે. એ વસ્તુ સત્યાગ્રહના શાસ્ત્રમાં રહેલી છે. મારા છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી હું વિરોધીને પણ અપીલ કરવાનો છું. હું કોઈને નબળાઈને કારણે અપીલ ન કરું. જોકે હું તો બાળકને પણ અપીલ કરું. પણ તેમાં મારી સબળાઈ હોય. જ્યારે મારી નબળાઈ મને જણાય ત્યારે હું કહી દઉં કે ‘હવે મારાથી આગળ ચલાશે નહીં’. હિંદુમુસલમાન એકતાની બાબતમાં મિત્રોને મેં એમ કહી દીધું છે. મુસલમાન મિત્રોને અપીલ કરવાનું બળ મારામાં નથી. મારા હૃદયની અંદર તો અડગ અને ન ભૂંસાય એવી શ્રદ્ધા રહેલી છે કે હિંદુઓ, મુસલમાનો અને બીજી કોમો સંપીને રહેવાની જ છે. પણ એ કાળ વહેલો કે મોડો જ્યાં સુધી નથી આવ્યો ત્યાં સુધી એ પ્રશ્ન હાથ ધરવાની હું આગ્રહપૂર્વક ના કહું છું. મને વધારે બળ મળે તથા એ કામ હાથ ધરવાનો ઈશ્વર તરફથી આદેશ મળે તેને માટે હું પ્રાર્થના કરી રહ્યો છું. આજે તો હિંદુઓ ઉપર મારો કશો પ્રભાવ પડતો નથી. મુસલમાનો અને શીખો ઉપર એથીયે ઓછો પડે છે. મારી આ નબળાઈને લીધે જ એ કામમાં હું પડતો નથી. મારામાં ખોટો વિનય નથી. હું જાણું છું કે સત્યાગ્રહના શાસ્ત્રમાં મારો કોઈ સાથી નથી. સત્યાગ્રહમાં હું અદ્વિતીય છું. અને ઈશ્વર મને જિવાડશે તો મારો એ દાવો હું ખરો કરી બતાવવાનો છું. એટલે હું સરકારને કાંઈ લખું તો તેમાં પણ મારું બળ હશે. એટલે વાઇસરૉયને લખવાની તમે મને પરવાનગી આપો એમ હું માગું છું. વાઇસરૉય મારું અપમાન કરી શકે એમ નથી. મારું અપમાન કોણ કરનાર છે? આપણે પોતે આપણી જાતનું અપમાન કરીએ એ જુદી વાત છે. બાકી પૃથ્વી ઉપરની કોઈ સત્તાની મગદૂર નથી કે આપણું અપમાન કરી શકે. દુશ્મન તો આપણી અંદર જ બેઠેલો હોય છે. એ કાંઈ બહાર હોતો નથી. એટલે મારી સલાહ તમે સ્વીકારો અને વાઇસરૉયને લખવાની

પરવાનગી મને આપો. હું આપણું માનભંગ થાય તે માટે લખવા માગતો નથી, પણ આપણું માન વધે તે માટે લખવા માગું છું. સત્યાગ્રહના ગર્ભમાં એ વસ્તુ રહેલી છે કે માનભરી સુલેહ માટે હંમેશ કોશિશ કરવી. આજે એની આશા ન દેખાય પણ સરકારના ઇરાદાનો આપણે અગાઉથી શું કામ ખ્યાલ બાંધી લઈએ? આપણે ઈશ્વરનાં બાળક છીએ, ઈશ્વર નથી. એટલે હું તો ઈશ્વરનાં હાથમાં બધું છોડી દેવામાં માનું છું. આપણે તદ્દન ક્ષુલ્લક છીએ એટલે કશાને માટે આપણે એકલા જ જવાબદાર છીએ એમ આપણે કહી શકીએ નહીં. એમ કહેવું એ અશક્ય અને ઉદ્ધતાઈભરેલો દાવો છે. હું વાઇસરૉયને મળવા ઇચ્છું છું તેમાં આપણી નબળાઈ નહીં પણ આપણું બળ છે. હું એની સાથે સમાનતાને નાતે વાત કરવાનો છું. એમાં અપમાન કોનું થવાનું છે? મારું અપમાન કોઈ કરી શકે એમ નથી. જે માનભરી સુલેહ કરવાની ના પાડે તે અપમાનિત થાય છે. આ વસ્તુ તમે કબૂલ રાખતા ન હો તો હું કહીશ કે સત્યાગ્રહનો કક્કો તમે સમજતા નથી. રાજનીતિની કુશળતા શેમાં રહેલી છે તે પણ તમે જાણતા નથી. મારામાં થોડીક રાજનૈતિક કુશળતા છે તે તમારે માનવું જોઈએ. એ બધા વિના હું આ ભાર ખેંચી શક્યો ન હોત અને સત્યાગ્રહ વિના આ કઠણ જીવન જીવી શક્યો ન હોત.

અત્યારે આપણે પર્ણકુટીમાં માંદાની પથારી આગળ નથી બેઠા, પણ આ નાના સુંદર હૉલમાં લોકમાન્યની છાયા તળે બેઠા છીએ. હું આશા રાખું છું કે આપણે જુદી જુદી દિશામાં ખેંચતાણ કરીને પક્ષાપક્ષી નહીં ઊભી કરીએ, અથવા એકબીજાથી જુદા નહીં પડીએ. આપણે એવા મૂરખ નથી. આજના દિવસને અંતે કંઈ નહીં તો ડૂબતા માણસને માટે આધારરૂપ થઈ પડે એવું તણખલું પણ શોધી કાઢી શકીશું.

જે ભાઈઓ અહીં બોલી ગયા તેમને મેં ધ્યાનપૂર્વક સાંભળ્યા છે. છતાં દરેક વક્તા શું શું બોલી ગયા એની પરીક્ષા લો તો મને માંડ ૩૩ ટકા ગુણ મળે. હું ઊંઘતો હતો એમ માનવામાં મહેરઅલીએ ભૂલ કરી છે. હું ખૂબ થાકી ગયેલો હતો અને ઊંઘ મારા ઉપર સવાર પણ થઈ હતી. એમ તો ગોળમેજી પરિષદમાં પણ બધાં ભાષણો શબ્દેશબ્દ સાંભળવાની પ્રતિજ્ઞા લઈને હું બેઠો નહોતો. મારી એ ફરજ પણ નહોતી. ત્યાં ઘણાં પ્યાદાંઓમાંનું હું એક પ્યાદું હતો.

અહીં થયેલાં ભાષણોથી મારા અભિપ્રાયમાં કશો ફરક પડ્યો નથી. ઊલટું જે કામચલાઉ અભિપ્રાય બાંધીને હું આવ્યો હતો તે વધારે પાકો થયો છે. મારે દિલગીરી સાથે તમને જણાવવું પડે છે કે એક પણ

બાબતમાં મારો અભિપ્રાય બદલવાનું મને કારણ મળ્યું નથી. પણ અભિપ્રાય બદલવાનો મારો ઇરાદો જ નહોતો એવું અનુમાન તમે કાઢશો તો તમે મને ભારે અન્યાય કરશો. હું એવા ઘણા દાખલા તમને આપી શકું એમ છું જ્યાં નાનાં બાળકોના કહેવાથી મેં મારી ભૂલ સુધારી છે. જે જે દુશ્મનો અથવા વિરોધીઓ ગણાતા હોય તેમના કહેવાથી પણ મેં મારી ભૂલ સુધારી છે. મારે કશા પૂર્વગ્રહો નથી. સત્યની આરાધના સિવાય બીજો કશો હેતુ મારે સાધવાનો નથી. મારી સત્યોપાસનાને લીધે માણસોના આત્માને કોરી ખાનારા ભયમાંથી હું બચી જાઉં છું. ઇમર્સન કહે છે કે હંમેશાં સુસંગતતાનો આગ્રહ રાખવો એ તો નાના દિલનાં માણસોના મગજમાં ભરાયેલું ભૂત છે. એ વાક્ય મને પૂરેપૂરું માન્ય છે. મારું દિલ સાંકડું નથી પણ વિશાળ છે. પણ એ દિલ ઉપર તમારી કોઈ દલીલની કશી અસર થઈ શકી નથી. મારા વિચારો મક્કમ રહ્યા છે. અને બમણી પ્રતીતિથી હું તમને સલાહ આપવા તૈયાર થયો છું. તમારે સવિનયભંગ ચાલુ રાખવો છે કે બંધ કરવો છે? અને બંધ કરવો હોય તો કશી શરત સાથે બંધ કરવો છે કે બિનશરતે બંધ કરવો છે? એ બાબત તમારો અભિપ્રાય આપવા મેં તમને અહીં બોલાવ્યા છે. જે અભિપ્રાયો અહીં વ્યક્ત થયા તેનું વધારે વજન એ તરફ ઢળતું જણાયું છે કે સવિનયભંગ પાછો ખેંચી લેવાવો જોઈએ. બધાં ભાષણોનું અહીં હું પૃથક્કરણ કરીને એવું બતાવવા બેસવાનો નથી કે તેમાંની બધી દલીલો નબળી છે. પણ એ બધાં ભાષણોની સ્પષ્ટ અસર મારા ઉપર એ પડી છે કે તમારા કેસમાં કશી વજૂદ નથી. વિધિનો ખેલ એવો છે કે તમે જે દલીલો રજૂ કરી છે એ જ બધી દલીલો હું સવિનયભંગ ચાલુ રાખવાને માટે કરી રહ્યો છું.

કેટલાક વક્તાઓએ કહ્યું છે કે લડતમાં પડેલા માણસો થાકી ગયા છે અને તેમને આરામ આપવો જોઈએ. તેઓએ જો એમ કહ્યું હોત કે 'અમે થાકી ગયા છીએ' તો હું તે સમજી શકત. પણ તેઓ તો કહે છે કે બીજા થાકી ગયા છે. તો હું એમ કહું છું કે આપણે જેઓ નથી થાક્યા તેઓ વધારે જોરથી હલેસાં મારીએ. કાઠિયાવાડમાં ચાલતા બળદને જ પરોણી મારવામાં આવે છે. આપણે બધા રાષ્ટ્રનું ગાડું ખેંચનારા બળદો છીએ. તેમાંથી થોડા બળદ થાકી ગયા હોય તેથી આપણે શા માટે નબળા પડવું? એ સત્યાગ્રહનો નિયમ નથી. હિંસક યુદ્ધનો પણ એ નિયમ નથી. મારા કરતાં તો ઇતિહાસ તમે વધારે જાણો છો. અને ઇતિહાસ તો એવા દાખલાઓથી ભરપૂર છે કે જ્યાં ઘણા સૈનિકો થાકી ગયા હોવા છતાં થોડાઓએ લડત ચાલુ રાખીને વિજય પ્રાપ્ત કર્યો છે. આપણે ત્યાં શું

થર્મોપોલીઓ નથી થઈ? એનું વર્ણન કરનારા કેવળ હિંદીઓ જ નથી પણ ટૉડ જેવા અંગ્રેજે એનું વર્ણન કરેલું છે. એ કહે છે કે રજપૂતો એક વિશિષ્ટ જાતિ છે. એ ગમે તેમ હોય પણ ટૉડે એટલી સાક્ષી તો પૂરી જ છે કે હિંદુસ્તાન કાયરોનો દેશ નથી. આપણા પૂર્વજોની એ વીરગાથાઓ-માંથી આપણે બળ મેળવીએ. કોઈ રજપૂત એવો નથી પાક્યો જેણે એમ કહ્યું હોય કે મારા સાથીઓ નબળા પડી ગયા છે તેથી હું શરણે જાઉં છું. આજે ઇસ્લામ દુનિયામાં ઊભો છે તે પણ તેના મૂઠીભર માણસોની બહાદુરીને લીધે છે. દુનિયાની દરેક જાતિનો ઇતિહાસ પરાક્રમની ગાથાઓથી ભરેલો છે. મને તો નવાઈ લાગી અને દુઃખ પણ થયું કે રાષ્ટ્રના ચુનંદા માણસો (જો સાચા પ્રતિનિધિઓ હોઈએ તો) એવા આપણે શું એમ જાહેર કરીશું, કે આ બધી આપત્તિઓને લીધે અમે થાકી ગયા છીએ અને હારી ગયા છીએ, આગળ લડવાની અમારામાં તાકાત નથી રહી? આ મહાન મહારાષ્ટ્રી જે આપણે માટે બહાદુરીનો અને આપભોગનો વારસો મૂકી ગયો છે તેની છાયા નીચે આ હોલમાં એકઠા થયેલા તમને હું અપીલ કરું છું કે એ બધી કાયરતા ખંખેરી નાખો. બહાદુર માણસોને વળી થાક ખાવાનો કેવો? દક્ષિણ આફ્રિકામાં સાધારણ અંગ્રેજોએ કેવી બહાદુરી બતાવી છે તેનો હું સાક્ષી છું. 'લંડન ટાઇમ્સ'ને લખવું પડ્યું કે બધા સેનાપતિઓ ગધેડા હતા, પણ સિપાઈઓ શૂરવીર હતા. એક પછી એક સેનાપતિઓએ હાર ખાધી છતાં અંગ્રેજ સિપાઈઓને આપણે જશ આપવો જોઈએ કે તેમનામાં ઘણા એવા શૂરવીર હતા જેઓ અમે થાક્યા છીએ એમ કહેવા તૈયાર નહોતા. લડાઈ પછી 'રોજની જેમ કામકાજ ચાલુ છે' (Business as usual) એ એમનો મુદ્રાલેખ હતો. આપણા દુશ્મન ગણાતા લોકોની તવારીખમાંથી આટલો બોધ આપણે નહીં લઈએ? આપણામાં એટલાં બલિદાન આપવાની શક્તિ નથી, જેથી દુશ્મનોનાં હૃદય પીગળે? એ પીગળતાં ભલે વખત લાગે. તમે કહેશો કે હું તો તમારી લાગણીઓને અપીલ કરું છું. પણ માણસનામાં જો લાગણી ન હોય તો માણસની કિંમત શી છે? લાગણી તો પશુમાં પણ હોય છે. અને આપણે તો પશુ કરતાં ચડિયાતા છીએ. કારણ આપણામાં એ વસ્તુનું ભાન છે. હું કહું છું કે હજી આપણે કશું ગુમાવ્યું નથી. આપણે કંઈ પણ ગુમાવ્યું હોય તો આત્મવિશ્વાસ ગુમાવી બેઠા છીએ.

આ ત્રણ દિવસ આપણે હૂંસાતૂંસીના વાદવિવાદમાં પડ્યા. કોકે કહ્યું કે અમારા કર્ણાટકના લોકો તદ્દન તૈયાર છે પણ તેમને થોડા આરામની જરૂર છે. હું કહું છું કે એવું કહેનારા તમે કોણ, કે એમને

આરામની જરૂર છે? એક જણે કહ્યું કે મુંબઈથી થોડા પૈસા મોકલવામાં આવે તો અમારા લોકો જાગ્રત થઈ જાય. આવી વાતોમાં શો માલ છે? લોકોને આરામની જરૂર છે એનો શો પુરાવો તમારી પાસે છે? આપણે આપણો પોતાનો ન્યાય કરીએ. આપણાં કાટલાંથી આખા રાષ્ટ્રનો ન્યાય ન તોળવા બેસીએ. વીર પુરુષને માટે તો એક જ ન્યાય હોય છે: તારે સ્થાને અડગ ઊભો રહે અને મોતને ભેટ. મને નવાઈ તો એ લાગે છે કે દરેક માણસ સત્યાગ્રહના સાધનમાં વિશ્વાસ જાહેર કરે છે અને વાત એથી ઊલટી કરે છે. હું કહું છું કે સત્યાગ્રહીને માટે આરામ જેવી વસ્તુ જ નથી. તમે શું એમ ધારો છો કે લશ્કર કૂચ કરતું હોય ત્યારે કોઈ શ્વાસ ખાવા બેસી શકે છે? કોઈ સિપાઈ થાકે તો તેને ઈશ્વરની દયા ઉપર છોડીને લશ્કર તો આગળ ધપે છે. દક્ષિણ આફ્રિકામાં મેં જ્યારે અહિંસક કૂચ કરી ત્યારે બધાં સ્ત્રીપુરુષોની સાથે મેં શરત કરી હતી કે કોઈ સ્ત્રી થાકી જશે તો તેને પણ એકલી છોડીને આગળ જવા જેટલો નિર્દય હું થઈશ. તેની રક્ષા કરવા માટે કોઈ સિપાઈને હું પાછળ મૂકીશ નહીં. આ સિવાય બીજું હું કરી જ ન શકું. અને ઈશ્વરનો પાડ માનું છું કે કોઈ સ્ત્રીને કશી આંચ નહોતી આવી. રસ્તે જ્યારે લોકોએ જાણ્યું કે અમે શા હેતુસર કૂચ કરીએ છીએ ત્યારે તેમણે પોતાના પાણીના નળ અમારે માટે ખુલ્લા મૂકયા. [દક્ષિણ આફ્રિકામાં કૂવા નથી હોતા. વરસાદના પાણીથી ટાંકીઓ ભરી રાખવી પડે છે.] કશી કરુણ ઘટના વગર અમે અમારી કૂચ ચાલુ રાખી શકયા. તે જ પ્રમાણે અહીં પણ આપણે આગળ ધપ્યે જવાનું છે. કોઈ થાકી જાય.તો તેને એકલો છોડીને આગળ ધપવાનું છે. આપણે મરીશું તો આપણને વિજયમાળા પ્રાપ્ત થવાની છે. આપણી ખાંભી ઉપર લેખ લખાશે, કે જે વીરોએ આરામને ઓળખ્યો નહીં, કદી ડગ્યા નહીં અને કશી મદદની આશા વિના લડતાં લડતાં મર્યા તેમણે મુક્તિ સંપાદન કરી છે. એટલે આપણામાં આ લડત આગળ ધપાવવાની શ્રદ્ધા અને હામ છે કે નહીં તે આપણે વિચારવાનું છે. તમે જે દલીલો રજૂ કરી છે તે દલીલો ઉપરથી જ હું તો તમને કહું છું કે લડત બંધ પાડી શકાય જ નહીં.

પણ તમે તો કહો છો કે બિનશરતે લડત પાછી ખેંચી લો. હું કહું છું કે તમે લડત ખેંચી લેવા જ માગતા હો તોપણ બિનશરતે તો ન જ ખેંચશો. એ પગલું વિઘાતક થશે. 'બિનશરતે'નો અર્થ જો આપણે પ્રમાણિક હોઈએ તો એવો થાય કે સરકાર જેમ ઇચ્છે છે તેમ આપણે લડત પાછી ખેંચી લેવી. આપણે બીજો અર્થ કરીએ તેમાં અપ્રમાણિકતા

છે. પણ હું તો કહું છું કે આપણે લડત પાછી ખેંચી શકીએ જ નહીં. આપણી લડત તો ૧૯૨૦થી ચાલે છે. સંગીન કારણ મળ્યા સિવાય આપણાથી તે થંભાવી શકાય જ નહીં. માનભર્યું સમાધાન થાય એ સંગીન કારણ કહેવાય. રચનાત્મક કાર્ય કરવાની ખાતર પણ લડતને થંભાવાય નહીં. સરકાર જે અર્થમાં લડત પાછી ખેંચાવવા માગે છે તેથી બીજા કોઈ અર્થમાં લડત ખેંચી લઈને તમે રચનાત્મક કાર્યક્રમ કરી શકો જ નહીં. લડત પાછી ખેંચવાની પાછળ કેવો વિઘાતક અર્થ રહેલો છે તે તમે જાણો છો? વિઘાતક અર્થ એ છે કે પછી કશા સમાધાનની આશા જ રહેતી નથી. એટલે તમે લડત પાછી ખેંચી લો તો પ્રજાના વિશ્વાસનો ઘાત કરો છો. સમાધાનમાં કાંઈ પણ મેળવ્યા સિવાય લડત થંભાવવાનો તમને કશો હક નથી. આપણે ગળે વીંટળાયેલી જીવલેણ નાગચૂડ છૂટે નહીં ત્યાં સુધી લડત પાછી ખેંચી લેવાની વાત કેવી હોય? હું તો ઇચ્છું છું કે આપણે બધા તૂટી મરીએ, જેથી આપણાં હાડમાંસ, રુધિર, એ બધું આ ભરતભૂમિને સમૃદ્ધ કરવાનું ખાતર બને. આ નાગચૂડમાંથી છુટાય એવું અત્યારે દેખાતું નથી, એટલે પણ લડત પાછી ખેંચી લેવી એ રાષ્ટ્રના હિતમાં નથી. આપણે લડત પાછી ખેંચવા માગતા હોઈએ તો માનભર્યા સમાધાનનો કોઈ માર્ગ શોધવો જ જોઈએ. પણ થાકીને તો આપણાથી લડત ખેંચાય જ નહીં. તમારો સેનાપતિ ખોટો નીવડ્યો છે એમ તમને લાગતું હોય તોપણ પરિસ્થિતિનો સામનો કરવાની તમારામાં હિંમત હોવી જોઈએ અને તમારે કહેવું જોઈએ, 'કદી નહીં હારના' . . .

તમે ગમે તે કાર્યક્રમ ઘડી કાઢો પણ સરકાર સાથે સમાધાન થયા વગર કૉંગ્રેસથી એ કાર્યક્રમનો અમલ થઈ શકશે નહીં. એક ભાઈએ કહ્યું કે હું તો એક કરોડ સભ્યો નોંધવા ઇચ્છું છું. હું કહું છું કે એને દસ સભ્યો પણ મળવાના નથી. બારડોલીની નજીક એને કોઈ ઢૂંકવા પણ નહીં દે. અત્યારે આપણે પ્લેગના પંજા નીચે સપડાયેલા દેશમાં છીએ. કાયમી બંધનો આપણને જકડી રહ્યાં છે, અને આપણને પીસી રહ્યાં છે. આપણે એકલા બાકી રહીએ તોપણ સરકાર સામે લડતાં લડતાં ભાંગીને ભૂકો થવા તૈયાર રહેવું જોઈએ. સરકાર ઇચ્છે છે એ અર્થમાં નહીં પણ આપણા અર્થમાં. હું તો એકલો રહીશ તોપણ જ્યાં સુધી મારા શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી સરકાર સાથે લડવાનો છું. રાષ્ટ્રની ઇજ્જત લૂંટાવા દેવાનો નથી.

એમ કહેવામાં આવે છે કે અત્યારે જેમ લડત ચાલે છે એમ ચાલવા દેવી. હું કહું છું કે રાષ્ટ્રની તંદુરસ્તી ખાતર તેમાં ફેરફાર કરવાની

જરૂર છે. આજે જેમ ચાલે છે એમ ચાલવા દઈશું તો આપણે થાકીને લોથ થઈને પડવાના છીએ. નાના છોકરાના હાથમાં તમે કોઈ દિવસ છરી આપેલી જોઈ છે? આ શસ્ત્ર પણ એવું છે કે તેને બરાબર વાપરતાં આપણને ન આવડે તો આપણા જ હાથપગ અને ગળું આપણે કાપી બેસીએ. પણ આપણાં ગળાં આપણે કાપી બેસીએ તેને પણ આ અમાનુષી સલ્તનતને તાબે થવા કરતાં હું વધારે સારું કહું.

એટલે મારી સૂચના તો એવી છે કે આપણો કાર્યક્રમ આપણે ફરીથી સારી રીતે ગોઠવીએ. આપણે સામુદાયિક સવિનયભંગ મોકૂફ રાખીએ અને વ્યક્તિગત સવિનયભંગ સારી રીતે ચલાવીએ. વ્યક્તિગત સવિનયભંગમાં દરેક માણસને વ્યક્તિગત રીતે કાયદાનો સવિનયભંગ કરવાનો અધિકાર રહે છે. દરેક માણસ પોતાનો નેતા બને છે અને પોતાની જવાબદારી ઉપર કામ કરે છે. પોતે જ પોતાનો સેનાપતિ અને પોતે જ પોતાનો સિપાઈ. પોતાની બધી જ હોડીઓ તે સળગાવી દે છે અને બાકીના જીવે છે કે મરે છે તેની તે પરવા કરતો નથી. બધું જ તે સમજપૂર્વક ઈશ્વરના હાથમાં સોંપી દે છે.

તમારે એવો પણ વિશ્વાસ રાખવો જોઈએ કે એવા દેશપ્રેમી માણસો નીકળી આવશે જેઓ જેલ જવા નહીં ઇચ્છતા હોય પણ જેલ જનારાના કુટુંબીઓને પોષવા તૈયાર હશે. જોકે મારી પોતાની આશા તો એકલા ઈશ્વર ઉપર જ છે. આમાં ખેડૂતો પણ ભાગ લઈ શકે, પણ સામુદાયિક રીતે નહીં. માણસ સમુદાયમાં હોય છે ત્યારે બિલાડીને ગળે ઘંટ કોણ બાંધે એવો વિચાર કરે છે. પણ વ્યક્તિગત સવિનયભંગ કરવા માટે ભલેને બે કે ત્રણ માણસો નીકળે, એક માણસ નીકળે, તો તે પણ અગ્નિને પ્રજ્વળતો રાખવા માટે પૂરતો છે. આપણને એક માણસથી પણ સંતોષ હોવો જોઈએ. વિરોધ કરવાની રાષ્ટ્રની શક્તિનો તે પ્રતિનિધિ બનશે. આ સિવાય બીજો કોઈ માર્ગ તમારી પાસે હોય તો તે મને બતાવો. તમે રચનાત્મક કાર્યક્રમની વાત કરી છે એ ઠીક છે. પણ આપણામાં સવિનયભંગ કરવાની શક્તિ ન હોય તો એ બધા કાર્યક્રમો કશા કામના નથી. તમને એમ લાગતું હોય કે સવિનયભંગથી રાષ્ટ્રનો હેતુ સર્યો નથી અને એ હવે ખલાસ થઈ ગયેલી શક્તિ છે તો તેમ કહો. પણ તમારામાં જો શ્રદ્ધા હોય તો એક દીવો પણ પ્રજ્વળતો રાખો. વખત આવતાં એકમાંથી અનેક પ્રગટશે.

મેં એવું બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે સરકાર સાથે કશું સમાધાન થયા વિના લડતને પાછી ખેંચી લેવી એ ભ્રમજાળ છે. એ જીવલેણ ખતરો

છે. તેથી હું કહું છું કે મારી સલાહ માનો. આપણે એમ કહીએ કે જનતામાં પોતાની જવાબદારી ઉપર લડવાની તાકાત આવે ત્યાં સુધી એમના પૂરતો સવિનયભંગ મોકૂફ રાખવામાં આવે છે.

હવે ગુપ્તતા વિષે બે શબ્દ કહું. તમારામાંના ઘણાને લાગે છે કે ગુપ્તતા વિના આ લડત ચલાવી જ ન શકાય. મને વધારે સમય હોત તો હું તમને સાબિત કરી બતાવત કે ગુપ્તતાએ આપણા તંત્રને અને આપણી લડતને ઢીલી પાડી નાખી છે. હું તો કોઈ પણ જાતની ગુપ્તતાને નુકસાનકારક ગણું છું. '૩૧માં 'નવજીવન'ને ગુપ્ત રીતે મેં ચાલવા દીધું એ મારી નબળાઈ હતી. એ મેં ભયંકર ભૂલ કરી. સત્યાગ્રહના નિયમનો તેમાં ભંગ થાય છે.

એક સાથીની વફાદારી વિષે આક્ષેપો થયા છે એ સંબંધી બે શબ્દ કહીશ. એમ કહેવામાં આવે છે કે હરિજન બિલો ધારાસભા આગળ આવ્યાં ત્યારે રાજાજીએ સરકાર સાથે સહકાર કર્યો. તેમાં કાંઈ ગુનો હોય તો તે મારો છે. સત્યાગ્રહના અથવા તો સવિનયભંગના કાયદા સાથે અસંગત એવું તેમાં કશું નહોતું.

મારા ભાષણમાં મારી બધી લાગણીઓ મેં ઠાલવી છે તે માટે તમે મને ક્ષમા કરશો. ઊંચામાં ઊંચી લાગણી અથવા ભાવના વિના આ લડત ચલાવવાનું અશક્ય છે. ગણતરી-બાજીથી લડત ચલાવી શકાતી નથી. આશાઓ અને ભાવનાઓથી ઊભરાતાં સ્ત્રીપુરુષો જ લડતમાં ઝંપલાવે છે. બીજાં તેમાં પડી શકતાં નથી. એકબીજાથી વિરોધી દિશામાં ખેંચતાણ કરતાં અનેક બળો નીચે આપણો દેશ કચડાઈ રહેલો છે. ભાવનાના આવેશમાં આવ્યા સિવાય એ બળોને પડકાર આપી શકાય નહીં. આજે આપણે એ બળોનો વિરોધ નહીં કરીએ તો ભવિષ્યની પ્રજા આપણને દોષ દેશે. આપણા ધ્યેયે પહોંચ્યા વિના આપણે અટકી શકતા નથી. તમારે મને સ્વપ્નદર્શી અથવા તો ખોટો આશાવાદી ગણવો હોય તો ભલે ગણો. પણ હું જાણું છું કે રાજદ્વારી બાબતો હું પણ થોડી સમજું છું. નાસ્તિક લોકો પણ ભાવનાના આવેશમાં કામ કરતા જાણવામાં આવ્યા છે. દાખલા તરીકે બ્રેડલો. આપણી બધી ચર્ચામાં ઈશ્વર સાક્ષીરૂપે રહો. આપણાથી કશું નબળું પગલું ન લેવાઓ. મારા પ્રભાવથી દોરવાઈને કશું કરશો નહીં. તમારા હૃદય ઉપર હું અસર ન પાડી શક્યો હોઉં તો મારી વાત ફેંકી દેજો. એ મને ગમશે. મારે ખાતર કશું કરશો નહીં. સંપૂર્ણ આત્મવિસર્જન સુધીનું જે કાંઈ કરો તે માતૃભૂમિને ખાતર કરજો. હું તમારા કરતાં ચડિયાતો નથી. આ દુનિયાનો જ માણસ હું છું. હું

પાર્થિવ પ્રાણી છું. પૃથ્વીની રજ કરતાં જરાય ઊંચો નથી ને ઊંચા થવાની મહત્ત્વાકાંક્ષા પણ સેવતો નથી. તમારો આભાર માનું છું.

**પ્રશ્નોત્તરી**

**અસફઅલી :** આપના સિદ્ધાન્તનું મૂલ્ય અમે જે કાંઈ કરીએ તે ઉપરથી અંકાવાનું નથી. હું આપને વિનંતી કરું છું કે દેશની ખાતર અમારો ત્યાગ કરશો નહીં. આપનો નિર્ણય છેવટનો હોય અને અમારા-માંના કેટલાક કાયર હોઈએ તોપણ આપ કેસરિયાં કરો એથી શું વળે? રજપૂતો શું ફાવ્યા? તમારે આધ્યાત્મિક બાલાક્લાવા* તો નથી કરવું ને? અમે આપને વિનંતી કરીએ છીએ કે અમને ફરી સંગઠિત થવા માટે થોડો વખત આપો. પણ તમારે અમારો ત્યાગ જ કરવો હોય તો મારે કાંઈ કહેવાનું નથી.

**આબિદઅલી :** પિકેટિંગ અને નમક સત્યાગ્રહ માટે આ લડત તમારે કરવી છે?

**બાપુ :** મને એક સવાલ પૂછવામાં આવ્યો છે કે જેલમાં ગયા પછી ત્યાંથી ફરી હરિજનકામ શરૂ કરશો? જવાબમાં મારે એટલું જ કહેવાનું છે કે મને કેવી જેલ મળે છે તે મારે જોવું જોઈશે. ગમે તે પ્રકારની હોય હરિજનકામ ચાલુ રાખવાનું શક્ય છે કે કેમ તે હું જોઈશ. આપણી લડતનાં મંડાણ ૧૯૨૦થી થયાં છે. લાહોર અને કરાંચીના ઠરાવથી તેના મુદ્દા આપણે વધારે વ્યાપક કર્યા છે. મારી આશા તો એવી છે કે જ્યાં સુધી આઝાદી મળી નથી ત્યાં સુધી લડત ચાલુ જ રહેશે. મારો એક પગ યરવડા જેલમાં છે અને એક પગ અહીં છે. આપણી લડત ચાલુ જ રહે એ તમારે વિચારવાનું છે. આ તો અવૈધ સભા છે. અહીં કોઈને, આપણા કામચલાઉ પ્રમુખને પણ, લડત બંધ કરવાનો અધિકાર નથી. હું જે કાંઈ અહીં કહું છું તે પણ સલાહ રૂપે છે. ધારો કે તમારે લડત બંધ કરવી હોય તો તે માટે કૉંગ્રેસની મહાસમિતિ બોલાવવી જોઈએ. તમે મને વાઇસરૉયને લખવાની પરવાનગી આપો તો તેમાં પણ મારું સ્થાન વિષ્ટિ કરનારનું હશે. હું જે કાંઈ શરતો રજૂ કરું તે કૉંગ્રેસની મહાસમિતિ પાસે મારે મંજૂર કરાવવી જોઈશે. આવી જાતના સમાધાનથી આઝાદી તો ઘણી દૂર હશે. આપણને આઝાદી આપવાનું ઈંગ્લન્ડના હાથમાં નથી. આઝાદી તો આપણા બળથી આપણે મેળવવાની છે. અત્યારે

* રશિયાની દક્ષિણે સેબેસ્ટોપોલના અગ્નિખૂણામાં છ માઈલ દૂર આવેલું નાનું બંદર છે. ક્રિમિયન વિગ્રહ વખતે એ બ્રિટિશોનું મુખ્ય મથક હતું. ત્યાં છસો માણસોએ કરેલાં કેસરિયાં માટે એ પ્રસિદ્ધ છે.

અનુભવીઓનો અભિપ્રાય તો એવો છે કે ૧૯૩૫ની આખરે સુધારા આવશે. પણ આપણે આઝાદી મેળવીએ તે પહેલાં તો પ્રાણાર્પણ કરીને આપણે લડવું પડશે. દરેક સત્યાગ્રહીએ સવિનયભંગનો કાર્યક્રમ પોતાની મેળે ઉપજાવી કાઢવો પડશે. ત્રીસ કરોડ માણસો પણ દરેક પોતાનો નેતા બનીને વ્યક્તિગત સવિનયભંગ કરી શકે. અથવા એક જણની સરદારી નીચે સો માણસો એકઠા થઈને પણ વ્યક્તિગત સવિનયભંગ કરી શકે. વ્યક્તિગત સવિનયભંગમાં કોઈ પણ માણસની શક્તિ અથવા ઉત્સાહને રોકી શકાય નહીં. મારી સ્થિતિ શી છે એ વસ્તુ અપ્રસ્તુત છે. બંધારણની રૂએ તો સવિનયભંગ ચાલુ રાખવાનો મને પૂરેપૂરો અધિકાર છે. કૉંગ્રેસની મહાસમિતિ મળે તે પહેલાં પણ હું જેલમાં પહોંચી ગયો હોઉં એવું બને. જે દિવસે મને જણાય કે હું તમારી સાથે વાતચીત કરી શકતો નથી, અથવા તો છૂટથી હરીફરી શકતો નથી, અથવા તો મારા ઉપર કોઈ પણ જાતનો પ્રતિબંધ મૂકનારો હુકમ બજાવવામાં આવે તો એ હુકમને તાબે થવાનું મને, અથવા આપણામાંના કોઈને શોભે ખરું? મારા ભાષણમાં મેં કહ્યું કે આપણે કાયમી બંધનમાં છીએ એનો આ જ અર્થ હતો.

સ૦ : કૉંગ્રેસના સરમુખત્યારની વ્યક્તિગત સવિનયભંગમાં શી સ્થિતિ હોય ?

બાપુ : વ્યક્તિગત સવિનયભંગ કરનારે કોઈ પણ સરમુખત્યારની રજા લેવાપણું છે જ નહીં. દરેક માણસ પોતાનો નેતા બને છે. વ્યક્તિગત સવિનયભંગમાં સરમુખત્યારની કશી જરૂર નથી. કશા હુકમોની પણ જરૂર નથી.

સ૦ : કોઈ એક તાલુકો ભસ્મીભૂત થઈ જવા ઇચ્છે તો તે એમ કરી શકે ?

બાપુ : જરૂર. દરેક તાલુકો એમ કરે એવું હું તો ઇચ્છું. તે માટે કૉંગ્રેસના હુકમની જરૂર નથી. પણ એ તાલુકો કૉંગ્રેસને નામે કૉંગ્રેસના આશ્રયે એમ કરશે. × × ×

વાઇસરૉયને લખવાની મને કાંઈ ચળ નથી. તમે પરવાનગી નહીં આપો તો હું તો નહીં લખું. × × ×

ગઢવાલ અને મિરતના કેદીઓ છૂટવા જ જોઈએ એવી શરત સમાધાન માટે અનિવાર્ય નથી.

સ૦ : વ્યક્તિગત સવિનયભંગની આપની સૂચનામાં એવો માણસ સંમતિ આપી શકે જે થોડાક મહિના પછી સવિનયભંગ કરવાનો હોય ?

285००



બાપુ : આ નાજુક પ્રશ્ન છે. માણસ એવી સંમતિ તો આપી શકે, પણ એણે રાષ્ટ્ર પ્રત્યે અને પોતાની જાત પ્રત્યે વફાદાર હોવું જોઈએ. × × ×

બાળપણથી જ મારાં બાળકોને મેં મારી સામે બંડ કરતાં શીખવ્યું છે. × × ×

આજે મત આપનાર દરેક માણસ કાલે જ સીધો જેલમાં પહોંચી જશે એવી આશા મેં રાખી નથી. × × ×

કોઈ સત્યાગ્રહીએ જ્યાં સુધી એ પોતે જીવતો છે ત્યાં સુધી એમ કહેવું કે પોતાનું તંત્ર સુકાની વગરનું છે એ બરાબર નથી. × × ×

જે માણસ બહાદુર હોવાનો દેખાવ કરે છે તેનામાં ખરી બહાદુરી હોતી નથી. × × ×

જે શરતોમાં આમજનતાનું રક્ષણ ન થતું હોય એવી શરતોને હું માનભરી ન ગણું. × × ×

કોઈ પણ ખેડૂતને જમીનમહેસૂલ ભરી દેવાનો કૉંગ્રેસ હુકમ નહીં કરે. જે લોકો જેલમાં જવાના છે અને બીજી હાડમારીઓની બરદાસ્ત કરવાના છે તેમને કૉંગ્રેસ તો સાબાશી જ આપશે.

[તા. ૧૫મીની ડાયરી લખાયેલી નથી. — સં૦]

એક આશ્રમવાસી સાથે લડતમાં આશ્રમના ફાળા સંબંધે થયેલી વાતચીત :

૧૬–૭–'૩૨ સ૦ : વ્યક્તિગત સવિનયભંગ શરૂ થાય અને આશ્રમમાંથી જેટલા જેલ જનારા છે તેઓ જેલમાં પહોંચી જાય પછી બાકી રહેનારાઓએ આશ્રમની બધી પ્રવૃત્તિ સમેટી લેવી કે કેમ? સમેટી લે તો કઈ કઈ? અને કેટલા પ્રમાણમાં?

બાપુ : મારો મત એવો છે કે સમય આવ્યે આશ્રમે બધી પ્રવૃત્તિ બંધ કરી હોમાઈ જવું જોઈએ. એ સમય આ જ ઘડીએ ન પણ હોય. આ સમાચાર મેં કહેવડાવી દીધા છે. સમય ક્યારે આવ્યો તે બહાર રહેનારા નક્કી કરે.

સ૦ : કઈ પ્રવૃત્તિ ચાલુ રાખવી એ આપ નક્કી કરતા જશો કે જે સ્થળ ઉપર હશે તે નક્કી કરશે?

બાપુ : જ્યાં બધી પ્રવૃત્તિ બંધ કરવાની વાત છે ત્યાં કઈ ચાલુ રાખવી એ પ્રશ્ન જ નથી રહેતો.

સ૦ : જેને આપણી સંસ્થાઓ માનીએ છીએ અને જેઓ આશ્રમના ગણાય છે તેમણે એ પ્રવૃત્તિ છોડી દઈને લડતમાં ઝંપલાવવું કે કેમ?

બાપુ: આનો જવાબ ઉપર આવી જાય છે. પણ કોઈની ઉપર દબાણ ન કરવામાં આવે.

સ૦: આશ્રમમાં જેટલાં પુખ્ત વયનાં છે એમણે જેલમાં જ જવું જોઈએ કે પોતાના અભ્યાસે કે બીજે ધંધે વળગી શકે?

બાપુ: ધર્મ તો પ્રત્યક્ષ છે. પણ સૌને એ પ્રત્યક્ષ ન જણાય એમ બને, અર્થાત્ સૌ પોતાની ઇચ્છા અને શક્તિ પ્રમાણે વર્તે.

સ૦: સ્વરાજનાં બધાં કામોમાં અત્યારે સૌથી પ્રથમ કામ કયું?

બાપુ: સૌથી પ્રથમ કામ મને તો સવિનયભંગ જ લાગે છે.

સ૦: આશ્રમને કદાચ ગેરકાયદે ન ઠરાવે અને હાલ જે પ્રવૃત્તિ ચાલે છે એ ચાલવા દે તો પછી આશ્રમને સવિનયભંગનું કેન્દ્ર બનાવી શકાય? તેવી પ્રવૃત્તિ કરીને આશ્રમને ગેરકાયદે ઠરાવવા સરકારને આપણે નોતરી શકીએ?

બાપુ: એ જ મેં ઉપર જણાવ્યું. સમય આવ્યે આશ્રમે પોતાની મેળે હોમાઈ જવું જોઈએ. સરકારના નિમંત્રણની કોઈ રાહ ન જુએ.

[તા. ૧૭ તથા ૧૮ની ડાયરી લખાયેલી નથી. —સં૦]

એ. પી. આઈ.ને:

પાર્લમેન્ટમાં હિંદુસ્તાન સંબંધી ચર્ચા દરમિયાન સર સેમ્યુઅલ હોરે કરેલા ભાષણનો હેવાલ મેં વાંચ્યો છે. વાઇસરૉયના

૧૯–૭–'૩૨ તારથી જેવું મને દુ:ખ થયું એવું જ દુ:ખ અને આશ્ચર્ય આ હેવાલ વાંચીને મને થયું છે. × × × મારા ઉપવાસ પછી હું નિયમિત રીતે છાપાં વાંચી શક્યો નથી. છેલ્લા દસ બાર દિવસમાં તો મેં છાપાં ઉપર નજર પણ નાખી નથી. એટલા જ કારણથી કે મને જરાય વખત મળ્યો નથી. તેથી હું કહી શકું નહીં કે અવૈધ પરિષદ બાબત છાપાંમાં આવેલા હેવાલો એ પરિષદમાં જે બન્યું એનું ખરું પ્રતિબિંબ પાડે છે કે નહીં. મારા કહેવાનું તાત્પર્ય એમ નથી કે છાપાંના હેવાલો બધા ખોટા જ છે. પણ હું એમ કહું છું કે એ હેવાલો બિનસત્તાવાર હોઈ સરકારે એની નોટિસ લેવી જોઈતી નહોતી. આવા અવૈધ સંમેલનમાં હું અથવા બીજા કોઈ જે બોલ્યા હોઈએ તેની સાથે વાઇસરૉયને શું લાગેવળગે છે? વાઇસરૉયે તો મને મુલાકાત આપી હોત તો એ મુલાકાતમાં જે કાંઈ મેં કહ્યું હોત તે ઉપરથી પોતાના નિર્ણયો બાંધવા જોઈતા હતા. એ પરિષદના કામકાજને ઇરાદાપૂર્વક ખાનગી રાખવામાં આવ્યું હતું, જેથી મુલાકાતની મારી વિનંતી ઉપર તેની કશી અસર પડે નહીં. છાપાંના હેવાલોની સત્યતાનો ઇન્કાર કરવાનું હજી પણ મને કહેવામાં આવે છે.

પણ એ બધાં છાપાંઓની ફાઈલો ઉથામી ગયા સિવાય હું કેવી રીતે તેમ કરી શકું? હું કેટલાં છાપાં વાંચવા બેસું? એટલે હું તો કહું છું કે આ સૂચના વ્યવહારુ નથી. મુલાકાતની માગણી કરતી વખતે મેં કશી શરતો મૂકી નહોતી એટલું બસ હોવું જોઈતું હતું. સુલેહની કોઈ શક્યતા છે કે કેમ એ વિચારવા માટે મુલાકાતની મેં વિનંતી કરી હતી. એટલે મારી માગણીને એ રીતે જ વિચારવી જોઈતી હતી. પણ સરકાર તો અત્યારે મને એ સવાલ પૂછવા માગે છે કે દેશને સવિનયભંગની લડત ઉપાડવાની મેં સલાહ આપી તેનો અત્યારે મને પશ્ચાત્તાપ થાય છે કે કેમ? અને એ લડત બિનશરતે પાછી ખેંચી લેવાની સલાહ આપવા હું તૈયાર છું કે કેમ? એ સવાલનો જવાબ તો મેં અગાઉથી જ આપી દીધો છે.

મારા પૂરતું તો હું કહું કે મારા તરફથી સમાધાનનાં દ્વાર કદી બંધ થવાનાં નથી. સહેજ પણ તક મળતાં વાઇસરૉયના મહેલનાં બારણાં ખખડાવતાં મને સંકોચ થવાનો નથી. પણ હું ધારું છું કે સરકારે તો, જ્યાં સુધી કૉંગ્રેસ સવિનયભંગની લડત પૂરેપૂરી ખેંચી ન લે ત્યાં સુધી પોતાનાં બારણાં પૂરેપૂરાં બંધ કરી દીધાં છે. હું આશા રાખું છું કે કૉંગ્રેસ એવી રીતે કદી સવિનયભંગની લડત પાછી ખેંચી લેશે નહીં.

આ મોકૂફીના ગાળા દરમિયાન કોઈ પણ કાયદાનો ભંગ કરવાના રૂપમાં કશી પણ પ્રવૃત્તિ હું કરવા ધારતો નથી. આ મહિનાની આખર સુધી તો હું કાંઈ કરીશ નહીં.

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના પ્રતિનિધિને મુલાકાત :

૨૦–૭–'૩૩

સામુદાયિક સવિનયભંગમાં ઘણાં માણસો ઘેટાંની જેમ વર્તે છે. નેતા કહે તે પ્રમાણે તેઓ કરે છે. અને બધા સાથે તરે છે અથવા મરે છે. વ્યક્તિગત સવિનયભંગમાં દરેક માણસ પોતાનો નેતા થાય છે. એક માણસ નબળો પડે તેની અસર બીજા માણસ ઉપર પડતી નથી. એક કરોડ માણસો પણ વ્યક્તિગત સવિનયભંગ કરી શકે. તેનો અર્થ એ કે દરેક માણસ બીજાથી સ્વતંત્રપણે અને પોતાની જવાબદારી ઉપર વર્ત્યો હોય. પણ આનો અર્થ એવો નથી કરવાનો કે આ લોકો બધા એક વિચારના અને એક ધ્યેયવાળા ન હોય અને પરસ્પર વિરુદ્ધ દિશામાં તાણે. ઊલટું દરેક માણસ એક જ ઉદ્દેશથી અને એક જ વાવટા નીચે કામ કરતો હોવો જોઈએ. બધા એકબીજાથી સ્વતંત્ર હોવા છતાં એક જ દિશામાં ખેંચવાનું જોર કરે. વ્યક્તિગત સવિનયભંગની ખૂબી તો એમાં રહેલી છે કે એમાં હાર જેવી વસ્તુ જ

રહેતી નથી. કોઈ પણ દુન્યવી સત્તા ગમે તેટલી બળવાન હોય તોપણ વ્યક્તિગત સવિનયભંગ કરનારને હરાવી શકતી નથી.

વ્યક્તિગત સવિનયભંગમાં વ્યક્તિને યોગ્ય લાગે અને સત્ય અને અહિંસાના સિદ્ધાન્ત પ્રમાણે કૉંગ્રેસે જે આદેશેલું હોય તે સઘળું આવી જાય છે.

સ૦ : જેલના સળિયા પાછળ જઈને બેસવાથી દેશને શો લાભ થાય?

બાપુ : દેશને એથી લાભ થતો નથી એમ મને લાગે તો મારે સવિનયભંગ બંધ કરી દેવો જોઈએ. પણ સવિનયભંગની પાછળ તો એ સિદ્ધાન્ત રહેલો છે કે અન્યાયી રાજ્યમાં સ્વતંત્રતાપ્રિય માણસને બહાર કરતાં જેલમાં જ ખરી આઝાદી લાગે છે.

સ૦ : પૂનાની પરિષદને પરિણામે બે અથવા વધારે પક્ષો પડી જશે અને કૉંગ્રેસમાં ફૂટ પડશે એવું તમને નથી લાગતું?

બાપુ : જરાયે આવું પરિણામ આવે એમ હું ધારતો નથી. કૉંગ્રેસીઓમાં પરિષદ વખતે તીવ્ર મતભેદો દેખાયા ખરા, પણ પૂના પરિષદમાં જેવી એકબીજા પ્રત્યે સદ્‌ભાવની લાગણી હતી, ઝઘડાળુપણાનો જેવો બિલકુલ અભાવ હતો અને પ્રમુખના હુકમનું પાલન જેટલું ત્વરાથી થતું હતું તેવું બીજી પરિષદોમાં મેં જોયું નથી. હું તો ખરેખર માનું છું કે કૉંગ્રેસની હરોળમાં જરાયે ફૂટ પડવાની નથી અને સુધારેલો કાર્યક્રમ જ્યારે પ્રમુખ તરફથી બહાર પાડવામાં આવશે ત્યારે જણાશે કે દરેક જાતના અભિપ્રાયવાળાને તેનાથી પૂરેપૂરો સંતોષ જ થયો હશે.

સ૦ : આમ કરીને તમે શું હફતે હફતે સવિનયભંગ પાછો ખેંચી લેવા માગો છો?

બાપુ : લડતમાં શિથિલતા આવી હોય તો તે કબૂલ કરવામાં કશી નાનમ અથવા નબળાઈ છે એમ મને કદી લાગ્યું નથી. તેથી જ સામુદાયિક સવિનયભંગ બંધ રાખવાની મેં સલાહ આપી છે. એટલે દરજ્જે પીછેહઠનો સ્પષ્ટ સ્વીકાર મેં કર્યો છે. મને એમ લાગ્યું હોત કે કોઈ પણ જાતનો સવિનયભંગ અત્યારે શક્ય નથી તો એ જાતનો મત ધરાવનાર હું એકલો હોત તોપણ સવિનયભંગ પૂરેપૂરો પાછો ખેંચી લેવાની હું સલાહ આપત. પણ સત્યાગ્રહમાં વ્યક્તિગત સવિનયભંગનું શસ્ત્ર અમોઘ અને અજેય છે. વાઇસરૉયની સાથે મુલાકાતની માગણી તો મેં એટલા માટે કરી કે પરિષદના બીજા સભ્યોની માફક હું પણ ઇન્તેજાર હતો કે જો માનભર્યું સમાધાન થઈ શકે તો વ્યક્તિગત સવિનયભંગ પણ બંધ રાખવો. એટલે તમે જોશો

કે મુલાકાતની માગણીની પાછળ કોઈ પણ સંજોગોમાં વ્યક્તિગત સવિનય-ભંગ પણ ખેંચી ન લઈએ એવો દુરાગ્રહ નહોતો.

સરકાર જ્યાં સુધી મને બહાર રહેવા દેશે ત્યાં સુધી હું બહાર છું, અથવા મોકૂફીની મુદત તા. ૩૧મી જુલાઈ છે ત્યાં સુધી હું બહાર છું.

મારો મત એવો છે કે અત્યારને તબક્કે ઇંગ્લંડના મિત્રો બહુ ઓછી મદદ કરી શકે. × × × વાઇસરૉયનું વલણ તદ્દન ખોટું છે એ બાબત મારા મનમાં જરાય શંકા નથી. લોકોએ વધારે ઊંચી રીતે અને વધારે શુદ્ધ રીતે કષ્ટ સહન કર્યા વિના બીજો કોઈ માર્ગ નથી.

[તા. ૨૧મીની ડાયરી લખાયેલી નથી. — **સં૦**]

અમદાવાદમાં હરિજનોની સભામાં ભાષણ :

૨૨–૭–'૩૨

મ્યુનિસિપાલિટી પાસે મારી માગણી છે કે મેલું ઉપાડવા માટે ટોપલાને બદલે બીજી સારી સગવડ ભંગી ભાઈઓને કરી આપવી જોઈએ. ભંગીનું કામ સ્વચ્છ રીતે અને આરોગ્યની દૃષ્ટિએ સારી રીતે કરવાનું શાસ્ત્ર છે અને એ હું જાણું છું. ભંગી ભાઈબહેનો ટોપલામાં જ મેલું ઉપાડવાનું પસંદ કરે છે. પશ્ચિમમાં બોજો ઉપાડવાની એ પ્રથા નથી. મેં ડોલોની સૂચના કરી, એની સામે બે વાંધા આવ્યા. એ કામ બે માણસ વિના થઈ ન શકે. તેથી પગાર બે વચ્ચે વહેંચાય એટલે ઓછો મળે અને બીજું ડોલો ફાવે નહીં. પણ આ વાંધા બરાબર નથી. ડોલ વધારે સગવડવાળી વ્યવસ્થા છે. અને ભંગી ભાઈઓ પૂરું કામ કરે તો એમને પગાર ઓછો જ મળે એવું કાંઈ નથી. દક્ષિણ આફ્રિકામાં જેલની ડોલો અમે બે જણા સહેજે ઊંચકીને અરધો માઈલ સુધી લઈ જતા હતા. તમે એ પસંદ કરતા હો તો હું મ્યુનિસિપાલિટીને એ વાત કરું.

ભંગી ભાઈબહેનોએ આ કામ કરીને તરત સારી રીતે નાહવું જોઈએ. મ્યુનિસિપાલિટી પાસે નાહવાની સગવડની માગણી હું કરું, પણ ભંગી ભાઈબહેનોએ એનો ઉપયોગ કરવો જોઈએ. હવે જ્યારે જાગૃતિ આવી છે, હિંદુ ધર્મમાં આપણે સુધારો કરવો છે, ત્યારે આપણાં તમામ કામોમાં અને આપણા સૌમાં જાગૃતિ આવવી જોઈએ અને સુધારા થવા જોઈએ.

અંત્યજોમાં અંદર અંદર વાડાઓ છે તે નાબૂદ થવા જોઈએ. ઢેડ ભંગીને પોતાનાથી હલકો ગણે અને અલગ રાખે એ બરોબર નથી.

ઠક્કરબાપાને હારીને એકલા ઢેડની અથવા એકલા ભંગીની નિશાળો કાઢવી પડે છે. આમાં દોષ આખા હિંદુ સમાજનો છે પણ આપણે એ દોષ કાઢયે જ અને એ સુધારો કર્યે જ છૂટકો છે.

સવર્ણ હિંદુઓએ શું શું કરવું જોઈએ એની વાત તમે કરી છે. એ લોકો પોતાનો ધર્મ પાળે કે ન પાળે તમારે તમારો ધર્મ પાળવો જોઈએ. આપણે સવર્ણ હિંદુઓનો વિચાર કરવાનો નથી. તમારી મારફતે હું તેમને વિચાર નહીં પહોંચાડી શકું. આ શુદ્ધિની પ્રવૃત્તિમાં તમારે તમારી અંદર અંદર જ ઘણું કરવાનું છે. એટલું કરીને તમે બેસી જશો તોપણ અસ્પૃશ્યતાનો નાશ થવાનો જ છે. સવર્ણ હિંદુઓ પ્રાયશ્ચિત્ત કરે કે ન કરે પણ તમે તમારો ધર્મ પાળો તો કહેવાતા ઉચ્ચ વર્ણના હિંદુઓનું ઉચ્ચપણું ક્યાંય ચાલ્યું જશે. તમે મને એમ ન પૂછશો કે ઉચ્ચ વર્ણના હિંદુઓ મદ્યપાન, માંસાહાર, વ્યભિચાર વગેરે નથી કરતા? અમને એકલાને છોડવાનું શા માટે કહો છો? એવી દલીલ તમે મારી સાથે ન કરતા. એ લોકો એમ વર્તે અથવા જગત આખું દોષ કરે તોપણ તમે શા સારુ એમ કરો? તમારે તો નિરંતર જાગૃતિ રાખીને સુધારા કરવામાં મચ્યા જ રહેવું જોઈએ.

તમે દેશનું ધન વધારો છો કારણ તમારા ધંધા ઉત્પાદક છે. તમે મિલમાં કામ કરો કે સ્વતંત્ર કામ કરો એ મને ગમે, તમે ગમે તેટલી નકશી કે કારીગરી કરો એ પણ મને ગમે, તમે ખૂબ ભણો એ પણ ગમે. પણ તમારાં છોકરાંને ભણાવીને તેમને મહેતાગીરી કરવાનું ન કહેશો. હું ભંગીનું કામ કરીને મારું ગુજરાન ચલાવતો હોઉં તો મારા છોકરાની પાસે એ જ કામ કરાવું અને મારામાં યોગ્યતા હોય તો મ્યુનિસિપાલિટીમાં પ્રમુખ થઈને ભંગીનું કામ કરતો છતો શહેરની સરદારી પણ કરું.

માટે મારી તમને સલાહ છે કે તમે સ્વતંત્ર થાઓ, સ્વાવલંબી થાઓ, તમારી પોતાની શુદ્ધિ ઉપર આધાર રાખો. આપ મૂઆ વિના સ્વર્ગે નહીં જઈ શકાય. માટે તમે તમારાથી બને તેટલે દરજ્જે જાતે પુરુષાર્થ કરીને સારા થાઓ.

કેશવજીએ મને એક સૂચના કરી છે કે હરિજન સેવક સંઘમાં હરિજનોનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ. પણ એમાં ગેરસમજ છે. હરિજન સેવક સંઘ એ સવર્ણ હિંદુઓનો પ્રાયશ્ચિત્ત કરવા માટેનો સંઘ છે. સવર્ણ હિંદુઓ પ્રાયશ્ચિત્ત કરે તેમાં હરિજનો શા સારુ ભળે? હરિજનોને કશું

પ્રાયશ્ચિત્ત કરવાનું નથી. છતાં હરિજનોનું એક સલાહકાર મંડળ ભલે હોય. તે હરિજન સેવક સંઘને સલાહ આપે. મારું પ્રાયશ્ચિત્ત ત્યારે જ શોભે જ્યારે મારાં પાપ ધોવાને માટે હું પોતે કાંઈ ને કાંઈ કરી છૂટું. તમે સલાહકાર તરીકે પ્રાયશ્ચિત્ત મંડળને મદદ કરો. અમુક ઠેકાણે શાળા કાઢો, અમુક ઠેકાણે કૂવાની વ્યવસ્થા કરો, એવી સલાહ તમે આપો. પણ તમે જ સંઘના વ્યવસ્થાપકો બનશો તો સવર્ણ હિંદુઓ છૂટી પડશે અને બધો બોજો તમારી ઉપર પડશે. આમાં સત્તાની કે કબજો રાખવાની વાત જ નથી. મેં તો વહીવટનું ખર્ચ ઓછામાં ઓછું કરવાની વાત કરી છે. વહીવટના વધારેપડતા ખર્ચને મેં તો ચોરી ગણાવી છે. એ મંડળમાં નિમાવાથી તમને ખોટો સંતોષ પેદા થાય, પણ તમને કશો લાભ નહીં થાય. આ મારી સલાહ સુવર્ણના અક્ષરે કોતરી રાખજો.

અસ્પૃશ્યતાનિવારણના કામ માટે ગુજરાત અઘરામાં અઘરો પ્રાન્ત છે. અહીં વૈષ્ણવોનું વર્ચસ છે, અને તેમાં શ્રાવકો ભળ્યા છે. જોકે અખો ભગત તો ગાઈ ગયો છે કે આભડછેટ અદકેરું અંગ છે. ગુજરાતમાં ખરાબમાં ખરાબ દશા છે, છતાં તમારી સાથે મરવા હું તૈયાર છું ના?

[તા. ૨૩મીથી ૨૬મી સુધીની ડાયરી લખાયેલી નથી. — સં૦]

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના પ્રતિનિધિને :

૨૭–૭–'૩૩ નાગિનીદેવી, માર્ગરેટ અને ડંકને રાજદ્વારી બાબતોમાં કે સવિનયભંગમાં ભાગ લેવાનો નથી. તેઓ અત્યારે આશ્રમમાં હરિજનસેવા માટેની તાલીમ લઈ રહ્યાં છે. આશ્રમ વિખેરાય એટલે હું તેમને વર્ધા મોકલવાનું ગોઠવી રહ્યો છું. ત્યાં તેમની તાલીમ ચાલુ રહેશે. બીજાં આશ્રમવાસીઓ જેઓ સવિનય-ભંગની લડતમાં ભાગ નહીં લેવા ઇચ્છતાં હોય તેઓ પોતપોતાને ઘેર ચાલ્યાં જશે. જૂના કાર્યકર્તાઓને અને તેમનાં બાળકોને જ્યાં તેમની રહેવાની અને કેળવણીની સગવડ હશે ત્યાં મોકલવામાં આવશે. આશ્રમની જમીન, મકાનો, તથા જંગમ મિલકતનું સરકારને જે કરવું હશે તે કરશે.

સરકારને પ્રથમથી ખબર આપ્યા વિના હું કાંઈ નહીં કરું. હું ચોક્કસ કયું પગલું લઈશ તે હજી હું નક્કી કરી શક્યો નથી. એવું પણ બને કે હું કાંઈ કરું તે પહેલાં જ સરકાર મારી સામે પગલાં લઈ મારી બધી યોજનાઓ ભાંગી પાડે. પણ ૧૯૦૬માં મેં સત્યાગ્રહની શોધ કરી ત્યારથી જ મારું જીવન એમ ચાલતું આવ્યું છે.

[તા. ૨૮મીથી ૩૦મી સુધીની ડાયરી લખાયેલી નથી. —સં૦]

**સાબરમતી**

સાંજે આનંદી, બાબુ, વનમાળા, હમીદ, વહીદ, સુલતાના, બચુ, શારદા અને મોહન મળીને ૯ બાળકોને અનસૂયાબહેનને
૨૧-૭-'૩૨ સોંપી અવ્યો. પાછા નીકળતાં મારી આંખો ભીની થઈ, અનસૂયાબહેન પણ ખૂબ રોઈ પડયાં અને પગે પડયાં.

રાત્રે બાપુએ આશ્રમવાસીઓને પ્રવચન આપ્યું, ગોપીચંદનો ત્યાગ યાદ કરાવ્યો, જિંદગીના ભેખ લેવાની વાત કરી, એક માણસ પણ રહી જાય તો એણે કૂચ કરવાની જ છે એમ બધાંનાં મનમાં ઠસાવ્યું. સિંહનીતિથી કામ લેવાનું છે, સિંહો જૂથમાં ફરતા નથી, ઘેટાં જૂથમાં ફરે છે. આપણે ૩૩ કરોડનો ભાર લઈને પ્રતિનિધિ બનીને નીકળવાનું છે એમ કહીને સૌને વિદાય દીધી.

આશ્રમમાંથી આવી વિદ્યાપીઠના પુસ્તકના દાનનો કાગળ લખ્યો.

દુ:ખી દુર્ગાને રીઝવવાને બદલે મેં ક્રોધ કરી દૂભવી એનું દુ:ખ રહી જ ગયું.

રાત્રે ૧-૨૦ વાગ્યે પોલીસ ટોળું આવ્યું. બા, બાપુ અને મારી ઇમર્જન્સી પાવર્સની કલમ ૩ મુજબ માગણી કરી. જમનાલાલજી પાસે જ સૂતા હતા. પોલીસનું ઘરમાં પેસવું અને તે જ વખતે તારવાળાનું એફીનો તાર લઈને આવવું. પકડાયા પહેલાં મથુરાદાસે તાર વાંચી સંભળાવ્યો : "તમારે પડખે છું."

ઊતરતાં ઊતરતાં મેં બાળને કહ્યું : તને નથી પકડ્યો એટલે કાલે તારે કૂચ શરૂ કરવી. પણ પછીથી પોલીસ પાસેથી જાણ્યું કે આશ્રમમાં પણ ધાડ પડી છે એટલે બાપુએ એમને કહ્યું કે જો બધા કૂચવાળાને પકડવાના હો તો બાળ અહીં રહી જાય છે. એટલે પોલીસે બાળને પણ લીધો.

આશ્રમ આગળ ઘડીક બાપુની ગાડી ઊભી. અમારી પણ ઊભી. અમારીમાં બા, હું અને બાળ હતાં.

દરવાજા ઉપર પહોચતાં અર્વિન કલેક્ટરે સ્ટેટમેન્ટ લીધું. બાપુએ નિવેદન કર્યું કે હું શાન્તિ તોડનારો નહીં, પણ સ્થાપનારો છું, અને સવિનયભંગનો ઉદ્દેશ પણ આખરે શાંતિ સ્થાપવાનો છે.

આ પછી મને બોલાવ્યો. મેં કહ્યું : દેશમાં ડરનો રોગ ફાટી નીકળ્યો છે તેને પહોંચી વળવા માટે અને સ્વરાજ મેળવવા માટે સવિનય-ભંગ આચરવાની અને તેનો પ્રચાર કરવાની મારી પ્રતિજ્ઞા છે.

એ અઢી વાગ્યે સાબરમતી જેલના એક યાર્ડમાં બાપુ અને હું સૂતા. બે ખાટલા રાખેલા હતા. બીજી કશી જ તૈયારી નહોતી.

બાપુ કહે: તિલક મહારાજની શ્રાદ્ધતિથિ આજે કેવી રૂડી રીતે ઊજવાઈ? મુંબઈ જવાની ના પાડી એ ડહાપણ જ થયું ના? એફીના તારની વાત કરતાં કહે: એ ચમત્કાર નહીં

૧–૮–'૩૨

તો બીજું શું? પકડાવાની ઘડીએ જ આ તાર આવે, અને તારમાં 'પ્યાર' કે 'ઈશ્વર તમારું રક્ષણ કરો' કે એવા બીજા શબ્દો ને બદલે 'તમારે પડખે છું' શબ્દો હોય તે જાણે આપણે પકડાતા હોઈએ ત્યારે પોતે પાસે ઊભી હોય એમ સૂચવનારા છે.

અડવાની આવ્યા. ખૂબ આગતાસ્વાગતા કરી. બાપુએ તો એ ગયા એટલે પ્રથમ કામ જ હરિજનકામ માટેની છૂટ મેળવવાનો કાગળ લખવાનું કર્યું.

બાને મીરાબહેનની સાથે મૂકયાં છે એમ અડવાનીએ ખબર આપી. સવારે બાફેલી દૂધી આવી હતી તેમાંથી દૂધીનું સૂપ મેં બનાવ્યું. સાંજે બાને દૂધી મોકલી આપી. તેમણે બાપુને માટે સૂપ કરીને મોકલ્યું. બાના હાથનું આ સૂપ લાંબા સમય સુધી છેલ્લું લેવાનો આ પ્રસંગ હતો, કારણ સાંજે જ અડવાનીએ આવીને કહ્યું: આપણી મિત્રાચારી ટૂંકી છે, તમે પોટલાં બાંધો. વલ્લભભાઈની વાત કરતા હતા અને એમના મનમાં શું થતું હશે એમ વિચારતા હતા ત્યાં અડવાની આવ્યા.

સામાન ઝપાટામાં પેક કરી તૈયાર થયા. દરવાજેથી બોલાવવા આવે તે પહેલાં બાપુએ જરા સૂઈ લીધું.

દુર્ગાને જતાં જતાં ચિઠ્ઠી લખી, માફી માગી, અને ઈશ્વરે સૌની લાજ રાખી તે માટે પાડ માન્યો.

મોટરો દરવાજે ઊભી હતી. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ પ્રાઈડ સાબરમતી સ્ટેશનના સાઈડિંગમાં પડેલા એક સલૂન આગળ ઊભો હતો. અમને સલૂનમાં બેસાડ્યા અને સલૂન ચાલ્યું. અંદર બે રેલવે પોલીસના ઇન્સ્પેક્ટરો હતા, સલૂન પણ કોઈ રેલવે અમલદારનું જ હોય એમ લાગ્યું. સાંતાક્રુઝ સુધી અમે છીએ, આગળ ક્યાં જવાનું છે એની અમને ખબર નથી, અમારે તો તમને મિ. કૉન્ડનને સોંપવાના છે. મિ. કૉન્ડન મિ. ગાંધીના જૂના મિત્ર છે, એમ એમાંના એક અમલદારે જણાવ્યું. પછી કહે: તમારે કશું જોઈતું કરતું હોય તો માગજો. જોકે તમારી ખરચી માટે અમને રૂ. ૧)ની ભારે રકમ આપી છે, એમ કહીને હસ્યો!

સવારે સાંતાક્રુઝ આગળ ગાડી ઊભી અને અમને મિ. કૌન્ડને મોટરમાં બેસાડ્યા, બીજી મોટરમાં સામાન ભર્યો.
૨–૮–'૩૩ મોટરમાં એક શીશામાં બકરીનું દૂધ, અંગૂર અને મોસંબી તૈયાર રાખ્યાં હતાં.

રસ્તે સારી રીતે વરસાદ હતો — બે વાર મોટરનાં ટાયર તૂટ્યાં. ખંડાલાના ઘાટ ઉપર સ્વ૦ નરોત્તમ મોરારજી યાદ આવ્યા. મેં 'એટ્‌ના ઉપર ઍમ્પીડોક્લિસ' યાદ કર્યું. બાપુએ પૂછ્યું : ઍમ્પીડોક્લિસનું સાચે જ એમ મૃત્યુ થયેલું કે એ કાલ્પનિક કથા છે?

સવા અગિયાર વાગ્યે પર્ણકુટી દેખાવા લાગી અને ડેક્કન કૉલેજ રોડ ઉપરથી ડાબી કોરે ફંટાઈને સાડા અગિયાર વાગ્યે દરવાજામાં ગાડી ઊભી રહી. દરવાજા ઉપર ખંડેરાવનો હસમુખો ચહેરો સ્વાગત માટે હતો જ. પછી પારખી દેખાયા. કટેલી સાહેબ ન હતા. અમારા આવવાની કોઈને અગાઉથી નોટિસ નહોતી એમ પારખીએ ખબર આપી. યાર્ડમાં પેસી વલ્લભભાઈને જોવા ઝંખતા હતા. ત્યાં તો ન મળે વલ્લભભાઈ કે ન મળે જોષી. બારણા ઉપર સીલ મારેલાં હતાં. બાપુ કહે : માળો જેમનો તેમ છે, પણ પંખી ઊડી ગયાં છે.

ધીમે ધીમે ખબર પડી કે સરદારને ઑપરેશન માટે મુંબઈ લઈ ગયા છે અને જોષીને સેપરેટમાં મૂકવામાં આવ્યા છે. રાત્રે 'ટાઈમ્સ' જોવા મળ્યું. એ જોઈને તુરત જ બાપુએ ગૃહમંત્રીને કાગળ લખ્યો કે અમે સરકારનો હુકમ માનવાના નથી, હુકમ કાઢીને શા સારુ જાહેર અનાદર કરાવી તમને અગવડમાં મૂકવાની અમને તક આપો છો?

સવારમાં ઊઠતાં જ 'ટાઈમ્સ' જોયું, તેમાં અમારું ભાવિ ભાખેલું હતું કે ગાંધીને પૂના લાવીને પછી તુરત જ છોડીને, જો
૩–૮–'૩૩ હુકમનો ભંગ કરશે તો પાછા પકડવામાં આવશે. બાપુએ તુરત જ પેલો કાગળ માર્ટિન સાહેબને આપી દીધો.
ઘડીક પછી મેકલાકન કલેક્ટર આવ્યા. હંમેશની જેમ હસમુખી વાત કરવાની વૃત્તિમાં નહોતા, પણ મોં તો હસતું જ હતું. એમણે કહ્યું : સરકાર આ રીતે હુકમ કાઢવા માગે છે. તમારે શું કહેવું છે?

બાપુએ કહ્યું : મારે કહેવાનું હું ગૃહમંત્રીને લખી ચૂક્યો છું, અને એમાં કશો ઉમેરો કરવા માગતો નથી. બપોરે મારી પાસે પણ એ જ જવાબ કલેક્ટરનો પર્સનલ આસિસ્ટન્ટ લઈ ગયો. હુકમ એનો એ જ હતો. હુકમમાં પરદેશી માલના બહિષ્કારનો પ્રચાર ન કરવાની પણ વાત હતી

એથી બાપુને ભારે આશ્ચર્ય અને ચીડ થયાં. મેકલાકને જતાં જતાં કહ્યું: અહીં પાછાં આવતાં તમને આનંદ થયો લાગે છે. આ તો તમારું બીજું ઘર જ.

બાપુ કહે: બીજું નહીં. આ એક જ ઘર છે.

હવે એમ નક્કી કર્યું કે કાલે આ હુકમ મળવાનો જ છે. યરવડા છોડવાનો હુકમ એટલે યરવડાની ફૂદડી ફર્યાં કરવાની. સામાનનું શું થાય?

બાપુ કહે: આપણે તો કહેશું, સામાનનો ચાર્જ લો, અમને પકડ્યા પછી જ્યાં લઈ જાઓ ત્યાં મોકલજો, પાછા આવશું તો તો સામાન અહીં રહ્યો એ ઠીક જ થશે, પણ આપણે તો માત્ર એક કોથળી ખાંધે ભેરવીને જ ચાલવાનું. નિશ્ચય કડક હતો. મેં બધાં કપડાં છોડેલાં હતાં તે ભેગાં કરીને પાછાં સમેટી લીધાં અને ગાંસડો બાંધ્યો.

વલ્લભભાઈના વિચાર હરઘડી આવતા હતા, પણ કાંઈ ગૂંચ ઊકલતી નહોતી.

૪–૮–'૩૩ નવ વાગ્યામાં દસ મિનિટે આવીને માર્ટિન કહે: મારે તમને કાઢી મૂકવાના છે. એમ કહીને હુકમ બતાવ્યા, સાથે સાથે ખબર આપી કે સામાન તમારો ભલે અહીં પડ્યો. તમારે માટે ગાડી છે એ ગાડીમાં પર્ણકુટીમાં જજો, મિત્રોને મળજો અને પર્ણકુટી ન છોડો તો તમે અનાદર કરેલો કહેવાશે. અમે રાજી થઈને દરવાજા ઉપર ગયા. ઑફિસમાં ઓ ગૉર્મન હતો. બહુ ખુશમિજાજથી ગુડમૉર્નિંગ કરી. પોતે હવે પૂનામાં છે, ઘણાં વર્ષે મળવાનું થયું, વગેરે વાતો પ્રેમપૂર્વક કરી. અમને હુકમો માર્ટિને આપ્યા. હુકમો ઉપર સહી મૅજિસ્ટ્રેટની નહીં પણ ગૃહમંત્રી મૅક્સવેલની હતી. એમાંથી 'પરદેશી માલના બહિષ્કાર'ની વાત કાઢી નાખવામાં આવી હતી.

દરવાજે નાટક શરૂ થયું. ખાનગી ટૅક્સીમાં બેસાડી, ગૉર્મને કહ્યું: તમે પર્ણકુટી જશો?

બાપુ કહે: ના, અહીં જ ક્યાંક ફર્યાં કરશું, એટલે અમને કોઈ શાંત જગ્યાએ લઈ જાઓ.

પેલો કહે: ભલે, તમને પાસેના એક રસ્તા ઉપર લઈ જવામાં આવશે, ત્યાં સાડાનવ વાગ્યે મિ. જેનર તમને નોટિસ આપશે અને દશ મિનિટ પછી તમને પકડવામાં આવશે. અમારું સરઘસ ચાલ્યું. એક બંગલા આગળ ગાડી ઊભી. અમે ટપાલ આવેલી હતી તે બધી ખોલી, વાંચી અને પૂરી કરી ત્યાં પેલાએ પકડવાની નોટિસ આપી, અને પાછા

જેલ તરફ મોટર ચાલી. રસ્તામાં ખ્રિસ્તી ટૅકસીવાળો કહે: ગઈ કાલે મને બોલાવ્યો હતો અને જેલ ઉપર ઊભા રહેવા કહ્યું હતું. કોઈને વાત ન કરવાનું પણ કહ્યું હતું. એટલે હું બધી બાજી સમજી ગયો. પણ શું કરું? હું રહ્યો ભાડૂતી ટૅકસીવાળો! આમ એ માણસે શરમાઈને વાતો તો કરી પણ સાંજે અમારો કેસ ચાલ્યો ત્યારે સાક્ષી પૂરવા પણ એ આવ્યો. કદાચ પૈસા મળ્યા હશે, કદાચ દબાણથી પણ આવ્યો હોય.

અમે પાછા દસ વાગ્યે દાખલ થયા. માર્ટિનને બાપુ હસતાં હસતાં કહે: મોટરની સહેલ સારી થઈ!

આવીને બાપુએ ગૃહમંત્રીને કાગળ લખ્યો કે હરિજનકામ માટે મને જવાબ મળવો જ જોઈએ, એ કામ ન રોકાઈ શકે, એ તો પ્રાણના જોખમે પણ મારે કર્યે જ છૂટકો. સોમવાર સુધીમાં જવાબ જોઈએ.

મેં બાપુને કહ્યું: માણસ સરકારના કાયદા તોડે અને પછી પોતે જે માનવદયાનું કાર્ય કરતો હોય તેની છૂટ માગે તે આપવાને સરકાર બંધાયેલી ગણાય?

બાપુ કહે: હા. મારી માફક કાયદા તોડે તેને આપવા બંધાયેલી છે.

મેં કહ્યું: એટલે નૈતિક દોષવાળો ગુનો ન કીધો હોય તો, એમ ના?

બાપુ: હા. જોકે ચોરી વગેરે કરનાર માણસ પણ એવી માગણી કરી શકે. પણ એને પોતાની માગણી સિદ્ધ કરવી કઠણ પડે.

મેં પૂછ્યું: હિંસાવાળો ગુનો કરનાર?

બાપુ: જરૂર માગણી કરી શકે, કારણ હિંસા એનો સિદ્ધાન્ત હોય તો તેમ કરી જેલમાં આવીને બેઠા પછી એ માનવદયાની પ્રવૃત્તિ ઉપાડે. મને એ કામ આપવાને લીધે પ્રસિદ્ધિ મળે છે તેનું તો શું થાય? પણ સરકાર એમાંથી નીકળી નથી શકતી.

બપોરે બે વાગ્યે બાપુને કેસ માટે બોલાવવામાં આવ્યા. બાપુએ મૅજિસ્ટ્રેટ આગળ નિવેદન કર્યું. પોતે શાંતિ ચાહનાર શહેરી છે એમ જણાવ્યું, સરકારના કાયદા પાળવા જેવા નથી એ બતાવવાને માટે જે કાયદાની રૂએ આ કામ ચાલે છે તે પૂરતો છે. ગરીબ, તવંગર, કેળવાયેલા, બિનકેળવાયેલા એ બધાનો એવો અધ:પાત થયો છે અને બધા એવા ડરી ગયેલા છે કે એ વાતાવરણમાં જીવવું એ દોહ્યલું થઈ પડયું એટલે મેં જેલમાં આવવાનો નિશ્ચય કર્યો, એમ જણાવ્યું. કેદીઓના વર્ગીકરણ વિષે સખ્ત ટીકા કરી, અને છેવટે અમલદારોના વિનય માટે આભાર માન્યો. મથુરાદાસ મળવા આવ્યા

હતા તેને આખા કેસમાં બેસવાનો અલભ્ય લાભ મળ્યો. મેફરે અને ગોપાલન પણ હતા. મથુરાદાસ મૅક્સવેલની ખાસ પરવાનગી લઈને આવેલ હતા. એની સાથે સોમવાર સુધીની નોટિસની વાત કરી. મૅફરેને પણ બાપુએ કહ્યું: હરિજનકામ મને શ્વાસોચ્છ્‌વાસ સમાન છે.

પેલાએ સજા પછી કહ્યું: ત્યારે હવે વરસ પછી આપણે મળીશું.

બાપુએ ભારપૂર્વક કહ્યું: ના. હરિજનકામ શરૂ કરીશ એટલે તરત તમે મને મળશો જ ના? હું રાજકેદી હોઉં કે 'સી' ક્લાસનો કેદી હોઉં, મને હરિજનકામની રજા તો મળવી જ જોઈએ. એ તો મારા પ્રાણ સમાન છે.

પેલાએ પૂછ્યું: અને તમને રજા ન આપે તો?

બાપુએ વિચારીને કહ્યું: મેં તમને કહ્યું ને કે એ કામ તો મારા પ્રાણ સમાન છે.

મેં બાપુને કહ્યું: વલ્લભભાઈ હોત તો આજનો કાગળ આપને ન લખવા દેત. એ કહેત કે હજી થોડા દિવસ રાહ જુઓ, હજી તમારી તબિયત સારી નથી, ઉપવાસ કરવાને આપ લાયક નથી.

બાપુ કહે: હા. પણ કદાચ આ બાબતમાં એ માની જાત.

બાપુને અને મને બંનેને એક એક વર્ષની આસાન કેદની સજા થઈ. દંડ પણ નહીં.

મેં બાપુને કહ્યું: આપની સાથે આવવામાં આટલો લાભ. આસાન કેદ અને દંડ નહીં.

સવારે માર્ટિને કહ્યું: તમે 'એ' ક્લાસના કેદી છો એટલે તમને તો એ વર્ગને જે ખાવાનું મળે તે મળે, બાકી તમારે

૫–૮–'૩૩ ખર્ચે તમારે મંગાવવું જોઈશે.

બાપુ કહે: મારા ખર્ચની વાત ન કરો અને વળી આશ્રમ તોડી નાખ્યા પછી તો હું કોઈ મિત્રોને પણ ન કહું કે મારે માટે પૈસા મૂકજો. આગલે દિવસે મથુરાદાસને મનાઈ કરી ચૂક્યા હતા.

માર્ટિન કહે: તમને જોઈએ એ ન મળે એમ નથી, પણ મેં તો તમને નિયમ કહ્યા. કાંઈ નહીં તો દાક્તરી કારણે હું આપી શકું જ. પણ તમે મને લખી જણાવો કે તમારે શું શું જોઈએ.

એટલે બાપુએ પાછો કાગળ લખ્યો. એમાં ઓછામાં ઓછું પોતાને શું જોઈએ તે જણાવીને લખ્યું કે છાપાં તથા કાગળોને વિષે સરકારને સૂઝે

તે કરે પણ હરિજનકામ અને સાથી કેદીઓની સાથે માનવતાનો સંબંધ એ બે વસ્તુ મને પ્રાણ સમાન છે. એ હું ન છોડી શકું.

ઢગલો છાપાં અમને છૂટતી વખતે આપવામાં આવ્યાં હતાં. તેમાંથી આશ્રમી બહેનો ભાઈઓ વિષે ખબર કાઢવાને માટે 'મુંબઈ સમાચાર', 'ફ્રી પ્રેસ' વગેરે વાંચી જવાનું આજે બાપુએ કહ્યું. બાપુએ આશ્રમ વિષે સરકારને લખેલો કાગળ 'ફ્રી પ્રેસે' પૂરો છાપ્યો હતો, અને 'ક્રૉનિકલે' 'ગાંધીજીના કાગળનો આખો મજકૂર' એ મથાળા હેઠળ ભાઈશ્રીથી શરૂ કરી લિ. સેવક સુધી કાગળ અવતરણ ચિહ્ન વચ્ચે મૂકયો હતો, છતાં એમાં સરકારની ઉપરનાં તહોમતો છોડી દીધાં હતાં અને સરકારના જુલમની અને લોકોના અધ:પતનની સામે આ પગલું છે એ ખાઈ ગયા હતા. છતાં મથાળું 'આખો મજકૂર' એમ કર્યું હતું. આમાં ઇરાદાપૂર્વક છેતરપિંડી ન હોય કદાચ. આખો કાગળ ઉપતંત્રીએ લીધો હોય અને મથાળાં તથા 'આખો મજકૂર નીચે પ્રમાણે છે' એ કાઢી નાખવાનું રહી ગયું હોય, એ ઉદાર અર્થ મૂકી શકાય. બેદરકારી તો ખરી જ.

ટપાલમાં નનામા ગૃહસ્થે એક પાઉન્ડની નોટ મોકલી હતી.

૬-૮-'૩૩

પારખી આવીને કહી ગયા કે સરકારનો જવાબ આવ્યો છે કે હરિજન-પ્રવૃત્તિનું કામ કરવાને માગેલી રજાના સંબંધમાં વિચાર ચાલે છે પણ જવાબ સોમવાર સુધીમાં ન મળી શકે. એટલે બાપુએ તરત જ ગૃહમંત્રીને બીજો કાગળ ઠપકાર્યો કે ભલે એ જવાબ મોડો આવે, પણ ત્રણ વસ્તુનો જવાબ સોમ સુધીમાં દીધે જ છૂટકો છે: (૧) 'હરિજન'માં લેખ લખીને તે આપવા માટે, તથા આવતા અંક વિષે સૂચના કરવા માટે કાકા કે સ્વામી આનંદને મળવાની રજા (૨) ડૉ. ટાગોરને જવાબ આપવાની રજા (૩) યુરોપિયન સાથીઓને અને વિનોબાને કાગળ લખવાની રજા. આનો જવાબ સોમ સુધીમાં માગ્યો!

દસ વાગ્યે સરકારનો જવાબ આવ્યો અને બાપુએ અગિયાર વાગ્યે આ કાગળ મોકલ્યો. પછી કહે: આજે રવિવાર છે. નાજો તો આપશે પણ શું થાય? કેમ બેસી રહેવાય?

રાત્રે સાડા દસ વાગ્યે સરકારનો લાંબો જવાબ લઈને પારખી આવ્યા! જવાબમાં ચીડ હતી, પણ સોમવાર થઈ જાય તે પહેલાં જવાબ મોકલવાની પોતાની ફરજ સ્વીકારી એ કાંઈ ઓછું નહોતું. જવાબમાં પહેલી માગણી જેલની કલમ ૪૫૪ મુજબ સ્વીકારી, બીજી માગણી પહોંચ લખવા

પૂરતી, અને જવાબ લખે તો 'અ' વર્ગના કેદી તરીકે પખવાડિક કાગળ લેખે લખાય એમ કહીને અધૂરી સ્વીકારી, ત્રીજી માગણી એક જ જણને બધા વિષે લખો અને પખવાડિયાનો કાગળ વાપરો એમ કહીને સ્વીકારી!

૭-૮-'૩૨ બીજે દિવસે બાપુએ 'હરિજન' માટે લેખ લખ્યો. એક કોઈ આર્ય-સમાજીએ કાગળ લખેલો તેની ઉપર ટીકારૂપે લેખ ઢરડી કાઢયો. મેં સતીશબાબુનાં હરિજન ચિત્રોમાંથી કાંઈક બનાવ્યું. કાકાસાહેબને મળવા બોલાવ્યા, રવિબાબુને પહોંચ મોકલી અને વિનોબાને કાગળ લખ્યો. વિનોબાના કાગળમાં ઉપવાસની સાંકળ વિષે લખ્યું. એનો સાર: સાંકળ મારા મનમાં રમી રહી છે. એ વિના હરિજન સવાલનો નિવેડો આવવો અશક્ય છે એમ લાગે છે, જોકે એથી જ પતશે એમ કહેવાનો આશય નથી. એથી વધારેની પણ જરૂર પડે. પણ એટલા વિના ન જ ચાલે એમ તો ભાસ્યાં જ કરે છે.

રાતે આવેલા કાગળનો જવાબ લખાવતા હતા ત્યાં લાટૂસ બોલાવવા આવ્યા. કાકાને મળ્યા. એમને તો ઘણી વાતો કરવી હતી પણ બાપુએ મર્યાદા બનાવી. મર્યાદા બતાવ્યા પહેલાં કાકા કહી ચૂક્યા હતા કે વલ્લભભાઈ નાશિક ગયા છે એવા ખબર છાપાંમાં છે, રાજાજી પકડાશે, વગેરે.

'ટાઇમ્સ'માં આજે કેસનું આખું વર્ણન અને પૂરું નિવેદન હતું. પણ અતિશય ઝેરી રીતે બધું આપેલું હતું. કેસ દરમ્યાન ગાંધી શ્રમિત થઈ જતા હતા એ ગપાષ્ટક જ; કેસ સાંભળવા કોઈ જ ન મળે! આમાં નીચતાની અવધિ હતી. સરકારે એને જ ખબર આપેલી અને અર્ધા કલાકમાં બહાર કાઢીને પાછા જેલમાં પૂર્યા એ વાત જ એ ગળી ગયો હતો. હરિજન વિષેના બાપુના ઉદ્‌ગારો અક્ષરશઃ આવ્યા હતા.

આજે અમદાવાદમાં બીજા ૨૬ રાસ જવાની નોટિસ આપીને પકડાયા એવા પણ ખબર હતા.

બાપુ કહે: એ તો ચાલવાનું. આ ૨૬ ને કોણ કહેવા ગયું હતું કે તમે આશ્રમમાં જઈને ઊભા રહેજો?

મેં કહ્યું: મેં અણેને કહેલું કે અમદાવાદ સો માણસો આપશે. બાવન માણસો તો થયા. અને મને પાંચ હજારની આશા છે.

બાપુ: ના. વધારેમાં વધારે બે હજાર. મને તો પાંચસો અથવા બસો-ત્રણસો સાચા મરણિયાથી પણ સંતોષ થાય. જવાહર નીકળશે પછી એ કાંઈ બંધ કરવાની તો વાત જ ન કરે. પછી બધા પ્રાન્તોમાંથી કેટલા નીકળશે એની ગણતરી કરી. બિહારમાંથી પાંચસો ગણ્યા. મેં એક હજાર

કહ્યા. યુ. પી.નું તો ભલું પૂછવું. મુંબઈમાંથી તો ઠીક ઠીક સંખ્યા નીકળશે જ એવી પણ આશા રાખી, અને બંગાળમાંથી અને સિંધમાંથી પણ. બાકી પંજાબનું મીંડું. જોકે . . . કેમ બહાર રહી શકે એની ખબર નથી પડતી!

રાત્રે સરકારના જવાબનો જવાબ લખાવવા માંડ્યો. લાંબો જવાબ લખાવવા ગયા પણ તુરત કહ્યું: આટલો લાંબો જવાબ હોય નહીં. એમ કહીને પાછલો ભાગ કાઢી નાખી, જવાબ ટૂંકો કરી નાખ્યો.

સાંજે મેં કહ્યું: રોજ રોજ કાગળ લખો છો.

બાપુ કહે: એને ભલેને થતું કે વલ્લભભાઈ ગયા એટલે આણે તો રોજ કાગળો લખવાનો રસ્તો કાઢ્યો છે. મને લાગે છે કે હરિજન-કામ આપ્યે જ છૂટકો છે, કાંઈક કલમ શોધી કાઢશે, કાંઈક રસ્તો કરશે, સિવાય કે એમણે વિચાર કરી લીધો હોય કે આ તો જીવે ત્યાં સુધી સીવે એવો છે, આપણે ક્યાં સુધી એનાં સીવેલાં કપડાં પહેર્યાં કરવાં? આ વખતે તો એને મરવા જ દો, એને બળાત્કારે ખવડાવશું વગેરે, તો કોણ જાણે? હરિજનને માટે મારે મરવાનું હોય અને તેય જેલમાં, એના કરતાં વધારે રૂડું શું? મારી જિંદગીનું બધું કરવાપણું એમાં આવી ગયું.

પછી કહે: મારી આશા તો છે કે હોર આ વેળા પણ કહેશે કે જો ભાઈ, આપણે એને રજા આપી ચૂક્યા છીએ એમાંથી નીકળાય એમ નથી. એ પૂરેપૂરો બેઆબરૂ થઈ ગયેલો છે. તમે એને ઉપવાસ કરાવીને પણ મહત્ત્વ આપશો. એના કરતાં તો એને જેમ કરવું હોય તેમ કરવા દો. એનું હવે કોઈ સાંભળે એમ નથી.

વલ્લભભાઈને નાશિક ઉપાડી ગયા એ બદલ દુઃખ લાગ્યું. આપણે મોજ કરતા હતા તે પણ એ લોકોથી સહન ન થયું. જરા ઠરીઠામ થયા પછી હું એ લોકોને લખવાનો છું કે વલ્લભભાઈએ શી ગુનેગારી કરી હતી કે ખસેડ્યા? અમે તમને કોઈ રીતે ઉપદ્રવ કર્યો નથી.

પ્રાર્થના પછી પેલો કાગળ ફરી સુધાર્યો અને સવારે આપવાને માટે તૈયાર કર્યો.

૮–૮–'૩૩ સવારે માર્ટિન સાહેબ પાસેથી ખબર મળી કે વલ્લભભાઈને ઑપરેશન થયું જ નથી પણ અહીંથી સીધા નાશિક લઈ ગયા છે. પછી તો એમનો કપડાં મંગાવવાનો કાગળ કટેલી સાહેબ ઉપર આવ્યો છે એ પણ ખબર પડી! બાપુ કહે: એટલે

વલ્લભભાઈને પણ એ લોકોએ છેતર્યા જ ના? એમને બિચારાને એવી જ છાપ હતી કે ઑપરેશનને માટે લઈ જાય છે. કેવી નીચતા!

આજે 'ટાઈમ્સ'માં બા અને બીજાં ૧૫ પકડાઈ ગયાંના, અને બીજા ૧૬ના પણ તેમ જ થયાના, રાજાજીની કૂચ અને પકડાયાના, પેરીનબહેન, આબિદઅલી અને બીજા પકડાયાના ખબર આવ્યા. લખનૌથી પણ એવા જ ખબર આવ્યા. બાપુ બહુ રાજી થયા. દેવદાસના ખબર ન ગમ્યા. પણ મેં કહ્યું: આ ખબર પૂરા ન હોય, દેવદાસ આવું લખી આપે એમ લાગતું નથી.

બાપુ કહે: આગળ ન જ જવાનો હુકમ હોય તો એણે તોડવો જ જોઈએ. પણ કંઈક બીજું હશે. દેવદાસ અને લક્ષ્મી એમાંથી એકે હારણ નથી એટલે કંઈ જ નિર્ણય ન આપી શકાય. એની પાસે પોતાનાં પગલાં વિષે કાંઈક કહેવાનું જરૂર હશે. બાકી લગ્ન તો ખરેખરાં કર્યાં દરબારના સૂર્યકાંતે. પરણ્યાં અને પછી એક પછી એક અનેક વાર બંને જણાં જેલમાં ચાલ્યાં જ છે. એ ભારે બહાદુરી કહેવાય. દરબારની બહાદુરી તો અસાધારણ જ કહેવાય.

સાંજે લાકડાં અને શાક પોતાને ખર્ચે મંગાવી લો એવી નોટિસ આવી. એટલે બાપુએ કટેલીને કાગળ લખ્યો કે એમ જ હોય અને સરકારના હુકમ હોય કે મને 'અ' વર્ગના ખોરાક ઉપરાંત કશું ન આપવું તો મને 'ક' વર્ગનો ખોરાક ચાલુ કરશો. આ પછી કટેલી આવી ગયા. એની સાથે ખુલાસો થયો. એણે કહ્યું: સાહેબને સવારે પૂછીને જણાવીશ.

વલ્લભભાઈને નાશિક ખસેડ્યા અને તે એમને એવી થાપ આપીને કે મુંબઈ ઑપરેશન માટે લઈ જઈએ છીએ, એ બધાંની અસર બાપુ ઉપર બહુ થઈ. બોલ્યા: આ ઘા ઝટ રુઝાય એવો નથી. આવી નીચતા શા સારુ વાપરી હશે? આ તો વલ્લભભાઈને છેતર્યા જ ના?

સવારે કટેલીએ આવીને કહ્યું: સાહેબે કહ્યું, મને હુકમ મળી ગયા હતા પણ હું કહેવાનું ભૂલી ગયેલો. ગાંધીને વૈદકીય

૧-૮-'૩૩ કારણસર બધું જ આપવાનું છે એટલે બધો ખર્ચ ઇસ્પિતાલ ખાતે પડશે.

હરિજનકામ વિષે હજી જવાબ આવ્યો નથી. બાપુ કહે: આવતી કાલે નોટિસ જશે કે સોમવાર સુધીમાં જવાબ જોઈએ, અને પછી સોમવારે નોટિસ દેશું કે બુધવારે પગલું લેવું પડશે. આ વાત કરી ત્યાં

તો થોડી જ મિનિટમાં 'ટાઇમ્સ'માં 'રાષ્ટ્રવાદી નજરે' (થ્રુ નૅશનલિસ્ટ આઇઝ)ને છેડે, મેળ વિના, કાંઈ મથાળા વિના, લખેલું જોઉં છું:

"મિ. ગાંધી જેલમાં શું કરવાનો ઇરાદો રાખે છે એ સંબંધી બે ત્રણ દિવસથી મુંબઈમાં ચોંકાવનારા ગપાટા સંભળાય છે. અંતિમ મહા બલિદાન તરીકે મરણ પર્યંતના બિનશરતી ઉપવાસ કરશે એ વાતને જવાબદાર મંડળોમાં વજૂદ આપવામાં આવતું નથી. પણ એમ માનવા તરફ ઘણાનું વલણ છે કે વહેલામોડા કશુંક એવું કરવાનો તે પ્રયત્ન કરશે જેથી તત્કાળ એમના ઉપર સૌનું ધ્યાન કેન્દ્રિત થાય. એટલે યરવડામાંથી મિ. ગાંધીને વિષે કોઈ પણ સમાચાર આપણને મળે તેથી એકદમ આશ્ચર્ય પામવા જેવું નહીં હોય."

હરિજનના કામની ના પાડવાના હોય અને પાણી પહેલાં પાળ બાંધવાની આ પેરવી હોય એમ લાગે છે. બાપુને પણ, એ વાંચી સંભળાવ્યું ત્યારે એમ જ લાગ્યું. મને તો આખો વિચાર ત્રાસ અને કંપારી ઉપજાવે છે.

એ પૅરેગ્રાફ વાંચીને જ બાપુએ આજે જ કાગળ લખવાનો નિશ્ચય કર્યો. પ્રાર્થના પહેલાં લખ્યો. ગયા વર્ષની ત્રીજી નવેંબરે આવેલા હિંદુસ્તાન સરકારના હુકમની નકલ એમાં બીડી, અને સવારે એ કાગળ મોકલવાને તૈયાર કર્યો. નકલ બીડવાનું કારણ કહેતાં કહે: આજે 'ટાઇમ્સ'નો પૅરેગ્રાફ જોયો એટલે થયું કે સત્તામાં ચકચૂર માણસો આગલી વાતને ભૂલી જાય, આ હુકમ પણ ન જુએ અને ગંભીર ભૂલ કરી બેસે એમાંથી એને બચાવવા જોઈએ. ભૂલ કરી બેઠા પછી એ પગલું પાછું ખેંચાવવું કઠણ થઈ પડે.

ઉપવાસ કરવા પડે તો મારાથી સાથે થાય કે? એમ મેં પૂછ્યું. તેના જવાબમાં કહે: ના. એ તો ગંભીર ભૂલ થાય, એમાં મારો ઉપવાસ લજવાય. એમ સહાનુભૂતિ માટે ઉપવાસ ન થાય.

મેં કહ્યું: ત્યારે આપ રોજ ગળાતા જાઓ એ જોઈ રહેવું?

બાપુ: હા. મારા ગયા પછી તમે ઉપવાસ કરો. કદાચ, કરવાનો તમારો ધર્મ થઈ પડે. પણ એ તો બધું તમારે મારા ગયા પછી વિચારવાનું રહ્યું. મને લાગે છે કે દેશ પણ એ તો નહીં સહન કરે.

મેં કહ્યું: સહાનુભૂતિમાં ઉપવાસ કરવાની વાત નથી. આ બાબતમાં આપેલું વચન સરકાર તોડે અને સામાન્ય માણસને પણ ખૂંચે એવો અન્યાય આમાં થાય છે તે ન જોઈ રહેતાં, અમારે ઉપવાસ ન કરવો જોઈએ?

બાપુ: તો તો ભૂખમરાની સામુદાયિક હડતાલ થવી જોઈએ. અને તે થાય તો તેને બળવો કહીને સરકાર તરત દબાવી દે. અને તમે બળવો કરીને મને ઢાંકવા માગો એ પણ બરાબર નથી. ખરી વાત એ છે કે મારો ઉપવાસ એ એ પ્રકારનો ઉપવાસ જ નથી. હું તો સરકારને પણ જણાવું કે તમને આ ધમકીરૂપ નથી. તમે ન્યાય શું છે તે જુઓ. ધમકી માનીને તેને વશ થઈને કશું ન કરશો. ઉપવાસનો ધમકી તરીકે ઉપયોગ કરવો એ તો બૂરી જ વસ્તુ છે. જોકે સરકાર પણ બીકણ હોય છે એટલે હંમેશાં ન્યાય જ નથી તોળતી અને ધમકીને પણ વશ થઈ જાય છે. પણ આપણે તો શુદ્ધ ન્યાય જોઈએ છે. એણે સમજવું જોઈએ કે આ એક મહા વચનભંગ છે.

સરકાર શું પગલું લે એ વિષે તર્કો ચાલ્યા. મેં આયર્લૅન્ડની બિલ્લી-ઉંદર નીતિની વાત કરી. બાપુને એની ખબર નહોતી. બાપુ કહે: હા. એવું કરે પણ ખરા. તો મારી આકરી કસોટી થાય ખરી.

ડડલીની એક છોકરી વિમ્બલડનની છેલ્લી હરીફાઈમાં ભારે જીત મેળવીને ઘેર ગઈ એટલે ડડલીના મેયરે ગામનો મેળાવડો કર્યો. 'સ્કેચ'માં એનું ચિત્ર છે. પચીસ-ત્રીસ હજાર માણસો હશે. મેયરે ગામ તરફથી છોકરીને હીરાજડિત કાંડાની ઘડિયાળ અને સુંદર કબાટ ભેટ આપ્યાં. આ લોકોના હાડમાં સાહસ છે, સાહસને માટે ગમે તે કરે અને પ્રાણ પાથરે. સાહસની જ એને કિંમત છે. એની જોનસન પાછળ લોકો ગાંડા. ઈંગ્લન્ડની ખાડી ઓછામાં ઓછા વખતમાં તરનાર પાછળ લોકો ગાંડા! અને આપણું સાહસ? નારાયણ અને બીજાં છોકરાંને અનસૂયાબહેનને ઘેર મૂકી આવતાં આંખમાંથી આંસુ નીકળ્યાં અને હજીયે છોકરાંના વિચાર આવતા અટક્યા નથી!

'મેન્ચેસ્ટર ગાર્ડિયન'માં વાંચવાલાયક સાહિત્ય કેટલું બધું હોય છે અને ખબરો પણ કેટલી ભરેલી હોય છે? જોકે કેટલીક
૧૦-૮-'૩૩ તો અહીંના રૉઇટરનો ખબરપત્રી મોકલે એવી જ હશે ના? દાખલા તરીકે આ જુઓ:

"પૂનાની પરિષદમાં સવિનયભંગ પાછો ખેંચી લેવાની તરફેણમાં ભારે બહુમતી હતી. સત્તર વક્તાઓમાંથી સોળ એ માર્ગ લેવાની તરફેણમાં બોલ્યા. જોકે ઘણાઓએ મિ. ગાંધી અને કૉંગ્રેસની કારોબારી સમિતિ ઉપર હુમલા પણ કર્યા કે લડત ભાંગી પડી છે એવું તમે સ્વીકારો જ કેમ? કાંઈક અકલિત કારણસર મિ. ગાંધી, રૉઇટરનો પૂનાનો ખબરપત્રી કહે છે તેમ, એ પરિષદમાં મારતી મોટરે પહોંચ્યા. એમની મોટરની ગતિ, રસ્તાની

ભીડ છતાં ઘણી જગ્યાએ કલાકના પચાસ માઈલના વેગને પહોંચી હતી."

આ જૂઠાણામાં શો ભેદ હશે? શો હેતુ હશે?

પણ કેટલીક હકીકત તો બહુ જાણવા જેવી હોય છે. દાખલા તરીકે ચીનને વિષેના એક લેખમાં ચીનમાં કૉમ્યુનિઝમ (સામ્યવાદ)નો ભય ઉઘાડો છે એમ બતાવ્યું છે. જાપાન ચીનના દરેક દુશ્મનને આડકતરી રીતે મદદ કરે છે એટલે કૉમ્યુનિસ્ટોનું ત્યાં ફાવે છે.

"સામ્યવાદ સામેની ચીનની લડતમાં ખાસ ધ્યાન ખેંચે એવું અને લગભગ નાટકીય સ્વરૂપનું તત્ત્વ તો એ છે કે ત્યાં બોલ્શેવિઝમ કેવળ એક સિદ્ધાંત, એક પ્રચાર અને એક પક્ષ નથી. ત્યાં તો મોટા વિશાળ પ્રદેશ ઉપર પ્રભુત્વ જમાવવાનો પ્રશ્ન છે. ક્યાંગ સી અત્યાર સુધી તેની ઉપર થયેલા હુમલાઓ સામે ટકી રહ્યું છે. એ પ્રાંતનો વિસ્તાર સ્વિટ્ઝર્લૅન્ડ કરતાં પાંચગણો છે. એની વસ્તી લગભગ ત્રણ કરોડની છે. લાલ લશ્કરોએ એના લગભગ ⅔ પ્રદેશનો કબજો કરી લીધો છે. આક્રમણનો આરંભ લોકોની કતલ ચલાવીને એમણે કર્યો. એનો સરકારી આંકડો એક લાખ છયાશી હજારનો છે. લગભગ વીસ લાખ માણસોને પ્રાંતમાંથી તેમણે હાંકી કાઢ્યા અને એક લાખ ઉપર ઘરો બાળી નાખ્યાં. ત્યાર પછી ક્યાંગ સીમાં વ્યવસ્થિત સરકાર તેમણે સ્થાપી!"

આમાં હરિ જાણે કેટલું ખરું હશે! પણ સુન-યાત-સેને સામ્યવાદીઓની મદદ સ્વીકારી ત્યારથી ત્યાં તેમનો પગદંડો થયો એ વાત ખરી છે.

જર્મનીમાં સામ્યવાદીઓની દુર્દશાનાં અનેક કરુણ ચિત્રો તેમાં આપેલાં છે. રાઈસ્ટાગની સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીનો નેતા ડૉક્ટર બ્રેટ શીડ ઑક્સફર્ડમાં નૅશનલ પીસ કૉંગ્રેસમાં બોલ્યો હતો: "જર્મનીમાં અત્યારે પચાસ હજાર માણસો અટકાયતી છાવણીઓમાં છે. ત્યાં તેમને શું કરવા રાખવામાં આવ્યા છે તે તેઓ જાણતા નથી. તેમના ઉપર ઘાતકી વર્તન ચલાવવામાં આવે છે. કેટલીક વાર તો તેમનાં ખૂન પણ થાય છે. જે લોકો નાઝી સત્તાને ટેકો નથી આપતા તેમને માટે જર્મની કેદખાના અને કબર જેવું બની ગયું છે."

બાપુને આ બતાવ્યું ત્યારે કહે: આપણે ત્યાં પણ લગભગ આવી જ સ્થિતિ છે. જો આપણે વધારે જોર કરીએ તો અક્ષરશઃ આપણી એવી સ્થિતિ કરવામાં આવે.

જર્મનીમાં યહૂદીઓની તો દુર્દશા છે જ: "નાઝી વિરુદ્ધના હરેક જાતના મત ધરાવનારાઓ ઉપર જુલમની ઝડીઓ વરસે છે. આખી યહૂદી કોમની સતામણી બિનરોકટોક ચાલી રહી છે. તેમને નોકરીઓમાંથી કાઢી

મૂકવામાં આવે છે. તેમની મિલકત જપ્ત કરવામાં આવે છે. તેમને જેલમાં અથવા અટકાયતી છાવણીઓમાં ગોંધી દેવામાં આવે છે. કેટલીક અટકાયતી છાવણીઓમાં તો તેમના હાલહવાલ કરવામાં આવે છે. . . . આવે પ્રસંગે પણ આપણે પરદેશના રાજકારણમાં દખલ નહીં કરવાની નીતિ આચરવી જોઈએ, એ વિચાર છોડી દેવાની હિમાયત કરતાં કર્નલ વેજવૂડે કહેલું કે આવી સ્થિતિ વર્તી રહી છે તેથી આપણે આપણાં હૃદય બુઠ્ઠાં થવા દેવાં જોઈએ નહીં અને આપણાં જીવનને એની સાથે કાંઈ લેવાદેવા ન હોય એ રીતે શાંત બેસી રહેવું જોઈએ નહીં."

પણ હિંદુસ્તાનમાં જે ચાલી રહ્યું છે તેનું શું?

દુનિયાનો વેપાર સંકોચાતો જાય છે એ દર્શાવતી સુંદર આકૃતિ આપીને છેલ્લાં પાંચ વર્ષમાં વેપાર કેવો ઘટતો ગયો છે તેના આંકડા આપ્યા છે:

| વર્ષ | વેપાર ( કરોડ ડૉલરમાં ) |
|---|---|
| ૧૯૨૯ | ૫૩૫ |
| ૧૯૩૦ | ૪૮૫ |
| ૧૯૩૧ | ૩૨૬ |
| ૧૯૩૨ | ૨૧૩ |
| ૧૯૩૩ | ૧૭૮ |

જેમ્સ મૅટર્ન નામના અમેરિકન હવાઈ વિમાનચીના સાહસનું વર્ણન તો કોઈ વાચનમાળામાં પાઠ તરીકે અપાય એવું છે. આપણાં બાળકોને આવાં સાહસના પાઠ જેટલા વંચાવીએ તેટલા ઓછા છે. કાલે જ બાપુ બિરલાની હિંમત અને સમયસૂચકતાની વાત કરતા હતા. એરોપ્લેનમાં કરાંચી આવતા હતા અને હૈદરાબાદ પહોંચતાં કાંઈ અકસ્માત થયો એટલે એમણે જ અમુક જગ્યા જોઈને ત્યાં વિમાન નીચે ઉતારવાની માગણી કરેલી. આ મૅટર્નની નીચેની હકીકત નોંધી રાખવા જેવી છે:

ઉડ્ડયનના ઇતિહાસમાં ભારે નોંધપાત્ર સાહસની કથા રૉઇટરનો મૉસ્કોનો ખબરપત્રી આપે છે. જુવાન જેમ્સ મૅટર્ન અમેરિકન વિમાનચી હતો. અલાસ્કાના નોમ મથકે પહોંચવા માટે પૂર્વ સાઇબીરિયામાં આવેલું ખાબારોવ્સ્ક શહેર છોડ્યા પછી થોડા જ વખતમાં તે ગુમ થયો. ત્રણ અઠવાડિયાં પછી ઉત્તર ધ્રુવની નજીક આવેલા વેરાન બરફના પ્રદેશમાં તે જઈ પડ્યો.

આ ત્રણ અઠવાડિયાંમાં મૅટર્નને એક જ વખત મનુષ્યનાં નિશાન જોવાં મળ્યાં હતાં, અને તે પણ નિરાશાની ધાર પર પહોંચે એવા સંજોગોમાં.

કોઈ જતું આવતું વહાણુ મળી જાય એ આશામાં અનાદિર નદીના કાંઠા ઉપર તે ભટકતો હતો. એક દિવસ ખોરાકની શોધમાં રખડતો રખડતો તે નદીથી દૂર જતો રહ્યો. આસપાસ નજર ફેંકતાં એક હોડી ઊતરતા પ્રવાહમાં જતી તેણે જોઈ. એણે હાથ હલાવીને એ હોડીવાળાઓનું ધ્યાન પોતા તરફ ખેંચવાનાં બહુ ફાંફાં માર્યાં, પણુ અંતર ઘણું વધારે હતું અને એ નદીકાંઠે પહોંચ્યો ત્યાં સુધીમાં હોડી અદૃશ્ય થઈ ગઈ.

ખાબારોવ્સ્ક છોડ્યા પછી ચૌદ કલાકે — પૃથ્વીની પરકમ્મા કરતાં બહુ જ જોખમભરેલી જગ્યાએ એ હતો ત્યારે — મૅટર્નને ખબર પડી કે તેના વિમાનમાં કાંઈક બગડ્યું છે. ‘સેન્ચરી ઑફ પ્રોગ્રેસ’ નામના લાલ રંગેલા એના વિમાન ( મોનોપ્લેન )નું એન્જિન વધુ પડતું તપી જવા માંડ્યું. એન્જિનની આ ખામી તેને એટલી બધી ગંભીર લાગી કે તેણે નીચે ઊતરવાનો નિશ્ચય કર્યો. અનુકૂળ જગ્યાની શોધમાં એ કલાક સુધી તેણે ઊડ્યાં કર્યું. પણ નીચે એવી ટેકરીઓવાળી અને ખાડાખૈયાવાળી જમીન હતી કે સલામતીથી ઊતરવાની ઓછી જ આશા પડતી હતી. વળી એ પ્રદેશમાં મોટાં કળણો અને નાનાં સરોવરો પણ ઘણાં હતાં.

પણ હવે તો જે થવાનું હો તે થાઓ એમ વિચારી નસીબ અજમાવ્યા સિવાય છૂટકો નહોતો. મૅટર્ને પોતાથી બનતું બધું કર્યું પણ એના વિમાનનું એન્જિન એટલું બધું બગડ્યું હતું કે બીજો કાંઈ ઉપાય નહોતો. છેવટે એ નીચે ઊતર્યો અને વિમાન અફળાઈને ભાંગ્યું. જોકે શરીરે થોડા ઉઝરડા પડ્યા એ સિવાય વધુ ઈજા પામ્યા સિવાય તેમાંથી એ બચી જવા પામ્યો.

સોવિયેટ રશિયાના ખૂબ દૂરના અને અતિશય વેરાન પ્રદેશમાં તે આવી પડ્યો. ત્યાં રેન ડિયરનો ઉછેર કરનારા થોડા ભટકતા લોકો છૂટા-છવાયા રહેતા હતા. અનાદિર સુકોટકા નામની નજીકમાં નજીકની વસાહત ત્યાંથી ૮૦ માઈલ દૂર હતી.

આઠ દિવસ સુધી તો વિમાન જ્યાં ભાંગ્યું હતું તે જગ્યાએ જ એ રહ્યો. અનાદિર નદીને કાંઠે ઉપરવાસ અને નીચે એમ ફરવામાં તે પોતાનો ઘણો વખત ગાળતો. પાસે ચૉકલેટ બિસ્કિટ હતાં તે ખૂબ ભૂખ લાગે ત્યારે થોડાં થોડાં ખાતો. એ ભાતું પણ ત્રણ દિવસમાં પૂરું થયું. પછી પોતાની પાસે એક બંદૂક હતી તે વડે નાનાં નાનાં પ્રાણીઓનો તે શિકાર કરવા લાગ્યો. પણ આવો શિકાર બહુ જૂજ મળતો, અને એને લાંઘણો ખેંચવી પડતી. નવમે દિવસે મૅટર્ને નક્કી કર્યું કે ત્યાં દેવદારની જાતનાં સેડર નામનાં ઝાડ થતાં હતાં તેનાં લાકડાંની ઝૂંપડી બાંધીને નદીકાંઠે

રહેવું. આમ તેણે છ દિવસ ગાળ્યા પણ દિવસ જતો ગયો તેમ તેમ મદદ મળી જવાની તેની આશા ઓસરતી ગઈ. ટાઢ, ભૂખ અને નિરાશાની અસર તેના મન અને શરીર ઉપર વધારે ને વધારે થતી ગઈ. ખાબારોવ્સ્ક છોડયા પછી બરાબર પંદર દિવસે ૨૯મી જૂનની રાતે જ્યારે તે છેક જ નિરાશામાં પડયો હતો ત્યારે ચુકચી નામના ત્યાંના વતનીઓની બે હોડીઓ તેની નજરે પડી. તેણે કરેલાં નિશાન તરફ હોડીઓવાળાનું ધ્યાન ખેંચાયું. તેઓએ મૅટર્ન પાસે જઈ ને પોતાની હોડીમાં તેને લઈ લીધો અને અનાદિર ચુકોટકાથી પાંચ માઈલ દૂર તેઓ રહેતા હતા ત્યાં તેને લઈ ગયા. આરામ અને ખોરાકથી તે કાંઈક સ્વસ્થ થયો એટલે ચુકોટકાની વસાહતથી ચૌદ માઈલ દૂર માછીમારોની એક વસાહત હતી ત્યાં તેને લઈ જવામાં આવ્યો. ત્યાં સોવિયેટ સરહદના ચોકિયાતો, જેમને તેના ગુમ થયાના ખબર આપવામાં આવેલા હતા અને જેઓ તેની શોધમાં જ હતા તેઓ તેને મળ્યા. એ તેમને ચુકોટકાની વસાહતમાં લઈ ગયા, ત્યાં તેની સારી રીતે સારવાર થઈ અને તે સાજોતાજો થયો.

સ્વસ્થ થતાં મૅટર્નને પહેલો વિચાર પોતાના વિમાનનો આવ્યો. વિમાન જ્યાં ભાંગી પડયું હતું તે જગ્યાએ જવા માટે એક નાની ટુકડી તૈયાર કરવામાં આવી. મૅટર્નના કહેવાથી વિમાનમાંથી એન્જિન અને તેનું નિયંત્રણ કરનારાં યંત્રો કાઢીને વસાહતમાં લઈ જવામાં આવ્યાં. બીજા બધા ભાગ ત્યાં જ છોડી દેવામાં આવ્યા. જુલાઈની આઠમીએ એ ટુકડી અનાદિર ચુકોટકા પાછી આવી. મૅટર્નની સહીસલામતીના તાર તો લાગતાંવળગતાં સ્થળોએ તે અગાઉ પહોંચાડી દેવામાં આવ્યા હતા. × × ×

મૅટર્નને સોવિયેટ વિમાનમાં ઉત્તર સાઈબીરિયાથી નોમ પહોંચાડવામાં આવ્યો. મૅટર્નની વિનંતિ ઉપરથી તેને લઈ જવા માટે અમેરિકન વિમાન ત્યાં આવી પહોંચ્યું હતું.

જેમ્સ મૅટર્ન વિમાનમાં પૃથ્વીની પરકમ્મા કરવા માટે ૩જી જૂને ન્યૂયૉર્કથી ઊપડયો હતો. અને બધે ફરતો ફરતો ૧૨મી જૂને ખાબારોવ્સ્ક પહોંચ્યો હતો. ઉપરનું વર્ણન તે પછી બનેલા બનાવોનું છે.

બાપુની એકાગ્રતા એ એમના અસામાન્ય ગુણોમાંનો એક છે. એ એકાગ્રતાને લીધે મને લાગે છે કે એમનું પુસ્તકોનું વાચન અતિશય ઉતાવળે થાય છે. પહેલા પાંચ દિવસમાં જવાહરનું મોકલેલ પુસ્તક ‘સત્તા માટેની આવતી લડાઈ’ (ધ કમિંગ સ્ટ્રગલ ફૉર પાવર) પૂરું કર્યું. અભિપ્રાયમાં કહે: તમે જેટલાં વખાણ કરો છો એટલું બધું મને એમાં ન લાગ્યું.

એ માણસની હકીકત ભેળી કરવાની શક્તિ સરસ છે પણ અનુમાનો ઉતાવળાં બાંધેલાં છે. કૉમ્યુનિઝમને માટે ઊજળું ભાવિ જુએ છે, પણ એની ખામીઓ જોઈ જ નથી. જવાહરને ગમ્યું એનું કારણ એ કે લેખકે કોઈ માણસને છોડ્યા નથી. મૅકડોનલ્ડની ધૂળ કાઢી છે અને વેલ્સ જેવા લેખકને પણ સાવ ઉતારી પાડ્યો છે. આ બધું જવાહરને પસંદ પડે એવું છે.

બીજે દિવસે 'તિલોત્તમા' નાટક વાંચ્યું, પછી 'આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન' વાંચી ગયા, અને કહ્યું: આમાં તો કેટલાંક પ્રકરણો હવે તદ્દન નવાં લખી નાખવાં પડશે. સુધારેલે જ ન ચાલે. લખાયાને પચીસ વર્ષ થયાં. 'ઇન્ડિયન ઓપીનિયન'ના વાચકો માટે એ લખાયેલું.

આજે સવારે 'પંજાબના એક ગામમાં જોયેલું અને સાંભળેલું' (સીન ઍન્ડ હર્ડ ઈન એ પંજાબ વિલેજ) વાંચ્યું. મને પૂછ્યું: તમને આ પુસ્તક બહુ સારું ખાસ શા કારણે લાગ્યું?

મેં કહ્યું: એની શૈલી મોહક છે. પરદેશીએ આપણાં ગામડાંના લોકોનું અને તેમના જીવનની નાની નાની વિગતોનું આટલું સાચું ચિત્ર ભાગ્યે જ આપ્યું હશે. વળી એ લખનારી આપણા લોકોના નીચામાં નીચા વર્ગના ગણાતા લોકોમાં ઓતપ્રોત થઈને રહી એ પણ બહુ જોવા જેવું છે અને છેવટે એણે પોતાના અનુભવ સત્યભરી રીતે આપવાનો પ્રયત્ન કર્યો છે.

બાપુ: એ બધી વાત સાચી, પણ મને એમાં કંઈ નવું ન મળ્યું.

મેં કહ્યું: શૈલી એ નવીન વસ્તુ છે. આપણા લોકો એટલા ઓતપ્રોત થઈને આવી શૈલીએ લખે તો એ પુસ્તકોની બહુ કિંમત થાય. એ ઓતપ્રોત થઈને રહી છે એવી રીતે આપણા કામ કરનારાઓએ રહેતાં શીખવું જોઈએ.

બાપુ: પણ એ તો પોતાનો ધર્મ ફેલાવવાને સારુ ઓતપ્રોત થઈને રહી હતી. એમાં સારામાં સારું ચિત્ર પેલી ભંગી બાઈને ત્યાં જાય છે, ચા પીએ છે એનું છે, અને છતાં એ અમુક દરજ્જે જ સારું છે. બાકી પોતાનાં મંથનો અમુક અંશે સત્યતાથી વર્ણવવાનો પ્રયત્ન કર્યો છે એ વાત સાચી. પણ તે પણ અમુક અંશે. એમાં લખ્યું છે તેના કરતાં ઘણું લખવાનું બાકી રાખેલું છે. જે કાગળો છાપ્યા છે તેમાંથી ઘણો ભાગ છોડી દીધો છે. અને લોકોની ટીકા તો વહોરી જ છે ના, કે અમે ખ્રિસ્તી ન થયા એટલે તમે અમોને છોડી ગયા ને?

બાકી તાદૃશ ચિત્રો સારાં છે.

પછી કહે: જેમ જેમ દિવસ જતા જાય છે તેમ તેમ હું હરિજન-કામ માટે અધીરો થતો જાઉં છું. કાઠિયાવાડના કામ કરનારાને ઘોંચ-પરોણો ન કરતો રહું તો કામ છેક સૂઈ જાય. હવે આવતે અઠવાડિયે તો આમ કે તેમ જણાઈ જ જશે.

મેં કહ્યુ: એ તો હિંદ સરકારનો કાગળ એવો છે કે એમને નીકળવાની બારી નથી.

બાપુ: બારી તો નથી, પણ કોણ જાણે. એ લોકો આ વખતે બહુ ચિડાયા છે. ગયે વખતે જેટલા સારા થયા હતા તેટલા નઠારા આ વખતે થાય. એમણે આશા રાખી હશે કે કાં તો આ માણસ કેવળ હરિજનનું જ કામ કરશે, કાં તો ઉપવાસમાંથી બેઠો જ નહીં થાય, અથવા થશે તો તદ્દન લૂલોપાંગળો થઈ રહેશે. રાજાજીએ અને સરોજિનીએ પણ એમ ધાર્યું જ હતું ના? પણ માનસિક શક્તિને તો કોઈ દિવસ આંચ લાગી નથી, બલકે એકવીસ દિવસ પછી પણ લાંબું ખેંચવાની જીવન-શક્તિ તો હતી જ. . . .

મેં આજે કહ્યું: વલ્લભભાઈ આપને મળશે ત્યારે કહેશે, ઉપવાસ કરીને શો લાભ કાઢ્યો? મને છૂટો પડાવ્યો અને નાશિક કઢાવ્યો એટલું જ ના?

બાપુ: તો સાથે હું કહીશ, તમને નાશિકનો અનુભવ અપાવ્યો, મેં ‘અ’ વર્ગના કેદી થવાનો લહાવો લીધો એ કંઈ થોડો લાભ કહેવાય કે?

× × ×

બા અને બીજી પંદર બહેનો તથા સોળ ભાઈઓને છ માસની સજા થઈ. દુર્ગા અને પ્રેમાબહેનને ‘બ’ વર્ગ મળ્યો. બાપુ ખડખડાટ હસ્યા અને કહે: ‘બ’ વર્ગ મેળવવા માટે સેક્રેટરીની વહુ થવું પડે અને અંગ્રેજી ભણવું પડે કેમ? પછી કહે: પ્રેમા ગ્રેજ્યુએટ છે એ શી રીતે એ લોકોએ જાણ્યું? પ્રેમાએ કહ્યું તો ન હોય?

મેં કહ્યું: અંગ્રેજીમાં વાતચીત કરી હશે એથી કલ્પના કરી હોય.

બાપુ: તો એ ખોટું ના? શા માટે અંગ્રેજીમાં વાત કરે?

મેં કહ્યું: આપણે ત્યાંના છૂપી પોલીસવાળા તો આશ્રમના બધા માણસોનો અથથી ઇતિ સુધી ઇતિહાસ જાણતા હોય છે. પ્રેમાબહેન એ વાત કહે એવાં નથી, એ તો એથી ઊલટું અંગ્રેજીના અજ્ઞાનનો ઢોંગ કરે એવાં છે ખરાં.

બાપુ: એ વાત સાચી. એટલે આશા રાખીએ કે એણે કશું જ ન કહ્યું હોય. પણ બી. એ. થઈ એટલે ‘બ’ વર્ગ આપ્યો એ કેવું?

મેં કહ્યું : પુરુષોને પણ આપતા હોય તો સારું !

બાપુ : ( ખડખડ હસીને ) એ તો શેના કરે ? તો તો સેંકડોને ‘ બ ’ વર્ગ આપવો પડે. વાલજીને ‘ ક ’ વર્ગ જ છે ને ? અમતુલ સલામ કેવી છોકરી છે ? એને માટે મારું માન વધતું ને વધતું ગયું છે.

જાનકીબાઈને છોડી મૂકયાં, પણ એ ગમે તે રીતે ગયા વિના રહેવાનાં નથી.

૧૧–૮–’૩૨

આજે મથુરાદાસ બાપુને મળવા આવી ગયા. ‘ એ ’ ક્લાસ કેદી તરીકે મુલાકાત લેવાની બાપુની ઇચ્છા નહોતી. પણ મથુરાદાસને ના ન પાડી શક્યા. મીરાબહેનને લઈને હવે આવતી વખતે આવજે એમ કહીને કહ્યું કે એ પછી મુલાકાત હું લીધાં જ કરીશ એમ માનવાની જરૂર નથી. અણેએ ૧૩મીએ જંગલના કાયદા તોડવાની નોટિસ આપી છે એવી ખબર આપી અને જેરામદાસે ૧૦મીએ તોડવાની નોટિસની ખબર આપી.

દેવદાસ દિલ્હીમાં ન પેસવાના હુકમનો અનાદર કરી છ માસની કેદમાં ગયા.

સાંજે ફરતાં ફરી પાછી હરિજનકામની વાતો ચાલી. જવાહરને આ કામનો કેમ વિરોધ હશે ? એ તો કહે છે કે બાપુ આ કામ કરવાથી કેદી જ મટી જાય છે. લોકોને લાગતું જ નથી કે એ કેદી રહ્યા છે. એમ કેમ હશે ?

બાપુ : એનું કારણ એ છે કે એ આ કામનું રહસ્ય નથી સમજેલ, સત્યાગ્રહનું પણ નહીં. મને રોજ રોજ લાગતું જાય છે કે સત્યાગ્રહ અમુક વસ્તુ ઉપર કેન્દ્રિત કરવો જોઈએ. આજે આપણે સત્યાગ્રહ સત્તા મેળવવાને માટે કરી રહ્યા છીએ, જ્યારે સત્યાગ્રહ તો સત્તાને સાફ કરવાને માટે હોય. સત્તા એટલે જ હિંસા, સત્તાને નભાવવા લશ્કર જોઈએ. સત્તાનો ત્યાગ એ સત્યાગ્રહના મૂળમાં છે. કાઉન્સિલો વગેરેમાંથી સત્યાગ્રહીઓ દૂર રહેશે તો જ તેને સ્વચ્છ કરી શકશે. મારા અગિયાર મુદ્દા મોતીલાલજીને નહોતા ગમ્યા અને જવાહરને પણ નહોતા ગમ્યા. પણ હું એના ઉપર હજી કાયમ છું.

મે પૂછ્યું : ત્યારે તમે સ્વરાજ્યની અવેજીમાં સુરાજ્ય ચાલે, એમ સ્વીકારો છો એમ કહેવાય.

બાપુ : ના. કેમ્પબેલ બૅનરમૅનનું સુરાજ્ય એ તો મુરબ્બીપણાના નાતાથી ભલું કરનારું રાજ્ય છે. એ સ્વરાજ્યનું અવેજી ન થઈ શકે. પણ આપણું

અગિયાર મુદ્દાનું તો સાચું સુરાજ્ય છે અને એ જ સ્વરાજ્ય છે. તેથી સ્વાતંત્ર્યને બદલે એ ચાલે. હજીયે વધારે એ વસ્તુ સમજાવું એમ છું. પણ આજે તો ક્યાં એ પ્રસંગ છે? પ્રસંગ આવે તો પાછો દેશને એ અગિયાર મુદ્દા ઉપર વાળું. મુસલમાનોને બધી સત્તા આપી દઈએ તો એને કાબૂમાં આણ્યા એમ કહેવામાં પણ સત્યાગ્રહનો મર્મ સમજાવી દેવાય છે. સત્તા મેળવવાને માટે સત્યાગ્રહ હોય જ નહીં. સત્તા હાથમાં લઈ તેનો ત્યાગ કરવામાં સત્યાગ્રહ હોય, જેથી તે સત્તા શુદ્ધ રીતે જળવાઈ રહે.

ગઈ કાલની વાતને મેં પાછી છેડી અને બાપુએ આજે વધારે સ્પષ્ટીકરણ કર્યું:

૧૨-૮-'૩૨ સત્યાગ્રહ સત્તા મેળવવાને માટે હોય જ નહીં, સત્તાને શુદ્ધ રાખવાને માટે, સત્તાનો સદુપયોગ કરાવવા માટે હોય. આપણે આજ સુધી જેટલે અંશે સત્તા મેળવવા સત્યાગ્રહ કર્યો છે તેટલે અંશે ભૂલ્યા છીએ અને એ ભૂલ સુધારવી જોઈએ. એમાં કશું પ્રાયશ્ચિત્ત કરવાપણું નથી. કારણ એ તો માત્ર એક હથિયારનો જે કામ માટે ઉપયોગ નથી તે કામને માટે ઉપયોગ કર્યો. એ કરતા અટકીએ એટલે બસ. અહિંસાનો ઉપયોગ હિંસાને માટે ન જ થાય.

સત્યાગ્રહ અમુક વસ્તુ ઉપર કેન્દ્રિત કરવો જોઈએ એટલે સત્તા મેળવવા ઉપર નહીં, પણ તે તે વસ્તુ સિદ્ધ કરવા માટે હોય. એ વસ્તુ અગિયાર હોય કે અગિયાર સો હોય. એ વસ્તુ ચાલુ તંત્રમાં જ સિદ્ધ કરતા જઈએ. એની સામે નબળું તંત્ર ટકી ન શકે, એ તૂટી જ પડે, એટલે તંત્રનો આપોઆપ સુધારો થાય, છતાં તંત્રમાં સત્તાની વાત આવે ત્યારે આપણે આઘા રહીએ. तेन त्यक्तेन भुंजीथाः। આપણે મત આપીએ, મત આપવા જેટલી સત્તા ભલે વાપરીએ, પણ તે પણ રામ અને રાવણની ચૂંટણીમાં રામની ચૂંટણી કરવા માટે. જોકે રામ પણ જેટલે અંશે સત્તા ચલાવશે તેટલે અંશે હિંસા તો કરશે જ.

આપણું તો એક સત્યાગ્રહદળ હોય, જે સત્તાને સરખી કરવાને માટે જ જીવતું હોય, જેને સત્તા લેવાનો વિચાર સરખો ન હોય. એટલે આજે હું માનું છું કે સત્યમૂર્તિએ ધારાસભામાં જવાનો વિચાર કરવો એ જ ઇષ્ટ છે, એ જાય એ જ સારું, કારણ એ સત્યાગ્રહી નથી. પણ જ્યારે એક દળ ધારાસભામાં જતું હશે અને મહાસભા એને ધારાસભામાં મોકલતી હશે ત્યારે મહાસભામાંથી સ્વતંત્ર જ એક દળ સત્યાગ્રહ કરતું હશે. ધારાસભામાં જાય તે માણસ તો કેદખાનામાં જઈને નહીં બેસી શકે.

મેં પૂછ્યું : ત્યારે શાસ્ત્રી કહેતા હતા, કે મહાસભાને અલગ રાખો અને તમે સત્યાગ્રહ સ્વતંત્ર રીતે કરો એમાં, અને આપ કહો છો એમાં શો ફેર ?

બાપુ : ફેર એટલો કે બળાત્કારે કશું ન થાય. આજે આપણે નીકળી જઈએ તો બળાત્કારે નીકળીએ, કૉંગ્રેસની હાંસી થાય, કૉંગ્રેસ નિસ્તેજ થાય. એ તો મોતીલાલજીએ કૉંગ્રેસ પાસે જ સત્તા માગી લીધી અને ઝૂઝ્યા એટલે શોભ્યા. તેમ આ લોકો આપણને કહી દે કે અમારે તો ધારાસભાનું કરવું છે અને તમે સત્યાગ્રહ ભલે કરો, તો આપણે ખુશીથી નીકળી જઈએ.

આપણે સત્તાની વાત ભૂલી ગયા હોઈએ તો મુસલમાનોની સાથેનો ઝઘડો તો તરત જ શાંત થાય.

મેં પૂછ્યું: પણ સત્તાની વાત તો હિંદુઓમાં જે સત્યાગ્રહી હિંદુઓ હોય તે જ ભૂલી જાય ને ?

બાપુ : હા. એટલે સત્યાગ્રહી તરીકે આપણે ઝઘડો ન રહે.

હું તો જે દિવસે બહાર નીકળીશ તે દિવસે સત્તા લેવાનો વિરોધ કરીશ. પણ તે સત્યાગ્રહીઓ માટે છે. ધારાસભાઓનો વિચાર કરતાં મને માથામાં ચક્કર આવે છે એમ મારા નિવેદનમાં મેં કહ્યું છે તે મારા માથામાં, સત્યમૂર્તિના નહીં. બીજાઓ જરૂર એનો વિચાર કરી શકે છે. એક રીતે સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયાએ જે લખ્યું છે તે વાસ્તવિક છે કે કૉંગ્રેસીઓ ગયા હોત તો આજે સરકાર એમ ન કહી શકત કે ગાંધીને પકડવામાં દેશનો ટેકો છે.

કાલે રાત્રે સૂતાં સૂતાં 'ભર્તૃહરિ નાટક' (વાઘજી આશારામ શાહ)-માંથી એક લીટી યાદ કરીને કહે : 'એ રે જખમ જોગે નહીં મટે', એ લીટી વલ્લભભાઈને વિખૂટા પાડ્યા એ વિચારીને હર વખત યાદ આવે છે.

જિંદગીમાં અહીં અને વિલાયત મળી વીસેક નાટક જોયેલાં, જોકે મારા શોખ પ્રમાણે તો સેંકડો જોવાં જોઈતાં હતાં, એમ કહ્યું.

૧૩–૮–'૩૨

સવારે ફરતાં ફરતાં મેં કહ્યું : વલ્લભભાઈને તો રોજ લખવાનું મન થતું હશે પણ એમનો કાગળ કોણ આવવા દે ?

બાપુ : શેનો આવવા દે? અને હવે તો ત્યાં તેમના ઉપર બંધીઓ વધી હશે, અહીં કેટલીક છૂટ મારી સાથે હતી તે બધી ગઈ હશે, અને નવી જેલ એટલે નવા કાયદા. એક

રીતે વળી ઠીક પણ છે કે વલ્લભભાઈ અહીં નથી, કારણ આજે હોત તો એમને ઊંઘ ન આવતી હોત. અધીરા અધીરા ફરત અને કહેત હજી કાગળ કેમ નથી આવ્યો? એ લોકોએ અમુક વિચાર કર્યો હશે, અમુક ઘાટ ઘડ્યા હશે, એવા વિચાર કર્યા કરત.

મેં કહ્યું: એ સાચું. મને તો ચિંતા થાય છે, પણ બસ પેલી છેલ્લી શ્રદ્ધા છે કે ઈશ્વરને તમારા સત્યનો જગતને જ્યાં સુધી લાભ આપવો છે ત્યાં સુધી એ સત્યની આડે કોઈને ઊભા નહીં રહેવા દે.

બાપુ: એ બરોબર છે. અને મારે ઉપવાસ કરવાપણું હશે તો ખચીત સમજવું કે અહીં મારું મૃત્યુ નિપજાવીને આ સવાલનો અને સ્વરાજનો પણ ફડચો ઈશ્વરને કરવો છે. હું અહીં આ કામ કરતો મરું અને એ લોકોને હાથે, એના જેવી બીજી કઈ વસ્તુ હોઈ શકે! અને આજે પણ કંઈ જવાબ નથી એટલે મને કંઈક શંકા થવા લાગી છે. એ આ પ્રસંગમાંથી નીકળી જવાના ભારે પ્રયત્નમાં પડેલા લાગે છે. પણ સાપે છછુંદર ગળ્યા જેવું થયું છે. એટલે શું કરે? બાકી મને મારવાનો નિશ્ચય કર્યો હશે તો ઘણાને પોતાની તરફ લેવાનો પ્રયત્ન કરીને જ એ કરશે. જોકે મને એમ લાગે છે કે એમ મને મરવા દેવા માટે કૅબિનેટની રજા લેવી જોઈએ. અને ત્યાં અર્વિન, મૅકડોનલ્ડ અને હોર ત્રણે એનો વિરોધ કરશે એમ હજી પણ હું માનું છું. એ લોકો જરૂર કહેશે આ નિરુપદ્રવી માણસને જેલમાં બેઠા બેઠા આટલું કરવા દો. અહીં આ લોકોને એ ચિંતા પેઠી છે કે જેલમાં આ માણસે હંમેશાં હાર આપી છે તે કેમ સંખાય? અને આ વખતે તો સજા વર્ષ દહાડાની કરી. વળી પાછા એક વર્ષ પછી એ ભગવાન એના એ. એટલે એક વાર આખરનું લડી લેવું. ભગવાન જાણે શું થશે!

૧૪–૮–'૩૩ આજે સવારે તો બાપુને મૌન હતું, પણ અગિયાર વાગ્યે નોટિસ લખી કાઢી અને બારને ટકોરે પહોંચાડવી છે માટે તુરત તૈયાર કરો એમ મને કહ્યું. ટૂંકો અને ટચ કાગળ: હરિજનકાર્ય વિના મારે જીવવું અશક્ય છે, યરવડા કરાર પ્રમાણે તમે એ કાર્ય કરવા દેવાને બંધાયેલા છો, મારી માગણી ન્યાયી લાગે તો આપો, નહીં તો મને મરવા દો.

સાંજે વાતો થઈ. હજી સુધી કશો જવાબ નથી આવ્યો, એટલે બાપુ કહે: હવે હા આવવાની આશા ઓછી છે. જોકે એ લોકો એટલી હદ સુધી જાય તો એ નરી દુષ્ટતા કહેવાશે. મને તો એમાં કંઈ નથી.

જવાહરે કહેલું તેમ હું જીવીશ તોય હરિજનને માટે અને મરીશ તોય હરિજનને માટે. મારી તો સાંકળ સંપૂર્ણ થયેલી ગણાશે. પણ એમની દુષ્ટતાને લીધે મરવું પડે એ અસહ્ય છે. મનુષ્યસ્વભાવ દુષ્ટતાની એટલી હદ સુધી જાય એ ત્રાસ ઉપજાવનારી વસ્તુ છે. ઈશ્વર અહિંસાની એટલી બધી કસોટી ન કરે એવી હજી આશા રાખીએ. સંભવ છે કે એ લોકોના હોર સાથે સંદેશા ચાલતા હોય અને હોર તો જક્કી માણસ છે. એક ઠરાવ મુંબઈએ કર્યો હોય તો તેને પણ વળગી રહે એ જાતનો છે. ગમે તે હો, મારું આ કામ કરતાં મૃત્યુ થાય એના જેવું બીજું રૂડું શું?

સાંજે સરકારની સ્થિતિ મનમાં ગોખતા હોય તેમ કહે: જવાબ તો આવશે પણ બુધવારે આવશે, અને એમાં હશે:

"સરકારે તમને પૂરતો લાંબો વખત સાંખી લીધો છે. હવે એક અવ્યવહારુ સ્વપ્નસેવીના સ્વચ્છન્દને વધુ વખત સાંખવો એ સરકારના ગૌરવને શોભતું નથી. એટલે સરકારને જણાવતાં દિલગીરી થાય છે કે ગાંધીને કહી દેવું કે એને જેમ ફાવે તેમ કરવાની છૂટ તો છે જ, છતાં તેણે જે માર્ગ લીધો છે તેને જ પકડી રાખવાની એ જો જક પકડશે તો સરકારને નછૂટકે એને બળજબરીથી ખોરાક આપવાની ફરજ પડશે."

આવા પ્રકારનો કંઈક જવાબ આવશે. પણ સાવ ના પાડવાનો નિશ્ચય નથી કરી શક્યા એટલે મોડું થાય છે એમ કહી શકાય. મેં એમ પણ વિચારી રાખ્યું હતું કે આજે પણ પાછા વખત માગે, તો હું કહીશ કે હરિજનનું કામ કરવા દે અને કાગળો લખવા દે તો હું મુલાકાતો માટે એક અઠવાડિયું રાહ જોવાને તૈયાર છું.

ઍન્ડ્રૂઝ એક રીતે આ ટાંકણે આવે છે એ સારું છે એમ મેં કહ્યું. એટલે બાપુ કહે: શું ધૂળ સારું છે? એ આવીને કશું નહીં કરી શકે. એને ધક્કો મારી બહાર કાઢશે. ભલા હશે તો કહેશે તમે પાછા ઇંગ્લંડ જાઓ.

વિઠ્ઠલદાસ ઠાકરસીનું જીવનચરિત્ર રોજ લાયબ્રેરીમાં (પાયખાનામાં કમોડ પર બેઠાં બેઠાં) વાંચે છે. જીવન બહુ જાણવા જેવું છે, પણ કલ્યાણરાયે નાહકનું પીંજણ કર્યું છે અને એની શૈલીમાં કંઈ નથી. અંગ્રેજી ચોપડીનું પણ એમ જ થવાનું. કહે છે કે હું તો પ્રેમલીલાબહેનને એ વિષે લખીશ. જેના પ્રેમ અને સેવાનો આટલો બધો અનુભવ થયો એના પતિનું જીવનચરિત્ર વાંચવું જ જોઈએ.

વાઇસરૉયે પોતાના માનમાં શાળાઓ બંધ કરાવી એ આજના સમાચાર. બાપુ કહે છે કે તમે જેવી નાગી રીતે મૂકો છો તેમ કોઈ કહે

નહીં. પછી ગવર્નરનો કૂતરો લંડન ટેલિફોનમાં ભસ્યો અને તે ભસવું વિલાયત સંભળાયું એ સમાચાર હતા. બાપુ પહેલાં તો ખૂબ હસ્યા, પછી કહે: પણ એ બતાવે છે કે કૂતરો પણ કુટુંબીજન છે. એ ભાવ લંબાવીને જગતનાં તમામ કૂતરાં વિષે એ ભાવ રાખે તો કંઈ બાધા જ નથી.

સાંજે "હરિને ભજતાં હજી કોઈની લાજ" ભજન ગવાયું.

બાપુ કહે: આ જ સૂરે એ નાનપણમાં સાંભળેલું અને એ સૂર મનમાંથી નીકળતો જ નથી. જ્યારે ગવાય ત્યારે મીઠું જ લાગે છે. તદ્દન સાદું ભજન છે પણ પહેલી જ કડીમાં જે કહેવાનું એ બધું કહી દીધું છે.

મેં કહ્યું: પ્રેમળદાસનું બીજું કાંઈ તો જાણ્યું નથી પણ જેમ પ્રીતમનું "હરિનો મારગ છે શૂરાનો" એટલું એક જ ભજન રહ્યું હોત તોયે તેનું નામ રહી જાત તેમ જ પ્રેમળદાસના આ ભજન વિષે કહેવાય. એમાં એણે ભક્તોની પસંદગી કીધી છે તે પણ જોવા જેવી છે.

બાપુ: બરોબર છે, એમાં વેવલી ભક્તિની વાત નથી, એમાં તો શામળિયાની સાથે સૂરતા સાંધવાની વાત છે. એ સંપૂર્ણ પ્રપત્તિથી જ થાય.

૧૫–૮–'૩૩

આજે સવારે મેજર માર્ટિન એક કાગળ લઈને આવ્યા. એ કાગળ ગઈ કાલે સાંજે પાંચ વાગ્યે ઑફિસમાં આવેલો, પણ એણે પડી રહેવા દીધો. કાગળમાં એવી દરખાસ્ત હતી કે 'હરિજન'ના કામ માટે ઍક્ટિંગ ઍડિટરની સાથે એક મુલાકાત ગાંધીને લેવી હોય તો લે, સરકારના હુકમો આવતાં હજી વાર થશે. બાપુએ તુરત જવાબ લખાવ્યો કે "પત્રના સંપાદન માટે પણ મારે ન્યૂસપેપર અને કાગળો જોવા જોઈએ, એટલે મને બધા અહીંના કાગળો મળે, તે ઉપરાંત હરિજન ઑફિસમાં આવેલા કાગળો મળે અને છાપાં મળે તો હું કાલે ઉપવાસ ન કરું અને સરકારી હુકમોની રાહ જોઉં."

બાપુને મેં કહ્યું: કોઈ આવીને વાત કરી જતો હોય તો ઘણું ઊકલી જાય.

બાપુ કહે: ના, એ તો મારી સાથે વાત કરવા માગતા જ નથી. એમણે હવે નવી નીતિ આદરેલી છે. અને શું કરે? મારી સાથે વાત કરવામાં મને જવાબ ન દઈ શકે એમ એણે અનુભવ્યું હોય તો પછી મારી સાથે શી રીતે વાત કરે?

વલ્લભભાઈનો કાગળ કટેલી ઉપર આવેલો તે જોવાનો મળ્યો. બાપુએ પૂછ્યું : એમના અક્ષરે જ છે ?

મેં કહ્યું : હા.

એટલે એક વાર સાંભળવા છતાં પોતે પાછા વાંચી ગયા, અને સાંજે વાતો કરતાં પાછાં વલ્લભભાઈનાં સ્મરણો તાજાં કર્યાં : ભલા હશે તો ત્યાંય ચાર વાગ્યે પ્રાર્થના કરવાની ચાલુ રાખી હશે, હવે રસોડું કરવાના વિચાર ઉપર આવ્યા હશે, ચોપડી મંગાવી એટલે પાછા સાતવળેકરનાં પુસ્તકો વાંચતાં વાંચતાં આંટા મારશે. વળી પાછું ભર્તૃહરિનું વાક્ય યાદ કર્યું : "એ રે જખમ જોગે નહીં મટે"

મેં કહ્યું : હવે તો લાંબો જ વિયોગ ના ?

બાપુ કહે : હવે ઉપાય નથી. ભીખ માગીએ તો ઉપાય છે, પણ ભીખ માગતાં પ્રતિષ્ઠા ખોઈ બેસીએ.

બુદ્ધ વિષેનું ગૌરનું પુસ્તક બહુ ગમ્યું અને એને આંખ તાણી તાણીને પણ બે દિવસમાં જ પૂરું કર્યું. તુરત ડૉ. દત્તનું પુસ્તક લીધું. તે પૂરું કર્યું અને ઍન્ડ્રૂઝનું લીધું. બુદ્ધ વિષેના પુસ્તકમાં શોપનહોરનાં ઉપનિષદની સ્તુતિનાં વાક્યો છે તે અનેક વર્ષો ઉપર વાંચેલાં હજી ભૂલ્યો નથી એમ કહ્યું. પણ એમાં 'અસલના અપવાદ સાથે'માં 'અસલ' શબ્દનો શો અર્થ છે એ વિષે શંકા હતી, આજે પણ છે એમ કહ્યું. એના અર્થ વિષે થોડી ચર્ચા કરી અને એનો અર્થ વેદ જ એવા નિર્ણય ઉપર આવ્યા. નિરહંકાર અને નિર્મળતા વિષેના લાઓત્ઝેના ઈ. સ. પૂર્વે હજાર વર્ષ અગાઉના ઉતારા વાંચીને આશ્ચર્યચકિત થયા અને મને વાંચી સંભળાવ્યા.

૧૬-૮-'૩૩ આજે ઉપવાસ આરંભવાનો દિવસ, પણ બાપુ તો ચોપડીઓ વાંચવામાં ગુલતાન હતા. ઍન્ડ્રૂઝનું પુસ્તક વાંચતાં એમાંનાં કેટલાંક ન સમજાય એવાં વાક્યો સંભળાવતા જતા હતા. પછી ઑક્સફર્ડ ડિક્શનેરીની ટચુકડી આવૃત્તિ લઈને મારી પાસે નવો શીખેલો શબ્દ 'રિગર' (rigor) જોયો, પછી એની પ્રસ્તાવના વાંચી ગયા, વળી એનું અંતરંગ બરોબર તપાસ્યું અને એનાં ખૂબ જ વખાણ કરવા લાગ્યા.

આજે પણ સરકારના જવાબની રાહ જોઈ, બાર વાગ્યે ઉપવાસનો આરંભ કરવાનો નિર્ણય કર્યો. નિર્ણય કરતાં પહેલાં એક કાગળ લખાવ્યો જેમાં માર્ટિનને લખ્યું કે હવે મારે માટે ફળ અને દૂધ મોકલવાનું બંધ

કરશો. આરંભ કરતાં ‘ ઉઠ જાગ મુસાફિર ’ મેં ગાયું અને પછી ૧૨મો અને ૧૭મો અધ્યાય વાંચવાનું બાપુએ સૂચવ્યું, જે બંનેએ સાથે વાંચ્યા.

મેં કહ્યું : આપને ઉપવાસને અમુક દિવસે છોડી દે તો ઉપવાસ છોડવા જ જોઈએ ના ?

બાપુ : તો તો છૂટી જ જાય ના ? કારણ બહાર તો બધું કામ હું કરી શકું. પણ એ છોડે જ શાના ?

મેં કહ્યું : એમને નિયમોનો જ વાંધો આવતો હોય તો આપને છોડે, અને પછી ૧૮૨૭ના રેગ્યુલેશન પ્રમાણે પાછા પકડીને હરિજન-કામની છૂટ આપે.

બાપુ : ના, ના. એ બધી વધારેપડતી આશા છે.

હું : ત્યારે શું ઉપવાસ કરાવવા જ એ તો નિશ્ચય. ખરું જ ના ? અને તો તો બળજબરીથી ખોરાક પણ આપે.

બાપુ : એટલી બધી મર્યાદા મારી સાથે નહીં મૂકે. અને ઉપવાસ પણ લાંબા ન ચાલવા દે. એ લોકોને કશું શોભાથી કરતાં આવડતું જ નથી. એટલે મને ટગાવશે. ઍન્ડ્રૂઝ આવશે એટલે એ પણ કાંઈક ચળવળ કરશે. એમ તો ઘનશ્યામદાસ છે, માલવીજી છે, એટલે ચળવળ તો થશે જ.

પછી કહે : હરિજનને માટે આ રીતે મરવું એ એની મોટામાં મોટી સેવા છે. હરિજન માટે ભાષણ કરવાનું ન રહ્યું, લખવાનું ન રહ્યું, મારું મૃત્યુ બોલી રહેશે. અને હરિજનો તો સનકારામાં સમજી જશે.

હું તો વિમાસણમાં પડી જઈને મારી ઓરડીમાં સૂઈ ગયો. બપોર પછી બાપુએ કાંતેલું સૂતર ઉતારતો હતો ત્યાં માર્ટિન આવ્યા અને બરોબર લશ્કરી અદાથી સરકારના હુકમ વાંચી સંભળાવ્યા : કેવળ હરિજન પ્રવૃત્તિના કામ માટે ( ૧ ) છાપાં મળે, પણ બેથી વધારે માણસોની મુલાકાત ન લે, છાપાંના પ્રતિનિધિઓને ન મળી શકે, કોઈ મુલાકાત વિષે છાપાંમાં ન આપી શકે, ( ૨ ) ‘હરિજન’ને માટે ત્રણ વખત અઠવાડિયામાં લેખો મોકલી શકે, ( ૩ ) એક કેદી ટાઇપિસ્ટની મદદ મળી શકે, ( ૪ ) કાગળો મર્યાદિત સંખ્યામાં લખી શકે.

આ તો ટેલિફોનમાં એણે ડૉઇલની પાસેથી હુકમનો ઉતારો લીધો હતો તે વાંચી સંભળાવ્યો. એણે જ કહ્યું : જ્યારે એ લોકો હુકમ કાઢે ત્યારે સરખા હુકમ કેમ નહીં કાઢતા હોય ? તમને આપવાની ટપાલ વિષે તો કંઈ લખ્યું જ નથી !

બાપુ કહે : એ રહી ગયું હશે કારણ એ લોકો ઉતાવળમાં હતા.

એ ઊભો થયો અને કહ્યું : હવે તમે એ બરોબર વાંચીને વિચાર કરી જુઓ. કાલે તો બકરાં મોકલું ના?

બાપુએ ઉતાવળે કહી દીધું : આજે હમણાં જ મોકલો.

મને સહેજ ધ્રાસકો પડ્યો પણ હું ન બોલ્યો. બાપુએ કાગળ લખાવવા માંડ્યો. લખાવ્યો, પણ કાગળ વાંચીને મને સંતોષ ન થાય. મેં અંદર કાંઈ કાંઈ સુધારા સૂચવવાનો પ્રયત્ન કર્યો, પછી કહ્યું : હડસને જે છૂટ '૩૨માં આપેલી અને જે સંતોષકારક ન લાગવાને લીધે આપે ઉપવાસની નોટિસ આપેલી તેમાં અને આમાં કેટલો ફેર છે એ જોવું જોઈએ.

બાપુ કહે : એમાં ફેર તો છે, પણ હવે તો તમે બીજો જ કાગળ લખો. એ તો હેલ્સિંગફોર્સ જવાનું ઠરાવીને તુરત માંડી વાળ્યું હતું તેવું થયું છે. ઉપવાસ ન જ તોડી શકાય એમ જોઉં છું. લખો કાગળ.

એમ કહીને કાગળ લખાવ્યો. હુકમો અસલ હિંદુસ્તાન સરકારના હુકમો જેટલી હદ સુધી જતા નથી, એટલું જ નહીં પણ તેનો આત્મા એમાં નથી, અને સરકારનું દરિદ્રપણું બતાવે છે, એટલે એ સ્વીકારીને પછી સરકાર સાથે લાંબી ચર્ચા કરવાની અધિયારી સારવી એ બરોબર નથી, ઉપવાસ કરી નાખેલે જ છૂટકો છે એમ બોલ્યા અને એ જ ભાવ કાગળમાં આણ્યો.

મેં કહ્યું : આમાં અણુવિશ્વાસ પણ છે, અને આપે ગયે વર્ષે આપનું વચન સારી રીતે પાળેલું એ વાતનો પણ સ્વીકાર નથી.

બાપુ કહે : ના અણુવિશ્વાસ નથી. અણુવિશ્વાસ હોય તો ગમે તેને મળવા ન દે, પણ એમાં નીચતા છે. એ નીચતા કેમ સાંખી લઈ શકાય? કાગળ ગયો અને યાર્ડમાં આંટા મારવા માંડ્યા. મને કહે : ઉપવાસ છોડ્યો હોત તો મારા દુઃખનો પાર ન રહેત. હવે તમારા ઉપર થોડો દોષ તો આવવાનો કે આ માણસે ઉપવાસ ચાલુ રખાવ્યા. અને તમે થોડે અંશે જવાબદાર તો છો જ. તમને એ હુકમથી સંતોષ થઈ ગયો હોત તો મને શંકા થાત જ નહીં. માણસના મન ઉપર કેટલી કેટલી વસ્તુઓ અસર કરે છે તેની થોડી જ ખબર પડે છે? માનવતા અને નબળાઈની વચ્ચે પાતળી દોરી રહેલી છે તેની કાંઈ ખબર પડે છે? પણ મને ખાતરી છે કે તમારો આમાં ફાળો છે. એવી જ રીતે મારી નબળાઈથી મને બચાવતા રહેજો.

મેં કહ્યું : નબળાઈની વાત નથી, ખરી નિર્ણયશક્તિની વાત છે, એટલે ફરી ફરીને તોળવાનું મન થયું અને આપે બકરાં મોકલવાનું તુરત કહી દીધું એ મને ઉતાવળ લાગી.

પછી હસતાં હસતાં કહે : વલ્લભભાઈ હોત તો કહેત કે સ્વીકારી લો, આમાં ઘણું આવી જાય છે, પાછળથી લડી લઈશું. પણ એ બરોબર નથી. ઉપવાસ છૂટ્યા હોત તો મહા દુઃખમાં પડત. પછી કહે : એ માણસને મળવાની છૂટ એટલે બિરલા, કવિ અને માલવીજી આવ્યા હોય તો મારે કોને ના પાડવી? વળી એ મુલાકાતો એટલે ઑફિસમાં મુલાકાત એમ જ સમજવાનું. નહીં, એ તો લડી લેવું એ જ સારું.

રાત્રે વહેલા સૂતા. સૂતાં સૂતાં કહે : અઢી માસ પછી પાછા ઉપવાસ કરવા એ કાંઈ સહેલી વાત નથી. ઈશ્વર લાજ રાખે તો સારું. પછી કહે : ઠીક કસોટી થવાની છે અને એની જરૂર છે. બિચારા પ્યારેલાલે અગિયાર ઉપવાસ કરેલા. દાસ્તાને અને દેવે તેર કરેલા. એ લોકોનો કોઈએ ભાવ થોડો જ પૂછ્યો હતો? મારો પણ બિલકુલ ભાવ ન પુછાય એ અનુભવ લેવા જેવો છે.

બાપુને રાત્રે ઊંઘ સારી આવી, પણ પ્રાર્થના વખતે મને કહ્યું કે પોણા ત્રણ વાગ્યાનો જાગી ગયો હતો અને પેલા શ્લોકનો
૧૭–૮–'૩૩ વિચાર કરતો હતો :

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥

એમાં ભીડે શાસ્ત્રીનો અર્થ મને ગળે નથી ઊતરતો. એ કહે છે કે યોગારૂઢને શમ સાધવાને માટે કર્મના સાધનની જરૂર છે, અને યોગારૂઢ થવા ઇચ્છનારને યોગ સાધવાને માટે કર્મના સાધનની જરૂર છે, એ મને બરોબર નથી લાગતું. મને તો શુદ્ધ શબ્દાર્થ જે સીધો બેસે છે તે જ બરોબર લાગે છે, યોગારૂઢ થવા ઇચ્છનારાને કર્મ સાધન અને યોગારૂઢને શાંતિ સાધન છે.

મેં કહ્યું : એટલે તો આપ શાંકરસિદ્ધાંતને ટેકો આપો છો કે સંન્યાસીને કર્મ કરવાની જરૂર નથી.

બાપુ : ટેકો આપું છું અને નથી આપતો — આપું છું એટલે અંશે કે એની શાંતિ જ કાર્ય સિદ્ધ કર્યાં કરે છે એટલે એને કર્મની જરૂર નથી, અને નથી આપતો એટલે અંશે કે એ શાંત હોઈને પણ એનો સંકલ્પ તો જનહિતનો જ હશે. યોગારૂઢની પાસે બેઠેલા માણસને વીંછી કરડે તો એને એ જોઈ ન રહે પણ એની સંકલ્પશક્તિથી, કાંઈ પણ કર્મ કર્યા વિના એને વીંછી ઉતારશે અથવા તો એનું વીંછીનું ઝેર એ ચૂસી લેશે. જનક રાજાની નગરી બળતી હતી છતાં જનક રાજા શાંત બેઠા હતા પણ એ શાંત નહોતા બેઠા. એમની શાંતિ જ નગરીને શાંત કરી રહી હતી.

કદાચ પોતે શાંતિ છોડી નીકળી પડત અને બંબાવાળાને કહેત કે મને પણ બંબો આપો તો બંબાવાળાનું ધ્યાન કદાચ એનામાં જાત અને એ લોકો બરોબર કામ ન આપી શકત. હું તો લૌકિક દાખલો લઉં. રાજા અમુક ઇચ્છે છે એવી માન્યતાથી અમુક વસ્તુઓ થતી નથી? વાઇસરૉય આવવાના માટે આટલા માણસોએ માનપત્રની તૈયારી કરવાની, આટલાએ શહેર શણગારવાનું, વગેરે જેનો હુકમ વાઇસરૉય ન કરતો હોય છતાં એ થતું જ જાય. તેમ માણસ શાંત રહીને અનેક વસ્તુ કર્યાં જ કરે. એ જ અર્થ અકર્મમાં કર્મનો છે.

૧૨મા અધ્યાયનો श्रेयो हि ज्ञानमभ्यासात् વાળો શ્લોક કોયડા જેવો લાગ્યો — જાણે જ્ઞાન, ધ્યાન સાથે સંબંધ ધરાવતું આગલા શ્લોકોમાં કાંઈ હોય જ નહીં અને ક્યાંકથી બહારથી શ્લોક લાવીને મૂકી દીધો હોયની!

સવારે શાંકરભાષ્ય અને ભીડેની ગીતા અને "ગીતાઈ" લઈને બારમો અધ્યાય વાંચવા બેઠા હતા ત્યાં માર્ટિન ધૂંવાંપૂંવાં થતો આવ્યો અને કહ્યું: તમે તો તમારો વિચાર બદલી નાખ્યો. મેં તો સરકારને ખબર પણ આપી દીધા હતા. મારે ફરી ફોન કરવો પડ્યો.

બાપુએ સમજાવ્યું કે જેટલા વહેલા તમને ખબર આપી શકાય તેટલા આપ્યા.

માર્ટિન: તમારો કાગળ જ હું નથી સમજી શક્યો. તમારે કાગળો જોઈતા હોય તો તેને વિષે વાત થઈ શકે છે.

બાપુ: પણ મારે ભવિષ્ય ઉપર શા સારુ રાખવું? મારે માટે તો એ હુકમ જ અધૂરા છે, તમારા ગયા પછી મેં એ વાંચી જોયા, ફરી વાંચ્યા અને મને લાગ્યું કે આમાં તો હું ભેરવાઈ પડું છું.

માર્ટિન: પણ કાગળો એવું કારણ નથી જે માટે તમે ઉપવાસ કરો. છતાં તમે કહો છો હું સરકાર ઉપર બળજબરી નથી કરતો.

બાપુ: હું તો હજીયે કહું છું કે હું બળજબરી નથી કરતો, નથી કરવા ઇચ્છતો; હું માત્ર એટલું જ કહું છું કે મારું કામ અશક્ય થઈ જાય તો હું જીવી શકું નહીં. જે હુકમો હમણાં આપવામાં આવ્યા છે તેથી મારું કામ સરે એમ નથી.

બાપુએ તુરત પોતાને શું જોઈએ છે એ સમજાવનારો લાંબો વિસ્તારપૂર્વક કાગળ લખાવ્યો અને માગણી કરી કે મને જો છૂટ આપવી હોય તો હિંદ સરકારના મૂળ હુકમને અનુસરીને પૂરી આપો. એમાં એ પણ માગણી કરી કે 'હરિજન'ના લેખો આપવાના છે માટે આજે કાકાને

મારે બાર પહેલાં મળવું જોઈએ, અને મને મારાં છાપાં અને કાગળો મળવા જોઈએ.

એ છાપાં અને કાગળો તો ન મળ્યાં પણ કાકાને મળવા બાર વાગ્યા પહેલાં લાવ્યો અને હસવાનો, વિનોદ કરવાનો પ્રયત્ન કર્યો:

જુઓ, અહીં તમને મળવા માટે હું કાકા કાલેલકરને લઈ આવ્યો છું. આ મારી ભલાઈ કહેવાય ને? હમણાં જ મને ફોન ઉપર હુકમ મળ્યા કે કાકાને આવવા દેવા અને તમારી એ 'હરિજન' મુલાકાતો આપવી.

વળી પાછો કહે: તમે નાહકના શરીર બગાડી રહ્યા છો! સરકાર શી રીતે તાબડતોબ કામ કરે? સરકારનાં કામ તો ધીમાં જ ચાલે.

બાપુ: પણ મેં તો પંદર દિવસ આપ્યા હતા. એ તાબડતોબ કહેવાય? અને હિંદ સરકારના હુકમ તો હતા જ.

એટલે પેલો કહે: પણ એ તો તમે રાજકેદી હતા ત્યારે તમને લાગુ પડતા હતા.

બાપુ: મારા રાજકેદી હોવા સાથે તેને કશી નિસ્બત નથી. એક અસાધારણ પરિસ્થિતિ જેનું મૂળ ગોળમેજી પરિષદમાં છે તેમાંથી એ વસ્તુ ઊભી થઈ. તમે જાણો છો ને કે કરારના સ્વીકાર અર્થે બ્રિટિશ પ્રધાનમંડળે તાબડતોબ બેઠક ભરી હતી? અને આ વસ્તુ એમાંથી જ સ્વાભાવિક રીતે ઉપસ્થિત થઈ છે. એટલે હું રાજકેદી હોઉં કે સામાન્ય કેદી હોઉં, એ વસ્તુ કાયમ રહે છે.

પછી બાપુએ પૂછ્યું: મારો કાગળ મોકલ્યો?

પેલો કહે: જરૂર. એ કાગળ કેમ રોકી શકાય? પણ તમે તો તરત જ જવાબ માગો. એ લોકોને સીમલા અને લંડન પણ વાતો કરવી પડતી હશે તેનો તમે ખ્યાલ જ નથી કરતા.

બાપુ કહે: મેં તો એમને પંદર દિવસ આપ્યા હતા.

પેલો ચૂપ થઇ ગયો.

લલ્લુભાઈ શામળદાસ જાપાનથી હરિજનોને માટે ૧૭૦૦ રૂપિયાનો ચેક લઈને આવ્યા હતા. એનો પણ બાપુએ વાતમાં ઉપયોગ કરી લીધો. આવા ચેક આવ્યા હોય તે પડ્યા રહે, એની મારે પહોંચ પણ ન લખવી?

એટલે પેલો કહે: ત્યારે તો તમારે વિચારીને જેલમાં આવવું હતું.

બાપુ કહે: વિચાર કર્યો જ હતો, પણ તમે અગાઉ કરેલા હુકમ જ ગળી જાઓ તેનું શું થાય?

આ પછી કાકા આવ્યા. કાકાએ કહ્યું: આ વિષે 'હરિજન'માં લખવાનો વિચાર હતો.

બાપુ કહે : એક અક્ષર ન લખાય. મને મળો છો અને મને અહીં જે સ્થિતિમાં જોયો તે જ્ઞાનનો પણ 'હરિજન'માં ઉપયોગ ન થાય, બીજાં છાપાંને સારુ થાય, પણ તેયે તમે ન કરો. તમે સ્વતંત્ર રીતે લખો તે જુદી વાત. પણ મને મળ્યા છો માટે અને તે જ્ઞાનનો લાભ લઈને કશું ન લખો એ આપણને શોભે. એ લોકો ખોટું ખોટું છાપ્યાં કરશે અને હું આમાં મરી ગયો તો શું? એ મોટામાં મોટી હરિજનસેવા થશે.

ચારેક વખત ગરમ પાણી લીધું અને કહેતા ગયા કે આમ પાણી પિવાયાં કરે તો સારું, પણ સાંજે કહેવા લાગ્યા કે મુશ્કેલી આવવા માંડી છે, મોળ આવે છે. પ્રાર્થના વખતે ગરમ પાણી પીતાં ઠીક તકલીફ પડી.

સાંજે બાપુનું વજન ૯૯ થયું, ગઈ કાલે ૧૦૧ થયું હતું. સવારે નાડી ૬૨ હતી, સાંજે ૬૪. નાહવાને માટે સ્ટ્રેચરમાં લઈ ગયા હતા. પાણી ૩ રતલ જેટલું પિવાયું. રોજ એ પ્રમાણે પિવાય તો ચારપાંચ દહાડા ઉપાધિ વિના કદાચ નભશે.

૧૮-૮-'૩૩ ઉપવાસનો ત્રીજો દિવસ. સવારે ચાર વાગ્યે મને કહેવા લાગ્યા કે 'હરિજન' ગુજરાતી માટે કાંઈ લખવું જોઈએ. હું તો એટલો અસ્વસ્થ હતો કે મને હા કે ના કહેવાનું કાંઈ સૂઝ્યું નહીં. મેં કહ્યું: કાલે આપ્યું છે તેનું ભાષાન્તર થશે. પણ સવારે તો નવ સાડા નવ વાગ્યે લખાવવા લાગ્યા, અને એ નાના નાના લેખો લખાવ્યા. યશવંતપ્રસાદભાઈના મૃત્યુનો તાર આવ્યો એટલે થાક્યા છતાં ત્રીજો એક લેખ તેમને વિષે લખાવ્યો. એ લખાવતા હતા ત્યાં કાકા આવ્યા.

કાકાને ઉપવાસ વિષે કાંઈક લખવા દો એમ કહીને તે માટે મેં એક નોંધ લખી રાખી હતી. પણ તે આપવાની ના પાડી. "હું જીવીશ તો કાંઈક લખીશ, મારા મર્યા પછી તો 'હરિજન'માં જે લખવું હોય તે લખજો. મેં સરકારની પાસે શુદ્ધ ન્યાય માગ્યો છે. મારો ઉપવાસ તો મારાથી એ ન્યાય વિના નથી જિવાતું એ માટે છે, એને વિષે શા સારુ હું ચર્ચા કરું?

બસ ફેંસલો થયો કે 'હરિજન'માં કશું જ ન લખાય.

આ પછી ઍન્ડ્રૂઝ આવ્યા. એણે અસ્પૃશ્યતા વિષે વાત કરવાની રજા મેળવી હતી અને મૅક્સવેલને મળીને ઉપવાસ વિષે વાત કરવાની પરવાનગી લઈ લીધી હતી. મને ભારે આશા આવી. પણ એણે તો સરકારનો જ પક્ષ જેટલા સૌમ્ય રૂપમાં રજૂ થઈ શકે તેટલા રૂપમાં રજૂ કર્યો અને જેટલી મીઠાશથી ઉપવાસ છોડી દેવાનું કહી શકાય એટલી મીઠાશથી છોડી

દેવાનું કહ્યું. વિલાયતમાં એગેથા, પોલાક, કાર્લ હીથ વગેરે મિત્રો એમ માનતા હતા કે રાજકેદી તરીકે અને અમુક કારણે હરિજનકાર્યની છૂટ આપેલી, પણ સજા પામેલા કેદી તરીકે તો એ ન મળી શકે. તમને શી રીતે એવી છૂટ આપી શકાય? બાપુએ એને હિંદ સરકારના હુકમ બતાવ્યા. એ ઠંડે પેટે વાંચી ગયા અને કશું ન બોલ્યા. પછી કહે: બરોબર છે એ તો. પણ સરકારની મુશ્કેલી પણ સમજવી જોઈએ ના?

બાપુ કહે: વહીવટી મુશ્કેલીને પહોંચી વળવામાં હું મદદ આપું એમ છું, પણ મારી સાથે કોઈ વાત કરવા કયાં તૈયાર છે? માનવતાનો સંબંધ રહ્યો નથી.

બાપુએ સજા પામેલા કેદી તરીકેની અને રાજકેદી તરીકેની સ્થિતિમાં આ બાબતમાં ફરક ન જ હોય એ બતાવ્યું. પણ અંગ્રેજ એટલે અંગ્રેજની અમુક ભૂલ તો ન જ સમજે. વળી આટલું ન આપો તો હું મરીશ એવી પિસ્તોલ તમે સરકારના કપાળમાં ધરી છે. મને તો ખરેખર આ બધાથી આશ્ચર્ય જ થયું. મેં તો માન્યું હતું કે તમે જેલમાં વર્ષની શાંતિ ભોગવશો, અને એ શાંતિ દ્વારા કામ કરશો.

બાપુએ પોતાના વ્રતનો ધાર્મિક અર્થ સમજાવ્યો: એમાં ધર્મની વાત ન હોય તો હું લડું જ નહીં. સજા પામેલા કેદી તરીકે અહીં લાવીને આ સગવડો લઈ લેવી એ મને તો સરકારનો એવડો અન્યાય લાગે છે. મારી ઉપર વેર વાળવાને માટે જ આ બધું કર્યું છે.

ઍન્ડ્રૂઝ કહે: એમના મનમાં વેર કે દ્વેષ નથી, મૅકસેવેલને પણ બહુ દુઃખ હતું. સરકાર તમારી પાસે ઉપવાસ કરાવવા નથી માગતી.

તમે સરકારની સ્થિતિ સમજો અને પખવાડિયું કે માસની અજમાયશ આપ્યા પછી વધારે સગવડો માગો એ ઍન્ડ્રૂઝ સાહેબની સૂચના હતી. એણે માનવસંબંધ માટે પૂછ્યું. કયો અમલદાર તમારી પાસે આવીને વાત કરે એમ તમે માગો?

બાપુ કહે: ગમે તે, એની મુશ્કેલી જોઉં તો હું તો ઘણુંયે ઓછું કરું.

ઍન્ડ્રૂઝે કાંઈક સમાધાનના રસ્તા સૂચવ્યા. સુપરિન્ટેન્ડન્ટ ઉપર બધું છોડવામાં આવે, કાંઈ લખ્યા વિના એ જ પોતાની સમજ પ્રમાણે અમલ કરે, વગેરે. પણ અહીં જ્યારે ઍન્ડ્રૂઝ આ વાતો કરતો હતો ત્યારે સરકારનો જવાબ ઘડાતો હતો. એ લઈને માર્ટિન ઍન્ડ્રૂઝના ગયા પછી આવ્યા. કાકાની પાસેથી જાણ્યું હતું કે સરકારે એક યાદી બહાર પાડી છે. એમાં લડાઈ, અપમાન, મરવું હોય તો મરો એ સ્પષ્ટ ભાવ હતા. ભીના દુવાલથી

શરીર લુછાવ્યા પછી બાપુએ એનો દૃઢતાથી જવાબ આપ્યો. ઘવાયેલા હૃદયને દાઝ્યા ઉપર ડામ જેવું કરવા માટે ભારે ખેદ બતાવ્યો અને વચન-ભંગમાંથી બચી જવા કહ્યું.

ઍન્ડ્રૂઝ આવી ગયા ત્યારે તો બાપુએ કહેલું કે: એ આવી ગયો તે ઠીક થયું. એ સરકાર અને આપણી વચ્ચે સાંકળ થાય ખરો.

આ કાગળનો વિચાર કરીને જ જાણે રાત્રે તેલ ચોળાવ્યા પછી બોલ્યા: મહાદેવ, આ વખતે તમારે મને ખોવાને તૈયાર રહેવું જોઈશે. સરકારે નિશ્ચય કરી દીધો લાગે છે. આપણોયે નિશ્ચય છે. એમ જ થાય તો એમાં આપણી દૃષ્ટિએ બધું રૂડું છે. આજે તો લોકો પણ સ્તબ્ધ થઈ ગયેલા હોય તો ચૂપ રહેશે, બધું જોયાં કરશે પણ હજાર વર્ષે પણ આ વસ્તુ ગવાશે. મારે ગવાવું નથી. પણ એ પગલું મૂર્ખાઈ ભરેલું નહોતું એમ લોકો કહેશે. જોન ઑફ આર્ક ડાકણ હતી, જાદુગર હતી વગેરે આળ આવેલાં, પણ આજે એ પૂજાય છે. તેમ જ આમાં થશે. મને આજે બેવકૂફ, પાખંડી ભલે કહે, સો વર્ષ પછી કોઈ નહીં કહે. મારે તો કાંઈ કરવાનું રહેલું નથી. મારે હરિજન પ્રશ્નનો ઉકેલ કેમ થાય એ પણ હવે સમજાવવાનું રહ્યું નથી. ખાદી વિષે, સત્ય વિષે, અહિંસા વિષે કશું હવે નવું કહેવાનું રહ્યું નથી. એટલે હું શાંતિથી ચાલ્યો જાઉં એ સરસ છે. કોઈ રોગથી કે બીજી રીતે મર્યો હોત તેના કરતાં તો આ મૃત્યુ હજાર દરજ્જે અધિક ભલું છે. ગીતાના બીજા અધ્યાયના છેલ્લા શ્લોકની સ્થિતિમાં ચાલ્યા જઈએ તો ઈશ્વરનો પાડ — एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति — આમાં જરાય મોહ ન હો એ આપણે ઇચ્છીએ. મારી ભૂલ આજે પણ કોઈ બતાવે તો કબૂલ કરું, મરવાની અણી ઉપર હોઉં ત્યારે પણ કોઈ ભૂલ સિદ્ધ કરી દે તો તેની માફી માગું અને કહી દઉં કે હું તો મૂરખ હતો, હવે મને મારી મૂર્ખાઈનું ફળ ભોગવવા દો. તમારે તો કશા વિચાર કરવાના હોય જ નહીં, તમારે તો શાંતિથી કામ કર્યાં કરવાનું. આજે જે થાય તે કરવું, કાલનું કાલ સુઝાડી દેશે.

મૂંગા મૂંગા આ શબ્દો સાંભળી રહ્યા.

આજે સવારે કર્નલ . . . આવ્યો હતો. એ માણસ જો બુઢ્ઢો ન હોય તો એની નફટાઈને માટે એના ગાલ પર એક તમાચો મારવાનું મન થાય. તમે તો વાનિયાની કાની બીજાને ત્યાં જઈને આટલા પૈસા લાવ નહીં તો હું મરી જઈશ એમ કરવા બેઠા છો. અરે ભલા માનસ, બધું છોડી દઈને આ જ કામ કરોને. તમે કહો છો કે હરિજનકામ તો મારા જીવના જેવું છે; તો પછી કાયદાભંગને ભૂલી કાંય નથી જતા? હું લૉર્ડ વિલિંગ્ડનને

મલી આવ્યો. મારી સાથે બહુ સારું રાખે છે. મને મલવાને તાર કર્યો તો, લેડી અને પોતાની વચ્ચે મને બેસાડ્યો, હિંદી સિપાહીઓમાંના મારા કામની બધી વિગત પૂછી. મારા સિપાહીઓમાં ઘણા હરિજન લોકો હતા. અમે હિંદી સિપાહીઓનું ઘર કાઢ્યું છે. એ લોકોને ખુશ કરવાના જલસા થાય છે. ત્યાં ચા, કૉફી, બિસ્કિટ, પાંઉ વગેરે આપીએ છીએ. આવો લવારો કરીને માથું દુખવી નાખ્યું. મેં કહ્યું આટલી બધી વાતો કરો છો તે આત્મકથા લખતા હો એમ લાગે છે. લખી રહ્યા છો શું? પણ એ તો મશ્કરી સમજે જ શેનો? એણે તો લવારી ચાલુ જ રાખી.

બાપુ કહે: મને તમારા સોલ્જર્સ હોમમાં રાખજો, હું તો સોલ્જર જ છું, અને સોલ્જર લડતાં લડતાં થાકે નહીં એ જાણો છો ના? જતાં જતાં પાછા લૉર્ડ વિલિંગ્ડનનાં ગુણગાન ગાયાં, પાછો કહેવા લાગ્યો કે 'ટાઈમ્સે' જણાવ્યું છે કે તમને સગવડો મળી ગઈ છે, હજી શા સારુ ઉપવાસ કરો છો? આ વખતે પેલા ઇટાલિયનની જેમ ૪૫ કરવા છે કે શું?

ઉપવાસનો ચોથો દિવસ.

૧૯–૮–'૩૩ રાત ઠીક ન ગઈ, ભાંગીતૂટી ઊંઘ આવી. મને એ વાગ્યા પછી કેમે કરી ઊંઘ આવે જ નહીં. બાપુએ કહેલા શબ્દોના ભણકારા કાનમાં વાગ્યાં જ કીધા. એથી સાડા છ સુધી સેવાની તક મળી. બાપુની કેડ અને પગ ખૂબ તૂટતા હતા એ દબાવ્યા. સવારે કાગળની નકલ કરીને તે મોકલ્યો.

'ટાઈમ્સ' રોજ કાપેલું મળે છે તે બદલ માર્ટિનને ફરિયાદ કરી હતી. તે કહે એ તો કેદીઓને માટે કાપકૂપ કરવી પડે છે. તમને તમારું 'ટાઈમ્સ' કોઈ મોકલે તો આખું મળે. પછી બોલ્યો કે મેં કાપી લીધેલી કાપલી મળી આવશે તો તે મોકલી આપીશ.

માર્ટિન ઍન્ડ્રૂઝને લઈને આવ્યા. એ મૅક્સવેલને ત્યાંથી જ આવતો હતો. ગઈ કાલનો કાગળ દાઝ્યા ઉપર ડામ છે એમ એને પણ લાગ્યું. પણ એને જવાબ એ મળ્યો કે જેલમાં રહીને આનાથી વધારે સગવડો ન આપી શકાય. જેલમાંથી આવડી મોટી હિલચાલ ન ચલાવી શકાય.

બાપુ કહે: તો એણે મારા જેવા માટે બીજી જેલ કાઢવી જોઈએ.

એટલે ઍન્ડ્રૂઝ કહે: હા, કાલે હું એ જ વિચાર કરતો હતો.

કાકાએ એ સૂચના કરી કે બાપુને બીજે ક્યાંક શા સારુ એ લોકો નથી રાખતા? ઍન્ડ્રૂઝની પાસે કશું નહોતું, પણ એ તો કહેતો હતો કે

રાત્રે તમે જ કશો વિચાર કરી રાખ્યો હોય અને રસ્તો કાઢ્યો હોય તો જણાવો.

બાપુએ ફરી વાર કહ્યું: રસ્તો માનવતાનો સંબંધ, એ છે. એ લોકોને ક્યાં સમજવાની કશી પડી છે?

એટલે એન્ડ્રૂઝ કહે: મૅક્સેવેલે તો બહુ મીઠી વાત કરી અને મને ઠેઠ અંદરની બધી વાતો સંભળાવી, જાણે હું એનો અંગત મિત્ર હોઉં હું પાછો મૅક્સવેલને મળીશ અને બને તો એને લઈને આવીશ.

બાપુ કહે: ભલે આવે, હું વાત કરીશ. મને સમજાવવો કેટલો સહેલો છે એ પણ સરકાર જાણે છે. હમણાં એ ભૂલી ગયા છે. એ કરવા ધારે તો ઘણું અને ઝપાટાબંધ કરી શકે છે. ન કરવા માગે તો એમનું કામ રગશિયા ગાડાની જેમ ચાલે છે. શૌકત મહમદને જેલમાં રાખ્યા હતા તેમ મને રાખે. મને ગમે ત્યાં કેદી તરીકે રાખે એટલે બસ છે. હું પેરોલ નહીં આપું. મને જોઈએ તો કોઈ બંગલામાં રાખે. મારા ઉપર સુપરિન્ટેન્ડન્ટ મૂકે, એને તો કશું કામ કરવાનું હોય જ નહીં — જાણી જાય કોણ આવ્યું'તું, કોણ નહીં. પછી મને હંમેશને માટે રાજકેદી ગણે. હું ઉપવાસ કરું તો મને છોડવાનીયે જરૂર નહીં અને કશું જ નહીં.

જાણે બહુ નવી દિશા મળી હોય એમ સમજીને ચાલી ગયા અને પાછા આવવાનું કહી ગયા. જતાં જતાં દૂધ લેવાનો પાછો આગ્રહ કર્યો.

બાપુએ કહ્યું: આ પ્રતિજ્ઞાની વાત છે.

એટલે કહે: તો આગ્રહ નહીં કરું.

જોઈએ હવે કાલે નવું શું લઈને આવે છે.

આજે કર્નલ માર્ટિનની જીભ ખૂલી. એન્ડ્રૂઝ વાત કરતા હતા ત્યાં એણે કહ્યું: હું ખાનગી વાત કહું. તમે પકડાવાના હતા ત્યારે હું ગવર્નમેન્ટ હાઉસમાં ત્રણ કલાક હતો. અહીં ન રખાય, બીજે ક્યાંક રાખવાનો બંદોબસ્ત કરો, ત્રણ કલાક ચર્ચા કરી અને પરિણામે મને ટેલિફોન મળ્યો: સવારે તમારે ત્યાં આવે છે. એ લોકોને યરવડા સિવાય કોઈ જગ્યા જ નથી જડતી. અને અમારી સ્થિતિ કફોડી થાય છે. અમે જેલના નિયમોની બહાર વિચાર નથી કરી શકતા અને પછી કાંઈ આપવું પડે તોય કચવાતે મને આપીએ.

એ બાપડો સવારે 'ટાઇમ્સ'ની કાપલી મોકલવાનું કહી ગયો હતો પણ ડૉઈલે એને મનાઈ કરી!

એના ગયા પછી બાપુ કહે: મને એડનમાં રાખ્યો હત તો હું ના પાડવાનો હતો? ત્યાં શું હરિજનકામ કરી શકત? કશું નહીં. પણ આજે પોતાની મુશ્કેલીમાંથી નીકળવા માટે મને એડન લઈ જાય તો હું ન કબૂલ થાઉં. મહાદેવ, મને બહાર કાઢે અને નજરકેદ કરે તો તમને તો અહીં જ રાખે ના?

મેં કહ્યું: ગમે તેમ પતી જાય તો બસ. મને ક્યાં રાખે તેની પરવા નથી.

૨૧મી એ સૂર્યગ્રહણ છે અને તે પૂનામાં ૮–૫૩ વાગ્યે દેખાવાનું છે અને ૧૨ સુધી દેખાશે એમ મેં બાપુને ખબર આપી. સાથે સાથે કહ્યું, પણ આ આપણું ગ્રહણ ઊખડશે ત્યારે ના?

બાપુ: હા. એ ઊખડે તો લેડી ઠાકરસીને ત્યાંથી આપણે એ જોવાને માટે દૂરબીન મંગાવીએ.

મેં કહ્યું: બાપુ, રાત્રે કેમ માણસ નિરાશ થતો હશે અને નિરાશા એને ઘેરતી હશે? અને દિવસના એ નિરાશા ઊડી જતી હશે?

બાપુ: સૂરજની કંઈ અસર તો ખરી જ. બાકી રાત્રે એક પ્રકારની સૌમ્ય અસર તારાચંદ્ર આપે છે તે પણ છે જ.

મેં કહ્યું: બૂકર વૉશિંગ્ટન એક ઠેકાણે પોતાના નાનપણના અનુભવ વર્ણવતાં કહે છે કે "કોલસાની ખાણના કાળા અંધાર કરતાં વધારે અંધારું કયું હોય?" મને તે વાંચતાં લાગ્યું, નિરાશા વધારે અંધકારમય છે. કારણ હું એ વૃત્તિમાં હતો.

બાપુ: તમે તો મેં લંડન મૅટ્રિકની પરીક્ષામાં કરેલું તેવું કર્યું. લંડન મૅટ્રિકમાં અમને સામાન્ય જ્ઞાનના સવાલોમાં પૂછ્યું હતું સુવર્ણ કરતાં વધારે સુવર્ણમય શું? અને મેં લખ્યું હતું કે સત્ય એ સુવર્ણમય છે.

મેં કહ્યું: એવું એવું પણ ત્યાં પૂછે છે?

બાપુ: પરીક્ષા લેવાની પણ કળા છે ના? કેટલાક પોતાની મૂર્ખાઈ પરીક્ષાના સવાલો કાઢવામાં પ્રદર્શિત કરે છે. અમને મૅટ્રિકમાં કોકે "મનને મનસુખનું સુખ દીધું, રતિતંત્ર સ્વરૂપ અનૂપ કીધું" એ લીટીઓ સમજાવવાનું પૂછ્યું હતું. એ મૂરખ જ હશે ના! ગોવર્ધનભાઈની જરાયે રસ વિનાની આ કવિતા અમે શા સારુ જાણેલી હોવી જોઈએ? એ ન આવડતી હોય તો શું સિદ્ધ થાય? ગોવર્ધનભાઈને અને મનસુખરામને કેવો સંબંધ હતો એ બધું અમારે શા સારુ જાણવું જોઈએ?

આવા આવા ટુચકાઓ ઉપવાસમાં શાંતિથી પડ્યા પડ્યા બાપુ સંભળાવે છે. કાલે ગોખલેની ચૂંધીનો એક કિસ્સો સંભળાવ્યો હતો.

પોતે ઊકળતું પાણી પીતા હતા. પીતાં પીતાં કહે: આ અંગ્રેજી રીતે નહીં પી શકાય, અને ચમચે પીએ એટલે અવાજ તો થાય જ. અમારા પોરબંદરવાળા કાળિદાસ છે તેને હું કહું કે આ દેશમાં એમ સબડકા લઈને નહીં જમાય, તો એ વધારે સબડકા લે. ગોખલેને એવી ઝીણી ઝીણી બાબત બહુ ચીડ હતી. વિલાયતમાં અમને કહે: આમ ચંપલ પહેરીને શેના આવો છો? એવું ન ચાલે, અહીં બૂટ પહેરવાં જ જોઈએ. એટલે એમને ખુશ કરવાને ખાતર કૅલનબૅક અને હું સેંટ જેમ્સ પાર્ક સુધી સેન્ડલ પહેરીને જઈએ, ત્યાંથી બૂટ પહેરીએ અને સેન્ડલ ન્યૂસપેપરમાં વીંટાળી બગલમાં મારીએ અને નૅશનલ લિબરલ ક્લબમાં બૂટ પહેરીને જઈએ. છતાં એમને કહીએ ખરા કે તમારી ખાતર આ વેશ કાઢ્યો છે, સેન્ડલ નીચે મૂકી આવ્યા છીએ.

એક દિવસ લંડનમાં મોટરમાં હું પાસે બેઠેલો હતો, ત્યાં મારાં બૂટ તરફ જોઈને કહે: મહાદેવ, બૂટ તો બરોબર ચળકતાં જ જોઈએ, એ અહીંની સભ્યતા છે. રસ્તામાં એ પેની આપો એટલે ઊભા ઊભા બૂટપાલીસ કરી દેશે.

ગોખલેના શિષ્ય ખરાના!

વલ્લભભાઈને અહીંથી એમની બધી વસ્તુઓ મોકલી. એક એક વસ્તુ યાદ કરાવીને બાપુ ભરાવતા હતા. પછી ત્રણ વાગ્યે હું પરવાર્યો એટલે મને કહે: હવે તમે આરામ લો. હું આરામ લેવા તો પડ્યો, પણ શિવરતન મહોતા આવ્યા. બહુ ગુલાબી માણસ લાગ્યા. બિરલા વેવાઈ પણ પોતાના જેવા બુદ્ધિમાન જ પસંદ કરે છે. જ્યાં માણસ છે ત્યાં પૈસા નથી મળતા, પૈસા છે ત્યાં માણસ નથી મળતા. પોતાની શાળામાં ત્રણ હરિજનો આવ્યા એટલે મારવાડીઓ ભાગ્યા. પાછા વધારે હરિજનો આવ્યા. પછી કેટલાક મારવાડી પાછા આવ્યા અને કેટલાક સનાતન શાળામાં જવા લાગ્યા. પોતે ૫૦,૦૦૦ રૂપિયા આપ્યા છે પણ એની સારી વ્યવસ્થા કરી શકે અને ટેકનિકલ સ્કૂલ ચલાવી શકે એવો કોઈ બાહોશ માણસ નથી મળતો. તમે મને માણસ મેળવી આપો.

બાપુ કહે: આ પતી જાય એટલે હું જરૂર શોધીને મોકલવાનો.

એટલે શિવરતનને તક મળી: બાપુ, શું મોકલવાના? તમે તો આમ ઉપવાસ લઈને બેઠા. આવી રીતે તે ઉપવાસ થતા હશે? તમારે અમારા જેવા પાસે કામ લેવું છે કે ઉપવાસ જ કર્યાં કરવા છે? અમે રખડી જવાના છીએ. તમારા રાજદ્વારી કામ કરતાં પણ મને તો આ કામ મોટું

લાગે છે. આપણા હિંદુઓમાં આ હરિજન વિષે લાગણી નથી એ તો જાહેર છે, પણ બીજા વ્યવહારમાં પણ એ લોકો શુદ્ધ નથી ત્યાં તમે આવું શું લઈ બેસો છો? પાંચ મુલાકાતને બદલે બે લેજો, કેદમાં આવ્યા પછી મને જોઈએ એટલી જ સગવડ આપો એમ કેમ કહેવાય? હરિજનોને થોડું નુકસાન ખમવું પડશે, પણ અમને બધાને તો રોવરાવશો તે? ચુકાદા સામે લડયા હતા તે બરાબર હતું, પણ આ શું? થોડી વધારે મુલાકાતો માટે કોઈ લડતું હશે? અમને ઘણી વાર તમારાં કામ મૂંઝવી નાખે છે. એક જણ કહેતો હતો કે જેમ જમશેદ વખતોવખત રાજીનામું આપે છે અને પાછું ખેંચી લે છે તેમ મહાત્માજી ઉપવાસ કરે છે અને પાછા ખેંચી લે છે. અમને તો એમ લાગે છે કે સ્વરાજના મોટા ભગીરથ કામ આગળ આ વાત તે શી વિસાતમાં છે, જે માટે તમે પ્રાણ આપવા બેઠા? અમારાં લાખોનાં દિલ વલોવાઈ ગયાં છે. તમે અમારું સૌનું નહીં માનો?

બાપુ: ધર્મનું આચરણ એ સહેલી વસ્તુ નથી. શરીર રાખેલે ધર્મ સચવાતો નથી, પણ શરીરને જતું કરીને ધર્મ સચવાય છે. આ શરીર ક્યાં ચિરસ્થાયી છે? અને મારી પાસે મોટું સ્વરાજનું કામ રહ્યું છે એમ માનનારો હું કોણ? મોટા કામ અને નાના કામનો ફેર નથી પણ કયું કામ ક્યારે કરવું પ્રાપ્ત છે એ જાણવું જોઈએ. કાલે રાત્રે મારી પડખે ભોંય ઉપર એક વૉર્ડર સૂતો હતો. મને એને જોઈને થયું કે આની ઉપર કોઈ સાપ આવે તો મારો શો ધર્મ છે? મારી અશક્તિ હોય તોપણ મારે એને બચાવવાનો પ્રયત્ન કરવો જોઈએ, પછી ભલે એ સાપ મને કરડતો. એક બાળક મહા આફતમાં છે, એને બચાવવાની મને તક છે; પણ બચાવતાં મારે મરણનું જોખમ લેવું પડે છે. તો હું ન લઉં? એમ વિચાર કરીને બેસું કે મારે તો સ્વરાજનું મોટું કામ કરવાનું છે, આવાં તુચ્છ કામ મારાથી કેમ થાય? તો તો મારું મોટું કામ પણ સૂઈ જવાનું. અહીં આજે ધર્મ આવી પડયો કે મારે લડી લીધે જ છૂટકો છે. થોડી કે વધારે મુલાકાતની વાત નથી. આ તો એક હાથે આપવાનો દાવો કરે છે અને બીજે હાથે જ તે બધું લઈ લે છે. એ સાવ એમ કહી દે કે અમે આ કામ નહીં કરવા દઈએ. આ તો કરવા દઈએ છીએ એમ કહેવું છે અને કરવા દેવું નથી.

શિવરતન ફરી પાછા કહેવા લાગ્યા: તમને દલીલમાં કોઈ જીતી શકતું નથી. તમે અનેક વાતો સંભળાવશો, અમે મૂઢની માફક સાંભળશું, પણ કશું સમજવાના નથી. અમે તો એ સમજીએ કે તમે ઉપવાસ છોડો. અમારાં બધાંની ખાતર છોડો.

બાપુ : તો ધીરજ રાખો, ધીમે ધીમે સમજાઈ જશે. ઈશ્વરને કામ લેવું હશે તો મને કદી જવા નહીં દે એ ખાતરી રાખજો.

શિવરતન ગયા પણ પોતાની સુવાસ જાણે વાતાવરણમાં મૂકી ગયા અને એ આવી ગયા એ બહુ સારું થયું એમ બાપુને અને મને થયું.

ઉપવાસનો પાંચમો દિવસ.

૨૦–૮–'૩૩ કર્નલ માર્ટિન એ બાબતમાં ખોટા પડ્યા, એટલે કે એની ધારણા ખોટી પડી. એને લાગેલું કે છાપાંની કાપેલી કાપલીઓ અમને આપી શકાય, તે એની લાગણી ડૉઈલે ખોટી પાડી. એણે કહેલું કે સિવિલ સર્જન અને ડૉ. ગિલ્ડરને લઈને આવીશ પણ ગિલ્ડર ન આવ્યા, અથવા ન આવી શક્યા.

આ બધાનો વિચાર કરીને બાપુ કહે : એ લોકોને આ વખતે કશું કરવું નથી. ગિલ્ડરને ના જ પાડી હશે.

મૅક્સવેલને મેં લખેલા કાગળનો ખરડો મેં બાપુને બતાવ્યો. બાપુ કહે : એ લખવામાં કંઈ સાર નથી. તમે માગ્યું છે તે તો કદાચ એ આપવાને તૈયાર થાય પણ આપણને એ ન ચાલે. મેં તો સુપરિન્ટેન્ડન્ટને સત્તા એ રીતે આપવાની વાત કરી છે કે હિંદ સરકારના હુકમ કબૂલ રાખીને તેનો અમલ કરવાની સત્તા એ લોકો સુપરિન્ટેન્ડન્ટને આપે. પણ ખરી વાત એ છે કે એ લોકોને કશું જ કરવું નથી. ઍન્ડ્રૂઝને તો કાઢ્યો હશે, એ દિવસ મીઠી મીઠી વાતો કરીને એને ઉડાવ્યો. પણ પોતાની નબળાઈ એ લોકો જોઈ શકતા નથી.

મૌન હંમેશની જેમ લેશો કે મોડા? એમ મેં પૂછ્યું. એ માટે કે કદાચ ઍન્ડ્રૂઝ આવે તો. એટલે કહે લખીને વાત કરશું. પછી સૂઈ ગયા અને ૧૨–૩૦ વાગ્યે ઊઠ્યા. મને પૂછ્યું : હું અગિયાર વાગ્યા પછી બોલ્યો નથી ના? મેં કહ્યું : ના, પણ એ પહેલાંથી જ આપ નથી બોલ્યા. એટલે કહે : સંકલ્પ અગિયાર વાગ્યાનો હતો.

તેલ ચોળવાની વાત કરી તો ના પાડી. આજે એટલી શક્તિ નથી.

એનિમા આપીને પાસે ઊભો હતો, ત્યાં બા આવવાની કટેલી સાહેબે ખબર આપી અને ૧૫ મિનિટ એમને અહીં લાવવાની રજા મળી છે એમ કહ્યું. મેં કહ્યું : લઈ આવો.

૧૦–૧૫ મિનિટમાં બા આવ્યાં. એનાં એ જ બા. એમના દિલમાં દુઃખના દરિયા હશે પણ મુખમુદ્રા ઉપર અપાર શાંતિ. બાપુ એનિમાનું પાણી લઈને પાટ ઉપર સૂતેલા હતા. એમણે પ્રણામ કરીને બાપુની

છાતી ઉપર માથું મૂકયું. મારી આંખમાં પાણી આવ્યાં, પણ એમની આંખમાં એકે આંસુ નહીં. હસમુખે મોઢે કહ્યું: ફરી પાછું ઉપાડયું! મને તો જેલરે અને સુપરિન્ટેન્ડન્ટે આવવાનું કહ્યું ત્યારે મને થયું કે ના કહું, પણ ના કહેવાની ન હોય એમ ધારીને મેં ના ન કહી. અહીં આવીને સ્નાન કર્યું, અને મળવાને તૈયાર થઈ. સુપરિન્ટેન્ડન્ટે સંભળાવ્યું કે તમને સાથે રાખવાના ઑર્ડર નથી આવ્યા કારણ ગાંધી તો યુરોપિયન યાર્ડમાં છે, પણ ૧૫ મિનિટ તમને મળવા લઈ જાઉં. મેં કહ્યું: ત્યારે મને અહીં લાવવી નહોતી. મેં ક્યાં માગણી કરી હતી કે લઈ જાઓ? બાપુ ખુશ થઈ ગયા. અને પોતાની સંમતિ માથું હલાવીને દર્શાવતા ગયા.

બીજી બહેનોની બાપુએ ખબર પૂછી. બાએ બધીના ખબર આપ્યા. દુર્ગા અને પ્રેમાને કેમ સાથે રાખવામાં આવ્યાં, પ્રેમાએ કેમ પાછો 'સી' ક્લાસ માગ્યો, એમને કેમ 'સી'માં લઈ ગયા અને પાછા 'બી'માં લાવ્યા, વગેરે વાતો કરી. બીજે દિવસે બધાંને છોડયાં ત્યારે ભાઈબહેનો બધાં મળ્યાં હતાં.

બા કહે: અમને હુકમ આપ્યો ત્યારે ઘડીક વાર વિચાર થયો કે અમદાવાદ જઈને હુકમ તોડીએ. અમને કહેવામાં આવ્યું હતું કે રસ્તામાં જ તમને પકડશું. તો મેં કહ્યું: ત્યારે લો, આ બેઠાં, પકડવાં હોય તો પકડો. કેટલીક બહેનોને એ ન ગમ્યું. પોતાનાં છોકરાંઓને મળવું હતું. મેં એમને કહ્યું: મારી ભૂલ થઈ, પણ હવે શું થાય?

અમતુલની તબિયત નરમ છે, દૂધ લેવાની ના પાડે છે, એની પણ વાત કરી. પ્રથમ દિવસે લીલાવતી ખૂબ રોઈ. આ બધું બતાવે છે કે બહેનોમાં મેળ કેટલો ઓછો છે. આધ્યાત્મિક ઉત્કૃષ્ટતા મેળવવામાં પણ કેટલી અતિશયતા થાય છે, કેટલા ખાડા નડે છે?

બાપુએ મુલાકાતને અંતે પોતાનાં વચન લખ્યાં: "તું બહાદુર રહેજે. પંદર મિનિટ માટે ન આવજે. હવે તને લઈ જવી હોય તો ભલે લઈ જાય. બધી બહેનોને આશીર્વાદ દેજે. મારી રક્ષા ઈશ્વર કરશે."

બા કહે: કરશે જ, પણ તમે હવે ઉપવાસ ઝટ ઝટ છોડો.

બા ગયાં એટલે બાપુએ લખ્યું: "બાની બહાદુરીની મણા નથી."

જાણે બાએ આવીને બાપુના પ્રાણમાં પ્રાણ રેડયા, નવા લોહીનો સંચાર કર્યો, નવી આશા અને વિશ્વાસ પૂર્યો. આવી બહાદુરી આગળ કોણ હિંમત હારી શકે? બાની બહાદુરીને માટે દ્રૌપદી જેવાનાં પ્રાચીન

દૃષ્ટાંત યાદ કરવાં પડે છે. અને એ બધાના મૂળમાં બાની અપ્રતિમ પતિપરાયણતા અને બ્રહ્મચર્ય.

આ લખી રહ્યો છું ત્યાં કટેલી આવ્યા અને બાપુને હૉસ્પિતાલમાં લઈ જવાને ઍમ્બ્યુલન્સ આવે છે એવી ખબર આપી. સામાન બધો અર્ધા કલાકમાં પૅક કર્યો.

"અહીંનો સોડા તો એક વાર પી લેવા દો!" એમ લખી આપ્યું, અને મેં પ્યાલો ભરીને આપ્યો.

છેવટે મેં કહ્યું: પહેલા ઉપવાસે વલ્લભભાઈને છૂટા પાડ્યા અને બીજાએ મને છૂટો પાડો છો.

એટલે લખ્યું: "ઈશ્વર બધી રીતે આપણને તાવી રહ્યો છે. આજનાં ભજનમાં એ જ હતું ના? 'મહાકષ્ટ પામ્યા વિના'. ગમગીન થવું જ નહીં. જે સમયે જે આવે તે સુખેથી સહી લેવું. આવતી ક્ષણનો વિચાર ન કરવો."

મેં કહ્યું: ગમગીનીની વાત નથી. મારે તો વિયોગ સહન કરવાનો રહ્યો, પણ આપનું તો કુશળ જ છે. જે દિવસે સાથે પકડાયા તે દિવસે ક્યાં સ્વપ્નેય ખ્યાલ હતો કે સાથે રાખશે?

એટલે લખ્યું: "આજનો લહાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે એ ચાર્વાક પણ કહે અને ભક્ત પણ કહે."

મને ગઈ કાલે રાત્રે 'મહા કષ્ટ પામ્યા વિના કૃષ્ણ કોને મળ્યા' એ યાદ આવ્યું, એનું રટણ ચાલ્યા કીધું અને આજે પ્રભાતે એ સરસ રીતે ગાયું. જતાં જતાં બાપુએ એ યાદ કર્યું એ પણ લહાવો જ છે ના?

આમ ઘડીક વારમાં હું એકલો થઈ ગયો. ઈશ્વરની ગતિ અકળ છે, તેમ સરકારની પણ. સરકારનું યંત્ર ચાલે છે તેમાંનો કોઈ ભાગ એકદમ અટકે છે અને ગતિ બદલાય છે ત્યારે પણ જે ભાગ એકદમ અટકે છે તે થોડો વખત આપોઆપ પૂર્વની ગતિને બળે ચાલતો જ રહે છે. તેની સ્પષ્ટ નિશાની તરીકે હું આજે બહાર સૂવાની મઝા ભોગવું છું એટલું જ નહીં પણ બાપુની સેવા માટે ત્રણ કેદીઓ જે બહાર સૂવા માટે આવેલા તેમને પણ આજે બહાર સૂવાનું મળ્યું. હજી બાપુને માટે આવેલા બરફના ઢગલા પડ્યા છે. કદાચ બાપુને માટે સવારે ચાર વાગ્યે કેદીઓને જગાડવા સિપાઈ આવે છે, તેયે આવશે!

[બાપુને યરવડા જેલમાંથી સાસૂન હૉસ્પિટલમાં લઈ ગયા. અને મહાદેવભાઈની બેલગામ જેલમાં બદલી કરવામાં આવી. સાસૂન હૉસ્પિટલમાં બાપુની તબિયત ઝપાટાબંધ બગડવા માંડી. 'એકવીસ દિવસના ઉપવાસ ૨૯મી મેએ પૂરા થયા અને ૧૬મી ઑગસ્ટે છેલ્લો ઉપવાસ શરૂ થયો. આમ એકવીસ ઉપવાસને ત્રણ મહિના પણ પૂરા નહોતા થયા ત્યાં પાછા આ ઉપવાસ આવ્યા. એટલે આ વેળા શરીરને કષ્ટ બહુ જ પડ્યું. એમાંય ૨૪મી પહેલાંના બેત્રણ દિવસની શારીરિક વેદના બહુ જ વિષમ હતી. બાપુએ પોતે જ છૂટ્યા પછી લખેલા એક કાગળમાં પોતાની સ્થિતિનું વર્ણન કર્યું છે: "હું તો આશા છોડીને બેઠો હતો. ૨૩મીએ રાત્રે જ્યારે ઊલટી થઈ ત્યારે મને થયું કે હવે વધારે નહીં ટકી શકાય. મૃત્યુ સામે બાથ નહીં ભીડી શકાય. ૨૪મીએ બપોરે તો મારી પાસેની વસ્તુઓનું દાન પણ કરી દીધું."

નર્સો તથા બરદાસીઓને વસ્તુઓ આપી દીધા પછી કહી દીધું કે હવે કોઈ મને બોલાવશો નહીં અને મને પાણી પણ આપશો નહીં. બા પાસે હતાં તેમને પણ જવાનું કહ્યું. અને આંખો મીંચી રામનામ લેવા માંડ્યું. બા તો બિચારાં સ્તબ્ધ થઈને ઊભાં રહ્યાં.

આ જ વખતે મિ. ઍન્ડ્રૂઝ, જેઓ મુંબઈના ગવર્નરને ત્રણ દિવસથી બાપુને છોડી મૂકવાનું સમજાવી રહ્યા હતા તેઓ પોતાના પ્રયત્નમાં સફળ થયા અને બાપુને છોડવાનો હુકમ લઈને મારતી મોટરે હૉસ્પિટલમાં આવ્યા. અને ત્યાંથી બાપુને તથા બાને પોતાની સાથે લઈને પર્ણકુટીમાં ગયા.

તબિયત જરા સારી થઈ એટલે બાપુએ જાહેર કર્યું કે જોકે સરકારે એમને છોડી મૂક્યા હતા, છતાં એક વરસની સજાની મુદત પૂરી થાય ત્યાં સુધી પોતે સીધી રીતે સવિનયભંગની લડતમાં ભાગ નહીં લે અને બધો વખત મુખ્યત્વે હરિજનકાર્યમાં જ ગાળશે. ત્યાર પછી તેમણે ઐતિહાસિક હરિજનપ્રવાસ શરૂ કર્યો અને અસ્પૃશ્યતાનિવારણ માટે તથા તેને અંગે ફાળો એકઠો કરવા આખા દેશમાં ભ્રમણ કર્યું. — સંપાદક]

# પરિશિષ્ટો

1. હિંદુ ધર્મની તાવણી (ચાલુ)
2. બીજું પ્રાયોપવેશન
3. એ અનેરું અગ્નિહોત્ર
4. સરકાર સાથે પત્રવ્યવહાર
5. ગાંધીજીનાં ત્રણ નિવેદનો

પરિશિષ્ટ ૧

# હિંદુ ધર્મની તાવણી ( ચાલુ )

## ૧૮

## સુધારક શાસ્ત્રીઓનો અભિપ્રાય*

પંઢરપુરના ભગવાન શાસ્ત્રી ધારૂલકર અને તેમની સાથે આવેલા બીજાઓ સાથે મિત્રાભરી ચર્ચા કરવાનો લાભ મને મળ્યો હતો. આ સજ્જનોએ મારી આગળ સ્પષ્ટતા કરી હતી કે તેઓ અંગત નાતાથી મારી પાસે આવ્યા હતા, કોઈ સંસ્થાના પ્રતિનિધિ તરીકે નહીં. અસ્પૃશ્યતા વિષે સામાન્ય રીતે અને ખાસ કરીને હરિજનોના મંદિરપ્રવેશની ચળવળ વિષે મારી સ્થિતિ શી છે તે સમજવાનો તેમનો હેતુ હતો. તેઓ સનાતની ઓનું દૃષ્ટિબિંદુ રજૂ કરતા હતા. અને તે સમજવામાં મને મદદ કરવાનો અને મારી પાસે બને તો તે સ્વીકારાવવાનો પણ તેમનો ઇરાદો હતો.

તેમની સાથે મારે લંબાણથી ચર્ચા થઈ. સનાતની પંડિતોનું દૃષ્ટિબિંદુ સમજવાના મારા પ્રયત્નમાં કશી મણા ન રહે તે માટે, અને ભગવાન શાસ્ત્રી ધારૂલકર સાથે કરેલી વ્યવસ્થા મુજબ, શાસ્ત્રોમાં નિષ્ણાત અને જેઓ સામાન્ય રીતે મારી સ્થિતિનું સમર્થન કરે છે એવા કેટલાક મિત્રોને મેં નોતર્યા હતા, જેથી કરીને મારા મન ઉપર બંને વિચારસરણીની અસર પડી શકે.

હું એટલું કહું કે તેમની દલીલો અને તેમના વાદવિવાદ મેં અતિશય ધીરજથી અને સાદર ધ્યાન દઈને સાંભળ્યા. લગભગ ૫૦ વર્ષથી જે વિચારો હું ધરાવતો આવ્યો છું તેમાં કશી ભૂલ મને દેખાઈ નહીં. ભૂલ ગમે તેટલી જૂની હોય તેથી તે ભૂલ મટી જતી નથી એ હું જાણું છું. હું મને સત્યનો નમ્ર ઉપાસક અને બીજા માનવીઓની માફક જ ભૂલને પાત્ર માનું છું. તેથી જો મારી ભૂલ મને સમજાય તો એ ભૂલ કબૂલ કરવાને હું હંમેશાં તત્પર રહું છું. પણ આ ચર્ચાઓને અંતે મારી એ માન્યતા

* ૧૫મું નિવેદન, તા. ૩–૧–૧૯૩૩

વધુ દૃઢ બની છે કે હિંદુ સમાજમાં જે પ્રકારની અસ્પૃશ્યતા આજે પળાય છે તેને શાસ્ત્રોનો કશો આધાર નથી. અસ્પૃશ્યતાને વિષે 'આજે જેવી સમજાય છે અને પળાય છે તેવી' એ વિશેષણ હું હંમેશા વાપરું છું. તેને પૂરું મહત્ત્વ ન આપવાને લીધે ઘણાઓએ મને મોટો અન્યાય કર્યો છે.

આ લાંબી ચર્ચાઓની મારા મન ઉપર શી અસર પડી તે અહીં જણાવવાને બદલે, જે પંડિતો અથવા શાસ્ત્રીઓએ મારી વાતને સામાન્ય રીતે સમર્થન આપ્યું છે તેઓ અસ્પૃશ્યતાની બાબતમાં કેવો શાસ્ત્રાર્થ કરે છે તે વિષેનો તેમનો લેખી અભિપ્રાય મેં મેળવી લીધો છે, તે આપવો વધારે ઠીક થશે. એ મૂળ હિંદીમાં છે. નીચે ગુજરાતી અનુવાદ આપ્યો છે.

"હિંદુ ધર્મશાસ્ત્રોમાં ત્રણ પ્રકારના 'અસ્પૃશ્યો' ગણેલા છે:

૧. જન્મથી અસ્પૃશ્ય ગણાતા લોકો, એટલે કે શૂદ્ર પુરુષ અને બ્રાહ્મણ સ્ત્રીથી ઉત્પન્ન થયેલી પ્રજા.

૨. પાંચ મહાપાતકોના દોષવાળા અથવા શાસ્ત્રમાં નિષિદ્ધ ગણેલાં અમુક કૃત્યો કરનારા લોકો.

૩. અશુદ્ધ દશામાં હોય તેવો કોઈ પણ માણસ.

આજે જે કોમોને અસ્પૃશ્ય ગણવામાં આવે છે તેમાંની કોઈ પણ પહેલી કોટીમાં આવે છે એવું બતાવનારો આપણી પાસે કોઈ આધાર નથી. તેથી પહેલી કોટીના અસ્પૃશ્યોને અને તેમના બહિષ્કારને લાગુ પડતા નિયમો આજની કોઈ પણ અસ્પૃશ્ય ગણાતી જાતિને લાગુ પડી શકે નહીં. પણ ધારો કે કોઈ કોમને પહેલી કોટીમાં ગણવામાં આવે તોપણ શુદ્ધ અને સ્વચ્છ રહેણીકરણીથી અને શૈવ અથવા વૈષ્ણવ કે એવા બીજા સંપ્રદાયમાં દાખલ થવાથી તેઓ અસ્પૃશ્યતામાંથી મુક્ત થઈ શકે છે અને ચાર વર્ણના લોકો સામાન્ય રીતે જે અધિકારો ભોગવે છે તે બધા તેઓ ભોગવી શકે છે.

બીજા પ્રકારની અસ્પૃશ્યતા કોઈ પણ આખી એક કોમ અથવા એક વર્ગને લાગુ પડી શકે નહીં એ ઉઘાડું છે. હરકોઈ કોમમાં વ્યક્તિઓ તેવા દોષવાળી હોઈ શકે. આજના 'અસ્પૃશ્યો'ની અસ્પૃશ્યતા આ બીજા પ્રકારમાં ગણાવેલી પતિત દશાને કારણે નથી અથવા તો એવાં પતિત માબાપની તેઓ પ્રજા છે એમ પણ બતાવી શકાય તેમ નથી. બીજા પ્રકારમાં બતાવેલા મહાપાતકોના દોષવાળા લોકો યોગ્ય પ્રાયશ્ચિત્ત કરે તો પૂરેપૂરા શુદ્ધ થઈ શકે છે. જે પતિત માબાપો આવી રીતે શુદ્ધ ન થયાં હોય તેમની પ્રજાને

અસ્પૃશ્ય ગણી શકાય નહીં. આવી પ્રજાને અસ્પૃશ્ય ગણનારા કેટલાક સ્મૃતિકારો છે, પણ તેઓ તેમની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્તના કેટલાક નાના વિધિઓ બતાવે છે. જે લોકોએ પોતે જેથી અસ્પૃશ્ય બને એવા આચારનો દોષ કર્યો હોય, તેઓ એવા આચારો છોડી દે એટલે અસ્પૃશ્યના દોષમાંથી મુક્ત થઈ શકે છે.

પોતે અશુદ્ધ દશામાં હોય તે વખતની ત્રીજા પ્રકારની અસ્પૃશ્યતા, અસ્પૃશ્ય ગણાતી હોય કે નહીં એવી બધી જાતિઓમાં હોય છે. ચમાર, ભંગી અને એવા બીજાઓને કેવળ તેમના ધંધાને કારણે કાયમ અસ્પૃશ્ય ગણવાને માટે શાસ્ત્રોમાં કશો આધાર નથી. તેમની અસ્પૃશ્યતા તો તેમના કામને અંગે લાગેલી બહારની અસ્વચ્છતાને લીધે છે. આ ત્રીજા પ્રકારની અસ્પૃશ્યતા સ્નાન કરવાથી અને કપડાં બદલી નાખવાથી મટી જાય છે.

એટલે એ આવશ્યક છે કે ચાર વર્ણને મળતા બધા હકો જેવા કે મંદિરપ્રવેશ, શાળાઓમાં જવું, સાર્વજનિક સ્થળો જેવાં કે કૂવા, ઘાટ, તળાવ, નદીઓ વગેરેનો ઉપયોગ કરવો, એ આજના કહેવાતા અસ્પૃશ્યોને બીજાઓના જેટલા જ મળવા જોઈએ. આવા સર્વસામાન્ય હકોથી તેમને વંચિત રાખવા એ ખોટું છે. ધર્મશાસ્ત્રોનાં વચનોથી, તેના મૂળભૂત સિદ્ધાંતોથી તથા તેના ભાવથી આ સાબિત કરી શકાય એમ છે.

(સહી) સ્વામી કેવલાનંદ (નારાયણ શાસ્ત્રી મરાઠે)
લક્ષ્મણ શાસ્ત્રી જોષી
ભગવાનદાસ
આનંદશંકર ધ્રુવ
ઇન્દિરા રમણ શાસ્ત્રી
કેશવ લક્ષ્મણ દફ્તરી
એન. એચ. પુરન્દરે"

આ સહીઓ કરનારાઓનું લોકોને ઓળખાણ આપવાની જરાય જરૂર નથી. પણ હું એટલું કહી શકું છું કે જેઓ પોતાને સનાતની કહેવડાવે છે તેમના જેટલો જ સનાતન ધર્મની રજૂઆત કરવાનો તેમનો દાવો છે.

આ ઉપરાંત મહામહોપાધ્યાય પ્રમથનાથ તર્કભૂષણ, પંડિત શ્રીધર શાસ્ત્રી પાઠક, શ્રી કૃષ્ણ ધનસુખ મિશ્ર અને ચિન્તામણરાવ વૈદ્યના કીમતી અભિપ્રાયો મારી વસ્તુના સમર્થનમાં મને મળ્યા છે. એ બધા છપાઈ રહે કે તરત લોકો આગળ રજૂ કરવાની હું ઉમેદ રાખું છું.

## અભિપ્રાયનો અર્થ

આ પંડિતોના અભિપ્રાયનો અર્થ લોકભાષામાં કહીએ તો એ થાય છે કે કોઈ પણ વર્ગના માણસને કાયમી અસ્પૃશ્યતાની છાપ લાગી શકતી નથી. જન્મથી અસ્પૃશ્યતા જેવી વસ્તુ કોઈ પણ વર્ગને વિષે આજે હસ્તી ધરાવી શકે નહીં એ ઉઘાડું છે. અને અસ્પૃશ્યતાના દોષને પાત્ર થાય એવી વ્યક્તિઓને સમાજમાંથી શોધી કાઢવાનું લગભગ અશકય છે. પાંચ મહાપાતકોના દોષવાળા લોકો તો જરૂર હશે. પણ સઘળી જ્ઞાતિમાં કોઈ કોઈ લોકો એવા પાપવાળા હોય. આજે સમાજ એ પ્રત્યે ધ્યાન આપતો નથી. બીજી કોટીમાં જે નિષિદ્ધ આચાર ગણાવ્યા છે તે મુડદાલ માંસ અને ગોમાંસભક્ષણને લગતા છે. આજે અસ્પૃશ્ય ગણાતી જાતિઓમાં કેટલાક લોકો આવું માંસભક્ષણ કરનારા છે. પણ સવર્ણ હિંદુઓ જો બરાબર પ્રયત્ન કરે તો આ વસ્તુ તો તેમની પાસેથી સહેજે છોડાવી શકાય. આજે તો ગોમાંસ અથવા તો મુડદાલ માંસ છોડી દેવાને માટે જે ઉત્તેજન જોઈએ તેનો જ અભાવ છે.

ત્રીજી કોટીમાં પ્રસંગોપાત્ત થયેલી અશુદ્ધિનું વર્ણન છે. તેમાં કશું જ નિંદ્ય નથી. એવી અશુદ્ધિ તો અમુક પ્રસંગોએ સઘળાને માટે અનિવાર્ય હોય છે. એ પ્રસંગ જતાં જ એ અશુદ્ધિ ચાલી જાય છે.

આ સહી કરનારાઓએ શાસ્ત્રોનો સાચો અર્થ કર્યો હોય તો ભંગીઓની, ચમારોની અને એવા બીજાઓની કાયમના અસ્પૃશ્યોમાં ગણના કરીને અનેક વર્ષો થયાં આપણે તેમને ભારે અન્યાય કરતા આવ્યા છીએ. તેમના ધંધા બીજા ધંધાના જેવા જ આબરૂવાળા છે, અને જેને અસ્પૃશ્યતાની છાપ નથી મારતા એવા બીજા ધંધા કરતાં સમાજની હસ્તીને માટે વધારે અનિવાર્ય છે તે તો આપણે સ્વીકારીએ છીએ.

## ૧૯

# સનાતનીઓ પ્રત્યે*

આ અપીલ હું તમને એક સનાતની બંધુ તરીકે કરું છું. જોકે તમે તમારી પોતાની વિરુદ્ધ થઈને મારો ઇનકાર કરવાનો પ્રયત્ન કરી રહ્યા છો. તમારામાંના કેટલાક મને ખૂબ ગાળો દઈ રહ્યા છો અને મારી બદનક્ષી કરનારા આક્ષેપો મારી ઉપર મૂકી રહ્યા છો, એ જ મારે માટે તો તમારા વિકૃત પ્રેમની નિશાની છે. મારી સ્થિતિ એક પત્નીના જેવી છે, જેના ઘણા પતિઓ તેનો અસ્વીકાર કરવાનો પ્રયત્ન કરે છે, કારણ કે એ ગરીબ બિચારી સ્ત્રી તેના બધા પતિદેવોને સરખો સંતોષ નથી આપી શકતી. પરંતુ એ પત્નીનો ઇનકાર ન થઈ શકતો હોવાથી (કારણ કે બધા પતિઓ જાણે છે કે એ સ્વયંસેવક ગુલામે તેમની બધાની સેવા કરવાનો પૂરો પ્રયત્ન કર્યો તો છે જ) તેઓ પોતાનો બધો કોપાગ્નિ તેના ઉપર વરસાવે છે, અને જેટલી ગાળો દઈ શકાય તેટલી એને દે છે. પેલી વફાદાર પત્ની ચુસ્ત રીતે નિમકહલાલ હોવાથી તોફાનની આંધી પોતા ઉપરથી પસાર થઈ જવા દે છે. કારણ તે તો જાણે છે જ કે તેના ઉપર ઢોળવામાં આવેલા બધા આક્ષેપો તદ્દન ખોટા છે. આંધી શમી ગયા પછી એ પત્ની બધા પતિઓને વધુ પ્રિય બને છે. પેલા પતિઓને પોતાની કઠોરતા પ્રત્યે હસવું આવે છે અને સમજાય છે કે એ અખૂટ સબૂરીવાળી પત્નીએ સર્વસ્વ તેમને સમર્પણ કરેલું હતું. હું ભવિષ્ય ભાખવાની હિંમત કરું છું કે મારે વિષે પણ આવું જ બનવાનું છે.

ગીતા જે સનાતની ગ્રન્થ છે તેમાં આ વિષે બહુ સચોટ શ્લોકો છે. તમને બધાને એમ લાગે છે કે મેં તમારું બગાડ્યું છે અને એ વસ્તુ મનમાં ઘોળ્યા કરવાથી તમે અત્યારે ક્રોધના આવેશમાં આવી ગયા છો. આ શ્લોક જુઓ :

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥

---

* ૧૬મું નિવેદન, તા. ૪–૧–૧૯૩૩

ક્રોધમાંથી મૂઢતા પેદા થાય છે. મૂઢતામાંથી ભાન ભુલાય છે ને ભાન જવાથી જ્ઞાનનો નાશ થાય છે. અને જેના જ્ઞાનનો નાશ થયો તે મૂએલા સમાન છે.

તમારા ક્રોધાવેશમાં તમે એટલું પણ જાણતા નથી કે તમે શું કરી રહ્યા છો. કેવા ઉદ્દેશથી પ્રેરાઈને હું આ બધું કરી રહ્યો છું તે વિષે માહિતી મેળવવાની પણ તમે દરકાર કરતા નથી.

### સનાતન ધર્મ એટલે શું?

તમારી આગળ થોડી હકીકતો હું રજૂ કરીશ. લોકો સમજી શકે એવી સનાતન ધર્મની વ્યાખ્યા એ થાય કે ‘ લોકો પાળી શકે એવો સદાચાર’. દુરાચાર અને કુટેવો ગમે તેટલી પ્રચલિત હોય તોપણ તેનો એમાં નિષેધ છે. ધર્મ એ કે જે ધારણ કરે છે. દુરાચાર અને કુટેવો ધારણ કરી શકતાં નથી, એટલે એ કદી ધર્મ હોઈ શકે નહીં. સઘળા મુદ્દા લોકો આગળ તટસ્થ ભાવે રજૂ કરવામાં આવે ત્યાર પછી તત્ત્વતઃ અનિષ્ટ ન હોય એવો અમુક માર્ગ તેઓ પસંદ કરે તો શું એ સનાતન ધર્મ નથી? જે સિદ્ધાંતો અને સદાચારના નિયમો સનાતન ધર્મને નામે ઓળખાય છે એ શું આવી રીતે વૃદ્ધિ પામતા આવ્યા નથી? સનાતન ધર્મ સદા વિકાસ પામતો રહે તે માટે આવો ક્રમ શું અનિવાર્ય નથી?

આટલે સુધી મારી વાત હું તમને સમજાવી શક્યો હોઉં તો એટલું તમે જાણો કે હું જે કાંઈ કરી રહ્યો છું તેમાં જે માર્ગ મને સારો લાગે છે તે માર્ગે લોકો મારી સાથે કેટલે સુધી આવી શકશે તે શોધી કાઢવાના પ્રયત્ન કરતાં કશું વધારે નથી. એમાં કેટલાક પંડિતો જેમણે શાસ્ત્રોના મૂળ ગ્રંથોનો અભ્યાસ કરેલો છે તેઓનો પણ મને સાથ છે. તેઓ કહે છે કે તેમના અર્થ પ્રમાણે મારા માર્ગ માટે શાસ્ત્રોનો મને આધાર છે. પણ તમે તો વાંધો ઉઠાવો છો કે તેઓ શાસ્ત્રોનો ખોટો અર્થ કરે છે. ઠીક, તો પછી એ બે જુદા જુદા અર્થો આપણે લોકોની આગળ મૂકીએ અને કયો અર્થ તેમને માન્ય છે તે તેમને પૂછીએ. જો તેઓ મારો અર્થ સ્વીકારે તો એ સનાતન ધર્મ કહેવાય કે નહીં? હું તો કહું છું કે પછી પણ મારો અર્થ તમે ન સ્વીકારશો. તમારા અર્થને તમે વળગી રહેજો, પણ એમ કરશો તો તમે એને સનાતન ધર્મ કહી શકશો નહીં. તમે તો કહો છો કે તમે જે અર્થ કરો છો તે જ સનાતન ધર્મ છે. કારણ તમે ગૃહીત કરી લો છો કે ગ્રામવાસીઓની મોટી બહુમતી તમારો અર્થ સ્વીકારશે. સનાતની હોવાનો મારા દાવાનો તમે ઇનકાર કરો છો કારણ તમે માનો છો કે લોકો આગળ તે રજૂ કરવામાં આવે

તો લોકો તેને માન્ય રાખશે નહીં. પણ સનાતની હોવાનો દાવો હું કાંઈ મૂર્છામાં કરતો નથી. હું કરોડો લોકોની વચ્ચે વર્ષો થયાં ભટકતો રહ્યો છું. તેમની આગળ રાજદ્વારી માણસ તરીકે નહીં પણ એક ધર્મપરાયણ માણસ તરીકે ગયો છું, અને તેમણે પણ મને ધર્મપરાયણ માણસ તરીકે જ સ્વીકાર્યો છે. આજે તમે આટલા આવેશથી મારો ઇનકાર કરી રહ્યા છો તે વસ્તુ જ એ સાબિત કરે છે કે તમે પોતે આજ સુધી મને રાજદ્વારી માણસ નહીં પણ ધાર્મિક માણસ માન્યો હતો. તમે લોકો એટલું જોઈ શકયા નથી કે રાજદ્વારી માણસો તો મને કશા લેખામાંય ગણતા નથી? એ તો મને તેમના કામમાં દખલ કરનારો અને અવ્યવહારુ સ્વપ્નાં સેવનારો માને છે. જ્યારે ધાર્મિક સભાઓમાં મને અંતરથી જ સત્કાર મળેલો છે. ૧૯૧૫માં જ્યારે લગભગ અજાણ્યા હોવાનું સદ્ભાગ્ય હું ભોગવતો હતો ત્યારે પણ આ પ્રમાણે બનતું.

## મંદિરમાં જનારા આનો નિર્ણય કરે

પરિસ્થિતિનો તમે જો શાંતિથી અભ્યાસ કરશો તો તમે જોશો કે ગુરુવાયુરમાં અથવા તો બીજે કોઈ પણ સ્થળે, મારા દાવાની પરીક્ષા કરાવવા ઉપરાંત હું બીજું કાંઈ કરતો નથી. એમાં તમારા દાવાની પરીક્ષા પણ આપોઆપ થાય છે. સનાતન ધર્મના મારા અર્થ પ્રમાણે મારે એ નિર્ણય ઉપર આવવું પડ્યું છે કે હિંદુ લોકોના બહુ મોટા ભાગને અસ્પૃશ્ય ગણવામાં અને બીજા પ્રતિબંધોની સાથે મંદિરપ્રવેશનો પણ પ્રતિબંધ તેમના ઉપર મૂકવામાં સવર્ણ હિંદુઓએ ભારે ભૂલ કરી છે. તમે કહો છો કે તમારો સનાતન ધર્મ જ તમને ફરજ પાડે છે કે આ હિંદુઓને અસ્પૃશ્ય ગણવા અને તેથી તમે જે ઢબે મંદિરમાં જાઓ છો એ ઢબે કોઈ પણ સંજોગોમાં મંદિરમાં દાખલ થવાને અયોગ્ય ગણવા. હું કહું છું કે સનાતન ધર્મના આ બે અર્થમાંથી પસંદગી કરવાનું કામ મંદિરમાં જનારાઓને સોંપો. પણ આટલી સાદી વાત હું રજૂ કરું છું ત્યાં તો તમે ક્રોધથી ઊકળી ઊઠો છો. તમારી આ વસ્તુ, કાયદેસર અથવા તો સાદી સમજવાળી અથવા તો સહિષ્ણુતાવાળી ન ગણાય.

મારી ખાતરી છે કે અહિંદુઓને જે હક આપવાની તમે ના પાડી નથી તેટલો હક તો તમે મને આપશો જ. એટલે કે જ્યાં સુધી ગેર-કાયદે, અનીતિમય અથવા તો એવી શંકાસ્પદ રીતો અખત્યાર ન કરું ત્યાં સુધી મારા અભિપ્રાયનો હું પ્રચાર કરતો રહું. મારા ઉપવાસને તમે બળાત્કારનો એક પ્રકાર વર્ણવો છો. કેવળ ઉપવાસને બળાત્કાર

તરીકે વર્ણવવો એ સનાતનીને શોભતું નથી. કારણ કોઈ પણ ધર્મના ઇતિહાસનાં પાનાં ઉથલાવશો તો ધર્મ ઉપર જ્યારે આફત હોય ત્યારે ઉપવાસ કર્યાના થોકબંધ દાખલા તમને મળી આવશે. મારા આ કથનના સમર્થનમાં એવા સુવિખ્યાત દાખલાઓ ટાંકીને તમારી બુદ્ધિનું હું અપમાન નહીં કરું. અત્યાર પૂરતી તો ઉપવાસની વાત પણ બંધ છે.

## મંદિરપ્રવેશના કાયદાના ટીકાકારો

ડૉ. સુબ્બારાયન જે સાદો કાયદો લાવવા માગે છે તેની સામે તમે મોટું બુમરાણ ઉઠાવ્યું છે અને પોકાર કરવા માંડ્યા છે કે 'ધર્મ ભયમાં છે.' પણ એ કાયદાના ખરડાનો તમે બરાબર અભ્યાસ કરશો તો જોશો કે તેમાં લાગતાવળગતાની ઇચ્છા શી છે તે જાણી લેવાના અને તેને અમલમાં મૂકવાના પ્રયત્ન સિવાય બીજું કશું નથી. સનાતનીઓના કહેવાથી જ બ્રિટિશ અદાલતો આમાં વચ્ચે ન પડી હોત, આજના જેવી મિશ્ર ધારાસભાઓએ હિંદુ ધારાશાસ્ત્રીઓના કહેવાથી જ એક ધાર્મિક સ્વરૂપનો કાયદો પસાર ન કર્યો હોત, તો આ કાયદો લાવવાની કશી આવશ્યકતા નહોતી. એટલે તમે જોશો કે આધુનિક પરિસ્થિતિએ ઉપજાવેલો એક અંતરાય આ કાયદો દૂર કરવા માગે છે. હિંદુ ધર્મમાં નવો સુધારો દાખલ કરવાનો તેનો હેતુ નથી. આજે છે તેવા બ્રિટિશ કાયદા પ્રમાણે તો કેવળ એક માણસ મોટા જનસમુદાયની ઇચ્છાને રૂંધે એવું બની શકે. દસ હજારમાંથી નવ હજાર નવસો નવ્વાણુનો મત હરિજનોના મંદિરપ્રવેશની તરફેણમાં હોય તોપણ એક માણસ તેમાં અંતરાય નાખી શકે. આજે આ વસ્તુ તમને ફાવતી આવે છે પણ તમે આનો શાંતિથી વિચાર કરશો તો જરૂર તમે એ નિર્ણય ઉપર આવશો કે તમારે માટે તેમ જ મારે માટે આ પરિસ્થિતિ ભારે ખતરનાક છે. ધાર્મિક જીવનને મૃતઃપ્રાય કરી નાખે એવી આ વસ્તુ છે. સનાતન ધર્મમાં અથવા કહો કે સઘળા ધર્મમાં, ન્યાયને પૂરેપૂરો અવકાશ હોવો જોઈએ. હું ધારું છું કે તમે છળથી રમવા નથી ઇચ્છતા. પણ અત્યારે હસ્તી ધરાવતો કાયદો બદલવામાં ન આવે તો તેમ થાય છે.

## ન્યાયવૃત્તિની કસોટી

તમારામાં કાંઈ પણ ન્યાયવૃત્તિ હોય તો એ દર્શાવવાને માટે એક બીજી કસોટી હું સૂચવું છું. તમે એ વસ્તુનો તો ઇનકાર નહીં કરો કે બહુમતીમાં ન હોય તોપણ ઠીક ઠીક મોટી સંખ્યામાં એવા પ્રતિષ્ઠિત હિંદુઓ છે જેઓ હરિજનોને મંદિરમાં દાખલ કરવા એ હિંદુ ધર્મ સાથે સુસંગત

છે એમ માને છે. ન્યાયવૃત્તિની દૃષ્ટિએ તપાસતાં જેમાં કશા સુધારાને અવકાશ નથી એવું એક નિરાકરણ મેં સૂચવ્યું છે. તેમાં બધા પૂર્વગ્રહો અને બધા વિધિનિષેધો સચવાય છે. ગુરુવાયુરના મંદિરનો જ વિચાર કરીએ — અને મારું નિરાકરણ અત્યારે તો ગુરુવાયુરના મંદિર પૂરતું જ મર્યાદિત છે — તો એક થોડા જ ફેરફાર સાથે પડી ગયેલા શિરસ્તાને તે અનુસરતું છે. આ મંદિરમાં વર્ષમાં એક આખો દિવસ બીજા હિંદુઓની સાથે કશી રોકટોક વિના હરિજનોને પરાપૂર્વથી દાખલ કરવામાં આવે છે. મારી સૂચના એવી છે કે તેમને દરરોજ અમુક નક્કી કરેલે વખતે મંદિરમાં દાખલ કરવામાં આવે. પેલો શિરસ્તો ધ્યાનમાં રાખતાં મારા આ નિરાકરણમાં કશું અસાધારણ કે અધાર્મિક નથી. તમે કહેશો કે એકાદશીને દિવસે તો બધો શંભુમેળો થાય છે અને ત્યાર પછી મંદિરને શુદ્ધ કરવામાં આવે છે. આવી રીતે મંદિરને શુદ્ધ કરવાનો વિચાર જોકે મને ખટકે એવો છે, છતાં આવી શુદ્ધિથી વિરોધીઓને સંતોષ થતો હોય તો ભલે રોજ મંદિરની શુદ્ધિ કરવામાં આવે.

સનાતનીઓ તરફથી મને મળતા ઘણા કાગળોમાં એવું જણાવવામાં આવે છે કે સનાતનીઓ અસ્પૃશ્યતાનું પ્રતિપાદન કરે છે તેમાં જરાય તિરસ્કારની ભાવના નથી. એ પત્રલેખકો જણાવે છે કે હરિજનો જોકે ઈશ્વરનાં જ બાળકો છે અને ભગવાન આગળ બીજા સૌના સરખાં જ છે, પરંતુ ઉચ્ચ નૈતિક કારણોસર તેમને અલગ રાખવાનું ધર્મ કહે છે; જોકે આપણે તેમને પ્રેમથી અલગ રાખવા જોઈએ, નહીં કે તિરસ્કારથી. એટલે નાગરિક તરીકેના બધા હકો તો તેમને પૂરેપૂરા મળવા જ જોઈએ. વર્તમાન સ્થિતિના પ્રકાશમાં આ દાવાની પરીક્ષા આપણે કરીશું.

૧. કોણ અસ્પૃશ્ય ગણાય છે અને શા માટે તેની તમે તપાસ કરી છે?

૨. એક બહુ માર્મિક અને મારા અભિપ્રાય પ્રમાણે બહુ ઘાતકી વ્યવસ્થાથી તેમને જમીન વગરના રાખવામાં આવે છે તે શાથી તે તમે જાણો છો? કોઈની પાસે જમીન હોય તોપણ બીજા સવર્ણ હિંદુઓ જમીનનો જેવો ઉપભોગ કરી શકે તેવો ઉપભોગ હરિજનો કરી શકતા નથી.

૩. સાર્વજનિક ઉપયોગની સંખ્યાબંધ સગવડોનો ઉપભોગ જે બીજા બધા કરી શકે છે તે હરિજનો કરી શકતા નથી. તમે તેમને માટે આ બધી અલગ સગવડો આપી નથી. હરિજન તરસે મરી જાય તોપણ તેને ટીપું પાણી આપવાની વ્યવસ્થા તમે કરી નથી.

૪. જે વાહનોનો તમે ઉપયોગ કરી શકો છો તે બધાં તેમને માટે અલભ્ય હોય છે.

૫. દાક્તરી અને ધાર્મિક મદદ પણ તેમને આપવામાં આવતી નથી.

આ બધાં જો હરિજનો ઉપરના તમારા પ્રેમનાં સુફળ હોય તો મારી સાથે તમે સંમત નહીં થાઓ કે આવા પ્રેમ કરતાં તો તિરસ્કાર એ બહુ પસંદ કરવા જેવો છે? ઉપર જે દશા મેં વર્ણવી છે તેના કરતાં વધારે ખરાબ દશા હું કલ્પી શકતો નથી. હું તમને કહું છું કે પૃથ્વીના પડ ઉપર કોઈ પણ જગ્યાએ આપણે ત્યાં છે એવી સ્થિતિ હસ્તી ધરાવતી નથી. અને આમાં ભૂંડું તો એ છે કે આ બધું આપણે ધર્મને નામે કરીએ છીએ.

## મારા અંતરાત્માની વેદનામાંથી

મારા અંતરાત્માની વેદનામાંથી નીકળતી આ આહ હું તમને પહોંચાડું છું. એ વેદના અને એ શરમમાં ભાગીદાર થવા અને મને સહકાર આપવા હું તમને વીનવું છું. સનાતન ધર્મ સજીવન થાય અને કરોડો લોકો પોતાના જીવનમાં તેને જીવતોજાગતો કરે તે સિવાય બીજો કોઈ હેતુ મારે સાધવાનો નથી. આજે તો આપણે એ ધર્મનો ઇનકાર કરતા જણાઈએ છીએ. તમારામાં જાગૃતિ આવી છે તેથી મને આનંદ થાય છે. પણ હવે તમારે કામ કરવા મંડી પડવું જોઈએ અને મારી સાથે તદ્દન નિષ્ફળ કજિયા કરવામાં ન રોકાતાં હિંદુ ધર્મમાં કયાં કયાં અનિષ્ટો ઘૂસી ગયાં છે તે નક્કી કરી તે અનિષ્ટો દૂર કરવા માટે પ્રચંડ પ્રયત્ન આદરવો જોઈએ. મારી સાથેના તમારા કજિયાને હું નિષ્ફળ કહું છું કારણ એ કજિયામાં હું ભાગીદાર થવાનો નથી. અંગ્રેજીમાં એક કહેવત છે કે કજિયો કરવા માટે પણ બે જણની જરૂર પડે છે. એ બીજો માણસ પૂરો પાડવામાં હું તમને મદદ કરવાનો નથી.

# ૨૦

# સૂચવેલા સમાધાનના સમર્થનમાં

[ગાંધીજીએ તા. ૫મી જાન્યુઆરીએ એ. પી. આઈ.ના ખબરપત્રીને આપેલી મુલાકાતમાં, ગુરુવાયુરના મંદિર સંબંધી સૂચવેલા સમાધાનથી તો હરિજનો અને સવર્ણો વચ્ચેનો ભેદભાવ કાયમી થઈ જશે એવી ટીકાઓના જવાબમાં નીચે પ્રમાણે જણાવ્યું:]

પ્રશ્ન: તમારા સમાધાનથી અસ્પૃશ્યતા અમુક દરજ્જે કાયમી બની જતી નથી?

બાપુ: હું એમ માનતો નથી. મારી દરખાસ્તમાં એટલું જ છે કે મંદિરમાં જનારાઓનો અમુક વર્ગ જેને હજી એમ લાગે છે કે મંદિરમાં જતી વખતે હરિજનોની સાથે ભળી જવું એમાં પોતે કાંઈ ખોટું કરે છે, એવા તેમના પૂર્વગ્રહને માન આપવું. સુધારાની આ પ્રવૃત્તિ બળજબરીની નહીં ગણ હૃદયપરિવર્તનની હોઈ મેં એ ઇરાદાથી મારી દરખાસ્ત રજૂ કરી છે કે અંતરાત્માના વિરોધવાળો એક પણ માણસ હોય તો તેના વિધિનિષેધને માન આપવું. તત્ત્વતઃ જે બાબતો ધાર્મિક છે તેમાં બને ત્યાં સુધી બહુમતીની ઇચ્છાનો અમલ કરવાનું ટાળવું જોઈએ. મારા સમાધાનથી આવા વિરોધવાળાને દિવસના અમુક ભાગમાં, આ સુધારો થયો તે પહેલાં પોતે જે રીતે પૂજા કરતા હતા તે રીતે પૂજા કરવાની છૂટ રહે છે.

મારી સૂચના જરૂર એ માન્યતા ઉપર બંધાઈ છે કે ગુરુવાયુરના મંદિરમાં (અત્યારે તો મારું સમાધાન ગુરુવાયુરના મંદિર પરત્વે જ છે) સવર્ણ હિંદુઓની બહુ મોટી બહુમતી હરિજનોના મંદિરપ્રવેશની તરફેણમાં છે. જો સમાધાન સ્વીકારવામાં આવે અને એનો અમલ થાય તે વખતે મારી ધારણા ખોટી પડે તો હું સ્વીકારીશ કે એને લીધે ભેદભાવ કાયમી થાય છે. પણ જો સવર્ણોની બહુમતી હરિજનોના મંદિરપ્રવેશની તરફેણમાં હોય તો મારું સમાધાન હરિજનોના તેમ જ મંદિરમાં જનારા સવર્ણોની બહુમતીના એક ઉદાર સંયમની નિશાની ગણાશે. સુધારકો લઘુમતીમાં છે એમ માલૂમ પડે તો આવા સમાધાનનો લાભ હરિજનોએ લેવો કે કેમ એ પ્રશ્ન વિચારવાનો રહેશે.

છેવટે તો બધાં સમાધાનનો સાર એ હોય છે કે અંતિમ વિચારો ધરાવનારા બે પક્ષો વચ્ચે એકે પક્ષના સિદ્ધાન્તોનો ભોગ આપ્યા વિના

અર્ધે રસ્તે તડજોડ કરવી. હરિજનો અને સુધારકોનો સિદ્ધાન્ત તો એ છે કે તેઓ બન્નેએ સમાનતાના હકથી મંદિરમાં જઈ પૂજા કરવી. કયે વખતે પૂજા કરવી એ કાંઈ મહત્ત્વનો મુદ્દો નથી. વિરોધ કરનારાઓનો સિદ્ધાન્ત એ છે કે પોતાની ધાર્મિક લાગણીને આઘાત પહોંચાડ્યા સિવાય હરિજનોની સાથેસાથ તેઓ પૂજા કરી શકે નહીં. મારું સમાધાન આ વાંધાને પૂરેપૂરું માન આપે છે પણ તેમના વાંધાની સાથે સુસંગત રહીને તેમના પૂજા કરવાના વખતની મર્યાદા બાંધે છે.

## ૨૧

## સમાધાનની વિશેષ સમજૂતી*

હું જોઉં છું કે મંદિરપ્રવેશના સંબંધમાં મેં જે સમાધાન સૂચવ્યું છે તે વિષે ભારે ગેરસમજ ફેલાઈ રહી છે, અને હરિજનોમાં પણ એ કારણે અસંતોષ છે. તેમનામાં અસંતોષ હોય એ બહુ સ્વાભાવિક છે. જ્યાં ખૂબ જ ભેદભાવ પ્રવર્તી રહ્યા હોય ત્યાં એની ગંધ આવે એવું કાંઈ પણ તરત જ શંકાની નજરે જોવાય છે અને વખોડી કાઢવામાં આવે છે.

પરંતુ મારી સૂચના વિષે મને પૂરી શ્રદ્ધા છે અને તેની વિરુદ્ધ આટલી ટીકાઓ થતી હોવા છતાં એ સૂચના પાછી ખેંચી લેવાનું હું કશું કારણ જોતો નથી. મારી સૂચના પ્રમાણે કોઈ પણ મંદિર હરિજનો માટે ખોલવામાં આવે તો એ સૂચનાનો અમલ કરવાનું વ્યવહારમાં બહુ સહેલું જણાશે, એટલું જ નહીં પણ જે હરિજનોને અત્યારે અસમાનતાની શંકા આવે છે અને સનાતની અભિપ્રાય આગળ આપણે નમતું મૂક્યું એમ લાગે છે તેઓને જણાશે, કે સનાતનીઓના અભિપ્રાયને પૂરેપૂરું માન આપવા છતાં આપણા સિદ્ધાન્તની બાબતમાં આપણે જરાય જતું કરતા નથી. આપણો સિદ્ધાન્ત તો એ છે કે હરિજનોને મંદિરમાં દાખલ કરવા હોય તો બાકીના હિંદુઓની સાથે પૂરેપૂરી સમાનતાની શરતે તેમને દાખલ કરવામાં આવે.

### સૂચનાની પાછળ અહિંસા છે

પરંતુ ધર્મની બાબતમાં કશી બળજબરી ન હોઈ શકે. તેથી જેઓ પોતાના જે પૂર્વગ્રહોને ધાર્મિક માન્યતાના જેટલા મહત્ત્વના ગણતા હોય તે

* ૧૭મું નિવેદન, તા ૧૧-૧-૧૯૩૩

પૂર્વગ્રહોને મુખ્ય સિદ્ધાન્ત સાથે સુસંગત રહીને જેટલું માન આપી શકાય તેટલું આપવું જોઈએ. વાંધો ઉઠાવનારાઓને જે ધાર્મિક આશ્વાસન મેળવવાનો હક છે તે આશ્વાસનથી તેઓ વંચિત ન રહે એવી કોઈ યોજના શોધી કાઢવાની જરૂર હતી. એ તો જ બની શકે જો તેમને માટે અમુક સમય નક્કી કરવામાં આવે, જે વખતે તેઓ હરિજનોથી અલગ રહીને દર્શન કરી શકે.

એ વસ્તુ સુધારકોને ગમે તેટલી ગેરવાજબી લાગે, મને પણ લાગે છે, તોપણ એટલું તો નક્કી છે કે એવી લાગણી હસ્તી ધરાવે છે કે મૂર્તિનો પ્રભાવ બિલકુલ નાશ ન પામે તોપણ ઓછો તો થઈ જ જાય, જો જે મંદિરમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હોય ત્યાં તેમને મતે નિષિદ્ધ વર્ગના માણસો આવે. જે લોકો આવી લાગણી ધરાવે છે તેમની લાગણી છોડાવી દેવાનું કામ કાયદાના અથવા તો હથિયારના બળથી કરવું શક્ય નથી. એ લાગણી તો તેમની બુદ્ધિને અપીલ કરવાથી નિર્મૂળ કરી શકાય, અથવા જે લોકો પેલી સનાતની માન્યતાથી વિરુદ્ધ વર્તતા હોય તેમના ઉપર તેમ કર્યા છતાં દેવનો કોપ નથી ઊતરતો એવું તેઓ અનુભવથી જુએ તો એ લાગણી નિર્મૂળ થાય. મારી ખાતરી છે કે હિંદુ સમાજમાં અને ધર્મમાં સમાન દરજ્જો મેળવવાની પોતાની વાજબી માગણી સ્થાપિત કરવા જતાં હરિજનો કોઈ પણ માણસની લાગણીને આઘાત પહોંચાડવાનું તો નહીં જ ઇચ્છે.

## સૌની કસોટીનો આ કાળ છે

આપણને આ મહેતલ જાણે ભગવાને આપી છે. સવર્ણ હિંદુઓની આ કસોટી છે. મુંબઈમાં ગયા સપ્ટેમ્બરમાં હિંદુ પ્રતિનિધિઓની સભામાં જે ઠરાવ પસાર કરવામાં આવ્યો તેને સવર્ણ હિંદુઓની આમજનતાનો ટેકો છે? કે નથી? જો ટેકો હોય તો મંદિરોનાં દ્વાર હરિજનોને માટે સ્વેચ્છાથી ખુલ્લાં થઈ જવાં જોઈએ. મંદિરમાં દર્શન કરવા જનારાની બહુમતી આવી રીતે મંદિરો ખોલી નાખવા માટે પોતાની ઇચ્છા અસંદિગ્ધ શબ્દોમાં વ્યક્ત કરે તો એ ઠરાવનું પૂરેપૂરું પાલન થયું એમ ગણાય. માનવવ્યવહારમાં સોએ સો ટકા સંમતિ મેળવવી એ લગભગ અશક્ય છે. અને ધાર્મિક બાબતોમાં તો વિરોધી અભિપ્રાયને આપણે માન આપવું જ જોઈએ. મારી સૂચનામાં એ જ વસ્તુ રહેલી છે; એથી વિશેષ એમાં કશું નથી. તેમાં સૌની આકરી કસોટી રહેલી છે.

વાંધો ઉઠાવનારાઓ જેઓ લઘુમતીમાં છે તેઓ જો પોતાની માન્યતામાં સાચા હોય અને વિરોધીઓ પ્રત્યે સહિષ્ણુતાવાળા હોય તો પોતાને

માટે સગવડ કરી લીધા પછી પોતાના વિરોધીઓને પણ એવી જ સગવડ આપવાનું પસંદ કરશે. તે જ પ્રમાણે સુધારકો પણ સાચા હોય અને તેમના વિરોધીઓ પ્રત્યે સહિષ્ણુતાવાળા હોય તો તેમના વિરોધીઓ જે રીતે પૂજા કરતા આવ્યા છે તે રીતે પૂજા કરી શકે એવી સગવડ તેમને આપશે. અને હરિજનો પણ સુધારકોની સાથે સમાનભાવે પોતાનો હક ભોગવી શકે એટલે તેમને કાંઈ ફરિયાદ કરવાનું કારણ નહીં રહે અને તો પછી બીજા ઉપર બળજબરી કરવાની ઇચ્છા નહીં રાખે.

## મતગણતરીનો ઉદ્દેશ

મારી સૂચના એ માન્યતા ઉપર રચાયેલી છે કે મતગણતરી કરવામાં આવે તો મંદિરમાં જનારાની બહુમતી હરિજનોના મંદિરપ્રવેશની તરફેણમાં મત આપશે. એટલે કે તેઓ બધાને માટે ઠરાવેલે સામાન્ય વખતે જ મંદિરમાં દર્શન કરવા જશે, અને વાંધાવાળાઓ માટે અલગ નક્કી કરેલે વખતે તેઓ મંદિરમાં નહીં જાય. વ્યવહારમાં એમ માલૂમ પડી આવે કે સુધારકોની સંખ્યા નહીં જેવી જ છે તો સ્વાભાવિક રીતે જ આવાં મંદિરોમાં જવાનું તેઓ બંધ કરશે. મોટા ભાગનાં મંદિરોમાં દુર્ભાગ્યે આવી લઘુમતી જોવામાં આવશે તો તેઓએ ખરી રીતે એ નિર્ણય ઉપર આવવું પડશે કે મુંબઈના ઠરાવને સવર્ણ હિંદુઓનો ટેકો નથી.

પણ હરિજન મિત્રો તો કહે છે: "અમારા ગયા પછી મંદિરો શુદ્ધ કરવામાં આવે તેની વિરુદ્ધ તમે આટલું બોલ્યા છો અને આટલું લખ્યું છે તેનું શું?" અલબત હું પહેલાંના જેટલો જ શુદ્ધિની વિરુદ્ધ છું. હરિજનો ગયા પછી મંદિરોને શુદ્ધ કરવાનો જો નિયમ બની જાય તો અસ્પૃશ્યતા રહે છે જ એમ ગણવું જોઈએ. પણ મારી સૂચનામાં જે શુદ્ધિની વાત છે તે તો વાંધાવાળાઓની લાગણીને હરિજનો તરફથી અને સુધારકોની બહુમતી તરફથી મળતી એક છૂટછાટ છે. એટલે અહીં મંદિરોની શુદ્ધિ તદ્દન જુદું જ રૂપ ધારણ કરે છે. આપણા મિત્રોની લાગણીને માન આપવા માટે આપણે કેટલીયે વસ્તુઓ કરતા નથી? અને કેટલી બધી વસ્તુઓ સહી લેતા નથી?

## હૃદયપરિવર્તન

હરિજનો આગળ, આખા હિંદુ સમાજ આગળ સવાલ તો એ છે કે એકંદરે સવર્ણ હિંદુ સમાજના હૃદયનું પરિવર્તન થયું છે કે નહીં? અને આજે જેવી ચાલી રહી છે તેવી અસ્પૃશ્યતા નાબૂદ કરવા તેઓ તૈયાર છે કે નહીં? સવર્ણ હિંદુઓની બહુમતી અસ્પૃશ્યતાને નાબૂદ કરવાના મતની

હોય તો સુધારકો તેમ જ હરિજનો બન્નેની એ ફરજ થઈ પડે છે કે જે લઘુમતી સુધારકોની સાથે સંમત ન થઈ શકતી હોય અને તેમનો મતભેદ જ્યારે ઊંડી ધાર્મિક લાગણી ઉપર બંધાયેલો હોય ત્યારે તેમને બનતી સગવડ કરી આપવી. પરસ્પર સહિષ્ણુતા રાખવી એ માનવકુળનો કાયદો છે, અને મારી સૂચનામાં એ કાયદાનું ચુસ્તપણે પાલન કરવાપણું છે.

હું એ એક વાક્ય ઉપર ખાસ ભાર મૂકવા માગુ છું કે અત્યારની લડત હિંદુ સમાજમાં આજે જેવી ચાલે છે તેવી અસ્પૃશ્યતાની સામે છે; કોઈ ને કોઈ રૂપમાં આખી મનુષ્યજાતિમાં જે અસ્પૃશ્યતા જોવામાં આવે છે તેની સામે નથી. આવી અસ્પૃશ્યતા કોઈ માણસને વિષે નથી હોતી પણ તેના કામને અંગે અથવા તો તેના વર્તનને અંગે હોય છે. સ્વચ્છતાના અથવા તો આરોગ્યરક્ષણના અથવા એવા બીજા નિયમોમાંથી પૂર્ણ મુક્તિ મેળવવાનો અહીં આશય નથી. એવા નિયમોનું પાલન તો આજે પણ દરેક મંદિરમાં જનારને માટે આવશ્યક છે. મારો આગ્રહ તો એ છે કે આ નિયમોનું પાલન કરે એ દરેક હરિજનને બીજાઓની સાથે સમાનતાના નાતાથી દરેક સાર્વજનિક મંદિરમાં જવાનો હક હોવો જોઈએ.

## ૨૨

## મંદિરપ્રવેશના પ્રશ્ન ઉપર પ્રકાશ

[મદ્રાસનું 'જસ્ટીસ' પત્ર, જે અત્યારે બંધ થયું છે તેના તંત્રી ઉપર ગાંધીજીએ નીચે પ્રમાણે કાગળ લખેલો. મંદિરપ્રવેશના આખા પ્રશ્ન ઉપર, ખાસ કરીને ગાંધીજીએ જે સમાધાન સૂચવ્યું છે તેના ઉપર, એ બહુ સારો પ્રકાશ પાડે છે. એટલે આખો કાગળ નીચે આપ્યો છે.]

તમારો કાગળ સાથે મોકલેલી ત્રણ કાપલીઓ સાથે મને મળ્યો. તે તે લેખની તારીખના ક્રમમાં હું તેનો જવાબ આપું છું. ૨૮મી ડિસેમ્બરના લેખનો કાંઈ જવાબ આપવાપણું છે નહીં. ઉપવાસ મુલતવી રહ્યા સંબંધી ૨૯મીના લેખમાં તમે મારા કૃત્યને દરગુજર કરી મશ્કરીની બતાવી છે. કારણ ઉપવાસની પદ્ધતિની તમે વિરુદ્ધ છો. પણ મિત્રોની એવી મશ્કરીની ઉપર, ખાસ કરીને ધાર્મિક બાબતમાં, હું જીવવા ઇચ્છતો નથી. મારે સદ્ભાગ્યે એક મુદ્દાની શરત જેને લીધે આપોઆપ ઉપવાસ મુલતવી રહેતા હતા તે વિષે તમારી નજરચૂક થવાથી તમે મશ્કરીની બતાવી છે. એ શરત એ હતી કે કોઈ કાયદાની મુશ્કેલી એવી રહી જાય, જેનો ઉપાય નક્કી કરેલી મુદતમાં ન થઈ શકે તો મારે ઉપવાસ મુલતવી

રાખવા. વાઇસરૉયની મંજૂરીના અભાવના રૂપમાં આ મુશ્કેલી આવી. જો મેં બીજી જાન્યુઆરીએ ઉપવાસ શરૂ કર્યા હોત તો મને ડર છે કે મારા ઉપવાસને તમે ઉપવાસ તરીકે તો વખોડી કાઢ્યા હોત જ, પણ તમે એ રીતે પણ વખોડી કાઢ્યા હોત કે આવા ઉપવાસ એ હિંદી સરકાર ઉપર બળાત્કાર કરવા બરોબર છે. એટલે તમે જોશો કે ઉપવાસ એટલા માટે નથી મુલતવી રહ્યા કે તેની નિરુપયોગિતા મને સમજાઈ ગઈ છે પણ એટલા માટે મુલતવી રહ્યા છે કે જે મુશ્કેલીનો પહેલેથી વિચાર કરી લીધો હતો અને જેને માટે અપવાદ રાખવામાં આવ્યો હતો તે મુશ્કેલી આડે આવતી હોવા છતાં હું ઉપવાસ કરું તો તે એક પાપાચરણ થાય.

તમારો છેલ્લો લેખ, એટલે ચોથી જાન્યુઆરીનો, તેનો લાંબો જવાબ આપવાની જરૂર છે. પણ હું એ પ્રયત્ન નહીં કરું. કારણ અત્યારે મારી પાસે વખત નથી. સમાધાનની મારી સૂચનામાં હું કોઈ પણ સિદ્ધાન્ત જતો કરતો નથી. સ્વેચ્છાએ બનેલા હરિજન તરીકે આ લડતમાં હરિજનની સ્થિતિમાં મુકાવાનો મેં પૂરો પ્રયત્ન કર્યો છે. મંદિરપ્રવેશની સામે વાંધા ઉઠાવનારને હું કહું છું: “તમે મારી હાજરીથી અથવા તો મારા સ્પર્શથી અભડાઈ જતા હો તો તમે એકલા મૂર્તિની પૂજા કરી શકો તે માટે તમને ખાસ જુદો સમય કાઢી આપવા હું તૈયાર છું. જે સચ્ચાઈનો હું મારે માટે દાવો કરું છું તે સચ્ચાઈ તમારામાં પણ માની લેવા હું તૈયાર છું. મંદિરમાં પૂજા કરવાનો અધિકાર જેટલો હું મારો માનું છું એટલો તમારો પણ છે. એટલે તમારે માટે નક્કી કરેલે વખતે તમે પૂજા કરો અને મારે માટે નક્કી કરેલે વખતે સુધારક હિંદુઓની સાથે હું પૂજા કરીશ. રૂઢિથી તમને એવું માનવાનું શીખવવામાં આવ્યું છે કે મંદિરમાં મારા પ્રવેશ કરવાથી મૂર્તિનો પ્રભાવ ઘટી જાય, જોકે હું એ વસ્તુ માનતો નથી, તોપણ હું એટલી છૂટ મૂકવા તૈયાર છું કે અમે પૂજા કરી લઈએ ત્યાર પછી મંદિરનો પૂજારી મંદિરની શુદ્ધિ કરે.”

પંડિત પંચાનન તર્કરત્ન આગળ સમાધાનની મારી સૂચના મેં મૂકી તે વખતે આવું બધું બને એમ મેં મારા મન સાથે વિચારી લીધું હતું. આ સૂચનાની પાછળ એક મોટી વસ્તુ ગૃહીત કરી લીધેલી છે કે હરિજનોના મંદિરપ્રવેશની સામે વાંધો ઉઠાવનારાઓ બહુ નજીવી લઘુમતીમાં હશે. એ ધારણા જો સાચી હોય તો જ આ સૂચનાની કાંઈ પણ કિંમત છે.

### સાચદિલીની આકરી કસોટી

તેથી મારી સૂચનામાં આ પ્રશ્ન સાથે લાગતાવળગતા તમામની અસરકારક અને આકરી કસોટી રહેલી છે. મંદિરપ્રવેશની સામે વાંધો

ઉઠાવનારાઓ, શાસ્ત્રીઓ સુધ્ધાં, જેને પોતે સનાતન ધર્મ ગણે છે તે ધર્મને કારણે વિરોધ કરવામાં સાચા હોય તો તેઓ મારી સૂચનાને ઝડપી લેશે. તે જ પ્રમાણે જો સુધારકો અને હરિજનો સાચા હશે તો તેઓ પણ મારી સૂચનાને આનંદથી આવકારશે અને સામા પક્ષ તરફથી તેનો સ્વીકાર થાય તો તેને સુધારાની દિશામાં એક મોટું પગલું ગણશે. જો અનુભવે એમ માલૂમ પડે કે સંયુક્ત સમયે પૂજા કરનારા સવર્ણ હિંદુઓની સંખ્યા બહુ નાની રહે છે તો સુધારકોને માટે એ હાર ગણાશે. અને હરિજનોએ, જ્યાં તેમને આવકાર નથી મળતો એવાં મંદિરમાં દાખલ થતાં અટકવું જોઈએ એમ ગણાશે. હરિજનોએ મંદિરમાં જવું જ હોય તો હિંદુઓ તરીકે અને સવર્ણ હિંદુઓની બહુ મોટી બહુમતી જેઓ એમ માનતી હોય કે અત્યાર સુધી અસ્પૃશ્ય ગણાતા વર્ગના સ્પર્શથી તેઓ જરાય અભડાતા નથી તેમના આવકારથી જ જવું જોઈએ.

### સૂચનાની ઉત્પત્તિ

આને બદલે બીજું કોઈ પણ નિરાકરણ બળજબરી સમાન થઈ પડશે. મારા પહેલાંના એક નિવેદનમાં મેં કહેલું તે તમને યાદ હશે કે જ્યાં જ્યાં મંદિરમાં જનારાઓની બહુમતી હરિજનોના મંદિરપ્રવેશની વિરુદ્ધ હોય ત્યાં ત્યાં હરિજનોએ જવું નહીં. પણ જ્યાં સુધારકો બહુમતીમાં હોય ત્યાં મંદિરનો કબજો હરિજનોની સાથે એ સુધારકોને મળવો જોઈએ અને લઘુમતીમાં રહેનારાઓની ઇચ્છા જો એવી હોય તો તેમણે પોતાને માટે જુદાં મંદિર બંધાવી લેવાં જોઈએ. પણ પંડિત પંચાનન તર્કરત્નની સાથે ચર્ચા ચાલતી હતી તે વખતે મારી આ સૂચનામાં મને દોષ દેખાયો. એ વસ્તુ નિઃશંક છે—એ વાત ખરી છે કે ખોટી એ અહીં પ્રસ્તુત નથી — કે હજારો લોકો પોતાના ઇષ્ટદેવનાં મંદિરોમાં અમુક વિશેષ પવિત્રતાનું આરોપણ કરે છે. તેમને મતે એ પવિત્રતાનું આરોપણ બીજી મૂર્તિમાં થઈ શકતું નથી. પ્રાચીન કાળથી ચાલતી આવેલી એ પવિત્રતા નવી મૂર્તિમાં અથવા નવા મંદિરમાં કેવળ માણસની ઇચ્છાથી આણી શકાય નહીં. તે ઉપરથી જ અત્યારે જાહેર કરેલી સૂચના મને સૂઝી આવી. એ સૂચનાની કાંઈ પણ કિંમત હોય તો મંદિરની શુદ્ધિ કરવાની વાતને મારે સ્વીકારવી જ જોઈએ. કારણ લઘુમતીની ધાર્મિક લાગણી પ્રત્યે બહુ ચીવટપૂર્વક આદર બતાવવાપણું એમાં રહેલું છે.

### શાસ્ત્રો વિષે બહુ આદર

જ્યારે તમે જોશો કે અહિંસા એ મારે માટે એવો ધર્મસિદ્ધાંત છે, જેનો અમલ કલ્પી શકાય તેવા દરેકેદરેક પ્રસંગમાં કરી શકાય એમ છે,

ત્યારે તમે મારી સાથે મળતા નહીં થાઓ તોપણ મારી વિચારસરણી પ્રત્યે તમે સહાનુભૂતિ તો ધરાવશો જ. મારા સિદ્ધાંતનો અમલ કરવામાં હું ઘણી વાર નિષ્ફળ જાઉં એવું બને, પણ તેથી એ સિદ્ધાંતની કિંમત ઓછી થતી નથી, તેમ એ વસ્તુ આ ચર્ચા સાથે પ્રસ્તુત પણ નથી. મારી અહિંસા મને એ શીખવે છે કે અમુક મંદિરમાં જવાની ટેવવાળા કોઈ પણ ભક્તની લાગણીને મારે આઘાત ન પહોંચાડવો જોઈએ. તમને હું એ વસ્તુ પણ યાદ રાખવા વીનવું છું કે મારી વિરુદ્ધ ગમે તે કહેવામાં આવે તોપણ મારે માટે તો અસ્પૃશ્યતા સામેની આ લડત શુદ્ધ ધાર્મિક લડત છે. હિંદુ ધર્મમાં બહુ મોટો સુધારો કરવાની આ ચળવળ છે. જે હિંદુ ધર્મ વિષે મેં કેટલીયે વાર કહ્યું છે કે આજે આપણે જાણીએ છીએ તેવી અસ્પૃશ્યતા જો નિર્મૂળ કરવામાં ન આવે તો એ હિંદુ ધર્મનો નાશ થવાનો છે. મારે એ પણ કબૂલ કરવું જોઈએ કે હિંદુ શાસ્ત્રોને જેવાં હું સમજું છું તે પ્રમાણે, તેમના પ્રત્યે મને ભારે ભક્તિ છે. પણ મારા ખ્યાલો બીજાઓ ઉપર હું જબરદસ્તીથી લાદી શકું નહીં. એકબીજાથી વિરોધી અર્થો અને વિરોધી ખ્યાલો રજૂ કરવામાં આવે છે ત્યારે મારા ખ્યાલોને મારે પોતાની મેળે કામ કરવા દેવું જોઈએ. એટલે જ્યાં જ્યાં મારાથી બની શકે એમ હશે ત્યાં ત્યાં મારું વલણ તો બીજા ખ્યાલો અને બીજા અર્થોને સગવડ કરી આપવાનું રહેશે.

તમે આ વસ્તુઓ ધ્યાનમાં રાખશો તો મારી સ્થિતિ સમજી શકશો એટલું જ નહીં પણ મને પૂરા હૃદયથી ટેકો આપશો. અને મારે તમારો ટેકો જોઈએ છે. મારે તો એકેએક હિંદુનો ટેકો જોઈએ છે. હું જાણું છું કે તમારું પત્ર પ્રાગતિક વિચાર ધરાવતા હિંદુઓના બહુ મોટા સમુદાયનું પ્રતિનિધિ છે અને જ્યારે તમે મને સમજવાનો પ્રયત્ન કરવાની તસ્દી લો છો ત્યારે તમારો પૂરેપૂરો ટેકો મેળવવાનો મારો પ્રયત્ન હું ઝટ છોડી દઉં એમ નથી.

તમે મને બહુ ખોટી રીતે પૂછ્યું છે કે, 'ઇંગ્લન્ડના રૂઢિચુસ્ત પક્ષો જે હિંદુસ્તાનને રાજકીય સુધારા મળવાનું લાંબા ભવિષ્ય સુધી મુલતવી રહે એમ ઇચ્છે છે તેમના અંતરાત્માને સંતોષવાને હું રાજી હોઉં ખરો?' મેં ઉપરના ફકરાઓમાં જે કહ્યું છે તે ધ્યાનમાં લેતાં મંદિરપ્રવેશ સંબંધમાં જે સ્થિતિ છે અને તમારા પ્રશ્નની પાછળ જે સ્થિતિ રહેલી છે તે બેની વચ્ચે કશું સામ્ય જ નથી, એવું બતાવવાનો પ્રયત્ન કરીને તમારી બુદ્ધિનું હું અપમાન કરીશ નહીં.

### ‘હરિજન’ શબ્દની ઉત્પત્તિ

છેવટે અસ્પૃશ્યો માટે ‘હરિજન’ શબ્દ વપરાય છે તેની સામે તમે વાંધો ઉઠાવો છો. મને લાગે છે કે એ શબ્દ પહેલપ્રથમ કેવી રીતે વપરાવા માંડ્યો તે તમે જાણતા નથી. કેટલાક ‘અસ્પૃશ્ય’ મિત્રો જેમને ‘અસ્પૃશ્ય’ કહેવડાવવું ગમતું નહોતું તેમણે એ શબ્દ સૂચવ્યો. અને એ શબ્દ સૂચવવાનું કારણ એ હતું કે ગુજરાતના એક ભક્તકવિએ પોતાના એક ભજનમાં અસ્પૃશ્યોના સંબંધમાં એ શબ્દ વાપર્યો છે એવો તેઓ અર્થ કરતા હતા. મેં તો એ શબ્દ તરત જ પકડી લીધો કારણ બીજી રીતે પણ એ બહુ બંધબેસતો છે. દુનિયામાં સૌથી વધુ તિરસ્કાર પામેલા લોકો ભગવાનના સૌથી વધારે પ્રીતિપાત્ર હોય છે.

એ શબ્દ વાપરવાના મૂળમાં અથવા તો તેને ચાલુ રાખવામાં કોઈ પણ જાતનું ગુલામી માનસ કેવી રીતે રહેલું છે તે હું સમજી શકતો નથી. આપણે એવી આશા રાખીએ કે અસ્પૃશ્યતાને પૂરેપૂરી દફનાવવામાં આવશે ત્યારે આપણે બધા હરિજનો થવાનો એટલે કે ભગવાનના ખરા ભક્ત થવાનો પ્રયત્ન કરીશું.

## ૨૩

# કૉંગ્રેસીઓને*

હમણાં હમણાં ઘણા કૉંગ્રેસીઓ મારી પાસે આવીને મને કહે છે કે જેલની અંદરથી અસ્પૃશ્યતાની સામે ચળવળ ચલાવવાનું કામ મેં શરૂ કર્યું છે તે બાબત કૉંગ્રેસી વર્તુળોમાં ગુસપુસ વાતો થયાં કરે છે, અને તેમને એ સમજાતું નથી કે પોતે સવિનયભંગનું કામ જ ચાલુ રાખવું કે અસ્પૃશ્યતા સામેની લડતમાં સક્રિય ભાગ લેતા થઈ જવું? આ સવાલથી મને કાંઈ નવાઈ લાગતી નથી. આ સવાલ પૂછનારાઓને હું આટલું કહી શકું એમ છું:

મારા વર્તનમાં કશી અસંગતિ હોય એમ મને લાગતું નથી. ઈશ્વરે મને જે કાંઈ બુદ્ધિ કે શક્તિ આપ્યાં છે તે વાપરવાનો પ્રસંગ આવ્યે તેનો હું ઉપયોગ ન કરું તેમાં પાપ ન હોય તોપણ મૂર્ખાઈ તો છે જ. સવિનયભંગને માટે મારી તમામ શક્તિનો હું ઉપયોગ કરી રહ્યો છું.

* ૧૮મું નિવેદન, તા. ૭–૧–૧૯૩૩

મને જણાયું કે તે ઉપરાંત હરિજનોની સેવા કરવાની મારામાં શક્તિ રહેલી છે, જે હું વાપરી શકું એમ છું, એટલે તે હું વાપરી રહ્યો છું. એમ કરવામાં મારા પ્રાપ્ત ધર્મમાંથી અથવા તો કર્તવ્યમાંથી હું જરાય ચ્યુત થતો નથી. હરિજનોની સેવા હું વધારામાં કરું છું. એટલે મારી આગળ બેમાંથી એકની પસંદગી કરવાનો સવાલ જ નહોતો. પણ હું જાણું છું કે જેઓ અત્યારે જેલની દીવાલોની બહાર છે તેમનો કેસ જુદો છે. જેઓ સવિનયભંગ કરનારા છે તેમણે એ નિર્ણય કરવાનો છે કે સવિનયભંગનું કામ ચાલુ રાખવું કે અસ્પૃશ્યતાનિવારણનું કામ ઉપાડી લેવું? એ લોકોને માટે આ સવાલનો નિર્ણય હું કરી શકું નહીં.

એક વખત જેલના દરવાજામાં પેઠો એટલે સવિનયભંગની ચળવળને કોઈ પણ રીતે દોરવાને માટે હું અસમર્થ થઈ જાઉં એવું મારા મનનું બંધારણ છે. હું દોરી શકું એમ હોઉં તોપણ મારે દોરવણી આપવી જોઈએ નહીં. કેમ કે હરિજનનું કામ કરવાને માટે મને જે વિશાળ છૂટો મળી છે, તેનો લાભ સીધી કે આડકતરી રીતે અને છૂપી કે ખુલ્લી રીતે આ ચળવળને દોરવામાં ન લેવાને હું વચનથી બંધાયેલો છું. એટલે મને પૂછ્યા વિના દરેક ભાઈબહેને પોતાનો નિર્ણય કરી લેવો જોઈએ.

### આમાં કશો કોયડો નથી

આવા વિચારો હું ધરાવતો હોવાથી મારી પત્નીને અને મારા દીકરાને પણ દોરવણી આપવાની મેં ના પાડી છે. અસ્પૃશ્યતા નાબૂદ કરવાની મારી અપીલ દરેક સવર્ણ હિંદુને છે, પછી તે કૉંગ્રેસી હોય કે બીજો કોઈ હોય. કારણ ઉપવાસના સપ્તાહ દરમિયાન મુંબઈમાં જે ઠરાવ થયો છે તેથી દરેક હિંદુ પોતાને અંગત રીતે લાગેવળગે છે ત્યાં સુધી અસ્પૃશ્યતા દૂર કરવાને અને પોતાના પાડોશીઓને પણ તેમ કરવા સમજાવવાને વચનથી બંધાયેલો છે. એના પહેલા ભાગમાં કેવળ એક માનસિક ક્રિયા કરવાપણું રહેલું છે, અને જ્યાં તે પ્રમાણે કાંઈ કાર્ય કરવાનું હોય ત્યાં પોતાના અંગત વર્તનમાં તે કરી બતાવવાપણું રહેલું છે. તેનો બીજો ભાગ અસ્પૃશ્યતાનિવારણ માટેનું પ્રચારકાર્ય છે. તેમાં દરેક ભાઈએ કે બહેને જ્યાં બેય કામ ન થઈ શકે એમ હોય ત્યાં એ પ્રચારકાર્યમાં પડવું કે પોતાનું હાલનું કામ ચાલુ રાખવું એ વચ્ચે પસંદગી કરવાની છે.

જે કૉંગ્રેસીઓ સવિનયભંગને વરેલા છે તેમની સામે આ કોયડો ઊભો થાય ખરો. પણ તે ત્યારે જ ઊભો થાય છે જ્યારે આ વિષે મારો શો અભિપ્રાય છે એ જાણવાના મિથ્યા પ્રયત્નમાં તેઓ પડે. હું ધારું છું

કે મેં તો મારી સ્થિતિ સ્પષ્ટ કરી છે, કે તેમણે શું કરવું એ વિષે મારો કશો અભિપ્રાય છે જ નહીં. જ્યારે જેલની અંદરથી અસ્પૃશ્યતાનું કામ ચલાવવાનો મેં નિર્ણય કર્યો ત્યારે મારી સામે કેવળ સવિનયભંગ કરનારાનો વર્ગ હતો જ નહીં, મારી સામે તો આખો હિંદુ સમાજ પડેલો હતો. એ આખો સમાજ આ કામમાં મને જવાબ આપવામાં નિષ્ફળ નીવડે તો સવિનયભંગ કરનારા એકલા આ જુગજૂના અનિષ્ટને દૂર કરી શકે નહીં. પરંતુ એવું બને કે સવિનયભંગ કરનારને અસ્પૃશ્યતાનિવારણનું કામ કરવાનો ખાસ આદેશ લાગે અથવા તો એને એમ લાગે કે શિસ્તબદ્ધ સવિનયભંગ કરવાની તાકાત પોતાનામાં રહી નથી, અથવા તો સવિનયભંગનો જુસ્સો ઓસરી ગયો છે, અથવા તો સવિનયભંગ જેવી વસ્તુ જ રહી નથી અને જે કાંઈ વિરોધ રહ્યો છે તેમાં વિનય નથી રહ્યો, અથવા તો એ અવિનયી થઈ ગયો છે.

એ ખુલ્લું છે કે આ બધા પ્રશ્નોની વિચારણામાં હું ઉપયોગી માર્ગદર્શન આપી શકું નહીં. આ બધા પ્રશ્નો એવા છે જે વિષે અત્યારે જેઓ બહાર છે તેઓ જ નિર્ણય કરી શકે. જો ઘણા માણસોના દિલમાં શંકા હોય તો તેઓ ભેગા થઈને વિચાર કરે અને અત્યારના સંજોગોમાં કયો માર્ગ લેવા જેવો છે એ વિષે નિર્ણય કરે. જેમના દિલમાં શંકા જ નથી તેઓ પેલો સુવિખ્યાત સંસ્કૃત શ્લોક[1] યાદ કરે જેનો બરાબર અર્થ એને જ મળતી એટલી જ સુવિખ્યાત અંગ્રેજી કહેવતમાં આવી જાય છે. 'હોય તેથી વધારે લેવા જતાં મૂળગું ખોઈ બેસાય છે.'[2]

---

૧. यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिसेवते ।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च ॥

૨. Much wants more and loses all.

## ૨૪

# આંતરવિગ્રહ અશકય છે

૧૬મી જાન્યુઆરી ૧૯૩૩ના રોજ એ. પી. આઈ. ના પ્રતિનિધિને મુલાકાત આપતાં ગાંધીજીએ, અમદાવાદના શેઠ ચિમનલાલ ગિરધરદાસ પારેખે વાઇસરૉયને કરેલા તાર વિષે આશ્ચર્ય વ્યક્ત કર્યું. એ તારમાં વાઇસરૉયને એવી આગ્રહભરી વિનંતી કરવામાં આવી હતી કે અસ્પૃશ્યતાને લગતા એ કાયદાને ધારાસભાઓમાં રજૂ કરવાની મંજૂરી તમારે ન આપવી. તેમાં એમ પણ જણાવ્યું હતું કે જો મંજૂરી આપવામાં આવશે તો ધાર્મિક આંતરવિગ્રહ થવાની સબળી શકયતા છે.

ગાંધીજીએ કહ્યું : મારી ખાતરી છે કે શેઠ ચિમનલાલ એમ માની શકે જ નહીં કે દેશમાં આંતરવિગ્રહની જરાય શકયતા છે. સનાતનીઓને કરેલી મારી અપીલમાં મેં સ્પષ્ટ કર્યું છે કે આવું બને એમ હું કલ્પી જ શકતો નથી. સુધારકોને કોઈ પણ ઓળખતું હોય તો જરૂર હું તેમને ઓળખું છું. વિગ્રહ તો ત્યારે જ થાય જ્યારે એકબીજા સામે લડવાને માટે બેય પક્ષ તૈયાર હોય. બે હાથ વિના તાળી પડી શકે નહીં. જેઓ પોતાને સનાતની કહેવડાવે છે તેઓ વિગ્રહ કરવાનો આદર કરશે તોપણ હવામાં પોતાનાં શસ્ત્રો તે વીંઝવાના છે. પણ વિગ્રહ શા માટે થવો જ જોઈએ ? વાઇસરૉયે મંજૂરી આપવાનો વિધિ કરવાનો છે તે પસાર થયેલા કાયદાને નહીં પણ રજૂ કરવાના કાયદાને છે અને એ કાયદો પસાર થયા પછી પણ તેમાં લડાઈને માટે તો જરાય અવકાશ નથી.

લડાઈનો સંભવ તો તો ગણાય જો બાજી સુધારકોના હાથમાંથી ચાલી જાય અને નિરાશ થયેલા તથા ઉશ્કેરાયેલા હરિજનો પોતાના તરફથી આ વસ્તુ ઉપાડે અને સવર્ણ હિંદુઓના આખા સમુદાય સામે પોતાના હકો માટે લડે. પણ 'સનાતન ધર્મ'ની આબરૂ સાચવવા માટે સુધારકો જીવતા છે ત્યાં સુધી તો આવી શકયતા બહુ દૂરની છે.

આ કાયદો તો જ પસાર થઈ શકે જો સંગીન હિંદુ લોકમત તેની પાછળ હોય. જો લોકમતનું પીઠબળ ન હોય તો કાયદો પસાર થઈ શકે નહીં. એટલે હું તો આશા રાખું છું કે તમે હમણાં જે તાર પ્રત્યે મારું ધ્યાન ખેંચ્યું છે તેનાથી કોઈએ ભડકવાની જરૂર નથી.

૨૫

# હિંદુ સમાજને પડકાર*

દેશ સમક્ષ અસ્પૃશ્યતાને લગતાં જે બે બિલો અત્યારે છે તે સંબંધમાં સરકારનો ચુકાદો છે કે બન્ને બિલોને તે તે ધારાસભા આગળ તથા દેશ આગળ રજૂ કરવા દેવાની પરવાનગી સરકાર આપતી નથી, એ વાંચીને હું મારી દિલગીરી વ્યક્ત કર્યાં સિવાય રહી શકતો નથી. ડૉ. સુબ્બારાયનનું બિલ મંદિરપ્રવેશના ખાસ મુદ્દા પૂરતું જ અને તે પણ મદ્રાસ પ્રાન્ત પૂરતું જ મર્યાદિત છે. વળી મંદિર ખુલ્લું મૂકવું કે નહીં તેનો આધાર એ મંદિરમાં જવાનો હક ધરાવનારા લોકોની બહુમતીના અભિપ્રાય ઉપર રહે છે. તેથી જુદા જુદા પક્ષો વચ્ચે અથડામણ થવાનો સંભવ ઓછામાં ઓછો રહે છે; અને જો સુધારકો પોતાનો ભાગ બરાબર ભજવે, એટલે કે મારા સમાધાનમાં મેં સૂચવ્યું છે તે પ્રમાણે તદ્દન નજીવી લઘુમતી હોય તેની ધાર્મિક લાગણીને પણ તેઓ માન આપે તો અથડામણનો સંભવ જરાય રહેતો નથી. પણ આ પ્રમાણે થવાનું નિર્માયું નહીં હોય. સનાતની લોકોની રજૂઆત પ્રમાણે તો ચુસ્ત સનાતની દૃષ્ટિએ બન્ને બિલોમાં મદ્રાસનું બિલ ઓછું અનિષ્ટકારી હતું. તેને પહોંચી વળવાનું સુધારકોને માટે અને અંગત રીતે મારે માટે પણ, હોડમાં મુકાઈને ઉપવાસ કરનાર તરીકે, વધારે સહેલું હતું. વાઇસરૉયે મંજૂરી આપી હોત તો એવો ઘણો સંભવ છે કે ગુરુવાયુરની બાબતમાં મારા ઉપવાસ અટકી શક્યા હોત.

પરંતુ હિંદ સરકારે જુદું જ ઇચ્છયું હતું. તેમાં પણ ઈશ્વરનો હાથ જોવાનો મારે પ્રયત્ન કરવો જોઈએ. એ મારી પૂરેપૂરી કસોટી કરવા માગે છે. તેને જો કસોટી કરવી હોય તો તે માટે પૂરતું બળ પણ તેણે જ આપવું જોઈશે. જેઓ પૂરેપૂરા તેની ઇચ્છાને આધીન થાય છે તેમને એવું બળ આપવાનો તેણે હંમેશાં કોલ આપેલો જ છે.

અખિલ ભારતીય સ્વરૂપનું બિલ ટૂંકું ને ટચ છે. એ નકારાત્મક સ્વરૂપનું હોઈ એક રીતે સુધારકને તે કશી સીધી મદદ કરતું નથી. એમાં તો માત્ર કોઈ પણ અથવા હરેક સનાતની જે આખા હિંદુ સમાજ ઉપર પોતાની ઇચ્છા લાદવા માટે સરકારી અદાલતોની મદદ લેવાનો પ્રયત્ન કરે,

* ૧૯મું નિવેદન, તા. ૨૪-૧-૧૯૩૩

અને એમ કરીને હિંદુ સમાજને જે રિવાજ હિંદુ શાસ્ત્રોથી વિરુદ્ધ લાગતો હોય અને માણસની સાહજિક નૈતિક બુદ્ધિને પણ ન રુચે એવો હોય, એવા રિવાજનો અમલ કરાવવા પ્રયત્ન કરે, તેને મદદ આપવાની ના પાડે છે. તે કાયદેસરની અસ્પૃશ્યતાને નાબૂદ કરે છે અને સામાજિક તથા ધાર્મિક અસ્પૃશ્યતાને તેના ભાવી ઉપર છોડે છે. આ બિલને આપેલી મંજૂરી, ભલે એવો ઇરાદો તેમાં ન હોય તોપણ, એ હિંદુ ધર્મને અને સુધારકને પડકાર સમાન છે. જો સુધારક પોતાની જાત પ્રત્યે સાચો નીવડશે તો હિંદુ ધર્મ પોતાની મેળે પોતાનું ફોડી લેશે.

આ રીતે વિચારતાં હિંદી સરકારનો નિર્ણય ઈશ્વરપ્રેરિત ગણવો જોઈએ. એ મુદ્દાની ચોખવટ કરે છે. હિંદુસ્તાન માટે અને દુનિયાને માટે હિંદુસ્તાનમાં ચાલી રહેલા નૈતિક પ્રયાસનું ભારે મહત્ત્વ સમજવાનું તે સહેલું કરી મૂકે છે. જે સ્વાભાવિક ભૂમિકા ઉપર તે બીતે બીતે જતો હતો તે ભૂમિકા ઉપર એકસપાટે તે એને લઈ જાય છે.

આજીવન સુધારક અને લડવૈયા તરીકે આ પડકારને પૂરી નમ્રતાથી મારે સ્વીકારી લેવો જોઈએ. પૂજ્ય પંડિત મદનમોહન માલવિયાજીના પ્રમુખપણા નીચે જે ઠરાવ પસાર થયો છે તેની સાથે સીધો કે આડકતરો સંબંધ જેને હોય તે દરેક હિંદુએ પણ આ પડકાર સ્વીકારી લેવો જોઈએ. એ ઠરાવ આ પ્રમાણે છે :

“આ પરિષદ ઠરાવ કરે છે કે હવે પછી હિંદુ સમાજમાં જન્મને કારણે કોઈને પણ અસ્પૃશ્ય ગણવામાં આવશે નહીં. અને આજ લગી જેઓને અસ્પૃશ્ય ગણવામાં આવ્યા છે તેઓના સાર્વજનિક કૂવા, સાર્વજનિક રસ્તા અને સાર્વજનિક સંસ્થાઓના ઉપયોગ પરત્વે બીજા હિંદુઓના જેટલા જ અધિકાર ગણાશે. આ અધિકારોને પહેલામાં પહેલી તકે કાયદાની માન્યતા આપવામાં આવશે अने जो तेवी मान्यता वहेली नहीं मळी चूकी होय तो તે માટેનો કાયદો સ્વરાજ પાર્લમેન્ટના પહેલામાં પહેલા કાયદાઓમાંનો એક હશે.

વિશેષમાં, એમ ઠરાવવામાં આવે છે કે કહેવાતા અસ્પૃશ્યો ઉપર ચાલુ રૂઢિ અનુસાર અત્યારે જે સામાજિક હાડમારીઓ, મંદિરપ્રવેશના પ્રતિબંધ સુધ્ધાંની, નાખવામાં આવે છે તે, ન્યાયી અને શાન્તિમય એવા તમામ માર્ગે વહેલામાં વહેલી દૂર થાય એ જોવાની તમામ હિંદુ આગેવાનોની ફરજ ગણાશે.”

ઉપરના ઠરાવમાં નાગરી અક્ષરે છાપેલા શબ્દો વાચકે કાળજીપૂર્વક ધ્યાનમાં રાખવા જોઈએ. આ ઠરાવમાં જો શક્ય હોય તો ધારણા એવી

રાખવામાં આવી છે કે સ્વરાજ પાર્લમેન્ટની સ્થાપના થાય તેની પણ પહેલાં અસ્પૃશ્યતા કાયદામાં તો નાબૂદ થઈ જ જવી જોઈએ. આપણી સામે એ તક હવે આવીને ઊભી છે. કોઈ હિંદુ જો હિંદુ ધર્મની આબરૂને માટે અથવા તો હરિજનોને આપેલા વચનને માટે ધગશ રાખતો હોય તેણે આ તક છટકવા દેવી જોઈએ નહીં. સનાતનીઓએ પણ, અખિલ ભારતીય બિલનો જે અર્થ હું કરું છું તે તેઓ કરતા હોય તો આ બિલનો વિરોધ કરવો જોઈએ નહીં. કારણ એ લોકોએ મને શું એવું કહ્યું નથી, અને પોતાના લેખોમાં પણ એવું જણાવ્યું નથી, કે હરિજનોને સવર્ણ હિંદુઓના જેટલા જ રાજકીય અને નાગરિક હકો મળે તેની સામે તેમને જરાય વાંધો નથી? બીજા શબ્દોમાં કહીએ તો કાયદાની નજરે હરિજનોને બીજા લોકોના સરખા ગણવામાં આવે તેમાં તેમને વાંધો નથી. ધર્મની નજરે તેઓ સરખા ન ગણાય એની સાથે સનાતનીને અને એની ધર્મબુદ્ધિને લેવાદેવા છે. પણ હવે એક માનવબંધુ ઉપર પોતાની ધર્મબુદ્ધિ લાદવા માટે એ કાયદાની મદદ લઈ શકશે નહીં. જે સનાતની શાસ્ત્રીઓને મળવાનો આનંદ મને મળ્યો છે તેઓ મારી આગળ એવા જ શ્લોકો ટાંકી શક્યા છે કે કોઈ માણસ 'અસ્પૃશ્ય'ના સ્પર્શથી અભડાઈ ગયો હોય તો તેણે શુદ્ધ થવા માટે કાં તો સ્નાન કરવું કાં તો પાણીનું આચમન કરી લેવું. 'અસ્પૃશ્ય' માણસ કોઈ સાર્વજનિક સ્થળે, મંદિરમાં સુધ્ધાં, દાખલ થાય તો તે બદલ તેને સજા કરવાનું કોઈ પણ જગ્યાએ જણાવ્યું નથી. એક ધર્મતંત્રના નિયમના ભંગનો ગુનો કરવા માટે કોઈ 'અસ્પૃશ્ય'ને સજા કરવા સારુ રાજ્યના કાયદાની મદદ કોઈ પણ પ્રસંગે લેવાવી જોઈએ નહીં. આ બિલ કાયદાની આવી દરમિયાનગીરીને વાજબી રીતે અશક્ય બનાવે છે.

આ બિલ પ્રમાણે હરિજનો માટે મંદિરો ખોલવાનું પરસ્પર સમજૂતીથી ગોઠવાઈ શકાશે. મંદિરમાં જનારા લોકોનો મત સુધારાને માટે પરિપક્વ નહીં થયો હોય ત્યાં સ્વાભાવિક રીતે જ હરિજનો મંદિરોમાં દાખલ થઈ શકશે નહીં. જ્યાં લોકમત પરિપક્વ થયો હશે ત્યાં બહુમતીની ઇચ્છાને નિષ્ફળ બનાવવા કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓ કાયદાનો આશ્રય લઈ શકશે નહીં.

### ચળવળ વ્યાપક થાય છે

પરંતુ સનાતનીને જે નિર્ણય કરવો હોય તે કરે. મંદિરપ્રવેશની ચળવળ છેક દક્ષિણમાં ગુરુવાયુરથી માંડીને ઉત્તરમાં હરદ્વાર સુધી વ્યાપક થાય છે. મારા ઉપવાસ પણ જોકે અત્યારે મુલતવી રહે છે તોપણ હવે તે

કેવળ ગુરુવાયુર ઉપર આધાર રાખતા નથી. હવે તો આપોઆપ એ તમામ મંદિરોને લાગુ પડશે. એટલે કે મદ્રાસનું બિલ જે કેવળ ગુરુવાયુર પૂરતું હતું તે બાબતમાં સુધારકો શું કરે છે તેના ઉપર મારા ઉપવાસ અવલંબિત રહેતા નથી, પણ અખિલ ભારતીય બિલ જે ગુરુવાયુર સુધ્ધાં બીજાં બધાં મંદિરોને લાગુ પડે છે તેના ઉપર અવલંબિત રહે છે.

મારી આખી જિંદગીમાં હંમેશાં આવું જ બનતું આવ્યું છે. એક પગલા ઉપરથી સ્વાભાવિક રીતે જ મારી ઇચ્છા હોય કે ન હોય છતાં હું બીજા પગલા ઉપર ગયો છું. હું મારું લક્ષ્ય મદ્રાસ બિલ પૂરતું જ મર્યાદિત રાખવા માગતો હતો. મારે માટે તે પૂરતું હતું. ગયા શનિવારે જ એટલે તા. ૨૧મી જાન્યુઆરીએ એ. પી.ના દિલ્હીના ખબરપત્રીએ કરેલી આગાહી વિષે મારો મત પૂછવામાં આવ્યો ત્યારે મદ્રાસ બિલની અપેક્ષાએ અખિલ ભારતીય બિલ વિષે કશો અભિપ્રાય આપવાની મેં ના પાડી હતી. એ વધારે મોટી અને વધારે ગંભીર જવાબદારી ઉઠાવવા હું તૈયાર નહોતો. પણ હવે એક સિદ્ધ વસ્તુ તરીકે મારી ઉપર એ જવાબદારી આવી જ પડી છે ત્યારે હું પાછો હઠી શકું નહીં.

## પ્રાયશ્ચિત્ત દ્વારા પ્રચાર

સરકારી જાહેરનામા ઉપરથી કોઈને એવો વિચાર આવે કે આ બિલનો અંત એક લાંબી નિષ્ફળ વેદનામાં આવવાનો છે, અને તે રાજ્યના કાયદાનું રૂપ કદી ધારણ કરી શકવાનું નથી. પોતાની દૃષ્ટિએ વધારેપડતા સાવધ થવામાં તેઓ ખરા છે. પણ જો હિંદુ અંતરાત્મા આજે ચાલે છે તેવી અસ્પૃશ્યતાની સામે ખરેખરો જાગ્રત થયો હોય તો આ બિલને કાયદો થતાં વાર લાગે નહીં. હિંદુ લોકમત તેની તરફેણમાં અસંદિગ્ધ રીતે વ્યક્ત થાય તો સરકાર તેનો વિરોધ કરી શકે નહીં. સનાતનીઓના વિરોધ છતાં મારી માન્યતા એવી છે કે હિંદુઓનો બહુ વિશાળ સમુદાય જોકે અસ્પૃશ્યતાને નાબૂદ કરવાને ઉત્સાહભર્યાં પગલાં ન લે એવું બને, છતાં તેનો અભિપ્રાય અસ્પૃશ્યતાની વિરુદ્ધ છે. આ શ્રદ્ધા જ મને ટકાવી રહી છે. અસ્પૃશ્યતામાં રહેલા અન્યાયને વિષે આટલાં વર્ષો થયાં ચાલેલા કામથી હિંદુ માનસની ખાતરી ન થઈ ચૂકી હોય તો હવે સામાન્ય પ્રચારથી તેની ખાતરી થવાની નથી. તે માટે તો જેમ પહેલાં બન્યું છે તેમ પ્રાયશ્ચિત્ત દ્વારા અસાધારણ પ્રચારની જરૂર પડશે. એવું બને કે હિંદુ જનસમુદાય સાથે જેણે પોતાનું જીવન એક બનાવી દીધું છે એવા માણસના ઉપવાસની ઉત્તેજનાની જરૂર હોય. જો એમ હશે તો તેમને એ મળી રહેશે. તેમણે

કાં તો અસ્પૃશ્યતાને નિર્મૂળ કરવી જોઈએ કાં તો પોતાની વચ્ચેથી મને દૂર કરવો જોઈએ.

### દિવ્ય પ્રેમનો પુકાર

મને ફરી પોકારવા દો—મારો એ પોકાર હજારમી વારનો હોય તોપણ,—કે મારે માટે તેમ જ મારા સાથીઓને માટે અસ્પૃશ્યતાનિવારણ એ એક અનિવાર્ય ધાર્મિક ફરજ થઈ પડી છે. હરિજનોને માટે મંદિરો ખુલ્લાં મૂકવાં એ એક શુદ્ધ આધ્યાત્મિક કાર્ય હોઈને અસ્પૃશ્યતાનિવારણની એ અનિવાર્ય કસોટી છે. આ એક જ વસ્તુ એવી છે જે હરિજનોમાં નવા જીવનનો અને નવી આશાનો સંચાર કરશે. તેમના કેવળ આર્થિક ઉદ્ધારથી તેમ થઈ શકે નહીં. આર્થિક અને બીજો ઉદ્ધાર મંદિરપ્રવેશની પાછળ આવશે, જેમ ઉષાની પાછળ સૂર્ય આવે છે તેમ. હરિજનો માટે મંદિરો ખોલવાનું એક જ કાર્ય હિંદુ ધર્મને વિશુદ્ધ કરશે અને સવર્ણ હિંદુઓનાં તથા હરિજનોનાં દિલ નવા પ્રકાશને માટે ઉઘાડશે. મંદિરોનો સંદેશો એકેએક હરિજનના ઘરની અંદર ઊંડે સુધી પહોંચશે. આર્થિક અને કેળવણીવિષયક ઉદ્ધારનો સંદેશો તો જે વ્યક્તિઓને તેનો લાભ મળશે એમને જ સ્પર્શ કરશે. મારી માફક જેઓ માનતા હોય કે મંદિરો એ હિંદુ ધર્મનું એક અવિભાજ્ય અંગ છે, જેમ દેવળ ખ્રિસ્તી ધર્મનું અને મસ્જિદ ઇસ્લામનું છે તેમ, તેઓ આ મારી વાત સહેલાઈથી સમજી શકશે. દરેક હરિજને એકદમ મંદિરોમાં પ્રવેશ કરવો જોઈએ એ કાંઈ આવશ્યક નથી. એ જાણે કે એને હક મળ્યો છે એટલું પૂરતું અને આવશ્યક છે.

અને હિંદુ ધર્મમાં ધાર્મિક દૃષ્ટિએ ઉપવાસો અને એના જેવાં બીજાં વ્રતોને સ્વાભાવિક અને આવશ્યક સ્થાન છે. દિવ્ય પ્રેમના સાચા પુકારમાં જો કાંઈ જબરદસ્તી હોય તો આવા ઉપવાસ આદિમાં જરાય વધારે જબરદસ્તી નથી.

## ૨૬

# ધર્મનો સવાલ

[તા. ૨૭-૧-૧૯૩૩ના રોજ ગાંધીજીએ એ. પી. આઈ. ને આપેલી મુલાકાતનો હેવાલ.]

શ્રી વી. વી. શ્રીનિવાસ આયંગરે મદ્રાસમાં સનાતનીઓની સભા આગળ એક ભાષણ આપ્યું હતું અને તેનો હેવાલ ત્યાંનાં સ્થાનિક છાપાંઓમાં છપાયો હતો તે ભાષણમાંનાં નીચેનાં વાક્યો તરફ ગાંધીજીનું ખાસ ધ્યાન દોરવામાં આવ્યું હતું:

"મિ. ગાંધી જે હરિજનોના મંદિરપ્રવેશના મોટા પુરસ્કર્તા છે તેમણે જાહેર કર્યું છે કે એ ચળવળ રાજદ્વારી નથી પણ ધાર્મિક છે. . . . મારા અભિપ્રાય પ્રમાણે આ ચળવળ ધાર્મિક નથી પણ એક મોટી રાજદ્વારી ચળવળ છે. મિ. ગાંધીના રાજકારણ માટે એ આવશ્યક હતું કે સરકારની સામે એક સંયુક્ત મોરચો રચવામાં આવે. તે માટે હરિજનોને પોતાના પક્ષમાં લેવાનું બહુ આવશ્યક હતું. . . . અત્યારનો મંદિરપ્રવેશનો પ્રશ્ન મિ. ગાંધી અને તેના અનુયાયીઓની એક રાજદ્વારી બાજી છે, જેને લઈને હરિજનોના નવા પક્ષને કૉંગ્રેસમાં વાળી શકાય."

ગાંધીજીએ કહ્યું કે શ્રી આયંગર જેવા એક વખતના જજ આટલી બિનજવાબદારીથી બોલે છે તે જોઈને મને આશ્ચર્ય અને દુઃખ થાય છે. તેમણે જો ચળવળનો અભ્યાસ કરવાની તસ્દી લીધી હોત તો તેમને તરત જણાયું હોત કે મારે (ગાંધીજીને) માટે અસ્પૃશ્યતાનિવારણ, હું રાજ્યપ્રકરણ વિષે સમજતો થયો તેનીયે અગાઉનો એક ધાર્મિક સવાલ છે. જો હું ધાર્મિક વૃત્તિને બદલે રાજદ્વારી વૃત્તિથી જ દોરવાયો હોત તો તો મંદિર-પ્રવેશના પ્રશ્નને આ કાર્યક્રમમાંથી બાકાત રાખત, અને હરિજનોના કેવળ આર્થિક અને કેળવણીવિષયક પ્રશ્ન ઉપર જ મારું બધું ધ્યાન કેન્દ્રિત કરત. પણ આ પ્રશ્ન ઉપાડીને તો મારી જે કાંઈ પ્રતિષ્ઠા હોય તે મેં જોખમમાં નાખી છે. કારણ હું માનું છું કે હરિજનોને મંદિરપ્રવેશ ન મળે ત્યાં સુધી હિંદુ સમાજમાંથી અસ્પૃશ્યતા નાબૂદ થઈ છે એમ ન કહેવાય.

## સનાતનીઓ પાસે માગણી

ગાંધીજીએ ઉમેર્યું : શ્રી આયંગર અને બીજા સનાતનીઓ જેઓ એમ કહે છે કે અમે હરિજનો પ્રત્યે ખરાબ વર્તાવ રાખવા માગતા નથી અને એમની આર્થિક તથા બીજી સાંસારિક સ્થિતિ સુધારવા ઇચ્છીએ છીએ તેમની આગળ આ માગણી હું રજૂ કરું છું. તેઓ હરિજન સેવક સંઘમાં જોડાય, તેને નાણાંની મદદ કરે અને હરિજનોની સાંસારિક સ્થિતિ સુધારવાનો કાર્યક્રમ હાથ ધરે. કેવળ મંદિરપ્રવેશનો પ્રશ્ન મારા ઉપર અને મારા જેવો વિચાર કરનારા ઉપર છોડી દે. શ્રી આયંગર જાણતા હોવા જોઈએ કે સંઘમાં કૉંગ્રેસીઓ બહુ થોડા છે. તેમાં ઘણા આગેવાન લિબરલો જોડાયેલા છે. સનાતનીઓ કહે છે તે પ્રમાણે સાચે જ કરવા ઇચ્છતા હોય તો સંઘને નાણાં અને કાર્યકર્તાઓ પૂરા પાડીને સંઘનો કબજો તેઓ લઈ શકે છે અને સંઘની નીતિ ઘડી શકે છે. આ વસ્તુ તેમને અનુકૂળ ન આવતી હોય તો તેઓ બીજી હરીફ સંસ્થા કાઢે અને આખા દેશમાં તેની શાખાઓ ફેલાવે અને એમ કરીને હરિજનોને ઉપકારવશ કરી તેમનાં હૃદય જીતી લે. હું મંદિરપ્રવેશની ચળવળ ચલાવીને ધાર્મિક પુણ્ય મેળવવાનો અને એકસપાટે હરિજનો અને સવર્ણ હિંદુઓનો ઉદ્ધાર થઈ શકે છે, બન્નેની વિશુદ્ધિ પણ થઈ શકે છે, અને આપોઆપ હરિજનોની સાંસારિક સ્થિતિ પણ સુધારી શકાય છે, એ બતાવવાનો ચાન્સ લઈશ. શ્રી આયંગરે સમજવું જોઈએ કે મોટા જનસમુદાયને લાગતીવળગતી બાબતમાં કોઈ 'બાજી' બહુ ચાલી શકે નહીં. તેમને તો દરેક માણસ અપીલ કરી શકે અને સમજાવી શકે. એટલે ત્યાં તો આખરે પ્રમાણિકતા અને સંગીન કામ એ જ ફાવી શકે.

## આ ધાર્મિક બાબતમાં દખલગીરી નથી

ધાર્મિક બાબતમાં દખલગીરીનો આક્ષેપ મૂકવામાં આવે છે એ પ્રશ્ન વિષે તો પહેલાંના નિવેદનમાં મેં કહેલું જ છે. મારા વિચારની અહીં હું પુનરુક્તિ કરું કે જ્યારે લોકોના હાથમાં ખરી સત્તા આવશે ત્યારે પણ રાજ્ય તરફથી ધાર્મિક દખલગીરી થાય એનો વિરોધ કરવામાં હું અગ્રણી હોઈશ. પણ સનાતનીઓ બેય તરફનો લાભ લઈ શકે નહીં. મારા જેવાને જે એક પૂર્વગ્રહ અથવા તો એથીયે ખરાબ વસ્તુ લાગે છે તે ટકાવી રાખવા માટે એમને કાયદાની મદદ પણ લેવી છે —જેવી તેમણે પહેલાં લીધી હતી— અને જ્યારે હું એ દરમિયાનગીરી દૂર કરવાનો પ્રયત્ન કરું છું ત્યારે એ પૂર્વગ્રહના ટેકેદારો ધાર્મિક બાબતમાં દખલગીરીનું બુમરાણ

મચાવવા તૈયાર થયા છે. ખરેખર હું તો એમના એ પૂર્વગ્રહને પણ માન આપવાને તૈયાર છું. કારણ હું જોઉં છું કે મને જે પૂર્વગ્રહ લાગતો હોય એ બીજાને સાચું જ્ઞાન લાગતું હોય. પણ આ વસ્તુ એવી છે જેને માટે કાયદાની મદદ લઈ શકાય જ નહીં. કાયદો તો પોતાની સમક્ષ આવતા પ્રશ્નોનો દુન્યવી રીતે જ વિચાર કરી શકે. કોઈ આગમ અથવા શાસ્ત્રમાં ચોરીનું સમર્થન કર્યું હોય તો તેથી કાંઈ કાયદો તેને માન્ય રાખી શકે નહીં. મને પોતાને આશ્રમમાં એવા પડોશીઓ મળ્યા છે જેઓ પ્રમાણિકપણે એમ માને છે કે તેમની નાતને ખુદ ઈશ્વરે ચોરી કરવાનો ધંધો બક્ષ્યો છે. હું તેમના એ પૂર્વગ્રહને પણ કદાચ માનવા તૈયાર થાઉં પણ કાયદો ન માને. આ હું કાલ્પનિક દાખલો નથી આપતો પણ અત્યારના વાસ્તવિક અનુભવની વાત કરું છું.

### હિંદુ ધર્મની વિશુદ્ધિ થવી જોઈએ

શ્રી આયંગર મારે વિષે કહે છે કે હું શાસ્ત્રોમાં માનતો નથી. આ આક્ષેપના સમર્થનમાં મારું એક પણ વાક્ય તેઓ બતાવી શકશે નહીં. શાસ્ત્રોનો પોતે કરેલો જ અર્થ અચૂક હોવાનો તેઓ દાવો કરે છે અને તેના પ્રામાણ્ય વિષે પોતાનો જ નિર્ણય ખરો માને છે તે માટે તેમને વધારેપડતા ભલા વકીલ ગણવા જોઈએ. તેઓ અને તેમના બીજા સાથીઓ, જેઓ મારી સામે તરેહતરેહના આક્ષેપો કરે છે અને એ આક્ષેપો સાબિત કરવાને માટે મારાં લખાણોને મારે મચડે છે, તેમને હું પૂછું છું કે આવી રીતોથી તમે સનાતન ધર્મને ટકાવી રાખી શકવાના છો? હું જ્યારે કહું છું કે નવો ધર્મ સ્થાપવાની અથવા તો નવો ધર્મસંપ્રદાય ચલાવવાની મારી જરા પણ ઇચ્છા હોય તો તેમ કહેવાની શક્તિ હું ધરાવું છું એ તેઓ માને. પણ હિંદુ ધર્મ મારફત જ પ્રકાશ, આનંદ અને શાન્તિ મેળવવા સિવાય આ દુનિયામાં મારી બીજી કશી ઇચ્છા નથી. એ કારણે જ હું તેને વિશુદ્ધ થયેલો જોવા ઇચ્છું છું. હિંદુ ધર્મ મને સંતોષ આપે છે કારણ એને હું જેવી રીતે સમજ્યો છું અને જે રીતે એ હું આચરી રહ્યો છું એ રીતે બીજા બધા ધર્મો પ્રત્યે પૂરેપૂરો સમભાવ રાખવાની અને બીજા ધર્મનાં અનુયાયીઓને પણ મારાં સગાં ભાઈબહેન ગણવાની તે મને પ્રેરણા આપે છે. ગીતાનો, વેદોનો, ઉપનિષદોનો, ભાગવતનો અને મહાભારતનો મારા ખ્યાલ પ્રમાણેનો હિંદુ ધર્મ મને શીખવે છે કે જીવમાત્ર એક છે અને ઈશ્વરની આગળ કોઈ ઊંચું નથી તેમ કોઈ નીચું નથી. વાદવિવાદ કરવાનો મને કંટાળો છે, પણ અસત્યનો અને અશુદ્ધિનો મને તેથીયે વધારે કંટાળો છે. એ અનિષ્ટો સામે લડવામાં મારી સાથે ભળવાને હું સનાતનીઓને નિમંત્રું છું.

## ૨૭

# પૂજાર્થીનો હક

પુરીના જગદ્‌ગુરુ શંકરાચાર્યે શ્રી રંગા આયરને લખેલા કાગળ ઉપર અને શ્રી રંગા આયરે આપેલા તેના જવાબ ઉપર ટીકા કરતાં ગાંધીજીએ એ. પી. આઈ. ને આપેલી મુલાકાતમાં નીચે પ્રમાણે કહ્યું :

ખરેખર મને દિલગીરી થાય છે કે જગદ્‌ગુરુએ આ બિલો વિષે આવો કાગળ લખ્યો. મારો અભિપ્રાય એવો છે કે એ બિલો કોઈ પણ રીતે અથવા કોઈ પણ રૂપમાં ધાર્મિક સ્વાતંત્ર્યમાં દખલ કરતાં નથી. તેથી ઊલટું બંને બિલો ધાર્મિક સ્વાતંત્ર્યનું બરાબર રક્ષણ કરે છે. જગદ્‌ગુરુએ કરેલી સરખામણી પણ સાચી નથી. જેનું શાસ્ત્રીય જ્ઞાન જોઈએ એવો કોઈ શાસ્ત્રીય પ્રશ્ન જ આ બિલોમાં નથી, જે નિર્ણય માટે લોકો આગળ રજૂ કરવો જોઈએ. પૂજા કરતી વખતે પોતાની સાથે કોણ આવી શકે અને કોણ નહીં એનો નિર્ણય કરવાનો પૂજાર્થીને હમેશાં હક છે. તમારે એને ધર્મનો ફેરફાર કહેવો હોય તો કહો પણ એ હકથી તમે લોકોને વંચિત કરી શકો નહીં.

લોકો પાસેથી જે હક કદી ખૂંચવી લેવાવો જોઈતો નહોતો તે હક તેમને પાછો આપવામાં કશી ધાર્મિક દખલગીરી થતી નથી. જો એટલું કબૂલ રાખવામાં આવે કે મંદિરમાં પૂજા માટે જનારામાંના સોએ સો ટકાની એવી ઇચ્છા હોય તો તેઓ મંદિરમાં દાખલ થવાના નિયમોમાં ફેરફાર કરી શકે, તો એટલું તો સહેલાઈથી તમારે સ્વીકારવું પડશે કે પૂરતી બહુમતી, પોતાનાથી અલગ રહીને પૂજા કરવાની લઘુમતીની સ્વતંત્રતામાં જ્યાં સુધી તેઓ આડે ન આવતા હોય ત્યાં સુધી મંદિરપ્રવેશના પ્રશ્ન વિષે નિર્ણય કરવાનો હક ધરાવે છે. સુધારકો, જેઓ એ જ ધર્મના અનુયાયીઓ હોવાનો અને એ જ શાસ્ત્રો માનવાનો દાવો કરે છે તેમને વિષે જગદ્‌ગુરુ જેવા જવાબદાર માણસે એમ કહેવું કે એ લોકો તો સનાતન ધર્મના દ્રોહી છે, એ બહુ ગંભીર વસ્તુ ગણાય. વળી એ વસ્તુ તો મારી સમજમાં જ ઊતરતી નથી કે આ બિલો પાસ કરવાં એ શી રીતે બંધારણ વિરુદ્ધ છે.

## કમનસીબ સરખામણી

આ પ્રમાણે જગદ્‌ગુરુનો કાગળ વાંધાભરેલો છે. તેની સાથે મને એમ લાગે છે કે શ્રી રંગા આયરના જવાબમાં પણ કેટલોક સુધારો કરવાની જરૂર છે. મલબારનો લોકમત બિલોની વિરુદ્ધ છે અને તેથી હરિજનોના મંદિરપ્રવેશની પણ વિરુદ્ધ છે અને ગુરુવાયુરની મતગણતરીનું પરિણામ એથી ઊલટી વસ્તુના સૂચન તરીકે ગણાવું જોઈએ, એ બાબતમાં તેમને જેટલી ખાતરી છે એટલી મને નથી. મલબાર જઈ આવેલા અને આંખે જોનારા માણસોએ મને કહ્યું છે કે ત્યાંનો લોકમત મંદિરપ્રવેશની કોઈ પણ રીતે વિરુદ્ધ નથી. પણ એ વસ્તુ એવી છે કે એનો નિર્ણય, કોઈ પણ સ્થળે બંને પક્ષ સંયુક્ત દેખરેખ નીચે બિનસરકારી મતગણતરીને સંમત થાય ત્યાં થઈ શકે.

પોતાના અતિ ઉત્સાહમાં અને મારા પ્રત્યેના અંધ પ્રેમને લઈને શ્રી રંગા આયર એક કમનસીબ સરખામણી કરવામાં ફસાઈ પડ્યા છે. હું કોઈ પણ રીતે મારી જાતને બુદ્ધની સાથે સરખાવવા યોગ્ય માનતો નથી. હું મને તદ્દન સામાન્ય માણસ, એક અદના કાર્યકર્તા, જે બીજા માણસના જેટલો જ ભૂલને પાત્ર છે, એવો માનું છું. હું માત્ર નમ્ર સત્યશોધક છું. વળી આ સરખામણી તો બીજા એક કારણથી પણ કમનસીબ છે. સનાતનીઓ તો કહેશે કે બુદ્ધ તો નાસ્તિક હતો અને વેદના પ્રામાણ્યમાં તથા વેદના ઈશ્વરીપણામાં માનતો નહોતો; જોકે એ નાસ્તિક હતો અથવા વેદમાં નહોતો માનતો એમ વસ્તુતઃ તો નથી જ. પણ એ શું હતો તે આપણા મુદ્દા માટે અપ્રસ્તુત છે. બહુજનસમાજ એને વિષે શું માને છે એ જ સવાલ છે. તેથી મને પણ જો નાસ્તિક અને વેદના ઈશ્વરીપણામાં નહીં માનનારો ગણવામાં આવે તો, સમગ્ર રીતે હિંદુ શાસ્ત્રોનો વિચાર કરતાં આધુનિક અસ્પૃશ્યતાને શાસ્ત્રોથી વિરુદ્ધ ગણીને તેનો ઇન્કાર કરવાનું, એક સુધારક તરીકે હિંદુઓને કહેવાનો મને કશો હક નથી એમ કહેવામાં આવે.

પરિશિષ્ટ ૨

# બીજું પ્રાયોપવેશન

[ગાંધીજીએ પોતે પોતાના ૨૧ દિવસના ઉપવાસ વિષે લખેલા અને 'હરિજનબંધુ'માં પ્રગટ થયેલા લેખો આ પરિશિષ્ટમાં આપ્યા છે.]

૧

## બીજું પ્રાયોપવેશન

આ ઉપવાસનો નિશ્ચય હું ઝટઝટ નથી કરી શક્યો. કેટલાય દિવસો થયાં અંતરમાં ધાલાવેલી ચાલી રહી હતી. અનેક વાર થાય કે ઉપવાસ કરી નાખું, છતાં મારી પોતાની સામે હું ઝઘડ્યાં જ કરતો હતો. પણ હરિજન દિન ઊજવવાની તૈયારી તરીકે જ હોયની એમ જાણે એક બે કલાકના મંથનને અંતે મને ફરી ફરીને અવાજ આવ્યો: 'ત્યારે કરી નાખની, જીવ!' એની સામે પણ હું થયો, પણ એ વિરોધ તરત શમી ગયો, અને મધરાત પછી સ્પષ્ટ નિર્ણયકારક જવાબ મળ્યો — 'તારે ઉપવાસ કર્યે જ છૂટકો છે.' આમ વાદળ વીખરાઈ ગયું એટલે એની મુદ્દત અને તારીખ તો તત્ક્ષણ ઠરાવી શકાયાં — ૮મી ને સોમવાર બપોરથી આરંભીને ૨૯મી મે ને સોમવારે બપોરે પૂર્ણાહુતિ થાય એવો એકવીસ દિવસનો આત્મશુદ્ધિનો ઉપવાસ કરવો એમ પ્રતિજ્ઞા હૃદયે કરી લીધી. આત્મ-શુદ્ધિનો ઉપવાસ એટલે એમાં કશી શરત ન હોય. એ ઉપવાસને બાહ્ય સંજોગોની સાથે લેવાદેવા ન હોઈ એને ફેરવવાપણું ન હોય.

આ ઉપવાસ ક્યાં કારણોને લીધે થયો એ કહ્યું જાય એમ નથી. અનેક કારણોની અસર પ્રગટ-અપ્રગટ રૂપે મારા ઉપર થતી જ ગઈ, અને એ બધાનું આખરી પરિણામ આ ઉપવાસની પ્રતિજ્ઞામાં આવ્યું. પણ દરેક ઘટના હરિજનસેવાની સાથે નિકટ સંબંધ ધરાવનારી છે એટલી તો મારો આત્મા સાક્ષી પૂરે છે. એ ઉપવાસ કોની સામે કરવામાં આવ્યો છે એમ મને પૂછવામાં આવે તો મારે કહેવું જોઈએ કે કોઈ ખાસ વ્યક્તિ મારા

ધ્યાનમાં નહોતી, અને ખરું કહું તો એ દરેક વ્યક્તિની સામે છે, જેને ઉપવાસની ધાર્મિકતા વિષે શ્રદ્ધા છે, અને જે એના ઉત્સવમાં, હાલ તુરત એમાં ભળવાની લાલસા રાખ્યા વિના, ભાગ લેવા ઇચ્છે છે. પણ એથીયે વધારે સાચું એ છે કે એ ઉપવાસ મારી પોતાની સામે છે. મહાભીષણ પાપનો નાશ કરવાને માટે મોટા પુણ્યનો પુંજ જોઈએ. એ મારામાં ન હોય, મારા સાથીઓમાં ન હોય તો એ ધર્મયુદ્ધ ચાલી શી રીતે શકે? પગલે પગલે જ્યાં સાવચેતી રાખવાની અને જાગ્રત રહીને ચાલવાનું ત્યાં બેખબર રહીએ તો આખી હિલચાલના ચૂરેચૂરા થઈ જાય અને હરિજનો બાપડાનો અંદર ભુક્કો થઈ જાય. આ ઉપવાસ એ મારી અને સૌ સાથીઓની અધિક આત્મશુદ્ધિને માટેની પ્રાર્થના છે.

પણ આ ઉપવાસને જેનું અંતર કબૂલ કરે તેણે મારી સાથે જોડાવાનું નથી. એ તો પોતાની અને મારી પીડાને અર્થે આદરેલું તામસી તપ થશે.

પણ આ ઉપવાસ ચિનગારી રૂપ અવશ્ય થશે. મારા ઉપવાસની સાથે આત્મશુદ્ધિનો એ યજ્ઞ સમાપ્ત નહીં થાય પણ આરંભાશે. મારા કરતાં કેટલીય પવિત્ર અને અધિકારી વ્યક્તિઓ પડી છે જે એ યજ્ઞને ચાલુ રાખશે, અધિક શુદ્ધિ આપશે.

એવા મહા યજ્ઞ વિના અસ્પૃશ્યતા રૂપ ભયાનક બલાનો અંત અશક્ય જોઉં છું. છેલ્લા છ માસમાં મેં પંડિતો અને શાસ્ત્રીઓ, નિરક્ષરો અને સાક્ષરો, પુરાતનીઓ અને સનાતનીઓ, હરિજનો અને હરિજનેતરોની સાથે ખૂબ ચર્ચા કરી, એમના કાગળો વાંચ્યા, લેખો જોયા, અને એ ભીષણ રાક્ષસ, મેં કલ્પના કરી હતી તેના કરતાં અતિ વધારે ભયાનક છે એ વિષે મારી આંખ ઊઘડી. એનો નાશ કરવાને નહીં લાખો રૂપિયા કામ આવે, નહીં સંઘોની સ્થાપના કામ આવે, નહીં હરિજનોને હાથ રાજકીય સત્તા મેળવી આપીએ એ કામ આવે — જોકે ત્રણેની જરૂર છે. પણ એ બાહ્ય સાધનસંપત્તિનો પાયો તો આંતર સાધનસંપત્તિ ઉપર રચાયેલો હોય તો જ એ સફળ થાય. કોથળી છૂટે પણ હૃદયમાં કૃપણતા હોય તો? સંઘો સ્થપાય પણ હૃદયમાં એ સંઘને નિરર્થક કરનારા સ્વાર્થ અને મેલ ભર્યાં હોય તો? હરિજનોને બાહ્ય સત્તા મળે પણ હૃદયમાં ‘અમે હિંદુ છીએ’ એ પ્રકારના વિશ્વાસથી મળતી સત્તા ન હોય તો? એટલે સર્વોપરી આવશ્યકતા આત્મશુદ્ધિની છે. તે ઉપવાસ અને પ્રાર્થનામાંથી જ ઉદ્‌ભવે. સત્યરૂપી ઈશ્વરનાં દર્શન આપબળના અભિમાનીને નહીં થાય પણ હારેલાને અને નિરાધારને અને રામજીને જ પોતાનું બળ માનનારા નિર્બળને થશે.

પણ દેહને સ્થૂળ આહાર આપવાનો બંધ કરવાથી કશું ન વળે. ઇન્દ્રિયમાત્ર વિષયોનો આહાર કરતી બંધ ન થાય ત્યાં સુધી પરનાં દર્શન અશક્ય છે, અને બંધ થાય તો જ રોમે રોમે સત્યરૂપી ઈશ્વર વ્યાપશે અને પ્રગટ થશે. એટલે એવા આધ્યાત્મિક ઉપવાસને માટે તો તેઓ જ અધિકારી હશે જેમણે યમોનું જાગ્રત પાલન કરેલું હશે, જેમનામાં વિરોધી તો શું, આતતાયી પ્રત્યે પણ અહિંસા હશે, જેમણે બ્રહ્મચર્યનું પાલન કર્યું હશે, જેમણે અપરિગ્રહ અને અસ્તેય સેવ્યાં હશે. આ સાધનસંપત્તિ વિનાનો એકે જણ મારી પછી ઉપવાસ ન આદરે.

આવતા સપ્તાહથી આરંભાનારા ઉપવાસનો કોઈ અનર્થ ન કરે. મને મરવાની જરાય ઇચ્છા નથી. મારે તો હરિજનસેવાને માટે જેટલું જિવાય તેટલું જીવવું છે, જોકે એ સેવાને માટે જ મરવું પડે તો મરવાની પૂરી તૈયારી છે, એવી આશા રાખું. પણ મારે તો આ ઉપવાસથી મારે માટે અને મારા સાથીઓને માટે અધિક શુદ્ધિની, અધિક તન્મયતાની, અધિક આત્મસમર્પણની ભિક્ષા ઈશ્વર પાસે માગવી છે. મને તો કુંદન જેવા ચારિત્ર્યના કામ કરનારા સાથીઓ જોઈએ છે, જ્યારે મારી નજરે તો ભયંકર મલિનતાના દાખલાઓ આવ્યા છે. આવા માણસો હરિજનસેવાના કામનો ત્યાગ કરે એવી આ ઉપવાસ દ્વારા તેમની પાસે નમ્ર માગણી છે. વળી આ હિલચાલ ઉપર બીજો પણ એક આક્ષેપ થાય છે. અનેક સનાતની મિત્રો અને બીજા મહાપુરુષો માને છે કે આ યુદ્ધ ધર્મયુદ્ધ નથી પણ રાજકાજની સોગટાંબાજી છે. ઉપવાસ કર્યા વિના હું બીજી કઈ રીતે એ લોકોને સમજાવી શકું કે એને રાજકીય બાજીની સાથે કશો સંબંધ નથી, એ શુદ્ધ ધાર્મિક પ્રવૃત્તિ છે? આશા રાખું કે એમાં હું સફળ થઈશ.

ઈશ્વરને આ દેહ પાસેથી વધારે સેવા લેવી હશે તો જરૂર તે એને ટકાવી રાખવાની પેરવી કરશે. સ્થૂળ ખોરાક બંધ થતાં આધ્યાત્મિક ખોરાક મોકલવો તે શરૂ કરશે. પણ ઈશ્વરનેયે માણસો મારફતે કામ લેવું પડે છે ના! એટલે અસ્પૃશ્યતાને સદંતર નાબૂદ કરવાની અનિવાર્ય આવશ્યકતા જેઓ જોઈ ગયાં છે એવાં ભાઈઓ અને બહેનો સવર્ણ હિંદુઓના તરફથી હરિજનોને આપવામાં આવેલા કોલનું સંપૂર્ણ પાલન કરીને મને જોઈતો આધ્યાત્મિક ખોરાક પહોંચાડશે.

સાથીઓ આ ઉપવાસથી ગભરાય નહીં. તેમને તો એથી વધારે હિંમત મળવી જોઈએ. સૌએ પોતાને સ્થાને આસનબદ્ધ રહેવાનું છે. અને જેઓ હાલ તુરત યોગ્ય આરામને માટે અથવા રોગના નિવારણ અર્થે બહાર ગયેલા છે તેમણે ત્યાં જ રહી જવું એ શોભશે, કારણ એ તેમનું યોગ્ય

સ્થાન હશે — જેમ સશક્ત કાર્યકર્તાઓને પોતપોતાને સ્થાને રહીને કામમાં મચ્યા રહેવું યોગ્ય ગણાશે. મારી સાથે હરિજનસેવાને અંગે કાંઈ ચર્ચા કરવી હોય કે કાંઈ સૂચના આદિ લેવાની હોય તે સિવાય કોઈએ અહીં દોડી આવવાની જરૂર જોતો નથી.

આ ઉપવાસ મુલતવી રાખવાનો કે છોડવાનો કે એમાં કાંઈ ફેરફાર કરવાનો આગ્રહ મિત્રો નહીં કરે એવી વિનંતી તેમને કરવાની જરૂર હોય ખરી કે? મારે તેમને ખાતરી આપવી જોઈએ કે હું ઉપવાસની રાહ જોતો નવરો બેસી નહોતો રહ્યો. એ ઉપવાસ તો ઉપર મેં કહ્યું તેમ મારા ખોળામાં આવીને પડ્યો છે. પછી હું એને કેમ ઠેલી શકું? એટલે હિંદના અને બહારના મિત્રોને મારી વિનંતી છે કે તેઓ મારે માટે અને મારી સાથે પ્રાર્થના કરે કે આ અગ્નિપરીક્ષામાંથી હું નિર્વિઘ્ને પાર ઊતરું, અને હું પોતે જીવું કે મરું તોપણ જે કાર્યને અર્થે મેં ઉપવાસની પ્રતિજ્ઞા કરી છે તે કાર્ય સાંગોપાંગ પાર ઊતરે.

મારા સનાતની મિત્રોને પણ વિનંતી કરું ખરો કે તેઓ પણ પ્રાર્થના કરે કે ઉપવાસને અંતે મારું ભલે ગમે તે થયું હોય તોપણ સત્યનું મુખ જે હિરણ્મય પાત્રથી ઢંકાયેલું છે તે પાત્ર ખસી જાઓ, અને સમસ્ત હિંદુ સંસારને શુદ્ધ સત્યનું દર્શન થાઓ.

૩૦મી એપ્રિલ

૨

## યજ્ઞનો આરંભ

હું બચપણથી શીખતો આવ્યો છું કે સારાં કામોનો — ધાર્મિક કામોનો આરંભ દેહશુદ્ધિ ને આત્મશુદ્ધિથી જ કરાય. જે ઉપવાસ સપ્ટેમ્બર માસમાં થયો તેને આવા યજ્ઞનું સ્વરૂપ ન આપી શકાય. એ ઉપવાસની પાછળ સંકલ્પ સરકારી યોજનામાં ફેરફાર કરવા પૂરતો હતો. બીજી હરિજન-સેવા તેનું અનિવાર્ય ફળ હતું. તે કર્યે છૂટકો હતો. પણ સંકલ્પબળ યોજનાના ફેરફારની સાથે સમાપ્ત થયું અને ઉપવાસ પણ પૂરો થયો. એ ઉપવાસની પાછળ શરત હતી, અને તેટલે અંશે આ ઉપવાસથી તે ઊતરતો હતો.

સેવાકાર્યનો આરંભ પાછળથી થયો. હું હવે જોઉં છું કે એ આરંભ સૂકો હતો. એની પાછળ શુદ્ધિયજ્ઞ ન હતો. એવો સંભવ છે કે એ યજ્ઞને અભાવે અસ્પૃશ્યતાનિવારણ યુદ્ધે પૂર્ણ ધાર્મિક સ્વરૂપ ન પકડ્યું.

ઉપવાસની પ્રેરણા વખતે મને આ ભાન ન હતું. કયા એક કારણને સારુ ઉપવાસનો નિશ્ચય થયો હશે એ કહેવું મુશ્કેલ છે. આ ઉપવાસ મારા

બીજા પ્રસિદ્ધ ઉપવાસોથી નિરાળો છે. તેમાં હેતુ કેવળ શુદ્ધિનો છે. આ કરતાં દેહ પડી જાય તો એને હું અણધાર્યું છતાં શુભ પરિણામ ગણીશ. અને હું ઇચ્છું છું કે સૌ એમ જ ગણે. હરિજનનું ચિંતવન કરતો, તેની શુદ્ધ સેવાની ભાવના ધરતો હું દેહ છોડું એને સેવાનો સરસ આરંભ ગણું. પણ આ યજ્ઞમાં મારી ધારણા મરીને સેવા કરવાની નથી, જીવીને કરવાની છે. ઈશ્વરે બીજું ધાર્યું હશે તો તેને કોણ મિથ્યા કરી શકનાર છે? જેમ જીવીને સેવા કરવાની હામ છે તેમ મરીને પણ કરવાની છે. એટલે જીવન મરણને આપણે બધા એક જ વસ્તુ સમજીએ.

જેઓ આ ઉપવાસથી થરથરી રહ્યા છે તેઓ દેહનો મોહ છોડે. મનુષ્ય દેહ છોડે છે એટલે તેનું કામ છોડે છે એવું નથી જ. દેહ મરે છે, આત્મા નથી મરતો. કર્તા અકર્તા આત્મા છે. તે ચિરજીવી છે, અમર છે. આપણે જાણીએ કે ન જાણીએ, ઇચ્છીએ કે ન ઇચ્છીએ, પ્રયત્નમાત્ર આત્માને અંગે છે—પછી ભલે તે તેને ઉપર લઈ જાઓ કે નીચે.

અત્યારે મારી પ્રબળ ઇચ્છા એક જ છે. આ અસ્પૃશ્યતા-નિવારણનું કામ ધાર્મિક છે, ને ધાર્મિક સાધનો વિના તે સિદ્ધ ન થઈ શકે, એવું આપણે સૌ સમજતા થઈએ. હરિજનની સેવામાં બીજા હિંદુની શુદ્ધિ રહેલી છે. બીજા હિંદુની શુદ્ધિ ન થાય ને હરિજનની આર્થિક કે રાજનૈતિક સ્થિતિ સુધરતી હોય તોયે એથી હિંદુ ધર્મ શુદ્ધ નથી થતો. અસ્પૃશ્યતારૂપી મેલ એવો છે કે જે ન નીકળે તો હિંદુ ધર્મને અવશ્ય ખાઈ જાય. તે મેલ કાઢવાને સારુ અસંખ્ય હિંદુઓનાં હૃદયનું પરિવર્તન આવશ્યક છે.

આ મેલ આત્મશુદ્ધિ વિના બીજા એક પણ સાધનથી ન નીકળે એ દીવા જેવું સ્પષ્ટ સૌને લાગવું જોઈએ. એ સ્પષ્ટ કરનારું ઉત્તમોત્તમ સાધન મનસા, વાચા ને કર્મણા ઉપવાસયજ્ઞ છે. કેવળ શરીરનો ઉપવાસ એ મિથ્યા કષ્ટ છે. એ દંભ પણ હોય. જેનું મન અન્નફળ માગતું બંધ થાય છે તેનું શરીર સહેજે નથી માગતું. જેનું શરીર અન્નફળ નથી લેતું પણ મન તેમાં જ ભમે છે તે શરીરે ઉપવાસ કરતો છતાં જમ્યાં જ કરે છે. ઘણા ઉપવાસ આવા જ હોય છે. તે બધા ધર્મદૃષ્ટિએ નિરર્થક છે, હાનિકર પણ હોવાનો પૂરો સંભવ છે. એટલે ધાર્મિક ઉપવાસમાં મનની તૈયારી પૂર્ણ હોવાની અત્યંત આવશ્યકતા છે. એવી તૈયારી મારે વિષે છે એમ મારો આત્મા સાક્ષી પૂરે છે. આવા યજ્ઞો કરતાં ઘણાઓ દેહ છોડે એ સંભવ છે. એવું બને તોયે એવા જ અનેક યજ્ઞો વિના આ નિવારણ થનાર નથી; એ વિના અનેક સૈકા થયાં જડ ઘાલી રહેલો મેલ નીકળવાનો નથી. એ યજ્ઞમાં પહેલ મારી હોય એ જ વાસ્તવિક છે.

જો એકવીસ દિવસના ઉપવાસને અંતે મારો દેહ ન ટકે તો વાંચનારે માની જ લેવું કે આ દેહ આ અને બીજી સેવાને સારુ નકામો હતો. અહીં શ્રદ્ધાની અત્યંત આવશ્યકતા છે. આંધળી શ્રદ્ધા તો થોકબંધ જોવામાં આવે છે, તેથી શ્રદ્ધા જ નિંદવાજોગ થઈ પડી છે. પણ જેમ ઘણા આંધળા હોય તેથી એક દેખતો નકામો નથી થતો પણ આંધળાને દોરનાર બને છે, તેમ અસંખ્યની આંધળી શ્રદ્ધાનું નિવારણ એકની દેખતી શ્રદ્ધા કરી શકે એમ છે. મારે એવી શ્રદ્ધા મેળવવી છે. બીજાં સ્ત્રી-પુરુષો પણ એ પ્રયત્ન કરે. એ મેળવવામાં મનસાવાચાકર્મણા થયેલ એક કે અનેક ઉપવાસ કામના છે.

૩

# અમોઘ તપ

આ લેખ હું છઠ્ઠી ને શનિવારે પ્રાતઃકાળે લખી રહ્યો છું. ઘણા મિત્રોની વાતો સાંભળી. તેમનો મોહ અથવા પ્રેમ મને આગામી મહાયજ્ઞમાંથી રોકવા માગે છે. અંતરાત્મા કહે છે: 'રોકાવું એ પાપ છે. જે સત્યનારાયણને નામે સત્રનો સંકલ્પ કર્યો છે તે પોતાની ઇચ્છા અનુસાર સત્ર પૂરો કરાવશે.'

બાહ્ય દૃષ્ટિએ જેટલું હું જોઉં છું તે મને સૂચવે છે કે ગમે તેમ થાય તોયે મારે ઉપવાસ કરવો જોઈએ. પંડિત સંતાનમે પંજાબના કામનો એક હેવાલ મને આપ્યો છે, તેમાં લાલા મોહનલાલે ત્રણ પ્રશ્નો પૂછ્યા છે, તે ટૂંકામાં નીચે પ્રમાણે છે:

(૧) પંજાબમાં આર્યસમાજી, સનાતની, શીખ, મુસલમાન અને ખ્રિસ્તી, બધા હરિજનોને પોતાની તરફ ખેંચવા માગે છે.

(૨) હરિજનોમાં એવા આગેવાનો નીકળ્યા છે જેમનો લોભ વધતો જાય છે ને તે સંતોષવો અશક્ય છે.

(૩) એ જ ઉદ્દેશથી કામ કરનારો પ્રતિસ્પર્ધી સંઘ પંજાબમાં છે.

વાચકો વાંચીને ચકિત થશે કે આ પ્રશ્નોનો ઉત્તર મારો ઉપવાસ છે. અર્થાત્ હરિજનસેવા સંઘના સેવકોએ સમજવું જોઈએ કે આ કાર્ય કેવળ ધાર્મિક છે ને ધાર્મિક દૃષ્ટિએ થવું જોઈએ. એટલું સ્પષ્ટ થઈ જાય એટલે આ ત્રણે પ્રશ્નોનો ઉકેલ આવી જાય છે. બીજા ધર્મો ને સંપ્રદાયોના લોકો જે કામ કરી રહ્યા છે તેને હું ધાર્મિક નથી માનતો. હરિજનસેવકો જો ધર્મ-ભાવનાથી કામ કરશે તો તેમનામાં આત્મવિશ્વાસ આવશે કે તેમની સેવા એ જ સેવાનું ફળ છે. સેવકોને તો ન્યાયનું જ વર્તન રાખવાનું છે. તેથી,

હરિજન નેતાઓ કે બીજું કોઈ પણ અયોગ્ય દબાણ કરશે તો તેનાથી તેઓ નહીં દબાઈ જાય. પ્રતિસ્પર્ધી સંઘો પર ધર્મભાવનાથી કરેલા કાર્યનો પ્રભાવ પડયા વિના નહીં જ રહે.

આવા ચમત્કારી 'ધર્મ'ની વ્યાખ્યા શી છે? ધર્મ તે જે આત્માને શુદ્ધ કરે છે, જે ફળની આકાંક્ષા નથી રાખતો, જેને અખૂટ વિશ્વાસ છે, જેનામાં સ્વાર્થ અસંભવિત છે. એ ધર્મને અનુકૂળ એવું કાર્ય ધાર્મિક કહેવાય. આ અર્થમાં ધાર્મિક એવી પ્રવૃત્તિમાં હરિજનની સેવા સવર્ણ હિંદુની શુદ્ધિનું રૂપ લે છે, તેમનું પ્રાયશ્ચિત્ત બને છે. જો આ વાત બરાબર સમજાઈ જાય તો કોઈને કશી શંકા ન રહે. દરેક સ્ત્રી પુરુષ અથવા સંઘ યથાશક્તિ હરિજનસેવા કરીને શુદ્ધ થાય, કોઈની નિંદા ન કરે, દ્વેષ ન કરે. એમાં રાજદ્વારી લાભની કયાંયે વાત જ નથી.

પણ આમ કહેવું સહેલું છે, કરવું કઠણ છે. એનો અર્થ એ થયો કે ધર્મ બુદ્ધિગમ્ય નથી, હૃદયગમ્ય છે. હૃદયની જાગૃતિને માટે તપ વિના બીજો એકે ઉપાય નથી. તપ ત્યાગની પરિસીમા છે. તપનો આરંભ ઉપવાસથી થાય છે. તાપ સહેવો એનું નામ તપ. ઉપવાસનો તાપ ઉપવાસી જાણે છે. દલીલોથી હું જે સમજાવી શકતો નથી તે ઉપવાસ રૂપી તપથી સમજાવવાની આશા રાખું છું.

એમ હો યા ન હો, આ તપ સિવાય મને શાંતિ મળે એમ નથી, કેમ કે મને વિશ્વાસ છે કે ઈશ્વર મારી પાસે એ જ માગે છે. આ તપ કરતાં દેહ પડશે તો લોકો સમજશે કે આ દેહનું મારું કામ પૂરું થાય છે, મારો સંબંધ સમાપ્ત થયો છે. એમાં ખેદ કે દુઃખને સ્થાન નથી અને હરિજન-સેવાને માટે તપ કરતાં દેહનો અંત આવે એથી રૂડી વાત મારે માટે કે હરિજનકાર્યને માટે બીજી શી હોઈ શકે? જો તપ નિર્વિઘ્ન પૂરું થશે તો મારો આત્મવિશ્વાસ વધશે અને મારી સેવાશક્તિ વધશે. ગમે તે સ્થિતિમાં આટલું તો સ્પષ્ટ થશે જ કે હરિજનસેવા સંઘનું કામ કેવળ ધાર્મિક છે, સવર્ણ હિંદુઓના પ્રાયશ્ચિત્તરૂપે છે અને આ કાર્યમાં જે પવિત્ર નથી એવા લોકોને સ્થાન નથી.

કોઈ એમ ન સમજે કે કેવળ દૈહિક ઉપવાસમાં કશી શક્તિ ભરેલી છે. એવા ઉપવાસમાં મન અને વાણીનો સાથ હોવો જોઈએ. મનસાવાચા-કર્મણા કરેલો ઉપવાસ પણ આત્મશુદ્ધિનાં સાધનોમાં એક આવશ્યક સાધન છે. એ જ કારણથી મેં બીજા લેખમાં કહી દીધું છે કે દરેક માણસને ઉપવાસ કરવાનો અધિકાર હોઈ ન શકે.

તા. ૬-૫-૧૯૩૩

## ૪

# ઈશ્વરની ભેટ

સત્યનારાયણે મારી જે અગ્નિપરીક્ષા આદરી છે તે કેટલી આવશ્યક છે એનો નવો નવો પુરાવો મને મળતો જ જાય છે. ઉપવાસ ન કર્યો હોત તો જે વસ્તુ મારી નજર સામે આવતી જાય છે તે જાણીને મારું હૈયું ભાંગી જાત. હરિજનકાર્ય પર એની ગમે તે અસર થાઓ, પણ હું પોતે તો ઉપવાસ કરીને ઊગરી જ ગયો છું. ઉપવાસમાંથી હું ઊઠીશ કે નહીં એ નજીવી વાત છે. સંભવ એવો છે કે ઉપવાસ ન કર્યો હોત તો હું હરિજનોની વધુ સેવા કરવા, એટલું જ નહીં પણ કોઈ પણ જાતની સેવા કરવા નાલાયક બની જાત.

કેટલાક મિત્રોએ મને તાકીદના તારો કરીને આ પગલું લેતો રોકવાનો પ્રયત્ન કર્યો છે. મેં જીવનને જે રીતે ઘડ્યું છે એમાં ઉપવાસ અનિવાર્ય છે એ વસ્તુ આ મિત્રો સમજશે એમ હું આશા રાખું છું. આ તો હું સ્વતંત્ર રીતે વિચારતાં કહું છું. આ ઉપવાસ ઈશ્વરની પ્રેરણાથી થયેલો છે એ દાવો મેં કર્યો છે એ તો કાયમ જ છે. જેમણે મને તારો મોકલ્યા છે તે દરેકને હું જુદો જવાબ નથી મોકલતો એને સારુ તેઓ મને ક્ષમા આપશે. મારા પર કામનું દબાણ એટલું બધું રહ્યું છે કે તારોનો જે વરસાદ વરસી રહ્યો હતો તેને પહોંચી વળવું મારે સારુ અશક્ય થઈ પડ્યું હતું. હવે આ લખ્યા પછી બે કલાકમાં ઉપવાસ શરૂ થશે એટલે સૌ મિત્રો અને હિતચિંતકોને મારી વિનંતી એ છે કે આ અગ્નિપરીક્ષામાંથી હાર્યા વિના પાર ઊતરવાની શક્તિ ઈશ્વર મને આપે એવી પ્રાર્થના તેઓ કરે. હું કબૂલ કરું છું કે મારામાં જે કાંઈ શક્તિ હશે તે ઈશ્વરે જ આપેલી હશે. એ સિવાય મારામાં બીજી કશી શક્તિ નથી. ઈશ્વર આજ સુધી મારી ધા કદી સાંભળ્યા વિના રહ્યા નથી. એટલે મને એનો એટલો ભરોસો છે કે આ વેળા પણ મારી વહારે ધાયા વિના નહીં રહે.

એક હરિજન મંડળે તાર મોકલ્યો છે એમાં કહ્યું છે કે મારો ઉપવાસ અનાવશ્યક છે કેમ કે હરિજનોને સવર્ણ હિંદુઓની મદદની કશી ગરજ નથી. એ મદદ વિના જ તેઓ ચલાવી લેશે. એ મંડળની દૃષ્ટિએ તેનું કહેવું સાચું છે, માત્ર એટલું સ્પષ્ટ સમજાવું જોઈએ કે ઉપવાસ આદરવામાં મારો ઉદ્દેશ હરિજનો પર ઉપકાર કરવાનો નથી પણ મારી અને સાથીઓની શુદ્ધિ કરવાનો છે. હરિજનસેવા એ સવર્ણ હિંદુઓનો

ધર્મ છે. તેમણે પોતાનાં જ ભાંડુઓ પ્રત્યે જે અન્યાયો કર્યા છે એનું જે પ્રાયશ્ચિત્ત તેમણે કરવાનું છે તેનો આ સેવા એ તો અંશમાત્ર છે. કેટલાક હરિજનો એ સેવાને ક્રોધથી તરછોડી રહ્યા છે એ હું બરાબર સમજી શકું છું. હરિજનોના મોટા ભાગને ઉદાર ભાવે એ સેવા સ્વીકારવાનો સમય હજુ વહી ગયો નથી એવી આશા હું રાખી રહ્યો છું. મારા પર તેમના જે સંખ્યાબંધ સંદેશા આવ્યા છે તે પરથી હરિજનોએ એ સેવા સ્વીકારી છે એ વિષે મને રતિભાર શંકા રહી નથી.

સનાતની હિંદુઓને આ ઉપવાસમાં હજુ વધારે બળાત્કારની ગંધ આવે છે. એકે એક મંદિર ખૂલે અને સવર્ણ હિંદુઓનાં હૃદયમાંથી અસ્પૃશ્યતાથી જડ નીકળી જાય તોયે આ ઉપવાસ એકવીસ દિવસ પહેલાં છૂટવાના નથી, એટલું જો આ સનાતનીઓ સમજશે તો કદાચ તેઓ કબૂલ કરશે કે આ ઉપવાસમાં કોઈ રીતનો બળાત્કાર રહેલો નથી.

આ ઉપવાસનો ઉદ્દેશ વેરભાવનું નિવારણ કરવાનો, હૃદયની શુદ્ધિ કરવાનો અને આ હિલચાલ કેવળ ધાર્મિક છે અને ધામિક સાધનોથી જ ચલાવવાની છે એ વસ્તુ સ્પષ્ટ કરવાનો છે. ઈશ્વર આ યજ્ઞને આશીર્વાદ આપે ને તેનો ઉદ્દેશ સફળ કરે.

તા. ૮–૫–૧૯૩૩
સવારના ૧૦

## ૫

## ઈશ્વરની કૃપા

એક મિનિટમાં હું ઉપવાસ છોડીશ. જે ઈશ્વરના નામથી અને જેના ઉપરની શ્રદ્ધાથી આ ઉપવાસ શરૂ કર્યો તેના નામથી એ છૂટશે. મારી શ્રદ્ધા આજે ઓછી નથી પણ વધી છે. આ અવસર કેવળ ઈશ્વરનું નામ લેવાનો અને ભજન કરવાનો છે. પણ મારી ઉપર જે દાક્તરોએ, મિત્રોએ, અને બીજાઓએ અખૂટ પ્રેમ રેડ્યો છે એ હું કેમ ભૂલી શકું? એટલે એનો ઉલ્લેખ કરી લઉં છું. કેમ કે એ પણ ઈશ્વરની કૃપાનો એક ભાગ છે. એઓનો બદલો તો ઈશ્વર જ આપશે. હરિજન ભાઈઓ અહીં આવ્યા છે એ મને બહુ ગમ્યું છે. હવે ઈશ્વરને મારી પાસેથી શું કામ લેવું છે તે હું જાણતો નથી. પણ ગમે તે લેવું હોય હું નિશ્ચિંત છું. એને વાસ્તે એ શક્તિ આપી દેશે.

તા. ૨૯–૫–'૩૩
બપોરના ૧૨–૨૦

૬

# અનશન વિષે

મારા અનશન પછી જાહેર લખાણ કંઈ પણ લખું તો તે હરિજન વિષે, 'હરિજન' પત્રમાં અને અનશનને લગતું હોય એમ અનશન પૂરું થયું ત્યારથી જ મનમાં થતું હતું. ઈશ્વરકૃપાએ એ ઇચ્છા પાર પડી છે, અને એ જ કૃપાવડે હવે પછી કંઈક ને કંઈક પહેલાંની માફક હું 'હરિજનબંધુ'માં આપવાની આશા રાખું છું. પણ આનો અર્થ એવો નથી કે હવે મારામાં આવેલા કામને ઉકેલવાની શક્તિ પૂર્વવત્ આવી ગઈ છે. હજુ મારે ઘણી સંભાળપૂર્વક રહેવું પડે છે, પથારીને પણ સેવવી પડે છે. તેથી મને ખાસ પત્રો લખનારને ધીરજ રાખવા હું વિનંતી કરું છું. કદાચ હું તૈયાર થઈ જાઉં તેને હજી બીજો એક માસ જોઈએ, કોને ખબર છે કે એક માસમાં શું થશે? આપણે ક્ષણજીવી છીએ. આવતી પળે શું થશે એની પણ ખબર હોતી નથી. તો પછી મારા જેવા હરિજન-સેવકોની અભિલાષાઓને વિષે કહેવું જ શું હોય? 'હરિજનબંધુ'ના વાંચનાર જે 'હરિજનબંધુ' સેવાભાવનાથી જ લે છે ને વાંચે છે તેઓને મારી સલાહ તો એવી છે કે મારાં લખાણોની ને મારા અભિપ્રાયોની રાહ જ ન જુએ. હરિજનસેવાનો માર્ગ સાવ સ્પષ્ટ છે. ક્ષેત્ર વિશાળ છે. 'હરિજનબંધુ' દરેક અઠવાડિયે ચાલતી પ્રવૃત્તિનો ખ્યાલ આપવાનો પ્રયત્ન કરે છે. શું કરવું જોઈએ, શું શકય છે, અને તે કેમ કરી શકાય એ પણ બતાવવાનો પ્રયત્ન કરે છે. તેમાંથી સૌને કંઈક ને કંઈક સેવા કરવાની મળી રહેવી જોઈએ. તો પછી મારા લખાણની કે મારા અભિપ્રાયની શી આવશ્યકતા હોય? મને એને સારુ લખવાની ઇચ્છા થઈ જાય તો તે આત્મસંતોષને સારુ હોય છે. કંઈક પણ મારે વાંચનારને કહેવાનું, સમજાવવાનું હોય, ત્યારે લખવાપણું રહે. પણ લખવાપણું હોય અથવા ન હોય, અથવા લખવાની મને શક્તિ ન રહે કે અવકાશ ન રહે તોયે હું આશા રાખું કે વાંચનાર શિથિલ ન થાય અને 'હરિજનબંધુ'ની સાથેનો પોતાનો સંબંધ કાયમ રાખે.

હવે અનશન વિષે લખું.

ઈશ્વરની પ્રેરણા એ શી વસ્તુ હતી એ પ્રશ્ન ઘણાએ કર્યો છે. એ પ્રેરણા મને કેવી રીતે થઈ? ઈશ્વરની જ પ્રેરણા હતી એ મેં કેમ જાણ્યું?

મેં શું ઈશ્વરનાં દર્શન કર્યાં? તેનો સાક્ષાત્કાર થયો? આવી જાતના પ્રશ્નો થયાં જ કરે છે.

મારે સારુ ઈશ્વરપ્રેરણા, ગેબી અવાજ, અંતઃપ્રેરણા, સત્યનો સંદેશ વગેરે એક જ અર્થના સૂચક શબ્દો છે. મને કોઈ આકૃતિનાં દર્શન નથી થયાં. ઈશ્વરનો સાક્ષાત્કાર નથી થયો. આ જન્મે થવાનો હશે તોપણ કોઈ આકૃતિનાં દર્શન થશે એવું હું માનતો નથી. ઈશ્વર નિરાકાર છે, તેથી ઈશ્વરનું દર્શન આકૃતિરૂપે હોય નહીં. ઈશ્વરનો સાક્ષાત્કાર જેને થાય તે સર્વથા નિષ્કલંક બને છે. એ પૂર્ણકામ થઈ રહે છે. એના વિચાર-માંયે દોષ, અપૂર્ણતા કે મેલ હોતાં નથી. એનું કાર્યમાત્ર સંપૂર્ણ હોય છે કારણ કે તે પોતે કંઈ જ કરતો નથી, તેનામાં રહેલો અંતર્યામી જ બધું કરે છે. તે તો એનામાં જ શમી ગયો છે. આવો સાક્ષાત્કાર કરોડોમાં કોઈને જ થતો હશે. થઈ જ શકે એ વિષે મને મુદ્દલ શંકા નથી. મને એવો સાક્ષાત્કાર કરવાની અભિલાષા છે, પણ મને નથી થયો, અને હું હજુ બહુ દૂર છું એટલું જાણું છું. મને જે પ્રેરણા થઈ એ નોખી જ વસ્તુ હતી, અને એવી પ્રેરણા વખતોવખત અથવા કોઈ વખત ઘણાને થાય છે. એવી પ્રેરણા થવાને સારુ અમુક સાધનાની આવશ્યકતા રહે જ છે. સામાન્યમાં સામાન્ય વસ્તુ કરવાની શક્તિ મેળવવાને સારુયે જો કંઈક પ્રયત્ન, કંઈક સાધનાની આવશ્યકતા રહે છે, તો ઈશ્વરની પ્રેરણા મેળવવાની યોગ્યતાને સારુ પ્રયત્ન અને સાધનાની આવશ્યકતા હોય એમાં શી નવાઈ? મને જે પ્રેરણા થઈ તે આ હતી: જે રાત્રીએ એ પ્રેરણા થઈ તે રાત્રીએ ભારે હૃદયમંથન ચાલી રહેલું. ચિત્ત વ્યાકુળ હતું. માર્ગ સૂઝતો ન હતો. જવાબદારીનો બોજો મને કચરી નાખતો હતો. તેવામાં એકાએક મેં અવાજ સાંભળ્યો. એ બહુ દૂરથી આવતો જણાયો છતાં સાવ નજીકનો હતો એમ મેં જોયું. એ અનુભવ અસાધારણ હતો. જેમ કોઈ મનુષ્ય આપણને કંઈ કહેતું હોય એમ આ અવાજ પણ હતો. મને કમને પણ એ સાંભળ્યા વિના ન જ ચાલે એમ હું વિવશ થઈ ગયો હતો. એ વખતે મારી સ્વપ્નાવસ્થા ન હતી. હું સાવ જાગ્રત હતો. ખરું જોતાં રાત્રીની પહેલી નિદ્રા લઈને ઊઠ્યો હતો. હું કેમ ઊઠી ગયો એ પણ ન સમજી શક્યો. અવાજ સાંભળ્યા પછી હૃદયની વેદના શાંત થઈ. મેં નિશ્ચય કરી લીધો, અનશનનો દિવસ ને તેનો કલાક નક્કી કર્યો, મારો ભાર એકદમ હળવો થઈ ગયો, અને હૃદય ઉલ્લાસમય થઈ ગયું. આ સમય ૧૧થી ૧૨ની વચ્ચેનો હતો. થાકવાને બદલે હું તાજો થઈ ગયો. એટલે આકાશની નીચે પથારીમાં પડ્યો હતો ત્યાંથી ઊઠી, કોટડીમાં જઈ, બત્તી સળગાવી

મારે જે લખવાનું હતું તે લખવા બેઠો. એ લખાણ વાંચનારે જોયેલું હોવું જોઈએ.

આ ઈશ્વરી પ્રેરણા હતી અને મારા પોતાના તપેલા મગજમાંથી નીકળેલા તરંગો ન હતા, એમ હું કોઈ રીતે સિદ્ધ કરી શકું ખરો? આવો પ્રશ્ન પુછાયો છે. ઉપર કરેલા વર્ણનને જે ન માની શકે એને સારુ મારી પાસે બીજો પુરાવો નથી. એ અવશ્ય કહી શકે કે મારું વર્ણન એ કેવળ આત્મવંચના છે. એવું બીજાઓને વિષે પણ થયું છે. મારે વિષે આમ આત્મવંચના થઈ હોય એ અસંભવિત છે એમ તો હું ન જ કહી શકું. એમ કહું તો તે સિદ્ધ ન કરી શકું. પણ આટલું અવશ્ય કહું છું. આખું જગત મારા કહેવાને ન માને અને વિરુદ્ધ અભિપ્રાય આપે તોયે મેં ગેબી અવાજ સાંભળ્યો અથવા મને ઈશ્વરપ્રેરણા થઈ એ મારી માન્યતાને હું વળગી રહું.

પણ કેટલાક તો ઈશ્વરની હસ્તીનો જ ઇન્કાર કરનારા છે. તેઓ તો એમ જ કહે છે કે ઈશ્વર જેવી કોઈ હસ્તી નથી, એ કેવળ મનુષ્યની કલ્પનામાં જ વસે છે. જ્યાં આ વિચાર સામ્રાજ્ય ભોગવે ત્યાં કશાની હસ્તી નથી એમ કહી શકાય. કેમ કે એવાઓને મન તો બધું કલ્પનાના ઘોડારૂપે જ લાગવું જોઈએ. એવાઓ ભલે મારા કથનને કલ્પનાનો એક નવો ઘોડો માને. એમ છતાં તેઓએ પણ સમજવું જોઈએ કે જ્યાં લગી એ કલ્પના મારી ઉપર સત્તા ભોગવે છે ત્યાં લગી હું તો તેને વશ રહીને જ વર્તી શકું. સાચામાં સાચી વસ્તુઓ પણ સાપેક્ષ અથવા બીજીઓના પ્રમાણમાં જ સાચી હોય છે. સંપૂર્ણ અને શુદ્ધ સત્ય તો કેવળ ઈશ્વરને જ વિષે હોઈ શકે. મારે સારુ જે અવાજ મેં સાંભળ્યો તે મારી પોતાની હસ્તીના કરતાં પણ મને વધારે સાચો લાગ્યો છે. આવા અવાજો મેં પૂર્વે પણ સાંભળ્યા છે. એને વશ વર્તતાં મેં કાંઈ ખોયું નથી, ઘણું મેળવ્યું છે. અને બીજા જેણે એવા અવાજો સાંભળવાનો દાવો કર્યો છે તેઓનો પણ એ જ અનુભવ છે.

* * *

એક બીજો પ્રશ્ન પણ જરા વિચારી લેવા જેવો છે. જે અનશન દરમ્યાન અનેક કુશળ ડૉકટરોની હાજરી અને મદદ રહેતી હોય અને તેઓ અત્યંત પ્રેમપૂર્વક ઉપવાસીની સંભાળ રાખી રહ્યા હોય અને તેને દોરી રહ્યા હોય, જ્યાં ઉપવાસીને અનેક રીતે પંપાળવામાં આવતો હોય — અને આ બધું મારે વિષે થયેલું હતું — એવા અનશનને શું ઈશ્વરપ્રેરિત ગણી શકાય? આમ થયેલી ટીકામાં કંઈ વજૂદ નથી એમ ઝટ ન કહી શકાય.

એમાં તો કંઈ શક નથી કે મારે સારુ જે જે સગવડો ઊભી થઈ હતી તે સગવડો ન હોત, અને કોઈ એકાંત સ્થળમાં કોઈની પણ મદદ વિના ઉપવાસ લઈ શકાયો હોત તો જે પ્રેરણાનો મેં દાવો કર્યો છે તે પ્રેરણા વધારે દીપી નીકળત.

આમ ટીકાનો અમુક અંશે સ્વીકાર કરવા છતાં મારે કહેવું જોઈએ કે પ્રેમળ મિત્રોની ઉદારતાનો મેં જે ઉપયોગ કર્યો તેને સારુ મને નથી પશ્ચાત્તાપ કે નથી શરમ. હું મૃત્યુની સાથે યુદ્ધ કરી રહ્યો હતો. એટલે મારી પ્રતિજ્ઞાની અવિરોધી એવી જેટલી મદદ આવી પડી તે બધીનો મેં ઈશ્વરે મોકલેલી મદદ માનીને નમ્રતાપૂર્વક સ્વીકાર કર્યો.

કોઈ મને પૂછે કે અનશનની યોગ્યતાને વિષે મને હવે કંઈ શંકા છે કે નહીં? તો હું કહી શકું છું કે મને શંકા નથી, એટલું જ નહીં પણ એ અનુભવનાં મારી પાસે તો અત્યંત મીઠાં જ સ્મરણ છે. જોકે શરીરની વ્યથા તો સારી પેઠે હતી, પણ તે વખતની અવર્ણનીય અંતરની શાંતિથી એ વ્યથાનો પૂરેપૂરો બદલો મળી ગયો. શાંતિ તો મેં મારાં બધાં અનશનમાં ભોગવી છે, પણ આ છેલ્લા અનશનની શાંતિ ઘણી વિશેષ હતી. કદાચ તેનું કારણ તો એ હતું કે આ વખતે મારી દૃષ્ટિ અનશનના કંઈ પણ પરિણામ ઉપર ન હતી. પહેલાંનાં અનશનોમાં કંઈક સ્પષ્ટ રીતે જોઈ શકાય એવા પરિણામની આશા મને રહેતી; જ્યારે આને વિષે એવું કંઈ જ નહીં. આટલી શ્રદ્ધા હતી ખરી કે એને પરિણામે આત્મશુદ્ધિ અને બીજા સાથીઓની શુદ્ધિ તો ઓછે કે વત્તે અંશે થશે જ, સાથીઓ એટલું સમજી જ લેશે કે અંતરશુદ્ધિ વિના સાચી હરિજનસેવા અસંભાવત છે. પણ આવા પરિણામનું માપ કાઢવાનો આપણી પાસે કોઈ ગજ હોતો નથી. એટલે પરિણામની ઉપર બાહ્ય દૃષ્ટિ રાખવાને બદલે એ એકવીસ દિવસ દરમ્યાન હું મુખ્યપણે અંતર્મુખ રહ્યો એમ કહી શકાય.

*　　　　*　　　　*

આ અનશનનું સ્વરૂપ જરા વધારે વિચારવું ઘટે છે. એ કેવળ દેહદમન જ હતું? મારો દૃઢ વિશ્વાસ છે કે કેવળ દેહદમન અર્થે કરેલો ઉપવાસ વૈદક દૃષ્ટિએ શરીરને કંઈક લાભ પહોંચાડે છે તે ઉપરાંત તેની વિશેષ અસર નથી. મારો ઉપવાસ દેહદમનને અર્થે મુદ્દલ નહોતો એમ હું જાણું છું. દેહદમનને સારુ મારી તૈયારી પણ ન હતી. જે વખતે ઉપવાસ લેવાયો તે વખત મારી કલ્પનાની બહાર હતો. એ અરસામાં લખાયેલા મિત્રો ઉપરના કાગળ એમ સ્પષ્ટ કહે છે કે તાત્કાલિક અનશન કેવળ મારી દૃષ્ટિ બહાર હતું. મારે સારુ આ અનશન એ હૃદયમાંથી નીકળેલી ઈશ્વર

પ્રત્યેની યાચના અથવા પ્રાર્થના હતી. જેમ જેમ પ્રાર્થનાનો અનુભવ હું કરતો આવ્યો છું તેમ તેમ મને સ્પષ્ટ જણાતું ગયું છે કે થોડાઘણા પણ અનશન વિના શુદ્ધ પ્રાર્થના અશક્ય છે. અનશનનો આ ઠેકાણે વિસ્તૃત અર્થ કરવો ઘટે છે. અનશન એટલે આપણી બધી ઇંદ્રિયોને પોષણ આપવાની ક્રિયા વત્તેઓછે અંશે બંધ કરવી. પ્રાર્થના હૃદયગત વસ્તુ છે. પ્રાર્થના કરતો મનુષ્ય નથી આંખે બીજું જોતો, નથી કાને બીજું સાંભળતો, નથી બીજી ઇંદ્રિયોના વ્યાપાર કરતો; વિચાર સુધ્ધાં કેવળ પ્રાર્થનામાં જ રોકાઈ રહેલા હોય છે. તો પછી ખાવાની ક્રિયા એ વખતે હળવી થાય અથવા સાવ બંધ પડે તેમાં શી નવાઈ હોય? એટલે જે મનુષ્ય પ્રાર્થનામાં જ રોકાઈ રહેલો હોય તેને બીજી કંઈ પણ ક્રિયા કરવાનું સૂઝી શકતું નથી. એવો એક સમય આવી શકે છે ખરો કે જ્યારે મનુષ્ય કેવળ પ્રાર્થનામય થઈ રહે છે. એનો અર્થ સાક્ષાત્કાર. એ વખતે તો એ ખાતો પીતો, ગમે તે પ્રવૃત્તિ કરતો પ્રાર્થના જ કરે છે, કેમ કે તેની પ્રવૃત્તિમાત્ર એક મહાયજ્ઞ છે. તે પોતે શૂન્યવત્ થઈ વિચરે છે. આને સંતોએ 'સહજ સમાધ' કહી છે. અસંખ્ય મનુષ્યો અનશનમય પ્રાર્થના કરતાં તેમાંથી કોઈક જ 'સહજ સમાધ' પ્રાપ્ત કરી શકે છે. એટલે મારા જેવા સામાન્ય મનુષ્યને સારુ સર્વેન્દ્રિયદમનથી જ પ્રાર્થનાનો આરંભ થઈ શકે. આ રીતે અનશનનો વિચાર કરતાં આધ્યાત્મિક દૃષ્ટિએ થયેલાં અનશન એ નિચોવાઈ ગયેલા હૃદયનો નાદ છે. એમાં આત્માની પરમાત્મામાં લીન થઈ જવાની તીક્ષ્ણ વૃત્તિ રહેલી છે. મારું અનશન કેટલે અંશે આવા પ્રકારનું હતું એ તો હું નથી જાણતો. એ અનશન કેવળ એ જ દૃષ્ટિએ થયેલું હતું એ હું જાણું છું. ઈશ્વરની પ્રેરણાની મારી ભૂખ ઘણાં વર્ષોની છે. એ ભૂખની તૃપ્તિ હજુ થઈ નથી. મારું નાનામાં નાનું કામ પણ ઈશ્વરપ્રેરિત જ હોય એને સારુ મારો બધો પુરુષાર્થ છે, એમ હું કહી શકું છું.

પરિણામની અપેક્ષા વિનાના આ અનશનમાંથી પણ કેટલાંક પરિણામ હું જોઈ શક્યો છું. કેટલાક સાથીઓએ એ અનશનથી પ્રેરાઈ પોતાની શુદ્ધિ કરી છે. મારું અનશન જેઓને હું જાણતો હતો તેવા જ સાથીઓના દોષોને લઈને ન હતું, પણ હરિજનસેવામાં રોકાયેલા સાથીમાત્રની અને મારી પોતાની શુદ્ધિને અર્થે હતું. ઉપવાસ પૂરા થયાને હજુ થોડો જ સમય થયો છે, તે દરમ્યાન પણ જે પુરાવો મારી પાસે આવ્યો છે તે બતાવે છે કે અનશનથી સાથીઓમાં શુદ્ધિ તો થઈ છે અને થઈ રહી છે. હરિજનસેવાનું કાર્ય કેવળ ધાર્મિક પ્રવૃત્તિ છે, તે ધાર્મિક દૃષ્ટિએ ચાલવું જોઈએ. અને તેમાં ધાર્મિક વૃત્તિવાળાં, શુદ્ધ હૃદયનાં સેવક અને સેવિકા

હોવાં જોઈએ, એ વસ્તુ આ અનશનથી ઠીક સ્પષ્ટ થઈ છે એમ કહી શકાય.

*       *       *

અસ્પૃશ્યતાનિવારણુ એટલે હરિજનોની આર્થિક અને સામાજિક સ્થિતિનો સુધારો એટલું જ નથી. એ પ્રવૃત્તિનું ધ્યેય એથી બહુ આગળ વધે છે. અસ્પૃશ્યતા એ અનાદિકાળથી ચાલતી આવેલી ઈશ્વરનિર્મિત વ્યવસ્થા છે એવું માનનારા અસંખ્ય હિંદુઓનાં હૃદયને હલાવવાનાં છે. એ ધ્યેયને આપણે પહોંચીએ ત્યારે હરિજનોની આર્થિક અને સામાજિક સ્થિતિ એની મેળે સુધરી રહે એ તો સ્પષ્ટ જ છે. તેઓની સ્થિતિની હીનતામાં અસ્પૃશ્યતાનું ભૂત મોટામાં મોટું કારણ છે. પણ ધર્મને નામે ચાલતો આ અધર્મ દૂર કરવો, ઊંચનીચની ભાવના સદંતર કાઢી નાખવી, એટલે હિંદુના મનનું ભારે પરિવર્તન કરવું અને હિંદુ ધર્મને ધીરે ધીરે નષ્ટ કરનાર ઝેરને કાઢી નાખવું. આવું પરિવર્તન મનુષ્યમાત્રમાં રહેલી દયાની ભાવનાને જાગ્રત કરવાથી જ થઈ શકે. એવી જાગૃતિ અનશનમય પ્રાર્થનાથી જ સંભવે છે એવો મારો દૃઢ વિશ્વાસ છે અને એવી પૂર્વજોની સાક્ષી છે.

તેથી દિવસે દિવસે મારી માન્યતા દૃઢ થતી જાય છે કે પ્રાર્થનારૂપ અનશનની એક સાંકળ રચાવી જોઈએ કે જેમાં યોગ્ય પુરુષો અને સ્ત્રીઓ પોતપોતાનો ભાગ આપે અને એ સાંકળની કડીરૂપ બની રહે. આવી સાંકળ કેમ રચાય, એમાં કડીઓ કોણ થાય, એ બધું હું અત્યારે સ્પષ્ટરૂપે જાણતો નથી, પણ એને સારુ મથી રહ્યો છું. જો એ સાંકળ રચી શકાય તો મારો દૃઢ વિશ્વાસ છે કે તેથી સુધારક, સનાતની અને હરિજન ત્રણેને લાભ થાય. જગત પણ એ લાભથી વંચિત ન રહે. હરિજન ભાઈબહેનોના કાગળો સૂચવે છે કે તેમનામાં મારા અનશનથી વિશેષ જાગૃતિ આવી છે. હિંદુસ્તાનની બહારથી આવેલા અનેક પત્રો સૂચવે છે કે વ્યક્તિઓનાં હૃદયમાં ત્યાં પણ જાગૃતિ આવેલી છે. અને જો મારા જેવા એક માણસના અપૂર્ણ અનશનથી આવી જાગૃતિ સંભવી છે, તો જ્યારે અનશનની અવિચ્છિન્ન સાંકળ રચાય અને તેમાં અનેક નિર્દોષ ભાઈબહેનો આડંબર વિના, ડૉક્ટરો વગેરેની મદદની આશા વિના, અને બીજી ત્રીજી આળપંપાળ વિના પોતાનું બલિદાન આપે તો તેનું પરિણામ કેટલું મોટું આવે અને તેની અસર ક્યાં લગી પહોંચે એ હિસાબ કોણ કરી શકે?

તા. ૯-૭-૧૯૩૩

પરિશિષ્ટ ૩

# એ અનેરું અગ્નિહોત્ર

## ૧

### [ શ્રી મહાદેવભાઈ સાથે મુલાકાત ]

[ પૂ. ગાંધીજીના ઉપવાસ સંબંધી વિસ્તારપૂર્વક અને વિશ્વાસપાત્ર વિગતો મેળવવાનું સાધન મહાદેવભાઈ. એમની પાસેથી લેખ તો મળી ન શકે કારણ કે એ કેદી રહ્યા, પણ એમને પ્રશ્નો કરીને ઉત્તરો તો મેળવી શકાયા. એ પ્રશ્નોત્તરી રૂપે આપીએ છીએ. **— તંત્રી, હ૦ બં૦**]

### અચિંતા, અણધાર્યા ?

પ્ર૦ — આપ આ મહાપ્રસંગે ‘હરિજનબંધુ’ માટે લેખ ન આપી શકો ?

ઉ૦ — હું એવડો કેદી રહ્યો; એક સરકારનો, પણ તેથીયે વધારે બાપુનો. એટલે લેખ તો હું કેમ આપી શકું ?

પ્ર૦ — પણ હું તમને પ્રશ્નો પૂછું તો ? તમને જે છૂટથી પ્રશ્નો પૂછી શકું તે છૂટથી ગાંધીજીને પૂછી ન શકું, અને ગાંધીજીને એટલો શ્રમ આપવાની મારી ધૃષ્ટતા નથી.

ઉ૦ — એ એક દૃષ્ટિ છે ખરી. ભલે, તમે પૂછો, હું જવાબ આપું.

પ્ર૦ — આભાર. આ ઉપવાસનો ઉગમ સમજાવશો ?

ઉ૦ — સમજાવી શકું તો અવશ્ય સમજાવું. ઘટનાની સાંકળો કેવી રીતે સંધાય છે એ કયો કાળા માથાનો માનવી જાણી શકયો છે ? કોઈક વાર કાગ બેસે ને તાડ પડે, કોક વાર જામગરી સળગાવવામાં આવે અને સુરંગ ફૂટે, કોક વાર એકાએક જ્વાળામુખી ફાટે અને ભૂકંપો થાય. આપણે અનેક કલ્પનાઓ ગોઠવીએ છીએ. સાચી સાંકળ તો પેલો મહા સોની જ સાંધી આપી શકે. પણ સ્થૂળ સાંકળ ગોઠવી દઉં. ૧૪મી એપ્રિલે

28500



મેજર ભંડારી ગયા અને નવા સુપરિન્ટેન્ડન્ટ કર્નલ માર્ટિન આવ્યા. તેમણે વિનોદ કર્યો : ‘હવે તો ઉપવાસ ન કરો ના?’ ગાંધીજીએ કહ્યું, ‘આશા તો એવી છે કે ન જ કરવા પડે. ૨૮મીએ એક હરિજન જુવાન અનેક પ્રશ્નો લઈને આવ્યો હતો. એમાં પહેલો જ પ્રશ્ન આ હતો : ‘હવે આપ ઉપવાસ તો ન કરો ના?’ ગાંધીજી કહે : મને લાગતું નથી. ૨૯મીએ રાત્રે કંઈક ઉદ્વેગજનક સંવાદો થયા હતા, પણ શાંતિથી હંમેશની જેમ આઠ વાગ્યે સૂતા. વલ્લભભાઈની સાથે કંઈક વિનોદ તો ચાલતો જ હતો. હું એક પુસ્તક વાંચવામાં મશગૂલ તે રાતે બાર વાગ્યે સૂતો. એ જ વખતે તેઓ ઊઠ્યા ત્યારે મારી બત્તી જોઈ હશે. ડરીને મેં બત્તી ઓલવી, અને ઊંઘ્યો. પણ સાડાબાર વાગ્યે તો પોતે જ ઊઠ્યા હતા. અમને કોઈને ખબર નહીં. પોણા ચાર વાગ્યે અમે હંમેશની જેમ ઊઠ્યા અને ચારે પ્રાર્થના કરવા બેઠા. કોણ જાણે કેમ છેલ્લા બે માસમાં કોઈ દિવસ નહીં ને આજે જ સવારે મેં પ્રાર્થનામાં ‘ઉઠ જાગ મુસાફિર ભોર ભઈ, અબ રૈન કહાઁ જો સોવત હૈ’ ગાયું. ગયા ઉપવાસનો આરંભ કરતાં એમણે જ આ ગવડાવ્યું હતું. પ્રાર્થના પૂરી થઈ ત્યાં સુધી અમને કોઈને કશી ખબર ન હતી. મને મધરાત સુધી બત્તી બાળવાને માટે ખખડાવશે એવી ભીતિ હતી. મને પૂછ્યું : ‘ક્યારે સૂતા હતા?’ મેં જવાબ આપ્યો એટલે કહ્યું : ‘મને લાગ્યું કે તમે જાગો છો. વારુ, ત્યારે તરત સૂઈ જાઓ અને પાછા સાડા પાંચે ઊઠજો.’ હું કશું ન સમજ્યો. હું ગયો એટલે વલ્લભભાઈના હાથમાં પોતે લખેલું નિવેદન મૂક્યું અને સાથે સાથે કહી દીધું : ‘વલ્લભભાઈ, શાંત ચિત્તે વાંચી જાઓ. આમાં દલીલને અવકાશ જ નથી, એટલે દલીલ ન કરજો.’ સરદાર વાંચી ગયા. એક વાર વાંચ્યું, બીજી વાર વાંચ્યું, સ્તબ્ધ થયા. હું સાડા પાંચે ઊઠ્યો. મને છગનલાલે કહ્યું : ‘બાપુએ એકવીસ દિવસનું અનશન આદર્યું છે.’ હું ચમક્યો. બાપુ અને વલ્લભભાઈ આંટા મારતા હતા ત્યાં ગયો. અર્ધો કલાક અમે આંટા માર્યા. બાપુએ પોતે બે ચાર વાક્યો કહ્યાં હશે, પણ અમારામાંથી એકેયે એક પણ શબ્દ ન ઉચ્ચાર્યો. આવા મહા પ્રસંગોએ નથી વિચારને માર્ગ મળતો, નથી અશ્રુને. અર્ધો કલાક પછી વલ્લભભાઈએ મારી આગળ મૌન બોલ્યું : ‘એમના કરતાં પવિત્ર કોઈને જાણ્યો છે? એમને ઈશ્વરને રાખવા હોય કે લઈ લેવા હોય એ કોને ખબર છે? પણ એમના મન અને આત્માનો પ્રવાહ જે દિશામાં વહેતો હોય તેને મન, વચન અને કાયાના મૌનથી અનુકૂળ થવું.’ આ મૌન એ અડગ સરદારે અતિ વફાદાર સિપાઈની તાલીમ પાળીને આજ સુધી પાળ્યું છે અને પાળશે.

પણ હું તો સરદારની વાતમાં તણાયો. આટલું કહ્યા બાદ થોડા શબ્દોમાં બાપુએ આપેલું વર્ણન આપું: ‘ભાઈ, કેટલોક સમય થયાં એકવીસ અને ચાળીસ દિવસ વચ્ચે દ્વંદ્વ ચાલ્યાં કરે છે. બધા જ વિચારો માણસ બીજાને જણાવતો હશે શું? જણાવી શકે કે? ત્રણ દિવસ ગયાં ઊંઘ ગઈ. મને ઊંઘ ન આવે એવું બને? પણ આ ત્રણ દિવસ થયાં કલાકના કલાક ઊંઘ નહીં; રાત્રે બે વાગ્યે ઊઠીને કામ કરતો હોઉં છતાં સવારે લખાવતાં એકે ઝોલું ન આવે, આળસ મરડવાનું મન પણ ન થાય. જાણે ત્રણ દિવસ થયાં કોઈ મહાપ્રલયની તૈયારી ચાલી રહી હોયની! આમ ઘોળાવેલી ક્યારથી ચાલી રહી હતી એ કહેવું મુશ્કેલ છે. પણ અનેક વાર અનેક પ્રસંગે અનશનના વિચાર આવે, અને એને મનમાંથી ઠેલ્યાં જ કરતો. રાત્રે સૂતો ત્યારે ખબર નહોતી કે આજે કંઈ આવી રહ્યું છે. પણ અગિયાર પછી જાગી ગયો. તારાનાં દર્શન કરતો રહ્યો, રામનામ લીધું, પણ આવે આવે ને એ જ વિચાર આવે: આટલો અકળાયો છે તો ઉપવાસ કરતો કેમ નથી? કર. આ મંથન પણ ઠીક ચાલ્યું. સાડાબાર વાગ્યે સ્પષ્ટ અચૂક અવાજ મળ્યો: તારે ઉપવાસ કર્યે જ છૂટકો છે. થયું. પછી એકવીસ કરવા છે એ નિશ્ચય થતાં, કેદી તરીકે આઠ દિવસ પછી કરવા જોઈએ એ નિશ્ચય કરતાં જરાય વખત ન લાગ્યો. હરિજનસેવાનું કામ જ આ વિના અશક્ય છે, આટલું ન કરું તો હરિજનકામમાં સડો ગરી જશે, અને એના ભુક્કા થઈ જશે. ઊઠ્યો, તુરત સ્ટેટમેન્ટ લખવા માંડ્યું, અને તમે પ્રાર્થના માટે આવ્યા ત્યારે મેં છેલ્લું વાક્ય પૂરું કર્યું હતું.’

### આપણાં પાપને માટે

પ્ર૦ — આભાર. તમારા પોતાના મનની સ્થિતિ વર્ણવી શકશો?

ઉ૦ — કઠણ કામ છે. મારા મનની સ્થિતિ ગાંધીજી જાણે છે. મારાં આંસુએ મેં એમના ચરણ ધોયા છે. એટલે કંઈક શાંત થઈ જવાબ દેવાનો પ્રયત્ન કરી શકું. એમની સેવામાં હું ઘરડો થવા આવ્યો, એમના જીવનના અનેક અમૂલખ અવસરે એમના ચરણે હતો, એમના હિંદુસ્તાનના બધાય ઉપવાસો વખતે હું એમના ચરણ આગળ હોવાને ભાગ્યશાળી હતો — ’૧૮ના મજૂરોના ઉપવાસથી માંડીને તે આજ સુધી. પંદર વર્ષ ઉપર વિંધ્યાચળ જેવડા એમને જોયેલા તે આજે એમને હિમાચળ જેવડા જોઉં છું, પણ હું તો હતો તેવો ને તેવડો રહ્યો છું. અનેક પાપો થયાં છે, થાય છે, પશ્ચાત્તાપ થાય છે, આખરે હતો ત્યાં ને ત્યાં. આ કંઈ નાનીસૂની દુર્દશા છે? આ કારણે જ બાપુએ ઉપવાસ કર્યા છે એમ કહું તો અતિશયોક્તિ

નથી કરતો. આ જ અંકમાં તમે એક બહેનની કરુણાપૂર્ણ કહાણી* વાંચશો. એનામાં ને મારામાં ફેર એટલો જ છે કે એણે પાપકર્મો કર્યાં, પણ એને પાપની ખબર નહોતી; મારાં પાપોનું ભાન મને કદી નહોતું એમ હું નથી કહી શકતો. એટલે કોઈ ન માને કે એ બહેનના કરુણ એકરારનું પરિણામ આ ઉપવાસ છે. પણ અનેક હૃદયોમાં દબાઈ છુપાઈ રહેલા પાપના એકરારોનું આ પરિણામ છે એમ કહું.

પ્ર૦ — મારો તમને આવી વાતોમાં ખેંચવાનો અધિકાર નથી. હું તો ઉપવાસ વિષે તમારો અભિપ્રાય પૂછવા ઇચ્છતો હતો. મેં સાંભળ્યું હતું કે તમો, સરદાર, દેવદાસભાઈ, વગેરે પૂજ્ય બાપુજીના ઉપવાસ સામે ઝઘડ્યા હતા.

ઉ૦ — ક્યાં સાંભળ્યું? દેવદાસની વાત કહો છો તે ઠીક છે. દેવદાસ તો એના પિતાનો પુત્ર છે ના! એના ધગધગતાં આંસુથી ઊકળતા ઉપાલંભનો સાક્ષી છું. પણ સરદારને વિષે મેં ઉપર કહ્યું તે અક્ષરશઃ સત્ય છે. સરદાર તો કોઈ દલીલ કરે એ સહન નથી કરી શકતા. દલીલ કરનારાઓને એ કહે છે: 'એમને ન પજવો. એ તલમાં બહુ તેલ નથી, વધારે કચરશો તો તેલ નહીં નીકળે પણ અંગારા ઝરશે.' મારી સ્થિતિ હું વર્ણવી ચૂક્યો. મારી મતિ મૂંઝાય છે, અનેક વાર હું પ્રશ્નો પૂછું છું, પણ એ પ્રશ્નો પ્રણિપાત અને સેવાભાવે એમની પાસેથી સમજવાને માટે. ઈશ્વરનું, પુણ્ય અને પાપનું, સત્યનું દર્શન એમને વિષે મેં જોયું છે તે બીજે ક્યાંય નથી જોયું. એટલે પાંગળા આચરણ છતાં, એમનો નિર્ણય ભૂલભરેલો હોય એવી શંકા કરવાની મારી બુદ્ધિ હિંમત નથી કરી શકતી.

## હરિજનોને માટે

પ્ર૦ — તો હું તમારી સાથે બુદ્ધિના પ્રયોગો કરવા નથી આવ્યો. આ ઉપવાસ, તમારી પાસેથી હું સમજ્યો છું એટલા ઉપરથી તો, મને લાગે છે કે પોતાની આસપાસની અશુદ્ધિઓથી અકળાઈ ને ગાંધીજીએ કર્યો છે. ત્યારે એ હરિજનોને માટે થયો છે એમ શા સારુ કહેવામાં આવે છે?

ઉ૦ — કારણ હરિજનકામ સિવાય આજે ગાંધીજીને એકે વિચાર આવતો નથી, અને એની આસપાસ જ બધી વસ્તુ વણાઈ જાય છે. અશુદ્ધિ એટલે કોની? અશુદ્ધિઓ તો ઘણીયે પડી છે. શરાબખાનાં પડ્યાં છે, બીજાં અનેક નરકખાનાં પડ્યાં છે. પણ હરિજનનું કામ કરનારમાં અશુદ્ધિ હોય તો આ હિલચાલ કેમ ચાલી શકે? આ આખી લડત શુદ્ધ ધાર્મિક છે, હિંદુ ધર્મમાં ગરી ગયેલા ભયંકર સડાને કાઢવાને માટે છે.

* જુઓ 'એક પવિત્ર એકરાર', હ. બં., તા. ૭–૫–૧૯૩૩, પુ. ૧, અંક ૯, પા. ૬૬.

એ સડો અશુદ્ધ સેવકો શી રીતે કાઢી શકવાના હતા? પણ એથી એમ માનવાનું કારણ નથી કે બધા જ અથવા ઘણા સેવકો અશુદ્ધ છે. પણ એક પણ સેવક ભયંકર પાપાચારી હોય તોયે હિલચાલનું તો આવી જ બન્યું કહેવાય ના?

પ્ર૦ — પણ આ લડત તો ઠીક ઠીક ચાલી રહી છે. સૌ પોતપોતાનો ફાળો દઈ રહ્યાં છે. વિનોબા જેવા ઋષિઓ હરિજનસેવાપ્રીત્યર્થ ક્ષેત્ર-સંન્યાસ લઈને બેસી ગયા છે. અનેક પવિત્ર બહેનો આ કામમાં બધો વખત આપી રહી છે. વિદ્યાગૌરી જેવાં પૂજ્ય બહેન હરિજનવાસ સાફ કરે એવું કોણે દશ વર્ષ ઉપર કલ્પ્યું હતું? અપ્પા પટવર્ધન જેવા સાધુ જેલમાં બેઠા ભંગીસેવાના વ્રતને માટે દેહ પાડવાની પ્રતિજ્ઞા કરે એ કાંઈ જેવી તેવી વાત છે? ઠક્કરબાપા જેવા પુણ્ય આત્માઓ આ જ કામ માટે ભેખ લઈને બેઠા છે એ ઓછું છે?

### હૃદયની જ્વાલા

ઉ૦ — તમે ઠીક કહો છો. મારું મન પણ આ જ દલીલમાં સપડાતું હતું. ગાંધીજીના મને કેવી રીતે કામ કર્યું હતું અને કરે છે એ એમના શબ્દોમાં કહેવાનો પ્રયત્ન કરીશ. અનેક વાતોમાંથી સંઘરેલાં વચનો અહીં ટાંકું. યજ્ઞના આ પ્રથમ સપ્તાહમાં એમની વાગ્ધારા એવી ચાલી રહી છે કે તેથી પાનાનાં પાનાં ભરાય. અહીં તો એમાંથી થોડું જ આપી શકાય: “મને નિરાશા પેદા નથી થઈ. હરિજનકામ ચાલી રહ્યું છે એ હું નથી જાણતો? પણ આ છેલ્લા ત્રણચાર માસમાં કેટલીક વસ્તુઓ એવી બની છે કે જે મારા હૃદયમાં શૂળ જેવી ભોંકાઈ છે. મહાદેવ મને યાદ આપે છે કે નાટાર હરિજનના ઝઘડાની ખબર આવી તે દિવસે મેં ’૨૪ના એકવીસ ઉપવાસને યાદ કરેલા. મને તો લાગે છે કે નાટાર લોકો મદ્રાસ પ્રાંતમાં હરિજનોની ઉપર જે ત્રાસ ગુજારી રહ્યા છે તેને માટે ચાળીસ ઉપવાસ કરું તોયે ઓછા છે. હરિજન બહેનો બિચારી ફાટાંતૂટાં કપડાં પહેરી પોતાની લાજ ઢાંકે એ પણ એ લોકોને માટે અસહ્ય છે, અને તે પણ ધર્મને નામે! રજપૂતાના કરોડાધિપતિ મારવાડીઓની ભૂમિ, છતાં ત્યાં હરિજનોને સ્વચ્છ પાણીનું બુંદ પીવાનું નથી મળતું; ઢોરો માટેના જે હવાડામાં માણસો પોતાના મળ પણ ધુએ છે એવા હવાડામાંથી ક્યાંક ક્યાંક એમને પાણી મળે છે. આ શરમ કોને કહેવી? અલ્લાહાબાદના અંત્યજવાડાઓ અને કલકત્તાની અંત્યજ વસ્તીઓનાં જેવાં નરકો બીજા કોઈ દેશોમાં હશે? આપણે કામ કરીએ છીએ એ વાત ઠીક છે, પણ

આપણે કેમ ડૉ. આંબેડકર જેવાના દિલમાં આપણે વિષે વિશ્વાસ નથી પેદા કરી શકતા? આપણી શુદ્ધ ધાર્મિક હિલચાલને મોટા મોટા સનાતની કાયદાશાસ્ત્રીઓ રાજકીય બાજી કહે એ પણ આપણાં કમનસીબ જ ના? આવા દુઃખડૂબ્યા લોકોનો રાજકાજની શેતરંજનાં મહોરાં તરીકે ઉપયોગ થઈ રહ્યો છે એ કેવી દુઃખદ વાત છે! મોટા ધર્મધુરંધરો આવાં હડહડતાં પાપને પુણ્યરૂપે સંઘરે અને પોતાની વિદ્વત્તાને બળે અધર્મને ધર્મ સિદ્ધ કરવા મથે એના કરતાં વધારે દુઃખદ વાત કઈ છે? રાવણને આપણે રાક્ષસ કહીએ છીએ, પાપની મૂર્તિ કહીએ છીએ, પણ રાવણે તો બિચારાએ સીતામાતાને મલિન સ્પર્શ સરખો કર્યો નહોતો. પણ આજના આપણા રાવણો? એ પેલા કરતાં અનેકગણા બૂરા છે. ગુલામીના ત્રાસો આપણે જાણીએ છીએ, પણ આપણા દેશની ગુલામીની ઉપર તો ધર્મનો સિક્કો પડેલો છે. આ ભયંકર રાક્ષસની સામે બાથ શી રીતે ભીડવી? હિંદુ ધર્મનો હું પૂજારી, હિંદુ ધર્મને લીધે જ હું ખ્રિસ્તી ધર્મને, ઇસ્લામને ચાહનારો. એ હિંદુ ધર્મમાં આવાં ભીષણ રૂપ ધારણ કરનારી અસ્પૃશ્યતા! ત્યારે મારે ધર્મનો ત્યાગ કરવો, એટલે કે હિંદુ ધર્મનો ત્યાગ કરવો? પણ એનો ત્યાગ કરું તો મારું તો સર્વસ્વ જાય. અને છતાં અસ્પૃશ્યતા સાથે મને એ ધર્મ પોસાય એમ નથી. ત્યારે મારે કરવું શું? હિંદુ ધર્મમાં જ બતાવેલો રામબાણ ઉપાય મારે લેવો રહ્યો. એ ઉપાય મેં લીધો છે. આ લડત બુદ્ધિની જ રહી નથી. બુદ્ધિએ હું મહારથી શાસ્ત્રીઓને શી રીતે માત કરવાનો હતો? બુદ્ધિએ ગુંડાબાજી અટકાવી શકવાનો હતો? બુદ્ધિએ હું નાટારોને શી રીતે સમજાવી શકું કે હરિજનો એમના ભાઈઓ છે?

“પણ તમે કહો છો આપણે કૂવા ખોદીએ છીએ, શાળાઓ ખોલીએ છીએ, શિષ્યવૃત્તિઓ આપીએ છીએ, સંઘો ચલાવીએ છીએ. આ સાધનો ઠીક છે, પણ આધ્યાત્મિક આધાર વિના એ બધાં પાંગળાં છે. એમ જો થીંગડાં માર્યે આભ સંધાતું હોય તો ચંગીસખાન જેવો કોઈ નીકળે તે લાખો કૂવા ખોદાવે, શાળા ખોલાવે, સવર્ણ હિંદુ પાસે એમની મહેલાતો ખાલી કરાવે અને એમાં હરિજનોને વસાવે. પણ એથી હૈયામાં વાસો કરી રહેલી અસ્પૃશ્યતા કેમ નીકળશે? આ ઉપવાસ એ રાક્ષસને ભસ્મ કરવાને માટે છે. ગણિતથી આનું નિવારણ થતું હોય તો આપણે ગણિતીઓ ભેગા કરીએ, પણ આ તો આધ્યાત્મિક બળની જરૂર રાખે છે, આ ધર્મયુદ્ધ છે, અને ધર્મયુદ્ધમાં જેણે સેનાપતિ થવું છે એણે મરીને જીવવાનો મંત્ર બતાવવાનો છે. જોકે આપણે સમજવું જોઈએ કે જીવનમરણ આપણા હાથમાં નથી, એ ઉપવાસ સુઝાડનાર પરમ શક્તિમાનના હાથમાં છે. જો

આ ઉપવાસ ન કરું તો હું દસ વર્ષ જીવીશ એવી મને કોઈ ખોળાધરી આપતું હોય તો તો ઠીક. પણ એ તો કોઈ આપતું નથી. ઈશ્વરને મને જિવાડવો હોય તો જિવાડે, નહીં તો એ દિવસમાં પ્રાણ લે. એવું પણ બને કે મારા જીવતાં કોઈ મહાશક્તિ રૂંધાઈને બેઠી હોય, અને મારો પ્રાણ જાય એટલે એ શક્તિ પ્રગટી ઊઠે. અનેક વાતની એક વાત કહું. બીજું કામ કરવા માટે જેમ ખાવાની જરૂર પડે છે તેમ આ કામ પાર ઉતારવાને માટે ન ખાવાની જરૂર છે. શરીરને જ નહીં, પણ મનને. ઇંદ્રિયમાત્રનો ઉપવાસ એ જ આવશ્યક છે.”

## ‘રામરસથી જીવીશ’

પ્ર૦ — માફ કરશો. પણ તમને આ બધું ભયાનક નથી લાગતું?

ઉ૦ — મારા ભયની શી વિસાત છે? આપણી જિંદગી આખી અનેક ભીતિઓ સંઘરતાં ગયેલી છે. મારા ભયની વાત કરતાં ગાંધીજીની ઇચ્છાની વાત છે, કારણ એ ઇચ્છાની સરસ્વતી ઈશ્વરેચ્છાની ગંગામાં ભળી ગયેલી છે.

પ્ર૦ — પણ તમે તો ઉપર કહી ગયા કે ગાંધીજીએ તો કહ્યું કે ધાર્મિક સેનાપતિએ મરીને જીવવાનો મંત્ર શીખવવો જોઈએ. તો પછી ગાંધીજીને જીવવાની ઇચ્છા છે એમ કહેવાનો કાંઈ અર્થ છે કે?

ઉ૦ — અક્ષરશઃ સાચું છે. આ ઉપવાસમાંથી મૃત્યુ જ ખચીત નીપજશે એવી રીતે એ પ્રતિજ્ઞા લીધી હોય તો તો ગાંધીજી જૂઠા ઠરે. એમણે પોતે પ્રતિજ્ઞા પ્રગટ કરતાં જે કહ્યું છે એ અક્ષરશઃ સાચું છે. હા, એમાં જોખમ રહેલું છે એ જ્ઞાન તો તેમને હતું અને છે જ. એક હરિજન પોતે ઉપવાસ શરૂ કરવાનું કહેવા આવ્યા હતા. બીજા એવી વિનંતી કરવા આવેલા કે નામના ખોરાક ઉપર — એ મોસંબીના રસ ઉપર — રહો. તેને ગાંધીજીએ કહેલા ઉદ્ગાર ટાંકું: “હું તો એ એકવીસ દિવસ રામરસ પીતો હોઈશ. રામરસ મને જીવતો ન રાખે તો મોસંબીનો રસ શી રીતે જિવાડશે? જેણે અસ્પૃશ્યતાના રાવણનો નાશ કરવો હોય તેણે રામરસ હરઘડી પીવો જ રહ્યો. અને મારી રામભક્તિ હૃદયની હશે — અને છે જ — તો તો રામ આ દેહને નહીં પડવા દે, કારણ રામને અર્પણ કરેલો દેહ રામ ટકાવે એવી ઇચ્છા હજી રહેલી છે. પણ તમારે હરિજનોએ તો એક વાત ગોખી રાખવાની છે. જે રામબાણ ઇલાજ મેં લીધો છે તેને અનુકૂળ થવું. તમારે પોતાને માટે પણ બીજો ઉપાય નથી એ સમજજો. અને ‘સ્પૃશ્ય’ હિંદુને જે કહેવું હોય તે કહે, જે કરવું હોય તે કરે, તમે તો તમારા હૃદયના અને શરીરના બધા મેલ છોડીને સાચા હરિજન બનજો.”

પણ એ હરિજન તો બિચારા ગભરાતા હતા. 'તમે જીવો છો ત્યાં સુધી અમારો રખવાળ છે. તમે ન જીવ્યા તો અમારું સર્વસ્વ ગયું સમજજો.' એના જવાબમાં કહ્યું :

"તમારો અને મારો રખવાળ રામ બેઠો છે. મને તમારો રખવાળ માનો તો પાપમાં પડો. અને તમને મેં કહ્યું કે રામરસ તો જિવાડનારો છે, છતાં એ પણ કહું કે દેહ પડ્યો તોપણ શું? જે માણસો મર્યા તે કામ નથી કરતા? દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, રામતીર્થ, એ બધાનાં ખોળિયાં ખરી પડ્યાં તેથી તે કામ કરતા બંધ પડ્યા? હું તો પ્રત્યક્ષ જોઉં છું કે તેઓ આજે જેટલું કામ કરી રહ્યા છે તેટલું જીવતા કદાચ નહોતા કરતા. એનું કારણ એ છે કે સત્ય અમર છે, અસત્ય એ પ્રતિક્ષણ નાશવંત છે. શરીર એ અસત્ય છે. એ અસત્યરૂપી જે તેમનાં શરીર હતાં તેનો નાશ થઈ ગયો, પણ સત્યરૂપી તેમનાં શરીર — તેમની પવિત્રતા, તેમનો ત્યાગ, તેમણે પ્રેરેલા જીવનમંત્રો, એનો નાશ થઈ નથી ગયેલો. એ આજે આપણને જિવાડી રહેલાં છે. તેમના શરીરરૂપી અસત્યના વૃક્ષનાં મૂળિયાં સુકાઈ ગયાં; તેમના સત્યના વૃક્ષનાં ફળ આજે પણ આપણે ચાખીએ છીએ, અને ચાખ્યાં જ કરશું."

પ્ર૦ — હરિજનોને માટે શો સંદેશ છે એ હું પૂછવા જતો હતો ત્યાં તમે મને અનાયાસે જ આ શબ્દો સંભળાવ્યા તે માટે આભાર માનું છું.

ઉ૦ — હું તમને કહું છું કે ગંગાજીનો અખંડ ધોધ વહી રહ્યો છે તેમાંથી થોડાં બિંદુ જ આપવાનો આ પ્રયત્ન છે. એમાંયે સંસ્કાર જોઈએ છે ના? કોઈ એ ગંગામાં પાવન થઈ જશે. એણે એ શબ્દો યાદ રાખ્યા હશે કે નહીં તેની શી પરવા છે? અને ઝીલવાનો પ્રયત્ન કરનાર મારા જેવો ઝીલીઝીલીને પોલી હથેલીઓમાં કેટલુંક ઝીલવાનો હતો?

## હિંદુ ધર્મની જડીબુટ્ટી

પ્ર૦— તમે અગાઉ કહ્યું કે હિંદુ ધર્મનો નાશ કરનારા રાક્ષસનો હિંદુ ધર્મે જ બતાવેલા શસ્ત્રથી નાશ થાય. એ શું? હિંદુ ધર્મે ઉપવાસનો ઉપાય બતાવેલો છે?

ઉ૦—ઠીક પૂછ્યું. આ વિષે તો બાપુજી કહેતાં થાકતા જ નથી. થોડા જ ઉદ્‌ગારો આપું :

"હિંદુ ધર્મમાં તો ડગલે ને પગલે ઉપવાસ પડ્યા છે. મારી મા — અભણ, અજ્ઞાન પણ ધર્મની મૂર્તિ મારી માનું આખું જીવન ઉપવાસ કરતાં ગયું. હિંદુ સ્ત્રીમાત્રમાં આ વસ્તુ પડેલી છે. ચાતુર્માસ કરો, ચાંદ્રાયણ

કરો, એકાદશી કરો, એમ કહીને ઉપવાસે આખું જીવન વણી મૂકેલું છે. અનેક હિંદુઓ ઉપવાસ કર્યાં કરે છે તે કોણ જાણે છે? કેટલાય ગંગા-કાંઠે જઈને અને તારકેશ્વરમાં દહાડાના દહાડા લાંઘણ કરે છે અને શરીર પાડે છે તે કોણ જાણે છે? આ તો હું ‘મહાત્મા’ થઈ પડયો એટલે મારી દાંડી પિટાય છે. દાંડી ભલે પિટાય, કારણ મારે તો પોથીમાં રહેલો અને આજે લુપ્તપ્રાય થવા બેઠેલો ધર્મ આચરી બતાવવો છે. રામચંદ્રજી અને વાનરસેનાએ પ્રાયોપવેશન કરીને સમુદ્રની પાસે રસ્તો કઢાવ્યો હતો. એ ભલેને બીજાને માટે બાળકોને સમજાવવાની વાતો હોય, મારે માટે એ અક્ષરશઃ સત્ય છે. આજે હિંદુમાં હિંદુત્વ રહ્યું જ નથી, એટલે આ મારા ઉદ્‌ગાર હસવા જેવા લાગે છે. પણ હું કહું છું — યાદ રાખજો — જે હસે છે તે કાલે રડશે. હું મરીશ માટે, કે મરીશ ત્યારે, રડશે એમ નહીં, પણ એમનાં પોતાનાં પાપોનો વિચાર કરીને રડશે, એમનાં પાપો ફરી વળશે ત્યારે રડશે, ચાલુ અન્યાયથી રૂઠેલા હરિજનોને ઊલટી મતિ સૂઝી તો જેમનાં ઠામઠેકાણાં પણ નથી રહેવાનાં તે રડશે.

“અસ્પૃશ્યતાથી હિંદુ ધર્મ તો તણાઈ જશે, પણ આખી મનુષ્યજાતિ તણાઈ જવાનો ભય છે. માણસો જેટલી પોતાની આધ્યાત્મિક થાપણ વટાવશે એટલી જ આ લડત ચાલવાની છે. અક્કલની બાજી ખેલવાની નથી. અક્કલની બાજી હોય તો મારા કરતાં વધારે અક્કલ શાસ્ત્રીઓમાં અને મદ્રાસના વકીલ ઍડવોકેટોમાં પડી છે. એ લોકોની ચતુરાઈને મારી ચતુરાઈથી શી રીતે માત કરવાનો હતો? પણ એ લોકો મારા ઉપવાસની અવગણના નહીં કરી શકે. મારાની કરશે તો બીજાના ઉપવાસ તો ઊભા જ છે. મારા જેવા અનેક મરશે તો જ આ લડત ચીલે ચડવાની છે. ગીતામાં અનેક પ્રકારના યજ્ઞો કહ્યા છે. બધું જ હોમી દેવાનો — હરિજન દેવતાને અર્પણ કરવાનો આ અવસર છે. આજે તો સનાતની હિંદુને દોરનારા સનાતનીઓ એમને ખાડામાં નાખી રહ્યા છે; હરિજનોને રાજકીય સત્તાની મોહિની લગાડીને દોરનારા હરિજનોને ખાડામાં ઉતારી રહ્યા છે. એ બંનેને એ ખાડામાંથી કાઢવાને આ ઉપવાસ છે. આ ઉપવાસ નાગા ઉઘાડા, ગરીબ મૂગા હરિજનો માટે છે, સ્ત્રીઓને માટે છે, બચ્ચાં માટે છે.”

### ‘મારે બહેનોને ઘેલી કરવી છે’

પ્ર૦ — પણ એ લોકોમાં આ ઉપવાસથી ત્રાસ ઊપજ્યો છે.

ઉ૦ — આ જ વાત બાપુને કહેવામાં આવી હતી. એમણે જવાબ આપેલો : “હા, મારે ત્રાસ ઉપજાવવો છે. કોઈ ઘાતકી સેનાપતિ હજારોની

કતલ કરીને ત્રાસ ઉપજાવે. મારે આ રીતે ત્રાસ ઉપજાવવો છે. પણ સ્ત્રીઓ અને હરિજનોને ત્રાસ ઊપજ્યો છે એમ તમે કહો છો એ અર્થમાં નહીં. મારે એમને ખળભળાવી મૂકવાં છે, એમને ઘેલાં કરવાં છે. અનેક બહેનોના આશીર્વાદ મારી ઉપર વર્ષી રહ્યા છે, હરિજનોના પણ વર્ષી રહ્યા છે, એ જાણું છું. અને એ પણ જાણું છું કે મારા આ નવા માર્ગે જનારા બહુ પવિત્ર પુરુષો ન મળે તો અનેક પવિત્ર બહેનો તો મળી જ રહેવાની છે."

## રામ સાથે રૂસણું

પ્ર૦ — મેં તમને ઠીક પજવ્યા છે. હવે વધારે નહીં માગું. એક વાત આખરે પૂછી લઉં. આ ઉપવાસ એ આજના કામ કરનારા વિષે અવિશ્વાસ નથી સૂચવતા? કામ કરનારા તો બિચારા પોતાનાં વચન પાળી રહ્યા છે. કોઈ વ્યક્તિની અપવિત્રતાની ખાતર આમ આખી પ્રજાને ચકડોળે ચડાવાય? આ ગમે તેમ તોયે ગાંધીજીનું રૂસણું જ કહેવાય. હું તો લોકોની વાતો રજૂ કરું છું.

ઉ૦ — તમે તો ઘણી વાતો કરી દીધી છે. લોકો કેટલું કરે છે કે કેટલું નથી કરતા એની સાથે આ ઉપવાસને સંબંધ નથી, કે નથી કાર્યકર્તાઓના કામની સાથે. કોઈ એક વ્યક્તિની અપવિત્રતાથી ત્રાસીને આ ઉપવાસ કર્યા છે એમ પણ લોકો માનતા હોય તો ભૂલ છે. કોઈ કાર્યકર્તાની સામે ગાંધીજી ચિડાયા છે એવું પણ નથી. લોકો નાણાં નથી વરસાવતા એવે કારણે પણ આ ઉપવાસ નથી. કરોડ રૂપિયા મુંબઈ ભેગા કરી આપે તોયે આ ઉપવાસ કરત. અસ્પૃશ્યતા અમે ખંખેરી નાખી છે એવા એકરાર હજારો લાખો સ્થાનેથી એમને ઉપવાસ દરમ્યાન પહોંચે તો તે એમને અમૃતરૂપ થઈ પડે, પણ તેથી ઉપવાસ તેઓ બંધ ન કરે. કારણ કે આ 'અર્થાથી'ના ઉપવાસ નથી, 'આર્ત'ના ઉપવાસ છે. ફરી ફરીને ગાંધીજી કહે છે: "સંસ્થાઓને, રૂપિયાને, રાજકીય સત્તાને બળે હિંદુ ધર્મને ન સાચવી શકાય. આધ્યાત્મિક મૂડી આખી ખર્ચી નાખ્યે જ હિંદુ ધર્મની રક્ષા થશે." આ ઉપવાસથી આ મહા લડતમાં એક નવો યુગ શરૂ થાય છે. આ ઉપવાસથી આરંભાયેલું અગ્નિહોત્ર અસ્પૃશ્યતા ભસ્મ થઈ જાય ત્યાં સુધી અખંડ સળગ્યાં કરશે. ગાંધીજીનું રૂસણું કોઈની સાથે નથી, પોતાની સાથે છે, પોતાના રામની સાથે છે. પોતાની આસપાસની, પોતાના દેશમાં વ્યાપેલી અપવિત્રતા જોઈને એ ત્રાસ્યા છે ખરા, અને એ પોતામાં ઊંડે ઊંડે રહેલી અપવિત્રતાનો પડઘો તો ન હોય એ શંકા કરીને ભગવાનની

સાથે આજે ઝઘડી રહ્યા છે. ભક્ત તુલસીદાસની ભક્તિભીની છતાં તાતાં તીર જેવી વાણીમાં ગાંધીજી ભગવાનને પોકારીને કહે છે :

કહ તુલસીદાસ સુન રામા,
લૂટહિ તસ્કર તવ ધામા,
ચિંતા યહ મોહિ અપારા,
અપજસ નહીં હોઈ તુમ્હારા.

— 'હું તો હમેશનો લાજ ખોઈને બેઠેલો છું, ભગવાન, પણ તારી લાજ રખેને જાય એ ચિંતા મને પડી છે.'

૨

[ શ્રી મહાદેવભાઈની બીજી મુલાકાત લઈ શકાય તે પહેલાં તો ગાંધીજી છૂટી ગયા ને જેલનાં દ્વાર બંધ થઈ ગયાં. એટલે હવે તો મહાદેવભાઈએ અંગ્રેજી 'હરિજન'ના ખબરપત્રીને આપેલી મુલાકાતનો અનુવાદ આપીને જ અમારે સંતોષ માનવો રહ્યો. અનુવાદમાં મહાદેવભાઈના મૌલિક લખાણની મધુરતા અને પ્રસાદ નહીં આવે, એને માટે વાચકોની ક્ષમા માગીએ છીએ. — **તંત્રી હ૦ બં૦** ]

### શુદ્ધિયજ્ઞનો આરંભ

સ૦ — ગયે વખતે તમે એક વાત કરી તેથી હું તો વિચારમાં પડી ગયો છું. તમે કહ્યું કે આ ઉપવાસથી આ ધાર્મિક હિલચાલમાં નવા યુગનો આરંભ થાય છે. એ વસ્તુ વધારે સ્પષ્ટ રીતે સમજાવશો?

જ૦ — ખુશીથી. પણ હું કાંઈ કહું એના કરતાં ગાંધીજીએ છાપાંના ખબરપત્રીઓને એક નાનકડો સંદેશો આપેલો તે જ તમને સંભળાવું: "મારે દુર્ભાગ્યે સત્યનારાયણે મને આ ઉપવાસ બહુ મોડો મોકલ્યો. પણ ઇશ્વરી યોજનાની ટીકા કરનાર હું કોણ? એટલે હું તો એનો નચાવ્યો નાચું છું. પણ હું માનું છું કે યરવડા કરાર થયા પછી મારે આવો ઉપવાસ કરીને જ હરિજનકાર્યનો આરંભ કરવો જોઈતો હતો. એ મંગળાચરણ હવે પાછળથી થાય છે. આ શુદ્ધિયજ્ઞ પણ છે, કેમ કે એ શુદ્ધિ કર્યે જ છૂટકો છે. પણ આ બધી વાત તો હવે મને સૂઝે છે. જ્યારે મને લાગ્યું કે ઈશ્વર મને આજ્ઞા કરી રહ્યો છે, ત્યારે મારી સામે આવી કશી દલીલ નહોતી. અંતર્યામીનો અવાજ આવ્યો એની આગળ હું વિવશ બની ગયો. તમે પૂછો છો, આ દુઃખનો ઊભરો નથી? એનો જવાબ સાદો ને સહેલો છે. એ, દુઃખનો ઊભરો નથી જ. એ મેલ ધોઈ કાઢવાને માટેનું તપ તો છે જ. શરૂઆતમાં ઉપવાસ ન કર્યો એટલે હવે આ શુદ્ધિ પણ કર્યા વિના

ચાલે એમ નહોતું. વળી તમે પૂછો છો: 'આપના લેખમાં આપે કહ્યું છે તેમ ભયંકર મલિનતાના દાખલા જોઈને તો આ ઉપવાસ નથી આદર્યો?' હું તમને કહું છું કે આ વાત સાવ ખોટી છે. અને એ હું તમને સોએ સો ટકા ખાતરીથી કહું છું, કેમ કે આ ભયંકર દાખલા મારી નજરે આવ્યાની તારીખો હું તમને આપી શકું એમ છું. એ વખતે મને લાગ્યું કે એ કિસ્સાઓને કારણે મારે ઉપવાસ કરવાપણું હોય નહીં. એવા વ્યક્તિગત બનાવોને કારણે મેં ઉપવાસ કર્યા છે. પણ મારાથી જેલમાં રહીને એવા ઉપવાસ ન જ કરાય. પણ હરિજનસેવા જેવી મહાપ્રવૃત્તિમાં એમ દરેક વ્યક્તિગત બનાવ માટે ઉપવાસ કરતા બેસવાનું કોઈ પણ માનવીનું ગજું નથી. આ બનાવોની મારા મન પર અજ્ઞાત રીતે અસર થઈ હશે એમાં શંકા નથી, પણ આ યજ્ઞ કોઈ એક જ બનાવને લીધે થયો છે એમ હું આંગળી ચીંધીને નહીં કહી શકું. આ ઉપવાસ હરિજનપ્રવૃત્તિના મંગળાચરણરૂપે છે ને એ દષ્ટિએ એ બહુ વહેલો કરવો જોઈતો હતો. બીજી રીતે વિચારતાં મારી અને સાથીઓની શુદ્ધિ માટે પણ એ ઘણા વખત પર કરવાની જરૂર હતી.'' હું તમને કહું કે બાપુએ ૧૨થી ૬ સુધી અનેક જણ સાથે વાતો કર્યા પછી સાંજે આ સંદેશો આપેલો ને અસાધારણ વેગથી લખાવી કાઢેલો.

### રાજાજીની વેદના

સ૦ — તમે મને સરદારનું વર્ણન તો આપ્યું. બીજા સાથીઓની આ ઉપવાસથી કેવી સ્થિતિ થઈ છે એ ન કહો?

જ૦ — ગાંધીજીના પ્રાણથી પણ પ્રિય એવા સાથીઓમાંના એક તો રાજાજી. ઉપવાસની વાત સાંભળીને એમણે જે તાર મોકલેલો તે તો તમે વાંચ્યો છે. એ તારનો એકેએક શબ્દ ઊંડી વેદનાથી ધગધગતો હતો. ગાંધીજી જોડે સૌથી વધારે દલીલો રાજાજીએ કરી. એમની વાતચીતનું વર્ણન અહીં આપું એમ તો તમે ન જ ઇચ્છો. એમ કરવું એ મારે સારુ ભારે અવિવેક ગણાય.

સ૦ — એ હું સમજું છું, પણ છાપાંમાં તરેહ તરેહની વાતો આવી છે, એટલે તમારી પાસેથી હું ખરી હકીકત જાણવા માગું છું.

જ૦ — સાચું કહું? એ આખો સંવાદ એટલો પવિત્ર છે કે અહીં ન અપાય. અને હું આપવા ધારું તોયે ન આપી શકું. રાજાજીનું હૃદય એમની બુદ્ધિ અને એમની બાપુ પ્રત્યેની નિષ્ઠા વચ્ચેના સંગ્રામમાં વલોવાઈ જતું હતું એ જોઈને દુઃખ થયા વિના ન રહે. ગાંધીજીના સૌથી નિકટના

વધારેમાં વધારે શ્રદ્ધાવાળા સાથીઓમાંના એક રાજાજી છે. એમની બુદ્ધિના પ્રભાવ આગળ ભલભલા માત થયા છે. એમની નમ્રતાનો તો પાર જ નથી. તેથી બાપુનો મહત્ત્વનો નિર્ણય રાજાજીને ગળે ન ઊતરી શક્યો એ જોઈને અમારા ઘણાના હૃદયમાં તો ભારે વેદના થઈ હતી. પણ એ બધી દલીલોની પાછળ, એ સખત વિરોધની પાછળ રાજાજીનો પ્રેમ ઊભરાઈ જતો હતો, અને એ ભક્તિએ જ આખરે એમના મનને સાંત્વન આપ્યું. એમની શંકાઓ દૂર થઈ છે અથવા બાપુની ઉપવાસ વિષેની શ્રદ્ધાનો ચેપ એમને લાગ્યો છે એમ તો હું ખાતરીથી ન કહી શકું. રાજાજીની બુદ્ધિના ઘણા વિજય મેં જોયા છે, પણ આ વિષમ પ્રસંગે એ બુદ્ધિ કળણમાં કળી જતી જણાઈ. દાખલા તરીકે તેમણે એવી પણ દલીલ કરી કે આ દેહદમન એ બૂરા પ્રકારની હિંસા છે. એમણે એ પણ કહ્યું કે જે ઈશ્વરે આ પણ લેવડાવ્યું છે તે એને પાર ઉતારશે એમ કહેવું એ પોતાની ભૂલ થાય જ નહીં એવો દાવો કરવા બરાબર છે. ગાંધીજીએ રાજાજીને મીઠાશથી કહ્યું, 'આ ઉપવાસને અંતે તમે મારું સમર્થન જ કરવાના છો. તમારે મારી શ્રદ્ધા ઉખેડવાનો પ્રયત્ન ન કરવો જોઈએ.'

### એક પવિત્ર પ્રસંગ

અહીં એક પવિત્ર પ્રસંગ વર્ણવવો અસ્થાને નહીં ગણાય. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ માણસથી પણ કેવી ભૂલ થઈ જાય છે એનું એ દૃષ્ટાંત છે. રાજાજી અને શંકરલાલ બૅંકર ગાંધીજી આગળ સૂચના લઈ આવ્યા હતા કે ઉપવાસ શરૂ થાય તે પહેલાં દાક્તરને શરીર તપાસવા દેવું. ગાંધીજીએ કહ્યું, 'એમ મારાથી દાક્તર પાસે તપાસ ન કરાવાય, કેમ કે એ તો મારી અશ્રદ્ધાની નિશાની ગણાય.' રાજાજીએ કહ્યું, 'ત્યારે આપ અમારી એકે વાત સ્વીકારતા નથી ને આપની ભૂલ થાય જ નહીં એવો દાવો કરો છો.' આ વચન સાંભળીને ગાંધીજી ઊકળી ઊઠ્યા ને કહ્યું, "મારી શ્રદ્ધા પર તમારાથી આવો પ્રહાર ન કરાય. મને ખાતરી છે કે હું ઉપવાસમાંથી જીવતો ઊઠવાનો છું. એટલું મારે ને તમારે માટે બસ હોવું જોઈએ. મારી શ્રદ્ધા નબળી ન પાડવાનો તમારો મિત્રધર્મ છે. ઉપવાસ શરૂ થતા પહેલાં દાક્તરની તપાસ કરાવવાનું હું કબૂલ નહીં કરી શકું.' ગાંધીજીને આ પ્રમાણે દૂભવ્યા એનો અફસોસ કરતા બંને મિત્રો ગયા. પછી સાંજે ફરતાં ફરતાં ગાંધીજીને ક્ષણમાં પોતાની ભૂલ સૂઝી. એટલે કહે, 'એમને મેં ભારે અન્યાય કર્યો. માણસ કેટલો નિર્બળ છે, કેટલી ભૂલો કરે છે! શુદ્ધિ માટે ઉપવાસ કરવા બેઠો છું ત્યાં પણ મિત્રો સામે મેં ક્રોધ કર્યો. એમની ક્ષમા માગીશ.' બીજે દિવસે સવારે રાજાજીને નામે નીચેનો કાગળ મોકલ્યો:

"તમે મને પ્રાણથી પણ અધિક પ્રિય છો. મેં તમને ને શંકરલાલને બહુ જ દૂભવ્યા. મને ક્ષમા આપો એમ કહેવાની જરૂર નથી, કેમ કે ક્ષમા તો તમે મને માગ્યા પહેલાં જ આપી છે. પણ મેં કાલે બેવકૂફીથી જે વસ્તુની ના પાડી તે જ વસ્તુ કરવા હવે હું તૈયાર છું. હમણાં કે તમે પૂછો તે વખતે હું કોઈ પણ દાક્તર પાસે તપાસ કરાવવા તૈયાર છું. શરત એટલી જ કે સરકારની પરવાનગી મળવી જોઈએ. મને લાગે છે કે એ તપાસનું પરિણામ પ્રસિદ્ધ ન કરી શકાય, કેમ કે એનો રાજદ્વારી ઉપયોગ થાય એવો ભય રહે. મારે એ પણ કહેવું જોઈએ કે દાક્તર પાસે તપાસ કરાવો તો તેથી ઉપવાસનો આરંભ અટકવાનો નથી.

"આપણે મળીશું ત્યારે વધારે વાત કરીશું. આ તો ગઈ કાલે મારા હૃદયમાં મેલ ગરી ગયો તે કાઢી નાખવાને માટે જ લખું છું."

પણ બીજે દિવસે તો રાજાજી હસતા હસતા આવ્યા ને કહેવા લાગ્યા, 'આપે ક્ષમા માગવાની કશી જરૂર નહોતી. આપના કરતાં વધારે તો અમે ચિડાયા હતા. અમે હવે તપાસ ન કરાવવાનું જ નક્કી કર્યું છે.'

આ પ્રસંગ મેં વિસ્તારથી વર્ણવ્યો છે, કેમ કે એ આપણને ચેતવણી-રૂપ છે. એ આપણને બતાવે છે કે સારામાં સારા માણસે પણ હમેશાં કામ-ક્રોધથી ચેતતા રહેવું જોઈએ; અને તેમાંથી આપણે એ પણ જોઈએ છીએ કે જ્યાં સામાનું દિલ ન દૂભવવાની આતુરતા હોય છે ત્યાં એ ઘા કેટલા જલદી રુઝાઈ જાય છે.

આ મિત્રો ગાંધીજીની નિકટ તો હતા જ, પણ આ પ્રસંગથી વધારે નિકટ આવ્યા છે. આપણે એ પણ સમજવું જોઈએ કે જ્યારે ક્ષમા માગીએ ત્યારે તે કંજૂસાઈથી ન માગવી જોઈએ. એવી ક્ષમા માગ્યાનો કશો અર્થ નથી.

### બીજા સાથીઓ

સ૦ — આ પ્રસંગનું તમે આટલું સુંદર વર્ણન આપ્યું એને સારુ બહુ આભારી છું. હવે બીજા સાથીઓ વિષે કહેશો?

જ૦ — પંડિત જવાહરલાલનું નામ મને સૌથી પહેલું મોઢે આવે છે. તેઓ બહાર હોત તો ગાંધીજી સાથે એવી જ પ્રેમની લડાઈ તેમણે કરી હોત. પણ જેલમાંથી તેમનો જે સંદેશો આવ્યો તેણે ગાંધીજીની આંખમાં આંસુ આણ્યાં. વીજળીના ચમકારા જેવા શબ્દોમાં જવાહરલાલે પોતાની બધી ભક્તિ રેડતાં લખ્યું છે: "આપનો કાગળ મળ્યો. જે વસ્તુ હું સમજતો નથી તેમાં હું શું કહી શકું? આ જગતમાં ભૂલો પડેલો હું

આપને એકલાને જ દીવાદાંડીરૂપ જોઉં છું, ને અંધારામાં રસ્તો શોધવા ફાંફાં મારું છું. પણ ઠેસ વાગે છે ને પડી જાઉં છું. ગમે તેમ થાઓ, મારો પ્રેમ કાયમ છે, ને હું આપના જ વિચારો કરું છું." ડૉ. અનસારીને લાગ્યું કે 'જ્યારે જીવનદીપ બુઝાતો દેખાય ત્યારે ડૉક્ટરોનું માનવાની હા પાડો' એટલી વિનંતીનો સ્વીકાર ગાંધીજી પાસે કરાવી શકાય તો દેશની વેદના કંઈક ઓછી થાય. ડૉક્ટરની એ અશ્રદ્ધા રૂઝવવાને ગાંધીજી એમને જવાબ લખે છે: "તમે તો ખુદા પર યકીન રાખનાર છો. તમને કહું છું તે સાચું માનજો કે આ ઉપવાસ મેં મારી ખુશીથી નથી લીધો. એ ખુદાનું ફરમાન છે. તેથી એ જ મારી રક્ષા કરશે ને માવજત કરશે. અને જો એની માવજતથી હું નહીં બચું તો તમારા જેવા કુશળ ડૉક્ટર અને પેગંબર સાહેબને આફત વખતે મદદ કરનાર અનસારીઓના વંશજ મને શી રીતે બચાવશે? સલામ." (જેમને ખબર ન હોય તે જાણે કે પેગંબર સાહેબ જ્યારે મક્કાથી હિજરત કરીને ગયા ત્યારે એ હિજરતીઓને મદીનામાં જે શેખોએ મદદ કરી તે અનસારી કહેવાય છે.) બીજા સાથીઓનાં હૃદય પણ ભેદાઈ રહ્યાં છે, પણ તેઓ શ્રદ્ધાને જોરે જેમતેમ ટકવા મથી રહ્યા છે. શ્રી ઘનશ્યામદાસ બિરલા હૃદયની વ્યથા અને પ્રેમથી નીતરતા શબ્દોમાં લખે છે: "આ સમાચારથી હું હચમચી ગયો છું. ધીમે ધીમે મને સમજાયું કે અંતે સૌ સારાં વાનાં થઈ રહેશે. મારી ખાતરી છે કે આપ આ અગ્નિ-પરીક્ષામાંથી પાર ઊતરશો. અને આ એકવીસ દિવસને અંતે કંઈક ચમત્કારિક પરિવર્તનો થાય તોયે આપણને શી ખબર છે? આ શ્રદ્ધાની ભાષા છે. બુદ્ધિ પણ એમાં સૂર પૂરે છે. પણ ચિત્તને હજુ શાંતિ વળતી નથી. મને આપની પાસે દોડી આવીને ત્યાં જ રહેવાનું ઘણું મન થઈ આવ્યું. પણ બીજાને ખોટો દાખલો ન બેસે એટલા માટે જ મેં મનને રોકી રાખ્યું." જમનાલાલજી તો આલ્મોડાથી યરવડા ક્યારના દોડી આવ્યા હોત; પણ વધુ વિચાર કરીને તેમણે ચિઠ્ઠી નાખી, ને અંતે રહી ગયા. પણ સૌથી વધારે ઉત્સાહ આપનારા સંદેશા તો મહર્ષિ દાદાભાઈની પૌત્રીઓના છે. શ્રીમતી ગોશીબહેન લખે છે: "એટલે આપ અમારે સારુ ફરી વધસ્તંભે ચડી રહ્યા છો! મારામાં તો એટલી શ્રદ્ધા છે કે આપ આ યજ્ઞમાંથી પાર ઊતરશો ને આખા દેશને એક પગથિયું ચડાવશો. આવતાં ત્રણ અઠવાડિયાં અમારાં વિષમ વેદનામાં જવાનાં છે, ને તે અમે સહી લઈશું." એમનાથી નાનાં ખુરશેદબહેન લખે છે: "આપે આ પગલું લીધું એને વિષે હું ઈશ્વરનું રટણ કરું છું. અંતરમાં આનંદ સિવાય બીજી લાગણી નથી થતી. સત્યનો જય જ થશે. ઈશ્વર આપણો બેલી છે ને શ્રદ્ધા આપણું શસ્ત્ર છે.

એણે આપની મારફતે એનો પેગામ મોકલ્યો છે. એની જ ઇચ્છા બળવાન છે." બીજા અનેક સંદેશાઓ હું આપી શકું એમ નથી. પણ આટલા શૂરા સાથીઓ હોવા છતાં જો માણસ નિરાશ થાય તો એ નાસ્તિકતા જ ગણાય.

### બા અને મીરાબહેન

જે દૃઢતા અને હિંમતથી પૂ. બા અને મીરાબહેન આ અગ્નિ-પ્રવેશની વાત સહી રહ્યાં છે એ વર્ણવવાને મારી પાસે શબ્દો હોત તો કેવું સરસ! સમાચાર સાંભળીને તેમણે જે સંદેશો મોકલ્યો તેમાં બતાવેલી હિંમત અજબ ગૌરવશાળી છે: "આજે જ ઉપવાસની ખબર મળી. બા મને જણાવવા કહે છે કે તે હેબતાઈ ગયાં છે ને નિર્ણયને ભૂલભરેલો માને છે. પણ તમે ક્યાં કોઈનું સાંભળ્યું છે તે એમનું પણ સાંભળો? તે તેમની હૃદયની પ્રાર્થના પાઠવે છે. હું દિઙ્મૂઢ થઈ ગઈ છું. પણ ઈશ્વરી આદેશ છે એમ માનું છું અને એ રીતે દુઃખમાં પણ રાચું છું. હાર્દિક પ્રાર્થના."

નીચેનો તારનો જવાબ જ્યારે ગાંધીજીએ લખ્યો ત્યારે તેમની આંખોમાં હર્ષાશ્રુ આવ્યાં હતાં:

"બાને કહેજો કે તેના પિતાએ એને માટે એવો સાથી શોધી માર્યો છે કે જેને વેઠી લેવામાં બીજી કોઈ સ્ત્રી તો ભાંગી જ પડત. એનો મોંઘામૂલો પ્રેમ મારા હૃદયમાં અંકિત થયેલો છે. અંત સુધી એણે હિંમત રાખવી જોઈએ. તમારે વાસ્તે તો મારે એ જ કહેવાનું કે ઈશ્વરે તમારા જેવી દીકરી મને આપી એ એની કૃપા છે. ઈશ્વરે મને આપેલા આ નવામાં નવા કામથી તમે સતત આનંદ માણજો અને એમ કરીને તમારી બહાદુરી સિદ્ધ કરજો."

### મિત્રોના સંદેશા

જે મિત્રોના પ્રેમને ગાંધીજી હમેશ ચાહે છે ને તેમના મતનો પૂર્ણ આદરથી વિચાર કરે છે એમના સંદેશાની વાત મારે જુદી કરવી જોઈએ. ૧લી મેની રાતે બે વાગ્યે પહેલવહેલા તેમણે ગુરુદેવને, માલવિયાજીને અને નામદાર શાસ્ત્રીને પત્રો લખ્યા. શોકયુક્ત અને પ્રેમપૂર્વક આપેલા ઠપકાનો માલવિયાજીનો તાર તો ક્યારનો છાપામાં પ્રસિદ્ધ થયો છે. માલવિયાજીને અનુરૂપ જ તે આખો તાર છે. તેમની નાદુરસ્ત તબિયતને કારણે આજે તો એ યરવડા દોડી નથી આવ્યા પણ જ્યારે આવશે ત્યારે, હું જાણું છું કે, ગયા વખતની જેમ આ વેળા પણ, તે ગાંધીજીને ઉપવાસમાંથી રોકવાને

માટે શાસ્ત્ર ટાંકીટાંકીને અશ્રુયુક્ત દલીલો કરશે ને ધર્મની આખ્યાયિકાઓ સંભળાવશે. છતાંય જ્યારે તે નહીં જ ડગે એમ જોશે ત્યારે પાછા આંસુ લાવીને શાસ્ત્રના ઉપયુક્ત શ્લોક સંભળાવી તેમના નિર્ણયને આશીર્વાદ આપી નવાજશે. કવિશ્રી ટાગોરે છાપામાં પોતાનો મત જાહેર કર્યો છે, પણ હજુ સુધી આનંદયુક્ત આશીર્વચન આપવા જેટલી તત્પરતા નથી બતાવી. ના. શાસ્ત્રી હજુ તો શાંત બેઠા છે.*

## પ્રેમના સંદેશા

પરદેશથી આવનાર સંદેશાઓમાં સૌથી પહેલા શ્રી ઍન્ડ્રૂઝ અને પોલાકદંપતીના હતા. બેઉ વાંચીને નવાઈ તો થાય, પણ આનંદ પણ થયો. શ્રી ઍન્ડ્રૂઝે કહ્યું કે હું આપનો નિર્ણય સ્વીકારું છું ને સમજ્યો છું. પોલાકદંપતી તેમના સંદેશામાં પોતા તરફની પ્રાર્થના પાઠવે છે. ઇંગ્લંડના અનેક મિત્રોની લાગણીના પ્રતિનિધિરૂપ આ બે સંદેશા ગણાય. બીજો એક તાર જે વાંચી ગાંધીજી એટલા જ રાજી થયા તે શ્રી રોમાં રોલાં અને તેમની બહેન તરફથી છે કે, "અમે સદાના તમારાં સાથી છીએ."

પરદેશના તારોમાંથી એમના જ તાર મેં અહીં આપ્યા છે કે જે ગાંધીજીની વધારેમાં વધારે નજીક છે અને જેમને પ્રજા ઓળખે છે. બીજા કેટલાક એવા લોકના પણ તાર છે કે જેમને ગાંધીજી કદી મળ્યા નથી. તેમાં પણ તેમની આ અગ્નિપરીક્ષામાંથી પસાર થવા માટે પૂરતો આધ્યાત્મિક ખોરાક મળી રહે છે. યુરોપ જતાં પહેલાં શ્રીમતી સોફિયા વાડિયાએ પત્ર લખી પોતાનો વિરોધ પ્રેમપૂર્વક બતાવ્યો છે. છતાં સાથે જ જણાવે છે કે પ્રભુ આપને પાર ઉતારે. પત્ર સાથે હરિજનસેવા માટે ૩૦૦ રૂપિયાનો ચેક મોકલ્યો છે, અને પોતાના પત્રને અંતે લખે છે, "રકમ આથી મોટી હોય તો કેવું સારું એમ મને લાગે છે. મેની આઠમીએ મૅડમ બ્લૅવૅટ્સ્કીની જયંતી અમે ઊજવવાનાં છીએ તે શુભ પ્રસંગે હું આપને આ મોકલું છું."

"न जायते म्रियते वा कदाचित्
नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पराणो
न हन्यते हन्यमाने शरीरे ॥"

એક પારસી મિત્રે તેમના પત્ર સાથે સો રૂપિયાનો ચેક બીડ્યો છે. તેમના પત્રમાંથી એક વાક્ય અહીં આપું છું: "જો આપનું મરણ

* ઉપરનું છપાયા બાદ એમનો પ્રેમભર્યો સંદેશો મળ્યો છે. — તંત્રી

નીપજે તો કરોડો જીવશે. જો આપ સફળ થાઓ તો કરોડો પોતાનો પુનરુદ્ધાર પામશે.”

હરિજનોના પણ અસંખ્ય સંદેશાઓ આવેલા છે. બધાના હૃદય પર ભારે અસર થઈ છે અને તેઓ ઉપવાસનો મર્મ સાનમાં સમજ્યા છે. તેમાંના કેટલાક ગાંધીજીને વિનવણી કરે છે કે અમારાં ઝૂંપડાંમાં આવી આપ ઉપવાસયજ્ઞ કરો. હરિજનસેવક પંડિતો તેમના આશીર્વાદ મોકલે છે અને હરિજનસેવામાં જીવન અર્પનાર પેલા રક્તપિત્તિયા પંડિત મહાભારતમાંથી પ્રસંગોચિત શ્લોકો ટાંકી મોકલે છે. સતારાના એક ભલા મિત્રે ગાંધીજીના હૃદયને ગમે એવી પવિત્ર યાદગીરી લખી મોકલી છે: “આપ ૮મી મેને દિવસે ઉપવાસ આરંભો છો તે નૃસિંહજયંતીનો દિવસ છે. તે દિવસે પ્રહ્‌લાદે આખી અગ્નિપરીક્ષા પાર કરી નૃસિંહભગવાનનાં સાક્ષાત્ દર્શન કર્યાં. નૃસિંહાવતારે હિરણ્યકશિપુનો તે દહાડે સંહાર કર્યો. હું ઈશ્વરની પ્રાર્થના કરું છું કે, આપનો આત્મશુદ્ધિયજ્ઞ હિરણ્યકશિપુ કરતાં પણ ભયંકર એવા અસ્પૃશ્યતારૂપી રાક્ષસનો સંહાર કરે.”

વાચકને યાદ હશે કે ઠેઠ બાળપણથી ગાંધીજી પ્રહ્‌લાદની આદર્શ સત્યાગ્રહી તરીકે ગણના કરતા આવ્યા છે.

કલકત્તાની એક ઇસ્પિતાલમાંથી એક બીમાર મુસલમાન ભાઈ લખે છે: “માણસ મર્ત્ય છે. ઋષિઓ અને પેગંબરોને હંમેશ માટે આપણે જીવતા રાખી નથી શક્યા. અમે આપને બચાવી ન શકીએ, પણ આપનું કામ આગળ ચાલતું રાખીને આપને ચિરંજીવ કરી શકીએ. ઓહોદના યુદ્ધમાં એવી અફવા ફેલાઈ કે પેગંબરસાહેબ માર્યા ગયા. પરિણામે એમના અનુયાયીઓમાં નિરાશા અને શિથિલતા વ્યાપ્યાં. એટલે ઈશ્વરી અવાજ એમને સંભળાયો કે તમે નિરાશ ન થાઓ પણ સત્પથ પર ચાલ્યે જાઓ ને સત્યને માટે લડતા રહો. પણ પેગંબરસાહેબ નહોતા હણાયા. સ્વરાજ્ય આવે અને અસ્પૃશ્યતાનો નાશ થાય ત્યાં સુધી દયાળુ ખુદા આપને સલામત રાખો.”

## હાસ્ય ને રુદન

પ્રશ્ન — આગામી ઉપવાસ વિષે ગાંધીજીની શી મનોદશા છે તે જણાવશો?

ઉ૦ — હા, એનો ઉત્તર હું તમને તરત આપી શકું છું. ઉપવાસને કારણે એ શાંતિ અને કર્તવ્યપાલન કર્યાની આંતરિક પ્રસન્નતા અનુભવે છે. પણ ગયા અઠવાડિયામાં આશ્રમભવનમાં એમને કોઈએ જોયા હોય તો

તેને જણાયા વગર ન રહે કે બાહ્ય પ્રસન્નતાની પણ મણા નથી રહી. એ દ્વારા તો એમણે મારા જેવા અણસમજુ સાથીઓનાં શોક ને આંસુ પણ સૂકવ્યાં છે. એક છાપાવાળા ભાઈએ પૂછ્યું, 'આપ ૮મીએ શાની આશા રાખો છો?' ને તરત તેનો જવાબ આવ્યો, "તે દહાડે ૧૨ વાગ્યે મારી સ્વતંત્રતાની શરૂઆત થાય છે." પૂછનાર ભાઈએ વિચાર્યું કે આ ભારે જવાબ છે ને તે તેની નોંધ લેવા જાય છે ત્યાં ગાંધીજી આગળ કહે, "તમે ધારો છો તે સ્વાતંત્ર્ય નહીં, પણ તમારા જેવા છાપાના ખબરપત્રીઓ તરફથી સ્વતંત્રતા કહું છું!" થોડી વાર અટકયા પછી એ હાસ્ય જવા દઈ ગંભીરભાવે કહ્યું, "મારે માટે એટલું કહેવામાં આવે કે મેં કદી આસુરી આચરણ નથી કર્યું તો મને સંતોષ થશે." જમનાલાલજીનો તાર આવ્યો કે ચિઠ્ઠી નાખીને નક્કી થયું છે કે મારે આલમોડા રહેવું; તે વખતે સરોજિનીદેવી ગાંધીજી જોડે ચર્ચા રહ્યાં હતાં કે કઠણ પ્રસંગ આવે ત્યારે તેમણે દાક્તરી સલાહ પર ધ્યાન દેવું જોઈએ. જોરથી હસતાં હસતાં તેમણે તાર વાંચીને કહ્યું, "જુઓ, ડાહ્યો માણસ તો — તમારાથીય ડાહ્યો તો — આ રહ્યો." તરત સરોજિનીદેવીએ આ તારની ખબરનો ઉપયોગ તેમની સામે કરતાં કહ્યું, "ઠીક ત્યારે, આપે ઉપવાસ કરવા કે કેમ એને માટે, ચાલો આપણે ચિઠ્ઠી ઉપાડીએ." જવાબ પણ એટલી જ ઝડપથી મળ્યો, "ના ના, એમ નહીં; તમારે વધારે મારું માથું પકવવું કે નહીં એની ચિઠ્ઠી નાખીએ!"

શનિવારે મોડા સાંજે ૫ વાગ્યે ખબર આવ્યા કે કોઈ હરિજન બાળક મળવા માગે છે. વખત તો હતો નહીં, પણ બિચારો છોકરો કેટલાય કલાકથી દરવાજે રાહ જોતો બેઠેલો અને તેને પાછો ધકેલવાની મારી હિંમત ન ચાલી. પાંચ માસ ઉપર એ આવેલો. તે વખતે તેણે ગાંધીજી પાસે શિષ્યવૃત્તિની માગણી કરેલી ને ગાંધીજી પાસેથી વચન મેળવેલું કે કૉલેજના પ્રિન્સિપાલનું પ્રમાણપત્ર લાવે તો મદદ માટે વિચારીશ. આ દરમિયાન એ છોકરાને ઘણી મુસીબતો વેઠવી પડેલી. હવે પરીક્ષા પસાર કરી પ્રિન્સિપાલનું પ્રમાણપત્ર લઈ તેણે મુલાકાતની માગણી કરી હતી. જેલમાં આવવા ચંપલની જોડ ખરીદવા મુશ્કેલી વેઠી તેણે પૈસા એકઠા કર્યા હતા.

આ છોકરો કોણ છે એ ગાંધીજીને યાદ નહીં રહેલું એટલે એમણે પૂછ્યું, "આ છોકરે, આટલું મોડું થયા છતાં અને મારી પાસે એક મિનિટની પણ ફુરસદ નથી એ જાણતાં છતાં, શા સારુ મુલાકાતની માગણી કરી હશે?" મેં એમને સમજાવ્યું ને કહ્યું, "એક મિનિટથી વધારે

વખત એ નહીં લે. એ એટલી ખાતરી મેળવવાની જ આશા રાખે છે કે ઠક્કરબાપા એની વાત ધ્યાનમાં લે ને એને મદદ કરે."

એમણે છોકરાને કહ્યું, "ઠીક, તો હું એ ખાતરી આપું છું. હવે તને સંતોષ થયો?"

સાથે લાવેલાં ફૂલ ગાંધીજીને ચરણ ચડાવતાં એણે કહ્યું, "ના જી; હું બીજાને શા માટે પૂછવા જાઉં?"

ગાંધીજી: એમ કેમ?

"કેમ કે બીજામાં મને વિશ્વાસ નથી. મારો તો આપ પર જ વિશ્વાસ છે. બીજા બધા તો અપ્રામાણિક છે."

ગાંધીજી: જો મારા સાથીઓ એમ અપ્રામાણિક છે તો હું તો તે બધામાં વધારેમાં વધારે અપ્રામાણિક ઠર્યો. પછી તો તારે મારામાંય વિશ્વાસ ન રાખવો એ જ ઠીક.

બહાદુરીભેર એ છોકરે અત્યાર સુધી તો આ કટાક્ષનો ઢોંગ ચલાવ્યે રાખ્યો. પછી તેનાથી ન રહેવાયું ને તે રોઈ પડ્યો. ડૂસકાં ખાતાં તેણે કહ્યું, "તો પછી આપ અમને શા સારુ છોડીને જવા બેઠા છો? આપ જ કહો છો કે આપના સાથીઓ અપવિત્ર છે. આપની આસપાસ પાવિત્ર્યનું વાતાવરણ નથી ને મરણાન્ત અનશનવ્રત લેવું જોઈએ."

"પણ તું એમ કહે છે કે હું તમને છોડી જાઉં છું? હું નથી જવાનો."

વળી છોકરાની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં ને કહે, "હું એ માનું શી રીતે?"

"હું તને ખાતરીથી કહું છું કે હું નથી મરનાર. ચાલ, આપણી વચ્ચે કરાર: ૨૯મી મે ને સોમવારે બપોરે તારે નારંગી લઈને આવવું. મારે તેના રસથી પારણાં કરવાં. અને પછી આપણે તારી શિષ્યવૃત્તિ વિષે વાત કરીશું. બોલ, હવે તને સંતોષ છે?"

છોકરાના ચહેરા પર હર્ષ ઝળકતો હતો. આંસુ એનાં સુકાઈ ગયાં હતાં. એણે કહ્યું, "હા."

"એટલે ત્યારે તું આપણો કરાર પાળવાનો," એમ કહેતાં ગાંધીજીએ બીજાં બધાંના હાસ્યની જોડે પોતાના હાસ્યથી જેલનું આંગણું ગજાવી મૂક્યું.

આ અને હવે પછી હું કહેવાનો છું એ મીઠી વાતની વચ્ચે એક દુઃખદ વાતચીત થઈ હતી. એ દુઃખદ વાત આપણે ભૂલી જઈએ પણ બીજા બનાવને સંઘરીશું. સરોજિનીદેવીએ ગાંધીજીના આશીર્વાદ સારુ આવેલ એક તાજેતર પરણેલા યુગલને આણ્યું હતું. તિલક સ્વરાજ્યફંડના જમાનાના, ગાંધીજી એ નવોઢા બાલિકાને ઓળખતા હતા. તેણે ત્યારે

કેટલાય પૈસા ઉઘરાવ્યા હતા ને પોતાનાં ઘણાં ઘરેણાં આપ્યાં હતાં. "તને એ દહાડા યાદ છે ને? તું પરણી તેથી હું રાજી થયો. પણ અહીંથી તને મફત આશીર્વાદ નહીં મળે. તારે પ્રથમ હરિજનોને આશીર્વાદ આપવા જોઈએ."

નવોઢા કહે, "કેવી રીતે આપું? તમને ગમે તે માગી લો."

"પણ હું કેવી રીતે માગું? તારે તો તારા પતિની આજ્ઞા પૂછવી જોઈએ. મારે તમારી બેની વચ્ચે ખટરાગ નથી વાવવો."

"અમારી બેની વચ્ચે કજિયાને કંઈ અવકાશ જ નથી." એમ એણે દૃઢતાપૂર્વક જણાવ્યું. આખી મંડળી ખડખડાટ હસતી હતી ને તેણે પોતાની સોનાની બંગડીઓ ગાંધીજીને ચરણે મૂકી.

આમ વાત ઉપર વાત જોડીને હું તમારા કલાકોના કલાકો લઈને થકવી નાખું એમ છું પણ એક વસ્તુ જે મેં ખાસ સંઘરી રાખી છે તે કહીને મારે બંધ કરવું જોઈએ. આશ્રભવનમાં શાસ્ત્રાર્થ ચાલતો હતો ત્યારે એક સુધારક શાસ્ત્રી વારંવાર આવતા, તે કાલે આવ્યા હતા. એમનાથી કહ્યા વિના રહેવાયું નહીં કે, "તે દિવસોમાં હું ગાંધીજીના ચહેરા ઉપર વેદનાની છાયા જોતો. આજે પહેલાં કદી નહીં જોયેલાં એવાં શાંતિ ને આનંદ દેખાય છે." મેં કહ્યું, "તમે સાચું કહો છો. આટલા મહિના એમણે એ વેદના સંઘરી રાખી હતી. આજે એણે ઉપવાસનું દ્વાર શોધ્યું છે. હવે એ આખો વેદનાભાર એમના મન પરથી હઠ્યો છે અને કર્તવ્યપાલન કર્યાના ભાનથી એમનામાં અપાર શાંતિ અને આનંદ આવ્યાં છે."

### ઈશ્વરની સર્વશ્રેષ્ઠ બક્ષિસ

સ૦ — ઉપવાસયજ્ઞ કેમ આરંભાયો એ વિષે તમે કાંઈ કહો એમ હું ઇચ્છું છું.

જ૦ — ગયા ઉપવાસની જેમ આ પણ જેલમાં શરૂ થયો. આ વેળા આશ્રભવનમાં શરૂઆત થઈ ને પ્રારંભિક પ્રાર્થનામાં કેટલાંક આશ્રમવાસી ભાઈબહેન, તથા ઠીક સંખ્યામાં મિત્રો હાજર હતાં. કાંઈ પણ પૂર્વ ગોઠવણ વિના અનાયાસે તે વખતે ઘણીખરી કોમોના પ્રતિનિધિઓ હાજર હતા. પારસી, ખ્રિસ્તી અને મુસલમાન તેમ જ હિંદુ તે પ્રસંગે હૃદયમાં એક સરખું દુઃખ અનુભવતા હતા. વધારેમાં વધારે હૃદયદ્રાવક દૃશ્ય એક મુસલમાન ભાઈનું હતું, જેમણે ગાંધીજીના ચરણ અશ્રુભીને મોઢે ચૂમ્યા અને એક અમેરિકન પત્રકારે જ્યારે ગાંધીજી જોડે હાથ મેળવ્યા ત્યારે તેનાથી રુદન ઝાલ્યું ન રહ્યું ને આંસુ આવી ગયાં.

કેવા આનંદથી ગાંધીજી ઉપવાસની રાહ જુએ છે એ વાત હું તમને કરી ગયો. અનશનના પ્રારંભની અગાઉ થોડા જ વખત પર એમણે મીરાબહેનને લખેલા પત્રમાંથી થોડુંક તમને જણાવું: “આજ સુધીમાં ઈશ્વરે કદી મને નથી આપી એવી બક્ષિસ આ ઉપવાસ છે એમ હું માનું છું ને તું માને એમ ઇચ્છું છું. ભય અને ધ્રુજારી સહિત હું એમાં પ્રયાણ કરું છું તે મારી અપૂર્ણ શ્રદ્ધાનું ચિહ્ન છે. પણ આજ મને જે આનંદ છે એવો મને કદી નહોતો. મારી સાથે એ આનંદની ભાગી તું પણ બને એમ હું ઇચ્છું છું.” આટલું કહ્યા પછી આગળ જવું એ મારે મન પાપ સમાન છે. આ આનંદ એમનો હમેશનો સાથી બનો.

૩

## દશ દિવસે

‘હરિજનબંધુ’ માટે પ્રથમ અઠવાડિયે લેખ લખી આપ્યો ત્યારે સંજોગાનુસાર એને પ્રશ્નોત્તરીનું રૂપ આપ્યું હતું. બીજે અઠવાડિયે પણ એ પ્રમાણે હું લખી શકીશ એવી ઉમેદ હતી, પણ પામર માનવીની ઉમેદ કેટલી ઊભી રહી છે? ખરી વાત એ છે કે માનવી ઉમેદ રાખે એ ખોટી, ઈશ્વરને પોતાની ઉમેદ સોંપે એટલી સાચી. આ મહાતપમાંથી એટલું શીખીએ તોયે ઘણું.

૮મીએ સાંજે અમે છૂટા પડ્યા તે પહેલાં ગાંધીજીને એક નાનકડો સત્યાગ્રહ કરવો પડ્યો હતો એની વાત ‘હરિજનબંધુ’માં લખી જાય એમ નથી. પણ છૂટા પડતાં મેં સામાન બાંધ્યો તેટલી ઘડી સરદાર સાથે ગાંધીજીએ ઘણી ગોઠડી કરી — જાણે સરદારને વિયોગને માટે તૈયાર કરતા હોયની! પણ વધારે સાચી વાત એ છે કે ગાંધીજી પોતાને સરદારના વિયોગને માટે તૈયાર કરી રહ્યા હતા. દિવસના જ થોડા કલાક વિખૂટા પડવું પડ્યું એટલે પોકારી ઊઠ્યા હતા: ‘એ તો મારે માના કરતાંયે વધારે છે.’ જતાં જતાં સરદારને કહ્યું, “જુઓની ૩૦મીએ પાછા ભેગા. તમે બહાર નહીં તો આપણે બંને પાછા અંદર.’ સરદાર: ‘૩૦મીએ તો તમને સરકારની પણ અંદર પાછા લાવવાની હિંમત નહીં ચાલે.’ બાપુ: ‘તો એકાદ બે અઠવાડિયાં પછી. પણ કાં તો આપણે બંને બહાર અથવા આપણે બંને અંદર એ વિષે કંઈ શંકા છે?’ સરદાર: ‘કોણ જાણે?’ ગાંધીજી: ‘ભગવાન બધું કરી શકે છે, અને તે જાણે છે.’

ક્યાં છે આપણી પાસે એ વિશ્વાસ? એ વિશ્વાસ ગાંધીજીની પાસે તનમનધનની બાજી ખેલાવે છે, અને આપણો અવિશ્વાસ આપણને રડાવે છે. વિયોગના દશ દિવસ કેમ ગયા એ કેમ લખાય? આત્મકથા થોડી લખવા બેઠો છું? પણ સરદારની હૂંફ વિના એ દિવસ દોહ્યલા થઈ પડત એટલું તો કહી દઉં. આજે આવીને બાપુના ચરણમાં શિર ઝુકાવ્યું ત્યારે એમનો પ્રથમ સવાલ જ એ હતો: 'વલ્લભભાઈ કેમ છે?' બીજો સવાલ: 'કેમ ગમ્મત કરી હતી ના?' એટલે કે 'આંસુ નહોતાં પાડ્યાં ના?'

આ સવાલો, એ પૂછતાં એમનો અવાજ, એમનું પ્રથમના જેટલું પ્રફુલ્લ નહીં પણ પ્રથમના જેટલું જ પ્રસન્ન હાસ્ય, મુખની કાંતિ વગેરે જોઈને હું સાનંદાશ્ચર્યમાં ગરકાવ થયો. મેં એકે સવાલની આશા નહોતી રાખી, કારણ કે ગયા વર્ષના સપ્ટેમ્બરના ઉપવાસમાં ત્રીજે દિવસથી અવાજ બેસવા લાગ્યો હતો, છઠ્ઠે દિવસે એ અવાજ રહ્યો જ નહોતો. આજે તો બાપુ પોતે કહે છે: 'મારામાં પૂરેપૂરી સ્ફૂર્તિ છે. અવાજ, હાલચાલ વગેરે દરેક વસ્તુનો કાળજીપૂર્વક સંગ્રહ કરી રહ્યો છું. ઈશ્વર પાર પાડશે એમ ભાસે તો છે.'

આ પછી ઘણી વાતો થઈ એની સાથે વાચકને સંબંધ નથી. પણ એક પવિત્ર વાતનું સ્મરણ કરાવું અહીંના મારા મિત્રો મારી આશા રાખીને બેઠા હતા. ચંદ્રશંકર તો બિચારા 'હરિજનબંધુ'ની દૃષ્ટિએ જ વિચાર કરે. મારે એને લખી શું આપવું? ઉપવાસ જો ગાંધીજી ઇચ્છે છે તેમ ઉત્સવની વસ્તુ લાગતી હોય તો એનાં ઉત્સવગાન લખવાનું પણ મને ભાન ન રહેવું જોઈએ, એના રહસ્યમાં મારે તલ્લીન થવું જોઈએ, અંતર્મુખ થવું જોઈએ અને વૈખરી તજવી જોઈએ. જો એ દુઃખની વાત હોય, અસહ્ય હોય તો મારે ગાંધીજીનો વિરોધ કરવો જોઈએ. આજ સુધી તો એને સમજવાનો — સમજાવવાના નહીં, પણ સમજવાનો જ પ્રયત્ન કરી રહ્યો છું. મારા લેખો એ સમજવાનો પ્રયત્નમાત્ર છે. એ પ્રયત્નમાં આજે નવી સ્ફૂર્તિ મળી. "આ ઉપવાસ એ કેવળ ધર્મને માટે છે એ વસ્તુ મને તો ક્ષણે ક્ષણે વધારે પ્રતીત થતી જાય છે, જગતને પણ થશે. તમે આજે છૂટીને આવ્યા. આશ્રમ આ વસ્તુ તમારી પાસે સમજવાની આશા રાખશે. તમે સમજાવી શકશો. લોક એમ આશા રાખતા હશે કે આજે તમારું સ્થાન મારી પાસે છે, પણ તમારું સ્થાન આશ્રમમાં છે — ભલેને એક બે દિવસને માટે. અને તમે મને છોડીને આશ્રમમાં જશો એ પણ લોકોને માટે પાઠ થઈ પડશે કે આ ઉપવાસ ધર્મને માટે છે." આ શબ્દોને માટે હું તૈયાર હતો, આશ્રમમાં જવાને માટે તૈયાર હતો — એટલે તરત જ

કહ્યું, ‘તૈયાર જ છું.’ પણ સમજાવવા જવાને માટે તૈયાર હતો એમ તો કેમ કહું? — સમજવાને, પ્રાયશ્ચિત્તનું કાંઈક રહસ્ય સમજવાને, એમાં ભાગ ભરવાને તૈયાર હતો, સમજાવવાનો બોજો લઈને જવાને તૈયાર નહોતો.

પણ મારી સ્થિતિ ઘણા વાચકોના જેવી છે એટલે તેઓ સહેજે સમજી શકશે. ભાઈ ચંદ્રશંકરે અહીંનું વાતાવરણ વર્ણવતાં જે લખ્યું છે તે મારા જોવામાં આવ્યું. એમાં મારે વિષેનો ભાગ હું રોકી શકતો હતો, પણ મને રોકવાની જરૂર ન લાગી. ગેરસપ્પાની વાત એણે ઠીક યાદ કરી. એ વાત સાચી છે, પણ એની સાથે એક કડવું રહસ્ય ભરેલું છે. ગાંધીજી મારે માટે ગેરસપ્પા છે, પણ ગેરસપ્પાનો ધોધ કોણ ઝીલી શક્યું છે કે હું ઝીલી શકું? નળનું કે નાના ઝરણાનું પાણી માંડ ઝીલી શકાય, પણ ગેરસપ્પાની નીચે તો ભૂકેભૂકા થઈને ધોવાઈ જઈએ. આજે ગાંધીજી જાણે પોકારીને કહી રહ્યા છે: ‘ઝીલો અથવા તો ચૂરેચૂરા થઈને ધોવાઈ જાઓ.’ એ એમાંથી એક કરવાની ઈશ્વર મને શક્તિ આપો, દેશને શક્તિ આપો. મને લાગે છે કે બિચારા દેશની પણ મારા જ જેવી સ્થિતિ છે. રોજ સવારે ગીતાપાઠ કરું એમાં શાંતિ, બળ, સમાધાન, જ્ઞાનના તો ઢગલા ભરેલા છે, પણ પાઠ કર્યા પછી ભણકારા વાગે, વાગે ને આ જ વાગે છે:

तेजोभिरापूर्य जगत्समग्रं भासस्तवोग्राः प्रतपन्ति विष्णो ॥
आख्याहि मे को भवानुग्ररूपो नमोऽस्तुते देववर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवन्तमाद्यं न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥

## આશાનાં કિરણો

આમ દશ દિવસ ધ્યાન ધરીને, દશ દિવસે નિકટ આવીને ઉગ્ર તેજથી અંજાઈ જવાય છે, ત્યારે જરા અંતર્મુખ થતાં ધીરજ આવે છે, શાંત થવાય છે, તપના ઉગ્ર તેજને બદલે સૌમ્ય સ્વરૂપનાં કંઈક દર્શન થાય છે, અવિશ્વાસ, અશ્રદ્ધાની અકળામણ દૂર થાય છે, અને પાછી શ્રદ્ધા પોતાનું સ્થાન મેળવે છે. મારી અશક્તિ, મારી અપવિત્રતાની ઉપર મારે શા સારુ ભાર મૂકવો? મારા પોતા પૂરતો ભલે એ ભાર મૂકું, પણ બીજાને કેમ વીસરું? જો મારી અશક્તિ અને અપવિત્રતા બધે ભરી હોય તો તો એવા કોઈની પ્રાર્થના કામ ન આવે અને આપણે ગાંધીજીને ખોઈ બેસીએ. પણ સુભાગ્યની વાત એવી છે કે ગાંધીજીએ જ જે પ્રેમ, પવિત્રતા અને ત્યાગ આ પંદર વર્ષ થયાં જાગ્રત કર્યાં છે તેને પરિણામે અનેક પવિત્ર વિભૂતિઓ પડી છે કે જેની પ્રાર્થના આ વખતે કામ કર્યા વિના રહે જ નહીં. મીરાબહેન, જેનું નામસ્મરણ પણ ઘડીભર તો માણસને પવિત્ર કરી શકે એ બાપડી

સાબરમતીના કારાવાસમાં પડી પડી જે પ્રાર્થના પહોંચાડતી હશે તે પ્રાર્થના ગાંધીજીની ઇચ્છાને બળ ન આપે તો કોણ આપશે? જવાહરલાલ, જેના આત્માનું જવાહર ગાંધીજી ઉપર આવેલા એમના એ તારોમાં અને કાગળોમાં ઝગી રહ્યું છે તેની પ્રાર્થના અફળ જશે? બીજાનાં નામ ક્યાં દઉં?

અને આ દેશની બહાર બીજી કેટલીય પવિત્ર વ્યક્તિઓ જાગરણભરી પ્રાર્થના કરી રહી છે એની ઘણાને ખબર ન હોય. જર્મનીમાં એક બહેન બેઠી છે, જેને ગાંધીજીનાં પ્રથમ દર્શન અને પ્રથમ ઓળખાણ ગઈ યુરોપની મુલાકાત વખતે થયાં. એના કાગળો એકે મેલમાં ન હોય એમ બનતું નથી. હરિજનો માટે નિયમિત સંઘરીને પૈસા મોકલતાં ચૂકતી નથી. એના પ્રેમનીતરતા કાગળો આપવા જાઉં તો 'હરિજનબંધુ'નાં બધાં પાનાં રોકાય. અને વિલનવમાં સંન્યાસ લઈને બેઠેલા ઋષિ રોમાં રોલાં — જેમણે ગાંધીજીને ચર્મચક્ષુએ જોયા પહેલાં આર્ષદૃષ્ટિએ જોઈને ગાંધીજીનો પાશ્ચાત્ય જગતને અદ્ભુત પરિચય આપ્યો હતો, તેઓ જે લખે છે એમાં એમની ઊભરાતી ભક્તિ ઉપરાંત સૌને માટે આશા અને આશ્વાસન રહેલાં છે. એનું ભાષાન્તર 'હરિજનબંધુ'માં આવી ગયું છે. એના ઉપર 'હરિજનબંધુ'ના વાચકો વિચાર કરે અને જીરવવાનો પ્રયત્ન કરે. હિંસાથી ઊકળી રહેલા, પ્રજળી રહેલા યુરોપની એ મહાત્મા રગેરગ જાણે છે, અને એ હિંસાની લાહ્ય શાંત કરવાને માટે આ અગ્નિહોત્રનો આરંભ થયો હોય એમ એ માને છે. આ સમજવા, વિચારવા જેવું છે. પણ આપણે ત્યાં — આપણા ગૃહમાં, સમાજમાં, ધર્મમાં, રાજ્યમાં ઓછી લાહ્ય લાગી રહેલી છે? ઓછા અન્યાયો અને અત્યાચારો થઈ રહ્યા છે? એ લાહ્યને શાંત કરવાને માટે અહિંસાની પરાકાષ્ઠારૂપ આ ગંગાધારા નહીં કામ આવે તો બીજું શું કામ આવશે? પણ ઈશ્વરેચ્છા હશે તો આ વિચારને હું આવતા અંકમાં આગળ ચલાવીશ.

## ૪

### આશ્રમ કયો?

ગયા 'હરિજનબંધુ'માં મેં ગાંધીજીને મળીને તરત જ લખ્યું હતું. બીજે દિવસે મેં ગાંધીજીની રજા લીધી. એ મારે માટે વસમી ઘડી હતી. 'તારું સ્થાન આશ્રમમાં છે' એ શબ્દો મારા કાનમાં વાગી રહ્યા હતા. આશ્રમ એ એમની પ્રિય કૃતિ, આશ્રમ જ એમનો દેહ, આશ્રમના વિચાર એમને આ તપશ્ચર્યામાં વારંવાર આવતા હોય તો આશ્ચર્ય નહીં. આશ્રમની

મારફત એમને પોતાનું બધું કામ લેવાનું રહ્યું. સ્વરાજ્યની આખરી લડતના ગણેશ આશ્રમથી દાંડીકૂચ કાઢીને મંડાયેલા. આ પવિત્ર ધર્મયુદ્ધને આપવા ધારેલું નવું સ્વરૂપ પણ આશ્રમ દ્વારા જ કેમ ન આરંભાય? રાવણના કરતાં ભયંકર રાક્ષસને હણવાને માટે કેવી પવિત્રતા જોઈએ? એવી પવિત્રતા આશ્રમમાં ન હોય તો શી રીતે આશ્રમનો ઉપયોગ એ ધર્મયુદ્ધમાં કરી શકાય? સાધનની શુદ્ધિ ઉપર ગાંધીજીએ જેટલો ભાર મૂક્યો છે તેટલો બીજા કોઈ સુધારકે ન મૂક્યો હોય. પણ આ યુદ્ધને વિષે ખાસ વધારેપડતો દેખાતો ભાર પવિત્ર સાધનો ઉપર એટલા જ માટે મુકાયો કે આ યુદ્ધના જેવું વિકટ યુદ્ધ અને શુદ્ધ ધાર્મિક યુદ્ધ હજી લડાયું નથી. સામાન્ય શાક મોળવાની છરીનો પણ ધોઈ ધોઈને સ્વચ્છ કર્યા વિના આપણે ઉપયોગ કરતા નથી. કોઈ સરજન શસ્ત્રક્રિયા કરતી વેળા પોતાના હથિયારને ઊકળતા પાણીમાં નાખીને શુદ્ધ કર્યા વિના ઉપયોગ નથી કરી શકતો, કરે તો એ પોતાના કામને માટે નાલાયક ઠરે અને ગુનેગાર પણ ઠરે. ત્યારે આ જમાનાઓ થયાં પાતાળઊંડાં મૂળ નાખી બેઠેલી, ધર્મવૃક્ષને વળગીને વધતી ગયેલી વિષવેલીનાં મૂળ કાપવાને માટે આશ્રમરૂપી શસ્ત્રનો ઉપયોગ કરવો હોય તો એ શસ્ત્રને જેટલું સ્વચ્છ, અણિયાળું અને ચળકતું બનાવી શકાય તેટલું ઓછું. 'તારું સ્થાન આશ્રમમાં છે.' એટલા વાક્યમાં મેં આટલો અર્થ ક્ષણવારમાં વાંચી લીધો, જોકે ગાંધીજી પોતે એ આપી શકતા હોય તો આના કરતાં વધારે ઊંડો અર્થ કાઢી આપે.

આ મર્મ સમજી, હું જે કામ માટે આશ્રમ જાઉં છું એ વિચારતાં હું ધ્રૂજી ગયો. ગાંધીજીની સાથે વધારે વાત કરવાની, એમની પાસે વધારે વાત કરાવવાની હિંમત ન ચાલી. મેં સજલ નેત્રે એમની રજા લીધી, પણ જતાં જતાં કહ્યું: "હું પ્રત્યક્ષ જોઉં છું કે આ ઉપવાસ જેમ આપનું રામની સાથે રૂસણું છે તેમ જ આપના આત્માનો આપના શરીરની સામે— આશ્રમની સામે—બળવો છે. એ આત્માને એ શરીર લાયક ન થાય તો એને છોડી આપ ભાગી જાઓ એ પણ દીવા જેવું ભાસે છે. પણ ધ્રૂજતાં ધ્રૂજતાં એક વાત કરું? આપનું શરીર સાબરમતી ઉપરના આશ્રમમાં જ સમાયેલું છે એમ શા સારુ માનો? છેલ્લાં પંદર વર્ષમાં આપે જે નિષ્પ્રાણ દેશમાં પ્રાણ પૂર્યા છે એ આખો દેશ આપનું આશ્રમ છે, આપનું શરીર છે. એક અંગ સડેલું હોય તો તેનો નાશ કરવા જેટલી નિર્દય સદયતા આપનામાં છે. આશ્રમ એક નાનકડું અંગ છે, એનો નાશ કરીને સાબરમતીમાં ફગાવી દો, પણ એ વિરાટ શરીરનાં ઘણાં અંગો તો દેશમાં છે. અમે બધા પથરા હોઈએ પણ દેશમાં આપે ઘણુયે હીરા પકવ્યા છે. આપ આશ્રમનો જ

વિચાર કરીને અધીરા ન થાઓ એમ માગું." મારે એકાએક આશ્રમમાં કેમ આવવું પડ્યું એ સવાલ મને ઘણી વાર પૂછવામાં આવ્યો છે. એના જવાબમાં આટલો પવિત્ર પ્રસંગ આપી દેવા ઉપરાંત હું શું કરી શકું? ઉપવાસથી આરંભાયેલા અનેરા અગ્નિહોત્રમાં આશ્રમ શો ફાળો આપી શકે, ફાળો આપવાનું એનું ગજું કે લાયકાત છે કે નહીં એ બધું જોવાને માટે મારે આશ્રમમાં જવું એ અનિવાર્ય હતું.

### વલ્લભભાઈની વેદના અને શ્રદ્ધા

સરદારની થોડીક કથા મેં ગયા અંકમાં કરી હતી. આ પ્રસંગે થોડી કરવાની જરૂર છે. ગયા જ અંકમાં આપી શકતો હતો પણ સમય નહોતો, સ્વસ્થતા નહોતી. સરદાર સહેજે સ્વસ્થતા ખોઈ બેસે એવા નથી. ઉપવાસનું સાંભળીને એમણે જે સ્તબ્ધતા અનુભવી હતી અને ક્ષણ પછી જે ઉદ્ગાર કાઢ્યા હતા તે હું મારા પ્રથમ લેખમાં આપી ગયો છું. એ પછી એઓ સ્વસ્થ થવા લાગ્યા. બીજી તારીખે એમના પર સર પુરુષોત્તમદાસનો કાગળ આવ્યો એના જવાબમાં જે કાગળ લખ્યો તે એમની વેદના છતાં દીર્ઘદૃષ્ટિ, શાંત સમજ, શ્રદ્ધા અજબ રીતે પ્રગટ કરે છે. એ પત્રમાંથી સૌ સમજ અને ધીરજ બંને મેળવે. સરદારની કે સર પુરુષોત્તમદાસની રજા વિના એ કાગળનો ઉપયોગ કરવાની છૂટ એટલા માટે લઉં છું કે આ પુણ્યપર્વમાં ગાંધીજીથી વિખૂટા પડેલા સરદારનું સૌને સ્મરણ થાય છે અને તેમનું હૃદ્ગત જાણવાને સૌ આતુર છે. આ રહ્યો એ કાગળ: (કાગળ માટે જુઓ પા. ૨૮૦-૮૧.)

આ કાગળ છપાશે એને બીજે દિવસે તો ગાંધીજીના ઉપવાસ પૂરા થયા હશે. બીજી તારીખે લખેલા કાગળના અંતમાં ભય અને નિરાશાની છાયા છે. પણ છેવટનું વાક્ય એ વલ્લભભાઈના ધર્મપ્રવણ હૃદયની શ્રદ્ધા દાખવે છે.

'આશ્રમ' શબ્દની મેં કરેલી વ્યાખ્યા કરતાં મને વલ્લભભાઈ યાદ આવ્યા, એમનો કાગળ યાદ આવ્યો. કોણ કહેશે કે હું આશ્રમમાં છું અને વલ્લભભાઈ આશ્રમમાં નથી? મારા કરતાં સો દરજ્જે એ વધારે આશ્રમી છે એમ મારું અંતર સાક્ષી પૂરે છે.

### યજ્ઞમાળાનો યુગ

ગાંધીજીએ ઉપવાસ જાહેર કરતાં નિવેદન બહાર પાડ્યું હતું તેમાં કહ્યું હતું કે સંભવ છે કે આ યજ્ઞ એક મોટી યજ્ઞમાળાનો આરંભ હશે. ગાંધીજીનું અગ્નિહોત્ર તરત જ બીજા યાજ્ઞિકો ઉઠાવી લેશે કે એનો અગ્નિ શાંત

થવાનો ભય લાગે ત્યારે બીજા યજ્ઞો આવશે, કે દેશમાં સ્થળે સ્થળે યજ્ઞોની વેદીઓ મંડાશે એ વસ્તુ કાળના ગર્ભમાં છુપાયેલી છે. ગાંધીજીના શબ્દોમાં શો મર્મ છુપાયેલો છે એની પણ મને ખબર નથી. પણ યજ્ઞમાળાનો આ યુગ છે એમ રોમે રોલાં જેવા ક્રાંતદર્શી કવિ તો કળી ગયા છે.

ગયા અંકમાં એ ઋષિ કવિના કાગળનો મેં ઉલ્લેખ કર્યો છે. એ કાગળની ઉપર થોડું વિવેચન, આ યજ્ઞમાળાની વાત કરતાં, કરવું ઉચિત ધારું છું. એ કાગળનો પ્રથમ ભાગ હજારો ગાઉ દૂર બેઠેલા, ભીષણ અન્યાયને વિષે પુણ્યપ્રકોપથી ધગી ઊઠેલા હૃદયના ઉદ્ગારો છે. બાકી એમાં સનાતનીઓ પ્રતિ જે આક્ષેપ દેખાય છે તે એમને કોઈ ન લાગુ પાડે. આ પુણ્ય ત્રિસપ્તાહમાં એ વિચાર સરખો પણ આપણને ન આવે. સનાતનીઓ આપણા દેશમાં છે કે બહાર? સનાતનીઓ સહધર્મી છે કે પરધર્મી? સનાતનીઓનાં અને આપણાં હાડરુધિર જુદાં છે? તો સનાતનીઓના કરતાં આ ઉપવાસની જવાબદારી આપણી શી ઓછી છે? જમાનાની ગાઢ નિદ્રામાં આખો દેશ પડેલો હતો, જેમાં સનાતનીઓ પણ છે, થોડા-ઘણા જાગ્યા એટલે તે દોષમુક્ત થઈ ગયા? અને જાગ્યા છતાં તેમની પાસે શુદ્ધિ ન હોય તો? તો તો એ ન જાગેલા જેવા જ છે, કદાચ ન જાગેલા કરતાં બૂરા છે એટલે જાગેલાની જવાબદારી ઊલટી વધારે છે એમ કહું તો વધારાપડતું ન ગણાય.

હવે આવું એ કવિના પત્રના બીજા અને અણમોલા ભાગ ઉપર. કવિ યુરોપની યાદવીઓથી કંપી રહેલ છે, આવતી યાદવી ગઈના કરતાં પણ વધારે ભીષણ આવે છે એનું એને દર્શન થયેલું છે. આવી યાદવીની જ્વાળાને આ નવો આહુતિમાર્ગ, આત્મસમર્પણ માર્ગ શાંત ન કરે? એ ક્રાંતદર્શી કવિ આગાહી કરે છે કે કરશે. બીજો પંથ નથી. હિંસાના પંથની ટોચ આપણે યુરોપમાં જોઈ રહ્યા છીએ. હવામાં વિમાનો ઉડાવી હત્યાકાંડ કરતાં ન ધરાય તો આખરે એથીયે આગળ જશે. આગળ જઈને કેટલા ઊંડાણમાં પડશે એ રામ જાણે. પણ ત્યાંથી પાછા ઉઠાવીને તેમને ખેંચી કાઢવા માટે પણ આ જ ધોરી માર્ગ છે. અહિંસાના માર્ગની ટૂંકો યમનિયમાદિનું પાલન છે, પણ અંતિમ શિખર એ આત્મવિસર્જન છે. હિંસા એ કેવળ સબળાનું હથિયાર છે, જ્યારે અહિંસા એ અબળા સબળાનું, સ્ત્રીપુરુષનું, બાળવૃદ્ધનું સૌનું હથિયાર છે. જ્યાં ધર્મને નામે પોતાને ઊંચી માનતી કોમ એ હરિજન કોમની ઉપર અસહ્ય અત્યાચાર કરે—અને એ અત્યાચાર નાટારો દક્ષિણ હિંદુસ્તાનમાં ચલાવી રહ્યા છે એથી ભૂંડો કયો હોઈ શકે?—ત્યાં બીજો કયો રસ્તો કામ આવે? હરિજન સ્ત્રીઓ પોતાની લાજ

પણ પૂરી ન ઢાંકી શકે, ઢાંકીને ચોરી રસ્તે નીકળે તો નાટાર મહાજનનો પિત્તો ચસકે. આ દૃશ્ય ભીષણ છે. એની ભીષણતાથી ઊકળી ઊઠેલી કઈ વીર બાળા તે સ્થાને જઈને આત્મસમર્પણ કરવા નહીં ઝંખે? રજપૂતાનામાં એક પ્રદેશમાં હરિજનોને પીવાના પાણીના સાંસા. માઈલના માઈલ ચાલે ત્યારે મેલા હવાડામાં જ્યાં ઢોર અને પંખી તરસ છિપાવે, અને જેને મૂર્ખ માનવી ગંદકી કરી ઢોર અને પંખી માટે નાલાયક કરે એવા હવાડામાંથી કદાચ હરિજનો પાણી મેળવી શકે! આ અત્યાચાર કમકમાટી ઉપજાવે એવો નથી કે? એવો વીર કોઈ ન જાગે કે જે એ ભૂમિમાં જઈને દૃઢાસન થઈને બેસે અને પ્રતિજ્ઞા કરે કે મારા હોઠ ઉપર પાણીનું બુંદ ન મૂકીશ જ્યાં સુધી હરિજનોને સ્વચ્છ નિર્મળ જળ મળે નહીં? પણ આને હવે વધારે નહીં વિસ્તારું. કવિ રોમે રોલાંનું એક વાક્ય મનન કરવા જેવું છે તેટલાનો વિચાર કરી સમાપ્ત કરીશ. માનવસમાજના એમણે બે વિભાગો પાડ્યા છે — પીડકો અને પીડિતો. પીડકો ત્રાસ આપી રહ્યા છે, લોહીની નદી વહેવરાવી રહ્યા છે, પીડિતો રેંસાઈ રહ્યા છે, પણ પીડિતોમાંથી કેટલાકને એ લોહી શહીદ બનાવી રહ્યું છે તો કેટલાકને મત્ત કરી રહ્યું છે, ભાન ભુલાવી રહ્યું છે, વિષરૂપ થઈ રહ્યું છે. કેટલાકને બાપડાને લાગે છે કે કદાચ જે શસ્ત્રથી આપણે પીડાઈએ છીએ એ જ શસ્ત્રથી આપણો આરો ન હોય? આના જેવી કરુણ દશા બીજી કઈ? એ તો યુરોપનું વર્ણન છે. પણ અહીંનું કેમ નહીં? હરિજનો આજે મૂંગા છે, કાંઈક બોલતા થયા છે, કાલે એમનામાં કોપ પ્રવેશ કરશે, પરમ દિવસે એઓ એમ માનતા થાય કે આપણે પણ આપણને પીડનારાઓનાં શસ્ત્રોનો પ્રયોગ કરો, તો? તો — કરીને અટકી જવું એ જ ડહાપણ છે. એ વાક્ય પૂરું કરતાં કલમ અને કાયા કંપે છે. એ યાદવી અટકાવવા, પીડિત હરિજનોને માટે પણ એક જ ઉદ્ધારક માર્ગ બતાવવાને માટે આ અનેરું અગ્નિહોત્ર મંડાયું છે.

## ૫

नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितम् ।
कालमेव प्रतीक्षेत निर्देशं भृतको यथा ॥ मनुस्मृति ॥

### થાપણ પાછી

આશ્રમમાંથી હું પાછો ૨૫મીએ નીકળી ૨૬મીએ 'પર્ણકુટી'માં હાજર થયો. દિનરાત ચાલી રહેલી ચિંતામાં મેં પ્રત્યક્ષ ભાગ નહોતો

લીધો, પણ ઊલટા દૂર રહેવાને લીધે મારી માનસિક ચિંતા વધારે હતી. અહીં આવીને જાણે એ માનસિક ચિંતા ઓછી થઈ. ૧૯મીએ છૂટીને મારા મન ઉપર જે છાપ પડી હતી તેનાથી જુદી છાપ ૨૬મીએ આવતાં પડી, અને ૨૮મીએ વળી એથી જુદી છાપ પડી. મારા છૂટવા પહેલાં ભાઈ દેવદાસ તરફથી મને ખબરો તો જેલમાં મળ્યાં જ કરતા હતા. એક દિવસ મને ખબર મળેલી — અને તેને માટે હું તૈયાર હતો — કે 'બાપુ દિવસે દિવસે વધારે અંતર્મુખ થતા જાય છે, શરીરનો વિચાર ઓછો જ કરે છે.' તે દિવસે બાપુનું રોજ રોજ વધારે કૃશ થતું જતું શરીર જોઈને દેવદાસે કહેલું, 'બાપુ, તમે હજામત કરાવો તો કદાચ અમને તમારો કરમાતો જતો ચહેરો કાંઈક ઓછો કરમાતો લાગે અને ચિંતા ઓછી થાય.' બાપુએ કહેલું, 'હજામત આજે નહીં, ત્રીજે અઠવાડિયે, અથવા તો એથીયે વધારે બહેતર તો એ કે છેલ્લે દિવસે. મને શરીરના વિચાર ઓછા ને ઓછા આવે છે, અને મારે રામનામ સિવાય બીજા કશાનો વિચાર કરવો નથી.' આ છતાં હું ૨૬મીએ જ્યારે આવ્યો ત્યારે મને ચિંતા થતી હતી કે હું શો જવાબ આપીશ. આશ્રમની પાસે એમણે શી આશા રાખી હશે અને હું એમની એ આશા કેવી સફળ કરીશ. મને ૨૬મીએ આવતાંવેંત બોલાવ્યો, પણ મારી ચિંતાનું કશું જ કારણ નહોતું એમ મને ખબર પડી. મેં કહ્યું કે 'આશ્રમમાં ખૂબ વાતો કરી છે, આપના કાગળો વગેરે ફરી ફરી વાંચીને સમજી લીધા છે, અને આપનાં પારણા પછી આપની સાથે વધારે ચર્ચા કરીશું.' એટલે એમણે પ્રસન્નતાથી કહ્યું, 'એ બરોબર છે.' એ દિવસે એમને કશી બાબતની પડી નહોતી. પણ ૨૮મીએ જાણે એમની મનોવૃત્તિમાં ફેરફાર થયો. પોતાના શરીરને એમણે ઈશ્વરને સોંપી દીધું હતું તે જાણે પાછું એની પાસેથી મળ્યું હોય એવી રીતે વિચાર કરતાં મેં એમને જોયા. ૨૮મીએ સવારે મૌન લીધા પહેલાં જ્યારે એમણે મને બોલાવ્યો ત્યારે મેં જોયું કે એમની શાંતિનો પાર નહોતો. એમણે પૂછ્યું : 'આવતી કાલે શો કાર્યક્રમ રાખ્યો છે? ડૉ. અનસારી કંઈક કુરાને શરીફની આયત બોલશે. ખ્રિસ્ત સેવા સંઘવાળા કોઈ ભજન બોલશે. આપણું વૈષ્ણવ જન તો છે જ.' મેં કહ્યું : 'અમે એવું જ કંઈક વિચારી રાખ્યું હતું. અમારી યોજના એવી હતી કે આ પ્રાર્થના ૧૧–૩૦ વાગ્યે શરૂ કરવી અને ૧૨ વાગ્યે પૂરી કરવી, એટલે આપ બાર વાગ્યે પારણું કરી શકો.' તત્ક્ષણ જ એમણે કહ્યું, 'ના, બધું પ્રાર્થના પછી. અને ઉપવાસનો આરંભ તો ૧૨ વાગ્યે થયો એટલે ઉપવાસ બારે પૂરા થાય ત્યાર પછી જ પ્રાર્થના કરવાની.' પૂ. કસ્તૂરબા તો સવારથી મને

પૂછતાં હતાં કે ગાંધીજીએ ૮મી મેને દિવસે કેટલે વાગ્યે છેવટનો ફળાહાર કરેલો, અને મેં જ્યારે એમને કહેલું કે ૧૧–૩૦ વાગ્યે છેલ્લો ફળનો રસ લીધો હતો ત્યારે એમણે આશા રાખેલી કે ૧૧–૩૦ વાગ્યે ૨૯મીએ પણ પારણાં થશે. ત્યાં તો ગાંધીજીએ છેક ૧૨–૩૦ વાગ્યે જ બધું પતે એવી યોજના સૂચવી. પૂ. કસ્તૂરબા જરા મૂંઝાયાં. મેં હસતાં હસતાં કહ્યું : ‘બા, એકવીસ દિવસ ઉપર એક કલાક વધારે, બીજું શું? કસ્તૂરબા હસ્યાં. ગાંધીજી પણ સહેજ હસ્યા, અને ઇશારો કર્યો કે એ જ બરાબર છે. આ થયા પછી પાછા પાંચ વાગ્યે સાંજે મારે એમની પાસે જવું પડ્યું, — જવું પડ્યું કારણ કે એમણે મૌનને લીધે મોટા અક્ષરે લખેલી કેટલીક સૂચના એમના પરિચારકો વાંચી નહોતા શકતા. આ સૂચનામાં લખ્યું હતું : ‘ મહાદેવ કહેતા હતા કે ઈશાવાસ્ય પણ બોલાશે. એ નહીં ચાલે. એના કરતાં સિદ્ધોઽથ બુદ્ધોઽથવાવાળો શ્લોક બોલજો. પછી કવિનું પેલું ગીત અમીય બોલે અથવા મહાદેવ બોલે. પેલો શ્લોક ભજનાવલિમાં છે.’

આમ એમણે હવે મનની સાથે નિશ્ચય કરી લીધો હતો કે ઈશ્વરને સોંપેલી થાપણ ઈશ્વરે પાછી આપી છે, અને એનો વધારે ઉપયોગ કરવાના વિચાર કર્યે જ છૂટકો છે.

### ચમત્કાર

૨૯મી મેએ જગતની ખાતરી થઈ કે ચમત્કારનો જમાનો હજુ ગયો નથી. શેનો જાય? ચમત્કારમય, લીલામય, પરમકરુણાનિધાન સતત ક્ષણેક્ષણ આપણી સાથે છે, હતો અને હશે એવી જેને શ્રદ્ધા છે તેને એ વિષે શંકા હોય જ નહીં કે ક્ષણે ક્ષણે ચમત્કાર થયાં જ કરવાના. માત્ર ભેદ એટલો જ છે કે ચમત્કારનો અર્થ જગતનો અને ગાંધીજીનો જુદો છે. જ્યારે ઉપવાસ પહેલાં એક છાપાવાળાએ ગાંધીજીને કહેલું કે દાક્તરો તો કહે છે કે ‘તમે આ વખતે બચો તો તો ચમત્કાર જ થાય.’ ત્યારે ગાંધીજીએ તત્ક્ષણ એમ કહેલું, ‘વારુ, ત્યારે હું કહું છું કે ચમત્કારનો જમાનો ગયો નથી.’ આનો અર્થ કોઈ એમ ન કરે કે ગાંધીજીનું શરીર પડ્યું હોત તો કરુણામય ઈશ્વરના ચમત્કાર બંધ થયા છે એમ સિદ્ધ થાત. ગાંધીજી તો એ ઘટનાને પણ ઈશ્વરનો ચમત્કાર જ માનત, કારણ ખરા ઈશ્વરભક્તને ઘટનામાત્ર ચમત્કારરૂપ છે. શુદ્ધ પ્રવૃત્તિમાંથી એ શ્રદ્ધા જન્મે છે, અને એ શ્રદ્ધા જેની રગે રગે વ્યાપેલી હોય છે તેના ક્ષણિક ઉદ્‌ગારોમાં પણ દીર્ઘ ચિંતનનો જ પડઘો સંભળાય છે, એના પ્રાસંગિક વિનોદોમાં પણ ગંભીર સત્ય છુપાયલાં હોય છે. એવા જ નિશ્ચિંત થઈને બેઠેલા કોઈ મહાત્મા મસ્ત થઈને કહી શકે: ‘એને રાખવો હોય તો રાખશે, અને

લઈ લેવો હોય તો લઈ લેશે.' છઠ્ઠી તારીખે જ્યારે પેલો હરિજન યુવક આવ્યો અને એની સાથે મીઠો સંવાદ કરીને ગાંધીજીએ એને કહ્યું કે 'તું ૨૯મીએ ૧૨ વાગ્યે એક નારંગી લઈને આવજે, હું તારા નારંગીના રસથી ઉપવાસ છોડીશ,' ત્યારે એ વચનમાં મધુર વિનોદ જ નહોતો પણ કરુણામયની લીલાનું દર્શન હતું. એટલે જ એમણે ઉપવાસ છૂટવાના ચાર દિવસ પહેલાં ડૉ. વિધાન રાયને કહેલું: 'હારું તોયે જીતવાનો છું!' કબીર મહાત્માના વચનમાં એ મસ્તી આપણે જોઈએ છીએ. શરીરને ચાદરની ઉપમા આપીને એ સિદ્ધહસ્ત વણકર ભગવાને કેવી રીતે એને વણી એનું એણે વર્ણન કર્યું છે અને પોતાને વિષે કહ્યું કે

દાસ કબીર જતનસે ઓઢી
જ્યોંકી ત્યોં ધર દીની ચદરિયૉં.

જેણે પોતાની ચાદર હમેશને માટે જેવી ને તેવી વણકરને સોંપી મૂકેલી છે તે જ એ વણકરની સાથે ખેલ ખેલી શકે છે, બાજી રમી શકે છે. એ મસ્ત ફકીર જ ગાઈ શક્યો :

તન મન ધન બાજી લાગી,
હો તન મન ધન બાજી;
હારી તો પીઉકી ભઈ રે,
જીતી તો પીઉ મોર હો.
—તન મન ધન બાજી

આમ હાર અને જીત બંનેને જે પોતાની માનતો જ નથી, જેણે એ બંને ઈશ્વરને સોંપી દીધેલાં છે તે જ કહી શકે કે હારજીત બંને મને પરવડે એમ છે, બંનેમાં મારી જીત છે.

### સોનાના સૂરજ

અને છતાં આપણા જેવા પ્રાકૃત જનોને તો એમના જીવવામાં જ જીત હતી, એમના જીવવામાં જ ચમત્કાર હતો, એઓ હિંદુસ્તાનને માટે મૃત્યુના મુખમાંથી પાછા આવે તો જ સોનાના સૂરજ ઊગે એમ હતું. એવી પ્રાર્થના હજારો અને લાખોએ કરી હતી અને એ પ્રાર્થના સાંભળીને લીલામય ભગવાનને ૨૯મીને દિવસે સોનાના સૂરજ ઉગાડવા મંજૂર થયા. ૮મી મેને દિવસે જે ગંભીર પાવક દૃશ્ય જેલમાં જણાતું હતું તે જ દૃશ્ય ૨૯મી મેને દિવસે 'પર્ણકુટીમાં' સૌને ભાળવાનું મળ્યું. ૮મી મેએ તો ગાંધીજી સરકારના કેદી હતા. તે દિવસે સરકારના બંધનમાં જેટલું ગાંભીર્ય અને પાવિત્ર્ય આણી શકાય તેટલું આણવાનું હતું. આજે સ્વતંત્ર રીતે આપણે

સૂરજની ઉપર જેટલો ઢોળ ચડાવી શકીએ તેટલો ચડાવી શકતા હતા. પણ સરોજિનીદેવીએ પોતાનું છલકાતું કવિત્વ, પોતાની ઊભરાતી ઉદારતા દબાવી રાખીને સોનાના સૂરજને ઓપ આપવાની ઇચ્છા બંધ રાખી, જાણીબૂજીને ઓછાં જ માણસોને બોલાવ્યાં, અનુદાર દેખાઈને ઘણાને ના પાડી હતી. પણ હરિજનોને માટે તો તેમણે છૂટી રાખી હતી. પેલા હરિજન વિદ્યાર્થીની હું એ દિવસથી રાહ જોતો હતો. દુઃખની વાત છે કે મારી પાસે એનું સરનામું નહોતું, નહીં તો હું એને પકડી લાવત. પણ મેં આશા રાખેલી કે વેળાસર આવી રહેશે. એને દાખલ કરવાનું બધાને મેં કહી રાખેલું હતું. એનું નામ પણ આપી રાખ્યું હતું. પણ એ ન આવ્યો. છાપાંવાળાઓએ તો છાપી દીધું છે કે એ આવ્યો, મિ. હૉર્નિમૅને કોઈ ગમે તે છોકરાને ઊભો કરીને એનો ફોટોગ્રાફ પણ આપ્યો છે. મિ. હૉર્નિમૅનને આ પ્રકારના અસત્યનો ઓપ છાપાં ચલાવવાની કળાને માટે આવશ્યક લાગે છે, મને નથી લાગતો. સત્યને કોઈ પણ પ્રકારના ઓપની જરૂર નથી. અસત્યના ઓપથી તો સત્ય અસત્ય જ થાય છે, કાળું પડે છે, એમ હું માનનારો છું. એટલે મારે ખરી હકીકત આપવી રહી. પણ એ તો થયું.

એટલે એ ધન્ય દિવસે પરમ ભાગ્યશાળી ગં૦ સ્વ૦ પ્રેમલીલાબહેન ઠાકરસીના જ ભાગ્યમાં ગાંધીજીને માટે નારંગીનો રસ તૈયાર કરવાનું આવ્યું. અને જેમણે ગાંધીજીને માટે ૮મી તારીખે પોતાનો મહેલ ખોલ્યો, બલ્કે અગાઉથી જ આખી અકળામણ વહોરી લીધી તેમને આ ભાગ્ય સાંપડે એમાં ઈશ્વરકૃપા સિવાય બીજું શું હોય? 'અકળામણ' કહું છું કારણ કે એમને પણ ગાંધીજીને વિષે ઓછી ચિંતા નહોતી. જેમ સરકારને લાગતું હતું કે ગાંધીજી આ વેળા બેઠા ન થાય, તેમ અતિસ્નેહી મિત્રોને પણ ભય હતો કે ન કરે નારાયણ ને કાંઈક અણધાર્યું બને તો! એવો ભય છતાં ગાંધીજીને પોતાના ઘરમાં ઉપવાસ કરવા નોતરવા અને ગાંધીજીના અનેક સેવકોને માટે પોતાના મહેલની ધર્મશાળા બનાવી મૂકવી અથવા તો સાચેસાચ પર્ણકુટી કરી મૂકવી એમાં અસામાન્ય હિંમત હતી, ઈશ્વરશ્રદ્ધા હતી. એ હિંમત અને શ્રદ્ધા એમનાં ફળ્યાં.

હરિજન યુવક તો ન આવ્યો, પણ હરિજન ભાઈબહેનો તો ઘણાં આવ્યાં હતાં. અમદાવાદથી કીકાભાઈ અને એમનું મંડળ અગાઉથી રજા મેળવીને હાજર રહ્યું હતું. પૂનાના શ્રી રાજભોજના આશ્રમનાં અને શ્રી શિંદેના આશ્રમનાં ભાઈબહેનો પણ હતાં, અને ગાંધીજીને પ્રથમ હાર આપનાર એક હરિજન બહેન હતી. આ બહેન અચાનક જ આવી હતી અને એણે હાર આપ્યો એટલે એ બહેનને ગં૦ સ્વ૦ પ્રેમલીલાબહેન અને

બીજી બહેનોના મંડળે પોતાનામાં વધાવી લીધી. હરિજન ભાઈ઼ઓ બધા સાચા હરિજનસેવક ઠક્કરબાપા અને જમનાલાલજીની આસપાસ વીંટળાઈને ગાંધીજીની સન્મુખ બેઠા હતા.

પ્રસંગના ગાંભીર્યને ઉચિત શાંતિ જાળવીને સૌ બેઠાં હતાં, બાળકો પણ શાંત હતાં. છાપાંવાળાઓ પણ પોતાના કૅમેરા વગેરે છોડીને આવ્યા હતા. રામધૂનથી ઉપવાસનો આરંભ થયો હતો, રામધૂનથી એની પૂર્ણાહુતિનો આરંભ થયો. પછી ડૉ. અનસારી સાહેબ — જેમના હરખનો આજે પાર નહોતો — તેઓ દાક્તરી તજી ઘડીક વાર મોલવી થયા. આગલી સાંજે જ મને ડૉક્ટરસાહેબે કહેલું, 'ભાઈ, મારું કુટુંબ તો મોલવીઓનું જ કુટુંબ છે, મારે ત્યાં તો કોઈને અરબી ન આવડે એમ બને જ નહીં. માત્ર હું નાપાક નીકળ્યો. પણ બાપુની ઇચ્છા થઈ કે મારે કુરાને શરીફ પઢવું એટલે એ તો લ્હાવો છે.' બહુ જ પ્રેમપૂર્વક કુરાને શરીફ જોઈ ગયા, એમાંથી ઉપવાસને લગતી આયતો કાઢી, અને ઇસ્લામને એ પ્રિય વસ્તુ છે એમ. એમણે બતાવી આપ્યું, અને જાણે ગાંધીજીના જ શબ્દોમાં એનું રહસ્ય કહી દીધું કે ઉપવાસમાં માણસ ઇંદ્રિયમાત્રને — મનને નિરાહાર રાખે છે, વિષયોના રસમાત્ર લેતો બંધ થાય છે, અને આત્માને ઈશ્વર-પ્રણિધાનના આહારથી મસ્ત રાખે છે. ખ્રિસ્ત સેવા સંઘના બે ભાઈઓએ આ પુણ્ય પ્રસંગે પોતાના ભક્તોને માટે પ્રાણ અર્પણ કરનાર ઈશુ મહાત્માના બલિદાનનો મહિમા ગાતું ભજન ગાયું. આ પછી પ્રો. વાડિયાએ જરથોસ્તી પ્રાર્થનાની અને બધી આર્યપ્રાર્થનાની એકવાક્યતા બતાવનાર પ્રાર્થના કરી, અને પછી કાકાસાહેબે ગાંધીજીએ આગલે દિવસે સૂચવેલો શ્લોક ગાયો — ભગવાનનું નામ, આકૃતિ, સ્વરૂપ ગમે તે હોય, પણ જેમાં રાગદ્વેષરૂપી વિષની પીડા નથી, જે પરમ કરુણામય છે, જે નિર્મળ પ્રેમમય છે એ ભગવાનનું ધ્યાન કરનાર એ શ્લોક પ્રસંગને સમુચિત હતો :

> विष्णुर्वा त्रिपुरान्तको भवतु वा ब्रह्मा सुरेन्द्रोऽथवा
> भानुर्वा शशलक्षणोऽथ भगवान् बुद्धोऽथ सिद्धोऽथवा ।
> रागद्वेषविषार्तिमोहरहितः सत्त्वानुकंपोद्यतो
> यः सर्वैः सह संस्कृतो गुणगुणैस्तस्मै नमः सर्वदा ॥

આ પછી કવિવર ટાગોરનું ગીત, ભાઈ અમીય ચક્રવર્તીએ કહ્યું કે એમને ગાવાની ટેવ નથી એટલે, મારે ભાગે ગાવાનું આવ્યું :

> જીવન જ્યારે સુકાઈ જાય,
> કરુણા વર્ષંતા આવો,
> માધુરીમાત્ર છુપાઈ જાય,
> ગીતસુધા રેલંતા આવો.

ભારતનું જીવન, ભારતના પ્રાણ સુકાઈ જવા બેઠા છે એવો સૌને ત્રાસ પેસી ગયો હતો, અને એકવીસ દિવસ સૌના શ્વાસોચ્છ્વાસમાં જાણે આ પ્રાર્થના હતી ત્યારે ભગવાન કરુણા વર્ષંતા, ગીતસુધા રેલંતા આવ્યા. આખરે દરેક સુખ અને દુઃખને, હરખ અને કસોટીને પ્રસંગે સમતાનું સ્મરણ કરાવનારું પરમ વૈષ્ણવને માનીતું 'વૈષ્ણવજન તો તેને કહીએ'નું ભજન ગાવામાં આવ્યું, અને પાર્થના પૂરી થઈ.

પણ પારણાં? પારણાંને હજી વાર હતી. સૌ પારણાં કરાવવાને આતુર હતાં, પણ ગાંધીજી હજી આતુર નહોતા. ઈશ્વરકૃપા પણ પ્રત્યક્ષ મૂર્તસ્વરૂપ લે છે, તો એને માટે ધન્યવાદ પણ મૂર્તરૂપે માનવો જોઈએ, એ વિના કેમ પારણાં થાય? મહાપ્રયત્ને મિત્રોને સંભળાવવાને માટે મારા કાનમાં એમણે નીચેના શબ્દો ઉચ્ચાર્યા. પરમ કરુણામયની કરુણા કબૂલ કરતાં એમની આંખો આભારભીની થયેલી હું જોઈ શક્યો:

'એક મિનિટમાં હું ઉપવાસ છોડીશ. જે ઈશ્વરના નામથી અને જેની શ્રદ્ધાથી આ ઉપવાસ શરૂ કર્યો તેના નામથી એ છૂટશે. મારી શ્રદ્ધા આજે ઓછી નથી પણ વધી છે. આ અવસર કેવળ ઈશ્વરનું નામ લેવાનો અને ભજન કરવાનો છે. પણ મારી ઉપર જે દાક્તરોએ, મિત્રોએ અને બીજાઓએ અખૂટ પ્રેમ રેડ્યો છે એ તો હું કેમ ભૂલી શકું? એટલે એનો ઉલ્લેખ કરી લઉં છું, કેમ કે એ પણ ઈશ્વરની કૃપાનો એક ભાગ છે. એઓનો બદલો તો ઈશ્વર જ આપશે. હરિજન ભાઈઓ અહીં આવ્યા છે એ મને બહુ ગમ્યું છે. હવે ઈશ્વરને મારી પાસેથી શું કામ લેવું છે એ હું જાણતો નથી. પણ ગમે તે લેવું હોય, હું નિશ્ચિંત છું. એને વાસ્તે એ શક્તિ આપી દેશે.'

આમ જેમની સેવામાં ગાંધીજીએ ઈશ્વરની કૃપા નીરખી તેમનાં નામ આપવાની જરૂર છે? નામો તો છાપાંઓમાં રોજરોજ આવ્યાં છે. દાક્તરોનાં નામો સૌ જાણે છે. પણ ડૉ. અનસારી અને ડૉ. વિધાનનાં નામ ફરી લેવાનું મન થાય છે. બંનેનો ધીકતો ધંધો, મોંઘા મોંઘા દરદીઓની એમની સારવાર. પણ ડૉ. અનસારી ઉપવાસના ઘણાખરા દિવસ પોતાનો ધંધો, પોતાના દરદીઓ, પોતાની નાજુક તબિયત બધું ભૂલીને ગાંધીજીને પડખે બેઠા. દાક્તર વિધાન રોય પણ ડૉ. અનસારીએ તાર કર્યો કે તુરત આવ્યા અને ૩૦મી સુધી રહ્યા. ડૉ. દેશમુખ, પટેલ, વગેરે મુંબઈનું મંડળ અને પૂનાના દાક્તરો તો જ્યારે બોલાવીએ ત્યારે હાજર થતા જ હતા. પણ આમાં ડૉ. દિનશા મહેતાની સેવાની જેટલી કદર કરીએ એટલી ઓછી છે. પ્રાકૃતિક ઉપચારોનું પોતાનું આરોગ્યાલય એમણે ગાંધીજીની

સેવાને માટે અર્પણ કર્યું એમ કહીએ તો ચાલે. પોતે અને પોતાના મદદનીશો પોતાની સમગ્ર સાધનસામગ્રી સાથે રાતદિવસ ગાંધીજીની સેવામાં હાજર, તે હજુ આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે પણ મોજૂદ છે.

ઉપવાસ દરમ્યાન ચોવીસે કલાક અને ઉપવાસ પૂરા થયા પછી હજુ પણ ગાંધીજીની અતંદ્રિત મૂક સેવા કરી રહેલા મારા મિત્રોનાં નામ આપવાં એ તો એમનું અપમાન કરવા જેવું કહેવાય.

આ બધી સેવા, સેવારૂપ આ બધી પ્રાર્થનાનું પલ્લું, મારા જેવાની ભૂલો અને પાપોના પલ્લા કરતાં કાંઈક નીચું નમ્યું હશે ત્યારે જ ગાંધીજી પાછા સજીવન થયા હશે ના! કેટલાક મિત્રોએ લખ્યું છે કે ગાંધીજીનો પુનર્જન્મ થયો છે. સાચી વાત છે. અનેકાનેક મિત્રોનાં અભિનંદનના, પ્રાર્થનાના તારો આવ્યા છે, હજી આવ્યે જાય છે, ઉપવાસમાં પણ આવતા હતા. ભાઈ મથુરાદાસ ત્રિકમજી, જેમણે આ કાગળો, તારો રાખી મૂકવાનું, અને બતાવવા જોઈએ એટલા જ બતાવવાનું અળખામણું કામ સ્વીકાર્યું હતું તેમણે કાળજીપૂર્વક બધું સંઘરી રાખ્યું છે. અનેક મિત્રોએ પોતાના પ્રેમની અનેક નિશાનીઓ મોકલી છે, વૈદ્યોએ તેલ મોકલ્યાં છે, દાક્તરોએ દવા મોકલી છે, હરિજન વિદ્યાર્થીઓએ મધ મોકલ્યાં છે, કેટલાકે ગંગાજળ મોકલ્યાં છે, પણ એક પ્રેમભેટની નોંધ લીધા વિના ચાલે એમ નથી. મુંબઈથી એક મુસલમાન ભાઈએ એક નાનકડી દાબડીમાં એ નાજુક ચૂડીઓ અને હળદીકુંકુમ મોકલ્યાં છે, અને એ ભેટ મોકલતાં નીચેના પ્રેમળ ઉદ્‌ગાર કાઢ્યા છે: 'પ્રિય ભગિની કસ્તૂરબાઈ, આપનો સૌભાગ્યચૂડો જન્મોજન્મ અખંડ રહે એ પ્રાર્થના સાથે આ બે સૌભાગ્યચૂડીઓ અને હળદીકુંકુમ આપને ૨૯મીએ પહોંચે એમ એક મુસલમાન ભાઈ ઈશ્વરપ્રાર્થના સાથે મોકલે છે તે સ્વીકારશો.' આ ભાઈએ પોતાનું સરનામું પણ મોકલ્યું નથી એટલે શું થાય? પણ આ લીટીઓ એના જોવામાં આવે તો એને જાણ થાય કે પૂ. કસ્તૂરબાએ પ્રેમથી એ કંકુનો ચાંલ્લો કપાળે કર્યો અને ચૂડી પણ ઘડી વાર પહેરી. બહુ મોટી છે એટલે હમેશ પહેરી શકાય એમ નથી. ગાંધીજીને જ્યારે આ વાત કહેવામાં આવી ત્યારે તેમને પણ બહુ અસર થઈ. આ અને આવા કેટલાંય અજ્ઞાત ભાઈબહેનોની પ્રાર્થનાને પરિણામે ગાંધીજી જીત્યા છે.

### બીજી બાજી

પણ એક જાતના વિચાર એ જીતની સાથે પૂરા થયા, અને ઉપવાસ પૂરા થતાં જ જાણે બીજી બાજીના વિચાર ગાંધીજી કરવા લાગ્યા છે. મનુસ્મૃતિનો આ લેખને મથાળે ટાંકેલો શ્લોક જાણે એમના જીવનની રગેરગમાં વણાઈ

ગયો હોય એવો અનુભવ ઉપવાસ પૂરો થતાં જ મને થયો. જેણે પ્રપત્તિ સાધી છે તે ન મૃત્યુથી રાચે, ન જીવિતથી રાચે. પણ ચાકર ધણીના હુકમની રાહ જોતો હમેશાં તાબેદાર ઊભો હોય તેમ અદૃષ્ટની રાહ જોતો રહે. એ જ તાબેદારીના ભક્તિભીના ભાવથી મીરાંબાઈએ ગાયું :

'મને ચાકર રાખો જી.'

ધણીએ એક કામ સોંપેલું હતું તે પૂરું થયું. હવે બીજું શું કામ છે એની પ્રતીક્ષા ગાંધીજી ચાકરભાવે કરી રહ્યા છે, એ પ્રત્યક્ષ બતાવનાર ઉપવાસ પૂરો થતાં જ તેમણે મીરાબહેનને લખેલી એક ચિઠ્ઠી હતી. હાથમાં તાકાત ન મળે પણ તે દિવસે કાગળ અને ચિઠ્ઠી માગી અને ધ્રૂજતે હાથે, મોટે અક્ષરે, ચશ્માં પહેર્યાં વિના, પોતાની પ્રિયતમ પુત્રી મીરાબહેનને આ પ્રમાણે લખ્યું: 'હમણાં જ ઉપવાસ છૂટ્યો. હવે વળી નવા કામનો આરંભ થાય છે. એને કેવી રીતે પાર ઉતારવું એ એ જાણે. એ જ બધી બાજી ગોઠવી આપશે, એ જ સામગ્રી પૂરી પાડશે.'

પણ આપણે એમના નોકરો? આપણે તો ચાકર થવાનું બિરદ લઈને ફરીએ છીએ પણ ચાકરી કરી શક્યા નથી. જો ચાકરી સાચી કરી હોત તો આ ઉપવાસની વેળ આવી હોત? આજે તો ઘડીક આપણાં મોં હસતાં થયાં છે, પણ આપણને હસતા જોઈને ગાંધીજી કહેતા હશે: 'આ લોકો કેવા મૂરખ હશે, એક વિઘ્ન ટળ્યું તેમાં શું રાચતા હશે? જે મહાવ્યથાનું જડમૂળ કાઢવું છે તે તો હજુ ઊભી છે, અને ઊભી છે ત્યાં સુધી હજુ પાછી કાયા ભગવાનને ત્યાં સોંપાયેલી જ છે, એ આ લોકો કેમ ન સમજતા હોય?' સોનાના સૂરજ ઊગ્યા એમ હું ઉપર લખી ચૂક્યો છું, પણ આપણે સૌને માટે સોનાના સૂરજ તો ત્યારે ઊગશે કે જ્યારે પ્રત્યેક હરિજનના ઘરમાં એ સોનાના સૂરજનાં કિરણ ઉષ્મા અને પ્રકાશ અને જીવન આપતાં હશે, જ્યારે એ સૂરજનાં કિરણ ગાંધીજીના નામે ફરતા અને 'સત્યાગ્રહી'ની ઉપાધિ લઈને ફરતા આપણ દરેકના હૃદયને અજવાળશે, પ્રકાશશે, પવિત્ર કરશે અને ભાઈભાંડુમાત્રનાં દુઃખે દ્રવતાં કરશે.

## ૬

### એ કેમ ન આવ્યો?

હું ગયા અંકમાં જણાવી ગયો છું કે જે હરિજન યુવકને ૨૯મી તારીખે ગાંધીજીને માટે નારંગી લઈને આવવાનું હતું તે તે દિવસે નહોતો આવ્યો. પણ તા. ૧લી જૂને એનો ટિકિટ વિનાનો કાગળ આવ્યો, જેમાં એણે ફરિયાદ કરી હતી કે 'હું આવ્યો હતો પણ મને દાખલ ન કરવામાં

આવ્યો!' મેં એને તુરત બોલાવ્યો, એને લખ્યું કે તારી નારંગી લઈને હજી આવ. ગાંધીજી એક દિવસ ખાતા હતા ત્યારે જ એ આવી ચડ્યો. ગાંધીજીએ એના હાથમાંથી નારંગી લઈને તુરત એ ખાધી. એ રાજી થયો. મેં એને કહ્યું કે 'હું માની નથી શકતો કે તું આવ્યો હોય ને તને કોઈ ના પાડે, કારણ મેં તો ત્રણ ચાર જણને ચીંધી રાખ્યું હતું કે જાધવ નામનો યુવક આવે તો એને તુરત દાખલ કરજો.' એટલે એણે કહ્યું કે પોતે બાર વાગ્યે આવ્યો નહોતો, પણ સાંજે છ સાડા છ વાગ્યે આવ્યો હતો, કારણ કૉલેજની રજા દરમ્યાન એણે નોકરી શોધી લીધી હતી અને એને સોમવારે રજા મળે એમ નહોતું. મેં એની જરા વધારે પૂછપરછ કરી એટલે એણે ધીમે ધીમે પોતાની મનઃસ્થિતિ વર્ણવી. એણે કહ્યું કે ઉપવાસ દરમ્યાન એ ત્રણ વાર એ 'પર્ણકુટી' ઉપર આવી ગયેલ, ગાંધીજીની તબિયતની ખબર લઈ ગયેલ, પણ રહમીએ આવવાની એની કેમે કરીને હિંમત જ ન ચાલે. મેં એને કહ્યું, તારી જગ્યાએ હું હોત તો એ અમૂલ્ય અવસર હું ન ગુમાવત. મારાથી ૧૨ વાગ્યે ન અવાત તો હું સવારે આવી જાત; પણ મારે હાથે ફળ લઈને ગાંધીજી ઉપવાસ છોડવાના છે અને ગાંધીજીએ આપેલો કૉલ ભગવાન પૂરો કરાવે છે, એમ જાણીને એ તક હું તો ન જ જવા દેત.' એટલે એણે ગદ્‌ગદ કંઠે કહ્યું: 'હવે મને એ બધું સમજાય છે. પણ ખરી વાત એ હતી કે મને મનમાં એમ થયેલું કે આવડું મોટું મારું સદ્‌ભાગ્ય ક્યાંથી કે મારે હાથે ગાંધીજી સંતરું લે અને ઉપવાસ છોડે! એમણે તો તે દિવસે પ્રેમથી કહેલું કે તું સંતરું લઈને આવજે, પણ મારે એ માની લેવું એ તો જુલમ જ થાય ના! એટલે હું જાણી જોઈને ન આવ્યો, મારી હિંમત જ ન ચાલી. વળી મને એમ પણ થયું કે હું આવી રીતે જઈશ તો છાપાંમાં મારું નામ ચડશે અને મારી કોમના બીજા માણસોની ઈર્ષ્યાનો હું પાત્ર થઈશ. પણ ઊંડે ઊંડે તો મને એ જ હતું કે મારું આવડું ભાગ્ય ક્યાંથી? ન જવું એ જ ડહાપણ છે.' એમ કહેતાં કહેતાં એની આંખ ભીની થઈ. મેં કહ્યું: 'કાંઈ નહીં, હવે હું બધું સમજું છું, એમાં કાંઈ દિલગીર થવાનું કારણ નથી.' પણ એ સ્વસ્થ થઈને ઘેર ગયો એમ હું કહી નથી શકતો. આ કિસ્સો શું બતાવે છે? એ એટલું બતાવે છે કે અસ્પૃશ્યતા આપણે એટલી બધી ઠોકી બેસાડી છે કે તેનું ઝેર રગેરગમાં વ્યાપી ગયેલું છે, એમાંથી નીપજતી હીનતા આપણા હાડમાં જડાઈ ગયેલી છે એમ બિચારા હરિજનો માને છે. પણ આ હીનતા હરિજનોની કે આપણી? આપણા જ એક અંગને પોતાને વિષે આટલી હીન ભાવના હોય, અને પોતે છે એ સ્થિતિમાં પડી રહેવાનું સહ્ય ગણે, એ એની શરમ કે

આપણી શરમ? ગાંધીજીના ઉપવાસથી આપણે એટલું પણ સમજી શક્યા હોઈએ તો ઘણું કહેવાય.

### પરદેશી ટીકાકારો

પરદેશી મિત્રોમાંથી દીનબંધુ ઍન્ડ્રૂઝ અને ઋષિ રોમે રોલાંના વિચારો હું જણાવી ચૂક્યો છું. અહીં આજે અપરિચિત પરદેશીઓના વિચારોનું દિગ્દર્શન કરીએ. દૂર દૂર અમેરિકા, કૅનેડા અને સ્વિટ્ઝરલૅંડમાં બેઠેલાં માણસોને આ ઉપવાસે વિચાર કરતા કરી મૂક્યાં એ તો સ્પષ્ટ છે. એમાં કેટલાકે રમૂજી ટીકાઓ કરી છે એ વાત જુદી. કેટલાકે બાઇબલમાંથી ઉપવાસને માટે આધાર ટાંક્યા છે તો કેટલાકે બાઇબલમાં આવા ઉપવાસ માટે જરાય આધાર નથી એમ બતાવવાનો પ્રયત્ન કર્યો છે. કેટલાક મતાગ્રહીઓ એટલી હદ સુધી ગયા છે કે 'તમારા ઉપવાસ ઉત્તમ છે, તમે તમારા દેશને માટે પ્રાણ આપવા તત્પર થયા છો એને વિષે કશી શંકા નથી. કેવળ પવિત્રતાપ્રીત્યર્થે જ તમે આ ઉપવાસ કર્યા છે એને વિષે પણ કશી શંકા નથી. પણ એ ઉપવાસ ફળે ખરા? પશ્ચાત્તાપ, ઉપવાસ, પ્રાર્થના વગેરે તો તેનાં જ ફળે કે જે ઈશુને પોતાનો તારણહાર માને.' આવી ધર્માન્ધતાથી જ જગતમાં ધાર્મિક મતભેદો અને ઝઘડાઓ ઉત્પન્ન થયા છે. પણ આટલી ધર્માન્ધતા પણ આ ઉપવાસનાં તપ અને પવિત્ર હેતુ જોઈ શકે છે એ નોંધવા જેવું છે.

પણ આ ઉપરછલ્લી ટીકા કરનારાની વાત થઈ. જરાક ઊંડું વિચારીને જોનારાએ તો લખ્યું છે કે: 'આટલા હજારો માઈલ બેઠા છતાં અમારી પ્રાર્થના અહર્નિશ થયાં જ કરે છે કે તમારા ઉપવાસ સફળ થાઓ. અમને શંકા નથી કે તમે સફળ થશો.' એક બહેનનો કાગળ હૃદયદ્રાવક છે. વાચકને યાદ હશે કે ગાંધીજીએ ઉપવાસ આરંભ કરતાં પહેલાં એક વાતચીત દરમ્યાન કહેલું કે હું તો સ્ત્રીઓ અને બાળકોને ઘેલાં કરવા માગું છું. એ વેળા એઓ કાંઈ હિંદી બાળકો અને સ્ત્રીઓની જ વાત નહોતા કરતા, એમના લક્ષમાં જગતની સ્ત્રીઓ અને બાળકો હતાં. કૅનેડાથી લખનાર આ બહેનનો કાગળ એક કરુણ આત્મકથા છે. પોતાનાં સ્વજનો દુરાચાર અને પાપમાં ડૂબેલાં છે, પોતાની આંખે એ દુરાચાર જુએ છે છતાં તેનો કશો જ ઉપાય કરી નથી શકતી. આ ઉપવાસની વાત સાંભળીને એ જાગ્રત થઈ, એને એમાં આશાનાં કિરણો દેખાયાં, ઘડીક વાર એને એમ લાગી ગયું કે દુનિયાનાં પાપથી કંટાળીને ગાંધીજીએ વિચાર કર્યો કે આવા જગતમાં જીવવામાં શું લાભ છે? પછી ધીમે ધીમે એના મનમાં ઊગી જાય છે કે નહીં, જગતમાં પાપની સામે લડવાના એ ઉપાયો

છે — હિંસાનો અને અહિંસાનો, પવિત્રતાનો અને અપવિત્રતાનો; ગાંધીજી આ ઉપવાસનો માર્ગ ખુલ્લો કરે છે; અને લાંબા કાગળને અંતે એ બહેન પોકાર કરે છે: "પવિત્રતાને માર્ગે જગતને ચડાવવાનો પ્રયત્ન કરનારને ઘણા નમસ્કાર. આપની 'આત્મકથા' વાંચી. એ પણ હવે વધારે સમજી શકાય છે. મને તો લાગે છે કે પવિત્રતાનો રસ્તો હિંદુઓ જેટલો સમજ્યા છે તેટલો પાશ્ચાત્યો સમજી નથી શકયા. મને આપ મારા દુઃખમાંથી નીકળવાનો કોઈ રસ્તો બતાવજો. અમને પવિત્રતાનો માર્ગ બતાવનાર દીવાદાંડીરૂપ આપ ઘણાં ઘણાં વર્ષ જીવો." કોણ કહેશે કે કાર્ય અને વિચારની આધ્યાત્મિક અસરને દેશકાલનાં બંધન લાગુ પડી શકે છે? મેની બીજી તારીખે લખેલો આ બહેનનો કાગળ અનેક બહેનો અને ભાઈઓને આશાપ્રદ અને શ્રદ્ધાપ્રદ નીવડશે એવી આશા છે.

## મિત્રોની સાક્ષી

પણ આ તો અપરિચિત ભાઈબહેનોની સાક્ષી — જોકે એમને અપરિચિત શા સારુ કહેવાં? વસુધાને કુટુંબ માનીએ અને અનુભવીએ તો પરિચિત અપરિચિત, મિત્ર અમિત્રના ભેદ ઊડી જાય છે. ઉપવાસના અગ્નિહોત્રને તત્ક્ષણ સમજી એમાંથી આશાની ચિનગારી મેળવનારી ઉપરની બહેનને અપરિચિત તરીકે વર્ણવવી એ ભાષાનો ઉપહાસ કરવા જેવું લાગે છે. પણ ભાષાનો સ્થૂળ પ્રયોગ કરીએ તો ઉપર ઉલ્લેખ કરેલા મતો અપરિચિત મિત્રોના છે. હવે પરિચિત મિત્રો ઉપર આવું. રોમે રોલાં જેવા ક્રાંતદર્શી ઋષિના વિચાર ઉપર તો હું લાંબું વિવેચન કરી ચૂક્યો. હવે બીજા મિત્રોના વિચારનું સહેજ દિગ્દર્શન કરીએ. વિલાયતમાં દીનબંધુ ઍંડ્રૂઝ અને એમના મંડળ ઉપર ઉપવાસની શી અસર થઈ એ વિષે લખતાં દીનબંધુ ઍંડ્રૂઝ લખે છે: "સપ્ટેમ્બરના ઉપવાસનો મેં બચાવ કર્યો છે, એને વિષે મેં ઘણું વિવેચન કર્યું છે, પણ 'મરણાન્ત ઉપવાસ' એ શબ્દ જ હંમેશાં મારા ગળામાં ખૂંચ્યો છે, જાણે એમાં મરવાની ઇચ્છા હોય એવી ગંધ આવે છે અને એ ગંધ મને અસહ્ય છે. આ ઉપવાસમાં એ ગંધ જ ન મળે એ બહુ રૂડી વાત થઈ પડી. એટલે જ મેં આપને તત્ક્ષણ તાર કર્યો કે 'હું આખી સ્થિતિ સમજી ગયો છું', એટલે જ આપને ઉપવાસ છોડવાનો તાર કરવાની અનેક મિત્રોની આગ્રહી સૂચનાને હું વશ ન થયો, અને ઊલટો મેં તાર કર્યો કે બધું સમજું છું." એમની સાથે રાતદિન કામ કરનારી એક બહેન લખે છે કે, "હું તો ધર્મ ન સમજું, મારી તો સ્થૂલ બુદ્ધિ રહી. પણ ખરી વાત એ છે કે મારા જેવી સ્થૂલ બુદ્ધિ-વાળીના મગજમાં પણ સહેજે એ વાત ઊતરી ગઈ કે આ માણસ એક

સિદ્ધાન્તને માટે પ્રાણ આપવા બેઠો છે, એની હૃદયશુદ્ધિ વિષે કોણ શંકા કરી શકે? સૌ સમજી ગયાં કે પોતાની શ્રદ્ધા અને તત્ત્વનિષ્ઠા આ માણસ અંતિમ હદ સુધી લઈ ગયેલ છે."

બીજી એક બહેન જે ગાંધીજીની સાથે ઘણાં વર્ષોનો દીકરીનો સંબંધ રાખે છે તેના હર્ષનો પાર નથી. એ લખે છે કે "ચમત્કાર કરનાર ઈશ્વર હજી બેઠો છે એની પ્રત્યક્ષ પ્રતીતિ અમને હમણાં થઈ. આપને અમારા જેવા અનેકની પ્રાર્થના અને પ્રેમના વિનાતારના સંદેશા જગતની દશે દિશામાંથી મળ્યાં જ કીધા હશે, અને તે ઉપર જ આપ જીવ્યા એ વિષે મને શંકા નથી. આપે તો મને ઘણા સમય ઉપર લખેલું કે જે ભગવાનની પાસેથી ઘણું મેળવે છે તેણે તેથી સોગણું પાછું દેવું જોઈએ. એ શબ્દો મેં દીવાલ ઉપર ટાંકી રાખ્યા છે, અને આજે એ શબ્દોનો જાણે અમને નવો અર્થ સમજાય છે. આપના ઉપવાસનો પદાર્થપાઠ અમે ન સમજીએ તો અમારા જેવાં જડ અને મૂઢ બીજાં કોણ? પથ્થર જેવાં હૃદય હોય તેયે સમજી શકશે કે પ્રેમ એ મહા જાદુ છે. પ્રેમના ચમત્કારો કેવા હશે તે કોણ કહી શકશે? પ્રેમ હિમાચળોને પિગળાવે છે, અને પ્રેમ જ કાચા સોનાનો મેલ ગાળી નાખીને કુંદન કાઢી દે છે." વિલાયતની ઉત્તરેથી 'મધ્યમ વર્ગના, કેળવાયેલા વર્ગના' એક સજ્જન લખે છે: "તમારા જીવનને લીધે મારે તો મારાં છોકરાંઓને ઈશુ અને બુદ્ધ જેવાનું જીવન સમજાવવું બહુ સહેલું થઈ પડયું છે. મારી દીકરી તમારી મૂર્તિ આગળ પ્રાર્થના કરે છે અને કહે છે કે જેમ ઈશુએ પોતાનો પ્રાણ અર્પ્યો તેમ ગાંધીજી આજે પ્રાણ આપવા તત્પર થયા છે. એ નાનકડી બાળાને આ કોણ સમજાવવા ગયું? મેં નથી સમજાવ્યું, પણ એણે જ એ સમજી લીધું." અને બાળકો અને બાળાઓની વાત કરતાં બીજી એક બહેનના પત્રમાંથી થોડાં વાકય ઉતારું. નિર્દોષ બાળકોમાં કેવું દિવ્ય દર્શન ભરેલું છે એનો વધારે સારો નમૂનો ક્યાંથી મળશે? "અમે તમારી વાતો કરતાં હતાં, ત્યાં નાની બાળકી બોલી ઊઠી કે બાપુના પ્રાણ જાય તોપણ તે તો ઈશ્વરની પાસે જ પહોંચવાના, કારણ ઈશ્વરને બાપુ ગમે છે. અને ત્યાં તેમને કેટલું સુખ અને શાંતિ હશે? ત્યાં ન મળે કોઈ જેલ — ખરું ના? મને તો લાગે છે ત્યાં જેલ ન હોય — અને ન મળે સરકારની સાથે લડવાનું!"

આ બધાં મિત્રો અને સ્વજનો કોઈ ચિંતામુક્ત હતાં એમ ન કહી શકાય. એમની પ્રાર્થનામાં પણ ભય અને ચિંતાની ધ્રુજારી હતી. પણ દક્ષિણ આફ્રિકાના એક મિત્રના કાગળમાં જે શ્રદ્ધા દીસે છે તેની તુલના તો ગાંધીજીની જ શ્રદ્ધા સાથે થઈ શકે. એ કાગળ ૧૩મી મેનો લખાયલો

છે, એટલે કે ત્યારે ગાંધીજીના ઉપવાસને માત્ર પાંચ દિવસ થયા હતા. અને એ ત્રીસમીએ મળશે એ જાણીને લખાયેલો છે. એમાં માત્ર ત્રણ જ વાક્યો છે: "તમારા ઉપવાસ નિર્વિઘ્ને સમાપ્ત થયા તેને માટે ધન્યવાદ. આમ લખું છું, કારણ નિર્વિઘ્ને સમાપ્ત થશે એ વિષે જરાય શંકા નથી. તમારું મનોબળ ન સમજનારાઓની જ આશા અને શ્રદ્ધા ડગમગી શકે, બીજાની નહીં."

આ પરદેશીઓની શ્રદ્ધાથી આપણે ક્યારે રંગાઈ શકીશું?

## એરણની ચોરી, સોયનું દાન

ભાઈ ચંદ્રશંકરે ગયા અંકમાં ગાંધીજીને 'પત્ર પુષ્પ' મોકલનારાઓની નોંધ લીધી છે. ઉપવાસ પૂરા થયા પછી નાનામોટા મનીઑર્ડરો આવ્યાં કરે છે અને કદાચ આવશે. કેટલાક જણે પ્રેમથી શુદ્ધ મધ, ફળો વગેરે દૂર દૂરના આસામ, બંગાળ અને લંકાથી મોકલ્યાં છે. એક ભાઈનો કાગળ હમણાં જ મળ્યો. એ સામાન્ય કારકુન છે, પણ એને એમ થયું કે ઉપવાસના દિવસો દરમ્યાન એકટાણાં કરવાં, કેરી ન ખાવી, અને એમાંથી બચેલા પૈસા હરિજનો માટે મોકલવા. એમ કરીને એણે રોજના આઠ આના બચાવ્યા અને ૧૦॥ રૂપિયાનો મનીઑર્ડર મોકલ્યો છે. બીજા એક સજ્જન ઠીક કમાય છે, કેળવાયેલા છે, એઓ લખે છે: "અમે તો ઉપવાસે જાગ્રત થયા. મારા ભત્રીજાએ પૂછ્યું, ગાંધીજીએ તો ઉપવાસ કર્યા પણ આપણે કાંઈ કરશું? આ એકવીસ દિવસ વિચાર કર્યા પછી જાણે ૨૯મીને બપોરે જ મને જવાબ મળ્યો: 'કાંઈ નહીં તો તારાં વ્યસનો અને વૈભવો છોડ. સિગારેટ તો છોડ! માસિક ૩૦ રૂપિયા હું મોકલી શકીશ. મને જણાવશો ક્યાં મોકલું? મારી ઑફિસના માણસોને મેં કહ્યું, તમારે તમારા પગારના અઢી ટકા હરિજનકાર્યપ્રીત્યર્થે આપવા જોઈએ. એ કબૂલ થયા. એ રીતે માસિક ૨૦ રૂપિયા થશે. આમ અમે ૫૦ રૂપિયા મહિને મોકલી શકીશું. આમાં કંઈ ધાડ નથી ફૂટી જતી, અને એમાં હરિજનોની સાચી સેવા કેટલી થતી હશે એ તો હરિ જાણે. કદાચ દયાના ગર્ભમાં રહેલું અપમાન પણ એમાં હોય. પણ થયું તે થયું. જેટલું થઈ શકે એટલું કરવું એ ન્યાયે આટલી રકમ અમે મોકલશું. આપ કાંઈ વધારે સંગીન સેવાનો માર્ગ સૂચવશો?"

આ ભાઈ લખે છે એ વાત અક્ષરશઃ સાચી છે. આવડી મોટી તપશ્ચર્યા, આવડો મોટો દેશ, આટલા બધા કરોડ હરિજનો, છતાં ત્યાગની ભાવના ખોબા જેટલા માણસોને થઈ આવી અને તેમણે યથાશક્તિ દાન કર્યાં તેટલાથી આપણો દહાડો ન વળે. એરણની ચોરી કરી છે અને બદલામાં

સોયનું દાન કરવા જેવી આ વાત છે. આખો દેશ સનાતની હિંદુઓથી નથી ભરેલો, લાખો હિંદુઓ અસ્પૃશ્યતાનિવારણમાં માનનારા છે. સનાતનીઓમાંના પણ ઘણા હરિજનોની સ્થિતિ સુધારવામાં માનનારા છે. ઉપવાસ દરમ્યાન અને ઉપવાસ પછી થયેલી સભાઓમાં હજારો અને લાખો હાજર રહ્યા હશે. આમાંના આટલા ખોબા જેટલાને જ યજ્ઞની ચિનગારી મળી? બીજા બધાએ પોતાનો હરિજનપ્રેમ, હરિજનસેવા કરવાની ઇચ્છા, આત્મશુદ્ધિની અને ધર્મશુદ્ધિની ભાવના કેવી રીતે વ્યક્ત કરી? કે શું તેઓ માને છે કે સભાઓમાં જવાથી જ એ બધું વ્યક્ત થયું? આ બધાએ એકવીસ દિવસ દરમ્યાન એક નિશ્ચય કર્યો હોત તો? બધાએ એકવીસ દિવસ દરમ્યાન પોતાના રોજના ખર્ચમાંથી પાંચ ટકા પણ બચાવીને મોકલવાનો નિશ્ચય કર્યો હોત તો? મેં શ્રી. રાજગોપાલાચાર્યને આ પ્રકારની સૂચનાવાળી એક વિનંતિ સમસ્ત હિંદુઓને ઉદ્દેશીને કરવાની સૂચના કરી હતી, પણ તેમને એ સૂચના યોગ્ય ન લાગેલી — એ કારણે કે આ ઉપવાસની સાથે એવી વિનંતિ કે સૂચના આપણે કરવી જ નથી! જેમ આ ઉપવાસ એ સ્વાભાવિક છે તેવી જ રીતે આ ત્રણ સપ્તાહનો ત્યાગ, દાન વગેરે બધું સ્વયંસ્ફૂર્તિથી થયેલ સ્વાભાવિક જ હોવું જોઈએ. મને એ દલીલ ગળે ઊતરી અને અમે ચૂપ રહ્યા. પણ હવે તો આપણે એ દિશામાં વિચાર કરતા થઈએ, હવે તો જાગ્રત થઈએ!

૭

## હીરની દોરીઓ

ઉપવાસને અંગે આવેલા પરદેશના કાગળો જોતો જાઉં છું તેમ તેમ તેમાંથી કેટલાક બહુ કીમતી મળી આવે છે, જેનો ઉલ્લેખ કર્યા વિના ચાલે એમ નથી.

ઉપવાસમાં ગાંધીજીને અનેકના આશીર્વાદ મળ્યા હતા, પણ એ આશીર્વાદ આપનારાઓમાં, અમેરિકાથી લખનારી એક બહેનના જેટલું વયોવૃદ્ધ બીજું ભાગ્યે જ કોઈ હશે. ૯૦ વર્ષની ઉંમર છતાં એના અક્ષર સ્પષ્ટ છે અને અકંપ છે. એ લખે છે: "મોડી મોડી લખું છું, પણ તમને હિંમત આપવા અને આશા આપવાને અર્થે જ લખું છું. તમારું અડગ મનોબળ અને સર્વશક્તિમાન વિઘ્નહર ભગવાનની સહાય એ બેનો વિચાર કરીએ એટલે તમારો વાળ વાંકો થવાનો નથી, અને મને વિશ્વાસ છે કે તમે તમારા દેશના ભલાને માટે આ ઉપવાસમાંથી ઊભા થયા વિના નહીં રહો."

મૉં. પ્રીવા જેઓ વિલાયતથી પાછા ફરતી વખતે સ્વિટ્ઝરલૅંડથી અમારી સાથે થયા હતા અને જેમણે હિંદુસ્તાન બે માસ આવીને અહીંની સ્થિતિનું યુરોપને દિગ્દર્શન કરાવ્યું હતું તેઓ ઉપવાસ વિષે લખે છે: "આપના વિચાર તો હરઘડીએ આવે છે. પણ કોણ જાણે કેમ અમને ગયા વર્ષના સપ્ટેમ્બર માસમાં જે ધ્રાસકો પડ્યો હતો તેવો ધ્રાસકો પડ્યો નથી અને દુઃખ પણ નથી થતું. અમને બંનેને આશા અને વિશ્વાસ છે, અને દુઃખ થાય છે છતાં હિંમત રાખીને બેઠાં છીએ અને પ્રસન્ન પણ રહીએ છીએ, કારણ આપની એવી આજ્ઞા છે. . . . અહિંસામાં જ અમને આશાનાં કિરણ દેખાય છે, એ જ અમારો મંત્ર છે, અને એને માટે જ તમે આજે જીવનની બાજી માંડીને બેઠા છો. હિંદુસ્તાન અહિંસા કદી કોઈ પણ સંજોગોમાં ન છોડે એવી આશા રાખું છું."

અમેરિકાનો એક પત્ર બહુ વિચાર અને મધુર આગ્રહથી ભરેલો છે. એની દલીલ મનોરંજક છે, ઘડીક વાર બુદ્ધિને ભોળવી નાખે એવી છે: "આપ ક્ષુલ્લક હેતુ અર્થે કશું કરો જ નહીં, આપને આપના કર્તવ્યનું ભાન છે એટલે જે કરો છો તે સમજીને જ કરતા હશો. પણ આપ જશો તો આપનો દેશ ધણી વિનાના ઢોર જેવો થઈ પડશે, અને આપના જેવો નેતા એમને બીજો કયો મળવાનો છે? આપને એમ લાગે કે ઉપવાસ અનિવાર્ય છે અને શરીર ગાળીને આપનો યશોદેહ જ મૂકી જવો જોઈએ તો જુદી વાત છે. પણ મને એમ નથી લાગતું. હજી આપને રજા લેવાનો સમય નથી થયો. આજે તો પ્રજાઓ બહેરી, મૂંગી અને આંધળી થઈ પડી છે. આપના જીવંત અવાજની જેટલી અસર થાય તેટલી આપના નિઃશબ્દ આત્માની નહીં થાય. હથિયાર ચળકતાં તેજીલાં ધારદાર હોય ત્યારે તેને ઊંચે મૂકવાં એ કાંઈ સહેલી વસ્તુ નથી. આપના જેવા ભલા આત્માની જગતમાં હજી જાણ થવાની જરૂર છે, અને જાણ થયે જગત યાદ કરશે. આપનું કાર્ય હજી ઊભું છે, અને આપને જીવવું જોઈએ એમ તો આપ પોતે પણ કહો છો. ગમે તેમ હો, હું આપની પ્રાર્થનામાં મારી પણ ભેળવીશ. કંઈ નહીં તો આપની જીવનદોરી લંબાવવાને માટે એટલી એક રેશમની દોરી તો વધશે. હું અને મારા દેશવાસીઓ જગતમાં જ્યાં જ્યાં પડ્યા હોય ત્યાંથી આપના કાર્ય તરફ ભક્તિભાવ દાખવતા રહેશું."

આ પાનાંઓમાં આ મધુરા કાગળ ઉપર વિવેચન કરવું અસ્થાને છે. ગાંધીજીએ જે વૃત્તિથી ઉપવાસ કર્યો છે તે ગુજરાતી વાચકો જાણે છે. એમની પ્રવૃત્તિમાં જીવનેચ્છા સાથે ઉદાસીનતા બંને રહેલાં હતાં. હું

કોણ, અને ગમે તેવો હોઉં છતાં મારી હસ્તી એવી અનિવાર્ય શી રીતે હોઈ શકે કે હું ન હોઉં તો દેશ રંડાઈ જાય એમ હું માનું? આ ભાવ ગાંધીજીને હરહમેશ રહ્યો છે, અને ઉપવાસ એ હથિયાર ઊંચા મૂકવા બરોબર નહોતાં, ઉપવાસ તો શરીરરૂપી હથિયારને વધારે તેજસ્વી અને વધારે ધારદાર બનાવવાને માટે છે. આંધળી, બહેરી અને મૂંગી પ્રજાઓની વાત જવા દઈએ પણ આપણે ત્યાં જ કેટલાક દેખતા છતાં આંધળા અને કાન અને વાચા છતાં ગૂંગા થઈને બેઠેલા આપણે નથી જોતા? એ આંધળાને દેખતાં કરવાને અને સાંભળતાં કે બોલતાં કરવાને બૉમ્બના ધડાકા જોઈએ શું? ઉપવાસમાં એના કરતાં વધારે મોટો ધડાકો કરવાની અને પ્રકાશ પાડવાની શક્તિ નથી શું? ન હોત તો આટલા હજારો માઈલોથી શા સારુ અનેક જણા જાણે સગાં ભાઈબહેન અને જમાનાજૂના મિત્રો હોય એમ લખતાં હશે?

### એક અમોલી ભેટ

આવી રેશમી દોરી મોકલનાર બીજી એક વ્યક્તિનો ઉલ્લેખ કર્યા વિના ચાલે એમ નથી. એક જર્મન બહેન નિયમિત ‘હરિજન’ વાંચે છે, અને ‘હરિજનકાર્ય’માં રસ લે છે એ સૌ કોઈ જાણે છે. એના દાનની નોંધ અગાઉ આ પત્રમાં લેવાઈ ગઈ છે. એ બહેનથી ઉપવાસ વખતે ન રહેવાયું એટલે એણે ગાંધીજીને તાર કરેલો, તેના જવાબમાં ગાંધીજીએ મીઠી ટકોર કરીને લખેલું: “તમારાથી ન જ રહેવાયું, કેમ? પણ આ વેળા લાંબો તાર કર્યો તેને માટે હું ચિડાવાનો નથી. માત્ર દુઃખ એ છે કે બાપડા હરિજનો શું કહેશે? તેઓ કહેશે, જોને આ બહેન હરિજનસેવકોમાંના એકની ઉપર જેટલો પ્રેમ રાખે છે તેટલો પ્રેમ અમારા ઉપર શા સારુ નહીં રાખતી હોય? એ એમની ફરિયાદ સાચી નહીં ઠરે? હું એમને કહીશ કે હવે તમે સુધરશો.”

બહેને સુધારો તો કર્યો પણ ધાર્યા કરતાંયે વધારે. ઉપવાસ દરમ્યાન એના કાગળોની ધારા ચાલતી. એણે એકાંતરા ઉપવાસ કર્યા, જાગરણ કર્યાં, પ્રાર્થના કરી, અને ગાંધીજીને ભગવાનને સોંપ્યા. એની પ્રાર્થના પણ કેવી? “ઈશ્વર મારા હૃદયમાંથી તમામ મેલ દૂર કરો કે જેથી આપનો વાળ વાંકો ન થાય.” જ્યારે કેટલાક ખ્રિસ્તીઓ ગાંધીજીને લખે છે કે તમે ખ્રિસ્તી ન થાઓ ત્યાં સુધી તમારા ઉપવાસ સફળ નથી થવાના, ત્યારે આ બહેન કહે છે કે, “તમારા ઉપવાસને લીધે ઈશુના બલિદાનનું રહસ્ય હું વધારે સમજી શકી છું. ગયા ઇસ્ટરમાં મેં આપને લખેલું કે બધું ઈશુને અર્પણ કરો. આપ આવી રીતે સર્વસ્વ અર્પણ કરશો એમ મેં કદી ધાર્યું ન

હતું. આપના ઉપવાસની ખબર આવી અને હું જાણે ઝબકીને જાગી. આપને લીધે હું ઈશુની વધારે ભક્ત બની છું."

અને છેવટે ગાંધીજીએ પેલી મીઠી ટકોર કરેલી તેનો જવાબ તેણે મોકલ્યો, જે ગયા મેલમાં જ મળ્યો. "આપે હરિજનોનો ઠપકો સંભળાવ્યો છે. હરિજન ભાઈઓને કહેજો કે હું હરિજનસેવકોમાંના એકની ઉપર પ્રેમ રાખું છું તેનું દુઃખ ન માને, કારણ હું તો તે સેવકને અને તેમને એક જ માનું છું અને એ સેવકના પ્રેમમાં મારો તેઓ સૌ વિષેનો પ્રેમ સમાઈ જાય છે. એની નિશાની તરીકે આ સાથે મારાં બે મોતીનાં એરિંગ મોકલું છું. ૩૦૦થી ૩૨૫ રૂપિયાની કિંમતનાં છે. એ મારી દાદીમાએ આપેલાં અને એક કાળે એ હું ભારે ગર્વથી પહેરતી, પણ તેથી જ એ તમે હરિજનોને માટે સ્વીકારો એમ ઇચ્છું છું. આ કંઈ આવેશમાં નથી કરી રહી, આ તો હરિજનો માટેના મારા શુદ્ધ પ્રેમનું પરિણામ છે અને આપને ઈશ્વરે બચાવ્યા છે તેને માટે ધન્યવાદ તરીકે મોકલું છું."

આ મોતીનાં એરિંગની કિંમત જેટલી કરીએ તેટલી ઓછી છે. પણ એને અમોલાં ગણીને રાખી મૂકીએ તો તેમાં હરિજનનું શું પાકે? એટલે મારી વાચકોને વિનંતિ છે કે એની કિંમત ઉપરાંત ચડીને કિંમત લખી મોકલે. જેની વધારેમાં વધારે માગ હશે તેને તે આપી દેવામાં આવશે.

### કઠણ ટીકાકારો

ઉપવાસને વિષેના ઘણા સ્તુતિના કાગળો હું આપું છું તેથી કોઈ એમ ન સમજે કે વિરોધીઓએ કાગળો નથી લખ્યા કે ઉપવાસનો વિરોધ થયો નથી. કાગળો તો જૂજ જ છે, પણ ક્યાંક ક્યાંક ઠીક ઠીક વિરોધ થયો છે. બીભત્સ વિરોધ કરનારની હું વાત નથી કરતો, પણ કેટલાક કેળવાયેલાઓ જેમની બુદ્ધિ સંકુચિત તર્કમાંથી નીકળતી જ નથી એવા મદ્રાસમાં પડેલા છે. એમની એક ટીકા નોંધવા જેવી છે. સનાતનીઓના નેતા અને મદ્રાસના એક જાણીતા ઍડવોકેટ લખે છે કે આ ઉપવાસને તપશ્ચર્યા કોણ કહે? આટઆટલા ડૉક્ટરો, સગાંવહાલાં, શિષ્યો, દર્શનવાળાઓ અને છાપાંવાળાઓનાં ધાડાં ઊભરાતાં હોય ત્યાં ઉપવાસમાંથી શી શક્તિ ઉત્પન્ન થવાની હતી?

આ ઍડવોકેટ સાહેબને ખબર નથી કે જેલમાં ગાંધીજી હતા ત્યાં તો એકાંતમાં અજાણી રીતે ઉપવાસ કરવા એ અશક્ય હતું — કેદી તરીકે પણ એ જાહેર કરવાની ફરજ હતી. હરિજનોને માટે રાતદિવસ કામ

કરનાર હરિજનોને ખાતર પણ આવી વસ્તુ જાહેર કરીને જ કરે. વળી ‘ઢોલ વગાડવાનું’ જેમ બને તેમ ઓછું થાય એમ કરવાના કેટલા પ્રયત્ન કરવામાં આવ્યા એની એ સાહેબને શી રીતે ખબર પડે? પણ એની ચિંતા નથી. ડૉકટરો, સગાંવહાલાં, શિષ્યો, અને પ્રેક્ષકો સૌ પોતાનો ગુનો કબૂલ કરવાને તૈયાર છે, ગાંધીજી પોતે પણ પોતાની ન્યૂનતા ઢોલ વગાડીને જાહેર કરે એમ છે. પણ હવે તો શું થાય? જ્યાં સુધી ઉપવાસ એ હરિજનકાર્ય કરવામાં સહાય કરનારી તપશ્ચર્યા છે એમ સનાતની ભાઈઓ માને છે ત્યાં સુધી કુશળ છે. તો ભવિષ્યમાં સુધારકો વધારે કાળજી લેશે.

પણ સનાતની ભાઈઓની આકરી ટીકા અને માગણી ચક્રવર્તી રાજા શિબિની વાત યાદ અણાવે છે. શિબિ રાજા મહા દાનવીર અને ભીડભંજન હતા. એક વાર યજ્ઞ કરતા હતા ત્યાં એક પારેવું એમના ખોળામાં આવીને પડયું અને કરુણ આંખે એમની સામે જોવા લાગ્યું. એની પાછળ એક શકરો પડેલો હતો. શકરાએ રાજાને કહ્યું, “મારો શિકાર છોડ, તારા જેવા ભીડભંજનને મારા જેવા ભૂખ્યાનો શિકાર આમ છીનવી લેવો ન શોભે.” મોટો લાંબો સંવાદ ચાલે છે, શકરો નથી ડગતો, અને પારેવું રાજાના ખોળામાં કંપી રહ્યું છે. શકરો આખરે તેજસ્વી રાજાના તેજ ઉપર પ્રહાર કરે છે. કહે છે: “વારુ, ત્યારે તને આ પારેવું પ્રાણ કરતાં પ્યારું હોય તો એ પારેવા જેટલું માંસ તારા શરીરમાંથી જ મને આપી દેને, ભૂંડા! એટલે હું મારી મેળે મારી ભૂખ શાંત કરીને ચાલ્યો જઈશ.”

રાજાએ તત્ક્ષણ કહ્યું. “એ કરવાને તો તૈયાર જ છું.” એમ કહીને એણે ત્રાજવાં મંગાવ્યાં. અને એક પલ્લામાં પારેવાને મૂકીને બીજામાં પોતાના અંગમાંથી કાપીને એક માંસનો કકડો મૂકયો. પણ પરેવાવાળું પલ્લું નીચે નમ્યું. વળી કકડો કાપ્યો, તોય પેલું પલ્લું ઊંચું જ ન થાય. આખરે રાજાએ કહ્યું: “વારુ, ત્યારે હવે હું જ સામા પલ્લામાં બેસું છું, પછી તો મારે કાંઈ આપવાનું રહેતું નથી. મારા આખા શરીરનો તું સુખે ભક્ષ કર.” આટલું કહેતાંવેંત ન મળે પારેવું, ન મળે શકરો! રાજા આગળ ઇંદ્ર અને અગ્નિદેવ પ્રત્યક્ષ થયા અને કહ્યું: ‘તારી પરીક્ષા પૂરી થઈ. તારું મંગળ થાઓ અને તારાં તેજ અખંડ તપો.’

આમ સનાતની ભાઈઓ વધારે ને વધારે માગતા જાય છે તેમ શિબિની કથા યાદ આવે છે. આપણામાં શિબિની દાનવીરતા અને ત્યાગ હોય તો સારું જ તો! પણ ન હોય તો આવશે. ગાંધીજી એકાંત ગુફામાં

જઈને ઉપવાસ કરે એવી માગણી કરવામાં આવે તો એઓ ખુશીથી સ્વીકારશે, પણ શિબિની પ્રાચીન કથામાં જેમ બન્યું તેમ અક્ષરશઃ થાય તો કેવું સારું! સનાતનીઓ થોડા ગાંધીજીનો પ્રાણ લેવા ઇચ્છે છે? અગ્નિદેવતાને શિબિના પ્રાણ થોડા જ લેવા હતા? એને તો પરીક્ષા કરવી હતી! સનાતનીઓ અને તેમની માગણી પણ અગ્નિદેવની જેમ પરીક્ષક જ નીવડે અને એ પરીક્ષામાંથી આપણા ધર્મનું કુંદન બહાર આવે અને મેલનો નાશ થાય તો કેવું સારું!

## ૮

## દૂર છતાંયે પાસે

આધ્યાત્મિક ક્રિયા કે બળની અસરને કાળ અને દેશનાં બંધનો નડતાં નથી. જ્યાં આધ્યાત્મિક સંબંધ બંધાય છે ત્યાં સ્થૂળ અંતરો નષ્ટ થાય છે. ગાંધીજીના ઉપવાસનું મહત્ત્વ દેશદેશમાં ચર્ચાયું, એનું કારણ ગાંધીજીનું 'મહાત્મા'પણું હોય એ સંભવે છે. ગાંધીજીના ઉપવાસની ખબર દુનિયાના ઘણાંય છાપાંમાં અને વિલાયતનાં અગત્યનાં છાપાંમાં રોજરોજ આવતી એમ મિત્રોના કાગળો ઉપરથી સમજાય છે, એનું કારણ તો ગાંધીજીનું મોટાપણું. પણ કેટલાંક છાપાંઓ અને કેટલીક વ્યકિતઓ તો એ ઉપવાસની આધ્યાત્મિકતા પણ ન સમજી શક્યાં. જે ન સમજી શક્યા તેમણે હાંસી ન કરી, અને કોઈએ એ ઉપવાસને પાખંડ કે ધતિંગ તરીકે તો ન જ નિંદી કાઢ્યો એમ જણાય છે. જે સમજ્યાં તેણે ખરું દર્શન કર્યું. ન્યૂકૅસલ જેવા શહેરમાં છપાતું એક છાપું લખે છે તે કેવું નર્યું સત્ય છે: "ગાંધીજી પેલા ક્રાંતદર્શીઓની સ્થિતિએ પહોંચ્યા છે કે જેમને વિષે એમ કહી શકાય કે તેમને માટે 'સ્વ' જેવી વસ્તુ રહી નથી, જે કાર્યને માટે તેઓ જીવે છે એ કાર્ય જ તેમનું સર્વસ્વ છે, એ કાર્યને જ સર્વસ્વ અર્પણ છે. એમને વિશ્વાસ છે કે ઉપવાસ કરવામાં એમને કશો તમાશો કરવાની ઇચ્છા નહોતી, લોકોની ઉપર પોતાનો પ્રભાવ જમાવવાનો પણ વિચાર નહોતો, પણ પોતાના અસ્પૃશ્ય ભાઈઓની અધમ સ્થિતિ ફેડી તેમને ઊંચા ચડાવવાનો જ ઇરાદો હતો."

વ્યક્તિઓની ઉપર તો ઉપવાસની કેટલી ઊંડી અસર થઈ છે એ હું આ લેખોમાં અનેક વાર બતાવી ચૂક્યો છું. અમેરિકા, કૅનેડા અને જર્મનીના કાગળો મેં ટાંક્યા છે. આ રહ્યો એક કાગળ બેલ્જિયમથી જેનો લેખક પોતાને 'ઍંટવર્પ પ્રાંતના એક ગામનો ગરીબ કારકુન' તરીકે

વર્ણવે છે અને લખે છે: 'પરમપૂજ્ય આચાર્ય — હવે તો ઈશ્વરી ન્યાયમાં મારો વિશ્વાસ વધ્યો છે, કારણુ તમારા ઉપવાસ સફળ થયા એના કરતાં મોટો પુરાવો બીજો કયો જોઈએ? ઊંડામાં ઊંડી આર્તવેદનાભરી પ્રાર્થના ભગવાન સાંભળ્યા વિના રહેતો નથી. મને કેટલીક વાર એવી શંકા થતી હતી ખરી! ઈશ્વરે આપનું જ્વલંત દૃષ્ટાંત દુનિયા આગળ મૂકયું એ કેવી આનંદની વાત છે! મારી સદૈવ પ્રાર્થના છે કે અતિ ઉદાત્ત અને પવિત્ર તરીકે પંકાયેલા આપના કાર્યમાં આપને વધતી જતી સફળતા મળે. આપને માટે મને ઊંડું માન અને ભક્તિ છે. હું તો ઍંટવર્પના ગામડામાં એક ગરીબ કારકુન છું. દૂર છતાંય આપનો પ્રકાશ મારો માર્ગ અજવાળે છે." પોતાના કાગળ સાથે આ ભાઈએ પૅરીસના છાપામાંથી એક કાપલી બીડી છે, જેમાં લખ્યું છે કે ગાંધીજીના ઉપવાસની નૈરોબી જેવા દૂર પ્રદેશમાં પણુ એવી અસર થઈ કે કેવળ ઉચ્ચ વર્ણુના હિંદુઓ માટેનું એક મંદિર અસ્પૃશ્યોને માટે ખોલવામાં આવ્યું છે.

પણુ ઉપવાસની અસર આજે નહીં માપી શકાય. એની પૂરી અસરનું માપ કાઢતાં વર્ષો જશે. આ દાખલાઓ તો માત્ર એટલું જ બતાવવાને માટે આપું છું કે શુદ્ધ આધ્યાત્મક કાર્યની અસર જગતના દૂરદૂરના ખૂણામાં પણુ પહોંચ્યા વિના રહેતી નથી.

## અને પાસે છતાંયે દૂર

અને પાસેમાં પાસેના એથી અસ્પૃષ્ટ રહે એવો પણુ સંભવ છે. ભૌતિક શાસ્ત્રમાં સમ વિષમને આકર્ષે છે. જે આંખો છતાં આંખ મીંચીને ચાલે તેની આગળ સો મણુ પ્રકાશ પણુ શા કામનો? આમ જ્યારે દૂર ઉપવાસનો અવાજ સંભળાયો છે અને પ્રકાશ પહોંચ્યો છે ત્યારે અહીં એવા કેટલાક પડ્યા છે કે જેને એમાં આત્મપ્રશસ્તિ સિવાય બીજું કશું દેખાતું નથી. એની ચિંતા નથી. જેને આજે નથી દેખાતું એને કાલે દેખાશે, આજે નથી સંભળાતું તેને કાલે સંભળાશે. દુનિયાનો ઇતિહાસ ન ભૂલવો જોઈએ. ઈશુનું જીવનચરિત્ર લખનાર પૅપીની લખે છે કે યહૂદીઓને જેટલા જાગ્રત કરનારા પેગંબરો મળ્યા તેટલા ભાગ્યે જ કોઈને મળ્યા છે, અને છતાં તેમનો અવાજ પણુ તેમના જમાનાને કાને ન પડ્યો. આપણે ત્યાં આજે એવું જણાય છે? એવું જણાતું હોય તોયે પેગંબરનું કામ જ એવું રહેલું છે, પેગંબરોનો ઇતિહાસ જ એવો છે એમ સમજીને આપણે આશ્વાસન મેળવીએ. આ રહી પૅપીનીની ચમત્કારિક ભાષા:

"પેગંબરને પોતાના જમાનાનો સડો પ્રત્યક્ષ ભાસે છે, એનું હૈયું ચિરાય છે, આ પાપ ન ફેડીએ તો આવી પડનારી આફતની પણુ એવી

નિર્મળ દૃષ્ટિ આગાહી કરે છે, અને જો ચેતીએ તો ફેલાનારી સુખશાંતિનું પણ એને દર્શન થાય છે. એ મૂંગાનું દુ:ખ પ્રગટ કરનાર છે, અજ્ઞાનનું દુ:ખ જણાવનાર છે, પીડિત અને રખડતાં અને રઝળતાંનો એ બેલી છે, ગરીબનો રક્ષક છે, અને ત્રાસ આપનારાઓની ખબર લેનારો છે. જાલિમને પડખે એ નથી ઊભતો, એ તો જુલમ ખમનારાઓની વહારે ધાય છે, એ ધરાયેલા અને હૃષ્ટપુષ્ટોની પેરવી કરતો નથી, એ તો ભૂખ્યા અને અનાથની પેરવી કરે છે. . . એટલે જ રાજાઓ અને સત્તાધીશો એની ભાગ્યે જ બરદાસી કરે છે, ધર્મગુરુઓ અને આચાર્યો એને દુશ્મન માને છે, ધરાયેલા અને તવગરો એની ઘૃણા કરે છે.”

આ ઐતિહાસિક સત્ય છે અને ઈશ્વરી ન્યાય છે. અનેક જમાનાઓ ઉપર સાચી પડેલી એ વાત વારંવાર સાચી પડતી આવી છે એટલે આપણે એ જ્ઞાનનો લાભ લઈને પેગંબરોની ઘૃણા થાય છે અને અવગણના થાય છે એને સ્વાભાવિક સમજી એને વિષે સંપૂર્ણ ઉદાસીન રહીએ, અને આપણી શક્તિ પ્રમાણે સંદેશ જેટલો ઝીલી શકાય તેટલો ઝીલીએ અને પચાવી શકાય તેટલો પચાવીએ.

### જુદો જમાનો

પણ આ જમાનો જુદો છે એ આપણે ન ભૂલીએ. જે જમાનામાં પેગંબરોની ઘૃણા થઈ, અને એમના ઉપર પથરા પડ્યા, અને પેગંબરને શૂળીએ ચડાવવામાં આવ્યા તે જમાનાથી આ જમાનો જુદો છે. આટલા સૈકાઓ પછી આપણે થોડા વધારે સહિષ્ણુ અને ડાહ્યા ન થયા હોઈએ? ખેર! પણ ગરીબ અને પોચા હાડના હિંદુએ હજી પોતાના પેગંબરને પથરા મારી જાણ્યા નથી અને મારે એવી વકી નથી. ઉપવાસ દરમ્યાન કેટલાય સેવકોએ સૂઝીને પોતાની આત્મકથા લખી મોકલી હતી. હજી એવી વસ્તુઓ આવ્યે જાય છે. ઉપવાસનો આરંભ કરતાં ગાંધીજીએ દીનબંધુ ઍન્ડ્રૂઝને લખેલું: “જેમ વખત જતો જાય છે તેમ તેમ ઉપવાસ કરવાનો નિશ્ચય ઠીક જ થયો એમ મને ભાસતું જાય છે. એવી એવી વાતો કાને આવે છે કે જો ઉપવાસ ન કર્યો હોત તો મારી છાતી ચીરી નાખત. પણ હવે તો એ બધી કૃપાળુ અને ધર્માત્મા ભગવાનને સંપૂર્ણ નિશ્ચિતતાથી સોંપી શકું છું.” હમણાં જ એક દાખલો સાંભળીને કહે: “એવા એવા માટે પણ આ ઉપવાસ હતા. જાણીએ એવાને માટે નહીં પણ આમ જેનું જ્ઞાન હવે થાય છે એવાને માટે તો એ ઉપવાસ ખાસ હતા. કારણ જેણે પોતાનું પાપ જાહેર કર્યું છે તેને તો સહેજે પહોંચી વળી શકાય, પણ જેણે જાહેર નથી કર્યું તેને ઉપવાસ વિના બીજી કઈ રીતે પહોંચી શકાય?”

## ઉપવાસ અને દેહદમન

આમ થોડી થોડી વાતો એમને કાને હમણાં પણ નાખવામાં આવે છે, કાગળો બધા મૂકવામાં આવતા નથી પણ અગત્યના, માંદાઓના, ગાંધીજીની આધ્યાત્મિક માવજતની જેમને જરૂર હોય તેવાઓના કાગળો મૂકવામાં આવે છે. એક મિત્ર જેમણે અનેક ઉપવાસો કરેલા છે, જેમને આત્મદર્શનની લગની લાગેલી છે, અને તેને અંગે જેમણે સંપૂર્ણપણે ભેખ લીધો છે અને તનડાની આશ તજી જંગલ વસાવ્યું છે તેમનો હમણાં એક કાગળ આવ્યો. કોક કોકવાર એમ કાગળ મારફતે દેખા દે છે. આ વખતે કાગળમાં પોતાની દિનચર્યા લખી છે, ૧૨ વર્ષનું મૌન લીધું છે એ લખ્યું છે, વારંવાર પખવાડિયાના ઉપવાસ કર્યા છે એ લખ્યું છે, પોતે કાચો લોટ અને પાણી ઉપર રહે છે એ લખ્યું છે અને મૌનને માટે હોઠ ઝીણા તારથી સીવી લેવાની વાત કરી છે! ગાંધીજીએ એને કાગળ લખ્યો એ બધા સાધકોને હિતાર્થે અહીં ઉતારું છું:

"ઘણે દિવસે એટલે કે ઘણા મહિના પછી તમારો કાગળ મળ્યો તેથી રાજી થયો. પણ તે વાંચીને દુ:ખી પણ થયો. આત્મદર્શન કરવાનો જે ઉપાય તમે યોજ્યો છે એ રસ્તે આત્મદર્શન ન થઈ શકે એવો મારો દૃઢ અભિપ્રાય છે. હોઠને સીવીને કોઈ મૌન ધારણ કરે એ મૌન નથી. જીભ કપાવી નાખે તોયે મૌન થાય, પણ એયે મૌન નથી. બોલવાની શક્તિ છતાં જે સહેજે મુનિપણું સાચવી શકે છે એ મૌનધારી છે. તમે જે તપ કરી રહ્યા છો એને ગીતાકાર તો તામસી તપ કહે છે, અને મેં તે સાચું માન્યું છે. તમે કાચો લોટ ખાઓ છો એ વૈદકશાસ્ત્રની વિરુદ્ધ છે. ધર્મશાસ્ત્ર એમ કરવાનું ક્યાંય કહેતું નથી. કાચું જ તમારે ખાવું હોય તો ફળાદિ જ ખવાય. દૂધ દહીં લો તોયે સંપૂર્ણ ખોરાક થઈ પડે. મને તો લાગે છે કે આ આખા પ્રપંચમાંથી તમે નીકળી જાઓ તો સારું. નીચેના ભજનનું મનન કરો. આશ્રમમાં અથવા તમને ઠીક લાગે ત્યાં શાંતચિત્ત થઈને રહો અને કાંઈક સેવા કરો. એમ કરતાં કરતાં નસીબમાં હશે તો સહેજે આત્મદર્શન કરશો." (આ રહ્યું એ કબીરનું ભજન.)

સાધો ! સહજ સમાધ ભલી
ગુરુપ્રતાપ જા દિનસે જાગી દિન દિન અધિક ચલી. — સાધો૦
જહં જહં ડોલું સો પરિકમ્મા, જો કુછ કરું સો સેવા,
જબ સોવું તબ તબ કરું દંડવત, પૂજું ઔર ન દેવા. — સાધો૦
કહું સો નામ સુનું સો સુમિરન, ખાઉં પીઉં સો પૂજા,
ગિરહ ઉજાડ એક સમ લેખું, ભાવ મિટાવું દૂજા. — સાધો૦

આંખ ન મૂંદું કાન ન રૂંધું, તનિક કષ્ટ નહીં ધારું,
ખુલે નૈન પહિચાનું હંસિ હંસિ સુંદર રૂપ નિહારું. — સાધો૦
સબદ નિરંતરસે મન લાગા, મલિન વાસના ત્યાગી,
ઉઠત બૈઠત કબહુ ન છૂટે ઐસી તારી લાગી. — સાધો૦
કહ કબીર યહ ઉનમુનિ રહની સૌ પરગટ કરિ ગાઈ,
દુઃખસુખસે કોઈ પરે પરમપદ તેહિ પદ રહા સમાઈ. — સાધો૦

૯

## 'એના કરતાં હું શું સારો?'

શ્રી ઠક્કરબાપાએ 'ભણેલા ભંગી બ્રાહ્મણ'ની ઠીક જાહેરાત કરી હતી. પણ ભણેલા બ્રાહ્મણે ભંગીપણાને સ્વાભાવિક ઓપ હતો એના કરતાં વધારે ચડાવવાને લોભે પોતાની વિદ્વત્તા વધારે બતાવેલી એમ ખબર પડતાં ઠક્કરબાપાએ એ વિષે પૂછપરછ કરી અને એ વિષે લેખ લખી મોકલ્યો. ગાંધીજીને આ વાતની ખબર પડી હતી. આ લેખ આવ્યો એટલે એ લઈને હું એમને બતાવવા ગયો. ગાંધીજી પથારીમાં પડચા હતા, પડખે કસ્તૂરબા ઊભાં હતાં. ગાંધીજી કહે: "દુખની વાત છે. ઠક્કરબાપાનો લેખ તો છાપવો જ પડશે. એ માણસના પિતાનો કાગળ પણ છાપો. ઠક્કરબાપાએ એને પ્રસિદ્ધિ આપી એટલે સુધારો પણ એમણે કરવો જ રહ્યો. ઠગાઈએ તો આપણે સૌ, પણ આવી બાબતમાં આપણે ઠગાયા એ પ્રસિદ્ધ કર્યે જ છૂટકો છે."

પણ આટલી વાત કર્યા પછી શ્રી અમલ ગોસ્વામીને વિષે કોઈને તિરસ્કાર ન થાય એટલા માટે જ જાણે અતિશય કોમળતાથી ગાંધીજીએ હસીને કહ્યું: "મેંયે એવું જ કર્યું હતું ના? વિલાયતમાં ભણવા ગયો ત્યારે મેં કુંવારા તરીકે ખપવાનો પ્રયત્ન કર્યો હતો ના?" આ શબ્દો ગાંધીજીએ કસ્તૂરબાને ઉદ્દેશીને કહ્યા હતા. કસ્તૂરબા તો દિંગ થઈને જોઈ રહ્યાં. એટલે ગાંધીજી કહે: "એને શેની ખબર હોય? એ એટલી ભલી છે કે એણે મને માફી આપી છે, એટલું જ નહીં પણ એ વાત પણ ભૂલી ગઈ છે." હજુ કસ્તૂરબાને ખબર નહોતી પડતી કે આ શા વિષે વાત થાય છે. મેં કહ્યું: "બા, લગભગ પચાસ વર્ષની જૂની વાત બાપુ કરે છે તે તમને શેની યાદ હોય? 'આત્મકથા'માં એનું વર્ણન છે." આ પછી ગાંધીજીએ આખો કિસ્સો રમૂજથી કહી સંભળાવ્યો એટલે કસ્તૂરબા કહે: "હા, હવે કંઈક યાદ આવે છે." એટલે ગાંધીજીએ પાછું કહ્યું: "ત્યારે મેં કહ્યું એ સાચું હતું ના કે તું એટલી ભલી છે કે તેં મને માફ તો

કર્યો જ પણ એ આખી વાત ભૂલી ગઈ." કસ્તૂરબા ફરી ખડખડાટ હસ્યાં. ગાંધીજીએ આગળ ચલાવ્યું અને પોતાનો સહેજ બચાવ કરતા હોય તેમ બોલ્યા : "મારે એટલું કહેવું જોઈએ કે હું એકલો જ સાવ એવો નહોતો. બધા જુવાનો તે વેળા એવું જ કરતા. નાની ઉંમરે હિંદુસ્તાનથી પરણીને જાય અને વિલાયતમાં એવડા છોકરા કોઈ પરણેલા ન હોય એટલે પરણેલા છીએ એમ કહેતાં દેશની લાજ જતી લાગે, એટલે સૌ કહે કે અમે કુંવારા છીએ. એમ જ મારું હતું, અને હું તો વળી ઘેર સ્ત્રી અને એક બાળક મૂકીને ગયેલો!" પણ તુરત જ પાછું સુધાર્યું : "પણ હું તો જૂઠું બોલ્યો તે દેશની લાજ રાખવાને માટે નહીં, પણ કુંવારી છોકરીઓ સાથે હરીફરી શકાય એટલા માટે." આમ કહીને ગાંધીજી ગંભીર થયા, સાથે અમે સૌ ગંભીર થયા, અને શ્રી અમલેન્દુ ગોસ્વામીનો કિસ્સો ભુલાઈ ગયો.

### એ તો માત્ર ચકમપાણું છે

પણ ભૂલવા માગીએ તોય ભુલાય એમ નહોતો. કારણ બીજે જ દિવસે મારી પાસે શ્રી જમશેદ મહેતાનો એક કાગળ આવ્યો, તેમાં એમણે પત્રવ્યવહાર મોકલીને મને એ છાપવાની ભલામણ કરી હતી. પત્રવ્યવહારમાં શ્રી જમશેદ ઉપર એક બંગાળી સજ્જનનો આવેલો કાગળ અને તેને શ્રી જમશેદે આપેલો જવાબ હતો. ભાઈ ગોસ્વામી કરાંચી મ્યુનિસિપાલિટીમાં ભંગી તરીકે કામ કરે છે, ઑક્સફર્ડના ગ્રેજ્યુએટ છે, એવી વાત છાપામાં આવી એટલે પેલા બંગાળી સજ્જને શ્રી જમશેદને ચેતવવા આ કાગળ લખ્યો હશે. પણ શ્રી જમશેદને તો ગોસ્વામી પાસેથી એમ જ ખબર મળેલી કે પોતે વિલાયત જઈ આવેલ છે, ઑક્સફર્ડની ડિગ્રી છે, અને ભંગીનું કામ કરવાને પોતે ઉત્સુક છે. આ કાગળની તારીખ ૧૬મી જૂન છે. શ્રી ઠક્કરબાપાને ગોસ્વામીએ પોતાની ભૂલની કબૂલાત મોકલી તે ૬ઠ્ઠી જૂનની છે, એટલે શ્રી ગોસ્વામીએ ઠક્કરબાપાની આગળ ભૂલ કબૂલ કરી અને શ્રી જમશેદ આગળ ઢાંકી એમ બને? બધા કાગળો મને શ્રી જમશેદે ૨૧મી તારીખે મોકલ્યા એટલે ત્યાં સુધી તેમને ભાઈ ગોસ્વામીના દોષની ખબર નહોતી એ ચોક્સ છે.

પણ શ્રી ગોસ્વામીએ શ્રી જમશેદ પાસે જાણીબૂજીને પોતાનો ઢોંગ ઢાંક્યો હોય તોયે શું? તોયે ગોસ્વામી ઉપર ચીડ નથી ચડવી જોઈતી. પોતે ઑક્સફર્ડ ગ્રેજ્યુએટ છે એમ કહીને ભાઈ ગોસ્વામીને કોઈ પ્રોફેસરની જગ્યા નહોતી લેવી કે કંઈ વધારે પગાર નહોતો માગવો. પગાર તો ભંગીનો જે મળે છે એથી એક પાઈ એને વધારે લેવી નહોતી. આખા બાબતમાં

ભંગીના ધંધામાં જરાય નામોશી નથી પણ માનભરેલો છે એટલું બતાવવા ઉપરાંત બીજું પ્રયોજન નહોતું. બહુ બહુ તો કદાચ પોતાનું ઘણું સારું બોલાય એટલી કીર્તિની ભૂખ હોય! પણ એ પણ મને બરોબર નથી લાગતું. ઉદાર અર્થ એ જ સૂચવે છે કે એ ઢોંગ પણ એના ચક્રમપણાનું પરિણામ છે. એના પિતાશ્રી કહે છે એ બરોબર છે કે એ જરા ચક્રમ છે. અને ચક્રમ માણસ પિતાને જેમ મરેલો જાહેર કરતાં સંકોચ ન ખાય, તેમ હતી તેના કરતાં વધારે વિદ્વત્તા પણ જાહેર કર્યા કરે, અને એક ઠેકાણે ઢોંગ ઉઘાડો પડચો છતાંય જાહેર કરે એટલે કોઈ એમની સાથે ન ચિડાતાં એને સહન કરી લે, અને એના દાખલામાં રહેલી સારી વસ્તુને તો સંઘરી રાખે.

### કવિવરના પત્રો

કવિવરનાં એ ભાષણ 'હરિજનબંધુ'માં છાપ્યાં પણ એમના ગાંધીજીના છેલ્લા ઉપવાસ વિષેના બે કાગળો તો છાપ્યા નહીં, એમાં કવિવરને અન્યાય તો ન થતો હોય એમ એક મિત્ર પૂછે છે. જરાય અન્યાય નથી થતો છતાં એ બંને પત્રો પણ આ અંકમાં છાપીએ છીએ. એ ભાષણો છાપવાની તો એટલા માટે જરૂરી પડી કે એ ભાષણોની સુધરેલી આવૃત્તિ છેક આ મહિનામાં શ્રી કાલિદાસ નાગે કવિવરના એક લેખ તરીકે બહાર પાડી છે. અને એ સકારણ છે. ઉપવાસના તત્ત્વ વિષે એ ભાષણોમાં કવિવરના દીર્ઘચિંતન ભરેલા વિચારો ઉતારવામાં આવેલા છે, અને એ વિચારો કવિવરના ગાંધીજીની ઉપરના બે મહિનાના પત્રોથી જરાય ઓછાવત્તા થતા નથી. આ પત્રોમાં કવિવરનું કોમળ હૃદય પોતાનું દુઃખ રોઈ રહ્યું છે, અને દુઃખ રોતાંરોતાં પણ પાછા અજબ વિનમ્રતાથી કહે છે: “ગમે તે થાય તોપણ તમે કરેલો નિશ્ચય સાચો છે એમ માનવાનો, અને મારી અશ્રદ્ધા એ મારી અજ્ઞાનજનિત ભીરુતાનું પરિણામ હશે એમ માનવાનો પ્રયત્ન કરીશ.” 'અજ્ઞાનજનિત ભીરુતા'નું નહીં, પણ ચોસઠ વર્ષે આદરેલા એકવીસ દિવસના ઉપવાસનો અંત કદાચ અણધાર્યો આવ્યો તો કેવી આફત આવશે એ અતીવ પ્રેમભરી ચિંતાનું પરિણામ હતું એમ અવશ્ય કહેવાય.

બાકી કવિવરના કાગળમાં એક બે વાત એવી છે કે જેનો જવાબ કવિવરે પોતે પોતાનાં ચિરસ્મરણીય ભાષણોમાં આપી દીધો છે. કવિ પોતાના પ્રથમ કાગળમાં કહે છે કે જગતમાં પાપ અને અનિષ્ટ તો અનાદિ કાળથી ચાલ્યું આવ્યું છે અને એ પાપને ફેડવાને માટે ઉપવાસ ન થાય. ગૌતમ બુદ્ધે ક્યાં ઉપવાસ કર્યા હતા? પણ ખરી વાત એ છે કે ઉપવાસ સનાતન

કે અનાદિ પાપની સામે નહોતા પણ આપણા પોતાના સમાજના એક સડા સામે હતા. એ પાપ આખા માનવસમાજની શરમ નથી પણ આપણા પોતાના સમાજની શરમ છે. અને એ વિષે તો કવિવરે પોતાના ભાષણમાં જે કહ્યું છે તેમાં શુદ્ધ સત્ય રહેલું છે: “એ જડમૂળ ઘાલી બેઠેલા મહા-પાતકની સામે મહાત્માજીએ આજે અંતિમ યુદ્ધની ઘોષણા કરી છે. આપણા દુર્ભાગ્યે કદાચ આ ક્ષેત્રમાં તેમના દેહનું અવસાન થાય પણ ખરું, પણ એ ધર્મયુદ્ધનો ભાર એમણે આપણા દરેકની ઉપર નાખ્યો છે. એ ભારનું તેઓ દાન કરી જશે.” આ જ મહાવાક્યોમાં કવિવરના બીજા પત્રની બીજી કંડિકાનો જવાબ રહેલો છે. એમાંનો એમનો ડર અસ્થાને છે. કોઈ મહાસંદેશ વૈયક્તિક નથી હોતા, વિશ્વને ઉદ્દેશીને જ હોય છે. અને ગાંધીજી તો અનેક વાર કહી ચૂક્યા છે કે એમના ઉપવાસનો અંત એમની સાથે નહીં આવે, પણ અસ્પૃશ્યતાના અંતની સાથે આવશે. એટલે એમણે આરંભેલા અગ્નિહોત્રમાં એક નહીં પણ અનેક યાજ્ઞિકો ભાગ લેશે અને એને અસ્પૃશ્યતા ભસ્મ થતા સુધી જાગતું રાખશે. કવિવરનાં હમણાં ટાંકેલાં વચનોમાં એ જ વસ્તુ નહીં તો બીજું શું છે? એ આખા અગ્નિહોત્રને કવિવરનો આશીર્વાદ છે એમ એમના બીજા ભાષણની આ વાણી સાક્ષી પૂરે છે: “જય થાઓ એ તપસ્વીનો જે આ ઘડીએ બેઠા છે — મૃત્યુને સમીપ રાખીને, ભગવાનને અંતરમાં સ્થાપીને, સમસ્ત હૃદયના પ્રેમનો દીવો પ્રગટાવીને. તમે એનો જયધ્વનિ પોકારો. તમારો કંઠસ્વર પહોંચાડો એના આસનની પાસે.” એવું જ આશીર્વચન એમણે ઉપવાસની પૂર્ણાહુતિને દિવસે મોકલ્યુ હતું.

## ૧૦

### થોડા વધારે પત્રો

આ લેખમાળા હવે પૂરી થાય છે, કારણ હવે વાચકને અગ્નિહોત્રની ચિનગારી આપવાની જરૂર રહી નથી. ગાંધીજીના પોતાના લેખ આ જ સપ્તાહથી શરૂ થાય છે એટલે અગ્નિહોત્રનો પુણ્યપાવક અગ્નિ મળી રહેશે.

આ લેખમાળા પૂરી કરું તે પહેલાં આ અઠવાડિયામાં આવેલા પશ્ચિમના કેટલાક કાગળોની નોંધ લેવી જરૂરની છે. દરેક અઠવાડિયે આવતા આ કાગળોથી વધારે ને વધારે સિદ્ધ થતું જાય છે કે ઉપવાસનું રહસ્ય હિંસાની રીતોથી કંટાળેલા પશ્ચિમના લોકો સરસ રીતે સમજ્યા છે. આ કાગળોમાં કેટલાક અતિશય ટૂંકા છે તે જેમના તેમ ઉતારું છું, કેટલાક લાંબા કાગળમાંથી ઉતારા લઉં છું.

વિલાયતથી આવેલો એક પત્ર: "આપના ઉપવાસને વિષે હું શું કહું? જગતના જેટલા માણસો આપને ઓળખે છે તે બધાના પ્રેમનું આપ પરમનિધાન બન્યા લાગો છો."

કૅનેડાથી આવેલા એક કાગળમાં લખ્યું છે: "આપ ઊગરી ગયા એને સારુ પ્રભુનો પાડ માનું છું. આપની અગ્નિપરીક્ષાના દિવસોમાં કરોડોની જેમ મેં એ જ પ્રાર્થના કરી છે. આપે માનવપ્રેમથી પ્રેરાઈને જે પુણ્યકાર્ય આદર્યું તેનું સુંદર ફળ આવશે; આવ્યા વિના નહીં જ રહે. મને વિશ્વાસ છે કે મેં નમ્રતાપૂર્વક આ કાગળ લખ્યો છે તેનો આપ સ્વીકાર કરશો."

એ દિવસ પર જ અમેરિકાથી નીચેનો તાર આવ્યો છે: "પેનસિલ-વેનિયા સંસ્થાનના હબસીઓની પરિષદ ભરાઈ છે તે આપને જગદ્ગુરુને પ્રણામ મોકલે છે. આપ દીર્ઘાયુ થાઓ અને આપને કાર્ય આગળ ચલાવ-વાનું સામર્થ્ય પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના કરે છે."

અમેરિકાના બીજા એક સંસ્થાન કૅલિફૉર્નિયાથી આવેલા એક લાંબા કાગળમાંથી નીચેનો ઉતારો આપું છું: "હું ૯૦ વરસની ડોસી છું. ચશ્માં ચડાવ્યા વિના આ કાગળ લખું છું. મને આશા છે આપ વાંચી શકશો. અમે આપની 'આત્મકથા' વાંચી છે અને ઈશ્વરની આપના પર કેટલી અપાર કૃપા છે એ જોઈને અમને આશ્ચર્ય થયું છે. હું પ્રાર્થના કરું છું કે ઈશ્વર અને તેનો પુત્ર ઈશુ ખ્રિસ્ત આપને અને આપનાં પત્નીને આશીર્વાદ આપે અને આ મહાન કાર્યમાં આપને રસ્તો બતાવે. સૌથી મોટી વાત તો એ છે કે પ્રાર્થના સાંભળનારો ને પ્રાર્થનાનો જવાબ દેનારો ભગવાન બેઠો છે, માત્ર આપણે એનું ધાર્યું થાય એટલી વાર સબૂરી રાખવી જોઈએ."

કૅનેડાથી બીજો એક આથીયે લાંબો કાગળ છે, તેમાં લખનારે કૅનેડાના પશ્ચિમ ભાગમાં ચાલી રહેલી અસંતોષકારક સ્થિતિનું વર્ણન કર્યું છે, જીવનના પ્રશ્નોનો ઉકેલ લાવવાનો ધર્મમાર્ગ કયો એ જાણવાની ઝંખના પ્રગટ કરી છે, ઉપવાસ નિર્વિઘ્ને પૂરો થયો એ માટે પ્રભુનો આભાર માન્યો છે, અને અંતે બાઇબલનું એક વચન ટાંક્યું છે: "'શરીરબળ કે સત્તા-બળ કશી વિસાતમાં નથી, આત્મબળ એ જ સાચું બળ છે,' એ ભવ્ય વચન છે."

જર્મનીથી એક દંપતીના બે કાગળો આવ્યા છે. એ મૂળ જર્મન ભાષામાં લખેલા હતા, તેનું એક મિત્રે ભાષાંતર કરી આપ્યું. એમાંના પત્નીના કાગળમાંથી બે ત્રણ ઉતારા અહીં આપું છું: "આપના જીવનનો પરિચય

જ્યારથી મને થયો ત્યારથી મારું જીવન હચમચી ઊઠ્યું છે ને તેનું નવું મંડાણ રચાયું છે. . . . જગતમાં ઈશ્વરમાં તન્મય બનીને રહેનાર જે બહુ જ વિરલા મુક્તાત્માઓ છે તેમાંના એક આપ છો એ હું સમજું છું . . . જ્યાં સુધી હું સંપ્રદાયના મતાગ્રહોમાં પડેલી હતી ત્યાં સુધી મને ઈશુ ખ્રિસ્તનો ઉપદેશ પણ ખરા રૂપમાં સમજાયો નહોતો. હવે એ બધાં પડળ દૂર થયાં છે એટલે હું એમને ઈશ્વરી સાક્ષાત્કારવાળા દૈવી પુરુષ તરીકે જોઈ શકું છું. . . . ઈશુ ખ્રિસ્તે કહેલું કે 'સત્ય તમને તારશે.' એનો મર્મ હું સમજું છું. . . . જીવનનો મર્મ તો એક જ છે કે ઈશ્વર રાખે એમ રહેવું ને એની સેવા કરવી, ઈશ્વરને કાજે જ જીવવું. હું આપના વતી લડીશ, આ દેશમાં આપના વતી કામ કરીશ, સત્યાગ્રહ અને અહિંસાનો પ્રચાર કરીશ. . . . આપે વાચકોને કહ્યું છે કે તેમણે આપને માટે પ્રાર્થના કરવી. હું ઘણી વાર એવી પ્રાર્થના કરું છું. અહીં કેટલાક જુવાનો છે જે આપના પક્ષમાં છે. મારા પતિ પણ આપના સૈનિક છે. આ વિષમ જીવનમાં આપે અમારામાં શક્તિનું સિંચન કર્યું છે, આપે અમને ઈશ્વરને માર્ગે ચડાવ્યાં છે." એ બહેનના પતિ બર્લિનથી લખે છે: "અમારી બંનેની લાગણીનું વર્ણન મારી પત્નીએ કર્યું છે. આપનો જીવનસંદેશ યુરોપમાં ને ખાસ કરીને અમારા દેશમાં ઝિલાશે એવી મને આશા છે. . . . અમે લોકો ઈશ્વર-વિમુખ થઈ ગયા છીએ. આપ મારે માટે અને મારા દેશ માટે પ્રાર્થના કરશો. અમે તો આપને અને હિંદુસ્તાનને માટે પ્રાર્થના કરીએ છીએ કે આપનું કાર્ય એળે ન જાઓ, અને જે વસમી વાટે યુરોપ ૪૦૦ વર્ષથી ચાલી રહ્યું છે ને છૂંદાઈ રહ્યું છે તે વાટે હિંદુસ્તાનને જવાનો વારો કદી ન આવો."

આ ઉતારાથી જણાશે કે હિટલરથી કંટાળેલા જર્મનો કે કૅનેડા જેવા પ્રજાસત્તાક રાજ્યમાં ચાલતી હિંસાનીતિથી કંટાળેલા કૅનેડિયનો, તેમ જ અમેરિકનો, અને હબસીઓને માટે અહિંસાની આ અપૂર્વ રીતિમાં આશાનાં કિરણો દેખાય છે. પેનસિલવેનિયાના હબસીઓનો તાર તો બહુ કીમતી છે. એટલે દૂર દૂર પણ તેઓ આપણા દેશમાં ચાલતી અનેક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરી રહ્યા છે અને પોતાની પરિષદને ટાંકણે ગાંધીજીને તાર મોકલે છે. આમાં કશું આશ્ચર્ય નથી. જો અસ્પૃશ્યતાનો નાશ મારામારી અને કાપાકાપી વિના થાય — અને થશે જ — તો તે ચમત્કાર ખુનામરકીવાળી યાદવીથી આવેલા હબસીઓની ગુલામીના અંત કરતાં વધારે અદ્ભુત ગણાશે. હબસીઓ સ્વતંત્ર થયા, પણ હજી ગોરા અને હબસીઓ વચ્ચેનાં હાડવેર નથી ગયાં, બને વચ્ચેની એક પ્રકારની ઝેરી અસ્પૃશ્યતા નષ્ટ નથી થઈ.

એનું કારણ મૂળ પાપનો નાશ કરવાને માટે લેવાયેલાં હિંસાત્મક પગલાં કેમ ન હોય? આપણે ત્યાં આત્મબલિદાનને માર્ગે જો આપણું જમાના જૂનું પાપ આપણે ધોઈ નાખી શકીએ તો તેનો સદંતર નાશ થશે અને પાછળ કશાય મેલા છાંટા નહીં રહે એમ કહી શકાય.

વિલાયતના એક મિત્રે પોતાના કાગળ સાથે 'સ્કૉટ્સમૅન' નામના છાપામાંથી એક કાપલી મોકલી છે, તે પરથી જણાય છે કે ગાંધીજીની તપસ્યાનો ખ્રિસ્તી સમાજો પર ઠેકઠેકાણે ઊંડો પ્રભાવ પડ્યો છે. ૩૧મી મેએ સ્કૉટલૅંડના મુખ્ય શહેર એડિનબરોમાં ખ્રિસ્તીઓની મોટી સભા થયેલી, તેમાં સભા બોલાવનાર ગૃહસ્થે કહ્યું : "ગાંધીજીએ તેમનું અસાધારણ અનશન સફળતાથી પૂરું કર્યું છે. એમનો માર્ગ આપણે સમજી શકીએ કે નહીં તોયે આપણે એટલું તો જોઈ જ શકીએ છીએ કે આ એક એવા પુરુષ છે જેમણે સંપૂર્ણ ઈશ્વરાર્પણ કર્યું છે અને જે દલિત લોકોને કાજે એમના દેશબંધુઓના હૃદય પર અસર પડે એવું એક પગલું ભરી રહ્યા છે." એ સભામાં મિ. લો નામના એક પાદરીએ નીચેનો ઠરાવ રજૂ કર્યો અને સભાજનોએ તે સર્વાનુમતે પસાર કર્યો: "આ સભા હંમેશાં હિંદુસ્તાનના દલિત લોકોના હિતનું ચિંતન કરે છે, તેથી અત્યારના અસ્પૃશ્યતાનિવારણના કાર્યમાં જે ભારે પ્રગતિ થઈ રહી છે તેને સારુ પોતાનો ઊંડો સંતોષ પ્રગટ કરે છે, અને અંતરની પ્રાર્થના કરે છે કે જે લોકો પોતાનાં ભાઈભાંડુની ઉન્નતિ માટે નિઃસ્વાર્થ પ્રયત્ન કરી રહ્યા છે તેમનાં તમામ પ્રયત્નોને સંપૂર્ણ સફળતા મળે."

## નિરાશામાં આશા

'મારી આસપાસ જેમ જેમ વધારે અંધકારનાં વાદળ ઘેરાતાં જોઉં છું તેમ તેમ મારી શ્રદ્ધા વધતી જાય છે.' ગાંધીજીએ એક બે દિવસ ઉપર આ વાક્ય ઉચ્ચાર્યું ત્યારે મને થયું કે આમાં ગાંધીજીની પોતાની સ્વાભાવિક શ્રદ્ધાશીલતા સિવાય બીજું કશું ન હોય. પણ એક પ્રસંગ એવો બન્યો કે જેથી હું જોઈ શક્યો કે એ શ્રદ્ધાનાં કારણો વધારે ઊંડાં છે. ઘણાયે આવીને પોતાનું દુઃખ રડે છે કે અમારાથી લીધેલી પ્રતિજ્ઞાનો વારંવાર ભંગ થાય છે, ઘણા પોતાના પશ્ચાત્તાપના કાગળો લખે છે. ત્યાં પોતાની પ્રતિજ્ઞાનું સંપૂર્ણ પાલન કરીને આગળ વધવાનો આશીર્વાદ માગનાર વિરલા હોય એ સ્વાભાવિક છે. એ વિરલાઓ જ નિરાશામાં આશા પૂરે છે.

એક મિત્રને ઘેર જતાં પહેલાં ગાંધીજી સાથે થોડીક મિનિટ વાત કરવી હતી. ઘણા દિવસ રહીને એમણે એ ઇચ્છા મારી આગળ વ્યક્ત કરી.

પણ ગાંધીજી આગળ જતાંવેંત તેમનું ધૈર્ય ગળી ગયું. થોડીક ક્ષણ તો તેઓ અવાક થઈ ગયા. "ચાલો ચાલો, વાત કરો. મહાદેવે મને કહ્યું કે તમે વરસો પહેલાં જે વ્રત લીધાં છે તેને વિષે તમારે વાત કરવી છે. તમે વ્રત લીધાં છે એ વાત પણ હું તો ભૂલી ગયો છું. પણ ચાલો, વાત કરો."

આ સાંભળીને પેલા મિત્રને હિંમત આવી ને ભાંગ્યાતૂટ્યા શબ્દોમાં એક વાક્ય બોલ્યા:

"પાંચ વરસ પર મેં કેટલીક પ્રતિજ્ઞા લીધેલી. અને —"

"અને તે ન પાળી શક્યા, એમ ને?" ગાંધીજીએ કહ્યું.

મેં વચ્ચે કહ્યું, "ના, એથી ઊલટું."

"ત્યારે આ હર્ષાશ્રુ છે ના?" કહીને ગાંધીજીએ એમની પાસે બોલાવવાનો પ્રયત્ન કર્યો.

પણ પેલા ભાઈ તો મૂંગા જ રહ્યા ને તેમના મોઢા પરથી અશ્રુની ધારાઓ વહેવા લાગી.

"મહાદેવ કહે છે એ કદાચ સાવ સાચું નહીં હોય. તો મેં કરેલું એમ કરો. મેં જ્યારે પિતા આગળ પહેલવહેલો ગુનો કબૂલ કર્યો ત્યારે મારી જીભ ઊપડી નહોતી. એટલે મેં કાગળ પર મારે કહેવાનું લખી દીધું. તમારે પણ જે કહેવું હોય તે લખી નાખો." ગાંધીજીએ કહ્યું.

પણ પેલા ભાઈ તો હજી અવાક જ હતા. તેમણે મને નિશાની કરી જણાવ્યું કે મને હવે જવા દો. પણ થોડાં વધારે આંસુ પાડ્યા પછી તેમને હિંમત આવી.

"બાપુ. પાંચ વરસ પહેલાં મેં મારી પ્રતિજ્ઞા લખેલી ને આપે એમાં એક શબ્દ સુધાર્યો હતો."

"હા, પણ હું તો એ સાવ ભૂલી ગયો છું."

ગાંધીજીને એ ભૂતકાળનું સ્મરણ કરાવી પેલા મિત્રે કહ્યું:

"બાપુ, મારે અંતરમાં ઘનઘોર યુદ્ધ ચલાવવું પડ્યું છે, પણ ઈશ્વરની કૃપાએ હું પ્રતિજ્ઞાના અક્ષરનું અને ઘણે અંશે એના મર્મનું પણ પાલન કરી શક્યો છું."

"એ તો સરસ કહેવાય. આંસુ આવે છે એ હું સમજી શકું છું. ઈશ્વર જ્યારે પ્રતિજ્ઞા પળાવે ત્યારે હૃદય આભારની લાગણીથી ઊભરાઈ જાય છે."

"પણ સવાલ તો હવે છે."

"કેમ? તમારાં મા અધીરાઈ કરે છે? મા તો અધીરાઈ કરે જ."

"હા, આપે જે પ્રતિજ્ઞા પર સહી કરી આપી એને તો એ પૂરેપૂરું માન આપે છે, એનો ભંગ એ નથી ઇચ્છતી. પ્રતિજ્ઞા ક્યારે પૂરી થશે એ પૂછયાં કરે છે. પણ માતપિતા મને જરાયે હેરાન કરતાં નથી. મુશ્કેલી મારી પોતાની જ છે. એક વાર હું સંકલ્પ કરી નાખું, પછી કશી મુશ્કેલી નહીં આવે. પણ બાપુ, અંતરનો એ સંગ્રામ ચલાવવામાં કંઈ લાભ છે ખરો?"

"હા, જરૂર. સંગ્રામ એ કુદરતનો નિયમ નથી? તો આત્માનો તો એ ધર્મ ઘણે વધારે અંશે છે. કુદરતમાં આધ્યાત્મિક નિયમ છે, અને આધ્યાત્મિક ક્ષેત્રમાં કુદરતી નિયમ છે. જીવન એ જ એક મહાસંગ્રામ છે, એકધારી સાધના છે. અંતરમાં હંમેશાં તોફાન ચાલતું જ હોય છે, અને વિકારો સામે લડયાં કરવું એ તો શાશ્વત ધર્મ છે. ગીતાએ ત્રણ જગાએ એ વાત કહી છે. ત્રણથી વધારે વાર પણ કહી હશે, પણ મને ત્રણ જ જગાએ કહેલી યાદ છે. સંકલ્પ હોય ત્યાં રસ્તો મળી જ રહે છે."

"બાપુ મને આશીર્વાદ આપો."

"તો તમારે જે લખવું હોય તે લખી કાઢો, ને એ બરાબર હશે તો હું એના પર સહી કરી લઈશ."

પેલા મિત્રે નોંધપોથી કાઢી અને ૪થી જુલાઈની તારીખવાળા પાના પર લખ્યું: "તમે જે વાત કરી છે તેનો મર્મ યાદ રાખજો. તમારી સાધના સફળ થાઓ એ મારા આશીર્વાદ છે." આ વચનો લખીને ગાંધીજીના હાથમાં 'બાપુ' એ અમૂલ્ય હસ્તાક્ષર લખાવવા માટે મૂકયા.

અને બાપુએ એ વચનો એક વાર વાંચ્યાં, બે વાર વાંચ્યા અને કહ્યું: "એક શબ્દ ઉમેરું?" કહીને ગાંધીજીએ પોતાને હાથે 'સાધના'ની પહેલાં 'અનિવાર્ય' શબ્દ મૂકયો, અને નીચે ધ્રૂજતે હાથે 'બાપુ' લખીને સહી કરી.

"હાથ ધ્રૂજતો ન હોત તો કેવું સારું થાત! પણ એનું કંઈ નહીં. આના અનુસંધાનમાં ગીતાના છઠ્ઠા અધ્યાયનો છેવટનો ભાગ વાંચજો."

પેલા ભાઈ અનુગ્રહ માનીને પ્રણામ કરી ખસી ગયા.

### હરિજનસેવકો સાથે વાતચીત

ઉપવાસ પછી પહેલી જ વાર ગાંધીજી આટલા બધા સેવકોને મળ્યા ને તેમની સાથે વાત કરી. હરિજન સેવા સંઘના મધ્યવર્તી મંડળની સભા શનિ ને રવિવારે હતી તે તો ભારત સેવક સમાજમાં થયેલી, પણ કેટલાક સવાલો વિષેના ગાંધીજીના અભિપ્રાય જાણવાને તેના સભ્યો પર્ણકુટીમાં આવ્યા હતા.

સવાલ એ હતો કે સંઘે પ્રચારનું કામ કરવું કે સેવાનું, પ્રચાર સાથે સેવાનું કામ કરવું, કે પ્રચારકામ મૂકી દઈને સેવાકાર્ય જ કરવું? ગાંધીજીએ અગાઉ આગ્રહપૂર્વક કહેલું કે વહીવટનો ખર્ચ ઓછામાં ઓછો થવો જોઈએ ને અમુક હદથી ન જ વધવો જોઈએ. પણ આ નિયમના અર્થ વિષે ઘણા પ્રશ્નો ઊઠેલા. દાખલા તરીકે ગામડાંમાં પ્રચાર કર્યો હોય, જેમ કે હરિજનોમાં દારૂનિષેધનો પ્રચાર કર્યો હોય તો એ પૈસા સન્માર્ગે વપરાયા ગણાય કે નહીં?

આ પ્રશ્ન વિષે ગાંધીજીએ જે વિચાર પ્રદર્શિત કર્યા તેનો સાર અહીં આપી દઉં છું:

"યોગ્ય રીતે યોગ્ય પ્રચારકાર્ય થાય એની સામે મારો વિરોધ નથી. હરિજનોમાં દારૂનિષેધનું કામ એ સેવાકાર્યમાં જ ગણાય, પણ તે ઓછામાં ઓછે ખરચે થવું જોઈએ. આ પ્રચાર કરવા માટે હરિજનો પાસે પહોંચી જાય એવા શુદ્ધ ચારિત્ર્યવાન હરિજનો મળી આવે તો બધા પૈસા હરિજનોના જ ગજવામાં જાય અને પ્રચારકાર્યની પણ ભારેમાં ભારે અસર પડે. એક સવાલ એ પુછાયો છે કે એક અણઘડ હરિજન શિક્ષક અને એક કુશળ સવર્ણ શિક્ષક એમાં હું કોને પસંદગી આપું? જેમ ચારિત્ર વિષેના બધા સવાલોમાં કહું તેમ આ બાબતમાં પણ કહું કે હું ચારિત્ર્યવાન હરિજન શિક્ષક મેળવવાનો પ્રયત્ન કરું અને એને કેળવી એના શિક્ષણમાં જે ખામી હોય તે પૂરી કરું. કોઈ હરિજનની આજીવિકાની વ્યવસ્થા કરવાની છે એવો વિચાર કરવાને બદલે હું બાળકોના જ હિતનો વિચાર કરું, પણ દરેક સવાલનો નિર્ણય એના ગુણદોષ પરથી કરવો પડે. હું તો એટલું જ કહેવા ઇચ્છું છું કે 'કુશળતા પર વધારેપડતો ભાર ન મૂકો.'

"પણ પ્રચારકાર્યને વિષે આપણે એક સામાન્ય નિયમ કરી શકીએ: પ્રચારના ખર્ચ માટે દર વખતે મંડળની મંજૂરી મેળવવી જોઈએ. જેમ જેમ હું વધારે વિચાર કરું છું તેમ તેમ મારી માન્યતા દૃઢ થતી જાય છે કે જો આપણું કામ આપણે સ્થાયી બનાવવું હોય તો પ્રચારનું ખર્ચ આપણે ઓછામાં ઓછું કરી નાખવું પડશે. જ્યાં પ્રચારને માટે ચાલુ ખર્ચ થવાનો સંભવ હોય ત્યાં આપણે ખરચને ત્રણ ભાગમાં વહેંચી નાખવું જોઈએ: ૨૦ ટકા કાર્યાલયનું ખર્ચ; ૨૦ ટકા પ્રચાર માટે; અને ૬૦ ટકા સેવાકાર્ય માટે.

"તમે પૂછો છો કે આપણે હરિજન દિન ઊજવતા આવ્યા છીએ તેવા દિવસો રાખવા કે નહીં? તો હું કહું: ભલે રાખો, પણ જો એની

બરાબર વ્યવસ્થા થાય તો એમાં ખરચની જરૂર મુદ્દલ ન પડે. હરિજનદિનનો અર્થ એ ન હોવો જોઈએ કે તમારી પાસે જે થોડાક પૈસા હોય તેમાંથી ટુકડો કાપી લેવો. એ જ રીતે, ૧૦૦ રૂપિયાનું દાન મેળવવા માટે હું ૭૫ રૂપિયાનું ખરચ ન કરું, કેમ કે એમ તો સરવાળે ૨૫ રૂપિયાનું જ દાન મળે. પ્રચારકાર્ય ખરાબ છે એમ હું નથી કહેતો. યોગ્ય રીતે કરેલું પ્રચારકાર્ય આવશ્યક છે. પણ હું એટલું તો કહું જ કે પ્રચારકાર્ય સ્વાવલંબી થઈ શકે છે. સ્વાગત કે સરઘસ માટે તમારે તમારા ફંડને અડકવું જ નહીં; એનું ખર્ચ સ્થાનિક મિત્રો પાસેથી મેળવી લેવું ને એનો ભાર તમારા હિસાબ પર નાખવો જ નહીં. આપણે હંમેશાં એટલું યાદ રાખીએ કે કડક ટીકાકારો આપણી ચોકી કરી રહ્યા છે. આપણે જો દરેક વસ્તુ ધાર્મિક ભાવનાથી, બદલાની આશા રાખ્યા વિના કરીશું તો આપણા કામની અસર પડ્યા વિના નહીં રહે."

બીજા પ્રશ્નો ઝીણી વિગતોના હતા, એટલે વાચકને એમાં ઉતારવાની જરૂર નથી.

પરિશિષ્ટ ૪

# સરકાર સાથે પત્રવ્યવહાર

[બ્રિટિશ વડા પ્રધાનના કોમી ચુકાદા સામે ગાંધીજીએ ઉપવાસ આદર્યા તેને પરિણામે યરવડા કરાર થયો. બ્રિટિશ પ્રધાનમંડળે કરેલા તે કરારના સ્વીકારમાંથી જ ફલિત થયું કે જેલમાથી અસ્પૃશ્યતાનિવારણનું કામ કરવાની બધી છૂટો અને સગવડો સરકારે બાપુને આપવી જોઈએ. તેને અંગે સરકાર સાથે થયેલો પત્રવ્યવહાર આ પરિશિષ્ટમાં આપવામાં આવ્યો છે.]

## ૧

તા. ૨૯–૯–'૩૨

ભાઈશ્રી મેજર ભંડારી,

આજે ૧૨ાા વાગ્યે તમે મને મોઢેથી જે હુકમો પહોંચાડ્યા તેનો અર્થ હું નીચે પ્રમાણે કરું છું:

આજની તારીખથી અસ્પૃશ્યતાને અંગે અથવા બીજા કોઈ જાહેર કામને અંગે શ્રી ઘનશ્યામદાસ બિરલા અને શ્રી મથુરાદાસ વસનજી સિવાય બીજા કોઈ મુલાકાતીને મને મળવા દેવામાં આવશે નહીં; બીજું, મિસિસ ગાંધીને તરત જ સ્ત્રી કેદીઓના વિભાગમાં ખસેડવામાં આવશે; અને બીજા બધા મુલાકાતીઓને ઉપવાસ પહેલાં જે રીતે મળવા દેવામાં આવતા હતા અને જેની સૂચનાઓ મને જેલમાં દાખલ કર્યાં પછી તરત જ પહોંચાડવામાં આવી હતી અને જે પાછળથી સુધારવામાં આવી હતી તે મુજબ મળવા દેવામાં આવશે. આનો અર્થ એ થયો કે શ્રીમતી સરોજિની નાયડુ જેમની હાજરી મારી માંદગી દરમિયાન મને આસાયેશ આપનારી થઈ પડી હતી તેમને અથવા તો મારા દીકરા દેવદાસને અને તેની ભાવિ પત્નીને, અથવા તો આશ્રમવાસીઓ, જેઓ આ કટોકટી દરમિયાન મારી સેવાચાકરીમાં હતા તેમને મળવાનો લાભ હવે મને મળી શકશે નહીં. મારે કબૂલ કરવું જોઈએ કે આવી રીતે એકાએક અને કઠોર રીતે મને યાદ કરાવવામાં આવ્યું છે કે જેનું શરીર પૂરેપૂરું સરકારની દયા ઉપર છોડવામાં આવ્યું છે એવો એક કેદી હું છું. આ માટે હું બિલકુલ તૈયાર નહોતો. તેમ છતાં હું સરકારને જણાવવા ઇચ્છું છું કે હજી હું માંદો

ગણાઉં છું અને પથારી છોડવાની પણ મને મનાઈ છે. મેં એવી આશા રાખી હતી કે કાંઈ નહીં તો માંદગી પછીની સાજા થવાની દશામાં હું છું તે દરમિયાન મારા જ્ઞાનતંતુઓને વિના કારણ આઘાત પહોંચે એવી સ્થિતિમાંથી મને બચાવી લેવામાં આવશે. પરંતુ સરકારને આવી કશી દરકાર ન હોય, અને તેથી મારે જરાયે અસ્વસ્થ થવું જોઈએ નહીં. ખરેખર હું તો સરકારનો આભારી છું કે તેણે મારે માટે દાક્તરી સારવારની જોગવાઈ કરી અને ઉપવાસ દરમિયાન મિત્રોને અને મુલાકાતીઓને મને છૂટથી મળવા દીધાં. પણ શ્રીયુત ઘનશ્યામદાસ બિરલા અને શ્રી મથુરાદાસ વસનજી સિવાય બીજાઓની મુલાકાત આમ એકાએક કેમ બંધ કરી દીધી તે હું સમજી શકયો નથી. દેશમાં અવનવી જાગૃતિ આવી છે અને ઉપવાસ, જેની મર્યાદાઓ હજી બરાબર સમજવામાં આવી નથી અને ઉત્સાહી જુવાનો જેનું અંધ અનુકરણ કરી રહ્યા છે, તેની અસરોથી સરકાર બિનમાહિતગાર તો ન જ હોય. તેથી હું એ તદ્દન આવશ્યક માનું છું કે અસ્પૃશ્યતાના કામને અંગે જેમને જેમને મળવાનું હું આવશ્યક માનું તેમને મળવાની મને પૂરેપૂરી છૂટ હોવી જોઈએ. પત્રવ્યવહાર સંબંધી પોતાની સૂચનાઓમાં સરકારે હજી કશો ફેરફાર કર્યો હોય એમ જણાતું નથી. મારે એ કહેવાની જરૂર નથી કે અસ્પૃશ્યતાને અંગે મુલાકાતીઓને જે વસ્તુ લાગુ પડે છે તે પત્રવ્યવહારને પણ સરખી જ લાગુ પડે છે. મારે એ ઉમેરવાની જરૂર નથી કે મને મળવા આવનારાઓ સાથે હું જ્યારે મુલાકાત લેતો હોઉં ત્યારે સરકારી અમલદારો અને દુભાષિયાઓ હાજર રહે અને મારો પત્રવ્યવહાર પણ તપાસવામાં આવે તેની સામે મને જરાય વાંધો નથી. આ વસ્તુ ખૂબ જ અગત્યની હોવાથી હું આશા રાખું છું કે સરકાર પોતાનો નિર્ણય વહેલામાં વહેલી તકે મને જણાવશે.

લિ. સેવક

મો૦ ક૦ ગાંધી

## ૨

તા. ૬–૧૦–’૩૨

ભાઈશ્રી કર્નલ ડૉઈલ,

ગયા મહિનાની તા. ૨૯મીએ મેજર ભંડારીને સંબોધીને લખેલો મારો કાગળ હું માનું છું કે તમે સરકારને પહોંચાડયો હશે. સરકારના જવાબની હું બહુ ઉત્કંઠાપૂર્વક રાહ જોઉં છું. દરમિયાન દક્ષિણમાં શ્રી કેલપ્પનના ઉપવાસને અંગે કલિકટના ઝામોરિનને મારે એક લાંબો તાર

મોકલવાનો હતો, જે સરકાર તરફ રવાના કરવામાં આવ્યો છે, તે હું ધારું છું કે હજી ઝામોરિનને પહોંચાડવામાં આવ્યો નથી. હવે આ વસ્તુ તો જીવનમરણની છે. જોકે શ્રી કેલપ્પને મારા કહેવાથી પોતાના ઉપવાસ મુલતવી રાખ્યા છે, છતાં એ મુસ્કેલી પતી ગઈ છે એવું જરા પણ નથી. મારી દરમિયાનગીરી અમુક અંશે સફળ થઈ એટલે એ પ્રકરણમાં પડવું મારે માટે અનિવાર્ય છે. આ વાદવિવાદમાં કલિકટના ઝામોરિન મુખ્ય વ્યક્તિ છે. શ્રી કેલપ્પનના ઉપવાસ ત્રણ મહિનાને માટે જ મુલતવી રહ્યા છે, એટલે આમાં બહુ વખત ગુમાવવા જેવું નથી. તેથી હું જાણવા ઇચ્છું છું કે મારો તાર ઝામોરિનને ક્યારે મોકલવામાં આવશે? અને અસ્પૃશ્યતા સંબંધમાં પત્રવ્યવહાર ચલાવવાની મને સ્વતંત્રતા છે કે નહીં? આમાં થતી ઢીલ બહુ ભયજનક અને અકળાવનારી છે.

આ સંબંધમાં કેટલાક સાથીઓને મળવાનું મારે માટે બહુ આવશ્યક છે. તેથી આ વિષે સરકારનો નિર્ણય વહેલો મેળવી આપવાનું તમે કરો એમ હું ઇચ્છું છું.

લિ. સેવક

મો૦ ક૦ ગાંધી

૩

ભાઈશ્રી હડ્સન,

મારા આ કાગળ માટે હું આશા રાખું છું કે તમે ક્ષમા કરશો.

ડૉ. આંબેડકરની મુલાકાત ઉપર મૂકેલા અંકુશો તેમને અને મને તમે જણાવ્યા, તે સરકારની દૃષ્ટિએ સમજવામાં મને જરાય મુસ્કેલી પડી નથી. મેં ચીવટપૂર્વક તેનો અમલ કર્યો છે. અને મારા પૂરતું તો હું જણાવું કે તે વિષે લોકો આગળ હું એક હરફ પણ ઉચ્ચારીશ નહીં. પણ તમારા કાગળને અંતે જે ધમકી આપવામાં આવી છે તે હું ધારું છું કે વિના કારણ અપમાન કરનારી છે. તેમાં તમે જણાવ્યું છે કે અમારા એમાંથી કોઈ પણ આ બંધનોનો અમલ નહીં કરીએ તો ભવિષ્યની આવી બધી મુલાકાતો બંધ કરવામાં આવશે. મેં જેલના નિયમો અતિશય ચીવટપૂર્વક પાળ્યા છે કે નહીં તેની ખાતરી કરી લેવાનું તમારે માટે તદ્દન સહેલું છે. આ ધમકીમાં એમ ગૃહીત કરી લેવામાં આવે છે કે આવી મુલાકાતો એક મહેરબાની દાખલ આપવામાં આવે છે. જ્યારે મારા અભિપ્રાય પ્રમાણે એ યરવડા કરારનું આવશ્યક પરિણામ છે. અસ્પૃસ્તાનિવારણની બાબતમાં જરૂર સરકાર અને લોકો એકમત હોવા જોઈએ. શ્રીમતી સરોજિની નાયડુની અને મારી મુલાકાતની ડૉ. આંબેડકરની વિનંતી સ્વીકારનારા તારમાં આ

વસ્તુ તમે તેમને જણાવી નહોતી. અને તેઓ મળવા આવ્યા ત્યારે આ અંકુશોની વાત ધમકીની સાથે એ સ્વતંત્ર માણસને જેલમાં જણાવવામાં આવી એ જરાયે યોગ્ય ન હતું.

તમને લખેલા આ અંગત કાગળમાં ગયા મહિનાની તા. ૨૯મીએ મેજર ભંડારીને મેં લખેલો કાગળ, જે હોમ ડિપાર્ટમેન્ટ તરફ રવાના કરવામાં આવ્યો છે, તેના ચોક્કસ જવાબ માટે હું પૂછી શકું ખરો? ઉપર જણાવેલો તમારો કાગળ જોતાં સરકારની નીતિની સ્પષ્ટ વ્યાખ્યા થાય એ એવડું જરૂરી થઈ પડ્યું છે. હું એ મહત્ત્વનું માનું છું કે મને જરા પણ રોકટોક વિના કેવળ અસ્પૃશ્યતાને અંગે પત્રવ્યવહાર ચલાવવાની અને લોકોને મળવાની છૂટ હોવી જોઈએ. તમને હું ખબર આપું કે મારા ઉપવાસ માત્ર મુલતવી રહેલા છે. જો સવર્ણ હિંદુઓ હરિજનોને ન્યાય ન આપે તો મારે ફરી ઉપવાસ કરવા પડે. તેથી આ સુધારાને સંપૂર્ણ કરવા માટે લોકોની સાથેનો મારો સંસર્ગ અનિવાર્ય છે. શ્રી અમૃતલાલ ઠક્કર જેઓ નવા રચાયેલા સંઘના સેક્રેટરી છે તેમણે મારી પાસે સૂચનાઓ માગેલી છે. મેં તેમને જણાવ્યું છે કે હું તમને કાંઈ પણ સૂચનાઓ મોકલી શકું તે પહેલાં સરકારી નીતિની સ્પષ્ટ વ્યાખ્યા થવાની હું રાહ જોઉં છું. એટલે તમે મને વહેલો જવાબ આપશો તેની હું કદર કરીશ.

લિ. સેવક

મો૦ ક૦ ગાંધી

## ૪

[આ કાગળોનો જવાબ સરકારી હુકમના રૂપમાં નીચે પ્રમાણે આપવામાં આવ્યો અને મેજર ભંડારીએ એ બાપુને જણાવ્યો. એ હુકમનો નંબર ૧૯૩૨નો ૯૫૮ હતો અને ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પ્રિઝન્સે યરવડા સેન્ટ્રલ પ્રિઝનના સુપરિન્ટેન્ડન્ટ ઉપર તા. ૨૨–૧૦–૧૯૩૨ના રોજ લખેલા કાગળના રૂપમાં હતો.

“રાજકેદી મો૦ ક૦ ગાંધીને જણાવશો કે તમને અને નામદાર હોમ મેમ્બરને તેમણે લખેલા કાગળોના સંબંધમાં તેમને ખબર આપવાની મને સૂચના મળી છે કે અસ્પૃશ્યતાના કામને અંગે વાજબી સંખ્યામાં સરકારે મંજૂર કરેલા માણસો સાથે મુલાકાતો આપવાને સરકાર તૈયાર છે.

૨. તે જ પ્રમાણે આ વિષયને અંગે પત્રવ્યવહાર ચલાવવાની રજા આપવામાં આવે છે, એ સ્પષ્ટ શરતે કે એ વર્તમાનપત્રોમાં છાપવામાં આવે નહીં.

૩. નામદાર મિ. ડબલ્યુ. એફ. હડ્સન સી. આઈ. ઈ. આઈ. સી. એસ.ને લખેલા તેમના કાગળના પહેલા પૅરેગ્રાફને વિષે તેમને યાદ દેવડાવવું

જોઈએ કે તેમની સાથેની એક મુલાકાતને પરિણામે મિ. શૌકતઅલીને મોકલેલો એક તાર, જે પાસ કરવામાં આવ્યો નહોતો તે વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધિ પામ્યો હતો.

૫

તા. ૨૪–૧૦–'૩૨

ભાઈશ્રી કર્નલ ડૉઈલ,

અસ્પૃશ્યતાના કામને અંગે મિત્રોની મુલાકાત લેવા વિષે તથા પત્રવ્યવહાર ચલાવવા વિષે તેમ જ બીજી બાબત વિષે સરકારની નીતિની વ્યાખ્યા કરવાની મેં કરેલી વિનંતીની બાબતમાં તમારો જવાબ આજે સવારે મેજર ભંડારીએ મને વાંચી સંભળાવ્યો. મને તેની નકલ કરી લેવા દેવામાં આવી હતી.

એ જવાબ પ્રમાણે "સરકાર મને તેમણે પસંદ કરેલા માણસો સાથે વાજબી સંખ્યામાં મુલાકાતો લેવા દેવા અને પત્રવ્યવહાર ચલાવવા દેવા તૈયાર છે, એ સ્પષ્ટ શરતે કે એ વર્તમાનપત્રોમાં આપવામાં આવશે નહીં."

મને લાગે છે કે સરકાર કદાચ નહીં જાણતી હોય કે મારો ઉપવાસ કેવળ મુલતવી રહ્યો છે, અને અસ્પૃશ્યતાનિવારણનું કામ પાકે પાયે ન થાય તો એ ફરી આદરવામાં આવે એવો સંભવ છે. વળી દક્ષિણના એક મંદિરની બાબતમાં, જો એ બીજી જાન્યુઆરી પહેલાં કહેવાતા અસ્પૃશ્યો માટે ખુલ્લું ન થાય તો, શ્રી કેલપ્પન સાથે ઉપવાસમાં જોડાવાની મને ફરજ પડે. આ વસ્તુ સરકાર જાણે છે, છતાં હું કાંઈ પણ કરી શકું તે સિવાય ત્રણ અઠવાડિયાં તો પસાર થઈ ચૂક્યાં છે. એ દરમિયાન લાંબી ઢીલ પછી માત્ર બે તારો મોકલવા દેવામાં આવ્યા હતા. જો આ સુધારાને મારે યોગ્ય વખતમાં પહોંચી વળવું હોય તો કામનો ઝડપી ઉકેલ અને જાહેર પ્રચાર આવશ્યક છે. દરેક દિવસ કીમતી જાય છે. તેથી હું વિનંતી કરું છું કે મુલાકાતીઓની પસંદગી અને પત્રવ્યવહારની પ્રસિદ્ધિ ઉપરના તમામ અંકુશો દૂર કરવા જોઈએ. મુલાકાત વખતે એક અથવા વધારે અમલદાર હાજર રહે અને મારો પત્રવ્યવહાર ત્યાં ને ત્યાં જ તપાસી લેવામાં આવે તેની સામે મારે કશો વાંધો નથી. મને જો મદદ આપવામાં આવે તો ભલે મારા બધા પત્રવ્યવહારની સરકાર નકલો કરી લે, અને બધી મુલાકાતોની લઘુલિપિમાં નોંધ લઈ લે. સ્વાભાવિક રીતે જ આ મુલાકાતો અને પત્રવ્યવહારમાં સવિનયભંગની લડતનો જરા પણ ઉલ્લેખ આવશે નહીં અને તે અસ્પૃશ્યતાનિવારણના કામ પૂરતી જ કડકપણે મર્યાદિત રહેશે.

તેથી ઉપર જણાવ્યા પ્રમાણે બધા અંકુશો આવતા નવેમ્બરની પહેલી તારીખે અથવા તે પહેલાં દૂર કરવામાં નહીં આવે તો મારે ના છૂટકે જે સહકાર આપવો મારે માટે શક્ય છે તે સત્યાગ્રહના નિયમની મર્યાદામાં રહીને પાછો ખેંચી લેવો પડશે. તેની શરૂઆત તરીકે ખોરાક બાબતની જે સગવડો મને આપવામાં આવે છે તેનો હું ઇન્કાર કરીશ, અને મારાં વ્રતોની સાથે સુસંગત રહીને, અને મારું શરીર જેટલે દરજ્જે એ ખોરાક જીરવી શકે એટલે દરજ્જે ક વર્ગનો જ ખોરાક લઈશ. હું જરૂર આશા રાખું છું કે સરકાર આ વસ્તુને ધમકી રૂપે નહીં ગણે. મેં લેવા ધારેલું પગલું સરકારના વલણનું સ્વાભાવિક પરિણામ છે એ ખરું, પણ જે કામને માટે મેં ઉપવાસ કર્યા હતા અને જે હાલ મુલતવી રહેલા છે, તે કામ મને બિનરોકટોક ન કરવા દેવામાં આવે તો જીવવામાં મને કશો રસ હોઈ શકે નહીં. આ નૈતિક અને ધાર્મિક સુધારાને સવિનયભંગ સાથે જરા પણ લેવાદેવા હોત તો મેં કશી માગણી ન કરી હોત.

નામદાર મિ. હડ્સનને મેં જે અંગત કાગળ લખ્યો હતો તેના જવાબથી મને દુઃખ સાથે આશ્ચર્ય થયું છે. ડૉ. આંબેડકર સાથેની મુલાકાત વખતે મને જે ચેતવણી વાંચી સંભળાવવામાં આવી તે, મૌલાના શૌકતઅલીના તારને વિષે જે થયાનો મારી ઉપર આક્ષેપ છે તેની સજા તરીકે હતી, તો કેદી પ્રત્યેનો પણ સામાન્ય ન્યાય એ માગી લે છે કે મને એ ચેતવણી આપતી વખતે સજાનું કારણ જણાવવું જોઈતું હતું, અને સજા ફરમાવતા પહેલાં મારી પાસેથી ખુલાસો માગવો જોઈતો હતો. કેદીને બિલકુલ સાંભળ્યા વિના તેને સજા ફરમાવી શકાય એ હું જાણતો નહોતો. મને એવો દૂરનો પણ ખ્યાલ નહોતો કે મારા દીકરા ઉપર સરકારે લખેલો કાગળ, જે મેં જોયો હતો, તેનો ઇરાદો મને ચેતવણી આપવાનો હતો. હું તમને જણાવું કે મારા દીકરાએ અમલદારોની હાજરીમાં મને ચોખ્ખું કહ્યું હતું કે મિ. હડ્સને, તેને મને જેટલી વાર મળવું હોય તેટલી વાર મળવાની પરવાનગી ઉદારભાવે તત્કાળ આપી હતી, એટલું જ નહીં પણ કોઈ પણ વસ્તુ ઉપર વાત કરવાની અને મારી પાસેથી કોઈ પણ સંદેશા લઈ જવાની પરવાનગી પણ આપી હતી. એટલી જ શરત હતી કે તે વિષે એણે (મારા દીકરાએ) વર્તમાનપત્રોને મુલાકાતો ન આપવી, તેમ કશું છાપવું નહીં. આ વાતચીત ઉપરથી મારા દીકરાને એમ કહેવામાં મને કાંઈ ભૂલ ન લાગી, કે મૌલાના શૌકતઅલીને કહેજે કે એમનો તાર મેં જોયો છે અને તેનો મેં જવાબ પણ આપ્યો છે અને એક બે દિવસમાં એ તમને મળશે એવો પણ સંભવ છે; ઢીલ થવાનું કારણ એટલું જ છે કે

પસાર થવા માટે તે સરકારમાં મોકલવામાં આવ્યો છે. મને એવો સહેજ પણ વિચાર નહીં આવેલો કે આવા તદ્દન નિર્દોષ તારને પાસ નહીં કરવામાં આવે. તેથી મેં તો એ તારના જવાબની મતલબ પણ મારા દીકરાને કહી હતી. તમારા કાગળના આ વિષેના ભાગમાં એ ખોટી રજૂઆત થયેલી છે તે મારે સુધારવી જોઈએ. મારા દીકરા સાથે વાત કરતી વખતે મને ખબર નહોતી કે એ તાર મોકલવા માટે પસાર કરવામાં આવ્યો નહોતો. બીજું, એમ કહેવું એ પણ બરોબર નથી કે જવાબનો મજકૂર છાપાંઓમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. મેં છાપાંમાં જે જોયું છે તેમાં તો જવાબની મતલબ જ છે. મેં મારા દીકરાને જવાબની નકલ આપી નહોતી. અહીં હું ઉમેરું છું કે મારા દીકરાએ પોતાના ખાનદાન સ્વભાવને લીધે મિ. હડ્સનને સુજનતાપૂર્વક કાગળ લખ્યો અને પોતે ચેતવણી આપ્યા છતાં મૌલાના શૌકતઅલીએ એની સાથેની વાતચીત છાપી એ બદલ દિલગીરી દર્શાવી. તેની આ નિખાલસતાના જવાબમાં તેને આભારનો કાગળ મળવો જોઈતો હતો, પણ કમનસીબે તેને તો ઠપકો મળ્યો. છતાં એ બાબત તેણે મૌન સેવ્યું. આટલા પૂરેપૂરા ખુલાસા પછી પણ મિ. હડ્સન પોતાનો અભિપ્રાય નહીં બદલે અને એક માણસ તરીકે મને તેમણે ગંભીર અન્યાય કર્યો છે એમ નહીં માને તો મને દિલગીરી થશે.

લિ. સેવક

મો૦ ક૦ ગાંધી

૬

તા. ૩૧–૧૦–૧૯૩૨

ભાઈશ્રી મેજર ભંડારી,

કર્નલ ડૉઈલને તા. ૨૪મીએ લખેલા મારા કાગળમાં મેં જે રાહત માગી છે તે સરકારે આપી નથી. અને આજે એ નહીં મળે તો એ કાગળમાં જણાવ્યા પ્રમાણેનો મારો પ્રાગતિક અસહકાર આવતી કાલથી શરૂ થશે.

એ કાગળમાં મેં કહ્યું છે તેમ મને જે ખાસ ખોરાક આપવામાં આવે છે તેનો ઇન્કાર કરીને હું મારા અસહકારની શરૂઆત કરીશ. એટલે આવતી કાલથી બકરીનું દૂધ મોકલવાનું બંધ કરશો. આ ઉપરાંત અત્યારે હું ખાટાં લીંબુ અને શાક સરદાર વલ્લભભાઈ પટેલના રૅશનમાંથી લઉં છું અને કોઈક વાર થોડી આખા ઘઉંની રોટી શ્રી મહાદેવ દેસાઈના રૅશનમાંથી લઉં છું. ખાટાં લીંબુ અને શાક સરદાર વલ્લભભાઈ મંગાવે છે, તેથી

મારા ભાગનાં ન મંગાવવાનું મેં તેમને કહી દીધું છે. આના બદલામાં અત્યારે તો, જો મને આપવામાં આવશે તો, સવારે ક વર્ગના રેશનમાં જે કાંજી આપવામાં આવે છે તે અને બપોરે તથા સાંજે જે રોટલા આપવામાં આવે છે તે લઈશ. ક વર્ગના ભથ્થામાંથી હું બીજું કશું લઈ શકીશ નહીં. કારણ દિવસના ૨૪ કલાક દરમિયાન નિમક, સોડા અને પાણી ઉપરાંત પાંચ જ વસ્તુઓ લેવાનું મારું વ્રત છે. ક વર્ગના કેદીઓને જે શાક અને દાળ આપવામાં આવે છે તેમાં મસાલામાં ત્રણ ચાર કરતાં વધારે વસ્તુઓ હોય છે. એટલે એ હું લઈ શકું નહીં. ક વર્ગના ખાસ કેદીઓ માટે કાંઈ પણ ખાસ બનાવવામાં આવતું હોય તેમાંથી કશું હું લેવા ઇચ્છતો નથી.

અસ્પૃશ્યતા વિષે પુષ્કળ પત્રવ્યવહાર, જેમાંનો કેટલોક બહુ અગત્યનો છે, તે એકઠો થયેલો છે. તેના જવાબ છાપામાં આવે એ દૃષ્ટિએ આપવાની જરૂર છે. તેથી મને લાગે છે કે સરકારની એ ફરજ છે કે આ બાબતમાં સરકાર સાથે થયેલો મારો પત્રવ્યવહાર એ છપાવે, અથવા તો મેં કરેલી વિનંતી અને તે વિનંતી માન્ય રાખવાનો સરકારે કરેલો ઇન્કાર પોતાને યોગ્ય લાગે તે રીતે સરકાર છપાવે.

આ પત્રવ્યવહાર સંબંધી કાંઈ પણ હકીકત સીધી કે આડકતરી રીતે બહાર ન જવા પામે તેની મેં બહુ જ ચીવટથી કાળજી રાખી છે એ કહેવાની જરૂર નથી.

લિ. સેવક
મો૦ ક૦ ગાંધી

૭

[ઉપર લખ્યા પ્રમાણે ૧લી નવેમ્બરે બાપુએ ક વર્ગનો ખોરાક લીધો. તે દિવસે રાત્રે સાડા નવ વાગ્યે મેજર ભંડારી સરકારનો નીચે પ્રમાણેનો સંદેશો સંભળાવી ગયા.]

મિ. ગાંધીને ખબર આપો કે ૨૪મી ઑક્ટોબરનો લખેલો તેમનો કાગળ હિંદ સરકારને ૩૧મી ઑક્ટોબરે જ પહોંચ્યો છે અને તેમાં લખેલી બાબત ઉપર હિંદ સરકાર ખૂબ કાળજીપૂર્વક વિચાર કરી રહી છે, અને એ કે ત્રણ દિવસમાં પોતાનો નિર્ણય જણાવવાની આશા રાખે છે. દરમિયાન હિંદ સરકાર સૂચવે છે કે મિ. ગાંધીની વિનંતી ઉપર સરકારને પૂરો વિચાર કરવાનો વખત મળે નહીં ત્યાં સુધી પોતાના ખોરાક ઉપરના અંકુશો તેઓ શરૂ કરે નહીં.

૮

તા. ૨-૧૧-’૩૨

ભાઈશ્રી મેજર ભંડારી,

હિંદ સરકારનો સંદેશો કાલે રાત્રે તમે મને આપી ગયા તેનો જવાબ આ સાથે હું મોકલું છું અને વિનંતી કરું છું કે હિંદ સરકારને એ ઍક્સપ્રેસ તારથી પહોંચાડવામાં આવે. એ તારમાંથી તમે જોશો કે મારા ખોરાક ઉપર અંકુશ મૂકવાનું મેં મુલતવી રાખ્યું છે અને મારો રોજનો ખોરાક લીધો છે.

લિ. સેવક
મો૦ ક૦ ગાંધી

બીજી નવેમ્બર, સવારે સાત વાગ્યે.

હોમ સેક્રેટરી,
ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, દિલ્હી

તમારો સંદેશો મને કાલે રાત્રે સાડા નવ વાગ્યે પહોંચાડવામાં આવ્યો છે. મારો ૨૪મીનો કાગળ સરકારને છેક ૩૧મીએ મળ્યો તેથી મને દુઃખ સાથે આશ્ચર્ય થયું છે. એટલા માટે નહીં કે તેમાં જે ભાવિ ઉપવાસની વાત હતી તેને લીધે એક કેદીની જિંદગી ઉપર જોખમ હતું, પણ એટલા માટે કે એ ઉપવાસમાં ખૂબ અગત્યની અને યરવડા કરાર, જેને નામદાર શહેનશાહની સરકારે સ્વીકાર્યો છે તેમાંથી સીધી રીતે ઉપસ્થિત થતી બાબતો સમાયેલી હતી. પરંતુ આવી રીતે કમનસીબ ઢીલ થઈ છે તે તથા તમારા સંદેશામાં તમે જે સૂચન કર્યું છે તે ધ્યાનમાં લેતાં મેં ગઈ કાલથી શરૂ કરેલા ખોરાક ઉપરના અંકુશો મુલતવી રાખ્યા છે. હું માનું છું કે ગઈ તા. ૩૧મીએ યરવડા સેન્ટ્રલ પ્રિઝનના સુપરિન્ટેન્ડન્ટને લખેલો મારો કાગળ તમને મોકલવામાં આવ્યો હશે. એ કાગળમાં રહેલા અર્થો સમજવાને માટે તેઓ મારી પાસે આવ્યા ત્યારે મેં તેમને કહ્યું હતું કે પહેલી તારીખ પછી ચાર દિવસની અંદર મેં માગેલી છૂટો મને નહીં આપવામાં આવે તો મારે ખોરાક લેવાનું બિલકુલ બંધ પણ કરવું પડે. મારી લાગણીની તીવ્રતાનો સરકારને કંઈક ખ્યાલ આવે એટલા માટે આ હું તમને જણાવું છું. સુધારકો તેમ જ સનાતનીઓ તરફથી અસ્પૃશ્યતા સંબંધી દરરોજ મને ઢગલો કાગળ મળે છે, જેના જવાબ પ્રસિદ્ધિ પામે એ દૃષ્ટિએ મારે તત્કાળ આપવા જોઈએ. જેમાં કરોડો માણસોની કેળવણીનો સવાલ રહેલો છે એ વસ્તુ, જેના ઉપર પ્રસિદ્ધિની મનાઈ હોય એવા ખાનગી પત્રવ્યવહારથી હાથ ધરી શકાય નહીં. હમણાં જ રચવામાં આવેલા અખિલ ભારતીય

અસ્પૃશ્યતાનિવારણ સંઘ તરફથી કામ કરવાની પદ્ધતિ સંબંધે માર્ગદર્શન અને સલાહ માગતા કાગળો અને તારો પણ મારી ઉપર આવે છે. કલિકટથી બહુ અગત્યનો કાગળ મારી ઉપર આવેલો છે જેનો મારે તરત જવાબ આપવો જોઈએ. કેટલાક અસ્પૃશ્ય મિત્રો તરફથી તાત્કાલિક મુલાકાતને માટે વિનંતીઓ આવેલી છે. આ બધું જાણ્યા પછી અને અસ્પૃશ્યતા-નિવારણની લડતમાં મારી જિંદગી મેં હોડમાં મૂકી છે એ જાણ્યા પછી, મારા કાગળમાં માગ્યા પ્રમાણે મને પૂરેપૂરી અને કશા અંતરાય વિનાની સગવડો ન આપવામાં આવે તો, હું ખોરાક લેવાનું છોડી દેવાને ઇચ્છું તે સરકાર સમજી શકશે. પોતાને અસહ્ય લાગે અને પોતાના આત્માને હણનારી લાગે એવી સ્થિતિમાંથી માનભરી રીતે છુટકારો મેળવવાનો કેદી પાસે બીજો કશો રસ્તો નથી હોતો. — ગાંધી.

૯

[બાપુને ત્રીજી નવેમ્બર ૧૯૩૨ના રોજ નીચેનો હુકમ પહોંચાડવામાં આવ્યો.]

મિ. ગાંધીના ૧૮મી તથા ૨૪મી ઑક્ટોબરના કાગળોમાં જણાવવામાં આવ્યું છે કે અસ્પૃશ્યતાનિવારણનું જે કામ પોતે ઉપાડ્યું છે, જેનું મહત્ત્વ સરકાર પહેલાં પૂરેપૂરું સમજી નહોતી, તે તેમને પાર પાડવા દેવું હોય તો એ આવશ્યક છે કે કેવળ અસ્પૃશ્યતાનિવારણને જ લગતી બાબતો વિષે મુલાકાતો લેવાની તેમને છૂટ હોવી જોઈએ, એ વસ્તુનો સરકાર સ્વીકાર કરે છે.

સરકાર એ પણ સ્વીકારે છે કે આ બાબતમાં મિ. ગાંધીની પ્રવૃત્તિઓને પૂરેપૂરી અસરકારક થવા દેવી હોય તો મુલાકાતો અને કાગળોની પ્રસિદ્ધિ ઉપર કશો અંકુશ હોવો જોઈએ નહીં. અસ્પૃશ્યતાના પ્રશ્ન વિષે મિ. ગાંધી જે પ્રયાસો કરી રહ્યા છે તેમાં કોઈ પણ જાતની અડચણો નાખવાની સરકારની ઇચ્છા ન હોવાથી આ બાબતને લગતી મુલાકાતો તથા પત્રવ્યવહાર તેમ જ તેની પ્રસિદ્ધિ, જે મિ. ગાંધીના પોતાના જ શબ્દોમાં કેવળ અસ્પૃશ્યતાનિવારણના કામ પૂરતી મર્યાદિત રહેશે અને સવિનયભંગનો જેમાં ઉલ્લેખ નહીં હોય, તે ઉપરથી તમામ અંકુશો સરકાર દૂર કરે છે.

કોઈ પણ વખતે સરકારને એમ કરવું ઇચ્છવા જોગ લાગે તો મુલાકાતો વખતે સરકારી અમલદારો હાજર રહે અને તેમના પત્રવ્યવહારની ત્યાં ને ત્યાં તપાસ કરે એ મિ. ગાંધીને માન્ય છે, એની સરકાર નોંધ લે છે.

૧૦

તા. ૩–૧૧–'૩૨

ભાઈશ્રી મેજર ભંડારી,

અસ્પૃશ્યતાનિવારણના કામ સંબંધી તાજેતરમાં મેં જે પત્રવ્યવહાર કર્યો હતો તે બાબત હિંદ સરકારનો નિર્ણય મને તાકીદે જણાવવા માટે તમારો તથા લાગતાવળગતા અમલદારોનો હું આભાર માનું છું. આ સાથે હિંદ સરકારને મારો જવાબ મોકલી આપું છું, જે હું આશા રાખું છું કે બનતી ઉતાવળે તારથી એમને પહોંચાડવામાં આવશે.

લિ. સેવક

મો૦ ક૦ ગાંધી

સેક્રેટરી ટુ ગવર્નમેન્ટ, હોમ ડિપાર્ટમેન્ટ, દિલ્હી.

અસ્પૃશ્યતાનિવારણના કામ સંબંધી મારા પત્રવ્યવહાર વિષે અને મારી વિનંતી વિષે હિંદ સરકારનો નિર્ણય યરવડા સેન્ટ્રલ પ્રિઝનના સુપરિન્ટેન્ડન્ટે મને હમણાં જ પહોંચાડ્યો છે. હું સાભાર સ્વીકારું છું કે મેં આશા રાખી હતી તે બધી સગવડો તે નિર્ણયથી મને મળી રહે છે. આ મુલાકાતોમાં તથા આ પત્રવ્યવહારમાં સવિનયભંગનો જરા પણ ઉલ્લેખ નહીં આવે અથવા અસ્પૃશ્યતાનિવારણના કામની બહારની કોઈ વાત નહીં આવે એ જવાબદારી મેં લીધી છે તેનું અક્ષરશઃ તથા ભાવમાં પાલન કરવાની બાબતમાં સરકાર મારા ઉપર સદ્‌ભાવપૂર્વક વિશ્વાસ રાખવા માગે છે તેની હું પૂરી કદર કરું છું. આ વિશ્વાસનો કદી દુરુપયોગ નહીં થાય.

[ઉપરના પત્રવ્યવહાર અનુસાર જેલમાંથી બાપુ અસ્પૃશ્યતાનિવારણનું કામ કરવા લાગ્યા અને અંગ્રેજી 'હરિજન' તથા ગુજરાતી 'હરિજનબંધુ' એ બે અઠવાડિક પત્રો તેમણે શરૂ કર્યાં. પછી પોતાની અને પોતાના સાથીઓની આત્મશુદ્ધિને અર્થે તા ૮–૫–'૩૩ના રોજ તેમણે એકવીસ દિવસના ઉપવાસ શરૂ કર્યા. તે જ દિવસે સાંજે તેમને છોડી મૂકવામાં આવ્યા.

તા. ૨૯–૫–'૩૩ના રોજ ઉપવાસ પૂરા થયા પછી શરીરમાં જરા શક્તિ આવી એટલે કૉંગ્રેસની મહાસમિતિના સભ્યો અને સવિનયભંગની લડતમાં ભાગ લેનાર આગેવાન કાર્યકર્તાઓમાંથી જેઓ બહાર હતા તેમની એક પરિષદ ભરવામાં આવી. એ પરિષદમાં સવિનયભંગની લડત વ્યક્તિગત રીતે ચાલુ રાખવાનો ઠરાવ થયો. ત્યાર બાદ બાપુજી અમદાવાદ ગયા અને ખેડા જિલ્લાના રાસ ગામના તથા બીજા ખેડૂતો જેમની જમીન તથા ઘરબાર સરકારે જપ્ત કર્યાં હતાં તેમની સહાનુભૂતિમાં સાબરમતી આશ્રમના નિવાસીઓએ આશ્રમનો ત્યાગ કરવાનું બાપુની સલાહથી

નક્કી કર્યું. બાપુએ આશ્રમનો કબજો લેવા મુંબઈ સરકારને લખીને આશ્રમવાસીઓ સાથે તા. ૧–૮–૧૯૩૩ના રોજ રાસ ગામ તરફ કૂચ કરવાનું નક્કી કર્યું. તે જ દિવસે પરોઢિયે બાપુને પકડીને સાબરમતી જેલમાં લઈ જવામાં આવ્યા અને ત્યાંથી એમને યરવડા લઈ ગયા. તા. ૪–૮–૧૯૩૩ના રોજ યરવડા જેલમાં તેમનો કેસ ચાલ્યો અને તેમને તથા મહાદેવભાઈને એક એક વર્ષની સાદી કેદની સજા થઈ. આ કેદ દરમિયાન પણ અસ્પૃશ્યતાનિવારણનું કામ કરવાની પોતાને છૂટ મળવી જોઈએ એ માગણી વિષે નીચેનો પત્રવ્યવહાર છે.]

## ૧૧

સાબરમતી, ૧–૮–૧૯૩૩

ભાઈશ્રી મેજર અડવાની,

તમે જાણતા હશો કે યરવડા સેન્ટ્રલ પ્રિઝનમાંથી ગયા મે મહિનામાં મારા ઉપવાસને કારણે હું છૂટ્યો તે પહેલાં મને હરિજનકામ કરવા દેવામાં આવતું હતું. અને તેને અંગે છૂટથી મને મુલાકાતો લેવા દેવામાં આવતી હતી, તેમ જ એટલી જ છૂટથી મને કાગળો આપવામાં આવતા અને હું લખી પણ શકતો. મને ટાઇપિસ્ટ પણ રાખવા દેવામાં આવેલો, તથા વર્તમાનપત્રો, સામયિકો તથા બીજું સાહિત્ય મને આપવામાં આવતું. હું આશા રાખું છું કે એ બધી સગવડો હવે મને આપવામાં આવશે. હું તમને જણાવું કે પૂનાથી 'હરિજન' નામનું એક સાપ્તાહિક પત્ર કાઢવામાં આવે છે, એ પત્રને માટે લેખો મોકલવાનું અને તેના તંત્રીને બીજી સૂચનાઓ આપવાનું મારે માટે આવશ્યક છે. પૂનાથી જે ટાઇપિસ્ટને હું લાવેલો તેને મેં અમદાવાદમાં જ રાખ્યો છે. તમારી પાસેથી હું સમજ્યો છું કે આ બાબતમાં હજી સુધી સરકાર તરફથી તમને કાંઈ સૂચના મળી નથી. આવશ્યક સૂચનાઓ તારથી મંગાવી લેવાની કૃપા આપ કરશો?

લિ. સેવક

મો૦ ક૦ ગાંધી

## ૧૨

યરવડા, તા. ૪–૮–'૩૩

સેક્રેટરી ટુ ગવર્નમેન્ટ, હોમ ડિપાર્ટમેન્ટ, પૂના.

ભાઈશ્રી,

અમદાવાદ સેન્ટ્રલ પ્રિઝનમાં મને દાખલ કરવામાં આવ્યો તે જ દિવસે, મારા ગયા ઉપવાસ પહેલાં અસ્પૃશ્યતાનિવારણનું કામ હું જેલમાંથી જે રીતે કરતો તે રીતે કરવા દેવાની પરવાનગી માગતો એક કાગળ મેં

તેના સુપરિન્ટેન્ડન્ટ મારફત લખ્યો હતો. તેનો હજી સુધી મને કશો જવાબ મળ્યો નથી. સરકાર જાણે છે કે અઠવાડિક પત્રો અંગ્રેજી 'હરિજન' અને ગુજરાતી 'હરિજનબંધુ' અને કંઈક અંશે તેની હિંદી આવૃત્તિ એ બધાંની નીતિ ઉપર મારી દેખરેખ છે. યરવડા કરારના મુખ્ય અંગ તરીકે મારા મન સાથે અને હરિજનો પ્રત્યે જે પ્રતિજ્ઞા મેં લીધેલી છે તેના પાલનને માટે હું જે અસ્પૃશ્યતાનિવારણનું કામ કરું છું તેનું આ માત્ર એક અંગ છે. મારા જીવનનો ભોગ આપ્યા સિવાય આ કામ અટકાવી શકાય નહીં. તેથી આવતા મંગળવાર સુધીમાં મને જવાબ મળી જાય એવી હું વિનંતી કરું છું, જેથી કરીને આવતા અઠવાડિયાના 'હરિજન'નું કામ અને બીજી કેટલીક અગત્યની બાબતો જે હું પકડાયો ત્યારથી લટકતી રહી છે તેને હું ઉકેલી શકું.

લિ. સેવક
મો૦ ક૦ ગાંધી

## ૧૩

[તા. ૫-૮-'૩૩ના રોજ કર્નલ માર્ટિનને લખેલા કાગળમાંથી ઉતારો]

પરંતુ બે બાબતો એવી ખાસ જરૂરી છે, જેટલો જરૂરી ખોરાક શરીરને હોય. એક બાબત અસ્પૃશ્યતાનિવારણનું કામ ચાલુ રાખવાની છે, જે વિષે મેં સરકારને કાગળ લખ્યો છે. બીજી બાબત જે સાથીઓ અહીં જેલમાં છે તેમની સાથે માનવતાનો સંસર્ગ રાખવાની છે. મારી પહેલી કેદ દરમિયાન જે વખતે હું સજા પામેલો કેદી હતો તે વખતે પણ, આ બીજી વસ્તુ માન્ય રાખવામાં આવી હતી. હું આશા રાખું છું કે આ જેલ દરમિયાન એ પ્રથા ચાલુ રહેશે.

## ૧૪

તા. ૬-૮-'૩૩

હોમ સેક્રેટરી ટુ ગવર્નમેન્ટ, પૂના.
ભાઈશ્રી,

અસ્પૃશ્યતાનિવારણનું કામ ચાલુ રાખવાની રજા માટે મેં કરેલી વિનંતી ઉપર સરકાર વિચાર કરે છે, પણ આવતા સોમવાર પહેલાં તેનો નિર્ણય સરકાર આપી શકશે નહીં એવો સરકારનો જવાબ હમણાં જ (સવારે ૧૦ વાગ્યે) મને પહોંચાડવામાં આવ્યો છે.

સરકારના જવાબ માટે આભાર માનતાં એટલું જણાવવા હું ઇચ્છું છું કે મારા કામને ગંભીર નુકસાન ન પહોંચવા દેવું હોય તો ત્રણ બાબતો એવી છે, જેને વિષે ઢીલ કરવી પોસાય એમ નથી. 'હરિજન' પત્રના મુખ્ય તંત્રી શ્રી શાસ્ત્રી અત્યારે પથારીવશ છે અને માંદગીની રજા લઈ મદ્રાસ ગયા છે. એ પત્ર અત્યારે એ કામમાં નહીં પલોટાયેલા એવા બે માણસોને હવાલે છે. ગયા અઠવાડિયાના અંક માટે તો મેં અગાઉથી ગોઠવણ કરી હતી અને ગયા સોમવારે સાબરમતીથી કેટલાક લેખો મોકલ્યા હતા. એટલે સરકાર મારી વિનંતી ઉપર વિચાર કરે તે દરમિયાન, જે બે માણસોને હવાલે એ પત્ર છે તેમાંથી એકને, શ્રી આનંદ હિંગોરાણી અથવા કાકા કાલેલકરને, મળવાની અને આવતા અઠવાડિયાના અંક માટે લેખો મોકલવાની મને રજા આપવી જોઈએ.

બીજી બાબત ડૉ. ટાગોરના પત્ર સંબંધી છે. એ પત્ર મને ગયા શુક્રવારે આપવામાં આવ્યો હતો. આ સાથે તે મોકલી આપું છું. એનો તુરત જવાબ આપવાની જરૂર છે.

ત્રીજી બાબત, અત્યારે ચાર યુરોપિયનો મારી દેખરેખ નીચે હરિજન-સેવાની તાલીમ લઈ રહ્યા છે, તેમને લગતી છે. તેઓ સાબરમતી આશ્રમમાં હતાં. તેમનાં નામ મિસ મેરી બાર, નિલા નાગિનીદેવી, ડૉ. માર્ગરેટ સ્પીગલ અને મિ. ડંકન ગ્રીનલીસ. એમને મેં વર્ધા મોકલ્યા છે, જ્યાં તેઓ અપરિચિત વાતાવરણમાં હશે. નાગિનીદેવી અને ડૉ. સ્પીગલ હિંદુસ્તાનમાં લગભગ અજાણ્યાં છે અને બીજી રીતે પણ કાળજીથી એમનું માર્ગદર્શન કરવાની જરૂર છે. તેમને અને શ્રી વિનોબા, જેઓ વર્ધા-આશ્રમના સંચાલક છે અને જેઓ આ બધાની દેખરેખ રાખવાના છે તેમને લખવાની મને રજા મળવી જોઈએ.

બીજી કેટલીક બાબતો જોકે ઓછી અગત્યની નથી, પણ તેના સંબંધમાં થોડા દિવસની ઢીલ ચાલી શકે એમ છે. તેથી હું આશા રાખું છું કે સરકારનો નિર્ણય આવે તે દરમિયાન ઉપર જણાવેલી ત્રણ બાબતો વિષે તો આવતી કાલ સુધીમાં જ મને સગવડ મળવી જોઈએ.

લિ. સેવક

મો૰ ક૰ ગાંધી

## ૧૫

[ઉપરના કાગળનો મુંબઈ સરકારનો જવાબ બાપુને તે જ દિવસે રાત્રે ૧૦॥ વાગ્યે પહોંચાડવામાં આવ્યો. તેમાં જેલ મેન્યુઅલના ૪૫૪ નિયમ મુજબ પહેલી વિનંતી માન્ય રાખવામાં આવી હતી અને બીજી બે વિનંતીઓ અંશતઃ સ્વીકારવામાં આવી હતી. તેનો ગાંધીજીએ નીચે પ્રમાણે જવાબ લખ્યો.]

તા. ૮–૮–'૩૩

સેક્રેટરી ટુ ગવર્નમેન્ટ, હોમ ડિપાર્ટમેન્ટ, મુંબઈ.

ભાઈશ્રી,

છઠ્ઠી તારીખના કાગળમાં મેં ત્રણ વિનંતીઓ કરેલી તેનો તાકીદે જવાબ આપવા માટે હું આપનો આભાર માનું છું. હરિજનકામ સંબંધી મેં જે સામાન્ય વિનંતી કરી છે તેને વિષે સરકારના હુકમો આવે ત્યાં સુધીમાં મારી પહેલી વિનંતી માન્ય રાખવામાં આવી છે અને બીજી તથા ત્રીજી વિનંતી સંબંધમાં બહુ મર્યાદિત રજા મને આપવામાં આવી છે તેનો આભાર સાથે મેં લાભ લીધો છે. પણ હું એટલું જણાવું કે મને અ વર્ગનો કેદી ગણવામાં આવ્યો છે તે હકીકતથી પ્રેરાઈને મેં આ વિનંતીઓ કરી નથી. મારો કેસ ચાલ્યો તે વખતે કેદીઓના વર્ગીકરણ સામે મેં વાંધો ઉઠાવેલો હોઈ હું એ વર્ગીકરણને બિનજરૂરી મહત્ત્વ આપતો નથી અને આપવા માગતો નથી. હું જાણું છું કે અ વર્ગના કેદીને જે છૂટો આપવામાં આવે છે તેમાંની કોઈ પણ છૂટનો મારે લાભ ન લેવો હોય તો તેમ કરવાની મને છૂટ છે. તે ઉપરાંત મને એ બાબતનો પણ બરાબર ખ્યાલ છે કે બીજા અ વર્ગના કેદીઓને પણ સરકાર જે શારીરિક સગવડો નથી આપતી તે શારીરિક સગવડો હું ભોગવું છું. એ સગવડો હું એટલા માટે નથી ભોગવતો કે મને અ વર્ગમાં મૂકવામાં આવ્યો છે પણ એટલા માટે ભોગવું છું કે શારીરિક અથવા દાક્તરી દૃષ્ટિએ મારે માટે તે આવશ્યક છે. પણ મારે તો બીજી સગવડોની આવશ્યકતા છે જે આના કરતાં વધારે ઉચ્ચ કોટિની છે અને જેના વિના આ જીવન મને અસહ્ય બોજારૂપ થઈ પડે એમ છે. એ જરૂરિયાતો આત્માના તલસાટમાંથી ઉત્પન્ન થાય છે. પરંતુ કેદી તરીકે સરકારની સાથે વાદવિવાદ કરવાનું હું ટાળવા ઇચ્છું છું. સરકારને હું એટલી જ વિનંતી કરું છું કે મારી શારીરિક જરૂરિયાતો માટે તેઓ જેટલી દરકાર રાખે છે તેટલી જ દરકાર મારી આત્માની જરૂરિયાતો માટે રાખે.

લિ. સેવક
મો૦ ક૦ ગાંધી

૧૬

તા. ૧૦-૮-'૩૩

સેક્રેટરી ટુ ગવર્નમેન્ટ, હોમ ડિપાર્ટમેન્ટ, પૂના.

ભાઈશ્રી,

હરિજનકામ સંબંધી મેં તમને જે કાગળો લખેલા છે તે વિષે યાદ આપતાં મને દિલગીરી થાય છે. કાકાસાહેબ કાલેલકર જેઓ મને ગયા સોમવારે મળ્યા હતા તેમણે મને કહ્યું હતું કે ટપાલમાં મારે માટે કેટલાક તાકીદના કાગળો આવેલા છે. કેટલાક તાકીદના હરિજન પ્રશ્નો પણ એવા છે જે ઉપર. મારે તત્કાળ ધ્યાન આપવું જોઈએ. એટલે હું આશા રાખું છું કે મોડામાં મોડું આવતા સોમવારે અથવા તે પહેલાં મને છેવટનો નિર્ણય આપવા કૃપા કરશો. આની સાથે આ બાબતમાં હિંદી સરકારના હુકમોની નકલ હું મોકલી આપું છું. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે એ અસંદિગ્ધ છે.

લિ. સેવક,
મો૦ ક૦ ગાંધી

૧૭

તા. ૧૪-૮-'૩૩

સેક્રેટરી ટુ ગવર્નમેન્ટ, હોમ ડિપાર્ટમેન્ટ, પૂના.

ભાઈશ્રી,

મેં જે બીજા સોમવારનું લખ્યું હતું તેની અત્યારે બપોર થઈ છે. છતાં મારા ઉપવાસ પહેલાં જે શરતોએ હું હરિજનકામ કરતો હતો તે જ શરતોએ તે કામ કરવા દેવાની મારી વિનંતીનો કશો જવાબ મને હજુ મળ્યો નથી. આ વિનંતી મેં પહેલવહેલી અમદાવાદ સેન્ટ્રલ પ્રિઝનમાંથી તા. ૧લીએ કરી હતી, અને ત્યાર પછી મેં તમને ત્રણ કાગળો લખ્યા છે.

આ કામથી મને વંચિત રાખવાને લીધે મારા મન ઉપર જે તાણ પડે છે તે અસહ્ય છે. તેથી આવતા બુધવારની બપોર પહેલાં મને પરવાનગી નહીં મળે તો એ વખતથી જ પાણી અને મીઠા સિવાય બીજું કોઈ પણ જાતનું પોષણ લેવાનું હું બંધ કરીશ. મારી પ્રતિજ્ઞા પાળવાનો અને ઉપર જણાવેલી તાણનો બોજો મારા ઉપરથી કંઈક અંશે ઓછો કરવાનો આ જ એક રસ્તો છે. ખોરાક લેવાનું બંધ કરવાની હું જે વાત કરું છું તે કોઈ પણ રીતે સરકાર ઉપર દબાણ તરીકે થાય એમ હું ઇચ્છતો નથી.

હરિજનસેવા કશી રોકટોક વિના હું ન કરી શકું તો જીવનમાં મને કશો રસ રહેતો નથી. પહેલાંના મારા પત્રવ્યવહારમાં મેં સ્પષ્ટ કર્યું છે અને જે હિંદ સરકારે સ્વીકાર્યું છે તે પ્રમાણે યરવડા કરારમાં બ્રિટિશ સરકારની સંમતિ જેટલે દરજ્જે આવશ્યક હતી એટલે દરજ્જે એ સંમતિ આપનાર પક્ષ હોઈ, આવી સેવા કરવાની મને પરવાનગી આપવી એ, એ કરારને સંમતિ આપવામાં જ ગર્ભિત રહેલું છે

એટલે આવી પરવાનગી તો જ મને મળે એમ હું ઇચ્છું છું જો સરકાર માનતી હોય કે મને એવી પરવાનગી આપવામાં ન્યાય રહેલો છે. એટલા માટે મને પરવાનગી ન મળવી જોઈએ કે એવી પરવાનગી નહીં આપવામાં આવે તો હું ઉપવાસ કરીશ. ઉપવાસ કરવાનું તો કેવળ મારા દિલની શાન્તિ સારુ છે.

લિ. સેવક
મો૦ ક૦ ગાંધી

## ૧૮

[ તા. ૧૫મીને મંગળવારે કર્નલ માર્ટિને સરકારના એક કાગળની વિગતો જણાવી. તેની મતલબ એ હતી કે મિ. ગાંધીને પૂછવું કે એમની મુખ્ય વિનંતી ઉપર હુકમો કરવામાં આવે તે દરમિયાન 'હરિજન' માટેના લેખો આપવા માટે તેમને બીજી મુલાકાતની જરૂર છે કે કેમ? તથા દરરોજ તેમની જે ટપાલ આવે છે તેના નિરાકરણ માટે તેઓ કાંઈ માર્ગ સૂચવે છે કે કેમ? આ યાદીના જવાબમાં બાપુએ નીચેનો કાગળ લખ્યો. ]

તા. ૧૫–૮–'૩૩

ભાઈશ્રી કર્નલ માર્ટિન,

સરકાર તરફથી તમને જે બે યાદીઓ મળી છે તે સંબંધમાં મારે નીચે પ્રમાણે કહેવાનું છે.

૧. સરકારને મેં તા. ૧૦મીએ લખેલા કાગળના જવાબમાં 'હરિજન'ના લેખો એના કામચલાઉ તંત્રીને આપવાની અને એ વિષે એમને સૂચનાઓ આપવાની મને પરવાનગી આપવામાં આવી તે માટે હું આભારી છું પરંતુ એ પરવાનગી મારી તાતકાળિક જરૂરિયાતોને પહોંચી શકતી નથી. દરરોજ આવતા કાગળોનો સંપર્ક રહ્યા સિવાય 'હરિજન'ને માટે કાંઈ ઉપયોગી લખવું એ મુશ્કેલ છે. વળી અસ્પૃશ્યતા વિષેના પત્રલેખકો સાથે સંસર્ગમાં રહેવું એ 'હરિજન'નું સંપાદન કરવા જેટલું જ અગત્યનું છે. દાખલા તરીકે, એક હરિજન શાળામાં મારી દેખરેખ નીચે એક અઘરો પ્રયોગ ચાલી રહ્યો

છે. આ શાળાને જો સફળ બનાવવી હોય તો તેના શિક્ષક સાથે મારે સતત સંપર્કમાં રહેવું જોઈએ. બીજું, આશ્રમની કેટલીક છોકરીઓ તથા છોકરાઓને મેં એક હરિજન છાત્રાલયમાં મૂકયાં છે. એ પ્રકારનો આ કદાચ પહેલો જ પ્રયોગ છે. હું તેના ઉપર સતત ધ્યાન ન આપું તો એ ન ચાલી શકે. હું પકડાયો તે દિવસે જ એ શરૂ કરવામાં આવ્યો છે. મારે અંગત ધ્યાન આપવું પડે એવી બાબતના ઘણા દાખલાઓમાંથી માત્ર એ જ મેં અહીં આપ્યા છે.

તેથી ઓછામાં ઓછું આટલું હું તત્કાળ ઇચ્છું છું:

(ક) તમારા તાબામાં મારા જે પત્રો હોય તે મને સોંપવામાં આવે અને તેમાંના જે પત્રો અસ્પૃશ્યતા સબંધના હોય તેના જવાબ આપવાની મને રજા આપવામાં આવે.

(ખ) 'હરિજન' ઑફિસમાં જે કાગળો આવે તે મને આપવામાં આવે અને તેનો નિકાલ કરવા દેવામાં આવે.

(ગ) તમારી પાસે તથા 'હરિજન' ઑફિસમાં મારે માટે જે વર્તમાનપત્રો આવે તે મને આપવામાં આવે. જેથી કરીને એ પત્રોમાં અસ્પૃશ્યતાના પ્રશ્નો ઉપર જે ચર્ચા થઈ હોય તે બાબતમાં હું ઘટતું કરી શકું.

મારી માગણીઓ વિષે સરકાર છેવટના હુકમો પસાર કરે તે દરમિયાન ઉપરની ત્રણ બાબતોની રજા મને આપવામાં આવશે તો, ગઈ કાલે સરકારને લખેલા કાગળમાં જણાવ્યા પ્રમાણે, આવતી કાલથી ઉપવાસ કરવાની જરૂર મને નહીં પડે. આજે એ પરવાનગી ન મેળવી શકાય તો કાકાસાહેબ કાલેલકર અથવા આનંદ હિંગોરાણીને મળવાને હું ઇચ્છું છું. કામ ચાલુ રહે એ પૂરતા કેટલાક લેખો હું તેમને આપી શકું.

૨. તમારા તાબામાં મારા ઉપર આવેલા જે કાગળો છે તેનો નિકાલ કરવા વિષેની મારી સૂચનાઓ સરકારે માગી છે. તેનો જવાબ ઉપરનામાં આવી જાય છે. જેલના વર્ગીકરણના નિયમ પ્રમાણે મને જે પખવાડિક કાગળ મળી શકે તે લેવાની મારી ઇચ્છા નથી. મારા ઉપર આવેલા કાગળોનો મોટો ભાગ અસ્પૃશ્યતા સાથે જ સંબંધ ધરાવતો હશે અને તે મારે જાતે જ જોઈ જવો જોઈએ તથા તેને વિષે મારે જાતે જ સૂચનાઓ આપવી જોઈએ. મારા ઉપર આવેલા કાગળો મને આપવામાં આવશે તો અસ્પૃશ્યતાને લગતા નહીં હોય એવા કાગળો હું ખુશીથી પાછા આપીશ. આ કાગળોમાં મારા કામકાજને લગતા કેટલાક કાગળો હોવાનો સંભવ છે. એવા કાગળોને વિષે હું સરકારની સૂચનાઓ માગીશ. હકીકત એ છે કે રાજદ્વારી બાબતો સિવાય મારે ઘણી સાર્વજનિક પ્રવૃત્તિઓ છે, એટલે

આજે સવારે મેં તમને રૂબરૂ જણાવ્યું હતું તે પ્રમાણે, મારા અભિપ્રાય પ્રમાણે મારી માગણીઓનો નિકાલ કરવાનો ન્યાયી રસ્તો એ છે કે સવિનયભંગની બાબતમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હું કાંઈ પણ ભાગ ન લઉં એની ખાતરી કરી લીધા પછી તા. ૫મીના કાગળમાં મેં જે સગવડો માગી છે તે બધી મને આપવામાં આવે.

લિ. સેવક
મો૦ ક૦ ગાંધી

## પરિશિષ્ટ ૫

### ૧

[૮મી મે ૧૯૩૩ના રોજ ગાંધીજીએ એકવીસ દિવસના ઉપવાસ શરૂ કર્યા પછી એમને છોડી મૂકવામાં આવ્યા. ત્યાર પછી તરત જ એમણે છાપાંજોગું નીચે પ્રમાણે નિવેદન* કર્યું.]

“આ છુટકારાથી મને જરા પણ આનંદ થતો નથી. . . . આ છુટકારાનો લાભ સવિનયભંગની લડત ચલાવવાને માટે અથવા તો તેને દોરવણી આપવાને માટે હું કેમ ઉઠાવી શકું? એટલે સત્યના એક શોધક તરીકે અને સ્વમાની માણસ તરીકે મારી ઉપર આ છુટકારાને લીધે ભારે બોજો અને તાણ આવી પડે છે. મારા ઉપવાસ તો ચાલુ રહેવાના જ છે. મેં આશા રાખી હતી અને હજી પણ રાખું છું કે ઉપવાસ દરમિયાન કોઈ પણ પ્રકારની ચર્ચાઓમાં હું ભાગ ન લઉં, અને કોઈ પણ વસ્તુથી હું ક્ષુબ્ધ ન થાઉં. હરિજનકામ સિવાય બહારની બીજી કોઈ પણ વસ્તુમાં મારા ચિત્તને હું રોકાવા દઉં તો ઉપવાસનો આખો હેતુ માર્યો જાય. તેની સાથે જ જ્યારે હું છૂટયો છું ત્યારે મારી થોડી શક્તિ તો સવિનયભંગની લડતનો અભ્યાસ કરવામાં રોકવા હું બંધાયેલો છું.

અલબત્ત લડતને વિષે તો હું એટલું જ કહીશ કે સવિનયભંગ વિષેના મારા વિચારોમાં તલભાર પણ ફરક પડયો નથી. અનેક સવિનયભંગ કરનારાઓએ જે બહાદુરી બતાવી છે અને આપભોગ આપ્યા છે તેમને માટે મારા દિલમાં પ્રશંસા સિવાય બીજી કશી લાગણી નથી. પણ એટલું કહીને હું એ કહ્યા સિવાય રહી શકતો નથી કે આ લડતમાં જે ગુપ્તતા પેસી ગઈ છે તે એની ફતેહને ઘાતક છે. એટલે લડત જો ચલાવવી જ હોય તો દેશના જુદા જુદા ભાગમાં આ લડતને જેઓ દોરવણી આપી રહ્યા છે તેમને હું આગ્રહપૂર્વક કહું છું કે તેઓ તમામ પ્રકારની ગુપ્તતાનો ત્યાગ કરે. તેમ કરવાથી એક પણ સવિનયભંગ કરનાર મેળવવાનું તેમને મુશ્કેલ થશે તો તેની મને પરવા નથી.

* ૧૦મી મે, ૧૯૩૩ના ‘ટાઈમ્સ ઑફ ઇન્ડિયા’માંથી.

એમાં શંકા નથી કે અત્યારે આમજનતા ભયથી બાવરી બની ગઈ છે. ફતવા (ઑર્ડિનન્સ)ઓએ લોકોને દબાવી દીધા છે. હું માનું છું કે લોકોની આ ભયભીત દશા માટે લડતની ગુપ્ત પદ્ધતિઓ મોટે ભાગે જવાબદાર છે. સવિનયભંગની ચળવળ એમાં ભાગ લેનાર પુરુષો અને સ્ત્રીઓની સંખ્યા ઉપર આધાર રાખતી નથી પણ તેમના ગુણ ઉપર આધાર રાખે છે. હું જો ચળવળને દોરતો હોઉં તો સંખ્યાનો ભોગ આપીને ગુણનો જ આગ્રહ રાખું. એમ થાય તો તરત જ લડત ઊંચી કક્ષા ઉપર આવે. એ સિવાય બીજી કોઈ પણ રીતે લોકને લડતની કેળવણી આપવાનું શકચ નથી.

લડતના સંચાલન વિષે બીજું કાંઈ હું કહી શકું એમ નથી. ઉપર જે વિચારો મેં દર્શાવ્યા છે તે કેટલાય મહિના થયા મારા દિલમાં મેં ભરી રાખ્યા હતા. . . . મને એ ગમે કે નહીં પરંતુ આ ત્રણ અઠવાડિયાં દરમિયાન તો બધા સવિનયભંગ કરનારાઓનો જીવ ઊંચો રહેશે. તેથી કૉંગ્રેસના પ્રમુખ એક મહિના સુધી અથવા તો છ અઠવાડિયાં સુધી આ લડત મોકૂફ રાખે તો સારું થશે.

હવે હું સરકારને એક અપીલ કરીશ. દેશમાં સાચી શાન્તિ સ્થપાય એમ જો તેઓ ચહાતા હોય, આજે સાચી શાન્તિ નથી એમ તેઓને લાગતું હોય, અને ફતવાથી રાજ્ય ચલાવવું તે કાંઈ રાજ્ય ચલાવ્યું ન કહેવાય એમ તેઓ માનતા હોય, તો આ મોકૂફીનો તેમણે લાભ ઉઠાવવો જોઈએ, અને સવિનયભંગવાળા બધા કેદીઓને બિનશરતે છોડી મૂકવા જોઈએ. આ કસોટીમાંથી હું જીવતો પાર ઊતરીશ તો પરિસ્થિતિ તપાસી જવાનો અને કૉંગ્રેસના નેતાઓને અને, એમ કહેવાની હિંમત કરું તો, સરકારને પણ સલાહ આપવાનો મને મોકો મળશે. ઇંગ્લંડથી પાછા આવ્યા પછી જે તબક્કે મને રોકવામાં આવ્યો હતો તે તબક્કે મસલત પાછી શરૂ કરવાનું હું પસંદ કરીશ.

મારા પ્રયત્નને પરિણામે સરકાર અને કૉંગ્રેસની વચ્ચે કશી સમાધાની ન થઈ શકે અને સવિનયભંગ ફરી શરૂ કરવામાં આવે, તો તે વખતે સરકારની જો એમ મરજી થાય તો ફતવા રાજ્ય ફરી પાછું તે શરૂ કરી શકે છે.

પણ સરકારની જો એવી ઇચ્છા જ હોય, તો મને તો એ બાબતની શંકા નથી કે આપણે આ મુશ્કેલીનો રસ્તો કાઢી શકીએ. મારા પૂરતું તો હું કહી દઉં કે એ વિષે મારા મનમાં જરાય શંકા નથી કે જ્યાં સુધી આટલા બધા સત્યાગ્રહીઓ જેલમાં પુરાયેલા છે ત્યાં સુધી સવિનયભંગ પાછો ખેંચી શકાય નહીં. જ્યાં સુધી સરદાર વલ્લભભાઈ, ખાનસાહેબ

અબ્દુલ ગફ્ફારખાન, પંડિત જવાહરલાલ નેહરુ અને બીજાઓને જીવતા દાટવામાં આવેલા છે ત્યાં સુધી કશું સમાધાન થઈ શકે નહીં. ખરી વાત તો એ છે કે જેલની બહારના કોઈ પણ માણસને સવિનયભંગ પાછો ખેંચી લેવાની સત્તા નથી. મને જે વખતે પકડવામાં આવ્યો તે વખતે કૉંગ્રેસની જે કારોબારી સમિતિ હસ્તીમાં હતી તેને જ એ સત્તા છે.

સવિનયભંગની લડત વિષે વધુ કશું હું નહીં કહું. કદાચ કહેવું જોઈએ તે કરતાં મેં વધારે કહી નાખ્યું છે. હવે મારે કશું પણ કહેવાનું હોય તો હું છાપાંવાળાઓને વીનવીશ કે તેઓ મને હમણાં જરા પણ તકલીફ ન આપે. મને મળવા આવવાની ઇચ્છા રાખનારાઓને પણ હું આગ્રહ કરું છું કે તેઓ પોતા ઉપર અંકુશ રાખે. હું હજી કેદમાં જ છું એમ તેઓ ગણે. રાજદ્વારી અથવા તો બીજી ચર્ચાઓ કરવાની ઉપવાસ દરમ્યાન મારામાં શક્તિ નહીં હોય. મને પૂરેપૂરી શાન્તિમાં રહેવા દેવામાં આવે એ મને ગમશે. સરકારને પણ હું એટલું જણાવું છું કે મારી આ મુક્તિનો હું જરા પણ દુરુપયોગ નહીં કરું. આ કસોટીમાંથી હું જીવતો પાર ઊતરું અને મને જણાય કે રાજદ્વારી વાતાવરણ આજના જેવું જ ડહોળાયેલું છે તો સવિનયભંગને આગળ ધપાવવા માટે ખુલ્લી રીતે કે છૂપી રીતે એક પણ પગલું લીધા વિના હું સરકારને કહીશ કે મને યરવડામાં, મારા જે સાથીઓનો લગભગ ત્યાગ કરીને હું આવ્યો છું તેમની પાસે લઈ જાય."

ત્યાર પછી ગાંધીજી સરદાર વલ્લભભાઈ પટેલ વિષે સ્તુતિનાં વચનો બોલ્યા. તેમણે કહ્યું કે: "હું આશા રાખું છું કે મારું કહેલું સરકાર માની લેશે કે અમે જ્યારે જ્યારે રાજદ્વારી પ્રશ્નોની ચર્ચા કરતા હતા ત્યારે ત્યારે સરદારને સરકારની મુસ્કેલીઓનો બહુ ખ્યાલ રહેતો હતો."

## ૨

[ સાબરમતી આશ્રમનો કબજો લેવા ગાંધીજીએ મુંબઈ સરકારને લખેલો કાગળ ]

અમદાવાદ, તા. ૨૬-૭-૧૯૩૩

ધિ સેક્રેટરી ટુ ધિ ગવર્નમેન્ટ ઑફ બોમ્બે,
હોમ ડિપાર્ટમેન્ટ, પૂના.

ભાઈશ્રી,

સને ૧૯૧૫માં હું હિન્દુસ્તાન પાછો ફર્યો ત્યાર પછી સત્યની ઉપાસનાના હેતુથી સત્યાગ્રહાશ્રમની સ્થાપના કરવી એ મારું પ્રથમ રચનાત્મક કાર્ય હતું. આશ્રમવાસીઓએ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્વાદ, અસ્તેય અને અપરિગ્રહ, અભય, અસ્પૃશ્યતાનિવારણ, ખાદી જેના કેન્દ્રમાં છે એવું સ્વદેશી, સર્વધર્મ-

સમભાવ, જાતમહેનત એટલાં વ્રતો સ્વીકાર્યાં છે. આશ્રમની અત્યારની જગ્યા સને ૧૯૧૬માં ખરીદવામાં આવી હતી. મોટે ભાગે આશ્રમવાસીઓની જ મહેનતથી આશ્રમની બધી પ્રવૃત્તિઓ આજે ચલાવવામાં આવે છે પણ મહેનતાણું આપીને બહારની મજૂરીની મદદ લેવાની પણ જરૂર પડે છે. તેની મુખ્ય પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે:

૧. ભૌતિક શક્તિથી ચાલતાં યંત્રોની મદદ વિના એક ગ્રામઉદ્યોગ તરીકે ખાદીનું ઉત્પાદન.

૨. ગૌશાળા.

૩. ખેતી.

૪. શાસ્ત્રીય પદ્ધતિએ પાયખાનાસફાઈ.

૫. રાષ્ટ્રીય શિક્ષણ.

આશ્રમમાં અત્યારે ૧૦૭ માણસો છે — ૪૨ પુરુષો, ૩૧ સ્ત્રીઓ, ૧૨ છોકરાઓ અને ૨૨ છોકરીઓ. અત્યારે જેઓ જેલમાં છે અને જેઓ આશ્રમની બહાર બીજા કામમાં રોકાયેલા છે તેમને આમાં નથી ગણ્યાં. અત્યાર સુધીમાં લગભગ એક હજાર માણસને ખાદીવિદ્યાની તાલીમ આશ્રમે આપી છે. એમાંના ઘણાખરા હું જાણું છું તે પ્રમાણે ઉપયોગી રચનાત્મક કામ કરી રહ્યા છે અને પ્રમાણિકપણે આજીવિકા મેળવે છે.

આશ્રમનું ટ્રસ્ટ રજિસ્ટર થયેલું છે. તેની પાસેનાં નાણાં અમુક અમુક કામો માટે અંકિત થયેલાં છે. દરેક ખાતાને સ્વાવલંબી બનાવવાનો અમારો ઉદ્દેશ હોવા છતાં જુદાં જુદાં ખર્ચોને પહોંચી વળવા મિત્રો પાસેથી અત્યાર સુધી દાન લેવાની અમને ફરજ પડી છે. અનુભવથી અમને જણાયું છે કે જ્યાં સુધી આશ્રમ શિક્ષણનું (એના વિશાળમાં વિશાળ અર્થમાં) કામ કરે અને તેને માટે ફી ન લે એટલું જ નહીં પણ શીખનારાઓને અન્નવસ્ત્ર પણ આપે ત્યાં સુધી તે પૂરેપૂરો સ્વાવલંબી થઈ શકે નહીં.

આશ્રમની સ્થાવર મિલકતનો અંદાજ રૂપિયા ત્રણ લાખ સાઠ હજારનો થાય છે. અને રોકડ સાથે જંગમ મિલકતનો અંદાજ રૂપિયા ત્રણ લાખ ઉપર થવા જાય છે. જેને રાજ્યપ્રકરણી બાબતો કહેવામાં આવે છે તેમાં આશ્રમ ભાગ લેતો નથી. પણ સત્ય અને અહિંસાના પાલનને અર્થે અમુક સંજોગોમાં અસહકાર અને સવિનયભંગ અનિવાર્ય છે એમ તે માને છે. તેથી ૧૯૩૦ની સવિનયભંગની લડત, લગભગ ૮૦ આશ્રમવાસીઓએ દાંડીની કૂચથી શરૂ કરી હતી.

વર્તમાન પરિસ્થિતિમાં જ્યારે એક તરફથી સરકારનું દોરદમન વધતું જાય છે અને બીજી તરફથી લોકોની ભયભીતતા પણ એટલી જ વધતી

જાય છે ત્યારે આશ્રમે વધારે મોટું બલિદાન આપવાનો સમય આવી લાગ્યો છે.

મારા ઉપવાસ છૂટ્યા પછી જે માહિતી મને મળી શકી છે તે ઉપરથી જણાય છે કે:

૧. દેશના જુદા જુદા ભાગમાં સવિનયભંગ કરનાર વ્યક્તિઓને દાબી દેવા માટે પોલીસ તરફથી ત્રાસદાયી કષ્ટો આપી થરેરાટી ઉપજાવવાની પદ્ધતિઓ અખત્યાર કરવામાં આવે છે.

૨. સ્ત્રીઓનાં અપમાન કરવામાં આવ્યાં છે.

૩. લોકોને છૂટથી હરવા ફરવાનું લગભગ અશક્ય બની ગયું છે.

૪. દેશના ઘણા ભાગોમાં કોંગ્રેસીઓ માટે ગ્રામસેવાનાં કામો કરવાનું અશક્યવત્ બની ગયું છે.

૫. ઘણી કાચી તથા પાકી જેલોમાં વ્યક્તિગત સવિનયભંગ કરનારા કેદીઓ ઉપર અપમાનભરેલા અને શારીરિક કષ્ટો આપનારા સિતમ ગુજારવામાં આવે છે.

૬. લોકોના હદ બહારના ભારે દંડો કરવામાં આવે છે અને તે અતિશય ગેરકાયદે રીતે વસૂલ કરવામાં આવે છે.

૭. જે ખેડૂતો જમીનમહેસૂલ અથવા ગણોત ભરવાનો ઇન્કાર કરે તેમને તેમના ગુનાના પ્રમાણની હદ ઉપરાંત સજાઓ કરવામાં આવે છે. તેમાં ખુલ્લી રીતે હેતુ એ હોય છે કે તેમને અને તેમના પાડોશીઓને ત્રાસથી થથરાવી દેવા.

૮. છાપાંઓને મોઢે ડૂચા મારવામાં આવ્યા છે.

૯. ટૂંકામાં દેશના એક છેડાથી બીજા છેડા સુધી સ્વમાન સાથે સ્વતંત્રતાથી રહેવું અશક્ય બની ગયું છે.

મને શંકા નથી કે આ બધા આક્ષેપો સરકારી મંડળોમાં નકારવામાં આવશે અથવા ગમે તેવા ખુલાસાથી ઉડાવી દેવામાં આવશે. સંભવ છે કે મારા આક્ષેપો અતિશયોક્તિથી મુક્ત ન હોય. પરંતુ ઘણા કોંગ્રેસીઓની સાથે એ ખરા માનવામાં હું એકમત છું. અને તેથી મને પગલાં ભરવાની ફરજ પાડવા માટે તે પૂરતા છે.

એટલે કેવળ કારાવાસથી મને શાન્તિ વળશે નહીં. તે ઉપરાંત મને સ્પષ્ટ ભાસે છે કે આશ્રમનો વિશાળ રચનાત્મક કાર્યક્રમ, આશ્રમ આ લડત સાથેનો સંબંધ સંપૂર્ણ રીતે છોડી દે એ સિવાય, સલામતીથી ચાલી શકે એમ નથી. આ સ્થિતિ સ્વીકારવી એ આશ્રમના મૂળભૂત સિદ્ધાંતનો ઇન્કાર કરવા બરોબર છે. અત્યાર સુધી મને આશા હતી કે કેટલાક આશ્રમ-

વાસીઓ સવિનયભંગ કરતા રહે એની સાથે આશ્રમ પણ ચાલુ રહી શકશે, અને જોકે કૉંગ્રેસનું ધ્યેય તરત સિદ્ધ ન થઈ શકે તોપણ નજીકના ભવિષ્યમાં સરકાર અને કૉંગ્રેસ વચ્ચે માનભર્યું સમાધાન થઈ શકશે. પણ કૉંગ્રેસે સુલેહને માટે મારી મારફત પ્રમાણિકપણે હાથ લંબાવ્યો તે વાઇસરૉય તરફથી દુર્દૈવે તરછોડવામાં આવ્યો છે. તે વસ્તુ સ્પષ્ટ બનાવે છે કે સરકારને સુલેહ નથી જોઈતી; પણ દેશની મોટામાં મોટી અને એકમાત્ર નહીં તોપણ વધારેમાં વધારે લોકપ્રિય એવી રાજદ્વારી સંસ્થા દાંતે તરણું લઈ તેને શરણે જાય એમ તે ઇચ્છે છે. આ વસ્તુ, જ્યાં સુધી કૉંગ્રેસને તેના વર્તમાન સલાહકારો ઉપર વિશ્વાસ છે ત્યાં સુધી બનવી અશક્ય છે. એટલે આ લડત જરૂર લંબાશે અને લોકોની પાસે અત્યાર સુધીમાં તેમણે આપ્યા છે તે કરતાં વધારે મોટા ભોગો તે માગશે. આ લડતના ઉત્પાદક તરીકે સ્વાભાવિક રીતે જ મારી પાસેથી વધારેમાં વધારે બલિદાનની અપેક્ષા રહે, અને તે હું, જે વસ્તુ મારી નજીકમાં નજીક છે અને જે વસ્તુ મને વહાલામાં વહાલી છે અને જેની રચના માટે મેં અને બીજા ઘણા આશ્રમવાસીઓએ અખૂટ ધીરજ અને અપાર કાળજીથી આ અઢાર વરસ મહેનત કરેલી છે, તે વસ્તુનું બલિદાન આપીને જ કરી શકું. આશ્રમના એકેએક ઢોર અને એકેએક ઝાડ પાછળ અવિસ્મરણીય ઇતિહાસ અને પવિત્ર સંસ્મરણો રહેલાં છે. એ બધાં જ એક વિશાળ કુટુંબનાં અંગો છે. એક વખત જે તદ્દન વેરાન ભૂમિ હતી તેને મનુષ્યપ્રયત્નથી એક આલી લીલી વાડીવાળી સુંદર વસાહત બનાવવામાં આવી છે, આ કુટુંબને અને તેની વિવિધ પ્રવૃત્તિઓને વેરણછેરણ કરવાનું આંખમાં આંસુ આવ્યા વિના અમારાથી ન બને. આશ્રમવાસીઓ સાથે મેં ભક્તિપૂર્ણ હૃદયે ખૂબ વાતો કરી લીધી છે, અને તેમણે, ભાઈઓએ તેમ જ બહેનોએ અમારું આ કુટુંબ તથા તેની પ્રવૃત્તિઓને વિખેરી નાખવાની મારી સૂચનાને સર્વાનુમતે વધાવી લીધી છે. જેઓ થોડાંઘણાં પણ સશક્ત છે તેઓએ લડતની મોકૂફીનો કાળ પૂરો થયે વ્યક્તિગત સવિનયભંગ કરવાનો નિર્ણય કર્યો છે.

અહીં એ જણાવવું જરૂરનું છે કે આશ્રમે છેલ્લાં બે વરસથી જમીન-મહેસૂલ ભરવાનો ઇન્કાર કરેલો છે. અને તેને પરિણામે ઘણી વધારે કિંમતની તેની વસ્તુઓ જપ્ત કરવામાં અને વેચી નાખવામાં આવી છે. સરકારના આ કાર્યની હું કશી ફરિયાદ કરતો નથી. પરંતુ આવા જોખમ ભરેલા સંજોગોમાં એક મોટી સંસ્થા ચલાવવી એ આનંદદાયક અથવા લાભદાયક ન ગણાય. એટલી વસ્તુ તો હું પૂરેપૂરી સમજું છું કે કોઈ પણ રાજ્ય, ચાહે ન્યાયી હોય કે અન્યાયી હોય, લોકસત્તાક હોય કે પરદેશી

હોય, તેનો કોઈ પણ નાગરિક તેની સાથે સંઘર્ષમાં આવે તો તેની માલ મિલકત એ જબરદસ્તીથી લઈ લે. અનિશ્ચિત કાળ સુધી લંબાય એવી લડતમાં જે બનવું અનિવાર્ય છે તેને અગાઉથી સ્વીકારી લેવામાં મને કેવળ ડહાપણ જ જણાય છે.

પરંતુ આશ્રમને વિખેરી નાખવાનો નિર્ણય કર્યો હોવા છતાં અમે ઇચ્છીએ છીએ કે તેની સઘળી માલમત્તાનો સાર્વજનિક કામમાં ઉપયોગ થાય. એટલે કોઈ પણ કારણસર તેની કોઈ પણ અથવા તો તમામ જંગમ મિલકત — રોકડ સુધ્ધાં — નો સરકાર કબજો લેવા ન ઇચ્છે તો મારો વિચાર તે એવા મિત્રોને સોંપી દેવાનો છે કે જેઓ તેનો ઉપયોગ લોકકલ્યાણ અર્થે, જે કામ માટે તે અંકિત થયેલી છે તેમાં કરે. આ પ્રમાણે ખાદીનો જથ્થો તથા કારખાના અને વણાટશાળાનો બધો સરસામાન અખિલ ભારત ચરખા સંઘ, જેના થકી એ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે તેને સોંપી દેવામાં આવશે. ગાયો અને બીજાં ઢોર ગોસેવા સંઘ, જેના થકી અહીંની ગૌશાળા ચલાવવામાં આવે છે તેને સોંપી દેવામાં આવશે. પુસ્તકાલય જે સંસ્થા પુસ્તકોની સંભાળ લેવા તૈયાર હશે તેને સોંપી દેવામાં આવશે પૈસા અને બીજી વસ્તુઓ જે જે આસામીઓના હશે તેમને પાછા આપવામાં આવશે અથવા તો જે મિત્રો એનો હવાલો લેવા તૈયાર હશે તેમને સોંપવામાં આવશે.

પછી રહે છે જમીનો અને મકાનો, અને જમીન ઉપરના ઊભા પાક. હું સૂચવું છું કે સરકાર આનો કબજો લે અને તેનું જે કરવું હોય તે કરે. આ વસ્તુઓ પણ મેં મિત્રોને સોંપી દીધી હોત, પરંતુ તેમને જમીન-મહેસૂલ ભરવું પડે એવા કાર્યમાં હું ભાગીદાર થવા ઇચ્છતો નથી. સ્વાભાવિક રીતે જ બીજા સવિનયભંગ કરનારાઓને તો એ સોંપી શકાય જ નહીં. એટલે હું એટલું જ ઇચ્છું છું કે જમીનો, મકાનો, કીમતી ઝાડો અને ઊભા પાકોને બીજી ઘણી જગ્યાએ બન્યું છે તેમ બરબાદ થવા દેવાને બદલે સારો ઉપયોગ કરવામાં આવશે.

જમીનના એક ટુકડા ઉપરનાં મકાનોમાં કેટલાંક હરિજન કુટુંબો રહે છે. અત્યાર સુધી તેમની પાસેથી ભાડું લેવામાં આવતું ન હતું. એમને સવિનયભંગમાં સંડોવવાની મારી ઇચ્છા નથી. તેઓ હવેથી આશ્રમના ટ્રસ્ટીઓને વાર્ષિક રૂપિયા એકનું નામનું ભાડું આપશે અને જેટલી જમીન ઉપર એ મકાનો આવેલાં છે એટલી જમીનના જમીનમહેસૂલ માટે જવાબદાર ગણાશે.

જો કોઈ પણ કારણસર ઉપર જણાવેલી મિલકતનો કબજો સરકાર નહીં લે તોપણ આશ્રમવાસીઓ તો લડતની મોકૂફીની મુદ્દત પૂરી થયે એટલે કે ૩૧મી તારીખ પછી આશ્રમનો ત્યાગ કરીને ચાલ્યાં જશે, સિવાય કે એ તારીખ પહેલાં જ સરકાર આશ્રમનો કબજો લે. આ કાગળનો જવાબ મને તારથી આપવામાં આવે એવી મારી વિનંતી છે. ખાસ કરીને જંગમ મિલકતની બાબતમાં સરકારની ઇચ્છા શી છે તે મને વેળાસર જણાવવામાં આવે, જેથી કરીને તેનો નિકાલ મારે જ કરવાનો હોય તો હું તે કરી શકું.

લિ. સેવક
મો૦ ક૦ ગાંધી

[આ કાગળનો જવાબ મુંબઈ સરકારના હોમ ડિપાર્ટમેન્ટના સેક્રેટરી મિ. મૅક્સવેલ તરફથી પૂના તા. ૨૮મી જુલાઈ ૧૯૩૩ના રોજ એવો આપવામાં આવ્યો કે :]

તમારા તારીખ ૨૬–૭–૧૯૩૩ના કાગળની પહોંચ સ્વીકારવાની મને સૂચના થયેલી છે.

[ત્યાર પછી તા. ૩૦–૭–૧૯૩૩ના રોજ ગાંધીજીએ મુંબઈ સરકારને નીચે પ્રમાણે તાર કર્યો :]

સેક્રેટરી, હોમ ડિપાર્ટમેન્ટ, પૂના.

મંગળવારે સવારે આશ્રમનો ત્યાગ કરી જવાની હું આશા રાખું છું. હું જો છૂટો હોઈશ તો મારા સાથીઓ સાથે ટૂંકી મજલો કરતો હાલ તુરત તો રાસ જવાની ઉમેદ રાખું છું. તેમાં હેતુ જેમને ખૂબ જ વેઠવું પડયું છે એવા ગ્રામવાસીઓ પ્રત્યે સહાનુભૂતિ બતાવવાનો છે. તેમને સામુદાયિક સવિનયભંગ કરવા નોતરવાની ઇચ્છા નથી. પરંતુ કૉંગ્રેસના ઠરાવ અનુસાર વ્યક્તિઓને સવિનયભંગ કરવાનું કહેવામાં આવશે. ગ્રામવાસીઓને દારૂનો ત્યાગ કરવા અમે સમજાવીશું; દારૂનાં પીઠાંવાળાઓને એ ધંધો છોડી દેવાનું કહીશું; પરદેશી કાપડના વેપારીઓને કેવળ ખાદીનો જ વેપાર કરવાની વાત કરીશું; અને બીજા સૌને કૉંગ્રેસનો રચનાત્મક કાર્યક્રમ ઉપાડી લેવાનો આગ્રહ કરીશું. હિંદુઓને અસ્પૃશ્યતા કાઢી નાખવાનું સમજાવીશું. હું પોતે અને મારા સાથીઓ, પાસે દમડી પણ રાખ્યા વિના કૂચ કરવાના છીએ. ગામડાંના લોકો રોટલા આપે તે ખાઈશું. મને જો વહેલો પકડી લેવામાં આવશે તો મારા બત્રીસ સાથીઓ, જેમાં સોળ બહેનો છે, તેઓ કૂચ ચાલુ રાખશે. — ગાંધી.

## ૩

[ તા. ૩૧–૭–૧૯૩૩ના રોજ રાત્રે ગાંધીજીને પકડીને સાબરમતી જેલમાં લઈ જવામાં આવ્યા અને ત્યાંથી યરવડા લઈ ગયા. તા. ૪–૮–૧૯૩૩ના રોજ તેમનો કેસ યરવડા જેલમાં ચાલ્યો તે વખતે મૅજિસ્ટ્રેટ સમક્ષ તેમણે કરેલું નિવેદન નીચે આપ્યું છે.* ]

ગાંધીજી ઉંમર વરસ ૬૪, રહેવાસી સાબરમતી–અમદાવાદના, એમણે પોતાનો ધંધો કાંતનાર, વણનાર અને ખેડૂતનો જણાવ્યો, અને ઉમેર્યું કે હું અદાલત સમક્ષ એક ટૂંકું નિવેદન કરવા ઇચ્છું છું.

જુદા જુદા સાક્ષીઓ અહીં આવીને જે કહી ગયા છે તે તદ્દન ખરું છે. મુંબઈ સરકારના હુકમોનો મેં કરેલો ભંગ જાણી જોઈને અને ઇરાદાપૂર્વક કરેલો ગણાય. તે મેં શા સારુ કર્યો એ હું ટૂંકમાં જણાવીશ.

બંધારણથી સ્થપાયેલી સરકારના હુકમોનો ભંગ કરવાનો મને શોખ થઈ આવે એમ હું માનતો નથી. હું શાન્તિને ચાહનારો છું અને જે રાજ્યમાં હું રહેતો હોઉં તે રાજ્યના કાયદાઓનું સ્વેચ્છાપૂર્વક પાલન કરું એવો સારો નાગરિક હું મને પોતાને માનું છું. પણ એવા નાગરિકના જીવનમાં કેટલાક પ્રસંગો એવા આવે છે જ્યારે રાજ્યના કાયદાઓ અને હુકમોનો અનાદર કરવાની તેની દુઃખદાયક ફરજ થઈ પડે છે. સને ૧૯૧૯માં મારે માથે એવી દુઃખદાયક ફરજ આવી પડી હતી, એ સુવિદિત છે. મારે એકલાએ જ સવિનયભંગ કરવો એમ નહીં, પણ બીજાઓને પણ તેમ કરવાનો ઉપદેશ આપવો એ મને મારી ફરજ જણાઈ હતી.

જે કાયદા નીચે અત્યારે મારો કેસ ચલાવવામાં આવે છે તે કાયદો જ, મારા આક્ષેપનો આંખે ઊડીને વળગે એવો એક પુરાવો છે. મારો આક્ષેપ એ છે કે હિંદુસ્તાનમાં અત્યારે જે રીતે રાજ્યનું તંત્ર ચાલી રહ્યું છે તે તંત્ર કેવળ અન્યાયી જ નથી પણ દેશનું આર્થિક અને નૈતિક અધઃપતન કરનારું છે. હમણાં મને થોડો વખત જેલની બહાર રહેવાનું મળ્યું. તે દરમિયાન સંખ્યાબંધ સ્ત્રીપુરુષોના સમાગમમાં હું આવ્યો. તે દરમ્યાન મેં જે શોધ કરી તે શોધ મને અતિશય દુઃખદાયક લાગે છે. આ દેશમાં રહેતા તમામ લોકો — ઊંચા અને નીચા, સુશિક્ષિત અને નિરક્ષર, ગરીબ અને તવંગર, સઘળા જ — દબાઈ ગયા છે, અને પોતાના સ્વાતંત્ર્ય તથા માલમિલકતનું હરણ થવાના કાયમ ભયની નીચે રહે છે.

---

* તા. ૫–૮–૧૯૩૩ના 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'માં પ્રગટ થયેલું.

એ વાતાવરણમાં રહેવું તે મારે માટે એક કસોટી હતી. છેક બાળપણથી હું સ્વભાવે જ અહિંસામાં દૃઢતાપૂર્વક માનતો હોઈને મારે નસીબે સ્વેચ્છાપૂર્વક જે કષ્ટ સહન કરવાનું આવે તે સહન કરવાની રીતનો મેં આશ્રય લીધો. જે વેદનાથી મારું અંતર પ્રજળી રહ્યું હતું તે વેદના કંઈક અંશે ઓછી કરવાનો આ એકમાત્ર રસ્તો મારી પાસે હતો. આવાં કારણોને લીધે જ સરકારના આ તંત્રની સામે મારાથી જેટલો થઈ શકે તેટલો, અને મારા જેવો શાન્તિને ચાહનાર માણસ જે કરી શકે તે વિરોધ હું કરી રહ્યો છું.

હવે એક જ શબ્દ ઉમેરીશ. તમે અથવા તો સરકાર મને સજા કર્યા પછી જેલમાં કેદી તરીકે મને અમુક વર્ગમાં મૂકશો. મારે જણાવવું જોઈએ કે કેદીઓને અ, બ, અને ક વર્ગમાં મૂકવાની પદ્ધતિ મને ખૂબ જ નાપસંદ છે. બીજા કેદીઓને હકની રૂએ ન મળી શકતી હોય એવી કશી ખાસ સગવડો ભોગવવાની મારી ઇચ્છા નથી. એટલે સરકાર જેમને હલકામાં હલકા ગણતી હોય એવા કેદીઓના વર્ગમાં મુકાવાનું મને પસંદ છે.

અંતમાં હું જણાવીશ કે આ બે ત્રણ દિવસ જે અમલદારોના સંસર્ગમાં હું આવ્યો તેઓ મારી અને મારા સાથી પ્રત્યે બહુ વિનય અને આદરથી વર્ત્યા છે. તે માટે તેમનો હું આભાર માનું છું.

પછી ગાંધીજીએ નિવેદન ઉપર સહી કરી. મૅજિસ્ટ્રેટે તહોમતનામું ઘડી કાઢ્યું કે આપે પ્રેસિડન્સી ઇમર્જન્સી પાવર્સ ઍક્ટની રૂએ તમને જે સૂચનાઓ અને હુકમો આપવામાં આવ્યા હતા તેનો તમે આજે સવારે ઇરાદાપૂર્વક ભંગ કર્યો છે. ગાંધીજીએ જણાવ્યું કે હું તહોમતનામું બરાબર સમજ્યો છું. પછી તમે ગુનો કબૂલ કરો છો કે નહીં એવો સવાલ પૂછવામાં આવ્યો, તેના જવાબમાં તેમણે કહ્યું કે 'મેં ગુનો કર્યો છે.'

# સૂચિ

[ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને મહાદેવભાઈ એ ત્રણના ઉલ્લેખો પુસ્તકમાં ઠેર ઠેર આવતા હોવાથી જરૂર વિના તેમનાં નામનો સૂચિમાં સમાવેશ કર્યો નથી.]


**અજમેર** ૨૫૩
અડવાની, મેજર ૩૨૫, ૪૮૯
અઢારસો સત્તાવન ૦પછીની અને ૧૯૩૩ની સ્થિતિની સરખામણી ૧૨૭
અણે ૧૪૧, ૧૪૩, ૩૪૨
'અનટુ ધિસ લાસ્ટ' ૧૨૯
અનસારી, ડૉ. ૨૮૪, ૪૩૦, ૪૪૯, ૪૫૦
અનસૂયાબહેન ૧૮૧, ૩૨૪, ૩૩૫
અમતુલ સલામ ૩૪૨, ૩૬૩
અમદાવાદ ૪૪, ૨૩૦, ૨૫૮, ૩૨૧, ૩૩૦, ૩૯૦, ૪૪૮, ૪૮૯
'અમૃતબઝાર પત્રિકા' ૭૧
અમેરિકા ૯૬, ૧૨૬, ૧૬૨, ૧૮૩, ૨૨૩, ૨૫૧, ૨૫૨, ૪૫૪, ૪૫૯, ૪૬૩, ૪૭૧
અરદેસર ૯૫–૬
અર્વિન, લૉર્ડ – વાઇસરૉય ૧૨૭, ૧૯૨, ૩૦૦, ૩૪૫; જુઓ વાઇસરૉય
અર્વિન, કલેક્ટર ૩૨૪
અલ્લાહાબાદ ૮૯, ૨૫૭, ૪૨૦
અસહકાર ૬, ૧૨૮; ૦અને સહકારની મીમાંસા ૨૦૦–૧
અસફઅલી ૩૧૫
અસ્પૃશ્ય ૦કોણ–એ વિષે શાસ્ત્રાર્થ ૩૧
અસ્પૃશ્યતા ૬; ૦અને વર્ણાશ્રમધર્મ ૯૨–૩; ૦અર્વાચીન છે ૧૭૯; ૦અહીંની અને બીજા દેશોની ૨૨૩; ૦આત્મશુદ્ધિ વિના ન જાય ૪૦૫; –થી હિંદુ ધર્મ નાશ પામે ૪૨૪; ૦ન જાય તો હિંદુ ધર્મનો નાશ ૩૮૬; –ના પાપનો ઇલાજ ૨૬૨; –ના પાયા હાલી ગયા છે ૬૯; –નું કામ શા સારુ? ૨૦; –ને શાસ્ત્રોનો આધાર નથી ૩૭૦; ૦ વિષે શાસ્ત્રીઓનો અભિપ્રાય ૩૭૦-૧
અસ્પૃશ્યતાનિવારણ ૧૮, ૨૬; ૦અને રોટીબેટી-વ્યવહાર ૬૧–૭; ૦અને સવિનયભંગ ૧૧, ૧૮, ૩૮૭–૯; ૦ એક અનિવાર્ય ફરજ ૩૯૫; ૦ ખાતર ગૃહત્યાગ ૧૨; –થી વર્ણાશ્રમનો લોપ? ૧૧૬; –ના કામની છૂટ અંગે પત્રવહેવાર ૪૭૮–૯૬; –ની ચળવળ ૩૮૬; –ની દુનિયા પર અસર ૧૩૫; –ની પ્રવૃત્તિનું ધ્યેય ૪૧૫; ૦માટે ઉપવાસની જરૂર ૪૨૧–૨; ૦રાજદ્વારી બાજી? ૩૯૬–૮; ૦વિષે સ્ટૅન્લી જોન્સ સાથે ચર્ચા ૧૨૨–૩
અહલ્યાશ્રમ ૨૭૪
અહિંસા ૨૨–૩, ૨૩૪; ૦અસિધારા છે ૧૧૨; –થી જ ગુંડાપણું જિતાય ૨૧૦
અળતેકર, પ્રો. ૨૦૯
અંકલેસરિયા ૧૩૦
અંતરાત્માનો અવાજ ૪૯–૫૦
**આઇનસ્ટાઈન** ૧૭૧
'આત્મકથા' ૪૫૫, ૪૬૭, ૪૭૧
આત્મા ૦જ સત્ છે ૯૭
આનંદી ૧૮૯, ૧૯૧, ૩૨૪
આફ્રિકા, દક્ષિણ ૧૭, ૫૨, ૬૯, ૭૭, ૧૯૬–૭, ૨૧૯, ૨૨૩, ૨૨૬, ૨૩૦, ૨૫૮, ૨૫૯, ૨૭૧, ૩૧૦, ૩૧૧, ૩૨૧, ૪૫૬
આબિદઅલી ૩૧૫, ૩૩૩
આયર, ગોવિંદરાઘવ ૨૧૬
આયર, રંગા ૧૦૬, ૧૩૦, ૨૫૩, ૩૯૯,

૪૦૦; —નાં બિલ ૧૧૭–૮, ૧૪૨-૩; —નાં બિલની ચર્ચા ૧૦૦–૧
આયર, શિવસ્વામી ૨૧૭
આયર્લૅન્ડ ૧૧૯, ૧૯૨, ૩૩૫
આયંગર, શ્રી. વી. વી. શ્રીનિવાસ ૩૯૬, ૩૯૭, ૩૯૮
'આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન' ૩૪૦
આર્ચ બિશપ, કેન્ટર્બરીનો ૩૦૦
આલમોડા ૪૩૦, ૪૩૪
આલાંબહેન ૨૦૩, ૨૬૩
આશ્રમ ૧૩, ૩૮, ૪૨-૩, ૬૩, ૧૭૮,૨૩૨, ૨૪૦, ૨૭૪, ૨૮૩, ૨૯૧, ૩૦૨, ૩૨૩; ૦ગાંધીજીની મૂર્તિ ૨૮૩; ૦દ્વારા ઉપવાસની કાવડ ચલાવવાનો વિચાર ૨૮૧-૨; —નો કબજો લેવા અંગે સરકારને કાગળ ૪૦૯-૫૦૪; —ના ત્યાગ વિષે તાર ૫૦૪; —નો ઉપવાસમાં ફાળો? ૨૬૦-૧; ૦પ્રયોગશાળા ૧૨; ૦માટે ઉપવાસ નથી ૨૫૭; વખત આવ્યે હોમાઈ જાય ૩૧૮; ૦વાસીઓ સાથે લડત અંગે ચર્ચા ૩૧૭-૮; ૦વાસીઓ સિંહનીતિ ધારણ કરે ૩૨૪
આસામ ૩૫૭
આંદામાન ૧૭૮
આંબેડકર, ડૉ. ૭૨, ૮૫, ૧૦૩, ૧૦૮, ૧૨૯, ૧૩૩, ૧૩૮, ૧૪૧, ૧૪૨, ૧૪૪, ૧૪૯, ૧૫૪, ૧૬૪, ૧૯૩, ૨૦૦ ૨૪૫, ૨૪૬, ૨૬૧, ૨૬૪, ૨૭૦, ૨૭૮-૯, ૪૨૧, ૪૮૩, ૪૮૦; ૦ ચાતુર્વર્ણ્ય વિષે ૧૧૯; —ના અસ્પૃશ્યતા-નિવારણની ચળવળ વિષે વિચારો ૧૧૮-૨૨; —ની ચૂંટણી વિષે ચર્ચા ૨૪૨-૪; ૦મંદિરપ્રવેશ વિષે ચર્ચા ૧૨૧-૨; ૦રંગા આયરનાં બિલો વિષે ચર્ચા ૧૧૭-૮
ઇજિપ્ત ૭૯, ૧૧૧
'ઇન્ડિયન ઓપીનિયન' ૩૪૦
'ઇલસ્ટ્રેટેડ વીકલી' ૨૬૩
ઇંગ્લંડ ૫૦, ૧૦૫, ૧૫૦, ૨૨૩, ૨૭૯, ૩૦૦, ૩૧૫, ૩૩૫, ૩૪૬, ૩૮૬, ૪૩૨; જુઓ વિલાયત
ઈમર્સન ૩૦૯
ઈશુ ૪૦, ૫૪, ૧૨૬, ૧૪૬, ૨૦૭, ૨૮૪, ૪૬૦, ૪૭૧, ૪૭૨
'ઈશુચરિત' ૧૫૫
ઉત્કલ ૨૨૦
ઉપવાસ ૮૬, ૧૨૬, ૨૮૯; ૦અને દેહ-દમન ૪૬૬; ૦અને પ્રાર્થના ૧૭; ૦અસ્પૃશ્યતાના પાપનો એક જ ઇલાજ ૨૬૨; ૦અંગે એક મુલાકાત ૨૬૬-૮; ૦ આજે જ જોઈએ ૨૬૪; ૦આપણાં પાપને માટે ૪૧૮–૯; ૦આશ્રમ માટે નથી ૨૫૭; ૦ઈશ્વરની ભેટ ૪૦૮-૯, ૪૩૭; ૦ઈશ્વરે મોડા મોકલ્યા ૨૯૩; ૦એકલા ગાંધીજી જ કેમ કરે? ૧૯-૨૦; ૦કરનારની યોગ્યતા ૪૦૨, ૪૦૩; ૦કેલેપ્પનવાળો ૩૯; ૦કોઈ સાથે ન કરે ૪૦૨; ૦કોને માટે છે? ૨૬૨, ૪૨૪; ૦કોની સામે? ૪૦૧–૨ ૪૨૪; ૦ચુકાદા સામેના ૨૭૩; ૦ટાળવાનો પ્રયત્ન ૧૦૩; ૦ટાણાસર છે ૨૭૨; ૦તપશ્ચર્યા નથી? ૪૬૧–૨; ૦તોડતાં બચ્યા ૩૫૦; ૦થાક કે નિરાશામાંથી ઉદ્ભવ્યા? ૨૮; —થી દંભને ઉત્તેજન મળે? ૨૮૨–૩; ૦દેવદાસ સાથે ચર્ચા ૨૫૬–૬૩; ૦ધર્મનું અવિભાજ્ય અંગ ૨૫૮; —નાં કારણોનું પૃથક્કરણ ૨૬૨; —નાં પારણાં ૪૪૬–૫૦; —ની અસર ૨૫૭; —ની અસ્પૃશ્યતાનિવારણના કાર્ય માટે જરૂર ૪૨૧–૨; —ની કાવડનો વિચાર ૨૬૩, ૨૭૨, ૨૮૧–૨; —ની જરૂર આજે છે ૨૬૪; —ની વધતી શક્યતા ૧૦૪; —ની સાંકળ ૨૬૮, ૪૬૫, ૩૩૧,

૪૦૨; –નું નિમિત્ત એક જ નથી ૨૬૪; –નો અર્થ ૪૧૪; –નો આરંભ ૩૪૮–૯, ૪૩૬; –નો ઉગમ ૪૧૬–૮; –નો નિર્ણય ૪૦૧; –નો વિચાર ન છોડાય ૨૯૦; –નો હેતુ ૨૮૮, ૩૫૪, ૪૦૩, ૪૦૫; –ન્યાય વિના નથી જિવાતું માટે ૩૫૪; ०પાપ ધોવા માટે ૨૬૨; ०પ્રાયશ્ચિત્ત માટે ૨૮૫; ०બહાર હોત તો વહેલા ૨૭૧; ०મરજી વિરુદ્ધ કર્યા છે ૨૮૭; ०માટે આદેશ મળ્યો છે ૨૮૭; ०માટે ગાંધીજી નવરા નથી ૨૬૦; ०માટે એક વસ્તુ જવાબદાર નથી ૨૬૪, ૨૬૬; ०માટે નોટિસની જરૂર નથી ૨૬૩–૪; ०માટે મંથન ૨૫૫–૭; –માં આશ્રમનો ફાળો? ૨૬૦–૧; –માં જબરદસ્તી? ૧૭; –માં દબાણ નથી ૨૭૩; –માં નીલા કે આશ્રમ જવાબદાર નથી ૨૯૧; –માં વિનોદ ૩૫૯–૬૦; –માં સાથીઓનું કર્તવ્ય ૪૦૩–૪; ०વાઇસરૉયની બિલને મંજૂરી ન મળે તો ૪; ०વિના પ્રાર્થના ન હોય ૯૧; ०વિષે દેવદાસ સાથે ચર્ચા ૨૫૬–૬૩; ०વિષે કાગળો ૨૯૪–૬; ०વિષે સંદેશો ૪૮૬–૭; ०શા માટે કર્યા? ૬૪; ०શુદ્ધ ૨૮૬; ०શુદ્ધિ માટે ૨૬૭; ०શુદ્ધિયજ્ઞ છે ૨૯૩; ०સહાનુભૂતિમાં ન થાય ૩૩૪; ०સાચા ક્યારે કહેવાય? ૨૮૫; ०હલકા હેતુથી કરેલા ૧૭; ०હરિજનપ્રવૃત્તિને શુદ્ધ રાખવાનો એક જ ઉપાય ૨૮૦; ०હરિજનોને માટે ૪૧૯–૨૦; ०હિંદુ–મુસ્લિમ એકતા માટેના ૨૭૦; ०હૃદયને શોધવા માટે ૨૮૯

ઉપાસની મહારાજ ૧૩૮

ઊડિયા ૭

ઊર્મિલાદેવી ૧૪૧

એગેથા, હેરિસન ૩૫૫

'એટ્ના ઉપર એમ્પીડોક્લિસ' ૩૨૬

એડન ૨૩૭, ૩૫૯

ઍન્ડ્રૂઝ ૧૮, ૨૦, ૪૭, ૫૪, ૧૦૫, ૨૧૮, ૨૨૭, ૨૫૯, ૨૭૬, ૨૭૯, ૨૯૫, ૩૪૬, ૩૪૮, ૩૪૯, ૩૫૪–૫, ૩૫૭–૮, ૩૬૨, ૩૬૫, ૪૩૨, ૪૫૪, ૪૫૫, ૪૬૫

એરિસ્ટાર્શી, પ્રિન્સેસ ૧૯૭, ૨૨૩, ૨૨૭, ૨૨૮, ૨૯૫, ૩૨૪, ૩૨૫

એલન હૉરપ ૧૮૭–૮

એલિયાઝાર ૨૨૨

ઍલેક્ઝાંડર, હૉરેસ ૧૭, ૫૪, ૩૩

એલ્વિન ૩૦૦

એસિરિયા ૨૨૨

ઍંટવર્પ ૪૬૩–૪

ઓ. ગૉર્મન ૩૨૭

ઓરિસ્સા ૫૫

ઑસ્ટ્રેલિયા ૭૯, ૯૬

કટેલી ૧૩૬, ૧૩૯, ૧૬૦, ૨૫૬, ૩૨૬, ૩૩૨, ૩૩૩, ૩૪૮, ૩૬૪

કબીર ૨૧૪

કમળાબહેન ૧૬૩

કમળાશંકર ૪૨

'કમિંગ સ્ટ્રગલ ફૉર પાવર' ૩૩૯–૪૦

કરાંચી ૩૧૫, ૩૩૭

કર્ણાટક ૧૫૯, ૩૧૦

કર્નલ માર્ટિન ૨૫૨

કર્નલ વેજવૂડ ૩૩૭

કર્મચાંડાલ ૩૩, ૩૪–૫

કલકત્તા ૬૯, ૧૧૩, ૧૭૬, ૨૧૭, ૨૨૨, ૨૪૯, ૪૨૦, ૪૩૩

કલિકટ ૪૭૯, ૪૮૭

કંચનજંઘા ૬૨

કંટક, પ્રેમાબહેન ૮૦, ૧૯૧, ૨૩૨, ૩૪૧, ૩૬૩

'કાગાવાનું જીવનચરિત્ર' ૨૩૮–૯

કાઠિયાવાડ ૩૪૧

કાનપુર ૧૦૩, ૨૧૭
'કાયદાની શિખામણ' ૨૧૨
કાર્લ હીથ ૩૫૫
કાલેલકર, કાકાસાહેબ ૧૮, ૧૯, ૨૧, ૨૭, ૬૭, ૯૮, ૧૫૪, ૧૭૩, ૧૭૫, ૧૭૯, ૧૮૯, ૧૯૫, ૨૦૩, ૨૧૦, ૨૧૪, ૨૧૬, ૨૧૮, ૨૬૨, ૨૭૧, ૨૭૨, ૨૯૨, ૩૩૦, ૩૩૧, ૩૫૨, ૩૫૩, ૩૫૪, ૩૫૫, ૩૫૭, ૪૪૯, ૪૬૧, ૪૯૩; ૦ ઉપવાસ અંગે ચર્ચા ૨૬૩-૫; ૦ શિક્ષક ૧૭૭-૮
કાલેલકર, બાળ ૩૨૪
કાશ્મીર ૨૧૮
કાલિદાસ ૩૬૦
કિચનર ૧૧૭, ૨૧૫
કીકાભાઈ ૪૪૮
કીકીબહેન ૧૮
કુરેશી, વહીદ ૩૨૪
કુરેશી, હમીદ ૩૨૪
કુંઝરુ, પંડિત હૃદયનાથ ૧૦૩, ૧૮૧, ૨૨૧
કુંભકોણમ્ ૧૬૬
કૃપાલાની, ગિરધારી ૧૮
કૃષ્ણદાસ ૨૪૮
કૃષ્ણા ૫૭
કૅનેડા ૪૫૪, ૪૬૩, ૪૭૧, ૪૭૨
કૅનેનોર ૧૯૨
કેન્ટર્બરી ૩૦૦
કૅલનબૅક ૨૨૭, ૩૬૦
કૅલપ્પન ૧૯, ૨૭, ૨૮, ૫૧, ૯૮, ૧૪૦, ૪૭૯, ૪૮૨; ૦ સાથે ગાંધીજીના ઉપવાસ શાથી? ૬
કૅલિફોર્નિયા ૪૭૧
કેવલાનંદ, સ્વામી ૩૭૧
કેવળરામ ૨૨૬
કેશવજી ૩૨૨
'કેસરી' ૧૪, ૧૮
કેળકર, ૧૪૪, ૧૮૦, ૨૯૧, ૩૦૩; -ની મંદિરપ્રવેશ અંગે સૂચના ૧૪૨; -નું પ્રાયશ્ચિત્ત ૧૪૪
કેળકર, કાશીનાથ ૧૪૨
કોઈમ્બતૂર ૨૨૮
કોદંડરાવ ૧૩૭, ૧૩૮, ૧૫૮, ૧૬૧, ૧૬૪, ૧૯૦, ૨૭૬, ૨૭૭
કૉન્ડન, મિ. ૩૨૫, ૩૨૬
કોહાટ ૨૦૯, ૨૭૦
કૉંડોર્સે ૧૯૨
'ક્રૉનિકલ' ૧૬૫, ૧૭૬, ૩૩૦
કૉમવેલ ૪૨

ખંડાલા ઘાટ ૩૨૬
ખંડેરાવ ૩૨૬
ખંભાતા, બહેરામ ૨૧૯, ૨૫૩, ૨૮૪
ખાન, અબ્દુલ ગફ્ફારખાન ૪૯૯
ખાબારોવ્સ્ક ૩૩૭, ૩૩૯
ખાસગીવાલે ૩૦
ખુરશેદબહેન ૨૬૨, ૨૬૮-૯, ૨૭૩, ૪૩૦
ખેડા, ૪૮૮
ખ્વાજા, ૨૦૯

ગઢવાલ ૩૧૬
ગંગા ૨૮૫
ગાડગીલ, મિસિસ ૮૬
ગાંધી, કસ્તૂરબા ૧૩૦, ૧૮૫, ૨૮૩, ૨૯૫, ૩૨૪, ૩૨૫, ૩૩૩, ૩૪૧, ૩૬૨-૩, ૩૬૪, ૪૩૧, ૪૪૫-૬, ૪૫૧, ૪૬૭, ૪૬૮, ૪૭૮
ગાંધી, કાશીબહેન ૨૧
ગાંધી, ગોકળદાસ (ઉર્ફે કાળિદાસ) ૧૫૬
ગાંધીજી ૦ અનાસક્તિ વિષે ૧૪૧; ૦અને સંતતિનિયમન ૧૦; ૦અપમાનિત કોણ થાય? ૩૦૮; ૦અફઘાનનું રાજ હોત તો? ૧૦૭; ૦'અફર'નો અર્થ ૨૫૯; ૦અ-રાજ્યવાદી ૧૪૦; ૦અલંકારો પહેરવા વિષે ૫૭; ૦અલીભાઈઓથી કેમ છૂટા પડચા? ૨૦૯; ૦અવતાર? ૪૦૧; ૦અવૈદ્ય પરિષદમાં ભાષણ ૩૦૩-૧૭; ૦અસત્ય વિષે ૧૧૩-૪; ૦અસહકાર ૧૨૮; -નો અર્થ ૧૩૨-૩; ૦અસ્પૃશ્યતા

વિષે જુઓ અસ્પૃશ્યતામાં; ૦અસ્પૃશ્યતાનિવારણ વિષે જુઓ અસ્પૃશ્યતાનિવારણમાં; અહિંસા. ૨૩૪, ૦અસિધારા છે ૧૧૨, —થી જ ગુંડાપણું જિતાય ૨૧૦; ૦અહિંદુઓ હરિજનસેવા કેવી રીતે કરે ? ૮૯-૯૦; અંગ્રેજો સામે દ્વેષ નથી ૩૦૭; ૦અંતરના અવાજ વિષે ૩૮—૯, ૧૪૯-૫૦; ૦અંતઃસ્ફૂર્તિ વિષે ૩૦; ૦આજના રાવણો ૨૭૮; ૦આજની વ્યવસ્થા રહે તો વર્ણો નાશ પામે ૧૧૨; ૦આજે સત્તા લેવાનો વિચાર ન હોય ૨૯૮; ૦આઝાદી આપણા બળથી મેળવવાની છે ૩૧૫; ૦આત્મકથાનાં સ્મરણો ૧૫૬; આત્મશુદ્ધિ —ની આવશ્યકતા ૪૦૨, ૦વિના અસ્પૃશ્યતા ન જાય ૪૦૫; ૦આત્મા એક છે ૯૬; ૦આધ્યાત્મિક બાબતમાં અંતઃપ્રેરણા જ ચાલે ૨૭૪; ૦આનુવંશિકતા વિષે ૯૫; ૦આપણે સૌ બૉમ્બોની વચ્ચે બેઠેલા છીએ ૨૭૭-૮; ૦આર્યત્વની ભાવનામાં દોષ છે ૧૪૫; ૦આ વખતે સરકાર ચિડાઈ છે ૩૪૧; આશ્રમ ૦કેમ શોભે એની ચિંતા ૧૯૧, —ના પ્રયોગો વિષે ૨૨—૨૩, ૦મારી મૂર્તિ છે ૨૮૩, —માં કોણ રહે ? ૪૨-૩, —માં ફેરફારો વિષે ૩૦૨—૩, ૦વાસીઓ સિંહનીતિ ધારણ કરે ૩૨૪, ૦વિષે મંથન ૨૫૪-૫, ૦આશ્રમીઓ સાથે લડત અંગે ચર્ચા ૩૧૭-૮; ૦આશ્રમે લડત આવ્યે હોમાઈ જવું જોઈએ ૩૧૮; ૦આશ્રમધર્મ વિના વર્ણધર્મ ન સંભવે ૧૪૫; ૦ઇસ્લામની મૂર્તિપૂજા ૨૧૩; ઈશ્વર ૦ગજાઉપરવટની કસોટી નહીં કરે ૨૯૧; છે ? ૪૧, ૦જબરદસ્તી ઇચ્છે ? ૧૭, —ના ચલાવ્યા ચાલવું ૭૦, ૦સાક્ષાત્કાર વિષે ૪૧૧-૨, હૃદયમાં વસે છે ૨૮૯; ૦ઉપવાસ વિષે જુઓ ઉપવાસમાં; ૦ઊંચનીચ ગુણથી બને છે ૨૩૩; ૦એકલા જ ઉપવાસ કેમ કરે ? ૧૯-૨૦; ૦એકાએક આવેલા સ્વરાજ વિષે ૧૩; ૦એકાકી ઝૂઝવાનું આવે તેથી પ્રયોગ ન છોડાય ૧૯૩; ૦ કરજ વિષે ૯૬; ૦કામવાસના વિષે ૧૬૧; ૦કાયદા તોડનાર માનવદયાના કામની છૂટ માગી શકે ? ૩૨૮; ૦કાળ પણ સત્ય જ ૧૯૩-૪; ૦કુટુંબોમાં ઝઘડા કરાવવા આવ્યો છું ૧૬૫; ૦કૃષ્ણ-ઈશુ વિષે ૪૦; ૦કેદીઓના ધર્મ અને અધિકાર વિષે ૧૩૨; ૦કેદીઓની ફરજ ૧૫૬; ૦કેદીની ફરજ અને અધિકાર ૧૭૨; ૦કરકસર વિષે ૨૨; ૦કેલપ્પનને કેમ ન છોડાય ? ૨૮; ૦કેલપ્પનવાળો ઉપવાસ સહાનુભૂતિનો ૩૯; ૦કેલપ્પન સાથે ઉપવાસ શાથી ? ૬; ૦કેવા હિંદુ ધર્મ માટે પ્રાણત્યાગ ૧૭૯; ૦કેવી સ્ત્રીએ પરણવાની જરૂર ? ૨૫૪; ૦કેળવણી વિષે ૧૫૬; ૦કોઈના ખોરાકની ટીકા ન કરાય ૩૦૩; ૦ક્રોધ સાથે ઝેર હોય જ ૮૧; ૦ખોટા નિર્ણયો બદલ્યા છે ૨૫૯; ૦ખોરાક અનુગ્રહ માનીને લેવાય ૫૮; ૦ખોરાક દવાની જેમ લેવાય ૯૧; ૦ગણતરીબાજીથી લડત ન ચલાવાય ૩૧૪; ૦ગુજરાતમાં હરિજન કામ મુશ્કેલ ૩૨૩; ૦ગોખલેજયંતીની ઉજવણી વિષે ૭૧; ૦ગોખલેના બાદશાહી સ્વાગત વિષે ૫૨—૩; ૦ગોખલેની ચૂંથીનો પ્રસંગ ૩૫૯-૬૦; ૦ગોખલે પાસેથી શું શીખ્યા ? ૨૪૯; ૦ગોહિલ સાથે વર્ણાશ્રમ અંગે ચર્ચા ૧૧૦-૨; ૦ગ્રામસેવક અને ઘડિયાળ ૫૬; ૦ચરમાં ઉતારવાનો પ્રયોગ ૨૦૩; ૦ચંગીઝખાનની રીતે જગત ન નભે ૯૮;

૦ચારિત્ર્યનું મહત્ત્વ ૧૦૧; ૦ચિઠ્ઠી નાખવા વિષે ૧૫૯-૬૦; ૦ચૂંટણી વિષે આંબેડકર સાથે ચર્ચા ૨૪૨-૪; ૦ચૂંટણી વિષે નિવેદન ૨૪૪-૫; ૦ચૂંટણી વિષે વલ્લભભાઈ સાથે ચર્ચા ૨૪૫-૬; ૦છૂટાછેડાના અધિકાર વિષે ૬૭; ૦જીવમાત્રની સેવા કેમ થાય? ૫૭; ૦જીવવું એટલે સફળ જીવવું ૨૭૩; ૦જેલજીવન અને ગીતાનું શિક્ષણ ૧૭૨; ૦જ્ઞાતિ અને વર્ણ ૧૨૩-૪; ૦જ્ઞાનીના અકર્મનો અર્થ ૩૫૧-૨; ૦ટાઇપિસ્ટોની વાતો ૨૧૯; ૦ડૉ. સુબ્બારાયનના બિલ વિષે ૩૭૬; ૦થોડા માણસોથી લડત તેજસ્વી થાય ૬૯; ૦દક્ષિણ આફ્રિકાનાં સ્મરણો ૫૨; ૦દયાની અતિશયતા એ હિંસા ૮૮; ૦દર્શનના જુદા જુદા સમય નક્કી કરવા વિષે ૫, ૧૪-૫, ૪૮, ૭૩, ૩૭૭, ૩૭૯-૮૨, ૩૮૪; ૦દુઃખની વાત જ્યાં ત્યાં ન થાય ૪૪; ૦દેવદાસીની પ્રથા વિષે ૨૧૩-૪; ૦ધર્મ અંતરની વસ્તુ છે ૨૮૮; ૦ધર્મથી વેગળા જવાની શરત ન થાય ૫૩-૪; ૦ધર્મની વ્યાખ્યા ૪૦૭; ૦ધર્મ ને ઈશ્વર ન ભુલાય ૨૮૨; ૦ધાર્મિક આંતરવિગ્રહ અશક્ય છે ૩૯૦; ૦નબળાઈને કારણે અપીલ ન થાય ૩૦૭; ૦નર્મદાશંકર વિષે ૨૩૦; ૦નાકરની લડત વિષે ૨૩૬, ૨૯૭, ૩૦૧; —ના જીવન પ્રસંગો ૨૭૧; —ના જીવનમાં શ્રેય ને પ્રેયનો અભેદ ૪૭; ૦નાટકોનો શોખ ૩૪૪; —ની આશ્રમ વિષે ચિંતા ૨૪૦-૧; —ની આંબેડકર સાથે ચર્ચા ૧૧૭-૨૨; —ની તાત્કાલિક માગણીઓ ૩૩૦; —ની દયાનો નમૂનો ૯૯; —ની દયાવૃત્તિનું એક પાસું ૨૪૮; —ની નીલા વિષેની લાગણી ૨૩૭; —ની બિનશરતી મુક્તિ ૩૬૫; —ની બુદ્ધ સાથે સરખામણી ૪૦૦; —ની શ્વેતપત્ર વિષે ઉદાસીનતા ૧૯૪-૫; —ની સત્યપાલનની ચીવટ ૨૧; —નું જેલજીવન ૯; —નું છાપાંજોગ નિવેદન ૪૯૭-૯; —નું ધરપકડ પછી નિવેદન ૩૨૪; —નું પોતાની સ્થિતિનું વર્ણન ૩૬૫; —નું મંથન ૨૫૫-૭; —નું મૅજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન ૫૦૫-૬; —નું વજન ૩૫૪; —નું વાચન ૩૩૯-૪૦; —ને સમજાવવું સહેલું છે ૩૫૮; —નો આશ્રમના ત્યાગ વિષે તાર ૫૦૪; —નો આશ્રમનો કબજો લેવા બાબત કાગળ ૪૪૯-૫૦૪; —નો ઉપવાસ વિષે સંદેશો ૪૨૬-૭; ૦ નોટિસભંગનું નાટક ૩૬૭-૮; —નો નીલાના પુત્ર પર પ્રેમ ૨૪૯; —નો પ્રેમ ૧૬૭-૮; —નો સામ્યવાદ હિંદુ ધર્મમાંથી ૬૩; ૦પતિપત્ની-સંબંધ વિષે ૨૩૦; ૦પસ્તીમાંથી ઉપયોગી વસ્તુ ૨૨-૩; ૦પારણાં વખતનું પ્રવચન ૪૫૦; ૦પુનરુદ્ધાર નહીં પણ સુધારો કરવો છે ૧૫૦; ૦પૂજાર્થીના હક વિષે ૩૯૯-૪૦૦; ૦પૂનમચંદ રાંકાનો કેસ ૨૦૩-૪; ૦પોતપોતાના વર્ણમાં પરણવું ઇષ્ટ છે ૧૮૬; ૦પોતાના વિકારોથી બાળકોને ન મપાય ૨૨-૩; ૦પોતાને માટે બીજી જેલની સૂચના ૩૫૭, ૩૫૮; ૦પ્રચાર-કાર્યની મર્યાદા ૪૭૬-૭; ૦પ્રતિજ્ઞા-પાલનનો હર્ષ ૨૦૧; ૦પત્રલેખન —એક કળા ૭૦-૧; ૦પ્રાચીન પુરુષોના ગુણનું પાલન કરવું ૨૫૦; ૦પ્રાથમિક જરૂરિયાતો યંત્રાધીન ન કરાય ૨૫૨; ૦પ્રાપ્ત-કર્મ છોડીને ધર્મ ન સચવાય ૩૬૧; ૦પ્રાયશ્ચિત્ત દ્વારા પ્રચાર ૩૯૪; ૦પ્રાયશ્ચિત્ત માટે ઉપવાસ ૨૮૫; ૦પ્રાર્થના વિષે ૧૭, ૪૪; ૦પ્રેમ વિષે ૩; ૦ફરજિયાત લશ્કરી

ભરતી વિષે ૧૫૦; ૦ફિનિક્સ પાછળની ભાવના ૧૪૬; ૦બધા એક થાય તો દેશી રાજ્યોને હંફાવાય ૧૯૬; ૦બધાનો વર્ણ શૂદ્ર છે ૧૭૭; ૦બધું ઈશ્વર કરાવે છે ૨૭૧; ૦બને એટલું આકાશ નીચે રહેવા વિષે ૫૫–૬; ૦બહુમતી લઘુમતીને ભડકાવે નહીં ૪૭; ૦બહાર કેદીનો પોશાક પહેરવા વિષે ૨૨૧-૨; ૦બહારની સ્થિતિ વિષે અભિપ્રાય ન અપાય ૮૭; ૦બળજબરી નથી ૨૬૧; ૦બાની બહાદુરીને મણા નથી ૩૬૩; ૦બિલો વિષે ચર્ચા ૨૫૨-૩; ૦બીજાનાં કર્મોનો ન્યાય ન તોળવા વિષે ૨૩૪; ૦બુદ્ધિથી વિરુદ્ધ શાસ્ત્ર ન મનાય ૨૩૩; ૦બે ઘોડે ન ચડાય ૭૫; ૦બ્રહ્મચર્ય વિષે ૧૩, ૨૦૯; ૦અને સંતતિનિયમન ૧૮૨-૩; ૦બ્રહ્મચર્ય પાળનાર વિવાહિતનો ધર્મ ૪૩; ૦બ્રહ્મચર્યવ્રત વિષે ૧૬૫-૬; ૦બ્રાહ્મણોનો બચાવ ૧૨૫; ૦બ્રાહ્મીસ્થિતિ વિષે ૫૮; ૦ભંગીને ન અડવા પાછળ તિરસ્કાર છે ૨૫; ૦ભાંગીને ભૂકો થવાની તૈયારી જોઈએ ૩૧૨; ૦મજૂરને નિરાધાર ન મુકાય ૧૮૧; ૦મરી ગયેલા માણસો કામ કરે છે ૨૮૮; ૦મહાન કોણ? ૩૯; મંદિર ૦અને દેવળો વિષે ૧૩૩; –ની આસપાસના જીવનનો જીર્ણોદ્ધાર ૧૧૪-૫, –ની શુદ્ધિ કરવાની સૂચનાની ઉત્પત્તિ ૩૮૫, –નો નાશ નહીં, ૦સુધારો ૧૫. –માં ચોરીછૂપીથી નથી પેસવું ૧૦૦, –માં જનારા મંદિરપ્રવેશનો નિર્ણય કરે ૩૭૫; ૦મંદિરપ્રવેશ ૮૪, ૧૦૦, ૦અને આર્યસમાજીઓ વગેરે ૧૮૧, ૦આધ્યાત્મિક વસ્તુ છે ૧૨૧, ૦ધર્મ તરીકે ૩૬, –ની ચળવળથી આધ્યાત્મિક પરિણામ લાવવાની ઇચ્છા ૯૦, –ની ચળવળ નકામી નથી ૭૨-૩, –ની લડતમાં પરધર્મી ભાગ ન લે ૫-૬; –નું મહત્ત્વ ૬, ૦માટે ધારાસભાનો ઉપયોગ થાય ૫૪–૫, ૦વિષે કેળકર સાથે ચર્ચા ૧૪૨, ૦વિષે ચર્ચા ૧૨૫-૬; ૦માટીના પાટા બાંધવાનું કેમ શરૂ કર્યું? ૧૨૯; ૦માતાએ કાઢા કેવી રીતે છોડાવ્યા? ૭૩; ૦માતાના ધર્મ વિષે ૫૭; ૦માર્ગદર્શક વર્દી ૧૮૮; ૦માલવીયજીના સમાધાનની ભૂલો ૮૩; ૦મિત્રતા વિષે ૨૨૭; ૦મિશ્રવર્ણ વિવાહ વિષે ૧૮, ૬૮; –નો અર્થ ૬૧; ૦મૂર્તિપૂજા વિષે ચર્ચા ૨૧૪-૬; ૦ મૃત્યુ પહેલાં કોઈનું મૂલ્ય ન થાય ૪૦; ૦મૅટ્રિકની પરીક્ષા કેવી રીતે આપી? ૪૨; ૦મોફૂફી લંબાવવાનાં કારણો ૩૦૬; ૦યજ્ઞોપવીત વિષે ૨૯-૩૦; ૦રજસ્વલા ધર્મ વિષે ૨૬; ૦રંગા આચરનાં બિલ ૧૪૨–૩; ૦રાજકીય પરિસ્થિતિ વિષે ૨૯૬–૯; ૦'રાજદ્વારી બાબત'નો અર્થ ૧૮૧; ૦ રાજાજીની માફીનો પ્રસંગ ૪૨૭-૯; ૦રાજાજીની માફી માગી ૨૮૯; ૦રાજાજીનો બચાવ ૩૧૪; ૦રાજાજી સાથે પરિસ્થિતિની ચર્ચા ૨૯૮-૩૦૧; ૦રાણીના ઢંઢેરાની નીતિનો ભંગ? ૩-૪; ૦રાષ્ટ્રભાષાનો અભ્યાસ કરવા વિષે ૩૦૪; ૦રોગથી મરવા કરતાં ઉપવાસથી મરવું સારું ૩૫૬; ૦રોટીબેટીવ્યવહાર અને અસ્પૃશ્યતાનિવારણ ૨૬; ૦લડતને અંગે સલાહ ન અપાય ૭૪; ૦લડતમાં ગુપ્તતાને સ્થાન નથી ૭૬-૮, ૨૯૭, ૩૧૪; ૦લડતમાં મેલ ભરેલો છે ૧૯૯; ૦લંડન મૅટ્રિકની અને અહીંની મૅટ્રિકની પરીક્ષાના સવાલ ૩૫૯; ૦લોકમત વિષે ૨૫૧; ૦લોકોના માણસ ૪૫; વડીલો પ્રત્યેની ફરજ ૧૧૩; વર્ગીય આંટ ન મગાય ૨૨૧;

વર્ણ ૦અને ધંધા વિષે ૧૮૫–૬, –નો કાયદો માનવો જ જોઈશે ૧૨૪, –માં ઊંચનીચતા નથી ૬૨, ૦સંકરનો અર્થ ૧૬–૭, ૯૪-૫; ૦વર્ણધર્મ વિષે ૬૨–૪; ૦વર્ણવ્યવસ્થા વિષે ૧૩૪; વર્ણાશ્રમ ધર્મ વિષે ૯૩-૪, ૧૪૪–૬, ૧૫૨-૩, ૦નવો ઘડવો પડશે ૯૫; ૦વલ્લભભાઈને ઉપાડી ગયા તેનું દુઃખ ૩૩૨; ૦વલ્લભભાઈને સરકારે છેતર્યા છે ૩૩૨-૩; ૦વલ્લભભાઈનો ઉપયોગ ૩૪૪; ૦વાઇસરૉયનું વલણ ખોટું છે ૩૨૧; ૦વિકારને વશ કેમ કરવા? ૮૨; ૦વિલાયત કેવી રીતે ગયા? ૪૨; ૦વીશીઓ અને રેસ્ટોરાંમાં હરિજનોના પ્રવેશ વિષે ૧૧; ૦વેદ વિષે ૬૬; ૦વેલણકર સાથે ચાંડાળ કોણ એ વિષે ચર્ચા ૧૦૯–૧૦; ૦વ્યક્તિગત સવિનયભંગ વિષે ૩૧૩, ૩૧૬, ૩૧૯-૨૦; ૦વ્રતનું પાલન કરનાર જ આશ્રમમાં રહે ૨૭૪; ૦વ્રતભંગ વિષે ૧૧૪; ૦શરીરની ઉપેક્ષા ન થાય ૫૮; ૦શરીર સાથે મનના પણ ઉપવાસ ૨૬૮: ૦શંકરાચાર્યની ભૂલ ૨૨૫-૬; ૦શાસ્ત્રનો અર્થ ૧૫૪; ૦શાસ્ત્રો — ધર્મના રક્ષણ માટે ૩૬; ૦શીખો અને હરિજનકાર્ય ૧૬૨; ૦શેતાનની દોરવણી નથી ૨૭૦; ૦શૌકતઅલીના લગ્નનો બચાવ ૨૫૦; ૦શ્રદ્ધા અથવા અનાસક્તિની વ્યાખ્યા ૧૪; ૦શ્રદ્ધા સાથે બુદ્ધિ પણ જોઈએ ૨૬૫; ૦શ્રમજીવી કોને કહેવો? ૧૮૪; ૦શ્રાદ્ધની પ્રથા વિષે ૩૦; ૦સત્ય વિષે ૨૮, ૧૯૮, ૧૯૯, ૨૦૫, ૦અને અહિંસા નિર્ભયતા માગે છે ૮૮, ૦અને અહિંસાનો વિરોધી તે ધર્મ નહીં ૭૩, ૦ઈશ્વર છે એ શામાંથી નીકળ્યું? ૧૧૬, –નો નાશ નથી ૨૮૮, ૦સત્યાર્થી બળવાન હોઈને સમાધાન કરે ૪૭;

સત્યાગ્રહ વિષે ૩૪૩-૪; ૦માં ભળનારાના બે પ્રકાર ૭૬; ૦સત્તાને માટે ન હોય ૩૪૩; ૦સત્તાને સાફ કરવા ૩૪૨; ૦સત્યાગ્રહીને આરામ ન હોય ૩૧૧; ૦સત્યાગ્રહીને થાકવાનું ન હોય ૩૦૯-૧૦; સનાતન ધર્મ વિષે ૬૪; એટલે શું? ૩૭૪; –ને સજીવન કરવો છે ૩૭૮; –નો અનર્થ ૬૫; ૦સનાતનીઓ અને ઍન્ટિક ૨૫૧; ૦સનાતનીઓને દર્શન માટે જુદો સમય ૪૭; ૦સમાધાનનાં દ્વાર બંધ ન કરું ૩૧૯; ૦સમાધાન વિના લડત પાછી ન ખેંચાય ૩૧૩; ૦સરકાર વિષે ૨૩-૨૪; ૦સરકારથી પોતાની હાર સંખાતી નથી ૩૪૫; ૦સરકારના જવાબો અંગે તરંગો ૩૪૬; ૦સરકારના હુકમ ૩૯૪; ૦સરકારની નીતિ વિષે ૧૯૨; ૦સરકારને પોતાની માગણી સમજાવી ૩૫૨; ૦સરકાર પોતાની નબળાઈ જોઈ શકતી નથી ૩૬૨; ૦સરકાર સાથે લડવા સત્તા પણ લેવી પડે ૯૮; ૦સરકારી જાસૂસ સાથે ઉપવાસના સ્થળ અંગે વાત ૨૭૫-૬; સવિનયભંગ ૦અને અસ્પૃશ્યતાનિવારણનું કાર્ય ૩૮૭-૯; ૦અને હરિજન કામ ૧૦-૨; ૦છોડીને અસ્પૃશ્યતાના કામમાં પડાય? ૧૧, ૧૮; –ની શક્તિ વિના બીજું કામ ન ચાલે ૩૧૩; ૦સામુદાયિક ૩૧૯; ૦સહકાર-અસહકારની મીમાંસા ૧૦૦–૧; ૦સંગીન કારણ વિના લડત થંભાવાય નહીં ૩૧૨; ૦સાચો હિતેચ્છુ ૮૦; ૦સામે ત્રણ પાપોનો આક્ષેપ ૩૦૫; ૦સાસૂન હૉસ્પિટલમાં ખસેડયા ૩૬૪; ૦સિદ્ધાંત નિરપવાદ જોઈએ ૯૪; ૦સિનેમા વિષે ૯૩; ૦સુબ્બારાયનના બિલ વિષે ૩-૪; ૦સુબ્રહ્મણ્યમ્ સાથે શાસ્ત્રાર્થ ૩૧-૭; ૦સુરાજ્ય સ્વરાજ્યની અવેજી

ન થઈ શકે ૩૪૨; ૦સેવકો માટે પ્રતિજ્ઞાની જરૂર ૧૮૦; ૦સ્ટેન્લી જોન્સની મુલાકાતની નોંધ વિષે ૧૩૧; ૦સ્ટેન્લી-જોન્સ સાથે ચર્ચા ૧૨૨-૬; ૦સ્ત્રીઓને અભ્યાસપરાયણ બનાવવા વિષે ૧૭૮; ૦સ્વપ્નદોષના ઉપાય ૫૪; ૦સ્વદેશી ધર્મ વિષે ૭૯-૮૦; ૦સ્વરાજ વિષે ૨૮; હરિજન ૦ઉદ્ધાર અને ૪૮; ૦જાતિ ન છુપાવે ૭૨; —ના પ્રવેશ પછી મંદિરની શુદ્ધિ કરવા વિષે ૫; —ના સવાલમાં સ્વરાજ આવી જાય ૨૬૯; —ની આર્થિક સ્થિતિ વિષે ૭; —ને મૅટ્રિક માટે તૈયાર કરાય? ૬૭; —ને સલાહ ૩૨૧–૨; —નો કોપાગ્નિ સળગે તો? ૨૧૭; ૦મંદિરમાં કેવી રીતે જાય? ૩૮૫; —માં શક્તિ આવે ત્યારે? ૨૦૦–૧; —રૂઠે તો શું કરે? ૨૬૯; ૦શબ્દની ઉત્પત્તિ ૩૮૭; ૦હરિજન સેવક સંઘમાં ન જોડાય ૩૨૨–૩; ૦'હરિજન'માં ઉપવાસ વિષે કાંઈ ન લખાય ૩૫૪; હરિજનકાર્ય અંગે કાગળ ૩૪૫; ૦અને સવિનયભંગ ૧૦૬; —ને શુદ્ધ રાખવાનો એક જ ઉપાય ૨૮૦; ૦માટે હિંદુઓ જ પૈસા આપે ૨૨૧; —માં વ્યવસ્થાખર્ચ ૨૨૦; ૦હળેબીડના દેવળની કળા વિષે ૧૬૧; ૦હિંદી યુરોપિયનમાં ભેદભાવ ન થાય ૩૭-૮; હિંદુ ધર્મ વિષે ૧૫; ૦અતિશય સહિષ્ણુ છે ૨૧૧; ૦એ મહાસાગર છે ૨૧૧; —નાં મુખ્ય અંગ ૨૯; —ને સાદું રૂપ આપવાની ચર્ચા; ૨૦૮-૧૭; ૦મરવા પડચો છે ૩૬; —માં ઉપવાસને સ્થાન ૪૨૩-૪; ૦હિંદુમુસ્લિમ એકતા વિષે ૧૮; ૦ક્યારે થાય? ૨૨૨; ૦હૃદયને શોધવા ઉપવાસ ૨૮૯; ૦'૨૦-૨૧ના કાર્યક્રમ વિષે ૨૩૬; ૦'૫૭ પછીની અને '૩૩ ની સ્થિતિની સરખામણી ૧૨૭

ગાંધી, દેવદાસ ૧૧, ૭૫, ૮૦, ૧૦૦, ૧૨૮, ૧૭૨, ૨૫૬, ૩૩૩, ૩૪૨, ૪૧૯, ૪૪૫, ૪૭૮, ૪૮૩–૪; ૦ઉપવાસ વિષે ચર્ચા ૨૫૬–૬૫

ગાંધી, નારણદાસ ૩, ૨૧, ૪૬, ૧૧૨, ૧૧૪, ૧૬૫, ૧૬૭, ૧૬૮, ૧૭૮, ૧૮૦, ૧૯૬, ૧૯૭, ૨૩૨, ૨૫૦, ૨૬૨, ૨૯૦, ૩૦૨

ગાંધી, પરમાનંદ ૧૫૬

ગાંધી, પૂતળીબાઈ ૪૮, ૭૩, ૨૭૮, ૨૮૫

ગાંધી, મગનલાલ ૪૬

ગાંધી, મણિલાલ ૯૯

ગાંધી, રામદાસ ૧૬૨–૪, ૨૬૫; ૦ઉપવાસ અંગે ચર્ચા ૨૬૩–૫

ગાંધી, લક્ષ્મી ૩૩૩

ગાંધી, હરિલાલ ૧૮૫, ૨૯૨, ૩૦૩

ગિલ્ડર, ડૉ. ૩૬૨

'ગીતાઈ' ૩૫૨

ગુજરાત ૩૨૩, ૩૮૭

ગુપ્તા, શિવપ્રસાદ ૧૭૨, ૧૯૨

ગુરુવાયુર ૧૪૧, ૨૨૦, ૩૭૯, ૩૯૧, ૩૯૩, ૩૯૪, ૪૦૦; —ની લડત ૬–૭; —નું પ્રકરણ ૨૭

ગુલામ જીલાની ૮૮

ગૂજરાત વિદ્યાપીઠ ૯, ૩૨૪

ગોખલે, ગોપાળ કૃષ્ણ ૫૪, ૭૧, ૧૮૯, ૨૭૩; —ની ચૂંધી ૩૬૦; —નું દક્ષિણ આફ્રિકામાં સ્વાગત ૫૨–૩; ૦માફી માગવાનો પ્રસંગ ૨૪૯

ગોડફ્રે, ડૉ. ૨૩૧

ગોપાલન ૮૪, ૮૫, ૧૩૦, ૧૭૫, ૧૯૪–૫, ૨૨૪, ૨૨૫, ૨૪૪

ગોમતીબહેન ૧૩૭

ગોરખપુર ૧૮૯

ગોરડિયા ૮૧

ગોવર્ધનરામ ૩૫૯

ગોવા ૧૯૩

ગોવિંદ રાઘવ ૩

ગોશીબહેન ૪૩૦

'ગૉસ્પેલ ટ્રમ્પેટ' ૨૩૮

ગોસ્વામી, શ્રી અમલેન્દુ ૪૬૭-૯
ગોહિલ ૧૧૦-૨
ગોળમેજી પરિષદ ૩૮-૯
ગૌતમ બુદ્ધ ૫૦, ૨૦૭, ૨૮૫, ૩૪૮, ૪૦૦, ૪૬૯
ગૌર ૬૭, ૩૪૮
ગ્રીનલીસ, ડંકન ૮૯, ૧૬૬, ૧૮૦, ૨૦૧-૨, ૩૨૩, ૪૯૧
ગ્રીસ, ૧૬૨, ૨૪૨
ગ્લૅડસ્ટન ૧૧૯
ગ્વાલિયર ૨૩૪
ગ્રેહામસ્ટાઉન ૮૯
ચક્રવર્તી, અમીય ૪૪૯
ચટ્ટોપાધ્યાય, કમળાદેવી ૧૬૪
ચમારો ૭
ચર્ચ ૧૨૬
ચંગીઝખાન ૯૮, ૨૭૦
ચંપારણ ૧૭
ચાંડાલ ૩૬; ૦કોણ? – એ વિષે શાસ્ત્રાર્થ ૩૧
ચિંતામણરાવ ૧૧૧
ચિંતામણિ ૧૯૬
ચીતળિયા, કરસનદાસ ૭૧
ચીન ૩૩૬
ચેટ્ટી, ષણ્મુખમ્ ૨૫૩
ચોખામેળા ૧૧૦, ૧૫૪
ચોધરી, રામનારાયણ ૨૧૭
છબલદાસ ૧૮
છોટેલાલ ૨૮૩
જનક રાજા ૩૫૧-૨
'જનતા' ૧૩૯, ૧૫૪
જમનાદાસ ૧૬૨, ૧૬૯, ૧૭૧, ૧૭૨, ૧૭૬
જમશેદપુર ૧૧૩
જમિયતસિંગ ૧૬૨
જયકર ૧૩, ૨૩, ૨૪, ૬૨, ૯૮, ૧૦૬, ૧૫૪
જર્મની ૧૫૦, ૨૫૫, ૨૩૭, ૩૩૬, ૪૪૦, ૪૬૩, ૪૭૧
'જસ્ટીસ' ૩૮૩
જાજૂજી ૧૯૪, ૨૦૬
જાતિચાંડાલ ૩૪-૫; ૦ અને કર્મચાંડાલ ૩૨; -નું પ્રાયશ્ચિત્ત ૩૨
જાદવ ૯૨, ૨૯૩, ૪૫૩
જાપાન ૧૮૧, ૨૩૪, ૨૩૯, ૩૫૩
જિનીવા ૧૮૭
જીવરામભાઈ (ઓરિસાવાળા) ૫૫
જૅક્સન ૪૨
જેધે ૭૨, ૭૩
જેનર, મિ. ૩૨૭
જેરામદાસ ૩૪૨
જેસુખલાલ ૮૮
જોન આફ આર્ક ૧૪૭, ૩૫૬
જોનસન, એડિ ૩૫૫
જૉના ૨૨૨
જોન્સ, સર રોડરિક ૨૫૧
જોન્સ, સ્ટૅન્લી ૧૩૧; ૦ અસ્પૃશ્યતા-નિવારણ વિષે ચર્ચા ૧૨૨-૬; ૦ઉપવાસમાં દબાણ હતું? ૧૨૬; ૦મંદિર-પ્રવેશ વિષે ચર્ચા ૧૨૫-૬; ૦વર્ણ અને જ્ઞાતિ વિષે ચર્ચા ૧૨૩-૪
જોશી, વાસુકાકા ૧૮૦
જોષી, છગનલાલ ૯, ૧૨, ૪૬, ૫૨, ૮૦, ૧૦૯, ૧૬૬, ૧૮૧, ૧૯૪, ૨૦૩, ૨૩૨, ૨૩૬, ૨૪૦, ૨૫૫, ૩૨૬
જોષી, લક્ષ્મણશાસ્ત્રી ૬૦, ૮૩, ૧૩૭, ૧૮૩, ૧૮૬, ૧૯૧, ૨૯૨, ૩૭૧
જોષી, સેમ્યુઅલ ૧૯૩
જોહાનિસબર્ગ ૫૨, ૨૫૭
જ્ઞાતિ ૦અને વર્ણ ૧૨૩-૪
જ્યૉર્જ, લૉઈડ ૧૩
ઝરથુષ્ટ્ર ૨૦૭
ઝામોરિન ૪, ૫૯, ૪૭૯, ૪૮૦; ૦મંદિર-પ્રવેશની હિલચાલ વિષે ૬૦
ટંડન, પુરુષોત્તમદાસ ૩૦૧
'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' ૨૬, ૮૪, ૧૨૯,

28500




૧૪૧, ૧૬૯, ૧૭૫, ૨૨૪, ૩૧૯, ૩૨૩, ૩૨૬, ૩૩૧, ૩૩૩, ૩૩૪, ૩૫૭, ૩૫૮, ૪૯૭, ૫૦૫

ટાગોર, રવીન્દ્રનાથ ૩૯, ૨૬૧, ૨૭૪, ૨૭૬, ૩૩૦, ૩૩૧, ૩૫૧, ૪૩૧, ૪૩૨, ૪૪૯, ૪૬૯–૭૦, ૪૯૧

ટૅાકિયો ૨૩૮, ૨૩૯

ટૅાડ ૩૧૦

ટૅામ્સન ૨૪૦

'ટ્રિબ્યુન' ૧૪૭

ઠક્કરબાપા ૭, ૯, ૨૭, ૫૯, ૭૧, ૨૨૦, ૩૨૨, ૪૪૯, ૪૬૭, ૪૬૮, ૪૮૧

ઠકાર, શંકરરાવ ૭૨

ઠાકરસી, લેડી પ્રેમલીલાબહેન ૬૬–૭, ૧૨૮, ૧૫૮, ૧૭૬, ૧૮૯, ૨૦૫, ૩૪૬, ૩૫૯, ૪૪૮

ડડલી ૩૩૫

ડાહીબહેન ૧૩૦

ડીવેટ ૭૬

ડેક્કન જીમખાના ૨૭૫

ડૅાઈલ ૨૧, ૨૨, ૫૭, ૬૮, ૭૦, ૧૨૭, ૧૩૦, ૧૩૪, ૧૩૬, ૨૦૪, ૩૪૯, ૩૫૮, ૩૬૨, ૪૭૯, ૪૮૨, ૪૮૪

ડૅાળસે ૧૧૭

તર્કભૂષણ, મહામહોપાધ્યાય પ્રમથનાથ ૩૭૧

તર્કરત્ન, પંચાનન ૧૦, ૧૪, ૩૮૪, ૩૮૫

તળેગાંવકર ૭૨, ૨૮૨

તામિલનાડ ૨૧૬

તિલક, લોકમાન્ય ૩૦૮, ૩૨૫

'તિલોત્તમા' ૩૪૦

તુકારામ ૭૩

તુર્ગો ૧૯૨

તુલસીદાસ ૩૫, ૮૮, ૨૧૫, ૪૨૬

તૈયબજી, રિહાના ૨૧૯

ત્રાવણકોર ૧૪૫

ત્રિવેદી, પ્રો. ૧૮૦, ૨૧૮

થર્મોપીલી ૩૧૦

થિયા ૭

દત્ત ૮, ૧૬૨, ૩૪૮

દફ્તરી, કેશવ લક્ષ્મણ ૩૭૧

દયાનંદ સરસ્વતી ૧૪૫, ૪૨૩

દરબાર, ગોપાળદાસ ૫૪

દાદાભાઈ નવરોજી ૪૩૦

દાદુ ૭૩

દારેસલામ ૫૫

દાસ, દેશબંધુ ૨૩, ૧૫૧, ૧૯૫

દાસ્તાને ૫૭, ૩૫૧

દિલ્હી ૧૭૨, ૨૦૯, ૩૪૨

દૂધાભાઈ ૯૪

દેવ ૩૫૧

દેવદાસી ૨૧૩–૪

દેવધર ૫૯, ૬૦, ૭૯, ૧૩૦, ૧૩૫, ૧૩૯, ૧૮૧

દેશમુખ, ડૅા. ૪૫૦

દેસાઈ, દુર્ગા ૩૨૪, ૩૨૫, ૩૪૧, ૩૬૩

દેસાઈ, નારાયણ ૩૩૫

દેસાઈ, ભૂલાભાઈ ૨૧, ૨૪૬

દેસાઈ, મગનભાઈ ૧૧૩

દેસાઈ, વાલજીભાઈ ૧૫૫, ૩૪૨; ૦'ઈશુચરિત' વિષે કાગળ ૮૦

દ્રોણાચાર્ય ૧૫૩

દ્વિવેદી, મણિલાલ ૧૫૭

ધર્મદેવ, આચાર્ય ૬૨–૬, ૬૮

ધારુલકર, ભગવાન શાસ્ત્રી ૩૬૯

ધુરંધર ૨૯૧

ધૂળિયા ૧૪૪

ધ્રુવ, આનંદશંકર ૩૭, ૧૦૦, ૧૭૧, ૩૭૧

નરગીસબહેન ૭૨, ૧૬૩, ૨૬૨

નરસિંહમ્ ૭૦, ૨૯૧

નરોત્તમ મોરારજી ૩૨૬

નર્મદાશંકર કવિ ૨૩૦–૧

'નવજીવન' ૨૬, ૩૦, ૭૭, ૩૧૪

નાગ, શ્રી કાલિદાસ ૪૬૯

'નાગાનંદ' ૨૦૨
'નાતાલ મર્ક્યુરી' ૫૩
નામશૂદ્ર ૭
નાયડુ, સરોજિની દેવી ૯૩, ૨૨૫, ૨૮૩, ૨૮૪, ૨૯૧, ૩૩૪, ૩૪૧, ૪૩૫, ૪૪૮, ૪૭૮
નાશિક ૧૧,૨૩૩, ૩૩૧, ૩૩૨, ૩૩૩, ૩૪૧
નિત્શે ૨૪૧
નિપાણી ૬
નિર્મળાબહેન બકુભાઈ ૨૯૪
નીનેવેહ ૨૨૨
નીમુ ૧૬૩
નીલાનાગિની ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૫૭–૯, ૧૬૧–૨, ૧૬૪, ૧૬૭, ૧૬૮, ૧૭૦–૧, ૧૭૩–૪, ૧૭૫, ૧૭૬, ૧૮૦, ૧૮૪, ૧૮૯, ૧૯૦, ૧૯૫, ૧૯૮, ૧૯૯, ૨૦૪, ૨૦૫, ૨૦૬, ૨૨૪, ૨૨૬, ૨૩૩, ૨૩૭, ૨૩૮, ૨૪૦–૨, ૨૪૯, ૨૫૦, ૨૫૪, ૨૫૫, ૨૬૯, ૨૭૨, ૨૯૧, ૩૨૩, ૪૯૧
નૅશનલ લિબરલ ક્લબ ૩૬૦
નેહરુ, જવાહર ૨૩, ૪૫, ૧૨૭, ૧૮૪, ૧૮૫, ૧૯૧, ૨૩૬, ૨૭૨, ૨૭૪, ૨૭૬, ૩૩૧, ૩૩૯, ૩૪૦, ૩૪૨, ૩૪૬, ૪૨૯–૩૦, ૪૪૦, ૪૯૯
નેહરુ, મોતીલાલ ૨૩, ૨૭૨, ૩૪૨, ૩૪૪
નૈરોબી ૪૬૪
નોબિલ, કૅથલિક પાદરી ૧૯૩
નૉર્વે ૧૮૮
ન્યૂકૅસલ ૪૬૩
ન્યૂયૉર્ક ૩૩૯
પટણી ૮૨, ૧૮૯
પટવર્ધન, અપ્પાસાહેબ ૧૯, ૨૭, ૭૯, ૧૦૧. ૧૩૪, ૧૩૯, ૧૭૯;—ના પ્રકરણ અંગે નોટિસ ૧૩૫–૬
પટવારી, રણછોડદાસ ૨૪–૬, ૪૧–૨, ૮૨, ૧૮૯
પટવારી, વૃંદાવનદાસ ૪૨
પટેલ, ડૉ. ૪૫૦
પટેલ, મોરારભાઈ ૧૫૭
પટેલ, વલ્લભભાઈ –ની ઉપવાસ વિષે દૃષ્ટિ ૨૮૦–૧; –નો ગાંધીજી સામે ઉકળાટ ૪૫-૬
પતંજલિ ૬૨
પદ્મજી ૧૨૭–૮, ૨૭૮
પનગલ ૪
પરમહંસ, રામકૃષ્ણ ૪૦, ૨૮૪, ૪૨૩
પરમાનંદ ૯૮
પરશરામ ૧૮૦
પરીખ, નરહરિ ૧૭,૨૭,૧૮૨, ૨૩૫, ૨૬૫
'પંચ' ૨૦૨
પંજાબ ૧૦૯, ૨૨૭, ૩૩૨, ૪૦૬
'પંજાબના એક ગામમાં જોયેલું અને સાંભળેલું' ૩૪૦
પંડિત, ગિરધરશાસ્ત્રી ૩૦
પંઢરપુર ૩૬૯
પંથકી ૨૭૮
પાટીલ ૭૬, ૭૮
પાઠક, શ્રીધર શાસ્ત્રી ૩૭૧
પાનવલકર, શાંતા ૧૯૬
પાપા ૨૧૨
પામર, મિસ ૨૦–૧
પારખી ૩૨૬, ૩૩૦
પારેખ, શેઠ ચિમનલાલ ગિરધરદાસ ૩૯૦
પાર્નેલ ૧૧૯
પાસવીર ૪૨
પિટર્સન, મિસ ૨૧૮
પિલાની ૧૦૪
પુરન્દરે. એન. એચ. ૩૭૧
પુરી ૩૯૯
પુરુષોત્તમ ૮૬
પુરુષોત્તમ ત્રિકમદાસ ૭૪–૮
પુરુષોત્તમદાસ. સર ૧૦૭, ૨૮૦, ૪૪૨
પુરુષોત્તમ ભગવાન, ભાદરણના ૧૩૮

પૂના ૭, ૮, ૬૦, ૬૧, ૭૧, ૭૨, ૮૫, ૯૨, ૧૫૮, ૧૯૦, ૧૯૭, ૨૩૩, ૨૬૮, ૩૨૦, ૩૨૬, ૩૨૭, ૩૩૫, ૩૫૮, ૪૫૦
પેગંબર સાહેબ ૪૩૩
પેનસિલવેનિયા ૪૭૧, ૪૭૨
પૅપીની ૪૬૪
પેરીનબહેન ૧૬૩, ૩૩૩
પૅરીસ ૪૬૪
પોચા, મિસ ૧૮
પોર્ટ આર્થર ૨૭૮
પોલાક, મિ. ૨૦૦, ૨૭૯, ૪૩૨
પોલાક, મિસિસ ૨૦, ૨૭૯, ૪૩૨
પ્યારેલાલ ૬૬, ૩૫૧
પ્રહ્‌લાદ ૪૩૩
પ્રાઈડ, સુપરિન્ટેન્ડન્ટ ૩૨૫
પ્રાર્થના ૪૪; ૦ અને ઉપવાસ ૧૭
પ્રિટોરિયા ૨૧૮
પ્રીવા, મૉં. ૨૩૭, ૪૫૯
પ્રેમળદાસ ૧૬૫, ૩૪૭
પ્લેટો ૧૯૯
ફ્રરાર, સર જ્યૉર્જ ૨૧૯
ફાટક, હરિભાઉ ૬, ૧૪, ૪૪, ૭૨, ૧૦૭, ૧૮૯, ૨૨૮, ૨૮૨
ફૂલચંદ ૬૯
'ફોર્થ સીલ' ૧૩
ફ્રાંસ ૧૧૬
'ફ્રી પ્રેસ' ૩૩૦
બક, સર એડવર્ડ ૨૫૧
બચુ ૩૨૪
બજાજ, જમનાલાલ ૧૨૭, ૧૫૬, ૧૫૯, ૧૬૨, ૧૯૯, ૨૨૧–૨, ૨૯૧, ૩૨૪, ૪૩૦, ૪૩૪, ૪૪૯
બજાજ, જાનકીદેવી ૧૩૭, ૧૫૯, ૨૨૨, ૩૪૨
બનારસ ૭૨, ૮૩, ૨૦૯
બનિયન, જૉન ૫૫
બર્કનહેડ ૩૦૦
બર્લિન ૪૭૨
બર્વે ૧૨૭
બહાદુરજી, મિ. ૨૪૬–૭
બંગાળ ૭, ૧૦૯, ૧૯૨, ૨૬૮, ૨૮૨, ૩૩૨, ૪૫૭
બાઈબલ ૫૦, ૨૨૨, ૨૨૩,
બાજી કૃષ્ણરાવ ૨૨૫
બાબુ ૩૨૪
બારડોલી ૮૭, ૨૩૫, ૨૬૦, ૩૧૨
બાર્ન્સ, મિ. ૨૫૧–૨
બાર્ન્સ, મિસિસ ૨૫૨
બાર્ન્સ, સર જ્યૉર્જ ૨૫૧
બાલાકલાવા ૩૧૫
બાલ્ડવિન ૩૦૦
બાળકૃષ્ણ ૫૮
બિરલા, ઘનશ્યામદાસ ૭૧, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૦૭, ૧૦૮, ૨૨૧, ૨૩૩, ૩૦૩, ૩૩૭, ૩૪૯, ૩૫૧, ૩૬૦, ૪૩૦, ૪૭૮, ૪૭૯
બિરલા, રાજા બળદેવદાસ ૨૩૩–૪
બિરલા, રામેશ્વરદાસ ૨૩૪
બિહાર ૩૩૧
બિંદુ ૫૭
બૅનરમૅન, કૅમ્પબેલ ૩૪૨
બૅન્ટિક ૦ અને સનાતનીઓ ૨૫૧
બેલગામ ૧૭, ૨૧, ૨૦૫, ૪૬૩
બેલ્જિયન કૉંગો ૨૦૧
બેસેલ ૧૮૬
બૅંકર, શંકરલાલ ૯, ૧૭૪, ૧૮૧, ૨૮૯–૯૦, ૪૨૮
બૅંગલોર ૧૫૮, ૧૭૪, ૧૮૪, ૧૯૦
બોઝ, સત્યાનંદ ૨૬૧
બોઝ, સુભાષ ૧૧૬, ૧૧૭
બ્રધર લેશ ૧૨૭
બ્રહ્મચર્ય ૧૩, ૨૨–૩, ૪૩, ૫૭, ૨૦૭; ૦ અને સંતતિનિયમન ૧૮૨–૩
બ્રેડલૉ ૩૧૪
બ્રેડશીડ, ડૉ. ૩૩૬
બ્લૅવેટ્સ્કી, મૅડમ ૪૩૨

ભક્તિબહેન ૯૮
ભગવાનદાસ ૩૭૧
ભટ્ટ, મોહનલાલ ૧૧૩
ભટ્ટાચાર્ય ૧૨૩
'ભર્તૃહરિ નાટક' ૩૪૪
ભંગી, ઊકલો ૨૫
ભંડારી, મેજર ૬૮, ૯૩, ૧૩૬, ૨૦૪, ૪૭૮, ૪૭૯, ૪૮૧, ૪૮૨, ૪૮૪, ૪૮૫, ૪૮૬, ૪૮૮
ભાગવત ૩૪, ૩૬
ભાગવતધર્મ ૩૬
ભાદરણ ૧૩૮
'ભારતવર્ષનો કાયમી ઇતિહાસ' ૧૪૬
'ભાલા' ૨૨૮
ભાવે, વિનોબા ૧૪૪, ૧૪૬, ૨૬૨, ૨૮૨, ૩૩૦, ૩૩૧, ૪૯૧
ભીડેશાસ્ત્રી ૩૫૧, ૩૫૨
ભોપટકર ૨૨૮
ભોળે ૭
મતગણતરી ૦ મંદિરમાં જનારાઓની ૪
મથુરાદાસ ત્રિકમજી ૧૦૫, ૧૦૬, ૧૫૨, ૧૬૩, ૧૭૪, ૧૮૩, ૨૦૦, ૨૬૨, ૨૬૯-૭૧, ૨૭૭, ૩૦૧, ૩૨૪, ૩૨૮-૯ ૩૪૨, ૪૫૧
મથુરાદાસ વિસનજી ખીમજી ૨૭૯, ૪૭૮, ૪૭૯
મદનાપલ્લી ૮૯, ૨૦૧
મદુરા ૩૪, ૧૪૩, ૨૫૧
મદ્રાસ ૧૩–૪, ૧૪૪, ૧૪૯, ૧૯૭, ૨૨૦, ૨૪૨, ૨૬૮, ૩૮૩, ૩૯૧, ૪૬૧
મનમોહનદાસ રામજી ૨૯૨
મનસુખરામ ૩૫૯
મલબાર ૭, ૫૯, ૧૫૧, ૨૦૨, ૨૨૮
મહમદ પયગમ્બર ૫૦, ૬૬, ૨૧૫
મહમદઅલી, મૌલાના ૧૦૫, ૨૦૮, ૨૪૩, ૨૪૪
મહાદી ૧૧૬, ૨૧૫
મહાભારત ૧૪૫–૬
મહારાષ્ટ્ર ૧૪, ૭૨
મહિલા આશ્રમ ૨૭૫
મહિલા વિદ્યાપીઠ ૨૭૫
મહેતા, જમશેદ ૨૩૫, ૪૬૮
મહેતા, ડૉ. ૨૨૭
મહેતા, ડૉ. દિનશા ૪૫૦
મહેતા, મેજર ૩૭
મહેતા, વૈકુંઠરાય ૧૮૦, ૨૭૭
મહેરઅલી ૨૦૦, ૩૦૩, ૩૦૮
મહેરબાબા ૧૩૮
મહેતા, શિવરતન ૩૬૦–૨
મંદિર ૧૧૪–૫; ૦અને દેવળો ૧૩૩, ૦કપિલેશ્વરનું — બેલગામનું ૧૧, ૦દર્શનના જુદા જુદા સમયમાં તત્ત્વ-ત્યાગ? ૧૪–૫; –ની શુદ્ધિની સૂચનાની ઉત્પત્તિ ૩૫; –નો નાશ નહીં, સુધારો ૧૫; ૦મારુતિનું–બેલગામનું ૧૧; –માં ચોરીછૂપીથી નથી પેસવું ૧૦૦; –માં જવાના જુદા જુદા વખત ૫; ૦ હળશીનું સનાતની ૧૧
મંદિરપ્રવેશ ૦અને આર્યસમાજીઓ વગેરે ૧૮૧; ૦આધ્યાત્મિક કાર્ય ૮૪, ૧૦૦; ૦ધર્મ તરીકે ૩૬; –ની લડતમાં પરધર્મીઓ ભાગ ન લે ૫–૬; –નું મહત્ત્વ ૬; –નો નિર્ણય મંદિરમાં જનારા કરે ૩૭૫; ૦માટે ધારાસભાનો ઉપયોગ થાય ૫૪; ૦વિષે આંબેડકર ૧૧૮; ૦વિષે ચર્ચા ૧૪૨; ૦વિષે સ્ટેનલી જોન્સ સાથે ચર્ચા ૧૨૫–૬
માણેકબાઈ બહાદુરજી ૨૪૬–૭
માતે ૪૮
મારવાડી, શામજી ૪૧
માર્ગરેટ ૧૮૬, ૨૪૯–૫૦, ૨૫૫, ૨૬૯, ૨૭૭, ૨૮૨, ૨૯૦, ૩૨૩; –ની જડતા ૨૫૪; –નો જીવનપલટો ૧૮૭
માર્ટિન, મેજર ૨૨, ૨૫૬, ૨૭૬, ૩૨૬,

૩૨૭, ૩૨૮, ૩૨૯, ૩૩૨, ૩૪૭, ૩૪૮, ૩૪૯–૫૦, ૩૫૨, ૩૫૩, ૩૫૫, ૩૫૭, ૩૫૮, ૩૬૨, ૪૨૭, ૪૯૪
માર્સેલ્સ ૨૪૭
માલવિયા, પંડિત મદનમોહન ૨૮, ૭૩–૪,૮૩,૧૦૦,૧૨૧,૧૩૭,૧૩૮,૧૪૦, ૧૪૮, ૧૬૦, ૧૬૪, ૧૭૧, ૧૭૪, ૧૮૩, ૧૯૩, ૨૮૧, ૩૪૯, ૩૫૧, ૩૯૨, ૪૩૧
મિત્ર, બી. એમ. ૨૫૩
મિરઝાં ઇસ્માઈલ ૧૫૮, ૧૮૦
મિલ, જૉન સ્ટુઅર્ટ ૧૮૫
મિશ્રવિવાહ ૧૮, ૬૧, ૬૭–૮
મિશ્ર, શ્રી. કૃષ્ણધનસુખ ૩૭૧
મીરઆલમ ૫૩
મીરત ૩૧૬
મીરાબહેન ૧૪, ૪૫, ૪૬, ૭૦, ૯૦,૧૩૨, ૧૭૨,૧૮૩, ૨૦૬–૭, ૨૨૮,૨૯૫,૩૦૧, ૩૨૫, ૩૪૨, ૪૩૧, ૪૩૭, ૪૩૯, ૪૫૨
મીરાંબાઈ ૪૫૨
'મુક્તધારા' ૨૬૧
મુનશી, કનૈયાલાલ ૨૩૦, ૨૩૧
મુનશી, લીલાવતી ૧૧૪–૬
મુસોલિની ૧૮૪
મુંબઈ ૭, ૫૧, ૬૭, ૭૨, ૧૦૫, ૧૦૯, ૧૩૩, ૧૩૭, ૧૪૦, ૧૪૨, ૧૭૯, ૨૭૫, ૨૭૯, ૩૧૧, ૩૨૫, ૩૨૬, ૩૩૨, ૩૩૪, ૩૪૬, ૩૬૫, ૩૮૧, ૩૮૮, ૪૨૫, ૪૫૦, ૪૫૧, ૫૦૫
'મુંબઈ સમાચાર' ૩૩૦
મૂડીમૅન ૧૦૬
'મૂન ઑન ધિ રાઈટ' ૧૭૫
મૂર્તિ ૧૭૯; ૦પૂજક ૬૫; ૦પૂજા ૬૫, ૨૧૩ ૨૧૪–૬
મૂળચંદ ૧૮૪
મૃદુલા ૨૦૫
મેઈન, સર હેનરી ૧૨૩
મૅકકેબીઝ ૨૨૨
મૅકોલે ૨૫૨
મૅક્ડૉનલ્ડ ૨૦૦, ૩૪૦, ૩૪૫
મૅક્રે ૮૪, ૮૫, ૮૭, ૧૨૯, ૧૩૪, ૧૬૯, ૨૨૩,૨૨૪,૨૭૯–૮૦, ૨૮૩,૨૯૦,૩૨૯
મૅકલાકન, કલેકટર ૩૨૭, ૩૨૮
મૅક્સમૂલર ૧૬૨
મૅક્સવેલ ૨૪,૧૬૨,૩૨૬,૩૨૭,૩૨૮,૩૨૯, ૩૩૦, ૩૫૦, ૩૫૫, ૩૫૭, ૩૫૮, ૩૬૨
મૅટર્ન, જેમ્સ ૩૩૭–૯
મેનન, એસ્થર ૧૪
મૅનિંગ, કાર્ડિનલ ૨૮૫
'મૅન્ચેસ્ટર ગાર્ડિયન' ૩૩૫
મેરી ૫૪, ૧૮૦, ૨૦૨
મેરીબાર, મિસ ૧૯૪, ૪૯૧
મેસોપોટેમિયા ૧૧૨
મૉન્ટેગ્યુ ૨૫૨
મોરિસ, જૉન ૨૦, ૪૬
મોર્લી ૧૯૨
મૉસ્કો ૩૩૭
મોહન ૩૨૪
યજ્ઞોપવીત ૨૯-૩૦
યઝીદ ૨૩૫
યરવડા ૩૨૭, ૩૩૪, ૩૫૮, ૪૩૦, ૪૩૧
યરવડા કરાર ૧૯
યશવંતપ્રસાદભાઈ ૩૫૪
'યંગ ઇંડિયા' ૯૪
યાજ્ઞિક, ઇન્દુલાલ ૯
યુક્લિડ ૪૦, ૧૧૫
યુરોપ ૨૩૭, ૪૩૨, ૪૭૨
યોગવાસિષ્ઠ ૧૭૨
રજપૂતાના ૨૧૭
રવિશંકરભાઈ ૮
રશિયા ૧૫૦, ૧૭૫, ૨૩૩, ૩૧૫, ૩૩૮
રસ્કિન ૬૩, ૧૬૧, ૨૭૪
રંગસ્વામી ૯૯, ૨૯૯
રંગૂન ૨૯, ૧૩૬, ૨૩૭, ૨૮૪
રાજકોટ ૨૨૬

રાજચંદ્ર ૧૫૬
રાજભોજ ૧૭૭, ૪૪૮; –નો આશ્રમ ૨૭૪
રાજાજી ૧૧, ૧૨, ૪૫, ૪૬, ૬૦, ૭૧, ૭૫, ૮૦, ૮૫, ૮૬, ૮૭, ૧૦૦, ૧૦૧, ૧૦૨–૫, ૧૦૮, ૧૨૭, ૧૨૮, ૧૩૮, ૧૩૯, ૧૫૫, ૧૫૭, ૧૭૨, ૧૭૪, ૨૦૦, ૨૦૭–૮, ૨૬૨, ૨૯૧, ૨૯૪, ૨૯૭–૩૦૧, ૩૧૪, ૩૩૧, ૩૩૩, ૩૪૧, ૪૨૭–૯, ૪૫૮; ०ગાંધીજીએ માફી માગી ૨૮૯; ० ગાંધીજી સાથે સંવાદ ૨૮૪–૮; ०મૂર્તિપૂજા વિષે ચર્ચા ૨૧૪–૬; ०હિંદુ ધર્મને સાદું રૂપ આપવા વિષે ચર્ચા ૨૦૯–૧૭
રાજેન્દ્રબાબુ ૧૨૭
રાણીનો ઢંઢેરો ૩, ૪
રાનડે ૨૬૦
રામચરણરાવ ૪
રામચંદ્ર ૨૫૧
રામચંદ્રન ૧૯૦
રામતીર્થ ૨૮૪, ૪૨૩
રામદેવ, આચાર્ય ૬૫
રામનાથન, ડૉ. ૨૧૯
રામસ્વામી ૨૫૪
રામાનુજાચાર્ય ૨૧૫
રામાયણ ૩૪
રાય, રાજા રામમોહન ૨૫૧
રાસ ૪૮૮
રાંકા, પૂનમચંદ ૧૯૨, ૧૯૪, ૨૦૩–૪, ૨૦૬
'રીટર્ન ટુ નેચર' ૧૨૯
રુક્મિણી ૩૪
રુદ્રમુનિ ૨૫૪
'રેડ બ્રેડ' ૨૩૩
રેડમન્ડ ૧૨૦
રેડિંગ ૨૬૦, ૩૦૦
રૅન્ડ ૨૪૯
રેવાશંકરભાઈ ૨૨૭, ૩૦૩
રોચ ૯, ૪૨
રોટીબેટીવ્યવહાર ૨૫–૬
રૉબર્ટસન, બેંજામિન ૨૫૯
રૉય, ડૉ. વિધાન ૪૫૦
રૉયલ હોટેલ ૨૭૪
રોલાં, મેડલીન ૨૦, ૪૬, ૯૦
રોલાં, રોમાં ૪૩૨, ૪૪૦, ૪૪૩–૪, ૪૫૪, ૪૫૫
રોહીદાસ ૧૫૪

લક્ષ્મી ૬૮, ૧૭૯, ૧૯૧
લક્ષ્મીદાસ ૧૫૭, ૧૫૮
લખનૌ ૯૯
લલિતા ૧૩૦
લલ્લુભાઈ શામળદાસ, સર ૫૯, ૬૬, ૨૨૪, ૩૫૩; –ની શૌની મુલાકાત ૬૦
લંકા ૪૫૭
લંડન ૬૭, ૭૦, ૧૬૧, ૨૪૩, ૨૭૧, ૩૦૦, ૩૫૩, ૩૬૦
'લંડન ટાઈમ્સ' ૩૧૦
લાટ્સ ૩૩૧
લાલજી ૧૩૪
લાલાજી ૮૭
લાલા મોહનલાલ ૧૧૨, ૪૦૬
લાહોર ૨૦૯, ૩૧૫
'લિબર્ટી' ૧૮૫
'લીગલ મૅક્સિમ્સ' ૨૧૨
લીલાવતી ૨૭૯, ૩૬૩
લેમાર્ક ૯૩
લોધિયન, લૉર્ડ ૧૩
લોનાવલા ૨૯૧
લો, મિ. ૪૭૩

વઝે ૫૧, ૭૯, ૯૧
વડોદરા ૧૯૩
વત્સલા ૫૭
વનમાળા ૩૨૪
વર્ણ ० અને જ્ઞાતિ ૧૨૩–૪; ०સંકરનો અર્થ ૧૬–૭

વર્ણાશ્રમધર્મ ૧૧૬, ૧૪૪–૬, ૧૫૨–૩; ૦ વિષે ચર્ચા ૧૧૦–૨
વર્ધા ૩૨૩, ૪૯૧
વાઇસરૉય ૪, ૬, ૨૭, ૫૯, ૬૦, ૮૫, ૮૬, ૧૦૦, ૧૦૭, ૧૪૮, ૧૫૪, ૧૯૬, ૨૫૩, ૨૯૮, ૨૯૯, ૩૦૦, ૩૦૭, ૩૧૫, ૩૧૮, ૩૨૧, ૩૪૬, ૩૫૨, ૩૮૪, ૩૯૦, ૩૯૧; જુઓ અર્વિન
વાચ્છા, દીનશા ૨૧૯, ૨૪૯
વાડિયા, પ્રો. ૪૪૯
વાડિયા, શ્રીમતી સોફિયા ૪૩૨
વિક્ટર ૮૨
વિટની —ના મિશનરીનો કિસ્સો ૧૦૮
વિઠ્ઠલભાઈ ૨૩૬
વિમ્બલડન ૩૩૪
વિલાયત ૧૦, ૧૪, ૧૭, ૨૦, ૪૨, ૬૭, ૨૦૧, ૨૪૭, ૨૭૬, ૨૬૭, ૩૫૫, ૪૫૫, ૪૫૬, ૪૬૭. ૪૭૧, ૪૭૩; જુઓ ઇંગ્લંડ
વિલિંગ્ડન, લૉર્ડ ૯૮, ૩૫૬, ૩૫૭
વિલેપારલે ૧૭૯
વિવેકાનંદ ૨૮૪, ૪૨૩
વિશ્વામિત્ર ૬૬
વીસાપુર ૬૯, ૧૫૯
વેલણકર ૦ચાંડાલ કોણ? એ વિષે ચર્ચા ૧૦૯–૧૦
વેલ્સ, એચ. જી. ૩૪૦
વદ્ય, ચિંતામણરાવ ૩૬, ૩૭૧,
વૈદ્ય, સીતાપુરવાળા ૮
વોરા, હરિદાસ ૪૨
વૉલ્ટેર ૫૧
વૉશિંગ્ટન, બૂકર ટી. ૩૫૯
શર્મા, નથુરામ ૧૫૬
શંકરાચાર્ય ૯૭, ૯૯, ૧૦૭, ૧૩૦; ૦આદ્ય-ની ભૂલ ૨૨૫-૬; ૦પુરીના ૩૯૯
શારદા ૩૨૪
શાલીવતી ૫૧
શાસ્ત્રી [ટાઇપિસ્ટ] ૧૩૨, ૧૩૩, ૨૧૯, ૨૪૭, ૨૪૮
શાસ્ત્રી, ઇન્દિરારમણ ૩૭૧
શાસ્ત્રી, નારાયણ ૨૮૨
શાસ્ત્રી, રામચંદ્ર ['હરિજન'વાળા] ૮૫, ૯૧, ૧૧૨, ૧૧૩, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૪, ૧૩૭, ૧૩૮, ૧૫૮, ૧૭૬, ૧૯૫, ૧૯૭, ૨૧૨, ૨૩૮, ૨૭૩, ૨૮૨, ૪૯૧
શાસ્ત્રી, વસંતરામ ૨૬, ૫૫
શાસ્ત્રી, વેંકટરાવ ૧૯૦
શાસ્ત્રી, શ્રીનિવાસ ૧૯૨, ૨૭૪, ૨૭૬, ૩૦૦, ૩૦૩, ૪૩૧, ૪૩૨
શાસ્ત્રી, સુબ્રહ્મણ્યમ્ ૩૧–૭, ૧૫૭
શાહ, વાઘજી આશારામ ૩૪૪
શાહ, હીરાલાલ ૧૪૪
શાંકરભાષ્ય ૩૫૨
શાંતાબહેન ૧૩૦, ૧૩૭
શિખરે ૧૪
શિબિરાજ ૪૬૨–૩
શિવતરકર ૧૧૭
શિંદે ૪૭–૯, ૫૧, ૪૪૮
શુક્લ, ચંદ્રશંકર ૪૩૯, ૪૫૭
શેક્સપિયર ૯૩
શેઠ, મથુરાદાસ ૨૨૦
શોપનહોર ૩૪૮
શૉ, બર્નાર્ડ ૦ સ્વરાજ પછી ગાંધીજીનો ઉપયોગ શો? ૭૦
શૌકતઅલી, મૌલાના ૨૦૮–૯, ૨૫૦, ૨૫૧, ૪૮૨, ૪૮૩, ૪૮૪
શૌકત મહમદ ૩૫૮
શ્રીકૃષ્ણ ૩૪, ૪૦, ૫૦
શ્વેતપત્ર ૧૯૬

સતારા ૪૩૩
સતીશબાબુ ૨૫૭. ૩૩૧
'સત્તા માટેની આવતી લડાઈ' ૩૩૯–૪૦
સત્ય ૨૨–૩, ૨૮, ૧૯૮, ૧૯૯, ૨૦૫; ૦ અને અહિંસાનો વિરોધી તે ધર્મ નહીં ૭૩; ૦ આદિ યમોના પાલનથી

જીવ માત્રની સેવા થાય ૫૭–૮; –નો નાશ નથી ૨૮૮
સત્યમૂર્તિ ૩૪૩, ૩૪૪
સત્યવાન ૧૩
સત્યાર્થપ્રકાશ ૬૬
સદાશિવરાવ ૪૭–૮, ૫૧
સનાતનીઓ ૦ અને ઍન્ટિક ૨૫૧; ૦ મુંબઈના ૧૦૦
સપ્રુ, સર તેજબહાદુર ૧૩, ૨૩, ૨૪, ૯૨, ૧૫૪, ૧૬૧
સરકાર, અંગ્રેજ ૨૨, ૨૪; –ની નીતિ ૧૯૨; ૦ સાથે પત્રવ્યવહાર ૪૭૮–૯૬
'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી' ૨૭૫, ૨૭૭, ૩૦૦
સવિનયભંગ ૪૯૭–૯; ૦અને અસ્પૃશ્યતા-નિવારણ ૧૧, ૧૮; ૦અને હરિજન-કામ ૧૦૨, ૧૦૬; ૦ અને ગાંધીજી ૧૦
સંતાનમ, પંડિત ૪૦૬
સાઇબીરિયા ૧૫૬, ૩૩૭, ૩૩૯
સાઈમન ૨૧૯
સાતવળેકર ૧૮, ૩૪૮
સાબરમતી ૨૭૫, ૨૭૬, ૩૨૪, ૩૨૫,૪૯૧
સારડા, હરવિલાસ ૨૫૨–૩, ૨૬૧
સાવરકર ૧૭૮
સાવિત્રી ૧૩
સાસૂન હૉસ્પિટલ ૨૭૭, ૩૬૫
સાંતાક્રુઝ ૫૯, ૩૨૫, ૩૨૬
સિલોન ૬
સિંધ ૩૩૨
સિંહગઢ ૨૯૧
સીતા ૩૪
'સીન ઍન્ડ હર્ડ ઇન એ પંજાબ વિલેજ' ૩૪૦
સીમલા ૩૦૦, ૩૫૩
સુધર્મ ૧૫૭, ૧૬૪
સુન-યાત-સેન ૩૩૬
સુબારાવ ૨૧૯
સુબોધ પ્રભાકર ૨૦૭
સુબ્બારાયન, ડૉ. ૮૫, ૧૦૬, ૩૭૬; –નું બિલ ૩–૪, ૩૯૧
સુલતાના ૩૨૪
સુશીલાબહેન ૨૨૬–૭
સુંદરમ્ ૧૭૧
સૂર્યકાન્ત ૩૩૩
સેતલવાડ ૧૭૧, ૧૭૨
સેન્ટ ઍન્ડ્રૂઝ હૉસ્પિટલ ૨૦
સેન્ટ જેમ્સ પાર્ક ૩૬૦
સેન્ટ જૉન ઑફ ધ ક્રૉસ ૨૨૭
સેન્ટ પોલ ૧૪૭
સેબેસ્ટોપોલ ૩૧૫
સેલોનિકા ૧૧૨
સેવાસદન ૮૩
સૅંકી, લૉર્ડ ૨૨
સૈયદ, ડૉ. ૨૯૨
સોઆરીસ, પ્રો. ૧૯૨, ૧૯૩
સોક્રેટીસ ૧૭૨
સોખતા, મંઝરઅલી ૯
સોલંકી ૨૪૬
'સોશિયલ રિફૉર્મર' ૧૭૬
'સ્કેચ' ૩૩૫
સ્કૉટલૅન્ડ ૪૭૩
'સ્કૉટ્સમૅન' ૪૭૩
'સ્ટેટ્સમૅન' ૫૧
સ્ત્રીઓ અને અંગ્રેજી શિક્ષણ ૧૭૮
સ્પીગલ, ડૉ. માર્ગરેટ ૪૯૧
સ્મટ્સ, જનરલ ૨૫૯, ૨૮૪
સ્મરણશક્તિ ૦ સાચી ૧૪
સ્વામી આનંદ ૩૩૦
સ્વિટ્ઝર્લૅન્ડ ૧૧૬, ૩૩૬, ૪૫૪
હકીમ, અજમલખાનજી ૧૦૫, ૨૦૯
હક્સલી ૨૨૩
હડ્સન, મિ. ડબલ્યુ. એફ. ૪૮૦, ૪૮૧, ૪૮૩, ૪૮૪
હરદ્વાર ૯૪, ૨૩૪, ૩૯૩

હરબતસિંગ ૮૭
'હરિજન' ૮૪–૫, ૧૨૭, ૧૩૦, ૧૩૨, ૧૩૫, ૧૪૮, ૧૫૧, ૧૬૧, ૧૬૫, ૧૭૯, ૧૯૫, ૨૩૫, ૩૩૦, ૩૩૧, ૩૪૭, ૩૪૯, ૩૫૨, ૩૫૩, ૩૫૪, ૪૧૦, ૪૨૬, ૪૬૦, ૪૮૮, ૪૯૦, ૪૯૧, ૪૯૪; ૦ વિષે જવાહરલાલ ૧૯૧
'હરિજનબંધુ' ૧૮૦, ૧૯૨, ૨૩૫, ૪૧૦, ૪૧૬, ૪૩૭, ૪૪૦, ૪૬૯, ૪૮૮, ૪૯૦
'હરિજનસેવક' ૭૯; ૦ વિષે રાજાજીના વાંધા ૧૦૧
હરિજન ૦ શબ્દની ઉત્પત્તિ ૩૮૭
હરિજનકાર્ય ૦ અને શીખો ૧૬૨; ૦ અને સવિનયભંગ ૧૦૨, ૧૦૬; –ને શુદ્ધ રાખવાનો એકજ ઉપાય-ઉપવાસ ૨૮૦; ૦ માટે હિંદુઓ પૈસા આપે ૨૨૧
હરિજનો ૦ ઉદ્ધાર બને ૪૮; ધર્મ તરીકે મંદિરપ્રવેશ કરે ૩૬; –ના પ્રવેશ પછી મંદિરોની શુદ્ધિ ૫;–ની આર્થિક સ્થિતિ ૭; –ને ગાંધીજીની સલાહ ૩૨૧–૨;–ને મૅટ્રિક માટે તૈયાર કરાય ૬; –નો કોપાગ્નિ સળગે તો ૨૧૭; –નો વીશી અને રેસ્ટોરાંમાં પ્રવેશ ૧૧; ૦ પોતાની જાતિ ન છુપાવે ૭૨; ૦ મંદિરમાં કેવી રીતે જાય? ૩૮૫; ૦રૂઠે તો? ૨૬૯
હરિજી ૭૧
હરિભદ્રસૂરિ ૧૧૫
હર્બટ સ્પેન્સર ૧૪૯
હળશી –નું સનાતની મંદિર ૧૧
હળેબીડ ૧૬૧
હાવર્ડ ૧૯૩
હિટલર ૪૭૨
હિન્ડસ ૧૭૫
હિમાલય ૫૦, ૧૯૩
હિંગોરાણી, આનંદ ૪૯૧
'હિંદ સ્વરાજ' ૨૨૩
'હિંદુ' ૧૮, ૫૧, ૬૮, ૯૯
હિંદુ ધર્મ ૬૫, ૯૫, ૧૨૪; ૦ આજનો –નિષેધાત્મક ૧૫; –નાં મુખ્ય અંગ ૨૯; –ને સાદું રૂપ આપવાની ચર્ચા ૨૦૯-૧૭; ૦ મરવા પડ્યો છે ૩૬; –માં આધ્યાત્મિક પ્રયોગો ૧૧૬; –માં ઉપવાસને સ્થાન ૪૨૩–૪; –માં મંદિરનું સ્થાન ૧૨૬
હિંદુસ્તાન ૨૪૨, ૪૭૧, ૪૭૨, ૪૭૩, ૪૯૧
'હિંદુસ્તાનની જ્ઞાતિઓ' ૧૨૩
હીંગણે બર્કુક ૨૭૫
હેગ ૧૩૦
હેનરી ૨૯૪
હેમપ્રભા ૨૪૦
હેલી ૨૩૬
હેલ્સિંગફૉર્સ ૩૫૦
હૈદરાબાદ ૧૫૧, ૨૨૫, ૩૩૭
હોમ, રેવરંડ ૧૪૭
હોર, સર સેમ્યુઅલ ૧૩, ૧૦૭, ૧૧૬–૭, ૧૨૭, ૧૪૭, ૧૮૧, ૨૩૬, ૨૯૯, ૩૧૮, ૩૩૨, ૩૪૫, ૩૪૬
હોર્નિમેન, મિ. ૨૨૪, ૪૪૮
'હ્યુમેનિટી અપરૂટેડ' ૨૩૩

2850-